આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી ભાગ-૫

આદિ શંકરાચાર્ય વિરચિત

ઉપનિષદ્-ભાષ્ય

(તૈત્તિરીય, માંડૂક્ય (ગૌડપાદકારિકા સહિત) અને શ્વેતાશ્વતર ઉપનિષદ)

સંપાદક
ગૌતમ પટેલ

પ્રકાશક
સંસ્કૃત સેવા સમિતિ
અમદાવાદ

અનુવાદક
નીલમ પટેલ

RA
220
પટેલ-ઉ

129358



આદિ શંકરાચાર્ય વિરચિત

ઉપનિષદ્-ભાષ્ય

સંસ્કૃત સેવા સમિતિએ કેટલાક સમયથી એક મહત્ત્વાકાંક્ષી આયોજન વિશ્વના સંસ્કૃત પ્રેમીઓની સહાયથી આરંભ્યુ છે, એ છે આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી. આદિ શંકરાચાર્ય જેવી મહાન વિભૂતિ ભારતની ભૂમિમાં અવતરી અને તેઓશ્રીંએ હિન્દુ ધર્મ અને સંસ્કૃતિનો પુનરુદ્ધાર કર્યો. મૃતપ્રાયઃ બનેલી વૈદિક વિચારધારાને પુનઃ પ્રસ્થાપિત કરી. જો આદિ શંકરાચાર્ય ન હોત તો આજે આપણે હિન્દુ ન હોત, આ નક્કર હકીકત છે.

આ મહાન આચાર્યે ઉપનિષદો, બ્રહ્મસૂત્ર, ભગવદ્ગીતા, વિષ્ણુસહસ્રનામ વગેરે ગ્રંથો ઉપર ભાષ્યો રચ્યાં છે. તો વિવેકચૂડામણિ જેવા અનેક મૌલિક પ્રકરણ ગ્રંથોનું સર્જન કર્યું છે. બીજી બાજુ અનેક દેવ-દેવીઓના સ્તોત્રોની રચના કરી છે. આ સહુને ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશિત કરવાનું આયોજન સંસ્કૃત સેવા સમિતિએ કર્યું.

આદિ શંકરાચાર્યના સ્તોત્રો, વિષ્ણુસહસ્ત્રનામસ્તોત્રભાષ્ય, ભગવદ્ગીતાભાષ્ય, ઉપનિષદ્ભાષ્ય એમ ચાર ગ્રંથો પ્રકાશિત થઈ ગયા. આમાંથી પ્રથમ બે ગ્રંથો અલભ્ય પણ બની ગયા છે. આ પછી પાંચમા ભાગ તરીકે આદિ શંકરાચાર્યે રચેલા ઉપનિષભાષ્યો પ્રકાશિત થઈ રહ્યાં છે.

આ પ્રકાશનમાં લંડનનાં મિત્રોની સહાય પ્રાપ્ત થઈ છે. તેમનો હૃદયથી આભાર.

અહીં તૈત્તિરીય ઉપનિષદ્, ગૌડપાદકારિકા સહિત માંડૂક્ય ઉપનિષદ અને શ્વેતાશ્વતર ઉપનિષદનો સમાવેશ કરાયો છે.

આ પછી બાકીના ઉપનિષદોના બે ભાગો પ્રકાશિત કરવામાં આવશે, જે આદિ શંકરાચાર્યના તત્ત્વજ્ઞાનને સમજવામાં ઉપયોગી બનશે.

આશા છે સંસ્કૃત સેવા સમિતિનાં અન્ય પ્રકાશનોની જેમ આ પ્રકાશન પણ સમાજને ઉપયોગી બનશે.

આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી ભાગ-૫

આદિ શંકરાચાર્ય વિરચિત

ઉપનિષદ્-ભાષ્ય

(તૈત્તિરીય, માંડૂક્ય (ગૌડપાદકારિકા સહિત) અને શ્વેતાશ્વતર ઉપનિષદ)
(મૂળ સંસ્કૃત અને ગુજરાતી અનુવાદ સહિત)



: સંપાદક :
ગૌતમ પટેલ

: અનુવાદક :
નીલમ પટેલ

पुस्तकालय
129358
गुरुकुल कांगड़ी विश्वविद्यालय

R220,PAT-U
129358

સંસ્કૃત સેવા સમિતિ

અમદાવાદ

Adi Shankaracharya Granthavali Part V
Shri Shankaracharya Virachita

UPANISHAD-BHASHYA

[Taittiriya, Mandukya (with Gaudapadakarika), and Shwetashwatara Upanishads with Sanskrit text and Gujarati Translation]

⁂

© Editor, Gautam Patel

⁂

Translator : Nilam Patel

⁂

Copies : 1000
Price : Rs. 400/-
First Edition : 2007

RA
220
પટેલ-ઉ

⁂

Publisher :
SANSKRIT SEVA SAMITI
"Valam", L-111, Swatantrya Senani Nagar,
Nava Wadaj, **Ahmedabad - 380 013**. INDIA.
Phone : (079) 27621610 • 99250-11901

⁂

Typesetter :
TITHI GRAPHICS
Naushil Shah
B/2, Uma Flats, B/h. Vishramnagar,
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380 052.
Phone : (079) 27476419, 9824555083

⁂

Printer :
GUJARAT OFFSET
Vatva, **Ahmedabad.**

અનુક્રમ

- અસ્મદીયમ્ ૩
- તૈત્તિરીયોપનિષદ્ ૫
- માંડૂક્યોપનિષદ્ (ગૌડપાદકારિકા સહિત) ૧૦૩
- શ્વેતાશ્વતરોપનિષદ્ ૨૨૧
- મંત્રસૂચિ ૩૩૯



સૌજન્ય : લંડનના મિત્રો

अस्मदीयम्

પ્રભુકૃપા અને સદ્ગુરુદેવના આશીર્વાદથી લંડન અનેકવાર જવાનું થયું. ત્યાં પહેલીવાર તો અમે બંને પૂ. મોરારિબાપુના આશીર્વાદથી શ્રી શીલુભાઈ ભીમજીયાણીને ત્યાં ઉતર્યા. લંડનમાં દર વર્ષે મે મહિનાના પ્રથમ દિવસે 'ગુજરાત દિન' ઉજવાય અને અનેક પ્રતિષ્ઠિત ગુજરાતી નાગરિકો ઉમંગભેર ગુજરાત રાજ્યના સ્થાપના દિનને માણે. આવા એક શુભ અવસર ઉપર સુપ્રસિદ્ધ મહાકવિ શ્રી ડાહ્યાભાઈ પટેલે શ્રી હરિહરભાઈ અને અરુણાબેનનો પરિચય કરાવ્યો. એમાં નિમિત્ત બન્યો એમના સુપુત્ર બાલકૃષ્ણનો ઓક્સફર્ડ યુનિવર્સિટીનો સંસ્કૃત વિષયનો અભ્યાસ. પ્રથમ પરિચય, જાણે કે અનેક જન્મોના પરિચય જેવો, ધાર્યા કરતાં પણ સવિશેષ ગાઢ મૈત્રીમાં પરિણમ્યો. પછી તો જ્યારે જ્યારે લંડન જવાનું થયું ત્યારે ત્યારે તેમની મહેમાનગતિ અમે પેટ ભરીને માણી છે.

શ્રી હરિહરભાઈનું ઘર એટલે સજ્જનો અને સંતોનું સ્વગૃહ. ત્યાં સત્સંગ તો થાય જ. જેના પરિણામે સર્વશ્રી પ્રવિણભાઈ અને ભારતીબેન, શ્રી સુરેન્દ્રભાઈ અને ભામિનીબેન, શ્રી મહેશભાઈ અને દેવીબેન, શ્રી બારીન્દ્રભાઈ અને બિંદુબેન, શ્રી મહેન્ભાઈ અને પ્રતિમાબેન તેમજ સરયુબેન વગેરેનો પરિચય સુપેરે સાંપડ્યો અને સહુની દિનપ્રતિદિન નિકટતા ઉમેરાતી ગઈ. વળી ત્યાંના સહવાસને ગુજરાત સમાચારના શ્રી સી. બી. પટેલે તો સ્નેહપૂર્વક પ્રસિદ્ધિ આપીને અમને આખાય ઈંગ્લેન્ડમાં પરિચિત બનાવ્યા.

આ વખતે એટલે ૨૦૦૬ના જુલાઈ મહિનામાં પ્રતિવર્ષની જેમ શ્રી પ્રવિણભાઈ અને ભારતીબેનના ઘરે વાર્તાલાપ યોજાયો. એમના અનેક મિત્રો પણ આવે જ. વળી ઉપર નિર્દેશેલા સ્વજનો તો હોય જ. આ વખતના વાર્તાલાપે વક્તા અને શ્રોતા સહુને આનંદ આપ્યો, કારણ વિષય હતો ભગવદ્ગીતામાં જ્ઞાન, ભક્તિ અને કર્મ. અહીં નોંધવાનું મન થાય છે કે આ વર્ષે લંડનના નહેરુ સેન્ટરમાં 'ભગવદ્ગીતા અને બિઝનેસ મેનેજમેન્ટ' ઉપરનું વક્તવ્ય ઘણાને ગમ્યું. એનું તો જન્મભૂમિ-પ્રવાસીના સહ કટારલેખક શ્રી રમેશભાઈ શેઠના આગ્રહને કારણે પુનરાવર્તન પણ કરવું પડ્યું.

સાચું કહું તો ગીતા ફળી. શ્રી પ્રવિણભાઈને ત્યાં વાર્તાલાપ દરમ્યાન સૂચન થયું કે આદિ શંકરાચાર્ય ગ્રંથાવલીના એક ગ્રંથ માટે લંડનના મિત્રો તરફથી અનુદાન આપવામાં આવે. શ્રી સુરેન્દ્રભાઈ, શ્રી હરિહરભાઈ વગેરેએ અનુમોદન આપ્યું. શ્રી પ્રવિણભાઈએ ઉત્સાહ દાખવ્યો અને જ્યારે હું ડિસેમ્બરમાં અમેરિકાથી અમદાવાદ આવ્યો ત્યારે અનુદાનની પૂરી રકમ શ્રી સુરેન્દ્રભાઈ સ્વયં આવીને આપી ગયા.

લંડનના કયા કયા મિત્રોએ આમાં કેવી કેવી રીતે સ્નેહપૂર્વક સાથ-સહકાર આપ્યો તે તો તેઓ જાણે. કોઈને પોતાનું નામ વિશિષ્ટ રીતે છપાવવાની પણ ખેવના નથી અને એકથી વધુવાર શ્રી પ્રવિણભાઈને પૂછ્યું, પણ તેમણે તો આ 'લંડનના મિત્રો' દ્વારા એટલો જ ઉત્તર આપ્યો.

એક નિયમ છે કે જેને પોતાનું નામ અહીં થાય એની તમન્ના નથી તેનું નામ ઈશ્વરના દરબારમાં બહુમાનને પાત્ર બને છે. આવા દેવના દરબારમાં સત્કર્મને કારણે સન્માન પામનારા સહુ 'લંડનના મિત્રો'ને આ ગ્રંથ અર્પણ કરીને અમે ધન્યતા અનુભવીએ છીએ.

જગતમાં કોઈપણ સમયે કોઈપણ દેશમાં જન્મેલા કેવળ દસ જ ઐતિહાસિક મહાનુભાવોના નામ ગણવાના હોય તો ભારતમાંથી આદિ શંકરાચાર્યનું નામ અવશ્ય તેમાં માનભેર સ્થાન પામે. એમની પ્રતિભા ઉપર પ્રશંસાના પુષ્પો વેરતાં સ્વામી વિવેકાનંદે કહેલું કે, ''શંકરાચાર્યની બુદ્ધિ તો દુનિયાની આઠમી અજાયબી છે.'' અત્યંત અંધકારમય યુગમાં આવીને આદિ શંકરાચાર્યે એવો તો જ્ઞાનદીપ પ્રગટાવ્યો છે, જે આજે કેવળ ભારત જ નહીં વિશ્વને પણ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે પૂરતો પ્રકાશ પાથરે છે. વિશ્વના તત્ત્વવેત્તાઓમાં શંકરાચાર્યનું નામ પ્રથમ હરોળમાં આજે મૂકાય છે અને અનેક દેશોમાં તેમના ગ્રંથોનું અધ્યયન-અધ્યાપન ચીવટથી થાય છે.

આદિ શંકરાચાર્ય હિન્દુ ધર્મના પુનઃપ્રવર્તક તરીકે ઈતિહાસમાં અનેરું સ્થાન પામ્યા છે. જો શંકરાચાર્ય ન હોત તો આજ આપણે હિન્દુ જ ન હોત. આવું દેશી-વિદેશી વિદ્વાનો સ્વીકારે છે. આવી અભૂતપૂર્વ ઐતિહાસિક પ્રતિભાના પ્રદાનને 'આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી'ના નામે ગુજરાતી અનુવાદ સાથે પ્રસિદ્ધ કરવાનો મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ સંસ્કૃત સેવા સમિતિએ આરંભ્યો અને આજ એનો પાંચમો ભાગ 'લંડનના મિત્રો' દ્વારા સૂર્યપ્રકાશ જોઈ રહ્યો છે એનો આનંદ અને તે સહુનો આભાર. તેમને અભિનંદન અને અભિવંદન.

અહીં તૈત્તિરીય ઉપનિષદ્, ગૌડપાદકારિકા સહિત માંડૂક્ય ઉપનિષદ્ અને શ્વેતાશ્વતર ઉપનિષદ્‌ના શાંકરભાષ્યનો સમાવેશ કરાયો છે. હજુ છાંદોગ્ય ઉપનિષદ્, બૃહદારણ્યક ઉપનિષદ્ (બે ભાગ), બ્રહ્મસૂત્ર (ત્રણ ભાગ) અને અન્ય પ્રકીર્ણ ગ્રંથોના બીજા ત્રણચાર ભાગ પ્રસિદ્ધ કરી શકાય તેટલું વિપુલ સાહિત્ય આ ગ્રંથાવલીમાં પ્રસિદ્ધ કરવાનું બાકી છે.

આજ સુધીના અનુભવ ઉપરથી દૃઢ વિશ્વાસ જન્મ્યો છે કે આ ઈશ્વરનું કાર્ય છે, આપણે નિમિત્ત છીએ અને ઈશ્વર કલ્પવૃક્ષ બની સમયે સમયે આ કાર્યની પૂર્તિ માટે એનો વરદહસ્ત લંબાવે છે, કોઈકને નિમિત્ત કરે છે. આવા ઈશ્વરના કાર્યમાં સાથ આપનાર નામી-અનામી સહુ મિત્રોનો હૃદયથી ફરીથી આભાર.

આ ક્ષેત્રે જે કોઈ મહાનુભાવોએ સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી કે ગુજરાતીમાં પ્રદાન કર્યું છે તેનો અમને લાભ મળ્યો છે, તે બદલ જાહેરમાં ઋણસ્વીકાર કરીએ છીએ.

સંસ્કૃત સેવા સમિતિના ગ્રંથોને પ્રેમથી મુદ્રિત કરનાર ગુજરાત ઓફસેટ પ્રા. લિ.ના શ્રી યોગેશભાઈ પરીખનો તથા તિથિ ગ્રાફિક્સના શ્રી નૌશિલ શાહનો પણ આભાર.

ગૌતમ પટેલ
નીલમ પટેલ



श्रीशाङ्करभाष्यसहिता

॥ तैत्तिरीयोपनिषद् ॥

ॐ

શાંતિપાઠ

ॐ शं नो मित्रः शं वरुणः । शं नो भवत्वर्यमा । शं न इन्द्रो बृहस्पतिः । शं नो विष्णुरुरुक्रमः । नमो ब्रह्मणे । नमस्ते वायो । त्वमेव प्रत्यक्षं ब्रह्मासि । त्वामेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि । ऋतं वदिष्यामि । सत्यं वदिष्यामि । तन्मामवतु तद्वक्तारमवतु । अवतु माम् । अवतु वक्तारम् ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

અન્વય અને શબ્દાર્થ :- ॐ-ॐ. नः-અમારું मित्रः-મિત્ર નામના વૈદિક દેવ शम्-કલ્યાણ (કરો). वरुणः-વરુણદેવ शम्-કલ્યાણ કરો. अर्यमा-અર્યમા નામના દેવ नः-અમારું शम्-કલ્યાણ भवतु-કરનારા બનો. इन्द्रः-ઈન્દ્રદેવ અને बृहस्पतिः-બૃહસ્પતિદેવ -नःઅમારું शम्-કલ્યાણ કરો. उरुक्रमः-(વામન અવતારમાં) વિશાળ ક્રમ એટલે ડગલું માંડનારા विष्णुः-ભગવાન વિષ્ણુ नः-અમારું शम्-કલ્યાણ કરનારા બનો. ब्रह्मणे-બ્રહ્મને नमः-નમસ્કાર. वायो-હે વાયુદેવ ! ते-તમને नमः-નમસ્કાર. त्वम्-તમે एव-જ प्रत्यक्षम्-પ્રત્યક્ષ, સાક્ષાત્ ब्रह्म-બ્રહ્મ असि-છો. त्वाम्-આપને एव-જ प्रत्यक्षम्-સાક્ષાત્ ब्रह्म-બ્રહ્મ वदिष्यामि-હું કહીશ. (આપને હું) ऋतम्-ઋત્ वदिष्यामि-કહીશ. (હું આપને) सत्यम्-સત્ય वदिष्यामि-કહીશ. तत्-તે પરબ્રહ્મ माम-મારું अवतु-રક્ષણ કરે. तद्-તે પરબ્રહ્મ वक्तारम्-વક્તાનું अवतु-રક્ષણ કરે. माम्-મારું अवतु-રક્ષણ કરે. वक्तारम्-વક્તાનું अवतु-રક્ષણ કરે. ॐ-ॐ शान्तिः-(આધિભૌતિક) શાન્તિ (થાવ), शान्तिः-(આધિદૈવિક) શાંતિ (થાવ), शान्तिः-(આધ્યાત્મિક) શાન્તિ (થાવ).

અનુવાદ :- ॐ. અમારું મિત્ર નામના વૈદિક દેવ કલ્યાણ (કરો). વરુણદેવ કલ્યાણ કરો. અર્યમા નામના દેવ અમારું કલ્યાણ કરનારા બનો. ઈન્દ્રદેવ અને બૃહસ્પતિદેવ અમારું કલ્યાણ કરો. (વામન અવતારમાં) વિશાળ ક્રમ એટલે ડગલું માંડનારા ભગવાન વિષ્ણુ અમારું કલ્યાણ કરનારા બનો. બ્રહ્મને નમસ્કાર. હે વાયુદેવ ! તમને નમસ્કાર. તમે જ પ્રત્યક્ષ, સાક્ષાત્ બ્રહ્મ છો. આપને જ સાક્ષાત્ બ્રહ્મ હું કહીશ. (આપને હું) ઋત્ કહીશ. (હું આપને) સત્ય કહીશ. તે પરબ્રહ્મ મારું રક્ષણ કરે. તે પરબ્રહ્મ વક્તાનું રક્ષણ કરે. મારું રક્ષણ કરે. વક્તાનું રક્ષણ કરે. ॐ (આધિભૌતિક) શાન્તિ (થાવ), (આધિદૈવિક) શાંતિ (થાવ), (આધ્યાત્મિક) શાન્તિ (થાવ).



ॐ

॥ तैत्तिरीयोपनिषद् ॥

शीक्षावल्ली

प्रथम अनुवाक

यस्माज्जातं जगत्सर्वं यस्मिन्नेव प्रलीयते ।
येनेदं धार्यते चैव तस्मै ज्ञानात्मने नमः ॥ १ ॥

અનુવાદ :- જેના દ્વારા આખું જગત ઉત્પન્ન થયું છે, જેમાં જ એ (જગત) વિલીન થાય છે અને જેના દ્વારા તે ધારણ પણ કરાય છે, તે જ્ઞાનસ્વરૂપને મારા નમસ્કાર છે. (૧)

⁂

यैरिमे गुरुभिः पूर्वं पदवाक्यप्रमाणतः ।
व्याख्याताः सर्ववेदान्तास्तान्नित्यं प्रणतोऽस्म्यहम् ॥ २ ॥

અનુવાદ :- પૂર્વ કાળમાં જે ગુરુજનોએ પદ, વાક્ય અને પ્રમાણોથી સર્વ વેદાંતો (ઉપનિષદો)ની વ્યાખ્યા કરી છે, તેમને હું સર્વદા પ્રણામ કરું છું. (૨)

⁂

तैत्तिरीयकसारस्य मयाचार्यप्रसादतः ।
विस्पष्टार्थरुचीनां हि व्याख्येय संप्रणीयते ॥ ३ ॥

અનુવાદ :- સ્પષ્ટ અર્થ જાણવા રુચિ રાખનારા માટે હું શ્રી આચાર્યજીની કૃપાથી તૈત્તિરીય(શાખા)ના સારરૂપ આ ઉપનિષદની વ્યાખ્યા કરું છું. (૩)

⁂

शाङ्करभाष्यम् :- नित्यान्यधिगतानि कर्माण्युपात्तदुरितक्षयार्थानि, काम्यानि च फलार्थिनां पूर्वस्मिन्ग्रन्थे । इदानीं कर्मोपादानहेतुपरिहाराय ब्रह्मविद्या प्रस्तूयते । ★ कर्महेतुः कामः स्यात् । प्रवर्तकत्वात् । आप्तकामानां हि कामाभावे स्वात्मन्यवस्थानात् प्रवृत्त्यनुपपत्तिः । आत्मकामित्वे चाप्तकामता, आत्मा हि ब्रह्म, तद्विदो हि परप्राप्तिं वक्ष्यति । अतोऽविद्यानिवृत्तौ स्वात्मन्यवस्थानं परप्राप्तिः । **'अभयं प्रतिष्ठां विन्दते'** (तै.उप. २-७-१) **'एतमानन्दमयमात्मानमुपसंक्रामति'** (तै.उप. २-८-१२) इत्यादिश्रुतेः । ★ काम्यप्रतिषिद्धयोरनारम्भादारब्धस्य चोपभोगेन क्षयान्नित्यानुष्ठानेन प्रत्यवायाभावादयत्नत

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

एव स्वात्मन्यवस्थानं मोक्षः । अथवा निरतिशयायाः प्रीतेः स्वर्गशब्दवाच्यायाः कर्महेतुत्वात्कर्मभ्य एव मोक्ष इति चेत् । ★ न, कर्मानेकत्वात् । अनेकानि ह्यारब्धफलान्यनारब्धफलानि चानेकजन्मान्तरकृतानि विरुद्धफलानि कर्माणि सम्भवन्ति । अतस्तेष्वनारब्धफलानामेकस्मिञ्जन्मन्युपभोगक्षयासंभवाच्छेषकर्मनिमित्तशरीरारम्भोपपत्तिः । कर्मशेषसद्भावसिद्धिश्च **'तद्य इह रमणीयचरणाः'** (छा.उप. ५-१०-७) **'ततः शेषेण'** (आ.ध. २-२-२-३, गो.स्मृ. ११) इत्यादिश्रुतिस्मृतिशतेभ्यः । ★ इष्टानिष्टफलानामनारब्धानां क्षयार्थानि नित्यानीति चेत् ? ★ न, अकारणे प्रत्यवायश्रवणात् । प्रत्यवायशब्दो ह्यनिष्टविषयः । नित्याकरणनिमित्तस्य प्रत्यवायस्य दुःखरूपस्यागामिनः परिहारार्थानि नित्यानीत्यभ्युपगमान्नानारब्धफलकर्मक्षयार्थानि । ★ यदि नामानारब्धकर्मक्षयार्थानि नित्यानि कर्माणि तथाप्यशुद्धमेव क्षपयेयुर्न शुद्धम् । विरोधाभावात् । न हीष्टफलस्य कर्मणः शुद्धरूपत्वान्नित्यैर्विरोध उपपद्यते । शुद्धाशुद्धयोर्हि विरोधो युक्तः । ★ न च कर्महेतूनां कामानां ज्ञानाभावे निवृत्त्यसंभवादशेषकर्मक्षयोपपत्तिः । अनात्मविदो हि कामोऽनात्मफलविषयत्वात् । स्वात्मनि च कामानुपपत्तिर्नित्यप्राप्तत्वात् । स्वयं चात्मा परं ब्रह्मेत्युक्तम् । ★ नित्यानां चाकरणमभावस्ततः प्रत्यवायानुपपत्तिरिति । अतः पूर्वोपचितदुरितेभ्यः प्राप्यमाणा याः प्रत्यवायक्रियाया नित्याकरणं लक्षणमिति **'अकुर्वन्विहितं कर्म'** (मनु. ११-४४) इति शतुर्नानुपपत्तिः । अन्यथाभावाद्भावोत्पत्तिरिति सर्वप्रमाणव्याकोप इति । अतोऽयत्नतः स्वात्मन्यवस्थानमित्यनुपपन्नम् । ★ यच्चोक्तं निरतिशयप्रीतेः स्वर्गशब्दवाच्यायाः कर्मनिमित्तत्वात्कर्मारब्ध एव मोक्ष इति, तन्न, नित्यत्वान्मोक्षस्य । न हि नित्यं किञ्चिदारभ्यते । लोके यदारब्धं तदनित्यमिति । अतो न कर्मारब्धो मोक्षः । ★ विद्यासहितानां कर्मणां नित्यारम्भसामर्थ्यमिति चेत् ? ★ न, विरोधात् । नित्यं चारभ्यत इति विरुद्धम् । ★ यद्विनष्टं तदेव नोत्पद्यत इति । प्रध्वंसाभाववन्नित्योऽपि मोक्ष आरभ्य एवेति चेत् ? ★ न, मोक्षस्य भावरूपत्वात् । प्रध्वंसाभावोऽप्यारभ्यत इति न संभवति, अभावस्य विशेषाभावाद्विकल्पमात्रमेतत् । भावप्रतियोगी ह्यभावः । यथा ह्यभिन्नोऽपि भावो घटपटादिभिर्विशेष्यते भिन्न इव घटभावः पटभाव इति, एवं निर्विशेषोऽप्यभावः क्रियागुणयोगाद्द्रव्यादिवद्विकल्प्यते । न ह्यभाव उत्पलादिवद्विशेषणसहभावी । विशेषणवत्त्वे भाव एव स्यात् । ★ विद्याकर्मकर्तृमित्यत्वाद्विद्याकर्मसन्तानजनितमोक्षनित्यत्वमिति चेत् ? न, गङ्गास्रोतोवत्कर्तृत्वस्य दुःखरूपत्वात् । कर्तृत्वोपरमे च मोक्षविच्छेदात् । तस्मादविद्याकामकर्मोपादानहेतुनिवृत्तौ स्वात्मन्यवस्थानं मोक्ष इति । स्वयं चात्मा ब्रह्म । तद्विज्ञानादविद्यानिवृत्तिरिति ब्रह्मविद्यार्थोपनिषदारभ्यते । ★ उपनिषदिति विद्योच्यते, तच्छीलिनां गर्भजन्मजरादिनिशातनात्तदवसादनाद्वा ब्रह्मणो वोपनिगमयितृत्वादुपनिषण्णं वास्यां परं श्रेय इति । तदर्थत्वात्ग्रन्थोऽप्युपनिषत् ।

શાંકરભાષ્ય :- (સંચિત) પાપોના ક્ષયરૂપી મુખ્ય પ્રયોજનવાળા નિત્યકર્મોનું તથા ફલાર્થીના કામ્યકર્મોનું આ પહેલાનાં ગ્રંથમાં (અર્થાત્ કર્મકાણ્ડમાં) પરિજ્ઞાન થઈ ચૂક્યું છે, હવે કર્મોના ઉપાદાનનો હેતુ દૂર કરવા માટે બ્રહ્મવિદ્યાનો આરંભ કરવામાં આવે છે.

કામ (ઇચ્છા) કર્મનું કારણ હોઈ શકે છે, કારણ કે તે જ તેનો પ્રવર્તક છે, પૂર્ણકામોને કામનાઓનો અભાવ હોવાથી સ્વરૂપમાં સ્થિતિ થઈ જવાથી કર્મમાં પ્રવૃત્તિ થવી અશક્ય છે. આત્મદર્શનની કામના ઉત્પન્ન થતાં જ પૂર્ણકામના (ની સિદ્ધિ) થાય છે, કારણ કે આત્મા જ બ્રહ્મ છે અને તેને જાણનારને પરમાત્માની પ્રાપ્તિ થાય છે એવું આગળ (શ્રુતિ) કહેશે માટે અવિદ્યાની નિવૃત્તિ થતાં પોતાના આત્મામાં સ્થિત થઈ જવું એ પરમાત્માની પ્રાપ્તિ છે, જેમ કે **'અભયપદ પ્રાપ્ત કરી લે છે,'** (તૈ.ઉપ. ૨-૭-૧) **'આ આનંદમય આત્માને પ્રાપ્ત થાય છે.'** (તૈ.ઉપ. ૨-૮-૧૨) વગેરે શ્રુતિઓ છે.

પૂર્વપક્ષી : કામ્ય અને નિષિદ્ધ કર્મોનો આરંભ ન કરવાથી, પ્રારબ્ધ(કર્મો)નો ઉપભોગ દ્વારા ક્ષય થવાથી તથા નિત્યકર્મોના અનુષ્ઠાનથી પ્રત્યવાય-દોષોનો-વિરુદ્ધાચરણનો અભાવ થઈ જવાથી અનાયાસે જ પોતાના આત્મામાં સ્થિતિરૂપી મોક્ષ સિદ્ધ થઈ જશે, અથવા 'સ્વર્ગ'થી શબ્દવાચ્ય આત્યન્તિક પ્રીતિ કર્મરૂપી હેતુવાળી હોવાથી કર્મથી મોક્ષ થઈ શકે છે જો એમ માનવામાં આવે તો ?

સિદ્ધાંતી : ના, કારણ કે કર્મ તો અનેક છે. અનેક જન્માંતરોમાં કરેલાં અનેક વિરુદ્ધ ફળવાળાં કર્મો છે જેમનામાંનાં કેટલાંક તો ફળ આપવાની તૈયારીમાં હોય, અર્થાત્ ફળ આપવા માટે તૈયાર થઈ ગયાં હોય અને કેટલાંક હજુ ફળ આપવા માટે તૈયાર થયા ન હોય. આથી તેમનામાંના જે કર્મો હજુ ફળ આપવા માટે તૈયાર નહીં થયેલાનો એક જન્મમાં જ ક્ષય થવો અસંભવ હોવાથી, તે બાકી રહેલાં કર્મોને લીધે બીજા શરીરનો આરંભ થવાની શક્યતા છે. **'આ લોકમાં જે શુભ કર્મ કરનારાં છે (તેમને શુભ યોનિ પ્રાપ્ત થાય છે).'** (છા.ઉપ. ૫-૧૦-૭) **તેમાંથી (એટલે ભોગવેલાં કર્મોમાંથી)** બાકી રહેલાં

કર્મો દ્વારા (જીવને આગળનું શરીર પ્રાપ્ત થાય છે)' (આ.ધ.સૂ. ૨-૨-૨-૩, ગો.સ્મૃ. ૧૧) વગેરે સેંકડો શ્રુતિ-સ્મૃતિઓથી બાકી રહેલા કર્મોનું અસ્તિત્વ રહેવાનું સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષી : ઈષ્ટ અને અનિષ્ટ ફળ આપનારાં સંચિત કર્મોનો ક્ષય કરવા માટે નિત્યકર્મ છે એમ કહો તો ?

સિદ્ધાંતી : ના, કારણ કે (નિત્યકર્મ) ન કરવાથી પ્રત્યવાય-દોષ થાય છે - એમ સાંભળ્યું છે. 'પ્રત્યવાય' શબ્દ અનિષ્ટનો જ સૂચક છે. નિત્યકર્મો ન કરવાથી જે આગળ ઉપર થનારા દુઃખરૂપ પ્રત્યવાયનો નાશ કરવાને માટે જ નિત્યકર્મો છે એમ સ્વીકારાયેલું હોવાથી તે અનારબ્ધ એટલે સંચિત કર્મોનો ક્ષય થવા માટે હોઈ શકતાં નથી.

જો તે (નિત્યકર્મ) જેમનું ફળ મળવાનો હજુ આરંભ થયો નથી તે કર્મોના ક્ષય માટે હોય તોપણ તે અશુદ્ધ કર્મોનો જ ક્ષય કરશે, શુદ્ધ કર્મોનો ક્ષય નહીં કરે, કારણ કે તેમની સાથે તો તેમનો વિરોધ જ નથી. ઈષ્ટ ફળવાળા કર્મોનું તો શુદ્ધ રૂપ હોવાથી તેમનો નિત્યકર્મો સાથે વિરોધ હોવાનો સંભવ નથી. વિરોધ તો શુદ્ધ અને અશુદ્ધ કર્મોનો હોય એ યોગ્ય છે.

કર્મ કરાવવા માટે કારણરૂપ કામનાઓની નિવૃત્તિ પણ જ્ઞાનના અભાવમાં અશક્ય હોવાથી તે નિત્યકર્મો દ્વારા સર્વ કર્મોનો ક્ષય શક્ય નથી, કારણ કે કામનાઓ, અનાત્મફળના વિષયવાળી હોવાથી આત્માને ન જાણનારાઓને થાય છે. આત્મામાં કામનાઓનું હોવું સર્વથા અશક્ય છે, કારણ કે તે નિત્ય પ્રાપ્ત છે, ને વળી આ તો કહેવાયું છે કે, સ્વયં આત્મા પરબ્રહ્મ છે.

નિત્યકર્મો ન કરવાં એ અભાવરૂપ છે તેથી દોષ થવામાં યુક્તિનો અભાવ છે, માટે નિત્યકર્મોનું આચરણ ન કરવું એ પૂર્વસંચિત પાપોથી પ્રાપ્ત થનારી પ્રત્યવાયક્રિયાનું જ લક્ષણ છે. તેથી ('अकुर्वन् विहितं कर्म') (મનુ. ૧૧-૪૪) આ વાક્યના ('अकुर्वन्') પદમાં ('शतृ') પ્રત્યયનું હોવું અનુચિત નથી. જો એમ નહીં માનવામાં આવે તો અભાવથી ભાવની ઉત્પત્તિ થવાથી બધાં જ પ્રમાણો સાથે વિરોધ આવી જશે, માટે (કર્મના આચરણથી) વગર પ્રયત્ને આત્મસ્વરૂપમાં સ્થિતિ થાય છે એમ માનવું સર્વથા અયુક્ત છે.

એમ જે કહ્યું કે, 'સ્વર્ગ' શબ્દથી કહેવામાં આવતી નિરતિશય પ્રીતિ કર્મનિમિત્તક હોવાથી મોક્ષ કર્મથી જ આરંભ થનારો હોય છે, પણ તે બરાબર નથી, કારણ કે મોક્ષ નિત્ય છે અને કોઈ પણ નિત્ય વસ્તુનો આરંભ કરાતો નથી. લોકમાં જે વસ્તુનો આરંભ છે તે અનિત્ય છે, તેથી મોક્ષ કર્મથી આરંભ થનારો હોતો નથી.

પૂર્વપક્ષી : જ્ઞાન સહિત કર્મોમાં તો નિત્ય મોક્ષનો આરંભ કરવાનું પણ સામર્થ્ય છે એમ જો કહો તો -

સિદ્ધાંતી : ના, કારણ કે તેથી વિરોધ આવે છે, એક બાજુ મોક્ષ નિત્ય અને બીજી બાજુ તેનો આરંભ થાય છે. એમ કહેવું પરસ્પર વિરુદ્ધ છે.

પૂર્વપક્ષી : જેનો નાશ થાય તે ફરીથી ઉત્પન્ન ન થાય તેથી પ્રધ્વંસાભાવની જેમ નિત્ય હોવા છતાંય મોક્ષનો આરંભ કરાય છે, એમ કહો તો ?

સિદ્ધાંતી : નહીં, કેમ કે મોક્ષ તો ભાવરૂપ છે. પ્રધ્વંસાભાવનો પણ આરંભ કરાય છે, આ સંભવિત નથી, કારણ કે અભાવમાં કોઈ વિશેષતા ન હોવાથી આ તો કેવળ વિકલ્પ છે, ભાવનો પ્રતિયોગી જ 'અભાવ' છે. જેવી રીતે 'ભાવ' વસ્તુતઃ જુદો ન હોવા છતાંય ઘટ-પટ વગેરે વિશેષણોથી જુદો હોય તેમ ઘટભાવ, પટભાવ વગેરે રૂપથી વિશેષિત કરાય છે, એવી જ રીતે અભાવ નિર્વિશેષ હોવા છતાંય ક્રિયા અને ગુણના યોગથી દ્રવ્યાદિની જેમ છે. કમલ વગેરે પદાર્થોની જેમ અભાવ એ વિશેષણ સહિત રહેનારો નથી, વિશેષણયુક્ત થતાં તો તે ભાવ જ થઈ જશે.

પૂર્વપક્ષી : વિદ્યા અને કર્મ એમનો કર્તા નિત્ય હોવાથી વિદ્યા અને કર્મના અવિચ્છિન્ન પ્રવાહથી થનારો મોક્ષ નિત્ય જ હોવો જોઈએ એવું માનીએ તો ?

સિદ્ધાંતી : ના, ગંગાના પ્રવાહના જેવું કર્તૃત્વ તો દુઃખરૂપ છે, (માટે તેનાથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી નથી ને જો તેનાથી મોક્ષ માનવામાં આવે તોપણ) કર્તૃત્વ દૂર થતાં મોક્ષનો વિચ્છેદ થઈ જશે. માટે અવિદ્યા, કામના અને કર્મ-એમના ઉપાદાન કારણની નિવૃત્તિ થતાં આત્મસ્વરૂપમાં સ્થિત થઈ જવું એ જ મોક્ષ છે. આત્મા પોતે બ્રહ્મ છે અને તેના જ્ઞાનથી જ અવિદ્યાની નિવૃત્તિ થાય છે, તેથી હવે બ્રહ્મજ્ઞાનને માટે ઉપનિષદનો આરંભ કરવામાં આવે છે.

પોતાનું સેવન કરનારા(પુરુષો)ના ગર્ભ, જન્મ અને જરા વગેરેનો ઉચ્છેદ (निशातन) કરવાથી કે તેમનો નાશ (अवसादन) કરવાને લીધે 'उपनिषद' શબ્દથી વિદ્યા જ કહેવામાં આવે છે. અથવા બ્રહ્મની સમીપ લઈ જનારી હોવાથી અથવા તેમાં પરમ શ્રેય રહેલ છે તેથી (આ વિદ્યા 'ઉપનિષદ' છે), તે માટે હોવાથી ગ્રંથ પણ 'ઉપનિષદ' છે.

* * *

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

ॐ शं नो मित्रः शं वरुणः । शं नो भवत्वर्यमा । शं न इन्द्रो बृहस्पतिः । शं नो विष्णुरुरुक्रमः । नमो ब्रह्मणे । नमस्ते वायो । त्वमेव प्रत्यक्षं ब्रह्मासि । त्वामेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि । ऋतं वदिष्यामि । सत्यं वदिष्यामि । तन्मामवतु तद्वक्तारमवतु । अवतु माम् । अवतु वक्तारम् ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- ॐ-ॐ. नः-અમારું मित्रः-મિત્ર નામના વૈદિક દેવ शम्-કલ્યાણ (કરો). वरुणः-વરુણદેવ शम्-કલ્યાણ કરો. अर्यमा-અર્યમા નામના દેવ नः-અમારું शम्-કલ્યાણ भवतु-કરનારા બનો. इन्द्रः-ઈન્દ્રદેવ અને बृहस्पतिः-બૃહસ્પતિદેવ -नःઅમારું शम्-કલ્યાણ કરો. उरुक्रमः-(વામન અવતારમાં) વિશાળ ક્રમ એટલે ડગલું માંડનારા विष्णुः-ભગવાન વિષ્ણુ नः-અમારું शम्-કલ્યાણ કરનારા બનો. ब्रह्मणे-બ્રહ્મને नमः-નમસ્કાર. वायो-હે વાયુદેવ ! ते-તમને नमः-નમસ્કાર. त्वम्-તમે एव-જ प्रत्यक्षम्-પ્રત્યક્ષ, સાક્ષાત્ ब्रह्म-બ્રહ્મ असि-છો. त्वाम्-આપને एव-જ प्रत्यक्षम्-સાક્ષાત્ ब्रह्म-બ્રહ્મ वदिष्यामि-હું કહીશ. (આપને હું) ऋतम्-ઋત્ वदिष्यामि-કહીશ. (હું આપને) सत्यम्-સત્ય वदिष्यामि-કહીશ. तत्-તે પરબ્રહ્મ माम-મારું अवतु-રક્ષણ કરે. तद्-તે પરબ્રહ્મ वक्तारम्-વક્તાનું अवतु-રક્ષણ કરે. माम्-મારું अवतु-રક્ષણ કરે. वक्तारम्-વક્તાનું अवतु-રક્ષણ કરે. ॐ-ॐ शान्तिः-(આધિભૌતિક) શાન્તિ (થાવ), शान्तिः-(આધિદૈવિક) શાંતિ (થાવ), शान्तिः-(આધ્યાત્મિક) શાન્તિ (થાવ). (૧)

અનુવાદ :- ॐ. અમારું મિત્ર નામના વૈદિક દેવ કલ્યાણ (કરો). વરુણદેવ કલ્યાણ કરો. અર્યમા નામના દેવ અમારું કલ્યાણ કરનારા બનો. ઈન્દ્રદેવ અને બૃહસ્પતિદેવ અમારું કલ્યાણ કરો. (વામન અવતારમાં) વિશાળ ક્રમ એટલે ડગલું માંડનારા ભગવાન વિષ્ણુ અમારું કલ્યાણ કરનારા બનો. બ્રહ્મને નમસ્કાર. હે વાયુદેવ ! તમને નમસ્કાર. તમે જ પ્રત્યક્ષ, સાક્ષાત્ બ્રહ્મ છો. આપને જ સાક્ષાત્ બ્રહ્મ હું કહીશ. (આપને હું) ઋત્ કહીશ. (હું આપને) સત્ય કહીશ. તે પરબ્રહ્મ મારું રક્ષણ કરે. તે પરબ્રહ્મ વક્તાનું રક્ષણ કરે. મારું રક્ષણ કરે. વક્તાનું રક્ષણ કરે. ॐ (આધિભૌતિક) શાન્તિ (થાવ), (આધિદૈવિક) શાંતિ (થાવ), (આધ્યાત્મિક) શાન્તિ (થાવ). (૧)

शाङ्करभाष्यम् :- शं सुखं प्राणवृत्तेरह्नश्चाभिमानी देवतात्मा मित्रो नोऽत्माकं भवतु । तथैवापानवृत्ते रात्रेश्चाभिमानी देवतात्मा वरुणः । चक्षुष्यादित्ये चाभिमान्यर्यमा । बल इन्द्रः । वाचि बुद्धौ च बृहस्पतिः । विष्णुरुरुक्रमो विस्तीर्णक्रमः पादयोरभिमानी । एवमाद्याध्यात्मदेवताः शं नः । भवत्विति सर्वत्रानुषङ्गः । ★ तासु हि सुखकृत्सु विद्याश्रवणधारणोपयोगा अप्रतिबन्धेन भविष्यन्तीति तत्सुखकर्तृत्वं प्रार्थ्यते शं नो भवत्विति । ★ ब्रह्म विविदिषुणा नमस्कारवन्दनक्रिये वायुविषये ब्रह्मविद्योपसर्गशान्त्यर्थं क्रियेते । सर्वक्रियाफलानां तदधीनत्वाद् ब्रह्म वायुस्तस्मै ब्रह्मणे नमः । प्रह्वीभावं करोमीति वाक्यशेषः । नमस्ते तुभ्यं हे वायो नमस्करोमीति । परोक्षप्रत्यक्षाभ्यां वायुरेवाभिधीयते । ★ किं च त्वमेव चक्षुराद्यपेक्ष्य बाह्यं संनिकृष्टमव्यवहितं प्रत्यक्षं ब्रह्मासि यस्मात्तस्मात्त्वामेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि । ऋतं यथाशास्त्र यथाकर्तव्यं बुद्धौ सुपरिनिश्चितमर्थं तदपि त्वदधीनत्वात्त्वामेव वदिष्यामि । सत्यमिति स एव वाक्कायाभ्यां संपाद्यमानः, सोऽपि त्वदधीन एव संपाद्य इति त्वामेव सत्यं वदिष्यामि । ★ तत्सर्वात्मकं वाय्वाख्यं ब्रह्म मयैवं स्तुतं सन्मां विद्यार्थिनमवतु विद्यासंयोजनेन । तदेव ब्रह्म वक्तारमाचार्यं वक्तृत्वसामर्थ्यसंयोजनेनावतु । अवतु मामवतु वक्तारमिति पुनर्वचनमादरार्थम् । ॐ शान्तिः शान्तिः शान्तिरिति त्रिर्वचनमाध्यात्मिकाधिभौतिकाधिदैविकानां विद्याप्राप्त्युपसर्गाणां प्रशमार्थम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- પ્રાણવૃત્તિ અને દિનનો અભિમાની દેવતા મિત્ર અમારા માટે સુખરૂપ થાવ. તેમ અપાનવૃત્તિ અને રાત્રિના અભિમાની દેવતા વરુણ, નેત્ર અને સૂર્યનો અભિમાની અર્યમા, બલના અભિમાની ઇંદ્ર, વાણી અને બુદ્ધિના અભિમાની દેવતા બૃહસ્પતિ તથા ઉરુક્રમ અર્થાત્ મોટાં પગલાંવાળા પાદાભિમાની દેવતા વિષ્ણુ-વગેરે બધા જ અધ્યાત્મ દેવતા અમારા માટે સુખદાયક થાવ. 'भवतु' (થાવ) આ ક્રિયાનો બધાં વાક્યો સાથે સંબંધ છે.

તે સુખપ્રદ હોવાથી જ જ્ઞાનનું શ્રવણ, ધારણ અને ઉપયોગ પ્રતિબંધ એટલે વિઘ્ન વિના થઈ શકે એટલા માટે જ 'शं नो भवतु' વગેરે મંત્ર દ્વારા તેમના સુખકર્તૃત્વની પ્રાર્થના કરવામાં આવે છે.



હવે બ્રહ્મના જિજ્ઞાસુ દ્વારા બ્રહ્મવિદ્યાનાં વિઘ્નોની શાંતિને માટે વાયુના વિષયમાં નમસ્કાર અને વંદન કરવામાં આવે છે. સર્વ કર્મોનું ફળ વાયુને અધીન હોવાને લીધે બ્રહ્મ વાયુ છે. તે બ્રહ્મને હું નમસ્કાર અર્થાત્ પ્રહ્વીભાવ (વિનીતભાવ) કરું છું. અહીં 'करोमि' આ ક્રિયા વાક્યશેષ છે. હે વાયુ ! તમને નમસ્કાર છે એટલે હું તમને નમસ્કાર કરું છું. આ પ્રમાણે અહીં પરોક્ષ અને પ્રત્યક્ષરૂપથી વાયુ જ કહેવાયો છે.

વળી બાહ્ય ચક્ષુ વગેરેની અપેક્ષાએ તમે જ અત્યંત નજીક ને પ્રત્યક્ષ બ્રહ્મ છો તેથી તમને જ હું પ્રત્યક્ષ બ્રહ્મ કહીશ. તમને જ ઋત અર્થાત્ શાસ્ત્ર અને પોતાના કર્તવ્ય અનુસાર બુદ્ધિમાં સારી રીતે નિશ્ચિત કરેલો અર્થ કહીશ, કારણ કે તે (ઋત) તમારે જ વશ છે. વાણી અને શરીરથી સંપાદન કરવામાં આવતો આ અર્થ જ સત્ય કહેવાય છે, તે પણ તમારે વિશે રહીને સંપાદન કરાય છે એટલે પ્રાપ્ત કરાય છે, તેથી તમને જ હું સત્ય કહીશ.

તે વાયુ નામના સર્વાત્મક બ્રહ્મ મારા વડે આ પ્રમાણે સ્તુતિ કરાતાં મને-વિદ્યાર્થીને વિદ્યાથી યુક્ત કરીને મારી રક્ષા કરે, તે જ બ્રહ્મ વક્તા આચાર્યને વક્તૃત્વશક્તિથી યુક્ત કરીને તેમની રક્ષા કરે, મારી રક્ષા કરે અને વક્તાની રક્ષા કરે. આમ સન્માન માટે બેવાર કહેવામાં આવ્યું છે, 'ॐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ' એમ ત્રણ વખતનું કથન વિદ્યાપ્રાપ્તિના આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક વિઘ્નોની શાંતિ માટે છે.

इति शीक्षावल्ल्यां प्रथमोऽनुवाकः ॥ १ ॥

द्वितीय अनुवाक

अर्थज्ञानप्रधानत्वादुपनिषदो ग्रन्थपाठे यत्नोपरमो मा भूदिति शीक्षाध्याय आरभ्यते –

શાંકરભાષ્ય :- ઉપનિષદ અર્થજ્ઞાનપ્રધાન હોવાથી (અર્થાત્ અર્થજ્ઞાન જ એમાં મુખ્ય હોવાથી) ગ્રંથના અધ્યયનનો પ્રયત્ન નાશ ન જાય તે માટે શીક્ષાધ્યાયનો આરંભ કરવામાં આવે છે –

शीक्षां व्याख्यास्यामः । वर्णः स्वरः । मात्रा बलम् । साम सन्तानः । इत्युक्तः शीक्षाध्यायः ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- **शीक्षाम्**-શિક્ષાનું **व्याख्यास्यामः**-અમે વર્ણન કરીશું. **वर्णः**-વર્ણ (આકાર વગેરે) **स्वरः**-(ઉદાત્ત વગેરે) સ્વર **मात्रा**-માત્રા **बलम्**-પ્રયત્ન **साम**-સામ, ગાવાની રીત **संतानः**-સંધિ **इति**-એ રીતે **शीक्षाध्यायः**-વેદના મંત્રોના ઉચ્ચારણ માટેની શિક્ષાનો અધ્યાય **उक्तः**-કહેવામાં આવ્યો છે. (૧)

અનુવાદ :- શિક્ષાનું અમે વર્ણન કરીશું. વર્ણ (આકાર વગેરે), (ઉદાત્ત વગેરે) સ્વર, માત્રા, પ્રયત્ન, સામ, ગાવાની રીત સંધિ એ રીતે વેદના મંત્રોના ઉચ્ચારણ માટેની શિક્ષાનો અધ્યાય કહેવામાં આવ્યો છે. (૧)

शाङ्करभाष्यम् :-शिक्षा शिक्ष्यतेऽनयेति वर्णाद्युच्चारणलक्षण् । शिक्ष्यन्त इति वा शिक्षा वर्णादयः । शिक्षैव शीक्षा । दैर्घ्यं छान्दसम् । तां शीक्षां व्याख्यास्यामो विस्पष्टमा समन्तात्कथयिष्यामः । चक्षिङो वा ख्याञादिष्टस्य व्याङ्पूर्वस्य व्यक्तवाक्कर्मण एतद्रूपम् । ★ तत्र वर्णोऽकारादिः, स्वर उदात्तादिः, मात्रा ह्रस्वाद्याः, बलं प्रयत्नविशेषः, साम वर्णानां मध्यमवृत्त्योच्चारणं समता, सन्तानः सन्ततिः संहितेत्यर्थः । एष हि शिक्षितव्योऽर्थः । शिक्षा यस्मिन्नध्याये सोऽयं शीक्षाध्याय इत्येवमुक्त उदितः । उक्त इत्युपसंहारार्थः ॥ १ ॥

શાંકરભાષ્ય :- જેનાથી (વર્ણાદિનું) ઉચ્ચારણ શીખવામાં આવે તે શિક્ષા કહેવાય. અથવા જે શિખાય તે વર્ણ વગેરે શિક્ષા છે. શિક્ષાને જ 'શીક્ષા' કહેવામાં આવેલ છે. (શીક્ષા શબ્દમાં ઈકારનું) દીર્ઘત્વ વૈદિક છે. તે શીક્ષાની અમે વ્યાખ્યા કરીએ છીએ, અર્થાત્ તેનું ચારે બાજુથી સ્પષ્ટ વર્ણન કરીએ છીએ. 'व्याख्यास्यामः' આ પદ 'वि' અને 'आङ् ઉપસર્ગપૂર્વક चक्षिङ्' ધાતુના સ્થાનમાં વૈકલ્પિક 'ख्याञ्' આદેશ કરવાથી થાય છે. એનો અર્થ 'સ્પષ્ટ ઉચ્ચારણ' એવો થાય છે.

તેમાં અકાર વગેરે વર્ણ, ઉદાત્ત આદિ સ્વર, હ્રસ્વાદિ માત્રાઓ, (વર્ણોના ઉચ્ચારણમાં) પ્રયત્ન વિશેષરૂપ બળ, વર્ણોનું મધ્યમવૃત્તિથી ઉચ્ચારણ કરવારૂપ સામ અર્થાત્ સમતા તથા સંતાન સન્તતિ અર્થાત્ સંહિતા આ શીખવાનો વિષય છે. જે



અધ્યાયમાં શિક્ષા છે તે આ શીક્ષાધ્યાયનું આ પ્રમાણે કથન એટલે પ્રકાશન કરવામાં આવ્યું. (અહીં) 'उक्तः' પદ ઉપસંહારને માટે છે. (૧)

इति शीक्षावल्ल्यां द्वितीयोऽनुवाकः ॥ २ ॥

* * *

तृतीय अनुवाक

अधुना संहितोपनिषदुच्यते – હવે સંહિતા સંબંધી ઉપનિષદ (ઉપાસના) કહેવામાં આવે છે –

सह नौ यशः । सह नौ ब्रह्मवर्चसम् । अथातः संहिताया उपनिषदं व्याख्यास्यामः । पञ्चस्वधिकरणेषु । अधिलोकमधिज्योतिषमधिविद्यमधिप्रजमध्यात्मम् । ता महासंहिता इत्याचक्षते । अथाधिलोकम् । पृथिवी पूर्वरूपम् । द्यौरुत्तररूपम् । आकाशः संधिः ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- नौ-અમારો (એટલે ગુરુ અને શિષ્યનો) यशः-યશ, કીર્તિ सह-એક સાથે (વૃદ્ધિ પામે). नौ-અમારું ब्रह्मवर्चसम्-બ્રહ્મતેજ सह-એક સાથે (વૃદ્ધિ પામે). अथ-હવે अतः-અહીંથી અમે अधिलोकम्-લોકના વિષયમાં, अधिज्योतिषम्-જ્યોતિયોના વિષયમાં, अधिप्रजाम्-પ્રજાના વિષયમાં, अधिविद्यम्-વિદ્યાના વિષયમાં, अधिप्रजम्-પ્રજાના વિષયમાં, अध्यात्मम्-શરીરના વિષયમાં, આમ पञ्चसु-પાંચ संहितायाः-સંહિતાના अधिकरणेषु-અધિકરણોમાં (સ્થાનોમાં) उपनिषद्-રહસ્યનું व्याख्यास्यामः-વ્યાખ્યાન કરીશું. (વર્ણન કરીશું) ताः-તે આ બધાને महासंहिताः-મહાસંહિતા इति-એમ आचक्षते-કહે છે. अथ-એમાંથી (પહેલી) अधिलोकम्-લોકવિષયક (સંહિતા છે) पृथिवी-પૃથ્વી पूर्वरूपम्-પૂર્વરૂપ છે, द्यौः-સ્વર્ગલોક उत्तररूपम्-ઉત્તરરૂપ છે. आकाशः-આકાશ संधिः-સંધિરૂપ છે. वायुः-વાયુ संधानम्-(તેઓનું) સંધાણ કરનાર (જોડનાર) છે. इति-એમ अधिलोकम्-લોકવિષયક સંહિતા છે. (૧)

અનુવાદ :- અમારો (એટલે ગુરુ અને શિષ્યનો) યશ, કીર્તિ એક સાથે (વૃદ્ધિ પામે). અમારું બ્રહ્મતેજ એક સાથે (વૃદ્ધિ પામે). હવે અહીંથી અમે લોકના વિષયમાં, જ્યોતિયોના વિષયમાં, પ્રજાના વિષયમાં, વિદ્યાના વિષયમાં, પ્રજાના વિષયમાં, શરીરના વિષયમાં, આમ પાંચ સંહિતાના અધિકરણોમાં (સ્થાનોમાં) રહસ્યનું વ્યાખ્યાન કરીશું. (વર્ણન કરીશું) તે આ બધાને મહાસંહિતા એમ કહે છે. એમાંથી (પહેલી) લોકવિષયક (સંહિતા છે) પૃથ્વી પૂર્વરૂપ છે, સ્વર્ગલોક ઉત્તરરૂપ છે. આકાશ સંધિરૂપ છે. વાયુ (તેઓનું) સંધાણ કરનાર (જોડનાર) છે. એમ લોકવિષયક સંહિતા છે. (૧)

* * *

वायुः संधानम् । इत्यधिलोकम् । अथाधिज्यौतिषम् । अग्निः पूर्वरूपम् । आदित्य उत्तररूपम् । आपः संधिः । वैद्युतः संधानम् । इत्यधिज्यौतिषम् । अथाधिविद्यम् । आचार्यः पूर्वरूपम् ॥ २ ॥

અન્વય અને શબ્દાર્થ :- अथ-હવે अधिज्यौतिषम्-જ્યોતિવિષયક (સંહિતાનું વર્ણન કરે છે). अग्निः-અગ્નિ पूर्वरूपम्-પૂર્વરૂપ છે. आदित्यः-સૂર્ય उत्तररूपम्-ઉત્તરરૂપ છે. आपः-જળ संधिः-સંધિરૂપ છે. वैद्युतः-વીજળી संधानम्-સંધાણ (જોડાણ) કરનાર છે. इति-એમ, अधिज्यौतिषम्-જ્યોતિષ વિષયક (સંહિતા) છે. अथ-હવે अधिविद्यम्-વિદ્યાવિષયક (સંહિતા)ની વાત કરે છે. आचार्यः-આચાર્ય, ગુરુ पूर्वरूपम्-પૂર્વરૂપ છે. (૨)

અનુવાદ :- હવે જ્યોતિવિષયક (સંહિતાનું વર્ણન કરે છે). અગ્નિ પૂર્વરૂપ છે. સૂર્ય ઉત્તરરૂપ છે. જળ સંધિરૂપ છે. વીજળી સંધાણ (જોડાણ) કરનાર છે. એમ, જ્યોતિ વિષયક (સંહિતા) છે. હવે વિદ્યાવિષયક (સંહિતા)ની વાત કરે છે. આચાર્ય, ગુરુ પૂર્વરૂપ છે. (૨)

* * *

अन्तेवास्युत्तररूपम् । विद्या संधिः । प्रवचनसंधानम् । इत्यधिविद्यम् । अथाधिप्रजम् । माता पूर्वरूपम् । पितोत्तररूपम् । प्रजा संधिः । प्रजननम् संधानम् । इत्यधिप्रजम् ॥ ३ ॥

અન્વય અને શબ્દાર્થ :- अन्तेवासी-એમની નજીક રહેનારો શિષ્ય उत्तररूपम्-ઉત્તરરૂપ છે. विद्या-વિદ્યા संधि-સંધિરૂપ છે. प्रवचनम्-પ્રવચન संधानम्-સંધાણ (જોડાણ) કરનાર છે, इति-એમ अधिविद्यम्-વિદ્યાવિષયક (સંહિતા) છે. अथ-હવે अधिप्रजम्-પ્રજાવિષયક સંહિતા. माता-માતા पूर्वरूपम्-પૂર્વરૂપ છે. पिता-પિતા उत्तररूपम्-ઉત્તરરૂપ છે. प्रजा-પ્રજા, સંતાન संधिः-સંધિ છે. प्रजननम्-પ્રજનન संधानम्-સંધાણ (જોડનાર) છે. इति-આમ, अधिप्रजम्-પ્રજાવિષયક સંહિતા છે. (૩)

અનુવાદ :- એમની નજીક રહેનારો શિષ્ય ઉત્તરરૂપ છે. વિદ્યા સંધિરૂપ છે. પ્રવચન સંધાણ (જોડાણ) કરનાર છે, એમ વિદ્યાવિષયક (સંહિતા) છે. હવે પ્રજાવિષયક સંહિતા. માતા પૂર્વરૂપ છે. પિતા ઉત્તરરૂપ છે. પ્રજા, સંતાન સંધિ છે. પ્રજનન સંધાણ (જોડનાર) છે. આમ, પ્રજાવિષયક સંહિતા છે. (૩)

⁂

अथाध्यात्मम् । अधरा हनुः पूर्वरूपम् । उत्तरा हनुरुत्तररूपम् । वाक्संधिः । जिह्वा संधानम् । इत्यध्यात्मम् । इतीमा महासंहिताः य एवमेता महासंहिता व्याख्याता वेद । संधीयते प्रजया पशुभिः । ब्रह्मवर्चसेनान्नाद्येन सुवर्गेण लोकेन ॥ ४ ॥

અન્વય અને શબ્દાર્થ :- अथ-હવે अध्यात्मम्-અધ્યાત્મવિષયક સંહિતા. अधरा-નીચેનું हनुः-જડબું पूर्वरूपम्-પૂર્વરૂપ છે. उत्तरा-ઉપરનું हनुः-જડબું उत्तररूपम्-ઉત્તરરૂપ છે. वाक्-વાણી संधिः-સંધિરૂપ છે. जिह्वा-જીભ संधानम्-સંધાણ (જોડનાર) છે. इति-આમ, अध्यात्मम्-અધ્યાત્મવિષયક સંહિતા છે. इति-આમ, महासंहिताः-આ (પાંચ) મહાસંધિઓ છે. यः-જે (માણસ) एवम्-આમ एताः-આ व्याख्याताः-(ઉપર મુજબ) વ્યાખ્યાન કરવામાં આવેલી महासंहिताः-(પાંચ) મહાસંહિતાઓને वेद-જાણે છે તે प्रजया-સંતતિ, पशुभिः-પશુઓ, ब्रह्मवचसेन-બ્રહ્મતેજ, अन्नाद्येन-અન્ન વગેરે ભોગવવાના પદાર્થો અને सुवर्गेण-સ્વર્ગ लोकेन-લોક સાથે संधीयते-જોડાય છે, તેનાથી યુક્ત બને છે. (૪)

અનુવાદ :- હવે અધ્યાત્મવિષયક સંહિતા. નીચેનું જડબું પૂર્વરૂપ છે. ઉપરનું જડબું ઉત્તરરૂપ છે. વાણી સંધિરૂપ છે. જીભ સંધાણ (જોડનાર) છે. આમ, અધ્યાત્મવિષયક સંહિતા છે. આમ, આ (પાંચ) મહાસંધિઓ છે. જે (માણસ) આમ આ (ઉપર મુજબ) વ્યાખ્યાન કરવામાં આવેલી (પાંચ) મહાસંહિતાઓને જાણે છે તે સંતતિ, પશુઓ, બ્રહ્મતેજ, અન્ન વગેરે ભોગવવાના પદાર્થો અને સ્વર્ગ લોક સાથે જોડાય છે, તેનાથી યુક્ત બને છે. (૪)

शाङ्करभाष्यम् :- तत्र संहिताद्युपनिषत्परिज्ञाननिमित्तं यद्यशः प्रार्थ्यते तन्नावावयोः शिष्याचार्ययोः सहैवास्तु । तन्निमित्तं च यद्ब्रह्मवर्चसं तेजस्तच्च सहैवास्त्विति शिष्यवचनमाशीः । शिष्यस्य ह्यकृतार्थत्वात्प्रार्थनोपपद्यते नाचार्यस्य । कृतार्थत्वात् । कृतार्थो ह्याचार्यो नाम भवति । ★ अथानन्तरमध्ययनलक्षणविधानस्य, अतो यतोऽत्यर्थं ग्रन्थभाविता बुद्धिर्न शक्यते सहसार्थज्ञानविषयेऽवतारयितुमित्यतः संहिताया उपनिषदं संहिताविषयं दर्शनमित्येतद्ग्रन्थसंनिकृष्टामेव व्याख्यास्यामः, पञ्चस्वधिकरणेष्वाश्रयेषु ज्ञानविषयेष्वित्यर्थः । ★ कानि तानीत्याह-अधिलोक लोकेष्वधि यद्दर्शनं तदधिलोकम् । तथाधिज्यौतिषमधिविद्यमधिप्रजमध्यात्ममिति । ता एताः पञ्चविषया उपनिषदो लोकादिमहावस्तुविषयत्वात्संहिताविषयत्वाच्च महत्यश्च ताः संहिताश्च महासंहिता इत्याचक्षते कथयन्ति वेदविदः । ★ अथ तासां यथोपन्यस्तानामधिलोक दर्शनमुच्यते । दर्शनक्रमविवक्षार्थोऽथशब्दः सर्वत्र । पृथिवी पूर्वरूपं पूर्वो वर्णः पूर्वरूपम् । संहितायाः पूर्वे वर्णे पृथिवीदृष्टिः कर्तव्येत्युक्तं भवति । तथा द्यौः उत्तररूपमाकाशोऽन्तरिक्षलोकः संधिर्मध्यं पूर्वोत्तररूपयोः संधीयेते अस्मिन्पूर्वोत्तररूपे इति । वायुः संधानम् । संधीयतेऽनेनेति संधानम् । इत्यधिलोक दर्शनमुक्तम् । अथाधिज्यौतिषमित्यादि समानम् । ★ इतिमा इत्युक्ता उपप्रदर्श्यन्ते । यः

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

कश्चिदेवमेता महासंहिता व्याख्याता वेदोपास्ते । वेदेत्युपासनं स्याद्विज्ञानाधिकारात् 'इति प्राचीनयोग्योपास्स्व' इति च वचनात् । उपासनं च यथाशास्त्रं तुल्यप्रत्ययसन्ततिरसंकीर्णा चातत्प्रत्ययैः शास्त्रोक्तालम्बनविषया च । प्रसिद्धश्चोपासनशब्दार्थो लोके गुरुमुपास्ते राजानमुपास्त इति । यो हि गुर्वादीन्सन्ततमुपचरति स उपास्त इत्युच्यते । स च फलमाप्नोत्युपासनस्य । अतोऽत्रापि च य एवं वेद संधीयते प्रजादिभिः स्वर्गान्तैः । प्रजादिफलान्याप्नोतीत्यर्थः ॥ १-४ ॥

શાંકરભાષ્ય :- તે સંહિતાદિ ઉપનિષદના પરિજ્ઞાન માટે જે યશની યાચના કરવામાં આવે છે તે અમને (એટલે) શિષ્ય અને આચાર્ય બંનેને એકસાથે જ પ્રાપ્ત થાવ તથા તેને લીધે જે બ્રહ્મતેજ પ્રાપ્ત થાય છે તે પણ અમને બંને (શિષ્ય અને આચાર્ય)ને સાથે સાથે પ્રાપ્ત થાવ. આમ આ વાક્યથી શિષ્ય આશીર્વાદની યાચના કરે છે, કારણ કે અકૃતાર્થ હોવાથી શિષ્યને માટે પ્રાર્થના સંભવે પણ છે - આચાર્યને માટે નહીં, કારણ કે (આચાર્ય) કૃતાર્થ હોય છે, ને જે પુરુષ કૃતાર્થ હોય છે તે જ આચાર્ય થાય છે.

'अथ' અર્થાત્ પહેલાં કહેલાં અધ્યયનરૂપ વિધાન પછી 'अतः' કારણ કે ગ્રંથના અધ્યયનમાં અત્યંત જોડાયેલી બુદ્ધિને સહસા-તરત અર્થજ્ઞાન(ને ગ્રહણ કરવા)માં પ્રવૃત્ત કરી શકાતી નથી, તેથી અમે ગ્રન્થની અત્યંત સમીપ સંહિતોપનિષદ અર્થાત્ સંહિતા સંબંધી દૃષ્ટિની પાંચ અધિકરણ-આશ્રય અર્થાત્ જ્ઞાનના વિષયમાં વ્યાખ્યા કરીશું.

તે (પાંચ અધિકરણ) ક્યાં છે ? તો કહે છે 'અધિલોક' જે દર્શન લોકવિષયક હોય તેને અધિલોક કહે છે. આ જ પ્રમાણે અધિજ્યોતિષ, અધિવિધ, અધિપ્રજ અને અધ્યાત્મ પણ સમજવાં જોઈએ. આ પાંચ વિષયના ઉપનિષદો લોકાદિ મહાવસ્તુ વિષયક અને સંહિતા સંબંધી હોવાથી વેદને જાણનારાઓ એમને મોટી સંહિતા અર્થાત્ 'મહાસંહિતા' કહે છે.

હવે ઉપર કહેલી તે(પાંચ ઉપાસનાઓ)માંથી પહેલાં અધિલોક દૃષ્ટિ કહેવામાં આવે છે. અહીં દર્શનનો ક્રમ બતાવવાનું ઈષ્ટ હોવાથી અથ શબ્દની બધે અનુવૃત્તિ કરવી જોઈએ અર્થાત્ બધાં પદો સાથે 'अथ' શબ્દને જોડવો જોઈએ, પૃથ્વી પૂર્વરૂપ છે. અહીં પૂર્વવર્ણને જ પૂર્વરૂપ કહેવાયું છે. આથી એમ બતાવવામાં આવ્યું કે, સંહિતા(સંધિ)ના પ્રથમ વર્ણમાં પૃથ્વીદૃષ્ટિ કરવી જોઈએ. આ જ રીતે દ્યુલોક ઉત્તરરૂપ (અંતિમ વર્ણ) છે, આકાશ અર્થાત્ અન્તરિક્ષ સંધિપૂર્વ અને ઉત્તર રૂપનું મધ્ય છે એટલે એમાં પૂર્વ અને ઉત્તરરૂપ ભેગા કરાય છે.વાયુ સંધાન છે, જેની સાથે સંધિ એટલે કે જોડાણ કરાય તેને સંધાન કહેવામાં આવે છે. આ પ્રમાણે અધિલોક દર્શન કહેવામાં આવ્યું. 'अथाधिज्यौतिषम्' વગેરે મંત્રોનો અર્થ પણ આ રીતે સમજવો જોઈએ.

'इति' અને 'इमाः' આ શબ્દોથી પૂર્વોક્ત દર્શન દર્શાવવામાં આવે છે. જે કોઈ આ રીતે વ્યાખ્યા કરાયેલી આ મહાસંહિતાને જાણે છે અર્થાત્ ઉપાસના કરે છે. અહીં ઉપાસનાનું પ્રકરણ હોવાથી 'વેદ' શબ્દથી ઉપાસના સમજવી જોઈએ. જેમ કે 'इति प्राचीनयोग्योपास्स्व' (તૈ.ઉપ. ૧-૬-૨)માં આગળ ઉપર કહેવામાં આવનારા વચનથી સાબિત છે. શાસ્ત્રાનુસાર સમાન પ્રત્યય અર્થાત્ આચારના પ્રવાહનું નામ 'ઉપાસના' છે. તે વિજાતીય પ્રત્યયોથી રહિત અને શાસ્ત્રોક્ત આલમ્બનને વિષય કરનારી હોવી જોઈએ. લોકમાં 'ગુરુની ઉપાસના કરે છે', 'રાજાની ઉપાસના કરે છે' વગેરે વાક્યોમાં 'ઉપાસના' શબ્દનો અર્થ પ્રસિદ્ધ જ છે. જે પુરુષ ગુરુ વગેરેની નિરંતર પરિચર્યા-સેવા કરે છે તેને 'ઉપાસના કરે છે' એમ કહેવામાં આવે છે. અને તે ઉપાસનાનું ફલ પણ પામે છે. આથી આ(મહાસંહિતાના વિષય)માં પણ જે પુરુષ આ પ્રમાણે ઉપાસના કરે છે તે (મંત્રમાં કહેલા) પ્રજાર્થા લઈ સ્વર્ગ પર્યંત સર્વ પદાર્થોથી સંપન્ન એટલે યુક્ત થાય છે, અર્વાત્ પ્રજાદિરૂપ ફલને પ્રાપ્ત કરે છે. (૧-૪)

इति शीक्षावल्ल्यां तृतीयोऽनुवाकः ॥ ३ ॥

❖

चतुर्थ अनुवाक

शाङ्करभाष्यम् :- यश्छन्दसामिति मेधाकामस्य श्रीकामस्य च तत्प्राप्तिसाधनं जपहोमावुच्येते । **'स मेन्द्रो मेधया स्पृणोतु' 'ततो मे श्रियमावह'** इति च लिङ्गदर्शनात् ।

શાંકરભાષ્ય :- હવે 'यश्छन्दसाम्' વગેરે મંત્રોથી મેધા-બુદ્ધિની કામનાવાળા તથા શ્રી-લક્ષ્મીની કામનાવાળા સાધકને માટે તેમની પ્રાપ્તિનાં સાધન જપ અને હોમ વિષે કહેવામાં આવે છે, કારણ કે **'તે ઈંદ્ર મને મેધાથી પ્રસન્ન અથવા બલયુક્ત**

કરે' તથા 'તેથી તે શ્રીને તું મારી પાસે લાવ' આ વાક્યોમાં (ક્રમશઃ મેધા અને શ્રીપ્રાપ્તિને માટે કરાયેલી પ્રાર્થનાનાં) ચિહ્ન જોવામાં આવે છે.

यश्छन्दसामृषभो विश्वरूपः । छन्दोभ्योऽध्यमृतात्संबभूव । स मेन्द्रो मेधया स्पृणोतु । अमृतस्य देव धारणो भूयासम् । शरीरं मे विचर्षणम् । जिह्वा मे मधुमत्तमा । कर्णाभ्यां भूरि विश्रुवम् । ब्रह्मणः कोशोऽसि मेधया पिहितः । श्रुतं मे गोपाय । आवहन्ती वितन्वाना ॥ १ ॥

कुर्वाणाचीरमात्मनः । वासासि मम गावश्च । अन्नपाने च सर्वदा । ततो मे श्रियमावह । लोमशां पशुभिः सह स्वाहा । आमायन्तु ब्रह्मचारिणः स्वाहा । विमायन्तु ब्रह्मचरिणः स्वाहा । प्रमायन्तु ब्रह्मचारिणः स्वाहा । दमायन्तु ब्रह्मचारिणः स्वाहा । शमायन्तु ब्रह्मचारिणः स्वाहा ॥ २ ॥

અન્વય અને શબ્દાર્થ :- यः-જે छन्दसाम्-વેદોમાં वृषभः-સર્વશ્રેષ્ઠ અને विश्वरूपः-સર્વ સ્વરૂપ છે અને अमृतात्-અમૃતમાંથી એવા छन्दोभ्यः-વેદોમાંથી अधि-પ્રધાનરૂપે सम्बभूव-ઉત્પન્ન થયેલ છે सः-તે (ઓંકારરૂપ) इन्द्रः-ઈન્દ્ર (સહુનો સ્વામી) मा-મને मेघया-મેધાથી स्पृणोतु-સમ્પન્ન બનાવે. देव-હે દેવ ! अमृतस्य-અમૃત સ્વરૂપ પરમાત્માને धारणः-હૃદયમાં ધારણ કરનારો भूयासम्-હું બનું. मे-મારું शरीरम्-શરીર विचर्षणम्-સંપૂર્ણપણે રોગરહિત (બને) मे-મારી जिह्वा-જીભ मधुमत्तमा-અત્યંત મધુર (સંભાષણ કરનારી) બને. कर्णाभ्याम्-બન્ને કાનોથી भूरि-પુષ્કળ विश्रुवम्-હું સાંભળું. मेधया-મેધાથી पिहितः-ઢંકાયેલી ब्रह्मणः-બ્રહ્મનો कोशः-કોશ, ખજાનો असि-(હે પરમેશ્વર ! આપ) છો मे-મારું श्रुतम्-જે કાંઈ સાંભળેલું (તેથી મેળવેલું જ્ઞાન છે) તેનું गोपाय-આપ રક્ષણ કરો. ततः-ત્યારબાદ (या-જે श्रीः-શ્રી) मम-મારી आत्मनः-જાત માટે अचीरम्-વિના વિલંબે वासांसि-વસ્ત્રો च-અને गावः-ગાયો च-તથા अन्नपाने-અનાજ-પાણી-ખાવા-પીવાના પદાર્થો सर्वदा-હંમેશ आवहन्ती-લાવનારી અને તેનો वितन्वाना-વિસ્તાર કરનારી વળી कुर्वाणा-એ બધાને ઉત્પન્ન કરનારી लोमशाम्-રોમવાળા ઘેટાં-બકરાં વગેરે पशुभिः-પશુઓ सह-સાથે (ताम्-તે) श्रियम्-શ્રી(લક્ષ્મી)ને मे-મારા માટે आ वह-(હે પ્રભુ !) આપ લાવો. स्वाहा-એ માટે હું આપને આહુતિ અર્પણ કરું છું. ब्रह्मचारिणः-બ્રહ્મચારીઓ मा-મારી પાસે आ यान्तु-આવે. स्वाहा-તે માટે હું આહુતિ આપું છું. ब्रह्मचारिणः-બ્રહ્મચારીઓ विमायन्तु-માયા વિનાના બને स्वाहा-તે માટે આહુતિ આપું છું. ब्रह्मचारिणः-બ્રહ્મચારીઓ प्रमायन्तु-પ્રામાણિક બને स्वाहा-તે માટે આહુતિ આપું છું. ब्रह्मचारिणः-બ્રહ્મચારીઓ दमायन्तु-(ઈન્દ્રિયોનું) દમન કરનારા બને स्वाहा-તે માટે આહુતિ આપું છું. ब्रह्मचारिणः-બ્રહ્મચારીઓ शमायन्तु-શમ એટલે મનનો નિગ્રહ કરનારા બને स्वाहा-તે માટે આહુતિ આપું છું. (૧-૨)

અનુવાદ :- જે વેદોમાં સર્વશ્રેષ્ઠ અને સર્વ સ્વરૂપ છે અને અમૃતમાંથી એવા વેદોમાંથી પ્રધાનરૂપે ઉત્પન્ન થયેલ છે તે (ઓંકારરૂપ) ઈન્દ્ર (સહુનો સ્વામી) મને મેધાથી સમ્પન્ન બનાવે. હે દેવ ! અમૃત સ્વરૂપ પરમાત્માને હૃદયમાં ધારણ કરનારો હું બનું. મારું શરીર સંપૂર્ણપણે રોગરહિત (બને) મારી જીભ અત્યંત મધુર (સંભાષણ કરનારી) બને. બન્ને કાનોથી પુષ્કળ હું સાંભળું. મેધાથી ઢંકાયેલી બ્રહ્મનો કોશ, ખજાનો (હે પરમેશ્વર ! આપ) છો મારું જે કાંઈ સાંભળેલું (તેથી મેળવેલું જ્ઞાન છે) તેનું આપ રક્ષણ કરો. ત્યારબાદ (જે શ્રી) મારી જાત માટે વિના વિલંબે વસ્ત્રો અને ગાયો તથા અનાજ-પાણી-ખાવા-પીવાના પદાર્થો હંમેશ લાવનારી અને તેનો વિસ્તાર કરનારી વળી એ બધાને ઉત્પન્ન કરનારી રોમવાળા ઘેટાં-બકરાં વગેરે પશુઓ સાથે (તે) શ્રી(લક્ષ્મી)ને મારા માટે (હે પ્રભુ !) આપ લાવો. એ માટે હું આપને આહુતિ અર્પણ કરું છું. બ્રહ્મચારીઓ મારી પાસે આવે. તે માટે હું આહુતિ આપું છું. બ્રહ્મચારીઓ માયા વિનાના બને તે માટે આહુતિ આપું છું. બ્રહ્મચારીઓ પ્રામાણિક બને તે માટે આહુતિ આપું છું. બ્રહ્મચારીઓ (ઈન્દ્રિયોનું) દમન કરનારા બને તે માટે આહુતિ આપું છું. બ્રહ્મચારીઓ શમ એટલે મનનો નિગ્રહ કરનારા બને તે માટે આહુતિ આપું છું. (૧-૨)

शाङ्करभाष्यम् :- यश्छन्दसां वेदानामृषभ इवर्षभः प्राधान्यात् । विश्वरूपः सर्वरूपः सर्ववाग्व्याप्तेः । 'तद्यथा शङ्कुना' (छा.उप. २-२३-३) इत्यादि श्रुत्यन्तरात् । अत एवर्षभत्वमोङ्कारस्य । ओङ्कारो ह्यत्रोपास्य इति ऋपभादिशब्दैः

स्तुतिर्न्याय्यैवोङ्कारस्य । छन्दोभ्यो वेदेभ्यो वेदा ह्यमृतं तस्मादमृतादधिसंबभूव । लोकदेववेदव्याहृतिभ्य: सारिष्ठं जिघृक्षो: प्रजापतेस्तपस्यत ओङ्कार: सारिष्ठत्वेन प्रत्यभादित्यर्थ: । न हि नित्यस्योङ्कारस्याञ्जसैवोत्पत्तिरेव कल्प्यते । स एवंभूत ओङ्कार इन्द्र: सर्वकामेश: परमेश्वरो मा मां मेधया प्रज्ञया स्पृणोतु प्रीणयतु बलयतु वा । प्रज्ञाबलं हि प्रार्थ्यते । ★ अमृतस्य अमृतत्वहेतुभूतस्य ब्रह्मज्ञानस्य तदधिकारात्, हे देव धारणो धारयिता भूयासं भवेयम् । किं च शरीरं मे मम विचर्षणं विचक्षणं योग्यमित्येतत् । भूयादिति प्रथमपुरुषविपरिणाम: । जिह्वा मे मधुमत्तमा मधुमत्यतिशयेन मधुरभाषिणीत्यर्थ: । कर्णाभ्यां श्रोत्राभ्यां भूरि बहु विश्रवं व्यश्रवं श्रोता भूयासमित्यर्थ: । आत्मज्ञानयोग्य: कार्यकरणसंघातोऽस्त्विति वाक्यार्थ: । मेधा च तदर्थमेव हि प्रार्थ्यते । ★ ब्रह्मण: परमात्मन: कोशोऽसि । असेरिवोपलब्ध्यधिष्ठानत्वात् । त्वं हि ब्रह्मण: प्रतीक त्वयि ब्रह्मोपलभ्यते । मेधया लौकिकप्रज्ञया पिहित आच्छादित: स त्वं सामान्यप्रज्ञैरविदिततत्त्व इत्यर्थ: । श्रुतं श्रवणपूर्वकमात्मज्ञानादिकं मे गोपाय रक्ष । तत्प्राप्त्यविस्मरणादि कुर्वित्यर्थ: जपार्था एते मन्त्रा मेधाकामस्य । ★ होमार्थास्त्वधुना श्रीकामस्य मन्त्रा उच्यन्ते । आवहन्त्यानयन्ती । वितन्वाना विस्तारयन्ती । तनोतेस्तत्कर्मत्वात् । कुर्वाणा निर्वर्तयन्ती, अचीरमचिरं क्षिप्रमेव, छान्दसो दीर्घ:, चिरं वा कुर्वाणा आत्मनो मम, किमित्याहवासांसि वस्त्राणि मम गावस्च गाश्चेति यावत्, अन्नपाने व सर्वदैवमादीनि कुर्वाणा श्रीर्या तां ततो मेधानिर्वर्तनात्परमावहानय । अमेधसो हि श्रीरनर्थायैवेति । ★ किंविशिष्टाम् । लोमशामजाव्यादियुक्तामन्यैश्च पशुभि: संयुक्तामावहेत्यधिकारादोङ्कार एवाभिसंबध्यते । स्वाहा स्वाहाकारो होमार्थमन्त्रान्तज्ञापनार्थ: । आयन्तु मामिति व्यवहितेन संबन्ध: । ब्रह्मचारिणो विमायन्तु प्रमायन्तु दमायन्तु शमायन्त्वित्यादि ॥ १-२ ॥

શાંકરભાષ્ય :- જે (ઓંકાર) પ્રધાન હોવાને કારણે છંદ-વેદો-માં શ્રેષ્ઠના જેવો શ્રેષ્ઠ તથા સઘળી વાણીમાં વ્યાપ્ત હોવાથી વિશ્વરૂપ એટલે સર્વમય છે, જેમ કે **'જેમ શંકુઓ(પાંદડાંઓની નસો)થી તેમ (ઓંકારથી સંપૂર્ણ વાણી વ્યાપ્ત છે)'** (છાં.ઉપ. ૨-૨૩-૩) આ એક બીજી શ્રુતિ છે એટલા માટે જ ઓંકારની શ્રેષ્ઠતા છે. અહીં ઓંકાર જ ઉપાસના કરવા યોગ્ય છે, તેથી 'ઋષભ' વગેરે શબ્દોથી ઓંકારની સ્તુતિ કરવી યોગ્ય છે. છંદ અર્થાત્ વેદોથી-વેદ અમૃત છે, તે અમૃતથી જે પ્રધાનરૂપથી થયો છે. લોક, દેવ, વેદ અને વ્યાહૃતિઓથી સર્વોત્કૃષ્ટ સાર ગ્રહણ કરવાની ઇચ્છાથી તપ કરતાં પ્રજાપતિને ઓંકાર જ સર્વોત્તમ સારરૂપે જણાયો હતો એવો અર્થ છે. કારણ કે નિત્ય એવા ઓંકારની સાક્ષાત્ ઉત્પત્તિની કલ્પના શક્ય નથી. તે આ રીતનો ઓંકારરૂપ ઇંદ્ર-સર્વ કામનાઓનો સ્વામી પરમેશ્વર મને મેધા દ્વારા પ્રસન્ન કરે અથવા બળવાન કરે, આ રીતે અહીં બુદ્ધિબળની પ્રાર્થના કરવામાં આવે છે.

હે દેવ ! હું અમૃત-અમૃતત્વના કારણરૂપ બ્રહ્મજ્ઞાનને ધારણ કરનારો થાઉં, કારણ કે અહીં બ્રહ્મજ્ઞાનનો જ પ્રસંગ છે. વળી મારું શરીર વિચર્ષણ-વિચક્ષણ એટલે યોગ્ય બને. (મૂળમાં (થાઉં) એવો પ્રથમ પુરુષનો પ્રયોગ છે) 'भूयात्' (થાય) એવા ત્રીજા પુરુષમાં ફેરવી લેવો જોઈએ. જીભ અતિશય મધુર બોલનારી બને. હું કાનોથી તીવ્રપણે સાંભળું. આ વાક્યનું તાત્પર્ય એ છે કે, મારું શરીર અને ઇંદ્રિયસમૂહ આત્મજ્ઞાનને યોગ્ય બને. વળી એ માટે જ બુદ્ધિની યાચના કરાય છે.

પરમાત્માની ઉપલબ્ધિનું સ્થાન હોવાથી તું તલવારના મ્યાનની માફક બ્રહ્મ એટલે પરમાત્માનો કોશ છે, કારણ કે તું બ્રહ્મનું પ્રતીક છે - તારામાં બ્રહ્મની ઉપલબ્ધિ એટલે પ્રાપ્તિ થાય છે. તે તું મેધા અર્થાત્ લૌકિક બુદ્ધિથી ઢંકાયલો છું એટલે કે સામાન્ય બુદ્ધિવાળા પુરુષોને તારા તત્ત્વનું જ્ઞાન થતું નથી. એવો અર્થ થાય. મેં સાંભળેલા આત્મજ્ઞાનાદિ વિજ્ઞાનની તું રક્ષા કર, અર્થાત્ તેની પ્રાપ્તિ અને અવિસ્મરણ વગેરે કર. આ મંત્રો મેધાની કામનાવાળાઓના જપ માટે છે.

હવે લક્ષ્મીની કામનાવાળા પુરુષને હોમ માટેના મંત્રો કહેવામાં આવે છે - आवहन्ती-આણનારી-લાવી આપનારી, वितन्वाना-વિસ્તાર કરનારી, કારણ કે 'तनु' ધાતુનો અર્થ 'વિસ્તાર કરવો' એવો થાય છે, कुर्वाणा-કરનારી, अचीरम्-અચિર અર્થાત્ શીઘ્ર જ 'अचीरम्'માં દીર્ઘ ઈકાર વૈદિક છે અથવા चिरं (ચિરકાલ સુધી) आत्मनः-મારા માટે કરનારી, શું કરનારી ? તો કહે છે - મારાં વસ્ત્ર, ગાય, અને અન્ન-પાનને શ્રી હંમેશાં કરનારી છે તેને, બુદ્ધિ પ્રાપ્ત કરાવ્યા પછી તું મારી પાસે લાવ, કારણ કે બુદ્ધિહીનને માટે તો લક્ષ્મી અનર્થનું કારણ હોય છે.

કયા વિશેષણોથી યુક્ત (શ્રી-સંપત્તિને લાવે ?) લોમશ અર્થાત્ ઘેટાં-બકરાં વગેરે ઊનવાળાં પ્રાણીઓ સહિત અને અન્ય પશુઓથી યુક્ત શ્રીને લાવ. અહીં 'आवह' ક્રિયાનો અધિકાર હોવાથી તેનો (તેના કર્તા) ઓંકાર સાથે જ સંબંધ છે. 'स्वाहा' - આ સ્વાહાકાર હોમાર્થ મંત્રોનો અંત સૂચવવા માટે છે. (આ मायन्तु ब्रह्मचारिणः આ વાક્યમાં) 'आयन्तु माम्'

આ પ્રમાણે 'आ' નો 'यन्तु' શબ્દ સાથે વ્યવધાન યુક્ત-ઢાંકણરૂપ સંબંધ છે. (એજ રીતે મારા પ્રતિ) બ્રહ્મચારીઓ કપટ રહિત બને, તેઓ યથાર્થ જ્ઞાનને ધારણ કરનારા બને, ઇંદ્રિયનિગ્રહ તથા મનનો નિગ્રહ કરનારા વગેરે બને. (૧-૨)

❖

यशो जनेऽसानि स्वाहा । श्रेयान् वस्यसोऽसानि स्वाहा । तं त्वा भग प्रविशानि स्वाहा । स मा भग प्रविश स्वाहा । तस्मिन् सहस्त्रशाखे निभगाहं त्वयि मृजे स्वाहा । यथापः प्रवता यन्ति यथा मासा अहर्जरम् । एवं मां ब्रह्मचारिणो धातरायन्तु सर्वतः स्वाहा । प्रतिवेशोऽसि प्र मा पाहि प्र मा पद्यस्व ॥ ३ ॥

અન્વય અને શબ્દાર્થ :- जने-લોકોમાં હું यशः-યશ असानि-પ્રાપ્ત કરું स्वाहा-તે માટે આહુતિ આપું છું. वस्यसः-અધિક ધનવાનથી પણ श्रेयान्-વધુ ધનવાન असानि-હું બનું स्वाहा-તે માટે હું આહુતિ આપું છું. भग-હે ભગવાન ! तम् त्वा-તેવા તમારી અંદર प्रविशानि-હું પ્રવેશ કરું स्वाहा-એ માટે હું આહુતિ આપું છું. भग-હે ભગવાન ! सः-તે તું मा-મારામાં प्रविश-પ્રવેશ કર स्वाहा-એ માટે હું આહુતિ આપું છું. भग-હે ભગવાન ! तस्मिन्-એ सहस्त्रशाखे-હજારો શાખાઓવાળા त्वयि-આપમાં પ્રવેશી अहम्-હું निमृजे-મારી જાતને સારી રીતે માંજી નાંખું એટલે પવિત્ર કરું. स्वाहा-તે માટે હું આહુતિ આપું છું. यथा-જેમ आपः-જળ प्रवता-નીચી જગ્યાએ વહીને यन्ति-(સમુદ્ર તરફ) જાય છે, यथा-જેમ मासाः-મહીનાઓ अहर्जरम्-દિવસોનો અંત કરનાર સંવત્સરરૂપ કાળમાં (यन्ति-જાય છે) धातः-હે વિધાતા ! एवम्-એ રીતે माम्-મારી પાસે सर्वतः-બધી બાજુએથી ब्रह्मचारिणः-બ્રહ્મચારીઓ आयान्तु-આવે स्वाहा-તે માટે હું આહુતિ આપું છું. प्रतिवेशः-(આપ પ્રભુ સહુનું) વિશ્રામસ્થાન असि-છો मा-મારે માટે प्रभाहि-આપની જાતને સારી રીતે પ્રકાશિત કરો. मा-મને प्रपद्यस्व-સારી રીતે પ્રાપ્ત થાવ. (૩)

અનુવાદ :- લોકોમાં હું યશ પ્રાપ્ત કરું તે માટે આહુતિ આપું છું. અધિક ધનવાનથી પણ વધુ ધનવાન હું બનું તે માટે હું આહુતિ આપું છું. હે ભગવાન ! તેવા તમારી અંદર હું પ્રવેશ કરું એ માટે હું આહુતિ આપું છું. હે ભગવાન ! તે તું મારામાં પ્રવેશ કર એ માટે હું આહુતિ આપું છું. હે ભગવાન ! એ હજારો શાખાઓવાળા આપમાં પ્રવેશી હું મારી જાતને સારી રીતે માંજી નાંખું એટલે પવિત્ર કરું. તે માટે હું આહુતિ આપું છું. જેમ જળ નીચી જગ્યાએ વહીને (સમુદ્ર તરફ) જાય છે, જેમ મહીનાઓ દિવસોનો અંત કરનાર સંવત્સરરૂપ કાળમાં (જાય છે) હે વિધાતા ! એ રીતે મારી પાસે બધી બાજુએથી બ્રહ્મચારીઓ આવે તે માટે હું આહુતિ આપું છું. (આપ પ્રભુ સહુનું) વિશ્રામસ્થાન છો મારે માટે આપની જાતને સારી રીતે પ્રકાશિત કરો. મને સારી રીતે પ્રાપ્ત થાવ. (૩)

शाङ्करभाष्यम् :- यशो यशस्वी जने जनसमूहेऽसानि भवानि । श्रेयान्प्रशस्यतरो वस्यसो वसीयसो वसुतराद्वसुमत्तराद्वासानीत्यन्वयः । किं च तं ब्रह्मणः कोशभूतं त्वा त्वां हे भग भगवन्पूजावन्प्रविशानि प्रविश्य चानन्यस्त्वदात्मैव भवानीत्यर्थः । स त्वमपि मा मां भग भगवन् प्रविश । आवयोरेकत्वमेवास्तु । तस्मिंस्त्वयि सहस्त्रशाखे बहुशाखाभेदे हे भगवन्, निमृजे शोधयाम्यहं पापकृत्याम् । ★ यथा लोक आपः प्रवता प्रवणवता निम्नवता देशेन यन्ति गच्छन्ति । यथा च मासा अहर्जरं संवत्सरोऽहर्जरः । अहोभिः परिवर्तमानो लोकाञ्जरयतीत्यहानि वास्मिञ्जीर्यन्त्यन्तर्भवन्तीत्यहर्जरः । तं च यथा मासा यन्त्येवं मां ब्रह्मचारिणो हे धातः सर्वस्य विधातः मामायन्त्वागच्छन्तु सर्वतः सर्वदिग्भ्यः । ★ प्रतिवेशः-श्रमापनयनस्थानमासन्नगृहमित्यर्थः । एवं त्वं प्रतिवेश इव प्रतिवेशस्त्वच्छीलिनां सर्वपापदुःखापनयनस्थानमसि, अतो मा मां प्रति प्रभाहि प्रकाशयात्मानं प्रपद्यस्व च । मां रसविद्धमिव लोहं त्वन्मयं त्वदात्मानं कुर्वित्यर्थः । ★ श्रीकामोऽस्मिन्विद्याप्रकरणेऽभिधीयमानो धनार्थः । धनं च कर्मार्थम् । कर्म चोपात्तदुरितक्षयाय । तत्क्षये हि विद्या प्रकाशते । तथा च स्मृतिः **'ज्ञानमुत्पद्यते पुंसां क्षयात्पापस्य कर्मणः । यथादर्शतले प्रख्ये पश्यन्त्यात्मानमात्मनि'** (महा.शा. २०४-८, गरुड. १-२३७-६) इति ॥ ३ ॥

ૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐ ૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐ

શાંકરભાષ્ય :- હું લોકોમાં યશસ્વી બનું અને અત્યંત ધનવાન પુરુષો કરતાં પણ વધારે ધનવાન બનું, તથા હે ભગવન્ ! બ્રહ્મના કોશરૂપ એવા તારામાં હું પ્રવિષ્ટ થાઉં. તાત્પર્ય એ છે કે, તારામાં પ્રવેશ કરીને તારાથી અનન્ય થઈ હું તારું જ રૂપ બની જાઉં તથા તું પણ હે ભગવન્ ! મારામાં પ્રવેશ કર. અર્થાત્ આપણા બંનેનું એકત્વ થાય. હે ભગવન્ ! તે સહસ્રશાખ અનેક શાખાભેદવાળા તારામાં હું મારાં પોતાનાં પાપકર્મોનું શોધન કરું છું.

લોકમાં જેવી રીતે જળ નીચલા ઢળતા પ્રદેશમાં વહી જાય છે અને મહિનાઓ જેવી રીતે અહર્જર અર્થાત્ સંવત્સરમાં લીન થાય છે. અહર્જર સંવત્સરને કહેવામાં આવે છે, કારણ તે અહઃ-દિનોમાં-દિવસોમાં ફરતો રહીને લોકોને જીર્ણ કરે છે. અથવા તેમાં દિવસો જીર્ણ એટલે અંતર્ભાવ પામે છે તેથી તે અહર્જર કહેવાય છે. તે સંવત્સરમાં જેવી રીતે મહિનાઓ પસાર થઈને જતા હોય છે તેવી જ રીતે હે ધાતા ! મારી પાસે બધી દિશાઓથી બ્રહ્મચારીઓ-વિદ્યાર્થીઓ આવતા રહે.

શ્રમને દૂર કરનારું સ્થાન અર્થાત્ નજીકમાં આવેલા ઘરને 'પ્રતિવેશ' કહેવામાં આવે છે. આમ તું પ્રતિવેશની જેમ પ્રતિવેશ, એટલે તારું અનુશીલન કરનારાઓનું દુઃખ દૂર કરવાનું સ્થાન છે. આથી તું મારા પ્રતિ પોતાને પ્રકાશિત કર અને મને પ્રાપ્ત થા, અર્થાત્ પારાથી સંયુક્ત લોઢાની જેમ તું મને તારાથી અભિન્ન કરી દે.

આ વિદ્યાના પ્રકરણમાં જે લક્ષ્મીની કામના કહેવામાં આવી છે તે ધનને માટે છે, ધન કર્મને માટે છે અને કર્મ પ્રાપ્ત થયેલાં પાપોના ક્ષય માટે હોય છે. તે ક્ષીણ થવાથી જ્ઞાનનો પ્રકાશ થાય છે, જેમ કે આ સ્મૃતિ પણ કહે છે : **'પાપકર્મોનો ક્ષય થઈ ગયા પછી પુરુષને જ્ઞાન થાય છે. જેવી રીતે દર્પણ સ્વચ્છ થઈ ગયા પછી તેમાં મોઢું જોઈ શકાય છે, તેવી જ રીતે શુદ્ધ અંતઃકરણમાં આત્માનો સાક્ષાત્કાર થાય છે.'** (મહા.શાં. ૨૦૪-૮, ગરુડ પુ. ૧-૨૩૭-૬) (૩)

इति शीक्षावल्ल्यां चतुर्थोऽनुवाकः ॥ ४ ॥

◆

पञ्चम अनुवाक

शाङ्करभाष्यम् :- संहिताविषयमुपासनमुक्तं तदनु मेधाकामस्य श्रीकामस्य मन्त्रा अनुक्रान्ताः । ते च पारम्पर्येण विद्योपयोगार्था एव । अनन्तरं व्याहृत्यात्मनो ब्रह्मणोऽन्तरुपासनं स्वाराज्यफलं प्रस्तूयते –

શાંકરભાષ્ય :- સંહિતા સંબંધી ઉપાસનાનું વર્ણન કરવામાં આવ્યું, ત્યાર પછી મેધાની કામનાવાળા તથા શ્રીની કામનાવાળા સાધકો માટે મંત્ર બતાવવામાં આવ્યા તે પણ પરંપરાથી વિદ્યાના ઉપયોગને માટે જ છે. ત્યારબાદ હવે પછી સ્વરાજ્ય રૂપી ફળવાળા વ્યાહૃતિરૂપ બ્રહ્મની આંતરિક ઉપાસનાનો આરંભ કરવામાં આવે છે –

भूर्भुवः सुवरिति वा एतास्तिस्त्रो व्याहृतयः । तासामु ह स्मैतां चतुर्थी माहाचमस्यः प्रवेदयते । मह इति । तद्ब्रह्म । स आत्मा । अङ्गान्यन्या देवताः । भूरिति वा अयं लोकः । भुव इत्यन्तरिक्षम् । सुवरित्यसौ लोकः ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- भूः-ભૂ भुवः-ભુવ सुवः-સ્વ इति-એમ एताः-આ वै-જાણીતી तिस्रः-ત્રણ व्याहृतयः-વ્યાહૃતિઓ છે. तासाम् उ-એ ત્રણેની અપેક્ષાએ चतुर्थीम्-ચોથી વ્યાહૃતિ महः-મહ इति-એવા નામથી ह-પ્રસિદ્ધ છે. एताम्-એને महाचमसस्य-મહાચમસના (પુત્રે) प्रवेदयते स्म-(પહેલવહેલી) જાણી હતી. तत्-તે (ચોથી વ્યાહૃતિ) ब्रह्म-બ્રહ્મ છે. सः-તે आत्मा-(ઉપર રહેલી સઘળી આકૃતિઓનો) આત્મા છે. अन्याः-બીજા देवताः-દેવતાઓ अङ्गानि-તેના અંગ છે. भूः-ભૂ इति-એમ જે વ્યાહૃતિ છે તે वै-જ अयम्-આ लोकः-પૃથ્વી છે. भुवः-ભુવ इति-એવી (જે વ્યાહૃતિ છે તે) अन्तरिक्षम्-અંતરિક્ષ લોક છે. सुवः-સ્વ इति-એવી (જે વ્યાહૃતિ છે તે) असौ लोकः-આ સ્વર્ગલોક છે. (૧)

અનુવાદ :- ભૂ ભુવ સ્વ એમ આ જાણીતી ત્રણ વ્યાહૃતિઓ છે. એ ત્રણેની અપેક્ષાએ ચોથી વ્યાહૃતિ મહ એવા નામથી પ્રસિદ્ધ છે. એને મહાચમસના (પુત્રે) (પહેલવહેલી) જાણી હતી. તે (ચોથી વ્યાહૃતિ) બ્રહ્મ છે. તે (ઉપર રહેલી સઘળી આકૃતિઓનો) આત્મા છે. બીજા દેવતાઓ તેના અંગ છે. ભૂ એમ જે વ્યાહૃતિ

છે તે જ આ પૃથ્વી છે. ભુવ એવી (જે વ્યાહૃતિ છે તે) અંતરિક્ષ લોક છે. સ્વ એવી (જે વ્યાહૃતિ છે તે) આ સ્વર્ગલોક છે. (૧)

◆

महः इत्यादित्यः । आदित्येन वाव सर्वे लोका महीयन्ते । भूरिति वा अग्निः । भुव इति वायुः । सुवरित्यादित्यः । मह इति चन्द्रमाः । चन्द्रमसा वाव सर्वाणि ज्योतींषि महीयन्ते । भूरिति वा ऋचः । भुव इति सामानि । सुवरिति यजूंषि ॥ २ ॥

અન્વય અને શબ્દાર્થ :- महः-મહ इति-એમ જે વ્યાહૃતિ છે તે आदित्यः-સૂર્ય છે. आदित्येन-સૂર્યથી वाव-સાચે જ सर्वे-સઘળા लोकाः-લોક महीयन्ते-મહિમાવંત થાય છે वा-અથવા भूः-ભૂ इति-એમ (જે વ્યાહૃતિ છે તે) वै-ચોક્કસ अग्निः-અગ્નિ છે. भुवः-ભુવ इति-એમ (જે વ્યાહૃતિ છે તે) वायुः-વાયુ છે. सुवः-સ્વ इति-એમ (જે વ્યાહૃતિ છે તે) आदित्यः-સૂર્ય છે. महः-મહ इति-એમ (જે વ્યાહૃતિ છે તે) चन्द्रमाः-ચંદ્ર છે. (કારણ કે) चन्द्रमसा-ચંદ્રમા વડે सर्वाणि-સઘળા ज्योतींषि-જ્યોતિઓ महीयन्ते-મહિમાવાળી બને છે. वा-અથવા भूः-ભૂ इति-એમ (જે વ્યાહૃતિ છે તે) ऋचः-ઋગ્વેદ છે. भुवः-ભુવ इति-એમ (જે વ્યાહૃતિ છે તે) सामानि-સામવેદ છે. सुव-સ્વ इति-એમ (જે વ્યાહૃતિ છે તે) यजूंषि-યજુર્વેદ છે. (૨)

અનુવાદ :- મહ એમ જે વ્યાહૃતિ છે તે સૂર્ય છે. સૂર્યથી સાચે જ સઘળા લોક મહિમાવંત થાય છે અથવા ભૂ એમ (જે વ્યાહૃતિ છે તે) ચોક્કસ અગ્નિ છે. ભુવ એમ (જે વ્યાહૃતિ છે તે) વાયુ છે. સ્વ એમ (જે વ્યાહૃતિ છે તે) સૂર્ય છે. મહ એમ (જે વ્યાહૃતિ છે તે) ચંદ્ર છે. (કારણ કે) ચંદ્રમા વડે સઘળા જ્યોતિઓ મહિમાવાળી બને છે. અથવા ભૂ એમ (જે વ્યાહૃતિ છે તે) ઋગ્વેદ છે. ભુવ એમ (જે વ્યાહૃતિ છે તે) સામવેદ છે. સ્વ એમ (જે વ્યાહૃતિ છે તે) યજુર્વેદ છે. (૨)

◆

मह इति ब्रह्म । ब्रह्मणा वाव सर्वे वेदा महीयन्ते । भूरिति वै प्राणः । भुव इत्यपानः । सुवरिति व्यानः । मह इत्यन्नम् । अन्नेन वाव सर्वे प्राणा महीयन्ते । ता वा एताश्चतस्रश्चतुर्धा । चतस्रश्चतस्रो व्याहृतयः । ता यो वेद । स वेद ब्रह्म । सर्वेऽस्मै देवा बलिमावहन्ति ॥ ३ ॥

અન્વય અને શબ્દાર્થ :- महः-મહ इति-એમ (જે વ્યાહૃતિ છે તે) ब्रह्म-બ્રહ્મ છે. (કારણ) ब्रह्मणा-બ્રહ્મથી वाव-સાચે જ सर्वे-સઘળા वेदाः-વેદો महीयन्ते-મહિમાવાળા બને છે. भूः-ભૂ इति-એમ (જે વ્યાહૃતિ છે તે) वै-જ प्राणः-પ્રાણ છે. भुवः-ભુવ इति-એ अपानः-અપાન છે. सुवः-સ્વ इति-એ व्यानः-વ્યાન છે. महः-મહ इति-એ अन्नम्-અન્ન છે. કારણ अन्नेन-અન્નથી वाव-જ सर्वे-સઘળા प्राणाः-પ્રાણ महीयन्ते-મહિમાવાળા બને છે. ताः-તે एताः-આ चतस्र-ચાર વ્યાહૃતિઓ चतुर्धा-ચાર પ્રકારની છે. ताः-તે બધીને यः-જે वेद-જાણે છે सः-તે ब्रह्म-બ્રહ્મને वेद-વેદ જાણે છે. अस्मै-એને માટે सर्वे-સઘળા देवाः-દેવતાઓ बलिम्-ભેટ आवहन्ति-લઈને આવે છે. (૩)

અનુવાદ :- મહ એમ (જે વ્યાહૃતિ છે તે) બ્રહ્મ છે. (કારણ) બ્રહ્મથી સાચે જ સઘળા વેદો મહિમાવાળા બને છે. ભૂ એમ (જે વ્યાહૃતિ છેં તે) જ પ્રાર છે. ભુવ એ અપાન છે. સ્વ એ વ્યાન છે. મહ એ અન્ન છે. કારણ અન્નથી જ સઘળા પ્રાણ મહિમાવાળા બને છે. તે આ ચાર વ્યાહૃતિઓ ચાર પ્રકારની છે. તે બધીને જે જાણે છે તે બ્રહ્મને વેદ જાણે છે. એને માટે સઘળા દેવતાઓ ભેટ લઈને આવે છે. (૩)

शाङ्करभाष्यम् :- भूर्भुवः सुविरिति, इतीत्युक्तोपप्रदर्शनार्थः । एतास्तिस्र इति च प्रदर्शितानां परामर्शार्थः । परामृष्टाः स्मार्यन्ते वा इत्यनेन । तिस्र एताः प्रसिद्धा व्याहृतयः स्मार्यन्ते तावत् । तासामियं चतुर्थी व्याहृतिर्मह इति ।

तामेतां चतुर्थी महाचमसस्यापत्यं माहाचमस्यः प्रवेदयते । उ ह स्म इत्येतेषां वृत्तानुकथनार्थत्वाद्विदितवान्ददर्शेत्यर्थः । माहाचमस्यग्रहणमार्षानुस्मरणार्थम् । ऋषिस्मरणमप्युपासनाङ्गमिति गम्यत इहोपदेशात् । ★ येयं माहाचमस्येन दृष्टा व्याहृतिर्मह इति तद्ब्रह्म । महद्धि ब्रह्म महश्च व्याहृतिः । किं पुनस्तत् ? स आत्मा । आप्नोतेर्व्याप्तिकर्मणः आत्मा । इतराश्च व्याहृतयो लोका देवा वेदाः प्राणाश्च मह इत्यनेन व्याहृत्यात्मनादित्यचन्द्रब्रह्मान्नभूतेन व्याप्यन्ते यतः अतोऽङ्गान्यवयवा अन्या देवताः । देवताग्रहणमुपलक्षणार्थं लोकादीनाम् । मह इत्येतस्य व्याहृत्यात्मनो देवलोकादयः सर्वेऽवयवभूता यतोऽत आहादित्यादिभिर्लोकादयो महीयन्ते इति । आत्मनो ह्यङ्गानि महीयन्ते, महनं वृद्धिरुपचयः । महीयन्ते वर्धन्त इत्यर्थः । ★ अयं लोकोऽग्निर्ऋग्वेदः प्राण इति प्रथमा व्याहृतिर्भूरिति । एवमुत्तरोत्तरैकैका चतुर्धा भवति । मह इति ब्रह्म । ब्रह्मेत्योङ्कारः, शब्दाधिकारेऽन्यस्यासंभवात् । उक्तार्थमन्यत् । ★ ता वा एताश्चतस्रश्चतुर्धेति । ता वा एता भूर्भुवः सुवर्मह इति चतस्र ऐकैकशश्चतुर्धा चतुष्प्रकाराः । धाशब्दः प्रकारवचनः । चतस्रश्चतस्रः सत्यश्चतुर्धा भवन्तीत्यर्थः । तासां यथाक्लृप्तानां पुनरुपदेशस्तथैवोपासननियमार्थः । ता यथोक्तव्याहृतीर्यो वेद स वेद विजानाति । किम् ? ब्रह्म । ★ ननु 'तद्ब्रह्म स आत्मा' इति ज्ञाते ब्रह्मणि न वक्तव्यमविज्ञातवत्स वेद ब्रह्मेति । ★ न, तद्विशेषविवक्षुत्वाददोषः । सत्यं विज्ञातं चतुर्थव्याहृत्यात्मा ब्रह्मेति न तु तद्विशेषो हृदयान्तरुपलभ्यत्वं मनोमयत्वादिश्च । 'शान्तिसमृद्धम्' इत्येवमन्तो विशेषणविशेष्यरूपो धर्मपूगो न विज्ञायत इति तद्विवक्षु हि शास्त्रमविज्ञातमिव ब्रह्म मत्वा स वेद ब्रह्मेत्याह । अतो न दोषः । यो हि वक्ष्यमाणेन धर्मपूगेन विशिष्टं ब्रह्म वेद स वेद ब्रह्मेत्यभिप्रायः । अतो वक्ष्यमाणानुवाकेनैकवाक्यतास्य, उभयोर्ह्यनुवाकयोरेकमुपासनम् । ★ लिङ्गाच्च, भूरित्यग्नौ प्रतितिष्ठतीत्यादिकं लिङ्गमुपासनैकत्वे । विधायकाभावाच्च । न हि 'वेद' 'उपासितव्यः' इति विधायकः कश्चिच्छब्दोऽस्ति । व्याहृत्यनुवाके 'ता यो वेद' इति च वक्ष्यमाणार्थत्वान्नोपासनभेदकः । वक्ष्यमाणार्थत्वं च तद्विशेषविवक्षुत्वादित्यादिनोक्तम् । सर्वे देवा अस्मा एवं विदुषेऽङ्गभूता आवहन्त्यानयन्ति बलिं स्वाराज्यप्राप्तौ सत्यामित्यर्थः ॥ १-३ ॥

શાંકરભાષ્ય :- 'भूर्भुवः सुवरिति' એમાં 'इति' શબ્દ (પહેલાં) કહેવામાં આવેલી (વ્યાહૃતિઓને) દર્શાવવા માટે છે. 'एतास्तिस्रः' આ શબ્દ પણ પ્રથમ દર્શાવાયેલ (વ્યાહૃતિઓની) વિચારણા કરવા માટે છે. 'वै' (આ અવ્યય)થી (જે વ્યાહૃતિઓનું) વિવેચન કરવામાં આવ્યું છે તેમનું સ્મરણ કરાવવામાં આવે છે. આ ત્રણ પ્રસિદ્ધ વ્યાહૃતિઓનું સ્મરણ કરાવાય છે. એમાંની 'महः' આ ચોથી વ્યાહૃતિ છે. તે આ ચોથી વ્યાહૃતિને મહાચમસનો પુત્ર માહચમસ્ય સારી રીતે જાણે છે. પરન્તુ 'उ ह स्म' આ ત્રણ નિપાત થઈ ગયેલા પ્રસંગને ફરીથી કહેવા માટે હોવાથી એનો અર્થ 'જાણતો હતો' 'જોયું હતું' એવો થશે. (વ્યાહૃતિના દ્રષ્ટા) ઋષિનું સ્મરણ કરવા માટે 'માહાચમસ્ય' (આ નામ) લેવામાં આવ્યું છે. અહીં ઉપદેશ હોવાને કારણે એવું સમજાય છે કે, ઋષિનું સ્મરણ પણ ઉપાસનાનું એક અંગ છે.

જે આ 'महः' નામની વ્યાહૃતિને માહાચમસ્યે જોઈ હતી તે બ્રહ્મ છે. બ્રહ્મ પણ મહાન છે અને વ્યાહૃતિ પણ મહઃ (એટલે મહાન) છે. તે બીજું શું છે ? તે જ આત્મા છે, 'વ્યાપ્તિ' અર્થવાળા 'आप्' ધાતુ પરથી 'આત્મા' શબ્દ થાય છે, કારણ કે લોક, દેવ, વેદ અને પ્રાણરૂપે બીજી વ્યાહૃતિઓ આદિત્ય, ચંદ્ર, બ્રહ્મ તેમ જ અન્નસ્વરૂપ વ્યાહૃતિવાળા મહઃથી વ્યાપ્ત છે, તેથી તે બીજા દેવતાઓ એનાં અંગો એટલે અવયવો છે. અહીં લોકાદિનું ઉપલક્ષણ કરાવવા માટે 'દેવતા' શબ્દ ગ્રહણ કરવામાં આવ્યો છે. કારણ કે દેવ અને લોક વગેરે બધા 'महः' આ વ્યાહૃતિરૂપ આત્માના અવયવરૂપ છે. તેથી જ એમ કહ્યું છે કે આદિત્ય વગેરેના યોગથી લોક વગેરે મહિમાને પ્રાપ્ત છે. આત્માથી જ અંગો મહત્તાને અર્થાત્ મહિમાને પ્રાપ્ત થાય છે. 'महन' શબ્દનો અર્થ વૃદ્ધિ-ઉપચય થાય છે, તેથી 'महीयन्ते' નો અર્થ 'વૃદ્ધિને પામે છે' એવો થાય છે.

આ લોક, અગ્નિ, ઋગ્વેદ અને પ્રાણ-આ પહેલી વ્યાહૃતિ 'भूः' છે, એ રીતે ઉત્તરોત્તર દરેક વ્યાહૃતિ ચાર પ્રકારની છે. 'महः' બ્રહ્મ છે, બ્રહ્મનો અર્થ ઓંકાર છે, કારણ કે શબ્દના પ્રકરણમાં બીજા કોઈ બ્રહ્મનું હોવું અસંભવ છે બાકીના બધાંનો અર્થ પહેલાં કહી દીધો છે.

તે આ ચારે વ્યાહૃતિઓ ચાર પ્રકારની છે. એટલે તે આ भूः, भुवः, सुवः અને महः ચાર વ્યાહૃતિઓ દરેક ચાર ચાર પ્રકારની છે. 'धाः' શબ્દ પ્રકારનો વાચક છે, અર્થાત્ તે ચાર ચારના ભેદથી ચાર પ્રકારની છે. તેમની પહેલાં જે રીતે કલ્પના કરવામાં આવી છે તે રીતે ઉપાસના કરવાનો નિયમ કરવાને માટે તેમનો ફરીથી ઉપદેશ કરવામાં આવ્યો છે. તે ઉપર કહેલી વ્યાહૃતિઓને જે પુરુષ જાણે છે તે જ જાણે છે, શું જાણે છે ? બ્રહ્મ (જાણે છે).

RA
220
पटेल-3

પૂર્વપક્ષી : 'તે બ્રહ્મ છે, તે આત્મા છે.' આ વાક્ય દ્વારા (મહઃ રૂપથી) બ્રહ્મને જાણી લીધા છતાંયે તેને ન જાણ્યાની જેમ (તેને જે જાણે છે) તે બ્રહ્મને જાણે છે એમ કહેવું તો યોગ્ય નથી.

સિદ્ધાન્તી : ના (એવી શંકા ન કરવી જોઈએ) કારણ કે તે(બ્રહ્મ વિષયક જ્ઞાન)ના વિષયમાં વિશેષ કહેવાની ઈચ્છા હોવાથી આમ કહેવામાં કોઈ દોષ નથી. એ ઠીક છે કે આટલું તો જાણી લીધું કે ચોથી વ્યાહૃતિરૂપ બ્રહ્મ છે, પણ હૃદયની અંદર ઉપલબ્ધ થવું તથા મનોમયાદિરૂપ તેની વિશેષતાઓનું જ્ઞાન ન થયું. (આગળના અનુવાકમાં) 'शान्तिसमृद्धम्' આ વાક્ય સુધી કહેવામાં આવેલો વિશેષણવિશેષ્યરૂપ ધર્મસમૂહ જાણવામાં આવેલો નથી, તે દર્શાવવાની ઈચ્છાથી જ શાસ્ત્રે બ્રહ્મને ન જાણેલાની જેમ માનીને 'તે બ્રહ્મને જાણે છે.' એમ કહ્યું છે તેથી એમાં કોઈ દોષ નથી. જે પુરુષ આગળ બતાવામાં આવનારા ધર્મસમૂહથી વિશિષ્ટ બ્રહ્મને જાણે છે, તે જ બ્રહ્મને જાણે છે તેથી આગળ ઉપર કહેવામાં આવનારા અનુવાક સાથે એની એકવાક્યતા સધાય છે, કારણ કે આ બંને અનુવાકોની ઉપાસના એક જ છે.★

(જ્ઞાપક) લિંગ હોવાથી પણ આ જ વાત સિદ્ધ થાય છે. (છઠ્ઠા અનુવાકમાં) 'भूरित्यग्नौ प्रतितिष्ठति' વગેરે ફલશ્રુતિ આ બંને અનુવાકોમાં એક જ ઉપાસના હોવાનું ચિહ્ન છે. કોઈ વિધાન કરનારો શબ્દ ન હોવાથી પણ એમ જ સમજાય છે. (છઠ્ઠા અનુવાકમાં) 'वेदः', 'उपासितव्यः' એવો કોઈ (ઉપાસનાનું) વિધાન કરનારો શબ્દ નથી, વ્યાહૃતિ અનુવાકમાં 'તે (વ્યાહૃતિઓ)ને જે જાણે છે.' એવું જે વાક્ય છે તે આગળ ઉપર બતાવવામાં આવનારી ઉપાસનાને માટે હોવાથી (પહેલાં કહેલી ઉપાસનાથી) તેનો ભેદ કરનારું નથી એ જ ઉપાસનાને આગળ બતાવવાનું શાથી ઈષ્ટ છે, આ વાત 'તેની વિશેષતા બતાવવાની શાથી ઈચ્છા હોવાથી' વગેરે હેતુઓથી પહેલાં કહી (અમે) ગયા છીએ. એમ જાણનારા ઉપાસકને તેના લિંગભૂત સમસ્ત દેવસમૂહ બલિ (ઉપહાર) અર્પણ કરે છે, એટલે સ્વરાજ્યની પ્રાપ્તિ થઈ ગયા પછી તેના માટે ઉપહાર લાવે છે - આવું એનું તાત્પર્ય છે. (૧-૩)

★ દા.ત. અંતરિક્ષલોક, વાયુ, સામવેદ અને અપાન-આ બીજી વ્યાહૃતિ 'भुवः' છે, દ્યુલોક, આદિત્ય, યજુર્વેદ અને વ્યાન-આ ત્રીજી વ્યાહૃતિ 'सुवः' છે તથા આદિત્ય, ચંદ્રમા, બ્રહ્મ તથા અન્ન-આ ચોથી વ્યાહૃતિ 'महः' છે.

इति शीक्षावल्ल्यां पञ्चमोऽनुवाकः ॥ ५ ॥

पुस्तकालय
129358
गुरुकुल कांगड़ी विश्वविद्यालय

⁂

षष्ठ अनुवाक

शाङ्करभाष्यम् :- भूर्भुवः सुवः स्वरूपा मह इत्येतस्य व्याहृत्यात्मनो ब्रह्मणोऽङ्गान्यन्या देवता इत्युक्तम् । यस्य ता अङ्गभूतास्तस्यैतस्य ब्रह्मणः साक्षादुपलब्ध्यर्थमुपासनार्थं च हृदयाकाशः स्थानमुच्यते शालग्राम इव विष्णोः । तस्मिन्हि तद्ब्रह्मोपास्यमानं मनोमयत्वादिधर्मविशिष्टं साक्षादुपलभ्यते पाणाविवामलकम् । मार्गश्च सर्वात्मभावप्रतिपत्तये वक्तव्य इत्यनुवाक आरभ्यते –

શાંકરભાષ્ય :- भूः, भुवः અને सुवः આ અન્ય દેવતા 'महः' આ વ્યાહૃતિરૂપ બ્રહ્મનાં અંગ છે - એમ પહેલાં કહેવાઈ ગયું છે. જેના તે અંગભૂત છે તે આ બ્રહ્મની સાક્ષાત્ ઉપલબ્ધિ તથા ઉપાસનાને માટે હૃદયાકાશને સ્થાન તરીકે દર્શાવવામાં આવે છે, જેમ કે વિષ્ણુને માટે શાલગ્રામ. તેમાં ઉપાસના કરવામાં આવતાં તે મનોમયત્વાદિધર્મવિશિષ્ટ બ્રહ્મ હથેળીમાં રાખેલા આંબળાની જેમ સાક્ષાત્ ઉંપલબ્ધ થાય છે. વળી સર્વાત્મભાવની પ્રાપ્તિને માટે માર્ગ પણ દર્શાવવાનો છે તેથી આ અનુવાકનો આરંભ કરવામાં આવે છે –

स य एषोऽन्तर्हृदय आकाशः । तस्मिन्नयं पुरुषो मनोमयः । अमृतो हिरण्मयः । अन्तरेण तालुके । य एष स्तन इवावलम्बते । सेन्द्रयोनिः । यत्रासौ केशान्तो विवर्तते । व्यपोह्य शीर्षकपाले । भूरित्यग्नौ प्रतितिष्ठति । भुव इति वायौ ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- सः-પેલું (પહેલા વર્ણવવામાં આવેલું) यः-જે एष-આ अन्तर्हृदये-હૃદયની અંદર आकाशः-આકાશ છે तस्मिन्-તેની અંદર अयम्-આ हिरण्मयः-સુવર્ણમય પ્રકાશરૂપ अमृतः-અમર मनोमयः-મનોમય पुरुषः-પુરુષ (રહે છે). तालुके-બંને તાળવાઓની अन्तरेण-વચમાં यः-જે एषः-આ स्तनः एव-સ્તનના

જેવો अवलम्बते-લટકે છે यत्र-જ્યાં असौ-આ केशान्तः-વાળના અંતના સ્થાનમાં એટલે બ્રહ્મરંધ્રમાં विवर्तते-રહેલ છે. (ત્યાં) शीर्षकपाले-માથાના બંને કપાલમાં व्यपोह्य-ભેદન કરીને નીકળેલી સુષુમ્ના નાડી છે सा-તે इन्द्रयोनिः-ઈન્દ્રની યોનિ એટલે પરમાત્માને પ્રાપ્ત કરાવનાર દ્વાર છે. (મરતી વખતે સાધક) भूः इति-'ભૂ' એ વ્યાહૃતિના અર્થરૂપ अग्नौ-અગ્નિમાં प्रतितिष्ठति-પ્રતિષ્ઠિત થાય છે. भुव इति-ભુવ એ વ્યાહૃતિના અર્થરૂપ वायौ-વાયુદેવતામાં પ્રતિષ્ઠિત થાય છે. (૧)

અનુવાદ :- પેલું (પહેલા વર્ણવવામાં આવેલું) જે આ હૃદયની અંદર આકાશ છે તેની અંદર આ સુવર્ણમય પ્રકાશરૂપ અમર મનોમય પુરુષ (રહે છે). બંને તાળવાઓની વચમાં જે આ સ્તનના જેવો લટકે છે જ્યાં આ વાળના અંતના સ્થાનમાં એટલે બ્રહ્મરંધ્રમાં રહેલ છે. (ત્યાં) માથાના બંને કપાલમાં ભેદન કરીને નીકળેલી સુષુમ્ના નાડી છે તે ઈન્દ્રની યોનિ એટલે પરમાત્માને પ્રાપ્ત કરાવનાર દ્વાર છે. (મરતી વખતે સાધક) 'ભૂ' એ વ્યાહૃતિના અર્થરૂપ અગ્નિમાં પ્રતિષ્ઠિત થાય છે. ભુવ એ વ્યાહૃતિના અર્થરૂપ વાયુદેવતામાં પ્રતિષ્ઠિત થાય છે. (૧)

⁂

सुवरित्यादित्ये । मह इति ब्रह्मणि । आप्नोति स्वाराज्यम् । आप्नोति मनसस्पतिम् । वाक्पतिश्चक्षुष्पतिः । श्रोत्रपतिर्विज्ञानपतिः । एतत्ततो भवति । आकाशशरीरं ब्रह्म । सत्यात्म प्राणारामं मन आनन्दम् । शान्तिसमृद्धममृतम् । इति प्राचीनयोग्योपास्स्व ॥ २ ॥

અન્વય અને શબ્દાર્થ :- सुवः इति-સ્વ એ વ્યાહૃતિના અર્થરૂપ आदित्ये-સૂર્યમાં પ્રતિષ્ઠિત થાય છે. પછી महः इति-મહ એ વ્યાહૃતિના અર્થરૂપ ब्रह्मणि-બ્રહ્મમાં પ્રતિષ્ઠિત થાય છે. ब्रह्म-બ્રહ્મ आकाशशरीरम्-આકાશરૂપી શરીરવાળું सत्यात्म-સત્તાસ્વરૂપ प्राणारामम्-પ્રાણોને આરામ આપનાર मन आनन्दम्-મને આનંદિત કરનાર शान्तिसमृद्धम्-શાંતિથી સમૃદ્ધ અને अमृतम्-અવિનાશી છે. इति-એમ (જાણીને) प्राचीनभोग्य-હે પ્રાચીન યોગ્ય ! उपासस्व-તું એની ઉપાસના કર. (૨)

અનુવાદ :- (પછી) સ્વ એ વ્યાહૃતિના અર્થરૂપ સૂર્યમાં પ્રતિષ્ઠિત થાય છે. પછી મહ એ વ્યાહૃતિના અર્થરૂપ બ્રહ્મમાં પ્રતિષ્ઠિત થાય છે. બ્રહ્મ આકાશરૂપી શરીરવાળું સત્તાસ્વરૂપ પ્રાણોને આરામ આપનાર મને આનંદિત કરનાર શાંતિથી સમૃદ્ધ અને અવિનાશી છે એમ (જાણીને) હે પ્રાચીન યોગ્ય ! તું એની ઉપાસના કર. (૨)

शाङ्करभाष्यम् :- 'सः' इति व्युत्क्रम्य 'अयं पुरुषः' इत्यनेन संबध्यते । य एषोऽन्तर्हृदये हृदयस्यान्तर्हदयमिति पुण्डरीकाकारो मांसपिण्डः प्राणायतनोऽनेकनाडीसुषिर ऊर्ध्वनालोऽधोमुखो विशस्यमाने पशौ प्रसिद्ध उपलभ्यते । तस्यान्तर्य एष आकाशः प्रसिद्ध एव करकाकाशवत्, तस्मिन्सोऽयं पुरुषः । पुरि शयनात्पूर्णा वा भूरादयो लोका येनेति पुरुषः । मनोमयो मनो विज्ञानम् मनुतेर्ज्ञानकर्मणः, तन्मयस्तत्प्रायस्तदुपलभ्यत्वात् । मनुतेऽनेनेति वा मनोऽन्तःकरणं तदभिमानी तन्मयस्तल्लिङ्गो वा, अमृतोऽमरणधर्मा हिरण्मयो ज्योतिर्मयः । ★ तस्यैवंलक्षणस्य हृदयाकाशे साक्षात्कृतस्य विदुष आत्मभूतस्येन्द्रस्येदृशस्वरूपप्रतिपत्तये मार्गोऽभिधीयते । हृदयादूर्ध्वं प्रवृत्ता सुषुम्ना नाम नाडी योगशास्त्रेषु च प्रसिद्धा । सा चान्तरेण मध्ये प्रसिद्धे तालुके तालुकयोर्गता । यश्चैष तालुकयोर्मध्ये स्तन इवावलम्बते मांसखण्डस्तस्य चान्तरेणेत्येतत् । यत्र च केशान्तः केशानामन्तोऽवसानं मूलं केशान्तो विवर्तते विभागेन वर्तते मूर्धप्रदेश इत्यर्थः, तं देशं प्राप्य तत्र विनिःसृता व्यपोह्य विभज्य विदार्य शीर्षकपाले शिरःकपाले विनिर्गता या सेन्द्रयोनिरिन्द्रस्य ब्रह्मणो योनिर्मार्गं स्वरूपप्रतिपत्तिद्वारमित्यर्थः । ★ तयैवं विद्वान्मनोमयात्मदर्शी मूर्ध्नो विनिष्क्रम्यास्य लोकस्याधिष्ठाता भूरिति व्याहृतिरूपो योऽग्निर्महतो ब्रह्मणोऽङ्गभूतस्तस्मिन्नग्नौ प्रतितिष्ठत्यग्न्यात्मनेमं लोक व्याप्नोतीत्यर्थः । तथा भुव इति द्वितीयव्याहृत्यात्मनि वायौ । प्रतितिष्ठतीत्यनुवर्तते । सुवरिति तृतीयव्याहृत्यात्मन्यादित्ये । मह इत्यङ्गिनि चतुर्थव्याहृत्यात्मनि ब्रह्मणि प्रतितिष्ठति । ★ तेष्वात्मभावेन स्थित्वाप्नोति ब्रह्मभूतः स्वाराज्यं स्वराड्भावं स्वयमेव राजाधिपतिर्भवति । अङ्गभूतानां देवानां

यथा ब्रह्म । देवाश्च सर्वेऽस्मै बलिमावहन्त्यङ्गभूता यथा ब्रह्मणे । आप्नोति मनसस्पतिम् । सर्वेषां हि मनसां पतिः सर्वात्मकत्वाद्ब्रह्मणः । सर्वैर्हि मनोभिस्तन्मनुते । तदाप्नोत्येवं विद्वान् । किं च वाक्पतिः सर्वासां वाचां पतिर्भवति । तथैव चक्षुष्पतिश्चक्षुषां पतिः । श्रोत्रपतिः श्रोत्राणां पतिः । विज्ञानपतिर्विज्ञानानां च पतिः । सर्वात्मकत्वात्सर्वप्राणिनां करणैस्तद्वान्भवतीत्यर्थः । ★ किं च ततोऽप्यधिकतरमेतद्भवति । किं तत् ? उच्यते । आकाशशरीरमाकाशः शरीरमस्याकाशवद्वा सूक्ष्मं शरीरमस्येत्यकाशशरीरम् । किं तत् ? प्रकृतं ब्रह्म । सत्यात्म सत्यं मूर्तामूर्तमवितथं स्वरूपं चात्मा स्वभावोऽस्य तदिदं सत्यात्म । प्राणारामं प्राणेष्वाराम आक्रीडा यस्य तत्प्राणारामम् । प्राणानां वारामो यस्मिंस्तत्प्राणारामम् । मनआनन्दम्, आनन्दभूतं सुखकृदेव यस्य मनस्तन्मन-आनन्दम् । शान्तिसमृद्धं शान्तिरूपशमः, शान्तिश्च तत्समृद्धं च शान्तिसमृद्धम् । शान्त्या वा समृद्धं तदुपलभ्यत इति शान्तिसमृद्धम् । अमृतममरणधर्मि । एतच्चाधिकरणविशेषणं तत्रैव मनोमय इत्यादौ द्रष्टव्यमिति । एवं मनोमयत्वादिधर्मैर्विशिष्टं यथोक्त ब्रह्म हे प्राचीनयोग्य, उपास्स्वेत्याचार्यवचनोक्तिरादरार् । उक्तस्तूपासनाशब्दार्थः ॥ १-२ ॥

શાંકરભાષ્ય :- 'सः' આ પ્રથમ પદનો, વ્યુત્ક્રમ કરી દઈ, આગળના 'अयं पुरुषः' આ પદ સાથે સંબંધ છે. જે આ આંતરહૃદયમાં અર્થાત્ હૃદયની અંદર (આકાશ છે). હૃદય અર્થાત્ શ્વેત કમળના આકારવાળું માંસપિંડ, પ્રાણનો આશ્રય, અનેક નાડીઓના છિદ્રવાળું તથા ઉપરની બાજુએ જાળ અને નીચેની બાજુએ મુખવાળું છે અને જે પશુનો વધ કરાયા પછી તેમાંથી સ્પષ્ટપણે મળી આવે છે, તેની અંદર જે આ કમણ્ડલુમાંના આકાશના જેવું પ્રસિદ્ધ આકાશ છે તેમાં આ પુરુષ વાસ કરે છે, જે શરીરરૂપ પુરમાં શયન કરવાને લીધે અથવા તેણે 'भूः' વગેરે સઘળાં લોકોને પૂરિત કરેલા છે-ભરેલા છે તેથી 'पुरुष' કહેવાય છે. તે મનોમય-જ્ઞાનવાચક 'मन' ધાતુથી સિદ્ધ થવાને લીધે 'मन' શબ્દનો અર્થ વિજ્ઞાન એવો થાય છે તેથી તે વિજ્ઞાન છે, તન્મય-તત્પ્રાય અર્થાત્ વિજ્ઞાનમય છે, કારણ કે તેનાથી (વિજ્ઞાન સ્વરૂપથી) તે ઉપલબ્ધ-પ્રાપ્ત થાય છે. અથવા જેના દ્વારા જીવ મનન કરે છે તે અંતઃકરણ 'मन' છે તેનો અભિમાની, તન્મય અથવા તેનાથી ઉપલક્ષિત થનારો અમૃત એટલે અમરણધર્મા અને હિરણ્મય એટલે જ્યોતિર્મય છે.

હૃદયાકાશમાં સાક્ષાત્ કરાયેલા તે આ રીતના લક્ષણોવાળા તથા વિદ્વાનના આત્મભૂત ઇંદ્ર(ઈશ્વર)ના એવા સ્વરૂપની પ્રાપ્તિને માટે માર્ગ બતાવવામાં આવે છે-હૃદયદેશથી ઉપરની બાજુએ જનારી સુષુમ્ણા નામની નાડી યોગશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. તે 'अन्तरेण तालुके' અર્થાત્ બંને તાળવાંઓની વચમાં રહેલી છે, અને તાળવાંઓની વચમાં આ જે સ્તનના જેવો માંસનો એક ટુકડો લટકી રહ્યો છે તેની પણ વચ્ચેથી પસાર થાય છે. વળી જ્યાં આ કેશાન્ત-વાળોના મૂલ ભાગનું નામ 'કેશાન્ત' છે તે જે સ્થાન પર વિભાજિત થાય છે અર્થાત્ જે મૂર્ધા-શિરઃપ્રદેશ છે, તે સ્થાનમાં પહોંચીને જે નીકળી ગઈ છે, એટલે કે જે મસ્તકના કપાલોને ભેદીને બહાર નીકળી ગઈ છે તે જ ઇંદ્રયોનિ-ઇંદ્ર અર્થાત્ બ્રહ્મની, યોનિ અર્થાત્ માર્ગ અર્થાત્ કે બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિનું દ્વાર છે.

આમ તે સુષુમ્ણા નાડી દ્વારા જાણનારો અર્થાત્ મનોમય આત્માનો સાક્ષાત્કાર કરનારો સાધક મસ્તકરૂપી દ્વારથી નીકળીને આ લોકનો અધિષ્ઠાતા જે મહાન બ્રહ્મનો અંગભૂત 'भूः' એવી વ્યાહૃતિરૂપ અગ્નિ છે, તે અગ્નિમાં પ્રતિષ્ઠિત થાય છે, અર્થાત્ અગ્નિરૂપ થઈને આ લોકને વ્યાપ્ત કરી લે છે. આ જ પ્રમાણે તે 'भुवः' આ બીજી વ્યાહૃતિરૂપ વાયુમાં પ્રતિષ્ઠિત થાય છે-આ પ્રમાણે 'प्रतितिष्ठति' આ ક્રિયાની અનુવૃત્તિ કરાય છે-એનો સંબંધ જોડાય છે. વળી એવી જ રીતે 'सुवः' આ ત્રીજી વ્યાહૃતિરૂપ આદિત્યમાં અને 'महः' આ ચોથી વ્યાહૃતિરૂપ અંગી એવા બ્રહ્મમાં પ્રતિષ્ઠિત થાય છે.

તેમનામાં આત્મસ્વરૂપથી સ્થિર બની તે બ્રહ્મભૂત થયેલો સ્વરાજ્ય-સ્વરાડ્ભાવને પ્રાપ્ત કરે છે, અર્થાત્ જેવી રીતે બ્રહ્મ અંગભૂત દેવતાઓના અધિપતિ છે તેવી જ રીતે પોતે તેમનો રાજા-અધિપતિ બની જાય છે, તેમ જ તેના અંગભૂત દેવગણ જેવી રીતે બ્રહ્મને માટે ઉપહાર લાવે છે તેવી જ રીતે આ પોતાના અંગીને માટે પણ લાવે છે, ને તે મનસ્પતિને પ્રાપ્ત થઈ જાય છે. બ્રહ્મ સર્વાત્મક હોવાથી સર્વ (પ્રકારના) મનનો પતિ છે. તે બધાં મનો દ્વારા મનન કરે છે. આ પ્રમાણે ઉપાસના દ્વારા વિદ્વાન તેને મેળવી લે છે, એટલું જ નહિ, તે વાક્પતિ-બધી વાણીઓનો પતિ બની જાય છે. એ જ પ્રમાણે ચક્ષુષ્પતિ-નેત્રોનો સ્વામી, શ્રોત્રપતિ-કાનનો સ્વામી અને વિજ્ઞાનપતિ-વિજ્ઞાનોનો સ્વામી બની જાય છે. તાત્પર્ય એ છે કે, સર્વાત્મક હોવાને કારણે તે સઘળાં પ્રાણીઓની ઇન્દ્રિયોથી ઇન્દ્રિયવાળો બને છે.

અને વળી તે તો એનાથી પણ મોટો થઈ જાય છે. તે શું ? કહે છે - આકાશ શરીર-આકાશ જેનું શરીર છે અથવા આકાશ સમાન જેનું સૂક્ષ્મ શરીર છે તે આકાશશરીર છે. તે છે કોણ ? પ્રકૃત (જેની ચર્ચા ચાલે છે તે) બ્રહ્મ. 'सत्यात्म'



જેનું મૂર્ત ને અમૂર્તરૂપ સત્ય છે તે સત્યાત્મ છે. 'प्राणाराम' પ્રાણોમાં જેનું રમણ અર્થાત્ ક્રીડા છે અથવા જેનામાં પ્રાણોનું આરમણ છે તે પ્રાણારામ છે. 'मन आनन्दम्' જેનું મન આનન્દભૂત અર્થાત્ સુખકારી જ છે તે મન-આનન્દ છે. 'शान्तिसमृद्धम्' શાન્તિ એટલે ઉપશમ. જે શાંત પણ છે ને સમૃદ્ધ પણ છે તે શાન્તિસમૃદ્ધ છે અથવા શાન્તિ દ્વારા તે સમૃદ્ધ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે તેથી તેને શાન્તિસમૃદ્ધ કહે છે. अमृत અમરણ ધર્મી. અધિકરણમાં આવેલાં આ વિશેષણો તે મનોમય વગેરેમાં જાણવાં જોઈએ, આ રીતે મનોમયત્વ વગેરે ધર્મોથી વિશિષ્ટ ઉપર દર્શાવેલ બ્રહ્મની, હે પ્રાચીનયોગ્ય ! તું ઉપાસના કર- આ આચાર્યની ઉક્તિ (ઉપાસનાના) આદરને માટે છે. 'ઉપાસના' શબ્દનો અર્થ આ પહેલાં કહેવાઈ ગયો છે. (૧-૨)

इति शीक्षावल्ल्यां षष्ठोऽनुवाकः ॥ ६ ॥

❖

सप्तम अनुवाक

शाङ्करभाष्यम् :- यदेतद्व्याहृत्यात्मकं ब्रह्मोपास्यमुक्त तस्यैवेदानीं पृथिव्यादि पाङ्क्त स्वरूपेणोपासनमुच्यते । पञ्चसंख्यायोगात्पङ्क्तिच्छन्दः-संपत्तिः । ततः पाङ्क्तत्वं सर्वस्य । पाङ्क्तश्च यज्ञः । '**पञ्चपदा पङ्क्तिः पाङ्क्तो यज्ञः**' इति श्रुतेः । तेन यत्सर्वं लोकाद्यात्मान्तं च पाङ्क्तं परिकल्पयति यज्ञमेव तत्परिकल्पयति । तेन यज्ञेन परिकल्पितेन पाङ्क्तात्मक प्रजापतिमभिसंपद्यते । तत्कथं पाङ्क्तमिदं सर्वमित्यत आह –

શાંકરભાષ્ય :- આ જે વ્યાહૃતિરૂપ ઉપાસ્ય બ્રહ્મ બતાવવામાં આવ્યું છે તેની હવે પૃથિવી વગેરે પાંક્ત સ્વરૂપે ઉપાસનાનું વર્ણન કરવામાં આવે છે (પૃથિવી વગેરે પાંચ-પાંચ-સંખ્યાવાળા પદાર્થ છે તથા પંક્તિ છંદ પણ પાંચ પદોવાળો છે, તેથી) 'પાંચ' સંખ્યાનો યોગ હોવાથી (તે પૃથિવી વગેરેથી) પંક્તિ છન્દ સમ્પન્ન થાય છે, તેથી તે બધાનું પાંક્તત્ત્વ છે. યજ્ઞ પણ પાંક્ત છે, જેમ કે '**પંક્તિ છંદ પાંચ પદોવાળો છે, યજ્ઞ પાંક્ત છે.**' એવી શ્રુતિથી જણાય છે. આથી જે લોકથી લઈ આત્મા પર્યન્ત બધાંને પાંક્તરૂપથી કલ્પે છે તે યજ્ઞની જ કલ્પના કરે છે. તે કલ્પેલા યજ્ઞથી તે પાંક્તસ્વરૂપ પ્રજાપતિને પ્રાપ્ત થાય આ બધું કઈ રીતે પાંક્ત છે તે કહે છે –

पृथिव्यन्तरिक्षं द्यौर्दिशोऽवान्तरदिशः । अग्निर्वायुरादित्यश्चन्द्रमा नक्षत्राणि । आप ओषधयो वनस्पतय आकाश आत्मा । इत्यधिभूतम् । अथाध्यात्मम् । प्राणो व्यानोऽपान उदानः समानः । चक्षुः श्रोत्रं मनो वाक् त्वक् । चर्म मांसंस्त्रावास्थि मज्जा । एतदधिविधाय ऋषिरवोचत् । पाङ्क्तं वा इद सर्वम् । पाङ्क्तेनैव पाङ्क्तस्पृणोतीति ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- पृथिवी-પૃથ્વી अन्तरिक्षम्-અંતરિક્ષલોક, द्यौः-સ્વર્ગલોક, दिशः-દિશાઓ, अवान्तरिक्षः-અવાન્તર દિશાઓ, अग्निः-અગ્નિ, वायुः-વાયુ, आदित्यः-સૂર્ય, चन्द्रमा-ચન્દ્રમા, नक्षत्राणि-નક્ષત્રો, आपः-જળ, ओषधयः-ઔષધિઓ, वनस्पतयः-વનસ્પતિઓ, आकाशः-આકાશ અને आत्मा-આત્મા इति-આમ अधिभूतम्-આધિભૌતિક (વર્ણન થયું) अथ-હવે अध्यात्मम्-આધ્યાત્મિક (વર્ણન કરે છે) प्राणः-પ્રાણ, व्यानः-વ્યાન, अपानः-અપાન, उदानः-ઉદાન (અને) समानः-સમાન, चक्षु-નેત્ર, श्रोत्रम्-કાન, मनः-મન, वाक्-વાણી, त्वक्-ત્વચા, चर्म-ચામડી, मांस-માંસ, स्नावा-નાડી, अस्थि-હાડકા અને मज्जा-મજ્જા एतत्-આની अधिविधाय-સારી રીતે કલ્પના કરીને ऋषिः-ઋષિએ अवोचत्-કહ્યું. इदम्-આ सर्वम्-સઘળું वै-ચોક્કસ पाङ्क्तम्-પંક્તિઓનો સમૂહ છે. पाङ्क्तेन-(સાધક) આધ્યાત્મિક પંક્તિઓના સમૂહથી पाङ्क्तम्-(બાહ્ય) પંક્તિઓના સમૂહને स्पृणोति इति-પરિપૂર્ણ કરે છે. (૧)

અનુવાદ :- પૃથ્વી અંતરિક્ષલોક, સ્વર્ગલોક, દિશાઓ, અવાન્તર દિશાઓ, અગ્નિ, વાયુ, સૂર્ય, ચન્દ્રમા, નક્ષત્રો, જળ, ઔષધિઓ, વનસ્પતિઓ, આકાશ અને આત્મા આમ આધિભૌતિક (વર્ણન થયું) હવે આધ્યાત્મિક (વર્ણન કરે છે) પ્રાણ, વ્યાન, અપાન, ઉદાન (અને) સમાન, નેત્ર, કાન, મન, વાણી, ત્વચા, ચામડી, માંસ, નાડી, હાડકા અને મજ્જા આની સારી રીતે કલ્પના કરીને ઋષિએ કહ્યું. -આ સઘળું ચોક્કસ પંક્તિઓનો સમૂહ છે. (સાધક) આધ્યાત્મિક પંક્તિઓના સમૂહથી (બાહ્ય) પંક્તિઓના સમૂહને પરિપૂર્ણ કરે છે. (૧)

शाङ्करभाष्यम् :- पृथिव्यन्तरिक्षं द्यौर्दिशोऽवान्तरदिश इति लोकपाङ्क्तम् । अग्निर्वायुरादित्यश्चन्द्रमा नक्षत्राणीति देवता-पाङ्क्तम् । आप ओषधयो वनस्पतय आकाश आत्मेति भूतपाङ्क्तम् । आत्मेति विराड् भूताधिकारात् । इत्यधूतमित्य-धिलोकाधिदैवतपाङ्क्तद्वयोपलक्षणार्थम् । लोकदेवतापाङ्क्तयोश्चाभिहितत्वात् । ★ अथानन्तरमध्यात्मं पाङ्क्तत्रयमुच्यतेप्राणादि वायुपाङ्क्तम् । चक्षुरादीन्द्रियपाङ्क्तम् । चर्मादि धातुपाङ्क्तम । एतावद्धीदं सर्वमध्यात्मम्, बाह्यं च पाङ्क्तमेवेत्येतदेवमधिविधाय परिकल्प्यर्षिर्वेद एतद्दर्शनसंपन्नो वा कश्चिदृषिरवोचदुक्तवान् । किमित्याह-पाङ्क्तं वा इदं सर्वं पाङ्क्तेनैवाध्यात्मिकेन संख्यासामान्यात्पाङ्क्तं बाह्यं स्पृणोति बलयति पूरयति । एकात्मतयोपलभ्यत इत्येतत् । एवं पाङ्क्तमिदं सर्वमिति यो वेद स प्रजापत्यात्मैव भवतीत्यर्थः ॥ १ ॥

શાંકરભાષ્ય :- પૃથિવી, અંતરિક્ષ, દ્યુલોક, દિશાઓ અને અવાન્તર દિશાઓ એટલે ખૂણાઓ આ લોકપાંક્ત છે. અગ્નિ, વાયુ, આદિત્ય, ચંદ્રમા અને નક્ષત્ર આ દેવતા પાંક્ત છે. જળ, ઓષધિ, વનસ્પતિ, આકાશ અને આત્મા આ ભૂતપાંક્ત છે. અહીં 'આત્મા' વિરાટને કહ્યો છે, કારણ કે આ ભૂતોનું અધિકરણ છે. 'इत्यधिभूतम्' આ વાક્ય અધિલોક અને અધિદૈવત-આ બે પાંક્તોનું પણ ઉપલક્ષણ કરાવવા માટે છે, કારણ કે એમનામાં લોક અને દેવતા સંબંધી (બન્ને) પાંક્તોનું વર્ણન કરવામાં આવ્યું છે.

હવે પછી ત્રણ અધ્યાત્મ પાંક્તોનું વર્ણન કરવામાં આવે છે. (૧) પ્રાણાદિ વાયુપાંક્ત, (૨) ચક્ષુ વગેરે ઈંદ્રિયપાંક્ત અને (૩) ચર્મ વગેરે ધાતુપાંક્ત - બસ, આ આટલાં જ અધ્યાત્મ અને બાહ્યપાંક્ત છે. એમનું આ રીતે વિધાન અર્થાત્ કલ્પના કરીને ઋષિ-વેદ અથવા આ દૃષ્ટિથી સમ્પન્ન કોઈ ઋષિએ કહ્યું. શું કહ્યું ? તે કહે છે. ખરે આ સઘળું પાંક્ત જ છે, આધ્યાત્મિક પાંક્તથી જ, સંખ્યામાં સમાનતા હોવાને લીધે (સાધક) બાહ્યપાંક્તને બળવાન-પૂરિત કરે છે, અર્થાત્ એકાત્મભાવથી પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે 'આ બધું પાંક્ત છે,' એમ જે પુરુષ જાણે છે તે પ્રજાપતિસ્વરૂપ થઈ જાય છે. આવો એનો અર્થ છે. (૧)

इति शीक्षावल्ल्यां सप्तमोऽनुवाकः ॥ ७ ॥

❧

अष्टम अनुवाक

शाङ्करभाष्यम् :- व्याहृत्यात्मनो ब्रह्मण उपासनमुक्तम् । अनन्तरं च पाङ्क्तस्वरूपेण तस्यैवोपासनमुक्तम् । इदानीं सर्वोपासनाङ्गभूतस्योङ्कारस्योपासनं विधित्स्यते । परापरब्रह्मदृष्ट्या उपास्यमान ओङ्कारः शब्दमात्रोऽपि परापरब्रह्मप्राप्तिसाधनं भवति । स ह्यालम्बनं ब्रह्मणः परस्यापरस्य च, प्रतिमेव विष्णोः । 'एतेनैवायतनेनैकतरमन्वेति' (प्र.उप. ५-१) इति श्रुतेः ।

શાંકરભાષ્ય :- વ્યાહૃતિરૂપ બ્રહ્મની ઉપાસના કહી પછી તેની જ ઉપાસના પાંક્તરૂપથી કહી. હવે સર્વ ઉપાસનાઓના અંગભૂત ઓંકારની ઉપાસનાનું વિધાન કરવામાં આવશે. પર તેમ જ અપર બ્રહ્મદૃષ્ટિથી ઉપાસના કરવામાં આવતાં ઓંકાર-કેવળ શબ્દમાત્ર હોવા છતાંય પર અને અપર બ્રહ્મની પ્રાપ્તિનું સાધન બને છે. તે જ પર અને અપર બ્રહ્મનું આલંબન છે, જેમ વિષ્ણનું આલંબન પ્રતિમા છે. 'આ જ આલંબનથી ઉપાસક (પર અથવા અપર એમાંના) ગમે તે એક બ્રહ્મને પ્રાપ્ત થઈ જાય છે.' (પ્ર.ઉ. ૫-૨) આવી શ્રુતિ છે.

ओमिति ब्रह्म । ओमितीद्ँ सर्वम् । ओमित्येतदनुकृतिर्ह स्म वा अप्यो श्रावयेत्याश्रावयन्ति । ओमिति सामानि गायन्ति । ओ शोमिति शस्त्राणि शँसन्ति । ओमित्यध्वर्युः प्रतिगरं प्रतिगृणाति । ओमिति ब्रह्मा प्रसौति । ओँमित्यग्निहोत्रमनुजानाति । ओमिति ब्राह्मणः प्रवक्ष्यन्नाह ब्रह्मोपाप्नवानीति । ब्रह्मैवोपाप्नोति ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- ओम्-ॐ इति-એ ब्रह्म-બ્રહ્મ છે. ओम्-ॐ इति-એ इदम्-આ દૃશ્યમાન सर्वम्-સઘળું (જગત) છે. ओम्-ॐ इति-એ एतत्-આ અક્ષર ह-જ वै-ચોક્કસ अनुकृतिः-અનુકૃતિ (અનુમોદન) છે. स्म-(પહેલેથી એ વાત પ્રસિદ્ધ) છે. अपि-એ સિવાય ओ-હે (આચાર્ય) श्रावय-મને કાંઈક સંભળાવો इति-એમ



કહેવાતાં आश्रावयति-(આચાર્ય શિષ્યને) સંભળાવે છે કે ओम्-ॐ એમ બોલી इति-એમ કહીને (સામનું ગાન કરનાર ઉદ્‌ગાતાઓ) सामानि-સામનું गायन्ति-ગાન કરે છે. ओम् शोम्-ॐ શોમ્ इति-એમ કહીને (વિદ્યાર્થી) शास्त्राणि-શાસ્ત્રોનો संसन्ति-પાઠ કરે છે. ओम्-ॐ इति-એમ કહીને अध्वर्युः-અધ્વર્યુ प्रतिगरम्-પ્રતિગર મંત્રનું प्रतिगृणाति-ઉચ્ચારણ કરે છે. ओम्-ॐ इति-એમ કહીને ब्रह्मा-બ્રહ્મા નામના ઋત્વિક્ प्रसौति-અનુમોદન આપે છે. ओम्-ॐ इति-એમ કહીને अग्निहोत्रम्-અગ્નિમાં હોમ કરવાની अनुजानाति-રજા આપે છે. प्रवक्ष्यन्-અધ્યયન કરવા માટે તૈયાર થયેલો ब्राह्मणः-બ્રાહ્મણ ओम्-ॐ इति-એમ બોલીને आह-કહે છે ब्रह्म-વેદને उपाप्नवान् इति-હું પ્રાપ્ત કરું. ब्रह्म-તે વેદને एव-જ आप्नोति-પ્રાપ્ત કરે છે. (૧)

અનુવાદ :- ॐ એ બ્રહ્મ છે. ॐ એ આ દૃશ્યમાન સઘળું (જગત) છે. ॐ એ આ અક્ષર જ ચોક્કસ અનુકૃતિ (અનુમોદન) છે. (પહેલેથી એ વાત પ્રસિદ્ધ) છે. એ સિવાય હે (આચાર્ય) મને કાંઈક સંભળાવો એમ કહેવાતાં (આચાર્ય શિષ્યને) સંભળાવે છે કે ॐ એમ બોલી એમ કહીને (સામનું ગાન કરનાર ઉદ્‌ગાતાઓ) સામનું ગાન કરે છે. ॐ શોમ્ એમ કહીને (વિદ્યાર્થી) શાસ્ત્રોનો પાઠ કરે છે. ॐ એમ કહીને અધ્વર્યુ પ્રતિગર મંત્રનું ઉચ્ચારણ કરે છે. ॐ એમ કહીને બ્રહ્મા નામના ઋત્વિક્ અનુમોદન આપે છે. ॐ એમ કહીને અગ્નિમાં હોમ કરવાની રજા આપે છે. અધ્યયન કરવા માટે તૈયાર થયેલો બ્રાહ્મણ ॐ એમ બોલીને કહે છે વેદને હું પ્રાપ્ત કરું. તે વેદને જ પ્રાપ્ત કરે છે. (૧)

शाङ्करभाष्यम् :- ओमिति । इतिशब्दः स्वरूपपरिच्छेदार्थः, ओमित्येतच्छब्दरूपं ब्रह्मेति मनसा धारयेदुपासीत । यत ओमितीदं सर्वं हि शब्दरूपमोङ्कारेण व्याप्तम् । **'तद्यथा शङ्कुना'** (छा.उप. २-२३-३) इति श्रुत्यन्तरात् । अभिधानतन्त्रं ह्यभिधेयमित्यत इदं सर्वमोङ्कार इत्युच्यते । ★ ओङ्कारस्तुत्यर्थमुत्तरो ग्रन्थः । उपास्यत्वात्तस्य । ओमित्येतदनुकृतिरनुकरणम् । करोमि यास्यामि चेति कृतमुक्तमोमित्यनुकरोत्यन्यः । अत ओङ्कारोऽनुकृतिः । ह स्म वा इति प्रसिद्धार्थावद्योतकाः । प्रसिद्धमोङ्कारस्यानुकृतित्वम् । ★ अपि च 'ओ श्रावय' इति प्रैषपूर्वमाश्रावयन्ति । तथोमिति सामानि गायन्ति सामगाः । ऊँशोमिति शस्त्राणि शंसन्ति शस्त्रशंसितारोऽपि । तथोमित्यध्वर्युः प्रतिगरं प्रतिगृणाति । ओमिति ब्रह्मा प्रसौत्यनुजानाति प्रैषपूर्वकमाश्रावयति । ओमित्यग्निहोत्रमनुजानाति । जुहोमीत्युक्त ओमित्येवानुज्ञां प्रयच्छति । ★ ओमित्येव ब्राह्मणः प्रवक्ष्यन् प्रवचनं करिष्यन्नध्येष्यमाण ओमित्येवाह । ओमित्येव प्रतिपद्यतेऽध्येतुमित्यर्थः । ब्रह्म वेदमुपाप्नवानीति प्राप्नुयां ग्रहीष्यामीत्युपाप्नोत्येव ब्रह्म । अथवा ब्रह्म परमात्मा तमुपाप्नवानीत्यात्मानं प्रवक्ष्यन्प्रापयिष्यन्नोमित्येवाह । स च तेनोङ्कारेण ब्रह्म प्राप्नोत्येव ओङ्कारपूर्वं प्रवृत्तानां क्रियाणां फलवत्त्वं यस्मात्तस्मादोङ्कारं ब्रह्मेत्युपासीतेति वाक्यार्थः ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'ओमिति' એમાં 'इति' (શબ્દ ૐકારના) સ્વરૂપનો નિર્દેશ કરવા માટે છે, અર્થાત્ 'ॐ' આ શબ્દરૂપ બ્રહ્મ છે - એમ એનું મનથી ધ્યાન કરવું જોઈએ, કારણ કે 'ॐ' આ જ સઘળું છે, કારણ સમસ્ત શબ્દરૂપી ૐકારથી વ્યાપ્ત છે, જેમ કે **'જેવી રીતે' (શંકુ-રેસાઓથી પાંદડાંઓ વ્યાપ્ત રહે છે)** (છાં.ઉ. ૨-૨૩-૩) વગેરે એક બીજી શ્રુતિ છે. (સર્વ જે કાંઈ) વાચ્ય (હોય છે તે) વાચકને જ અધીન હોય છે, તેથી આ બધું ૐકાર જ કહેવાય છે.

આ પછીનો ગ્રંથ ૐકારની સ્તુતિને માટે છે, કારણ કે તે ઉપાસનીય છે. 'ॐ' આ અનુકૃતિ એટલે અનુકરણ છે તેથી જ કોઈ દ્વારા 'હું કરું છું, હું જોઉં છું' આ રીતે કરાયેલા કથનને રીતે સાંભળીને બીજો માણસ (તેનો સ્વીકાર કરતાં) 'ॐ' એમ અનુકરણ કરે છે એટલે 'હાં' એવો હોંકારો ભણે છે, તેથી ૐકાર અનુકૃતિ છે. 'ह' 'स्म' 'वै' - આ નિપાત પ્રસિદ્ધિના સૂચક છે, કારણ કે ૐકારનું અનુકૃતિપણું તો જાણીતું છે.

વળી આ ઉપરાંત 'ओ श्रावय' આ રીતે પ્રેરણાપૂર્વક યાજ્ઞિકો પ્રતિશ્રવણ કરાવે છે. તેમ જ 'ॐ' એમ બોલીને સામનું ગાયન કરનારા સામગાન કરે છે. (યજ્ઞકર્મમાં) શસ્ત્રશંસનરૂપ કર્મ કરનારા (શાસ્તા નામના ઋત્વિજો) પણ 'ऊँ शोम्' એમ કહીને શસ્ત્રોનો (અર્થાત્ તે વિષયને લગતા મંત્રોનો) પાઠ કરે છે. (યજ્ઞકર્મ કરાવનારા) અધ્વર્યુ નામના ઋત્વિક્ પણ 'ॐ' ઉચ્ચારણ કરીને પ્રતિગર મંત્રનું ઉચ્ચારણ કરે છે. બ્રહ્મા પણ 'ॐ' આ રીતે પરમાત્માના નામનું ઉચ્ચારણ કરીને (યજ્ઞ માટે) અનુમતિ આપે છે,' અર્થાત્ પ્રેરણાપૂર્વક આશ્રવણ કરે છે, અને 'ॐ' કહીને તે અગ્નિહોત્રને માટે આજ્ઞા આપે છે. એટલે કે યજમાન એમ કહે કે 'હું હવન કરું છું,' ત્યારે તે 'ॐ' એમ બોલીને તેને અનુજ્ઞા એટલે મંજૂરી આપે છે.

અધ્યયન કરવાને માટે તૈયાર થયેલો બ્રાહ્મણ બ્રહ્મચારી 'ૐ' એવો ઉચ્ચારણ કરીને તેમાં પ્રવૃત્ત થાય છે. એટલે કે તે કહે છે કે, 'હું વેદને સારી રીતે ભણી શકું 'એમ બોલીને બ્રહ્મ અર્થાત્ વેદને પ્રાપ્ત કરી લે છે. અથવા (એમ સમજો કે) 'હું બ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત કરું' આ પ્રમાણે આત્માને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી તે 'ૐ' એમ કહે છે અને તે ૐકારપૂર્વક પ્રવૃત્ત થનારી ક્રિયાઓ સફળ થાય છે તેથી 'ૐકાર બ્રહ્મ છે.' આ રીતે તેની ઉપાસના કરવી જોઈએ. આ વાક્યનો આવો અર્થ છે. (૧)

इति शीक्षावल्ल्यां अष्टमोऽनुवाकः ॥ ८ ॥

⁂

नवम अनुवाक

शाङ्करभाष्यम् :- विज्ञानादेवाप्नोति स्वाराज्यमित्युक्तत्वाच्छ्रौतस्मार्तानां कर्मणामानर्थक्यं प्राप्तमित्यतस्तन्मा प्रापदिति कर्मणां पुरुषार्थं प्रति साधनत्वप्रदर्शनार्थमिहोपन्यासः -

શાંકરભાષ્ય :- વિજ્ઞાનથી જ સ્વરાજ્ય પ્રાપ્ત કરી લે છે એમ (આગળ છઠ્ઠા અનુવાકમાં) કહેવામાં આવ્યું તેથી શ્રૌત અને સ્માર્ત કર્મોની વ્યર્થતા આવી પડી છે. તેમ ન થાય તેથી પુરુષાર્થ પ્રતિ કર્મોનું સાધનત્વ પ્રદર્શિત કરવા માટે અહીં તેનો ઉલ્લેખ કરવામાં આવે છે –

ऋतं च स्वाध्यायप्रवचने च । सत्यं च स्वाध्यायप्रवचने च । तपश्च स्वाध्यायप्रवचने च । दमश्च स्वाध्यायप्रवचने च । शमश्च स्वाध्यायप्रवचने च । अग्नयश्च स्वाध्यायप्रवचने च । अग्निहोत्रं च स्वाध्यायप्रवचने च । अतिथयश्च स्वाध्यायप्रवचने च । मानुषं च स्वाध्यायप्रवचने च । प्रजा च स्वाध्ययप्रवचने च । प्रजनश्च स्वाध्यायप्रवचने च । प्रजातिश्च स्वाध्यायप्रवचने च । सत्यमिति सत्यवचा राथीतरः । तप इति तपोनित्यः पौरुशिष्टिः स्वाध्यायप्रवचने एवेति नाको मौद्गल्यः । तद्धि तपस्तद्धि तपः ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- ऋतम्-યોગ્ય આચારનું પરિપાલન च-અને स्वाध्यायप्रवचने-સ્વાધ્યાય અને પ્રવચન (પોતાની વેદની શાખાનું નિત્ય અધ્યયન અને અધ્યાપન અવશ્ય કરવું જોઈએ). सत्यम्-સત્ય બોલવું स्वाध्यायप्रवचने च-સ્વાધ્યાય અને પ્રવચન (એકસાથે કરવા જોઈએ). तपः-તપ च-તથા स्वाध्यायप्रवचने-સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). दमः-ઈન્દ્રિયોનો નિગ્રહ च-અને स्वाध्यायप्रवचने-સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). शमः-મનનો નિગ્રહ च-અને स्वाध्यायप्रवचने-સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). अग्नयः-અગ્નિનું ચયન च-અને स्वाध्यायप्रवचने-સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). अग्निहोत्रम्-અગ્નિહોત્ર च-અને स्वाध्यायप्रवचने-સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). अतिथयः-અતિથિઓની પરિચર્યા च-અને स्वाध्यायप्रवचने-સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). मानुषम्-માનવ સમાન વ્યવહાર च-અને स्वाध्यायप्रवचने-સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). प्रजा-સંતાન(ની ઉત્પત્તિ માટેનું ગર્ભાધાનરૂપ કર્મ) च-અને स्वाध्यायप्रवचने-સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). प्रजनः-સંતાનોત્પત્તિ માટે સ્ત્રીસહવાસ च-અને स्वाध्यायप्रवचने-સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). प्रजातिः-કુટુંબની વૃદ્ધિનું કર્મ च-અને स्वाध्यायप्रवचने-સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). सत्यम्-સત્ય જ શ્રેષ્ઠ છે इति-એમ राथीतरः-રથીતરનો પુત્ર सत्यवचा-સત્યવચા ઋષિ કહે છે. तपः-તપ જ ઉત્તમ છે इति-એમ पौरुशिष्टि-પુરુશિષ્ટ ઋષિનો પુત્ર तपोनित्य-તપોનિત્ય ઋષિ કહે છે. स्वाध्यायप्रवचने-સ્વાધ્યાય અને પ્રવચન एव-જ શ્રેષ્ઠ છે इति-એમ मौदगल्यः-મુદ્દ્ગલ નામના ઋષિના પુત્ર नाकः-નાક નામના ઋષિ કહે છે. हि-કારણ કે तत्-તે तपः-તપ છે. तत्-તે हि-જ तपः-તપ છે. (૧)

અનુવાદ :- યોગ્ય આચારનું પરિપાલન અને સ્વાધ્યાય અને પ્રવચન (પોતાની વેદની શાખાનું નિત્ય

અધ્યયન અને અધ્યાપન અવશ્ય કરવું જોઈએ). સત્ય બોલવું સ્વાધ્યાય અને પ્રવચન (એકસાથે કરવા જોઈએ). તપ તથા સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). ઈન્દ્રિયોનો નિગ્રહ અને સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). મનનો નિગ્રહ અને સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). અગ્નિનું ચયન અને સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). અગ્નિહોત્ર અને સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). અતિથિઓની પરિચર્યા અને સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). માનવ સમાન વ્યવહાર અને સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). સંતાન(ની ઉત્પત્તિ માટેનું ગર્ભાધાનરૂપ કર્મ) અને સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). સંતાનોત્પત્તિ માટે સ્ત્રીસહવાસ અને સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). કુટુંબની વૃદ્ધિનું કર્મ અને સ્વાધ્યાય અને પ્રવચન (સાથે કરવા જોઈએ). સત્ય જ શ્રેષ્ઠ છે એમ રથીતરનો પુત્ર સત્યવચા ઋષિ કહે છે. તપ જ ઉત્તમ છે એમ પુરુશિષ્ટ ઋષિનો પુત્ર તપોનિત્ય ઋષિ કહે છે. સ્વાધ્યાય અને પ્રવચન શ્રેષ્ઠ છે એમ મુદ્‌ગલ નામના ઋષિના પુત્ર નાક નામના ઋષિ કહે છે. કારણ કે તે તપ છે. તે જ તપ છે. (૧)

शाङ्करभाष्यम् :- ऋतमिति व्याख्यातम् । स्वाध्यायोऽध्ययनम् । प्रवचनमध्यापनं ब्रह्मयज्ञो वा । एतान्यृतादीन्यनुष्ठेयानीति वाक्यशेषः । सत्यं च सत्यवचनं यथाव्याख्यातार्थं वा । तपः कृच्छ्रादि । दमो बाह्यकरणोपशमः । शमोन्तःकरणोपशमः । अग्नय आधातव्याः । अग्निहोत्रं च होतव्यम् । अतिथयश्च पूज्याः । मानुषमिति लौकिकः संव्यवहारः, तच्च यथाप्राप्तमनुष्ठेयम् । प्रजा चोत्पाद्या । प्रजनश्च प्रजननमृतौ भार्यागमनमित्यर्थः । प्रजातिः पौत्रोत्पत्तिः पुत्रो निवेशयितव्य इत्येतत् । ★ सर्वैरेतैः कर्मभिर्युक्तस्यापि स्वाध्यायप्रवचने यत्नतोऽनुष्ठेये इत्येवमर्थं सर्वेण सह स्वाध्यायप्रवचनग्रहणम् । स्वाध्यायाधीनं ह्यर्थज्ञानम्, अर्थज्ञानायत्तं च परं श्रेयः, प्रवचनं च तदविस्मरणार्थं धर्मप्रवृद्ध्यर्थं च । अतः स्वाध्यायप्रवचनयोरादरः कार्यः । ★ सत्यमिति सत्यमेवानुष्ठातव्यमिति सत्यमेव वचो यस्य सोऽयं सत्यवचा नाम वा तस्य । राथीतरो रथीतरस्य गोत्रो राथीतराचार्यो मन्यते । तप इति तप एव कर्तव्यमिति तपोनित्यस्तपसि नित्यस्तपः परस्तपोनित्य इति वा नाम पौरुशिष्टिः पुरुशिष्टस्यापत्यं पौरुशिष्टिराचार्यो मन्यते । स्वाध्यायप्रवचने एवानुष्ठेये इति नाको नामतो मुद्गलस्यापत्यं मौद्गल्य आचार्यो मन्यते । तद्धि तपस्तद्धि तपः । हि यस्मात्स्वाध्यायप्रवचने एव तपस्तस्मात्ते एवानुष्ठेये इति । उक्तानामपि सत्य तपःस्वाध्यायप्रवचनानां पुनर्ग्रहणमादरार्थम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'ઋત-' એવી વ્યાખ્યા પહેલાં (ऋतं वदिष्यामि-આ વાક્યમાં શાંતિમંત્રમાં) કરવામાં આવી છે. 'સ્વાધ્યાય' એટલે અધ્યયન, 'પ્રવચન' એટલે અધ્યાપન અથવા બ્રહ્મયજ્ઞ. આ ઋત વગેરે આચરણ કરવા યોગ્ય છે-આ વાક્યશેષ છે. સત્ય એટલે સત્ય વચન અથવા જેમ આ પહેલાં (सत्यं वदिष्यामि-આ વાક્યમાં શાંતિમંત્રમાં) વ્યાખ્યા કરવામાં આવી છે, તે, તપ-કૃચ્છ્ર ચાંદ્રાયણ વગેરે, દમ-બાહ્ય ઇંદ્રિયોનો ઉપશમ, શમ-અંતઃકરણનું ઉપશમ (આ બધાં કરવા યોગ્ય છે). અગ્નિઓનું આધાન કરવું જોઈએ, અગ્નિહોત્ર હોમ કરવા યોગ્ય છે, અતિથિઓનું પૂજન કરવા યોગ્ય છે. મનુષ્ય એટલે લૌકિક વ્યવહાર, તે પણ યથાપ્રાપ્ત અવશ્ય કરવો જોઈએ છે, (પુત્રાદિરૂપ) પ્રજા ઉત્પન્ન કરવા યોગ્ય છે. પ્રજન-પ્રજનન-ઋતુકાલમાં (સંતાનપ્રાપ્તિ માટે): ભાર્યાગમન-પરણેલી પોતાની સ્ત્રી સાથે સહવાસ કરવો જોઈએ. પ્રજાતિ-પૌત્રની ઉત્પત્તિ કરવી જોઈએ. માટે પુત્રને સ્ત્રી-પરિગ્રહ કરાવવો જોઈએ.

આ સર્વ કર્મોથી યુક્ત પુરુષે પણ સ્વાધ્યાય અને પ્રવચનનું યત્નપૂર્વક અનુષ્ઠાન કરવું જોઈએ. એટલા માટે જ આ બધી ક્રિયાઓના આચરણ સાથે સ્વાધ્યાય અને પ્રવચનનું ગ્રહણ કરવામાં આવ્યું છે. સ્વાધ્યાયને અધીન જ અર્થજ્ઞાન છે અને અર્થજ્ઞાનને અધીન પરમશ્રેય છે. વળી પ્રવચન, તેની અવિસ્મૃતિ (ભૂલી ન જવાય) અને ધર્મની વૃદ્ધિને માટે છે. તેથી સ્વાધ્યાય અને પ્રવચનનો આદર કરવો જોઈએ.

સત્ય એટલે સત્ય જ અનુષ્ઠાન કરવા યોગ્ય છે કે સત્યનું અર્થાત્ પાલન કરવું જોઈએ-એમ સત્ય જ જેનું વચન છે તે અથવા જેમનું નામ જ સત્યવચા છે. તેમ રાથીતર અર્થાત્ રથીતરના વંશમાં ઉત્પન્ન થયેલા રાથીતર આચાર્ય માને છે. તપ એટલે તપ જ કર્તવ્ય એટલે કરવા યોગ્ય છે એમ તપોનિત્ય-નિત્ય તપોનિષ્ઠ અથવા તપોનિત્ય નામવાળા પુરુશિષ્ટના પુત્ર પૌરુશિષ્ટિ આચાર્ય માને છે. સ્વાધ્યાય અને પ્રવચન જ આચરણ કરવા યોગ્ય છે એમ 'નાક' નામવાળા-મુદગલના પુત્ર મૌદગલ્ય આચાર્ય માને છે. તે જ તપ છે, તે જ તપ છે. એનું તાત્પર્ય એ છે કે, સ્વાધ્યાય અને પ્રવચન જ તપ છે.

તેથી તે બન્ને કરવાં યોગ્ય છે. પહેલાં કહેવાઈ ગયેલાં સત્ય, તપ, સ્વાધ્યાય અને પ્રવચનોનું પુનર્ગ્રહણ અર્થાત્ ફરીથી કથન તેમના પ્રત્યે આદર દર્શાવવા માટે છે. (૧)

इति शीक्षावल्ल्यां नवमोऽनुवाकः ॥ ९ ॥

⁂

दशम अनुवाक

शाङ्करभाष्यम् :- अहं वृक्षस्य रेरिवेति स्वाध्यायार्थो मन्त्राम्नायः । स्वाध्यायश्च विद्योत्पत्तये । प्रकरणात् । विद्यार्थं हीदं प्रकरणम् । न चान्यार्थत्वमवगम्यते । स्वाध्यायेन च विशुद्धसत्त्वस्य विद्योत्पत्तिरवकल्प्यते ।

શાંકરભાષ્ય :- 'अहं वृक्षस्य रेरिवा' વગેરે મંત્રામ્નાય સ્વાધ્યાય(જપ)ને માટે છે. તથા સ્વાધ્યાય વિદ્યા(જ્ઞાન)ની ઉત્પત્તિને માટે છે, આ વાત આ પ્રકરણથી જણાય છે, કારણ કે આ પ્રકરણ વિદ્યાને માટે જ છે, આ સિવાય તેનું બીજું કોઈ પ્રયોજન જણાતું નથી. કારણ કે સ્વાધ્યાય શુદ્ધ થયેલ ચિત્તવાળાને વિદ્યાની પ્રાપ્તિ થવાનો સંભવ છે.

अहं वृक्षस्य रेरिवा । कीर्तिः पृष्ठं गिरेरिव । ऊर्ध्वपवित्रो वाजिनीव स्वमृतमस्मि । द्रविणꣳ सवर्चसम् । सुमेधा अमृतोक्षितः । इति त्रिशङ्कोर्वेदानुवचनम् ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- अहम्-હું वृक्षस्य-(સંસારરૂપી) વૃક્ષનો रेरिवा-પ્રેરક છું. कीतिः-(મારી) કીર્તિ गिरेः-પર્વતના पृष्ठम् इव-શિખર જેવી (ઉન્નત) છે. वाजिनि-સૂર્યમાં स्वमृत इव-અમૃતની જેમ હું ऊर्ध्वपवित्र-અત્યંત પવિત્ર છું. (હું) सवर्चसम्-તેજથી યુક્ત द्रविणम्-દ્રવ્ય છું. अमृतोक्षितः-અમૃતથી અભિષિક્ત सुमेधाः-શ્રેષ્ઠ બુદ્ધિવાળો (હું છું) इति-એમ त्रिशङ्कोः-ત્રિશંકુનું वेदानुवचनम्-વૈદિક વચન છે. (૧)

અનુવાદ :- હું (સંસારરૂપી) વૃક્ષનો પ્રેરક છું. (મારી) કીર્તિ પર્વતના શિખર જેવી (ઉન્નત) છે. સૂર્યમાં અમૃતની જેમ હું અત્યંત પવિત્ર છું. (હું) તેજથી યુક્ત દ્રવ્ય છું. અમૃતથી અભિષિક્ત શ્રેષ્ઠ બુદ્ધિવાળો (હું છું) એમ ત્રિશંકુનું વૈદિક વચન છે. (૧)

शाङ्करभाष्यम् :- अहं वृक्षस्योच्छेदात्मकस्य संसारवृक्षस्य रेरिवा प्रेरयिताऽन्तर्याम्यात्मना । कीर्तिः ख्यातिर्गिरेः पृष्ठमिवोच्छ्रिता मम । ऊर्ध्वपवित्र ऊर्ध्वं कारणं पवित्रं पावनं ज्ञानप्रकाश्यं पवित्रं परमं ब्रह्म यस्य सर्वात्मनो मम सोऽहमूर्ध्वपवित्रः । वाजिनीव वाजवतीव । वाजमन्नं तद्वति सवितरीत्यर्थः । यथा सवितर्यमृतमात्मतत्त्वं विशुद्धं प्रसिद्धं श्रुतिस्मृतिशतेभ्य एवं स्वमृतं शोभनं विशुद्धमात्मतत्त्वमस्मि भवामि । ★ द्रविणं धनं सवर्चसं दीप्तिमत्तदेवात्मतत्त्वमस्मीत्यनुवर्तते । ब्रह्मज्ञानं वात्मतत्त्वप्रकाशकत्वात्सवर्चसम् । द्रविणमिव द्रविणं मोक्षमुखहेतुत्वात् । अस्मिन्पक्षे प्राप्तं मयेत्यध्याहारः कर्तव्यः । ★ सुमेधाः शोभना मेधा सर्वज्ञलक्षणा यस्य मम सोऽहं सुमेधाः । संसारस्थित्युत्पत्त्युपसंहारकौशलयोगात्सुमेधस्त्वम् । अत एवामृतोऽमरणधर्माक्षितोऽक्षीणोऽव्ययः, अक्षतो वा, अमृतेन वोक्षितः सिक्तः । **'अमृतोक्षितोऽहम्'** इत्यादि ब्राह्मणम् । ★ इत्येवं त्रिशङ्कोर्ऋषेर्ब्रह्मभूतस्य ब्रह्मविदो वेदानुवचनम्, वेदो वेदनमात्मैकत्वविज्ञानं तस्य प्राप्तिमनुवचनं वेदानुवचनम् । आत्मनः कृतकृत्यताख्यापनार्थं वामदेववत्त्रिशङ्कुनार्षेण दर्शनेन दृष्टो मन्त्राम्नाय आत्मविद्याप्रकाशक इत्यर्थः । ★ अस्य च जपो विद्योत्पत्त्यर्थोऽवगम्यते । ऋतं चेत्यादिकर्मोपन्यासादनन्तरं च वेदानुवचनपाठादेतदवगम्यत एवं श्रौतस्मार्तेषु नित्येषु कर्मसु युक्तस्य निष्कामस्य परं ब्रह्म विविदिषोरार्षाणि दर्शनानि प्रादुर्भवन्त्यात्मादिविषयाणीति ॥ १ ॥

શાંકરભાષ્ય :- હું ઉચ્છેદાત્મક સંસારરૂપ વૃક્ષનો અંતર્યામીરૂપે પ્રેરક છું. મારી કીર્તિ પર્વતના શિખરની જેમ ઉન્નત છે, હું ઊર્ધ્વપવિત્ર અર્થાત્ જ્ઞાનથી પ્રકાશિત થવા યોગ્ય પવિત્ર પરબ્રહ્મ જે સર્વાત્મારૂપ મારું ઊર્ધ્વ, એટલે કારણ છે તે હું ઊર્ધ્વ પવિત્ર છું 'वाजिनि इव' - વાજવાનની જેમ-વાજ અન્ન, તેનાથી યુક્ત સૂર્યથી જેમ, જેવી રીતે સેંકડો શ્રુતિઓ અને સ્મૃતિઓ અનુસાર સૂર્યમાં વિશુદ્ધ અમૃત એટલે કે આત્મતત્ત્વ પ્રસિદ્ધ છે. તેવી જ રીતે હું પણ સુ-અમૃત અર્થાત્ શોભન-વિશુદ્ધ આત્મતત્ત્વ છું.

હું તે જ આત્મતત્ત્વ સવર્ચસ-દીપ્તિશાલી દ્રવિણ અર્થાત્ ધન છું - આ પ્રમાણે અહીં 'अस्मि (છું)'ની અનુવૃત્તિ

કરવામાં આવે છે. અથવા આત્મતત્ત્વનો પ્રકાશક હોવાથી તેજસ્વી બ્રહ્મજ્ઞાન, જે મોક્ષસુખનો હેતુ હોવાથી ધનના જેવું ધન છે, (તે મને મળી ગયું છે) - આ પક્ષમાં 'मया प्राप्तम्' (તે મને પ્રાપ્ત થઈ ગયું છે) એનો અધ્યાહાર કરવો જોઈએ.

સુમેધા : જે મારી મેધા શોભન અર્થાત્ સર્વજ્ઞત્વ-લક્ષણવાળી છે તે હું સુમેધા છું. સંસારની સ્થિતિ, ઉત્પત્તિ અને સંહાર-એમનું કોશલ હોવાથી મારું સુમેધસ્ત્વ છે. તેથી જ હું अमृत-અમરણધર્મા અને अक्षित-અક્ષીણ એટલે અવ્યય અથવા અક્ષય છું. અથવા अमृतेन उक्षितः અમૃતથી સિક્ત છંટકાવ પામેલો છું. **'હું અમૃતથી ઉક્ષિત છું'** એવું બ્રાહ્મણવાક્ય પણ છે.

આ રીતે આ બ્રહ્મભૂત બ્રહ્મવેત્તા ત્રિશંકુ ઋષિનું વેદાનુવચન છે. આત્માના એકત્વના વિજ્ઞાનને વેદ અથવા વેદન કહેવામાં આવે છે. તેની પ્રાપ્તિ અનુ-પછીનું વચન 'વેદાનુવચન' કહેવાય છે. તાત્પર્ય એ છે કે પોતાની કૃતકૃત્યતા પ્રકટ કરવાને માટે વામદેવની જેમ ત્રિશંકુ ઋષિ દ્વારા આર્ષદૃષ્ટિથી જોવામાં આવેલો આ મંત્રામ્નાય આત્મવિદ્યાનો પ્રકાશક છે.

એના જપથી વિદ્યાની પ્રાપ્તિ થતી હોવાનું માનવામાં આવે છે. આ 'ऋतं च' વગેરે અનુવાકમાં ધર્મનો ઉલ્લેખ કર્યા પછી વેદાનુવચનનો પાઠ કરવાથી એવું જણાય છે કે, આ રીતે શ્રૌત અને સ્માર્ત નિત્યકર્મોમાં લાગેલા પરબ્રહ્મના નિષ્કામ સાધકને આત્મા વગેરે સાથે સંબંધ રાખનારા આર્ષદર્શનોનો પ્રાદુર્ભાવ થાય છે. (૧)

इति शीक्षावल्ल्यां दशमोऽनुवाकः ॥ १० ॥

एकादश अनुवाक

शाङ्करभाष्यम् :- वेदमनूच्येत्येवमादिकर्तव्यतोपदेशारम्भः प्राग्ब्रह्मविज्ञानान्नियमेन कर्तव्यानि श्रौतस्मार्तकर्माणीत्येवमर्थः । अनुशासनश्रुतेः पुरुषसंस्कारार्थत्वात् । संस्कृतस्य हि विशुद्धसत्त्वस्यात्मज्ञानमञ्जसैवोत्पद्यते । **'तपसा कल्मषं हन्ति विद्ययाऽमृतमश्नुते'** (मनु. १२-१०४) इति स्मृतिः । वक्ष्यति च-**'तपसा ब्रह्म विजिज्ञासस्व'** (तै.उप. ३-२-५) इति । अतो विद्योत्पत्त्यर्थमनुष्ठेयानि कर्माणि । अनुशास्तीत्यनुशासनशब्दादनुशासनातिक्रमे हि दोषोत्पत्तिः । ★ प्रागुपन्यासाच्च कर्मणाम् । केवलब्रह्मविद्यारम्भाच्च पूर्वं कर्माण्युपन्यस्तानि । उदितायां च ब्रह्मविद्यायाम् **'अभयं प्रतिष्ठां विन्दते'** (तै.उप. २-७-१) **'न बिभेति कुतश्चन'** (तै.उप. २-९-१) **'किमहं साधु नाकरवम्'** (तै.उप. २-९-१) इत्येवमादिना कर्मनैष्किञ्चन्यं दर्शयिष्यति, इत्यतोऽवगम्यते पूर्वोपचितदुरितक्षयद्वारेण विद्योत्पत्त्यर्थानि कर्माणीति । मन्त्रवर्णाच्च-**'अविद्यया मृत्युं तीर्त्वा विद्ययामृतमश्नुते'** (ई.उप. ११) इति । ऋतादीनां पूर्वत्रोपदेश आनर्थक्यपरिहारार्थः । ह तु ज्ञानोत्पत्त्यर्थत्वात्कर्तव्यतानियमार्थः ।

શાંકરભાષ્ય :- બ્રહ્માત્મૈક્યવિજ્ઞાન પહેલાં શ્રૌત અને સ્માર્ત કર્મોનું નિયમપૂર્વક આચરણ કરવું જોઈએ. એટલા માટે જ 'वेदमनूच्य' વગેરે શ્રુતિથી તેમની કર્તવ્યતા અર્થાત્ તે કરવાં જોઈએ એ માટેના ઉપદેશનો (અહીં) આરંભ કરવામાં આવે છે, કારણ કે જે અનુશાસન શ્રુતિ છે તે પુરુષના સંસ્કારને માટે છે, કારણ કે જે પુરુષ સંસ્કારી-શુદ્ધ ચિત્તવાળો હોય છે તેને તરત આત્મજ્ઞાન થઈ જાય છે. આ સંબંધમાં **'તપથી પાપનો નાશ કરે છે અને જ્ઞાનથી અમરત્વને પામે છે.'** (મનુ. ૧૨-૧૦૪) એવી સ્મૃતિ છે. આગળ એવું કહેવામાં પણ આવશે કે, **'તપથી બ્રહ્મને તું જાણ'** (તૈ.ઉપ. ૩-૨-૫) માટે જ્ઞાનની ઉત્પત્તિને માટે કર્મનું આચરણ કરવું જોઈએ. 'अनुशास्ति' એમાં 'અનુશાસન' આવો શબ્દ રહેલો હોવાથી તે અનુશાસનનું અતિક્રમણ કરવામાં આવતાં દોષની ઉત્પત્તિ થશે.

કર્મોનો ઉપન્યાસ-વિચાર પહેલાં કરવામાં આવેલો હોવાથી કર્મોનો વિચાર કેવલ બ્રહ્મવિદ્યાના નિરૂપણનો આરંભ કરતાં પહેલાં જ કરવામાં આવ્યો છે. બ્રહ્મવિદ્યાનો ઉદય થતાં તો **'અભય પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરે છે.'** (તૈ.ઉપ. ૨-૭-૧) **'કોઈથી પણ ભય પામતો નથી.'** (તૈ.ઉપ. ૨-૯) **'મેં ક્યું શુભ કર્મ નથી કર્યું.'** (તૈ.ઉપ. ૨-૯-૧) વગેરે વાક્યો દ્વારા કર્મોની નિષ્કિંચનતા જ દેખાડશે. આથી જણાય છે કે, પૂર્વસંચિત પાપોના ક્ષય દ્વારા જ્ઞાનની પ્રાપ્તિને માટે જ કર્મ છે. **'અવિદ્યા(કર્મ)થી મૃત્યુ(અધર્મ)ને પાર કરીને વિદ્યા(ઉપાસના)થી અમરત્વ પામે છે.'** (ઈ.ઉપ. ૧૧) આ મંત્રવર્ણથી પણ આ જ વાત પ્રમાણિત થાય છે. આથી આ પહેલાં (નવમા અનુવાકમાં) ઋત વગેરેનો જે ઉપદેશ કરવામાં આવ્યો છે, તે તેમના અનર્થપણાની નિવૃત્તિને માટે છે, તેમ જ તે અહીં જ્ઞાનની ઉત્પત્તિમાં કારણભૂત હોવાથી તેમના કર્તવ્યપણાના નિયમને દર્શાવવા માટે છે.

वेदमनूच्याचार्योऽन्तेवासिनमनुशास्ति । सत्यं वद । धर्मं चर । स्वाध्यायान्मा प्रमदः । आचार्याय प्रियं धनमाहृत्य प्रजातन्तुं माव्यवच्छेत्सीः । सत्यान्न प्रमदितव्यम् । धर्मान्न प्रमदितव्यम् । कुशलान्न प्रमदितव्यम् । भूत्यै न प्रमदितव्यम् । स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- वेदम्-વેદ अनुच्य-સારી રીતે ભણાવીને आचार्यः-આચાર્ય, સદ્ગુરુ अन्तेवासिनम्-શિષ્યને अनुशास्ति-ઉપદેશ આપે છે. सत्यम्-સાચું वद-બોલ. धर्मम्-ધર્મનું चर-આચરણ કર. स्वाध्यायात्-સ્વાધ્યાય (સ્વશાખાગત વેદના અધ્યયન)માં मा प्रमदः-પ્રમાદ કરીશ નહીં. आचार्याय-આચાર્ય માટે प्रियम्-પ્રિય એવું धनम्-ધન आहृत्य-(ભિક્ષા વગેરે સાધનો દ્વારા) લાવીને (પછી એની આજ્ઞાથી ગૃહસ્થાશ્રમી બની) प्रजातन्तुम्-પ્રજાના તંતુનો, સંતાન પરંપરાનો मा व्यवच्छेत्सी-ઉચ્છેદ કરીશ નહીં. सत्यात्-સત્યમાં (સાચું બોલવા કે આચરવામાં) न प्रमदितव्यम्-તારે પ્રમાદ કરવો નહીં. धर्मात्-ધર્મના આચરણમાં न प्रमदितव्यम्-તારે પ્રમાદ કરવો નહીં. कुशलात्-કુશળ-શુભ કર્મોમાં न प्रमदितव्यम्-તારે પ્રમાદ કરવો નહીં. भूत्यै-ઉન્નતિમાં न प्रमदितव्यम्-તારે પ્રમાદ કરવો નહીં. स्वाध्याय-प्रवचनाभ्याम्-સ્વાધ્યાય (સ્વશાખાગત વેદના અધ્યયન) કે પ્રવચનમાં न प्रमदितव्यम्-તારે પ્રમાદ કરવો નહીં. (૧)

અનુવાદ :- વેદ સારી રીતે ભણાવીને આચાર્ય, સદ્ગુરુ શિષ્યને ઉપદેશ આપે છે. સાચું બોલ. ધર્મનું આચરણ કર. સ્વાધ્યાય(સ્વશાખાગત વેદના અધ્યયન)માં પ્રમાદ કરીશ નહીં. આચાર્ય માટે પ્રિય એવું ધન (ભિક્ષા વગેરે સાધનો દ્વારા) લાવીને (પછી એની આજ્ઞાથી ગૃહસ્થાશ્રમી બની) પ્રજાના તંતુનો, સંતાન પરંપરાનો ઉચ્છેદ કરીશ નહીં. સત્યમાં (સાચું બોલવા કે આચરવામાં) તારે પ્રમાદ કરવો નહીં. ધર્મના આચરણમાં તારે પ્રમાદ કરવો નહીં. કુશળ-શુભ કર્મોમાં તારે પ્રમાદ કરવો નહીં. ઉન્નતિમાં તારે પ્રમાદ કરવો નહીં. સ્વાધ્યાય (સ્વશાખાગત વેદના અધ્યયન) કે પ્રવચનમાં તારે પ્રમાદ કરવો નહીં. (૧)

◆

देवपितृकार्याभ्यां न प्रमदितव्यम् । मातृदेवो भव । पितृदेवो भव । आचार्यदेवो भव । अतिथिदेवो भव । यान्यनवद्यानि कर्माणि । तानि सेवितव्यानि । नो इतराणि । यान्यस्माकं सुचरितानि । तानि त्वयोपास्यानि ॥ २ ॥

અન્વય અને શબ્દાર્થ :- देव-पितृकर्माभ्याम्-દેવતાઓના અને પિતૃઓના કાર્યોમાં न प्रमदितव्यम्-તારે પ્રમાદ કરવો નહીં. मातृदेवः-માતામાં દેવબુદ્ધિ રાખનારો ભવ-થા. पितृदेवः-પિતામાં દેવબુદ્ધિ રાખનારો ભવ-થા. आचार्यदेवः-આચાર્યમાં દેવબુદ્ધિ રાખનારો ભવ-થા. अतिथिदेवः-અતિથિમાં દેવબુદ્ધિ રાખનારો ભવ-થા. यानि-જે अनवद्यानि-નિર્દોષ (નિંદાને પાત્ર નહીં એવા એટલે પ્રશંસાપાત્ર) कर्माणि-કર્મો છે तानि-તેનું सेवितव्यानि-તારે સેવન કરવું જોઈએ. नो इतराणि-બીજા (અયોગ્ય કર્મો)નું નહીં. अस्माकम्-અમારા यानि-જે सुचरितानि-સારાં ચરિત્રો છે तानि-તેની त्वया-તારે उपास्यानि-ઉપાસના કરવી જોઈએ. (૨)

અનુવાદ :- દેવતાઓના અને પિતૃઓના કાર્યોમાં તારે પ્રમાદ કરવો નહીં. માતામાં દેવબુદ્ધિ રાખનીરો થા. પિતામાં દેવબુદ્ધિ રાખનારો થા. આચાર્યમાં દેવબુદ્ધિ રાખનારો થા. અતિથિમાં દેવબુદ્ધિ રાખનારો થા. જે નિર્દોષ (નિંદાને પાત્ર નહીં એવા એટલે પ્રશંસાપાત્ર) કર્મો છે તેનું તારે સેવન કરવું જોઈએ. બીજા (અયોગ્ય કર્મો)નું નહીં. અમારા જે સારાં ચરિત્રો છે તેની તારે ઉપાસના કરવી જોઈએ- (૨)

◆

नो इतराणि । ये के चास्मच्छ्रेया सो ब्राह्मणाः । तेषां त्वयासनेन प्रश्वसितव्यम् । श्रद्धया देयम् । अश्रद्धयाऽदेयम् । श्रिया देयम् । ह्रिया देयम् । भिया देयम् । संविदा देयम् । अथ यदि ते कर्मविचिकित्सा वा वृत्तविचिकित्सा वा स्यात् ॥ ३ ॥

અન્વય અને શબ્દાર્થ :- नो इतराणि-બીજાની નહીં. ये के च-જે કોઈપણ अस्मत्-અમારાથી श्रेयांसः-ઉત્તમ ब्राह्मणाः-બ્રાહ્મણો હોય तेषाम्-તેઓને त्वया-તારે आसनेन-આસન (વગેરે આપી) प्रश्वसितव्यम्-વિશ્રામ આપવો જોઈએ. श्रद्धया-શ્રદ્ધાપૂર્વક देयम्-તારે દાન આપવું જોઈએ. अश्रद्धया-શ્રદ્ધા વિના अदेयम्-તારે દાન આપવું જોઈએ નહીં. श्रिया-પોતાની આર્થિક સ્થિતિ અનુસાર देयम्-તારે દાન આપવું જોઈએ. ह्रिया-લજ્જાથી देयम्-તારે દાન આપવું જોઈએ. भिया-ભયથી देयम्-તારે દાન આપવું જોઈએ. संविदा-વિવેકપૂર્વક देयम्-તારે દાન આપવું જોઈએ. अथ-તે પછી यदि-જો ते-તને कर्मविचिकित्सा-કર્મ કરવામાં શંકા થાય, वा-અથવા वृत्तचिकित्सा-સદાચરણમાં શંકા स्यात्-થાય. (૩)

અનુવાદ :- બીજાની નહીં. જે કોઈપણ અમારાથી ઉત્તમ બ્રાહ્મણો હોય તેઓને તારે આસન (વગેરે આપી) વિશ્રામ આપવો જોઈએ. શ્રદ્ધાપૂર્વક તારે દાન આપવું જોઈએ. શ્રદ્ધા વિના તારે દાન આપવું જોઈએ નહીં. પોતાની આર્થિક સ્થિતિ અનુસાર તારે દાન આપવું જોઈએ. લજ્જાથી તારે દાન આપવું જોઈએ. ભયથી તારે દાન આપવું જોઈએ. વિવેકપૂર્વક તારે દાન આપવું જોઈએ. તે પછી જો તને કર્મ કરવામાં શંકા થાય, અથવા સદાચરણમાં શંકા થાય- (૩)

⁂

ये तत्र ब्राह्मणाः संमर्शिनः । युक्ता आयुक्ताः । अलूक्षा धर्मकामाः स्युः । यथा ते तत्र वर्तेरन् । तथा तत्र वर्तेथाः । अथाभ्याख्यातेषु । ये तत्र ब्राह्मणाः संमर्शिनः । युक्ता आयुक्ताः । अलूक्षा धर्मकामाः स्युः । यथा ते तेषु वर्तेरन् । तथा तेषु वर्तेथाः । एष आदेशः । एष उपदेशः । एषा वेदोपनिषत् । एतदनुशासनम् । एवमुपासितव्यम् । एवमु चैतदुपास्यम् ॥ ४ ॥

અન્વય અને શબ્દાર્થ :- तत्र-ત્યાં ये-જે सम्मर्शिनः-ઉત્તમ વિચારવાળા युक्ताः-સલાહ આપવામાં કુશળ आयुक्ताः-(કર્મ અને સદાચારમાં) લાગેલા अलूक्षाः-લૂખા નહીં અર્થાત્ સ્નેહમય સ્વભાવવાળા અને धर्मकामाः-ધર્મની કામના-અભિલાષા રાખનારા ब्राह्मणाः-બ્રાહ્મણો स्युः-હોય ते-તેઓ यथा-જે રીતે तत्र-તે બાબતમાં वर्तेरन्-વર્તન કરે तत्र-તે બાબતમાં तथा-તે પ્રમાણે वर्तेथाः-તારે વર્તન કરવું જોઈએ. अथ-પછી अभ्याख्यातेषु-કોઈ લાંછનયુક્ત મનુષ્ય સાથે વર્તાવ કરવામાં (તને સંદેહ પેદા થાય તો) य-જે तत्र-તેમાં सम्मर्शिनः-ઉત્તમ વિચારવાળા युक्ताः-સલાહ આપવામાં કુશળ आयुक्ताः-(સદાચારમાં) લાગેલા अलूक्षाः-લૂખા નહીં તેવા ब्राह्मणाः-બ્રાહ્મણો स्युः-હોય ते-તેઓ यथा-જે રીતે तेषु-તેઓની સાથે वर्तेरन्-વર્તન કરે तेषु-તેમની સાથે वर्तेथाः-તારે વર્તન કરવું જોઈએ. एषः-આ आदेशः-આદેશ-શાસ્ત્રની આજ્ઞા છે. एषः-આ उपदेशः-ઉપદેશ છે. एषा-આ वेदोपनिषत्-વેદોનું રહસ્ય છે च-અને एतत्-આ अनुशासनम्-અનુશાસન-પરંપરાગત શિક્ષા છે. एवम्-આમ उपासितव्यम्-તારે ઉપાસના કરવી જોઈએ. एवम्-આમ एतत्-આ उपास्यम्-ઉપાસવું જોઈએ. (૪)

અનુવાદ :- ત્યાં જે ઉત્તમ વિચારવાળા સલાહ આપવામાં કુશળ (કર્મ અને સદાચારમાં) લાગેલા લૂખા નહીં અર્થાત્ સ્નેહમય સ્વભાવવાળા અને ધર્મની કામના-અભિલાષા રાખનારા બ્રાહ્મણો હોય તેઓ જે રીતે તે બાબતમાં વર્તન કરે તે બાબતમાં તે પ્રમાણે તારે વર્તન કરવું જાહેઈએ. પછી કોઈ લાંછનયુક્ત મનુષ્ય સાથે વર્તાવ કરવામાં (તને સંદેહ પેદા થાય તો) જે તેમાં ઉત્તમ વિચારવાળા સલાહ આપવામાં કુશળ (સદાચારમાં) લાગેલા લૂખા નહીં તેવા બ્રાહ્મણો હોય તેઓ જે રીતે તેઓની સાથે વર્તન કરે તેમની સાથે તારે વર્તન કરવું જોઈએ. આ આદેશ-શાસ્ત્રની આજ્ઞા છે. આ ઉપદેશ છે. આ વેદોનું રહસ્ય છે અને આ અનુશાસન-પરંપરાગત શિક્ષા છે. આમ તારે ઉપાસના કરવી જોઈએ. આમ આ ઉપાસવું જોઈએ. (૪)

शाङ्करभाष्यम् :- वेदमनूच्याध्याप्याचार्योऽन्तेवासिनं शिष्यमनुशास्ति ग्रन्थग्रहणादनु पश्चाच्छास्ति तदर्थं ग्राहयतीत्यर्थः । अतोऽवगम्यतेऽधीतवेदस्य धर्मजिज्ञासामकृत्वा गुरुकुलान्न समावर्तितव्यमिति । '**बुद्ध्वा कर्माणि चारभेत्**' इति स्मृतेश्च ।

कथमनुशास्तीत्याह - ★ सत्यं वद यथाप्रमाणावगतं वक्तव्यं तद्वद । तद्वद्धर्मं चर । धर्म इत्यनुष्ठेयानां सामान्यवचनं सत्यादिविशेषनिर्देशात् । स्वाध्यायादध्ययनान्मा प्रमदः प्रमादं मा कार्षीः । आचार्यायाचार्यार्थं प्रियमिष्टं धनमाहृत्यानीय दत्त्वा विद्यानिष्क्रयार्थम्, आचार्येण चानुज्ञातोऽनुरूपान्दारानाहृत्य प्रजातन्तुं प्रजासन्तानं मा व्यवच्छेत्सी । प्रजासन्ततेर्विच्छित्तिर्न कर्तव्या । अनुत्पद्यमानेऽपि पुत्रे पुत्रकाम्यादिकर्मणा तदुत्पत्तौ यत्नः कर्तव्य इत्यभिप्रायः । प्रजाप्रजनप्रजातित्रयनिर्देश-सामर्थ्यात् । अन्यथा प्रजनश्चेत्येतदेकमेवावक्ष्यत् । ★ सत्यान्न प्रमदितव्यं प्रमादो न कर्तव्यः । सत्याच्च प्रमदनमनृतप्रसङ्गः, प्रमादशब्दसामर्थ्यात् । विस्मृत्याप्यनृतं न वक्तव्यमित्यर्थः । अन्यथासत्यवदनप्रतिषेध एव स्यात् । धर्मान्न प्रमदितव्यम् । धर्मशब्दस्यानुष्ठेयविषयत्वादननुष्ठानं प्रमादः स न कर्तव्यः । अनुष्ठातव्य एव धर्म इति यावत् । एवं कुशलादात्मरक्षार्थात्कर्मणो न प्रमदितव्यम् । भूतिर्विभूतिस्तस्यै भूत्यै भूत्यर्थान्मङ्गलयुक्तात्कर्मणो न प्रमदितव्यम् । स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् । स्वाध्यायोऽध्ययनं प्रवचनमध्यापनं ताभ्यां न प्रमदितव्यम् । ते हि नियमेन कर्तव्ये इत्यर्थः ॥ १ ॥ तथा देवपितृकार्याभ्यां न प्रमदितव्यम् । दैवपित्र्ये कर्मणी कर्तव्ये । ★ मातृदेवो माता देवो यस्य स त्वं मातृदेवो भव स्याः । एवं पितृदेव आचार्यदेवो भव । देवतावदुपास्या एत इत्यर्थः । यान्यपि चान्यान्यनवद्यान्यनिन्दितानि शिष्टाचारलक्षणानि कर्माणि तानि सेवितव्यानि कर्तव्यानि त्वया । नो न कर्तव्यानीतराणि सावद्यानि शिष्टकृतान्यपि । यान्यस्माकमाचार्याणां सुचरितानि शोभनचरितान्याम्नायाद्यविरुद्धानि तान्येव त्वयोपास्यान्यदृष्टार्थान्यनुष्ठेयानि, नियमेन कर्तव्यानीति यावत् ॥ २ ॥ नो इतराणि विपरीतान्याचार्यकृतान्यपि । ★ ये के च विशेषिता आचार्यत्वादिधर्मैरस्मदस्मत्तः श्रेयांसः प्रशस्यतरास्ते च ब्साह्मणा न क्षत्रियादयस्तेषामासनेनासनदानादिना त्वया प्रश्वसनं प्रश्वासः श्रमापनयः । तेषां श्रमस्त्वयापनेतव्य इत्यर्थः । तेषां चासने गोष्ठीनिमित्ते समुदिते तेषु न प्रश्वसितव्यं प्रश्वासोऽपि न कर्तव्यः केवलं तदुक्तसारग्राहिणा भवितव्यम् । ★ किं च यत्किंचिद्देयं तच्छ्रद्धयैव दातव्यम् । अश्रद्धया अदेयं न दातव्यम् । श्रिया विभूत्या देयं दातव्यम् । ह्रिया लज्जया च देयम् । भिया भीत्या च देयम् । संविदा च मैत्र्यादिकार्येण देयम् । ★ अथैवं वर्तमानस्य यदि कदाचित्ते तव श्रौते स्मार्ते वा कर्मेणि वृत्ते वाचारलक्षणे विचिकित्सा संशयः स्यात् ॥ ३ ॥ ये तत्र तस्मिन् देशे काले वा ब्राह्मणास्तत्र कर्मादौ युक्ता इति व्यवहितेन संबन्धः कर्तव्यः । संमर्शिनो विचारक्षमाः । युक्ता अभियुक्ताः कर्मणि वृत्ते वा । आयुक्ता अपरप्रयुक्ताः अलूक्षा अरूक्षा अक्रूरमतयः । धर्मकामा अदृष्टार्थिनोऽकामहता इत्येतत्, स्युर्भवेयुः । ते यथा येन प्रकारेण ब्राह्मणास्तत्र तस्मिन्कर्मणि वृत्ते वा वर्तेरंस्तथा त्वमपि वर्तेथाः । अथाभ्याख्यातेषु, अभ्याख्याता अभ्युक्ता दोषेण संदिह्यमानेन संयोजिताः केनचित्तेषु च यथोक्तं सर्वमुपनयेद्ये तत्रेत्यादि । ★ एष आदेशो विधिः । एष उपदेशः पुत्रादिभ्यः पित्रादीनाम् । एषा वेदोपनिषद्वेदरहस्यं वेदार्थ इत्येतत् । एतदेवानुशासनमीश्वरवचनम् । आदेशवाक्यस्य विधेरुक्तत्वात्सर्वेषां वा प्रमाणभूतानामनुशासनमेतत् । यस्मादेवं तस्मादेवं यथोक्तं सर्वमुपासितव्यं कर्तव्यम् । एवमु चैतदुपास्यमुपास्यमेव चैतन्नानुपास्यमित्यादरार्थं पुनर्वचनम् ॥ ४ ॥

શાંકરભાષ્ય :- વેદનું અધ્યયન કરાવ્યા બાદ આચાર્ય અંતેવાસીને એટલે શિષ્યને ઉપદેશ આપે છે અર્થાત્ ગ્રંથનું ગ્રહણ થયા પછી અનુશાસન કરે છે-તેના અર્થનું ગ્રહણ કરાવે છે. વેદાધ્યયન કર્યા પછી પણ બ્રહ્મચારીએ ધર્મજિજ્ઞાસા પ્રાપ્ત કર્યા વિના ગુરુકુલમાંથી સમાવર્તન ન કરવું જોઈએ અર્થાત્ પોતાના ઘરે પાછા ફરવું ન જોઈએ. **'(કર્મોનું જ્ઞાન) પ્રાપ્ત કરીને તેમના અનુષ્ઠાન-પાલનનો આરંભ કરવો.'** આ સ્મૃતિથી પણ આ જ સિદ્ધ થાય છે. હવે ગુરુ કઈ રીતે ઉપદેશ કરે છે તે કહે છે.

'સાચું બોલ' એટલે કે પ્રમાણથી જે જાણવામાં આવ્યું હોય તેને તેવી જ રીતે કહેવું. આ જ પ્રમાણે ધર્મનું આચરણ કર. 'ધર્મ' આ શબ્દ અનુષ્ઠાન કરવા યોગ્ય કર્મોનો સામાન્યરૂપથી વાચક છે, કારણ કે સત્ય વગેરે વિશેષ ધર્મોનો તો નિર્દેશ કરી દેવામાં આવ્યો છે. સ્વાધ્યાય અર્થાત્ અધ્યયનથી પ્રમાદ ન કર. પ્રમાદ કરીશ નહીં. આચાર્યને માટે પ્રિય-તેમના માટે અભીષ્ટ ધન લાવીને અને વિદ્યાદાનથી ઋણમુક્ત થવાને માટે તે આચાર્યને આપ્યા પછી આચાર્યની રજા મેળવી પોતાને અનુરૂપ સ્ત્રી સાથે લગ્ન કરીને પ્રજાતંતુ-સંતાનની પરંપરારૂપ તાંતણાને તૂટવા ન દેતાં, જાળવી રાખીને ચાલુ રાખજે અર્થાત્ સંતાનક્રમનો ઉચ્છેદ કરીશ નહીં. જો પુત્ર ઉત્પન્ન ન થાય તોપણ પુત્ર-કામ્યા (પુત્રેષ્ટિ) વગેરે કર્મો દ્વારા તેની ઉત્પત્તિને માટે યત્ન કરવો જ જોઈએ. એવો અભિપ્રાય છે. (નવમા અનુવાકમાં) પ્રજા, પ્રજન અને પ્રજાતિ-ત્રણેયનો નિર્દેશ કરવામાં

આવ્યો છે, તેના સામર્થ્યથી આ જ વાત સિદ્ધ થાય છે. જો આમ ન હોત તો ત્યાં કેવળ 'પ્રજન' આ એકનો જ નિર્દેશ કરવામાં આવ્યો હોત.

સત્ય વિષે પ્રમાદ ન કરવો જોઈએ. એનો અભિપ્રાય એ છે કે, અસત્યનો પ્રસંગ આ પ્રમાદ શબ્દના સામર્થ્યથી જણાય છે. કહેવાનો આશય એ છે કે, ક્યારેય ભૂલીને પણ અસત્ય ભાષણ ન કરવું જોઈએ-જૂઠું ન બોલવું જોઈએ. જો એવું તાત્પર્ય ન હોત તો અસત્ય ભાષણનો નિષેધ જ કરવામાં આવ્યો હોત. ધર્મ વિષે-પ્રમાદ ન કરવો જોઈએ. 'ધર્મ' શબ્દ અનુષ્ઠાન કરવા યોગ્યનો વાચક હોવાથી તેનું અનુષ્ઠાન ન કરવું એ જ પ્રમાદ છે, તે ન કરવો જોઈએ. અર્થાત્ ધર્મનું અનુષ્ઠાન-ધર્મનું આચરણ કરવું જ જોઈએ. આ જ પ્રમાણે કુશલ-આત્મરક્ષામાં ઉપયોગી કર્મોમાં પ્રમાદ ન કરવો. 'ભૂતિ' એટલે વૈભવ. એ વૈભવને માટે થનારાં મંગલયુક્ત કર્મોમાં પ્રમાદ કરવો નહીં. સ્વાધ્યાય અને પ્રવચનમાં પ્રમાદ ન કરવો. સ્વાધ્યાય એ અધ્યયન છે ને પ્રવચન અધ્યાપન છે. એ બંને વિષે પ્રમાદ ન કરવો, અર્થાત્ નિયમપૂર્વક તેમનું આચરણ કર્યા કરવું. દેવકાર્ય અને પિતૃકાર્યોમાં પણ પ્રમાદ ન કરવો. એટલે કે દેવતા અને પિતૃ સંબંધી કર્મો અવશ્ય કરવાં જોઈએ.

માતૃદેવ-માતા છે દેવ જેની તે તું માતૃદેવ થા. આ જ પ્રમાણે પિતૃદેવ થા, આચાર્યદેવ થા, અતિથિદેવ થા. બધાં દેવતાઓની જેમ ઉપાસના કરવા યોગ્ય છે તેથી એમને દેવ માનવાં. એ સિવાય બીજાં પણ જે અનવદ્ય-અનિંદ્ય એટલે કે શિષ્ટાચારરૂપી લક્ષણવાળાં કર્મ છે, તારા માટે, તે જ સેવવા યોગ્ય અર્થાત્ તારે કરવા જોઈએ. બીજાં નિંદાયુક્ત કર્મો-ભલેને શિષ્ટજનોએ કરેલાં હોય તોપણ તારે તે કરવાં જોઈએ નહીં. અમારાં આચાર્યોનાં જે સુચરિત-શુભચરિત અર્થાત્ શાસ્ત્રથી અવિરુદ્ધ કર્મો છે તેમનું જ તારે આચરણ કરવું જોઈએ, અદૃષ્ટફળને માટે તેમનું જ અનુષ્ઠાન કરવું જોઈએ અર્થાત્ તારે તે નિયમથી કરવાં જોઈએ. બીજાં કર્મ કરવાં યોગ્ય નથી, અર્થાત્ તેમનાથી વિપરીત કર્મ આચાર્યે કર્યાં હોય તોપણ કરવાં યોગ્ય નથી.

જે કોઈ પણ આચાર્યપણું વગેરે ગુણધર્મોને લીધે વિશિષ્ટ એટલે શ્રેષ્ઠ છે, અર્થાત્ અમારા કરતાં વધુ સારા છે, વખાણવા લાયક છે, તથા તેઓ બ્રાહ્મણ પણ છે-ક્ષત્રિય વગેરે નથી, તેમનો, આસન વગેરે આપીને તારે પ્રશ્વાસ-આશ્વાસન અર્થાત્ શ્રમ દૂર કરવો જોઈએ. વળી કોઈ સભામાં તેમને ઊંચું આસન પ્રાપ્ત થતાં તારે પ્રશ્વાસ-ઊંડો નિસાસો પણ ક્યારેય નાખવો જોઈએ નહીં. તારે તો કેવળ તેમના કથનનો સાર ગ્રહણ કરનારા બનવું જોઈએ.

આ વળી તારે જે કાંઈ દાન આપવું હોય તે શ્રદ્ધાપૂર્વક જ આપવું જોઈએ, અશ્રદ્ધાથી અર્થાત્ શ્રદ્ધા વિના નહીં. શ્રી એટલે પોતાની વિભૂતિ-ઐશ્વર્ય અનુસાર આપવું જોઈએ, હ્રી-શરમથી પણ આપવું જોઈએ, ભયથી પણ આપવું જોઈએ તેમ જ સંવિદ એટલે મૈત્રી વગેરે કાર્યના નિમિત્તથીય આપવું જોઈએ.

આ પ્રમાણે વર્તવા છતાંય જો તને કોઈ સમયે, કોઈ શ્રૌત કે સ્માર્ત કર્મ અથવા આચરણરૂપ વ્યવહારમાં સંશય ઉત્પન્ન થાય તો 'ये तत्र' ત્યાં-તે દેશ કે કાળમાં જે બ્રાહ્મણો નિયુક્ત થયેલા હોય-આ પ્રમાણે 'तत्र' આ પદનો 'युक्ताः' આ વ્યવધાનયુક્ત-વચ્ચે આવનારા પદ સાથે સંબંધ જોડવો જોઈએ, અને જે વિચારક્ષમ એટલે વિચાર કરવા સમર્થ હોય અને યુક્ત એટલે કર્મમાં જોડાયેલા હોય, બીજા કોઈથી પ્રયુક્ત-પ્રવૃત્ત ન થનારા હોય, સરળ ચિત્તવાળા અને ધર્મકર્મા એટલે અદૃષ્ટ ફળની ઈચ્છાવાળા એટલે કે કામનાને લીધે વિવેકશૂન્ય ન હોય તે બ્રાહ્મણો તે કર્મ કે આચરણમાં જેવી રીતે વર્તે તેવી જ રીતે તારે પણ વર્તવું જોઈએ. એવી જ રીતે અભ્યાખ્યાતો પ્રતિ-અભ્યાખ્યાત-અભ્યુક્ત અર્થાત્ જેમના પર કોઈ સંશયયુક્ત દોષનું આરોપણ કરવામાં આવ્યું હોય તેમના પ્રતિ, જેમ કે આ પહેલાં 'ये तत्र' વગેરેથી કહેવામાં આવ્યું છે તે પ્રમાણે, તે જ બધા વ્યવહારનો પ્રયોગ કરવો જોઈએ.

આ આદેશ અર્થાત્ ઉપનિષદ અર્થાત્ વિધિ છે, પુત્ર વગેરેનું, પિતા વગેરેનું આ ઉપનિષદ છે. આ વેદનું ઉપનિષદ અર્થાત્ રહસ્ય એટલે કે વેદનો અર્થ છે. આ જ અનુશાસન-ઈશ્વરનું વાક્ય છે. અથવા આદેશવાક્ય આમ પહેલાં કહેવામાં આવ્યું છે. તેથી આ બધા જ પ્રમાણભૂત (ઉપદેશકોનું) અનુશાસન છે. આમ છે તેથી, પહેલાં જે કંઈ કહેવામાં આવ્યું છે તે બધાની આ જ પ્રમાણે ઉપાસના કરવી એટલે આચરવું જોઈએ. આ પ્રમાણે જ એની ઉપાસના કરવી જોઈએ. આ ઉપાસનીય છે, અનુપાસ્ય નથી-આ રીતે પુનરુક્તિ ઉપાસનાના આદરને માટે છે. (૧-૪)

* * *

शाङ्करभाष्यम् :- अत्रैतच्चिन्त्यते विद्याकर्मणोर्विवेकार्थं किं कर्मभ्य एव केवलेभ्यः परं श्रेय उत विद्यासव्यपेक्षेभ्य आहोस्विद्विद्याकर्मभ्यां संहताभ्यां विद्याया वा कर्मापेक्षाया उत केवलाया एव विद्याया इति ? ★ तत्र केवलेभ्य एव

कर्मभ्यः स्यात् । समस्तवेदार्थज्ञानवतः कर्माधिकारात् । **'वेदः कृत्स्नोऽधिगन्तव्यः सरहस्यो द्विजन्मना'** इति स्मरणात् । अधिगमश्च सहोपनिषदर्थेनात्मज्ञानादिना । **'विद्वान्यजते' 'विद्वान्याजयति'** इति च विदुष एव कर्मण्यधिकारः प्रदर्श्यते सर्वत्र **'ज्ञात्वा चानुष्ठानम्'** इति च । कृत्स्नश्च वेदः कर्मार्थ इति हि मन्यन्ते केचित् । कर्मभ्यश्चेत्परं श्रेयो नावाप्यते वेदोऽनर्थकः स्यात् । न, नित्यत्वान्मोक्षस्य, नित्यो हि मोक्ष इष्यते । कर्मकार्यस्यानित्यत्वं प्रसिद्धं लोके । कर्मभ्यश्चेच्छ्रेयो नित्यं स्यात्तच्चानिष्टम् । **'तद्यथेह कर्मचितो लोकः क्षीयते'** (छा.उप. ८-१-६) इतिन्यायानुगृहीतश्रुतिविरोधात् । ★ काम्यप्रतिषिद्धयोरनारम्भादारब्धस्य च कर्मण उपभोगेन क्षयान्नित्यानुष्ठानाच्च तत्प्रत्यवायानुत्पत्तेज्ञाननिरपेक्ष एव मोक्ष इति चेत् ? ★ तच्च न, शेषकर्मसंभवात्तन्निमित्तशरीरान्तरोत्पत्तिः प्राप्नोतीति प्रत्युक्तम् । कर्मशेषस्य च नित्यानुष्ठानेनाविरोधात्क्षयानुपपत्तिरिति च । ★ यदुक्तं समस्तवेदार्थज्ञानवतः कर्माधिकारादित्यादि, तच्च न, श्रुतज्ञानव्यतिरेकादुपासनस्य । श्रुतज्ञानमात्रेण हि कर्मण्यधिक्रियते नोपासनामपेक्षते । उपासनं च श्रुतज्ञानादर्थान्तरं विधीयते । मोक्षफलमर्थान्तरप्रसिद्धं च स्यात् । 'श्रोतव्यः' इत्युक्त्वा तद्व्यतिरेकेण 'मन्तव्यो निदिध्यासितव्यः' इति यत्नान्तरविधानात् । मनननिदिध्यासनयोश्च प्रसिद्धं श्रवणज्ञानादर्थान्तरत्वम् । ★ एवं तर्हि विद्यासव्यपेक्षेभ्यः कर्मभ्यः स्यान्मोक्षः । विद्यासहितानां च कर्मणां भवेत्कार्यान्तरारम्भसामर्थ्यम् । यथा स्वतो मरणज्वरादिकार्यारम्भसमर्थानामपि विषदध्यादीनां मन्त्रशर्करादिसंयुक्तानां कार्यान्तरारम्भसामर्थ्यम्, एवं विद्यासहितैः कर्मभिर्मोक्ष आरभ्यत इति चेत् ? ★ न, आरभ्यस्यानित्यत्वादित्युक्तो दोषः । ★ वचनादारभ्योऽपि नित्य एवेति चेत् ? ★ न, ज्ञापकत्वाद्वचनस्य । वचनं नाम यथाभूतस्यार्थस्य ज्ञापकं नाविद्यमानस्य कर्तृ । न हि वचनशतेनापि नित्यमारभ्यत आरब्धं वाविनाशि भवेत् । एतेन विद्याकर्मणोः संहतयोर्मोक्षारम्भकत्वं प्रत्युक्तम् । ★ विद्याकर्मणी मोक्षप्रतिबन्धहेतुनिवर्तके इति चेत्-न, कर्मणः फलान्तरदर्शनात् । उत्पत्तिसंस्कारविकाराप्तयो हि फलं कर्मणो दृश्यते । उत्पत्त्यादिफलविपरीतश्च मोक्षः । ★ गतिश्रुतेराप्य इति चेत् । **'सूर्यद्वारेण', 'तयोर्ध्वमायन्'** (क.उप. २-३-१६) इत्येवमादिगतिश्रुतिभ्यः प्राप्यो मोक्ष इति चेत् । ★ न, सर्वगतत्वाद्गन्तृभिश्चानन्यत्वादाकाशादिकारणत्वात्सर्वगतं ब्रह्म । ब्रह्माव्यतिरिक्ताश्च सर्वे विज्ञानात्मानः । अतो नाप्यो मोक्षः । गन्तुरन्यद्विभिन्नं देशं प्रति भवति गन्तव्यम् । न हि येनैवाव्यतिरिक्तं यत्तत्तेनैव गम्यते । तदनन्यत्वप्रसिद्धेश्च **'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्'** (तै.उप. २-६-१) **'क्षेत्रज्ञं चापि मां विद्धि'** (गीता १३-२) इत्येवमादिश्रुतिस्मृतिशतेभ्यः । ★ गत्यैश्वर्यादिश्रुतिविरोध इति चेत् । अथापि स्याद्यद्यप्राप्यो मोक्षस्तदा गतिश्रुतीनां **'स एकधा'** (छा.उप. ७-२६-२) **'स यदि पितृलोककामो भवति'** (छा.उप. ८-२-१) **'स्त्रीभिर्वा यानैर्वा'** (छा.उप. ८-१२-३) इत्यादिश्रुतीनां च कोपः स्यादिति चेत् । ★ न, कार्यब्रह्मविषयत्वात्तासाम् । कार्ये हि ब्रह्मणि स्त्र्यादयः स्युर्न कारणे । **'एकमेवाद्वितीयम्'** (छा.उप. ६-२-१) **'यत्र नान्यत्पश्यति'** (छा.उप. ७-२४-१) **'तत्केन कं पश्येत्'** (बृ.उप. २-४-१४, ४-५-१५) इत्यादिश्रुतिभ्यः । ★ विरोधाच्च विद्याकर्मणोः समुच्चयानुपपत्तिः । प्रविलीनकर्त्रादिकारकविशेषतत्त्वविषया हि विद्या तद्विपरीतकारकसाध्येन कर्मणा विरुध्यते । न ह्येकं वस्तु परमार्थतः कर्त्रादिविशेषवत्तच्छून्यं चेत्युभयथा द्रष्टुं शक्यते । अवश्यं ह्यन्यतरन्मिथ्या स्यात् । अन्यतरस्य च मिथ्यात्वप्रसङ्गे युक्तं यत्स्वाभाविकाज्ञानविषयस्य द्वैतस्य मिथ्यात्वम् । **'यत्र हि द्वैतमिव भवति'** (बृ.उप. २-४-१४) **'मृत्योः स मृत्युमाप्नोति'** (क.उप. २-१-१०, बृ.उप. ४-४-१९) **'अथ यत्रान्यत्पश्यति....... तदल्पम्'** (छा.उप. ७-२४-१) **'अन्योऽसावन्योऽहमस्मि'** (बृ.उप. १-४-१०) **'उदरमन्तरं कुरुते अथ तस्य भयं भवति'** (तै.उप. २-७-१) इत्यादिश्रुतिशतेभ्यः । ★ सत्यत्वं चैकत्वस्य **'एकधैवानुद्रष्टव्यम्'** (बृ.उप. ४-४-२०) **'एकमेवाद्वितीयम्'** (छा.उप. ६-२-१) **'ब्रह्मैवेद सर्वम्'** (मु.उप. २-२-११) **'आत्मैवेदं सर्वम्'** (छा.उप. ७-२५-२) इत्यादिश्रुतिभ्यः । न च संप्रदानादिकारकभेदादर्शने कर्मोपपद्यते । अन्यत्वदर्शनापवादश्च विद्याविषये सहस्रशः श्रूयते । अतो विरोधो विद्याकर्मणोः । अतश्च समुच्चयानुपपत्तिः । तत्र यदुक्तं संहताभ्यां विद्याकर्मभ्यां मोक्ष इति, अनुपपन्नं तत् । ★ विहितत्वात्कर्मणां श्रुतिविरोध इति चेत् । यद्युपमृद्य कर्त्रादिकारकविशेषमात्मैकत्वविज्ञानं विधीयते सर्पादिभ्रान्तिविज्ञानोपमर्दकरज्ज्वादिविषयविज्ञानवत्प्राप्तः कर्मविधिश्रुतीनां निर्विषयत्वाद्विरोधः । विहितानि च कर्माणि । स च विरोधो न युक्तः । प्रमाणत्वाच्छ्रुतीनामिति चेत् ? ★ न, पुरुषार्थोपदेशपरत्वाच्छ्रुतीनाम् । विद्योपदेशपरा तावच्छ्रुतिः संसारात्पुरुषो मोक्षयितव्य इति संसारहेतोरविद्याया विद्यया निवृत्तिः



कर्तव्येति विद्याप्रकाशकत्वेन प्रवृत्तेति न विरोधः । ★ एवमपि कर्त्रादिकारकसद्भावप्रतिपादनपरं शास्त्रं विरुध्यत एवेति चेत् ? ★ न, यथाप्राप्तमेव कारकास्तित्वमुपादायोपात्तदुरितक्षयार्थं कर्माणि विदधच्छास्त्रं मुमुक्षूणां फलार्थिनां च फलसाधनं न कारकास्तित्वे व्याप्रियते । उपचितदुरितप्रतिबन्धस्य हि विद्योत्पत्तिर्नावकल्पते । तत्क्षये च विद्योत्पत्तिः स्यात्ततश्चाविद्यानिवृत्तिस्तत आत्यन्तिकः संसारोपरमः । ★ अपि चानात्मदर्शिनो ह्यनात्मविषयः कामः । कामयामानश्च करोति कर्माणि । ततस्तत्फलोपभोगाय शरीराद्युपादानलक्षणः संसारः । तद्व्यतिरेकेणात्मैकत्वदर्शिनो विषयाभावात्कामानुत्पत्तिरात्मनि चानन्यत्वात्कामानुत्पत्तौ स्वात्मन्यवस्थानं मोक्ष इत्यतोऽपि विद्याकर्मणोर्विरोधः । विरोधादेव च विद्या मोक्षं प्रति न कर्माण्यपेक्षते । ★ स्वात्मलाभे तु पूर्वोपचितप्रतिबन्धापनयद्वारेण विद्याहेतुत्वं प्रतिपद्यन्ते कर्माणि नित्यानीति । अत एवास्मिन्प्रकरण उपन्यस्तानि कर्माणीत्यवोचाम । एवं चाविरोधः कर्मविधिश्रुतीनाम् अतः केवलाया एव विद्यायाः परं श्रेय इति सिद्धम् । ★ एवं तर्ह्याश्रमान्तरानुपपत्तिः । कर्मनिमित्तत्वाद्विद्योत्पत्तेः । गार्हस्थ्ये च विहितानि कर्माणीत्यैकाश्रम्यमेव । अतश्च यावज्जीवादिश्रुतयोऽनुकूलतराः । ★ न, कर्मानेकत्वात् । न ह्यग्निहोत्रादीन्येव कर्माणि । ब्रह्मचर्यं तपः सत्यवदनं शमो दमोऽहिंसेत्येवमादीन्यपि कर्माणीतराश्रमप्रसिद्धानि विद्योत्पत्तौ साधकतमान्यसंकीर्णत्वाद्विद्यन्ते ध्यानधारणादिलक्षणानि च । वक्ष्यति च-'**तपसा ब्रह्म विजिज्ञासस्व**' (तै.उप. ३-२-५) इति । ★ जन्मान्तरकृतकर्मभ्यश्च प्रागपि गार्हस्थ्याद्विद्योत्पत्तिसंभवात्कर्मार्थत्वाच्च गार्हस्थ्यप्रतिपत्तेः कर्मसाध्यायां च विद्यायां सत्यां गार्हस्थ्यप्रतिपत्तिरनर्थिकैव । लोकार्थत्वाच्च पुत्रादीनाम्, पुत्रादिसाध्येभ्यश्चायं लोकः पितृलोको देवलोक इत्येतेभ्यो व्यावृत्तकामस्य नित्यसिद्धात्मलोकदर्शिनः कर्मणि प्रयोजनमपश्यतः कथं प्रवृत्तिरुपपद्यते । प्रतिपन्नगार्हस्थ्यस्यापि विद्योत्पत्तौ विद्यापरिपाकाद्विरक्तस्य कर्मसु प्रयोजनमपश्यतः कर्मभ्यो निवृत्तिरेव स्यात् । '**प्रव्रजिष्यन्वा अरेऽहमस्मात्स्थानादस्मि**' (बृ.उप. ४-५-२) इत्येवमादिश्रुतिलिङ्गदर्शनात् । ★ कर्म प्रति श्रुतेर्यत्नाधिक्यदर्शनादयुक्तमिति चेदग्निहोत्रादिकर्म प्रति श्रुतेरधिको यत्नो महांश्च कर्मण्यायासोऽनेकसाधनसाध्यत्वादग्निहोत्रादीनाम् । तपोब्रह्मचर्यादीनां चेतराश्रमकर्मणां गार्हस्थ्येऽपि समानत्वादल्पसाधनापेक्षत्वाच्चेतरेषां न युक्तस्तुल्यवद्विकल्प आश्रमिभिस्तस्येति चेत् । ★ न, जन्मान्तरकृतानुग्रहात् । यदुक्तं कर्मणि श्रुतेरधिको यत्न इत्यादि नासौ दोषः । यतो जन्मान्तरकृतमप्यग्निहोत्रादिलक्षणं कर्म ब्रह्मचर्यादिलक्षणं चानुग्राहकं भवति विद्योत्पत्तिं प्रति । येन जन्मनैव विरक्ता दृश्यन्ते केचित् । केचित्तु कर्मसु प्रवृत्ता अविरक्ता विद्याविद्वेषिणः । तस्माज्जन्मान्तरकृतसंस्कारेभ्यो विरक्तानामाश्रमान्तरप्रतिपत्तिरेवेष्यते । कर्मफलबाहुल्याच्च, पुत्रस्वर्गब्रह्मवर्चसादिलक्षणस्य कर्मफलस्यासंख्येयत्वात्, तत्प्रति च पुरुषाणां कामबाहुल्यात्तदर्थः श्रुतेरधिको यत्नः कर्मसूपपद्यते । आशिषां बाहुल्यदर्शनादिदं मे स्यादिदं मे स्यादिति । उपायत्वाच्च, उपायभूतानि हि कर्माणि विद्यां प्रतीत्यवोचाम । उपायेऽधिको यत्नः कर्तव्यो नोपेये । ★ कर्मनिमित्तत्वाद्विद्याया यत्नान्तरानर्थक्यमिति चेत्कर्मभ्य एव पूर्वोपचितदुरितप्रतिबन्धक्षयादेव विद्योत्पद्यते चेत्कर्मभ्यः पृथगुपनिषच्छ्रवणादियत्नोऽनर्थक इति चेत् । ★ न, नियमाभावात् । न हि प्रतिबन्धक्षयादेव विद्योत्पद्यते न त्वीश्वरप्रसादतपोध्यानाद्यनुष्ठानादिति नियमोऽस्ति । अहिंसाब्रह्मचर्यादीनां च विद्यां प्रत्युपकारकत्वात्साक्षादेव च कारणत्वाच्छ्रवणमनननिदिध्यासनानाम् । अतः सिद्धान्याश्रमान्तराणि सर्वेषां चाधिकारो विद्यायां परं च श्रेयः केवलाया विद्याया एवेति सिद्धम् ।

શાંકરભાષ્ય :- હવે વિદ્યા અને કર્મના વિવેક માટે વિચાર કરવામાં આવે છે કે (૧) પરમ શ્રેયની પ્રાપ્તિ શું કેવળ કર્મથી (થાય છે) (૨) અથવા વિદ્યાની અપેક્ષા સાથેના કર્મથી (થાય છે), (૩) અથવા પરસ્પર મળેલા વિદ્યા અને કર્મ બન્નેથી પરમ શ્રેયની પ્રાપ્તિ (થાય છે), (૪) કે કર્મની અપેક્ષા રાખનારી વિદ્યાથી, (૫) અથવા તો કેવળ વિદ્યાથી જ પ્રાપ્તિ (થાય છે) ?

પૂર્વપક્ષી : તેમાં (પહેલો પક્ષ એ છે કે) કેવળ કર્મોથી જ પરમ શ્રેયની પ્રાપ્તિ થઈ શકે છે, કારણ કે '**દ્વિજાતિએ સંપૂર્ણ વેદનું જ્ઞાન રહસ્ય સહિત મેળવવું જોઈએ.**' એવી સ્મૃતિ હોવાથી સંપૂર્ણ વેદનું જ્ઞાન રાખનારાને જ કર્મનો અધિકાર છે અને વેદનું જ્ઞાન ઉપનિષદના અર્થભૂત આત્મજ્ઞાન વગેરેની સાથે જ થઈ શકે છે. '**વિદ્વાન યજ્ઞ કરે છે,**' '**વિદ્વાન યજ્ઞ કરાવે છે**' વગેરે વાક્યોથી સર્વત્ર વિદ્વાનનો જ કર્મમાં અધિકાર બતાવવામાં આવ્યો છે, તેમ જ '**જાણીને કર્માનુષ્ઠાન કરવું,**' એમ પણ કહ્યું છે. કેટલાકો એમ પણ માને છે કે, સમગ્ર વેદ કર્મને માટે છે, ને વળી જો કર્મોથી જ પરમ શ્રેયની પ્રાપ્તિ ના થાય તો વેદ પણ વ્યર્થ થઈ જશે.

સિદ્ધાંતી : ના (એમ નથી), કારણ કે મોક્ષનું નિત્યત્વ છે-મોક્ષને નિત્ય જ માનવામાં આવેલ છે, અને કર્મના કાર્યની અનિત્યતા લોકમાં પ્રસિદ્ધ છે. જો કર્મોથી નિત્ય શ્રેય થાય છે એમ માનવામાં આવે તો ઇષ્ટ નથી, કારણ કે એનો **'જે પ્રમાણે આ કર્મોપાર્જિત લોક ક્ષીણ થાય છે (તે જ પ્રમાણે પુણ્યથી ઉપાર્જિત પરલોક પણ ક્ષીણ થઈ જાય છે)'** (છાં.ઉપ. ૮-૧-૬) આ ન્યાયયુક્ત શ્રુતિ સાથે વિરોધ આવે છે.

પૂર્વપક્ષી : કામ્ય અને પ્રતિષિદ્ધ કર્મોનો આરંભ ન કરવાથી, પ્રારબ્ધ કર્મોના ભોગથી જ ક્ષય થઈ જવાને લીધે તથા નિત્ય કર્મો કરવાથી દોષ-પાપની ઉત્પત્તિ ન થવાને લીધે મોક્ષને જ્ઞાનની આવશ્યકતા રહેતી નથી જો એમ કહો તો ?

સિદ્ધાંતી : ના, એ એમ નથી, શેષ (સંચિત) કર્મો રહી જવાથી અર્થાત્ સંચિત કર્મો બાકી રહેવાથી તેમના લીધે બીજું શરીર, તે કર્મો ભોગવવા માટે ઉત્પન્ન થવાનું સિદ્ધ થાય છે - આ રીતે આનું અમે અગાઉ ખંડન કરી ચૂક્યા છીએ. વળી નિત્યકર્મોના અનુષ્ઠાન-આચરણ સાથે સંચિત કર્મોનો વિરોધ ન હોવાથી તેમનો ક્ષય થવો શક્ય નથી.

વળી જે એમ કહ્યું છે કે, સમસ્ત વેદના અર્થને જાણનારાને જ કર્મનો અધિકાર હોવાથી (કેવળ કર્મથી જ નિઃશ્રેયસની પ્રાપ્તિ થઈ શકે છે) તે પણ યોગ્ય નથી, કારણ કે ઉપાસના શ્રુતજ્ઞાન(ગુરુકુળમાં કરેલા વાક્યવિચાર)થી જુદી જ છે. મનુષ્ય શ્રુતજ્ઞાનમાત્રથી જ કર્મનો અધિકારી થઈ જાય છે, એના માટે તે ઉપાસનાની અપેક્ષા રાખતો નથી. ઉપાસનાને તો શ્રુતજ્ઞાનથી ભિન્ન દર્શાવેલ છે. તે ઉપાસના મોક્ષરૂપ ફળવાળી અને અર્થાંતરરૂપથી પ્રસિદ્ધ છે, કારણ કે 'શ્રોતવ્યઃ' એમ કહીને (મનન અને નિદિધ્યાસનને માટે) 'मन्तव्यो निदिध्यासितव्यः' - આ પ્રમાણે જુદા યત્નનું વિધાન કરવામાં આવ્યું છે, વ્યવહારમાં પણ શ્રવણજ્ઞાનથી મનન અને નિદિધ્યાસનનું અર્થાન્તરત્વ-જુદા અર્થવાળા હોવું એ જાણીતું છે.

પૂર્વપક્ષી : આ રીતે ત્યારે તો વિદ્યાની અપેક્ષાથી જોડાયેલાં કર્મો દ્વારા જ મોક્ષ થઈ શકે છે, જે કર્મો જ્ઞાન સહિત હોય છે તેમનામાં કાર્યાન્તરના આરંભનું સામર્થ્ય હોઈ શકે છે. જેવી રીતે વિષથી મરણ અને દહીંથી તાવ આવવાના કાર્યનો આરંભ કરવા સમર્થ બે દ્રવ્યો હોવા છતાંય એ વિષ અને દહીં અનુક્રમે મંત્ર અને સાકરથી યુક્ત હોય તો તેમનામાં કાર્યાન્તર-અન્ય કાર્યના આરંભનું સામર્થ્ય આવી જાય છે, એવી જ રીતે વિદ્યા સહિત કર્મોથી મોક્ષનો આરંભ થઈ શકે છે- જો એમ કહો તો ?

સિદ્ધાંતી : ના, જે વસ્તુ આરંભ થનારી હોય છે તે અનિત્ય હોય છે - આ પ્રમાણે આ પક્ષનો દોષ દેખાડી દેવામાં આવ્યો છે.

પૂર્વપક્ષી : પરંતુ ('न स पुनरावर्तते' તે ફરીથી પાછો ફરતો નથી વગેરે) વચનથી તો આરંભ થનારો મોક્ષ પણ નિત્ય જ હોય છે ને ? જો એમ કહો તો -

સિદ્ધાંતી : ના, કારણ કે વચન તો કેવળ જ્ઞાપક છે, યથાર્થ અર્થને બતાવનારાનું જ નામ 'વચન' છે, તે કોઈ વિદ્યમાન ન હોય (અસ્તિત્વ ધરાવતો ન હોય) તેવા પદાર્થને ઉત્પન્ન કરનારનું હોતું નથી. સેંકડો વચનોથી પણ નિત્ય વસ્તુનો આરંભ કરી શકતો નથી. વળી આરંભ થનારી વસ્તુ અવિનાશી પણ હોઈ શકતી નથી. આથી વિદ્યા અને કર્મના સંઘાતથી મોક્ષનો આરંભ થતો હોવાનો પ્રતિષેધ કરી દેવામાં આવ્યો.

વિદ્યા અને કર્મ એ બંને મોક્ષના પ્રતિબંધના-મોક્ષને અટકાવનારા હેતુઓને નિવૃત્ત-દૂર કરનારાં છે. જો એમ કહો તો આ કથન યોગ્ય નથી, કારણ કે કર્મોનું ફળ બીજું જોવામાં આવે છે. ઉત્પત્તિ, સંસ્કાર, વિકાર અને આપ્તિ-આ કર્મનાં ફળ જોવામાં આવે છે, (પરંતુ) મોક્ષ, ઉત્પત્તિ વગેરે ફળથી વિપરીત છે.

પૂર્વપક્ષી : ગતિને પ્રતિપાદન કરનારી શ્રુતિઓથી તો મોક્ષ આપ્ય-પ્રાપ્ત કરવા યોગ્ય છે એમ સિદ્ધ થાય છે - **'સૂર્ય દ્વારથી' 'તે સુષુમ્ણા નાડી દ્વારા ઊર્ધ્વ લોકોમાં જનારો'** (ક.ઉપ. ૨-૩-૧૬) વગેરે ગતિપ્રતિપાદક શ્રુતિઓથી જણાય છે કે મોક્ષ પ્રાપ્ય છે.

સિદ્ધાંતી : ના (એમ નથી,) કારણ કે બ્રહ્મ સર્વગત, ગમન કરનારાઓથી અભિન્ન અને આકાશ વગેરેનું પણ કારણ હોવાથી સર્વગત છે, ને સંપૂર્ણ વિજ્ઞાનાત્મા બ્રહ્મથી અભિન્ન છે (અર્થાત્ વિજ્ઞાનાત્મા બ્રહ્મથી જુદો નથી.) આથી મોક્ષ આપ્ય નથી. ગમન કરનારાનું ગંતવ્ય ભિન્ન દેશમાં જ હોય છે, જે જેનાથી અભિન્ન હોય તે તેનું ગંતવ્ય હોતું નથી અને તેની અનન્યતા તો **'તેને રચીને તે તેમાં જ પ્રવેશ પામી ગયો,'** (તૈ.ઉપ. ૨-૬-૧) **'સર્વ ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ પણ તું મને જ જાણ'** (ભ.ગી. ૧૩-૨) વગેરે સેંકડો શ્રુતિ-સ્મૃતિઓથી સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષી : (એમ માનવાથી તો) ગતિ અને ઐશ્વર્યનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓ સાથે વિરોધ થશે-વારુ, જો મોક્ષ

અપ્રાપ્ય જ હોય તોપણ ગતિશ્રુતિ તથા **'તે એક રૂપવાળો છે,'** (છાં.ઉપ. ૭-૨૬-૨) **'તે જો પિતૃલોકની ઈચ્છાવાળો હોય છે'** (છાં.ઉપ. ૮-૨-૧) **'તે સ્ત્રીઓ સાથે અને યાનોની સાથે રમણ કરે છે,'** (છાં.ઉપ. ૮-૧૨-૩) વગેરે શ્રુતિઓનો બાધ થઈ જશે.

સિદ્ધાંતી : ના, એમ નહિ થાય, કારણ કે તે (શ્રુતિઓ) તો કાર્યબ્રહ્મ સાથે સંબંધ રાખનારી છે. સ્ત્રી વગેરે તો કાર્યબ્રહ્મમાં જ હોઈ શકે છે, કારણબ્રહ્મમાં નહીં. જેમ કે **'એક જ અદ્વિતીય બ્રહ્મ'** (છાં.ઉપ. ૬૨-૧) **'જ્યાં બીજું કોઈ જોતું નથી,'** (છાં.ઉપ. ૭-૨૪-૧) **'તો પછી કોનાથી કોને જુએ'** (બૃ.ઉ. ૨-૪-૧૪, ૪-૫-૧૫) વગેરે શ્રુતિઓથી સિદ્ધ થાય છે.

આ સિવાય વિદ્યા અને કર્મનો (પરસ્પર) વિરોધ હોવાને કારણે પણ તેમનો સંબંધ થઈ શકતો નથી. જેમાં કર્તા-કરણ વગેરે કારકવિશેષોનો લય થાય છે તે તત્ત્વને (બ્રહ્મને) વિષય કરનારી વિદ્યા પોતાથી વિપરીત સાધન દ્વારા સાધ્ય એવા કર્મથી વિરુદ્ધ છે, એક જ વસ્તુ પરમાર્થતઃ કર્તા વગેરે વિશેષથી યુક્ત અને તેનાથી રહિત એમ બન્નેય પ્રકારથી જોઈ શકાતી નથી. તેમનામાંનું ગમે તે એક અવશ્ય મિથ્યા હોવું જોઈએ. એ રીતે એમાંના કોઈ એકના મિથ્યાત્વનો પ્રસંગ ઉપસ્થિત થતાં જે સ્વભાવથી જ અજ્ઞાનનો વિષય છે તે દ્વૈતનું જ મિથ્યા થવું ઉચિત છે, જેમ કે **'જ્યાં દ્વૈતની જેવું હોય છે,'** (બૃ.ઉપ. ૨-૪-૧૪) **'તે મૃત્યુથી મૃત્યુને પ્રાપ્ત થાય છે,'** (ક.ઉપ. ૨-૧-૧૦, બૃ.ઉપ. ૪-૪-૧૯) **'જ્યાં બીજું જુએ છે તે અલ્પ છે.'** (છાં.ઉપ. ૭-૨૪૧) **'આ અન્ય છે, હું અન્ય છું',** (બૃ.ઉપ. ૧-૪-૧૦) **'જે સહેજ પણ ભેદ રાખે છે તેને ભય પ્રાપ્ત થાય છે'** (તૈ.ઉપ. ૨-૭-૧) વગેરે સેંકડો શ્રુતિથી પ્રમાણિત થાય છે.

વળી **'એક રૂપથી જ જોવું જોઈએ'** (બૃ.ઉપ. ૪-૪-૨૦) **'એક જ અદ્વિતીય'** (છાં.ઉપ. ૬-૨-૧) **'આ સર્વ બ્રહ્મ જ છે,'** (મું.ઉપ. ૨-૨-૧૧) **'આ સર્વ આત્મા જ છે'** (છાં.ઉપ. ૭-૨૫-૨) વગેરે શ્રુતિઓથી એકત્વનું સત્યપણું સિદ્ધ થાય છે. સમ્પ્રદાન વગેરે કારકભેદ ન દેખાતાં કર્મ પણ શક્ય નથી. જ્ઞાનને વિષે ભેદદષ્ટિના અપવાદ તો હજારો સાંભળવામાં આવે છે. આથી વિદ્યા અને કર્મનો વિરોધ છે. એટલા માટે પણ તેમનો સંબંધ થવાનું શક્ય નથી. આવી પરિસ્થિતિમાં, અગાઉ તમે જે એમ કહ્યું હતું કે, 'પરસ્પર મળેલાં વિદ્યા અને કર્મ બંનેથી મોક્ષ થાય છે.' તે યોગ્ય નથી.

પૂર્વપક્ષી : કર્મ પણ શ્રુતિવિહિત છે, માટે આમ માનવાથી શ્રુતિ સાથે વિરોધ આવશે. જો સર્પ વગેરે ભ્રાન્તિજનિત જ્ઞાનનો બાધ કરનારા રજ્જુ આદિ વિષયક જ્ઞાનની જેમ કર્તા વગેરે કારકવિશેષનું ઉપમર્દન એટલે બાધ કરીને જ આત્માની એકતાના જ્ઞાનનું વિધાન કરાય છે, તો પછી કોઈ વિષય ન રહેવાથી કર્મનું વિધાન કરનારી શ્રુતિઓનો તે (વિદ્યાનું વિધાન કરનારી શ્રુતિઓ) સાથે વિરોધ આવશે. અને કર્મોનું વિધાન પણ કરાયું જ છે તેમ જ બધી શ્રુતિઓ પ્રમાણભૂત છે તેથી અગાઉ કહેલો વિરોધ યોગ્ય નથી, જો એમ કહેવામાં આવે તો ?

સિદ્ધાંતી : ના, (આમ કહેવું યોગ્ય નથી), કારણ કે શ્રુતિઓ પરમ પુરુષાર્થનો ઉપદેશ કરવામાં પ્રવૃત્ત છે. શ્રુતિ જ્ઞાનનો ઉપદેશ કરવામાં તત્પર છે. તેને સંસારમાંથી પુરુષનો મોક્ષ કરાવવો છે, આ માટે સંસારનું કારણ બનેલી અવિદ્યાની વિદ્યા દ્વારા નિવૃત્તિ કરવી જરૂરી છે, તેથી તે વિદ્યાનો પ્રકાશ કરનારી બનીને પ્રવૃત્ત થયેલી છે, માટે આમ માનવામાં કોઈ વિરોધ આવતો નથી.

પૂર્વપક્ષી : પરંતુ એમ માનવામાં આવે તોપણ કર્તા વગેરે કારકના અભિમાનનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રનો તો તેની સાથે વિરોધ થાય જ છે.

સિદ્ધાંતી : ના, (એમ નથી) સ્વભાવથી જ પ્રાપ્ત થયેલા કારકોના અસ્તિત્વનો સ્વીકાર કરી સંચિત પાપોના ક્ષય માટે કર્મોનું વિધાન કરનારાં શાસ્ત્રો મુમુક્ષુઓ અને ફળની ઈચ્છા ધરાવનારાઓને (તેમના ઈષ્ટ) ફળ મેળવી આપવાનું સાધન છે. તે કારકોનું અસ્તિત્વ સિદ્ધ કરવામાં પ્રવૃત્ત નથી. સંચિત પાપરૂપ પ્રતિબંધવાળાને જ્ઞાનની ઉત્પત્તિ પછી થતી નથી. તેનો ક્ષય થઈ ગયા પછી જ જ્ઞાન થાય છે અને અવિદ્યાની નિવૃત્તિ થાય છે અને પછી સંસારની આત્યંતિક ઉપરતિ થાય છે.

જે પુરુષ અનાત્મદર્શી છે તેને જ અનાત્મવસ્તુ સંબંધી કામના થઈ શકે છે. જેને કંઈ કામના અર્થાત્ ઈચ્છા હોય છે તે જ કર્મ કરે છે ને તેથી જ તેમનું ફળ ભોગવવા માટે તેને શરીર વગેરે ગ્રહણ કરવારૂપ સંસારની પ્રાપ્તિ થાય છે, આથી ભિન્ન આત્મામાં એકત્વને જોનારની દૃષ્ટિમાં વિષયોનો અભાવ હોવાથી તેને તેમની કામના પણ થઈ શકતી નથી. આત્મા તો પોતાથી અભિન્ન છે, તેથી તેની કામના પણ અસંભવ હોવાથી તેને સ્વાત્મસ્વરૂપમાં સ્થિત થવારૂપ મોક્ષ સિદ્ધ જ છે. આથી પણ જ્ઞાન અને કર્મનો વિરોધ છે અને (આવો) વિરોધ હોવાને કારણે જ્ઞાન મોક્ષની બાબતમાં કર્મની અપેક્ષા રાખતું નથી.



પરંતુ, આત્મલાભમાં પૂર્વસંચિત પાપરૂપ પ્રતિબંધની નિવૃત્તિ દ્વારા નિત્ય કર્મો જ્ઞાનપ્રાપ્તિમાં હેતુ અવશ્ય હોય છે. તેથી જ આ પ્રકરણમાં કર્મોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, એમ તો અમે (પહેલાં) કહ્યું છે. આ રીતે પણ કર્મનું વિધાન કરનારી શ્રુતિઓનો (વિદ્યાનું વિધાન કરનારી શ્રુતિઓ સાથે) વિરોધ નથી. આથી આ સિદ્ધ થયું કે, કેવળ વિદ્યાથી જ પરમશ્રેયની પ્રાપ્તિ થાય છે.

પૂર્વપક્ષી : જો આમ જ છે તો પછી (ગૃહસ્થાશ્રમ સિવાય) બીજા આશ્રમોનું હોવું પણ સંગત થતું નથી, કારણ કે વિદ્યાની ઉત્પત્તિ તો કર્મના નિમિત્તથી થાય છે અને કર્મોનું વિધાન કેવળ ગૃહસ્થને માટે છે, માટે આ પરથી એકાશ્રમત્વની જ સિદ્ધિ થાય છે ને તેથી **'જીવતાં સુધી અગ્નિહોત્ર કરવું'** વગેરે શ્રુતિઓ વળી વધારે અનુકૂળ સિદ્ધ થાય.

સિદ્ધાંતી : ના (વાત એમ નથી.) કારણ કે કર્મ અનેક છે. કેવળ અગ્નિહોત્ર વગેરે જ કર્મ નથી. બ્રહ્મચર્ય, તપ, સત્ય ભાષણ, શમ, દમ અને અહિંસા વગેરે બીજાં કર્મો પણ બીજા આશ્રમો માટે જાણીતાં છે, તે કર્મો તથા ધ્યાન-ધારણા વગેરે કર્મ (હિંસા વગેરે દોષોથી) અલિપ્ત હોવાથી જ્ઞાનની ઉત્પત્તિમાં સર્વોત્તમ સાધન છે. આગળ ઉપર હવે પછી (ભૃગુવલ્લી ૨-૫ માં) એમ કહેવામાં પણ આવશે કે, **'તપથી બ્રહ્મને જાણવાની ઇચ્છા કર.'** (તૈ.ઉપ. ૩-૨૫)

બીજા જન્મોમાં કરેલાં કર્મોથી તો ગૃહસ્થાશ્રમ સ્વીકારતાં પહેલાં પણ જ્ઞાનની ઉત્પત્તિ થવાનો સંભવ હોવાથી ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કેવળ કર્મોને જ માટે કરવામાં આવે છે, તેથી કર્મસાધ્ય જ્ઞાનની પ્રાપ્તિ થઈ ગયા પછી તો ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરવો અર્થહીન છે. વળી પુત્રાદિ સાધન તો લોકોની પ્રાપ્તિ થવા માટે છે. પુત્ર વગેરે સાધનોથી સિદ્ધ થનારા તે ઇહલોક, પિતૃલોક તેમ જ દેવલોક વગેરેથી છુટી ગયેલી કામનાવાળા તથા નિત્યસિદ્ધ આત્માનો સાક્ષાત્કાર કરનારા અને કર્મો વિષે કોઈ પ્રયોજન ન જોનારા તે બ્રહ્મવેત્તાની કર્મોમાં કેવી રીતે પ્રવૃત્તિ થાય છે ? ગૃહસ્થાશ્રમ સ્વીકારનારને પણ જ્યારે જ્ઞાનની પ્રાપ્તિ થતાં અને જ્ઞાનના પરિપાકથી વિષયોમાં વૈરાગ્ય થતાં કર્મોમાં પોતાનું કોઈ પ્રયોજન ન જોતાં તેમનાથી નિવૃત્તિ થશે, આ વિષયમાં **'અરે એ મૈત્રેયી ! હું આ ગૃહસ્થાશ્રમમાંથી સંન્યાસ સ્વીકારવાનો છું'** (બૃ.ઉપ. ૪-૫-૨) વગેરે શ્રુતિરૂપ લક્ષણ જણાય છે.

પૂર્વપક્ષી : પરંતુ કર્મ પ્રત્યે શ્રુતિનું વધારે પડતું વલણ જોવામાં આવવાથી તેમ જ તે માટેના વધારે પ્રયત્નથી તો આ વાત યોગ્ય જણાતી નથી એમ માનીએ તો ? અગ્નિહોત્રાદિ કર્મ તરફ અને કર્માચરણ પ્રતિ શ્રુતિનો પ્રયત્ન વિશેષ છે, કારણ કે અગ્નિહોત્રાદિ કર્મ અનેક સાધનોથી સિદ્ધ થનારાં છે. બીજા આશ્રમોનાં કર્મ તપ અને બ્રહ્મચર્ય વગેરે તો ગૃહસ્થામમાં પણ તેમના જેવાં જ કર્તવ્ય તથા અલ્પસાધનની જરૂરિયાતવાળાં છે તેથી બીજા આશ્રમવાળાઓ સાથે ગૃહસ્થાશ્રમને તેમના જેવો માનવો એ યોગ્ય નથી એમ તમે કહો તો.

સિદ્ધાંતી : ના, કારણ કે તેમના પર અન્ય જન્મનો અનુગ્રહ હોય છે. તમે જે એમ કહ્યું કે 'કર્મ પ્રત્યે શ્રુતિનું વધારે પડતું વલણ જોવામાં આવે છે' વગેરે, તે દોષ નથી, કારણ કે અન્ય જન્મમાં કરેલું અગ્નિહોત્રાદિ તથા બ્રહ્મચર્યાદિરૂપ કર્મ જ્ઞાનની ઉત્પન્નમાં ઉપયોગી છે, જેથી કરીને કેટલાક માણસો તો જન્મથી જ વિરક્ત જોવામાં આવે છે ને કેટલાકો કર્મમાં પ્રવૃત્ત વૈરાગ્ય વિનાના અને જ્ઞાનના વિરોધી જણાય છે. તેથી જન્માંતરના સંસ્કારોથી બનેલા વિરક્તો માટે (ગૃહસ્થ સિવાયના) બીજા આશ્રમોને સ્વીકારવાનું જ ઇષ્ટ છે. કર્મફળોની અધિકતા હોવાને કારણે તેમ થવું ઇષ્ટ છે. પુત્ર, સ્વર્ગ, તેમ જ બ્રહ્મતેજ વગેરે કર્મફળો ન ગણી શકાય તેવા હોવાથી અને તેમના માટે પુરુષોની કામનાઓ બહુ હોવાથી કર્મો પ્રતિ શ્રુતિ વધારે ઢળે એ યોગ્ય છે, કારણ કે 'મને આ મળે, મને તે મળે' આ પ્રમાણે કામનાઓની વિપુલતા પણ જોવામાં આવે છે. કર્મો જ્ઞાન ઉત્પન્ન થવામાં ઉપાયરૂપ છે, એમ આ પહેલાં અમે કહ્યું છે, વળી પ્રયત્ન ઉપાયમાં જ વધુ કરવો જોઈએ, ઉપેયમાં-ઉપાયથી સાધ્ય હોય તેમાં નહીં.

પૂર્વપક્ષી : કર્મને લીધે જ્ઞાન થાય છે, તેથી પણ અન્ય પ્રયત્નની નિરર્થકતા સિદ્ધ થાય છે. જો કર્મો દ્વારા જ પૂર્વસંચિત પાપરૂપી પ્રતિબંધનો ક્ષય થતાં જ્ઞાનની ઉત્પત્તિ થાય છે તો પછી કર્મોથી જુદાં એવાં ઉપનિષદના શ્રવણાદિ વિષયક પ્રયત્ન વ્યર્થ જ છે એમ માનીએ તો ?

સિદ્ધાંતી : ના, કારણ કે એવો કોઈ નિયમ નથી - 'જ્ઞાનની ઉત્પત્તિ પ્રતિબંધના ક્ષયથી જ થાય છે, ઈશ્વરકૃપા, તપ તથા ધ્યાન વગેરેથી થઈ શકતી નથી.' એવો કોઈ નિયમ નથી, કારણ કે અહિંસા, બ્રહ્મચર્ય વગેરે પણ જ્ઞાન ઉત્પન્ન થવામાં ઉપયોગી હોવાથી શ્રવણ, મનન અને નિદિધ્યાસન વગેરે તો તેનાં સાક્ષાત્ કારણો હોવાથી અન્ય આશ્રમોનું હોવું સિદ્ધ જ

છે અને જ્ઞાન પ્રાપ્ત કરવામાં બધા જ આશ્રમવાળાઓનો અધિકાર છે. આથી પરમશ્રેયની પ્રાપ્તિ કેવળ જ્ઞાનથી જ થઈ શકે છે એ સિદ્ધ થયું.

इति शीक्षावल्ल्यां एकादशोऽनुवाकः ॥ ११ ॥

❖

द्वादश अनुवाक

अतीतविद्याप्राप्त्युपसर्गशमनार्थं शान्तिं पठति –

આગળ (કહેલી) વિદ્યાની પ્રાપ્તિના વિઘ્નોના શમન માટે શાંતિપાઠ કરવામાં આવે છે –

शं नो मित्रः शं वरुणः । सं नो भवत्वर्यमा । शं न इन्द्रो बृहस्पतिः । शं नो विष्णुरुरुक्रमः । नमो ब्रह्मणे । नमस्ते वायो । त्वमेव प्रत्यक्षं ब्रह्मासि । त्वामेव प्रत्यक्षं ब्रह्मावादिषम् । ऋतमवादिषम् । सत्यमवादिषम् । तन्मामावीत् । तद्वक्तारमावीत् । आवीन्माम् । आवीद्वक्तारम् ॥

ॐ शान्तिः । शान्तिः ॥ शान्तिः ॥। ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- नः-અમારે માટે मित्रः-મિત્ર નામના દેવ शम्-કલ્યાણકારી (બનો). વળી वरुणः-વરુણદેવ शम्-કલ્યાણકારી (બનો) नः-અમારે માટે अर्यमा-અર્યમા દેવ शम्-કલ્યાણકારી भवतु-બનો. नः-અમારે માટે इन्द्रः-ઈન્દ્ર અને बृहस्पतिः-બૃહસ્પતિ शम्-કલ્યાણકારી બને. नः-અમારે માટે उरुक्रमः-વિશાળ પગલાંવાળા विष्णुः-ભગવાન વિષ્ણુ शम्-કલ્યાણકારી બનો. ब्रह्मणे-બ્રહ્મને नमः-નમસ્કાર. वायो-હે વાયુદેવ ! ते-તમને नमः-નમસ્કાર. त्वम्-તમે एव-જ प्रत्यक्षम्-સાક્ષાત્ ब्रह्म-બ્રહ્મ असि-છો. त्वम्-તમને एव-જ प्रत्यक्षम्-સાક્ષાત્ ब्रह्म-બ્રહ્મ अवादिषम्-કહ્યા છે. ऋतम्-ઋત अवादिषम्-કહ્યા છે. सत्यम्-સત્ય अवादिषम्-કહ્યા છે. तत्-તે (બ્રહ્મ) माम्-મારી आवीत्-રક્ષા કરી છે. तत्-તે वक्तारम्-વક્તાની आवीत्-રક્ષા કરી છે. आवीत् माम्-મારી રક્ષા કરી છે. आवीत् वक्तारम्-વક્તાની-મારા આચાર્યની રક્ષા કરી છે. ॐ-ૐ शान्तिः-આધિભૌતિક શાંતિ થાવ, शान्तिः-આધિદૈવિક શાંતિ થાવ, शान्तिः-આધ્યાત્મિક શાંતિ થાવ. (૧)

અનુવાદ :- અમારે માટે મિત્ર નામના દેવ કલ્યાણકારી (બનો). વળી વરુણદેવ કલ્યાણકારી (બનો) અમારે માટે અર્યમા દેવ કલ્યાણકારી બનો. અમારે માટે ઈન્દ્ર અને બૃહસ્પતિ કલ્યાણકારી બને. અમારે માટે વિશાળ પગલાંવાળા ભગવાન વિષ્ણુ કલ્યાણકારી બનો. બ્રહ્મને નમસ્કાર. હે વાયુદેવ ! તમને નમસ્કાર. તમે જ સાક્ષાત્ બ્રહ્મ છો. તમને જ સાક્ષાત્ બ્રહ્મ કહ્યા છે. ઋત કહ્યા છે. સત્ય કહ્યા છે. તે (બ્રહ્મ) મારી રક્ષા કરી છે. તે વક્તાની રક્ષા કરી છે. મારી રક્ષા કરી છે. વક્તાની-મારા આચાર્યની રક્ષા કરી છે. ૐ આધિભૌતિક શાંતિ થાવ, આધિદૈવિક શાંતિ થાવ, આધ્યાત્મિક શાંતિ થાવ. (૧)

शाङ्करभाष्यम् :- व्याख्यातमेतत्पूर्वम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- આની વ્યાખ્યા અગાઉ (પહેલા અનુવાકમાં) કરવામાં આવી છે.

इति शीक्षावल्ल्यां द्वादशोऽनुवाकः ॥ १२ ॥

❖



ब्रह्मानन्दवल्ली

प्रथम अनुवाक

शाङ्करभाष्यम् :- अतीतविद्याप्राप्त्युपसर्गप्रशमनार्था शान्तिः पठिता । इदानीं तु वक्ष्यमाणब्रह्मविद्याप्राप्त्युपसर्गोपशमनार्था शान्तिः पठ्यते –

શાંકરભાષ્ય :- આ પહેલાં કહી દીધેલી વિદ્યાની પ્રાપ્તિનાં વિઘ્નોની શાંતિને માટે શાંતિપાઠ કરવામાં આવ્યો. હવે પછીથી કહેવામાં આવનારી વિદ્યાની પ્રાપ્તિનાં વિઘ્નોની શાંતિ માટે શાંતિપાઠ કરવામાં આવે છે –

ॐ सह नाववतु । सह नौ भुनकु । सहवीर्यं करवावहै । तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ॥ ॐ शान्तिः । शान्तिः ॥ शान्तिः ॥।

અન્વય અને શબ્દાર્થ : (હે પરમાત્મા !) नौ-અમારી બંને(ગુરુ અને શિષ્ય)ની सह-એક સાથે अवतु-રક્ષા કરો. नौ-અમારા બંને(ગુરુ અને શિષ્ય)નું सह-એક સાથે भुनक्तु-પાલન કરો. सह-એક સાથે (અમે બંને) वीर्यम्-પરાક્રમ करवावहै-કરીએ. नौ-અમારા બન્નેનું अधीतम्-અધ્યયન, ભણતર तेजस्वि-તજોમય, તેજસ્વી अस्तु-બનો. मा विद्विषावहै-અમે બંને એકબીજાનો દ્વેષ ન કરીએ.

અનુવાદ : (હે પરમાત્મા !) અમારી બંને(ગુરુ અને શિષ્ય)ની એક સાથે રક્ષા કરો. અમારા બંનેનું એક સાથે પાલન કરો. અમે બંને એક સાથે પરાક્રમ કરીએ, અમારા બંનેનું અધ્યયન તેજસ્વી બને, અમે બંને એકબીજાનો દ્વેષ ન કરીએ.

शाङ्करभाष्यम् :- सह नाववतु-नौ शिष्याचार्यौ सहैवावतु रक्षतु । सह नौ भुनकु भोजयतु । सह वीर्यं विद्यादिनिमित्तं सामर्थ्यं करवावहै निर्वर्तयावहै । तेजस्वि नावावयोस्तेजस्विनोरधीतं स्वधीतमस्तु, अर्थज्ञानयोग्यमस्त्वित्यर्थः । मा विद्विषावहै, विद्याग्रहणनिमित्तं शिष्यस्याचार्यस्य वा प्रमादकृतादन्यायाद्विद्वेषः प्राप्तस्तच्छमनाय इयमाशीर्मा विद्विषावहा इति । मैवेतरेतरं विद्वेषमापद्यावहै । शान्तिः शान्तिः शान्तिरिति त्रिर्वचनमुक्तार्थम् । वक्ष्यमाणविद्याविघ्नप्रशमनार्था चेयं शान्तिः । अविघ्नेनात्मविद्याप्राप्तिराशास्यते तन्मूलं हि परं श्रेय इति । ★ संहितादिविषयाणि कर्मभिरविरुद्धान्युपासनान्युक्तानि । अनन्तरं चान्तः सोपाधिकात्मदर्शनमुक्तं व्याहृतिद्वारेण स्वाराज्यफलम् । न चैतावताशेषतः संसारबीजस्योपमर्दनमस्तीत्यतोऽशेषोपद्रवबीजस्याज्ञानस्य निवृत्त्यर्थं विधूतसर्वोपाधिविशेषात्मदर्शनार्थमिदमारभ्यते ब्रह्मविदाप्नोति परमित्यादि । प्रयोजनं चास्या ब्रह्मविद्याया अविद्यानिवृत्तिस्तत आत्यन्तिकः संसाराभावः । वक्ष्यति च-'**विद्वान्न बिभेति कुतश्चन**' (तै.उप. २-९-१) इति । संसारनिमित्ते च सत्यभयं प्रतिष्ठां च विन्दत इत्यनुपपन्नम्, कृताकृते पुण्यपापे न तपत इति च । अतोऽवगम्यतेऽस्माद्विज्ञानात्सर्वात्मब्रह्मविषयादात्यन्तिकः संसाराभाव इति । ★ स्वयमेव च प्रयोजनमाह ब्रह्मविदाप्नोति परमित्यादावेव सम्बन्धप्रयोजनज्ञापनार्थम् । निज्ञातयोर्हि सम्बन्धप्रयोजनयोर्विद्याश्रवणाग्रहणधारणाभ्यासार्थं प्रवर्तते । श्रवणादिपूर्वकं हि विद्याफलम् '**श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः**' (बृ.उप. २-४-५) इत्यादिश्रुत्यन्तरेभ्यः ।

શાંકરભાષ્ય :- 'सह नाववतु' (તે બ્રહ્મ) અમારી આચાર્ય અને શિષ્ય બન્નેની એક સાથે જ રક્ષા કરે અને અમારું એક સાથે પાલન-પોષણ કરે. અમે એક સાથે જ વીર્ય અર્થાત્ વિદ્યાજનિત સામર્થ્ય પ્રાપ્ત કરીએ. અમે બંને તેજસ્વીઓએ અધ્યયન કરેલું તેજસ્વી બને, એટલે કે સારી રીતે અધ્યયન કરેલું અર્થાત્ અર્થ જ્ઞાન યોગ્ય બને. અમે આચાર્ય અને શિષ્ય દ્વેષ ન કરીએ, એક બીજાનો વિદ્યાગ્રહણને કારણે શિષ્ય અથવા આચાર્યનો પ્રમાદને લીધે કરેલા અન્યાયથી દ્વેષ (થઈ શકે છે) તેની શાંતિને માટે 'मा विद्विषावहै' અમે દ્વેષ ન કરીએ એવા આશીર્વાદ (માંગ્યા) છે, તાત્પર્ય એ છે કે, અમે એકબીજાના દ્વેષને પ્રાપ્ત ન થઈએ. 'शान्तिः शान्तिः शान्तिः' આ પ્રમાણે ત્રણ વાર 'શાંતિ' શબ્દ બોલવાનું પ્રયોજન પહેલાં કહેવાઈ ગયું છે. આ શાંતિપાઠ હવે કહેવામાં આવનારી વિદ્યામાં આવનારાં વિઘ્નોની શાંતિને માટે છે. એ શાંતિપાઠ દ્વારા નિર્વિઘ્નતાપૂર્વક આત્મવિદ્યાની પ્રાપ્તિની કામના કરવામાં આવી છે, કેમ કે એ જ પરમ શ્રેયનું મૂળ કારણ છે.



ૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐ ૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐ

કર્મથી વિરોધી નહીં તેવી સંહિતાદિવિષયક ઉપાસનાઓનું વર્ણન કરવામાં આવ્યું. પછી વ્યાહૃતિઓ દ્વારા સ્વારાજ્યરૂપી ફળવાળું હૃદયસ્થિત સોપાધિક આત્મદર્શન કહેવામાં આવ્યું. પણ આટલાથી જ સંસારના બીજનો પૂર્ણપણે નાશ ન થતો હોવાથી સર્વ ઉપદ્રવોના કારણરૂપ અજ્ઞાનની નિવૃત્તિને માટે આ સર્વોપાધિરૂપી વિશેષથી રહિત આત્માનો સાક્ષાત્કાર કરાવવા માટે હવે 'ब्रह्मविदाप्नोति परम्' વગેરે મંત્રનો આરંભ કરવામાં આવે છે. આ બ્રહ્મવિદ્યાનું પ્રયોજન અવિદ્યાની નિવૃત્તિ છે, પછી સંસારનો આત્યંતિક અભાવ થાય છે. આ જ વાત **'બ્રહ્મવેત્તા કોઈનાથી બીતો નથી'** (તૈ.ઉ. ૨-૯-૧) વગેરે (શ્રુતિ) આગળ કહેશે. સંસારના નિમિત્ત (રૂપ અજ્ઞાન) રહેવા છતાં 'પુરુષ અભય સ્થિતિને પ્રાપ્ત કરી લે છે, તેમ જ તેને કૃત અને અકૃત અર્થાત્ પુણ્ય અને પાપ તાપ પહોંચાડતાં નથી.' એમ માનવું તદ્દન અયોગ્ય છે. આથી એવું જણાય છે કે, આ સર્વાત્મક બ્રહ્મવિષયક વિજ્ઞાનથી જ સંસારનો આત્યંતિક અભાવ થાય છે.

આ પ્રકરણના સંબંધ અને પ્રયોજનનું જ્ઞાન કરાવવા માટે શ્રુતિ પોતે જ 'ब्रह्मविदाप्नोति परम्' વગેરે વાક્યથી આરંભમાં જ એનું પ્રયોજન કહે છે, કારણ કે સંબંધ અને પ્રયોજનનું જ્ઞાન થઈ ગયા પછી જ (સાધક) વિદ્યાનાં શ્રવણ, ગ્રહણ, ધારણ અને અભ્યાસને માટે પ્રવૃત્ત થતો હોય છે. 'श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः' (બૃ.ઉ. ૨-૪-૫) વગેરે બીજી શ્રુતિઓથી આ પણ નિશ્ચય થાય છે જ કે, વિદ્યાનું ફળ શ્રવણ વગેરેથી થાય છે.

◆

ब्रह्मविदाप्नोति परम् । तदेषाभ्युक्ता । सत्यं ज्ञानमनन्तं ब्रह्म । यो वेद निहितं गुहायां परमे व्योमन् । सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चितेति । तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः । आकाशाद्वायुः । वायोरग्निः । अग्नेरापः । अद्भ्यः पृथिवी । पृथिव्या ओषधयः । ओषधीभ्योऽन्नम् । अन्नात्पुरुषः । स वा एष पुरुषोऽन्नरसमयः । तस्येदमेव शिरः । अयं दक्षिणः पक्षः । अयमुत्तरः पक्षः । अयमात्मा । इदं पुच्छं प्रतिष्ठा । तदप्येष श्लोको भवति ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- ब्रह्मविद्-બ્રહ્મને જાણનારો परम्-પરબ્રહ્મને आप्नोति-પ્રાપ્ત કરે છે तत्-તે (કહેનારી) एषा-આ શ્રુતિ अभ्युक्ता-કહેવામાં આવી છે. ब्रह्म-બ્રહ્મ सत्यम्-સત્ય ज्ञानम्-જ્ઞાનસ્વરૂપ अनन्तम्-અનંત, અંત વિનાનું છે. यः-જે (સાધક) परमे-પરમ व्योमन्-વ્યોમમાં અને गुहायाम्-(હૃદયરૂપી) ગુફામાં निहितम्-ઢંકાયેલા (બ્રહ્મને) वेद-જાણે છે सः-તે विपश्चिता-વિજ્ઞાન સ્વરૂપ ब्रह्मणा-બ્રહ્મની सह-સાથે सर्वान्-સઘળી कामान्-કામનાઓને अश्नुते-ભોગવે છે. इति-આ રીતની ઋચા છે. वै-ચોક્કસ, तस्मात्-તે एतस्मात्-આ आत्मनः-પરમાત્મામાંથી (સૌથી પહેલાં) आकाशः-આકાશ सम्भूतः-ઉત્પન્ન થયું. आकाशात्-આકાશમાંથી वायुः-વાયુ (પેદા થયો). वायोः-વાયુમાંથી अग्निः-અગ્નિ ઉત્પન્ન થયો. अग्नेः-અગ્નિમાંથી आपः-જળ પેદા થયું अद्भ्यः-પાણીમાંથી पृथिवी-પૃથ્વી ઉત્પન્ન થઈ. पृथिव्याः-પૃથ્વીમાંથી ओषधयः-ઔષધિઓ સર્જાઈ. ओषधिभ्यः-ઔષધિઓમાંથી अन्नम्-અન્ન ઉત્પન્ન થયું. अन्नात्-અન્નમાંથી पुरुषः-મનુષ્ય જન્મ્યો. सः-તે एषः-આ पुरुषः-મનુષ્ય वै-ચોક્કસ अन्नरसमयः-અન્ન-રસમય છે. तस्य-તેનું इदम्-આ एव-જ शिरः-મસ્તક છે. अयम्-આ दक्षिणः-જમણી पक्षः-પાંખ છે. अयम्-આ उत्तरपक्षः-ડાબી પાંખ છે. अयम्-આ आत्मा-આત્મા (શરીરનો મધ્યભાગ) છે. इदम्-આ पुच्छम्-પૂંછડી અને प्रतिष्ठा-પ્રતિષ્ઠા છે. तत्-તે માટે अपि-પણ एषः-આ श्लोकः-શ્લોક છે. (૧)

અનુવાદ :- બ્રહ્મને જાણનારો પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે તે (કહેનારી) આ શ્રુતિ કહેવામાં આવી છે. બ્રહ્મ સત્ય જ્ઞાનસ્વરૂપ અનંત, અંત વિનાનું છે. જે (સાધક) પરમ વ્યોમમાં અને (હૃદયરૂપી) ગુફામાં ઢંકાયેલા (બ્રહ્મને) જાણે છે તે વિજ્ઞાન સ્વરૂપ બ્રહ્મની સાથે સઘળી કામનાઓને ભોગવે છે. આ રીતની ઋચા છે. ચોક્કસ, તે આ પરમાત્મામાંથી (સૌથી પહેલાં) આકાશ ઉત્પન્ન થયું. આકાશમાંથી વાયુ (પેદા થયો). વાયુમાંથી અગ્નિ ઉત્પન્ન થયો. અગ્નિમાંથી જળ પેદા થયું. પાણીમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ. પૃથ્વીમાંથી ઔષધિઓ સર્જાઈ. ઔષધિઓમાંથી અન્ન ઉત્પન્ન થયું. અન્નમાંથી મનુષ્ય જન્મ્યો. તે આ મનુષ્ય ચોક્કસ અન્ન-રસમય છે. તેનું આ જ મસ્તક છે. આ જમણી પાંખ છે. આ ડાબી પાંખ છે. આ આત્મા (શરીરનો મધ્યભાગ) છે. આ પૂંછડી અને પ્રતિષ્ઠા છે. તે માટે પણ આ શ્લોક છે. (૧)

शाङ्करभाष्यम् :- ब्रह्मविद्ब्रह्मेति वक्ष्यमाणलक्षणं बृहत्तमत्वाद्ब्रह्म तद्वेत्ति विजानातीति ब्रह्मविदाप्नोति परं निरतिशयं तदेव ब्रह्म परम् । न ह्यन्यस्य विज्ञानादन्यस्य प्राप्तिः । स्पष्टं च श्रुत्यन्तरं ब्रह्मप्राप्तिमेव ब्रह्मविदो दर्शयति **'स यो ह वै तत्परमं ब्रह्म वेद ब्रह्मैव भवति'** (मु.उप. ३-२-९) इत्यादि । ★ ननु सर्वगतं सर्वस्यात्मभूतं ब्रह्म वक्ष्यति । अतो नाप्यम् । प्राप्तिश्चान्यस्यान्येन परिच्छिन्नस्य च परिच्छिन्नेन दृष्टा । अपरिच्छिन्नं सर्वात्मकं च ब्रह्मेत्यतः परिच्छिन्नवदनात्मवच्च तस्याप्तिरनुपपन्ना । ★ नायं दोषः, कथम् ? दर्शनादर्शनापेक्षत्वाद्ब्रह्मण आप्त्यनाप्त्योः । परमार्थतो ब्रह्मरूपस्यापि सतोऽस्य जीवस्य भूतमात्राकृतबाह्यपरिच्छिन्नान्नमयाद्यात्मदर्शिनस्तदासक्तचेतसः प्रकृतसंख्यापूरणस्यात्मनोऽव्यवहितस्यापि बाह्यसंख्येयविषया सक्तचित्ततया स्वरूपाभावदर्शनवत्परमार्थब्रह्मस्वरूपाभावदर्शनलक्षणयाविद्ययान्नमयादीन्बाह्यानंनात्मन आत्मत्वेन प्रतिपन्नत्वादन्नमयाद्यनात्मभ्यो नान्योऽहमस्मीत्यभिमन्यते । एवमविद्ययात्मभूतमपि ब्रह्मानाप्तं स्यात् । ★ तस्यैवमविद्ययानाप्तब्रह्मस्वरूपस्य प्रकृतसंख्यापूरणस्यात्मनोऽविद्ययानाप्तस्य सतः केनचित्स्मारितस्य पुनस्तस्यैव विद्ययाप्तिर्यथा तथा श्रुत्युपदिष्टस्य सर्वात्मब्रह्मण आत्मत्वदर्शनेन विद्यया तदाप्तिरुपपद्यत एव । ★ ब्रह्मविदाप्नोति परमिति वाक्यं सूत्रभूतम् । सर्वस्य वल्ल्यर्थस्य ब्रह्मविदाप्नोति परमित्यनेन वाक्येन वेद्यतया सूत्रितस्य ब्रह्मणोऽनिर्धारितस्वरूपविशेषस्य सर्वतो व्यावृत्तस्वरूपविशेषसमर्पणसमर्थस्य लक्षणस्याविशेषेण चोक्तवेदनस्य ब्रह्मणो वक्ष्यमाणलक्षणस्य विशेषेण प्रत्यगात्मतयानन्यरूपेण विज्ञेयत्वाय, ब्रह्मविद्याफलं च ब्रह्मविदो यत्परब्रह्मप्राप्तिलक्षणमुक्तं स सर्वात्मभावः सर्वसंसारधर्मातीतब्रह्मस्वरूपत्वमेव नान्यदित्येतत्प्रदर्शनायैषर्गुदाह्रियते तदेषाभ्युक्तेति । ★ तत्तस्मिन्नेव ब्राह्मणवाक्योक्तेऽर्थ एषर्गभ्युक्ताम्नाता । सत्यं ज्ञानमनन्तं ब्रह्मेति ब्रह्मणो लक्षणार्थं वाक्यम् । सत्यादीनि हि त्रीणि विशेषणार्थानि पदानि विशेष्यस्य ब्रह्मणः । विशेष्यं ब्रह्म विवक्षितत्वाद्वेद्यतया । वेद्यत्वेन यतो ब्रह्म प्राधान्येन विवक्षितं तस्माद्विशेष्यं विज्ञेयम् । अतः अस्माद् विशेषणविशेष्यत्वादेव सत्यादीनि एकविभक्त्यन्तानि पदानि समानाधिकरणानि । सत्यादिभिस्त्रिभिर्विशेषणैर्विशेष्यमाणं ब्रह्म विशेष्यान्तरेभ्यो निर्धार्यते । एवं हि तज्ज्ञानं भवति यदन्येभ्यो निर्धारितम् । यथा लोके नीलं महत्सुगन्ध्युत्पलमिति । ★ ननु विशेष्यं विशेषणान्तरं व्यभिचरद्विशेष्यते । यथा नीलं रक्त चोत्पलमिति । यदा ह्यनेकानि द्रव्याण्येकजातीयान्यनेकविशेषणयोगीनि च तदा विशेषणस्यार्थवत्त्वम् । न ह्येकस्मिन्नेव वस्तुनि विशेषणान्तरायोगाद् । यथासावेक आदित्य इति, तथैकमेव च ब्रह्म न ब्रह्मान्तराणि येभ्यो विशेष्येत नीलोत्पलवत् । ★ न, लक्षणार्थत्वाद्विशेषणानाम् । नायं दोषः, कस्मात् ? यस्माल्लक्षणार्थप्रधानानि विशेषणानि न विशेषणप्रधानान्येव । कः पुनर्लक्षणलक्ष्ययोर्विशेषणविशेष्ययोर्वा विशेष इति ? उच्यते, समानजातीयेभ्य एव निवर्तकानि विशेषणानि विशेष्यस्य । लक्षणं तु सर्वत एव यथावकाशप्रदात्राकाशमिति । लक्षणार्थं च वाक्यमित्यवोचाम । ★ सत्यादिशब्दा न परस्परं संबध्यन्ते परार्थत्वात् । विशेष्यार्था हि ते । अत एकैको विशेषणशब्दः परस्परं निरपेक्षो ब्रह्मशब्देन संबध्यते सत्यं ब्रह्म ज्ञानं ब्रह्मानन्तं ब्रह्मेति । ★ सत्यमिति यद्रूपेण यन्निश्चितं तद्रूपं न व्यभिचरति तत्सत्यम् । यद्रूपेण निश्चितं यत्तद्रूपं व्यभिचरदनृतमित्युच्यते । अतो विकारोऽनृतम् । **'वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्'** (छा.उप. ६-१-४) एवं सदेव सत्यमित्यवधारणात् । अतः सत्यं ब्रह्मेति ब्रह्म विकारान्निवर्तयति । ★ अतः कारणत्वं प्राप्तं ब्रह्मणः । कारणस्य च कारकत्वं वस्तुत्वान्मृद्वदचिद्रूपता च प्राप्तात इदमुच्यते ज्ञानं ब्रह्मेति । ज्ञानं ज्ञप्तिरवबोध, भावसाधनो ज्ञानशब्दो न तु ज्ञानकर्तृ ब्रह्मविशेषणत्वात्सत्यानन्ताभ्यां सह । न हि सत्यतानन्तता च ज्ञानकर्तृत्वे सत्युपपद्यते । ज्ञानकर्तृत्वेन हि विक्रियमाणं कथं सत्यं भवेदनन्तं च । यद्धि न कुतश्चित्प्रविभज्यते तदनन्तम् । ज्ञानकर्तृत्वे च ज्ञेयज्ञानाभ्यां प्रविभक्तमित्यनन्तता न स्यात् । **'यत्र नान्यद्विजानाति स भूमा अथ यत्रान्यद्विजानाति तदल्पम्'** (छा.उप. ७-२४-१) इति श्रुत्यन्तरात् । ★ नान्यद्विजानातीति विशेष प्रतिषेधादात्मानं विजानातीति चेन्न, भूम-लक्षणविधिपरत्वाद्वाक्यस्य । यत्र नान्यत्पश्यतीत्यादि भूम्नो लक्षणविधिपरं वाक्यम् । यथा प्रसिद्धमेवान्योऽन्यत्पश्यतीत्येतदुपादाय यत्र तन्नास्ति स भूमेति भूमस्वरूपं तत्र ज्ञाप्यते । अन्यग्रहणस्य प्राप्तप्रतिषेधार्थत्वान्न स्वात्मनि क्रियास्तित्वपरं वाक्यम् । स्वात्मनि च भेदाभावाद्विज्ञानानुपपत्तिः । आत्मनश्च विज्ञेयत्वे ज्ञात्रभावप्रसङ्गः, ज्ञेयत्वेनैव विनियुक्तत्वात् । ★ एक एवात्मा ज्ञेयत्वेन ज्ञातृत्वेन चोभयथा भवतीति चेत् ? ★ न युगपदनंशत्वात् । न हि निरवयवस्य युगपज्ज्ञेयज्ञातृत्वोपपत्तिः । आत्मनश्च घटादिवद्विज्ञेयत्वे ज्ञानोपदेशानर्थक्यम् । न हि घटादिवत्प्रसिद्धस्य ज्ञानोपदेशोऽर्थवान् । तस्माज्ज्ञातृत्वे सति



आनन्त्यानुपपत्तिः । सन्मात्रत्वं चानुपपन्नं ज्ञानकर्तृत्वादिविशेषवत्त्वे सति । सन्मात्रत्वं च सत्यत्वम्, **'तत्सत्यम्'** (छा.उप. ६-८-१६) इति श्रुत्यन्तरात् । तस्मात्सत्यानन्तशब्दाभ्यां सह विशेषणत्वेन ज्ञानशब्दस्य प्रयोगाद्भावसाधनो ज्ञानशब्दः । ज्ञानं ब्रह्मेति कर्तृत्वादिकारकनिवृत्त्यर्थं मृदादिवदचिद्रूपतानिवृत्त्यर्थं च प्रयुज्यते । ★ ज्ञानं ब्रह्मेतिवचनात्प्राप्तमन्तवत्त्वम् । लौकिकस्य ज्ञानस्यान्तवत्त्वदर्शनात् । अतस्तन्निवृत्त्यर्थमाह-अनन्तमिति । ★ सत्यादीनामनृतादिधर्मनिवृत्तिपरत्वाद्विशेष्यस्य ब्रह्मण उत्पलादि **'मृगतृष्णाम्भसि स्नातः खपुष्पकृतशेखरः । एष वन्ध्यासुतो याति शशशृङ्गधनुर्धरः'** इतिवच्छून्यार्थतैव प्राप्ता सत्यादि वाक्यस्येति चेत् ? ★ न, लक्षणार्थत्वात् । विशेषणत्वेऽपि सत्यादीनां लक्षणार्थप्राधान्यमित्यवोचाम । शून्ये हि लक्ष्येऽनर्थकं लक्षणवचनं लक्षणार्थत्वान्मन्यामहे न शून्यार्थतेति । विशेषणार्थत्वेऽपि च सत्यादीनां स्वार्थापरित्याग एव । शून्यार्थत्वे हि सत्यादिशब्दानां विशेष्यनियन्तृत्वानुपपत्तिः । सत्याद्यर्थैरर्थवत्त्वे तु तद्विपरीतधर्मवद्भ्यो विशेष्येभ्यो ब्रह्मणो विशेष्यस्य नियन्तृत्वमुपपद्यते । ब्रह्मशब्दोऽपि स्वार्थेनार्थवानेव । तत्रानन्तशब्दोऽन्तवत्त्वप्रतिषेधद्वारेण विशेषणम् । सत्यज्ञानशब्दौ तु स्वार्थसमर्पणेनैव विशेषणे भवतः । ★ **'तस्माद्वा एतस्मादात्मनः'** इति ब्रह्मण्येवात्मशब्दप्रयोगाद्वेदितुरात्मैव ब्रह्म । **'एतमानन्दमयमात्मानमुपसंक्रामति'** (तै.उप. २-८-५) इति चात्मतां दर्शयति । तत्प्रवेशाच्च, **'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्'** (तै.उप. २-६-१) इति च तस्यैव जीवरूपेण शरीरप्रवेशं दर्शयति । अतो वेदितुः स्वरूपं ब्रह्म । ★ एवं तर्ह्यात्मत्वाज्ज्ञानकर्तृत्वम् । आत्मा ज्ञातेति हि प्रसिद्धम् । **'सोऽकामयत'** (तै.उप. २-६-१) इति च कामिनो ज्ञानकर्तृत्वाज्ज्ञप्तिर्ब्रह्मेत्ययुक्तम् । ★ अनित्यत्वप्रसङ्गाच्च । यदि नाम ज्ञप्तिर्ज्ञानमिति भावरूपता ब्रह्मणस्तथाप्यनित्यत्वं प्रसज्येत पारतन्त्र्यं च । धात्वर्थानां कारकापेक्षत्वात् । ज्ञानं च धात्वर्थोऽतोऽस्यानित्यत्वं परतन्त्रता च । ★ न, स्वरूपाव्यतिरेकेण कार्यत्वोपचारात् । आत्मनः स्वरूपं ज्ञप्तिर्न ततो व्यतिरिच्यतेऽतो नित्यैव । तथापि बुद्धेरुपाधिलक्षणायाश्चक्षुरादिद्वारैर्विषयाकारेण परिणामिन्या ये शब्दाद्याकारावभासाः त आत्मविज्ञानस्य विषयभूता उत्पद्यमाना एवात्मविज्ञानेन व्याप्ता उत्पद्यन्ते । तस्मादात्मविज्ञानावभासाश्च ते विज्ञानशब्दवाच्याश्च धात्वर्थभूता आत्मन एव धर्मा विक्रियारूपा इत्यविवेकिभिः परिकल्प्यन्ते । ★ यत्तु यद्ब्रह्मणो विज्ञानं तत् सवितृप्रकाशवदग्न्युष्णवच्च ब्रह्मस्वरूपाव्यतिरित्तं स्वरूपमेव तत्, न तत्कारणान्तरसव्यपेक्षम् । नित्यस्वरूपत्वात् । सर्वभावानां च तेनाविभक्तदेशकालत्वात् कालाकाशादिकारणत्वाच्च निरतिशयसूक्ष्मत्वाच्च । न तस्यान्यदविज्ञेयं सूक्ष्मं व्यवहितं विप्रकृष्टं भूतं भवद्भविष्यद्वास्ति । तस्मात्सर्वज्ञं तद्ब्रह्म । ★ मन्त्रवर्णाच्च-**'अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः । स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम्'** (श्वे.उप. ३-१९) इति । **'न हि विज्ञातुर्विज्ञातेर्विपरिलोपो विद्यतेऽविनाशित्वान्न तु तद्द्वितीयमस्ति'** (बृ.उप. ४-३-३०) इत्यादि श्रुतेश्च । विज्ञातृस्वरूपाव्यतिरेकात्करणादिनिमित्तानपेक्षत्वाच्च ब्रह्मणो ज्ञानस्वरूपत्वेऽपि नित्यत्वप्रसिद्धिरतो नैव धात्वर्थस्तदक्रियारूपत्वात् । ★ अत एव च न ज्ञानकर्तृ, तस्मादेव च न ज्ञानशब्दवाच्यमपि तद्ब्रह्म । तथापि तदाभासवाचकेन बुद्धिधर्मविषयेण ज्ञानशब्देन तल्लक्ष्यते न तूच्यते । शब्दप्रवृत्तिहेतुजात्यादिधर्मरहितत्वात् । तथा सत्यशब्देनापि । सर्वविशेषप्रत्यस्तमितस्वरूपत्वाद्ब्रह्मणो बाह्यसत्तासामान्यविषयेण सत्यशब्देन लक्ष्यते सत्यं ब्रह्मेति न तु सत्यशब्दवाच्यमेव ब्रह्म । ★ एवं सत्यादिशब्दा इतरेतरसंनिधावन्योन्यनियम्यनियामकाः सन्तः सत्यादिशब्दवाच्यात्तन्निवर्तका ब्रह्मणो लक्षणार्थाश्च भवन्तीत्यतः सिद्धम् **'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह'** (तै.उप. २-४-१) **'अनिरुक्तेऽनिलयने'** (तै.उप. २-७-१) इति चावाच्यत्वं नीलोत्पलवदवाक्यार्थत्वं च ब्रह्मणः । ★ तद्यथाव्याख्यातं ब्रह्म यो वेद विजानाति निहितं स्थितं गुहायाम् । गूहतेः संवरणार्थस्य निगूढा अस्यां ज्ञानज्ञेयज्ञातृपदार्था इति गुहा बुद्धिः । गूढावस्यां भोगापवर्गौ पुरुषार्थाविति वा तस्यां परमे प्रकृष्टे व्योमन्व्योम्न्याकाशेऽव्याकृताख्ये । तद्धि परमं व्योम **'एतस्मिन्नु खल्वक्षरे गार्ग्याकाशः'** (बृ.उप. ३-८-११) इत्यक्षरसंनिकर्षात् । गुहायां व्योम्नीति वा सामानाधिकरण्यादव्याकृताकाशमेव गुहा । तत्रापि निगूढाः सर्वे पदार्थास्त्रिषु कालेषु कारणत्वात्सूक्ष्मतरत्वाच्च । तस्मिन्नन्तर्निहितं ब्रह्म । ★ हार्दमेव तु परमं व्योमेति न्याय्यं विज्ञानाङ्गत्वेनोपासनाङ्गत्वेन व्योम्नो विवक्षितत्वात् । **'यो वै स बहिर्धा पुरुषादाकाशः'** (छा.उप. ३-१२-७) **'यो वै सोऽन्तःपुरुष आकाशः'** (छा.उप. ३-१२-८) **'योऽयमन्तर्हृदय आकाशः'** (छा.उप. ३-१२-७) **'यो वै सोऽन्तःपुरुष आकाशः'** (छा.उप. ३-१२-८) **'योऽयमन्तर्हृदय आकाशः'** (छा.उप. ३-१२-९) इति श्रुत्यन्तरात्प्रसिद्धं हार्दस्य

व्योम्नः परमत्वम् । तस्मिन्हार्दे व्योम्नि या बुद्धिर्गुहा तस्यां निहितं ब्रह्म तद्वृत्त्या विविक्ततयोपलभ्यत इति । न ह्यन्यथा विशिष्टदेशकालसंबन्धोऽस्ति ब्रह्मणः सर्वगतत्वान्निर्विशेषत्वाच्च । ★ स एवं ब्रह्म विजानन्किमित्याह-अश्नुते भुङ्क्ते सर्वान्निरवशिष्टान्कामान्भोगानित्यर्थः । किमस्मदादिवत्पुत्रस्वर्गादीन्पर्यायेण नेत्याह । सह युगपदेकक्षणोपारूढानेव एकयोपलब्ध्या सवितृप्रकाशवत् नित्यया ब्रह्मस्वरूपाव्यतिरिक्तया यामवोचाम सत्यं ज्ञानमनन्तमिति । एतदुच्यते-ब्रह्मणा सहेति । ★ ब्रह्मभूतो विद्वान्ब्रह्मस्वरूपेणैव सर्वान्कामान्सहाश्नुते, न यथोपाधिकृतेन स्वरूपेणात्मना जलसूर्यकादिवत्प्रतिबिम्बभूतेन सांसारिकेण धर्मादिनिमित्तापेक्षांश्चक्षुरादिकरणापेक्षांश्च कामान् पर्यायेणाश्नुते लोकः, कथं तर्हि ? यथोक्तेन प्रकारेण सर्वज्ञेन सर्वगतेन सर्वात्मना नित्यब्रह्मात्मस्वरूपेण धर्मादिनिमित्तानपेक्षांश्चक्षुरादिकरणनिरपेक्षांश्च सर्वान्कामान्सहैवाश्नुत इत्यर्थः । विपश्चिता मेधाविना सर्वज्ञेन । तद्धि वैपश्चित्यं यत्सर्वज्ञत्वं तेन सर्वज्ञस्वरूपेण ब्रह्मणाश्नुत इति । इतिशब्दो मन्त्रपरिसमाप्त्यर्थः । ★ सर्व एव वल्ल्यर्थो ब्रह्मविदाप्नोति परमिति ब्राह्मणवाक्येन सूत्रितः । स च सूत्रितोऽर्थः संक्षेपतो मन्त्रेण व्याख्यातः । पुनस्तस्यैव विस्तरेणार्थनिर्णयः कर्तव्य इत्युत्तरस्तद्वृत्तिस्थानीया ग्रन्थ आरभ्यते तस्माद्वा एतस्मादित्यादिः । ★ तत्र च सत्यं ज्ञानमनन्तं ब्रह्मेत्युक्तं मन्त्रादौ तत्कथं सत्यं ज्ञानमनन्तं चेत्यत आह । तत्र त्रिविधं ह्यानन्त्यं देशतः कालतो वस्तुतश्चेति । तद्यथा देशतोऽनन्त आकाशः । न हि देशतस्तस्य परिच्छेदोऽस्ति । न तु कालतश्चानन्त्यं वस्तुतश्चाकाशस्य । कस्मात्कार्यत्वात् । नैवं ब्रह्मण आकाशवत्कालतोऽप्यन्तवत्त्वमकार्यत्वात् । कार्यं हि वस्तु कालेन परिच्छिद्यते । अकार्यं च ब्रह्म । तस्मात्कालतोऽस्यानन्त्यम् । ★ तथा वस्तुतः । कथं पुनर्वस्तुत आनन्त्यं सर्वानन्यत्वात् । भिन्नं हि वस्तु वस्त्वन्तरस्यान्तो भवति, वस्त्वन्तरबुद्धिर्हि प्रसक्ताद्वस्त्वन्तरान्निवर्तते । यतो यस्य बुद्धेर्विनिवृत्तिः स तस्यान्तः । तद्यथा गोत्वबुद्धिरश्वत्वाद्विनिवर्तत इति अश्वत्वान्तं गोत्वमित्यन्तवदेव भवति । स चान्तो भिन्नेषु वस्तुषु दृष्टः । नैवं ब्रह्मणो भेदः । अतो वस्तुतोऽप्यानन्त्यम् । ★ कथं पुनः सर्वानन्यत्वं ब्रह्मण इत्युच्यते - सर्ववस्तुकारणत्वात् । सर्वेषां हि वस्तूनां कालाकाशादीनां कारणं ब्रह्म । कार्यापेक्षया वस्तुतोऽन्तवत्त्वमिति चेन्न, अनृतत्वात्कार्यवस्तुनः । न हि कारणव्यतिरेकेण कार्यं नाम वस्तुतोऽस्ति यतः कारणबुद्धिर्विनिवर्तेत । **'वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्'** (छा.उप. ६-१-४) एवं सदेव सत्यमिति श्रुत्यन्तरात् । ★ तस्मादाकाशादिकारणत्वाद्देशतस्तावदनन्तं ब्रह्म । आकाशो ह्यनन्त इति प्रसिद्धं देशतः, तस्येदं कारणं तस्मात्सिद्धं देशत आत्मन आनन्त्यम् । न ह्यसर्वगतात्सर्वगतमुत्पद्यमानं लोके किंचिद्दृश्यते । अतो निरतिशयमात्मन आनन्त्यं देशतस्तथाकार्यत्वात्कालतः, तद्भिन्नवस्त्वन्तराभावाच्च वस्तुतः । अत एव निरतिशयसत्यत्वम् । ★ तस्मादिति मूलवाक्यसूत्रितं ब्रह्म परामृश्यते । एतस्मादितिमन्त्रवाक्येनानन्तरं यथालक्षितम् । यद्ब्रह्मादौ ब्राह्मणवाक्येन सूत्रितं यच्च सत्यं ज्ञानमनन्तं ब्रह्मेत्यनन्तरमेव लक्षितं तस्मादेतस्माद्ब्रह्मण आत्मन आत्मशब्दवाच्यात् । आत्मा हि तत्सर्वस्य **'तत्सत्यं स आत्मा'** (छा.उप. ६-८-१६) इति श्रुत्यन्तरादतो ब्रह्मात्मा । तस्मादेतस्माद्ब्रह्मण आत्मस्वरूपादाकाशः संभूतः समुत्पन्नः । ★ आकाशो नाम शब्दगुणोऽवकाशकरो मूर्तद्रव्याणाम् । तस्माद आकाशात्स्वेन स्पर्शगुणेन पूर्वेण च कारणगुणेन शब्देन द्विगुणो वायुः संभूत इत्यनुवर्तते । वायोश्च स्वेन रूपगुणेन पूर्वाभ्यां च त्रिगुणोऽग्निः संभूतः । अग्नेः स्वेन रसगुणेन पूर्वैश्च त्रिभिश्चतुर्गुणा आपः संभूताः । अद्भ्यः स्वेन गन्धगुणेन पूर्वैश्चतुर्भिः पञ्चगुणा पृथिवी संभूता । पृथिव्या ओषधयः । ओषधीभ्योऽन्नम् । अन्नाद्रेतोरूपेण परिणतात् पुरुषः शिरःपाण्याद्याकृतिमान् । ★ स वा एष पुरुषोऽन्नरसमयोऽन्नरसविकारः । पुरुषाकृतिभावितं हि सर्वेभ्योऽङ्गेभ्यस्तेजः संभूतं रेतो बीजम्, तस्माद्यो जायते सोऽपि तथा पुरुषाकृतिरेव स्यात् । सर्वजातिषु जायमानानां जनकाकृतिनियमदर्शनात् । ★ सर्वेषामप्यन्नरसविकारत्वे ब्रह्मवंश्यत्वे चाविशिष्टे कस्मात्पुरुष एव गृह्यते ? ★ प्राधान्यात् । ★ किं पुनः प्राधान्यम् । ★ कर्मज्ञानाधिकारः । पुरुष एव हि शक्तत्वादर्थित्वादपर्युदस्तत्वाच्च कर्मज्ञानयोरधिक्रियते - **'पुरुषे त्वेवाविस्तरामात्मा स हि प्रज्ञानेन संपन्नतमो विज्ञातं वदति विज्ञातं पश्यति वेद श्वस्तनं वेद लोकालोकौ मर्त्येनामृतमीक्षतीत्येवं संपन्नः । अथेतरेषां पशूनामशनायापिपासे एवाभिविज्ञानम् ।'** इत्यादिश्रुत्यन्तरदर्शनात् । ★ स हि पुरुष इह विद्ययान्तरतमं ब्रह्म संक्रामयितुमिष्टः । तस्य च बाह्याकारविशेषेष्वनात्मस्वात्मभाविता बुद्धिरनालम्ब्य विशेषं चित्सहसान्तरतमप्रत्यगात्मविषया निरालम्बना च कर्तुमशक्येति दृष्टशरीरात्मसामान्यकल्पनया शाखाचन्द्रनिदर्शनवदन्तः प्रवेशयन्नाह-

★ तस्येदमेव शिरः । तस्यास्य पुरुषस्यान्नरसमयस्येदमेव शिरः प्रसिद्धम् । प्राणमयादिष्वशिरसां शिरस्त्वदर्शनादिहापि तत्प्रसङ्गो मा भूदितीदमेव शिर इत्युच्यते । एवं पक्षादिषु योजना । अयं दक्षिणो बाहुः पूर्वाभिमुखस्य दक्षिणः पक्षः । अयं सव्यो बाहुरुत्तरः पक्षः । अयं मध्यमो देहभाग आत्माङ्गानाम् । '**मध्यं ह्येषामङ्गानामात्मा**' इति श्रुतेः । इदमिति नाभेरधस्ताद्यदङ्गं तत्पुच्छं प्रतिष्ठा । प्रतितिष्ठत्यनयेति प्रतिष्ठा पुच्छमिव पुच्छम् अधोलम्बनसामान्याद्यथा गोः पुच्छम् । ★ एतत्प्रकृत्योत्तरेषां प्राणमयादीनां रूपकत्वसिद्धिः, मूषानिषिक्तद्रुतताम्रप्रतिमावत् । तदप्येष श्लोको भवति । तत्तस्मिन्नेवार्थे ब्राह्मणोक्तेऽन्नमयात्मप्रकाशक एष श्लोको मन्त्रो भवति ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'ब्रह्मवित्' બ્રહ્મ, જેનું લક્ષણ હવે કહેવામાં આવશે અને જે સર્વથી મોટો હોવાને લીધે 'બ્રહ્મ' કહેવાય છે, તેને જે જાણે છે તેનું નામ 'બ્રહ્મવિત્' છે, તે બ્રહ્મવિત્ તે જ પરમ નિરતિશય બ્રહ્મને પ્રાપ્ત કરી લે છે, કારણ કે અન્યના વિજ્ઞાનથી કોઈ અન્યની પ્રાપ્તિ થવા પામતી નથી **'જે ખરેખર તે પરબ્રહ્મને જાણે છે, તે બ્રહ્મ જ થઈ જાય છે.'** (મુ.ઉપ. ૩-૨-૧) આ એક બીજી શ્રુતિ બ્રહ્મવેત્તાને સ્પષ્ટપણે બ્રહ્મની જ પ્રાપ્તિ થવાનું દર્શાવે છે.

પૂર્વપક્ષી : બ્રહ્મ સર્વગત અને સર્વનો આત્મા છે એમ આગળ કહેશે. આથી તે પ્રાપ્તવ્ય હોઈ શકતો નથી. પ્રાપ્તિ તો અન્ય પરિચ્છિન્ન (માપી શકાય તેવા) પદાર્થની કોઈ અન્ય પરિચ્છિન્ન પદાર્થ દ્વારા થતી જોવામાં આવી છે. પરંતુ બ્રહ્મ તો અપરિચ્છિન્ન અને સર્વાત્મક છે, માટે પરિચ્છિન્ન અને અનાત્મ પદાર્થની જેમ તેની પ્રાપ્તિ થવી અશક્ય છે.

સિદ્ધાંતી : આ કોઈ દોષ નથી. કેવી રીતે (નથી) ? કારણ બ્રહ્મની પ્રાપ્તિ અને અપ્રાપ્તિ તો તેના સાક્ષાત્કાર અને અસાક્ષાત્કારની અપેક્ષાને લીધે છે. જેવી રીતે (દશમ પુરુષને માટે) પ્રકૃત પ્રકરણના સંબંધથી પ્રાપ્ત થયેલ (દશમ) સંખ્યાની પૂર્તિ કરનારો પોતે સાક્ષાત્ સંબંધવાળો હોવા છતાંય સંખ્યા ગણવા જેવા બાહ્ય વિષયોમાં આસક્તચિત્ત હોવાથી પોતાના સ્વરૂપનો અભાવ જુએ છે તેવી જ રીતે પંચભૂત તન્માત્રાઓથી ઉત્પન્ન થયેલા બાહ્ય પરિચ્છિન્ન અન્નમય કોશ વગેરેમાં આત્મભાવ જોનારો તે જીવ પરમાર્થપણે બ્રહ્મસ્વરૂપ હોવા છતાંય તેમનામાં આસક્ત થઈ જાય છે અને પોતાના પરમાર્થ બ્રહ્મસ્વરૂપનો અભાવ જોવારૂપી અવિદ્યાથી અન્નમય કોશ વગેરે બાહ્ય અનાત્માઓને આત્મસ્વરૂપે જોવાથી 'હું અન્નમય વગેરે અનાત્માઓથી ભિન્ન નથી' એવું અભિમાન કરવા લાગે છે. એ જ રીતે પોતાનો આત્મા હોવા છતાં પણ અવિદ્યાને લીધે તેને માટે બ્રહ્મ અપ્રાપ્ત જ છે.

જેવી રીતે પ્રકૃત (દશમ) સંખ્યાને પૂર્ણ કરનારો પોતે અવિદ્યાથી ઘેરાયલો હોવાથી અપ્રાપ્ત રહે છે અને પછીથી કોઈના દ્વારા યાદ કરાવવાને કારણે વિદ્યાથી તેની પ્રાપ્તિ થાય છે, તેવી જ રીતે અવિદ્યાને લીધે જેના બ્રહ્મસ્વરૂપની ઉપલબ્ધિ થતી નથી તે શ્રુતિએ ઉપદેશેલા સર્વના આત્મભૂત બ્રહ્મની આત્મદર્શનરૂપ વિદ્યા દ્વારા પ્રાપ્તિ થવી યોગ્ય જ છે.

'ब्रह्मविदाप्नाति परम्' આ વાક્ય સૂત્રરૂપ છે. જે સંપૂર્ણ વલ્લીના અર્થનો વિષય છે, જેનો 'ब्रह्मविदाप्नोति परम्' આ વાક્ય દ્વારા જ્ઞાતવ્યરૂપથી સૂત્રરૂપે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે બ્રહ્મના આવાં લક્ષણોનું - જેના વિશેષરૂપનો નિશ્ચય કરવામાં આવ્યો નથી અને જે સંપૂર્ણ વસ્તુઓથી વ્યાવૃત્ત સ્વરૂપવિશેષનું જ્ઞાન કરાવવામાં સમર્થ છે તેનું વર્ણન કરતાં સ્વરૂપનો નિશ્ચય કરાવવા અને જેના જ્ઞાનનું સામાન્યરૂપે વર્ણન કરી દેવાયું છે તે હવે પછી કહેવામાં આવનારાં લક્ષણોથી યુક્ત બ્રહ્મને વિશેષતઃ 'પોતાનો અંતરાત્મા હોવાથી અનન્ય રૂપથી જાણવા યોગ્ય છે' એમ પ્રતિપાદન કરવા માટે અને એવું દર્શાવવા માટે કે બ્રહ્મવેત્તાને જે પરમાત્માની પ્રાપ્તિરૂપ બ્રહ્મવિદ્યાનું ફળ બતાવવામાં આવ્યું છે તે સર્વાત્મભાવ સંપૂર્ણ સાંસારિક ધર્મોથી એવી બ્રહ્મસ્વરૂપતા જ છે બીજું કાંઈ નથી - 'तदेषाभ्युक्ता' આ ઋચા કહેવામાં આવે છે.

તત્-તે બ્રાહ્મણવાક્ય દ્વારા બતાવેલા અર્થમાં જ (सत्यं ज्ञानमनन्तं ब्रह्म) આ ઋચા કહેવામાં આવી છે. 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' આ વાક્ય બ્રહ્મનું લક્ષણ આપવા માટે છે. 'સત્ય' વગેરે ત્રણ પદ વિશેષ્ય બ્રહ્મના વિશેષણ બતાવવા માટે છે. વેદ્યરૂપે વિવક્ષિત હોવાને લીધે બ્રહ્મ વિશેષ્ય છે, કારણ કે બ્રહ્મ મુખ્યત્વે વેદ્યરૂપે વિવક્ષિત છે, માટે તેને વિશેષ્ય સમજવું જોઈએ, આથી આ વિશેષણ-વિશેષ્યભાવને કારણે એક જ વિભક્તિવાળા 'સત્ય' વગેરે ત્રણેય પદ સમાનાધિકરણ છે. સત્ય વગેરે ત્રણ વિશેષણોથી વિશેષિત થનાર બ્રહ્મ અન્ય વિશેષ્યોથી પૃથક્‌રૂપે નિશ્ચિત કરાય છે, જેનો અન્ય પદાર્થોથી પૃથક્ રૂપે નિશ્ચય કરવામાં આવ્યો છે તેનું આવી જ રીતે જ્ઞાન થાય છે, જેવી રીતે વ્યવહારમાં 'નીલ' વિશાલ અને સુગંધિત કમળ (એમ કહીને એવા કમળનો બીજાં કમળોથી એ જુદું છે એવો નિશ્ચય કરવામાં આવે છે).

પૂર્વપક્ષી : અન્ય વિશેષણનું આવર્તન કરવામાં આવે તો જ કોઈ વિશેષ્ય વિશેષિત થતું હોય છે, જેમ કે નીલ અથવા લાલ કમળ. જ્યારે અનેક દ્રવ્ય એક જ જાતિનાં અને અનેક વિશેષણોની યોગ્યતાવાળાં હોય છે ત્યારે જ વિશેષણોની

સાર્થકતા થાય છે. એક જ વસ્તુમાં કોઈ અન્ય વિશેષણનો સંબંધ ન હોવાથી વિશેષણની સાર્થકતા સિદ્ધ થતી નથી. જેવી રીતે (જેમ) આ સૂર્ય એક છે તેવી જ રીતે બ્રહ્મ પણ એક જ છે. તેના સિવાય અન્ય બ્રહ્મ છે જ નહીં, જેથી તેનાથી નીલ કમલની જેમ તેમની વિશેષતા બતાવાય.

સિદ્ધાંતી : ના (આમ કહેવું બરાબર નથી) કારણ કે આ વિશેષણો લક્ષણને માટે છે. (હવે આ સૂત્રરૂપ વાક્યની જ વ્યાખ્યા કરવામાં આવે છે.) આ દોષ નહીં. કેમ ? કારણ કે આ વિશેષણો લક્ષણાર્થપ્રધાન છે, કેવળ વિશેષણપ્રધાન જ નથી, પરંતુ લક્ષણ-લક્ષ્ય તથા વિશેષણ-વિશેષ્યમાં કઈ વિશેષતા છે તે બતાવે છે - વિશેષણ તો પોતાના વિશેષ્યનું તેના સજાતીય પદાર્થોથી જ વ્યાવર્તન કરનારું જુદું પાડનારું હોય છે, પરંતુ લક્ષણ તેને બધાથી જ વ્યાવૃત્ત કરી દે છે ઢાંકી દે છે, જેવી રીતે અવકાશ આપનારું 'આકાશ' હોય છે. આ વાક્ય (આત્માનું) લક્ષણ કરવા માટે છે એમ અમે પહેલાં કહ્યું છે.

સત્ય વગેરે શબ્દ પરાર્થ હોવાથી પરસ્પર સંબંધિત નથી. તે તો વિશેષ્યને માટે જ છે. તેથી તેમનામાંનો પ્રત્યેક વિશેષણ દર્શાવતો શબ્દ પરસ્પર એકબીજાની અપેક્ષા ન રાખીને જ 'સત્યં બ્રહ્મ, જ્ઞાનં બ્રહ્મ, અનંત બ્રહ્મ' આ રીતે 'બ્રહ્મ' શબ્દ સાથે (સ્વતંત્ર રીતે) જોડાયેલ છે.

સત્યમ્-જે(પદાર્થ)નો જે રૂપે નિશ્ચય કરાયો છે તેમાંથી તે વ્યભિચાર પામતો ન હોવાથી તે સત્ય કહેવાય છે, જે પદાર્થ જે રૂપથી નિશ્ચિત કરાયો છે તે રૂપથી વ્યભિચરિત થતાં-પરિવર્તન પામતાં તે મિથ્યા કહેવાય છે. તેથી વિકાર મિથ્યા છે. **'વિકાર કેવલ વાણીથી આરંભ થનારો અને નામમાત્ર છે, કેવલ મૃત્તિકા જ સત્ય છે'** (છાં.ઉપ. ૬-૧-૪) આમ નિશ્ચય કરાયો હોવાથી સત જ સત્ય છે. માટે 'સત્યં બ્રહ્મ' આ વાક્ય બ્રહ્મને વિકારમાત્રથી દૂર કરે છે.

આથી બ્રહ્મનું કારણત્વ પ્રાપ્ત થાય છે અને વસ્તુરૂપ હોવાથી કારણમાં કારકત્વ રહેતું હોય છે, માટે મૃત્તિકાની જેમ તેની જડરૂપતાનો પ્રસંગ આવી પડે છે, તેથી જ 'જ્ઞાનં બ્રહ્મ' એમ કહ્યું છે. જ્ઞપ્તિ એટલે અવબોધને 'જ્ઞાન' કહેવામાં આવે છે, 'જ્ઞાન' શબ્દ ભાવવાચક છે, 'સત્ય' અને 'અનંત'ની સાથે બ્રહ્મનું વિશેષણ હોવાથી તેનો અર્થ 'જ્ઞાનકર્તા' થઈ શકતો નથી. તેનું જ્ઞાનકર્તૃત્વ સ્વીકારતાં બ્રહ્મની સત્યતા અને અનંતતા સંભવતી નથી. જ્ઞાન-કર્તારૂપથી વિકારને પ્રાપ્ત થનારું હોઈને બ્રહ્મ સત્ય અનંત કઈ રીતે હોઈ શકે ? જે કોઈથી પણ વિભક્ત થતું નથી તે જ અનંત હોઈ શકે છે. જ્ઞાનકર્તા હોય તો તે જ્ઞેય અને જ્ઞાનથી વિભક્ત થશે, તેથી તેની અનંતતા સિદ્ધ થઈ શકશે નહીં. **'જ્યાં બીજા કોઈને જાણતો નથી તે ભૂમા છે અને જ્યાં બીજા કોઈને જાણે છે તે અલ્પ છે'** (છાં.ઉપ. ૭-૨૪-૧) આ એક બીજી શ્રુતિ છે.

આ શ્રુતિમાં 'બીજાને જાણતો નથી' આ પ્રમાણે વિશેષ પ્રતિષેધ હોવાથી તે સ્વયં પોતાને જ જાણે છે - એવી જો કોઈ શંકા કરે તો તે યોગ્ય નથી, કારણ કે આ વાક્ય ભૂમાના લક્ષણનું વિધાન કરવામાં પ્રવૃત્ત થયેલું છે. 'यत्र नान्यत्पश्यति' વગેરે વાક્ય ભૂમાના લક્ષણનું વિધાન કરવામાં લાગેલું છે. અન્ય અન્યને જુએ છે - આ લોકપ્રસિદ્ધ વસ્તુસ્થિતિનો સ્વીકાર કરીને 'જ્યાં એમ નથી તે ભૂમા છે' - આ રીતે તેના દ્વારા ભૂમાના સ્વરૂપનો બોધ કરાવવામાં આવે છે. અહીં 'અન્ય' શબ્દ તો યથાપ્રાપ્ત દ્વૈતનો પ્રતિષેધ કરવાને માટે સ્વીકારવામાં આવેલો છે, આથી આ વાક્ય પોતાની અંદર ક્રિયાનું અસ્તિત્વ પ્રતિપાદન કરવા માટે નથી, જ્યારે સ્વાત્મામાં તો ભેદનો અભાવ હોવાથી તે વિજ્ઞાન હોવાની શક્યતા જ નથી. આત્માનું વિજ્ઞેયત્વ સ્વીકાર કરાય તો જ્ઞાતાના અભાવનો પ્રસંગ ઉપસ્થિત થાય, કારણ કે તે તો વિજ્ઞેયરૂપથી જ પ્રયુક્ત થઈ ચૂકેલ છે-ગોઠવાઈ ગયેલ છે. (હવે તેને જ્ઞાતા કઈ રીતે મનાય ?)

પૂર્વપક્ષી : એક જ આત્મા જ્ઞેય અને જ્ઞાતા બન્ને પ્રકારથી હોઈ શકે છે - એમ માનીએ તો ?

સિદ્ધાંતી : ના, તે (આત્મા) અંશરહિત હોવાથી એક જ વખતે ઉભયરૂપ હોઈ શકે નહીં. નિરવયવ બ્રહ્મનું એક સાથે જ્ઞેય અને જ્ઞાતા હોવું શક્ય નથી. વળી એ સિવાય જો આત્મા વગેરેની જેમ વિજ્ઞેય હોય તો જ્ઞાનનો ઉપદેશ નકામો જશે. જે વસ્તુ ઘટાદિની જેમ પ્રસિદ્ધ છે તેના જ્ઞાનનો ઉપદેશ સાર્થક થઈ શકતો નથી, માટે તેનું જ્ઞાતૃત્વ માનવાથી તેની અનંતતા રહે નહીં. જ્ઞાનકર્તૃત્વાદિ વિશેષથી યુક્ત હોતાં તેનું સન્માત્રત્વ-અસ્તિત્વ પણ શક્ય નથી, અને **'તે સત્ય છે'** (છાં.ઉપ. ૬-૮-૧૬) આ એક અન્ય શ્રુતિથી તેનું સત્યરૂપ હોવું જ સન્માત્રત્વ છે, તેથી 'સત્ય' અને 'અનંત' શબ્દોની સાથે વિશેષણરૂપથી 'જ્ઞાન' શબ્દનો પ્રયોગ કર્યો તેથી તે ભાવવાચક છે. માટે 'જ્ઞાનં બ્રહ્મ' આ વિશેષણનો તેના કર્તૃત્વાદિ કારકોની નિવૃત્તિને માટે તથા મૃત્તિકા વગેરેની જેમ તેની જડરૂપતાની નિવૃત્તિને માટે પ્રયોગ કરવામાં આવેલ છે.

'જ્ઞાનં બ્રહ્મ' એ વચનથી બ્રહ્મનું અનંતત્વ પ્રાપ્ત થાય છે, કારણ કે લૌકિક જ્ઞાન અંતવાળું જોવામાં આવે છે, તેથી તેની નિવૃત્તિને માટે 'अनन्तम्' એમ કહ્યું છે.



પૂર્વપક્ષી : સત્ય વગેરે શબ્દ તો અનૃત વગેરે ધર્મોની નિવૃત્તિને માટે છે અને તેમનું વિશેષ્ય બ્રહ્મ કમલ વગેરેની જેમ જાણીતું નથી, તેથી **'ઝાંઝવાનાં જળમાં સ્નાન કરી, માથા પર આકાશના પુષ્પનો મુકુટ ધારણ કરીને તથા સસલાના શીંગડાનું ધનુષ્ય ધારણ કરી આ વંધ્યાનો પુત્ર જઈ રહ્યો છે'** આ ઉક્તિની જેમ આ 'सत्यं ज्ञानम्' વગેરે વાક્યની શૂન્યાર્થતા (અર્થની શૂન્યતા) જ પ્રાપ્ત થાય છે.

સિદ્ધાંતી : ના, કારણ કે તે (સત્ય વગેરે શબ્દો) લક્ષણ કરવાને માટે છે. સત્યાદિ શબ્દ વિશેષણ હોવા છતાંય તેમનું મુખ્ય પ્રયોજન લક્ષણ માટેનું જ છે-એમ અમે કહ્યું છે. જો લક્ષ્ય શૂન્ય હોય તો પછી તેનું લક્ષણ બતાવવાનું પણ વ્યર્થ જ થશે, તેથી લક્ષણાર્થ હોવાને લીધે તેની શૂન્યાર્થતા નથી - એવું અમે માનીએ છીએ. વિશેષણને માટે હોવા છતાં પણ સત્ય વગેરે શબ્દના પોતાના અર્થનો ત્યાગ તો નથી થતો. જો સત્ય વગેરે શબ્દોની શૂન્યાર્થતા હોય તો તે પોતાના વિશેષ્યના નિયંતા છે-એમ માની શકાય નહીં. સત્ય વગેરે અર્થોથી અર્થવાન્ થાય તો જ તેમના દ્વારા પોતાનાથી વિપરીત ધર્મવાળા વિશેષ્યોથી પોતાના વિશેષ્ય બ્રહ્મનું નિયન્તૃત્વ શક્ય બને. 'બ્રહ્મ' શબ્દ પણ પોતાના અર્થથી અર્થવાન જ છે. તે (સત્ય વગેરે ત્રણ શબ્દો)માં 'અનંત' શબ્દ તેના અંતવત્વનો પ્રતિષેધ કરવાથી વિશેષણ છે તથા 'સત્ય' અને 'જ્ઞાન' બને શબ્દો તો પોતાના અર્થોના સમર્પણ દ્વારા જ તેના વિશેષણ બને છે.

પૂર્વપક્ષી : 'તે આ આત્માથી આકાશ ઉત્પન્ન થયું' આ શ્રુતિમાં 'આત્મા' શબ્દનો પ્રયોગ બ્રહ્મને જ માટે કરાયેલો હોવાથી બ્રહ્મ તેને જાણનારાનો આત્મા જ છે. **'આ આનન્દમય આત્માને પ્રાપ્ત થઈ જાય છે'** (તૈ.ઉપ. ૨-૮-૫) આ શ્રુતિ તેની આત્મતા દેખાડે છે તેમ જ તેનાં પ્રવેશ કરવાથી પણ (તેનું આત્મત્વ સિદ્ધ થાય છે). **'તેને રચીને તે તેમાં જ પ્રવિષ્ટ થઈ ગયો.'** (તૈ.ઉપ. ૨-૬-૧) એમ કહીને શ્રુતિ તેનું જ જીવરૂપે શરીરમાં પ્રવેશ થવાનું દર્શાવે છે, તેથી બ્રહ્મ, તેને જાણનારાનું સ્વરૂપ જ છે.

આ પ્રમાણે આત્મા હોવાથી તો તેને જ્ઞાનનું કર્તૃત્વ સિદ્ધ થાય છે. **'આત્મા જ્ઞાતા છે'** આ વાત તો જાણીતી છે. **'તેણે કામના કરી'** (તૈ.ઉપ. ૨-૬-૧) આ શ્રુતિથી કામના કરનારનું જ્ઞાનકર્તૃત્વ હોવાથી 'બ્રહ્મ જ્ઞપ્તિ માત્ર છે' આમ કહેવું અયોગ્ય છે.

વળી એ સિવાય એમ માનવાથી અનિત્યત્વનો પ્રસંગ પણ આવે છે. 'જ્ઞપ્તિને જ્ઞાન કહેવામાં આવે છે' આ વ્યુત્પત્તિ પ્રમાણે જો બ્રહ્મની ભાવરૂપતા માનવામાં આવે તો તેના અનિત્યત્વ અને પરતંત્રપણાના ભાવનો પ્રસંગ આવે છે, કારણ કે ધાતુઓનાં અર્થ કારકોની અપેક્ષાવાળા હોય છે. જ્ઞાન પણ ધાતુનો અર્થ છે, તેથી એની પણ અનિત્યતા અને પરતંત્રતા (આવી પડે છે.)

સિદ્ધાંતી : ના (એમ નથી), કારણ કે જ્ઞાન બ્રહ્મના સ્વરૂપથી અભિન્ન છે, તેથી તેનું કાર્યત્વ કેવળ ઉપચારથી છે. આત્માનું સ્વરૂપ જે 'જ્ઞપ્તિ' છે તે તેનાથી વ્યતિરિક્ત-જુદું નથી. માટે તે (જ્ઞપ્તિ) નિત્ય જ છે. તોપણ ચક્ષુ વગેરે દ્વારા વિષયરૂપે પરિણત થનારી ઉપાધિરૂપી બુદ્ધિની જે શબ્દાદિરૂપી પ્રતીતિઓ છે તે આત્મવિજ્ઞાનની વિષયભૂત થઈને ઉત્પન્ન થતી રહીને આત્મવિજ્ઞાનથી વ્યાપ્ત જ ઉત્પન્ન થાય છે અર્થાત્ પોતાની ઉત્પત્તિના સમયે તે પ્રતીતિઓમાં તો આત્મવિજ્ઞાનથી પ્રકાશિત થવાની યોગ્યતા હોય છે અને આત્મવિજ્ઞાન તેમને પ્રકાશિત કરતું રહે છે. તે તે ધાતુઓની અર્થભૂત તેમ જ 'વિજ્ઞાન' શબ્દવાચ્ય આત્મવિજ્ઞાનની પ્રતીતિઓ આત્માનો જ વિકારરૂપ ધર્મ છે - આવી અવિવેકીઓ દ્વારા કલ્પના કરવામાં આવે છે.

પણ તે બ્રહ્મનું જે વિજ્ઞાન છે તે સૂર્યના પ્રકાશ તથા અગ્નિની ઉષ્ણતાની જેમ બ્રહ્મના સ્વરૂપથી જુદું નથી, બલ્કે તેનું સ્વરૂપ જ છે. કારણ કે તેને બીજા કોઈ કારણની અપેક્ષા નથી, કેમ કે તે નિત્ય સ્વરૂપ છે. વળી તે બ્રહ્મથી સંપૂર્ણ ભાવપદાર્થોના દેશ કાલ જુદા નથી, અને તે કાલ તથા આકાશ વગેરેનું પણ કારણ તેમ જ નિરતિશય સૂક્ષ્મ છે, તેથી એવી કોઈ સૂક્ષ્મ, વ્યવહિત (વ્યવધાન-આડવાળી), વિપ્રકૃષ્ટ (દૂર) તથા ભૂત, ભવિષ્યત્ કે વર્તમાન વસ્તુ નથી જેને તે જાણતો ન હોય અથવા તેનાથી જાણવામાં આવતી ન હોય, માટે તે બ્રહ્મ સર્વજ્ઞ છે.

'તે હાથ-પગ વિનાનો વેગથી ચાલનારો અને ગ્રહણ કરનારો છે, આંખો વિના તે જુએ છે અને કાન વિના સાંભળે છે, જાણવા યોગ્ય સર્વ વસ્તુને તે જાણે છે, તેને જાણનારું બીજું કોઈ નથી. તેને સર્વ પ્રથમ મહાન પુરુષ કહેવામાં આવ્યો છે.' (શ્વે.ઉપ. ૩-૧૯) આ મંત્રવર્ણથી તથા **'અવિનાશી હોવાને લીધે વિજ્ઞાતાના જ્ઞાનનો ક્યારેય લોપ થતો નથી અને તેનાથી ભિન્ન કોઈ બીજું પણ નથી (જે તેને જુએ)'** (બૃ.ઉપ. ૩-૩૦) વગેરે શ્રુતિઓથી પણ આજ સિદ્ધ થાય છે. પોતાના

વિજ્ઞાતૃસ્વરૂપથી અભિન્ન તથા ઈન્દ્રિયાદિ સાધનોની અપેક્ષા વિનાનું હોવાથી જ્ઞાનસ્વરૂપ હોવા છતાંય બ્રહ્મનું નિત્યત્વ સારી રીતે સિદ્ધ છે, તેથી ક્રિયારૂપ ન હોવાને કારણે તે (જ્ઞાન) ધાતુનો અર્થ પણ નથી.

આથી તે જ્ઞાનકર્તા પણ નથી અને આથી જ તે બ્રહ્મ 'જ્ઞાન' શબ્દનો વાચ્ય પણ નથી છતાં પણ જ્ઞાનાભાસનો વાચક તથા બુદ્ધિના ધર્મવિષયક 'જ્ઞાન' શબ્દ દ્વારા તે લક્ષિત થાય છે. કહેવાતો-બોલાતો નથી, કારણ કે તે શબ્દની પ્રવૃત્તિના હેતુભૂત એવા જાતિ વગેરે ધર્મોથી રહિત છે. એ જ પ્રમાણે 'સત્ય' શબ્દથી પણ (તેને લક્ષિત જ કરી શકાય છે.) બ્રહ્મનું સ્વરૂપ સંપૂર્ણ વિશેષણોથી શૂન્ય છે, તેથી તે સામાન્ય રીતે સત્તા જ જેનો વિષય અર્થ છે એવા 'સત્ય' શબ્દથી 'સત્યં બ્રહ્મ' આ પ્રમાણે કેવળ લક્ષિત થાય છે. બ્રહ્મ એ કંઈ સત્ય શબ્દનો વાચ્ય જ નથી.

આ રીતે આ સત્યાદિ શબ્દો એકબીજાની સન્નિધિ-સમીપપણાથી એકબીજાના નિયમ્ય અને નિયામક થઈને સત્યાદિ શબ્દોના વાચ્યાર્થથી બ્રહ્મને અલગ રાખનારા અને તેનું લક્ષણ કરવામાં ઉપયોગી બને છે. માટે **'જ્યાંથી મન સહિત વાણી તેને ન પામી પાછી ફરે છે.'** (તૈ.ઉપ. ૨-૪-૧) **'ન કહેવા યોગ્ય અને અનાશ્રિતમાં'** (તૈ.ઉપ. ૨-૭-૧) વગેરે શ્રુતિઓ પ્રમાણે બ્રહ્મનું સત્ય વગેરે શબ્દોનું અવાચ્યત્વ અને નીલકમળની જેમ અવાક્યાર્થત્વ સિદ્ધ થાય છે.

(આગળ) જે રીતે વ્યાખ્યા કરાયેલા તે બ્રહ્મને જે પુરુષ ગુહામાં નિહિત (છુપાયેલું) જાણે છે (તે સંપૂર્ણ અર્થાત્ નિઃશેષ કામનાઓને-ભોગોને પ્રાપ્ત કરી લે છે એટલે કે તેમને ભોગવે છે). સંવરણ થયેલા અર્થાત્ આચ્છાદન અર્થવાળા 'ગુહ્' ધાતુથી થયેલા 'ગુહા' શબ્દમાં જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતૃ પદાર્થ નિગૂઢ (છુપાયેલા) છે તેથી 'ગુહા' બુદ્ધિનું નામ છે. અથવા તેમાં ભોગ અને અપવર્ગ-આ પુરુષાર્થ નિગૂઢ અવસ્થામાં રહેલા છે, તેથી ગુહા છે. તેની અંદર પરમ-પ્રકૃષ્ટ વ્યોમ-આકાશમાં અર્થાત્ અવ્યાકૃત આકાશમાં, કારણ કે **'હે ગાર્ગિ ! નિશ્ચય આ અક્ષરમાં જ આકાશ (ઓતપ્રોત થઈને રહેલું) છે.'** (બૃ.ઉપ. ૩-૮-૧૧) એ શ્રુતિ પ્રમાણે અક્ષરની સન્નિધિમાં હોવાથી આ અવ્યાકૃત આકાશ જ પરમ આકાશ છે. અથવા 'गुहायां व्योम्नि' આ રીતે તેનું સામાનાધિકરણ્ય હોવાથી આકાશને જ ગુહા કહેવામાં આવેલ છે, કારણ કે સર્વનું કારણ અને સૂક્ષ્મતર હોવાને લીધે તેમાં પણ ત્રણે કાળમાં સર્વ પદાર્થો છુપાયેલા છે. તેની જ અંદર બ્રહ્મ પણ રહેલું છે.

પરંતુ એ જ યોગ્ય છે કે હૃદયાકાશ જ પરમ આકાશ છે, કારણ કે તે આકાશને વિજ્ઞાનાંગ એટલે કે ઉપાસનાના અંગરૂપે અહીં બતાવવાનું ઈષ્ટ છે. **'જે આકાશ આ (શરીર નામના) પુષ્પથી બહાર છે,'** (છાં.ઉપ. ૩-૧૨-૭) **'જે આકાશ આ પુરુષની અંદર છે,'** (છાં.ઉપ. ૩-૧૨-૮) **'જે આ આકાશ હૃદયની અંદર છે.'** (છાં.ઉપ. ૩-૧૨-૯) આ રીતે એક અન્ય શ્રુતિથી હૃદયાકાશનું પરમત્વ પ્રસિદ્ધ છે. તે હૃદયાકાશમાં જે બુદ્ધિરૂપ ગુહા છે તેમાં બ્રહ્મ રહેલું છે. અર્થાત્ તે બુદ્ધિવૃત્તિથી તે પૃથક્રૂપે સ્પષ્ટ રીતે ઉપલબ્ધ થાય છે, બાકી બ્રહ્મનો કોઈ પણ વિશેષ દેશ કે કાલ સાથે સંબંધ નથી, કારણ કે તે સર્વગત અને નિર્વિશેષ છે.

આ રીતે બ્રહ્મને જાણનારો તે શું (કરે છે) ? આ (શ્રુતિ) કહે છે, તે સંપૂર્ણ અર્થાત્ નિઃશેષ કામનાઓને એટલે કે ઇચ્છિત ભોગોને પ્રાપ્ત કરી લે છે અર્થાત્ તેમને ભોગવે છે. ત્યારે શું તે આપણી જેમ પુત્ર તેમ જ સ્વર્ગ ભોગોને ક્રમથી ભોગવે છે ? તો (શ્રુતિ) કહે છે-ના, તેમને એકસાથે ભોગવે છે. તે એક જ ક્ષણમાં બુદ્ધિવૃત્તિ પર આરૂઢ થઈ સર્વ ભોગોને સૂર્યના પ્રકાશની જેમ નિત્ય તથા બ્રહ્મસ્વરૂપથી અભિન્ન એક જ ઉપલબ્ધિ દ્વારા, જેનું અમે 'सत्यं ज्ञानमनन्तम्' એવું નિરૂપણ કર્યું છે તેને ભોગવે છે. 'ब्रह्मणा सह (सर्वान्कामानश्नुते' આ વાક્યથી આ અર્થ) કહેવામાં આવ્યો છે.

બ્રહ્મરૂપ બનેલો જ્ઞાની બ્રહ્મરૂપે જ બધા ભોગોને એકસાથે પ્રાપ્ત કરી લે છે, અર્થાત્ બીજા લોકો જે પ્રમાણે જળમાં પ્રતિબિંબિત સૂર્યની જેમ પોતાના ઔપાધિક અને સંસારી આત્મા દ્વારા ધર્મ વગેરે નિમિત્તની અપેક્ષાવાળા તથા ચક્ષુ વગેરે ઇંદ્રિયોની અપેક્ષાથી યુક્ત સર્વ ભોગોને એક પછી એક ભોગવે છે તે પ્રમાણે તેમને ભોગવતો નથી. તો પછી કેવી રીતે ભોગવે છે ? તે ઉપર્યુક્ત પ્રકારથી સર્વજ્ઞ, સર્વગત, સર્વાત્મક તેમ જ નિત્ય બ્રહ્માત્મસ્વરૂપથી ધર્મ વગેરેના નિમિત્તની અપેક્ષારહિત તથા ચક્ષુ વગેરે ઇંદ્રિયોથી પણ નિરપેક્ષ સઘળા ભોગોને એકસાથે જ પ્રાપ્ત કરી લે છે-આવું તાત્પર્ય છે. વિપશ્ચિત એટલે મેધાવી અર્થાત્ બ્રહ્મરૂપે સર્વજ્ઞ બ્રહ્મનું જે સર્વજ્ઞત્વ છે તે જ તેનું વિપશ્ચિતપણું-વિદ્વત્તા છે. તે સર્વજ્ઞસ્વરૂપ બ્રહ્મરૂપથી જ તેમને ભોગવે છે. મૂળમાં 'इति' શબ્દ મંત્રની સમાપ્તિ સૂચવવા માટે છે.

'ब्रह्मविदाप्नोति परम्' આ બ્રાહ્મણવાક્ય દ્વારા આ સંપૂર્ણ વલ્લીનો અર્થ સૂત્રરૂપે (અહીં) કહી દીધો છે. તે સૂત્રભૂત અર્થની જ મંત્ર વડે સંક્ષેપથી વ્યાખ્યા કરવામાં આવી છે. હવે ફરીથી તેના જ અર્થનો વિસ્તારથી નિર્ણય કરવાનો છે, તેથી જ તેનો વૃત્તિરૂપ 'तस्माद्वा एतस्मात्' વગેરે આગળના ગ્રંથનો આરંભ કરે છે.

તે મંત્રના આરંભમાં 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' એમ કહ્યું છે. તે (સત્ય જ્ઞાન અને અનંત) કઈ રીતે છે તે બતાવે છે. અનંતપણું ત્રણ પ્રકારનું છે. (૧) દેશથી (૨) કાલથી અને (૩) વસ્તુથી. તેઓમાં જેમ કે આકાશ દેશતઃ અનંત છે. તેનો દેશથી પરિચ્છેદ નથી. તેમ જ કાલ અને વસ્તુથી પણ આકાશની અનંતતા નથી. શાથી નથી ? કારણ કે તે કાર્ય છે, પરંતુ આકાશની જેમ કોઈનું કાર્ય ન હોવાથી બ્રહ્મનું આ પ્રમાણે કાલથી પણ અંતવત્વ નથી. જે વસ્તુ કોઈનું કાર્ય હોય છે તે જ કાલથી પરિચ્છિન્ન હોય છે અને બ્રહ્મ કોઈનુંય કાર્ય નથી તેથી તેની કાલથી અનંતતા છે.

આ રીતે તે વસ્તુથી પણ અનંત છે. વસ્તુથી તેની અનંતતા કઈ રીતે છે ? કારણ કે તે તો સર્વથી અનન્ય-અભિન્ન છે. ભિન્ન વસ્તુ જ કોઈ અન્ય ભિન્ન વસ્તુનો અંત હોય છે, કારણ કે કોઈ ભિન્ન વસ્તુમાં ગયેલી બુદ્ધિ જ કોઈ અન્યમાં લાગેલી વસ્તુથી નિવૃત્ત કરાય છે. જે (પદાર્થ સંબંધી) બુદ્ધિની જે પદાર્થથી નિવૃત્તિ થાય છે તે જ તે પદાર્થનો અંત છે. જે રીતે ગોત્વબુદ્ધિ (આ ગાય છે તેવી બુદ્ધિ) અશ્વત્વબુદ્ધિથી નિવૃત્ત થાય છે, આથી ગોત્વનો અંત અશ્વત્વ થયો, માટે તે અંતવાન જ છે અને તેનો તે અંત ભિન્ન પદાર્થોમાં જ જોવામાં આવે છે, પરંતુ બ્રહ્મમાં કોઈ ભેદ નથી, તેથી વસ્તુથી પણ તેની અનંતતા છે.

પરંતુ બ્રહ્મની બીજા બધાથી અભિન્નતા કેવી રીતે છે તે બતાવે છે, કારણ કે તે સર્વ વસ્તુઓનું કારણ છે. આકાશ, કાલ વગેરે દરેક વસ્તુઓનું બ્રહ્મ કારણ છે. જો એમ કહેવામાં આવે કે પોતાના કાર્યની અપેક્ષાથી તો તેનું વસ્તુથી અંતવત્વ થઈ જ જશે, તો એમ કહો તો તે બરાબર નથી, કારણ કે કાર્યરૂપ વસ્તુ અસત્ એટલે મિથ્યા છે. વસ્તુતઃ કારણથી ભિન્ન કાર્ય છે જ નહીં કે જેથી કારણ-બુદ્ધિની નિવૃત્તિ થાય. **'વાણીથી આરંભ થનારો વિકાર કેવળ નામમાત્ર છે, મૃત્તિકા જ સત્ય છે'** (છાં.ઉપ. ૬-૧-૪) એ જ રીતે **'સત જ સત્ય છે'** - એમ અન્ય શ્રુતિથી પણ સિદ્ધ થાય છે.

આથી આકાશ વગેરેનું કારણ હોવાથી બ્રહ્મ દેશથી પણ અનંત છે. આકાશ દેશથી અનંત છે - આ તો જાણીતું છે, અને આ તેનું કારણ છે, માટે આત્માનું દેશથી અનંતત્વ સિદ્ધ જ છે, કારણ કે લોકમાં અસર્વગત વસ્તુથી કોઈ સર્વગત વસ્તુ ઉત્પન્ન થતી જોવામાં આવતી નથી, તેથી આત્માનું દેશથી અનંતત્વ નિરતિશય છે. એ જ પ્રમાણે કોઈનું કાર્ય ન હોવાને લીધે તે કાલથી અને તેનાથી જુદી વસ્તુનો સર્વથા અભાવ હોવાથી વસ્તુથી પણ અનંત છે. માટે આત્માનું સર્વથી અધિક સત્યત્વ છે.

(મંત્રમાં) 'तस्मात्' (એટલે તેનાથી) આ પદ દ્વારા મૂળ વાક્યોમાંથી સૂત્રરૂપે કહેલા 'બ્રહ્મ' પદનો પરામર્શ કરવામાં આવે છે, ને ત્યાર પછી 'एतस्मात्' વગેરે મંત્રવાક્યથી પણ પૂર્વનિર્દિષ્ટ બ્રહ્મનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (ભાવાર્થ એ છે કે-) જે બ્રહ્મનો પહેલા બ્રાહ્મણવાક્ય દ્વારા સૂત્રરૂપે ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને જે ત્યાર પછી 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' આ પ્રમાણે લક્ષિત કરાયું છે તે આ બ્રહ્મ-આત્માથી, અર્થાત્ 'આત્મા' શબ્દવાચ્ય બ્રહ્મથી-કારણ કે 'तत् सत्यं स आत्मा' વગેરે એક અન્ય શ્રુતિ પ્રમાણે તે સર્વનો આત્મા છે, તેથી અહીં બ્રહ્મ જ આત્મા છે - તે આ આત્મસ્વરૂપ બ્રહ્મથી આકાશ સંભૂત અર્થાત્ ઉત્પન્ન થયું છે.

જે 'શબ્દ' ગુણવાળું અને સમસ્ત મૂર્ત પદાર્થોને અવકાશ આપનારું છે તે 'આકાશ' છે. તે આકાશથી પોતાના ગુણ 'સ્પર્શ' અને પોતાના પૂર્વવર્તી આકાશના ગુણ 'શબ્દ'થી યુક્ત બે-શબ્દ અને સ્પર્શ-ગુણવાળો વાયુ પેદા થયો. અહીં પ્રથમ વાક્યના 'सम्भूतः' (પેદા થયો) આ ક્રિયાપદની (સર્વત્ર) અનુવૃત્તિ કરાય છે અર્થાત્ એ ક્રિયાપદનો બધાં તત્ત્વો સાથે સંબંધ છે. વાયુથી પોતાના ગુણ 'રૂપ' અને પહેલા બે ગુણો સહિત ત્રણ-શબ્દ, સ્પર્શ અને રૂપ-ગુણવાળો અગ્નિ પેદા થયો, તેમ જ અગ્નિથી પોતાના ગુણ 'રસ' અને પહેલાં ત્રણ ગુણો સહિત ચાર ગુણવાળું જળ પેદા થયું. અને જળથી પોતાના ગુણ 'ગંધ' અને પહેલા ચાર ગુણો સહિત પાંચ ગુણવાળી પૃથ્વી પેદા થઈ, પૃથ્વીથી ઓષધિઓ, ઓષધિઓથી અન્ન અને વીર્યરૂપમાં પરિણત થયેલા અન્નથી શિર તથા હાથ-પગ-રૂપ આકૃતિવાળો પુરુષ પેદા થયો.

તે આ અન્નરસમય પુરુષ અન્ન અને રસનો વિકાર છે. પુરુષાકારથી ભાવિત (અર્થાત્ પુરુષના આકારની વાસનાથી યુક્ત) તથા તેના સર્વ અંગોમાંથી ઉત્પન્ન થયેલું તેજરૂપી જે શુક્ર છે તે તેનું બીજ છે. તેનાથી જે ઉત્પન્ન થાય છે તે પણ તેના જેવો પુરુષોના આકારનો જ થાય છે, કારણ કે સઘળી જાતિઓમાં ઉત્પન્ન થનારા દેહોમાં પિતાના જેવી આકૃતિ હોવાનો નિયમ જોવામાં આવે છે.

પૂર્વપક્ષી : સૃષ્ટિમાં સઘળા જ શરીરો સમાનરૂપથી અન્ન અને રસના વિકારરૂપે તથા બ્રહ્માના વંશમાં ઉત્પન્ન થયેલાં છે, તો પછી અહીં પુરુષ જ કેમ ગ્રહણ કરવામાં આવે છે ?

સિદ્ધાંતી : પ્રધાનપણાને લીધે.

પૂર્વપક્ષી : તેની પ્રધાનતા કઈ છે ?

સિદ્ધાંતી : કર્મ અને જ્ઞાનનો અધિકાર (તેની પ્રધાનતા છે.) (કર્મ અને જ્ઞાનના સાધનમાં) સમર્થ, (તેના ફળની) ઇચ્છાવાળા અને તેનાથી ઉદાસીન ન હોવાને લીધે પુરુષ જ કર્મ અને જ્ઞાનનો અધિકારી છે. **'પુરુષમાં જ આત્માનો પૂર્ણપણે આવિર્ભાવ થયો છે, તે જ પ્રજ્ઞાનથી સર્વથી અધિક સંપન્ન છે, તે જાણેલી વાતને કહે છે, જાણેલા પદાર્થોને જુએ છે, આવતી કાલે થનારી વાતને પણ તે જાણી શકે છે, તેને લોક અને અલોકનું જ્ઞાન છે તે મર્ત્યથી અમર પદની ઇચ્છા કરે છે. બીજા પશુઓને તો કેવળ ભૂખ અને તરસનું જ વિશેષ જ્ઞાન હોય છે.'** આવી એક બીજી શ્રુતિ પણ જોવામાં આવે છે.

તે પુરુષને અહીં (એટલે આ વલ્લીમાં) વિદ્યા દ્વારા સર્વની અપેક્ષા અંતરતમ બ્રહ્મની પાસે લઈ જવાનું અભીષ્ટ છે. પરંતુ તેની બુદ્ધિ જે બાહ્યાકાર વિશેષરૂપ અનાત્મ પદાર્થોમાં આત્મભાવના કરીને રહે છે તેને કોઈ વિશેષ આલંબન વિના એકાએક સર્વથી અંતરતમ પ્રત્યગાત્મસંબંધવાળી તેમ જ આલંબનરહિત કરવાનું અશક્ય છે, માટે આ દેખાઈ રહેલા શરીરૂપી આત્માની સમાનતાની કલ્પનાથી શાખાચંદ્રના* ઉદાહરણની જેમ તેની અંદર પ્રવેશ કરાવીને શ્રુતિ કહે છે :

તેનું આ જ શિર છે, તે આ અન્નરસમય પુરુષનું આ પ્રસિદ્ધ શિર જ શિર છે. (આગળના અનુવાકમાં) પ્રાણમય વગેરે શિરરહિત કોષમાં પણ શિરસ્ત્વ જોવામાં આવતું હોવાથી અહીં પણ તે જ વાત ન સમજી લેવાય એ માટે **'આ પ્રસિદ્ધ શિર જ તેનું શિર છે'** એમ કહેવામાં આવે છે. આ જ રીતે પાંખ વગેરેની બાબતમાં સમજી લેવું. પૂર્વાભિમુખ વ્યક્તિનો આ દક્ષિણ (દક્ષિણ દિશા તરફનો) બાહુ દક્ષિણ પાંખ છે, આ વામબાહુ ઉત્તર પાંખ છે તથા આ દેહનો મધ્યભાગ અંગોનો આત્મા છે, જેમ કે **'મધ્યભાગ જ આ અંગોનો આત્મા છે'** આ શ્રુતિથી પ્રમાણિત થાય છે, અને આ જે નાભિથી નીચેનું અંગ છે તે પુચ્છ-પ્રતિષ્ઠા છે. એનાથી તે પ્રતિષ્ઠિત છે, માટે આ તેની પ્રતિષ્ઠા છે. નીચેની બાજુ લટકવામાં સમાનતા હોવાથી તે પુચ્છની જેમ પુચ્છ છે, દા.ત. ગાયનું પુચ્છ. આ અન્નમય કોશથી આરંભી સાંચામાં ઓતેલા-પીગળેલા તાંબાની પ્રતિમાની જેમ આગળ ઉપર કહેવામાં આવનારા પ્રાણમય વગેરે કોષોનું રૂપક હોવાપણું સિદ્ધ થાય છે. તેના વિષમયાં જ આ શ્લોક છે : અર્થાત્ અન્નમય આત્માને પ્રકાશિત કરનારા તે બ્રાહ્મણોક્ત અર્થમાં જ આ શ્લોક એટલે મંત્ર છે. (૧)

इति ब्रह्मानन्दवल्ल्यां प्रथमोऽनुवाकः ॥ १ ॥

⁂

द्वितीय अनुवाक

अन्नाद्वै प्रजाः प्रजायन्ते । याः काश्च पृथिवी श्रिताः । अथो अन्नेनैव जीवन्ति । अथैनदपि यन्त्यन्ततः अन्नं हि भूतानां ज्येष्ठम् । तस्मात्सर्वौषधमुच्यते । सर्वं वै तेऽन्नमाप्नुवन्ति येऽन्नं ब्रह्मोपासते । अन्नहि भूतानां ज्येष्ठम् । तस्मात्सर्वौषधमुच्यते । अन्नाद्भूतानि जायन्ते । जातान्यन्नेन वर्धन्ते । अद्यतेऽत्ति च भूतानि । तस्मादन्नं तदुच्यत इति । तस्माद्वा एतस्मादन्नरसमयादन्योऽन्तर आत्मा प्राणमयः । तेनैष पूर्णः । स वा एष पुरुषविध एव । तस्य पुरुषविधतामन्वयं पुरुषविधः । तस्य प्राण एव शिरः । व्यानो दक्षिणः पक्षः । अपान उत्तरः पक्षः । आकाश आत्मा । पृथिवी पुच्छं प्रतिष्ठा । तदप्येष श्लोको भवति ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- पृथिवीम्-પૃથ્વીના श्रिताः-આશ્રયે રહેનારી याः काः च-જે અને તે प्रजाः-પ્રજા (પ્રાણીઓ) છે (તે સઘળા) अन्नात्-અન્નમાંથી वै-જ प्रजायन्ते-ઉત્પન્ન થાય છે. अथो-પછી अन्नेन-અન્નથી एव-જ जीवन्ति-જીવે છે. अथ-પછી अन्ततः-અંતે एतत्-આ અન્નમાં अपि-જ यन्ति-વિલીન થાય છે. માટે अन्नम्-અન્ન हि-જ भूतानाम्-પ્રાણીઓમાં ज्येष्ठम्-મોટું છે. तस्मात्-માટે (એ અન્ન) सर्वौषधम्-બધી જાતનું ઔષધ

---

* આ એક ન્યાય છે. કોઈને આકાશમાં દૂરનો ચંદ્ર બતાવવો હોય તો. પહેલાં જે પેલી વૃક્ષની શાખા દેખાય છે તેની પાછળ પેલો ચંદ્ર દેખાય છે. એમ ચંદ્ર દેખાડાય છે. આને શાખાચંદ્ર ન્યાય કહે છે.

उच्यते-કહેવાય છે. ये-જે (સાધક) अन्नम् ब्रह्म-અન્નની બ્રહ્મ તરીકે उपासते-ઉપાસના કરે છે वै-ચોક્કસ ते-તે सर्वम्-સઘળા अन्नम्-અન્નને आप्नुवन्ति-પ્રાપ્ત કરે છે. हि-કારણ કે अन्नम्-અન્ન हि-જ भूतानाम्-પ્રાણીઓમાં ज्येष्ठम्-મોટું છે. तस्मात्-તેથી सर्वौषधम्-તેને સર્વ-ઔષધ उच्यते-કહેવામાં આવે છે. अन्नात्-અન્નથી (જ) भूतानि-પ્રાણીઓ जायन्ते-ઉત્પન્ન થાય છે. जातानि-જન્મેલાં अन्नेन-અન્નથી (જ) वर्धन्ते-વૃદ્ધિ પામે છે. तत्-તે (કે જે) अद्यन्ते-(પ્રાણીઓ વડે) ખાવામાં આવે છે च-અને भूतानि-પ્રાણીઓ अत्ति-તે ખાય છે तस्मात्-માટે તેને अन्नम्-'અન્ન' इति-એમ उच्यते-કહેવામાં આવે છે. वै-ચોક્કસ तस्मात्-તે एतस्मात्-આ अन्नरसमयात्-અન્ન-રસમય (માનવદેહ)થી अन्यः-જુદો अन्तरः-એની અંદર રહેનારો प्राणमयः-પ્રાણમય आत्मा-પુરુષ છે. तेन-તેનાથી एषः-આ (અન્નરસમય માનવ) पूर्णः-વ્યાપ્ત છે. सः-તે एषः-આ (પ્રાણમય આત્મા) वै-ચોક્કસ पुरुषविधः एव-પુરુષના આકારનો જ છે. तस्य-તે (અન્નરસમય આત્મા)ની पुरुषविधताम्-પુરુષ સમાન આકૃતિમાં अनु-અનુગત એટલે વ્યાપ્ત હોવાથી अयम्-આ पुरुषविधः-પુરુષના આકારનો છે. तस्य-તે આત્માના प्राण-પ્રાણ एव-જ शिरः-મસ્તક છે. व्यानः-વ્યાન दक्षिणः-જમણી पक्षः-પાંખ છે. अपानः-અપાન उत्तरः-ડાબી पक्षः-પાંખ છે. आकाशः-આકાશ आत्मा-શરીરનો મધ્યભાગ છે અને पृथिवी-પૃથ્વી पुच्छम्-પૂંછડી અને प्रतिष्ठा-આધાર છે. तत्-એના વિષયમાં अपि-પણ एषः-આ श्लोकः भवति-શ્લોક છે. (૧)

અનુવાદ :- પૃથ્વીના આશ્રયે રહેનારી જે અને તે પ્રજા (પ્રાણીઓ) છે (તે સઘળા) અન્નમાંથી જ ઉત્પન્ન થાય છે. પછી અન્નથી જ જીવે છે. પછી અંતે આ અન્નમાં જ વિલીન થાય છે. માટે અન્ન જ પ્રાણીઓમાં મોટું છે. માટે (એ અન્ન) બધી જાતનું ઔષધ કહેવાય છે. જે (સાધક) અન્નની બ્રહ્મ તરીકે ઉપાસના કરે છે ચોક્કસ તે સઘળા અન્નને પ્રાપ્ત કરે છે. કારણ કે અન્ન જ પ્રાણીઓમાં મોટું છે. તેથી તેને સર્વ-ઔષધ કહેવામાં આવે છે. અન્નથી (જ) પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. જન્મેલાં અન્નથી (જ) વૃદ્ધિ પામે છે. તે (કે જે) (પ્રાણીઓ વડે) ખાવામાં આવે છે અને પ્રાણીઓ તે ખાય છે માટે તેને 'અન્ન' એમ કહેવામાં આવે છે. ચોક્કસ તે આ અન્ન-રસમય(માનવદેહ)થી જુદો એની અંદર રહેનારો પ્રાણમય પુરુષ છે. તેનાથી આ (અન્નરસમય માનવ) વ્યાપ્ત છે. તે આ (પ્રાણમય આત્મા) ચોક્કસ પુરુષના આકારનો જ છે. તે (અન્નરસમય આત્મા)ની પુરુષ સમાન આકૃતિમાં અનુગત એટલે વ્યાપ્ત હોવાથી આ પુરુષના આકારનો છે. તે આત્માના પ્રાણ જ મસ્તક છે. વ્યાન જમણી પાંખ છે. અપાન ડાબી પાંખ છે. આકાશ શરીરનો મધ્યભાગ છે અને પૃથ્વી પૂંછડી અને આધાર છે. એના વિષયમાં પણ આ શ્લોક છે. (૧)

शाङ्करभाष्यम् :- अन्नाद्रसादिभावपरिणतात्, वा इति स्मरणार्थः, प्रजाः स्थावरजङ्गमाः प्रजायन्ते । याः काश्चाविशिष्टाः पृथिवीं श्रिताः पृथिवीमाश्रितास्ताः सर्वा अन्नादेव प्रजायन्ते । अथो अपि जाता अन्नेनैव जीवन्ति प्राणान्धारयन्ति वर्धन्त इत्यर्थः । अथाप्येनदन्नमपियन्त्यपिगच्छन्ति । अपिशब्दः प्रतिशब्दार्थे । अन्नं प्रति प्रलीयन्त इत्यर्थः । अन्ततोऽन्ते जीवनलक्षणाया वृत्तेः परिसमाप्तौ । ★ कस्मात् ? अन्नं हि यस्माद् भूतानां प्राणिनां ज्येष्ठं प्रथमजम् । अन्नमयादीनां हीतरेषां भूतानां कारणमन्नमतोऽन्नप्रभवा अन्नजीवना अन्नप्रलयाश्च सर्वाः प्रजाः । यस्माच्चैवं तस्मात्सर्वौषधं सर्वप्राणिनां देहदाहप्रशमनमन्नमुच्यते । ★ अन्नब्रह्मविदः फलमुच्यते-सर्वं वै ते समस्तमन्नजातमाप्नुवन्ति । के ? येऽन्नं ब्रह्म यथोक्तमुपासते । कथम् ? अन्नजोऽन्नात्मान्नप्रलयोऽहं तस्मादन्नं ब्रह्मेति । ★ कुतः पुनः सर्वान्नप्राप्तिफलमन्नात्मोपासनमित्युच्यते । अन्नं हि भूतानां ज्येष्ठम् । भूतेभ्यः पूर्वं निष्पन्नत्वाज्ज्येष्ठं हि यस्मात्तस्मात्सर्वौषधमुच्यते । तस्मादुपपन्ना सर्वान्नात्मोपासकस्य सर्वान्नप्राप्तिः । अन्नाद्भूतानि जायन्ते । जातान्यन्नेन वर्धन्त इत्युपसंहारार्थं पुनर्वचनम् । ★ इदानीमन्ननिर्वचनमुच्यते-अद्यते भुज्यते चैव यद्भूतैरन्नमत्ति च भूतानि स्वयं तस्माद्भूतैर्भुज्यमानत्वाद्भूतभोक्तृत्वाच्चान्नं तदुच्यते । इतिशब्दः प्रथमकोशपरिसमाप्त्यर्थः । ★ अन्नमयादिभ्य आनन्दमयान्तेभ्य आत्मभ्योऽभ्यन्तरतमं ब्रह्म विद्यया प्रत्यगात्मत्वेन दिदर्शयिषुः शास्त्रमविद्याकृतपञ्चकोशापनयनेनानेकतुषकोद्रववितुषीकरणेनेव तदन्तर्गततण्डुलान् प्रस्तौति तस्माद्वा एतस्मादन्नरसमयादित्यादि । ★ तस्मादेतस्माद्यथोक्तादन्नरसमयात्पिण्डादन्यो व्यतिरिक्तोऽन्तरोऽभ्यन्तर आत्मा पिण्डवदेव मिथ्या परिकल्पित आत्मत्वेन प्राणमयः प्राणो वायुस्तन्मयस्तत्प्रायः । तेन प्राणमयेनान्नरसमय आत्मैष पूर्णो वायुनेव दृतिः । स वा एषः

प्राणमय आत्मा पुरुषविध एव पुरुषाकार एव, शिरःपक्षादिभिः । ★ किं स्वत एव, नेत्याह । प्रसिद्धं तावदन्नरसमयस्यात्मनः पुरुषविधत्वम् । तस्यान्नरसमयस्य पुरुषविधतां पुरुषाकारतामनु अयं प्राणमयः पुरुषविधो मूषानिषिक्तप्रतिमावन्न स्वत एव । एवं पूर्वस्य पूर्वस्य पुरुषविधतामनूत्तरोत्तरः पुरुषविधो भवति पूर्वः पूर्वश्चोत्तरोत्तरेण पूर्णः । ★ कथं पुनः पुरुषविधतास्य इत्युच्यते । तस्य प्राणमयस्य प्राण एव शिरः । प्राणमयस्य वायुविकारस्य प्राणो मुखनासिकानिःसरणो वृत्तिविशेषः शिर एव परिकल्प्यते वचनात् । सर्वत्र वचनादेव पक्षादिकल्पना । व्यानो व्यानवृत्तर्दक्षिणः पक्षः । अपान उत्तरः पक्षः । आकाश आत्मा । य आकाशस्थो वृत्तिविशेषः समानाख्यः स आत्मेमेवात्मा, प्राणवृत्त्यधिकारात् । मध्यस्थत्वादितराः पर्यन्ता वृत्तिरपेक्ष्यात्मा । **'मध्यं ह्येषामङ्गानामात्मा'** इति श्रुतिप्रसिद्धं मध्यमस्थस्यात्मत्वम् । ★ पृथिवी पुच्छं प्रतिष्ठा । पृथिवीति पृथिवीदेवताध्यात्मिकस्य प्राणस्य धारयित्री स्थितिहेतुत्वात् । **'सैषा पुरुषस्यापानमवष्टभ्य'** (बृ.उप. ३-८) इति हि श्रुत्यन्तरम् । अन्यथोधानवृत्त्योर्ध्वगमनं गुरुत्वाच्च पतनं वा स्याच्छरीरस्य । तस्मात्पृथिवी देवता पुच्छं प्रतिष्ठा प्राणयस्यात्मनः । तत्तस्मिन्नेवार्थे प्राणमयात्मविषय एष श्लोको भवति ॥ १ ॥

શાંકરભાષ્ય :- રસ, રક્ત વગેરે રૂપે પરિણામ પામેલા અન્નથી જ સ્થાવર જંગમરૂપ પ્રજા ઉત્પન્ન થાય છે. (અહીં) 'वै' આ નિપાત સ્મરણના અર્થમાં છે. જે કાંઈ પ્રજા અવિશેષ ભાવથી (કોઈ પણ જાતના ભેદ વિના) પૃથ્વીનો આશ્રય કરીને રહેલી છે તે બધી અન્નથી જ ઉત્પન્ન થાય છે, અને ત્યાર બાદ ઉત્પન્ન થયા પછી તે અન્નથી જ જીવિત રહે છે, પ્રાણ ધારણ કરે છે, અર્થાત્ વધે છે, અને અંતે એટલે જીવનરૂપ વૃત્તિની સમાપ્તિ થતાં તે અન્નમાં જ લીન થાય છે, ('अपियन्ति' આમાં) 'अपि' શબ્દ 'प्रति' ના અર્થમાં છે. એટલે કે તે અન્નના પ્રતિ લીન થાય છે.

શા કારણથી ? એનું કારણ એ છે કે અન્ન જ પ્રાણીઓનું જ્યેષ્ઠ એટલે કે પહેલાં જન્મેલું છે. અન્નમય વગેરે જે ઇતર પ્રાણીઓ છે તેમનું કારણ અન્ન જ છે, તેથી સર્વ પ્રજા અન્નથી ઉત્પન્ન થનારી, અન્નને લીધે જીવનારી અને અન્નમાં જ લીન થનારી છે. આમ હોવાથી અન્ન સર્વૌષધ-સર્વ પ્રાણીઓના દેહના સંતાપને શાંત કરનારું-કહેવાય છે.

અન્નરૂપ બ્રહ્મને જાણનારાઓને શું ફળ મળે છે તે કહે છે : તેઓ નિશ્ચય જ સઘળા અન્નસમૂહને પ્રાપ્ત કરી લે છે. તે કોણ છે ? જેઓ ઉપર્યુક્ત અન્નની જ બ્રહ્મરૂપથી ઉપાસના કરે છે. કેવી રીતે (ઉપાસના કરે છે) ? તે એવી રીતે કે, હું અન્નથી ઉત્પન્ન થયેલો છું તેથી અન્નસ્વરૂપ છું અને અન્નમાં જ લીન થવાનો છું એટલા માટે અન્ન બ્રહ્મ છે.

'અન્ન જ આત્મા છે' આ પ્રકારની ઉપાસના કઈ રીતે સંપૂર્ણ અન્નની પ્રાપ્તિરૂપ ફળવાળી છે તે કહે છે : અન્ન જ પ્રાણીઓનું જ્યેષ્ઠ (મોટું) છે - પ્રાણીઓ કરતાં પહેલાં ઉત્પન્ન થવાને લીધે તે તેમના કરતાં જ્યેષ્ઠ છે તેથી તે સર્વૌષધ કહેવાય છે, માટે સર્વ અન્નની આત્મારૂપ ઉપાસના કરનારા માટે સર્વ અન્નની પ્રાપ્તિ યોગ્ય જ છે. અન્નથી પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થયા પછી અન્નથી જ વૃદ્ધિ પામીને મોટાં થાય છે - આ પુનરુક્તિ (ઉપાસનાના) ઉપસંહાર માટે છે.

હવે 'અન્ન' શબ્દની ઉત્પત્તિ કહેવામાં આવે છે : જે પ્રાણીઓ દ્વારા 'अद्यते' - ખવાય છે અને જે પોતે પ્રાણીઓને 'अत्ति' ખાય છે, તેથી સર્વ પ્રાણીઓનું ભોજ્ય અને ભોક્તા હોવાથી પણ 'अन्न' કહેવાય છે, આ વાક્યમાં 'इति' શબ્દ પ્રથમ કોશના વિવરણની પરિસમાપ્તિને માટે છે.

તુષાઓ-ફોતરાંવાળાં અનેક ધાન્યોને ફોતરાં વિનાનાં કરીને જેમ રીતે ચોખા કાઢી લેવામાં આવે છે, તેમ અન્નમય કોશથી લઈને આનંદમય કોશ સુધી સર્વ શરીરો કરતાં અંતરતમ બ્રહ્મને વિદ્યા દ્વારા પોતાના પ્રત્યગાત્મરૂપે દેખાડવાની ઇચ્છાવાળું શાસ્ત્ર અવિદ્યાકલ્પિત પાંચ કોષોનો બાધ કરતું 'तस्माद्वा एतस्मादन्नरसमयात्' વગેરે વાક્યથી આરંભ કરે છે.

તે આ ઉપર કહેલા અન્નરસમય પિંડથી અન્ય એટલે જુદો અને તેની ભીતર રહેનારો આત્મા, જે અન્નરસમય પિંડની જેમ મિથ્યા જ આત્મારૂપથી કલ્પના કરાયેલો છે. તે પ્રાણમય છે. પ્રાણ એટલે વાયુ. તેનાથી યુક્ત અર્થાત્ તત્પ્રાય જેવી રીતે વાયુથી ધમણ ભરેલી રહે છે તેવી રીતે તે પ્રાણમયથી આ અન્નરસમય શરીર ભરેલું છે. તે આ પ્રાણમય આત્મા પુરુષવિધ અર્થાત્ શિર અને પક્ષ વગેરેને લીધે પુરુષ જેવા આકારનો છે.

શું તે પોતે જ પુરુષકાર છે ? એના ઉત્તરમાં કહે કે, ના અન્નરસમય શરીરની પુરુષાકારતા તો જાણીતી છે, તે અન્નરસમયની પુરુષવિધતા-પુરુષાકારતા અનુસાર સાંચામાં ઢાળેલી પ્રતિમાની જેમ આ પ્રાણમય કોશ પણ પુરુષાકાર છે - એ આત્મા પોતે પુરુષાકાર નથી. એ જ પ્રમાણે પૂર્વ પૂર્વની પુરુષાકારતા છે અને તે અનુસાર પાછળ પાછળનો કોશ પણ પુરુષાકાર છે, તથા આગળ આગળનો કોશ પાછળ પાછળના કોશોથી પરિપૂર્ણ છે.

એની પુરુષાકારતા કયા પ્રકારની છે તે દર્શાવે છે : તે પ્રાણમયનો પ્રાણ શિર જ છે. વાયુના વિકારરૂપ પ્રાણમય કોશના મુખ અને નાકથી નીકળનારો પ્રાણ, જે મુખ્ય પ્રાણની વૃત્તિવિશેષ છે તે (પ્રાણને) શ્રુતિના વચન પ્રમાણે શિરરૂપે કલ્પવામાં આવે છે. એ ઉપરાંત આગળ પણ શ્રુતિના વચન અનુસાર જ પક્ષ વગેરેની કલ્પના કરવામાં આવી છે. વ્યાન એટલે કે વ્યાન નામની વૃત્તિ દક્ષિણ પક્ષ એટલે જમણી પાંખ છે, અપાન ઉત્તર પક્ષ છે, આકાશ આત્મા છે. અહીં પ્રાણવૃત્તિનો આધાર હોવાને કારણે ('આકાશ' શબ્દથી) આકાશમાં રહેલ જે સમાન નામના પ્રાણની વૃત્તિ છે તે આત્મા જ છે. પોતાની આજુબાજુની બીજી બધી વૃત્તિઓ કરતાં મધ્યવર્તી હોવાને લીધે તે આત્મા છે. **'આ અંગોનું મધ્ય આત્મા છે.'** આ શ્રુતિથી મધ્યવર્તી અંગનું આત્માહોવાપણું જાણીતું છે.

પૃથિવી પુચ્છ એટલે પ્રતિષ્ઠા છે. 'પૃથિવી' આ શબ્દથી પૃથિવીની અધિષ્ઠાત્રી દેવી સમજવી જોઈએ, કારણ કે સ્થિતિ અર્થાત્ આધારનું કારણ હોવાથી તે જ આધ્યાત્મિક પ્રાણને પણ ધારણ કરે છે. આ વિષયમાં **'તે પૃથિવી દેવતા પુરુષના અપાનનો આશ્રય કરીને'** વગેરે અન્ય શ્રુતિ પણ છે, એમ ન હોત તો પ્રાણની ઉદાનવૃત્તિને લીધે કાં તો શરીર ઉપર ઊડી જાત અથવા તો વજનને કારણે પડી જાત. તેથી પૃથિવી દેવતા જ પ્રાણમય શરીરનું પુચ્છ-પ્રતિષ્ઠા છે - આધાર છે. તે જ અર્થમાં અર્થાત્ પ્રાણમય આત્માના વિષયમાં જ આ શ્લોક-મંત્ર જાણીતો છે. (૧)

इति ब्रह्मानन्दवल्ल्यां द्वितीयोऽनुवाकः ॥ २ ॥

* * *

तृतीय अनुवाक

प्राणं देवा अनु प्राणन्ति । मनुष्याः पशवश्च ये । प्राणो हि भूतानामायुः । तस्मात्सर्वायुषमुच्यते । सर्वमेव त आयुर्यन्ति ये प्राणं ब्रह्मोपासते । प्राणो हि भूतानामायुः । तस्मात्सर्वायुषमुच्यत इति । तस्यैष एव शारीर आत्मा यः पूर्वस्य । तस्माद्वा एतस्मात्प्राणमयादन्योऽन्तर आत्मा मनोमयः । तेनैष पूर्णः । स वा एष पुरुषविध एव । तस्य पुरुषविधतामन्वयं पुरुषविधः । तस्य यजुरेव शिरः । ऋग्दक्षिणः पक्षः । सामोत्तरः पक्षः । आदेश आत्मा । अथर्वाङ्गिरसः पुच्छं प्रतिष्ठा । तदप्येष श्लोको भवति ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- ये-જે देवाः-દેવતાઓ मनुष्याः-મનુષ્યો च-અને पशवः-પશુઓ છે તે प्राणम अनु-પ્રાણનું અનુસરણ કરીને प्राणन्ति-જીવે છે. हि-કારણ કે प्राणः-પ્રાણ જ भूतानाम्-પ્રાણીઓનું आयुः-જીવન છે. तस्मात्-માટે हि-તે सर्वायुषम्-સર્વનું આયુષ उच्यते-કહેવાય છે. ये-જે प्राणम्-પ્રાણસ્વરૂપ ब्रह्म-બ્રહ્મની उपासते-ઉપાસના કરે છે ते-તે सर्वम् एव-બધું જ आयुः-આયુષ્ય यन्ति-પ્રાપ્ત કરે છે. तस्य-તેનો एष-આ एव-જ शारीरः-શરીરમાં રહેનારો आत्मा-આત્મા છે यः-જે पूर्वस्य-પહેલાના એટલે અન્નરસમય શરીરનો અંતરાત્મા છે. वै-ચોક્કસ तस्मात्-એ एतस्मात्-આ प्राणमयात्-પ્રાણમય પુરુષથી अन्यः-જુદો अन्तरः-તેની અંદર રહેનાર मनोमयः-મનોમય आत्मा-શરીર છે तेन-તે મનોમય આત્માથી एषः-આ પ્રાણમય શરીર पूर्णः-વ્યાપ્ત છે. सः-તે एषः-આ મનોમય શરીર वै-ચોક્કસ पुरुषविधः-પુરુષના આકારનું एव-જ છે. तस्य-તે पुरुषविधताम्-પુરુષની આકૃતિમાં अनु-વ્યાપ્ત હોવાથી अयम्-આ મનોમય શરીર पुरुषविधः-પુરુષના આકારનું છે. तस्य-તેનું यजुः-યજુર્વેદ एव-જ शिरः-મસ્તક છે. ऋक्-ઋગ્વેદ दक्षिणः-જમણી पक्षः-પાંખ છે. साम-સામવેદ उत्तरः-ડાબી पक्षः-પાંખ છે. आदेशः-વિધિવાક્ય आत्मा-તેના શરીરનો મધ્યભાગ છે. अथर्वाङ्गिरसः-અથર્વા અને અંગિરા ઋષિ દ્વારા દૃષ્ટ અથર્વવેદ पुच्छम्-પૂંછડી અને प्रतिष्ठा-આધાર છે. तत्-તેના વિશે अपि-પણ एषः-આ श्लोकः-શ્લોક भवति-છે. (૧)

અનુવાદ :- જે દેવતાઓ મનુષ્યો અને પશુંઓ છે તે પ્રાણનું અનુસરણ કરીને જીવે છે. કારણ કે પ્રાણ જ પ્રાણીઓનું જીવન છે. માટે તે સર્વનું આયુષ કહેવાય છે. પ્રાણસ્વરૂપ બ્રહ્મની ઉપાસના કરે છે તે બધું

જ આયુષ્ય પ્રાપ્ત કરે છે. તેનો આ જ શરીરમાં રહેનારો આત્મા છે જે પહેલાનો એટલે અન્નરસમય શરીરનો અંતરાત્મા છે. ચોક્કસ એ આ પ્રાણમય પુરુષથી જુદો તેની અંદર રહેનાર મનોમય શરીર છે તે મનોમય આત્માથીય આ પ્રાણમય શરીર વ્યાપ્ત છે. તે આ મનોમય શરીર ચોક્કસ પુરુષના આકારનું જ છે. તે પુરુષની આકૃતિમાં વ્યાપ્ત હોવાથી આ મનોમય શરીર પુરુષના આકારનું છે. તેનું યજુર્વેદ જ મસ્તક છે. ઋગ્વેદ જમણી પાંખ છે. સામવેદ ડાબી પાંખ છે. વિધિવાક્ય તેના શરીરનો મધ્યભાગ છે. અથર્વા અને અંગિરા ઋષિ દ્વારા દૃષ્ટ અથર્વવેદ પૂંછડી અને આધાર છે. તેના વિશે પણ આ શ્લોક છે. (૧)

शाङ्करभाष्यम् :- प्राणं देवा अनु प्राणन्ति । देवा अग्न्यादयः प्राणं वाय्वात्मानं प्राणनशक्तिमन्तमनु तदात्मभूताः सन्तः प्राणन्ति प्राणनकर्म कुर्वन्ति प्राणनक्रियया क्रियावन्तो भवन्ति । अध्यात्माधिकाराद्देवा इन्द्रियाणि प्राणमनु प्राणन्ति मुख्यप्राणमनु चेष्टन्त इति वा । तथा मनुष्याः पशवश्च ये ते प्राणनकर्मणैव चेष्टावन्तो भवन्ति । ★ अतश्च नान्नमयेनैव परिच्छिन्नेनात्मनात्मवन्तः प्राणिनः । किं तर्हि ? तदन्तर्गतेन प्राणमयेनापि साधारणेनैव सर्वपिण्डव्यापिनात्मवन्तो मनुष्यादयः । एवं मनोमयादिभिः पूर्वपूर्वव्यापिभिरुत्तरोत्तरैः सूक्ष्मैरानन्दमयान्तैराकाशादिभूतारब्धैरविद्याकृतैरात्मवन्तः सर्वे प्राणिनः । तथा स्वाभाविकेनाप्याकाशादिकारणेन नित्येनाविकृतेन सर्वगतेन सत्यज्ञानानन्तलक्षणेन पञ्चकोशातिगेन सर्वात्मनात्मवन्तः । स हि परमार्थत आत्मा सर्वेषामित्येतदप्यर्थादुक्तं भवति । ★ प्राणं देवा अनु प्राणन्तीत्युक्तं तत्कस्मादित्याह । प्राणो हि यस्माद्भूतानां प्राणिनामायुर्जीवनम् । '**यावद्ध्यस्मिञ्शरीरे प्राणो वसति तावदायुः**' (कौ.उप. ३-२) इति श्रुत्यन्तरात् । तस्मात्सर्वायुषम् । सर्वेषामायुः सर्वायुः सर्वायुरेव सर्वायुषमित्युच्यते । प्राणापगमे मरणप्रसिद्धेः । प्रसिद्धं हि लोके सर्वायुष्ट्वं प्राणस्य । ★ अतोऽस्माद्बाह्यादसाधारणादन्नमयादात्मनोऽपक्रम्यान्तः साधारणं प्राणमयमात्मानं ब्रह्मोपासते येऽहमस्मि प्राणः सर्वभूतानामात्मायुर्जीवनहेतुत्वादिति ते सर्वमेवायुरस्मिँल्लोके यन्ति, नापमृत्युना म्रियन्ते प्राक्प्राप्तादायुष इत्यर्थः । शतं वर्षाणीति तु युक्त '**सर्वमायुरेति**' (छा.उप. २-११-२०, ४-११-१३) इति श्रुतिप्रसिद्धेः । ★ किं कारणं प्राणो हि भूतानामायुस्तस्मात्सर्वायुषमुच्यत इति । यो यद्गुणक ब्रह्मोपास्ते स तद्गुणभाग्भवतीति विद्याफलप्राप्तेर्हेत्वर्थं पुनर्वचनं प्राणो हीत्यादि । तस्य पूर्वस्यान्नमयस्यैष एव शरीरेऽन्नमये भवः शारीर आत्मा । कः ? य एष प्राणमयः । ★ तस्माद्वा एतस्मादित्युक्तार्थमन्यत् । अन्योऽन्तर आत्मा मनोमयः । मन इति संकल्पाद्यात्मकमन्तःकरणं तन्मयो मनोमयो यथान्नमयः । सोऽयं प्राणमयस्याभ्यन्तर आत्मा । तस्य यजुरेव शिरः । यजुरित्यनियताक्षरपादावसानो मन्त्रविशेषस्तज्जातीयवचनो यजुःशब्दस्तस्य शिरस्त्वं प्राधान्यात् । प्राधान्यं च यागादौ संनिपत्योपकारकत्वात् । यजुषा हि हविर्दीयते स्वाहाकारादिना । ★ वाचनिकी वा शिरआदिकल्पना सर्वत्र । मनसो हि स्थानप्रयत्ननादस्वरवर्णपदवाक्यविषया तत्संकल्पात्मिका तद्भाविता वृत्तिः श्रोत्रादिकरणद्वारा यदुः संकेतविशिष्टा यजुः इत्युच्यते । एवमृगेवं साम च । ★ एवं च मनोवृत्तित्वे मन्त्राणां वृत्तिरेवावर्त्यत इति मानसो जप उपपद्यते । अन्यथाविषयत्वान्मन्त्रो नावर्तयितुं शक्यो घटादिवदिति मानसो जपो नोपपद्यते । मन्त्रावृत्तिश्च चोद्यते बहुशः कर्मसु । ★ अक्षरविषयस्मृत्यावृत्त्या मन्त्रावृत्तिः स्यादिति चेत् । ★ न, मुख्यार्थासंभवात् । '**त्रिः प्रथमामन्वाह त्रिरुत्तमाम्**' इति ऋगावृत्तिः श्रूयते । तत्रर्चोऽविषयत्वे तद्विषयस्मृत्यावृत्त्या मन्त्रावृत्तौ च क्रियमाणायाम् '**त्रिः प्रथमामन्वाह**' इति ऋगावृत्तिर्मुख्योऽर्थश्चोदितः परित्यक्तः स्यात् । तस्मान्मनोवृत्त्युपाधिपरिच्छिन्नं मनोवृत्तिनिष्ठमात्मचैतन्यमनादिनिधनं यजुःशब्दवाच्यमात्मविज्ञानं मन्त्रा इति । एवं च नित्यत्वोपपत्तिर्वेदानाम् । अन्यथा विषयत्वे रूपादिवदनित्यत्वं च स्यान्नैतद्युक्तम् । '**सर्वे वेदा यत्रैकं भवन्ति स मानसीन आत्मा**' इति च श्रुतिर्नित्यात्मनैरकत्वं ब्रुवत्यृगादीनां नित्यत्वे समञ्जसा स्यात् । '**ऋचो अक्षरे परमे व्योमन्यस्मिन्देवा अधि विश्वे निषेदुः**' (श्वे.उप. ४-८) इति च मन्त्रवर्णः । ★ आदेशोऽत्र ब्राह्मणम्, अतिदेष्टव्यविशेषानतिदिशतीति । अथर्वाङ्गिरसा च दृष्टा मन्त्रा ब्राह्मणं च शान्तिकपौष्टिकादिप्रतिष्ठा-हेतुकर्मप्रधानत्वात्पुच्छं प्रतिष्ठा । तदप्येष श्लोको भवति मनोमयात्मप्रकाशकः पूर्ववत् ॥ १ ॥

શાંકરભાષ્ય :- અગ્નિ વગેરે દેવતાઓ વાયુરૂપ પરાણના અનુગામી બની અર્થાત્ તદ્રૂપ થઈ પ્રાણન-ક્રિયા કરે છે, એટલે પ્રાણનક્રિયાથી ક્રિયાવાન બને છે, અથવા અહીં અધ્યાત્મ સંબંધી પ્રકરણ હોવાથી (એમ જાણવું જોઈએ કે) દેવ અર્થાત્ ઇંદ્રિયો પ્રાણની પાછળ પ્રાણન કરે છે એટલે કે મુખ્ય પ્રાણની અનુગામિની થઈને ક્રિયાઓ કરે છે, તથા જે પણ મનુષ્ય અને પશુ વગેરે છે તેઓ પણ પ્રાણન-ક્રિયાથી ચેષ્ટાવાળા બને છે.

આથી (એમ જણાય છે કે), પ્રાણી કેવળ પરિચ્છિન્નરૂપ અન્નમય કોશથી જ આત્મવાન નથી. તો છે શું ? તે મનુષ્ય વગેરે જીવો તેના અંદર રહેલા સંપૂર્ણ પિંડમાં વ્યાપેલા સાધારણ પ્રાણમય કોશથી પણ આત્મવાન છે. આ પ્રમાણે પૂર્વ-પૂર્વ કોશમાં વ્યાપક મનોમયથી લઈને આનંદમય કોશ સુધી આકાશાદિ ભૂતોથી થનારા અવિદ્યાકૃત કોશોથી સઘળા પ્રાણીઓ આત્મવાન છે. આ રીતે તેઓ સ્વભાવથી જ આકાશ આદિને લીધે નિત્ય, નિર્વિકાર, સર્વગત, સત્ય, જ્ઞાન, તેમ જ અનંતરૂપ, પંચકોશથી અતીત એવા સર્વાત્માથી પણ આત્મવાન છે. તે જ પરમાર્થતઃ-ખરી રીતે સર્વનો આત્મા છે-આ વાત પણ આ વાક્યના તાત્પર્યથી કહેવાઈ છે.

દેવતાઓ પ્રાણની પાછળ પ્રાણનક્રિયા કરે છે - એમ (પહેલાં) કહેવામાં આવ્યું છે. એ શાથી છે તે કહે છે, કારણ કે પ્રાણ જ પ્રાણીઓનું આયુષ્ય-જીવન છે. **'જ્યાં સુધી આ શરીરમાં પ્રાણ વસે છે ત્યાં સુધી જ આયુષ્ય છે.'** (કૌ.ઉપ. ૩-૨) આવી એક બીજી શ્રુતિ છે. તેથી જ તે સર્વાયુષ છે. સર્વના આયુનું નામ 'સર્વાયુ' છે. 'સર્વાયુ' જ 'સર્વાયુષ' કહેવાય છે, કારણ કે પ્રાણ ગયા પછી (એટલે કે શરીરમાંથી પ્રાણ નીકળી ગયા પછી) મરણ થાય છે એ બધાં જાણે જ છે. પ્રાણનું સર્વાયુ હોવું એ તો લોકમાં જાણીતું જ છે.

માટે જે માણસો આ બાહ્ય અસાધારણ અન્નમય કોશમાંથી આત્મબુદ્ધિને દૂર કરી એની અંદર રહેલ અને સાધારણ રીતે સર્વ ઇંદ્રિયોમાં અનુગત પ્રાણમય કોશની **'હું પ્રાણ સર્વ ભૂતોનો આત્મા અને તેમના જીવનનું કારણ હોવાથી તેમનું આયુષ્ય છું.'** આ રીતે બ્રહ્મરૂપથી ઉપાસના કરે છે તેઓ આ લોકમાં પૂર્ણ આયુષ્યને પ્રાપ્ત છે. અર્થાત્ પ્રારબ્ધવશ પ્રાપ્ત થયેલા આયુષ્ય પહેલાં અપમૃત્યુથી મરતા નથી, **'પૂર્ણ આયુષ્યને પામે છે.'** (છાં.ઉપ. ૨-૧૧-૨૦) આવી શ્રુતિ પ્રસિદ્ધ હોવાથી અહીં ('સર્વાયુ' શબ્દથી) સો વર્ષ સમજવાં જોઈએ.

(પ્રાણને સર્વાયુ માનવાનું) કારણ શું ? કેમ કે પ્રાણ જ પ્રાણીઓનું આયુ છે તેથી 'સર્વાયુષ' કહેવાય છે. જે વ્યક્તિ જેવા ગુણવાળા બ્રહ્મની ઉપાસના કરે છે તે તેવા જ પ્રકારના ગુણનો ભાગી બને છે - આ રીતે વિદ્યાના ફળની પ્રાપ્તિના હેતુને પ્રદર્શિત કરવા માટે 'प्राणो हि भूतानामायुः' વગેરે વાક્યની પુનરુક્તિ કરવામાં આવી છે. આ જ તે અગાઉ કહેવામાં આવેલા અન્નમય કોશનો શારીર એટલે કે શરીરમાં રહેનારો આત્મા છે. (તે) કોણ ? (તે એ કે) જે આ પ્રાણમય છે.

'तस्माद्वा एतस्मात्' વગેરે (બાકીના) પદોનો અર્થ આ (પહેલા) કહેવાઈ ગયો છે. બીજો અંતર-આત્મા મનોમય છે. સંકલ્પ-વિકલ્પાત્મક અંતઃકરણનું નામ મન છે, જે તન્મય-તેના મય હોય તેને મનોમય કહે છે, જેમ કે અન્નરૂપ હોવાથી અન્નમય કહેવાયો છે. તે આ પ્રાણમયનો અંતર્વર્તી આત્મા છે. તેનું યજુઃ જ શિર છે. જે પાદોમાં અક્ષરોનો કોઈ નિયમ નથી એવા પાદોમાં સમાપ્ત થનારા મંત્રવિશેષનું નામ યજુઃ છે. તે જાતિના મંત્રોનો વાચક 'યજુઃ' શબ્દ છે. પ્રધાનતાને લીધે તેને શિર કહેવામાં આવેલ છે. યજ્ઞ-યાગાદિમાં સંનિપત્ય ઉપકારક, હોવાથી યજુઃ- મન્ત્રોની પ્રધાનતા છે, કારણ કે સ્વાહા વગેરે ઉચ્ચારણો દ્વારા યજુર્મંત્રોથી (યજ્ઞમાં દેવોને) હવિ અપાય છે.★

અથવા સર્વત્ર શિર વગેરેની કલ્પના શ્રુતિવાક્યથી સમજવી જોઈએ. અક્ષરોના ઉચ્ચારણનાં સ્થાન, આંતરિક પ્રયત્ન, તેનાથી ઉત્પન્ન થયેલો નાદ, ઉદાત્ત વગેરે સ્વર, અકારાદિ વર્ણ, તેમનાથી રચેલાં પદ અને પદોના સમૂહરૂપ વાક્ય સાથે સંબંધ રાખનારી તથા તેમના જ સંકલ્પ અને ભાવથી યુક્ત જે શ્રવણ વગેરે ઇંદ્રિયો દ્વારા ઉત્પન્ન થનારી 'યજુઃ' એવા વિશિષ્ટ સંકેતવાળી મનની વૃત્તિ છે તે જ 'યજુઃ' કહેવાય છે. આ જ રીતે 'ઋક્' ને એવી જ રીતે 'સામ'ને પણ (મનની પ્રવૃત્તિ) જાણવી.

આ રીતે મંત્રો મનોવૃત્તિરૂપ થયા પછી તે વૃત્તિનું આવર્તન કરવાથી તેનો માનસિક જપ કરવાનું યોગ્ય બની શકે છે, નહીં તો ઘટ વગેરેની જેમ મનના વિષયો ન હોવાથી તો મંત્રોની આવૃત્તિ પણ કરી શકાતી ન હતી, અને તે અવસ્થામાં માનસિક જપ થવાનો સંભવ જ ન હતો. પરંતુ મંત્રોની આવૃત્તિનું તો ઘણાં કર્મોમાં વિધાન કરાયું જ છે.

પૂર્વપક્ષી : (મંત્રના) અક્ષરોને વિષય કરનારી સ્મૃતિની આવૃત્તિ થવાથી મંત્રની પણ આવૃત્તિ થઈ શકે છે એમ કહો તો ?

સિદ્ધાંતી : ના, કારણ કે, એમ માનવાથી જપનું વિધાન કરનારી શ્રુતિનો મુખ્ય અર્થ અસંભવ થઈ જશે. **'ત્રણ વાર પ્રથમ ઋક્‌ની આવૃત્તિ કરવી જોઈએ અને ત્રણ વાર અંતિમ ઋક્‌નું આવર્તન કરવું,'** આ પ્રમાણે ઋક્‌ની આવૃત્તિના વિષયમાં શ્રુતિ છે. એવી અવસ્થામાં મંત્રમય ઋક્ તો મનનો વિષય ન હોવાથી મંત્રની આવૃત્તિના સ્થાનમાં જો કેવળ તેની સ્મૃતિનું

જ આવર્તન કરવામાં આવે તો **'ત્રણ વાર પ્રથમ ઋક્‌ની આવૃત્તિ કરવી જોઈએ,'** આ શ્રુતિનો મુખ્ય અર્થ રહી જાય છે. એટલા માટે એમ સમજવું જોઈએ કે, મનોવૃત્તિરૂપ ઉપાધિથી પરિચ્છિન્ન મનોવૃત્તિમાં રહેલું જે અનાદિ અનંત આત્મચૈતન્ય 'યજુઃ' શબ્દવાચ્ય આત્મવિજ્ઞાન છે તે યજુર્મંત્ર છે. આ જ રીતે વેદોની નિત્યતા પણ સિદ્ધ થઈ શકે છે, નહીં તો ઇંદ્રિયોનો વિષયો થયા પછી તો રૂપાદિની જેમ તેમની પણ અનિત્યતા જ સિદ્ધ થશે, ને આમ થવું યોગ્ય નથી. **'જેમાં વેદો એક થાય છે તે મનરૂપ ઉપાધિમાં રહેલો આત્મા છે.'** આ નિત્ય આત્માની સાથે ઋક્ આદિનું એકત્વ દર્શાવનારી શ્રુતિ પણ તેમનું નિત્યત્વ સિદ્ધ થયાથી જ સાર્થક થઈ શકે છે. આ સંબંધમાં **'જેમાં બધા દેવતાઓ રહેલા છે તે અક્ષર અને પરબ્રહ્મરૂપ આકાશમાં જ ઋચાઓ રહેલી છે.'** (શ્વે.ઉપ. ૪-૮) એવો મંત્રવર્ણ પણ છે.

'आदेश आत्मा' આ વાક્યમાં 'आदेशः' શબ્દ બ્રાહ્મણનો વાચક છે, કારણ કે વેદોનો બ્રાહ્મણ ભાગ જ ખાસ કર્તવ્યોનો આદેશ આપે છે. અથર્વાંગિરસ ઋષિએ સાક્ષાત્કાર કરેલા મંત્ર અને બ્રાહ્મણ જ પ્રતિષ્ઠા છે. કારણ કે તેમનામાં શાંતિ અને પુષ્ટિની પ્રતિષ્ઠાના કારણરૂપ કર્મોની પ્રધાનતા છે. પહેલાંની પેઠે આ વિષયમાં જ મનોમય આત્માનો પ્રકાશ કરનારો જ આ શ્લોક (અર્થાત્ મંત્ર) છે. (૧)

★ યજ્ઞાંગ બે પ્રકારનાં હોય છે - એક સંનિપત્ય ઉપકારક અને બીજા આરાત્ ઉપકારક. તેમાં તે જે અંગો સાક્ષાત્ અથવા પરંપરાથી પ્રધાન યાગની પૂર્તિ કરીને તે દ્વારા અપૂર્વની ઉત્પત્તિમાં ઉપયોગી બને છે તે સંનિપત્ય ઉપકારક કહેવાય છે. યજુર્મંત્રો પણ યાગશરીરને નિષ્પન્ન કરનારા હોવાથી સંનિપત્ય ઉપકારક છે.

इति ब्रह्मानन्दवल्ल्यां तृतीयोऽनुवाकः ॥ ३ ॥

⁂

चतुर्थ अनुवाक

यतो वाचो निवर्तन्ते । अप्राप्य मनसा सह । आनन्दं ब्रह्मणो विद्वान् । न बिभेति कदाचनेति । तस्यैष एव शारीर आत्मा यः पूर्वस्य । तस्माद्वा एतस्मान्मनोमयादन्योऽन्तर आत्मा विज्ञानमयस्तेनैष पूर्णः । स वा एष पुरुषविध एव । तस्य पुरुषविधतामन्वयं पुरुषविधः । तस्य श्रद्धैव शिरः । ऋतं दक्षिणः पक्षः । सत्यमुत्तरः पक्षः । योग आत्मा । महः पुच्छं प्रतिष्ठा । तदप्येष श्लोको भवति ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- यतः-જ્યાંથી मनसा-મન सह-સહિત वाचः-વાણી अप्राप्य-તેને પ્રાપ્ત કર્યા વિના निवर्तन्ते-પાછી ફરે છે તે ब्रह्मणः-બ્રહ્મના आनन्दम्-આનંદને विद्वान्-જાણનાર પુરુષ कदाचन-ક્યારેય न बिभेति-ડર પામતો નથી. इति-આમ (શ્લોક છે) तस्य-તે મનોમય પુરુષનો एषः-આ एव-જ (પરમાત્મા) शारीरः-શરીરની અંદર રહેનાર आत्मा-આત્મા છે यः-જે पूर्वस्य-પહેલા કહેલા (અન્નરસમય કે પ્રાણમય શરીર છે). वै-ચોક્કસ तस्मात्-એ एतस्मात्-આ मनोमयात्-મનોમય પુરુષથી अन्तः-જુદો अन्तरः-એની અંદર રહેનાર आत्मा-આત્મા विज्ञानमयः-વિજ્ઞાનમય છે. तेन-તેનાથી एषः-આ મનોમય શરીર पूर्णः-વ્યાપ્ત છે. सः-તે एषः-આ વિજ્ઞાનમય આત્મા वै-ચોક્કસ पुरुषविधः-પુરુષના આકારનો છે. तस्य-એ पुरुषविधताम् अनु-પુરુષની આકૃતિમાં અનુગત-વ્યાપ્ત હોવાથી अयम्-આ વિજ્ઞાનમય આત્મા पुरुषविधः-પુરુષના આકારનો (કહેવાય છે.) तस्य-તે (વિજ્ઞાનમય આત્મા)નું श्रद्धा-શ્રદ્ધા एव-જ शिरः-મસ્તક છે. ऋतम्-ઋત दक्षिणा-જમણી पक्षः-પાંખ છે. सत्यम्-સત્ય उत्तरः-ડાબી पक्षः-પાંખ છે. योगः-યોગ (ધ્યાન વગેરે) आत्मा-શરીરનો મધ્યભાગ છે. महः-'મહ' નામથી જાણીતા પરમાત્મા पुच्छम्-પૂંછડી અને प्रतिष्ठा-આધાર છે. तत्-તે વિષે अपि-પણ एषः-આ श्लोक-શ્લોક भवति-છે. (૧)

અનુવાદ :- જ્યાંથી મન સહિત વાણી તેને પ્રાપ્ત કર્યા વિના પાછી ફરે છે તે બ્રહ્મના આનંદને જાણનાર પુરુષ ક્યારેય ડર પામતો નથી. આમ (શ્લોક છે) તે મનોમય પુરુષનો આ જ (પરમાત્મા) શરીરની અંદર રહેનાર આત્મા છે જે પહેલા કહેલા (અન્નરસમય કે પ્રાણમય શરીર છે). ચોક્કસ એ આ મનોમય પુરુષથી જુદો એની અંદર રહેનાર આત્મા વિજ્ઞાનમય છે. તેનાથી આ મનોમય શરીર વ્યાપ્ત છે. તે આ વિજ્ઞાનમય



ૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐ ૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐ

આત્મા ચોક્કસ પુરુષના (આકારનો છે.) એ પુરુષની આકૃતિમાં અનુગત-વ્યાપ્ત હોવાથી આ વિજ્ઞાનમય આત્મા પુરુષના આકારનો કહેવાય છે. તે (વિજ્ઞાનમય આત્મા)નું શ્રદ્ધા જ મસ્તક છે. ઋત જમણી પાંખ છે. સત્ય ડાબી પાંખ છે. યોગ (ધ્યાન વગેરે) શરીરનો મધ્યભાગ છે. 'મહ' નામથી જાણીતા પરમાત્મા પૂંછડી અને આધાર છે. તે વિષે પણ આ શ્લોક છે. (૧)

शाङ्करभाष्यम् :- यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सहेत्यादि । तस्य पूर्वस्य प्राणमयस्यैष एवात्मा शारीरः शरीरे प्राणमये भवः शारीरः । कः ? य एष मनोमयः । तस्माद्वा एतस्मादित्यादि पूर्ववत् । अन्योऽन्तर आत्मा विज्ञानामयो मनोमयस्याभ्यन्तरो विज्ञानमयः । ★ मनोमयो वेदात्मोक्तः । वेदार्थविषया बुद्धिर्निश्चयात्मिका विज्ञानं तच्चाध्यवसायलक्षणमन्तःकरणस्य धर्मः । तन्मयो निश्चयविज्ञानैः प्रमाणस्वरूपैर्निर्वर्तित आत्मा विज्ञानमयः । प्रमाणविज्ञानपूर्वको हि यज्ञादिस्तायते । यज्ञादिहेतुत्वं च वक्ष्यति श्लोकेन । ★ निश्चयविज्ञानवतो हि कर्तव्येष्वर्थेषु पूर्वं श्रद्धोत्पद्यते । सा सर्वकर्तव्यानां प्राथम्याच्छिर इव शिरः । ऋतसत्ये यथाव्याख्याते एव । योगो युक्तिः समाधानम्, आत्मेवात्मा । आत्मवतो हि युक्तस्य समाधानवतोऽङ्गानीव श्रद्धादीनि यथार्थप्रतिपत्तिक्षमाणि भवन्ति । तस्मात्समाधानं योग आत्मा विज्ञानमयस्य । महः पुच्छं प्रतिष्ठा । ★ मह इति महत्तत्त्वं प्रथमजम् । **'महद्यक्षं प्रथमजं वेद'** (बृ.उप. ५-४-१) इति श्रुत्यन्तरात् । पुच्छं प्रतिष्ठा कारणत्वात् । कारणं हि कार्याणां प्रतिष्ठा । यथा वृक्षवीरुधां पृथिवी । सर्वबुद्धिविज्ञानानां च महत्तत्त्वं कारणम् । तेन तद्विज्ञानमयस्यात्मनः प्रतिष्ठा । तदप्येष श्लोको भवति पूर्ववत् । यथान्नमयादीनां ब्राह्मणोक्तानां प्रकाशकाः श्लोका एवं विज्ञानमयस्यापि ॥ १ ॥

શાંકરભાષ્ય :- જ્યાંથી મન સહિત વાણી તેને પ્રાપ્ત કર્યા વિના પાછી ફરે છે - વગેરે (વાત જાણીતી છે). તે પહેલાં કહેવામાં આવેલા પ્રાણમયનો આ જ શરીર અર્થાત્ પ્રાણમય શરીરમાં રહેનારો આત્મા છે. કોણ ? જે આ મનોમય છે. 'तस्माद्वा एतस्मात्' વગેરે વાક્યનો અર્થ પહેલાંની જેમ જાણવો જોઈએ. તે આ મનોમયથી બીજો એનો અંતર-આત્મા વિજ્ઞાનમય અર્થાત્ મનોમય કોશની અંદર વિજ્ઞાનમય કોશ છે.

મનોમય કોશ વેદરૂપ કહેવામાં આવ્યો છે. વેદોના અર્થના વિષયમાં જે નિશ્ચયાત્મિકા બુદ્ધિ છે તેનું જ નામ વિજ્ઞાન છે અને અંતઃકરણનો અધ્યવસાયરૂપી લક્ષણવાળો ધર્મ છે. તન્મય અર્થાત્ પ્રમાણસ્વરૂપ નિશ્ચય વિજ્ઞાનથી (નિશ્ચયાત્મિકા બુદ્ધિથી) નિષ્પન્ન થનારો આત્મા વિજ્ઞાનમય છે, કારણ કે પ્રમાણના વિજ્ઞાનપૂર્વક જ યજ્ઞાદિનો વિસ્તાર કરવામાં આવે છે. વિજ્ઞાન યજ્ઞાદિનો હેતુ છે - આ વાત શ્રુતિ આગળ જતાં મંત્ર દ્વારા કહેશે.

નિશ્ચયાત્મિકા બુદ્ધિથી યુક્ત પુરુષને સર્વપ્રથમ કર્તવ્યકર્મમાં શ્રદ્ધા પેદા થાય છે. માટે સંપૂર્ણ કર્મોમાં પ્રથમ હોવાથી તે શિરની જેમ તે વિજ્ઞાનમયનું શિર છે. ઋત અને સત્યનો અર્થ આ પહેલાં (શીક્ષાવલ્લી, નવમા અનુવાકમાં) કરેલી વ્યાખ્યા પ્રમાણે લેવાનો છે.

યોગ-યુક્તિ અર્થાત્ સમાધાન જ આત્માની જેમ તેનો આત્મા છે. યુક્ત અર્થાત્ સમાધાનથી આત્મવાન પુરુષનાં અંગોની જેમ શ્રદ્ધા વગેરે સાધનો યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિમાં શક્તિમાન બને છે. આથી સમાધાન એટલે યોગ વિજ્ઞાનમય કોશનો આત્મા છે અને મહઃ તેનું પુચ્છ-પ્રતિષ્ઠા છે.

'પ્રથમ ઉત્પન્ન થયેલા મહાન યક્ષ(પૂજનીય)ને જાણે છે.' (બૃ.ઉપ. ૫-૪-૧) આ એક બીજી શ્રુતિ પ્રમાણે 'महः' આ પ્રથમ ઉત્પન્ન થયેલ મહત્તત્ત્વ છે. તે જ (વિજ્ઞાનમયનું) કારણ હોવાથી તેની પુચ્છ-પ્રતિષ્ઠા છે, કારણ કે કારણ જ કાર્યોની પ્રતિષ્ઠા (આશ્રય) હોય છે, જેમ કે વૃક્ષ અને લતા. ગુલ્માદિની પ્રતિષ્ઠા પૃથિવી છે, મહત્તત્ત્વ જ બુદ્ધિના સર્વ વિજ્ઞાનોનું કારણ છે, તેથી તે વિજ્ઞાનમય આત્માની પ્રતિષ્ઠા છે. પહેલાંની જેમ(તેના વિષયમાં) જ આ શ્લોક છે, અર્થાત્ જેવી રીતે પહેલા શ્લોકો બ્રાહ્મણોક્ત અન્નમય વગેરેના પ્રકાશક છે, એવી જ રીતે આ વિજ્ઞાનમયનો પણ પ્રકાશક શ્લોક (એટલે મંત્ર) છે. (૧)

इति ब्रह्मानन्दवल्ल्यां चतुर्थोऽनुवाकः ॥ ४ ॥

◆

पञ्चम अनुवाक

विज्ञानं यज्ञं तनुत । कर्माणि तनुतेऽपि च । विज्ञानं देवाः सर्वे । ब्रह्म ज्येष्ठमुपासते । विज्ञानं ब्रह्म चेद्वेद । तस्माच्चेन्न प्रमाद्यति । शरीरे पाप्मनो हित्वा । सर्वान्कामान्समश्नुत इति । तस्यैष एव शारीर आत्मा यः पूर्वस्य । तस्माद्वा एतस्माद्विज्ञानमयादन्योऽन्तर आत्मानन्दमयः । तेनैष पूर्णः । स वा एष पुरुषविध एव । तस्य पुरुषविधतामन्वयं पुरुषविधः । तस्य प्रियमेव शिरः । मोदो दक्षिणः पक्षः । प्रमोद उत्तरः पक्षः । आनन्द आत्मा । ब्रह्म पुच्छं प्रतिष्ठा । तदप्येष श्लोको भवति ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- विज्ञानम्-વિજ્ઞાન यज्ञम्-યજ્ઞનો तनुते-વિસ્તાર કરે છે च-અને कर्माणि-કર્મોનો अपि-પણ तनुते-વિસ્તાર કરે છે. सर्वे-સઘળા देवाः-દેવતાઓ (ઈન્દ્રિયોરૂપી દેવો) ज्येष्ठम्-જયેષ્ઠ એવા ब्रह्म-બ્રહ્મરૂપે विज्ञानम्-વિજ્ઞાનની उपासते-ઉપાસના કરે છે. चेत्-જો विज्ञानम्-વિજ્ઞાનને ब्रह्म-બ્રહ્મ તરીકે કોઈ वेद-જાણે છે અને चेत्-જો तस्मात्-તેમાંથી न प्रमाद्यति-પ્રમાદ કરતો નથી તો पाप्मनः-પાપને शरीरे-શરીરમાં हित्वा-ત્યજી દઈ सर्वान्-સઘળી कामान्-કામનાઓને समश्नुते-અનુભવે છે, ભોગવે છે. इति-એ तस्य-એ વિજ્ઞાનમય પરમાત્મા एव-જ शारीरः-શરીરની અંદર રહેનાર आत्मा-આત્મા છે, यः-જે पूर्वस्य-પહેલા કહેવાયા છે. वै-ચોક્કસ तस्मात्-એ પહેલા કહેવામાં આવેલ एतस्मात्-આ विज्ञानमयात्-વિજ્ઞાનમય જીવાત્માથી अन्यः-જુદો अन्तरः-અંદર રહેનાર आनन्दमयः-આનંદમય आत्मा-આત્મા (પરમાત્મા) છે. तेन-તેનાથી एषः-આ વિજ્ઞાનમય पूर्णः-પૂર્ણરૂપે વ્યાપ્ત છે. सः-તે एषः-આ આનંદમય પરમાત્મા वै-પણ पुरुषविधः-પુરુષના જેવા આકારવાળો एव-છે જ. तस्य-એ વિજ્ઞાનમયથી पुरुषविधताम्-પુરુષાકારમાં अनु-અનુગત હોવાથી अयम्-આ આનંદમય પરમાત્મા पुरुषविधः-પુરુષના આકારનો (કહેવામાં આવે છે). तस्य-તે આનંદમયનું प्रियम्-પ્રિય एव-જ शिरः-મસ્તક છે. मोदः-મોદ दक्षिणः-જમણી पक्षः-પાંખ છે. प्रमोदः-પ્રમોદ उत्तरः-ડાબી पक्षः-પાંખ છે. आनन्दः-આનંદ आत्मा-આત્મા છે. ब्रह्म-બ્રહ્મ पुच्छम्-પૂંછડું અને प्रतिष्ठा-આધાર છે. तत्-તેનો अपि-પણ एषः-આ श्लोकः भवति-શ્લોક છે. (૧)

અનુવાદ :- વિજ્ઞાન યજ્ઞનો વિસ્તાર કરે છે અને કર્મોનો પણ વિસ્તાર કરે છે. સઘળા દેવતાઓ (ઈન્દ્રિયોરૂપી દેવો) જયેષ્ઠ એવા બ્રહ્મરૂપે વિજ્ઞાનની ઉપાસના કરે છે. જો વિજ્ઞાનને બ્રહ્મ તરીકે કોઈ જાણે છે અને જો તેમાંથી પ્રમાદ કરતો નથી તો પાપને શરીરમાં ત્યજી દઈ સઘળી કામનાઓને અનુભવે છે, ભોગવે છે. એ એ વિજ્ઞાનમય પરમાત્મા જ શરીરની અંદર રહેનાર આત્મા છે, જે પહેલા કહેવાયા છે. ચોક્કસ એ પહેલા કહેવામાં આવેલ આ વિજ્ઞાનમય જીવાત્માથી જુદો અંદર રહેનાર આનંદમય આત્મા (પરમાત્મા) છે. તેનાથી આ વિજ્ઞાનમય પૂર્ણરૂપે વ્યાપ્ત છે. તે આ આનંદમય પરમાત્મા પણ પુરુષના જેવા આકારવાળો છે જ. એ વિજ્ઞાનમયથી પુરુષાકારમાં અનુગત હોવાથી આ આનંદમય પરમાત્મા પુરુષના આકારનો (કહેવામાં આવે છે). તે આનંદમયનું પ્રિય જ મસ્તક છે. મોદ જમણી પાંખ છે. પ્રમોદ ડાબી પાંખ છે. આનંદ આત્મા છે. બ્રહ્મ પૂંછડું અને આધાર છે. તેનો પણ આ શ્લોક છે. (૧)

शाङ्करभाष्यम् :- विज्ञानं यज्ञं तनुते । विज्ञानवान्हि यज्ञं तनोति श्रद्धादिपूर्वकम् । अतो विज्ञानस्य कर्तृत्वं तनुत इति कर्माणि च तनुते । यस्माद्विज्ञानकर्तृकं सर्वं तस्माद्युक्त विज्ञानमय आत्मा ब्रह्मेति । किं च विज्ञानं ब्रह्म सर्वे देवा इन्द्रादयो ज्येष्ठं प्रथमजत्वात्सर्वप्रवृत्तीनां वा तत्पूर्वकत्वात्प्रथमजं विज्ञानं ब्रह्मोपासते ध्यायन्ति तस्मिन्विज्ञानमये ब्रह्मण्यभिमानं कृत्वोपासत इत्यर्थः । तस्मात्ते महतो ब्रह्मण उपासनाज्ज्ञानैश्वर्यवन्तो भवन्ति । ★ तच्च विज्ञानं ब्रह्म चेद्यदि वेद विजानाति न केवलं वेदैव तस्माद्ब्रह्मणश्चेन्न प्रमाद्यति बाह्येष्वेवानात्मस्वात्मभावितत्वात्प्राप्तं विज्ञानमये ब्रह्मण्यात्मभावनायाः प्रमदनं तन्निवृत्त्यर्थमुच्यते तस्माच्चेन्न प्रमाद्यतीति, अन्नमयादिष्वात्मभावं हित्वा केवले विज्ञानमये ब्रह्मण्यात्मत्वं भावयन्नास्ते चेदित्यर्थः । ★ ततः किं स्यादित्युच्यते-शरीरे पाप्मनो हित्वा । शरीराभिमाननिमित्ता हि सर्वे पाप्मानः



तेषां च विज्ञानमये ब्रह्मण्यात्माभिमानान्निमित्तापाये हानमुपपद्यते, छत्रापाय इवच्छायापायः । तस्माच्छरीराभिमाननिमित्तान् सर्वान्पाप्मनः शरीरप्रभवाञ्शरीर एव हित्वा विज्ञानमयब्रह्मस्वरूपापन्नस्तत्स्थान्सर्वान्कामान्विज्ञानमयेनैवात्मना समश्नुते सम्यग्भुङ्क्त इत्यर्थः । ★ तस्य पूर्वस्य मनोमयस्यात्मैष एव शरीरे मनोमये भवः शारीरः । कः ? य एष विज्ञानमयः । तस्माद्वा एतस्मादित्युक्तार्थम् । आनन्दमय इति कार्यात्मप्रतीतिरधिकारान्मयट्शब्दाच्च । अन्नादिमया हि कार्यात्मानो भौतिका इहाधिकृताः । तदधिकारपतितश्चायमानन्दमयः, मयट् चात्र विकारार्थे दृष्टो यथान्नमय इत्यत्र । तस्मात्कार्यात्मानन्दमयः प्रत्येतव्यः । ★ संक्रमणाच्च, आनन्दमयमात्मानमुपसंक्रामतीति वक्ष्यति । कार्यात्मनां च संक्रमणमनात्मनां दृष्टम् । संक्रमणकर्मत्वेन चानन्दमय आत्मा श्रूयते । यथान्नमयमात्मानमुपसंक्रामतीति । न चात्मन एवोपसंक्रमम् । अधिकारविरोधादसंभवाच्च । न ह्यात्मनैवात्मन उपसंक्रमणं संभवति । स्वात्मनि भेदाभावात् । आत्मूतं च ब्रह्म सङ्क्रमितुः । ★ शिरआदिकल्पनानुपपत्तेश्च । न हि यथोक्तलक्षण आकाशादिकारणेऽकार्यपतिते शिरआद्यवयवरूपकल्पनोपपद्यते । **'अदृश्येऽनात्म्येऽनिरुक्तेऽनिलयने'** (तै.उप. २-७-१) **'अस्थूलमनणु'** (बृ.उप. ३-८-८) **'नेति नेत्यात्मा'** (बृ.उप. ३-९-२६) इत्यादिविशेषापोहश्रुतिभ्यश्च । ★ मन्त्रोदाहरणानुपपत्तेश्च । न हि प्रियशिरआद्यवयवविशिष्टे प्रत्यक्षतोऽनुभूयमान आनन्दमय आत्मनि ब्रह्मणि नास्ति ब्रह्मेत्याशङ्काभावात् **'असन्नेव स भवति । असद्ब्रह्मेति वेद चेत्'** (तै.उप. २-६-१) इति मन्त्रोदाहरणमुपपद्यते । ब्रह्म पुच्छं प्रतिष्ठेत्यपि चानुपपन्नं पृथग्ब्रह्मण प्रतिष्ठात्वेन ग्रहणम् । तस्मात्कार्यपतित एवानन्दमयो न पर एवात्मा । ★ आनन्द इति विद्याकर्मणोः फलं तद्विकार आनन्दमयः । स च विज्ञानमयादान्तरः । यज्ञादिहेतोर्विज्ञानमयादस्यान्तरत्वश्रुतेः । ज्ञानकर्मणोर्हि फलं भोक्त्रर्थत्वादान्तरतमं स्यात् । आन्तरतमश्चानन्दमय आत्मा पूर्वेभ्यः । विद्याकर्मणोः प्रियाद्यर्थत्वाच्च । प्रियादिप्रयुक्ते हि विद्याकर्मणी । तस्मात्प्रियादीनां फलरूपाणामात्मसंनिकर्षाद्विज्ञानमयस्याभ्यन्तरत्वमुपपद्यते । प्रियादिवासनानिर्वृतो ह्यानन्दमयो विज्ञानमयाश्रितः स्वप्न उपलभ्यते । ★ तस्यानन्दमयस्यात्मन इष्टपुत्रादिदर्शनजं प्रियं शिर इव शिरः प्राधान्यात् । मोद इति प्रियलाभनिमित्तो हर्षः । स एव च प्रकृष्टो हर्षः प्रमोदः । आनन्द इति सुखसामान्यमात्मा प्रियादीनां सुकावयवानाम् । तेष्वनुस्यूतत्वात् । ★ आनन्द इति परं ब्रह्म । तद्धि शुभकर्मणा प्रत्युपस्थाप्यमाने पुत्रमित्रादिविषयविशेषोपाधावन्तः करणवृत्तिविशेषे तमसा प्रच्छाद्यमाने प्रसन्नेऽभिव्यज्यत । तद्विषयसुखमिति प्रसिद्धं लोके । तद्वृत्तिविशेषप्रत्युस्थापकस्य कर्मणोऽनवस्थिततत्वात्सुखस्य क्षणिकत्वम् । तद्यदान्तःकरणं तपसा तमोघ्ने विद्यया ब्रह्मचर्येण श्रद्धया च निर्मलत्वमापद्यते यावद्यावत्तावत्तावद्विविक्ते प्रसन्नेऽन्तःकरण आनन्दविशेष उत्कृष्यते विपुलीभवति । वक्ष्यति च-**'रसो वै सः । रस ह्येवायं लब्ध्वानन्दी भवति एष ह्येवानन्दयाति'** (तै.उप. २-७-१) **'एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति'** (बृ.उप. ४-३-३२) इति च श्रुत्यन्तरात् । एवं च कामोपशमो-त्कर्षापेक्षया शतगुणोत्तरोत्तरोत्कर्ष आनन्दस्य वक्ष्यते । ★ एवं चोत्कृष्यमाणस्यानन्दमयस्यात्मनः परमार्थब्रह्मविज्ञानापेक्षया ब्रह्म परमेव । यत्प्रकृतं सत्यज्ञानानन्तलक्षणम्, यस्य च प्रतिपत्त्यर्थं पञ्चान्नादिमयाः कोशा उपन्यस्ताः, यच्च तेभ्य आभ्यन्तरम्, येन च ते सर्व आत्मवन्तः, तद्ब्रह्म पुच्छं प्रतिष्ठा । तदेव च सर्वस्याविद्यापरिकल्पितस्य द्वैतस्यावसानभूतमद्वैतं ब्रह्म प्रतिष्ठा आनन्दमयस्य । एकत्वावसानत्वात् । अस्ति तदेकमविद्याकल्पितस्य द्वैतस्यावसानभूतमद्वैतं ब्रह्म प्रतिष्ठा पुच्छम् । तदेतस्मिन्नप्यर्थ एष श्लोको भवति ॥ १ ॥

શાંકરભાષ્ય :- વિજ્ઞાન યજ્ઞનો વિસ્તાર કરે છે (અર્થાત્) વિજ્ઞાનવાળો પુરુષ શ્રદ્ધાદિપૂર્વક યજ્ઞનું અનુષ્ઠાન કરે છે, આથી યજ્ઞના અનુષ્ઠાનમાં વિજ્ઞાનનું કર્તૃત્વ છે અને તે કર્મોનો પણ વિસ્તાર કરે છે, કારણ કે આ રીતે સર્વ કાંઈ વિજ્ઞાનનું જ કરેલું છે. તેથી **'વિજ્ઞાનમય આત્મા બ્રહ્મ છે'** આમ કહેવું ઉચિત જ છે. એટલું જ નહીં, ઇંદ્ર વગેરે સઘળા દેવતાઓ વિજ્ઞાનબ્રહ્મ જે સર્વથી પ્રથમ ઉત્પન્ન થયેલું હોવાથી જ્યેષ્ઠ છે અથવા સમસ્ત વૃત્તિઓ વિજ્ઞાનપૂર્વક હોવાને લીધે જે પ્રથમ ઉત્પન્ન થયેલું છે તે વિજ્ઞાનરૂપ બ્રહ્મની ઉપાસના અર્થાત્ ધ્યાન કરે છે. તાત્પર્ય એ છે કે, તેઓ તે વિજ્ઞાનમય બ્રહ્મમાં અભિમાન કરીને તેની ઉપાસના કરે છે, તેથી તેઓ તે મહદ્ બ્રહ્મની ઉપાસના કરવાથી જ્ઞાન અને ઐશ્વર્યથી યુક્ત બને છે.

તે વિજ્ઞાનરૂપ બ્રહ્મને જો જાણી લેવામાં આવે-કેવળ જાણી લેવામાં આવે એટલું જ નહીં પરંતુ તેનાથી પ્રમાદ પણ ન કરે, બાહ્ય અનાત્મ પદાર્થોમાં કહેલ આત્મબુદ્ધિથી વિજ્ઞાનમય બ્રહ્મમાં કરેલી આત્મભાવનાથી પ્રમાદ થવાનો સંભવ છે, તેની નિવૃત્તિને માટે કહે છે : **'જો તેનાથી પ્રમાદ ન કરે'** વગેરે, તાત્પર્ય એ છે કે, જો અન્નમય વગેરેમાં આત્મભાવને



છોડીને કેવળ વિજ્ઞાનમય બ્રહ્મમાં જ આત્મત્વની ભાવના કરીને રહે તો તેથી શું થાય ? એ કહે છે : શરીરનાં પાપોને ત્યજીને, કારણ કે બધા પાપો શરીરના અભિમાનને લીધે થતાં હોય છે, તેથી વિજ્ઞાનમય બ્રહ્મમાં આત્મત્વનું અભિમાન કરવાથી નિમિત્તનો ક્ષય થાય છે, અને તેમ થતાં તેમનો પણ ક્ષય થવો યોગ્ય છે. જેવી રીતે છત્રી દૂર કરવામાં આવતા તેનાથી પડતી છાયા પણ દૂર થઈ જાય છે. તેથી શરીરના અભિમાનને લીધે થનારાં શરીરજન્ય સર્વ પાપોને શરીરમાં ત્યજીને વિજ્ઞાનમય બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થયેલો સાધક તેમાં રહેલા બધા ભોગોને વિજ્ઞાનમય સ્વરૂપથી સારી રીતે પ્રાપ્ત કરે છે, અર્થાત્ તેમનો યોગ્ય રીતે ઉપભોગ કરે છે.

તે આ પહેલાં કહેવામાં આવેલા મનોમયનો શરીર-મનોમય શરીરમાં રહેનારો આત્મા પણ આ જ છે. કોણ છે તે ? તે એ જ કે જે વિજ્ઞાનમય છે, 'तस्माद्वा एतस्मात्,' વગેરે વાક્યનો અર્થ અગાઉ કહી દીધો છે. 'आनन्दमयः' આ શબ્દથી કાર્યાત્માની પ્રતીતિ થાય છે, કારણ કે અહીં તેનો અધિકાર (પ્રસંગ) છે અને 'आनन्द' શબ્દની સાથે 'मयट्' (અર્થાત્ मय) પ્રત્યયનો પ્રયોગ કરવામાં આવ્યો છે. અહીં અન્નમય વગેરે ભૌતિક કાર્યાત્માઓનો અધિકાર છે, તેમની અંદર જ આ આનંદમય પણ છે. 'मयट्' પ્રત્યય પણ અહીં વિકારના અર્થમાં જોવામાં આવ્યો છે, જેમ કે 'अन्नमय' આ શબ્દમાં છે. આથી આનંદમય કાર્યાત્મા છે - એમ જાણવું જોઈએ.

સંક્રમણને લીધે પણ આ જ વાત સિદ્ધ થાય છે. **'તે આનંદમય આત્મા પ્રતિ સંક્રમણ કરે છે (એટલે આનંદમય આત્માને પ્રાપ્ત થાય છે.)'** એમ આગળ (આઠમા અનુવાકમાં) કહેશે. અન્નમય વગેરે અનાત્મારૂપ કાર્યાત્માઓનું જ સંક્રમણ થતું જોવામાં આવ્યું છે ને વળી સંક્રમણના કર્મરૂપથી આનંદમય આત્માનું શ્રવણ થાય છે. જેમ કે **'આ અન્નમય આત્મા પ્રતિ સંક્રમણ (ગમન) કરે છે.'** સ્વયં આત્માનું જ સંક્રમણ થવાનો સંભવ નથી, કારણ કે આથી તે પ્રસંગમાં વિરોધ આવે છે અને આમ થવાનો સંભવ પણ નથી. આત્મા આત્માને જ પ્રાપ્ત થાય એવો ક્યારેય સંભવ નથી, કારણ કે પોતાના આત્મામાં ભેદનો સર્વથા અભાવ છે અને બ્રહ્મ પણ સંક્રમણ કરનારાનો જ આત્મા છે.

(આત્મામાં) શિર વગેરેની કલ્પનાનો અસંભવ હોવાને લીધે પણ (આનંદમય કાર્યાત્મા જ છે). આકાશ વગેરેનું કારણ અને કાર્યોમાં ન આવનારા ઉપર કહેલા લક્ષણવિશિષ્ટ આત્મામાં શિર વગેરે અવયવરૂપ કલ્પના કરવી યોગ્ય નથી. આત્મામાં વિશેષ ધર્મોનો બાધ કરનારી **'અદૃશ્ય, અશરીર, અનિર્વચનીય અને અનાશ્રયમાં'** (તૈ.ઉપ. ૨-૭-૧) **'સ્થૂલ અને સૂક્ષ્મથી રહિત'** (બૃ.ઉપ. ૩-૩-૮) **'આત્મા આ નથી - આ નથી.'** (બૃ.આ. ૩-૯-૨૬) વગેરે શ્રુતિઓથી પણ આ જ વાત સિદ્ધ થાય છે. (બૃ.ઉ. ૩-૮-૮).

(જો આનંદમયને આત્મા માનવામાં આવે તો) આગળ કહેલા મંત્રનું ઉદાહરણ આપવાનું પણ શક્ય નથી. શિર વગેરે અવયવોથી યુક્ત આનંદમય આત્મારૂપ બ્રહ્મનો પ્રત્યક્ષ અનુભવ થયા પછી એવી શંકા થઈ શકે નહીં કે, બ્રહ્મ નથી, જેથી (તે શંકાને દૂર કરવા માટે) **'જે પુરુષ, બ્રહ્મ નથી-એમ જાણે છે તે અસદ્રૂપ છે.'** (તૈ.ઉ. ૨-૬-૧) આ મંત્રનો ઉલ્લેખ કરવાનું સંગત થઈ શકે. વળી **'બ્રહ્મ પુચ્છ-પ્રતિષ્ઠા છે.'** આ વાક્ય અનુસાર પ્રતિષ્ઠારૂપે બ્રહ્મને પૃથક્ ગ્રહણ કરવાનું પણ શક્ય નથી, તેથી આ આનંદમય કાર્યની અંતર્ગત જ છે - પરમાત્મા નથી.

'આનંદ' આ ઉપાસના અને કર્મનું ફલ છે, તેનો વિકાર આનંદમય છે, તે વિજ્ઞાનમય કોશથી આંતર-અંદર રહેનાર છે, કારણ કે શ્રુતિ દ્વારા તે યજ્ઞાદિના કારણભૂત વિજ્ઞાનમય કરતાં આંતર બતાવવામાં આવ્યો છે. ઉપાસના અને કર્મનું ફળ ભોક્તાને માટે છે, તેથી તે સહુ કરતા આંતરતમ-અત્યંત અંદરનો હોવો જોઈએ, માટે તે પૂર્વોક્ત સર્વ કોશો કરતાં આનંદમય આત્મા આંતરતમ છે, કારણ કે વિદ્યા અને કર્મ પણ (ખાસ કરીને) પ્રિય વગેરેને જ માટે છે. પ્રિય વગેરેની પ્રાપ્તિના ઉદ્દેશથી જ ઉપાસના અને કર્મનું અનુષ્ઠાન કરવામાં આવે છે, માટે તેમના ફળરૂપ પ્રિય વગેરેનું આત્મા સાથે સાન્નિધ્ય હોવાને લીધે વિજ્ઞાનમય કરતાં આ(આનંદમય કોશ)નું આંતરતમ હોવું યોગ્ય છે. પ્રિય વગેરેની વાસનાથી નિષ્પન્ન થયેલો આ આનંદમય સ્વપ્નાવસ્થામાં વિજ્ઞાનમયને આશ્રયે જ પ્રાપ્ત થાય છે.

તે આનંદમય આત્માનું પુત્ર વગેરે ઇષ્ટ પદાર્થોના દર્શનથી થનારું પ્રિય પ્રધાનતાને લીધે શિરની સમાન શિર છે. પ્રિય પદાર્થની પ્રાપ્તિથી ઉત્પન્ન થનારો હર્ષ 'મોદ' કહેવાય છે, તે હર્ષ પ્રકૃષ્ટ થતાં એટલે વધી જતાં 'પ્રમોદ' કહેવાય છે. 'આનંદ' સામાન્ય સુખનું નામ છે, તે સુખના અવયવભૂત પ્રિય આદિનો આત્મા છે, કારણ કે તેમાં તે બધાં અનુસ્યૂત-પરોવાયેલાં છે.

'આનંદ' આ પરબ્રહ્મનો જ વાચક છે. તે જ શુભ કર્મો દ્વારા પ્રસ્તુત કરાયેલા પુત્ર-મિત્ર વગેરે વિશેપ વિષય જેની

ઉપાધિ છે એ અત્યંત પ્રસન્ન અંતઃકરણની વિશિષ્ટ વૃત્તિમાં, જ્યારે તે તમોગુણથી આચ્છાદિત થતો નથી ત્યારે અભિવ્યક્ત થાય છે. લોકમાં તે વિષય-સુખ એવા નામથી પ્રસિદ્ધ છે. તે વૃત્તિવિશેષને પ્રસ્તુત કરનારું કર્મ અસ્થિર હોવાથી તે સુખ પણ ક્ષણિક છે. માટે તમોગુણને નષ્ટ કરનારાં તપ, ઉપાસના, બ્રહ્મચર્ય અને શ્રદ્ધા દ્વારા જે સમયે અંતઃકરણ જેટલા પ્રમાણમાં નિર્મળ થાય છે તેટલા જ પ્રમાણમાં સ્વચ્છ અને પ્રસન્ન થયેલા તે અંતઃકરણમાં વિશેષ આનંદનો ઉત્કર્ષ થાય છે, (અર્થાત્ તે પુષ્કળ વધી જાય છે.) આ જ વાત **‘તે રસ જ છે. આ રસને પામીને જ પુરુષ આનંદી થઈ જાય છે. આ રસ જ સર્વને આનંદિત કરે છે.’** (તૈ.ઉ. ૨-૭-૧) આ પ્રમાણે આગળ કહેશે. વળી, **‘આ આનંદના અંશમાત્રના આશ્રયે જ બીજા પ્રાણીઓ જીવે છે.’** (બૃ.ઉપ. ૪-૩-૩૨) આ બીજી શ્રુતિથી પણ સિદ્ધ થાય છે. એવી જ રીતે કામ-શાંતિના ઉત્કર્ષ કરતાં આગળ આગળના આનંદનો સોગણો ઉત્કર્ષ આગળ કહેશે.

આમ પરમાર્થ બ્રહ્મના વિજ્ઞાનની અપેક્ષાએ ક્રમશઃ ઉત્કર્ષને પ્રાપ્ત થનારા આનંદમય આત્માની અપેક્ષાએ બ્રહ્મ પર એટલે ઉત્તમ જ છે. જે પ્રકૃત બ્રહ્મ સત્ય, જ્ઞાન અને અનંતરૂપ છે. જેની પ્રાપ્તિને માટે અન્નમય વગેરે પાંચ કોશોનો (અહીં) ઉપન્યાસ કરવામાં આવયો છે, જે તે બધાના કરતાં આંતર્વર્તી છે અને જેનાથી તે બધા આત્મવાન છે, તે બ્રહ્મ જ તે આનંદમયની પુચ્છ-પ્રતિષ્ઠા છે, તેનો આધાર છે.

અવિદ્યા દ્વારા કલ્પાયેલા સંપૂર્ણ દ્વૈતના નિષેધના અવધિભૂત તે અદ્વૈત બ્રહ્મ જ તેની પ્રતિષ્ઠા છે, કારણ કે તે(આનંદમય)નું પર્યવસાન પણ એકત્વમાં થાય છે. અવિદ્યા પરિકલ્પિત દ્વૈતના અવસાનભૂત તે એક અને અદ્વિતીય બ્રહ્મ તેની પ્રતિષ્ઠા એટલે પુચ્છ છે. આ જ અર્થમાં આ શ્લોક (એટલે મંત્ર) છે. (૧)

इति ब्रह्मानन्दवल्ल्यां पञ्चमोऽनुवाकः ॥ ५ ॥

❖

षष्ठ अनुवाक

असन्नेव स भवति । असद्ब्रह्मेति वेद चेत् । अस्ति ब्रह्मेति चेद्वेद । सन्तमेनं ततो विदुरिति । तस्यैष एव शारीर आत्मा यः पूर्वस्य । अथातोऽनुप्रश्नाः । उताविद्वानमुं लोकं प्रेत्य कश्चन गच्छती ३ । आहो विद्वानमुं लोकं प्रेत्य कश्चित्समश्नुता ३उ । सोऽकामयत । बहु स्यां प्रजायेयेति । स तपोऽतप्यत । स तपस्तप्त्वा इदꣳ सर्वमसृजत यदिदं किंच । तत्सृष्ट्वा तदेवानुप्राविशत् । तदनुप्रविश्य सच्च त्यच्चाभवत् । निरुक्तं चानिरुक्तं च । निलयनं चानिलयनं च विज्ञानं चाविज्ञानं च । सत्यं चानृतं च सत्यमभवत् । यदिदं किंच । तत्सत्यमित्याचक्षते । तदप्येष श्लोको भवति ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- चेत्-જો (કોઈ) ब्रह्म-બ્રહ્મ असत्-અસત્ છે इति-એમ वेद-જાણે છે, માને છે (તો) सः-તે असत्-અસત્ एव-જ भवति-બની જાય છે. (પરંતુ) चेत्-જો (કોઈ) ब्रह्म-બ્રહ્મ अस्ति-છે इति-એમ वेद-જાણે છે, માને છે तः-ત્યારે एनम्-એને (વિદ્વાનો) सन्तम्-સંતપુરુષ विदुः-માને છે. तस्य-તે આનંદમયનો एषः-આ एव-જ शारीरः-શરીરની અંદર રહેનાર आत्मा-આત્મા છે. यः-જે पूर्वस्य-પહેલાં કહેલ (વિજ્ઞાનમય) છે. अथ-પછી अतः-હવે अनुप्रश्नाः-પછીના પ્રશ્નો કરે છે. उत-વળી अविद्वान्-બ્રહ્મને નહીં જાણનાર कञ्चन-કોઈ પુરુષ प्रेत्य-પરલોકમાં જઈને, મરણ પામીને अमुम्-એ लोकम्-લોકમાં गच्छति-જાય છે ? आहो-અથવા कश्चित्-કોઈ પણ विद्वान्-જ્ઞાની प्रेत्य-મરણ પામીને अमुम्-એ लोकम्-લોકને समश्नुते उ-પ્રાપ્ત કરે છે ? सः-એ પરમેશ્વરે अकामयत्-ઈચ્છા કરી प्रजायेय-હું પ્રગટ થાઉં અને बहु-અનેક (રૂપ) स्याम् इति-બની જાઉં. सः-એણે तपः-તપ अतप्यत-તપ્યું. (એટલે પોતાના સંકલ્પનો વિસ્તાર કર્યો) सः-એ પરમાત્મા तपः तप्त्वा-તપ તપીને (પોતાના સંકલ્પનો વિસ્તાર કરીને) यत् किम् च-અને જે કાંઈ પણ इदम्-આ सर्वम्-સઘળું इद्-જે (કાંઈ છે તે) सर्वम्-સઘળું असृजत-ઉત્પન્ન કર્યું. तत्-તે બધું सृष्ट्वा-ઉત્પન્ન કરીને तत् एव-તેની જ अनुप्राविशत्-અંદર પ્રવેશ કર્યો. तत्-તેની अनुप्रविश्य-અંદર પ્રવેશ કરીને (તે પોતે) सत्-અસ્તિત્વ ધરાવનાર એટલે મૂર્ત

च-અને त्यत्-અમૂર્ત च-પણ अभवत-બની ગયા. निरुक्तम्-જાણવા યોગ્ય (નિરુક્તિ થવા યોગ્ય) च-અને अनिरुक्तम्-નહીં જાણવા યોગ્ય निलयनम्-આશ્રય યોગ્ય च-અને अनिलयनम्-આશ્રય નહીં લેવા યોગ્ય विज्ञानम्-વિજ્ઞાનમય च-અને अविज्ञानम्-વિજ્ઞાનમય નહીં सत्यम्-સત્ય च-અને असत्यम्-અસત્ય अभवत्-બની ગયા. इद्-આ यत् किं च -જે કાંઈ છે (અનુભવમાં આવે છે) तत्-તેને सत्यम्-સત્ય છે इति-એમ व्याचक्षते-કહેવામાં આવે છે. तद्-એ વિષયમાં अपि-પણ एषः-આ श्लोकः भवति-શ્લોક છે. (૧)

અનુવાદ :- જો (કોઈ) બ્રહ્મ અસત્ છે એમ જાણે છે, માને છે (તો) તે અસત્ જ બની જાય છે. (પરંતુ) જો (કોઈ) બ્રહ્મ છે એમ જાણે છે, માને છે ત્યારે એને (વિદ્વાનો) સંતપુરુષ માને છે. તે આનંદમયનો આ જ શરીરની અંદર રહેનાર આત્મા છે. જે પહેલાં કહેલ (વિજ્ઞાનમય) છે. પછી હવે પછીના પ્રશ્નો કરે છે. વળી બ્રહ્મને નહીં જાણનાર કોઈ પુરુષ પરલોકમાં જઈને, મરણ પામીને એ લોકમાં જાય છે ? અથવા કોઈ પણ જ્ઞાની મરણ પામીને એ લોકને પ્રાપ્ત કરે છે ? એ પરમેશ્વરે ઈચ્છા કરી હું પ્રગટ થાઉં અને અનેક (રૂપ) બની જાઉં. એણે તપ તપ્યું. (એટલે પોતાના સંકલ્પનો વિસ્તાર કર્યો) એ પરમાત્મા તપ તપીને (પોતાના સંકલ્પનો વિસ્તાર કરીને) અને જે કાંઈ પણ આ સઘળું જે (કાંઈ છે તે) સઘળું ઉત્પન્ન કર્યું. તે બધું ઉત્પન્ન કરીને તેની જ અંદર પ્રવેશ કર્યો. તેની અંદર પ્રવેશ કરીને (તે પોતે) અસ્તિત્વ ધરાવનાર એટલે મૂર્ત અને અમૂર્ત પણ બની ગયા. જાણવા યોગ્ય (નિરુક્તિ થવા યોગ્ય) અને નહીં જાણવા યોગ્ય આશ્રય યોગ્ય અને આશ્રય નહીં લેવા યોગ્ય વિજ્ઞાનમય અને વિજ્ઞાનમય નહીં એવા સત્ય અને અસત્ય બની ગયા. આ જે કાંઈ છે (અનુભવમાં આવે છે) તેને સત્ય છે એમ કહેવામાં આવે છે. એ વિષયમાં પણ આ શ્લોક છે. (૧)

शाङ्करभाष्यम् :- असन्नेवासत्सम एव यथासन्न पुरुषार्थसम्बन्ध्येवं स भवति अपुरुषार्थसम्बन्धी । कोऽसौ ? योऽसदविद्यमानं ब्रह्मेति वेद विजानाति चेद्यदि । तद्विपर्ययेण यत्सर्वविकल्पास्पदं सर्वप्रवृत्तिबीजं सर्वविशेषप्रत्यस्तमितमप्यस्ति तद्ब्रह्मेति वेद चेत् । ★ कुतः पुनराशङ्का तन्नास्तित्वे ? व्यवहारातीतत्वं ब्रह्मण इति ब्रूमः । व्यवहारविषये हि वाचारम्भणमात्रेऽस्तित्वभाविता बुद्धिस्तद्विपरीते व्यवहारातीते नास्तित्वमपि प्रतिपद्यते । यथा घटादिर्व्यवहारविषयतयोपपन्नः संस्तद्विपरीतोऽसन्निति प्रसिद्धम् । एवं तत्सामान्यादिहापि स्याद्ब्रह्मणो नास्तित्वप्रत्याशङ्का । तस्मादुच्यते अस्ति ब्रह्मेति चेद्वेदेति । ★ किं पुनः स्यात्तदस्तीति विजानतस्तदाह-सन्तं विद्यमानब्रह्मस्वरूपेण परमार्थसदात्मापन्नमेनमेवंविदं विदुर्ब्रह्मविदस्ततः तस्मादस्तित्ववेदनात्सोऽन्येषां ब्रह्मवद्विज्ञेयो भवतीत्यर्थः । ★ अथवा यो नास्ति ब्रह्मेति मन्यते स सर्वस्यैव सन्मार्गस्य वर्णाश्रमादिव्यवस्थालक्षणस्याश्रद्धानतया नास्तित्वं प्रतिपद्यतेऽब्रह्मप्रतिपत्त्यर्थत्वात्तस्य । अतो नास्तिकः सोऽसन्नसाधुरुच्यते लोके । तद्विपरीतः सन्योऽस्ति ब्रह्मेति चेद्वेद स तद्ब्रह्मप्रतिपत्तिहेतुं सन्मार्गं वर्णाश्रमादिव्यवस्थालक्षणं श्रद्धानतया यथावत्प्रतिपद्यते यस्मात्ततस्तस्मात् सन्तं साधुमार्गस्थमेनं विदुः साधवः तस्मादस्तीत्येव ब्रह्म प्रतिपत्तव्यमिति वाक्यार्थः । ★ तस्य पूर्वस्य विज्ञानमयस्यैष एव शरीरे विज्ञानमये भवः शारीर आत्मा । कोऽसौ ? य एष आनन्दमयः तं प्रति नास्त्याशङ्का नास्तित्वे । अपोढसर्वविशेषत्वात्तु ब्रह्मणो नास्तित्वं प्रत्याशङ्का युक्ता । सर्वसामान्याच्च ब्रह्मणः । यस्मादेवमतः तस्मात्, अथानन्तरं श्रोतुः शिष्यस्यानुप्रश्ना आचार्योक्तिमनु एते प्रश्ना अनुप्रश्नाः । ★ सामान्यं हि ब्रह्माकाशादिकारणत्वाद्विदुषोऽविदुषश्च । तस्मादविदुषोऽपि ब्रह्मप्राप्तिराशङ्क्यते - उत अपि अविद्वानमुं लोकं परमात्मानमितः प्रेत्य कश्चन, चनशब्दोऽप्यर्थे, अविद्वानपि गच्छति प्राप्नोति किं वा न गच्छतीति द्वितीयोऽपि प्रश्नो द्रष्टव्योऽनुप्रश्ना इति बहुवचनात् । ★ विद्वांसं प्रत्यन्यौ प्रश्नौ । यद्यविद्वान्सामान्यं कारणमपि ब्रह्म न गच्छति ततो विदुषोऽपि ब्रह्मागमनमाशङ्क्यते । अतस्तं प्रति प्रश्न आहो विद्वानिति । उकारं च वक्ष्यमाणमधस्तादपकृष्य तकारं च पूर्वस्मादुतशब्दाद्व्यासज्याहो इत्येतस्मात्पूर्वमुतशब्दं संयोज्य पृच्छति-उताहो विद्वानिति । विद्वान्ब्रह्मविदपि कश्चिदितः प्रेत्यामुं लोकं समश्नुते प्राप्नोति समश्नुते इत्येवंस्थिते, अयादेशे यलोपे च कृतेऽकारस्य प्लुतिः समश्नुता ३ उ इति । विद्वान्समस्नुतेऽमुं लोकम् । किं वा यथाविद्वानेवं विद्वानपि न समस्नुत इत्यपरः प्रश्नः । ★ द्वावेव वा प्रश्नौ विद्वदविद्वद्विषयौ । बहुवचनं तु सामर्थ्यप्राप्तप्रश्नान्तरापेक्षया घटते । 'असद्ब्रह्मेति वेद चेत् । अस्ति ब्रह्मेति चेद्वेद' इति श्रवणादस्ति नास्तीति संशयस्ततोऽर्थप्राप्तः

किमस्ति नास्तीति प्रथमोऽनुप्रश्नः । ब्रह्मणोऽपक्षपातित्वादविद्वान् गच्छति न गच्छतीति द्वितीयः । ब्रह्मणः समत्वेऽप्यविदुष इव विदुषोऽप्यगमनमाशङ्क्यते किं विद्वान्समस्नुते न समश्नुत इति तृतीयोऽनुप्रश्नः । ★ एतेषां प्रतिवचनार्थमुत्तरग्रन्थ आरभ्यते । तत्रास्तित्वमेव तावदुच्यते । यच्चोक्तं 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' इति, तच्च कथं सत्यत्वमित्येतद्वक्तव्यमितीदमुच्यते सत्त्वोक्त्यैव सत्यत्वमुच्यते । उक्त हि 'सदेव सत्यम्' इति । तस्मात्सत्त्वोक्त्यैव सत्यत्वमुच्यते । कथमेवमर्थतावगम्यतेऽस्य ग्रन्थस्य शब्दानुगमात् । अनेनैव ह्यर्थेनान्वितान्युत्तराणि वाक्यानि '**तत्सत्यमित्याचक्षते**' (तै.उप. २-६-१) '**यदेष आकाश आनन्दो न स्यात्**' (तै.उप. २-७-१) इत्यादीनि । ★ तत्रासदेव ब्रह्मेत्याशङ्क्यते । कस्मात् ? यदस्ति तद्विशेषतो गृह्यते यथा घटादि । यन्नास्ति तन्नोपलभ्यते यथा शशविषाणादि । तथा नोपलभ्यते ब्रह्म । तस्माद्विशेषतोऽग्रहणान्नास्तीति । ★ तन्न, आकाशादिकारणत्वाद्ब्रह्मणः । न नास्ति ब्रह्म । कस्मादाकाशादि हि सर्वं कार्यं ब्रह्मणो जातं गृह्यते । यस्माच्च जायते किंचित्तदस्तीति दृष्टं लोके, यथा घटाङ्कुरादिकारणं मृद्बीजादि । तस्मादाकाशादिकारणत्वादस्ति ब्रह्म । ★ न चासतो जातं किंचिद्गृह्यते लोके कार्यम् । असतश्चेन्नामरूपादि कार्यं निरात्मकत्वान्नोपलभ्येत । उपलभ्यते तु, तस्मादस्ति ब्रह्म । असतश्चेत्कार्यं गृह्यमाणमप्यसदन्वितमेव तत् स्यात् । न चैवम्, तस्मादस्ति ब्रह्म तत्र । '**कथमसतः सज्जायेत**' (छा.उप. ६-२-२) इति श्रुत्यन्तरमसतः सज्जन्मासंभवमन्वाचष्टे न्यायतः । तस्मात्सदेव ब्रह्मेति युक्तम् । ★ तद्यदि मृद्बीजादिवत्कारणं स्यादचेतनं तर्हि ? ★ न, कामयितृत्वात् । न हि कामयित्रचेतनमस्ति लोके । सर्वज्ञं हि ब्रह्मेत्यवोचाम । अतः कामयितृत्वोपपत्तिः । ★ कामयितृत्वादस्मदादिवदनाप्तकाममिति चेत् ? ★ न, स्वातन्त्र्यात् । यथान्यान् परवसीकृत्य कामादिदोषाः प्रवर्तयन्ति न तथा ब्रह्मण प्रवर्तकाः कामाः । कथं तर्हि सत्यज्ञानलक्षणाः स्वात्मभूतत्वाद्विशुद्ध न तैर्ब्रह्म प्रवर्त्यते । तेषां तु तत्प्रवर्तकं ब्रह्म प्राणिकर्मापेक्षया । तस्मात्स्वातन्त्र्यं कामेषु ब्रह्मणः । अतो नानाप्तकामं ब्रह्म । ★ साधनान्तरानपेक्षत्वाच्च । किं च यथान्येषामनात्मभूता धर्मादिनिमित्तापेक्षाः कामाः स्वात्मव्यतिरिक्तकार्यकरणसाधनान्तरापेक्षाश्च न तथा ब्रह्मणो निमित्ताद्यपेक्षत्वम् । किं तर्हि स्वात्मनोऽनन्याः । ★ तदेतदाह सोऽकामयत स आत्मा यस्मादाकाशः संभूतोऽकामयत कामितवान् । कथम् ? बहु स्यां बहु प्रभूतं स्यां भवेयम् । कथमेकस्यार्थान्तराननुप्रवेशे बहुत्वं स्यादित्युच्यते । प्रजायेयोत्पद्येय । न हि पुत्रोत्पत्त्येवार्थान्तरविषयं बहुभवनम्, कथं तर्हि ? आत्मस्थानाभिव्यक्तनामरूपाभिव्यक्त्या । यदात्मस्थे अनभिव्यक्ते नामरूपे व्याक्रियेते तदा नामरूपे आत्मस्वरूपापरित्यागेनैव ब्रह्मणाप्रविभक्तदेशकाले सर्वावस्थासु व्याक्रियेते तदा तन्नामरूपव्याकरणं ब्रह्मणो बहुभवनम् । नान्यथा निरवयवस्य ब्रह्मणो बहुत्वापत्तिरुपपद्यतेऽल्पत्वं वा । यथाकाशस्याल्पत्वं बहुत्वं च वस्त्वन्तरकृतमेव । अतस्तद्द्वारेणैवात्मा बहु भवति । ★ न ह्यात्मनोऽन्यदनात्मभूतं तत्प्रविभक्तदेशकालं सूक्ष्मं व्यवहितं विप्रकृष्टं भूतं भवद्भविष्यद्वा वस्तु विद्यते । अतो नामरूपे सर्वावस्थे ब्रह्मणैवात्मवती, न ब्रह्म तदात्मकम् । ते तत्प्रत्याख्याने न स्त एवेति तदात्मके उच्येते । ताभ्यां चोपाधिभ्यां ज्ञातृज्ञेयज्ञानशब्दार्थादिसर्वसंव्यवहारभाग्ब्रह्म । ★ स आत्मैवंकामः संस्तपोऽतप्यत । तप इति ज्ञानमुच्यते । '**यस्य ज्ञानमयं तपः**' (मु.उप. १-१-८) इति श्रुत्यन्तरात् । आप्तकामत्वाच्चेतरस्यासंभव एव तपसः । तत्तपोऽतप्यत तप्तवान् । सृज्यमानजगद्रचनादिविषयामालोचनामकरोदात्मेत्यर्थः । ★ स एवमालोच्य तपस्तप्त्वा प्राणिकर्मादिनिमित्तानुरूपमिदं सर्वं जगद्देशतः कालतो नाम्ना रूपेण च यथानुभवं सर्वैः प्राणिभिः सर्वावस्थैरनुभूयमानमसृजत सृष्टवान् । यदिदं किं च यत्किं चेदमविशिष्टम् । तदिदं जगत्सृष्ट्वा किमकरोदत्युच्यते-तदेव सृष्टं जगदनुप्राविशदिति । ★ तत्रैतच्चिन्त्यं कथमनुप्राविशदिति । किं यः स्रष्टा स तेनैवात्मनानुप्राविशदुतान्येनेति, किं तावद्युक्तम् ? क्त्वाप्रत्ययश्रवणाद्यः स्रष्टा स एवानुप्राविशदिति । ★ ननु न युक्तं मृद्वच्चेत्कारणं ब्रह्म तदात्मकत्वात्कार्यस्य । कारणमेव हि कार्यात्मना परिणतमित्यतोऽप्रविष्ट इव कार्योत्पत्तेरूर्ध्वं पृथक्कारणस्य पुनः प्रवेशोऽनुपपन्नः । न हि घटपरिणामव्यतिरेकेण मृदो घटे प्रवेशोऽस्ति । यथा घटे चूर्णात्मना मृदोऽनुप्रवेश एवमन्येनात्मना नामरूपकार्येऽनुप्रवेश आत्मन इति चेच्छ्रुत्यन्तराच्च '**अनेन जीवेनात्मनानुप्रविश्य**' (छा.उप. ६-३-२) इति । ★ नैवं युक्तमेकत्वाद्ब्रह्मणः । मृदात्मनस्त्वनेकत्वात्सावयवत्वाच्च युक्तो घटे मृदश्चूर्णात्मनानुप्रवेशः । मृदश्चूर्णस्याप्रविष्टदेशवत्त्वाच्च । न त्वात्मन एकत्वे सति निरवयवत्वादप्रविष्टदेशाभावाच्च प्रवेश उपपद्यते । कथं तर्हि प्रवेशः स्यात् । युक्तश्च प्रवेशः श्रुतत्वात्तदेवानुप्राविशदिति । ★ सावयवमेवास्तु तर्हि ।

सावयवत्वान्मुखे हस्तप्रवेशवन्नामरूपकार्ये जीवात्मनानुप्रवेशो युक्त एवेति चेत् ? ★ नाशून्यदेशत्वात् । न हि कार्यात्मना परिणतस्य नामरूपकार्यदेशव्यतिरेकेणात्मशून्यः प्रदेशोऽस्ति यं प्रविशेज्जीवात्मना । कारणमेव चेत्प्रविशेज्जीवात्मत्वं जह्याद्यथा घटो मृत्प्रवेशे घटत्वं जहाति । तदेवानुप्राविशदिति च श्रुतेर्न कारणानुप्रवेशो युक्तः । कार्यान्तरमेव स्यादिति चेत् ? ★ न, विरोधात् । न हि घटो घटान्तरमापद्यते । व्यतिरेकश्रुतिविरोधाच्च । जीवस्य नामरूपकार्यव्यतिरेकानुवादिन्यः श्रुतयो विरुध्येरन् । तदापत्तौ मोक्षासंभवाच्च । न हि यतो मुच्यमानस्तदेवापद्यते । न हि शृङ्खलापत्तिर्बद्धस्य तस्करादेः । ★ बाह्यान्तर्भेदेन परिणतमिति चेत्तदेव कारणं ब्रह्म शरीराद्याधारत्वेन तदन्तर्जीवात्मनाधेयत्वेन च परिणतमिति चेत् ? ★ न, बहिःष्ठस्य प्रवेशोपपत्तेः । न हि यो यस्यान्तःस्थः स एव तत्प्रविष्ट उच्यते । बहिःष्ठस्यानुप्रवेशः स्यात्प्रवेशशब्दार्थस्यैवं दृष्टत्वात् । यथा गृहं कृत्वा प्राविशदिति । ★ जलसूर्यकादिप्रतिबिम्बवत्प्रवेशः स्यादिति चेन्न, अपरिच्छिन्नत्वादमूर्तत्वाच्च । परिच्छिन्नस्य मूर्तस्यान्यस्यान्यत्र प्रसादस्वभावके जलादौ सूर्यकादिप्रतिबिम्बोदयः स्यात् । न त्वात्मनः, अमूर्तत्वादाकाशादिकारणस्यात्मनो व्यापकत्वात् । तद्विप्रकृष्टदेशप्रतिविम्बाधारवस्त्वन्तराभावाच्च प्रतिबिम्बवत्प्रवेशो न युक्तः । ★ एवं तर्हि नैवास्ति प्रवेशो न च गत्यन्तरमुपलभामहे 'तदेवानुप्राविशत्' इति श्रुतेः । श्रुतिश्च नोऽतीन्द्रियविषये विज्ञानोत्पत्तौ निमित्तम् । न चास्माद्वाक्याद्यत्नवतामपि विज्ञानमुत्पद्यते । हन्त तह्यनर्थकत्वादपोह्यमेतद्वाक्यम् 'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्' इति । ★ न, अन्यार्थत्वात् । किमर्थमस्थाने चर्चा । प्रकृतो ह्यन्यो विवक्षितोऽस्य वाक्यस्यार्थोऽस्ति स स्मर्तव्यः । **'ब्रह्मविदाप्नोति परम्'** (तै.उप. २-१-१) **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म'** (तै.उप. २-१-१) **'यो वेद निहितं गुहायाम्'** (तै.उप. २-१-१) इति तद्विज्ञानं च विवक्षितं प्रकृतं च तत् । ब्रह्मस्वरूपानुगमाय चाकाशाद्यन्नमयान्तं कार्यं प्रदर्शितं ब्रह्मानुगमश्चारब्धः । तत्रान्नमयादात्मनोऽन्योऽन्तर आत्मा प्राणमयस्तदन्तर्मनोमयो विज्ञानमय इति विज्ञानगुहायां प्रवेशितस्तत्र चानन्दमयो विशिष्ट आत्मा प्रदर्शितः । ★ अतः परमानन्दमयलिङ्गाधिगमद्वारेणानन्दविवृद्ध्यवसना आत्मा ब्रह्म पुच्छं प्रतिष्ठा सर्वविकल्पास्पदो निर्विकल्पोऽस्यामेव गुहायामधिगन्तव्य इति तत्प्रवेशः प्रकल्प्यते । न ह्यन्यत्रोपलब्यते ब्रह्म निर्विशेषत्वात् । विशेषसंबन्धो ह्युपलब्धिहेतुर्दृष्टः. यथा राहोश्चन्द्रार्कविशिष्टसंबन्धः । एवमन्तःकरणगुहात्मसंबन्धो ब्रह्मण उपलब्धिहेतुः । संनिकर्षादवभासात्मकत्वाच्चान्तःकरणस्य । ★ यथा चालोकविशिष्टा घटाद्युपलब्धिरेवं बुद्धिप्रत्ययालोकविशिष्टात्मोपलब्धिः स्यात्तस्मादुपलब्धिहेतौ गुहायां निहितमिति प्रकृतमेव । तद्वृत्तिस्थानीये त्विह पुनस्तत्सृष्ट्वा तदेवानुप्राविशदित्युच्यते । ★ तदेवेदमाकाशादिकारणं कार्यं सृष्ट्वा तदनुप्रविष्टमिवान्तर्गुहायां बुद्धौ द्रष्टृ श्रोतृ मन्तृ विज्ञात्रित्येवं विशेषवदुपलभ्यते । स एव तस्य प्रवेशस्तस्मादस्ति तत्कारणं ब्रह्म । अतोऽस्तित्वादस्तीत्येवोपलब्धव्यं तत् । ★ तत्कार्यमनुप्रविश्य, किम् ? सच्च मूर्तं त्यच्चामूर्तमभवत् । मूर्तामूर्ते ह्यव्याकृतनामरूपे आत्मस्थे अन्तर्गतेनात्मना व्याक्रियेते व्याकृते मूर्तामूर्तशब्दवाच्ये । ते आत्मना त्वप्रविभक्तदेशकाले इति कृत्वात्मा ते अभवदित्युच्यते । ★ किं च निरुक्तं चानिरुक्तं च । निरुक्तं नाम निष्कृष्य समानासमानजातीयेभ्यो देशकालविशिष्टतयेदं तदित्युक्तमनिरुक्तं तद्विपरीतं निरुक्तानिरुक्ते अपि मूर्तामूर्तयोरेव विशेषणे । यथा सच्च त्यच्च प्रत्यक्षपरोक्षे, तथा निलयनं चानिलयनं च । निलयनं नीडमाश्रयो मूर्तस्यैव धर्मः । अनिलयनं तद्विपरीतममूर्तस्यैव धर्मः । ★ त्यदनिरुक्तानिलयनान्यमूर्तधर्मत्वेऽपि व्याकृतविषयाण्येव । सर्गोत्तरकालभावश्रवणात् । त्यदिति प्राणाद्यनिरुक्तं तदेवानिलयनं च । अतो विशेषणान्यमूर्तस्य व्याकृतविषयाण्येवैतानि । ★ विज्ञानं चेतनमविज्ञानं तद्रहितमचेतनं पाषाणादि सत्यं च व्यवहारविषयमधिकारान्न परमार्थसत्यम् । एकमेव हि परमार्थसत्यं ब्रह्म । इह पुनर्व्यवहारविषयमापेक्षिकं सत्यम्, मृगतृष्णिकाद्यनृतापेक्षयोदकादि सत्यमुच्यते । अनृतं च तद्विपरीतम् । किं पुनः ? एतत्सर्वमभवत्, सत्यं परमार्थसत्यम् । किं पुनस्तत् ? ब्रह्म, सत्यं ज्ञानमनन्तं ब्रह्मेति प्रकृतत्वात् । ★ यस्मात्सत्त्यदादिकं मूर्तामूर्तधर्मजातं यत्किंचेदं सर्वमविशिष्टं विकारजातमेकमेव सच्छब्दवाच्यं ब्रह्माभवत्तद्व्यतिरेकेणाभावान्नामरूपविकारस्य, तस्मात्तद्ब्रह्म सत्यमित्याचक्षते ब्रह्मविदः । ★ अस्ति नास्तीत्यनुप्रश्नः प्रकृतस्तस्य प्रतिवचनविषय एतदुक्तमात्माकामयत बहु स्यामिति । स यथाकामं चाकाशादिकार्यं सत्त्यदादिलक्षणं सृष्ट्वा तदनु प्रविश्य पश्यञ्शृण्वन्मन्वानो विजानन् बह्वभवत्तस्मात्तदेवेदमाकाशादिकारणं कार्यस्थं परमे व्योमन् हृदयगुहायां निहितं तत्प्रत्ययावभासविशेषेणोपलभ्यमानमस्ति इत्येवं विजानीयादित्युक्तं भवति । ★ तदेतस्मिन्नर्थे ब्राह्मणोक्त एष श्लोको मन्त्रो भवति । यथा पूर्वेषु अन्नमयाद्यात्मप्रकाशकाः पञ्चस्वप्येवं सर्वान्तरतमात्मास्तित्वप्रकाशकोऽपि मन्त्रः कार्यद्वारेण भवति ॥ १ ॥



શાંકરભાષ્ય :- જેમ અસત્ (અવિદ્યમાન) પદાર્થ પુરુષાર્થ સાથે સંબંધ રાખનારો હોતો નથી તેમ તે પણ અસત્ અસત્‌ની જેમ જ પુરુષાર્થ સાથે સંબંધ ન રાખનારો બની જાય છે. તે કોણ ? જે 'બ્રહ્મ અસત્-અવિદ્યમાન છે' એમ જાણે છે. 'ચેત્' શબ્દનો અર્થ 'જો' છે. આથી વિપરીત 'જે તત્ત્વ સર્વ વિકલ્પોનો આશ્રય, સર્વ પ્રવૃત્તિઓનું બીજરૂપ અર્થાત્ કારણરૂપ અને બધાં વિશેષણો વિનાનું છે તે જ બ્રહ્મ છે.' એમ જો કોઈ જાણે છે (તો તેને બ્રહ્મવેત્તાઓ સદ્રૂપ સમજે છે. આ પ્રમાણે એનો આગળના વાક્ય સાથે સંબંધ છે.)

પરંતુ બ્રહ્મના અસ્તિત્વના અભાવના વિષયમાં શંકા શાથી કરવામાં આવે છે ? (આ વિષે) અમે કહીએ છીએ કે, બ્રહ્મ વ્યવહારથી પર છે. (તેથી) વ્યવહારનો વિષય બનેલા પદાર્થો જે કેવળ વાણીથી ઉચ્ચારણ કરવા પૂરતા જ હોય છે, તેમનાથી વિપરીત વ્યવહારીત પદાર્થોમાં અસ્તિત્વની ભાવનાથી ભાવિત થયેલી બુદ્ધિ અસ્તિત્વનો પણ અનુભવ કરતી નથી. જેમ કે (જળ લાવવું વગેરે) વ્યવહારના વિષયરૂપથી ઉત્પન્ન થયેલો, પ્રાપ્ત થયેલો ઘટ વગેરે પદાર્થ 'સત્' અને તેનાથી વિપરીત (વંધ્યાપુત્ર વગેરે) 'અસત્' હોય છે-આ જાણીતું છે. તેવી જ રીતે તેની સમાનતાને લીધે અહીં પણ બ્રહ્મના અવિદ્યમાનત્વના વિષયમાં શંકા થઈ શકે છે. તેથી જ કહ્યું છે, 'બ્રહ્મ છે, એમ જો કોઈ જાણે છે' વગેરે.

પરંતુ 'તે (બ્રહ્મ) છે' એમ જાણનારા પુરુષને શું ફલ પ્રાપ્ત થાય છે ? એ બાબતમાં કહે છે - બ્રહ્મવેત્તા જનો આ રીતે જાણનારા તે પુરુષને સત્-વિદ્યમાન-અર્થાત્ બ્રહ્મરૂપથી પરમાર્થ સત્સ્વરૂપને પ્રાપ્ત થયેલો સમજે છે. તાત્પર્ય એ છે કે, આ કારણથી બ્રહ્મના અસ્તિત્વને જાણવાને લીધે તે બીજાઓને માટે બ્રહ્મના જેવો જાણવા યોગ્ય બને છે.

અથવા જે પુરુષ 'બ્રહ્મ નથી' એમ માને છે તે અશ્રદ્ધાળુ હોવાથી વર્ણાશ્રમ વગેરે વ્યવસ્થારૂપ બધા જ શુભ માર્ગનું અસત્ત્વ (અવિદ્યમાનપણું) પ્રતિપાદન કરે છે. કારણ કે તે પણ બ્રહ્મની પ્રાપ્તિને માટે છે, તેથી તે નાસ્તિકને (લોકમાં) વ્યવહારમાં અસત્, અસાધુ કહેવામાં આવે છે. આથી વિપરીત જે પુરુષ 'બ્રહ્મ છે' એમ જાણે છે તે 'સત્' છે, કારણ કે તે, તે બ્રહ્મની પ્રાપ્તિના કારણરૂપ વર્ણાશ્રમ વગેરે વ્યવસ્થારૂપી સન્માર્ગને શ્રદ્ધાપૂર્વક સારી રીતે જાણે છે. તેથી જ સારા માણસો તેને સત્ એટલે શુભમાર્ગમાં રહેલો જાણે છે. તેથી 'બ્રહ્મ છે' એમ જ જાણવું જોઈએ. આ વાક્યનો આ અર્થ છે.

તે પૂર્વે કહેલા વિજ્ઞાનમયનો આ જ શરીર-વિજ્ઞાનમય શરીરમાં રહેનારો આત્મા છે. તે કોણ છે ? આ જે આનંદમય છે. તેના ન અસ્તિત્વમાં તો શંકા જ નથી, પરંતુ બ્રહ્મ સર્વ વિશેષણોથી રહિત છે તેથી તેના અસ્તિત્વના અભાવમાં શંકા થવી ઉચિત જ છે. વળી એ સિવાય બ્રહ્મની બધાની સાથે સમાનતા હોવાને લીધે પણ (આવી શંકા થઈ જ શકે છે) વાત આમ છે, તેથી હવે આ પછી શ્રવણ કરનારા શિષ્યના અનુપ્રશ્નો છે. આચાર્યની આ ઉક્તિ (પ્રવચન) પછી કરવામાં આવનારા આ પ્રશ્નો, અનુપ્રશ્નો છે.

આકાશાદિનું કારણ હોવાથી બ્રહ્મ વિદ્વાન તેમ જ અવિદ્વાન બંને માટે સમાન છે. તેથી અવિદ્વાનને પણ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે એવી આશંકા કરાય છે. શું કોઈ અવિદ્વાન પુરુષ પણ આ શરીરનો ત્યાગ કર્યા પછી આ લોક અર્થાત્ પરમાત્માને પ્રાપ્ત થઈ જાય છે ? 'कश्चन'માં 'चन' શબ્દ 'अपि' એટલે પણ-ના અર્થમાં છે, 'અથવા પ્રાપ્ત થતો નથી ?' એની સાથે આ બીજો પ્રશ્ન પણ જોવો જોઈએ. કારણ કે અહીં 'अनुप्रश्नाः' એવો બહુવચનનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

બીજા બે પ્રશ્નો વિદ્વાનના વિષયમાં છે. બ્રહ્મ સર્વનું સાધારણ કારણ છે, તો પણ જો અવિદ્વાન તેને પ્રાપ્ત થતો નથી તો વિદ્વાન પણ બ્રહ્મને પ્રાપ્ત થતો ન હોવાની આશંકા કરાય છે, તેથી તે ઉદ્દેશથી પૂછવામાં આવે છે કે, 'શું વિદ્વાન પણ' વગેરે. (મૂલ મંત્રમાં) પછીથી કહેવામાં આવનારા 'उ' ને આગળથી ખેંચીને અને પૂર્વોક્ત 'उत' શબ્દમાંથી 'त' મૂકીને 'उताहो विद्वान्' વગેરે રીતે પૂછે છે - શું કોઈ વિદ્વાન અર્થાત્ બ્રહ્મવેત્તા પણ આ શરીરને છોડીને એ લોકને પ્રાપ્ત કરી લે છે ? અહીં મૂળમાં 'समश्नुते उ' એવું પદ હતું તેમાં 'अय्' આદેશ કરીને ('लोपः शाकल्यस्य' એ સૂત્રાઅનુસાર) 'य' નો લોપ કરવામાં આવતાં 'समश्नुत उ' એવો પ્રયોગ સિદ્ધ થાય છે. પછી 'त' ના આકારને પ્લુત કરવાથી 'समश्नुता ३ उ' એવો પાઠ થયો છે. વિદ્વાન આ લોકને પ્રાપ્ત થાય છે ? અથવા અવિદ્વાનની જેમ વિદ્વાન પણ તેને પ્રાપ્ત થતો નથી ને ? આ એક પ્રશ્ન છે.

અથવા વિદ્વાન અને અવિદ્વાનને વિષય કરતા આ કેવળ બે જ પ્રશ્ન છે. એમના સામર્થ્યથી પ્રાપ્ત બીજા એક પ્રશ્નની અપેક્ષાથી જ બહુવચન થયું છે. 'બ્રહ્મ અસત્ છે એટલે કે બ્રહ્મ નથી-જો એમ જાણે છે.' તથા 'બ્રહ્મ છે-જો એમ જાણે છે.' આવી શ્રુતિ હોવાથી 'બ્રહ્મ છે કે નથી' આ અર્થને આધારે પ્રાપ્ત થયેલો પહેલો અનુપ્રશ્ન છે, અને બ્રહ્મ પક્ષપાતી નથી, તેથી 'અવિદ્વાન તેને પ્રાપ્ત થાય છે કે નહીં ?' આ બીજો અનુપ્રશ્ન છે. વળી બ્રહ્મ સમાન છે, તેથી અવિદ્વાનની જેમ વિદ્વાન માટે પણ બ્રહ્મપ્રાપ્તિની બાબતમાં 'વિદ્વાન તેને પ્રાપ્ત થાય છે કે નહીં ?' એવી શંકા કરાય છે. આ ત્રીજો અનુપ્રશ્ન છે.

આ પ્રશ્નોનો ઉત્તર આપવાને માટે હવે પછીના ગ્રંથનો આરંભ થાય છે. તેમાં સર્વપ્રથમ બ્રહ્મના અસ્તિત્વનું વર્ણન કરવામાં આવે છે. 'બ્રહ્મ સત્ય જ્ઞાન અને અનંત છે' એમ જે પહેલાં કહેવામાં આવ્યું છે તે એ બ્રહ્મની સત્યતા કઈ રીતે છે - એ કહેવું જોઈએ. એ વિષે કહે છે - તેની સત્તા એટલે કે તેનું અસ્તિત્વ બતાવવાથી તેના સત્યત્વનું પણ પ્રતિપાદન થઈ જાય છે. 'સત્ જ સત્ય છે' એમ બીજે કહ્યું પણ છે તેથી તેની સત્તા બતાવવાથી જ તેનું સત્યત્વ પણ બતાવી દેવાય છે, પરંતુ આ ગ્રંથનું પણ આ જ તાત્પર્ય છે - આ કઈ રીતે જણાયું ? એ વિષે કહે છે - શબ્દોના અનુગમન(અભિપ્રાય)થી, કારણ કે **'તે સત્ય છે-એમ કહે છે,'** (તૈ.ઉપ. ૨-૬-૧) **'જો આ આનંદમય આકાશ ન હોત'** (તૈ.ઉપ. ૨-૭-૧) વગેરે આગળનાં વાક્યો પણ આ જ અર્થથી જોડાયેલાં છે.

પૂર્વપક્ષી : તેમાં બ્રહ્મ અસત જ છે એવી આશંકા કરાય છે. એમ શા માટે ? કારણ કે જે વસ્તુ હોય છે તે વિશેષરૂપથી ઉપલબ્ધ થાય છે, જેમ કે ઘટ વગેરે, અને જે વસ્તુ નથી હોતી તે મળતી પણ નથી, જેમ કે-સસલાનું શીંગડું વગેરે. એવી જ રીતે બ્રહ્મની પણ ઉપલબ્ધિ થતી નથી, માટે વિશેષ રૂપથી ગ્રહણ થતું ન હોવાથી તે છે જ નહીં !

સિદ્ધાંતી : ના, વાત એમ નથી, કારણ કે, બ્રહ્મ આકાશ વગેરેનું કારણ છે. બ્રહ્મ નથી એવી વાત નથી, (અર્થાત્ છે.) શાથી ? કારણ કે બ્રહ્મથી ઉત્પન્ન થયેલ આકાશાદિ સંપૂર્ણ કાર્યવર્ગ જોવામાં આવે છે. જેનાથી કોઈ વસ્તુનો જન્મ થાય છે તે વસ્તુનું અસ્તિત્વ હોય છે એમ જગતમાં જોવામાં આવે છે. જેમ કે ઘટ (ઘડો) અને અંકુર વગેરેને લીધે મૃત્તિકા (માટી) અને બીજ વગેરે. તેથી આકાશ આદિનું કારણ હોવાથી બ્રહ્મ છે જ.

લોકમાં અસત્થી ઉત્પન્ન થયેલો કોઈ પણ પદાર્થ જોવામાં આવતો નથી. જો નામ-રૂપ વગેરે કાર્યવર્ગ અસત્થી ઉત્પન્ન થયો હોત તો તે નિરાધાર હોવાથી ગ્રહણ કરી શકાયો ન હોત. પરંતુ તે ગ્રહણ કરાય છે, તેથી બ્રહ્મ છે. જો આ કાર્યવર્ગ અસત્થી ઉત્પન્ન થયો હોત તો ગ્રહણ કરાયા છતાં પણ અસદાત્મકરૂપે ગ્રહણ કરાયો હોત, પરંતુ એવી વાત નથી, તેથી બ્રહ્મ છે, આ જ સંબંધમાં **'અસત્થી સત્ કઈ રીતે ઉત્પન્ન થઈ શકે ?'** (છાં.ઉપ. ૬-૨-૨) એવી એક બીજી શ્રુતિએ યુક્તિપૂર્વક અસત્થી સત્નો જન્મ થવો એ વાતને અસંભવિત દર્શાવી છે, માટે બ્રહ્મ સત્ જ છે-આ (જ મત) યોગ્ય છે.

પૂર્વપક્ષી : જો બ્રહ્મ મૃત્તિકા અને બીજ વગેરેની જેમ (જગતનું ઉપાદાન) કારણ છે તો તે અચેતન હોવું જોઈએ.

સિદ્ધાંતી : ના, કારણ કે તે કામના કરનારો છે. લોકમાં કોઈ પણ કામના કરનાર અચેતન હોતું નથી. બ્રહ્મ સર્વજ્ઞ છે-એમ અમે પહેલાં કહી ચૂક્યા છીએ. તેથી તે કામના કરે એ પણ યોગ્ય છે.

પૂર્વપક્ષી : કામના કરનારો હોવાથી તો તે આપણી પેઠે અનાપ્તકામ (અપૂર્ણ કામનાવાળો) સાબિત થશે.

સિદ્ધાંતી : એવું નથી, કારણ કે તે સ્વતંત્ર છે. જેવી રીતે કામ વગેરે દોષો બીજા જીવોને વિવશ કરીને-લાચાર બનાવીને પ્રવૃત્ત કરે છે, તેવી રીતે તેઓ બ્રહ્મના પ્રવર્તક નથી. તો પછી તે કેવા છે ? તેઓ સત્યજ્ઞાન સ્વરૂપ તેમ જ સ્વાત્મભૂત હોવાને કારણે વિશુદ્ધ છે. તેમનાથી બ્રહ્મ પ્રવૃત્ત કરાતું નથી, પરંતુ જીવોનાં પ્રારબ્ધ કર્મોની અપેક્ષાએ તે બ્રહ્મ તેમનો પ્રવર્તક છે, માટે કામનાઓ કરવામાં બ્રહ્મની સ્વતંત્રતા છે, આથી બ્રહ્મ અનાપ્તકામ નથી.

બીજાં કોઈ સાધનોની અપેક્ષાવાળું ન હોવાથી (પણ કામનાઓના વિષયમાં બ્રહ્મની સ્વતંત્રતા છે.) જેવી રીતે ધર્મ વગેરે કારણોની અપેક્ષા રાખનારી અન્ય જીવોની અનાત્મભૂત કામનાઓ પોતાના આત્માથી અતિરિક્ત દેહ અને ઇંદ્રિયરૂપી બીજાં સાધનોની અપેક્ષાવાળી હોય છે, તેવી રીતે બ્રહ્મને નિમિત્ત વગેરેની અપેક્ષા હોતી નથી, તો બ્રહ્મની કામનાઓ કેવી હોય છે ? તે સ્વાત્માથી અભિન્ન હોય છે.

તેના જ વિષયમાં શ્રુતિ કહે છે - **'તેણે કામના કરી'** તે આત્માએ કે જેનાથી આકાશ ઉત્પન્ન થયું છે, તેણે કામના કરી. કઈ રીતે કામના કરી ? **'હું ઘણાં રૂપોવાળો થાઉં.'** અન્ય પદાર્થમાં પ્રવેશ કર્યા વિના જ એક વસ્તુની બહુલતા અનેકહોવાપણું કઈ રીતે થઈ શકે છે ? એ વિષે કહે છે - **'प्रजायेय'** એટલે કે **'હું ઉત્પન્ન થાઉં'**, આ બ્રહ્મનું બહુ થવું તે પુત્રની ઉત્પત્તિની જેમ અન્યવસ્તુવિષયક નથી. તો પછી કેવું છે ? પોતાની અંદર અવ્યક્તરૂપથી રહેલાં નામ-રૂપોની અભિવ્યક્તિના દ્વારા જ (આ અનેક રૂપોનું હોવું છે). જ્યારે આત્મામાં રહેલ અવ્યક્ત નામ અને રૂપોને વ્યક્ત કરવામાં આવે છે, ત્યારે તેઓ પોતાના સ્વરૂપનો ત્યાગ કર્યા વિના જ સર્વ અવસ્થાઓમાં બ્રહ્મથી અભિન્ન દેશ અને કાળમાં વ્યક્ત કરાય છે. આ નામરૂપનું વ્યક્ત કરવું બ્રહ્મનું બહુ-અનેક થવાપણું છે. એ સિવાય બીજી કોઈ રીતે નિરવયવ બ્રહ્મનું બહુ કે અલ્પ થવું એ સંભવ નથી. જેવી રીતે આકાશનું અલ્પત્વ અને બહુત્વ પણ અન્ય વસ્તુને જ અધીન છે (તેવી જ રીતે બ્રહ્મનું પણ છે). એટલા માટે તે નામરૂપો દ્વારા જ બ્રહ્મ બહુ એટલે અનેક થાય છે.

આત્માથી ભિન્ન અનાત્મભૂત તથા તેનાથી જુદા દેશકાલમાં રહેનારી કોઈ પણ સૂક્ષ્મ, વ્યવહિત (આડવાળી), દૂર રહેલી અથવા ભૂત કે ભવિષ્યની વસ્તુ નથી તેથી સર્વ અવસ્થાઓ સાથે સંબંધવાળાં નામ અને રૂપ બ્રહ્મને કારણે આત્મવાન છે, પરંતુ બ્રહ્મ તદ્રૂપ નથી. બ્રહ્મનો નિષેધ કરાતાં તેઓ રહી શકતાં નથી, તેથી તેઓ તદ્રૂપ કહેવાય છે. તે ઉપાધિઓને લીધે જ બ્રહ્મ જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન-આ શબ્દોનું તથા એમના અર્થ વગેરે સર્વ પ્રકારના વ્યવહારનું પાત્ર બને છે.

તે આત્માએ આમ કામનાવાળા થઈને તપ કર્યું, 'તપ' શબ્દથી અહીં જ્ઞાન કહેવાય છે, જેમ કે **'જેનું જ્ઞાનરૂપ તપ છે.'** (મું.ઉપ. ૧-૧-૮) આ અન્ય શ્રુતિથી સિદ્ધ થાય છે. આપ્તકામ હોવાથી આત્માને માટે અન્ય તપ તો અસંભવ જ છે. **'તેણે તપ કર્યું'** એનો અર્થ એ છે કે, આત્માએ રચવામાં આવનારા જગતની રચના વગેરેના વિષયમાં આલોચના કરી.

આ પ્રમાણે આલોચના એટલે તપ કરીને તેણે પ્રાણીઓનાં કર્મ વગેરે નિમિત્તોને અનુરૂપ આ સર્વ જગત જે દેશ, કાલ, નામ અને રૂપથી યથાનુભવ બધી અવસ્થાઓમાં રહેલા સર્વ પ્રાણીઓ દ્વારા જેનો અનુભવ કરાય છે-તેની રચના કરી. આ જે કંઈ છે અર્થાત્ સામાન્યરૂપથી આ જે કાંઈ જગત છે તેને રચીને તેણે શું કર્યું, તે કહે છે-રચેલા તે જગતમાં જ તેણે પ્રવેશ કર્યો.

હવે અહીં આલોચના કરવાની કે તેણે કઈ રીતે અનુપ્રવેશ કર્યો ? જે સ્રષ્ટા હતો તેણે શું સ્વસ્વરૂપથી જ અનુપ્રવેશ કર્યો અથવા બીજા કોઈ રૂપથી ? એમાં કયો પક્ષ સમીચીન એટલે યોગ્ય છે ? શ્રુતિમાં ('सृष्ट्वा' આ ક્રિયામાં) 'क्त्वा' પ્રત્યય હોવાથી તો એમ જ જણાય છે કે જે સ્રષ્ટા હતો તેણે જ પાછળથી પ્રવેશ પણ કર્યો.*

પૂર્વપક્ષી : જો બ્રહ્મ મૃત્તિકા-માટીની જેમ જગતનું કારણ છે તો તેનું કાર્ય તદ્રૂપ હોવાથી તેનામાં તે પ્રવેશ કરે એ શક્ય નથી, કેમ કે કારણ જ કાર્યરૂપે પરિણત થયા કરે છે-બદલાયા કરે છે, આથી કોઈ અન્ય પદાર્થની જેમ પહેલાં પ્રવેશ કર્યા વિના કાર્યની ઉત્પત્તિ પછી તેમાં કારણ ફરી પ્રવેશ કરે એ સર્વથા શક્ય છે. ઘટરૂપમાં પરિણત થવાથી અતિરિક્ત મૃત્તિકાનો ઘટમાં બીજો કોઈ પ્રવેશ થતો નથી. હાં, જેવી રીતે ઘટમાં ચૂર્ણ (રેતી) રૂપથી મૃત્તિકાનો અનુપ્રવેશ થાય છે તેવી જ રીતે કોઈ અન્યરૂપથી આત્માનો નામરૂપ કાર્યમાં અનુપ્રવેશ થઈ શકે છે, જેમ કે **'આ જીવરૂપે અનુપ્રવેશ કરીને'** આ બીજી શ્રુતિથી પ્રમાણિત થાય છે-જો એમ માનવામાં આવે તો ?

સિદ્ધાંતી : એમ માનવું યોગ્ય નથી, કારણ કે બ્રહ્મ તો એક જ છે. મૃત્તિકારૂપ કારણ તો અનેક અને સાવયવ હોવાથી તેનું ઘટમાં ચૂર્ણ (રેતી) રૂપથી અનુપ્રવેશ કરવો પણ શક્ય છે, કારણ કે મૃત્તિકાના ચૂર્ણનો તે દેશમાં પ્રવેશ નથી, પરંતુ આત્મા એક છે, આથી તેના નિરવયવ અને તેનાથી અપ્રવિષ્ટ દેશનો અભાવ હોવાથી તેના પ્રવેશવાનો સંભવ નથી. તો પછી તેનો પ્રવેશ કેવી રીતે થાય ? વળી તેનો પ્રવેશ થવો યોગ્ય છે, કારણ કે **'તેમાં જ પ્રવિષ્ટ થઈ ગયો.'** એવી શ્રુતિ છે.

પૂર્વપક્ષી : ત્યારે તો બ્રહ્મ સાવયવ જ હોવું જોઈએ. તે અવસ્થામાં, સાવયવ હોવાથી મુખમાં હાથનો પ્રવેશ થવાની જેમ તેનો નામરૂપ કાર્યમાં જીવરૂપથી પ્રવેશ થવો યોગ્ય બનશે જો એમ કહેવામાં આવે તો ?

સિદ્ધાંતી : ના, કારણ કે તેનાથી રહિત કોઈ દેશ નથી. કાર્યરૂપે પરિણત થયેલા બ્રહ્મનું નામ-રૂપ કાર્યના દેશથી અતિરિક્ત બીજું કોઈ પોતાનાથી રહિત સ્થળ નથી કે જેમાં તેનો જીવરૂપથી પ્રવેશ કરવાનો સંભવ હોય, ને જો એમ માનો કે જીવાત્માએ કારણમાં જ પ્રવેશ કર્યો ત્યારે તો તે પોતાના જીવભાવનો જ ત્યાગ કરી દેશે, જેવી રીતે ઘડો મૃત્તિકામાં પ્રવેશ કર્યા પછી પોતાના ઘટત્વનો ત્યાગ કરી દે છે. વળી **'તેમાં જ અનુપ્રવિષ્ટ થઈ ગયો'** આ શ્રુતિથી પણ કારણમાં અનુપ્રવેશ કરવો સંભવ નતી.

પૂર્વપક્ષી : કોઈ અન્ય કાર્યમાં જ પ્રવેશ કર્યો-જો એમ માનીએ તો ? અર્થાત્ 'तदेवानुप्राविशत्' આ શ્રુતિ પ્રમાણે જીવાત્મારૂપ કાર્ય નામ-રૂપમાં પરિણત થયેલા કોઈ અન્ય કાર્યને જ પ્રાપ્ત થાય એમ કહો તો ?

સિદ્ધાંતી : ના, કારણ કે આથી વિરોધ આવે છે, એક ઘડો બીજા કોઈ ઘડામાં લીન થઈ જતો નથી. વળી એ સિવાય (એમ માનવાથી) વ્યતિરેક શ્રુતિ સાથે વિરોધ પણ થાય છે. (જો એમ માનીશું તો) જીવ નામ-રૂપાત્મક કાર્યથી વ્યતિરિક્ત (જુદો) છે-એમ કહેનારી શ્રુતિઓ સાથે વિરોધ થશે અને એમ થતાં તેનો મોક્ષ પણ અસંભવ થશે, કારણ કે જે જેનાથી છૂટનારો હોય છે તે તેને જ પ્રાપ્ત થયા કરતો નથી. સાંકળથી બંધાયેલા ચોર વગેરેનું સાંકળરૂપ થઈ જવું એ શક્ય નથી.

★ 'क्त्वा' પ્રત્યય પહેલાં થયેલી ક્રિયા દર્શાવવા માટે છે. પૂર્વકાલની ક્રિયા અને મુખ્ય ક્રિયાનો કર્તા એક જ હોય છે. તેવો અહીં નિયમ છે. 'अनुप्राविशत्' અને 'सृष्ट्वा' આ બંને ક્રિયાઓનો કર્તા પણ બ્રહ્મ એક જ હોવો જોઈએ.

પૂર્વપક્ષી : તે બાહ્ય અને અંતરના ભેદથી પરિણત થઈ ગયો, અર્થાત્ તે કારણરૂપ બ્રહ્મ શરીર વગેરે આધારરૂપે બાહ્ય અને આધેય જીવરૂપે તેનો અંતર્વર્તી થઈ ગયો-જો એમ માનીએ તો ?

સિદ્ધાંતી : ના, કારણ કે બહાર રહેનારા પદાર્થનો પ્રવેશ થઈ શકે છે. જે જેની અંદર રહેલ છે તે તેમાં પ્રવિષ્ટ થયેલ હોવાનું કહી શકાય નહીં. અનુપ્રવેશ તો બહાર રહેનારા પદાર્થનો હોઈ શકે છે, કારણ કે પ્રવેશ શબ્દનો અર્થ એવો જ જોવામાં આવ્યો છે, જેમ કે 'ઘર બનાવીને તેમાં પ્રવેશ કર્યો,' આ વાક્યમાં એવું જોવામાં આવે છે.

જો એમ કહો કે જળમાં સૂર્યના પ્રતિબિંબ વગેરેની જેમ તેનો પ્રવેશ થઈ શકે છે, બરાબર નથી, કારણ કે બ્રહ્મ અપરિચ્છિન્ન અને અમૂર્ત છે. પરિચ્છિન્ન અને મૂર્તરૂપ અન્ય પદાર્થોનું જ સ્વચ્છ સ્વભાવવાળા જળ વગેરે અન્ય પદાર્થોમાં સૂર્ય વગેરેનું પ્રતિબિંબ પડતું હોય છે, પરંતુ આત્માનું પ્રતિબિંબ પડી શકતું નથી કેમકે તે અમૂર્ત છે તથા આકાશ વગેરેના કારણરૂપ આત્મા વ્યાપક પણ છે. તેનાથી દૂર દેશમાં રહેલી પ્રતિબિંબની આધારભૂત અન્ય વસ્તુનો અભાવ હોવાથી પણ તેનો પ્રતિબિંબની જેમ પ્રવેશ શક્ય નથી.

પૂર્વપક્ષી : ત્યારે તો આત્માનો પ્રવેશ થતો જ નથી. વળી એ સિવાય 'तदेवानुप्राविशत्' આ શ્રુતિની બીજી કોઈ ગતિ પ્રાપ્ત થતી નથી. ઇંદ્રિયથી અતીત-પર એવા વિષયોનું જ્ઞાન થવામાં શ્રુતિ જ કારણ છે (આ મીમાંસકોનો સિદ્ધાન્ત છે) પરંતુ આ વાક્યથી ઘણો યત્ન કરવા છતાંય કોઈ પ્રકારનું જ્ઞાન ઉત્પન્ન થતું નથી. આથી 'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्' આ વાક્ય અર્થશૂન્ય હોવાથી ત્યજવા યોગ્ય છે.

સિદ્ધાંતી : એમ નથી, કારણ કે આ વાક્યનો અર્થ જુદો છે. શા માટે અસ્થાને ચર્ચા કરાય છે ? આ પ્રસંગે આ વાક્યે બીજો જ અર્થ કહેવાનું અભીષ્ટ છે, અને તે જ સ્મરણમાં રાખવો જોઈએ. **'બ્રહ્મવેત્તા પરમાત્માને પ્રાપ્ત કરી લે છે.'** (તૈ.ઉપ. ૨-૧-૧) **'બ્રહ્મ સત્ય, જ્ઞાન અને અનંત છે,'** (તૈ.ઉપ. ૨-૧-૧) **'જે તેને બુદ્ધિરૂપી ગુફામાં છુપાયેલો જાણે છે'** (તૈ.ઉપ. ૨-૧-૧) વગેરે વાક્યો દ્વારા જેનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે બ્રહ્મનું જ વિજ્ઞાન અહીં અભીષ્ટ છે, અને તે અહીં પ્રકૃત છે. બ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જ આકાશથી લઈ અન્નમયકોશ સુધી સંપૂર્ણ કાર્યવર્ગ દર્શાવવામાં આવેલ છે તથા બ્રહ્માનુભાવનો પ્રસંગ પણ ચાલી જ રહ્યો છે. તેમાં અન્નમય આત્માથી ભિન્ન બીજો અંતરાત્મા પ્રાણમય છે, તેનો અંતર્વર્તી મનોમય અને પછી વિજ્ઞાનમય છે. આ પ્રમાણે આત્માનો વિજ્ઞાનગુહામાં પ્રવેશ કરાવ્યો છે અને ત્યાં આનંદમય એવા વિશિષ્ટ આત્માને દર્શાવવામાં આવ્યો છે.

માટે આનંદમય-આ લિંગના જ્ઞાન દ્વારા આનંદના ઉત્કર્ષના અવસાનભૂત આત્મા જે સંપૂર્ણ વિકલ્પનો આશ્રયભૂત અને નિર્વિકલ્પ બ્રહ્મ છે તથા (આનંદમય કોશની) પુચ્છ-પ્રતિષ્ઠા છે, તે આ ગુહામાં અનુભવ કરવા યોગ્ય છે-તેથી તેના પ્રવેશની કલ્પના કરવામાં આવી છે. નિર્વિશેષ હોવાથી બ્રહ્મ (બુદ્ધિરૂપ ગુહા વિના) અન્યત્ર ક્યાંય ઉપલબ્ધ થતો નથી, કારણ કે વિશેષનો સંબંધ જ ઉપલબ્ધિમાં હેતુ હોવાનો જોવાયો છે, જેવી રીતે રાહુની ઉપલબ્ધિમાં ચંદ્રમા અથવા સૂર્યરૂપ વિશેષનો સંબંધ જોવામાં આવે છે તેમ. આ પ્રમાણે અંતઃકરણરૂપી ગુહા અને આત્માનો સંબંધ બ્રહ્મની ઉપલબ્ધિનું કારણ છે, કારણ કે અંતઃકરણ તેનું સમીપવર્તી છે અને પ્રકાશસ્વરૂપ છે.

જેવી રીતે પ્રકાશયુક્ત ઘટ વગેરેની ઉપલબ્ધિ થાય છે તેવી જ રીતે બુદ્ધિના પ્રત્યયરૂપ પ્રકાશથી યુક્ત આત્માનો અનુભવ થાય છે, તેથી ઉપલબ્ધિનું કારણ બનેલી ગુહામાં તે નિહિત છે-આ જ વાતનો આ પ્રસંગ છે. તેની વૃત્તિ(વ્યાખ્યા)ના રૂપમાં જ શ્રુતિ દ્વારા **'તેને રચીને તે પાછળથી તેમાં જ પ્રવિષ્ટ થઈ ગયો'** એમ કહેવામાં આવ્યું છે.

આમ આ કાર્યવર્ગને રચીને એમાં, જાણે કે અનુપ્રવિષ્ટ થયેલા આકાશનું કારણરૂપ તે બ્રહ્મ જ બુદ્ધિરૂપી ગુહામાં દ્રષ્ટા, શ્રોતા, મન્તા અને વિજ્ઞાતા એવા સવિશેષરૂપ જેવું જણાય છે, આ જ એનો પ્રવેશ છે. આથી તે બ્રહ્મ કારણ છે. માટે તેનું અસ્તિત્વ હોવાથી તે 'છે' આ પ્રમાણે જ ગ્રહણ કરવું જોઈએ.

તેણે કાર્યમાં અનુપ્રવેશ કર્યા પછી શું કર્યું ? તે સત્-મૂર્ત અને અસત્-અમૂર્ત થઈ ગયું, જેમનાં નામ અને રૂપની અભિવ્યક્તિ નથી થઈ, તે મૂર્ત અને અમૂર્ત તો આત્મામાં જ રહે છે. તે 'મૂર્ત' તેમ જ 'અમૂર્ત' શબ્દવાચ્ય પદાર્થોને તેમનો અંતરવર્તી આત્મા કેવળ અભિવ્યક્ત કરે છે. તેમના દેશ અને કાળ આત્માથી અભિન્ન છે, તેથી **'આત્મા જ મૂર્ત અને અમૂર્ત થયો'** એમ કહેવાયું છે.

વળી તે (આત્મા) નિરુક્ત અને અનિરુક્ત પણ થયો. સજાતીય અને વિજાતીય પદાર્થોથી અલગ કરીને જેને દેશ-કાળ વિશિષ્ટરૂપથી 'તે આ છે' એમ કહેવાય તે નિરુક્ત કહેવાય છે. આથી વપરીત લક્ષણોવાળું 'અનિરુક્ત' કહેવાય છે.



નિરુક્ત અને અનિરુક્ત પણ મૂર્ત અને અમૂર્તનાં જ વિશેષણો છે, જેવી રીતે 'સત્' અને 'ત્યત્' અનુક્રમે 'પ્રત્યક્ષ' અને 'પરોક્ષ'ને કહેવાય છે, તેવી રીતે 'નિલયન' અને 'અનિલયન' પણ સમજવાં જોઈએ. નિલયન-નીડ અર્થાત્ આશ્રય મૂર્તનો જ ધર્મ છે અને તેનાથી ઉલટો અનિલયન અમૂર્તનો જ ધર્મ છે.

ત્યત્, અનિરુક્ત અને અનિલન-આ અમૂર્તના ધર્મ હોવા છતાંય વ્યાકૃત (વ્યક્ત) સાથે સંબંધ રાખનાર છે, કારણ કે એમની સત્તા સર્જન પછી સાંભળવામાં આવી છે. ત્યત્-તે પ્રાણાદિ અનિરુક્તનું નામ છે, તે જ અનિલયન પણ છે. આથી આ અમૂર્તનાં વિશેષણ વ્યાકૃતને વિષય કરનારો છે.

વિજ્ઞાન એટલે ચેતન, અવિજ્ઞાન એટલે તેનાથી રહિત અચેતન પાષાણાદિ અને સત્ય-વ્યવહાર સંબંધી સત્ય, કારણ કે અહીં વ્યવહારનો પ્રસંગ છે, પરમાર્થ સત્ય નથી, પરમાર્થ સત્ય તો એક જ બ્રહ્મ છે. અહીં તો કેવળ વ્યવહારવિષયક આપેક્ષિક સત્યથી જ તાત્પર્ય છે, જેમ કે મૃગતૃષ્ણા જ ઝાંઝવાનાં નીર વગેરે અસત્યની અપેક્ષાએ જગત ઇત્યાદિને સત્ય કહેવામાં આવે છે તથા અનૃત તે (વ્યાવહારિક સત્ય)થી વિપરીત-ત્યાર પછી શું ? આ સર્વ તે સત્ય પરમાર્થ સત્ય જ થઈ ગયું. તે પરમાર્થ સત્ય છે શું ? તે બ્રહ્મ છે. કારણ કે **'બ્રહ્મ સત્ય, જ્ઞાન તેમ જ અનંત છે'** અહીં એ જ પ્રકૃત છે.

કારણ કે સત્-ત્યત્ વગેરે જે કાંઈ મૂર્ત-અમૂર્ત ધર્મવાળું છે તે સામાન્યરૂપથી બધો જ વિકાર કેવળ 'સત્' શબ્દવાચ્ય બ્રહ્મ જ થયું છે, કારણ કે તેનાથી ભિન્ન નામ-રૂપ-વિકારનો સર્વથા અભાવ છે, એટલા માટે બ્રહ્મવાદીઓ તે બ્રહ્મને 'સત્ય' એમ કહે છે.

'બ્રહ્મ છે કે નથી ?' આ અનુપ્રશ્નનો અહીં પ્રસંગ હતો. તેના ઉત્તરમાં એમ કહેવામાં આવ્યું હતું કે, **'આત્માએ કામના કરી કે હું બહુ થઈ જાઉં'** તે પોતાની કામના અનુસાર સત્-ત્યત્ વગેરે લક્ષણોવાળા આકાશાદિ કાર્યવર્ગને રચીને તેમાં અનુપ્રવિષ્ટ થઈને દ્રષ્ટા, શ્રોતા, મન્તા અને વિજ્ઞાતારૂપે 'બહુ' થયું. આથી આકાશ વગેરેનું કારણ કાર્યવર્ગમાં સ્થિત, પરમ આકાશની અંદર બુદ્ધિરૂપ ગુહામાં છુપાયેલા અને તેના કર્તા-ભોક્તાદિ રૂપે જે પ્રત્યયાવભાસ-વિશ્વસનીય જ્ઞાન છે તેના દ્વારા વિશેષરૂપે ઉપલબ્ધ થનાર તે બ્રહ્મને જ 'તે છે' એમ જાણવું જોઈએ, એમ કહેવામાં આવ્યું છે.

તે આ બ્રાહ્મણોક્ત અર્થમાં જ આ શ્લોક એટલે મંત્ર છે. જે રીતે ઉપર કહેલા પાંચ પર્યાયોમાં અન્નમય વગેરે કોશોના પ્રકાશક શ્લોકો હતા તે જ પ્રમાણે સર્વના કરતાં આંતરતમ આત્માના અસ્તિત્વને તેના કાર્ય દ્વારા પ્રકાશિત કરનારો આ પણ મંત્ર છે. (૧)

इति ब्रह्मानन्दवल्ल्यां षष्ठोऽनुवाकः ॥ ६ ॥

⁂

सप्तम अनुवाक

असद्वा इदमग्र आसीत् । ततो वै सदजायत । तदात्मानः स्वयमकुरुत । तस्मात्तत्सुकृतमुच्यत इति । यद्वै तत्सुकृतं रसो वै सः । रसः ह्येवायं लब्ध्वानन्दी भवति । को ह्येवान्यात्कः प्राण्याद् यदेष आकाश आनन्दो न स्यात् । एष ह्येवानन्दयाति । यदा ह्येवैष एतस्मिन्नदृश्येऽनात्म्येऽनिरुक्तेऽनिलयनेऽभयं प्रतिष्ठां विन्दते । अथ सोऽभयं गतो भवति । यदा ह्येवैष एतस्मिन्नुदरमन्तरं कुरुते । अथ तस्य भयं भवति । तत्त्वेव भयं विदुषो मन्वानस्य । तदप्येष श्लोको भवति ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- अग्रे-પહેલાં (ઉત્પન્ન થતાં પૂર્વે) इदम्-આ જગત वै-ચોક્કસ असत्-અસત્ आसीत्-હતું. ततः-તેમાંથી वै-જ सत्-સત્ (નામરૂપાત્મક જગત) अजायत-ઉત્પન્ન થયું. तत्-તેણે (તે પરમાત્માએ) आत्मानम्-પોતાની જાતને स्वयम्-પોતે अकुरुत-ઉત્પન્ન કરી तस्मात्-માટે तत्-તે सुकृतम्-સુકૃત इति उच्यते-એમ કહેવામાં આવે છે. वै-ચોક્કસ यत्-જે तत्-તે सुकृतम्-સુકૃત છે सः-તે वै-ચોક્કસ रसः-રસ છે. हि-કારણ કે अयम्-આ रसम्-રસને लब्ध्वा-પ્રાપ્ત કરીને एव-જ (સહુ કોઈ) आनन्दी भवति-આનંદી થાય છે. यत्-જો एषः-આ आकाशः-આકાશની જેમ आनन्दः-આનંદસ્વરૂપ પરમાત્મા न स्यात्-ન હોત हि-તો कः एव-કોણ अन्यात्-જીવતું રહેત ? कः-કોણ प्राण्यात्-પ્રાણથી ક્રિયા કરત ? हि-ચોક્કસ एषः-આ પરમાત્મા एव-જ आनन्दयति-

સહુને આનંદ કરાવે છે. हि-કારણ કે यदा एव-જ્યારે જ एषः-આ જીવ एतस्मिन्-આ अदृश्ये-જોવામાં નહીં આવતા अनात्म्ये-આત્મારહિત अनिरुक्ते-બનાવી ન શકાય તેવા अनिलये-આશ્રયરહિત (પરમાત્મામાં) अभयम्-નિર્ભય બની प्रतिष्ठाम्-પ્રતિષ્ઠાને, સ્થિતિને विन्दते-પ્રાપ્ત કરે છે अथ-પછી सः-તે જીવ अभयम्-અભયપદને (મુક્તિ) गतः भवति-પ્રાપ્ત થઈ જાય છે. हि-કારણ કે यदा एव-જ્યારે જ एषः-આ उदरम्-થોડુંક एतस्मिन्-આ પરમાત્માથી अन्तरम्-અંતર कुरुते-કરે છે (એટલે થોડોક પણ દૂર જાય છે) अथ-ત્યારે પછી तस्य भयम्-(જન્મ અને મરણનો) ભય भवति-ઉત્પન્ન થાય છે. तु-વળી तत् एव-તે જ भयम्-ભય (પોતાને) विदुषः-વિદ્વાન मन्वानस्य-માનનારને પણ થાય છે. तत्-એ વિષયમાં अपि-પણ एषः-આ श्लोकः भवति-શ્લોક છે. (૧)

અનુવાદ :- પહેલાં (ઉત્પન્ન થતાં પૂર્વે) આ જગત ચોક્કસ અસત્ હતું. તેમાંથી જ સત્ (નામરૂપાત્મક જગત) ઉત્પન્ન થયું. તેણે (તે પરમાત્માએ) પોતાની જાતને પોતે ઉત્પન્ન કરી માટે તે સુકૃત એમ કહેવામાં આવે છે. ચોક્કસ જે તે સુકૃત છે તે ચોક્કસ રસ છે. કારણ કે આ રસને પ્રાપ્ત કરીને જ (સહુ કોઈ) આનંદી થાય છે. જો આ આકાશની જેમ આનંદસ્વરૂપ પરમાત્મા ન હોત તો કોણ જીવતું રહેત ? કોણ પ્રાણથી ક્રિયા કરત ? ચોક્કસ આ પરમાત્મા જ સહુને આનંદ કરાવે છે. કારણ કે જ્યારે જ આ જીવ આ જોવામાં નહીં આવતા આત્મારહિત બનાવી ન શકાય તેવા આશ્રયરહિત (પરમાત્મામાં) નિર્ભય બની પ્રતિષ્ઠાને, સ્થિતિને પ્રાપ્ત કરે છે પછી તે જીવ અભયપદને (મુક્તિ) પ્રાપ્ત થઈ જાય છે. કારણ કે જ્યારે જ આ થોડુંક આ પરમાત્માથી અંતર કરે છે (એટલે થોડોક પણ દૂર જાય છે) ત્યારે પછી (જન્મ અને મરણનો) ભય ઉત્પન્ન થાય છે. વળી તે જ ભય (પોતાને) વિદ્વાન માનનારને પણ થાય છે. એ વિષયમાં પણ આ શ્લોક છે. (૧)

शाङ्करभाष्यम् :- असद्वा इदमग्र आसीत् । असदिति व्याकृतनामरूपविशेषविपरीतरूपमव्याकृतं ब्रह्मोच्यते । न पुनरत्यन्तमेवासत् । न ह्यसतः सज्जन्मास्ति । इदमिति नामरूपविशेषवद्व्याकृतं जगदग्रे पूर्वं प्रागुत्पत्तेर्ब्रह्मेवासच्छब्दवाच्यमासीत् । ततोऽसतो वै सत्प्रविभक्तनामरूपविशेषमजायतोत्पन्नम् । ★ किं ततः प्रविभक्तं कार्यमिति पितुरिव पुत्रः, नेत्याह । तदसच्छब्दवाच्यं स्वयमेवात्मानमेवाकुरुत कृतवत् । यस्मादेवं तस्माद्ब्रह्मैव सुकृतं स्वयंकर्तृच्यते । स्वयंकर्तृ ब्रह्मेति प्रसिद्धं लोके सर्वकारणत्वात् । ★ यस्माद्वा स्वयमकरोत्सर्वं सर्वात्मना तस्मात्पुण्यरूपेणापि तदेव ब्रह्म कारणं सुकृतमुच्यते । सर्वथापि तु फलसम्बन्धादिकारणं सुकृतशब्दवाच्यं प्रसिद्धं लोके । यदि पुण्यं यदि वान्यत्सा प्रसिद्धिर्नित्ये चेतनवत्कारणे सत्युपपद्यते । तस्मादस्ति तद्ब्रह्म सुकृतप्रसिद्धेः । इतश्चास्ति । कुतः ? रसत्वात् । कुतो रसत्वप्रसिद्धिर्ब्रह्मण इत्यत आह-यद्वै तत्सुकृतम् । रसो वै सः । रसो नाम तृप्तिहेतुरानन्दकरो मधुराम्लादिः प्रसिद्धो लोके । रसमेवायं लब्ध्वा प्राप्यानन्दी सुखी भवति । नासत आनन्दहेतुत्वं दृष्टं लोके । बाह्यानन्दसाधनरहिता अप्यनीहा निरेषणा ब्राह्मणा बाह्यरसलाभादिव सानन्दा दृश्यन्ते विद्वांसः, नूनं ब्रह्मेव रसस्तेषाम् । तस्मादस्ति तत्तेषामानन्दकारणं रसवद्ब्रह्म । ★ इतश्चास्ति, कुतः ? प्राणनादिक्रियादर्शनात् । अयमपि हि पिण्डो जीवतः प्राणेन प्राणित्यपानेनापानिति । एवं वायवीया ऐन्द्रियकाश्च चेष्टाः संहतैः कार्यकरणैर्निर्वर्त्यमाना दृश्यन्ते । तच्चैकार्थवृत्तित्वेन संहननं नान्तरेण चेतनमसंहतं संभवति । अन्यत्रादर्शनात् । तदाह-तद्यदि एष आकाशे परमे व्योम्नि गुहायां निहित आनन्दो न स्यान्न भवेत्को ह्येव लोकेऽन्यादपानचेष्टां कुर्यादित्यर्थः । कः प्राण्यात्प्राणनं वा कुर्यात्तस्मादस्ति तद्ब्रह्म । यदर्थाः कार्यकरणप्राणनादिचेष्टास्तत्कृत एव चानन्दो लोकस्य । ★ कुतः ? एष ह्येव पर आत्मा आनन्दयात्यानन्दयति सुखयति लोकं धर्मानुरूपम् । स एवात्मानन्दरूपोऽविद्यया परिच्छिन्नो विभाव्यते प्राणिभिरित्यर्थः । भयाभयहेतुत्वाद्विद्वदविदुषोरस्ति तद्ब्रह्म । सद्वस्त्वाश्रयणेन ह्यभयं भवति । नासद्वस्त्वाश्रयणेन भयनिवृत्तिरुपपद्यते । ★ कथमभयहेतुत्वमित्युच्यते-यदा ह्येव यस्मादेव साधक एतस्मिन्ब्रह्मणि किंविशिष्टेऽदृश्ये दृश्यं नाम द्रष्टव्यं विकारो दर्शनार्थत्वाद्विकारस्य । न दृश्यमदृश्यमविकार इत्यर्थः । एतस्मिन्नदृश्येऽविकारेऽविषयभूते अनात्म्येऽशरीरे । यस्माददृश्यं तस्मादनात्म्यं यस्मादनात्म्यं तस्मादनिरुक्तम् । विशेषो हि निरुच्यते विशेषश्च विकारः । अविकारं च ब्रह्म, सर्वविकारहेतुत्वात्तस्मादनिरुक्तम् । यत एवं तस्मादनिलयनं निलयनं नीड आश्रयो न निलयनमनिलयनमनाधारं तस्मिन्नेतस्मिन्नदृश्येऽनात्म्येऽनिरुक्तेऽनिलयने सर्वकार्यधर्मविलक्षणे ब्रह्मणीति वाक्यार्थः । अभयमिति क्रियाविशेषणम् ।

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

अभयामिति वा लिङ्गान्तरं परिणम्यते । प्रतिष्ठां स्थितिमात्मभावं विन्दते लभते । अथ तदा स तस्मिन्नानात्वस्य भयहेतोरविद्याकृतस्यादर्शनादभयं गतो भवति । ★ स्वरूपप्रतिष्ठो ह्यसौ यदा भवति तदा नान्यत्पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति । अन्यस्य ह्यन्यतो भयं भवति नात्मन एवात्मनो भयं युक्तम् । तस्मादात्मैवात्मनोऽभयकारणम् । ★ सर्वतो हि निर्भया ब्राह्मणा दृश्यन्ते सत्सु भयहेतुषु तच्चायुक्तमसति भयत्राणे ब्रह्मणि । तस्मात्तेषामभयदर्शनादस्ति तदभयकारणं ब्रह्मेति । ★ कदासावभयं गतो भवति साधको यदा नान्यत्पश्यत्यात्मनि चान्तंर भेदं न कुरुते तदाभयं गतो भवतीत्यभिप्रायः । यदा पुनरविद्यावस्थायां हि यस्मादेषोऽविद्यावानविद्यया प्रत्युपस्थापितं वस्तु तैमिरिकद्वितीयचन्द्रवत्पश्यत्यात्मनि चैतस्मिन् ब्रह्मणि उदपि, अरमल्पमप्यन्तरं छिद्रं भेददर्शनं कुरुते । भेददर्शनमेव हि भयकारणमल्पमपि भेदं पश्यतीत्यर्थः । अथ तस्माद्भेददर्शनाद्धेतोरस्य भेददर्शिन आत्मनो भयं भवति । तस्मादात्मैवात्मनो भयकारणमविदुषः । ★ तदेतदाह । तद्ब्रह्म त्वेव भयं भेददर्शिनो विदुष ईश्वरोऽन्यो मत्तोऽहमनयः संसारी इत्येवं विदुषो भेददृष्टमीश्वराख्यं तदेव ब्रह्माल्पमप्यन्तरं कुर्वतो भयं भवत्येकत्वेनामन्वानस्य । तस्माद्विद्वानप्यविद्वानेवासौ योऽयमेकमभिन्नमात्मतत्त्वं न पश्यति । ★ उच्छेदहेतुदर्शनाद्ध्युच्छेद्याभिमतस्य भयं भवति । अनुच्छेद्यो ह्युच्छेदहेतुस्तत्रासत्युच्छेदहेतावुच्छेद्ये न तद्दर्शनकार्यं भयं युक्तम् । सर्वं च जगद्भयवद्दृश्यते । तस्माज्जगतो भयदर्शनाद्गम्यते नूनं तदस्ति भयकारणमुच्छेदहेतुरनुच्छेद्यात्मकं यतो जगद्बिभेतीति । तदेतस्मिन्नप्यर्थ एष श्लोको भवति ॥ १ ॥

શાંકરભાષ્ય :- પહેલાં આ (જગત) અસત્ હતું. 'અસત્' એટલે જેનાં નામ-રૂપ વ્યક્ત થઈ ગયાં છે તે વિશેષથી ઉલટા સ્વભાવવાળું અવ્યાકૃત બ્રહ્મ કહેવાય છે. તે અત્યંત અસત્ નથી, કારણ કે અસત્‌થી સત્‌નો જન્મ થઈ શકતો નથી. 'इदम्' અર્થાત્ નામ-રૂપ વિશેષથી જોડાયેલ વ્યાકૃત જગત, પહેલાં એટલે કે જગતની ઉત્પત્તિથી પૂર્વ 'અસત્' શબ્દવાચ્ય બ્રહ્મ જ હતું. તે અસત્‌થી જ સત્ એટલે જેનાં નામરૂપનો વિભાગ થઈ ગયો છે તે વિશેષ ઉત્પન્ન થવું, જન્મ્યું.

તો શું પિતાથી પુત્રની (ઉત્પત્તિની) જેમ તે કાર્યવર્ગ તે(બ્રહ્મ)થી વિભિન્ન છે ? આ પર શ્રુતિ કહે છે : 'ના, તે 'અસત્' શબ્દવાચ્ય બ્રહ્મે પોતે પોતાની રચના કરી. કારણ કે એવી વાત છે તેથી તે બ્રહ્મ જ સુકૃત અર્થાત્ સ્વયં કર્તા છે. બ્રહ્મ સ્વયંકર્તા છે. એવું જગતમાં પ્રસિદ્ધ છે કારણ એ બધાનું કારણ છે.

અથવા સર્વરૂપ હોવાથી બ્રહ્મે પોતે જ આ સર્વ જગતની રચના કરી, તેથી પુણ્યરૂપથી પણ તેનું કારણ એવું તે બ્રહ્મ 'સુકૃત' કહેવાય છે. લોકમાં જે કાર્ય (પુણ્ય અથવા પાપ) કોઈ પણ રીતે ફળના સંબંધ વગેરેનું કારણ હોય છે તે જ 'સુકૃત' શબ્દના વાચ્ય રૂપે પ્રસિદ્ધ છે. ભલેને પછી તે પ્રસિદ્ધિ પુણ્યરૂપ હોય કે અન્ય (એટલે પાપરૂપ) પણ કોઈ નિત્ય અને સચેતન કારણ હોય તો જ તે બની શકે છે. માટે સુકૃતરૂપ પ્રસિદ્ધ હોવાથી તે બ્રહ્મ છે. બ્રહ્મ આ માટે પણ છે, શા માટે ? રસસ્વરૂપ હોવાથી. બ્રહ્મની રસસ્વરૂપે પ્રસિદ્ધિ શાથી છે ? આ વિષે (શ્રુતિ) કહે છે :

જે તે સુકૃત છે તે ચોક્કસ રસ જ છે. ખાટો, મીઠો વગેરે તૃપ્તિદાયક (પદાર્થ) લોકમાં 'રસ' નામથી પ્રસિદ્ધ છે જ. આ રસને જ પામીને (પુરુષ) આનંદી અર્થાત્ સુખી થાય છે. લોકમાં કોઈ પણ અસત્(પદાર્થ) આનંદનું કારણ જોવામાં આવતો નથી. બ્રહ્મનિષ્ઠ કામના વગરનો અને નિરપેક્ષ વિદ્વાન બાહ્ય સુખના સાધનથી રહિત હોય તોપણ બાહ્ય રસના લાભથી થતા આનંદની જેમ આનંદયુક્ત જોવામાં આવે છે. ખરેખર તેમનો રસ બ્રહ્મ જ છે. આથી રસની જેમ તેમના આનંદનું કારણ બ્રહ્મ છે.

એટલા માટે (બ્રહ્મ) છે કેમ ? પ્રાણન અર્થાત્ ચેષ્ટા વગેરે ક્રિયાઓનું દર્શન થાય છે માટે (પણ બ્રહ્મ છે), જીવિત પુરુષનો આ પિંડ પણ પ્રાણની સહાયતાથી પ્રાણન કરે છે અને અપાનવાયુ દ્વારા અપાનક્રિયા કરે છે. આ રીતે સંઘાતથી એટલે (આ શરીરથી) અને કારણો દ્વારા પેદા થતી બીજી પણ વાયુ અને ઇંદ્રિય સંબંધી ચેષ્ટાઓ જોવામાં આવે છે. તે એક જ ઉદ્દેશની સિદ્ધિને માટે પરસ્પર અનુકૂલ થવું એ કોઈની પણ સાથે ન મળેલા ચેતન વિના થઈ શકતું નથી, કારણ કે એવું બીજે જોવામાં આવતું નથી. અહીં (શ્રુતિ) કહે છે : જો આકાશ-પરમ આકાશ અર્થાત્ (બુદ્ધિરૂપી) ગુહામાં છુપાયેલો આ આનંદ ન હોત તો કોણ અપાનક્રિયા કરત ને કોણ પ્રાણનક્રિયા કરી શકત, તેથી તે બ્રહ્મ છે જ કે, જેના માટે શરીર અને ઇંદ્રિયની પ્રાણન વગેરે ચેષ્ટાઓ થઈ રહી છે અને તેનાથી સર્જાયેલો લોકનો આનંદ પણ છે.

કેવી રીતે ? કારણ કે તે પરમાત્મા જ લોકને તેઓના ધર્મ મુજબ આનંદિત-સુખી કરે છે. તાત્પર્ય એ છે કે તે આનંદરૂપ આત્માની જ પ્રાણીઓ દ્વારા અવિદ્યાથી પરિચ્છિન્ન ભાવના કરાય છે. અવિદ્વાનના ભયનું અને વિદ્વાનના અભયનું

કારણ હોવાથી પણ બ્રહ્મ છે, કારણ કે સત્ય પદાર્થોના આશ્રયથી જ અભય પ્રાપ્ત થાય છે. અસદ્વસ્તુના આશ્રયથી ભયની નિવૃત્તિ શક્ય નથી.

બ્રહ્મનું અભયહેતુત્વ કઈ રીતે છે તે કહે છે : કારણ કે જ્યારે પણ આ સાધક આ બ્રહ્મમાં (પ્રતિષ્ઠા-સ્થિતિ અર્થાત્ આત્મભાવ પ્રાપ્ત કરી લે છે) કયા વિશેષણોથી યુક્ત બ્રહ્મમાં ? અદશ્યમાં. દશ્ય એ જોવામાં આવતા અર્થાત્ વિકારનું નામ છે, કારણ કે વિકાર એ જોવાને માટે જ છે. જે દશ્ય ન હોય એટલે જોવામાં ન આવે તેને અદશ્ય અર્થાત્ અવિકાર કહે છે. આ અદશ્ય-અવિકારી અર્થાત્ અવિષયભૂત, અનાત્મ્ય-અશરીરમાં. તે અદશ્ય છે તેથી અશરીર પણ છે ને અશરીર છે તેથી અનિરુક્ત છે. નિરૂપણ વિશેષનું જ કરાય અને વિશેષ વિકાર જ હોય, પરંતુ બ્રહ્મ સર્વ વિકારનું કારણ હોવાથી જ સ્વયં અવિકાર છે. માટે તે અનિરુક્ત છે. તે આવું છે તેથી અનિલયન છે, નિલયન એટલે નીડ અર્થાત્ આશ્રય. જેનું નિલયન ન હોય તે અનિલયન એટલે અનાશ્રય છે. તે આ અદશ્ય, અનાત્મ્ય, અનિરુક્ત અને અનિલયન અર્થાત્ સંપૂર્ણ કાર્યધર્મોથી વિલક્ષણ એવા બ્રહ્મમાં અભય પ્રતિષ્ઠા-સ્થિતિ એટલે આત્મભાવને પ્રાપ્ત કરે છે એવો વાક્યનો અર્થ છે. અહીં 'अभयम्' આ ક્રિયાવિશેષણ છે અથવા એને 'अभयाम्' આ પ્રમાણે બીજા (સ્ત્રી) લિંગના રૂપમાં ફેરવી લેવું જોઈએ. તે સમયે તેમાં ભયના હેતુભૂત નાનાત્વને ન જોવાને લીધે તે અભયને પ્રાપ્ત થઈ જાય છે.

જ્યારે તે પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠા પામે છે ત્યારે આ બીજુ કાંઈ જોતો નથી, બીજું સાંભળતો કે નથી, કાંઈ જાણતો નથી. અન્યથી જ અન્યને ભય થાય છે, આત્માથી આત્માને ભય થવો શક્ય નથી, આથી આત્મા જ આત્માના અભયનું કારણ છે. બ્રહ્મનિષ્ઠ પુરુષો ભયનું કારણ હોવા છતાંય બધી બાજુથી નિર્ભય દેખાય છે, પરંતુ ભયથી રક્ષા કરનાર બ્રહ્મ ન હોત તો આમ થવું અશક્ય હતું. માટે તે નિર્ભય દેખાતા હોવાથી એવું સિદ્ધ થાય છે કે અભયનું કારણ બ્રહ્મ જ છે.

આ (સાધક) ક્યારે અભયને પ્રાપ્ત થાય છે ? એવો પ્રશ્ન થતાં કહે છે : જ્યારે સાધક આ બીજું કાંઈ જોતો નથી ને પોતાની અંદર કોઈ પણ પ્રકારનો ભેદ રાખતો નથી ત્યારે અભયને પ્રાપ્ત થાય છે-આ એનો અભિપ્રાય છે. પરંતુ જ્યારે અવિદ્યા અવસ્થામાં આ અવિદ્યાગ્રસ્ત જીવ તિમિરરોગીને દેખાતા બીજા ચંદ્રમાની જેમ અવિદ્યા દ્વારા ઉપસ્થાપિત પદાર્થોને જુએ છે તેમ જ આ આત્મા એટલે બ્રહ્મમાં સહેજ અલ્પ પણ અંતર-છિદ્ર અર્થાત્ ભેદદર્શન કરે છે-ભેદદર્શન જ ભયનું કારણ છે, આથી તાત્પર્ય એ છે કે જો તે સહેજ પણ ભેદ જુએ છે, તો તે આત્માના ભેદદર્શનરૂપ કારણથી ભેદદર્શને તેને ભય થાય છે. તેથી અજ્ઞાનીને માટે આત્મા જ આત્માના ભયનું કારણ બને છે.

(શ્રુતિ) આ જ કહે છે : ભેદદર્શી વિદ્વાનને માટે તે બ્રહ્મ જ ભયરૂપ છે. ઈશ્વર મારાથી ભિન્ન છે તથા હું સંસારી જીવ તેનાથી જુદો છું આમ તેમાં સહેજ પણ અંતર કરનારા તેને એકરૂપથી ન માનનારા વિદ્વાન(ભેદજ્ઞાની)ને માટે તે ભેદરૂપથી જોવામાં આવેલું ઈશ્વરસંજ્ઞક બ્રહ્મ જ ભયરૂપ થઈ જાય છે. તેથી જે પુરુષ એક અભિન્ન આત્મતત્ત્વને જોતો નથી તે વિદ્વાન હોવા છતાં પણ અવિદ્વાન છે.

પોતાને ઉચ્છેદ્ય એટલે નાશવાન માનનારાને જ નાશનું કારણ જોવાથી ભય થયા કરે છે. ઉચ્છેદનું કારણ તો અવિનાશી જ હોય છે. જ્યારે કોઈ ઉચ્છેદ-નાશનું કારણ ન હોય તો ઉચ્છેદ્ય-વિનાશી પદાર્થોમાં જેને જોવાથી થતા ભયનો સંભવ ન હોત, પરતુ સમગ્ર જગત ભયયુક્ત જોવામાં આવે છે. આથી જગતને ભય થતો જોવામાં આવતો હોવાથી જણાય છે તેના ભયનું કારણ ઉચ્છેદનું હેતુ પરંતુ પોતે અનુચ્છેદ્યરૂપ એવું અવિનાશી બ્રહ્મ છે કે જેનાથી જગત ડરે છે. આ જ અર્થમાં આ શ્લોક (મંત્ર) પણ છે. (૧)

इति ब्रह्मानन्दवल्ल्यां सप्तमोऽनुवाकः ॥ ७ ॥

❖

अष्टम अनुवाक

भीषास्माद्वातः पवते । भीषोदेति सूर्यः । भीषास्मादग्निश्चेन्द्रश्च । मृत्युर्धावति पञ्चम इति ।
सैषानन्दस्य मीमाꣳसा भवति । युवा स्यात्साधुयुवाध्यायक आशिष्ठो दृढिष्ठो बलिष्ठस्तस्येवं पृथिवी
सर्वा वित्तस्य पूर्णा स्यात् । स एको मानुष आनन्दः । ते ये शतं मानुषा आनन्दाः ॥ १ ॥

ૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐ ૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐ

અન્વય અને શબ્દાર્થ :- अस्मात्-આ(પરમાત્મા)ના भीषा-ભયથી वातः-પવન पवते-વહે છે. भीषा-એના ભયથી सूर्यः-સૂર્ય उदेति-(નિયમિત) ઉદય પામે છે. अग्निः-અગ્નિ च-અને इन्द्रः-ઈન્દ્રદેવ च-તથા पञ्चमः-પાંચમું मृत्युः-મૃત્યુ धावति-દોડે છે (પોતપોતાના કામ કરવા માટે દોડે છે). सा-એ एषा-આ आनन्दस्यः-આનંદસંબંધી મીમાંસા-ચર્ચા-વિચારણા भवति-છે. युवा-યુવાન स्यात्-હોય साधु युवा-એ સારું આચરણ કરનારો યુવાન હોય (તથા) अध्यापकः-અધ્યાપક, ભણાવનારો आशिष्ठ-પ્રબળ આશાવાળો, द्रढिष्ठः-સંપૂર્ણ દૃઢ મજબૂત અંગોવાળો અને बलिष्ठः-બધી રીતે બળવાન હોય. तस्य-તેને इयम्-આ वित्तस्य-ધનથી पूर्णा-પરિપૂર્ણ सर्व-સઘળી पृथिवी-પૃથ્વી स्यात्-પ્રાપ્ત થાય તો सः-તે (આનંદ) मानुषः-મનુષ્યલોકનો एकः-એક आनन्दः-આનંદ (બને). ते-એ ये-જે मानुषाः-મનુષ્યલોકના शतम्-સો आनन्दाः-આનંદો છે. (૧)

અનુવાદ :- આ(પરમાત્મા)ના ભયથી પવન વહે છે. એના ભયથી સૂર્ય (નિયમિત) ઉદય પામે છે. અગ્નિ અને ઈન્દ્રદેવ તથા પાંચમું મૃત્યુ દોડે છે (પોતપોતાના કામ કરવા માટે દોડે છે). એ આ આનંદસંબંધી ચર્ચા-વિચારણા છે. યુવાન હોય એ સારું આચરણ કરનારો યુવાન હોય (તથા) અધ્યાપક, ભણાવનારો પ્રબળ આશાવાળો, સંપૂર્ણ દૃઢ મજબૂત અંગોવાળો અને બધી રીતે બળવાન હોય. તેને આ ધનથી પરિપૂર્ણ સઘળી પૃથ્વી પ્રાપ્ત થાય તે (આનંદ) મનુષ્યલોકનો એક આનંદ (બને). એ જે મનુષ્યલોકના સો આનંદો છે. (૧)

◆

स एको मानुष्यगन्धर्वाणामानन्दः । श्रोत्रियस्य चाकामहतस्य । ते ये शतं मनुष्यगन्धर्वाणामानन्दाः । स एको देवगन्धर्वाणामानन्दः । श्रोत्रियस्य चाकामहतस्य । ते ये शतं देवगन्धर्वाणामानन्दाः । स एकः पितृणां चिरलोकलोकानामानन्दः । श्रोत्रियस्य चाकामहतस्य । ते ये शतं पितृणां चिरलोकलोकानामानन्दाः । स एक आजानजानां देवानामानन्दः ॥ २ ॥

અન્વય અને શબ્દાર્થ :- सः-તે मनुष्यगन्धर्वाणाम्-માનવ-ગંધર્વોનો एकः-એક आनन्दः-એક (આનંદ થાય છે) च-અને (એ આનંદ) अकामहतस्य-કામના(વાસના)ઓથી નહીં હણાયેલા श्रोत्रियस्य-વેદવેત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થાય છે. ते-એ ये-જે मनुष्यगन्धर्वाणाम्-માનવ-ગંધર્વોના शतम्-સો आनन्दाः-આનંદો છે सः-તે देवगन्धर्वाणाम्-દેવ-ગંધર્વોનો एकः-એક आनन्दः-આનંદ છે. तथा-અને તે अकामहतस्य-કામનાઓથી નહીં હણાયેલા श्रोत्रियस्य-વેદવત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) ते-એ ये-જે देवगन्धर्वाणाम्-દેવ-ગંધર્વોના शतम्-સો आनन्दाः-આનંદો છે सः-તે चिरलोकलोकानाम्-ઘણા સમયથી પિતૃલોકને પ્રાપ્ત કરનારા पितृणाम्-પિતૃઓનો एकः-એક आनन्दः-આનંદ છે च-અને એ अकामहतस्य-કામનાઓથી નહીં હણાયેલા श्रोत्रियस्य-વેદવેત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) ते-એ ये-જે चिरलोकलोकानाम्-ઘણા સમયથી પિતૃલોકને પ્રાપ્ત કરનાર पितृणाम्-પિતૃઓના शतम्-સો आनन्दाः-આનંદો છે सः-તે आजानजानाम्-આજાનાજ નામના देवानाम्-દેવોનો एकः-એક आनन्दः-આનંદ છે. (૨)

અનુવાદ :- તે માનવ-ગંધર્વોનો એક એક (આનંદ થાય છે) અને (એ આનંદ) કામના(વાસના)ઓથી નહીં હણાયેલા વેદવેત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થાય છે.) એ જે માનવ-ગંધર્વોના સો આનંદો છે તે દેવ-ગંધર્વોનો એક આનંદ છે. અને તે કામનાઓથી નહીં હણાયેલા વેદવત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) એ જે દેવ-ગંધર્વોના સો આનંદો છે તે ઘણા સમયથી પિતૃલોકને પ્રાપ્ત કરનારા પિતૃઓનો એક આનંદ છે અને એ કામનાઓથી નહીં હણાયેલા વેદવેત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) એ જે ઘણા સમયથી પિતૃલોકને પ્રાપ્ત કરનાર પિતૃઓના સો આનંદો છે તે આજાનાજ નામના દેવોનો એક આનંદ છે. (૨)

◆

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

श्रोत्रियस्य चाकामहतस्य । ते ये शतमाजानजानां देवानामानन्दाः । स एकः कर्मदेवानां देवानामानन्दः । ये कर्मणा देवानपियन्ति । श्रोत्रियस्य चाकामहतस्य । ते ये शतं कर्मदेवानां देवानामानन्दाः । स एको देवानामानन्दः । श्रोत्रियस्य चाकामहतस्य । ते ये शतं देवानामानन्दाः । स एक इन्द्रस्यानन्दः ॥ ३ ॥

અન્વય અને શબ્દાર્થ :- च-અને એ अकामहतस्य-કામનાઓથી નહીં હણાયેલા श्रोत्रियस्य-વેદવેત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) ते-એ ये-જે आजानजानाम्-આજાનજ નામના देवानाम्-દેવોના शतम्-સો आनन्दाः-આનંદો છે सः-તે कर्मदेवानाम् देवानाम्-કર્મદેવો નામના દેવોનો एकः-એક आनन्दः-આનંદ છે च-અને એ अकामहतस्य-કામનાઓથી નહીં હણાયેલા श्रोत्रियस्य-વેદવેત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) ते-એ ये-જે कर्मदेवानाम् देवानाम्-કર્મદેવો નામના દેવોના शतम्-સો आनन्दाः-આનંદો છે सः-તે देवानाम्-દેવોનો एकः-એક आनन्दः-આનંદ છે च-અને એ अकामहतस्य-કામનાઓથી નહીં હણાયેલા श्रोत्रियस्य-વેદવેત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) ते-એ ये-જે देवानाम्-દેવોના शतम्-સો आनन्दाः-આનંદો છે सः-તે इन्द्रस्य-ઈન્દ્રનો एकः-એક आनन्दः-આનંદ છે. (૩)

અનુવાદ :- અને એ કામનાઓથી નહીં હણાયેલા વેદવેત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) એ જે આજાનજ નામના દેવોના સો આનંદો છે તે કર્મદેવો નામના દેવોનો એક આનંદ છે અને એ કામનાઓથી નહીં હણાયેલા વેદવેત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) એ જે કર્મદેવો નામના દેવોના સો આનંદો છે તે દેવોનો એક આનંદ છે અને એ કામનાઓથી નહીં હણાયેલા વેદવેત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) એ જે દેવોના સો આનંદો છે તે ઈન્દ્રનો એક આનંદ છે. (૩)

⁂

श्रोत्रियस्य चाकामहतस्य । ते ये शतमिन्द्रस्यानन्दाः । स एको बृहस्पतेरानन्दः । श्रोत्रियस्य चाकामहतस्य । ते ये शतं बृहस्पतेरानन्दाः । स एकः प्रजापतेरानन्दः । श्रोत्रियस्य चाकामहतस्य । ते ये शतं प्रजपतेरानन्दाः । स एको ब्रह्मण आनन्दः । श्रोत्रियस्य चाकामहतस्य ॥ ४ ॥

અન્વય અને શબ્દાર્થ :- च-અને એ अकामहतस्य-કામનાઓથી નહીં હણાયેલા श्रोत्रियस्य-વેદવત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) ते-એ ये-જે इन्द्रस्य-ઈન્દ્રના शतम्-સો आनन्दाः-આનંદો છે सः-તે बृहस्पतेः-બૃહસ્પતિનો एकः-એક आनन्दः-આનંદ છે च-અને તે अकामहतस्य-કામનાઓથી નહીં હણાયેલા श्रोत्रियस्य-વેદવેત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) ते-એ ये-જે बृहस्पतेः-બૃહસ્પતિના शतम्-સો आनन्दाः-આનંદો છે सः-તે प्रजापतेः-પ્રજાપતિનો एकः-એક आनन्दः-આનંદ છે च-અને તે अकामहतस्य-કામનાઓથી નહીં હણાયેલા श्रोत्रियस्य-વેદવેત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) ते-એ ये-જે प्रजापतेः-પ્રજાપતિના शतम्-સો आनन्दाः-આનંદો છે सः-તે ब्रह्मणः-બ્રહ્માનો एकः-એક आनन्दः-આનંદ છે च-અને તે अकामहतस्य-કામનાઓથી નહીં હણાયેલા श्रोत्रियस्य-વેદવેત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) (૪)

અનુવાદ :- અને એ કામનાઓથી નહીં હણાયેલા વેદવત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) એ જે ઈન્દ્રના સો આનંદો છે તે બૃહસ્પતિનો એક આનંદ છે અને તે કામનાઓથી નહીં હણાયેલા વેદવેત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) એ જે બૃહસ્પતિના સો આનંદો છે તે પ્રજાપતિનો એક આનંદ છે અને તે કામનાઓથી નહીં હણાયેલા વેદવેત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) એ જે પ્રજાપતિના સો આનંદો છે તે બ્રહ્માનો એક આનંદ છે અને તે કામનાઓથી નહીં હણાયેલા વેદવેત્તાને (સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત હોય છે.) (૪)

शाङ्करभाष्यम् :- भीषा भयेनास्माद्वातः पवते । भीषोदेति सूर्यः भीषास्मादग्निश्चेन्द्रश्च मृत्युर्धावति पञ्चम इति । वातादयो हि महार्हाः स्वयमीश्वराः सन्तः पवनादिकार्येष्वायासबहुलेषु नियताः प्रवर्तन्ते । तद्युक्तं प्रशास्तरि सति, यस्मान्नियमेन तेषां प्रवर्तनम् । तस्मादस्ति भयकारणं तेषां प्रशास्तृ ब्रह्म । यतस्ते भृत्या इव राज्ञोऽस्माद्ब्रह्मणो भयेन प्रवर्तन्ते । तच्च भयकारणमानन्दं ब्रह्म । ★ तस्यास्य ब्रह्मण आनन्दस्यैषा मीमांसा विचारणा भवति । किमानन्दस्य मीमांस्यमित्युच्यते । किमानन्दो विषयविषयिसंबन्धजनितो लौकिकानन्दवदाहोस्वित् स्वाभाविक इत्येवमेषानन्दस्य मीमांसा । ★ तत्र लौकिक आनन्दो बाह्याध्यात्मिक साधनसंपत्तिनिमित्त उत्कृष्टः । स य एष निर्दिश्यते ब्रह्मानन्दानुगमार्थम् । अनेन हि प्रसिद्धेनानन्देन व्यावृत्तविषयबुद्धिगम्य आनन्दोऽनुगन्तुं शक्यते । ★ लौकिकोऽप्यानन्दो ब्रह्मानन्दस्यैव मात्रा अविद्यया तिरस्क्रियमाणे विज्ञान उत्कृष्यमाणायां चाविद्यायां ब्रह्मादिभिः कर्मवशाद्यथाविज्ञानं विषयादिसाधनसंबन्धवशाच्च विभाव्यमानश्च लोकेऽनवस्थितो लौकिकः संपद्यते । स एवाविद्याकामकर्मापकर्षेण मनुष्यगन्धर्वाद्युत्तरोत्तरभूमिष्वकामहतविद्वच्छ्रोत्रियप्रत्यक्षो विभाव्यते शतगुणोत्तरोत्तरोत्कर्षेण यावद्धिरण्यगर्भस्य ब्रह्मण आनन्द इति । निरस्ते त्वविद्याकृते विषयविषयिविभागे विद्यया स्वाभाविकः परिपूर्ण एक आनन्दोऽद्वैतो भवतीत्येतमर्थं विभावयिष्यन्नाह । ★ युवा प्रथमवयाः । साधुयुवेति साधुश्चासौ युवा चेति यूनो विशेषणम् । युवाप्यसाधुर्भवति साधुरप्ययुवातो विशेषणं युवा स्यात्साधुयुवेति । अध्यायकोऽधीतवेदः । आशिष्ठ आशास्तृतमः । दृढिष्ठो दृढतमः । बलिष्ठो बलवत्तमः । एवमाध्यात्मिकसाधनसंपन्नः । तस्येयं पृथिव्युर्वी सर्वा वित्तस्य वित्तेनोपभोगसाधनेन दृष्टार्थेनादृष्टार्थेन च कर्मसाधनेन संपन्ना पूर्णा राजा पृथिवीपतिरित्यर्थः । तस्य च य आनन्दः स एको मानुषो मनुष्याणां प्रकृष्ट एक आनन्दः । ★ ते ये शतं मानुषा आनन्दाः स एको मनुष्यगन्धर्वाणामानन्दः । मानुषानन्दाच्छतगुणेनोत्कृष्टो मनुष्यगन्धर्वाणामानन्दो भवति । मनुष्याः सन्तः कर्मविद्याविशेषाद्गन्धर्वत्वं प्राप्ता मनुष्यगन्धर्वाः । ते ह्यन्तर्धानादिशक्तिसंपन्नाः सूक्ष्मकार्यकरणाः । तस्मात्प्रतिघाताल्पत्वं तेषां द्वन्द्वप्रतिघातशक्तिसाधनसंपत्तिश्च । ततोऽप्रतिहन्यमानस्य प्रतीकारवतो मनुष्यगन्धर्वस्य स्याच्चित्तप्रसादः । तत्प्रसादविशेषात्सुखविशेषाभिव्यक्तिः । एवं पूर्वस्याः पूर्वस्या भूमेरुत्तरस्यामुत्तरस्यां भूमौ प्रसादविशेषतः शतगुणेनानन्दोत्कर्ष उपपद्यते । ★ प्रथमं त्वकामहताग्रहणं मनुष्यविषयभोगकामानभिहतस्य श्रोत्रियस्य मनुष्यानन्दाच्छतगुणेनानन्दोत्कर्षो मनुष्यगन्धर्वेण तुल्यो वक्तव्य इत्येवमर्थम् । साधुयुवाध्यायक इति श्रोत्रियत्वावृजिनत्वे गृह्येते । ते ह्यविशिष्टे सर्वत्र । अकामहतत्वं तु विषयोत्कर्षापकर्षतः सुखोत्कर्षापकर्षाय विशेष्यते । अतोऽकामहतग्रहणम्, तद्विशेषतः शतगुणसुखोत्कर्षोपलब्धेरकामहतत्वस्य परमानन्दप्राप्तिसाधनत्वविधानार्थम् । व्याख्यातमन्यत् । ★ देवगन्धर्वा जातित एव । चिरलोकलोकानामिति पितृणां विशेषणम् । चिरकालस्थायी लोको येषां पितृणां ते चिरलोकलोका इति । आजान इति देवलोकस्तस्मिन्नाजाने जाता आजानजा देवाः स्मार्तकर्मविशेषतो देवस्थानेषु जाताः । ★ कर्मदेवा ये वैदिकेन कर्मणाग्निहोत्रादिना केवलेन देवानपियन्ति । देवा इति त्रयस्त्रिंशद्धविर्भुजः । इन्द्रस्तेषां स्वामी तस्याचार्यो बृहस्पतिः । प्रजापतिर्विराट् । त्रैलोक्यशरीरो ब्रह्मा समष्टिव्यष्टिरूपः संसारमण्डलव्यापी । ★ यत्रैत आनन्दभेदा एकतां गच्छन्ति धर्मश्च तन्निमित्तो ज्ञानं च तद्विषयमकामहतत्वं च निरतिशयं यत्र स एष हिरण्यगर्भो ब्रह्मा, तस्यैष आनन्दः श्रोत्रियेणावृजिनेनाकामहतेन च सर्वतः प्रत्यक्षमुलभ्यते । तस्मादेतानि त्रीणि साधनानीत्यवगम्यते । तत्र श्रोत्रियत्वावृजिनत्वे नियते अकामहतत्वं तूत्कृष्यत इति प्रकृष्टसाधनतावगम्यते । ★ तस्याकामहतत्वप्रकर्षतश्चोपलभ्यमानः श्रोत्रियप्रत्यक्षो ब्रह्मण आनन्दो यस्य परमानन्दस्य मात्रैकदेशः । **'एतस्यैवानन्दस्थान्यानि भूतानि मात्रामुपजीवन्ति'** (बृ.उप. ४-३-३२) इति श्रुत्यन्तरात् । स एष आनन्दो यस्य मात्राः समुद्राम्भस इव विप्रुषः प्रविभक्ता यत्रैकतां गताः स एष परमानन्दः स्वाभाविकोऽद्वैतत्वादानन्दानन्दिनोश्चाविभागोऽत्र ॥ १-४ ॥

શાંકરભાષ્ય :- એની ભીતિ અર્થાત્ ભયથી વાયુ વહે છે. એની જ ભીતિથી સૂર્ય ઊગે છે, એના ભયથી જ અગ્નિ, ઈંદ્ર તથા પાંચમું મૃત્યુ દોડે છે. વાયુ વગેરે દેવગણ પરમ પૂજનીય અને સ્વયં ઈશ્વર હોવા છતાંય અત્યંત શ્રમસાધ્ય ચાલવા વગેરેના કાર્યમાં નિયમાનુસાર પ્રવૃત્ત થાય છે, આ વાત તેમનો કોઈ શાસક હોય તો જ સંભવે છે, કારણ કે તેઓ નિયમપૂર્વક વર્તતા હોય છે. તેથી તેમના ભયનું કારણ એવું તેમના પર શાસન કરનાર બ્રહ્મ છે. રાજાના ભયથી સેવકોની જેમ તેઓ આ બ્રહ્મના ભયથી પ્રવૃત્ત થાય છે. અને તે તેમના ભયનું કારણ બ્રહ્મ આનંદસ્વરૂપ છે.

તે આ બ્રહ્મના આનંદની આ મીમાંસા અર્થાત્ વિચારણા છે. તે આનંદની કઈ વાત વિચારવા યોગ્ય છે, એ કહે છે : 'શું તે આનંદ લૌકિક સુખની જેમ વિષય અને વિષયને ગ્રહણ કરનારાના સંબંધથી ઉત્પન્ન થનારો છે અથવા સ્વાભાવિક છે ?' આ રીતની આ આનંદની મીમાંસા છે.

તેમાં જે લૌકિક આનંદ બાહ્ય અને શારીરિક સાધનસંપત્તિને લીધે ઉત્કૃષ્ટ ગણવામાં આવે છે, તેનો બ્રહ્માનંદના જ્ઞાન માટે અહીં નિર્દેશ કરવામાં આવે છે, આ પ્રસિદ્ધ આનંદથી વિષયોમાંથી પાછી ફરેલી બુદ્ધિવાળા(બ્રહ્મવેત્તા)ને અનુભવ ગમ્ય એવા આનંદનું જ્ઞાન થઈ શકે છે.

લૌકિક આનંદ પણ બ્રહ્માનંદનો જ અંશ છે. અવિદ્યાથી વિજ્ઞાન તિરસ્કૃત થઈ જતાં તેમ જ અવિદ્યાનો ઉત્કર્ષ થતાં (પૂર્વ જન્મના) કર્મવશ વિષયાદિ સાધનોના સંબંધથી બ્રહ્મા વગેરે જીવો દ્વારા પોતપોતાના વિજ્ઞાન પ્રમાણે ભાવના કરવાથી (બ્રહ્માનન્દ જ) લોકમાં અસ્થિર અને લૌકિક આનંદ બની જાય છે. કામનાઓથી અભિહત ન થનારા વિદ્વાન શ્રોત્રિયને પ્રત્યક્ષ અનુભવ થાનરો તે બ્રહ્માનંદ જ મનુષ્ય-ગંધર્વ વગેરે આગળ આગળની ભૂમિઓમાં હિરણ્યગર્ભ સુધી અવિદ્યા, કામના અને કર્મનો હ્રાસ થવાથી ઉત્તરોત્તર સો-સો ગણા ઉત્કર્ષથી આવિર્ભૂત થાય છે. તેમ જ અવિદ્યાજનિત વિષય-વિષયી વિભાગની નિવૃત્તિ થતાં વિદ્યા દ્વારા તે સ્વાભાવિક પરિપૂર્ણ એક અને અદ્વૈત આનંદ પ્રગટ થાય છે-આ જ અર્થ સમજાવવાને માટે શ્રુતિ કહે છે -

જે યુવા અર્થાત્ પૂર્વ વયનો, સાધુયુવા અર્થાત્ જે સાધુ પણ હોય અને યુવા પણ હોય-આ પ્રમાણે સાધુયુવા શબ્દ 'યુવા'નું વિશેષણ છે, લોકમાં યુવા પણ અસાધુ હોઈ શકે છે અને સાધુ પણ અયુવા હોઈ શકે છે, આથી જ 'જે યુવા હોય-સાધુ યુવા હોય' આ પ્રમાણે વિશેષણરૂપે કહ્યું છે, તેમ જ અધ્યાપક-વેદ ભણેલો, આશિષ્ઠ-અત્યંત આશાવાળો, દ્રઢિષ્ઠઃ-અત્યંત દૃઢ અને બલિષ્ઠઃ-અત્યંત બળવાન હોય, આમ જે આ આધ્યાત્મિક સાધનોથી સંપન્ન હોય, તેની જ, આ ધનથી અર્થાત્ ઉપભોગના સાધનથી તથા લૌકિક અને પારલૌકિક કર્મના સાધનથી સંપન્ન સંપૂર્ણ પૃથ્વી હોય, અર્થાત્ જે રાજા એટલે પૃથ્વીપતિ હોય. તેનો જે આનંદ છે, તે એક માનુષ આનંદ એટલે કે મનુષ્યોનો એક પ્રકૃષ્ટ-સર્વોત્તમ આનંદ છે.

એવા જે એકસો માનુષ આનંદ છે તે જ મનુષ્ય-ગંધર્વોનો એક આનંદ છે. માનુષ આનંદથી મનુષ્ય-ગંધર્વોનો આનંદ સોગણો ઉત્કૃષ્ટ હોય છે. જેઓ પહેલાં મનુષ્ય હોઈને પછીથી કર્મ અને ઉપાસનાની વિશેષતાને કારણે ગંધર્વપણાને પ્રાપ્ત થયા હોય છે તેઓ મનુષ્ય-ગંધર્વ કહેવાય છે. તેઓ અંતર્ધાન થવા વગેરે શક્તિથી સંપન્ન અને સૂક્ષ્મ શરીર તથા ઇંદ્રિયોવાળા હોય છે. તેથી તેમને (શીતોષ્ણ) વગેરે દ્વંદ્વ-ટાઢતડકો વગેરે જોડકાંઓનો થોડોક જ પ્રતિઘાત થાય છે તેમ જ તેઓ દ્વંદ્વોનો સામનો કરવાની શક્તિના સાધનરૂપ સંપત્તિથી દ્વંદ્વ તરફથી પ્રહાર થતાં તેનો પ્રતીકાર કરવામાં સમર્થ મનુષ્ય-ગંધર્વને ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે અને તે પ્રસન્નતાથી તેના સુખવિશેષની અભિવ્યક્તિ થાય છે. આ રીતે પૂર્વ-પૂર્વ ભૂમિની અપેક્ષા આગળ આગળની ભૂમિમાં પ્રસન્નતાની વિશેષતા હોવાથી સો-સો ગણા આનંદનો ઉત્કર્ષ થવાની શક્યતા છે.

(પછીના બધાં વાક્યોની સાથે રહેનારું 'श्रोत्रियस्य चाकामहतस्य' આ વાક્ય પહેલાં માનુષ આનંદની સાથે એટલા માટે ગ્રહણ કરવામાં નથી આવ્યું કે) વિષયભોગ અને કામનાઓથી વ્યાકુળ ન રહેનારા શ્રોત્રિયના આનંદનો ઉત્કર્ષ માનુષ આનંદ કરતાં સોગણો અર્થાત્ મનુષ્યગંધર્વના આનંદના સમાન બતાવવાનો છે. (શ્રુતિમાં) 'साधुयुवा' અને 'अध्यायक' આ બે વિશેષણો શ્રોત્રિયત્વ અને નિષ્પાપત્વ પ્રદર્શિત કરવાને માટે ગ્રહણ કરવામાં આવ્યાં છે, એમને બધે સમાનભાવથી જાણવાં-સમજવાં જોઈએ. વિષયના ઉત્કર્ષ અને અપકર્ષથી સુખનો પણ ઉત્કર્ષ અને અપકર્ષ થાય છે. તેથી અકામહતત્વ-કામનાથી ન હણાવાપણાની વિશેષતા છે. તેથી જ 'अकामहत' પદ ગ્રહણ કરવામાં આવ્યું છે. આથી વિશિષ્ટ પુરુષના સુખનો સોગણો ઉત્કર્ષ જોવામાં આવે છે. એટલા માટે અકામહતત્વને પરમ આનંદની પ્રાપ્તિનું સાધન બતાવવાને માટે 'અકામહત' વિશેષણ ગ્રહણ કરવામાં આવ્યું છે. બાકી બીજાં બધાંની વ્યાખ્યા થઈ ગઈ છે.

'देवगन्धर्व' -જન્મથી જ જે ગંધર્વ હોય તે દેવગંધર્વ. 'चिरलोकलोकानाम्' (ચિરસ્થાયી લોકમાં રહેનારા) આ પિતૃગણનું વિશેષણ છે. જે પિતૃઓનો ચિરસ્થાયી લોક છે તે ચિરલોકલોક કહેવાય છે. 'આજાન' દેવલોકનું નામ છે. તે આજાનમાં ઉત્પન્ન થયેલા દેવગણો 'આજાનજ' છે કે જેઓ સ્માર્તકર્મ વિશેષને લીધે દેવસ્થાનમાં જન્મ્યા છે.

કેવલ અગ્નિહોત્રાદિ વૈદિક કર્મથી દેવભાવને જેઓ પ્રાપ્ત થયા છે તેઓ 'કર્મદેવ' છે. યજ્ઞમાં હવિર્ભાવ લેનારા જે તેત્રીસ દેવગણ છે તેમને જ અહીં 'દેવ' કહ્યા છે. તેમનો સ્વામી ઇંદ્ર છે ને ગુરુ બૃહસ્પતિ છે. 'પ્રજાપતિ'નો અર્થ વિરાટ થાય છે. વળી ત્રૈલોક્ય શરીરધારી 'બ્રહ્મા' સમષ્ટિ-વ્યષ્ટિરૂપ અને સમસ્ત સંસારમંડળમાં વ્યાપેલા છે.

જ્યાં આ આનંદના ભેદ એક્તાને પ્રાપ્ત થાય છે, નિરતિશય અને જ્યાં તેના નિમિત્તનો ધર્મ અને જ્ઞાન અને તદ્વિષયક નિરતિશય અકામહતત્ત્વ છે તેને આ હિરણ્યગર્ભ બ્રહ્મા છે. તેનો આ આનંદ શ્રોત્રિય, નિષ્પાપ અને અકામહત પુરુષ દ્વારા સર્વત્ર પ્રત્યક્ષરૂપે પ્રાપ્ત કરાય છે. આથી એમ જણાય છે કે (નિષ્પાપત્વ, અકામહતત્વ અને શ્રોત્રિયત્વ) આ ત્રણે તેનાં સાધન છે. આ ત્રણમાંનાં શ્રોત્રિયત્વ અને નિષ્પાપત્વ તો નિયત (ઓછા-વત્તા ન થનારા) ધર્મ છે, પરંતુ અકામહતત્વનો તો ઉત્તરોત્તર ઉત્કર્ષ થાય છે, એટલા માટે એની પ્રકૃષ્ટ-સાધનતા જાણવામાં આવે છે.

તે અકામહતત્વના પ્રકર્ષથી પ્રાપ્ત થનારો તથા શ્રોત્રિયને પ્રત્યક્ષ અનુભવ થનારો તે બ્રહ્માનો આનંદ જે પરમાનંદની માત્રા અર્થાત્ એકદેશમાત્ર છે, જેમ કે **'આ આનંદના લેશથી જ અન્ય પ્રાણીઓ જીવિત રહે છે'** (બૃ.ઉપ. ૪-૩-૩૨) આ અન્ય શ્રુતિથી સિદ્ધ થાય છે, તે આ (હિરણ્યગર્ભનો) આનંદ, જેની માત્રાઓ (લેશમાત્ર આનંદ) સમુદ્રના જળનાં બિંદુઓની જેમ વિભક્ત થઈને ફરીથી તેમાં એકત્વને પ્રાપ્ત થઈ છે તે જ અદ્વૈતરૂપ હોવાથી સ્વાભાવિક પરમાનંદ છે. એમાં આનંદ અને આનંદીનો અવિભાગ એટલે અભેદ છે. (૧-૪)

⁂

तदेतन्मीमांसाफलमुपसंह्रियते – હવે આ મીમાંસાના ફળનો ઉપસંહાર કરવામાં આવે છે –

स यश्चायं पुरुषे यश्चासावादित्ये स एकः । स य एवंविदस्माल्लोकात्प्रेत्य । एतमन्नमयमात्मानमुपसंक्रामति । एतं प्राणमयमात्मानमुपसंक्रामति । एतं मनोमयमात्मानमुपसंक्रामति । एतं विज्ञानमयमात्मानमुपसंक्रामति । एतमानन्दमयमात्मानमुपसंक्रामति । तदप्येष श्लोको भवति ॥ ५ ॥

અન્વય અને શબ્દાર્થ :- सः-એ (પરમાત્મા) यः-જે अयम्-આ पुरुषे-પુરુષમાં, માણસમાં च-અને यः-જે असौ-આ आदित्ये-સૂર્યમાં છે सः-તે (સર્વાન્તરયામી) एकः-એક જ છે यः-જે एवंवित्-આમ જાણનારો છે सः-તે अस्मात्-આ लोकात्-લોકમાંથી प्रेत्य-વિદાય લઈ एतम्-આ अन्नमयम्-અન્નમય आत्मानम्-આત્માને उपसंक्रामति-પ્રાપ્ત થઈ જાય છે. एतम्-આ प्राणमयम्-પ્રાણમય आत्मानम्-આત્માને उपसंक्रामति-પ્રાપ્ત થાય છે. एतम्-આ मनोमयम्-મનોમય आत्मानम्-આત્માને उपसंक्रामति-પ્રાપ્ત થાય છે. एतम्-આ विज्ञानमयम्-વિજ્ઞાનમય आत्मानम्-આત્માને उपसंक्रामति-પ્રાપ્ત થાય છે. एतम्-આ आनन्दमयम्-આનંદમય आत्मानम्-આત્માને उपसंक्रामति-પ્રાપ્ત થાય છે. तत्-તેના વિષયમાં अपि-પણ एषः-આ श्लोकः-શ્લોક भवति-છે. (૫)

અનુવાદ :- એ (પરમાત્મા) જે આ પુરુષમાં, માણસમાં અને જે આ સૂર્યમાં છે તે (સર્વાન્તરયામી) એક જ છે જે આમ જાણનારો છે તે આ લોકમાંથી વિદાય લઈ આ અન્નમય આત્માને પ્રાપ્ત થઈ જાય છે. આ પ્રાણમય આત્માને પ્રાપ્ત થાય છે. આ મનોમય આત્માને પ્રાપ્ત થાય છે. આ વિજ્ઞાનમય આત્માને પ્રાપ્ત થાય છે. આ આનંદમય આત્માને પ્રાપ્ત થાય છે. તેના વિષયમાં પણ આ શ્લોક છે. (૫)

शाङ्करभाष्यम् :- यो गुहायां निहितः परमे व्योम्न्याकाशादिकार्यं सृष्ट्वान्नमयान्तं तदेवानुप्रविष्टः स य इति निर्दिश्यते । कोऽसौ ? अयं पुरुषे, यश्चासावादित्ये यः परमानन्दः श्रोत्रियप्रत्यक्षो निर्दिष्टो यस्यैकदेशं ब्रह्मादीनि भूतानि सुखार्हाण्युपजीवन्ति स यश्चासावादित्य इति निर्दिश्यते । स एको भिन्नप्रदेशस्थघटाकाशैकत्ववत् । ★ ननु तन्निर्देशे स यश्चायं पुरुष इत्यविशेषतोऽध्यात्मं न युक्तो निर्देशः, यश्चायं दक्षिणेऽक्षन्निति तु युक्तः, प्रसिद्धत्वात् । ★ न, पराधिकारात् । परोह्यात्मात्राधिकृतोऽदृश्येऽनात्म्ये भीषास्माद्वातः पवते सैषानन्दस्य मीमांसेति । न ह्यकस्मादप्रकृतो युक्तो निर्देष्टुम् । परमात्मविज्ञानं च विवक्षितम् । तस्मात्पर एव निर्दिश्यते 'स एकः' इति । ★ नन्वानन्दस्य मीमांसा प्रकृता तस्या अपि फलमुपसंहर्तव्यम् । अभिन्नः स्वाभाविक आनन्दः परमात्मैव न विषयविषयिसंबन्धजनित इति । ★ ननु तदनुरूप एवायं निर्देशः 'स यश्चायं पुरुषे यश्चासावादित्ये स एकः' इति भिन्नाधिकरणस्थविशेषोपमर्देन । ★ नन्वेवमप्यादित्यविशेषग्रहणमनर्थकम् । ★ नानर्थकम्, उत्कर्षापकर्षापोहार्थत्वात् । द्वैतस्य हि मूर्तामूर्तलक्षणस्य पर उत्कर्षः सवित्रभ्यन्तर्गतः स चेत्पुरुषगतविशेषोपमर्देन परमानन्दमपेक्ष्य समो भवति न कश्चिदुत्कर्षोऽपकर्षो वा तां गतिं गतस्येत्यभयं प्रतिष्ठां विन्दत इत्युपपन्नम् । ★ अस्ति नास्तीत्यनुप्रश्नो व्याख्यातः । कार्यरसलाभप्राणनाभयप्रतिष्ठाभयदर्शनोपपत्तिभ्योऽस्त्येव तदाकाशादिकारणं

ब्रह्मेत्यपाकृतोऽनुप्रश्न एकः । द्वावन्यावनुप्रश्नौ विद्वदविदुषोर्ब्रह्मप्राप्त्यप्राप्तिविषयौ तत्र विद्वान्समश्नुते .न समश्नुत इत्यनुप्रश्नोऽन्त्यस्तदपाकरणायोच्यते । मध्यमोऽनुप्रश्नोऽन्त्यापाकरणादेवापाकृत इति तदपाकरणाय न यत्यते । ★ स यः कश्चिदेवं यथोक्त ब्रह्म उत्सृज्योत्कर्षापकर्षमद्वैतं सत्यं ज्ञानमनन्तमस्मीत्येवं वेत्तीत्येवंवित् । एवंशब्दस्य प्रकृतपरामर्शार्थत्वात् । स किम् ? अस्माल्लोकात्प्रेत्य दृष्टादृष्टेष्टविषयसमुदायो ह्ययं लोकस्तस्माल्लोकात्प्रेत्य प्रत्यावृत्त्य निरपेक्षो भूत्वैतं यथाव्याख्यातमन्नमयमात्मानमुपसंक्रामति । विषयजातमन्नमयात्पिण्डात्मनो व्यतिरिक्तं न पश्यति । सर्वं स्थूलभूतमन्नमयमात्मानं पश्यतीत्यर्थः । ★ ततोऽभ्यन्तरमेतं प्राणमयं सर्वान्नमयात्मस्थमविभक्तम् । अथैतं मनोमयं विज्ञानमयमानन्दमयमात्मानमुपसंक्रामति । अथादृश्येऽनात्म्येऽनिरुक्तेऽनिलयनेऽभयं प्रतिष्ठां विन्दते । ★ तत्रैतच्चिन्त्यम् । कोऽयमेवंवित्कथं वा संक्रामतीति । किं परस्मादात्मनोऽन्यः संक्रमणकर्ता प्रविभक्त उत स एवेत । ★ किं ततः ? ★ यद्यन्यः स्याच्छ्रुतिविरोधः । **'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्'** (तै.उप. २-६-१) **'अन्योऽसावन्योऽहमस्मीति । न स वेद'** (बृ.उप. १-४-१०) **'एकमेवाद्वितीयम्'** (छा.उप. ६-२-१) **'तत्त्वमसि'** (छा.उप. ६-८-१६) इति । अथ स एव, आनन्दमयमात्मानमुपसंक्रामतीति कर्मकर्तृत्वानुपपत्तिः, परस्यैव च संसारित्वं पराभावो वा । ★ यद्युभयथा प्राप्तो दोषो न परिहर्तुं शक्यत इति व्यर्था चिन्ता । अथान्यतरस्मिन्पक्षे दोषाप्राप्तिस्तृतीये वा पक्षेऽदुष्टे स एव शास्त्रार्थ इति व्यर्थैव चिन्ता । ★ न. तन्निर्धारणार्थत्वात् । सत्यं प्राप्तो दोषो न शक्यः परिहर्तुमन्यतरस्मिस्तृतीये वा पक्षेऽदुष्टेऽवधृते व्यर्था चिन्ता स्यान्न तु सोऽवधृत इति तदवधारणार्थत्वादर्थवत्येवैषा चिन्ता । ★ सत्यमर्थवती चिन्ता शास्त्रार्थावधारणार्थत्वात् । चिन्तयसि च त्वं न तु निर्णेष्यसि, किं न निर्णेतव्यमिति वेदवचनम् ? ★ न । ★ कथं तर्हि ? ★ बहुप्रतिपक्षत्वात् । एकत्ववादी त्वम्, वेदार्थपरत्वाद्, बहवो हि नानात्ववादिनो वेदबाह्यास्त्वत्प्रतिपक्षाः । अतो ममाशङ्कां न निर्णेष्यसीति । ★ एतदेव मे स्वस्त्ययनं यन्मामेकयोगिनमनेकयोगिबहुप्रतिपक्षमात्थ । अतो जेष्यामि सर्वान्, आरभे च चिन्ताम् । ★ स एव तु स्यात्तद्भावस्य विवक्षितत्वात् । तद्विज्ञानेन परमात्मभावो ह्यत्र विवक्षितो ब्रह्मविदाप्नोति परमिति । न ह्यन्यस्यान्यभावापत्तिरुपपद्यते । ननु तस्यापि तद्भावापत्तिरनुपन्नैव ? न, अविद्याकृततादात्म्यापोहार्थत्वात् । या हि ब्रह्मविद्यया स्वात्मप्राप्तिरुपदिश्यते साविद्याकृतस्यान्नादिविशेषात्मन आत्मत्वेनाध्यारोपितस्यानात्मनोऽपोहार्था । ★ कथमेवमर्थतावगम्यते ? ★ विद्यामात्रोपदेशात् । विद्यायाश्च दृष्टं कार्यमविद्यानिवृत्तिस्तच्चेह विद्यामात्रमात्मप्राप्तौ साधनमुपदिश्यते । ★ मार्गविज्ञानोपदेशवदिति चेत्-तदात्मत्वे विद्यामात्रसाधनोपदेशोऽहेतुः । कस्मात् ? देशान्तरप्राप्तौ मार्गविज्ञानोपदेशदर्शनात् । न हि ग्राम एव गन्तेति चेत् ? ★ न, वैधर्म्यात् । तत्र हि ग्रामविषयं विज्ञानं नोपदिश्यते । तत्प्राप्तिमार्गविषयमेवोपदिश्यते विज्ञानम् । न तथेह ब्रह्मविज्ञानं व्यतिरेकेण साधनान्तरविषयं विज्ञानमुपदिश्यते । ★ उक्तकर्मादिसाधनापेक्षं ब्रह्मविज्ञानं परप्राप्तौ साधनमुपदिश्यत इति चेन्न, नित्यत्वान्मोक्षस्येत्यादिना प्रत्युक्तत्वात् । श्रुतिश्च तत्सृष्ट्वा तदेवानुप्राविशदिति कार्यस्थस्य तदात्मत्वं दर्शयति । अभयप्रतिष्ठोपपत्तेश्च । यदि हि विद्यावान्स्वात्मनोऽन्यन्न पश्यति ततोऽभयं प्रतिष्ठां विन्दत इति स्याद्भयहेतोः परस्यान्यस्याभावात् । अन्यस्य चाविद्याकृतत्वे विद्ययावस्तुत्वदर्शनोपपत्तिस्तद्धि द्वितीयस्य चन्द्रस्य सत्त्वं यदतैमिरिकेण चक्षुष्मता न गृह्यते । ★ नैवं न गृह्यत इति चेत् ? ★ न, सुषुप्तसमाहितयोरग्रहणात् । सुषुप्तेऽग्रहणमन्यासक्तवदिति चेत् ? ★ न, सर्वाग्रहणात् । जाग्रत्स्वप्नयोरन्यस्य ग्रहणात्सत्त्वमेवेति चेन्न, अविद्याकृतत्वाज्जाग्रत्स्वप्नयोः, यदन्यग्रहणं जाग्रत्स्वप्नयोस्तदविद्याकृतमविद्याभावेऽभावात् । ★ सुषुप्तेऽग्रहणमप्यविद्याकृतमिति चेत् ? ★ न, स्वाभाविकत्वात् । द्रव्यस्य हि तत्त्वमविक्रिया परानपेक्षत्वात् । विक्रिया न तत्त्वं परापेक्षत्वात् । न हि कारकापेक्षं वस्तुनस्तत्त्वम् । सतो विशेषः कारकापेक्षः, विशेषश्च विक्रिया । जाग्रत्स्वप्नयोश्च ग्रहणं विशेषः । यद्धि यस्य नान्यापेक्षं स्वरूपं तत्तस्य तत्त्वम्, यदन्यापेक्षं न तत्तत्त्वम्, अन्याभावेऽभावात् । तस्मात्स्वाभाविकत्वाज्जाग्रत्स्वप्नवन्न सुषुप्ते विशेषः । ★ येषां पुनरीश्वरोऽन्य आत्मनः कार्यं चान्यत्तेषां भयानिवृत्तिर्भयस्यान्यनिमित्तत्वात् । सतश्चान्यस्यात्महानानुपपत्तिः । न चासत आत्मलाभः । सापेक्षस्यान्यस्य भयहेतुत्वमिति चेन्न, तस्यापि तुल्यत्वात् । यदधर्माद्यनुसहायीभूतं नित्यमनितयं वा निमित्तमपेक्ष्यान्यद्भयकारणं स्यात्तस्यापि तथाभूतस्यात्महानाभावाद्भयानिवृत्तिः आत्महाने वा सदसतोरितरेतरापत्तौ सर्वत्रानाश्वास एव । ★ एकत्वपक्षे पुनः सनिमित्तस्य संसारस्य अविद्याकल्पितत्वाददोषः तैमिरिकदृष्टस्य हि द्वितीयचन्द्रस्य

नात्मलाभो नाशो वास्ति । विद्याविद्ययोस्तद्धर्मत्वमिति चेन्न प्रत्यक्षत्वात् । विवेकाविवेकौ रूपादिवत्प्रत्यक्षावुपलभ्येते अन्तःकरणस्थौ । न हि रूपस्य प्रत्यक्षस्य सतो द्रष्टृधर्मत्वम् । अविद्या च स्वानुभवेन रूप्यते मूढोऽहमविविक्तं मम विज्ञानमित । ★ तथा विद्याविवेकोऽनुभूयते । उपदिशन्ति चान्येभ्य आत्मनो विद्याम् । तथा चान्येऽवधारयन्ति । तस्मान्नामरूपपक्षस्यैव विद्याविद्ये नामरूपे च नात्मधर्मौ । **'नामरूपयोर्निर्वहिता ते यदन्तरा तद्ब्रह्म'** (छा.उप. ८-१४-१) इति श्रुत्यन्तरात् । ते च पुनर्नामरूपे सवितर्यहोरात्रे इव कल्पिते न परमार्थतो विद्यमाने । ★ अभेदे **'एतमानन्दमयमात्मानमुपसंक्रामति'** (तै.उप. २-८-५) इति कर्मकर्तृत्वानुपपत्तिरिति चेत् ? ★ न, विज्ञानमात्रत्वात्संक्रमणस्य । न जलूकादिवत्संक्रमणमिहोपदिश्यते, किं तर्हि ? विज्ञानमात्रं संक्रमणश्रुतेरर्थः । ★ ननु मुख्यमेव संक्रमणं श्रूयत उपसंक्रामतीति चेत् ? ★ न, अन्नमयेऽदर्शनात् । न ह्यन्नमयमुपसंक्रामतो बाह्यादस्माल्लोकाज्जलूकावत्संक्रमणं दृश्यतेऽन्यथा वा । ★ मनोमयस्य बहिर्निर्गतस्य विज्ञानमयस्य वा पुनः प्रत्यावृत्त्यात्मसंक्रमणमिति चेत् ? ★ न, स्वात्मनि क्रियाविरोधादन्योऽन्नमयमन्यमुपसंक्रामतीति प्रकृत्य मनोमयो विज्ञानमयो वा स्वात्मानमेवोपसंक्रामतीति विरोधः स्यात् । तथा नानन्दमयस्यात्मसंक्रमणमुपपद्यते । तस्मान्न प्राप्तिः संक्रमणं नाप्यन्नमयादीनामन्यतमकर्तृकम् । पारिशेष्यादन्नमयाद्यानन्दमयान्तात्मव्यतिरिक्तकर्तृकं ज्ञानमात्रं च संक्रमणमुपपद्यते । ★ ज्ञानमात्रत्वे चानन्दमयान्तःस्थस्यैव सर्वान्तरस्याकाशाद्यन्नमयान्तं कार्यं सृष्ट्वानुप्रविष्टस्य हृदयगुहाभिसम्बन्धादन्नमयादिष्वनात्मस्वात्मविभ्रमः संक्रमणेनात्मविवेकविज्ञानोत्पत्त्या विनश्यति । तदेतस्मिन्नविद्याविभ्रमनाशे संक्रमणशब्द उपचर्यते न ह्यन्यथा सर्वगतस्यात्मनः संक्रमणमुपपद्यते । ★ वस्त्वन्तराभावाच्च । न च स्वात्मन एव संक्रमणम् । न हि जलूकात्मानमेव संक्रामति । तस्मात्सत्यं ज्ञानमनन्तं ब्रह्मेति यथोक्तलक्षणात्मप्रतिपत्त्यर्थमेव बहुभवनसर्गप्रवेशरसलाभाभयसंक्रमणादि परिकल्प्यते ब्रह्मणि सर्वव्यवहारविषये, न तु परमार्थतो निर्विकल्पे ब्रह्मणि कश्चिदपि विकल्प उपपद्यते । तमेतं निर्विकल्पमात्मानमेवंक्रमेणोपसंक्रम्य विदित्वा न बिभेति कुतश्चनाभयं प्रतिष्ठां विन्दत इत्येतस्मिन्नर्थेऽप्येष श्लोको भवति । सर्वस्यैवास्य प्रकरणस्यानन्दवल्ल्यर्थस्य संक्षेपतः प्रकाशनायैष मन्त्रो भवति ॥ ५ ॥

શાંકરભાષ્ય :- જે આકાશથી આરંભી અન્નમય કોશ સુધી કાર્યની રચના કરીને તેમાં અનુપ્રવિષ્ટ થઈને પરમાકાશની અંદર બુદ્ધિરૂપી ગુહામાં રહેલ છે તેનો જ 'स यः' (તે જે) આ પદોથી નિર્દેશ કરવામાં આવે છે. તે કોણ છે ? જે આ પુરુષમાં છે અને જે શ્રોત્રિયને માટે પ્રત્યક્ષ દર્શાવેલો પરમાનંદ આદિત્યમાં છે, જેના એક દેશના આશ્રયથી જ સુખને યોગ્ય બ્રહ્મા વગેરે જીવો જીવ ધારણ કરે છે તે જ આનંદનો 'स यश्चासावादित्ये' આ પદો દ્વારા નિર્દેશ કરવામાં આવે છે. જુદા જુદા પ્રદેશમાં રહેલા ઘટાકાશ અને મહાકાશના એકત્વની જેમ (તે બંને ઉપાધિઓમાં રહેલો) તે આનંદ એક છે.

પૂર્વપક્ષી : પરંતુ તે આનંદનો નિર્દેશ કરવામાં 'તે જે આ પુરુષમાં છે.' આ રીતે સામાન્ય રૂપથી અધ્યાત્મ પુરુષનો નિર્દેશ કરવો યોગ્ય નથી, બલકે 'જે આ દક્ષિણ નેત્રમાં છે' આ રીતે જ કહેવાનું યોગ્ય છે, કારણ કે એમ જ પ્રસિદ્ધ છે.

સિદ્ધાંતી : ના, કારણ કે અહીં આત્માનું અધિકરણ છે, 'अदृश्येऽनात्म्ये' 'भीषास्माद्वातः पवते' તેમ જ 'सैषाऽऽनन्दस्य मीमांसा' વગેરે વાક્યો મુજબ અહીં પરમાત્માનું જ પ્રકરણ છે. તેથી જેનો કોઈ પ્રસંગ નથી તે (દક્ષિણ નેત્રમાં રહેલા પુરુષ)નો અકસ્માત્ નિર્દેશ કરવો યોગ્ય નથી. અહીં પરમાત્માનું વિજ્ઞાનવર્ણન કરવાનું જ ઇષ્ટ છે, તેથી 'તે એક છે' આ વાક્યથી પરમાત્માનો જ નિર્દેશ કરવામાં આવ્યો છે.

પૂર્વપક્ષી : અહીં તો આનંદની મીમાંસાનું પ્રકરણ છે, તેથી તેના ફળનો ઉપસંહાર પણ કરવો જોઈએ, કારણ કે અખંડ અને સ્વાભાવિક આનંદરૂપ પરમાત્મા છે, તે વિષય અને વિષયોના સંબંધથી પેદા થનારો આનંદ નથી.

મધ્યસ્થી : 'જે આનંદ આ પુરુષમાં છે અને જે આ આદિત્યમાં છે તે એક છે.' આ પ્રમાણે જુદા આશ્રયોમાં રહેલા વિશેષનું નિરાકરણ કરીને જે નિર્દેશ કરાયો છે તે તો આ પ્રસંગને યોગ્ય જ છે.

પૂર્વપક્ષી : પરંતુ આ રીતે પણ 'આદિત્ય' આ વિશેષ પદાર્થનું ગ્રહણ કરવું નકામું જ છે.

સિદ્ધાંતી : ઉત્કર્ષ અને અપકર્ષનો નિષેધ કરવાનો હોવાથી આ વ્યર્થ નથી. મૂર્ત અને અમૂર્તરૂપ દ્વૈતનો પરમ ઉત્કર્ષ સૂર્યના અંતર્ગત છે, તે જો પુરુષગત વિશેષના બાધ દ્વારા પરમોનંદની અપેક્ષાએ તેના જેવો જ સિદ્ધ થાય છે તો તે ગતિને પ્રાપ્ત થયેલા પુરુષનો કોઈ ઉત્કર્ષ કે અપકર્ષ બાકી રહેતો નથી અને તે નિર્ભય સ્થિતિને પ્રાપ્ત કરી લે છે, આથી આ કથન યોગ્ય છે.

(બ્રહ્મ) છે કે નથી-આ અનુપ્રશ્નની વ્યાખ્યા કરવામાં આવી. કાર્યરૂપ રસની પ્રાપ્તિ, પ્રાણન અભય-પ્રતિષ્ઠા અને

F/ 6

ભયદર્શન વગેરે યુક્તિઓથી તે આકાશાદિનું કારણરૂપ બ્રહ્મ છે જ. એ રીતે એક અનુપ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યું. બીજા બે અનુપ્રશ્ન વિદ્વાન અને અવિદ્વાનની બ્રહ્મપ્રાપ્તિ અને બ્રહ્મની અપ્રાપ્તિની બાબતમાં છે. તેમાં અંતિમ અનુપ્રશ્ન એ જ છે કે 'વિદ્વાન બ્રહ્મને પ્રાપ્ત થાય છે કે નહીં ?' તેનું નિરાકરણ કરવા માટે કહેવામાં આવે છે. મધ્યમ અનુપ્રશ્નનું નિરાકરણ તો અંતિમ અનુપ્રશ્નના નિરાકરણથી થઈ જશે, તેથી તેના નિરાકરણ માટે યત્ન કરવામાં આવતો નથી.

આ રીતે જે કોઈ ઉત્કર્ષ અને અપકર્ષનો ત્યાગ કરીને 'હું જ ઉપર્યુક્ત સત્ય, જ્ઞાન અને અનંતરૂપ અદ્વૈત બ્રહ્મ છું' એમ જાણે છે તે 'આમ જાણનારો' છે, કારણ કે 'एवम्' શબ્દ પ્રસંગમાં આવેલા પદાર્થનો નિર્દેશ કરવાને માટે હોય છે. તે एवंवित् શું (કરે છે ?) આ લોકમાંથી જઈને-દૃષ્ટ અને અદૃષ્ટ ઈષ્ટ વિષયોનો સમુદાય જ આ લોક છે, તે આ લોકથી પાછો ફરીને એટલે તેની અપેક્ષા વિનાનો બનીને આ ઉપર વર્ણવેલા અન્નમય આત્માને પ્રાપ્ત થાય છે. અર્થાત્ તે વિષયસમૂહને અન્નમય શરીરથી ભિન્ન જોતો નથી. તાત્પર્ય એ છે કે સંપૂર્ણ સ્થૂળભૂત સમૂહને અન્નમય શરીર તરીકે જુએ છે.

તેની અંદર તે સંપૂર્ણ અન્નમય કોશોમાં રહેલ વિભાગરહિત પ્રાણમય આત્માને જુએ છે. અને પછી ક્રમે કરીને આ મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય આત્માને પ્રાપ્ત થાય છે. પછી તે આ અદૃશ્ય, અશરીર, અનિર્વચનીય અને અનાશ્રય આત્મામાં અભય સ્થિતિ પ્રાપ્ત કરે છે.

હવે અહીં વિચાર એ વાતનો કરવાનો છે કે આ રીતે જાણનારો આ છે કોણ ? અને એ કઈ રીતે સંક્રમણ કરે છે ? તે સંક્રમણ કરનારો પરમાત્માથી જુદો છે કે તે પોતે જ છે.

પૂર્વપક્ષી : આ વિચારથી લાભ શો છે ?

સિદ્ધાંતી : જો તે તેનાથી જુદો છે તો **'તેને રચીને તેમાં જ તે અનુપ્રવિષ્ટ થઈ ગયો.'** (તૈ.ઉપ. ૨-૬-૧) **'આ અન્ય ને હું અન્ય છું'** - આમ **'જે કહે છે તે જાણતો નથી.'** (બૃ.ઉપ. ૧-૪-૧૦) **'એક અને અદ્વિતીય'** (છાં.ઉપ. ૬-૨-૧) **'તે તું છે'** (છાં.ઉપ. ૬-૮ થી ૧૬) વગેરે શ્રુતિઓ સાથે વિરોધ થશે, ને જો તે પોતે જ આનંદમય આત્માને પ્રાપ્ત થાય છે તો તે એકમાં જ કર્મ અને કર્તાપણું એ બન્નેનું હોવું અશક્ય છે. તેમ જ પરમાત્માને જ સંસારિત્વની પ્રાપ્તિ અથવા તેના પરમાત્મત્વનો અભાવ સાબિત થશે.

પૂર્વપક્ષી : જો બન્ને અવસ્થાઓમાં પ્રાપ્ત થનારા દોષનો પરિહાર કરી શકાતો ન હોય તો તેનો વિચાર કરવો વ્યર્થ છે ને જો કોઈ એક પક્ષનો સ્વીકાર કરી લેવાથી દોષ પ્રાપ્ત ન થાય અથવા ત્રીજો કોઈ નિર્દોષ પક્ષ હોય તો તેને જ શાસ્ત્રનો આશય સમજવો જોઈએ. એવી અવસ્થામાં પણ વિચાર કરવો વ્યર્થ છે.

સિદ્ધાંતી : ના, કારણ કે આ તેનો નિશ્ચય કરવા માટે છે. આ યોગ્ય છે કે આ રીતે પ્રાપ્ત થનારો દોષ નિવારી શકાતો નથી તેમ જ ઉપર કહેલા બંને પક્ષોમાંથી કોઈ એકનો અથવા કોઈ ત્રીજા નિર્દોષ પક્ષનો નિશ્ચય થઈ ગયા પછી પણ આ વિચાર વ્યર્થ થશે, પરંતુ તે પક્ષનો નિશ્ચય તો થયો નથી, તેથી તેનો નિશ્ચય કરવાનો હોવાથી આ વિચાર સાર્થક છે.

પૂર્વપક્ષી : શાસ્ત્રના તાત્પર્યનો નિશ્ચય કરવાનો હોવાથી તો ખરેખર આ વિચાર સાર્થક છે, પરંતુ તમે તો કેવળ વિચાર જ કરો છો, નિર્ણય તો કરશો નહીં.

સિદ્ધાંતી : નિર્ણય ન કરવો જોઈએ, એવું શું કોઈ વેદવાક્ય છે ?

પૂર્વપક્ષી : ના.

સિદ્ધાંતી : તો પછી નિર્ણય કેમ નહિ થાય ?

પૂર્વપક્ષી : કેમ કે તમારો પ્રતિપક્ષ મોટો છે. વેદાર્થ પરાયણ હોવાથી તમે એકત્વવાદી છો, પરંતુ તમારા પ્રતિપક્ષી વેદબાહ્ય નાનાત્વવાદી અનેક છે. તેથી મને સંદેહ છે કે તમે મારી શંકાનો નિર્ણય કરી શકશો નહિ.

સિદ્ધાંતી : તમે તો મને ઘણા બધા અનેકત્વવાદી પ્રતિપક્ષીઓથી યુક્ત એકત્વવાદી કહ્યો છે - આ જ સ્વસ્ત્યયન-મંગલની વાત છે. તેથી હવે હું બધાને જીતીશ, લ્યો, હું વિચારનો આરંભ કરું છું.

તે સંક્રમણ કરનારો પરમાત્મા જ છે, કારણ કે અહીં જીવને પરમાત્મભાવની પ્રાપ્તિ બનાવવું ઈષ્ટ છે. **'બ્રહ્મવેત્તા પરમાત્માને પ્રાપ્ત કરી લે છે.'** આ વાક્ય પ્રમાણે અહીં બ્રહ્મવિજ્ઞાનથી પરમાત્મભાવની પ્રાપ્તિ થાય છે, આ જ પ્રતિપાદન કરવાનું ઈષ્ટ છે. કોઈ પદાર્થની અન્ય પદાર્થના ભાવને પ્રાપ્ત થવાની શક્યતા નથી. જો એમ કહો કે તે પોતે પોતાના સ્વરૂપને પ્રાપ્ત થાય એ પણ અશક્ય જ છે, તો એમ પણ નથી, કારણ કે આ કથન કેવળ અવિદ્યાથી આરોપિત અનાત્મ

F/ 6



પદાર્થોનો નિષેધ કરવા માટેનું છે. બ્રહ્મવિદ્યા વડે પોતાના આત્મસ્વરૂપની પ્રાપ્તિનો જે ઉપદેશ કરવામાં આવ્યો છે, તે અવિદ્યાકૃત અન્નમય વગેરે કોશરૂપ વિશેષ આત્માનો એટલે આત્મભાવથી આરોપિત કરાયેલા અનાત્માનો નિષેધ કરવાને માટે છે.

પૂર્વપક્ષી : તેનું આ પ્રયોજન છે એ કઈ રીતે જણાય છે ?

સિદ્ધાંતી : કેવળ જ્ઞાનનો જ ઉપદેશ હોવાથી. અજ્ઞાનની નિવૃત્તિ-આ જ્ઞાનનું પ્રત્યક્ષ કાર્ય છે, ને અહીં આત્માની પ્રાપ્તિમાં તે જ્ઞાનને જ સાધન બતાવવામાં આવ્યું છે.

પૂર્વપક્ષી : જો તે માર્ગ વિજ્ઞાનના ઉપદેશની જેમ હોય તો ? (હવે એની જ વ્યાખ્યા કરે છે) કેવળ જ્ઞાનનો જ સાધનરૂપે ઉપદેશ કરાય એ તેની પરમાત્મરૂપતામાં કારણ બની શકતું નથી. એમ શાથી છે ? કારણ કે દેશાંતરની પ્રાપ્તિને માટે પણ માર્ગવિજ્ઞાનનો ઉપદેશ થતો જોવામાં આવે છે. એવી અવસ્થામાં ગામ પોતે જ ગમન કરનારું હોતું નથી. એમ માનવામાં આવે તો ?

સિદ્ધાંતી : એમ કહેવું ઠીક નથી, કારણ કે તે બંને સમાન ધર્મવાળા નથી. તેમાં ગ્રામવિષયક વિજ્ઞાનનો ઉપદેશ અપાતો નથી, કેવળ તેની પ્રાપ્તિના માર્ગ સાથે સંબંધ ધરાવનારા વિજ્ઞાનનો જ ઉપદેશ કરાય છે. તેની જેમ આ પ્રસંગમાં બ્રહ્મવિજ્ઞાનથી જુદા એવા કોઈ બીજા સાધન સંબંધી વિજ્ઞાનનો ઉપદેશ નથી કરાતો.★

જો એમ કહેવામાં આવે કે (પૂર્વકાંડમાં) કહેલા કર્મની અપેક્ષાવાળા બ્રહ્મજ્ઞાનનો પરમાત્માની પ્રાપ્તિમાં સાધનરૂપથી ઉપદેશ કરવામાં આવે છે, તો એમ નથી, કારણ કે મોક્ષ નિત્ય છે વગેરે હેતુઓથી એનું પહેલાં જ નિરાકરણ કરાયું છે. **'તેને રચીને તે તેમાં જ અનુપ્રવિષ્ટ થઈ ગયો'** (તૈ.ઉપ. ૨-૬-૧) આ શ્રુતિ પણ કાર્યમાં પણ આત્માનું પરમાત્મત્વ દેખાડે છે. અભય-પ્રતિષ્ઠાની ઉપપત્તિને લીધે પણ (તેમનો અભેદ જ માનવો જોઈએ). જો જ્ઞાની પોતાનાથી ભિન્ન બીજા કોઈને જોતો નથી તો તે અભયસ્થિતિને પ્રાપ્ત કરે છે. આમ કહી શકાય છે, કારણ કે તે અવસ્થામાં ભયનો હેતુ બનેલા અન્ય પદાર્થની સત્તા (અસ્તિત્વ) રહેતી નથી. અન્ય પદાર્થ (અર્થાત્ દ્વૈત) અવિદ્યાકૃત હોય તો જ વિદ્યા વડે તેના અવસ્તુત્વદર્શનની ઉપપત્તિ થઈ શકે છે. (ભ્રાંતિને લીધે પ્રતીત થનારા) બીજા ચંદ્રમાની વાસ્તવિક્તા એ જ છે કે જે માણસને તિમિરરોગ થયો ન હોય તેવા તિમિરરોગ વિનાના નેત્રોવાળા માણસથી તે ગ્રહણ કરાતો નથી અર્થાત્ જે માણસને તિમિરરોગ થયો હોય તેને જ બીજો ચંદ્રમા દેખાય, જે રોગથી રહિત હોય તેને દેખાતો નથી.

પૂર્વપક્ષી : પરંતુ દ્વૈતનું ગ્રહણ ન થતું હોય એમ તો છે જ નહીં.

સિદ્ધાંતી : એમ ન કહેશો, કારણ કે સૂતેલા અને સમાધિમાં રહેલા પુરુષને તેનું ગ્રહણ થતું નથી.

પૂર્વપક્ષી : પરંતુ ઊંઘમાં જે દ્વૈતનું ગ્રહણ થતું નથી તે તો બીજા વિષયમાં લાગેલા ચિત્તવાળો પુરુષ દ્વૈતનું ગ્રહણ કરતો નથી તેના જેવું છે.

સિદ્ધાંતી : ના, કારણ કે તે સમયે તો બધા જ પદાર્થોનું અગ્રહણ થતું હોય છે. અર્થાત્ સુષુપ્તિ કે સમાધિસ્થ અવસ્થામાં કોઈ પણ પદાર્થનું ગ્રહણ થતું નથી. જો એમ કહો કે જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં બીજા પદાર્થોનું ગ્રહણ થવાથી તેમની સત્તા છે જ, તો એમ કહેવું પણ યોગ્ય નથી, કારણ કે જાગ્રત અને સ્વપ્ન અવિદ્યાકૃત છે. જાગ્રત અને સ્વપ્નમાં જે અન્ય પદાર્થનું ગ્રહણ છે તે અવિદ્યાને કારણે છે, કારણ કે અવિદ્યા દૂર થતાં તેનો અભાવ થઈ જાય છે.

પૂર્વપક્ષી : સુષુપ્તિમાં જે અગ્રહણ છે તે પણ અવિદ્યાને જ કારણે છે ને ?

સિદ્ધાંતી : ના, કારણ કે તે તો સ્વાભાવિક છે. દ્રવ્યનું તાર્કિક સ્વરૂપ તો વિકાર ન હોવો એ જ છે, કેમ કે તેને બીજાની અપેક્ષા નથી. બીજાની અપેક્ષાવાળો હોવાથી વિકાર એ તત્ત્વ નથી. જેને કર્તા, કર્મ, કરણ વગેરે કારકોની અપેક્ષા છે એટલે કે એ કારકોની અપેક્ષાવાળો છે તે વસ્તુનું તત્ત્વ નથી. વિદ્યમાન વસ્તુનું વિશેષરૂપ કારકોની અપેક્ષાવાળું છે અને વિશેષ જ વિકાર છે. જાગ્રત અને સ્વપ્નનું જે ગ્રહણ છે તે પણ વિશેષ જ છે. જેનું જે રૂપ અન્યની અપેક્ષાથી રહિત છે તે જ તેનું તત્ત્વ છે અને જે અન્યની અપેક્ષાવાળું છે તે તત્ત્વ નથી હોતું, કારણ કે તે અન્યનો અભાવ થતાં તેનો પણ અભાવ થઈ જાય છે. માટે (સુષુપ્તાવસ્થા) સ્વાભાવિક હોવાથી તે વખતે જાગ્રત અને સ્વપ્નની જેમ વિશેષની સત્તા (અસ્તિત્વ) નથી.

★ ગામ જનારને આ ગામ આમ છે તેવો ઉપદેશ અપાય છે તું ગામ છે એમ નથી કહેતા જેથી તેને ગ્રામ વિજ્ઞાન પ્રાપ્ત થાય, જ્યારે બ્રહ્મનો ઉપદેશ આપનારને 'તું બ્રહ્મ છે' એમ કહેવાય છે.

પરંતુ જેમના મતે ઈશ્વર આત્માથી જુદો છે અને તેનું કાર્યરૂપ આ જગત પણ જુદું છે, તેમનો ભય નિવારી શકાતો નથી, કારણ કે ભય બીજાથી જ થતો હોય છે. અન્ય પદાર્થ જો સત્ હશે તો તેના સ્વરૂપનો અભાવ થઈ શકશે નહીં ને જો અસત્ હશે તો તેના સ્વરૂપની સિદ્ધિ થઈ શકતી નથી. જો એમ કહો કે બીજો (ઈશ્વર) તો (અમારા ધર્માધર્મ વગેરેની) અપેક્ષાથી જ ભયનું કારણ છે, તો એમ કહેવું પણ બરાબર નથી, કારણ કે તે (સાપેક્ષ ઈશ્વર) પણ તેવો જ છે. જો કોઈ (ઈશ્વર વગેરે) બીજો પદાર્થ નિત્ય કે અનિત્ય અધર્માદિરૂપ સહાયક નિમિત્તની અપેક્ષાએ ભયનું કારણ છે તો યથાર્થ હોવાથી તેના સ્વરૂપનો પણ અભાવ ન હોવાને કારણે તેના ભયની નિવૃત્તિ થઈ શકતી નથી, અને જો તેના સ્વરૂપનો અભાવ માનવામાં આવે તો સત્ અને અસત્‌ને ઈતર ઈતરત્વ-એકને બીજાની એટલે કે સત્‌ને અસત્ત્વ અને અસત્‌ને સત્ત્વની પ્રાપ્તિ થવાથી બધે અવિશ્વાસ જ થશે.

પરંતુ એકત્વ-પક્ષનો સ્વીકાર કરવામાં આવે તો આખો સંસાર પોતાના કારણ સહિત અવિદ્યાકલ્પિત હોવાને લીધે કોઈ દોષ આવશે નહીં. તિમિર રોગને લીધે જોવામાં આવેલા બીજા ચંદ્રમાના સ્વરૂપની નથી તો પ્રાપ્તિ થતી ને નથી નાશ થતો. જો એમ કહેવામાં આવે કે જ્ઞાન અને અજ્ઞાન તો આત્માના જ ધર્મ છે (તેથી તેમને લીધે આત્માનો વિકાર થતો હશે) તો એમ કહેવું યોગ્ય નથી કારણ કે તે તો પ્રત્યક્ષ (આત્માનાં દશ્ય) છે. રૂપ વગેરે વિષયોની જેમ અંતઃકરણમાં રહેલા વિવેક અને અવિવેક પ્રત્યક્ષ પ્રાપ્ત થાય છે. પ્રત્યક્ષ પ્રાપ્ત થનારું રૂપ દ્રષ્ટાનો ધર્મ હોઈ શકે નહીં. 'હું મૂઢ છું, મારી બુદ્ધિ મલિન છે,' આ પ્રમાણે અવિદ્યા પણ પોતાના અનુભવ દ્વારા દર્શાવાય છે.

આ જ રીતે વિદ્યાના વિશ્લેષણનો પણ અનુભવ કરાય છે. બુદ્ધિમાન માણસો બીજાઓને પોતાના જ્ઞાનનો ઉપદેશ કર્યા કરે છે, તેમ જ બીજા માણસો પણ તેનો નિશ્ચય કરે છે. આથી વિદ્યા અને અવિદ્યા નામરૂપ પક્ષનાં છે. વળી નામ અને રૂપ આત્માના ધર્મ નથી. જેમ કે **'જે નામ અને રૂપનો નિર્વાહ કરનારો છે તથા જેની અંદર તે (નામ અને રૂપ) રહે છે તે બ્રહ્મ છે'** (છા.ઉપ. ૮-૧૪-૧) આ બીજી શ્રુતિથી સિદ્ધ થાય છે. તે નામરૂપ પણ સૂર્યમાં જેમ દિન અને રાત કલ્પેલાં છે તેમ કલ્પિત જ છે, ખરી રીતે વિદ્યમાન નથી.

પૂર્વપક્ષી : પરંતુ (ઈશ્વર અને જીવનો) અભેદ માનવાથી તો **'તે આ આનંદમય આત્માને પ્રાપ્ત થાય છે'** (તૈ.ઉપ. ૨-૮-૫) આ શ્રુતિમાં જે (પુરુષનું) કર્તૃત્વ અને (આનંદમય આત્માનું) કર્મત્વ બતાવેલ છે તે યોગ્ય નથી એવું કહેવામાં આવે તો ?

સિદ્ધાંતી : ના, કારણ કે (પુરુષનું) સંક્રમણ તો કેવળ વિજ્ઞાન છે. અહીં જળો વગેરેના સંક્રમણની જેમ પુરુષના સંક્રમણનો ઉપદેશ કરાતો નથી. તો કેવો (ઉપદેશ કરાય છે) ? આ સંક્રમણ-શ્રુતિનો અર્થ તો કેવળ વિજ્ઞાનમાત્ર છે.

પૂર્વપક્ષી : 'उपसंक्रामति' આ પદથી અહીં મુખ્ય સંક્રમણ એવું શ્રુતિથી સંભળાય છે.

સિદ્ધાંતી : ના, કારણ કે અન્નમયમાં મુખ્ય સંક્રમણ જોવામાં આવતું નથી - અન્નમયને સંક્રમણ કરનારાનું જળોની જેમ આ બાહ્ય જગતથી અથવા કોઈ બીજા પ્રકારથી સંક્રમણ થતું દેખાતું નથી.

પૂર્વપક્ષી : બહાર (નીકળીને વિષયોમાં) ગયેલા મનોમય અથવા વિજ્ઞાનમય કોશોનું તો ત્યાંથી પાછા ફર્યા પછી પોતાના પ્રત્યે સંક્રમણ થઈ શકે છે એમ કહેવામાં આવે તો ?

સિદ્ધાંતી : ના, કારણ કે આમ થવાથી તો પોતાની અંદર જ પોતાની ક્રિયા થવી-આ વિરોધ આવે છે. અન્નમયથી ભિન્ન પુરુષ પોતાથી ભિન્ન અન્નમયને પ્રાપ્ત થાય છે - આ રીતે પ્રકરણનો આરંભ કરીને હવે 'મનોમય અથવા વિજ્ઞાનમય પોતાને જ પ્રાપ્ત થાય છે' એમ કહેવામાં તેની સાથે વિરોધ આવે છે. આ રીતે આનંદમયની પણ પોતાને પ્રાપ્ત થવાની શક્યતા નથી, તેથી પ્રાપ્તિ એટલે સંક્રમણ નહીં તેમ જ તે અન્નમય વગેરેમાંના કોઈના દ્વારા કરાતું પણ નથી. એટલા માટે આત્માથી જુદા એવા અન્નમયથી આરંભી આનંદમય કોશ સુધી જેનો કર્તા છે તે જ્ઞાનમાત્રનું જ સંક્રમણ થવું શક્ય છે.

આ રીતે 'સંક્રમણ' શબ્દનો અર્થ જ્ઞાનમાત્ર થાય તો જ આનંદમય કોશની અંદર રહેલા સર્વાન્તર તથા આકાશથી આરંભી અન્નમયકોશ સુધીના કાર્યવર્ગને રચીને તેમાં અનુપ્રવિષ્ટ થયેલા આત્માનો જે હૃદયરૂપી ગુહાના સંબંધથી અન્નમય વગેરે અનાત્માઓમાં આત્મત્વનો ભ્રમ છે, તે સંક્રમણસ્વરૂપ વિવેકજ્ઞાનની ઉત્પત્તિથી નાશ પામે છે. માટે આ અવિદ્યારૂપ ભ્રમના નાશમાં જ સંક્રમણ શબ્દનો ઉપચાર(ગૌણરૂપ)થી પ્રયોગ કરવામાં આવ્યો છે, આ સિવાય બીજી કોઈ રીતે સર્વગત આત્માનું સંક્રમણ થવાની શક્યતા નથી.

(આત્માથી જુદી) બીજી વસ્તુનો અભાવ હોવાથી (પણ તેનું કોઈના પ્રતિ જવારૂપ સંક્રમણ થઈ શકતું નથી.) પોતે

પોતાને પ્રાપ્ત થવાનો તો સંભવ નથી. જળો પોતાના ભણી જ સંક્રમણ (ગમન) નથી કરતી. તેથી 'બ્રહ્મ સત્યસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ અને અનંત છે.' આ પહેલાં દર્શાવેલા લક્ષણવાળા આત્માના જ્ઞાન માટે સર્વ વ્યવહારના આધારભૂત બ્રહ્મમાં અનેક હોવું, સૃષ્ટિમાં અનુપ્રવેશ કરવું, આનંદની પ્રાપ્તિ, અભય અને સંક્રમણ વગેરેની કલ્પના કરવામાં આવી છે, ખરી રીતે તો નિર્વકલ્પ બ્રહ્મમાં કોઈ પણ વિકલ્પની શક્યતા નથી જ. આ રીતે ક્રમશઃ તે આ નિર્વિકલ્પ આત્માના પ્રત્યે સંક્રમણ કરી અર્થાત્ તેને જાણીને સાધક કોઈથી ભયભીત થતો નથી. તે અભયમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. આ જ અર્થમાં આ શ્લોક (મંત્ર) પણ છે. આ આખા પ્રકરણના અર્થાત્ આનંદવલ્લીના અર્થને સંક્ષેપથી પ્રકાશિત કરવાને માટે જ આ મંત્ર છે. (૫)

इति ब्रह्मानन्दवल्ल्यां अष्टमोऽनुवाकः ॥ ८ ॥

नवम अनुवाक

यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह । आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चनेति । एतꣳ ह वाव न तपति । किमहꣳ साधु नाकरवम् । किमहं पापमकरवमिति । स य एवं विद्वानेते आत्मानꣳ स्पृणुते । उभे ह्येवैष एते आत्मानꣳ स्पृणुते । य एवं वेद । इत्युपनिषत् ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- मनसा-મનની सह-સાથે वाणः-વાણી यतः-જ્યાંથી अप्राप्य-એને પ્રાપ્ત કર્યા વિના निवर्तन्ते-પાછી ફરે છે (तस्य-તે) ब्रह्मणः-બ્રહ્મના आनन्दम्-આનંદને विद्वान्-જાણનારો कुतश्चन-કોઈનાથીય न बिभेति-ભય પામતો નથી. ह वाव-આ જાણીતી વાત છે કે एतम्-તે(મહાપુરુષ)ને न तपति-(કોઈ વસ્તુ) તપાવતી નથી કે अहम्-મેં किम्-શા માટે साधु-શ્રેષ્ઠ કર્મ न-નથી अकरवम्-કર્યું ? किम्-શા માટે अहम्-મેં पापम्-પાપ अकरवम्-કર્યું ? इति-એમ यः-જે एते-આ પુણ્ય-પાપકર્મોને एवम्-આ રીતે विद्वान्-જાણનારો છે सः-તે आत्मानम्-આત્માની स्पृणुते-રક્ષા કરે છે. हि-ચોક્કસ यः-જે एते-આ પુણ્ય અને પાપ उभे एव-બંને કર્મોને જ एवम्-આ પ્રમાણે (સંતાપનું કારણ છે એમ) वेद-જાણે છે (सः) एषः-તે આ પુરુષ आत्मानम्-આત્માનું स्पृणते-રક્ષણ કરે છે. इति-એમ उपनिषत्-આ ઉપનિષદ એટલે બ્રહ્મવલ્લી સંપૂર્ણ થઈ. (૧)

અનુવાદ :- મનની સાથે વાણી જ્યાંથી એને પ્રાપ્ત કર્યા વિના પાછી ફરે છે (તે) બ્રહ્મના આનંદને જાણનારો કોઈનાથીય ભય પામતો નથી. આ જાણીતી વાત છે કે તે(મહાપુરુષ)ને (કોઈ વસ્તુ) તપાવતી નથી કે મેં શા માટે શ્રેષ્ઠ કર્મ નથી કર્યું ? શા માટે મેં પાપ કર્યું ? એમ જે આ પુણ્ય-પાપકર્મોને આ રીતે જાણનારો છે તે આત્માની રક્ષા કરે છે. ચોક્કસ જે આ પુણ્ય અને પાપ બંને કર્મોને જ આ પ્રમાણે (સંતાપનું કારણ છે એમ) જાણે છે તે આ પુરુષ આત્માનું રક્ષણ કરે છે. એમ આ ઉપનિષદ એટલે બ્રહ્મવલ્લી સંપૂર્ણ થઈ. (૧)

शाङ्करभाष्यम् :- यतो यस्मान्निर्विकल्पाद्यथोक्तलक्षणादद्वयानन्दादात्मनो वाचोऽभिधानानि द्रव्यादिसविकल्पवस्तुविषयाणि वस्तुसामान्यान्निर्विकल्पेऽद्वयेऽपि ब्रह्मणि प्रयोक्तृभिः प्रकाशनाय प्रयुज्यमानान्यप्राप्याप्रकाश्यैव निवर्तन्ते स्वसामर्थ्याद्धीयन्ते-मन इति प्रत्ययो विज्ञानम् । तच्च यत्राभिधानं प्रवृत्तमतीन्द्रियेऽप्यर्थे तदर्थे च प्रवर्तते प्रकाशनाय । यत्र च विज्ञानं तत्र वाचः प्रवृत्तिः । तस्मात्सहैव वाङ्मनसयोरभिधानप्रत्ययोः प्रवृत्तिः सर्वत्र । ★ तस्माद्ब्रह्मप्रकाशनाय सर्वथा प्रयोक्तृभिः प्रयुज्यमाना अपि वाचो यस्मादप्रत्ययविषयादनभिधेयाददृश्यादिविशेषणात्सहैव मनसा विज्ञानेन सर्वप्रकाशनसमर्थेन निवर्तन्ते तं ब्रह्मण आनन्दं श्रोत्रियस्यावृजिनस्याकामहतस्य सर्वैषणाविनिर्मुक्तस्यात्मभूतं विषयविषयिसम्बन्धविनिर्मुक्तं स्वाभाविकं नित्यमविभक्तं परमानन्दं ब्रह्मणो विद्वान्यथोक्तेन विधिना न बिभेति कुतश्चन निमित्ताभावात् । ★ न हि तस्माद्विदुषोऽन्यद्वस्त्वन्तरमस्ति भिन्नं यतो बिभेति । अविद्यया यदोदरमन्तरं कुरुते, अथ तस्य भयं भवतीति ह्युक्तम् । विदुषश्चाविद्याकार्यस्य तैमिरिकदृष्टद्वितीयचन्द्रवन्नाशाद्भयनिमित्तस्य न बिभेति कुतश्चनेति युज्यते । ★ मनोमये चोदाहृतो मन्त्रो मनसो ब्रह्मविज्ञान-

साधनत्वात् । तत्र ब्रह्मत्वमध्यारोप्य तत्स्तुत्यर्थं न बिभेति कदाचनेति भयमात्रं प्रतिषिद्धमिहाद्वैतविषये न बिभेति कुतश्चनेति भयनिमित्तमेव प्रतिषिध्यते । ★ नन्वस्ति भयनिमित्तं साध्वकरणं पापक्रिया च ? ★ नैवम्, कथमित्युच्यते-एतं यथोक्तमेवंविदम्, ह वावेत्यवधारणार्थौ, न तपति नोद्वेजयति न संतापयति । कथं पुनः साध्वकरणं पापक्रिया च न तपतीत्युच्यते । किं कस्मात्साधु शोभनं कर्म नाकरवं न कृतवानस्मीति पश्चात्संतापो भवत्यासन्ने मरणकाले । तथा किं कस्मात्पापं प्रतिषिद्धं कर्माकरवं कृतवानस्मीति च नरकपतनादिदुःखभयात्तापो भवति । ते एते साध्वकरणपापक्रिये एवमेनं न तपतो यथाविद्वांसं तपतः । ★ कस्मात्पुनर्विद्वांसं न तपत इत्युच्यते-स य एवंविद्वानेते साध्वसाधुनी तापहेतू इत्यात्मानं स्पृणुते प्रीणयति बलयति वा परमात्मभावेनोभे पश्यतीत्यर्थः । उभे पुण्यपापे हि यस्मादेवमेष विद्वानेते आत्मानमात्मरूपेणैव पुण्यपापे स्वेन विशेषरूपेण शून्ये कृत्वात्मानं स्पृणुत एव । को य एवं वेद यथोक्तमद्वैतमानन्दं ब्रह्म वेद तस्यात्मभावेन दृष्टे पुण्यपापे निर्वीर्ये अतापके जन्मान्तरारम्भके न भवतः । ★ इतीयमेवं यथोक्तास्यां वल्ल्यां ब्रह्मवद्योपनिषत्सर्वाभ्यो विद्याभ्यः परमरहस्यं दर्शितमित्यर्थः । परं श्रेयोऽस्यां निषण्णमिति ॥ १ ॥

શાંકરભાષ્ય :- જે પૂર્વે કહેવાયેલા લક્ષોવાળા નિર્વિકલ્પ અદ્વયાનંદરૂપ આત્માની પાસેથી દ્રવ્યાદિ સવિકલ્પ વસ્તુઓને પ્રકાશિત કરનારી વાણી, જે વસ્તુત્વમાં (બ્રહ્મને અન્ય સવિકલ્પ વસ્તુઓની) સમાન સમજવાને લીધે વક્તાઓ દ્વારા, બ્રહ્મના નિર્વિકલ્પ અને અદ્વૈત હોવા છતાંય તેનો નિર્દેશ કરવાને માટે જે વાણીનો પ્રયોગ કરવામાં આવે છે, તે વાણી તેને ન પામીને અર્થાત્ તેને પ્રકાશિત કર્યા વિના જ પાછી ફરે છે - પોતાના સામર્થ્યમાં એ ટૂંકી પડે છે.

('मनसा सह'માં) 'मन' શબ્દ પ્રત્યય અર્થાત્ વિજ્ઞાનનો વાચક છે. તે, જ્યાં-ક્યાંય અતીન્દ્રિય પદાર્થોમાં પણ શબ્દની પ્રવૃત્તિ થાય છે ત્યાં જ તેને પ્રકાશિત કરવાને માટે પ્રવૃત્ત થતું હોય છે, અને જ્યાં વિજ્ઞાન છે ત્યાં વાણીની પ્રવૃત્તિ છે. આથી અભિધાન અને પ્રત્યયરૂપ વાણી અને મનની સર્વત્ર એક સાથે જ પ્રવૃત્તિ થાય છે.

માટે વક્તાઓ દ્વારા સર્વથા બ્રહ્મનો પ્રકાશ કરવાને માટે યોજાયેલી વાણી, જે પ્રતીતિનો અવિષયભૂત, અકથનીય, અદૃશ્ય અને નિર્વિશેષ બ્રહ્મની પાસેથી મન અર્થાત્ સર્વને પ્રકાશિત કરવામાં સમર્થ વિજ્ઞાન સહિત પાછી ફરે છે તે બ્રહ્મના આનંદને શ્રોત્રિય નિષ્પાપ કામનાઓથી નહીં હણાયેલ અને સર્વ પ્રકારની એષણાઓથી મુક્ત સાધકના આત્મભૂત, વિષય-વિષયીના સંબંધથી રહિત, સ્વાભાવિક, નિત્ય અને અવિભક્ત એવા બ્રહ્મના ઉત્કૃષ્ટ આનંદને ઉપરોક્ત વિધિથી જાણનારો પુરુષ કોઈ ભયનું નિમિત્ત ન હોવાથી કોઈથી ભયભીત થતો નથી.

તે વિદ્વાનથી જુદી કોઈ બીજી વસ્તુ નથી કે જેનાથી તે ડરે. અવિદ્યાને લીધે જ્યારે સહેજ પણ અંતર કરે છે ત્યારે જીવને ભય થાય છે એમ કહી દીધું છે, આથી તિમિરરોગીએ જોયેલા બીજા ચંદ્રમાની જેમ વિદ્વાનના અવિદ્યાના કાર્યરૂપ બનેલ ભયના નિમિત્તનો નાશ થઈ જવાથી તે કોઈથી પણ ડરતો નથી એમ કહેવું યોગ્ય છે.

મનોમય(કોશના પ્રકરણ)માં આ મંત્ર ઉદાહરણરૂપે આપવામાં આવ્યો હતો, કારણ કે મન બ્રહ્મવિજ્ઞાનનું સાધન છે. ત્યાં બ્રહ્મત્વનો આરોપ કરીને તેની સ્તુતિને માટે **'તે ક્યારેય બીતો નથી'** આ વાક્યથી તેના સમસ્ત ભયનો પ્રતિષેધ કરવામાં આવ્યો હતો. અહીં અદ્વૈત પ્રકરણમાં **'તે કોઈથી બીતો નથી'** આ પ્રમાણે ભયના નિમિત્તનો જ પ્રતિષેધ કરવામાં આવે છે.

પૂર્વપક્ષી : પરંતુ શુભ કર્મ ન કરવું ને પાપકર્મ કરવું એ તો ભયનું કારણ છે ને ?

સિદ્ધાંતી : ના, એમ નથી, કઈ રીતે નથી એ કહે છે : આ પૂર્વોક્તને અર્થાત્ આ પ્રમાણે જાણનારાને તે (કર્મ) તપ્ત-ઉદ્વિગ્ન અર્થાત્ સંતપ્ત કરતું નથી. મૂળમાં 'ह' અને 'वाव' નિશ્ચય દર્શાવવા માટે છે. તે પુણ્યનું ન કરવું અને પાપાચરણ કરવું આ કર્મ તેને કઈ રીતે સંતાપતાં નથી. એ બાબત કહે છે. 'મેં શુભ કર્મ કેમ કર્યું નહીં.' એવો પશ્ચાત્તાપ મરણકાળ પાસે આવતાં થયા કરે છે, તેમ જ 'મેં પાપ એટલે પ્રતિષિદ્ધ કર્મ શાથી કર્યું.' એવું દુઃખ નરકમાં પડવું પડશે વગેરેના ડરથી થાય છે. આ પુણ્ય કર્મ ન કરવું અને પાપકર્મ કરવાં આ આ વિદ્વાનને એવી રીતે સંતાપતાં નથી જેવી રીતે અવિદ્વાનને સંતાપ આપે છે.

વિદ્વાનને તે કેમ સંતાપતાં નથી, તે કહે છે : આ પાપ-પુણ્ય જ તાપનું કારણ છે, આમ જાણનારો જે વિદ્વાન એટલે આત્માને પ્રસન્ન અથવા સબળ કરે છે, આ બન્નેને પરમાત્મભાવથી જુએ છે (તેને આ પાપ-પુણ્ય સંતાપતાં નથી):. કારણ કે આ પાપ-પુણ્ય બંને એવાં છે (અર્થાત્ આત્મસ્વરૂપ છે). આથી આ વિદ્વાન આ પાપ-પુણ્યરૂપ આત્માને આત્મભાવનાથી પોતાનાં વિશેષરૂપથી શૂન્ય (નહિવત્) કરી આત્માને જ સંતૃપ્ત કરે છે. તે વિદ્વાન કોણ છે જે આ પ્રમાણે જાણે છે. અર્થાત્

પૂર્વોક્ત અદ્વૈત તેમ જ આનંદસ્વરૂપ બ્રહ્મને જાણે છે તેના આત્મભાવથી જોવામાં આવેલાં પુણ્ય-પાપ નિર્વીર્ય-નમાલાં અને તાપ પહોંચાડનારાં ન હોવાથી જન્માંતરનો આરંભ કરનારાં બનતાં નથી.

આ રીતે આ વલ્લીમાં ઉપર કહેવામાં આવ્યું છે તે આ બ્રહ્મવિદ્યારૂપ ઉપનિષદ છે. એમાં બીજી બધી વિદ્યાઓ કરતાં પરમ રહસ્ય દેખાડવામાં આવ્યું છે એવો અર્થ છે. આ વિદ્યામાં પરમશ્રેય રહેલું છે. (૧)

इति ब्रह्मानन्दवल्ल्यां नवमोऽनुवाकः ॥ ९ ॥

* * *

भृगुवल्ली

प्रथम अनुवाक

शाङ्करभाष्यम् :- सत्यं ज्ञानमनन्तं ब्रह्माकाशादिकार्यमन्नमयान्तं सृष्ट्वा तदेवानुप्रविष्टं विशेषवदिवोपलभ्यमानं यस्मात्तस्मात्सर्वकार्यविलक्षणमदृश्यादिधर्मकमेवानन्दं तदेवाहमिति विजानीयादनुप्रवेशस्य तदर्थत्वात्तस्यैवं विजानतः शुभाशुभे कर्मणी जन्मान्तरारम्भके न भवत इत्येवमानन्दवल्ल्यां विवक्षितोऽर्थः परिसमाप्ता च ब्रह्मविद्या । अतः परं ब्रह्मविद्यासाधनं तपो वक्तव्यमन्नादिविषयाणि चोपासनान्यनुक्तानीत्यत इदमारभ्यते –

શાંકરભાષ્ય :- સત્ય, જ્ઞાન અને અનંત બ્રહ્મ આકાશથી માંડી અન્નમય સુધી કાર્યવર્ગને રચીને તેમાં અનુપ્રવિષ્ટ થઈ સવિશેષ જેવું ઉપલબ્ધ થઈ રહ્યું છે, તેથી તે સર્વ કાર્યવર્ગથી જુદો અદૃશ્ય વગેરે ધર્મવાળો આનંદ જ છે, અને તે હું જ છું, એમ જાણવું જોઈએ, કારણ કે તેના અનુપ્રવેશનો આ જ ઉદ્દેશ છે. આમ જાણનારા તે(સાધક)નાં શુભાશુભ કર્મો જન્માંતર-બીજા જન્મનો આરંભ કરનારાં બનતાં નથી. આનંદવલ્લીમાં આ વિષયમાં કહેવાનું અભીષ્ટ હતું. હવે બ્રહ્મવિદ્યા તો પૂર્ણ થઈ. અહીંથી આગળ બ્રહ્મવિદ્યાનું સાધન એવા તપનું નિરૂપણ કરવાનું છે તેમ જ જેમનું પહેલાં વર્ણન કરવામાં આવ્યું નથી તે અન્ન વગેરેને લગતી ઉપાસનાઓનું પણ વર્ણન કરવાનું છે. તેથી આ પ્રકરણનો આરંભ કરવામાં આવે છે –

भृगुर्वै वारुणिः वरुणं पितरमुपससार अधीहि भगवो ब्रह्मेति । तस्मा एतत्प्रोवाच । अन्नं प्राणं चक्षुः श्रोत्रं मनो वाचमिति । त होवाच । यतो वा इमानि भूतानि जायन्ते । येन जातानि जीवन्ति । यत्प्रयन्त्यभिसंविशन्ति । तद्विजिज्ञासस्व । तद्ब्रह्मेति । स तपोऽतप्यत । स तपस्तप्त्वा ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- **वै**-એ જાણીતું છે કે **वारुणिः**-વરુણનો પુત્ર **भृगुः**-ભૃગુ **पितरम्**-પિતા **वरुणम्**-વરુણની **उपससार**-પાસે ગયો (અને વિનંતી કરી) **भगवः**-'હે ભગવન્ ! મને **ब्रह्म**-બ્રહ્મ વિશે **अधीहि**-ભણાવો'. (અર્થાત્ બ્રહ્મ શું છે તેનો ઉપદેશ કરો) **इति**-એમ (પ્રાર્થના કરવાથી) **तस्मै**-તેને **एतत्**-આ પ્રમાણે **प्रोवाच**-(વરુણે) કહ્યું. **अन्नम्**-'અન્ન **प्राणम्**-પ્રાણ **चक्षुः**-નેત્ર **श्रोत्रम्**-કાન **मनः**-મન (અને) **वाचम्**-વાણી **इति**-એમ (એ બધા બ્રહ્મની પ્રાપ્તિનાં દ્વાર છે)' **तम्**-તેને **ह उवाच**-ફરી કહ્યું, **वै**-'ચોક્કસ **इमानि**-આ (જગતમાં દૃષ્ટિગોચર થતાં) **भूतानि**-પ્રાણીઓ **यतः**-જેમાંથી **जायन्ते**-ઉત્પન્ન થાય છે **जातानि**-ઉત્પન્ન થયેલાં **येन**-જેના દ્વારા **जीवन्ति**-જીવે છે (અને) **प्रयन्ति**-પ્રયાણ કરે છે ત્યારે **यत्**-જેમાં **अभिसंविशन्ति**-પ્રવેશ કરે છે **तत्**-એને **विजिज्ञासस्व**-જાણવાની ઈચ્છા કર. **तत्**-એ **ब्रह्म**-બ્રહ્મ છે **इति**-એમ (પિતાની વાત સાંભળી) **सः**-તેણે **तपः** **अतप्यत**-તપ તપ્યું. **सः**-તે **तपः** **तप्त्वा**-તપ તપીને- (૧)

અનુવાદ :- એ જાણીતું છે કે વરુણનો પુત્ર ભૃગુ પિતા વરુણની પાસે ગયો (અને વિનંતી કરી) 'હે ભગવન્ ! મને બ્રહ્મ વિશે ભણાવો'. (અર્થાત્ બ્રહ્મ શું છે તેનો ઉપદેશ કરો) એમ (પ્રાર્થના કરવાથી) તેને આ પ્રમાણે (વરુણે) કહ્યું. 'અન્ન પ્રાણ નેત્ર કાન મન (અને) વાણી એમ (એ બધા બ્રહ્મની પ્રાપ્તિનાં દ્વાર છે)'

તેને ફરી કહ્યું, 'ચોક્કસ આ (જગતમાં દૃષ્ટિગોચર થતાં) પ્રાણીઓ જેમાંથી ઉત્પન્ન થાય છે ઉત્પન્ન થયેલાં જેના દ્વારા જીવે છે (અને) પ્રયાણ કરે છે ત્યારે જેમાં પ્રવેશ કરે છે એને જાણવાની ઈચ્છા કર. એ બ્રહ્મ છે એમ (પિતાની વાત સાંભળી) તેણે તપ તપ્યું. તે તપ તપીને- (૧)

शाङ्करभाष्यम् :- आख्यायिका विद्यास्तुतये, प्रियाय पुत्राय पित्रोक्तेति-भृगुर्वै वारुणिः । वैशब्दः प्रसिद्धानुस्मारको भृगुरित्येवंनामा प्रसिद्धोऽनुस्मार्यते । वारुणिर्वरुणस्यापत्यं वारुणिर्वरुणं पितरं ब्रह्म विजिज्ञासुरुपससारोपगतवान्, अधीहि भगवो ब्रह्मेत्यनेन मन्त्रेण । अधीहि अध्यापय कथय । स च पिता विधिवदुपसन्नाय तस्मै पुत्रायैतद्वचनं प्रोवाच । अन्नं प्राणं चक्षुः श्रोत्रं मनो वाचमिति । ★ अन्नं शरीरं तदभ्यन्तरं च प्राणमत्तारमुपलब्धिसाधनानि चक्षुः श्रोत्रं मनो वाचमित्येतानि ब्रह्मोपलब्धौ द्वाराण्युक्तवान् । उक्त्वा च द्वारभूतान्येतान्यन्नादीनि तं भृगुं होवाच ब्रह्मणो लक्षणम् । किं तत् ? ★ यतो यस्माद्वा इमानि ब्रह्मादीनि स्तम्बपर्यन्तानि भूतानि जायन्ते । येन जातानि जीवन्ति प्राणान्धारयन्ति वर्धन्ते । विनाशकाले च यत्प्रयन्ति तद्ब्रह्म प्रतिगच्छन्ति, अभिसंविशन्ति तादात्म्यमेव प्रतिपद्यन्ते । उत्पत्तिस्थितिलयकालेषु यदात्मतां न जहति भूतानि तदेतद्ब्रह्मणो लक्षणम् । तद्ब्रह्म विजिज्ञासस्व विशेषेण ज्ञातुमिच्छस्व । यदेवंलक्षणं ब्रह्म तदन्नादिद्वारेण प्रतिपद्यस्वेत्यर्थः । श्रुत्यन्तरं च-'**प्राणस्य प्राणमुत चक्षुषश्चक्षुरुत श्रोत्रस्य श्रोत्रमन्नस्यान्नं मनसो ये मनो विदुस्ते निचिक्युर्ब्रह्म पुराणमग्र्यम्**' (बृ.उप. ४-४-१८) इति ब्रह्मोपलब्धौ द्वाराण्येतानीति दर्शयति । ★ स भृगुर्ब्रह्मोपलब्धिद्वाराणि ब्रह्मलक्षणं च श्रुत्वा पितुस्तपो ब्रह्मोपलब्धिसाधनत्वेनातप्यत तप्तवान् । कुतः पुनरनुपदिष्टस्यैव तपसः साधनत्वप्रतिपत्तिर्भृगोः ? सावशेषोक्तेः । अन्नादि ब्रह्मणः प्रतिपत्तौ द्वारं लक्षणं च यतो वा इमानीत्याद्युक्तवान् । सावशेषं हि तत्साक्षाद्ब्रह्मणोऽनिर्देशात् । ★ अन्यथा हि स्वरूपेणैव ब्रह्म निर्देष्टव्यं जिज्ञासवे पुत्रायेदमित्थंरूपं ब्रह्मेति । न चैवं निरदिशत्किं तर्हि ? सावशेषमेवोक्तवान् । अतोऽवगम्यते नूनं साधनान्तरमप्यपेक्षते पिता ब्रह्मविज्ञानं प्रतीति । तपोविशेषप्रतिपत्तिस्तु सर्वसाधकतमत्वात् । सर्वेषां हि नियतसाध्यविषयाणां साधनानां तप एव साधकतमं साधनमिति हि प्रसिद्धं लोके । तस्मात्पित्रानुपदिष्टमपि ब्रह्मविज्ञानसाधनत्वेन तपः प्रतिपेदे भृगुः । तच्च तपो बाह्यान्तःकरणसमाधानं तद्द्वारकत्वाद्ब्रह्मप्रतिपत्तेः । '**मनसश्चेन्द्रियाणां च ह्यैकाग्र्यं परमं तपः । तज्ज्यायः सर्वधर्मेभ्यः स धर्मः पर उच्यते**' (महा.शा.२५०-४) इति स्मृतेः । स च तपस्तप्त्वा ॥ १ ॥

શાંકરભાષ્ય :- પિતાએ પુત્રને કહેલી આ આખ્યાયિકા વિદ્યાની સ્તુતિને માટે છે. 'भृगुर्वै वारुणिः' આ પદમાં 'वै' શબ્દ પ્રસિદ્ધનું સ્મરણ કરાવનારો છે. આથી 'ભૃગુ' આ નામથી પ્રસિદ્ધ(ઋષિ)નું અનુસ્મરણ કરાવવામાં આવે છે કે, વારુણિ અર્થાત્ વરુણનો પુત્ર હતો. તે બ્રહ્મને જાણવાની ઇચ્છાવાળો થઈને પોતાના પિતા વરુણની પાસે ગયો. અર્થાત્ 'હે ભગવન્ ! આપ મને બ્રહ્મનો ઉપદેશ કરો.' આ મંત્ર દ્વારા (તે ગુરુ પાસે ગયો) 'अधीहि' શબ્દનો અર્થ અધ્યાપન (ઉપદેશ) કરો-કહો એમ સમજવો જોઈએ. તે પિતાએ પોતાની પાસે વિધિપૂર્વક આવેલા તે પુત્રને આ વચન કહ્યું : 'अन्नं प्राणं चक्षुः श्रोत्रं मनः वाचम् ।

'અન્ન અર્થાત્ શરીર તેની અંદર અન્ન ભક્ષણ કરનારો પ્રાણ, પછી વિષયોની ઉપલબ્ધિના સાધનભૂત ચક્ષુ, શ્રોત્ર, મન અને વાક્ આ બ્રહ્મની ઉપલબ્ધિમાં દ્વારરૂપ છે' એવું તેણે કહ્યું. આમ આ દ્વાર બનેલા અન્ન વગેરેને બતાવીને તેણે તે ભૃગુને બ્રહ્મનું લક્ષણ બતાવ્યું. તે શું છે ? (તે કહે છે-)

જેનાથી બ્રહ્માથી આરંભી તણખલા સુધી આ સઘળા પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, જેનાથી આ બધાં જન્મ લીધા પછી જીવ-પ્રાણ ધારણ કરે છે, અર્થાત્ વૃદ્ધિને પ્રાપ્ત થાય છે તથા વિનાશકાળે જેના પ્રતિ પ્રયાણ કરનારા અર્થાત્ જે બ્રહ્મના પ્રતિ ગમન કરનારા તે જીવો તેમાં પ્રવેશ કરે છે-તેના તાદાત્મ્યને પ્રાપ્ત થઈ જાય છે. તાત્પર્ય એ છે કે ઉત્પત્તિ, સ્થિતિ અને લયકાળમાં પ્રાણી જેની તદ્રૂપતાને ત્યજના નથી, આ જ તે બ્રહ્મનું લક્ષણ છે. તું તે બ્રહ્મને વિશેષરૂપથી જાણવાની ઇચ્છા કર, અર્થાત્ જે આવાં લક્ષણોવાળું બ્રહ્મ છે, તેને અન્ન વગેરેથી પ્રાપ્ત કર. **'બ્રહ્મ પ્રાણનો પ્રાણ, ચક્ષુનું ચક્ષુ, શ્રોત્રનું શ્રોત્ર, અન્નનું અન્ન અને મનનું મન છે-એમ જેઓ જાણે છે તેઓ તે પુરાતન અને શ્રેષ્ઠ બ્રહ્મને સાક્ષાત્ જાણી શકે છે.'** (બૃ.ઉપ. ૪-૪-૧૮) આવી એક બીજી શ્રુતિ એવું દર્શાવે છે. પ્રાણ વગેરે બ્રહ્મની ઉપલબ્ધિમાં દ્વારસ્વરૂપ છે.

તે ભૃગુએ પોતાના પિતા પાસેથી બ્રહ્મની ઉપલબ્ધિનાં દ્વાર અને બ્રહ્મનાં લક્ષણ સાંભળીને બ્રહ્મસાક્ષાત્કારના સાધનરૂપે તપ કર્યું. જેનો ઉપદેશ જ અપાયો ન હતો તે તપ (બ્રહ્મપ્રાપ્તિનું) સાધન હોવાનું જ્ઞાન ભૃગુને કઈ રીતે થયું ? (ઉત્તર :-)

કારણ કે (તેના પિતાનું) કથન સાવશેષ (કહેવાનું બાકી છે તેવું) હતું. વરુણે 'यतो वा इमानि भूतानि' વગેરે રૂપથી અન્ન વગેરે બ્રહ્મપ્રાપ્તિનું દ્વાર અને લક્ષણ કહ્યું હતું. તે સાવશેષ હતું, કારણ કે તેનાથી બ્રહ્મનો સાક્ષાત્ નિર્દેશ થતો નથી.

આમ ન હોત તો તેણે પોતાના જિજ્ઞાસુ પુત્રને 'તે બ્રહ્મ આવું છે.' આ પ્રમાણે તેનો સ્વરૂપથી નિર્દેશ કરવો જોઈતો હતો. પરંતુ આ પ્રમાણે તેણે નિર્દેશ કર્યો નથી. તો કઈ રીતે કર્યો છે ? તેણે તેને સાવશેષ (અધૂરો) જ ઉપદેશ કર્યો છે. આથી જણાય છે કે તેના પિતાને બ્રહ્મજ્ઞાન માટે બીજા કોઈ સાધનની અપેક્ષા છે. સર્વથી મોટું સાધન હોવાથી ભૃગુએ તપને જ વિશેષરૂપથી ગ્રહણ કર્યું. જેમના સાધ્ય વિષયો નક્કી છે તે સાધનોમાં તપ સહુથી વધુ સિદ્ધિ મેળવવાનું સાધન છે-આ વાત લોકમાં પ્રસિદ્ધ જ છે. એટલા માટે પિતાએ તપ કરવા માટેનો ઉપદેશ ન આપ્યો હોવા છતાં પણ ભૃગુએ બ્રહ્મવિજ્ઞાનના સાધનરૂપે તપનો સ્વીકાર કર્યો. તે તપ બાહ્ય ઇંદ્રિય અને અંતઃકરણની શુદ્ધિ છે, કારણ કે બ્રહ્મપ્રાપ્તિ તેના દ્વારા શક્ય છે. **'મન અને ઈંદ્રિયોની એકાગ્રતા જ પરમ તપ છે. તે સર્વ ધર્મોથી ઉત્કૃષ્ટ છે, અને તે જ પરમધર્મ કહેવાય છે'** (મહા.શાં. ૨૫૦-૪) આ સ્મૃતિથી આ જ વાત સિદ્ધ થાય છે. તે ભૃગુએ તપ કરીને. (૧)

इति भृगुवल्ल्यां प्रथमोऽनुवाकः ॥ १ ॥

द्वितीय अनुवाक

अन्नं ब्रह्मेति व्यजानात् । अन्नाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते । अन्नेन जातानि जीवन्ति । अन्नं प्रयन्त्यभिसंविशन्तीति । तद्विज्ञाय पुनरेव वरुणं पितरमुपससार । अधीहि भगवो ब्रह्मेति । त होवाच । तपसा ब्रह्म विजिज्ञासस्व । तपो ब्रह्मेति । स तपोऽतप्यत । स तपस्तप्त्वा ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- अन्नम्-'અન્ન ब्रह्म-બ્રહ્મ છે' इति-એમ તેણે જાણ્યું. हि-કારણ કે खलु-સાચે જ अन्नात्-અન્નમાંથી एव-જ इमानि-આ भूतानि-પ્રાણીઓ जायन्ते-ઉત્પન્ન થાય છે. जातानि-જન્મેલાં अन्नेन-અન્નથી जीवन्ति-જીવે છે અને प्रयन्ति-પ્રયાણ કરે છે ત્યારે अन्नम्-અન્નમાં अभिसंविशन्ति-પ્રવેશ કરે છે इति-એમ तत्-તેને विज्ञाय-જાણીને તે पुनः-ફરીથી पितरम्-પિતા वरुणम्-વરુણની एव-જ उपससार-પાસે ગયો. (પોતાની વાત કરી પણ પિતાને સંતોષ ન થતાં કહ્યું) भगवः-'હે ભગવન્ ! ब्रह्म-મને બ્રહ્મ વિશે अधीहि-ભણાવો.' इति-એમ કહ્યું ત્યારે तम् ह उवाच-તેને વરુણે કહ્યું, तपः-'તપથી ब्रह्म-બ્રહ્મને विजिज्ञासस्व-જાણવાની ઈચ્છા કર, तपः-તપ ब्रह्म-બ્રહ્મ છે.' इति-એમ પિતાની આજ્ઞા મેળવી सः-તેણે तपः अतप्यत-તપ તપ્યું. सः-તે तपः-તપ तप्त्वा-તપીને- (૧)

અનુવાદ :- 'અન્ન બ્રહ્મ છે' એમ તેણે જાણ્યું. કારણ કે સાચે જ અન્નમાંથી જ આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. જન્મેલાં અન્નથી જીવે છે અને પ્રયાણ કરે છે ત્યારે અન્નમાં પ્રવેશ કરે છે એમ તેને જાણીને તે ફરીથી પિતા વરુણની જ પાસે ગયો. (પોતાની વાત કરી પણ પિતાને સંતોષ ન થતાં કહ્યું) 'હે ભગવન્ ! મને બ્રહ્મ વિશે ભણાવો.' એમ કહ્યું ત્યારે તેને વરુણે કહ્યું, 'તપથી બ્રહ્મને જાણવાની ઈચ્છા કર, તપ બ્રહ્મ છે.' એમ પિતાની આજ્ઞા મેળવી તેણે તપ તપ્યું. તે તપ તપીને- (૧)

शाङ्करभाष्यम् :- अन्नं ब्रह्मेति व्यजानाद्विज्ञातवान् तद्धि यथोक्तलक्षणोपेतम् । कथम् ? अन्नाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते, अन्नेन जातानि जीवन्ति अन्नं प्रयन्त्यभिसंविशन्तीति तस्माद्युक्तमन्नस्य ब्रह्मत्वमित्यभिप्रायः । स एवं तपस्तप्त्वान्नं ब्रह्मेति विज्ञायान्नलक्षणेनोपपत्त्या च पुनरेव संशयमापन्नो वरुणं पितरमुपससार अधीहि भगवो ब्रह्मेति । ★ कः पुनः संशयहेतुरस्येत्युच्यते-अन्नस्योत्पत्तिदर्शनात् । तपसः पुनः पुनरुपदेशः साधनातिशयत्वावधारणार्थः । यावद्ब्रह्मणो लक्षणं निरतिशयं न भवति यावच्च जिज्ञासा न निवर्तते तावत्तप एव ते साधनम् । तपसैव ब्रह्म विजिज्ञासस्वेत्यर्थः । ऋज्वन्यत् ॥ १ ॥

શાંકરભાષ્ય :- અન્ન બ્રહ્મ છે-એમ (તેણે) જાણ્યું. તે જ ઉપર કહેલા લક્ષણથી યુક્ત છે તે કઈ રીતે ? કારણ કે સાચે જ અન્નથી આ બધાં પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયા પછી અન્નને લીધે જ જીવે છે ને પ્રયાણ સમયે અન્નમાં જ લીન થઈ જાય છે. માટે તાત્પર્ય એ છે કે, અન્નનું બ્રહ્મરૂપ હોવું યોગ્ય જ છે. તે આમ તપ કરીને તેમ જ અન્નનાં લક્ષણ અને યુક્તિ દ્વારા 'અન્ન જ બ્રહ્મ છે' એમ જાણીને ફરીથી પણ સંશયમાં પડેલો એ (ભૃગુ) પિતા વરુણની પાસે આવ્યો (અને બોલ્યો :) 'ભગવન્ ! મને બ્રહ્મનો ઉપદેશ આપો.'

વળી તેના સંશયનું શું કારણ હતું ? તે કહે છે. અન્નની ઉત્પત્તિ જોવાથી (તેને આવો સંદેહ થયો) અહીં તપનો વારંવાર જે ઉપદેશ કરવામાં આવ્યો છે તે તેનું મુખ્ય સાધનપણું સાબિત કરવા માટે છે, અર્થાત્ જ્યાં સુધી બ્રહ્મનું લક્ષણ નિરતિશય ન થઈ જાય અને જ્યાં સુધી તારી જિજ્ઞાસા દૂર થાય ત્યાં સુધી તપ જ તારા માટે સાધન છે. તાત્પર્ય એ છે કે તું તપથી જ બ્રહ્મને જાણવાની ઈચ્છા કર. બાકીનો અર્થ સરળ છે. (૧)

इति भृगुवल्ल्यां द्वितीयोऽनुवाकः ॥ २ ॥

◆

तृतीय अनुवाक

प्राणो ब्रह्मेति व्यजानात् । प्राणाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते । प्राणेन जातानि जीवन्ति । प्राणं प्रयन्त्यभिसंविशन्तीति । तद्विज्ञाय पुनरेव वरुणं पितरमुपससार । अधीहि भगवो ब्रह्मेति । त होवाच । तपसा ब्रह्म विजिज्ञासस्व । तपो ब्रह्मेति । स तपोऽतप्यत । स तपस्तप्त्वा ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- प्राणः-'પ્રાણ ब्रह्म-બ્રહ્મ છે' इति-એમ તેણે જાણ્યું. हि-કારણ કે खलु-સાચે જ प्राणात्-પ્રાણમાંથી एव-જ इमानि-આ भूतानि-પ્રાણીઓ जायन्ते-ઉત્પન્ન થાય છે. जातानि-ઉત્પન્ન થયેલા प्राणेन-પ્રાણથી जीवन्ति-જીવે છે અને प्रयन्ति-પ્રયાણ કરે છે ત્યારે प्राणम्-પ્રાણમાં अभिसंविशन्ति-પ્રવેશ કરે છે इति-એમ तत्-તેને विज्ञाय-જાણીને તે पुनः-ફરીથી पितरम्-પિતા वरुणम्-વરુણની एव-જ उपससार-પાસે ગયો. (પોતાની વાત કરી પણ પિતાને સંતોષ ન થતાં કહ્યું) भगवः-'હે ભગવન્ ! ब्रह्म-મને બ્રહ્મ વિશે अधीहि-ભણાવો.' इति-એમ કહ્યું ત્યારે तम् ह उवाच-તેને વરુણે કહ્યું, तपः-'તપથી ब्रह्म-બ્રહ્મને विजिज्ञासस्व-જાણવાની ઈચ્છા કર, तपः-તપ ब्रह्म-બ્રહ્મ છે.' इति-એમ પિતાની આજ્ઞા મેળવી सः-તેણે तपः अतप्यत-તપ તપ્યું. सः-તે तपः-તપ तप्त्वा-તપીને- (૧)

અનુવાદ :- 'પ્રાણ બ્રહ્મ છે' એમ તેણે જાણ્યું. કારણ કે સાચે જ પ્રાણમાંથી જ આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થયેલા પ્રાણથી જીવે છે અને પ્રયાણ કરે છે ત્યારે પ્રાણમાં પ્રવેશ કરે છે એમ તેને જાણીને તે ફરીથી પિતા વરુણની જ પાસે ગયો. (પોતાની વાત કરી પણ પિતાને સંતોષ ન થતાં કહ્યું) 'હે ભગવન્ ! મને બ્રહ્મ વિશે ભણાવો.' એમ કહ્યું ત્યારે તેને વરુણે કહ્યું, 'તપથી બ્રહ્મને જાણવાની તું ઈચ્છા કર, તપ બ્રહ્મ છે.' એમ પિતાની આજ્ઞા મેળવી તેણે તપ તપ્યું. તે તપ તપીને- (૧)

इति भृगुवल्ल्यां तृतीयोऽनुवाकः ॥ ३ ॥

◆

चतुर्थ अनुवाक

मनो ब्रह्मेति व्यजानात् । मनसो ह्येव खल्विमानि भूतानि जायन्ते । मनसा जातानि जीवन्ति । मनः प्रयन्त्यभिसंविशन्तीति । तद्विज्ञाय पुनरेव वरुणं पितरमुपससार । अधीहि भगवो ब्रह्मेति । त होवाच । तपसा ब्रह्म विजिज्ञासस्व । तपो ब्रह्मेति । स तपोऽतप्यत । स तपस्तप्त्वा ॥ १ ॥



અન્વય અને શબ્દાર્થ :- मनः-'મન ब्रह्म-બ્રહ્મ છે' इति-એમ તેણે જાણ્યું. हि-કારણ કે खलु-ખરેખર मनसः-મનથી एव-જ इमानि-આ भूतानि-પ્રાણીઓ जायन्ते-ઉત્પન્ન થાય છે. मनसा-મનથી जीवन्ति-જીવે છે અને प्रयन्ति-પ્રયાણ કરે છે ત્યારે मनः अभिसंविशन्ति-'મનમાં પ્રવેશ કરે છે.' इति-એમ तत्-તે બ્રહ્મને विज्ञाय-જાણીને તે पुनः-ફરીથી पितरम्-પિતા वरुणम्-વરુણની एव-જ उपससार-પાસે ગયો. (પોતાની વાત કરી પણ પિતાને સંતોષ ન થતાં કહ્યું) भगवः-'હે ભગવન્ ! ब्रह्म-મને બ્રહ્મ વિશે अधीहि-ભણાવો.' इति-એમ કહ્યું ત્યારે तम् ह उवाच-તેને વરુણે કહ્યું, तपः-'તપથી ब्रह्म-બ્રહ્મને विजिज्ञासस्व-જાણવાની ઈચ્છા કર, तपः-તપ ब्रह्म-બ્રહ્મ છે.' इति-એમ પિતાની આજ્ઞા મેળવી सः-તેણે तपः अतप्यत-તપ તપ્યું. सः-તે तपः-તપ तप्त्वा-તપીને- (૧)

અનુવાદ :- 'મન બ્રહ્મ છે' એમ તેણે જાણ્યું. કારણ કે ખરેખર મનથી જ આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. મનથી જીવે છે અને જ્યારે પ્રયાણ કરે છે ત્યારે મનમાં પ્રવેશ કરે છે. તે બ્રહ્મને જાણીને તે ફરીથી પિતા વરુણની જ પાસે ગયો. (પોતાની વાત કરી પણ પિતાને સંતોષ ન થતાં કહ્યું) 'હે ભગવન્ ! મને બ્રહ્મ વિશે ઉપદેશ આપો.' એમ પ્રાર્થના કરવામાં આવતાં તેને વરુણે કહ્યું, 'તપથી બ્રહ્મને જાણવાની તું ઈચ્છા કર, તપ બ્રહ્મ છે.' એમ પિતાની આજ્ઞા મેળવી તેણે તપ તપ્યું. તે તપ તપીને- (૧)

इति भृगुवल्ल्यां चतुर्थोऽनुवाकः ॥ ४ ॥

* * *

पञ्चम अनुवाक

विज्ञानं ब्रह्मेति व्यजानात् । विज्ञानाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते । विज्ञानेन जातानि जीवन्ति । विज्ञानं प्रयन्त्यभिसंविशन्तीति । तद्विज्ञाय पुनरेव वरुणं पितरमुपससार । अधीहि भगवो ब्रह्मेति । त होवाच । तपसा ब्रह्म विजिज्ञासस्व । तपो ब्रह्मेति । स तपोऽतप्यत । स तपस्तप्त्वा ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- विज्ञानम्-'વિજ્ઞાન ब्रह्म-બ્રહ્મ છે' इति-એમ તેણે જાણ્યું. हि-કારણ કે खलु-ખરેખર विज्ञानात्-વિજ્ઞાનથી एव-જ इमानि-આ भूतानि-પ્રાણીઓ जायन्ते-ઉત્પન્ન થાય છે. जातानि-ઉત્પન્ન થયેલાં विज्ञानेन-વિજ્ઞાનથી जीवन्ति-જીવે છે અને प्रयन्ति-પ્રયાણ કરે છે ત્યારે विज्ञानम्-વિજ્ઞાનમાં अभिसंविशन्ति-પ્રવેશ કરે છે इति-એમ तत्-તે બ્રહ્મને विज्ञाय-જાણીને તે पुनः-ફરીથી पितरम्-પિતા वरुणम्-વરુણની एव-જ उपससार-પાસે ગયો. (પોતાની વાત કરી પણ પિતાને સંતોષ ન થતાં કહ્યું) भगवः-'હે ભગવન્ ! ब्रह्म-મને બ્રહ્મ વિશે अधीहि-ભણાવો.' इति-એમ કહ્યું ત્યારે तम् ह उवाच-તેને વરુણે કહ્યું, तपः-'તપથી ब्रह्म-બ્રહ્મને विजिज्ञासस्व-જાણવાની ઈચ્છા કર, तपः-તપ ब्रह्म-બ્રહ્મ છે.' इति-એમ પિતાની આજ્ઞા મેળવી सः-તેણે तपः अतप्यत-તપ તપ્યું. सः-તે तपः-તપ तप्त्वा-તપીને- (૧)

અનુવાદ :- 'વિજ્ઞાન બ્રહ્મ છે' એમ તેણે જાણ્યું. કારણ કે ખરેખર વિજ્ઞાનથી જ આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયેલાં વિજ્ઞાનથી જીવે છે અને પ્રયાણ કરે છે ત્યારે વિજ્ઞાનમાં પ્રવેશ કરે છે એમ તેને જાણીને ફરીથી પિતા વરુણની જ પાસે ગયો. (પોતાની વાત કરી પણ પિતાને સંતોષ ન થતાં કહ્યું) 'હે ભગવન્ ! મને બ્રહ્મનો ઉપદેશ કરો.' એમ કહ્યું ત્યારે તેને વરુણે કહ્યું, 'તપથી બ્રહ્મને જાણવાની તું ઈચ્છા કર, તપ બ્રહ્મ છે.' એમ પિતાની આજ્ઞા મેળવી તેણે તપ તપ્યું. તે તપ તપીને- (૧)

इति भृगुवल्ल्यां पञ्चमोऽनुवाकः ॥ ५ ॥

* * *

ૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐ ૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐ

षष्ठ अनुवाक

आनन्दो ब्रह्मेति व्यजानात् । आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते । आनन्देन जातानि जीवन्ति । आनन्दं प्रयन्त्यभिसंविशन्तीति । सैषा भार्गवी वारुणी विद्या परमे व्योमन् प्रतिष्ठिता । स य एवं वेद प्रतितिष्ठति । अन्नवानन्नादो भवति । महान् भवति, प्रजया पशुभिर्ब्रह्मवर्चसेन । महान् कीर्त्या ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- आनन्दः-'આનંદ ब्रह्म-બ્રહ્મ છે' इति-એમ તેણે જાણ્યું. हि-કારણ કે खलु-ખરેખર आनन्दात्-આનંદથી एव-જ इमानि-આ भूतानि-પ્રાણીઓ जायन्ते-ઉત્પન્ન થાય છે. जातानि-ઉત્પન્ન થયેલા आनन्देन-આનંદથી जीवन्ति-જીવે છે અને प्रयन्ति-પ્રયાણ કરે છે ત્યારે आनन्दम्-આનંદમાં अभिसंविशन्ति-પ્રવેશ કરે છે इति-એમ જાણીને सः-તે एषा-આ भार्गवी-ભૃગુ પાસેથી જાણેલી वारुणी-વરુણ દ્વારા ઉપદેશ કરાયેલી विद्या-વિદ્યા परमे व्योमन्-પરમ વ્યોમમાં (પરબ્રહ્મ પરમાત્મામાં) प्रतिष्ठिता-પ્રતિષ્ઠિત થયેલી છે. यः-જે एवम्-આમ वेद-જાણે છે सः-તે प्रतितिष्ठति-બ્રહ્મમાં પ્રતિષ્ઠિત થાય છે (અને) अन्नवान्-(પુષ્કળ) અન્નવાળો अन्नादः-અન્નને ખાનારો (પચાવી શકનારો) भवति-થાય છે. વળી प्रजया-સંતાનથી पशुभिः-પશુઓ અને ब्रह्मवर्चसेन-બ્રહ્મતેજથી સંપન્ન થઈ महान्-મહાન भवति-થાય છે कीर्त्या-કીર્તિથી પણ महान्-મહાન भवति-બને છે. (૧)

અનુવાદ :- 'આનંદ બ્રહ્મ છે' એમ તેણે જાણ્યું. કારણ કે ખરેખર આનંદથી જ આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયેલાં આનંદથી જીવે છે અને જ્યારે પ્રયાણ કરે છે ત્યારે આનંદમાં પ્રવેશ કરે છે એમ જાણીને તે આ ભૃગુ પાસેથી જાણેલી વરુણ દ્વારા ઉપદેશ કરાયેલી વિદ્યા પરમ વ્યોમમાં (પરબ્રહ્મ પરમાત્મામાં) પ્રતિષ્ઠિત થયેલી છે. જે આમ જાણે છે તે બ્રહ્મમાં પ્રતિષ્ઠિત થાય છે (અને) (પુષ્કળ) અન્નવાળો, અન્નને ખાનારો (પચાવી શકનારો) થાય છે. વળી સંતાનથી પશુઓ અને બ્રહ્મતેજથી સંપન્ન થઈ મહાન થાય છે કીર્તિથી પણ મહાન બને છે. (૧)

शाङ्करभाष्यम् :- एवं तपसा विशुद्धात्मा प्राणादिषु साकल्येन ब्रह्मलक्षणमपश्यञ्शनैः शनैरन्तरनुप्रविश्यान्तरतममानन्दं ब्रह्म विज्ञातवांस्तपसैव साधनेन भृगुः । तस्माद्ब्रह्मविजिज्ञासुना बाह्यान्तःकरणसमानलक्षणं परमं तपःसाधनमनुष्ठेयमिति प्रकरणार्थः । ★ अधुनाख्यायिकातोऽपसृत्य श्रुतिः स्वेन वचनेनाख्यायिकानिर्वर्त्यमर्थमाचष्टे-सैषा भार्गवी भृगुणा विदिता वरुणेन प्रोक्ता वारुणी विद्या परमे व्योमन्हृदयाकाशगुहायां परम आनन्देऽद्वैते प्रतिष्ठिता परिसमाप्तान्नमयादात्मनोऽधिप्रवृत्ता । य एवमन्योऽपि तपसैव साधनेनानेनैव क्रमेणानुप्रविश्यानन्दं ब्रह्म वेद स एवं विद्याप्रतिष्ठानात्प्रतितिष्ठत्यानन्दे परमे ब्रह्मणि, ब्रह्मैव भवतीत्यर्थः । ★ दृष्टं च फलं तस्योच्यते-अन्नवान्प्रभूतमन्नमस्य विद्यत इत्यन्नवान् । सत्तामात्रेण तु सर्वो ह्यन्नवानिति विद्याया विशेषो न स्यात् । एवमन्नमत्तीत्यन्नादो दीप्ताग्निर्भवतीत्यर्थः । महान्भवति । केन महत्त्वमित्यत आह-प्रजया पुत्रादिना पशुभिर्गवाश्वादिभिर्ब्रह्मवर्चसेन शमदमज्ञानादिनिमित्तेन तेजसा । महान्भवति कीर्त्या ख्यात्या शुभप्रचारनिमित्तया ॥ १ ॥

શાંકરભાષ્ય :- આમ તપથી શુદ્ધચિત્ત થયેલા ભૃગુએ પ્રાણાદિમાં પૂર્ણરૂપે બ્રહ્મનું લક્ષણ ન જોઈને ધીરે ધીરે અંતર પ્રવેશ કરીને તપરૂપી સાધન વડે સર્વ કરતાં અંતરતમ આનંદરૂપ બ્રહ્મ જાણ્યું. આથી જે બ્રહ્મને જાણવાની ઇચ્છાવાળો હોય તેણે સાધનરૂપ પરમ તપ જ કરવું જોઈએ. આ પ્રકરણનું આવું તાત્પર્ય છે.

હવે આખ્યાયિકાથી નિવૃત્ત થઈને શ્રુતિ પોતાના વાક્યથી આખ્યાયિકાથી નિષ્પન્ન થનારા અર્થને દર્શાવે છે. અન્નમય આત્માથી આરંભાયેલી આ ભાર્ગવી-ભૃગુએ જાણેલી અને વારુણી-વરુણે કહેલી વિદ્યા પરમ આકાશમાં-હૃદયાકાશમાં રહેલી ગુહાની ભીતર અદ્વૈત પરમાનંદમાં પ્રતિષ્ઠિત છે-રહેલી છે અર્થાત્ ત્યાં જ તેનું પર્યવસાન થાય છે. આમ જો કોઈ બીજો પુરુષ પણ આ જ ક્રમથી તપરૂપ સાધન વડે ક્રમે ક્રમે અનુપ્રવેશ કરીને આનંદને બ્રહ્મરૂપથી જાણે છે, તે આમ વિદ્યામાં સ્થિતિનો લાભ થવાથી આનંદ અર્થાત્ પરબ્રહ્મમાં સ્થિતિ પ્રાપ્ત કરે છે એટલે કે બ્રહ્મ જ થઈ જાય છે.

હવે તેનું દૃષ્ટ ફળ બતાવવામાં આવે છે અન્નવાન જેની પાસે પુષ્કળ અન્ન હોય તેને અન્નવાન કહેવામાં આવે છે. અન્નના અસ્તિત્વથી (અન્ન પાસે હોવાથી) તો બધાં જ અન્નવાન છે, આથી વિદ્યાની કોઈ વિશેષતા રહેતી નથી. એ જ

પ્રમાણે તે અન્નાદ-જે કાંઈ પણ ખાય તે દીપ્તાગ્નિને લીધે પચાવી જનારો થઈ જાય છે. તે મહાન થઈ જાય છે. તેનું મહત્ત્વ શાથી હોય છે ? તે માટે કહે છે : પુત્ર વગેરે પ્રજા, ગાય, ઘોડા વગેરે પશુઓ, તેમ જ બ્રહ્મતેજ એટલે કે શમ, દમ અને જ્ઞાન વગેરેથી પ્રાપ્ત થનારા તેજથી તથા કીર્તિ એટલે શુભ આચરણથી થનારી ખ્યાતિથી તે મહાન થઈ જાય છે. (૧)

इति भृगुवल्ल्यां षष्ठोऽनुवाकः ॥ ६ ॥

◆

सप्तम अनुवाक

अन्नं न निन्द्यात् । तद्व्रतम् । प्राणो वा अन्नम् । शरीरमन्नादम् । प्राणे शरीरं प्रतिष्ठितम् । शरीरेप्राणः प्रतिष्ठित । तदेतदन्नमन्ने प्रतिष्ठितम् । स य एतदन्नमन्ने प्रतिष्ठितं वेद प्रतितिष्ठति । अन्नवानन्नादो भवति । महान् भवति प्रजया पशुभिर्ब्रह्मवर्चसेन । महान् कीर्त्या ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- अन्नम्-અન્નને न निन्द्यात्-નિંદશો નહીં तत्-એ व्रतम्-વ્રત છે. प्राणः-પ્રાણ वै-જ अन्नम्-અન્ન છે. शरीरम्-શરીર अन्नादम्-અન્નનું ભક્ષણ કરનાર છે. शरीरम्-શરીર प्राणे-પ્રાણના આધારે प्रतिष्ठितम्-રહેલું છે. शरीरम्-શરીરમાં प्राणः-પ્રાણ प्रतिष्ठितः-રહેલા છે. तत्-તે एतत्-આ अन्ने-અન્નમાં अन्नम्-અન્ન प्रतिष्ठितः-રહેલું છે. एतत्-આને (જે) वेदः-જાણે છે सः-તે प्रतितिष्ठति-પ્રતિષ્ઠિત થાય છે. અને अन्नवान्-અન્નવાળો અને अन्नादः-અન્નનું ભક્ષણ કરનારો भवति-થાય છે. प्रजया-સંતાનથી पशुभिः-પશુઓથી અને ब्रह्मवर्चसेन-બ્રહ્મતેજથી સંપન્ન થઈ महान्-મહાન भवति-થાય છે. कीर्त्या-કીર્તિથી महान्-મહાન (भवति-થાય છે.) (૧)

અનુવાદ :- અન્નને નિંદશો નહીં એ વ્રત છે. પ્રાણ જ અન્નય છે. શરીર અન્નનું ભક્ષણ કરનાર છે. શરીર પ્રાણના આધારે રહેલું છે. શરીરમાં પ્રાણ રહેલા છે. તે આ અન્નમાં અન્ન રહેલું છે. આને (જે) જાણે છે તે પ્રતિષ્ઠિત થાય છે. અને અન્નવાળો અને અન્નનું ભક્ષણ કરનારો થાય છે. સંતાનથી પશુઓથી અને બ્રહ્મતેજથી સંપન્ન થઈ મહાન થાય છે. કીર્તિથી મહાન (થાય છે.) (૧)

शाङ्करभाष्यम् :- किं चान्नेन द्वारभूतेन ब्रह्म विज्ञातं यस्मात्तस्माद्गुरुमिव अन्नं न निन्द्यात्तदस्यैवं ब्रह्मविदो व्रतमुपदिश्यते । व्रतोपदेशोऽन्नस्तुतये, स्तुतिभाक्त्वं चान्नस्य ब्रह्मोपलब्ध्युपायत्वात् । ★ प्राणो वा अन्नम्, शरीरान्तर्भावात्प्राणस्य । यद्यस्यान्तः-प्रतिष्ठितं भवति तत्तस्यान्नं भवतीति । शरीरे च प्राणः प्रतिष्ठितस्तस्मात्प्राणोऽन्नं शरीरमन्नादम् । तथा शरीरमप्यन्नं प्राणोऽन्नादः । कस्मात् ? प्राणे शरीरे प्रतिष्ठितम्, तन्निमित्तत्वाच्छरीरस्थितेः । तस्मात्तदेतदुभयं शरीरं प्राणश्चान्नमन्नादश्च । येनान्योन्यस्मिन्प्रतिष्ठितं तेनान्नम् । येनान्योन्यस्य प्रतिष्ठा तेनान्नादः । तस्मात्प्राणः शरीरं चोभयमन्नमन्नादं च । ★ स य एवमेतदन्नमन्ने प्रतिष्ठितं वेद प्रतितिष्ठत्यन्नान्नादात्मनैव । किं चान्नवानन्नादो भवतीत्यादि पूर्ववत् ॥ १ ॥

શાંકરભાષ્ય :- વળી દ્વારભૂત અન્ન દ્વારા જેમ બ્રહ્મને જાણ્યું છે તેથી ગુરુની જેમ અન્નની પણ નિંદા ન કરવી. આ પ્રમાણે બ્રહ્મવેત્તાને માટે આ વ્રતનો ઉપદેશ કરવામાં આવે છે. આ વ્રતનો ઉપદેશ અન્નની સ્તુતિને માટે છે અને અન્નની સ્તુતિપાત્રતા તે બ્રહ્મની ઉપલબ્ધિનું સાધન હોવાને કારણે છે.

પ્રાણ જ અન્ન છે, કારણ કે પ્રાણ શરીરની ભીતર રહેનારો છે. જે જેની અંદર રહે છે તે તેનું અન્ન હોય છે. પ્રાણ શરીરમાં રહે છે તેથી પ્રાણ અન્ન છે અને શરીર અન્નાદ છે. આમ શરીર પણ અન્ન છે અને પ્રાણ અન્નાદ છે, કેવી રીતે ? પ્રાણમાં શરીર રહે છે, કારણ કે શરીર પ્રાણને લીધે જ ટકી રહે છે. એટલા માટે આ બંને શરીર અને પ્રાણ અન્ન અને અન્નાદ છે, કારણ કે તે બંને એકબીજામાં રહેલાં છે. તેથી અન્ન છે અને એકબીજાના આધાર છે માટે અન્નાદ છે. એથી જ પ્રાણ અને શરીર બંને અન્ન અને અન્નાદ છે.

તે જે આમ અન્નને અન્નમાં રહેલું જાણે છે, તે અન્ન અને અન્નાદરૂપે રહે છે, તેમ જ અન્નવાન અને અન્નાદ બને છે - વગેરે બાકીનો અર્થ પહેલાંની જેમ છે. (૧)

इति भृगुवल्ल्यां सप्तमोऽनुवाकः ॥ ७ ॥

◆

अष्टम अनुवाक

अन्नं न परिचक्षीत । तद्व्रतम् । आपो वा अन्नम् । ज्योतिरन्नादम् । अप्सु ज्योतिः प्रतिष्ठितम् । ज्योतिष्यापः प्रतिष्ठिताः । तदेतदन्नमन्ने प्रतिष्ठितम् । स य एतदन्नमन्ने प्रतिष्ठितं वेद प्रतितिष्ठति । अन्नवानन्नादो भवति । महान्भवति प्रजया पशुभिर्ब्रह्मवर्चसेन । महान्कीर्त्या ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- अन्नम्-અન્નની न परिचक्षीत-અવગણના ન કરો. तत्-તે व्रतम्-વ્રત છે. आपः-જળ वै-જ अन्नम्-અન્ન છે અને તેજઃ-તેજ अन्नादम्-અન્નનું ભક્ષણ કરનાર છે. अप्सु-જળમાં ज्योतिः-જ્યોતિ प्रतिष्ठितम्-રહેલી છે. ज्योतिषु-જ્યોતિમાં आपः-જળ प्रतिष्ठिताः-રહેલું છે. तत्-તે एतद्-આ अन्नम्-અન્ન अन्ने-અન્નમાં प्रतिष्ठितम्-રહેલું છે. सः-તે यः-જે एतद्-આ अन्नम्-અન્ન अन्ने-અન્નમાં प्रतिष्ठितम्-રહેલું वेदः-જાણે છે તે प्रतितिष्ठति-પ્રતિષ્ઠિત થાય છે. તે अन्नवान्-અન્નવાળો અને अन्नादः-અન્નનું ભક્ષણ કરનારો भवति-થાય છે; प्रजया-સંતાનથી पशुभिः-પશુઓથી ब्रह्मवर्चसेन-બ્રહ્મતેજથી જોડાઈને महान्-મહાન भवति-થાય છે. कीर्त्या-કીર્તિથી महान्-મહાન (भवति-બને છે.) (૧)

અનુવાદ :- અન્નની અવગણના ન કરો. તે વ્રત છે. જળ જ અન્ન છે અને તેજ અન્નનું ભક્ષણ કરનાર છે. જળમાં જ્યોતિ રહેલી છે. જ્યોતિમાં જળ રહેલું છે. તે આ અન્ન અન્નમાં રહેલું છે. જે આ અન્ન અન્નમાં રહેલું જાણે છે તે પ્રતિષ્ઠિત થાય છે. તે અન્નવાળો અને અન્નનું ભક્ષણ કરનારો થાય છે; સંતાનથી પશુઓથી બ્રહ્મતેજથી જોડાઈને મહાન થાય છે; કીર્તિથી મહાન (બને છે.) (૧)

शाङ्करभाष्यम् :- अन्नं न परिचक्षीत न परिहरेत् । तद्व्रतं पूर्ववत्स्तुत्यर्थम् । तदेवं शुभाशुभकल्पनया अपरिह्रियमाणं स्तुतं महीकृतमन्नं स्यात् । एवं यथोक्तमुत्तरेष्वप्यापो वा अन्नमित्यादिषु योजयेत् ॥ १ ॥

શાંકરભાષ્ય :- અન્નનો તિરસ્કાર કરવો નહીં. ત્યજવું નહીં, આ વ્રત છે - આ કથન પહેલાંની જેમ સ્તુતિને માટે છે. આ પ્રમાણે શુભ-અશુભની કલ્પનાથી ન ઉવેખાયેલું અન્ન અહીં સ્તુત તેમ જ મહિમાન્વિત કરાય છે. વળી આગળના 'आपो वा अन्नम्' વગેરે વાક્યોમાં પણ ઉપર દર્શાવેલા અર્થની જ યોજના કરવી જોઈએ. (૧)

इति भृगुवल्ल्यां अष्टमोऽनुवाकः ॥ ८ ॥

❖

नवम अनुवाक

अन्नं बहु कुर्वीत । तद्व्रतम् । पृथिवी वा अन्नम् । आकाशोऽन्नादः । पृथिव्यामाकाशः प्रतिष्ठितः । आकाशे पृथिवी प्रतिष्ठिता । तदेतदन्नमन्ने प्रतिष्ठितम् । स य एतदन्नमन्ने प्रतिष्ठितं वेद प्रतितिष्ठति । अन्नवानन्नादो भवति । महान्भवति प्रजया पशुभिर्ब्रह्मवर्चसेन । महान्कीर्त्या ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- अन्नम्-અન્નને बहु-પુષ્કળ कुर्वीत-ઉત્પન્ન કરો. तद्-તે व्रतम्-વ્રત છે. पृथिवी-પૃથ્વી वै-જ अन्नम्-અન્ન છે. आकाशः-આકાશ अन्नादः-અન્નનું ભક્ષણ કરનાર છે. पृथिव्याम्-પૃથ્વીમાં आकाशः-આકાશ प्रतिष्ठितम्-પ્રતિષ્ઠિત છે. आकाशे-આકાશમાં पृथिवी-પૃથ્વી प्रतिष्ठिता-પ્રતિષ્ઠિત છે. तत्-તે एतत्-આ अन्ने-અન્નમાં अन्नम्-અન્ન प्रतिष्ठितम्-પ્રતિષ્ઠિત છે. एतत्-આને वेदः-જે જાણે છે सः-તે प्रतिष्ठितम्-પ્રતિષ્ઠિત થઈ જાય છે. તે अन्नवान्-અન્નવાળો અને अन्नादः-અન્નનું ભક્ષણ કરનારો भवति-થાય છે. प्रजया-સંતાનથી पशुभिः-પશુઓથી ब्रह्मवर्चसेन-બ્રહ્મતેજથી જોડાઈને महान्-મહાન भवति-થાય છે. कीर्त्या-કીર્તિથી महान्-મહાન (भवति-બને છે.) (૧)

અનુવાદ :- અન્નને પુષ્કળ ઉત્પન્ન કરો. તે વ્રત છે. પૃથ્વી જ અન્ન છે. આકાશ અન્નનું ભક્ષણ કરનાર

છે. પૃથ્વીમાં આકાશ પ્રતિષ્ઠિત છે. આકાશમાં પૃથ્વી પ્રતિષ્ઠિત છે. તે આ અન્નમાં અન્ન પ્રતિષ્ઠિત છે. આને જે જાણે છે તે પ્રતિષ્ઠિત થઈ જાય છે. તે અન્નવાળો અને અન્નનું ભક્ષણ કરનારો થાય છે. સંતાનથી પશુઓથી બ્રહ્મતેજથી જોડાઈને મહાન થાય છે. કીર્તિથી મહાન (બને છે.) (૧)

शाङ्करभाष्यम् :- अप्सु ज्योतिरित्यब्ज्योतिषोरन्नान्नादगुणत्वेनोपासकस्यान्नस्य बहुकरणं व्रतम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- ઉપર કહેલા 'अप्सु ज्योतिः' વગેરે મંત્ર મુજબ જળ અને તેજની અન્ન અને અન્નાદની ગુણથી ઉપાસના કરનારાને માટે 'અન્નને વધારવું એ વ્રત છે.' (એવું આ મંત્રમાં કહ્યું છે). (૧)

इति भृगुवल्ल्यां नवमोऽनुवाकः ॥ ९ ॥

⁂

दशम अनुवाक

न कञ्चन वसतौ प्रत्याचक्षीत । तद्व्रतम् । तस्माद्यया कया च विधया बह्वन्नं प्राप्नुयात् । आराध्यस्मा अन्नमित्याचक्षते । एतद्वै मुखतोऽन्नꣳराद्धम् । मुखतोऽस्मा अन्नꣳ राध्यते । एतद्वै मध्यतोऽन्नꣳ राद्धम् । मध्यतोऽस्मा अन्नꣳ राध्यते । एतद्वा अन्ततोऽन्नꣳ राद्धम् । अन्ततोऽस्मा अन्नꣳ राध्यते ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- वसतौ-(પોતાના) ઘરમાં આવેલા कंचन-કોઈ અતિથિને न प्रत्याचक्षीत-પ્રતિકૂળ ઉત્તર ન આપવો. तत्-તે व्रतम्-વ્રત છે. तस्मात्-માટે यया कया च विधिया-(અતિથિ માટે) જે તે કોઈપણ વિધિથી बहु-પુષ્કળ अन्नम्-અન્ન प्राप्नुयात्-પ્રાપ્ત કરવું જોઈએ. अस्मै-એ(અતિથિ)ને अन्नम्-'અન્ન-ભોજન आराधि-તૈયાર છે' इति-એમ आचक्षते-જે કહે છે, मुखतः-મુખ્યતયા (શ્રદ્ધાપૂર્વક) एतत्-આ राद्धम्-રાંધેલું अन्नम्-અન્ન આપે છે. वै-ચોક્કસ अस्मै-તેને मुखतः-મુખ્યરૂપે अन्नम्-અન્ન राध्यते-પ્રાપ્ત થાય છે. मध्यतः-(જો તે) મધ્યમ રીતે (મધ્યમ કક્ષાની શ્રદ્ધાથી) एतत्-આ राद्धम्-રાંધેલું अन्नम्-અન્ન આપે છે वै-નિઃસંદેહ अस्मै-એને मध्यतः-મધ્યમ કક્ષાથી अन्नम्-અન્ન राध्यते-પ્રાપ્ત થાય છે. જો તે अन्ततः-અત્યંત નીચ(કક્ષાની શ્રદ્ધા)થી एतत्-આ राद्धम्-રાંધેલું अन्नम्-અન્ન આપે છે वै-ચોક્કસ अस्मै-એને अन्ततः-નીચ કક્ષાનું अन्नम्-અન્ન राध्यते-પ્રાપ્ત થાય છે. यः-જે एवम्-આમ वेद-જાણે છે (તે અતિથિ સાથે યોગ્ય વ્યવહાર કરે છે). (૧)

અનુવાદ :- (પોતાના) ઘરમાં આવેલા કોઈ અતિથિને પ્રતિકૂળ ઉત્તર ન આપવો તે વ્રત છે. માટે (અતિથિ માટે) જે તે કોઈપણ વિધિથી પુષ્કળ અન્ન પ્રાપ્ત કરવું જોઈએ. એ(અતિથિ)ને 'અન્ન-ભોજન તૈયાર છે' એમ જે કહે છે, મુખ્યતયા (શ્રદ્ધાપૂર્વક) આ રાંધેલું અન્ન આપે છે. ચોક્કસ તેને મુખ્યરૂપે અન્ન પ્રાપ્ત થાય છે. (જો તે) મધ્યમ રીતે (મધ્યમ કક્ષાની શ્રદ્ધાથી) આ રાંધેલું અન્ન આપે છે નિઃસંદેહ એને મધ્યમ કક્ષાથી અન્ન પ્રાપ્ત થાય છે. જો તે અત્યંત નીચ(કક્ષાની શ્રદ્ધા)થી આ રાંધેલું અન્ન આપે છે ચોક્કસ એને નીચ કક્ષાનું અન્ન પ્રાપ્ત થાય છે. જે આમ જાણે છે (તે અતિથિ સાથે યોગ્ય વ્યવહાર કરે છે). (૧)

⁂

य एवं वेद । क्षेम इति वाचि । योगक्षेम इति प्राणापानयोः । कर्मेति हस्तयोः । गतिरिति पादयोः । विमुक्तिरिति पायौ । इति मानुषीः समाज्ञाः । अथ दैवीः । तृप्तिरिति वृष्टौ । बलमिति विद्युति ॥ २ ॥

અન્વય અને શબ્દાર્થ :- वाचि-(તે પરમાત્મા) વાણીમાં क्षेम इति-કલ્યાણના રૂપમાં રહેલો છે. प्राणापानयोः-પ્રાણ અને અપાનમાં योगक्षेमः इति-યોગ (અપ્રાપ્તની પ્રાપ્તિ) અને ક્ષેમ (પ્રાપ્તનું પરિરક્ષણ)રૂપે રહેલાં છે. हस्तयोः-બંને હાથમાં कर्म इति-કર્મ રૂપે (રહેલો છે) पादयोः-બંને પગમાં गतिः इति-ગતિરૂપે (રહેલો છે)

पायौ-ગુદામાં विमुक्तिः इति-મળત્યાગ કરવાની શક્તિરૂપે (રહેલો છે). इति-એમ આ मानुषीः-માનવીય માનવસંબંધી समाज्ञाः-ઉપાસના છે. अथ-હવે दैवी-દૈવી (ઉપાસના જણાવે છે) એ પરમાત્મા वृष्टौ-વૃષ્ટિમાં तृप्तिः इति-તૃપ્તિ રૂપે (રહેલ છે). विद्युति-વીજળીમાં बलम् इति-બળરૂપે (રહેલ છે). (૨)

અનુવાદ :- (તે પરમાત્મા) વાણીમાં કલ્યાણના રૂપમાં રહેલો છે. પ્રાણ અને અપાનમાં યોગ (અપ્રાપ્તની પ્રાપ્તિ) અને ક્ષેમ(પ્રાપ્તનું પરિરક્ષણ)રૂપે રહેલાં છે. બંને હાથમાં કર્મ રૂપે (રહેલો છે) બંને પગમાં ગતિરૂપે (રહેલો છે) ગુદામાં મળત્યાગ કરવાની શક્તિરૂપે (રહેલો છે). એમ આ માનવીય માનવસંબંધી ઉપાસના છે. હવે દૈવી (ઉપાસના જણાવે છે) એ પરમાત્મા વૃષ્ટિમાં તૃપ્તિ રૂપે (રહેલ છે). વીજળીમાં બળરૂપે (રહેલ છે). (૨)

⁂

यश इति पशुषु ज्योतिरिति नक्षत्रेषु । प्रजातिरमृतमानन्द इत्युपस्थे । सर्वमित्याकाशे । तत्प्रतिष्ठेत्युपासीत । प्रतिष्ठावान् भवति । तन्मह इत्युपासीत । महान् भवति । तन्मन इत्युपासीत । मनवान् भवति ॥ ३ ॥

અન્વય અને શબ્દાર્થ :- पशुषु-પશુઓમાં यशः इति-યશરૂપે રહેલ છે. नक्षत्रेषु-નક્ષત્રોમાં ज्योतिः इति-જ્યોતિરૂપે (રહેલ છે). उपस्थे-જનનેન્દ્રિયમાં प्रजातिः-પ્રજા ઉત્પન્ન કરવાની શક્તિ अमृतम्-વીર્યરૂપ અમૃતરૂપે અને आनन्दः-આનંદ આપનારી શક્તિ તરીકે તથા आकाशे-આકાશમાં सर्वम् इति-બધાના આધારરૂપે રહેલ છે. तत्-તે (પરમતત્ત્વ) प्रतिष्ठा-(બધાની) પ્રતિષ્ઠા અર્થાત્ આધાર છે इति-એમ उपासीत-ઉપાસના કરે તો (સાધક) प्रतिष्ठावान्-પ્રતિષ્ઠાવાળો भवति-બને છે. तत्-તે (પરમતત્ત્વ) महः-મહાન છે इति-એમ उपासीत-ઉપાસના કરે તો (સાધક) महान्-મહાન भवति-બને છે. तत्-તે (પરમતત્ત્વ) मनः-મન છે इति-એમ उपासीत-ઉપાસના કરે તો (સાધક) मनवान्-મનવાળો भवति-બને છે. (૩)

અનુવાદ :- પશુઓમાં યશરૂપે રહેલ છે. નક્ષત્રોમાં જ્યોતિરૂપે (રહેલ છે). જનનેન્દ્રિયમાં પ્રજા ઉત્પન્ન કરવાની શક્તિ વીર્યરૂપ અમૃતરૂપે અને આનંદ આપનારી શક્તિ તરીકે તથા આકાશમાં બધાના આધારરૂપે રહેલ છે. તે (પરમતત્ત્વ) (બધાની) પ્રતિષ્ઠા અર્થાત્ આધાર છે એમ ઉપાસના કરે તો (સાધક) પ્રતિષ્ઠાવાળો બને છે. તે (પરમતત્ત્વ) મહાન છે એમ ઉપાસના કરે તો (સાધક) મહાન બને છે. તે (પરમતત્ત્વ) મન છે એમ ઉપાસના કરે તો (સાધક) મનવાળો બને છે. (૩)

⁂

तन्नम इत्युपासीत । नम्यन्तेऽस्मै कामाः । तद्ब्रह्मेत्युपासीत । ब्रह्मवान् वति । तद्ब्रह्मणः परिमर इत्युपासीत । पर्येणं म्रियन्ते द्विषन्तः सपत्नाः । परि येऽप्रिया भ्रातृव्याः । स यश्चायं पुरुषे यश्चासावादित्ये स एकः ॥ ४ ॥

અન્વય અને શબ્દાર્થ :- तत्-તે (પરમતત્ત્વ) नमः-નમસ્કાર યોગ્ય છે इति-એમ उपासीत-ઉપાસના કરે તો अस्मै-એ(સાધક)ને कामाः-(સઘળી) કામનાઓ नम्यन्ते-નમસ્કાર કરે છે. तत्-એ (પરમતત્ત્વ) ब्रह्म-બ્રહ્મ છે इति-એમ उपासीत-ઉપાસના કરે તો (સાધક) ब्रह्मवान्-બ્રહ્મથી યુક્ત भवति-બને છે. तत्-એ (પરમતત્ત્વ) ब्रह्मणः-બ્રહ્મનો परिमरः-ચારેબાજુથી મારનાર અધિકારી છે इति-એમ उपासीत-ઉપાસના કરે તો एनम्-એ સાધકની परि-પ્રત્યે द्विषन्तः-દ્વેષ કરનારા सपत्नाः-શત્રુઓ म्रियन्ते-મરી જાય છે. ये-જે परि-(સાધક)ના બધી રીતે अप्रियाः-અપ્રિય भ्रातृव्या-સ્વજનો છે (તેઓ પણ મરી જાય છે). सः-એ (પરમતત્ત્વ) यः-જે अयम्-આ पुरुषे-મનુષ્યમાં છે च-અને यः-જે असौ-એ (પરમતત્ત્વ) आदित्ये च-આદિત્યમાં પણ છે सः-તે (બંનેનો અંતર્યામી) एकः-એક જ છે. (૪)

અનુવાદ :- તે (પરમતત્ત્વ) નમસ્કાર યોગ્ય છે એમ ઉપાસના કરે તો એ(સાધક)ને (સઘળી) કામનાઓ નમસ્કાર કરે છે. એ (પરમતત્ત્વ) બ્રહ્મ છે એમ ઉપાસના કરે તો (સાધક) બ્રહ્મથી યુક્ત બને છે. એ (પરમતત્ત્વ) બ્રહ્મનો ચારેબાજુથી મારનાર અધિકારી છે એમ ઉપાસના કરે તો એ સાધકની પ્રત્યે દ્વેષ કરનારા શત્રુઓ મરી જાય છે. જે (સાધક)ના બધી રીતે અપ્રિય સ્વજનો છે (તેઓ પણ મરી જાય છે). એ (પરમતત્ત્વ) જે આ મનુષ્યમાં છે અને જે એ (પરમતત્ત્વ) આદિત્યમાં પણ છે તે (બંનેનો અંતર્યામી) એક જ છે. (૪)

शाङ्करभाष्यम् :- तथा पृथिव्याकाशोपासकस्य वसतौ वसतिनिमित्तं कंचन कंचिदपि न प्रत्याचक्षीत वसत्यर्थमागतं न निवारयेदित्यर्थः । वासे च दत्तेऽवश्यं ह्यशनं दातव्यम् । तस्माद्यया कया च विधया येन केन च प्रकारेण बह्वन्नं प्राप्नुयाद्बह्वन्नसंग्रहं कुर्यादित्यर्थः । ★ यस्मादन्नवन्तो विद्वांसोऽभ्यागतायान्नार्थिनेऽराधि संसिद्धमस्मा अन्नमित्याचक्षते न नास्तीति प्रत्याख्यानं कुर्वन्ति । तस्माच्च हेतोर्बह्वन्नं प्राप्नुयादिति पूर्वेण संबन्धः । अपि चान्नदानस्य माहात्म्यमुच्यते । यथा यत्कालं प्रयच्छत्यन्नं तथा तत्कालमेव प्रत्युपनमते । कथमिति तदेतदाह-एतद्वा अन्नं मुखतो मुख्ये प्रथमे वयसि मुख्यया वा वृत्त्या पूजापुरःसरमभ्यागतायान्नार्थिने राद्धं संसिद्धं प्रयच्छतीति वाक्यशेषः । तस्य किं फलं स्यादित्युच्यते-मुखतः पूर्वे वयसि मुख्यया वा वृत्त्यास्मा अन्नादायान्नं राध्यते यथादत्तमुपतिष्ठत इत्यर्थः । एवं मध्यतो मध्यमे वयसि मध्यमेन चोपचारेण । तथाऽन्ततोऽन्ते वयसि जघन्येन चोपचारेण परिभवेन तथैवास्मै राध्यते संसिध्यत्यन्नम् ॥ १ ॥ ★ य एवं वेद य एवमन्नस्य यथोक्तं माहात्म्यं वेद तद्दानस्य च फलम्, तस्य यथोक्तं फलमुपनमते । ★ इदानीं ब्रह्मण उपासनप्रकार उच्यते-क्षेम इति वाचि । क्षेमो नामोपात्तपरिरक्षणम् । ब्रह्म वाचि क्षेमरूपेण प्रतिष्ठितमित्युपास्यम् । योगक्षेम इति, योगोऽनुपात्तस्योपादानम्, तौ हि योगक्षेमौ प्राणापानयोः सतोर्भवतो यद्यपि तथापि न प्राणापाननिमित्तावेव किं तर्हि ब्रह्मनिमित्तौ, तस्माद्ब्रह्म योगक्षेमात्मना प्राणापानयोः प्रतिष्ठितमित्युपास्यम् । ★ एवमुत्तरेष्वन्येषु तेन तेनात्मना ब्रह्मैवोपास्यम् । कर्मणो ब्रह्मनिर्वर्त्यत्वाद्धस्तयोः कर्मात्मना ब्रह्म प्रतिष्ठितमित्युपास्यम् । गतिरिति पादयोः । विमुक्तिरिति पायौ । इत्येता मानुषीर्मनुष्येषु भवा मानुष्यः समाज्ञा, आध्यात्मिक्यः समाज्ञा ज्ञानानि विज्ञानान्युपासनानीत्यर्थः । ★ अथानन्तरं दैवीर्दैव्यो देवेषु भवाः समाज्ञा उच्यन्ते । तृप्तिरिति वृष्टौ । वृष्टेरन्नादिद्वारेण तृप्तिहेतुत्वाद्ब्रह्मैव तृप्त्यात्मना वृष्टौ व्यवस्थितमित्युपास्यम् । तथान्येषु तेन तेनात्मना ब्रह्मैवोपास्यम् । तथा बलरूपेण विद्युति ॥ २ ॥ यशोरूपेण पशुषु । ज्योतीरूपेण नक्षत्रेषु । प्रजातिरमृतममृतत्वप्राप्तिः पुत्रेण ऋणविमोक्षद्वारेणानन्दः सुखमित्येतत्सर्वमुपस्थनिमित्तं ब्रह्मैवानेनात्मनोपस्थे प्रतिष्ठितमित्युपास्यम् । ★ सर्वं ह्याकाशे प्रतिष्ठितमतो यत्सर्वमाकाशे तद्ब्रह्मैवेत्युपास्यम् । तच्चाकाशं ब्रह्मैव । तस्मात्तत् सर्वस्य प्रतिष्ठेत्युपासीत । प्रतिष्ठागुणोपासनात्प्रतिष्ठावान्भवति । एवं पूर्वेष्वपि यद्यत्तदधीनं फलं तद्ब्रह्मैव तदुपासनात्तद्वान्भवतीति द्रष्टव्यम् । श्रुत्यन्तराच्च-'**तं यथा यथोपासते तदेव भवति**' इति । ★ तन्मह इत्युपासीत । महोमहत्त्वगुणवत्तदुपासीत । महान् भवति । तन्मन इत्युपासीत । मननं मनः । मानवान्भवति मननसमर्थो भवति ॥ ३ ॥ तन्नम इत्युपासीत । नमनं नमो नमनगुणवत्तदुपासीत । नम्यन्ते प्रह्वीभवन्त्यस्मा उपासित्रे कामाः काम्यन्त इति भोग्या विषया इत्यर्थः । ★ तद्ब्रह्मेत्युपासीत । ब्रह्म परिवृढतममित्युपासीत । ब्रह्मवांस्तद्गुणो भवति । तद्ब्रह्मणः परिमर इत्युपासीत । ब्रह्मणः परिमरः परिम्रियन्तेऽस्मिन्पञ्च देवता विद्युद्वृष्टिश्चन्द्रमा आदित्योऽग्निरित्येताः । अतो वायुः परिमरः श्रुत्यन्तरप्रसिद्धेः । स एष एवायं वायुराकाशेनान्य इत्याकाशो ब्रह्मणः परिमरः, तमाकाशं वाय्वात्मानं ब्रह्मणः परिमर इत्युपासीत । ★ एनमेवंविदं प्रतिस्पर्धिनो द्विषन्तोऽद्विषन्तोऽपि सपत्ना यतो भवन्त्यतो विशेष्यन्ते द्विषन्तः सपत्ना इति, एनं द्विषन्तः सपत्नास्ते परिम्रियन्ते प्राणाञ्जहति । किं च ये चाप्रिया अस्य भ्रातृव्या अद्विषन्तोऽपि ते च परिम्रियन्ते । ★ '**प्राणो वा अन्नं शरीरमन्नादम्**' इत्यारभ्याकाशान्तस्य कार्यस्यैवान्नान्नादत्वमुक्तम् । ★ उक्तं नाम किं तेन ? ★ तेनैतत्सिद्धं भवति-कार्यविषय एव भोज्यभोक्तृत्वकृतः संसारो न त्वात्मनीति । आत्मनि तु भ्रान्त्योपचर्यते । ★ नन्वात्मापि परमात्मनः कार्यं ततो युक्तस्तस्य संसार इति । ★ न, असंसारिण एव प्रवेशश्रुतेः । '**तत्सृष्ट्वा तदेवानुप्राविशत्**' (तै.उप. २-६-१) इत्याकाशादिकारणस्य ह्यसंसारिण एव परमात्मनः कार्येष्वनुप्रवेशः श्रूयते । तस्मात्कार्यानुप्रविष्टो जीव आत्मा पर एव असंसारी । सृष्ट्वानुप्राविशदिति समानकर्तृकत्वोपपत्तेश्च । सर्गप्रवेशक्रिययोश्चैकश्चेत्कर्ता ततः क्त्वाप्रत्ययो युक्तः ।

★ प्रविष्टस्य तु भावान्तरापत्तिरिति चेत् ? ★ न, प्रवेशस्यान्यार्थत्वेन प्रत्याख्यातत्वात् । '**अनेन जीवेनात्मना**' (छा.उप. ६-३-२) इति विशेषश्रुतेर्धर्मान्तरेणानुप्रवेश इति चेत् । न, '**तत्त्वमसि**' इति पुनस्तद्भावोक्तेः । भावान्तरापन्नस्यैव तदपोहार्था संपदिति चेत् ? न, '**तत्सत्यं स आत्मा तत्त्वमसि**' (छा.उप. ६- ८-१६) इति सामानाधिकरण्यात् । ★ दृष्टं जीवस्य संसारित्वमिति चेत् ? न, उपलब्धुरनुपलभ्यत्वात् । ★ संसारधर्मविशिष्ट आत्मोपलभ्यत इति चेत् ? ★ न, धर्माणां धर्मिणोऽव्यतिरेकात्कर्मत्वानुपपत्तेः, उष्णप्रकाशयोर्दाह्यप्रकाश्यत्वानुपपत्तिवत् । त्रासादिदर्शनाद्दुःखित्वाद्यनुमीयत इति चेत् ? न, त्रासादेर्दुःखस्य चोपलभ्यमानत्वान्नोपलब्धृधर्मत्वम् । ★ कापिलकाणादादितर्कशास्त्रविरोध इति चेत् ? ★ न, तेषां मूलाभावे वेदविरोधे च भ्रान्तत्वोपपत्तेः । श्रुत्युपपत्तिभ्यां च सिद्धमात्मनोऽसंसारित्वमेकत्वाच्च । कथमेकत्वमित्युच्यते-स यश्चायं पुरुषे यश्चासावादित्ये स एक इत्येवमादि पूर्ववत् सर्वम् ॥ ४ ॥

શાંકરભાષ્ય :- વળી પૃથ્વી અને આકાશને (અન્ન તેમ જ અન્નાદરૂપથી) ઉપાસના કરનારાને ત્યાં રહેવાને માટે પણ આવે તો તેણે તેને ના પાડવી નહીં, અર્થાત્ (પોતાને ત્યાં) રહેવાને માટે આવેલા (કોઈ પણ માણસ)ને પાછો કાઢવો નહીં. કોઈને જો નિવાસ માટે સ્થાન આપવામાં આવે તો તેને ભોજન પણ અવશ્ય આપવું. આથી ગમે તે રીતે પણ એટલે કે કોઈ ને કોઈ રીતે પુષ્કળ અન્ન પ્રાપ્ત કરવું, અર્થાત્ ખૂબ અન્નનો સંગ્રહ કરવો એવો અર્થ છે.

કારણ કે અન્નવાન ઉપાસકો પોતાના ઘેર આવેલા અન્નાર્થીને 'જમવાનું તૈયાર છે' એમ કહે છે - 'અન્ન નથી' એમ કહીને તેનો તિરસ્કાર કરતા નથી. એટલા માટે પણ ઘણું અનાજ સંઘરવું - આ પ્રમાણે એનો પૂર્વ (વાક્ય) સાથે સંબંધ છે. હવે અન્નદાનનું માહાત્મ્ય કહેવામાં આવે છે. જે પુરુષ જેવી રીતે અને જે સમયે અન્નદાન કરે છે તેને તેવી જ રીતે અને તે જ સમયે તેની પ્રાપ્તિ થાય છે. આ કેમ થાય છે તે કહે છે :-

જે પુરુષ મુખ્ય એટલે પ્રથમ અવસ્થામાં અથવા મુખ્ય વૃત્તિથી એટલે કે સત્કારપૂર્વક રાંધેલું અનાજ પોતાને ત્યાં આવેલા અન્નાર્થી અતિથિને આપે છે - અહીં 'प्रयच्छति' (આપે છે) આ ક્રિયાપદ વાક્યશેષ (ન કહેવામાં આવેલો ભાગ) છે-તેને શું ફળ મળે છે તે કહે છે : આ અન્નદાતાને મુખ્યતઃ પ્રથમ અવસ્થામાં અથવા મુખ્યવૃત્તિથી અન્ન પ્રાપ્ત થાય છે, અર્થાત્ જે રીતે અપાય છે તે જ રીતે પ્રાપ્ત થાય છે. એ જ રીતે મધ્યતઃ-મધ્યમ આયુમાં અથવા મધ્યમવૃત્તિથી તેમ જ અંતતઃ-અંતિમ આયુમાં અથવા નિકૃષ્ટ-અધમ વૃત્તિથી એટલે કે તિરસ્કારપૂર્વક આપવાથી એને એવી જ રીતે અન્નની પ્રાપ્તિ થાય છે.

જે આમ જાણે છે - જે આ પ્રકારે અન્નનું પૂર્વોક્ત માહાત્મ્ય અને દાનનું ફળ જાણે છે, તેને અગાઉ કહેવામાં આવેલા ફળની પ્રાપ્તિ થાય છે.

હવે બ્રહ્મની ઉપાસનાનો પ્રકાર બતાવવામાં આવે છે તે 'ક્ષેમ છે.' આ પ્રમાણે તે વાણીમાં રહે છે. પ્રાપ્તપદાર્થની રક્ષા કરવી એને 'ક્ષેમ' કહેવામાં આવે છે. વાણીમાં બ્રહ્મ ક્ષેમરૂપે રહે છે. આમ તેની ઉપાસના કરવી જોઈએ. 'યોગ' એટલે કે અપ્રાપ્ત વસ્તુને પ્રાપ્ત કરવી એને 'યોગ' કહેવામાં આવે છે. આ યોગ અને ક્ષેમ જો કે બળવાન પ્રાણ અને અપાનના રહેવાથી જ હોય છે, તોપણ તેમનું કારણ પ્રાણ અને અપાન નથી. તો તેમનું કારણ શું છે ? તે બ્રહ્મને લીધે હોય છે, અર્થાત્ બ્રહ્મ જ તેમનું કારણ છે. આથી યોગક્ષેમરૂપે બ્રહ્મ પ્રાણ અને અપાનમાં રહેલું છે, આમ તેની ઉપાસના કરવી જોઈએ.

આ રીતે આગળના અન્ય પર્યાયોમાં પણ તે તે રૂપે બ્રહ્મની જ ઉપાસના કરવી જોઈએ. કર્મ બ્રહ્મની પ્રેરણાથી નિષ્પન્ન થાય છે, માટે હાથોમાં કર્મરૂપ બ્રહ્મ રહેલું છે - આ રીતે તેની ઉપાસના કરવી જોઈએ. પગમાં ગતિરૂપથી અને ગુદામાં મલત્યાગ કરવાની શક્તિરૂપે બ્રહ્મને રહેલું સમજીને તેની ઉપાસના કરવી. આ રીતે આ માનુષી મનુષ્યોમાં રહેનારી સમાજ્ઞા છે, અર્થાત્ આ આધ્યાત્મિક સમજ્ઞા-જ્ઞાન-વિજ્ઞાન એટલે કે ઉપાસના છે. આ એનો અર્થ છે.

હવે આ પછી દૈવી-દેવ સંબંધી અર્થાત્ દેવતાઓમાં થનારી સમાજ્ઞા કહેવામાં આવે છે. તૃપ્તિ આ ભાવથી વૃષ્ટિમાં (બ્રહ્મની ઉપાસના કરવી) અન્ન વગેરે દ્વારા વૃષ્ટિ તૃપ્તિનું કારણ છે. માટે તૃપ્તિરૂપે બ્રહ્મ જ વૃષ્ટિમાં રહેલું છે, આમ તેની ઉપાસના કરવી જોઈએ. એટલે કે બળરૂપે વીજળીમાં, યશરૂપે પશુઓમાં, તેજરૂપે નક્ષત્રોમાં, પ્રજાતિ (પુત્ર વગેરે પ્રજા) અમૃત અર્થાત્ પુત્ર દ્વારા પિતૃઋણથી મુક્ત થવા દ્વારા અમૃતત્વની પ્રાપ્તિ અને આનંદ-સુખ આ બધાં ઉપસ્થ-શિશ્નના નિમિત્તે થનારાં છે, માટે એમના રૂપે બ્રહ્મ જ ઉપસ્થ(પુરુષચિહ્ન)માં રહેલું છે, આમ તેની ઉપાસના કરવી જોઈએ.



સર્વ કાંઈ આકાશમાં જ રહેલ છે. એટલા માટે આકાશમાં જે કાંઈ છે તે બધું બ્રહ્મ જ છે તેની ઉપાસના કરવી જોઈએ. વળી તે આકાશ પણ બ્રહ્મ જ છે, તેથી તે સર્વનો આશ્રય છે આમ તેની ઉપાસના કરવી. બ્રહ્મમાં રહેલા ગુણોની ઉપાસના કરવાથી ઉપાસક પ્રતિષ્ઠાવાન બને છે, એમ જ બીજા બધા પર્યાયોમાં સમજવું જોઈએ. જે જે તે(બ્રહ્મ)ને અધીન ફળ છે તે બ્રહ્મ જ છે. તેની ઉપાસનાથી પુરુષ તે જ ફળથી યુક્ત થાય છે, એમ જાણવું જોઈએ. આ જ વાત **'જે પ્રકારથી જે તેની ઉપાસના કરે છે તે (ઉપાસક) તે જ થઈ જાય છે.'** આ એક બીજી શ્રુતિથી પ્રમાણિત થાય છે.

તે મહઃ છે એમ તેની ઉપાસના કરવી. મહઃ એટલે મહત્ત્વ ગુણવાળું છે એમ તેની ઉપાસના કરવી. આથી ઉપાસક મહાન બને છે. તે મન છે આ રીતે તેની ઉપાસના કરવી. મનન કરવું એટલે 'મન' આથી તે મનવાન્-મનમાં સમર્થ બને છે. તે નમઃ છે, આ પ્રમાણે તેની ઉપાસના કરવી. નમન એટલે 'નમઃ' અર્થાત્ તેને નમન ગુણવાળું સમજીને ઉપાસના કરવી. આથી તે ઉપાસકના પ્રતિ સર્વ કામ-જેમની કામના કરવામાં આવે તે યોગ્ય વિષય-નત અર્થાત્ નમ્ર બને છે.

તે બ્રહ્મ છે આમ તેની ઉપાસના કરવી. બ્રહ્મ એટલે 'સર્વથી વધેલું' આમ તેની ઉપાસના કરવી. આથી તે બ્રહ્મવાન-બ્રહ્મના જેવા ગુણવાળો બને છે. તે બ્રહ્મનો પરિમર છે-આ પ્રમાણે તેની ઉપાસના કરવી. બ્રહ્મનો પરિમર-જેમાં વિદ્યુત, વૃષ્ટિ, ચંદ્રમા, આદિત્ય અને અગ્નિ આ પાંચ, દેવતા મૃત્યુને પ્રાપ્ત થાય છે તેને પરિમર કહે છે, આથી વાયુ પરિમર છે, જેમ કે ('वायुर्वाव संवर्गः આ) એક અન્ય શ્રુતિથી સિદ્ધ થાય છે. તે જ આ વાયુ આકાશથી અભિન્ન છે, તેથી આકાશ જ બ્રહ્મનું પરિમર છે, માટે વાયુરૂપ આકાશની 'આ બ્રહ્મનું પરિમર છે.' એમ ઉપાસના કરવી.

આમ જાણનારા(આ સાધક)નો દ્વેષ કરનારા પ્રતિપક્ષીઓ એટલે સામાવાળાઓ, કારણ કે પ્રતિપક્ષી દ્વેષ ન કરનારા પણ હોય છે તેથી અહીં 'દ્વેષ કરનારા' આ વિશેષણ આપવામાં આવ્યું છે-તે શત્રુઓ (દ્વેષ કરનારાઓ) મરી જાય છે અર્થાત્ પ્રાણ છોડી દે છે, તેમ જ એ ઉપાસકના જે અપ્રિય ભ્રાતૃવ્ય-ભત્રીજાઓ-શત્રુઓ હોય છે, તેઓ દ્વેષ ન કરનારા હોય તો પણ મરે છે.

'પ્રાણ જ અન્ન છે અને શરીર અન્નાદ છે.' અહીંથી આરંભી આકાશ સુધી કાર્યવર્ગનું અન્ન અને અન્નાદત્વ પ્રતિપાદન કરાયું છે.

પૂર્વપક્ષી : ઠીક છે, પ્રતિપાદન કરાયું છે તેથી શું ?

સિદ્ધાંતી : આથી એમ સિદ્ધ થાય છે કે, ભોજ્ય અને ભોક્તાને લીધે થનારો સંસાર કાર્યવર્ગ સાથે સંબદ્ધ છે, તે આત્મામાં નથી, આત્મામાં તો ભ્રાંતિને કારણે તેનો ઉપચાર કરવામાં આવે છે.

પૂર્વપક્ષી : પરંતુ આત્મા પણ પરમાત્માનું જ કાર્ય છે ને ? તેથી તેને સંસારની પ્રાપ્તિ થવી યોગ્ય છે.

સિદ્ધાંતી : ના, કેમ કે પ્રવેશશ્રુતિ અસંસારીના જ પ્રવેશનું પ્રતિપાદન કરે છે. **'તેને રચીને પછીથી તે તેમાં પ્રવિષ્ટ થઈ ગયો.'** (તૈ.ઉપ. ૨-૬-૧) આ શ્રુતિ દ્વારા આકાશ વગેરેના કારણરૂપ અસંસારી પરમાત્માનો કાર્યોમાં અનુપ્રવેશ સાંભળવામાં આવ્યો છે. તેથી કાર્યમાં અનુપ્રવિષ્ટ જીવાત્મા અસંસારી પરમાત્મા જ છે. **'રચીને પછીથી પ્રવિષ્ટ થઈ ગયો.'** આ વાક્યથી એક જ કર્તા હોવાનું સિદ્ધ થાય છે. જો સૃષ્ટિ અને પ્રવેશક્રિયાનો એક જ કર્તા હોય તો જ 'क्त्वा' પ્રત્યય યોગ્ય લેખાય.

પૂર્વપક્ષી : પ્રવેશ કરી લીધા પછી તેને બીજા ભાવની પ્રાપ્તિ થઈ જાય છે એમ કહો તો ?

સિદ્ધાંતી : ના, કેમ કે પ્રવેશનું પ્રયોજન બીજું જ છે એમ કહીને અમે એનું પહેલાં જ નિરાકરણ કરી ચૂક્યા છીએ. (જુઓ બ્રહ્માનંદવલ્લી અનુવાક ૬નું ભાષ્ય.) જો એમ કહો કે 'अनेन जीवेन आत्मना' (છાં.ઉપ. ૬-૩-૨) વગેરે વિશેષશ્રુતિ હોવાને લીધે તેનો અન્ય ધર્મના રૂપે જ પ્રવેશ થાય 'છે, તો એમ કહેવું પણ યોગ્ય નથી, કેમ કે **'તે તું છે'** (છાં.ઉપ. ૬-૪-૧૬) આ શ્રુતિ દ્વારા પુનઃ તેની તદ્રૂપતાનું વર્ણન કરવામાં આવ્યું છે, અને જો એમ કહો કે અન્ય ભાવને પ્રાપ્ત થયેલા બ્રહ્મના તે ભાવનો નિષેધ કરવાને માટે તે કેવળ દૃષ્ટિમાત્ર કહેલ છે તો એ પણ નથી, કારણ કે **'તે સત્ય છે, તે આત્મા છે, તે તું છે'** (છાં.ઉપ. ૬-૮-૧૬) વગેરે શ્રુતિથી તેનું પરમાત્માની સાથે સામાનાધિકરણ્ય સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષી : જીવનું સંસારીપણું તો જોયું જ છે એમ કહો તો ?

સિદ્ધાંતી : ના, કેમ કે જે (જીવ) સર્વનો દૃષ્ટા છે તે જોઈ શકાતો નથી.

પૂર્વપક્ષી : સાંસારિક ધર્મોથી યુક્ત આત્મા તો ઉપલબ્ધ થાય જ છે ? એમ કહો તો -

સિદ્ધાંતી : ના, એવી વાત નથી, કારણ કે ધર્મ પોતાના ધર્મી સાથે એક હોય છે, તેથી તે તેનું કર્મ થઈ શકતો નથી, જેમ કે (સૂર્યના ધર્મ) ઉષ્ણ અને પ્રકાશનું દાહ્યત્વ અને પ્રકાશ્યત્વ (સૂર્ય માટે) સંભવતું નથી. જો એમ કહો કે ભય

વગેરે જોવાથી આત્માના દુઃખીત્વ વગેરેનું અનુમાન થાય છે, તો એમ કહેવું પણ યોગ્ય નથી, કારણ કે ભય વગેરે દુઃખ ઉપલબ્ધ થનારાં હોવાથી ઉપલબ્ધ થનારા આત્માના ધર્મ બની શકતા નથી.

પૂર્વપક્ષી : પરંતુ એમ માનવાથી તો કપિલ, કણાદ અને ગૌતમ વગેરેના સાંખ્ય, વૈશેષિક (દર્શન) અને તર્કશાસ્ત્ર સાથે વિરોધ આવે છે.

સિદ્ધાંતી : એમ કહેવું યોગ્ય નથી, કારણ કે તેમનો કોઈ આધાર ન હોવાથી અને વેદ સાથે તેમનો વિરોધ હોવાથી ભ્રાંતિમય હોવું યોગ્ય જ છે. શ્રુતિ અને યુક્તિથી આત્માનું અસંસારિત્વ સિદ્ધ થાય છે, તેમ જ એક હોવાને લીધે પણ એમ જ જણાય છે. તેનું એકત્વ કેવી રીતે છે ? તે બધું જ પહેલાંની જેમ 'તે કે જે આ પુરુષમાં છે અને જે આ આદિત્યમાં છે તે એક છે.' આ વાક્ય દ્વારા કહેવાયું છે. (૧-૪)

❖

स य एवंवित् । अस्माल्लोकात्प्रेत्य । एतमन्नमयमात्मानमुपसंक्रम्य । एतं प्राणमयमात्मानमुपसंक्रम्य । एतं मनोमयमात्मानमुपसंक्रम्य । एतं विज्ञानमयमात्मानमुपसंक्रम्य । एतमानन्दमयमात्मानमुपसंक्रम्य । इमाँल्लोकान्कामान्नी कामरूप्यनुसंचरन् । एतत्साम गायन्नास्ते । हा ३ वु हा ३ वु हा ३ वु ॥ ५ ॥

અન્વય અને શબ્દાર્થ :- हावु हावु हावु-આશ્ચર્ય ! આશ્ચર્ય ! આશ્ચર્ય ! યઃ-જે (મનુષ્ય) एवंवित्-આ જાણનાર છે સઃ-તે अस्मात्-આ लोकात्-લોકમાંથી प्रेत्य-નવા લોકમાં જઈ, एतम्-આ अन्नमयम्-અન્નમય आत्मानम्-આત્માને उपसंक्रम्य-પ્રાપ્ત થઈ, एतम्-આ मनोमयम्-મનોમય आत्मानम्-આત્માને उपसंक्रम्य-પ્રાપ્ત થઈ, एतम्-આ विज्ञानमयम्-વિજ્ઞાનમય आत्मानम्-આત્માને उपसंक्रम्य-પ્રાપ્ત થઈ, एतम्-આ आनन्दमयम्-આનંદય आत्मानम्-આત્માને उपसंक्रम्य-પ્રાપ્ત થઈ, कामान्नी-ઈચ્છા અનુસાર ભોગવનાર અને कामरूपी-ઈચ્છા અનુસાર રૂપવાળો બને છે. (વળી) એ इमान्-આ लोकान्-લોકોમાં अनुसरन्-વિચરણ કરતો एतत्-આ साम गायन्-સામનું ગાન કરતો आस्ते-રહે છે. (૫)

અનુવાદ :- આશ્ચર્ય ! આશ્ચર્ય ! આશ્ચર્ય ! જે (મનુષ્ય) આ જાણનાર છે તે આ લોકમાંથી નવા લોકમાં જઈ, આ અન્નમય આત્માને પ્રાપ્ત થઈ, આ પ્રાણમય આત્માને પ્રાપ્ત થઈ, આ મનોમય આત્માને પ્રાપ્ત થઈ, આ વિજ્ઞાનમય આત્માને પ્રાપ્ત થઈ, આ આનંદય આત્માને પ્રાપ્ત થઈ, ઈચ્છા અનુસાર ભોગવનાર અને ઈચ્છા અનુસાર રૂપવાળો બને છે. (વળી) એ આ લોકોમાં વિચરણ કરતો આ સામનું ગાન કરતો રહે છે. (૫)

शाङ्करभाष्यम् :- अन्नमयादिक्रमेणानन्दमयमात्मानमुपसंक्रम्यैतत्साम गायन्नास्ते । सत्यं ज्ञानमित्यस्या ऋचोऽर्थो व्याख्यातो विस्तरेण तद्विवरणभूतयानन्दवल्ल्या । **'सोऽश्नुते सर्वान्कामान्सह ब्रह्मणा विपश्चिता'** (तै.उप. २-१-१) इति तस्य फलवचनस्यार्थविस्तारो नोक्तः । के ते किंविषया वा सर्वे कामाः कथं वा ब्रह्मणा सह समश्नुत इत्येतद्वक्तव्यमितीदमिदानीमारभ्यते- ★ तत्र पितापुत्राख्यायिकायां पूर्वविद्याशेषभूतायां तपो ब्रह्मविद्यासाधनमुक्तम् । प्राणादेराकाशान्तस्य च कार्यस्यान्नान्नादत्वेन विनियोगश्चोक्तः, ब्रह्मविषयोपासनानि च । ये च सर्वे कामाः प्रतिनियतानेकसाधनसाध्या आकाशादिकार्यभेदविषया एते दर्शिताः । एकत्वे पुनः कामकामित्वानुपपत्तिः । भेदजातस्य सर्वस्यात्मभूतत्वात् । तत्र कथं युगपद्ब्रह्मस्वरूपेण सर्वान्कामानेवंवित्समश्नुत इत्युच्यते-सर्वात्मत्वोपपत्तेः । ★ कथं सर्वात्मत्वोपपत्तिरित्याहपुरुषादित्यस्थात्मैकत्वविज्ञानेनापोह्योत्कर्षापकर्षावन्नमयाद्यात्मनोऽविद्याकल्पितान्क्रमेण संक्रम्यानन्दमयान्तान्सत्यं ज्ञानमनन्तं ब्रह्मादृश्यादिधर्मकं स्वाभाविकमानन्दमजममृतमभयमद्वैतं फलभूतमापन्न इमाँल्लोकान्भूरादीननुसंचरन्निति व्यवहितेन संबन्धः । कथमनुसंचरन् ? कामान्नी कामतोऽन्नमस्येति कामान्नी । तथा कामतो रूपाण्यस्येति कामरूपी । अनुसंचरन्सर्वात्मनेमाँल्लोकानात्मत्वेनानुभवन्-किम् ? एतत्साम गायन्नास्ते । समत्वाद्ब्रह्मैव साम सर्वानन्यरूपं गायञ्शब्दयन्नात्मैकत्वं प्रख्यापयँल्लोकानुग्रहार्थं तद्विज्ञानफलं चातीव कृतार्थत्वं गायन्नास्ते तिष्ठति । कथम् ? हा ३ वु । हा ३ वु । हा ३ वु । अहो इत्येतस्मिन्नर्थेऽत्यन्तविस्मयख्यापनार्थम् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- અન્નમય વગેરેના ક્રમથી આનંદમય આત્મા પ્રત્યે સંક્રમણ કરી તે આ સામનું ગાયન કરતો રહે છે. 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' અર્થની એના વિવરણભૂત બ્રહ્માનંદવલ્લી દ્વારા વિસ્તારથી વ્યાખ્યા કરવામાં આવી છે, પરંતુ તેના

ફળનું નિરૂપણ કરનારા, 'તે સર્વજ્ઞ, બ્રહ્મસ્વરૂપે એકસાથે સર્વ ભોગોને પ્રાપ્ત કરે છે.' આ વચનના અર્થનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું ન હતું, તે ભોગો કયા છે ? તેમનો કયા વિષયો સાથે સંબંધ છે ને કઈ રીતે તે તેમને બ્રહ્મરૂપથી એક સાથે જ પ્રાપ્ત કરે છે ? આ બધું કહેવાનું છે તેથી હવે એના જ વિચારનો આરંભ કરવામાં આવે છે.

ત્યાં પૂર્વોક્ત વિદ્યાની શેષભૂત પિતાપુત્ર સંબંધી આખ્યાયિકામાં તપને બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિનું સાધન કહ્યું છે, તેમ જ આકાશ પર્યંત પ્રાણાદિ કાર્યવર્ગનો અન્ન અને અન્નાદિરૂપથી વિનિયોગ અને બ્રહ્મસંબંધી ઉપાસનાઓનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એ જ રીતે આકાશ વગેરે કાર્યભેદથી સંબંધિત તેમ જ દરેકને માટે નિયત અનેક સાધનોથી સિદ્ધ થનારા જે સર્વ ભોગો છે તે પણ દર્શાવવામાં આવ્યા છે, પરંતુ જો આત્માનું એકત્વ સ્વીકારવામાં આવે તો પછી કામ અને કામિત્વનું હોવું અસંભવ બનશે, કારણ કે સર્વ ઉત્પન્ન થયેલા ભેદો આત્મસ્વરૂપ જ છે. એવી અવસ્થામાં આ રીતે જાણનારો (ઉપાસક) બ્રહ્મરૂપથી કઈ રીતે એકીસાથે બધા ભોગોને પ્રાપ્ત કરી લે છે તે બતાવવામાં આવે છે. તેનો સર્વાત્મભાવના સંભવને કારણે એમ થઈ શકે છે.

તેનો સર્વાત્મભાવ કઈ રીતે શક્ય છે તે કહે છે. પુરુષ અને આદિત્યમાં રહેલ આત્માના એકત્વજ્ઞાનથી તેના ઉત્કર્ષ અને અપકર્ષનું નિરાકરણ કરીને આત્માના અજ્ઞાનથી કલ્પના કરાયેલા અન્નમયથી આરંભી આનંદમય સુધી સર્વ કોશોને પ્રાપ્ત કરીને જે સર્વનું ફળસ્વરૂપ છે તે અદૃશ્યાદિ ધર્મવાળા સ્વાભાવિક આનંદસ્વરૂપ અજન્મા, અમૃત, અભય, અદ્વૈત તેમ જ સત્ય, જ્ઞાન અને અનંત બ્રહ્મને પ્રાપ્ત થઈને આ ભૂ: વગેરે લોકોમાં સંચાર કરતો-આ રીતે આ વ્યવધાનયુક્ત પદો સાથે આ વાક્યનો સંબંધ છે-કઈ રીતે સંચાર કરતો ? કામાન્ની-જેને ઇચ્છા થતાં જ અન્ન પ્રાપ્ત થઈ જાય તે કામાન્ની કહેવાય છે, તેમ જ જેને ઈચ્છા માત્રથી જ (ઇષ્ટ) રૂપોની પ્રાપ્તિ થઈ જાય એવો કામરૂપી બનીને સંચાર કરતો, એટલે સર્વાત્મભાવથી આ લોકોને પોતાના આત્મારૂપે અનુભવ કરતો. શું કરે છે ? આ સામનું ગાયન કર્યા કરે છે.

સામરૂપ હોવાથી બ્રહ્મ જ માત્ર છે, તે સર્વથી અભિન્નરૂપ સામનું ગાન ઉચ્ચારણ કરતો એટલે લોક પર અનુગ્રહ કરવાને માટે આત્માની એકતાને પ્રકટ કરતો અને તેની ઉપાસનાના ફળરૂપ અત્યંત કૃતાર્થત્વનું ગાન કરતો રહે છે. કઈ રીતે ગાન કરે છે ? હા...ઉ વુ ! હા...ઉ વુ ! હા...ઉ વુ ! આ ત્રણ શબ્દ 'અહો ! આ અર્થમાં અત્યંત વિસ્મય પ્રકટ કરવા માટે છે. તો એ વિસ્મય શું છે ? તે કહે છે. (૫)

❧

अहमन्नमहमन्नमहमन्नम् । अहमन्नादो३ऽहमन्नादो३ऽहमन्नादः । अह श्लोककृदहꣳ श्लोककृदहꣳ श्लोककृत् । अहमस्मि प्रथमजा ऋता३स्य । पूर्वं देवेभ्योऽमृतस्य ना३ भायि । यो मा ददाति स इदेव मा३वाः । अहमन्नमन्नमदन्तमा३द्मि । अहं विश्वं भुवनमभ्यभवा३म् । सुवर्न ज्योतीः य एवं वेद । इत्युपनिषत् ॥ ६ ॥

અન્વય અને શબ્દાર્થ :- अहम्-હું अन्नम्-અન્ન છું. अहम्-હું अन्नम्-અન્ન છું. अहम्-હું अन्नम्-અન્ન છું. अहम्-હું अन्नादः-અન્ન ખાનાર છું. अहम्-હું अन्नादः-અન્ન ખાનાર છું. अहम्-હું अन्नादः-અન્ન ખાનાર છું. अहम्-હું श्लोककृत्-આનો સંયોગ કરનાર છું. अहम्-હું श्लोककृत्-આનો સંયોગ કરનાર છું. अहम्-હું श्लोककृत्-આનો સંયોગ કરનાર છું. अहम्-હું ऋतस्य-ઋતમાં प्रथमजा-સહુથી પ્રથમ ઉત્પન્ન થનાર છું (અને) देवेभ्यः-દેવોથી (પણ) पूर्वे-પહેલાં (અસ્તિત્વ ધરાવનાર) अमृतस्य-અમૃતનું नाभायि-કેન્દ્ર अस्मि-છું. यः-જે मा-મને ददाति-આપે છે सः-તે इत्-આ કાર્યથી एव-જ मा आवाः-મારી રક્ષા કરે છે. अहम्-હું अन्नम्-અન્ન બની अन्नम्-અન્ન अदन्तम्-ખાનારનું अद्मि-ભક્ષણ કરું છું. अहम्-હું विश्वम्-સમસ્ત भुवनम्-ભુવનનો अभ्यभवाम्-તિરસ્કાર કરું છું, અભિભવ કરું છું. नः-મારી ज्योतिः-જ્યોતિ सुवः-સૂર્ય છે, यः-જે एवम्-આ वेद-જાણે છે (તેને પણ આ જ સ્થિતિ પ્રાપ્ત થાય છે.) इति-એમ આ उपनिषत्-ઉપનિષદ એવી સહસ્યમય વિદ્યા સંપૂર્ણ થઈ. (૬)

અનુવાદ :- હું અન્ન છું. હું અન્ન છું. હું અન્ન છું. હું અન્ન ખાનાર છું. હું અન્ન ખાનાર છું. હું અન્ન ખાનાર છું. હું આનો સંયોગ કરનાર છું. હું આનો સંયોગ કરનાર છું. હું આનો સંયોગ કરનારું છું.

હું ઋતમાં સહુથી પ્રથમ ઉત્પન્ન થનાર છું (અને) દેવોથી (પણ) પહેલાં (અસ્તિત્વ ધરાવનાર) અમૃતનું કેન્દ્ર છું. જે મને આપે છે તે આ કાર્યથી જ મારી રક્ષા કરે છે. હું અન્ન બની અન્ન ખાનારનું ભક્ષણ કરું છું. હું સમસ્ત ભુવનનો તિરસ્કાર કરું છું, અભિભવ કરું છું. મારી જ્યોતિ સૂર્ય છે, જે આ જાણે છે (તેને પણ આ જ સ્થિતિ પ્રાપ્ત થાય છે.) એમ આ ઉપનિષદ એવી સહસ્યમય વિદ્યા સંપૂર્ણ થઈ. (૬)

शाङ्करभाष्यम् :- अद्वैत आत्मा निरञ्जनोऽपि सन्नहमेवान्नमन्नादश्च । किं चाहमेव श्लोककृत् । श्लोको नामान्नान्नादयोः संघातस्तस्य कर्ता चेतनावान् । अन्नस्यैव वा परार्थस्यान्नादार्थस्य सतोऽनेकात्मकस्य पारार्थ्येन हेतुना संघातकृत् । त्रिरुक्तिर्विस्मयत्वख्यापनार्था । ★ अहमस्मि भवामि । प्रथमजाः प्रथमजः प्रथमोत्पन्न ऋतस्य सत्यस्य मूर्तामूर्तस्यास्य जगतः । देवेभ्यश्च पूर्वम् । अमृतस्य नाभिरमृतत्वस्य नाभिर्मध्यं मत्संस्थममृतत्वं प्राणिनामित्यर्थः । ★ यः कश्चिन्मा मामन्नमन्नार्थिभ्यो ददाति प्रयच्छत्यन्नात्मना ब्रवीति स इदित्थमेवमविनष्टं यथाभूतमावा अवतीत्यर्थः । यः पुनरन्यो मामदत्त्वार्थिभ्यः काले प्राप्तेऽन्नमत्ति तमन्नमदन्तं भक्षयन्तं पुरुषमहमन्नमेव संप्रत्यद्मि भक्षयामि । ★ अत्राहैवं तर्हि बिभेमि सर्वात्मत्वप्राप्ते-र्मोक्षादस्तु संसार एव यतो मुक्तोऽप्यहमन्नभूत आद्यः स्यामन्नस्य । ★ एवं मा भैषीः संव्यवहारविषयत्वात्सर्वकामाशनस्य अतीत्यायं संव्यवहारविषयमन्नान्नादादिलक्षणमविद्याकृतं विद्यया ब्रह्मत्वमापन्नो विद्वांस्तस्य नैव द्वितीयं वस्त्वन्तरमस्त यतो बिभेत्यतो न भेतव्यं मोक्षात् । ★ एवं तर्हि किमिदमाह-अहमन्नमहमन्नाद इति ? उच्यते-योऽयमन्नान्नादादिलक्षणः संव्यवहारः कार्यभूतः स संव्यवहारमात्रमेव न परमार्थवस्तु । स एवंभूतोऽपि ब्रह्मनिमित्तो ब्रह्मव्यतिरेकेणासन्निति कृत्वा ब्रह्मविद्याकार्यस्य ब्रह्मभावस्य स्तुतयर्थमुच्यते । अहमन्नमहमन्नमहमन्नम् । अहमन्नादोऽहमन्नादोऽहमन्नाद इत्यादि । अतो भयादिदोषगन्धोऽप्यविद्या-निमित्तोऽविद्योच्छेदाद्ब्रह्मभूतस्य नास्तीति । ★ अहं विश्वं समस्तं भुवनं भूतैः संभजनीयं ब्रह्मादिभिर्भवन्तीति वास्मिन्भूतानीति भुवनमभ्यभवामभिभवामि परेणेश्वरेण स्वरूपेण । सुवर्न ज्योतीः सुवरादित्यो नकार उपमार्थे । आदित्य इव सकृद्विभातमस्मदीयं ज्योतीर्ज्योतिः प्रकाश इत्यर्थः । ★ इति वल्लीद्वयविहितोपनिषत्परमात्मज्ञानं तामेतां यथोक्तामुपनिषदं शान्तो दान्त उपरतस्तितिक्षुः समाहितो भूत्वा भृगुवत्तपो महदास्थाय य एवं वेद तस्येदं फलं यथोक्तमोक्ष इति ॥ ६ ॥

શાંકરભાષ્ય :- નિર્મળ અદ્વૈત આત્મા હોવા છતાંય હું જ અન્ન (ભોગ્ય) અને અન્નાદ (ભોક્તા) છું, ને હું જ શ્લોકકૃત્ છું. 'શ્લોક' અન્ન અને અન્નાદના સંયોગને કહેવામાં આવે છે, તેનો ચેતનાવાન્ કર્તા છું. અથવા પરાર્થ એટલે અન્નાદને માટે થનારા અન્નનો - જે પારાર્થ્યરૂપ હેતુને લીધે જ અનેકાત્મક છે - હું સંયોગ કરાવનારો છું. મૂળમાં જે ત્રણ વાર કહેવાયું છે તે વિસ્મય પ્રકટ કરવા માટે છે.

હું આ ઋત-સત્ય એટલે મૂર્તામૂર્તરૂપ જગતનો પ્રથમજાઃ પ્રથમ ઉત્પન્ન થનારો (હિરણ્યગર્ભ) છું. હું દેવતાઓમાં પ્રથમ થનારો અને અમૃતની નાભિ એટલે અમરત્વનું મધ્ય (કેંદ્રસ્થાન) છું, અર્થાત્ પ્રાણીઓનું અમરત્વ મારામાં રહેલું છે.

અન્નરૂપ એવો જે હું તેનું જે કોઈ અન્નાર્થીઓને દાન કરે છે અર્થાત્ અન્નાત્મભાવથી મારું વર્ણન કરે છે તે આ રીતે નાશ નહીં પામેલ અને યથાર્થ અન્નસ્વરૂપ મારી રક્ષા કરે છે. પરંતુ સમય આવતાં જે અન્નાર્થીઓને મારું દાન ન કરતાં પોતે જ અન્નનું ભક્ષણ કરે છે, તે અન્ન ભક્ષણ કરનારા(પુરુષ)ને હું (અન્ન) જ ખાઈ જાઉ છું.

પૂર્વપક્ષી : જો હકીકત આમ હોય તો તો હું સર્વાત્મત્વ પ્રાપ્તિરૂપ મોક્ષથી ડરું છું. એના કરતાં તો મને સંસારની જ પ્રાપ્તિ થયા કરે (એ જ સારું છે), કારણ કે મુક્ત થયા પછી હું પણ અન્નરૂપ થઈને અન્નનું જ ભક્ષ્ય બનીશ.

સિદ્ધાંતી : એમ ડરીશ નહીં, કારણ કે સર્વ પ્રકારના ભોગોને ભોગવવા એ તો વ્યાવહારિક જ છે. વિદ્વાન તો બ્રહ્મવિદ્યાથી આ અવિદ્યાકૃત અન્ન-અન્નાદરૂપ વ્યાવહારિક વિષયનું ઉલ્લંઘન કરીને બ્રહ્મત્વને પ્રાપ્ત થાય છે. તેના માટે કોઈ બીજી વસ્તુ જ રહેતી નથી, કે જેનાથી તેને ડર થાય. આથી તમારે મોક્ષથી ડરવું ન જોઈએ.

જો આમ છે તો પછી **'હું અન્ન છું, હું અન્નાદ છું'** એમ શાથી કહ્યું છે ? (એવા પ્રશ્નના જવાબમાં) કહેવામાં આવે છે કે, આ જે અન્ન અને અન્નાદરૂપ કાર્યભૂત વ્યવહાર છે તે કેવળ વ્યવહાર જ છે, પરમાર્થવસ્તુ નથી. તે એમ હોવા છતાં પણ બ્રહ્મનું કાર્ય હોવાથી બ્રહ્મથી ભિન્ન અસત્ જ છે. આ આશયને લઈને બ્રહ્મવિદ્યાના કાર્યભૂત બ્રહ્મભાવની સ્તુતિને માટે **'હું અન્ન છું, હું અન્ન છું. હું અન્ન છું, હું અન્નાદ છું, હું અન્નાદ છું, હું અન્નાદ છું,'** કહ્યું છે. આમ અવિદ્યાનો નાશ થવાથી બ્રહ્મભૂત વિદ્વાનને અવિદ્યાને કારણે થનારા ભય વગેરે દોષની ગંધ પણ આવતી નથી.

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

હું પોતાના શ્રેષ્ઠ ઈશ્વરરૂપથી વિશ્વ એટલે સંપૂર્ણ ભુવનનો પરાભવ કરું છું. બ્રહ્મા વગેરે વડે ભોગવવા યોગ્ય અથવા જેમાં ભૂત-પ્રાણીઓ હોય છે તેનું નામ ભુવન છે, 'सुवर्न ज्योतीः'-'सुवः' આદિત્યનું નામ છે અને 'न' ઉપમાને માટે છે, અર્થાત્ અમારી જ્યોતિ - અમારો પ્રકાશ આદિત્ય સમાન પ્રકાશયુક્ત છે.

આમ આ બે વલ્લીઓમાં કહેવામાં આવેલું ઉપનિષદ પરમાત્મા સંબંધી જ્ઞાન છે, આ ઉપર કહેલા ઉપનિષદને જે ભૃગુની જેમ શાંત, દાંત, ઉપરત, તિતિક્ષુ અને સમાહિત થઈને મહાન તપસ્યા કરીને આ રીતે જાણે છે, તેને આ ઉપર કહેલું મોક્ષરૂપ ફળ પ્રાપ્ત થાય છે. (૬)

इति भृगुवल्ल्यां दशमोऽनुवाकः ॥ १० ॥

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ तैत्तिरीयोपनिषद्भाष्यं संपूर्णम् ॥

◆

ॐ शं नो मित्रः शं वरुणः । शं नो भवत्वर्यमा । शं न इन्द्रो बृहस्पतिः ।
शं नो विष्णुरुरुक्रमः । नमो ब्रह्मणे । नमस्ते वायो । त्वमेव प्रत्यक्षं ब्रह्मासि ।
त्वामेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि । ऋतं वदिष्यामि । सत्यं वदिष्यामि । तन्मामवतु
तद्वक्तारमवतु । अवतु माम् । अवतु वक्तारम् ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

सगौडपादीयकारिका
श्रीशाङ्करभाष्यसहिता

॥ माण्डूक्योपनिषद् ॥

ॐ

શાંતિપાઠ

भद्रं कर्णेभिः शृणुयाम देवाः । भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरङ्गैस्तुष्टुवाँसस्तनूभिः । व्यशेम देवहितं यदायुः ॥

અન્વય અને શબ્દાર્થ : ૐ देवा-હે દેવો ! (वयम्-અમે) यजत्राः-ઈશ્વરનું યજન કરનારા कर्णेभिः-કાનોથી भद्रम्-કલ્યાણકારી વચન शृणुयाम-સાંભળીએ, अक्षभिः-આંખોથી भद्रम्-કલ્યાણમય पश्येम-જોઈએ स्थिरैः-દઢ, મજબૂત अङ्गैः-અંગો અને तनुभिः-શરીરથી तुष्टुवांसः-(આપની) સ્તુતિ કરતા અમે यत्-જે आयुः-આયુષ્ય देवहितम्-દેવોના હિતમાં આવે तत्-તેનો व्यशेम-અમે ઉપભોગ કરીએ.

અનુવાદ : હે દેવો ! (અમે) ઈશ્વરનું યજન કરનારા કાનોથી કલ્યાણકારી વચન સાંભળીએ, આંખોથી કલ્યાણમય જોઈએ, દઢ અંગો અને શરીરથી (આપની) સ્તુતિ કરતા અમે જે આયુષ્ય દેવોના હિતમાં આવે તેનો અમે ઉપભોગ કરીએ.

❖

स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः । स्वस्ति नः पूषा विश्ववेदाः ।
स्वस्ति नस्ताक्ष्यों ऽरिष्टनेमिः । स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ।

અન્વય અને શબ્દાર્થ : वृद्धश्रवाः-ફેલાયેલા-વધી ગયેલા યશવાળા इन्द्रः-ઈન્દ્રદેવ नः-અમારું स्वस्ति दधातु-કલ્યાણ કરે विश्ववेदाः-વિશ્વને જાણનારા पूषा-પૂષાદેવ नः-અમારું स्वस्ति-કલ્યાણ કરે अरिष्टनेमिः-અરિષ્ટોનો નાશ કરવા માટે ચક્રસમાન ताक्ष्यः-ગરુડદેવ नः-અમારું स्वस्ति-કલ્યાણ કરે અને बृहस्पतिः-બૃહસ્પતિ नः-અમારું स्वस्ति-કલ્યાણ दधातु-કરે.

અનુવાદ : ફેલાયેલા-વધી ગયેલા યશવાળા ઈન્દ્રદેવ અમારું કલ્યાણ કરે. વિશ્વને જાણનારા પૂષાદેવ અમારું કલ્યાણ કરે. અરિષ્ટોનો નાશ કરવા માટે ચક્રસમાન ગરુડદેવ અમારું કલ્યાણ કરે અને બૃહસ્પતિ અમારું કલ્યાણ કરે.

ૐ (આધિભૌતિક) શાંતિ; (આધિદૈવિક) શાંતિ; (આધ્યાત્મિક) શાંતિ.

ॐ

सगौडपादीयकारिका
श्रीशाङ्करभाष्यसहिता

॥ माण्डूक्योपनिषद् ॥

॥ आगमप्रकरणम् ॥

प्रज्ञानांशुप्रतानैः स्थिरचरनिकरव्यापिभिर्व्याप्य लोका-
न्भुक्त्वा भोगान्स्थविष्ठान्पुनरपि धिषणोद्भासितान्कामजन्यान् ।
पीत्वा सर्वान्विशेषान्स्वपिति मधुरभुङ्मायया भोजयन्नो
मायासंख्यातुरीयं परममृतमजं ब्रह्म यत्तन्नतोऽस्मि ॥ १ ॥

જે (જાગૃતમાં) સચરાચરમાં વ્યાપ્ત એવી (પોતાની) જ્ઞાનરૂપી રશ્મિઓના વિસ્તારથી સર્વલોકમાં વ્યાપીને, સ્થૂળ એવા ભોગોને ભોગવીને પછી ફરીથી (સ્વપ્નમાં) બુદ્ધિ વડે પ્રકાશિત કામનાજનિત ભોગોનું પાન કરી માયા વડે આપણને સર્વ જીવોને ભોગોનો ભોગ કરાવી (સ્વયં) માધુર્યનો ભોક્તા બનીને (સુષુપ્તિમાં) શયન કરે છે તથા જે પરમ અમૃત અને અજન્મા માયાથી 'તુરીય'(ચોથી અવસ્થા)વાળું છે, તે બ્રહ્મને અમે નમસ્કાર કરીએ છીએ. (૧)

यो विश्वात्मा विधिजविषयान्प्राश्य भोगान्स्थविष्ठा-
न्पश्चाच्चान्यान्स्वमतिविभवान्ज्योतिषा स्वेन सूक्ष्मान् ।
सर्वानेतान्पुनरपि शनैः स्वात्मनि स्थापयित्वा
हित्वा सर्वान्विशेषान्विगतगुणगणः पात्वसौ नस्तुरीयः ॥ २ ॥

જે વિશ્વાત્મા (જાગૃતમાં) ભાગ્યવશાત્ પ્રાપ્ત થતા કર્મજનિત સ્થૂળ ભોગોને ભોગવીને પછી (સ્વપ્નમાં) પોતાની બુદ્ધિના વૈભવથી સર્જેલા સૂક્ષ્મ ભોગોને પોતાના પ્રકાશ વડે ભોગવીને, ફરીથી તે બધાને પોતાની અંદર ધીમેથી સમાવી દઈને સર્વ વિશેષોને ત્યજી, ગુણોના સમૂહથી રહિત બને છે, તે 'તુરીય' (પરમાત્મા) આપણું રક્ષણ કરો. (૨)

शाङ्करभाष्यम् :- ओमित्येतदक्षरमिदं सर्वम् । तस्योपव्याख्यानं । वेदान्तार्थसारसंग्रहभूतमिदं प्रकरणचतुष्टयम् ओमित्येतदक्षरमित्यादि आरभ्यते । अत एव न पृथक् संबन्धाभिधेयप्रयोजनानि वक्तव्यानि । यान्येव तु वेदान्ते संबन्धाभिधेयप्रयोजनानि, तान्येवेहापि भवितुमर्हन्ति । तथापि प्रकरणव्याचिख्यासुना संक्षेपतो वक्तव्यानीति मन्यन्ते व्याख्यातारः । ★ तत्र प्रयोजनवत्साधनाभिव्यञ्जकत्वेनाभिधेयसंबद्धं शास्त्रं पारम्पर्येण विशिष्टसंबन्धाभिधेयप्रयोजनवद्भवति । ★ किं पुनस्तत्प्रयोजनमिति, ★ उच्यते - रोगार्तस्येव रोगनिवृत्तौ स्वस्थता । तथा दुःखात्मकस्यात्मनो द्वैतप्रपञ्चोपशमे स्वस्थता । अद्वैतभावः प्रयोजनम् । ★ द्वैतप्रपञ्चस्य चाविद्याकृतत्वाद्विद्यया तदुपशमः स्यादिति ब्रह्मविद्याप्रकाशनाय अस्यारम्भः क्रियते । **'यत्र हि द्वैतमिव भवति'** (बृ.उप. २-४-१४) **'यत्र वान्यदिव स्यात्तत्रान्योऽन्यत्पश्येदन्योऽन्यद्विजानीयात्'** (बृ.उप. ४-३-३१) **'यत्र त्वास्य सर्वमात्मैवाभूत्तत्केन कं पश्येत्तत्केन कं विजानीयात्'** (बृ.उप. २-४-१४) इत्यादि-

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

श्रुतिभ्योऽस्यार्थस्य सिद्धिः । ★ तत्र तावदोंकारनिर्णयाय प्रथमं प्रकरणमागमप्रधानमात्मतत्त्वप्रतिपत्त्युपायभूतम् । यस्य द्वैतप्रपञ्चस्योपशमे अद्वैतप्रतिपत्तिः रज्ज्वामिव सर्पादिविकल्पोपशमे रज्जुतत्त्वप्रतिपत्तिः, तस्य द्वैतस्य हेतुतो वैतथ्यप्रतिपादनाय द्वितीयं प्रकरणम् । तथा अद्वैतस्यापि वैतथ्यप्रसङ्गप्राप्तौ, युक्तितस्तथात्वप्रतिपादनाय तृतीयं प्रकरणम् । अद्वैतस्य तथात्वप्रतिपत्तविपक्षभूतानि यानि वादान्तराण्यवैदिकानि सन्ति, तेषामन्योन्यविरोधित्वादतथार्थत्वेन तदुपपत्तिभिरेव निराकरणाय चतुर्थं प्रकरणम् । ★ कथं पुनरोंकारनिर्णय आत्मतत्त्वप्रतिपत्त्युपायत्वं प्रतिपद्यत इति, उच्यते - **'ओमित्येतत्'** (क.उप. १-२-१५) **'एतदालम्बनम्'** (क.उप. १-२-१७) **'एतद्वै सत्यकाम परं चापरं च ब्रह्म यदोंकारः ।'** (प्र.उप. ५-२) **'ओमित्यात्मानं युञ्जीत'** (मै.उप. ६-३) **'ओमिति ब्रह्म'** (तै.उप. १-८-१) **'ओंकार एवेदं सर्वम्'** (छा.उप. २-२३-३) इत्यादिश्रुतिभ्यः । ★ रज्ज्वादिरिव सर्पादिविकल्पस्यास्पदोऽद्वय आत्मा परमार्थतः सन्प्राणादिविकल्पस्यास्पदं यथा, तथा सर्वोऽपि वाक्प्रपञ्चः प्राणाद्यात्मविकल्पविषय ओंकार एव । स चात्मस्वरूपमेव, तदभिधायकत्वात् । ओंकारविकारशब्दाभिधेयश्च सर्वः प्राणादिरात्मविकल्पः अभिधानव्यतिरेकण नास्ति; **'वाचारम्भणं विकारो नामधेयम्'** (छा.उप. ६-१-४) **'तदस्येदं वाचा तन्त्या नामभिर्दामभिः सर्वं सितम्, सर्वं हीदं नामनि'** इत्यादिश्रुतिभ्यः ।

શાંકરભાષ્ય :- આ ૐ અક્ષર જ આ બધું (વિશ્વ) છે. તેના વ્યાખ્યાનરૂપ તથા વેદાન્તના અર્થોના સારસંગ્રહભૂત આ ચાર પ્રકરણોવાળા ગ્રંથનો આરંભ 'ओभित्येतदक्षरमिदम्' વગેરે મંત્રો દ્વારા કરવામાં આવે છે. એટલા માટે તેના સંબંધ, વિષય અને પ્રયોજનનું જુદું વર્ણન કરવાની જરૂર નથી. વેદાન્તશાસ્ત્રોમાં જે જે સંબંધ, વિષય અને પ્રયોજન હોય છે તે જ આ ગ્રંથમાં પણ હોવા યોગ્ય છે. તો પણ પ્રકરણ ગ્રંથની વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળાએ સંક્ષેપમાં તે કહેવા જોઈએ એવું વ્યાખ્યા કરનારા માને છે.

ત્યાં, પ્રયોજનની સિદ્ધિને અનુકૂળ સાધનોને અભિવ્યક્ત કરવાને કારણે પોતાના પ્રતિપાદન કરવામાં આવનાર વિષયથી સંબંધ રાખનારું શાસ્ત્ર પરંપરાથી વિશિષ્ટ સંબંધ, વિષય અને પ્રયોજનવાળું હોય છે. (પૂર્વપક્ષી) તો, તે(શાસ્ત્ર)નું પ્રયોજન શું છે ? (સિદ્ધાન્તી) તો બતાવવામાં આવે છે - જેમ રોગી પુરુષને રોગ દૂર થતાં સ્વસ્થતા પ્રાપ્ત થાય છે, તેમ હું દુઃખી છું એવી ભાવનાવાળા આત્માને દ્વૈતપ્રપંચમાંથી મુક્તિ મળતાં સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. માટે અદ્વૈતભાવ (એ શાસ્ત્રનું) પ્રયોજન છે.

દ્વૈતપ્રપંચ (એટલે દ્વૈતનો વિસ્તાર) અવિદ્યાથી સર્જાયેલ હોવાથી વિદ્યાથી જ દૂર થઈ શકે છે માટે બ્રહ્મવિદ્યાને પ્રકાશિત કરવાનો આરંભ કરવામાં આવે છે. **“જ્યાં દ્વૈત જેવું હોય છે.”** (બૃ.ઉપ. ૨-૪-૧૪) **“જ્યાં જુદાઈ જેવું હોય ત્યાં બીજો બીજાને જુએ છે અથવા બીજો બીજાને જાણે છે.”** (બૃ.ઉપ. ૪-૩-૩૧) **“જ્યાં આના માટે આત્મા જ સઘળું થઈ ગયો છે ત્યાં આ કોના વડે જોશે ? અને કોના દ્વારા કોને જાણશે ?”** (બૃ.ઉપ. ૨-૪-૧૪) વગેરે શ્રુતિઓથી આ વાતની સિદ્ધિ થાય છે.

તે(ચારે પ્રકરણો)માં પહેલું પ્રકરણ તો ઓમકારના સ્વરૂપનો નિર્ણય કરવા માટે છે. તે આગમ(શ્રુતિ)પ્રધાન અને આત્મતત્ત્વની પ્રાપ્તિના ઉપાયરૂપ છે. રજ્જુમાં સર્પાદિની કલ્પનાની નિવૃત્તિ થવાથી જે રીતે રજ્જુના સ્વરૂપનું જ્ઞાન થઈ જાય છે, તેવી રીતે જે દ્વૈત પ્રપંચની નિવૃત્તિ થવાથી અદ્વૈતતત્ત્વનું જ્ઞાન થાય છે તે દ્વૈતના કારણનું મિથ્યાત્વ સિદ્ધ કરવાને માટે (વૈતથ્ય નામક) બીજું પ્રકરણ છે. વળી અદ્વૈતના પણ મિથ્યાત્વનો પ્રસંગ આવી પડતાં યુક્તિ દ્વારા તેનું સત્યત્વ પ્રતિપાદન કરવા માટે ત્રીજું (અદ્વેત) પ્રકરણ છે. તથા અદ્વૈતના સત્યત્વ - નિશ્ચયના વિરોધી એવા જે બીજા અવૈદિક વાદો છે તે પરસ્પર વિરોધી હોવાને કારણે મિથ્યા છે તેવું તેમની જ યુક્તિઓથી તેનું ખંડન કરવાને માટે ચોથું (અલાતશાન્તિ) પ્રકરણ (અહીં આવે) છે.

ઓમકારનો નિર્ણય કેવી રીતે આત્મતત્ત્વની પ્રાપ્તિનો ઉપાય બની શકે છે તે કહેવામાં આવે છે - “ૐ આ (એકપદ) છે.” (ક.ઉપ. ૧-૨-૧૫) **“આ આલંબન છે”** (ક.ઉપ. ૧-૨-૧૭) **“હે સત્યકામ ! આ જે ૐકાર છે તે પર અને અપર બ્રહ્મ છે”** (પ્ર.ઉપ. ૫-૨) **“આત્માનું ૐ - એવી રીતે ધ્યાન ધરવું જોઈએ.”** (મૈ.ઉપ. ૬-૩) **“ૐ એ જ બ્રહ્મ છે.”** (તૈ.ઉપ. ૧-૮-૧) **“આ બધું ૐકાર જ છે.”** (છા.ઉપ. ૨-૩) વગેરે શ્રુતિઓથી આ વાત જાણી શકાય છે.

સર્પાદિ વિકલ્પની અધિષ્ઠાનભૂત રજ્જુ વગેરેની જેમ જે રીતે અદ્વિતીય આત્મા પરમાર્થ સત્ય હોય તો પણ પ્રાણાદિ વિકલ્પનો આશ્રય છે તેવી રીતે પ્રાણાદિ વિકલ્પને વિષય બનાવનાર સંપૂર્ણ વાક્ વિલાસ ઓમકાર જ છે અને તે (ઓમકાર) આત્માનું પ્રતિપાદન કરનાર હોવાથી તેનું જ સ્વરૂપ છે. વળી ઓમકારના વિકારરૂપ શબ્દોના પ્રતિપાદ્ય આત્માના વિકલ્પરૂપ સમગ્ર પ્રાણાદિ પણ પોતાના પ્રતિપાદક શબ્દોથી જુદા નથી, જેમ કે **“વિકાર કેવળ વાણીનો વિલાસ અને નામમાત્ર છે.”** (છા.ઉપ. ૬-૧-૪) **“તે બ્રહ્મનું આ સંપૂર્ણ જગત વાણીરૂપ સૂત્ર દ્વારા નામ રૂપી દોરીથી વ્યાપેલું છે.” “આ સઘળું નામમય જ છે”** વગેરે શ્રુતિઓથી સિદ્ધ થાય છે.

❦

अत आह – માટે જ કહે છે –

ओमित्येतदक्षरमिदसर्वं तस्योपव्याख्यानं भूतं भवद्भविष्यदिति सर्वमोंकार एव । यच्चान्यत्त्रिकालातीतं तदप्योंकार एव ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- ॐ इति एतत्=ॐ એમ આ, अक्षरम्=અક્ષર-અવિનાશી પરમતત્ત્વ છે, इदम्=આ, सर्वम्=સઘળું (દૃશ્યમાન જગત), तस्य=તેનું, उपाख्यानम्=ઉપાખ્યાન એટલે એના અત્યંત નિકટના મહિમાને લક્ષ્ય બનાવનાર છે. भूतम्=ભૂતકાળ-જે થઈ ગયું છે તે, भवत्=વર્તમાન-જે થઈ રહ્યું છે, અને भविष्यत्=ભવિષ્ય-જે હવે થવાનું છે, इति=એ सर्वम्=સઘળું ॐकारः एव=ॐકાર જ છે, च=વળી यत्=જે त्रिकालातीतम्=ત્રણે કાળથી પર अन्यत्=બીજું (કોઈપણ તત્ત્વ છે), तत्=તે अपि=પણ ॐकारः=ॐકાર एव=જ છે. (૧)

અનુવાદ :- ॐ એમ આ, અક્ષર-અવિનાશી પરમતત્ત્વ છે, આ, સઘળું (દૃશ્યમાન જગત), તેનું, ઉપાખ્યાન એટલે એના અત્યંત નિકટના મહિમાને લક્ષ્ય બનાવનાર છે. જે થઈ ગયું છે તે, (વર્તમાન) જે થઈ રહ્યું છે, અને જે હવે થવાનું છે, એ સઘળું ॐકાર જ છે, વળી જે ત્રણે કાળથી પર બીજું (કોઈપણ તત્ત્વ છે), તે પણ ॐકાર જ છે. (૧)

शाङ्करभाष्यम् :- ओमित्येतदक्षरमिदं सर्वमिति । यदिदम् अर्थजातमभिधेयभूतम्, तस्य अभिधानाव्यतिरेकात्, अभिधानस्य च ओंकाराव्यतिरेकात् ओंकार एवेदं सर्वम् । परं च ब्रह्म अभिधानाभिधेयोपायपूर्वकमेव गम्यत इत्योंकार एव । ★ तस्य एतस्य परापरब्रह्मरूपस्याक्षरस्य ओमित्येतस्य उपव्याख्यानम्, ब्रह्मप्रतिपत्त्युपायत्वाद्ब्रह्मसमीपतया विस्पष्टं प्रकथनमुपव्याख्यानम्; प्रस्तुतं वेदितव्यमिति वाक्यशेषः । ★ भूतं भवत् भविष्यत् इति कालत्रयपरिच्छेद्यं यत्, तदपि ओंकार एव, उक्तन्यायतः । यच्च अन्यत् त्रिकालातीतं कार्याधिगम्यं कालापरिच्छेद्यमव्याकृतादि, तदपि ओंकार एव ॥ १ ॥

શાંકરભાષ્ય :- ॐ આ અક્ષર જ સઘળું છે. આ અભિધ્યેય (પ્રતિપાદ્ય) રૂપ જેટલો પદાર્થ સમૂહ છે તે પોતાના અભિધાન(પ્રતિપાદક)થી અભિન્ન હોવાના કારણે અને સંપૂર્ણ અભિધાન પણ ઓમકારથી અભિન્ન હોવાને કારણે આ સઘળું ઓમકાર જ છે. પરબ્રહ્મ પણ અભિધાન-અભિધેય (વાચ્ય-વાચક) રૂપ ઉપાય દ્વારા જ જાણી શકાય છે. એટલા માટે એ પણ ઓમકાર જ છે.

આ જે પરાપર બ્રહ્મરૂપ અક્ષર ॐ છે, તેનું ઉપાવ્યાખ્યાન બ્રહ્મની પ્રાપ્તિનો ઉપાય હોવાથી તેના સામીપ્યને કારણે સ્પષ્ટ કથનનું નામ ઉપાવ્યાખ્યાન છે. તે અહીં પ્રસ્તુત જાણવું જોઈએ. આ વાક્યમાં 'प्रस्तुतं वेदितव्यम्' (પ્રસ્તુતિ જાણવી જોઈએ) આ વાક્યશેષ છે.

ભૂત, વર્તમાન અને ભવિષ્ય - આ ત્રણે કાળથી જે કાંઈ પરિચ્છેદ્ય છે તે પણ ઉપર્યુક્ત-ઉપર કહેલા ન્યાય મુજબ ઓમકાર જ છે. તેના સિવાય જે ત્રણે કાળથી પર, પોતાના કાર્યો દ્વારા જે જાણી શકાય તેવું અને કાળથી અપરિચ્છેદ્ય અવ્યાકૃત વગેરે છે તે પણ ઓમકાર જ છે. (૧)

⁂

शाङ्करभाष्यम् :- अभिधानाभिधेययोरेकत्वेऽपि अभिधानप्राधान्येन निर्देशः कृतः 'ओमित्येतदक्षरमिदं सर्वम्' इत्यादि । अभिधानप्राधान्येन निर्दिष्टस्य पुनरभिधेयप्राधान्येन निर्देशः अभिधानाभिधेययोरेकत्वप्रतिपत्त्यर्थः । इतरथा हि अभिधानतन्त्राभिधेयप्रतिपत्तिरिति अभिधेयस्याभिधानत्वं गौणमित्याशङ्का स्यात् । एकत्वप्रतिपत्तेश्च प्रयोजनमभिधानाभिधेययोः एकेनैव प्रयत्नेन युगपत्प्रविलापयंस्तद्विलक्षणं ब्रह्म प्रतिपद्येतेति । तथा च वक्ष्यति - '**पादा मात्रा मात्राश्च पादाः**' (मा.उप. ८) इति । तदाह –

શાંકરભાષ્ય :- વાચક અને વાચ્યનો અભેદ હોવાને કારણે પણ વાચકની પ્રધાનતાથી જ 'ॐ' આ અક્ષર જ સઘળું છે વગેરે રૂપે નિર્દિષ્ટ કરવામાં આવે છે. વાચકની પ્રધાનતાથી નિર્દિષ્ટ વસ્તુનો ફરીથી વાચ્યની પ્રધાનતાથી કરવામાં આવેલ નિર્દેશ વાચક અને વાચ્યનું એકત્વ પ્રતિપાદન કરવા માટે છે, અન્યથા વાચ્યની પ્રતિપત્તિ વાચકને આધીન હોવાને કારણે વાચ્યનું વાચક રૂપ હોવું ગૌણ જ હોવાનું એવી શંકા થઈ શકે છે. પરંતુ વાચ્ય (બ્રહ્મ) અને વાચક(ઓમકાર)ની એકત્વપ્રતિપત્તિનું

તો એ જ પ્રયોજન છે કે તે બન્નેને એક જ પ્રયત્નથી એક સાથે લીન કરીને તેનાથી વિલક્ષણ બ્રહ્મને પ્રાપ્ત કરી શકાય. એવું જ "પાદ જ માત્રા છે અને માત્રા જ પાદ છે." (મા.ઉપ. ૮) આમ આગળ કહેશે. હવે તે જ વાત કહે છે –

सर्वꣳह्येतद् ब्रह्मायमात्मा ब्रह्म सोऽयमात्मा चतुष्पात् ॥ २ ॥

અન્વય અને શબ્દાર્થ :- हि=કારણ કે एतत्=આ सर्वम्=સઘળું ब्रह्म=બ્રહ્મ (પરમતત્ત્વ) છે. अयम्=આ आत्मा=આત્મા ब्रह्म=બ્રહ્મ છે, सः=તે अयम्=આ आत्मा=આત્મા चतुष्पात्=ચાર ચરણોવાળો છે. (૨)

અનુવાદ :- કારણ કે આ સઘળું બ્રહ્મ (પરમતત્ત્વ) છે. આ આત્મા બ્રહ્મ છે, તે આ આત્મા ચાર ચરણોવાળો છે. (૨)

शाङ्करभाष्यम् :- सर्वं ह्येतद्ब्रह्मेति । सर्वं यदुक्तमोंकारमात्रमिति, तदेतत् ब्रह्म । तच्च ब्रह्म परोक्षाभिहितं प्रत्यक्षतो विशेषेण निर्दिशति-अयमात्मा ब्रह्मेति । अयम् इति चतुष्पात्त्वेन प्रविभज्यमानं प्रत्यगात्मतयाभिनयेन निर्दिशति अयमात्मेति । सोऽयमात्मा ओंकाराभिधेयः परापरत्वेन व्यवस्थितः चतुष्पात् कार्षापणवत्, न गौरिव । त्रयाणां विश्वादीनां पूर्वपूर्वप्रविलापनेन तुरीयस्य प्रतिपत्तिरिति करणसाधनः पादशब्दः । तुरीयस्य तु पद्यत इति कर्मसाधनः पादशब्दः ॥ २ ॥

શાંકરભાષ્ય :- આ સઘળું બ્રહ્મ જ છે. અર્થાત્ આ સઘળું જે ઓમકાર માત્ર કહેવામાં આવ્યું છે તે બ્રહ્મ છે. અત્યાર સુધી પરોક્ષરૂપથી બતાવેલા તે બ્રહ્મને વિશેષરૂપે પ્રત્યક્ષતયા **'આ આત્મા બ્રહ્મ છે'** એમ કહીને નિર્દેશ કરે છે. અહીં 'अयम्' શબ્દ દ્વારા ચતુષ્પાદ રૂપથી વિભક્ત કરવામાં આવેલા આત્માને પોતાના અન્તરાત્મસ્વરૂપથી અભિનય (અંગુલિનિર્દેશ) પૂર્વક **'अयमात्मा ब्रह्म'** એ કહીને દર્શાવે છે. ઓમકાર નામથી ઓળખવામાં આવતા તથા પર અને અપરરૂપથી વ્યવસ્થિત તે આ આત્મા કાર્ષાપણની જેમ ચાર પાદ (અંશ) વાળો છે. ગાય સમાન (ચાર પગવાળો) નહીં. વિશ્વ વગેરે ત્રણ પાદમાંથી ક્રમશઃ પૂર્વ-પૂર્વનો લય કરતાં કરતાં અંતમાં તુરીય બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. માટે પહેલાં ત્રણ પાદમાં 'પાદ' શબ્દ કરણવાચ્ય છે અને તુરીયમાં 'જે પ્રાપ્ત કરવામાં આવે' એવી રીતે કર્મવાચ્ય છે. (૨)

❖

कथं चतुष्पात्त्वमित्याह – તે કેવી રીતે ચાર પદવાળો છે, તે કહે છે –

जागरितस्थानो बहिःप्रज्ञः सप्ताङ्ग एकोनविंशतिमुखः स्थूलभुग्वैश्वानरः प्रथमः पादः ॥ ३ ॥

અન્વય અને શબ્દાર્થ :- जागरितस्थानः=જાગ્રત અવસ્થાવાળો, (જાગ્રત અવસ્થાઓની જેમ આ સઘળું જગત જેનું સ્થાન એટલે શરીર છે તે), बहिष्प्रज्ञः=બાહ્ય જ્ઞાનવાળો (જેનું જ્ઞાન આ બાહ્ય જગતમાં વ્યાપ્ત છે તે), सप्ताङ्गः=સાત અંગવાળો (ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહત્, જન, તપ અને સત્ય એવા સાત લોકરૂપી અંગવાળો), एकोनविंशतिमुखः=ઓગણીસ મુખવાળો (પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એમ ચાર અંતઃકરણ મળીને કુલ ઓગણીસ તેના મુખ છે), स्थूलभुक्=સ્થૂળ જગતને ભોગવનાર (એ), वैश्वानरः=વૈશ્વાનર (વિશ્વને ધારણ કરનાર પરમેશ્વર) प्रथमः=પ્રથમ पादः=પાદ છે. (૩)

અનુવાદ :- જાગ્રત અવસ્થાવાળો, (જાગ્રત અવસ્થાઓની જેમ આ સઘળું જગત જેનું સ્થાન એટલે શરીર છે તે), બાહ્ય જ્ઞાનવાળો (જેનું જ્ઞાન આ બાહ્ય જગતમાં વ્યાપ્ત છે તે), સાત અંગવાળો (ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહત્, જન, તપ અને સત્ય એવા સાત લોકરૂપી અંગવાળો), ઓગણીસ મુખવાળો (પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એમ ચાર અંતઃકરણ મળીને કુલ ઓગણીસ તેના મુખ છે), સ્થૂળ જગતને ભોગવનાર (એ), વૈશ્વાનર (વિશ્વને ધારણ કરનાર પરમેશ્વર) પ્રથમ પાદ છે. (૩)

शाङ्करभाष्यम् :- जागरितस्थान इति । जागरितं स्थानमस्येति जागरितस्थानः । बहिःप्रज्ञः स्वात्मव्यतिरिक्ते विषये प्रज्ञा यस्य, सः बहिःप्रज्ञः; बहिर्विषयेव प्रज्ञा यस्याविद्याकृतावभासत इत्यर्थः । तथा सप्त अङ्गान्यस्य; **'यस्य ह वा एतस्यात्मनो वैश्वानरस्य मूर्धैव सुतेजाश्चक्षुर्विश्वरूपः प्राणः पृथग्वर्त्मात्मा संदेहो बहुलो वस्तिरेव रयिः पृथिव्येव पादौ'** (छा.उप. ५-१८-२) इत्यग्निहोत्राहुतिकल्पनाशेषत्वेनाग्निर्मुखत्वेनाहवनीय उक्त इत्येवं सप्ताङ्गानि यस्य, सः सप्ताङ्गः ।

★ तथा एकोनविंशतिर्मुखान्यस्य; बुद्धीन्द्रियाणि कर्मेन्द्रियाणि च दश, वायवश्च प्राणादयः पञ्च, मनो बुद्धिरहंकारश्चित्तमिति, मुखानीव मुखानि तानि; उपलब्धिद्वाराणीत्यर्थः । स एवंविशिष्टो वैश्वानरः यथोक्तैद्वरैः शब्दादीन्स्थूलान्विषयान्भुङ्क्त इति स्थूलभुक् । विश्वेषां नराणामनेकधा सुखादिनयनाद्विश्वानरः, यद्वा विश्वश्चासौ नरश्चेति विश्वानरः, विश्वानर एव वैश्वानरः, सर्वपिण्डात्मानन्यत्वात्; स प्रथमः पादः । एतत्पूर्वकत्वादुत्तरपादाधिगमस्य प्राथम्यमस्य । ★ कथम् 'अयमात्मा ब्रह्म' इति प्रत्यगात्मनोऽस्य चतुष्पात्त्वे प्रकृते द्युलोकादीनां मूर्धाद्यङ्गत्वमिति ? ★ नैष दोषः, सर्वस्य प्रपञ्चस्य साधिदैविकस्य अनेनात्मना चतुष्पात्त्वस्य विवक्षितत्वात् । एवं च सति सर्वप्रपञ्चोपशमे अद्वैतसिद्धिः । सर्वभूतस्थश्च आत्मा एको दृष्टः स्यात्; सर्वभूतानि चात्मनि । **'यस्तु सर्वाणि भूतानि'** (ई.उप. ६) इत्यादिश्रुत्यर्थश्चैवमुपसंहृतः स्यात्; अन्यथा हि स्वदेहपरिच्छिन्न एव प्रत्यगात्मा सांख्यादिभिरिव दृष्टः स्यात्; तथा च सति अद्वैतमिति श्रुतिकृतो विशेषो न स्यात्, सांख्यादिदर्शनेनाविशेषात् । इष्यते च सर्वोपनिषदां सर्वात्मैक्यप्रतिपादकत्वम्; ततो युक्तमेवास्य आध्यात्मकस्य पिण्डात्मनो । द्युलोकाद्यङ्गत्वेन विराडात्मनाधिदैविकेनैकत्वमित्यभिप्रेत्य सप्ताङ्गत्ववचनम् । **'मूर्धा ते व्यपतिष्यत्'** (छा.उप. ५-१२-२) इत्यादिलङ्गदर्शनाच्च । ★ विराजैकत्वमुपलक्षणार्थं हिरण्यगर्भाव्याकृतात्मनोः । उक्तं चैतन्मधुब्राह्मणे - **'यश्चायमस्यां पृथिव्यां तेजोमयोऽमृतमयः पुरुषो यश्चायमध्यात्मम्'** (बृ.उप. २-५-१) इत्यादि । सुषुप्ताव्याकृतयोस्त्वेकत्वं सिद्धमेव, निर्विशेषत्वात् । एवं च सत्येतत्सिद्धं भविष्यति सर्वद्वैतोपशमे चाद्वैतमिति ॥ ३ ॥

શાંકરભાષ્ય :- જાગ્રત અવસ્થા જેનું સ્થાન છે, તેને જાગૃત સ્થાન કહે છે. જેની પોતાનાથી ભિન્ન વિષયોમાં પ્રજ્ઞા અર્થાત્ બુદ્ધિ છે, તેને બહિષ્પ્રજ્ઞ કહે છે, અર્થાત્ જેની અવિદ્યાકૃત બુદ્ધિ બાહ્ય વિષયોથી સંબદ્ધ જેવી ભાસે છે. એવી રીતે જેના સાત અંગ છે અર્થાત્ **"આ તે વૈશ્વાનર આત્માનું દ્યુલોક મસ્તક છે, સૂર્ય નેત્ર છે. વાયુ પ્રાણ છે, આકાશ મધ્યસ્થાન - દેહ છે, અન્ન (અન્નનું કારણરૂપ જળ) જ મૂત્ર સ્થાન છે અને પૃથ્વી જ ચરણ છે."** (છા.ઉપ. ૫-૧૮-૨) આ શ્રુતિ અનુસાર અગ્નિહોત્ર કલ્પનામાં અંગભૂત હોવાને લીધે આહવનીય અગ્નિ તેના મુખરૂપે દર્શાવવામાં આવ્યો છે. આમ જેના સાત અંગ છે, તેને 'સપ્તાંગ' કહે છે.

વળી જેના ઓગણીસ મુખ છે, પાંચ જ્ઞાનેન્દ્રિય અને (પાંચ) કર્મેન્દ્રિય મળીને દસ, પ્રાણ વગેરે પાંચ વાયુ તથા મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત - એ ચાર (બધું મળીને ઓગણીસ) આ જેના મુખ સમાન, મુખ અર્થાત્ ઉપલબ્ધિના દ્વાર છે, તે આવા વિશેષણોવાળા વૈશ્વાનર ઉપર્યુક્ત દ્વારોથી શબ્દ વગેરે સ્થૂળ વિષયોને ભોગવે છે એટલા માટે તે સ્થૂળભોક્તા છે. બધા મનુષ્યોનું (વિવિધ યોનિઓમાં) નયન (લઈ જવાની ક્રિયા) કરવાને કારણે તે **'વૈશ્વાનર'** કહેવાય છે, અથવા તે વિશ્વ (સમગ્ર) નરરૂપ છે એટલા માટે વિશ્વાનર છે. વિશ્વાનર જ વૈશ્વાનર કહેવાય છે. સમસ્ત દેહોમાં અભિન્ન હોવાને કારણે તે જ પહેલું પાદ છે. પરવર્તી પાદોનું જ્ઞાન પહેલાં આનું જ્ઞાન થવાથી જ થાય છે, એટલા માટે આ પ્રથમ છે.

પૂર્વપક્ષી :- 'अयमात्मा ब्रह्म' - **"આ આત્મા બ્રહ્મ છે"** આ શ્રુતિ પ્રમાણે અહીં પ્રત્યગાત્માને ચાર પાદવાળા બતાવવાની વાત પ્રસ્તુત હતી. તેમાં દ્યુલોક વગેરેને તેના મૂર્ધા વગેરે અંગરૂપથી કેવી રીતે ગણી શકાય ?

સિદ્ધાન્તી :- આ દોષ નથી, કારણ કે આ આત્મા દ્વારા અધિદૈવ સહિત સંપૂર્ણ પ્રપંચના ચતુષ્પાદત્ત્વનું પ્રતિપાદન કરવું યોગ્ય છે. એમ થવાથી જ સઘળા પ્રપંચના નિષેધપૂર્વક અદ્વૈતની સિદ્ધિ થઈ શકે છે. સર્વ ભૂતોમાં રહેલો એક આત્મા અને આત્મામાં સંપૂર્ણ ભૂતોનો સાક્ષાત્કાર થઈ શકશે અને આ પ્રકારે **"જે સર્વ ભૂતોને (આત્મામાં જ જુએ છે)."** (ઈ.ઉપ. ૬) વગેરે શ્રુતિઓના અર્થનો ઉપસંહાર થઈ શકશે. નહીં તો સાંખ્ય દર્શન વગેરેની જેમ પોતાના દેહમાં પરિછિન્ન એવા અંતરાત્માનું જ દર્શન થશે. એમ થતાં **'અદ્વૈત છે'** એવી શ્રુતિ પ્રતિપાદિત વિશેષ ભાવની સિદ્ધિ થશે નહીં, કારણ કે સાંખ્ય વગેરે દર્શનોની અપેક્ષાએ આમાં કોઈ વિશેષતા રહેતી નથી. પરંતુ સઘળા ઉપનિષદોમાં આત્માના એકત્વનું પ્રતિપાદન જ ઈષ્ટ છે. એટલા માટે આ આધ્યાત્મિક પિંડાત્માનું દ્યુલોક વગેરે અંગરૂપથી આધિદૈવિક પિંડાત્માની સાથે એકત્ત્વ પ્રતિપાદન કરવાના અભિપ્રાયથી તેના સપ્તાંગત્વનું પ્રતિપાદન કરવું યોગ્ય જ છે. તેના સિવાય (આત્માની વ્યસ્તોપાસનાના નિંદક) **"તારું મસ્તક પડી જશે."** (છા.ઉપ. ૫-૧૨-૨) વગેરે વાક્યો પણ આમાં કારણરૂપ જણાય છે.

અહીં વિરાટની સાથે જે એકત્વ પ્રતિપાદન કર્યું છે, તે હિરણ્યગર્ભ અને અવ્યાકૃતના એકત્વને ઉપલક્ષિત કરાવવા માટે જ છે. મધુબ્રાહ્મણમાં એમ કહ્યું પણ છે, **"આ જે આ પૃથ્વીમાં તેજોમય એટલે અમૃતમય પુરુષ છે તથા આ જે**



અધ્યાત્મપુરુષ છે (તે બંને એક છે.)" (બૃ.ઉપ. ૨-૫-૧) વગેરે. કોઈ વિશેષતા ન હોવાને કારણે સૂતેલા પુરુષ અને અવ્યાકૃતનું એકત્વ તો સિદ્ધ થયેલું જ છે. આમ સિદ્ધ થશે કે સંપૂર્ણ દ્વૈતની નિવૃત્તિ થવાથી અદ્વૈત બાકી રહે છે. (૩)

◆

स्वप्नस्थानोऽन्तःप्रज्ञः सप्ताङ्ग एकोनविंशतिमुखः प्रविविक्तभुक्तैजसो द्वितीयः पादः ॥ ४ ॥

અન્વય અને શબ્દાર્થ :- **स्वप्नस्थानः**=સ્વપ્ન અવસ્થાવાળો (સ્વપ્નની જેમ સૂક્ષ્મ જગત જેનું સ્થાન છે તે), **अन्तःप्रज्ञः**=અંતઃપ્રજ્ઞ (જેનું જ્ઞાન અંદર સૂક્ષ્મ જગતમાં વ્યાપેલું છે તે), **सप्ताङ्गः**=સાત અંગવાળો (ભૂઃ, ભુવઃ વગેરે પૂર્વે દર્શાવેલ સાત લોકવાળો), **एकोनविंशतिमुखः**=ઓગણીસ મુખવાળો (આગળના મંત્રમાં ગણાવેલ પાંચ જ્ઞાનેન્દ્રિય વગેરે ઓગણીસ મુખવાળો), **प्रविविक्तभुक्**=સૂક્ષ્મ જગતનો ભોગવનાર, **तैजसः**=તૈજસ (આનો), **द्वितीयः**= બીજો **पादः**=પાદ છે. (૪)

અનુવાદ :- સ્વપ્ન અવસ્થાવાળો (સ્વપ્નની જેમ સૂક્ષ્મ જગત જેનું સ્થાન છે તે), અંતઃપ્રજ્ઞ (જેનું જ્ઞાન અંદર સૂક્ષ્મ જગતમાં વ્યાપેલું છે તે), સાત અંગવાળો (ભૂઃ, ભુવઃ વગેરે પૂર્વે દર્શાવેલ સાત લોકવાળો), ઓગણીસ મુખવાળો (આગળના મંત્રમાં ગણાવેલ પાંચ જ્ઞાનેન્દ્રિય વગેરે ઓગણીસ મુખવાળો), સૂક્ષ્મ જગતનો ભોગવનાર, તૈજસ (આનો), બીજો પાદ છે. (૪)

शाङ्करभाष्यम् :- स्वप्नः स्थानमस्य तैजसस्येति स्वप्नस्थानः । जाग्रत्प्रज्ञा अनेकसाधना बहिर्विषयेवावभासमाना मनःस्पन्दमात्रा सती तथाभूतं संस्कारं मनस्याधत्ते; तन्मनः तथा संस्कृतं चित्रित इव पटो बाह्यसाधनानपेक्षमविद्याकामकर्मभिः प्रेर्यमाणं जाग्रद्वदवभासते । तथा चोक्तम् - **'अस्य लोकस्य सर्वावतो मात्रामपादाय'** (बृ.उप. ४-२-९) इत्यादि । तथा **'परे देवे मनस्येकीभवति'** (प्र.उप. ४-२) इति प्रस्तुत्य **'अत्रैष देवः स्वप्ने महिमानमनुभवति'** (प्र.उप. ४-५) इत्याथर्वणे । ★ इन्द्रियापेक्षया अन्तःस्थत्वान्मनसः तद्वासनारूपा च स्वप्ने प्रज्ञा यस्येति अन्तःप्रज्ञः । विषयशून्यायां प्रज्ञायां केवलप्रकाशस्वरूपायां विषयित्वेन भवतीति तैजसः । विश्वस्य सविषयत्वेन प्रज्ञायाः स्थूलाया भोज्यत्वम्; इह पुनः केवला वासनामात्रा प्रज्ञा भोज्येति प्रविविक्तो भोग इति । समानमन्यत् । द्वितीयः पादः तैजसः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- સ્વપ્ન આ તેજસ્નું સ્થાન છે, એટલા માટે આ સ્વપ્નસ્થાનવાળું (કહેવાય) છે. અનેક સાધનોવાળી જાગૃતકાળની બુદ્ધિ મનનું સ્ફુરણ માત્ર હોવાથી જ બાહ્યવિષયના સંબંધવાળી જ પ્રતીત થતી મનમાં એવા જ સંસ્કાર ઉત્પન્ન કરે છે. ચિત્રવાળા વસ્ત્રની જેમ આ પ્રકારના સંસ્કારોથી યુક્ત થયેલું તે મન અવિદ્યારૂપી કામના અને કર્મનું કારણ બાહ્યસાધનની અપેક્ષા વિના જ પ્રેરણા પામીને જાગૃત જેવું ભાસવા માંડે છે. અને કહ્યું પણ છે. **"આ સર્વસાધન સંપન્ન લોકના સંસ્કાર પ્રાપ્ત કરીને (સ્વપ્ન જુએ છે.)"** (બૃ.ઉપ. ૪-૩-૯) વગેરે. તથા આથર્વણશ્રુતિમાં પણ (સમગ્ર ઇન્દ્રિયો) **"પરમ (ઇન્દ્રિયાદિથી ઉત્કૃષ્ટ) દેવરૂપ (પ્રકાશશીલ) મનમાં એકરૂપ થઈ જાય છે."** (પ્ર.ઉપ. ૪-૨) આ રીતે પ્રસ્તાવના કરીને કહ્યું છે, **"અહીં સ્વપ્નાવસ્થામાં આ દેવ પોતાના મહિમાનો અનુભવ કરે છે."** (પ્ર.ઉપ. ૪-૫) એમ (કહ્યું છે).

ઇન્દ્રિયોની અપેક્ષાએ મન અધિક અંતઃસ્થ છે. સ્વપ્નાવસ્થામાં જેની પ્રજ્ઞા તે(મન)ની વાસના સમાન રહે છે તેને અંતઃપ્રજ્ઞ કહે છે. તે પોતાની વિષયશૂન્ય અને કેવળ પ્રકાશસ્વરૂપ પ્રજ્ઞાનો વિષયી (અનુભવ કરનાર) હોવાને કારણે 'તેજસ' કહેવાય છે. વિશ્વ વિષયયુક્ત હોવાથી (જાગૃત અવસ્થામાં) સ્થૂળ પ્રજ્ઞા તેની ભોજ્ય છે. પરંતુ અહીં તેજસના માટે કેવળ વાસનામાત્ર પ્રજ્ઞા ભોજ્ય છે, એટલે એનો ભોગ સૂક્ષ્મ છે. બીજું બધું પહેલા સમાન જ છે. આ તેજસ જ બીજું ચરણ છે. (૪)

◆

शाङ्करभाष्यम् :- दर्शनादर्शनवृत्त्योः स्वापस्य तुल्यत्वात्सुषुप्तग्रहणार्थं यत्र सुप्त इत्यादिविशेषणम् । अथवा, त्रिष्वपि स्थानेषु तत्त्वाप्रतिबोधलक्षणः स्वापोऽविशिष्ट इति पूर्वाभ्यां सुषुप्तं विभजते –

શાંકરભાષ્ય :- (તત્ત્વના જ્ઞાનનો અભાવ) સ્વપ્નાવસ્થાના દર્શન (જાગૃતસ્થાન) અને અદર્શન (સ્વપ્નસ્થાન) આ બંને વૃત્તિઓમાં સમાન હોવાને કારણે સુષુપ્તિ અવસ્થાનું ગ્રહણ કરવા માટે 'यत्र सुप्तः' વગેરે વિશેષણો આપવામાં આવે છે. અથવા ત્રણે અવસ્થાઓમાં તત્ત્વની અજ્ઞાનરૂપ નિદ્રા એકસરખી છે, માટે પહેલાં બે સ્થાનોથી સુષુપ્તિને જુદી તારવે છે –

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

यत्र सुप्तो न कंचन कामं कामयते न कंचन स्वप्नं पश्यति तत्सुषुप्तम् । सुषुप्तस्थान एकीभूतः प्रज्ञानघन एवानन्दमयो ह्यानन्दभुक्चेतोमुखः प्राज्ञस्तृतीयः पादः ॥ ५ ॥

અન્વય અને શબ્દાર્થ :- यत्र=જે(અવસ્થા)માં, सुप्तः=સૂઈ ગયેલો (મનુષ્ય), कञ्चन=કોઈપણ, कामम्=ભોગેચ્છાની न कामयते=કામના કરતો નથી, कञ्चन=કોઈપણ स्वप्नम्=સપનું न पश्यति=જોતો નથી तत्=તે सुषुप्तम्=સુષુપ્તિની અવસ્થા છે. सुषुप्तस्थानः=તેવી સુષુપ્ત અવસ્થા જેનું સ્થાન છે તે एकीभूतः=એકરૂપ બનેલ, प्रज्ञानघनः एव=ઘનીભૂત પ્રજ્ઞાન જ છે (વિજ્ઞાન સ્વરૂપ જ છે). आनन्दघनः हि=તે ઘનીભૂત આનંદ જ છે, चेतोमुखः=ચેતના અર્થાત્ પ્રકાશ જેનું મુખ છે, आनन्दभुक्=તે આનંદને માણનાર છે તે, प्राज्ञः=પ્રાજ્ઞ (નામનો), तृतीयः=ત્રીજો पादः=પાદ છે. (૫)

અનુવાદ :- જે(અવસ્થા)માં, સૂઈ ગયેલો (મનુષ્ય), કોઈપણ, ભોગેચ્છાની કામના કરતો નથી, કોઈપણ સપનું જોતો નથી તે સુષુપ્તિની અવસ્થા છે. તેવી સુષુપ્ત અવસ્થા જેનું સ્થાન છે તે એકરૂપ બનેલ, ઘનીભૂત પ્રજ્ઞાન જ છે (વિજ્ઞાન સ્વરૂપ જ છે). તે ઘનીભૂત આનંદ જ છે, ચેતના અર્થાત્ પ્રકાશ જેનું મુખ છે, તે આનંદને માણનાર છે તે, પ્રાજ્ઞ (નામનો), ત્રીજો પાદ છે. (૫)

शाङ्करभाष्यम् :- यत्र यस्मिन्स्थाने काले वा सुप्तो न कंचन कामं कामयते न कंचन स्वप्नं पश्यति । न हि सुषुप्ते पूर्वयोरिवान्यथाग्रहणलक्षणं स्वप्नदर्शनं कामो वा कश्चन विद्यते । तदेतत्सुषुप्तं स्थानमस्येति सुषुप्तस्थानः । ★ स्थानद्वयप्रविभक्तं मनःस्पन्दितं द्वैतजातं तथा रूपापरित्यागेनाविवेकापन्नं नैशतमोग्रस्तमिवाहःसप्रपञ्चमेकीभूतमित्युच्यते । अत एव स्वप्नजाग्रन्मनःस्पन्दनानि प्रज्ञानानि घनीभूतानीव; सेयमवस्था अविवेकरूपत्वात्प्रज्ञानघन उच्यते । यथा रात्रौ नैशेन तमसा अविभज्यमानं सर्वं घनमिव, तद्वत्प्रज्ञानघन एव । एवशब्दान्न जात्यन्तरं प्रज्ञानव्यतिरेकेणास्तीत्यर्थः । ★ मनसो विषयविषय्याकारस्पन्दनायासदुःखाभावात् आनन्दमयः आनन्दप्रायः; नानन्द एव, अनात्यन्तिकत्वात् । यथा लोके निरायासस्थितः सुख्यानन्दभुगुच्यते । अत्यन्तानायासरूपा हीयं स्थितिरनेनात्मनानुभूयत इत्यानन्दभुक्, **'एषोऽस्य परम आनन्दः'** (बृ.उप. ४-३-३२) इति श्रुतेः । ★ स्वप्नादिप्रतिबोधं चेतः प्रति द्वारीभूतत्वात् चेतोमुखः । बोधलक्षणं वा चेतो द्वारं मुखमस्य स्वप्नाद्यागमनं प्रतीति चेतोमुखः । भूतभविष्यज्ज्ञातृत्वं सर्वविषयज्ञातृत्वमस्यैवेति प्राज्ञः । सुषुप्तोऽपि हि भूतपूर्वगत्या प्राज्ञ उच्यते । अथवा, प्रज्ञप्तिमात्रमस्यैव असाधारणं रूपमिति प्राज्ञः; इतरयोर्विशिष्टमपि विज्ञानमस्तीति । सोऽयं प्राज्ञस्तृतीयः पादः ॥ ५ ॥

શાંકરભાષ્ય :- જ્યાં એટલે કે જે સ્થાને અથવા સમયે સૂતેલો પુરુષ નથી કોઈ સ્વપ્ન જોતો અને ન તો કોઈ ભોગની ઈચ્છા પણ કરતો, કારણ કે સુષુપ્ત અવસ્થામાં પહેલી બન્ને અવસ્થાઓની જેમ અન્ય કાંઈ ગ્રહણ કરવારૂપ સ્વપ્નદર્શન અથવા કોઈ પ્રકારની કામના હોતી નથી, તે આ સુષુપ્તાવસ્થા જેનું સ્થાન છે તેને સુષુપ્તસ્થાન કહે છે.

જેવી રીતે રાત્રિના અંધકારથી દિવસ આચ્છાદિત થઈ જાય છે તેવી રીતે પૂર્વ નિર્દિષ્ટ બન્ને અવસ્થામાં વિભિન્ન રૂપથી પ્રતીત થનારો મનની સ્ફુરણારૂપ દ્વૈત સમૂહ (અવસ્થામાં) પ્રપંચ સાથે પોતાના તે (વિશેષ) સ્વરૂપનો ત્યાગ ન કરીને અજ્ઞાનથી આચ્છાદિત થઈ જાય છે, એટલા માટે તેને 'एकीभूत' એવું કહેવાય છે. માટે આ અવસ્થામાં સ્વપ્ન અને જાગૃત - આ મનની સ્ફુરણારૂપ પ્રજ્ઞાન ઘનીભૂત જેવા થઈ જાય છે, તે આ અવસ્થા અવિવેકરૂપ હોવાને કારણે 'પ્રજ્ઞાનઘન' કહેવામાં આવે છે. જેવી રીતે રાત્રે રાત્રિના અંધકારથી પૃથકત્વની પ્રતીતિ ન હોવાને કારણે સંપૂર્ણ પ્રપંચ ઘનીભૂત જેવું જણાય છે તેવી રીતે આ પ્રજ્ઞાનઘન જ છે. 'एव' શબ્દથી આ તાત્પર્ય છે કે તે સમયે પ્રજ્ઞાન સિવાય કોઈ બીજી જાતિ રહેતી નથી.

મનનો જે વિષય અને વિષયરૂપથી પ્રેરણા થવાથી આયાસનું દુઃખ છે તેનો અભાવ હોવાને લીધે આ આનંદમય એટલે કે આનંદ બહુલ છે, કેવળ આનંદમાત્ર જ નથી, કારણ કે આ અવસ્થામાં આનંદની અતિ અધિકતા નથી. જેવી રીતે લોકમાં અનાયાસ રૂપે રહેલો પુરુષ સુખી અથવા આનંદ ભોગવનાર કહેવાય છે, તેવી રીતે, કારણ કે આ અવસ્થામાં આ આત્મા અત્યંત અનાયાસરૂપી સ્થિતિનો અનુભવ કરે છે. એટલા માટે એ આનંદનો ભોક્તા કહેવાય છે, જેમ કે "આ તેનો પરમ આનંદ છે." (બૃ.ઉપ. ૪-૩-૩૨) આ શ્રુતિથી સિદ્ધ થાય છે.



સ્વપ્ન વગેરે જ્ઞાનરૂપી ચેતના પ્રત્યે દ્વાર સ્વરૂપ હોવાને કારણે આ ચેતોમુખ છે. અથવા સ્વપ્ન વગેરેની પ્રાપ્તિને માટે જ્ઞાનસ્વરૂપ ચિત્ત જ તેનું દ્વાર એટલે મુખ છે, એટલા માટે આ ચેતોમુખ છે. ભૂતકાળ અને ભવિષ્યકાળના તથા સઘળા વિષયોનો જ્ઞાતા એ જ છે. એટલા માટે એ પ્રાજ્ઞ છે. સુષુપ્ત હોવાને કારણે પણ તેને ભૂતપૂર્વગતિથી 'પ્રાજ્ઞ' કહે છે અથવા કેવળ પ્રજ્ઞપ્તિ (જ્ઞાન) માત્ર તેનું અસાધારણ રૂપ છે, માટે આ પ્રાજ્ઞ છે, કારણ કે બીજાઓને તો (વિશ્વ અને તેજસને) વિશિષ્ટ વિજ્ઞાન પણ હોય છે. (પણ આને નથી હોતું) તે આ પ્રાજ્ઞ જ ત્રીજું ચરણ છે. (૫)

⁂

एष सर्वेश्वर एष सर्वज्ञ एषोऽन्तर्याम्येष योनिः सर्वस्य प्रभवाप्ययौ हि भूतानाम् ॥ ६ ॥

અન્વય અને શબ્દાર્થ :- **एषः**=એ **सर्वेश्वरः**=સર્વેશ્વર (સહુનો ઈશ્વર) છે, **एषः**=એ **सर्वज्ञः**=સર્વજ્ઞ-સઘળું જાણનાર છે, **एषः**=એ **सर्वस्य**=સહુનું (સમગ્ર જગતનું) **योनिः**=કારણ છે. **हि**=કારણ કે, **भूतानाम्**=સઘળા પ્રાણીઓની **प्रभवाप्ययौ**=ઉત્પત્તિ અને લય કરનાર એ છે. (૬)

અનુવાદ :- એ સર્વેશ્વર (સહુનો ઈશ્વર) છે, એ સર્વજ્ઞ-સઘળું જાણનાર છે, એ સહુનું (સમગ્ર જગતનું) કારણ છે. કારણ કે, સઘળા પ્રાણીઓની ઉત્પત્તિ અને લય કરનાર એ છે. (૬)

शाङ्करभाष्यम् :- एषः हि स्वरूपावस्थः सर्वेश्वरः साधिदैविकस्य भेदजातस्य सर्वस्य ईश्वरः ईशिता; नैतस्माज्जात्यन्तरभूतोऽन्येषामिव, **'प्राणबन्धनं हि सोम्य मनः'** (छा.उप. ६-८-२) इति श्रुतेः । अयमेव हि सर्वस्य सर्वभेदावस्थो ज्ञातेति एषः सर्वज्ञः । अत एव एषः अन्तर्यामी, अन्तरनुप्रविश्य सर्वेषां भूतानां नियन्ताप्येष एव । अत एव यथोक्तं सभेदं जगत्प्रसूयत इत्येषः योनिः सर्वस्य । यत एवम्, प्रभवश्चाप्ययश्च प्रभवाप्ययौ हि भूतानामेष एव ॥ ६ ॥

શાંકરભાષ્ય :- પોતાના સ્વરૂપમાં રહેલો આ (પ્રાજ્ઞ) જ સર્વેશ્વર છે, અર્થાત્ અધિદૈવ સહિત સંપૂર્ણ ભેદસમૂહનો ઈશ્વર - ઈશન (શાસન) કરનાર છે. **"હે સૌમ્ય ! આ મન (જીવ) પ્રાણ (પ્રાણસંજ્ઞક બ્રહ્મ) રૂપ બંધનવાળું છે."** (છા.ઉપ. ૬-૮-૨) આ શ્રુતિથી અન્ય મત પર આધાર રાખનારના સિદ્ધાંત અનુસાર (સર્વજ્ઞ પરમેશ્વર) આ પ્રાજ્ઞથી જુદો એવો કોઈ પદાર્થ નથી. સંપૂર્ણ ભેદમાં રહેલો આ જ સર્વનો જ્ઞાતા છે, એટલા માટે તે સર્વજ્ઞ છે. તેથી જ આ અંતર્યામી છે અર્થાત્ સમગ્ર પ્રાણીઓની અંદર પ્રવિષ્ટ થઈને તેમનું નિયમન કરનાર પણ આ જ છે. આના પહેલાં કહેલું ભેદ સાથેનું સર્વ જગત ઉત્પન્ન થાય છે, એટલા માટે આ સર્વનું કારણ છે. કારણ એવું છે માટે આ સમગ્ર પ્રાણીઓનું ઉત્પત્તિ તેમજ લયસ્થાન પણ છે. (૬)

⁂

अत्र एतस्मिन्यथोक्तेऽर्थे एते श्लोका भवन्ति – અહીં આ પૂર્વોક્ત અર્થમાં આ શ્લોકો છે –

बहिःप्रज्ञो विभुर्विश्वो ह्यन्तःप्रज्ञस्तु तैजसः ।
घनप्रज्ञस्तथा प्राज्ञ एक एव त्रिधा स्थितः ॥ १ ॥

અનુવાદ :- વિભુ વિશ્વ બહિષ્પ્રજ્ઞ છે, તેજસ અંતઃપ્રજ્ઞ છે તથા પ્રાજ્ઞ ઘનપ્રજ્ઞ (પ્રજ્ઞાનદાન) છે. આવી રીતે એક જ આત્મા ત્રણ પ્રકારે વર્ણવવામાં આવે છે. (૧)

शाङ्करभाष्यम् :- बहिःप्रज्ञ इति । पर्यायेण त्रिस्थानत्वात् सोऽहमिति स्मृत्या प्रतिसंधानाच्च स्थानत्रयव्यतिरिक्तत्वमेकत्वं शुद्धत्वमसङ्गत्वं च सिद्धमित्यभिप्रायः, महामत्स्यादिदृष्टान्तश्रुतेः ॥ १ ॥

શાંકરભાષ્ય :- બહિષ્પ્રજ્ઞ વગેરે. આ શ્લોકનું તાત્પર્ય આ છે કે ક્રમશઃ ત્રણ સ્થાનોવાળા હોવાને કારણે અને 'હું તે જ છું' આ પ્રકારની સ્મૃતિ દ્વારા અનુસંધાન કરવામાં આવે છે તેના કારણે આત્માનું ત્રણે સ્થાનોથી પૃથક્ત્વ, એકત્વ, શુદ્ધત્વ અને અસંગત્વ સિદ્ધ થાય છે, જેમકે મહામત્સ્યાદિ* દૃષ્ટાંતનું વર્ણન કરનારી શ્રુતિ બતાવે છે.

★ જેમ કોઈ નદીમાં મોટું માછલું (મહામત્સ્ય) રહેતું હોય તે બંને કાંઠાઓ સુધી જાય પણ એ કાંઠાઓથી જુદું જ રહે છે તેમ આત્મા પણ જુદો જ રહે છે. વળી જેમ પક્ષી આકાશમાં સ્વચ્છંદ ઉડે પણ તે આકાશથી લેપાતું નથી એમ આત્મા પણ સ્વપ્ન વગેરે અવસ્થાઓથી લેપાતો નથી. વધુ માટે જુઓ બૃ.ઉપ. ૪-૩-૧૮ અને ૧૯.

जागरितावस्थायामेव विश्वादीनां त्रयाणामनुभवप्रदर्शनार्थोऽयं श्लोकः –

જાગૃત અવસ્થામાં જ વિશ્વ વગેરે ત્રણેનો અનુભવ બતાવવાને માટે આ શ્લોક કહે છે –

दक्षिणाक्षिमुखे विश्वो मनस्यन्तस्तु तैजसः ।
आकाशे च हृदि प्राज्ञस्त्रिधा देहे व्यवस्थितः ॥ २ ॥

અનુવાદ :- દક્ષિણનેત્રરૂપી દ્વારમાં વિશ્વ રહે છે. તેજસ મનની અંદર રહે છે, હૃદયરૂપી આકાશમાં પ્રાજ્ઞ રહે છે, આમ આ (એક જ આત્મા) શરીરમાં ત્રણ પ્રકારે રહેલો છે. (૨)

शाङ्करभाष्यम् :- दक्षिणमक्ष्येव मुखम्, तस्मिन्प्राधान्येन द्रष्टा स्थूलानां विश्वः अनुभयते, **'इन्धो ह वै नामैष योऽयं दक्षिणेऽक्षन्पुरुषः'** (बृ.उप. ४-२-२) इति श्रुतेः । इन्धो दीप्तिगुणो वैश्वानर आदित्यान्तर्गतो वैराज आत्मा चक्षुषि च द्रष्टैकः । ★ नन्वन्यो हिरण्यगर्भः, क्षेत्रज्ञो दक्षिणेऽक्षिण्यक्ष्णोर्नियन्ता द्रष्टा चान्यो देहस्वामी; ★ न, स्वतो भेदानभ्युपगमात्; **'एको देवः सर्वभूतेषु गूढः'** (श्वे.उप. ६-११) इति श्रुतेः । **'क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत'** (गी. १३-२) **'अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम्'** (गी. १३-१६) इति स्मृतेश्च; सर्वेषु करणेष्वविशेषेष्वपि दक्षिणाक्षिण्युपलब्धिपाटवदर्शनात्तत्र विशेषेण निर्देशोऽस्य विश्वस्य । ★ दक्षिणाक्षिगतो दृष्ट्वा रूपं निमीलिताक्षस्तदेव स्मरन्मनस्यन्तःस्वप्न इव तदेव वासनारूपाभिव्यक्तं पश्यति । यथा अत्र तथा स्वप्ने; अतः मनसि अन्तस्तु तैजसोऽपि विश्व एव । ★ आकाशे च हृदि स्मरणाख्यव्यापारोपरमे प्राज्ञ एकीभूतो घनप्रज्ञ एव भवति, मनोव्यापाराभावात् । दर्शनस्मरणे एव हि मनःस्पन्दितम्; तदभावे हृद्येवाविशेषेण प्राणात्मनावस्थानम् । **'प्राणो ह्येवैतान्सर्वान्संवृङ्क्ते'** (छा.उप. ४-३-३) इति श्रुतेः । तैजसः हिरण्यगर्भः, मनःस्थत्वात्; **'लिङ्गं मनः'** (बृ.उप. ४-४-६) **'मनोमयोऽयं पुरुषः'** (बृ.उप. ५-६-१) इत्यादिश्रुतिभ्यः । ★ ननु, व्याकृतः प्राणः सुषुप्ते; तदात्मकानि करणानि भवन्ति; कथमव्याकृतता ? ★ नैष दोषः, अव्याकृतस्य देशकालविशेषाभावात् । यद्यपि प्राणाभिमाने सति व्याकृततैव प्राणस्य; तथापि पिण्डपरिच्छिन्नविशेषाभिमाननिरोधः प्राणे भवतीत्यव्याकृत एव प्राणः सुषुप्ते परिच्छिन्नाभिमानवताम् । ★ यथा प्राणलये परिच्छिन्नाभिमानिनां प्राणोऽव्याकृतः, तथा प्राणाभिमानिनोऽप्यविशेषापत्तावव्याकृतता समाना, प्रसवबीजात्मकत्वं च । तदध्यक्षश्चैकोऽव्याकृतावस्थः । परिच्छिन्नाभिमानिनामध्यक्षाणां च तेनैकत्वमिति पूर्वोक्तं विशेषणमेकीभूतः प्रज्ञानधन इत्याद्युपपन्नम् । तस्मिन्नेतस्मिन्नुक्तहेतुत्वाच्च । ★ कथं प्राणशब्दत्वमव्याकृतस्य ? ★ **'प्राणबन्धनं हि सोम्य मनः'** (छा.उप. ६-८-२) इति श्रुतेः । ★ ननु, तत्र **'सदेव सोम्य'** (छा.उप. ६-२-१) इति प्रकृतं सद्ब्रह्म प्राणशब्दवाच्यम् । ★ नैष दोषः, बीजात्मकत्वाभ्युपगमात्सतः । यद्यपि सद्ब्रह्म प्राणशब्दवाच्यं तत्र, तथापि जीवप्रसवबीजात्मकत्वमपरित्यज्यैव प्राणशब्दत्वं सतः सच्छब्दवाच्यता च । यदि हि निर्बीजरूपं विवक्षितं ब्रह्माभविष्यत्, **'नेति नेति'** (बृ.उप. ४-४-२२) **'यतो वाचो निवर्तन्ते'** (तै.उप. २-९) **'अन्यदेव तद्विदितादथो अविदितादधि'** (क.उप. १-३) इत्यवक्ष्यत्; **'न सत्तन्नासदुच्यते'** (गी. १३-१२) इति स्मृतेः । ★ निर्बीजतयैव चेत्, सति प्रलीनानां संपन्नानां सुषुप्तिप्रलययोः पुनरुत्थानानपुपत्तिः स्यात् । मुक्तानां च पुनरुत्पत्तिप्रसङ्गः, बीजाभावाविशेषात्, ज्ञानदाह्यबीजाभावे च ज्ञानानर्थक्यप्रसङ्गः; तस्मात्सबीजत्वाभ्युपगमेनैव सतः प्राणत्वव्यपदेशः, सर्वश्रुतिषु च कारणत्वव्यपदेशः । ★ अत एव **'अक्षरात्परतः परः'** (मु.उप. २-१-२) **'सबाह्याभ्यन्तरो ह्यजः'** (मु.उप. २-१-२) **'यतो वाचो निवर्तन्ते'** (तै.उप. २-९) **'नेति नेति'** (बृ.उप. ४-४-२२) इत्यादिना बीजत्वापनयनेन व्यपदेशः । तामबीजावस्थां तस्यैव प्राज्ञशब्दवाच्यस्य तुरीयत्वेन देहादिसंबन्धजाग्रदादिरहितां पारमार्थिकीं पृथग्वक्ष्यति । बीजावस्थापि 'न किंचदवेदिषम्' इत्युत्थितस्य प्रत्ययदर्शनाद्देहेऽनुभूयत एवेति त्रिधा देहे व्यवस्थित इत्युच्यते ॥ २ ॥

શાંકરભાષ્ય :- દક્ષિણ નેત્ર જ મુખ (ઉપલબ્ધિનું સ્થાન) છે, તેમાં પ્રધાનતાથી સ્થૂળ પદાર્થોના સાક્ષી એવા વિશ્વનો અનુભવ થાય છે. **"આ જે દક્ષિણ નેત્રમાં રહેલો પુરુષ છે તે ઈન્દ્ર નામથી જાણીતો છે."** (બૃ. ૩. ૪-૨-૨) આ શ્રુતિથી પણ પ્રમાણિત થાય છે. દિપ્તિગુણવિશિષ્ટ વૈશ્વાનરને 'ઈન્દ્ર' કહે છે. આદિત્યાન્તર્ગત વૈરાજ સંજ્ઞક આત્મા અને નેત્રોમાં સ્થિત દૃષ્ટા (સાક્ષી) તે બંને એક જ છે.



પૂર્વપક્ષી :- હિરણ્યગર્ભ અન્ય છે તથા દક્ષિણ નેત્રમાં રહેલો નેત્રેન્દ્રિયનો નિયંતા અને સાક્ષી એવો દેહનો સ્વામી ક્ષેત્રજ્ઞ બીજો છે. (આ બંનેની એકતા કેવી રીતે હોઈ શકે ?)

સિદ્ધાંતી :- ના, (એવી વાત નથી) કારણે તેનો સ્વાભાવિક ભેદ માનવામાં આવ્યો નથી, કેમ કે **"સર્વ ભૂતોમાં એક જ દેવ રહેલો છે."** (શ્વે.ઉપ. ૬-૧૧) એવું શ્રુતિમાં તથા **"હે ભારત સર્વ ક્ષેત્રોમાં ક્ષેત્રણ મને જ જાણ."** (ગીતા-૧૩-૨) **"ભૂતોમાં એ વિભક્ત ન હોઈને પણ વિભક્ત સમાન રહેલો છે"** (ગીતા ૧૩-૧૬) વગેરે સ્મૃતિઓથી પણ (આ વાત સિદ્ધ થાય છે). સમગ્ર ઈન્દ્રિયોમાં સમાનરૂપે રહેલા હોવાને કારણે પણ દક્ષિણ નેત્રમાં તેની ઉપસ્થિતિ જોવાથી તેનો વિશ્વનો વિશિષ્ટરૂપે નિર્દેશ કરવામાં આવે છે.

દક્ષિણ નેત્રમાં રહેલો જીવાત્મા રૂપને જોઈને ફરીથી નેત્ર બંધ કરી મનમાં તેનું જ સ્મરણ કરતાં કરતાં વાસનારૂપે અભિવ્યક્ત થતું તેને સ્વપ્નમાં જુએ છે. જેવી રીતે આ અવસ્થામાં થાય છે બરાબર તે જ રીતે સ્વપ્નમાં પણ થાય છે. માટે મનની અંદર રહેલું તેજસ્ પણ વિશ્વ જ છે.

વળી હૃદયરૂપી આકાશમાં સ્મરણ નામનો વ્યાપાર ઉપરમ થતાં મનોવ્યાપાર શમી જતાં એક થઈ ગયેલો તે અભાવ થવાથી એકીભૂત અને ઘનપ્રજ્ઞ થઈ જાય છે. દર્શન અને સ્મરણ જ મનનું સ્ફુરણ છે, તેનો અભાવ થઈ જવાથી જે જીવના હૃદયની અંદર જ નિર્વિશેષ પ્રાણરૂપે રહે છે. **"પ્રાણ જ આ સર્વને પોતાનામાં સમાવી લે છે."** (છા.ઉપ. ૪-૩-૩) એવું શ્રુતિમાં છે. મનમાં રહેવાને કારણે તેજસ જ હિરણ્યગર્ભ છે. **"લિંગરૂપી મન"** (બૃ.ઉપ. ૪-૪-૬) **"આ પુરુષ મનોમય છે."** (બૃ.ઉપ. ૫-૬-૧) વગેરે શ્રુતિઓથી પણ (તેજસ અને હિરણ્યગર્ભની એકતા સાબિત થાય છે.)

પૂર્વપક્ષી :- સુષુપ્તિમાં પણ પ્રાણ તો વ્યાકૃત હોય છે. તથા ઈન્દ્રિયો પણ પ્રાણરૂપ થઈ જાય છે. તો પછી તેની અવ્યાકૃતતા કેવી રીતે કહેવામાં આવી ?

સિદ્ધાંતી :- આ કોઈ દોષ નથી, કારણ કે અવ્યાકૃત પદાર્થમાં દેશકાળ રૂપ વિશેષ ભાવનો અભાવ હોય છે. જો કે પ્રાણનું અભિમાન રહેતું હોવાથી તેની વ્યાકૃતતા તો છે જ, તો પણ સુષુપ્તાવસ્થામાં પ્રાણમાં પિંડપરિચ્છિન્ન વિશેષનું અભિમાન રહેતું નથી. માટે પરિછિન્ન દેહાભિમાનીઓને માટે પણ તે વખતે તે અવ્યાકૃત જ છે.

જેવી રીતે પ્રાણનો લય (મૃત્યુ) થવાથી પરિછિન્ન દેહાભિમાનીઓના પ્રાણ અવ્યાકૃતરૂપમાં રહે છે તેવી રીતે પ્રાણાભિમાનીઓને પણ પ્રાણની અવિશેષતા પ્રાપ્ત થવાથી તેની અવ્યાકૃતતા અને પ્રસવ બીજરૂપતા એક સરખી છે. માટે આ બંને અવસ્થાઓનો સાક્ષી પણ અવ્યાકૃત અવસ્થામાં રહેનાર એક જ (ચેતન આત્મા) છે. પરિછિન્ન દેહોના અભિમાની અને તેના સાક્ષીઓની તેની સાથે એકતા છે, માટે (પ્રાજ્ઞને માટે) एकीभूतः प्रज्ञानघनः વગેરે પૂર્વોક્ત વિશેષણ યોગ્ય જ છે, વિશેષતઃ એટલા માટે પણ, કારણ કે આમાં (અધિદૈવ અવ્યાકૃત અને અધ્યાત્મ પ્રાજ્ઞની એકરૂપતામાં) ઉપર્યુક્ત હેતુ પણ રહેલ છે.

પૂર્વપક્ષી :- પરંતુ અવ્યાકૃત 'પ્રાણ' શબ્દવાચ્ય કેવી રીતે થયો ?

સિદ્ધાંતી :- **"હે સૌમ્ય ! મન પ્રાણને જ આધીન છે."** (છા.ઉપ. ૬-૮-૨) આ શ્રુતિ મુજબ.

પૂર્વપક્ષી :- પરંતુ ત્યાં તો **'સદૈવ સૌમ્ય'** (છા.ઉપ. ૬-૨-૧) આ શ્રુતિ અનુસાર પ્રસંગપ્રાપ્ત સદ્બ્રહ્મ જ 'પ્રાણ' શબ્દનો વાચ્ય છે.

સિદ્ધાંતી :- ત્યાં આ દોષ હોઈ શકે નહીં, કારણ કે (તે પ્રસંગે) સદ્(બ્રહ્મ)ની બીજાત્મકતા સ્વીકારવામાં આવી છે. જો કે ત્યાં 'પ્રાણ' શબ્દનો વાચ્ય સદ્બ્રહ્મ છે તો પણ જીવોની ઉત્પત્તિની બીજાત્મકતાનો ત્યાગ ન કરતાં જ તે સદ્બ્રહ્મમાં પ્રાણ શબ્દત્વ અને 'સત્' શબ્દનું વાચ્યત્વ માનવામાં આવ્યું છે. જો ત્યાં 'સત્' શબ્દથી નિર્બીજબ્રહ્મ કહેવું હોય તો તેને **"આ નહીં, આ નહીં"** (બૃ.ઉપ. ૪-૪-૨૨ અને ૪-૫-૧૫) **"જ્યાંથી વાણી પાછી આવે છે."** (તૈ.ઉપ. ૨-૯) **"તે વિદિત(જ્ઞાત)થી અન્ય છે અને અવિદિતથી પણ જુદું છે."** (કે.ઉપ. ૧-૩) વગેરે પ્રકારે કહેવામાં આવત. જેવી રીતે કે **"તે સત્ કહેવામાં આવતું નથી અને અસત્ પણ કહેવામાં આવતું નથી."** (ગીતા ૧૩-૧૨) આ સ્મૃતિથી પણ સિદ્ધ થાય છે.

જો ત્યાં (સત્ શબ્દથી) બ્રહ્મનો નિર્બીજરૂપે જ નિર્દેશ કરવાનો યોગ્ય હોય તો સુષુપ્તિ અને પ્રલય (મૃત્યુ) અવસ્થામાં સત્‌માં લીન થયેલા પુરુષોનું ફરી ઉત્પન્ન થવું શક્ય નહીં બને તથા મુક્ત પુરુષોની ફરીથી ઉત્પત્તિનો પ્રસંગ ઉપસ્થિત થઈ જશે, કારણ કે (મુક્ત અને સત્‌માં લીન થયેલા પુરુષોમાં) બીજત્વનો અભાવ સમાન જ છે. તથા જ્ઞાનથી દગ્ધ થયેલા બીજનો અભાવ હોવાથી જ્ઞાનની વ્યર્થતાનો પણ પ્રસંગ ઉપસ્થિત થઈ જશે. માટે સદ્બ્રહ્મની સબીજતાનો સ્વીકાર કરીને જ તેનો પ્રાણરૂપથી સમગ્ર શ્રુતિઓમાં કારણરૂપે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.



એટલા માટે "તે પર અક્ષરથી પણ પર છે." (મું.ઉપ. ૨-૧-૨) "તે બાહ્ય (કાર્ય) અને અભ્યન્તર (કારણ) સહિત અજન્મા છે." (મું.ઉપ. ૨-૧-૨) "જ્યાંથી વાણી પાછી ફરે છે." (તૈ.ઉપ. ૨-૯) "આ નહીં આ નહીં" (બૃ.ઉપ. ૪-૪-૨૨) વગેરે શ્રુતિઓ દ્વારા શુદ્ધ બ્રહ્મનો નિર્દેશ બીજતત્ત્વને દૂર કરીને જ કરવામાં આવ્યો છે. તે 'પ્રાજ્ઞ' શબ્દવાચ્ય જીવનું દેહાદિ સંબંધ તથા જાગૃત વગેરે અવસ્થાઓથી રહિત તેવી પારમાર્થની અબીજાવસ્થાના તુરીય રૂપથી અલગ વર્ણન કરશે. બીજાવસ્થા પણ જાગૃત થઈને મને કંઈ પણ ખબર નથી એવી પ્રતીતિ જોવાથી શરીરમાં અનુભવી શકાય જ છે. માટે 'તે દેહમાં ત્રણ પ્રકારે રહેલો છે' એવું કહેવામાં આવ્યું છે. (૨)

⁂

विश्वो हि स्थूलभुङ् नित्यं तैजसः प्रविविक्तभुक् ।
आनन्दभुक्तथा प्राज्ञस्त्रिधा भोगं निबोधत ॥ ३ ॥

અનુવાદ :- વિશ્વ હંમેશા સ્થૂળ પદાર્થોને ભોગવનાર છે, તેજસ સૂક્ષ્મ પદાર્થોનો ભોક્તા છે, તથા પ્રાજ્ઞ આનંદને ભોગવનાર છે. આમ આનો ત્રણ પ્રકારનો ભોગ જાણો. (૩)

⁂

स्थूलं तर्पयते विश्वं प्रविविक्तं तु तैजसम् ।
आनन्दश्च तथा प्राज्ञं त्रिधा तृप्तिं निबोधत ॥ ४ ॥

અનુવાદ :- સ્થૂળ પદાર્થ વિશ્વને તૃપ્ત કરે છે, સૂક્ષ્મ તેજસની તૃપ્તિ કરનાર છે, તથા આનંદ પ્રાજ્ઞની. આમ આ ત્રણેની તૃપ્તિ પણ ત્રણ પ્રકારની જાણવી. (૪)

⁂

उक्तार्थौ हि श्लोकौ – આ બંને શ્લોકોનો અર્થ કહી દેવામાં આવ્યો છે –

त्रिषु धामसु यद्भोज्यं भोक्ता यश्च प्रकीर्तितः ।
वेदैतदुभयं यस्तु स भुञ्जानो न लिप्यते ॥ ५ ॥

અનુવાદ :- (જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ) આ ત્રણે સ્થાનોમાં જે ભોજ્ય અને ભોક્તા કહેવામાં આવ્યો છે, આ બંનેને જે જાણે છે, તે (ભોગોને) ભોગવવા છતાં પણ તેનાથી લેપાતો નથી. (૫)

शाङ्करभाष्यम् :- त्रिषु धामसु जाग्रदादिषु स्थूलप्रविविक्तानन्दाख्यं यद्भोज्यमेकं त्रिधाभूतम्; यश्च विश्वतैजसप्राज्ञाख्यो भोक्तैकः 'सोऽहम्' इत्येकत्वेन प्रतिसंधानात् द्रष्टृत्वाविशेषाच्च प्रकीर्तितः; यो वेद एतदुभयं भोज्यभोक्तृतया अनेकधा भिन्नम्, सः भुञ्जानः न लिप्यते, भोज्यस्य सर्वस्यैकभोक्तृभोज्यत्वात् । न हि यस्य यो विषयः, स तेन हीयते वर्धते वा । न ह्यग्निः स्वविषयं दग्ध्वा काष्ठादि, तद्वत् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- જાગૃત વગેરે ત્રણ સ્થાનમાં સ્થૂળ, સૂક્ષ્મ અને આનંદ નામના ત્રણ વિભાગોમાં વહેંચાયેલો એક જ ભોજ્ય છે અને 'તે હું છું' એવી રીતે એકરૂપથી અનુસંધાન કરાયેલા તથા દૃષ્ટત્વમાં કોઈ વિશેષતા ન હોવાને કારણે વિશ્વ, તેજસ અને પ્રાજ્ઞ નામના જે એક જ ભોક્તા કહેવામાં આવેલ છે, એવી રીતે ભોજ્ય અને ભોક્તારૂપથી અનેક પ્રકારે વિભિન્ન થયેલા આ બંને(ભોક્તા અને ભોજ્ય)ને જે જાણે છે તે (ભોગો) ભોગવવાં છતાં પણ લેપાતો નથી, કારણ કે સમસ્ત ભોજ્ય એક જ ભોક્તાનું ભોજન (ભોગ) છે. જેવી રીતે અગ્નિ પોતાના કાષ્ઠ વગેરેને સળગાવે (ત્યારે તેનામાં વધઘટ થતી નથી) તેવી રીતે જેનો જે વિષય હોય છે તે પોતાના વિષયના કારણે હ્રાસ અથવા વૃદ્ધિને પ્રાપ્ત થતો નથી. (૫)

⁂

प्रभवः सर्वभावानां सतामिति विनिश्चयः ।
सर्वं जनयति प्राणश्चेतोंशून्पुरुषः पृथक् ॥ ६ ॥



અનુવાદ :- આ વાત નક્કી છે કે જે પદાર્થનું અસ્તિત્વ હોય તે બધાની ઉત્પત્તિ હોય છે. પ્રાણ જ સર્વની ઉત્પત્તિ કરે છે અને ચેતનાત્મક પુરુષ જીવોને અલગ અલગ રીતે પ્રગટ કરે છે. (૬)

शाङ्करभाष्यम् :- सतां विद्यमानानां स्वेन अविद्याकृतनामरूपमायास्वरूपेण सर्वभावानां विश्वतैजसप्राज्ञभेदानां प्रभवः उत्पत्तिः । वक्ष्यति च - '**बन्ध्यापुत्रो न तत्त्वेन मायया वापि जायते**' (मा.उप.गौ.का. ३-२८) इति । यदि ह्यसतामेव जन्म स्यात्, ब्रह्मणोऽव्यवहार्यस्य ग्रहणद्वाराभावादसत्त्वप्रसङ्गः । दृष्टं च रज्जुसर्पादीनामविद्याकृतमायाबीजोत्पन्नानां रज्ज्वाद्यात्मना सत्त्वम् । न हि निरास्पदा रज्जुसर्पमृगतृष्णिकादयः क्वचिदुपलभ्यन्ते केनचित् । यथा रज्ज्वां प्राक्सर्पोत्पत्तेः रज्ज्वात्मना सर्पः सन्नेवासीत्, एवं सर्वभावानामुत्पत्तेः प्राक्प्राणबीजात्मनैव सत्त्वमिति । श्रुतिरपि वक्ति '**ब्रह्मैवेदम्**' (मु.उप. २-२-११) '**आत्मैवेदमग्र आसीत्**' (बृ.उप. १-४-१) इति । ★ अतः सर्वं जनयति प्राणः चेतोंशून् अंशव इव रवेश्चिदात्मकस्य पुरुषस्य चेतोरूपा जलार्कसमाः प्राज्ञतैजसविश्वभेदेन देवमनुष्यतिर्यगादिदेहभेदेषु विभाव्यमानाश्चेतोंऽशवो ये, तान् पुरुषः पृथक् सृजति विषयभावविलक्षणानग्निविस्फुलिङ्गवत्सलक्षणान् जलार्कवच्च जीवलक्षणांस्त्वितरान्सर्वभावान् प्राणो बीजात्मा जनयति, '**यथोर्णनाभिः**' (मु.उप. १-१-७) '**यथाग्नेः क्षुद्रा विस्फुलिङ्गाः**' (बृ.उप. २-१-२०) इत्यादिश्रुतेः ॥ ६ ॥

શાંકરભાષ્ય :- સત્ અર્થાત્ પોતાની અવિદ્યાકૃત નામરૂપાત્મક માયાના સ્વરૂપથી અસ્તિત્વમાં આવનાર વિશ્વ, તેજસ અને જ્ઞાન વિભાગવાળા સર્વ પદાર્થોની ઉત્પત્તિ થયા કરે છે. આગળ (પ્રક. ૩, કા. ૨૮માં) કહેશે કે, "**વંધ્યાપુત્ર ન તો વાસ્તવિક રીતે અથવા ન તો માયાથી ઉત્પન્ન થાય છે.**" જો અસત્ (જેનું અસ્તિત્વ નથી તેવા) પદાર્થોની જ ઉત્પત્તિ થયા કરતી હોત તો અનવ્યવહાર્ય બ્રહ્મને ગ્રહણ કરવાનો કોઈ માર્ગ ન રહેવાને કારણે તેની અસત્તાનો (અસ્તિત્વના અભાવનો) પ્રસંગ ઉપસ્થિત થઈ જાત. અવિદ્યાકૃત માયામય બીજથી ઉત્પન્ન થયેલા રજ્જુ સર્પ વગેરેની પણ રજ્જુ વગેરે રૂપથી સત્તા જોવામાં આવે છે. કોઈએ પણ આશ્રયરહિત રજ્જુ સર્પ કે મૃગજળ વગેરે ક્યારેય જોયા નથી. જેવી રીતે સર્પની ઉત્પત્તિ પહેલાં તે રજ્જુમાં રજ્જુરૂપે સત્ય જ હતું તેવી રીતે સર્વ પદાર્થ પોતાની ઉત્પત્તિ પહેલાં પ્રાણાત્મક બીજરૂપથી સત્ય જ હતાં માટે શ્રુતિ પણ કહે છે. "**આ બ્રહ્મ જ છે.**" (મું.ઉપ. ૨-૨-૧૧) "**પહેલાં આ આત્મા હતો.**" (બૃ.ઉપ. ૧-૪-૧) વગેરે.

સર્વ પદાર્થોને પ્રાણ ઉત્પન્ન કરે છે તથા જે જળમાં પ્રતિબિંબિત સૂર્યસમાન દેવ, મનુષ્ય અને તિર્યગ્ વગેરે વિભિન્ન શરીરોમાં પ્રાજ્ઞ, તેજસ્, તેમજ વિશ્વરૂપથી ભાસતા ચિદાત્મક પુરુષના કિરણરૂપ ચિદાભાસને વિષયભાવથી વિલક્ષણ તથા અગ્નિની ચિનગારી અને જળમાં પ્રતિબિંબિત સૂર્ય સમાન સજાતીય જીવોને પુરુષ અલગ રીતે ઉત્પન્ન કરે છે. તેના સિવાય બીજા સમગ્ર પદાર્થોને બીજાત્મક પ્રાણ ઉત્પન્ન કરે છે, જેમ કે "**જેવી રીતે કરોળિયો (જાળું બનાવે છે)**" (મુ.ઉપ. ૧-૧-૭) "**જેવી રીતે અગ્નિમાંથી નાના નાના તણખાઓ નીકળે છે**" (બૃ.ઉપ. ૨-૧-૨૦) વગેરે શ્રુતિઓથી સિદ્ધ થાય છે. (૬)

❖

विभूतिं प्रसवं त्वन्ये मन्यन्ते सृष्टिचिन्तकाः ।
स्वप्नमायासरूपेति सृष्टिरन्यैर्विकल्पिता ॥ ७ ॥

અનુવાદ :- સૃષ્ટિનો વિચાર કરનાર બીજા લોકો (ભગવાનની) વિભૂતિઓને જ જગતની ઉત્પત્તિ માને છે તથા બીજા લોકો દ્વારા આ સૃષ્ટિ સ્વપ્ન અને માયા સમાન કલ્પવામાં આવી છે. (૭)

शाङ्करभाष्यम् :- विभूतिर्विस्तार ईश्वरस्य सृष्टिरिति सृष्टिचिन्तका मन्यन्ते; न तु परमार्थचिन्तकानां सृष्टावादर इत्यर्थः, '**इन्द्रो मायाभिः पुरुरूप ईयते**' (बृ.उप. २-५-१९) इति श्रुतेः । न हि मायाविनं सूत्रमाकाशे निःक्षिप्य तेन सायुधमारुह्य चक्षुर्गोचरतामतीत्य युद्धेन खण्डशश्छिन्नं पतितं पुनरुत्थितं च पश्यतां तत्कृतमायादिसतत्त्वचिन्तायामादरो भवति । तथैवायं मायाविनः सूत्रप्रसारणसमः सुषुप्तस्वप्नादिविकासः; तदारूढमायाविसमश्च तत्स्थप्राज्ञतैजसादिः; सूत्रतदारूढाभ्यामन्यः परमार्थमायावी । स एव भूमिष्ठो मायाच्छन्नः अदृश्यमान एव स्थितो यथा, तथा तुरीयाख्यं परमार्थतत्त्वम् । अतस्तच्चिन्तायामेवादरो मुमुक्षूणामार्याणाम्, न निष्प्रयोजनायां सृष्टावादर इत्यतः सृष्टिचिन्तकानामेवैते विकल्पा इत्याह-**स्वप्नमायासरूपेति** । स्वप्नसरूपा मायासरूपा चेति ॥ ७ ॥

શાંકરભાષ્ય :- આ સૃષ્ટિ ઈશ્વરની વિભૂતિ એટલે કે તેનો વિસ્તાર છે. એવું સૃષ્ટિનો વિચાર કરનારા લોકો માને છે. એનું તાત્પર્ય એ છે કે પરમાર્થનું ચિંતન કરનારનો સૃષ્ટિના વિષયમાં આદર હોતો નથી. જેમ કે "ઈન્દ્ર (પરમાત્મા) માયાથી અનેક રૂપવાળા થઈ જાય છે." (બૃ.ઉપ.૨-૫-૧૧) એવી શ્રુતિ છે. આકાશમાં દોરડું નાંખીને તેના ઉપર શસ્ત્રો સાથે ચઢીને નેત્રેન્દ્રિયની પહોંચ બહાર જઈને યુદ્ધ દ્વારા અનેક ટુકડાઓમાં વિભક્ત થઈને પડેલા માયાવીને ફરીથી ઉપર ઉઠતો જોનાર પુરુષોને પોતાની રચેલી માયા વગેરેના સ્વરૂપનું માન હોતું નથી. તે માયાવીના દોરડાના વિસ્તારની જેમ જ આ સુષુપ્તિ તેમજ સ્વપ્ન વગેરેનો વિકાસ છે, તથા તેના (સૂતર) ઉપર ચઢેલા માયાવી સમાન જ તે (સુષુપ્તિ વગેરે અવસ્થાઓ)માં રહેલા પ્રાજ્ઞ તેમજ તેજસ વગેરે છે. પરંતુ વાસ્તવિક માયા તો સૂતર અને તેના ઉપર ચઢેલા માયાવી કરતાં જુદી છે અને તે જેવી રીતે માયાથી આવૃત રહેવાને કારણે જોવામાં ન આવતાં પણ પૃથ્વી ઉપર રહેલાં છે તેવી રીતે તુરીયસંજ્ઞક પરમાર્થ તત્ત્વ પણ છે. માટે મોક્ષની બાબતમાં આર્યપુરુષોનું તેના ચિંતનમાં માન હોય છે. પ્રયોજનહીન સૃષ્ટિમાં તેનું માન હોતું નથી. માટે આ સર્વ વિકલ્પ સૃષ્ટિનું ચિંતન કરનારનું જ છે, આથી કહ્યું છે. 'स्वप्नमायासरूपा इति' અર્થાત્ (બીજા લોકો તેને) સ્વપ્નરૂપા અને માયારૂપા (બતાવે છે.) (૭)

⁂

इच्छामात्रं प्रभोः सृष्टिरिति सृष्टौ विनिश्चिताः ।
कालात्प्रसूतिं भूतानां मन्यन्ते कालचिन्तकाः ॥ ८ ॥

અનુવાદ :- કેટલાંક સૃષ્ટિના વિષયમાં એવું ચોક્કસ માને છે કે પ્રભુની ઈચ્છા જ સૃષ્ટિ છે. તથા કાળના વિષયમાં વિચાર કરનાર (જ્યોતિષી લોકો) કાળથી જીવોની ઉત્પત્તિ માને છે. (૮)

शाङ्करभाष्यम् :- इच्छामात्रं प्रभोः सत्यसंकल्पत्वात् सृष्टिः घटादीनां संकल्पनामात्रम्, न संकल्पनातिरिक्तम् । कालादेव सृष्टिरिति केचित् ॥ ८ ॥

શાંકરભાષ્ય :- ભગવાન સત્ય સંકલ્પ છે, માટે ઘટાદિની સૃષ્ટિ પ્રભુનો સંકલ્પ માત્ર છે. તેના સંકલ્પથી જુદી નથી. તથા કેટલાક 'સૃષ્ટિ કાળથી જ થઈ છે' એવું કહે છે. (૮)

⁂

भोगार्थं सृष्टिरित्यन्ये क्रीडार्थमिति चापरे ।
देवस्यैष स्वभावोऽयमाप्तकामस्य का स्पृहा ॥ ९ ॥ इति ।

અનુવાદ :- કેટલાક લોકો 'સૃષ્ટિ ભોગ માટે છે' એવું માને છે અને બીજા કેટલાક 'લીલા (રમત) માટે છે' એવું સમજે છે. (પરંતુ વાસ્તવમાં) આ ભગવાનનો સ્વભાવ જ છે કારણ કે પૂર્ણકામને (વળી) ઈચ્છા કેવી ? (૯)

शाङ्करभाष्यम् :- भोगार्थम्, क्रीडार्थमिति च अन्ये सृष्टिं मन्यन्ते । अनयोः पक्षयोर्दूषणं देवस्यैष स्वभावोऽयमिति देवस्य स्वभावपक्षमाश्रित्य, सर्वेषां वा पक्षाणाम् - आप्तकामस्य का स्पृहेति । न हि रज्ज्वादीनामविद्यास्वभावव्यतिरेकेण सर्पाद्याभासत्वे कारणं शक्यं वक्तुम् ॥ ९ ॥

શાંકરભાષ્ય :- બીજા લોકો સૃષ્ટિને 'આ ભોગવવા માટે અથવા ક્રીડા માટે છે' એવું માને છે. देवस्यैष स्वभावोऽयम आ વાક્યથી દેવના સ્વભાવ પક્ષનો આશ્રય લઈને આ બંને પક્ષોને દોષયુક્ત દર્શાવે છે. અથવા आप्तकामस्य का स्पृहा આ વાત સર્વ પક્ષોને દોષયુક્ત બતાવનારી છે, કારણ કે અવિદ્યારૂપ પોતાના સ્વભાવ વિના રજ્જુ વગેરેની સર્પાદિરૂપે અભિવ્યક્તિમાં કારણત્વ-કારણ હોવાપણું બતાવી શકાતું નથી. (૯)

शाङ्करभाष्यम् :- चतुर्थः पादः क्रमप्राप्तो वक्तव्य इत्याह - नान्तःप्रज्ञमित्यादिना । सर्वशब्दप्रवृत्तिनिमित्तशून्यत्वात्तस्य शब्दानभिधेयत्वमिति विशेषप्रतिषेधेनैव तुरीयं निर्दिदिक्षति । ★ शून्यमेव तर्हि; ★ तन्न, मिथ्याविकल्पस्य निर्निमित्तत्वानुपपत्तेः; न हि रजतसर्पपुरुषमृगतृष्णिकादिविकल्पाः शुक्तिकारज्जुस्थाणूषरादिव्यतिरेकेण अवस्त्वास्पदाः शक्याः कल्पयितुम् । ★ एवं तर्हि प्राणादिसर्वविकल्पास्पदत्वात्तुरीयस्य शब्दवाच्यत्वमिति न प्रतिषेधैः प्रत्याय्यत्वमुदकाधारादेरिव घटादेः । ★ न, प्राणादिविकल्पस्यावस्तुत्वाच्छुक्तिकादिष्विव रजतादेः । न हि सदसतोः संबन्धः शब्दप्रवृत्तिनिमित्तभाक्,



अवस्तुत्वात्, नापि प्रमाणान्तरविषयत्वं स्वरूपेण गवादिवत्, आत्मनो निरुपाधिकत्वात्; गवादिवन्नापि जातिमत्त्वम्, अद्वितीयत्वेन सामान्यविशेषाभावात्, नापि क्रियावत्त्वं पाचकादिवत्, अविक्रियत्वात्; नापि गुणवत्त्वं नीलादिवत्, निर्गुणत्वात्; अतो नाभिधानेन निर्देशमर्हति । ★ शशविषाणादिसमत्वान्निरर्थकत्वं तर्हि; ★ न, आत्मत्वावगमे तुरीयस्यानात्मतृष्णाव्यावृत्तिहेतुत्वात् शुक्तिकावगम इव रजततृष्णायाः । न हि तुरीयस्यात्मत्वावगमे सति अविद्यातृष्णादिदोषाणां संभवोऽस्ति । न च तुरीयस्यात्मत्वानवगमे कारणमस्ति, सर्वोपनिषदां तादर्थ्येनोपक्षयात् - **'तत्त्वमसि'** (छा.उप. ६-८-१६) **'अयमात्मा ब्रह्म'** (बृ.उप. २-५-१९) **'तत्सत्यं स आत्मा'** (छा.उप. ६-८-१६) **'यत्साक्षादपरोक्षाद्ब्रह्म'** (बृ.उप. ३-४-१) **'सबाह्याभ्यन्तरो ह्यजः'** (मु.उप. २-१-२) **'आत्मैवेदं सर्वम्'** (छा.उप. ७-२५-२) इत्यादीनाम् । ★ सोऽयमात्मा परमार्थापरमार्थरूपश्चतुष्पादित्युक्तः । तस्यापरमार्थरूपमविद्याकृतं रज्जुसर्पादिसममुक्तं पादत्रयलक्षणं बीजाङ्कुरस्थानीयम् । अथेदानीमबीजात्मकं परमार्थस्वरूपं रज्जुस्थानीयं सर्पादिस्थानीयोक्तस्थानत्रयनिराकरणेनाह - **नान्तःप्रज्ञमित्यादिना** ।

શાંકરભાષ્ય :- હવે ક્રમ પ્રમાણે પ્રાપ્ત થયેલ ચોથું ચરણ પણ બતાવવાનું છે, માટે આ જ વાત नान्तः प्रज्ञम् વગેરે મંત્ર દ્વારા કહે છે. તે (ચોથું ચરણ) સંપૂર્ણપણે શબ્દપ્રવૃત્તિના નિમિત્રથી રહિત છે, માટે શબ્દથી તેનું વર્ણન કરી શકાતું નથી. એટલા માટે શ્રુતિ દ્વારા (अन्तः प्रज्ञत्व વગેરે) વિશેષ ભાવનો પ્રતિષેધ કરીને જ તે(તુરીય)નો નિર્દેશ કરવામાં આવે છે.

પૂર્વપક્ષી :- હવે તો તે શૂન્યરૂપ જ થયો.

સિદ્ધાંત :- ના, કારણ કે મિથ્યા વિકલ્પનું હોવું કોઈ નિમિત્ત વિના શક્ય નથી. ચાંદી, સર્પ, પુરુષ અને મૃગજળ વગેરેનો વિકલ્પની છીપલું, દોરડું, ઠુંઠું અને ખારો પાટ વગેરેના આશ્રય વિના કલ્પના ન જ કરી શકાય.

પૂર્વપક્ષી :- જો એવી જ વાત છે ત્યારે તો પ્રાણાદિ સંપૂર્ણ વિકલ્પનો આશ્રય હોવાને કારણે તે 'તુરીય' શબ્દ દ્વારા વાચ્ય સિદ્ધ થાય છે. જળના આધારભૂત ઘટ વગેરેની જેમ પ્રતિષેધ દ્વારા તેની પ્રતીતિ કરાવવી શક્ય નથી.

સિદ્ધાંતી :- એવી વાત નથી કારણ કે શુક્તિ (છીપ) વગેરેમાં પ્રતીત થનાર ચાંદી વગેરેની જેમ પ્રાણાદિ વિકલ્પ અસત્ સ્વરૂપ છે તથા સત્ અને અસત્‌નો સંબંધ અવસ્તુરૂપ હોવાને કારણે શબ્દની પ્રવૃત્તિનો હેતુ બની શકતો નથી, અને ન તો ગાય વગેરે જેમ તે સ્વરૂપથી કોઈ અન્ય પ્રમાણનો પણ વિષય બની શકે છે, કારણ કે આત્મા ઉપાધિરહિત છે. એવી રીતે અદ્વિતીય સ્વરૂપ હોવાને કારણે સામાન્ય અથવા વિશેષ ભાવનો અભાવ હોવાથી તેમાં ગાય વગેરેની જેમ જાતિત્વ પણ નથી. ન તો અવિકારી હોવાને કારણે તેમાં પાચકાદિ જેવા ક્રિયાત્વ તથા નિર્ગુણ હોવાને કારણે ભૂરાશ વગેરે જેવું ગુણનું અસ્તિત્વ છે એટલા માટે તેનો કોઈપણ નામથી નિર્દેશ કરી શકાતો નથી.

પૂર્વપક્ષી :- ત્યારે તો (અસદ્રુપ હોવાને કારણે) સસલાના શૃંગ વગેરેની જેમ તેની નિરર્થકતા જ સિદ્ધ થાય છે.

સિદ્ધાંતી :- ના, કારણ કે શુક્તિનું જ્ઞાન થવાથી જેવી રીતે (તેમાં આરોપિત) ચાંદીની તૃષ્ણા નાશ પામે છે તેવી રીતે તુરીય આપણો આત્મા છે એવું જ્ઞાન થવાથી તે અનાત્મસંબંધિ તૃષ્ણાને નિવૃત્ત કરવાનું કારણ બને છે. તુરીયને પોતાનો આત્મા જાણી લેવાથી અવિદ્યા તથા તૃષ્ણા વગેરે દોષોની સંભાવના રહેતી નથી. અને તુરીયને પોતાના આત્મા સ્વરૂપથી ન જાણવાનું કોઈ કારણ પણ નથી, કારણ કે तत्त्वमसि (છા.ઉપ. ૬-૮-૧૬) अयमात्मा ब्रह्म (બૃ.ઉપ. ૨-૫-૧૧) तत्सत्यं स आत्मा (છા.ઉપ. ૬-૮-૧૬) यत्साक्षादपरोक्षाद्ब्रह्म (બ.ઉપ. ૩-૪-૧) सबाह्याभ्यन्तरो ह्यजः (મું.ઉપ. ૨-૧-૨) आत्मैवेदं सर्वम् (છા.ઉપ. ૭-૨૫-૨) વગેરે સમગ્ર ઉપનિષદ વાક્યોનું આ તાત્પર્ય છે.

તે આ આત્મા પરમાર્થ અને અપરમાર્થ રૂપે ચાર ચરણવાળો કહેવાયો છે. તેનું બીજાંકુર સ્થાનીય પાદત્રય સ્વરૂપ અપરમાર્થરૂપ રજ્જુસર્પાદિની જેમ અવિદ્યાજનિત કહેવામાં આવ્યું છે. હવે સર્પાદિ સ્થાનીય કહેવાયેલા ત્રણે ચરણોનું નિરાકરણ કરીને 'नान्तः प्रज्ञम्' વગેરે રૂપે તેના રજ્જુ સ્થાનીય અબીજાત્મક પરમાર્થસ્વરૂપનું વર્ણન કરે છે.

◆

नान्तःप्रज्ञं न बहिःप्रज्ञं नोभयतःप्रज्ञं न प्रज्ञानघनं न प्रज्ञं नाप्रज्ञम् । अदृश्यमव्यवहार्यमग्राह्यमलक्षणमचिन्त्यमव्यपदेश्यमेकात्मप्रत्ययसारं प्रपञ्चोपशमं शान्तं शिवमद्वैतं चतुर्थं मन्यन्ते स आत्मा स विज्ञेयः ॥ ७ ॥

અન્વય અને શબ્દાર્થ :- न अन्तःप्रज्ञम्=તે અંદરની બાજુ પ્રજ્ઞાવાળું નથી, न बहिष्प्रज्ञः=તે બહાર પ્રજ્ઞાવાળું

નથી, न उभयप्रज्ञः=તે બંને બાજુ પ્રજ્ઞાવાન નથી, न प्रज्ञानघनः=એ પ્રજ્ઞાનધન નથી, न प्रज्ञम्=તે પ્રજ્ઞ એટલે જાણનાર નથી, न अप्रज्ञम्=નહીં જાણનાર (પણ) નથી, अदृष्टम्=જોવાયેલું નથી, अव्यवहार्यम्=વ્યવહારમાં લાવી શકાય તેવું નથી, अग्राह्यम्=ગ્રહણ કરી શકાય-પકડી શકાય તેવું નથી, अलक्षणम्=તેનું કોઈ લક્ષણ નથી, अचिन्त्यम्=તે ચિંતવી શકાય-ચિંતન કરી શકાય તેવું નથી, अव्यपदेश्यम्=બતાવી શકાય-દર્શાવી શકાય તેવું નથી. एकात्म-प्रत्यय-सारम्=એકમાત્ર આત્મસત્તાની પ્રતીતિ-અનુભૂતિ-એ જેનો સાર છે અને प्रपञ्चोपशमम्=જેમાંથી આ જગતરૂપી પ્રપંચ (વિસ્તાર) શાંત થઈ ગયો છે તેવું शान्तम्=શાંત, शिवम्=કલ્યાણમય, अद्वैतम्=અદ્વૈત તત્ત્વ છે એ चतुर्थम्=ચોથો પાદ છે એમ मन्यन्ते=(બ્રહ્મવેત્તાઓ) માને છે. सः=તે आत्माः=આત્મા છે. सः=તે विज्ञेयः=જાણવા યોગ્ય છે. (૭)

અનુવાદ :- તે અંદરની બાજુ પ્રજ્ઞાવાળું નથી, તે બહાર પ્રજ્ઞાવાળું નથી, તે બંને બાજુ પ્રજ્ઞાવાન નથી, એ પ્રજ્ઞાનધન નથી, તે પ્રજ્ઞ એટલે જાણનાર નથી, નહીં જાણનાર (પણ) નથી, જોવાયેલું નથી, વ્યવહારમાં લાવી શકાય તેવું નથી, ગ્રહણ કરી શકાય-પકડી શકાય તેવું નથી, તેનું કોઈ લક્ષણ નથી, તે ચિંતવી શકાય-ચિંતન કરી શકાય તેવું નથી, બતાવી શકાય-દર્શાવી શકાય તેવું નથી. એકમાત્ર આત્મસત્તાની પ્રતીતિ-અનુભૂતિ-એ જ જેનો સાર છે અને જેમાંથી આ જગતરૂપી પ્રપંચ (વિસ્તાર) શાંત થઈ ગયો છે તેવું શાંત, કલ્યાણમય, અદ્વૈત તત્ત્વ છે એ ચોથો પાદ છે એમ (બ્રહ્મવેત્તાઓ) માને છે. તે આત્મા છે. તે જાણવા યોગ્ય છે. (૭)

शाङ्करभाष्यम् :- नन्वात्मनश्चतुष्पात्त्वं प्रतिज्ञाय पादत्रयकथनेनैव चतुर्थस्यान्तःप्रज्ञादिभ्योऽन्यत्वे सिद्धे **'नान्तःप्रज्ञम्'** इत्यादिप्रतिषेधोऽनर्थकः; ★ न, सर्पादिविकल्पप्रतिषेधेनैव रज्जुस्वरूपप्रतिपत्तिवत्त्र्यवस्थस्यैवात्मनस्तुरीयत्वेन प्रतिपिपादयिषितत्वात्, **'तत्त्वमसि'** (छा.उप. ६-८-१६) इतिवत् । यदि हि त्र्यवस्थात्मविलक्षणं तुरीयमन्यत्तत्प्रतिपत्तिद्वाराभावाच्छास्त्रोपदेशानर्थक्यं शून्यतापत्तिर्वा । रज्जुरिव सर्पादिभिर्विकल्प्यमाना स्थानत्रयेऽप्यात्मैक एक अन्तःप्रज्ञादित्वेन विकल्प्यते यदा, तदा अन्तःप्रज्ञादित्वप्रतिषेधविज्ञानप्रमाणसमकालमेव आत्मन्यनर्थप्रपञ्चनिवृत्तिलक्षणं फलं परिसमाप्तमिति तुरीयाधिगमे प्रमाणान्तरं साधनान्तरं वा न मृग्यम्; रज्जुसर्पविवेकसमकाल इव रज्ज्वां सर्पनिवृत्तिफले सति रज्ज्वधिगमस्य । ★ येषां पुनस्तमोपनयन-व्यतिरेकेण घटाधिगमे प्रमाणं व्याप्रियते, तेषां छेद्यावयवसंबन्धवियोगव्यतिरेकेण अन्यतरावयवेऽपि च्छिदिर्व्याप्रियत इत्युक्तं स्यात् । ★ यदा पुनर्घटतमसोर्विवेककरणे प्रवृत्तं प्रमाणमनुपादित्सिततमोनिवृत्तिफलावसानं छिदिरिव च्छेद्यावयवसंबन्धविवेककरणे प्रवृत्ता तदवयवद्वैधीभावफलावसाना, तदा नान्तरीयकं घटविज्ञानं न प्रमाणफलम् । ★ न च तद्वदप्यात्मन्यध्यारोपितान्तः-प्रज्ञत्वादिविवेककरणे प्रवृत्तस्य प्रतिषेधविज्ञानप्रमाणस्य अनुपादित्सितान्तःप्रज्ञत्वादिनिवृत्तिव्यतिरेकेण तुरीये व्यापारोपपत्तिः, अन्तःप्रज्ञत्वादिनिवृत्तिसमकालमेव प्रमातृत्वादिभेदनिवृत्तेः । तथा च वक्ष्यति - **'ज्ञाते द्वैतं न विद्यते'** (मा.का.आ.प्र. १-१८) इति । ज्ञानस्य द्वैतनिवृत्तिक्षणव्यतिरेकेण क्षणान्तरानवस्थानात्, अवस्थाने वा अनवस्थाप्रसङ्गाद्द्वैतानिवृत्तिः । तस्मात्प्रतिषेध-विज्ञानप्रमाणव्यापारसमकालैव आत्मन्यध्यारोपितान्तःप्रज्ञत्वाद्यनर्थनिवृत्तिरिति सिद्धम् । ★ नान्तःप्रज्ञमिति तैजसप्रतिषेधः; न बहिःप्रज्ञमिति विश्वप्रतिषेधः; नोभयतःप्रज्ञमिति जागरितस्वप्नयोरन्तरालावस्थाप्रतिषेधः । न प्रज्ञानघनमिति सुषुप्तावस्थाप्रतिषेधः, बीजभावाविवेकस्वरूपत्वात्, न प्रज्ञमिति युगपत्सर्वविषयज्ञातृत्वप्रतिषेधः; नाप्रज्ञमित्यचैतन्यप्रतिषेधः । ★ कथं पुनरन्तः-प्रज्ञत्वादीनामात्मनि गम्यमानानां रज्ज्वादौ सर्पादिवत्प्रतिषेधादसत्त्वं गम्यत इति, उच्यते; ज्ञस्वरूपाविशेषेऽपि इतरेतरव्यभिचारादसत्यत्वं रज्ज्वादाविव सर्पधारादिविकल्पभेदवत्; सर्वत्राव्यभिचाराज्ज्ञस्वरूपस्य सत्यत्वम् । ★ सुषुप्ते व्यभिचरतीति चेत्; न सुषुप्तस्यानुभूयमानत्वात्, **'न हि विज्ञातुर्विज्ञातेर्विपरिलोपो विद्यते'** (बृ.उप. ४-३-२०) इति श्रुतेः; ★ अत एव अदृश्यम् । यस्माददृश्यम्, तस्मादव्यवहार्यम् । अग्राह्यं कर्मेन्द्रियैः । अलक्षणम् अलिङ्गमित्येतत्, अननुमेयमित्यर्थः । अत एव अचिन्त्यम् । अत एव अव्यपदेश्यं शब्दैः । एकात्मप्रत्ययसारं जाग्रदादिस्थानेषु एक एवायमात्मा इत्यव्यभिचारी यः प्रत्ययः, तेनानुसरणीयम्; अथवा, एक आत्मप्रत्ययः सारः प्रमाणं यस्य तुरीयस्याधिगमे, तत्तुरीयमेकात्मप्रत्ययसारम्, **'आत्मेत्येवोपासीत'** (बृ.उप. १-४-७) इति श्रुतेः । ★ अन्तःप्रज्ञत्वादिस्थानिधर्मप्रतिषेधः कृतः । प्रपञ्चोपशममिति जाग्रदादिस्थानधर्माभाव उच्यते । अत एव शान्तम् अविक्रियम्, शिवं यतः अद्वैतं भेदविकल्परहितं चतुर्थं तुरीयं मन्यन्ते,



प्रतीयमानपादत्रयरूपवैलक्षण्यात् । स आत्मा स विज्ञेयः इति । प्रतीयमानसर्पदण्डभूच्छिद्रादिव्यतिरिक्ता यथा रज्जुः, तथा **'तत्त्वमसि'** इत्यादिवाक्यार्थः आत्मा **'अदृष्टो द्रष्टा'** (बृ.उप. ३-७-२३) **'न हि द्रष्टुर्दृष्टेर्विपरिलोपो विद्यते'** (बृ.उप. ४-३-२३) इत्यादिभिरुक्तो यः, स विज्ञेय इति भूतपूर्वगत्या । ज्ञाते द्वैताभावः ॥ ७ ॥

શાંકરભાષ્ય :- પૂર્વપક્ષી :- પરંતુ આત્મા ચાર ચરણવાળો છે એવી પ્રતિજ્ઞા કરીને તેના ત્રણ ચરણનું વર્ણન કરી દેવાથી જ ચોથા ચરણનું અન્તઃપ્રજ્ઞાદિ વિશેષણોથી અલગ હોવું એ તો સાબિત થયેલું છે, માટે આ नान्तः प्रज्ञम् વગેરેથી પ્રતિષેધ કરવો અર્થહીન છે ?

સિદ્ધાંતી :- એવી વાત નથી, કારણ કે જે રીતે સર્પાદિ વિકલ્પનો પ્રતિષેધ કરવાથી જ રજ્જુના સ્વરૂપનું જ્ઞાન થઈ જાય છે તેવા પ્રકારે જેમ કે તત્ત્વમસિ વગેરે વાક્યોમાં જોવામાં આવે છે, ત્યાં (જાગૃત વગેરે) ત્રણે અવસ્થાઓમાં રહેલ આત્માના જ તુરીયરૂપથી પ્રતિપાદન કરવું ઈષ્ટ છે. જે તુરીય આત્મા અવસ્થાત્રયવિશિષ્ટ આત્માથી સર્વથા ભિન્ન હોય તો તેની ઉપલબ્ધિનો કોઈ ઉપાય ન રહેવાને કારણે શાસ્ત્રોપદેશની વ્યર્થતા અથવા શૂન્યવાદની પ્રાપ્તિ થઈ જાય. જ્યારે સર્પાદિ (સર્પ, ધારા, વગેરે) રૂપે વિકલ્પિત રજ્જુની જેમ (જાગૃત વગેરે) ત્રણે સ્થાનોમાં એક જ આત્મા અંતઃ પ્રસાદિરૂપે વિકલ્પિત થઈ રહ્યો છે ત્યારે અંતઃપ્રજ્ઞત્વાદિના પ્રતિષેધવિજ્ઞાનરૂપ પ્રમાણની ઉત્પત્તિના સમાનકાળે જ આત્મામાં અનર્થપ્રપંચની નિવૃત્તિરૂપ ફળ સિદ્ધ થઈ જાય છે, માટે તુરીયનો સાક્ષાત્કાર કરવા માટે તેના સિવાય કોઈ બીજું પ્રમાણ અથવા સાધનની શોધ કરવાની આવશ્યકતા નથી, જેમ કે રજ્જુ અને સર્પનો વિવેક થવાના સમાનકાળે જ રજ્જુમાં સર્પનિવૃત્તિ રૂપ ફળની પ્રાપ્તિ થવાથી જ રજ્જુનું જ્ઞાન થઈ જાય છે. (તેવી રીતે અહીં સમજવું જોઈએ)

પરંતુ જેના મતે ઘટજ્ઞાનમાં અંધકારની નિવૃત્તિ સિવાય કોઈ બીજા કાર્યમાં પણ પ્રમાણની પ્રવૃત્તિ થાય છે તો એનું માનો કે એવું કહેવું છે કે છેદ્ય પદાર્થના અવયવોના સંબંધવિચ્છેદ કરવાથી પણ વધુ છેદનક્રિયાનો વસ્તુના કોઈ અવયવમાં વ્યાપાર થાય છે.

છેદ્ય અવયવોનો સંબંધ છેદ કરવામાં પ્રવૃત્ત છેદન ક્રિયા જેવી રીતે તેના અવયવોના વિભક્ત થવાથી સમાપ્ત થઈ જનારી છે તેવી રીતે જેમ ઘટ અને અંધકારનું જુદું હોવાપણું સિદ્ધ કરવામાં પ્રવૃત્ત પ્રમાણ અનિષ્ટ અંધકારની નિવૃત્તિરૂપ ફળમાં જ સમાપ્ત થઈ જનારું છે ત્યારે ઘટજ્ઞાન તો અવશ્ય થવાનું જ છે, આથી તે પ્રમાણનું ફળ નથી.

તેની જેમ આત્મામાં આરોપિત અંતઃપ્રજ્ઞાત્વાદિનો વિવેક કરવામાં પ્રવૃત્ત પ્રતિષેધવિજ્ઞાનરૂપ પ્રમાણનો અનુપાદિત્સિત (જેનો સ્વીકાર કરવો યોગ્ય નથી તેનો) અન્તઃપ્રજ્ઞત્વાદિની નિવૃત્તિ સિવાય તુરીય આત્મામાં કોઈ બીજો વ્યાપાર હોવો સંભવ નથી, કારણ કે અંતઃપ્રજ્ઞત્વાદિની નિવૃત્તિના સમકાળમાં જ પ્રમાતૃત્વાદિ ભેદની નિવૃત્તિ થઈ જાય છે. એવું જ **'જ્ઞાન થઈ જવાથી દ્વૈત રહેતું નથી.'** (માં.ઉપ. કા. ૧-૧૮) વગેરે વાક્ય દ્વારા આગળ પણ કહેશે, કારણ કે વૃત્તિજ્ઞાનની પણ સ્થિતિ દ્વૈતનિવૃત્તિની ક્ષણ વિના બીજી ક્ષણમાં રહેતી નથી, અને જો સ્થિતિ માનવામાં આવે તો અનવસ્થાનો પ્રસંગ ઉપસ્થિત થઈ જવાથી દ્વૈતની નિવૃત્તિ જ નહીં થાય. માટે આ સિદ્ધ થયું કે પ્રતિષેધવિજ્ઞાનરૂપ પ્રમાણના પ્રવૃત્ત હોવાના સમકાળે જ આત્મામાં આરોપિત અંતઃપ્રજ્ઞત્વાદિ અનર્થની નિવૃત્તિ થઈ જાય છે.

'અંતઃ પ્રજ્ઞ નથી' એમ કહીને તેજસનો પ્રતિષેધ કર્યો છે, 'બહિષ્પ્રજ્ઞ નથી' આનાથી વિશ્વનો નિષેધ કર્યો છે, 'ઉભયતઃ પ્રજ્ઞ નથી' આ વાક્ય દ્વારા જાગ્રત અને સ્વપ્ન વચ્ચેની અવસ્થાનો પ્રતિષેધ કર્યો છે. 'પ્રજ્ઞાનઘન નથી' આનાથી સુષુપ્તિનો પ્રતિષેધ થયો છે, કારણ કે તે બીજભાવમય અવિવેક સ્વરૂપ છે, 'પ્રજ્ઞ નથી' આમ કહીને એક સાથે સર્વ વિષયોના જ્ઞાતૃત્વનો પ્રતિષેધ કર્યો છે, તથા 'અપ્રજ્ઞ નથી' આનાથી અચેતનતાનો નિષેધ કર્યો છે.

પરંતુ જ્યારે અંતઃપ્રજ્ઞત્વાદિ ધર્મ આત્મામાં પ્રત્યક્ષ થાય છે તો કેવળ પ્રતિષેધના જ કારણે તેનું રજ્જુમાં પ્રતીત થનાર સર્પાદિ સમાન અસત્યત્વ કેવી રીતે સિદ્ધ થઈ જ શકે. આ માટે કહે છે કે - રજ્જુ વગેરેમાં પ્રતીત થનાર સર્પ, ધારા વગેરે વિકલ્પોના ભેદોની જેમ તેના ચિત્સ્વરૂપમાં કોઈ ભેદ ન હોવાથી પણ પરસ્પર એકબીજાનો વ્યભિચાર થતો હોવાને કારણે તે અસદ્રૂપ છે. પરંતુ ચિત્ સ્વરૂપનો ક્યાંય પણ વ્યભિચાર નથી માટે તે સત્ય છે.

જો કહેવામાં આવે કે સુષુપ્તિમાં તેનો વ્યભિચાર થાય છે તો એવું કહેવું બરાબર નથી, કારણ કે સુષુપ્તિનો પણ અનુભવ થયા કરે છે, જેમ કે **'વિજ્ઞાતાની વિજ્ઞાતિનો લોપ થતો નથી.'** (બૃ.ઉપ. ૪-૩-૩૦) એમ આ શ્રુતિથી સિદ્ધ થાય છે.

એટલા માટે તે અદૃશ્ય છે. કારણ કે અદૃશ્ય છે માટે અવ્યવહાર્ય છે તથા કર્મેન્દ્રિયોથી અગ્રાહ્ય છે, અલક્ષણ એટલે કે લિંગ રહિત છે એટલે તેનું અનુમાન કરી શકાતું નથી. એવું તાત્પર્ય છે. માટે આ અચિંત્ય છે એટલા માટે શબ્દો દ્વારા

અકથનીય છે. તે એકાત્મપ્રત્યયસાર છે. અર્થાત્ જાગ્રત વગેરે સ્થાનોમાં એક જ આત્મા છે એવો જે અવ્યભિચારી પ્રત્યય છે તેમાં અનુસરણ કરવા યોગ્ય છે. અથવા **'આત્મા છે આ પ્રકારે ઉપાસના કરો.'** (બૃ.ઉપ. ૧-૪-૭) આ શ્રુતિ પ્રમાણે જે તુરીયનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં એક આત્મપ્રત્યય જ પ્રમાણ છે, તે તુરીય એકાત્મ પ્રત્યયસાર છે.

અંતઃ પ્રજ્ઞાત્વાદિ સ્થાનિયો(જાગૃત વગેરે અવ્યવસ્થાઓના અભિમાનીઓ)ના ધર્મોનો પ્રતિષેધ કરવામાં આવ્યો, હવે प्रपञ्चोपशमम् વગેરેથી જાગૃત વગેરે સ્થાનો(અવસ્થાઓ)ના ધર્મોનો અભાવ કહેવામાં આવે છે. એટલા માટે તે શાંત એટલે અવિકારી છે, કારણ કે તે અદ્વૈત અર્થાત્ ભેદરૂપ વિકલ્પથી રહિત છે, એટલા માટે શિવ છે. તેને ચતુર્થ એટલે કે તુરીય માને છે, કારણ કે આ પ્રતીત થનાર પૂર્વોક્ત ત્રણ ચરણોથી વિલક્ષણ છે. તે આત્મા છે અને તે જાણવા યોગ્ય છે. માટે જેવી રીતે રજ્જુ પોતાનામાં પ્રતીત થનાર સર્પ, દંડ અને પૃથ્વીમાં કાણું વગેરેથી સર્વદા ભિન્ન છે તેવી રીતે तत्त्वमसि વગેરે વાક્યોનો અર્થસ્વરૂપ આત્મા, જેનું **"અદૃશ્ય થઈને પણ જોનાર છે."** (બૃ.ઉપ. ૩-૭-૨૩) **"દ્દષ્ટાની દ્દષ્ટિનો લોપ થતો નથી."** (બૃ.ઉપ. ૪-૩-૨૩) વગેરે શ્રુતિઓએ પ્રતિપાદિત કર્યું છે. તે જ્ઞાતવ્ય છે એવું ભૂતપૂર્વગતિથી કહેવામાં આવે છે, કારણ કે તેનું જ્ઞાન થવાથી દ્વૈતનો અભાવ થઈ જાય છે. (૭)

⁂

अत्रैते श्लोका भवन्ति – આવા અર્થમાં આ શ્લોક છે –

निवृत्तेः सर्वदुःखानामीशानः प्रभुरव्ययः ।
अद्वैतः सर्वभावानां देवस्तुर्यो विभुः स्मृतः ॥ १० ॥

અનુવાદ :- (તુરીય આત્મા) સર્વ પ્રકારના દુઃખોની નિવૃત્તિમાં ઈશાન-પ્રભુ (સર્વસમર્થ) છે, તે અવિકારી, સર્વ પદાર્થોના અદ્વૈતરૂપ, દેવ, તુરીય અને વ્યાપક કહેવામાં આવ્યો છે. (૧૦)

शाङ्करभाष्यम् :- प्राज्ञतैजसविश्वलक्षणानां सर्वदुःखानां निवृत्तेः ईशानः तुरीय आत्मा । ईशान इत्यस्य पदस्य व्याख्यानं प्रभुरिति; दुःखनिवृत्तिं प्रति प्रभुर्भवतीत्यर्थः, तद्विज्ञाननिमित्तत्वाद्दुःखनिवृत्तेः । ★ अव्ययः न व्येति, स्वरूपान्न व्यभिचरति न च्यवत इत्येतत् । कुतः ? यस्मात् अद्वैतः, सर्वभावानाम् - रज्जुसर्पवन्मृषात्वात् । स एष देवः द्योतनात् तुर्यः चतुर्थः विभुः व्यापी स्मृतः ॥ १० ॥

શાંકરભાષ્ય :- તુરીય આત્મા પ્રાજ્ઞ, તેજસ્ અને વિશ્વરૂપ સમસ્ત દુઃખોની નિવૃત્તિમાં ઈશાન છે. 'ઈશાન' આ પદની વ્યાખ્યા 'પ્રભુ' છે. તાત્પર્ય આ છે કે તે દુઃખનિવૃત્તિમાં સમર્થ છે, કારણ કે તેનું વિજ્ઞાન દુઃખનિવૃત્તિનું કારણ છે.

અવ્યય-જે વ્યય(વિકાર)ને પ્રાપ્ત થતો નથી, અર્થાત્ જે સ્વરૂપથી વ્યભિચરિત એટલે કે ચલાયમાન થતો નથી. કેમ ચલાયમાન થતો નથી ? કારણ કે તે અદ્વૈત છે. બીજા સર્વ પદાર્થો રજ્જુમાં આરોપિત સર્પ સમાન મિથ્યા છે, એટલા માટે પ્રકાશનશીલ હોવાને કારણે તે આ દેવ તુર્ય એટલે ચતુર્થ અને વિભુ એટલે વ્યાપક કહેવામાં આવે છે. (૧૦)

⁂

विश्वादीनां सामान्यविशेषभावो निरूप्यते तुर्ययाथात्म्यावधारणार्थम् –
તુરીયના યથાર્થ સ્વરૂપને સમજવાને માટે વિશ્વ વગેરેના સામાન્ય અને વિશેષ ભાવનું નિરૂપણ કરવામાં આવે છે –

कार्यकारणबद्धौ ताविष्येते विश्वतैजसौ ।
प्राज्ञः कारणबद्धस्तु द्वौ तौ तुर्ये न सिध्यतः ॥ ११ ॥

અનુવાદ :- વિશ્વ અને તેજસ આ બંને કાર્ય (ફલાવસ્થા) અને કારણ(બીજાવસ્થા)થી બંધાયેલા માનવામાં આવે છે, પરંતુ પ્રાજ્ઞ કેવળ કારણાવસ્થાથી જ બદ્ધ છે. તથા તુરીયમાં તો આ બન્ને રહેતાં નથી. (૧૧)

शाङ्करभाष्यम् :- कार्यं क्रियत इति फलभावः, कारणं करोतीति बीजभावः । तत्त्वाग्रहणान्यथाग्रहणाभ्यां बीजफलभावाभ्यां तौ यथोक्तौ विश्वतैजसौ बद्धौ संगृहीतौ इष्येते । प्राज्ञस्तु बीजभावेनैव बद्धः । तत्त्वाप्रतिबोधमात्रमेव हि बीजं प्राज्ञत्वे निमित्तम् । ततः द्वौ तौ बीजफलभावौ तत्त्वाग्रहणान्यथाग्रहणे तुरीये न सिध्यतः न विद्येते, न संभवत इत्यर्थः ॥ ११ ॥

શાંકરભાષ્ય :- જે કરવામાં આવે તેને કાર્ય કહે છે, તે ફળભાવરૂપ છે. અને જે કરે છે તેને કારણ કહે છે, તે બીજભાવ રૂપ છે. આ ઉપરોક્ત વિશ્વ અને તેજસ તત્ત્વના અગ્રહણ તેમજ અન્યથા ગ્રહણરૂપ બીજભાવ અને ફળભાવથી બંધાયેલા અર્થાત્ સમ્યક્ પ્રકારે પકડાયેલા માનવામાં આવે છે. પરંતુ પ્રાજ્ઞ કેવળ બીજભાવથી જ બંધાયેલા છે. તત્ત્વના અપ્રતિબોધરૂપ બીજ જ તેના પ્રાજ્ઞત્વમાં કારણ છે. તુરીયમાં તે બીજ અને ફળભાવરૂપ તત્ત્વના અગ્રહણ તથા અન્યથા ગ્રહણ બન્ને રહેતા નથી, તેની તો ત્યાં રહેવાની સંભાવના જ નથી એવું કહેવાનો ભાવ છે. (૧૧)

⁂

कथं पुनः कारणबद्धत्वं प्राज्ञस्य तुरीये वा तत्त्वाग्रहणान्यथाग्रहणलक्षणौ बन्धौ न सिध्यत इति ? यस्मात् –

પરંતુ પ્રાજ્ઞની કારણબદ્ધતા કેવી છે ? તથા તુરીયમાં તત્ત્વનું અગ્રહણ અને અન્યથાગ્રહણરૂપ કેવી રીતે બંધન સિદ્ધ થતું નથી ? તેના માટે કહે છે, કારણ કે –

नात्मानं न परं चैव न सत्यं नापि चानृतम् ।
प्राज्ञः किंचन संवेत्ति तुर्यं तत्सर्वदृक्सदा ॥ १२ ॥

અનુવાદ :- પ્રાજ્ઞ તો ન પોતાને, ન પારકાને અને ન સત્યને અથવા અસત્યને જાણે છે પરંતુ તે તુરીય સર્વદા સર્વદર્શી અર્થાત્ બધું જોનાર છે. (૧૨)

शाङ्करभाष्यम् :- आत्मविलक्षणम्, अविद्याबीजप्रसूतं वेद्यं बाह्यं द्वैतम् - प्राज्ञो न किंचन संवेत्ति, यथा विश्व-तैजसौ; ततश्चासौ तत्त्वाग्रहणेन तमसा अन्यथाग्रहणबीजभूतेन बद्धो भवति । यस्मात् तुरीयं तत्सर्वदृक्सदा तुरीयादन्यस्याभावात् सर्वदा सदैव भवति, सर्वं च तद्दृक्चेति सर्वदृक्; तस्मान्न तत्त्वाग्रहणलक्षणं बीजम् । तत्र तत्प्रसूतस्यान्यथाग्रहणस्याप्यत एवाभावः । न हि सवितरि सदाप्रकाशात्मके तद्विरुद्धमप्रकाशनमन्यथाप्रकाशनं वा संभवति, **'न हि द्रष्टुर्दृष्टेर्विपरिलोपो विद्यते'** (बृ.उप. ४-३-२३) इति श्रुतेः । अथवा, जाग्रत्स्वप्नयोः सर्वभूतावस्थः सर्ववस्तुदृगाभासस्तुरीय एवेति सर्वदृक्सदा, **'नान्यदतोऽस्ति द्रष्टृ'** (बृ.उप. ३-८-११) इत्यादिश्रुतेः ॥ १२ ॥

શાંકરભાષ્ય :- પ્રાજ્ઞ આત્માથી ભિન્ન અવિદ્યારૂપ બીજથી ઉત્પન્ન થયેલા બહિઃસ્થિત વેદ્ય (જાણવા યોગ્ય) પદાર્થરૂપ દ્વૈતને જરા પણ જાણતો નથી, જેમ કે વિશ્વ અને તેજસ તેને જાણે છે તેમ. એટલા માટે આ અન્યથા ગ્રહણના બીજ-ભૂત તત્ત્વાર્થ ગ્રહણરૂપ અંધકારથી બંધાયેલા રહે છે. કારણ કે તુરીયથી ભિન્ન પદાર્થનો સર્વથા અભાવ હોવાથી તે સદા સર્વદા સર્વદૃક્ સ્વરૂપ છે, જે સર્વરૂપ અને તેનો સાક્ષી પણ હોય તેને સર્વદૃક્ કહે છે. એટલા માટે તેનામાં તત્ત્વનું અગ્રહણરૂપ બીજાવસ્થા નથી માટે તેનાથી ઉત્પન્ન થનાર અન્યથા-ગ્રહણનો પણ અભાવ છે, કારણ કે સદા પ્રકાશસ્વરૂપ સૂર્યમાં તેનાથી વિપરીત અપ્રકાશન અથવા અન્યથાપ્રકાશન શક્ય નથી, જેમ કે **"દૃષ્ટાની દૃષ્ટિનો વિપરિલોપ (સંપૂર્ણપણે લોપ) થતો નથી."** (બૃ.ઉપ. ૪-૩-૨૩) એવી શ્રુતિ છે. અથવા જાગૃત તેમજ સ્વપ્નાવસ્થાના સંપૂર્ણ ભૂતોમાં રહેલા અને સમસ્ત પદાર્થોના સાક્ષીરૂપથી તુરીય જ ભાસમાન છે એટલા માટે તે સર્વદા સર્વસાક્ષી છે, જેમ કે **"આનાથી ભિન્ન કોઈ દૃષ્ટા નથી."** (બૃ.ઉપ. ૩-૮-૧૧) આવી શ્રુતિ છે. (૧૨)

⁂

द्वैतस्याग्रहणं तुल्यमुभयोः प्राज्ञतुर्ययोः ।
बीजनिद्रायुतः प्राज्ञः सा च तुर्ये न विद्यते ॥ १३ ॥

અનુવાદ :- દ્વૈતનું અગ્રહણ તો પ્રાજ્ઞ અને તુરીય બંનેને માટે સમાન છે, પરંતુ પ્રાજ્ઞ બીજસ્વરૂપ નિદ્રાથી યુક્ત છે અને તુરીયમાં તે (નિદ્રા) હોતી નથી. (૧૩)

शाङ्करभाष्यम् :- निमित्तान्तरप्राप्ताशङ्कानिवृत्त्यर्थोऽयं श्लोकः - कथं द्वैताग्रहणस्य तुल्यत्वे कारणबद्धत्वं प्राज्ञस्यैव, न तुरीयस्येति प्राप्ता आशङ्का निवर्त्यते; यस्मात् बीजनिद्रायुक्तः, तत्त्वाप्रतिबोधो निद्रा; सैव च विशेषप्रतिबोधप्रसवस्य बीजम्; सा बीजनिद्रा; तया युतः प्राज्ञः । सदा सर्वदृक्स्वभावत्वात्तत्त्वाप्रतिबोधलक्षणा बीजनिद्रा तुर्ये न विद्यते; अतो न कारणबन्धस्तस्मिन्नित्यभिप्रायः ॥ १३ ॥

શાંકરભાષ્ય :- આ શ્લોક નિમિત્તાન્તરથી (બીજા કારણથી) પ્રાપ્ત થનારી આશંકાની નિવૃત્તિને માટે છે. દ્વૈતાગ્રહણની સમાનતા થવાથી પણ પ્રાજ્ઞની જ કારણ બદ્ધતા કેવી રીતે ? તુરીયની કેમ નથી ? આ પ્રકારે પ્રાપ્ત થયેલી આશંકાને જ નિવૃત્ત કરી શકાય છે. કારણ કે તે (પ્રાજ્ઞ) બીજનિદ્રાથી યુક્ત છે - તત્ત્વના અજ્ઞાનનું નામ નિદ્રા છે, તે જ વિશેષ વિજ્ઞાનથી યુક્ત છે. પરંતુ સર્વદા સર્વદૃક્સ્વરૂપ હોવાના કારણે તુરીયમાં તે બીજનિદ્રા નથી. માટે તેનામાં કારણબદ્ધતા નથી આવો તેનો ભાવ છે. (૧૩)

⁂

स्वप्ननिद्रायुतावाद्यौ प्राज्ञस्त्वस्वप्ननिद्रया ।
न निद्रां नैव च स्वप्नं तुर्ये पश्यन्ति निश्चिताः ॥ १४ ॥

અનુવાદ :- વિશ્વ અને તેજસ એ સ્વપ્ન અને નિદ્રાથી યુક્ત છે તથા પ્રાજ્ઞ સ્વપ્નરહિત નિદ્રાથી યુક્ત છે, પરંતુ નિશ્ચિત પુરુષો તુરીયમાં નિદ્રા પણ જોતા નથી કે સ્વપ્ન પણ જોતા નથી. (૧૪)

शाङ्करभाष्यम् :- स्वप्नः अन्यथाग्रहणं सर्प इव रज्ज्वाम्, निद्रोक्ता तत्त्वाप्रतिबोधलक्षणं तम इति । ताभ्यां स्वप्ननिद्राभ्यां युक्तौ विश्वतैजसौ: अतस्तौ कार्यकारणबद्धावित्युक्तौ । प्राज्ञस्तु स्वप्नवर्जितया केवलयैव निद्रया युत इति कारणबद्ध इत्युक्तम् । नोभयं पश्यन्ति तुरीये निश्चिताः ब्रह्मविद इत्यर्थः, विरुद्धत्वात्सवितरीव तमः । अतो न कार्यकारणबद्ध इत्युक्तस्तुरीयः ॥ १४ ॥

શાંકરભાષ્ય :- રજ્જુમાં સર્પગ્રહણ સમાન અન્યથાગ્રહણનું નામ સ્વપ્ન છે, તથા તત્ત્વના અપ્રતિબોધરૂપ તમસને નિદ્રા કહે છે. તે સ્વપ્ન અને નિદ્રાથી વિશ્વ અને તેજસ યુક્ત છે માટે તે કાર્યકારણ બદ્ધ કહેવાયા છે. પરંતુ પ્રાજ્ઞ તો સ્વપ્નરહિત કેવળ નિદ્રાથી જ યુક્ત છે, એટલા માટે તેને કારણબદ્ધ કહ્યું છે, નિશ્ચિત એટલે કે બ્રહ્મવેત્તા લોકો તુરીયમાં આ બંને વાતો જોતાં નથી, કારણ કે સૂર્યમાં અંધકારની જેમ તે તેમાં વિરુદ્ધ છે. માટે તુરીય કાર્ય અથવા કારણથી બંધાયેલ નથી, એમ કહેવાયું છે. (૧૪)

⁂

कदा तुरीये निश्चितो भवतीत्युच्यते – હવે, મનુષ્ય તુરીયમાં ક્યારે નિશ્ચિત થાય છે તે કહે છે –

अन्यथा गृह्णतः स्वप्नो निद्रा तत्त्वमजानतः ।
विपर्यासे तयोः क्षीणे तुरीयं पदमश्नुते ॥ १५ ॥

અનુવાદ :- અન્યથા ગ્રહણ કરવાથી સ્વપ્ન થાય છે તથા તત્ત્વને ન જાણવાથી નિદ્રા થાય છે અને આ બંન્ને (પ્રકારના) વિપરીત જ્ઞાનનો ક્ષય થઈ જવાથી તુરીય પદની પ્રાપ્તિ થાય છે. (૧૫)

शाङ्करभाष्यम् :- स्वप्नजागरितयोः अन्यथा रज्ज्वां सर्पवत् गृह्णतः तत्त्वं स्वप्नो भवति; निद्रा तत्त्वमजानतः तिसृष्ववस्थासु तुल्या । स्वप्ननिद्रयोस्तुल्यत्वाद्विश्वतैजसयोरेकराशित्वम् । अन्यथाग्रहणप्राधान्याच्च गुणभूता निद्रेति तस्मिन्विपर्यासः स्वप्नः । तृतीये तु स्थाने तत्त्वाग्रहणलक्षणा निद्रैव केवला विपर्यासः । अतः तयोः कार्यकारणस्थानयोः अन्यथाग्रहणतत्त्वाग्रहणलक्षणविपर्यासे कार्यकारणबन्धरूपे परमार्थतत्त्वप्रतिबोधतः क्षीणे तुरीयं पदमश्नुते; तदा उभयलक्षणं बन्धनं तत्रापश्यंस्तुरीये निश्चितो भवतीत्यर्थः ॥ १५ ॥

શાંકરભાષ્ય :- રજ્જુમાં સર્પગ્રહણ જેમ સ્વપ્ન અને જાગૃત અવસ્થામાં તત્ત્વના અન્યથાગ્રહણથી સ્વપ્ન પેદા થાય છે તથા તત્ત્વના ન જાણવાથી નિદ્રા થાય છે. જે ત્રણે અવસ્થાઓમાં સમાન છે. આમ સ્વપ્ન અને નિદ્રામાં સમાન હોવાને કારણે વિશ્વ અને તેજસની એક રાશિ છે. તેનામાં ગ્રહણની પ્રધાનતા હોવાથી નિદ્રા ગૌણ છે, માટે તે અવસ્થાઓમાં સ્વપ્નરૂપ વિપરીત જ્ઞાન રહે છે. પરંતુ તૃતીય સ્થાન(સુષુપ્તિ)માં કેવળ તત્ત્વાગ્રહણરૂપ નિદ્રા જ વિપર્યાસ છે. માટે તે કાર્યકારણરૂપ સ્થાનોના અન્યથાગ્રહણ અને તત્ત્વાગ્રહણરૂપ વિપર્યાસોનો પરમાર્થતત્ત્વના બોધથી ક્ષય થઈ જવાથી તુરીય પદની પ્રાપ્તિ થાય છે. ત્યારે તે અવસ્થામાં બંન્ને પ્રકારના બંધન ન જોવાથી પુરુષ તુરીયમાં નિશ્ચિત થઈ જાય છે. આવો એનો ભાવે છે. (૧૫)

⁂

अनादिमायया सुप्तो यदा जीवः प्रबुध्यते ।
अजमनिद्रमस्वप्नमद्वैतं बुध्यते तदा ॥ १६ ॥

અનુવાદ :- જ્યારે અનાદિ માયાથી સૂતેલો જીવ જાગે છે, ત્યારે તેને અજ, અનિદ્ર, અસ્વપ્ન અને અદ્વૈત (એવા આત્મતત્ત્વ)નું જ્ઞાન થાય છે. (૧૬)

शाङ्करभाष्यम् :- योऽयं संसारी जीवः, सः उभयलक्षणेन तत्त्वाप्रतिबोधरूपेण बीजात्मना, अन्यथाग्रहणलक्षणेन चानादिकालप्रवृत्तेन मायालक्षणेन स्वप्ने, ममायं पिता पुत्रोऽयं नप्ता क्षेत्रं गृहं पशवः, अहमेषां स्वामी सुखी दुःखी क्षयितोऽहमनेन वर्धितश्चानेन इत्येवंप्रकारान्स्वप्नान् स्थानद्वयेऽपि पश्यन्सुप्तः, ★ यदा वेदान्तार्थतत्त्वाभिज्ञेन परमकारुणिकेन गुरुणा 'नास्येवं त्वं हेतुफलात्मकः, किंतु तत्त्वमसि' इति प्रतिबोध्यमानः, तदैवं प्रतिबुध्यते । ★ कथम् ? नास्मिन्बाह्यमाभ्यन्तरं वा जन्मादिभावविकारोऽस्ति, अतः अजम् **'सबाह्याभ्यन्तरो ह्यजः'** (मुं.उप. २-१-२) इति श्रुतेः, सर्वभावविकारवर्जितमित्यर्थः । यस्माज्जन्मादिकारणभूतम्, नास्मिन्नविद्यातमोबीजं निद्रा विद्यत इति अनिद्रम्; अनिद्रं हि तत्तुरीयम्; अत एव अस्वप्नम्, तन्निमित्तत्वादन्यथाग्रहणस्य । यस्माञ्च अनिद्रमस्वप्नम्, तस्मादजम्, अद्वैतं तुरीयमात्मानं बुध्यते तदा ॥ १६ ॥

શાંકરભાષ્ય :- આ જે સંસારી જીવ છે તે તત્ત્વની અપ્રાપ્તિના બોધરૂપ બીજાત્મિકા તેમજ અન્યથાગ્રહણરૂપ અનાદિકાળથી પ્રવૃત્ત થયેલ માયારૂપ નિદ્રાના કારણે (સ્વપ્ન અને જાગ્રત) બંને અવસ્થાઓમાં "આ મારા પિતા છે, આ પુત્ર છે, આ જાતિબંધુ છે, આ મારું ખેતર, ઘર અને પશુ છે, હું તેનો સ્વામી છું તથા તેના કારણે સુખી-દુઃખી, ક્ષીણતા અને વૃદ્ધિ પામું છું." વગેરે પ્રકારના સ્વપ્નો જોતો સૂઈ રહ્યો છે.

જે સમયે વેદાન્તાર્થના તત્ત્વને જાણનારા કોઈ પરમ કરુણામય ગુરુદ્વારા 'તું આમ હેતુ તેમજ ફળસ્વરૂપ નથી, પરંતુ તું તે જ છે.' આ પ્રકારે જાગ્રત કરવામાં આવે છે તે સમયે તેને આવો બોધ પ્રાપ્ત થાય છે.

કેવી રીતે ? આમાં બાહ્ય અથવા આભ્યંતર જન્માદિ ભાવ વિકાર નથી. 'એ બાહ્ય અને અંદરથી અજ છે' (મું.ઉપ. ૨-૧-૨) એવી શ્રુતિ છે. એટલા માટે અજન્મા એટલે કે સંપૂર્ણ ભાવવિકારોથી રહિત છે. કારણ કે આમાં જન્માદિની કારણભૂત તથા અવિદ્યારૂપ અંધકારની બીજભૂત અવિદ્યા નથી એટલા માટે આ અનિદ્રા છે, તે તુરીય અનિદ્ર છે. એટલા માટે અસ્વપ્ન પણ છે. કારણ કે અન્યથાગ્રહણ તો (તત્ત્વાપ્રતિબોધરૂપ) નિદ્રાના જ કારણે થતું હોય છે. આમ તે અનિદ્રા અને અસ્વપ્ન છે એટલા માટે જ તે સમયે તેને અજન્મા અને અદ્વૈત તુરીય આત્માનો બોધ થાય છે. (૧૬)

◆

प्रपञ्चनिवृत्त्या चेत्प्रतिबुध्यते, अनिवृत्ते प्रपञ्चे कथमद्वैतमिति, उच्यते –

જો બોધ પ્રપંચનિવૃત્તિથી જ થતો હોય તો જ્યાં સુધી પ્રપંચની નિવૃત્તિ ન થાય ત્યાં સુધી અદ્વૈત કેવું ? તે માટે કહે છે –

प्रपञ्चो यदि विद्येत निवर्तेत न संशयः ।
मायामात्रमिदं द्वैतमद्वैतं परमार्थतः ॥ १७ ॥

અનુવાદ :- પ્રપંચ જો હોય તો નિવૃત્ત થાય એમાં સંદેહ નથી, પરંતુ આ દ્વૈત તો માયામાત્ર છે, પરમાર્થતઃ તો અદ્વૈત જ છે. (૧૭)

शाङ्करभाष्यम् :- सत्यमेवं स्यात्प्रपञ्चो यदि विद्येत; रज्ज्वां सर्प इव कल्पितत्वान्न तु स विद्यते । विद्यमानश्चेत् निवर्तेत, न संशयः । न हि रज्ज्वां भ्रान्तिबुद्ध्या कल्पितः सर्पो विद्यमानः सन्विवेकतो निवृत्तः; न च माया मायाविना प्रयुक्ता तद्दर्शिनां चक्षुर्बन्धापगमे विद्यमाना सती निवृत्ता; तथेदं प्रपञ्चाख्यं मायामात्रं द्वैतम्; रज्जुवन्मायाविवच्च अद्वैतं परमार्थतः; तस्मान्न कश्चित्प्रपञ्चः प्रवृत्तो निवृत्तो वास्तीत्यभिप्रायः ॥

શાંકરભાષ્ય :- જો પ્રપંચ વિદ્યમાન હોત તો સાચે જ આવું તમે કહ્યું તેવું જ થાત, પરંતુ તે (પ્રપંચ) તો રજ્જુમાં સર્પ સમાન કલ્પિત હોવાને કારણે (વસ્તુતઃ) છે જ નહીં, જો આ હોત તો એમાં સંદેહ નથી કે નિવૃત્ત પણ થઈ જાત. રજ્જુમાં ભ્રમબુદ્ધિથી કલ્પેલો સર્પ (વસ્તુતઃ) વિદ્યમાન હોવાથી વિવેકથી નિવૃત્ત થતો નથી, માયાવી દ્વારા ફેલાયેલી માયા,

જોનારના દૃષ્ટિબંધનને દૂર કરવાથી પહેલાં વિદ્યમાન રહેલી નિવૃત્ત થતી નથી. આ પ્રકારે આ પ્રપંચ સંજ્ઞક દ્વૈત પણ માયામાત્ર જ છે, પરમાર્થતઃ તો રજ્જુ અથવા માયાવી સમાન અદ્વૈત જ છે. માટે તાત્પર્ય આ છે કે કોઈ પણ પ્રપંચ પ્રવૃત્ત અથવા નિવૃત્ત થનાર હોતો નથી. (૧૭)

⁂

ननु शास्ता शास्त्रं शिष्य इत्ययं विकल्पः कथं निवृत्त इति, उच्यते –

જો કહો કે શાસક, શાસ્ત્ર અને શિષ્ય આ પ્રકારના વિકલ્પ કયા પ્રકારે દૂર થઈ શકે છે ? તે કહે છે –

विकल्पो विनिवर्तेत कल्पितो यदि केनचित् ।
उपदेशादयं वादो ज्ञाते द्वैतं न विद्यते ॥ १८ ॥

અનુવાદ :- આ વિકલ્પની જો કોઈએ કલ્પના કરી હોત તો તે નિવૃત્ત પણ થઈ જાત. આ વાદ તો ઉપદેશને માટે છે. (પરમ તત્ત્વનું) જ્ઞાન થવાથી દ્વૈત રહેતું નથી. (૧૮)

शाङ्करभाष्यम् :- विकल्पो विनिवर्तेत यदि केनचित्कल्पितः स्यात् । यथा अयं प्रपञ्चो मायारज्जुसर्पवत्, तथा अयं शिष्यादिभेदविकल्पोऽपि प्राक्प्रतिबोधादेवोपदेशनिमित्तः; अत उपदेशादयं वादःशिष्यः शास्ता शास्त्रमिति । उपदेशकार्ये तु ज्ञाने निर्वृत्ते ज्ञाते परमार्थतत्त्वे, द्वैतं न विद्यते ॥ १८ ॥

શાંકરભાષ્ય :- જો કોઈએ આની કલ્પના કરી હોત તો આ વિકલ્પ નિવૃત્ત થઈ જાત. જે પ્રકારે આ પ્રપંચ માયા અને રજ્જુ સર્પમાં જેવો છે તેવા પ્રકારે આ શિષ્યાદિ ભેદવિકલ્પ પણ આત્મજ્ઞાનથી પૂર્વે જ ઉપદેશની જેમ નિમિત્તથી છે માટે શિષ્ય, શાસક અને શાસ્ત્ર આ વાદ ઉપદેશને માટે જ છે. ઉપદેશના કાર્યસ્વરૂપ જ્ઞાનના ઉત્પન્ન થવાથી, અર્થાત્ પરમાર્થ તત્ત્વનું જ્ઞાન થઈ જવાથી, દ્વૈત રહેતું નથી. (૧૮)

⁂

अभिधेयप्राधान्येन ओंकारश्चतुष्पादात्मेति व्याख्यातो यः –

હમણાં સુધી જે ઓમકારરૂપ ચતુષ્પાદ આત્માના અભિધેય (વાચ્યાર્થ)ની પ્રધાનતાથી વર્ણન કર્યું છે –

सोऽयमात्माध्यक्षरमोंकारोऽधिमात्रं पादा मात्रा मात्राश्च पादा अकार उकारो मकार इति ॥ ८ ॥

અન્વય અને શબ્દાર્થ :- सः=તે (જેના ચાર પાદ દર્શાવાયા છે), अयम्=આ आत्मा=આત્મા, अध्यक्षरम्=એના વાચક ૐકારના અધિકાર એટલે પ્રકરણમાં વર્ણવાયેલ હોવાને લીધે, अधिमात्रम्=(ત્રણ) માત્રાઓથી યુક્ત, ॐकार=ૐકાર છે. अकारः='અ'કાર, उकारः='ઉ'કાર અને मकारः='મ'કાર इति=એ (ત્રણ એની), मात्राः=માત્રાઓ (જ), पादाः=(એના ત્રણ) પાદ છે, च=અને पादाः=એ ત્રણ પાદ જ मात्राः=એની ત્રણ માત્રાઓ છે. (૮)

અનુવાદ :- તે (જેના ચાર પાદ દર્શાવાયા છે), આ આત્મા, એના વાચક ૐકારના અધિકાર એટલે પ્રકરણમાં વર્ણવાયેલ હોવાને લીધે, (ત્રણ) માત્રાઓથી યુક્ત, ૐકાર છે. 'અ'કાર, 'ઉ'કાર અને 'મ'કાર એ (ત્રણ એની), માત્રાઓ (જ), (એના ત્રણ) પાદ છે, અને એ ત્રણ પાદ જ એની ત્રણ માત્રાઓ છે. (૮)

शाङ्करभाष्यम् :- सोऽयम् आत्मा अध्यक्षरम् अक्षरमधिकृत्य अभिधानप्राधान्येन वर्ण्यमानोऽध्यक्षरम् । किं पुनस्तदक्षरमित्याह – ओंकारः । सोऽयमोंकारः पादशः प्रविभज्यमानः, अधिमात्रं मात्रामधिकृत्य वर्तत इत्यधिमात्रम् । कथम् ? आत्मनो ये पादाः, ते ओंकारस्य मात्राः । कास्ताः ? अकार उकारो मकार इति ॥ ८ ॥

શાંકરભાષ્ય :- આ તે આત્મા અધ્યક્ષર છે. અક્ષરનો આશ્રય લઈને જેના અભિધાનનું પ્રધાનતાથી વર્ણન કરવામાં આવે તેને અધ્યક્ષર કહે છે. પરંતુ તે અક્ષર છે શું ? તે માટે કહે છે - તે ઓમકાર છે. તે આ ઓમકાર પાદરૂપથી વિભક્ત કરવામાં આવતાં અધિમાત્ર એટલે કે માત્રાનો આશ્રય કરીને રહે છે, એટલા માટે તેને 'અધિમાત્ર' કહે છે. કેવી રીતે ? આત્માના જે પાદ છે તે જ ઓમકારની માત્રાઓ છે. તે માત્રાઓ કઈ છે ? અકાર, ઉકાર અને મકાર. (૮)

⁂



तत्र विशेषनियमः क्रियते – હવે તેમાં વિશેષ નિયમ કરવામાં આવે છે –

जागरितस्थानो वैश्वानरोऽकारः प्रथमा मात्राप्तेरादिमत्त्वाद्वाप्नोति ह वै सर्वान्कामानादिश्च भवति य एवं वेद ॥ ९ ॥

અન્વય અને શબ્દાર્થ :- प्रथमा=(એ ૐકારની) પહેલી मात्रा=માત્રા अकारः='અ'કાર आप्तेः=વ્યાપ્ત હોવાને કારણે (સઘળા નામ કે શબ્દોમાં વ્યાપેલી હોવાને લીધે), वा=અથવા आदिमत्त्वात्=સહુથી પહેલી હોવાને કારણે जागरितस्थानः=જાગ્રત સ્થાનવાળો वैश्वानरः=વૈશ્વાનર (નામક પ્રથમ પાદ) છે, यः=જે (સાધક) एवम्=આમ, वेदः=જાણે છે તે ह वै=ચોક્કસ જ सर्वान्=સઘળી कामान्=કામનાઓને आप्नोति=પ્રાપ્ત કરે છે च=અને आदिः=અગ્રેસર, મુખ્ય भवति=બની જાય છે. (૯)

અનુવાદ :- (એ ૐકારની) પહેલી માત્રા 'અ'કાર વ્યાપ્ત હોવાને કારણે (સઘળા નામ કે શબ્દોમાં વ્યાપેલી હોવાને લીધે), અથવા સહુથી પહેલી હોવાને કારણે જાગ્રત સ્થાનવાળો વૈશ્વાનર (નામક પ્રથમ પાદ) છે, જે (સાધક) આમ, જાણે છે તે ચોક્કસ જ સઘળી કામનાઓને પ્રાપ્ત કરે છે અને અગ્રેસર, મુખ્ય બની જાય છે. (૯)

शाङ्करभाष्यम् :- जागरितस्थानः वैश्वानरः यः, स ओंकारस्य अकारः प्रथमा मात्रा । केन सामान्येनेत्याह - आप्तेः; आप्तिर्व्याप्तिः; अकारेण सर्वा वाग्व्याप्ता, **'अकारो वै सर्वा वाक्'** (ऐ.आ. २-३-६) इति श्रुतेः । तथा वैश्वानरेण जगत्, **'तस्य ह वा एतस्यात्मनो वैश्वानरस्य मूर्धैव सुतेजाः'** (छा.उप. ५-१८-२) इत्यादिश्रुतेः । ★ अभिधानाभिधेययोरेकत्वं चावोचाम । आदिरस्य विद्यत इत्यादिमत्; यथैव आदिमदकाराख्यमक्षरम्, तथा वैश्वानरः; तस्माद्वा सामान्यादकारत्वं वैश्वानरस्य । तदेकत्वविदः फलमाह - आप्नोति ह वै सर्वान्कामान्, आदिः प्रथमश्च भवति महताम्, य एवं वेद, यथोक्तमेकत्वं वेदेत्यर्थः ॥ ९ ॥

શાંકરભાષ્ય :- જે જાગૃત - સ્થાનવાળો વૈશ્વાનર છે તે ઓમકારની પહેલીમાત્રા અકાર છે. કઈ સમાનતાના કારણે તે પહેલી માત્રા છે તો કહે છે કે આપ્તિના કારણે, આપ્તિનો અર્થ વ્યાપ્તિ છે. **"અકાર નિશ્ચય રૂપે સઘળી વાણી છે."** (ઐ.આ. ૨-૩-૬) આ શ્રુતિ પ્રમાણે અકારથી સમગ્ર વાણી વ્યાપ્ત છે. તથા **"તે આ વૈશ્વાનર આત્માનું મસ્કત જ અત્યંત પ્રકાશિત દ્યુલોક છે."** (છા.ઉપ. ૫-૧૮-૨) આ શ્રુતિ પ્રમાણે વૈશ્વાનરથી સર્વ જગત વ્યાપ્ત છે.

અભિધાન (વાચક) અને અભિધેય(વાચ્ય)ની એકતા તો અમે કહી લીધી છે. જેમાં આદિ (પ્રથમતા) હોય તેને આદિમત્ કહે છે. જેમ અકાર નામક અક્ષર આદિમાન છે તે પ્રકારે વૈશ્વાનર પણ છે. તે જ સમાનતાથી વૈશ્વાનરની અકારતા છે. તેની એકતા જાણનાર માટે ફળ બતાવવામાં આવે છે. 'જે પુરુપ એમ જાણે છે અર્થાત્ ઉપર્યુક્ત એકત્વનો જાણકાર છે તે સમગ્ર કામનાઓને પ્રાપ્ત કરી લે છે તથા મહાપુરુપોમાં આદિ-પ્રથમ બને છે.' (૯)

⁂

स्वप्नस्थानस्तैजस उकारो द्वितीया मात्रोत्कर्षादुभयत्वाद्वोत्कर्षति ह वै ज्ञानसंततिं समानश्च भवति नास्याब्रह्मवित्कुले भवति य एवं वेद ॥ १० ॥

અન્વય અને શબ્દાર્થ :- द्वितीया=બીજી मात्रा=માત્રા उकारः='ઉ'કાર, उत्कर्षात्=('અ' કરતા) ઉત્કૃષ્ટ હોવાને લીધે वा=અને उभयत्वात्=બંને હોવાથી स्वप्नस्थानः=સ્વપ્નરૂપી સ્થાનવાળો तैजसः=તૈજસ (નામનો બીજો પાદ છે), यः=જે एवम्=આ રીતે, वेद=જાણે છે તે ह वै=ચોક્કસ જ ज्ञानसंततिम्=જ્ઞાનની પરંપરાને, उत्कर्षयति=ઉત્કૃષ્ટ બનાવે છે, આગળ વધારે છે च=અને समानः=(સર્વત્ર) એકસરખા ભાવવાળો भवति=બની જાય છે. अस्य=એના कुले=કુળમાં अब्रह्मवित्=બ્રહ્મને નહીં જાણનારો न भवति=પેદા થતો નથી. (૧૦)

અનુવાદ :- બીજી માત્રા 'ઉ'કાર, ('અ' કરતા) ઉત્કૃષ્ટ હોવાને લીધે અને બંને હોવાથી સ્વપ્નરૂપી સ્થાનવાળો તૈજસ (નામનો બીજો પાદ છે), જે આ રીતે, જાણે છે તે ચોક્કસ જ જ્ઞાનની પરંપરાને, ઉત્કૃષ્ટ



બનાવે છે, આગળ વધારે છે અને (સર્વત્ર) એકસરખા ભાવવાળો બની જાય છે. એના કુળમાં બ્રહ્મને નહીં જાણનારો પેદા થતો નથી. (૧૦)

शाङ्करभाष्यम् :- स्वप्नस्थानः तैजसः यः, स ओंकारस्य उकारः द्वितीया मात्रा । केन सामान्येनेत्याह - उत्कर्षात्; अकारादुत्कृष्ट इव ह्युकारः; तथा तैजसो विश्वात् । उभयत्वाद्वा; अकारमकारयोर्मध्यस्थ उकारः; तथा विश्वप्राज्ञयोर्मध्ये तैजसः; अत उभयभाक्त्वसामान्यात् । विद्वत्फलमुच्यते - उत्कर्षति ह वै ज्ञानसंततिं विज्ञानसंततिं वर्धयतीत्यर्थः; समानः तुल्यश्च, मित्रपक्षस्येव शत्रुपक्षाणामप्यप्रद्वेष्यो भवति; अब्रह्मविच्च अस्य कुले न भवति, य एवं वेद ॥ १० ॥

શાંકરભાષ્ય :- જે સ્વપ્નાવસ્થાવાળો તેજસ છે તે ઓમકારની બીજી માત્રા ઉકાર છે. કઈ સમાનતાથી બીજી માત્રા છે તે માટે કહે છે કે ઉત્કર્ષના કારણે. જેવી રીતે અકારથી ઉકાર ઉત્કૃષ્ટ જેવો છે તેવી રીતે વિશ્વથી તેજસ ઉત્કૃષ્ટ છે. અથવા મધ્યસ્થ હોવાને કારણે (તે બંનેમાં સમાનતા છે) જેવી રીતે ઉકાર અકાર અને મકારના મધ્યમાં રહેલો છે તેવી રીતે વિશ્વ અને પ્રાજ્ઞના મધ્યમાં જ તેજસ છે. માટે ઉભય પરત્વરૂપ સમાનતાને કારણે પણ (તેમાં સમાનતા છે.) હવે આ જાણનારનું ફળ કહે છે - જે આ પ્રકારે જાણે છે તે જ્ઞાનસંતતિ અર્થાત્ વિજ્ઞાન સંતાનનો (વિસ્તારનો) ઉત્કર્ષ એટલે કે વૃદ્ધિ કરે છે, સર્વ પ્રતિ સમાન જેવો હોય છે. અર્થાત્ મિત્રપક્ષની જેમ શત્રુપક્ષનો પણ અદ્વેષ્ય હોય છે તથા તેના કુળમાં કોઈ બ્રહ્મજ્ઞાનરહિત પુરુપ પેદા થતો નથી. (૧૦)

⁂

सुषुप्तस्थानः प्राज्ञो मकारस्तृतीया मात्रा मितेरपीतेर्वा मिनोति ह वा इदꣳसर्वमपीतिश्च भवति य एवं वेद ॥ ११ ॥

અન્વય અને શબ્દાર્થ :- तृतीया=ત્રીજી मात्रा=માત્રા मकारः='મ'કાર, मितेः=માપનારી હોવાને લીધે वा=અને अपीतेः=વિલીન કરનાર હોવાથી, सुषुप्तस्थानः=સુષુપ્તિરૂપી સ્થાનવાળો प्राज्ञः=પ્રાજ્ઞ નામનો तृतीय=ત્રીજો पादः=પાદ છે. यः=જે एवम्=આ રીતે वेदः=જાણે છે તે ह वै=ચોક્કસ જ, इदम्=આ, सर्वम्=સઘળું જગત मिनोति=માપી લે છે, જાણી લે છે च=અને अपीति=બધાને પોતાની અંદર વિલીન કરનારો भवति=બની જાય છે. (૧૧)

અનુવાદ :- ત્રીજી માત્રા 'મ'કાર, માપનારી હોવાને લીધે અને વિલીન કરનાર હોવાથી, સુષુપ્તિરૂપી સ્થાનવાળો પ્રાજ્ઞ નામનો ત્રીજો પાદ છે. જે આ રીતે જાણે છે તે ચોક્કસ જ, આ, સઘળું જગત માપી લે છે, જાણી લે છે અને બધાને પોતાની અંદર વિલીન કરનારો બની જાય છે. (૧૧)

शाङ्करभाष्यम् :- सुषुप्तस्थानः प्राज्ञः यः, स ओंकारस्य मकारः तृतीया मात्रा । केन सामान्येनेत्याह - सामान्यमिदमत्र - मितेः; मितिर्मानम्; मीयते इव हि विश्वतैजसौ प्राज्ञेन प्रलयोत्पत्त्योः प्रवेशनिर्गमाभ्यां प्रस्थेनेव यवाः; तथा ओंकारसमाप्तौ पुनः प्रयोगे च प्रविश्य निर्गच्छत इव अकारोकारौ मकारे । ★ अपीतेर्वा; अपीतिरप्यय एकीभावः; ओंकारोच्चारणे हि अन्त्येऽक्षरे एकीभूताविव अकारोकारौ; तथा विश्वतैजसौ सुषुप्तकाले प्राज्ञे । अतो वा सामान्यादेकत्वं प्राज्ञमकारयोः । ★ विद्वत्फलमाह - मिनोति ह वै इदं सर्वम्, जगद्याथात्म्यं जानातीत्यर्थः; अपीतिश्च जगत्कारणात्मा च भवतीत्यर्थः । अत्रावान्तरफलवचनं प्रधानसाधनस्तुत्यर्थम् ॥ ११ ॥

શાંકરભાષ્ય :- સુષુપ્તિ સ્થાનવાળો જે પ્રાજ્ઞ છે તે ઓમકારની ત્રીજી માત્રા મકાર છે. કઈ સમાનતાને કારણે ? તો બતાવે છે. અહીં આમાં સમાન છે - તે મિતિનું કારણ (સમાન છે). મિતિ માનને કહે છે જેવી રીતે પ્રસ્થ(એક પ્રકારના તોલવાના કાટલા)થી જવ તોલવામાં આવે છે તેવી રીતે પ્રલય અને ઉત્પત્તિના સમયે જાણે કે પ્રવેશ અને નિર્ગમન દ્વારા પ્રાજ્ઞથી વિશ્વ અને તેજસ્ માપવામાં આવે છે કારણ કે ઓમકારની સમાપ્તિ સમયે તેનો પુનઃ પ્રયોગ કરવામાં આવતાં માનો કે અકાર અને ઉકાર, મકારમાં પ્રવેશ કરીને જાણે કે તેમાંથી પુનઃ નીકળે છે.

અથવા અપીતિને કારણે પણ તેમનામાં એકતા છે. અપીતિ અપ્યયને અર્થાત્ એકીભાવને કહે છે. કારણ કે (જેવી રીતે) ઓમકારનું ઉચ્ચારણ કરવાથી અકાર અને ઉકાર અંતિમ અક્ષરમાં એકીભૂત જેવા થઈ જાય છે તેવી રીતે સુષુપ્તિના સમયે વિશ્વ અને તેજસ્ પ્રાજ્ઞમાં લીન થઈ જાય છે. તો આ સમાનતાને કારણે પણ પ્રાજ્ઞ અને મકારની એકતા છે.

હવે આ જાણનારનું ફળ કહે છે (જે એવું જાણે છે) તે આ સંપૂર્ણ જગતને માપી લે છે. અર્થાત્ તેનું યથાર્થ સ્વરૂપ જાણી લે છે, તથા અપીતિ એટલે કે જગતના કારણસ્વરૂપ થઈ જાય છે. અહીં જે અવાન્તર ફળ બતાવવામાં આવ્યું છે તે પ્રધાન સાધનની સ્તુતિના માટે છે. (૧૧)

⁂

अत्रैते श्लोका भवन्ति – અહીં આ અર્થમાં શ્લોકો છે –

विश्वस्यात्वविवक्षायामादिसामान्यमुत्कटम् ।
मात्रासंप्रतिपत्तौ स्यादाप्तिसामान्यमेव च ॥ १९ ॥

અનુવાદ :- જે સમયે વિશ્વનું અત્વ-અકારમાત્રત્વ બતાવવું યોગ્ય હોય, અર્થાત્ તે અકારમાત્રરૂપ છે એવું કહેવું હોય તો તેની આદિપણાની સમાનતા સ્પષ્ટ છે અને માત્રાની સંપ્રાપ્તિમાં (એટલે અત્વની વિવક્ષામાં) તેની વ્યાપ્તિની સમાનતા સ્પષ્ટ જ છે. (૧૯)

शाङ्करभाष्यम् :- विश्वस्य अत्वम् अकारमात्रत्वं यदा विवक्ष्यते, तदा आदित्वसामान्यम् उक्तन्यायेन उत्कटम् उद्भूतं दृश्यत इत्यर्थः । अत्वविवक्षायामित्यस्य व्याख्यानम् - मात्रासंप्रपतिपत्तौ इति । विश्वस्य अकारमात्रत्वं तदा संप्रतिपद्यते इत्यर्थः । आप्तिसमान्यमेव च, उत्कटमित्यनुवर्तते, च-शब्दात् ॥ १९ ॥

શાંકરભાષ્ય :- જે સમયે વિશ્વનું અત્વ-અકારમાત્રત્વ કહેવું હોય તે સમયે પૂર્વોક્ત ન્યાય પ્રમાણે તેની પ્રાથમિકતાની સમાનતા ઉત્કટ અર્થાત્ ઉદ્ભૂત (પ્રગટ રૂપે) સ્પષ્ટ દેખાય છે. मात्रा सम्प्रतिपत्तौ એ अत्वविवक्षायाम् આ પદની વ્યાખ્યા છે. તાત્પર્ય એ છે કે જે સમયે વિશ્વના અકારમાત્રત્વનું જ્ઞાન થાય છે તે સમયે તેની વ્યાપ્તિની સમાનતા તો સ્પષ્ટ જ છે. અહીં च શબ્દથી उत्कटम् આ પદની અનુવૃત્તિ કરવામાં આવે છે. (૧૯)

⁂

तैजसस्योत्वविज्ञान उत्कर्षो दृश्यते स्फुटम् ।
मात्रासंप्रतिपत्तौ स्यादुभयत्वं तथाविधम् ॥ २० ॥

અનુવાદ :- તેજસને ઉકારરૂપ જાણવાથી અર્થાત્ તેજસ ઉકારમાત્રારૂપ છે એમ જાણવાથી તેનો ઉત્કર્ષ સ્પષ્ટ દેખાય છે. તથા તેની માત્રાની સંપ્રાપ્તિમાં તેનું ઉભયત્વ તે રીતે સ્પષ્ટ છે. (૨૦)

शाङ्करभाष्यम् :- तैजसस्य उत्वविज्ञाने उकारत्वविवक्षायाम् उत्कर्षो दृश्यते स्फुटं स्पष्टमित्यर्थः । उभयत्वं च स्फुटमेवेति । पूर्ववत्सर्वम् ॥ २० ॥

શાંકરભાષ્ય :- તેજસ્‌ના ઉત્વ વિજ્ઞાનમાં અર્થાત્ તેનું ઉકારરૂપથી પ્રતિપાદન કરવાથી તેનો ઉત્કર્ષ તો સ્પષ્ટ દેખાય છે. એવી રીતે ઉભયત્વ પણ સ્પષ્ટ છે. બાકી સર્વ પૂર્વવત્ છે. (૨૦)

⁂

मकारभावे प्राज्ञस्य मानसामान्यमुत्कटम् ।
मात्रासंप्रतिपत्तौ तु लयसामान्यमेव च ॥ २१ ॥

અનુવાદ :- પ્રાજ્ઞની મકારરૂપતામાં અર્થાત્ પ્રાજ્ઞ મકારમાત્રારૂપ છે એવું જાણવાથી તેની માન કરવાની સમાનતા સ્પષ્ટ છે. આ પ્રકારે તેમાં લય સ્થાન હોવાથી સમાનતા પણ સ્પષ્ટ છે. (૨૧)

शाङ्करभाष्यम् :- मकारत्वे प्राज्ञस्य मितिलयावुत्कृष्टे सामान्ये इत्यर्थः ॥

શાંકરભાષ્ય :- પ્રાજ્ઞના મકારરૂપ હોવામાં માન અને લયરૂપ સમાનતા સ્પષ્ટ છે આ તેનું તાત્પર્ય છે. (૨૧)

⁂



त्रिषु धामसु यस्तुल्यं सामान्यं वेत्ति निश्चितः ।
स पूज्यः सर्वभूतानां वन्द्यश्चैव महामुनिः ॥ २२ ॥

અનુવાદ :- જે પુરુષ ત્રણે સ્થાનોમાં (બતાવેલી) તુલ્યતા અથવા સમાનતાને નિશ્ચયપૂર્વક જાણે છે તે મહામુનિ સમગ્ર પ્રાણીઓનો પૂજનીય અને વંદનીય બને છે. (૨૨)

शाङ्करभाष्यम् :- यथोक्तस्थानत्रये यः तुल्यमुक्तं सामान्यं वेत्ति, एवमेवैतदिति निश्चितः सन् सः पूज्यः वन्द्यश्च ब्रह्मवित् लोके भवति ॥ २२ ॥

શાંકરભાષ્ય :- ઉપર્યુક્ત ત્રણે સ્થાનોમાં સમાનરૂપથી બતાવવામાં આવેલી સમાનતાને જે આ આવા પ્રકારે છે એવું નિશ્ચયપૂર્વક જાણે છે તે બ્રહ્મવેત્તા લોકમાં પૂજનીય તેમજ વંદનીય બને છે. (૨૨)

* * *

यथोक्तैः सामान्यैः आत्मपादानां मात्राभिः सह एकत्वं कृत्वा यथोक्तोंकारं प्रतिपद्यते यो ध्यायति, तम् –

પૂર્વોક્ત સમાનતાઓથી આત્માના પાદોનું માત્રાઓની સાથે એકત્વ કરીને ઉપર્યુક્ત ઓમકારને જે તેનું ધ્યાન કરે છે તેને –

अकारो नयते विश्वमुकारश्चापि तैजसम् ।
मकारश्च पुनः प्राज्ञं नामात्रे विद्यते गतिः ॥ २३ ॥ इति ।

અનુવાદ :- અકાર વિશ્વને પ્રાપ્ત કરાવી આપે છે તથા ઉકાર તેજસને અને મકાર પ્રાજ્ઞને, પરંતુ અમાત્રામાં કોઈની ગતિ નથી. (૨૩)

शाङ्करभाष्यम् :- अकारः नयते विश्वं प्रापयति । अकारालम्बनमोंकारं विद्वान्वैश्वानरो भवतीत्यर्थः । तथा उकारः तैजसम्; मकारश्चापि पुनः प्राज्ञम्, च-शब्दान्नयत इत्यनुवर्तते । क्षीणे तु मकारे बीजभावक्षयात् अमात्रे ओंकारे गतिः न विद्यते क्वचिदित्यर्थः ॥ २३ ॥

શાંકરભાષ્ય :- અકાર વિશ્વને પ્રાપ્ત કરાવે છે. અર્થાત્ અકારના આશ્રિત ઓમકારને જાણનાર પુરુષ વૈશ્વાનર હોય છે. તેવી રીતે ઉકાર તેજસને અને મકાર ફરીથી પ્રાજ્ઞને પ્રાપ્ત કરાવી આપે છે. 'च' શબ્દથી नयते (પ્રાપ્ત કરાવી આપે છે) આ ક્રિયાની અનુવૃત્તિ થાય છે. તથા મકારનો ક્ષય થવાથી બીજ ભાવનો ક્ષય થઈ જવાથી માત્રાહીન ઓમકારમાં કોઈ ગતિ હોતી નથી, આ તેનું તાત્પર્ય છે. (૨૩)

* * *

अमात्रश्चतुर्थोऽव्यवहार्यः प्रपञ्चोपशमः शिवोऽद्वैत एवमोंकार आत्मैव संविशत्यात्मनात्मानं य एवं वेद ॥ १२ ॥

અન્વય અને શબ્દાર્થ :- एवम्=આમ अमात्रः=માત્રા વિનાનો ॐकारः=ॐકાર अव्यवहार्यः=વ્યવહારમાં નહીં આવનાર, प्रपञ्चोपशमः=પ્રપંચ-જગતરૂપી વિસ્તાર-નું ઉપશમન કરનાર, शिवः=કલ્યાણમય अद्वैतः=અદ્વૈત એવો चतुर्थः=ચોથો पादः=પાદ છે તે आत्मा=આત્મા एव=જ, आत्मना=આત્માથી आत्मानम्=આત્મામાં (પરમાત્મામાં) संविशति=પ્રવેશ કરે છે. यः=જે एवम्=આ રીતે वेद=જાણે છે, यः=જે एवम्=આ રીતે वेदः=જાણે છે. (અહીં છેલ્લી પુનરુક્તિ ગ્રંથ સમાપ્તિ સૂચવે છે.) (૧૨)

અનુવાદ :- આમ માત્રા વિનાનો ॐકાર વ્યવહારમાં નહીં આવનાર, પ્રપંચ-જગતરૂપી વિસ્તાર-નું ઉપશમન કરનાર, કલ્યાણમય અદ્વૈત એવો ચોથો પાદ છે તે આત્મા જ, આત્માથી આત્મામાં (પરમાત્મામાં) પ્રવેશ કરે છે. જે આ રીતે જાણે છે, જે આ રીતે જાણે છે. (અહીં છેલ્લી પુનરુક્તિ ગ્રંથ સમાપ્તિ સૂચવે છે.) (૧૨)

शाङ्करभाष्यम् :- अमात्रः मात्रा यस्य न सन्ति, सः अमात्रः ओंकारः चतुर्थः तुरीयः आत्मैव केवलः

F/9

अभिधानाभिधेयरूपयोर्वाङ्मनसयोः क्षीणत्वात् अव्यवहार्यः; प्रपञ्चोपशमः शिवः अद्वैतः संवृत्तः एवं यथोक्तविज्ञानवता प्रयुक्त ओंकारस्त्रिमात्रस्त्रिपाद आत्मैव; संविशति आत्मना स्वेनैव स्वं पारमार्थिकमात्मानम्, य एवं वेद; परमार्थदर्शनात् ब्रह्मवित् तृतीयं बीजभावं, दग्ध्वा आत्मानं प्रविष्ट इति न पुनर्जायते, तुरीयस्याबीजत्वात् । ★ न हि रज्जुसर्पयोर्विवेके रज्ज्वां प्रविष्टः सर्पः बुद्धिसंस्कारात्पुनः पूर्ववत्तद्विवेकिनामुत्थास्यति । मन्दमध्यमधियां तु प्रतिपन्नसाधकभावानां सन्मार्गगामिनां संन्यासिनां मात्राणां पादानां च क्लप्तसामान्यविदां यथावदुपास्यमान ओंकारो ब्रह्मप्रतिपत्तये आलम्बनीभवति । यथा च वक्ष्यति - **'आश्रमास्त्रिविधाः'** (मा.का.अ.प्र. ३-१६) इत्यादि ॥ १२ ॥

શાંકરભાષ્ય :- અમાત્ર - જેની માત્રા નથી તે અમાત્ર ઓમકાર ચોથો અર્થાત્ તુરીય કેવળ આત્મા જ છે. અભિધાનરૂપ વાણી અને અભિધ્યેયરૂપ મનનો અહીં ક્ષય થઈ જવાને કારણે તે અવ્યવહાર્ય છે તથા તે પ્રપંચનું ઉપશમન મંગલમય અને અદ્વૈત સ્વરૂપ છે. આમ પૂર્વોક્તિ વિજ્ઞાનવાન ઉપાસક દ્વારા પ્રયોગ કરવામાં આવેલો ત્રણ માત્રાવાળો ઓમકાર ત્રણ ચરણવાળો આત્મા જ છે. જે આવી રીતે જાણે છે. (અર્થાત્ આ પ્રકારે તેની ઉપાસના કરે છે) તે સ્વતઃ જ પોતાના પારમાર્થિક આત્મામાં પ્રવેશ કરે છે. પરમાર્થદર્શી બ્રહ્મવેત્તા ત્રીજા બીજભાવને પણ દગ્ધ કરીને આત્મામાં પ્રવેશ કરે છે. એટલા માટે તેનો પુનર્જન્મ થતો નથી, કારણ કે તુરીય આત્મા અબીજાત્મક છે.

રજ્જુ અને સર્પનો વિવેક થઈ જવાથી રજ્જુમાં લીન થયેલો સાપ જેને તેનો વિવેક થઈ ગયો છે તે પુરુષોની બુદ્ધિના સંસ્કારને કારણે પુનઃ પ્રતીત થઈ શકે નહીં. પરંતુ જે મંદ અને મધ્યમ બુદ્ધિવાળા, સાધકભાવને પ્રાપ્ત કરનાર, સન્માર્ગગામી સંન્યાસી પૂર્વોક્ત માત્રા અને ચરણોના નિશ્ચિત સામાન્યભાવને જાણનાર છે તેને માટે તો વિધિવત્ ઉપાસના કરવામાં આવેલો ઓમકાર બ્રહ્મપ્રાપ્તિને માટે આશ્રયસ્વરૂપ હોય છે. આ વાત **"ત્રણ પ્રકારના આશ્રમ છે."** (માં.કા.અ.પ્ર. ૩-૧૬) વગેરે વાક્યોથી કહેશે (૧૨)

⁂

अत्रैते श्लोका भवन्ति - અહીં આ અર્થમાં શ્લોકો છે -

ओंकारं पादशो विद्यात्पादा मात्रा न संशयः ।
ओंकारं पादशो ज्ञात्वा न किंचिदपि चिन्तयेत् ॥ २४ ॥

અનુવાદ :- ઓમકારને એક એક અંશમાં જાણવો જોઈએ, અંશ જ માત્રાઓ છે - તેમાં સંદેહ નથી. આ પ્રકારે ઓમકારને અંશથી જાણીને કશું જ ચિંતન ન કરવું જોઈએ (૨૪)

शाङ्करभाष्यम् :- यथोक्तैः सामान्यैः पादा एव मात्राः, मात्राश्च पादाः; तस्मात् ओंकारं पादशः विद्यात् इत्यर्थः । एवमोंकारे ज्ञाते दृष्टार्थमदृष्टार्थं वा न किंचिदपि प्रयोजनं चिन्तयेत्, कृतार्थत्वादित्यर्थः ॥ २४ ॥

શાંકરભાષ્ય :- પૂર્વોક્ત સમાનતાઓને કારણે અંશ જ માત્રાઓ છે અને માત્રાઓ જ અંશ છે. માટે તાત્પર્ય આ છે કે ઓમકારને અંશક્રમથી જાણવો. આમ ઓમકારનું જ્ઞાન થઈ જવાથી - કૃતાર્થ થઈ જવાથી કોઈ પણ દષ્ટાર્થ (ઐહિક) અથવા અદષ્ટાર્થ (પારલૌકિક) પ્રયોજનનું ચિંતન ન કરવું જોઈએ આ એનો અભિપ્રાય છે. (૨૪)

⁂

युञ्जीत प्रणवे चेतः प्रणवो ब्रह्म निर्भयम् ।
प्रणवे नित्ययुक्तस्य न भयं विद्यते क्वचित् ॥ २५ ॥

અનુવાદ :- ચિત્તને ઓમકારમાં સમાહિત કરવું, ઓમકાર નિર્ભય બ્રહ્મપદ છે. ઓમકારમાં નિત્ય સમાહિત રહેનાર પુરુષને ક્યારેય ભય થતો નથી. (૨૫)

शाङ्करभाष्यम् :- युञ्जीत समादध्यात् यथाव्याख्याते परमार्थरूपे प्रणवे चेतः मनः; यस्मात्प्रणवः ब्रह्म निर्भयम्; न हि तत्र सदायुक्तस्य भयं विद्यते क्वचित्, **'विद्वान्न बिभेति कुतश्चन'** (तै.उप. २-९) इति श्रुतेः ॥ २५ ॥

શાંકરભાષ્ય :- જેની વ્યાખ્યા પહેલાં કરી દેવામાં આવી છે તે પરમાર્થ-સ્વરૂપ ઓમકારમાં ચિત્તને યુક્ત - સમાહિત

કરવું, કારણ કે ઓમકાર જ નિર્ભય બ્રહ્મ છે. તેમાં નિત્ય સમાહિત રહેનાર પુરુષને ક્યાંય પણ ભય થતો નથી, જેમ કે "વિદ્વાન ક્યાંય પણ ભયને પ્રાપ્ત થતો નથી." (તૈ.ઉપ. ૨-૯) એવી શ્રુતિ છે. (૨૫)

◆

प्रणवो ह्यपरं ब्रह्म प्रणवश्च परः स्मृतः ।
अपूर्वोऽनन्तरोऽबाह्योऽनपरः प्रणवोऽव्ययः ॥ २६ ॥

અનુવાદ :- ઓમકાર જ અપરબ્રહ્મ છે અને ઓમકારને જ પરબ્રહ્મ માનવામાં આવે છે. તે ઓમકાર અપૂર્વ (અકારણ) અંતર્બાહ્યશૂન્ય, અકાર્ય તથા અવ્યય છે. (૨૬)

शाङ्करभाष्यम् :- परापरे ब्रह्मणी प्रणवः; परमार्थतः क्षीणेषु मात्रापादेषु पर एवात्मा ब्रह्म इति; न पूर्वं कारणमस्य विद्यत इत्यपूर्वः; नास्य अन्तरं भिन्नजातीयं किंचिद्विद्यत इति अनन्तरः, तथा बाह्यमन्यत् न विद्यत इत्यबाह्यः; अपरं कार्यमस्य न विद्यत इत्यनपरः, सबाह्याभ्यन्तरो ह्यजः सैन्धवघनवत्प्रज्ञानघन इत्यर्थः ॥ २६ ॥

શાંકરભાષ્ય :- પર અને અપર બ્રહ્મ પ્રણવ છે. વસ્તુતઃ માત્રારૂપ ચરણના ક્ષીણ થવાથી પર આત્મા જ બ્રહ્મ છે. એટલા માટે આનું કોઈ પૂર્વ એટલે કે કારણ ન હોવાથી આ અપૂર્વ છે. તેનું કોઈ અંતર-ભિન્નજાતીય પણ નથી, એટલા માટે આ અનન્તર છે તથા આનાથી બાહ્ય પણ કોઈ બીજું નથી એટલા માટે આ અબાહ્ય છે અને તેનું કોઈ અપર કાર્ય પણ નથી, એટલા માટે આ અનપર છે. તાત્પર્ય આ છે કે આ બહાર અંદરથી અજન્મા તથા સૌંધવઘન-મીઠાના ગાંગડાની જેમ પ્રજ્ઞાનઘન જ છે. (૨૬)

◆

सर्वस्य प्रणवो ह्यादिर्मध्यमन्तस्तथैव च ।
एवं हि प्रणवं ज्ञात्वा व्यश्नुते तदनन्तरम् ॥ २७ ॥

અનુવાદ :- પ્રણવ જ સર્વનો આદિ, મધ્ય અને અંત છે. પ્રણવને આમ જાણવાથી પછી તદ્રુપતાને પ્રાપ્ત થઈ જાય છે. (૨૭)

शाङ्करभाष्यम् :- आदिमध्यान्ता उत्पत्तिस्थितिप्रलयाः सर्वस्य प्रणव एव । मायाहस्तिरज्जुसर्पमृगतृष्णिकास्वप्नादिवदुत्पद्यमानस्य वियदादिप्रपञ्चस्य मायाव्यादयः, एवं हि प्रणवमात्मानं मायाव्यादिस्थानीयं ज्ञात्वा तत्क्षणादेव तदात्मभावं व्यश्नुत इत्यर्थः ॥ २७ ॥

શાંકરભાષ્ય :- સર્વનો આદિ, મધ્ય અને અંત એટલે કે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય પ્રણવ જ છે. જેવી રીતે માયામય હાથી, રજ્જુમાં પ્રતીત થનાર સર્પ, મૃગતૃષ્ણા અને સ્વપ્ન વગેરેની જેમ ઉત્પન્ન થનાર આકાશાદિરૂપ પ્રપંચના કારણે માયાવી વગેરે છે, તેવી રીતે માયાવી વગેરેના સ્થાને તે પ્રણવરૂપ આત્માને જાણીને વિદ્વાન તત્કાળ જ તદ્રુપતાને પ્રાપ્ત થઈ જાય છે - આવું આનું તાત્પર્ય છે. (૨૭)

◆

प्रणवं हीश्वरं विद्यात्सर्वस्य हृदये स्थितम् ।
सर्वव्यापिनमोंकारं मत्वा धीरो न शोचति ॥ २८ ॥

અનુવાદ :- પ્રણવને જ સર્વના હૃદયમાં રહેલ ઈશ્વર તરીકે જાણવો જોઈએ. આમ સર્વવ્યાપી ઓમકારને જાણીને બુદ્ધિમાન પુરુષ શોક કરતો નથી. (૨૮)

शाङ्करभाष्यम् :- सर्वस्य प्राणिजातस्य स्मृतिप्रत्ययास्पदे हृदये स्थितमीश्वरं प्रणवं विद्यात् सर्वव्यापिनं व्योमवत् ओंकारमात्मानमसंसारिणं धीरः धीमान्बुद्धिमान् आत्मतत्त्वं मत्वा ज्ञात्वा न शोचति, शोकनिमित्तानुपपत्तेः, **'तरति शोकमात्मवित्'** (छा.उप. ७-१-३) इत्यादिश्रुतिभ्यः ॥ २८ ॥

શાંકરભાષ્ય :- પ્રણવને જ સમગ્ર પ્રાણી સમુદાયના સ્મૃતિપ્રત્યયના આશ્રયભૂત હૃદયમાં રહેલા ઈશ્વર તરીકે જાણવો જોઈએ. બુદ્ધિમાન પુરુષ આકાશ સમાન સર્વવ્યાપી ઓમકારને અસંસારી આત્મા(શુદ્ધ આત્મતત્ત્વ)રૂપે જાણીને, શોકના કારણનો અભાવ થઈ જવાથી શોક કરતો નથી. જેમકે **'આત્માને જાણનારો શોકને પાર કરી જાય છે.'** (છા.ઉપ. ૩-૧-૩) વગેરે શ્રુતિ છે. (૨૮)

❖

अमात्रोऽनन्तमात्रश्च द्वैतस्योपशमः शिवः ।
ओंकारो विदितो येन स मुनिर्नेतरो जनः ॥ २९ ॥

અનુવાદ :- જણે માત્રાહીન, અનન્ત માત્રાવાળા, દ્વૈતના ઉપશમસ્થાન અને મંગલમય ઓમકારને જાણ્યો છે તે મુનિ છે, બીજો કોઈ પુરુષ નહીં. (૨૯)

शाङ्करभाष्यम् :- अमात्रः तुरीय ओंकारः, मीयते अनेयति मात्रा परिच्छित्तिः, सा अनन्ता यस्य सः अनन्तमात्रः; नैतावत्त्वमस्य परिच्छेत्तुं शक्यत इत्यर्थः । सर्वद्वैतोपशमत्वादेव शिवः । ओंकारो यथाव्याख्यातो विदितो येन, स एव परमार्थतत्त्वस्य मननान्मुनिः, नेतरो जनः शास्त्रविदपीत्यर्थः ॥ २९ ॥

શાંકરભાષ્ય :- અમાત્ર તુરીય ઓમકાર છે. માપવામાં આવે તેને માત્રા અર્થાત્ પરિચ્છિત્તિ કહે છે, તે માત્રા જેની અનંત હોય તેને અનંતમાત્રા કહેવામાં આવે છે, તાત્પર્ય એ છે કે જેની ઈયત્તાનો પરિચ્છેદ કરી શકતો નથી. સંપૂર્ણ દ્વૈતનું ઉપશમસ્થાન હોવાને કારણે જ તે શિવ (મંગલમય) છે. આ રીતે વ્યાખ્યા કરવામાં આવેલ ઓમકારને જેણે જાણ્યો છે તે જ પરમાર્થ તત્ત્વનું મનન કરનાર હોવાથી મુનિ છે. બીજો પુરુષ શાસ્ત્રજ્ઞ હોય તો પણ મુનિ નથી. આવું આનું તાત્પર્ય છે. (૨૯)

इति प्रथममागमप्रकरणं संपूर्णम् ॥

॥ वैतथ्यप्रकरणम् ॥

'ज्ञाते द्वैतं न विद्यते' इत्युक्तम् **'एकमेवाद्वितीयम्'** (छा.उप. ६-२-१) इत्यादिश्रुतिभ्यः । आगममात्रं तत् । तत्र उपपत्त्यापि द्वैतस्य वैतथ्यं शक्यतेऽवधारयितुमिति द्वितीयं प्रकरणमारभ्यते –

एकमेवाद्वितीयम् **'(તે બ્રહ્મ) એક જ અને અદ્વિતીય છે'** (છાં.ઉપ. ૬-૨-૧) વગેરે શ્રુતિઓના અનુસાર (આગમ પ્રકરણની ૧૮મી કારિકામાં) કહેવામાં આવ્યું કે **'જ્ઞાન થઈ જવાથી દ્વૈત રહેતું નથી'**. તે કેવળ આગમ (શાસ્ત્રવાચન) માત્ર હતું. પરંતુ દ્વૈતનું મિથ્યાત્વ યુક્તિથી પણ નિશ્ચિત કરી શકાય છે, એટલા માટે આ બીજા પ્રકરણનો આરંભ કરવામાં આવે છે –

वैतथ्यं सर्वभावानां स्वप्न आहुर्मनीषिणः ।
अन्तःस्थानात्तु भावानां संवृतत्वेन हेतुना ॥ १ ॥

અનુવાદ :- (સ્વપ્નાવસ્થામાં) સર્વ પદાર્થ (શરીરની) અંદર રહેલાં હોય છે, ત્યાં સ્થાનના સંકોચને કારણે મનીષિગણ સ્વપ્નમાં સર્વ પદાર્થોનું મિથ્યાત્વ પ્રતિપાદિત કરે છે. (૧)

शाङ्करभाष्यम् :- वैतथ्यमित्यादिना । वितथस्य भावो वैतथ्यम्; असत्यत्वमित्यर्थः । कस्य ? सर्वेषां बाह्याध्यात्मिकानां भावानां पदार्थानां स्वप्ने उपलभ्यमानानाम्, आहुः कथयन्ति मनीषिणः प्रमाणकुशलाः । वैतथ्ये हेतुमाह - अन्तःस्थानात्, अन्तःशरीरस्य मध्ये स्थानं येषाम्; तत्र हि भावा उपलभ्यन्ते पर्वतहस्त्यादयः, न बहिः शरीरात्; तस्मात् ते वितथा भवितुमर्हन्ति । ननु अपवरकाद्यन्तरुपलभ्यमानैर्घटादिभिरनैकान्तिको हेतुरित्याशङ्क्याह - संवृतत्वेन हेतुनेति । अन्तः संवृतस्थानादित्यर्थः । न ह्यन्तः संवृते देहान्तर्नाडीषु पर्वतहस्त्यादीनां संभवोऽस्ति; न हि देहे पर्वतोऽस्ति ॥ १ ॥

શાંકરભાષ્ય :- વિતથ(મિથ્યા)ના ભાવનું નામ વૈતથ્ય અર્થાત્ અસત્યત્વ છે. કોનું વૈતથ્ય ? સ્વપ્નમાં પ્રતીત થનાર સંપૂર્ણ બાહ્ય અને આંતરિક પદાર્થોનું મનીષિગણ અર્થાત્ પ્રમાણકુશલપુરુષો વૈતથ્ય મિથ્યાત્વ બતાવે છે. તેના મિથ્યાત્વમાં

હેતુ બતાવે છે. અંતઃસ્થ હોવાને કારણે, અંતર અર્થાત્ જેનું સ્થાન શરીરની મધ્યમાં છે. કારણ કે ત્યાં પર્વત એવં હાથી વગેરે સમગ્ર પદાર્થ ઉપલબ્ધ થાય છે. શરીરની બહાર તેની ઉપલબ્ધિ થતી નથી, એટલા માટે તે મિથ્યા હોવા જોઈએ. પરંતુ (જો શરીરની અંદર ઉપલબ્ધ હોવાને કારણે જ સ્વપ્નદૃષ્ટિ પદાર્થ મિથ્યા છે તો) ગૃહ વગેરેની અંદર જોવામાં આવતાં ઘટ વગેરેમાં તો આ હેતુ (કારણ) વ્યભિચરિત થઈ જશે. (કારણ કે જો ત્યાં તેની પ્રતીતિ છે તે તો સત્ય જ છે) એવી શંકા થવાથી કહે છે - 'સ્થાનના સંકોચને કારણે.' તાત્પર્ય એ કે શરીરની અંદર સંકુચિત સ્થાન હોવાથી (તેનું મિથ્યાત્વ કહેવામાં આવે છે) દેહના અંતરવર્તી સંકુચિત નાડીજાળમાં પર્વત અથવા હાથી વગેરેનું હોવું સંભવ નથી. દેહની અંદર પર્વત હોઈ શકે જ નહીં. (૧)

◆

स्वप्नदृश्यानां भावानामन्तः संवृतस्थानमित्येतदसिद्धम्, यस्मात्प्राच्येषु सुप्त उदक्षु स्वप्नान्पश्यन्निव दृश्यत इत्येतदाशङ्क्याह —

સ્વપ્નમાં દેખાતા પદાર્થોનું શરીરની અંદર સંકુચિત સ્થાન છે. આ વાત સિદ્ધ થઈ શકતી નથી, કારણ કે પૂર્વ દિશામાં સૂતેલો પુરુષ ઉત્તર દિશામાં સ્વપ્ન જોતો જોઈ શકાય છે. (માટે તે શરીરથી બહાર ત્યાં જઈને તેને જોતો હશે) એવી આશંકા કરીને કહે છે –

अदीर्घत्वाच्च कालस्य गत्वा देहान्न पश्यति ।
प्रतिबुद्धश्च वै सर्वस्तस्मिन्देशे न विद्यते ॥ २ ॥

અનુવાદ :- સમયની અદીર્ઘતા હોવાને કારણે તે દેહમાંથી બહાર જઈને તેને જોતો નથી તથા જાગીને પણ કોઈ પુરુષ તે દેશમાં હોતો નથી. (તેનાથી પણ તેનું સ્વપ્નામાં જોયેલા પ્રદેશમાં ન જવું જ સિદ્ધ થાય છે.) (૨)

शाङ्करभाष्यम् :- न देहाद्बहिर्देशान्तरं गत्वा स्वप्नान्पश्यति; यस्मात्सुप्तमात्र एव देहदेशाद्योजनशतान्तरिते मासमात्रप्राप्ये देशे स्वप्नान्पश्यन्निव दृश्यते; न च तद्देशप्राप्तेरागमनस्य च दीर्घः कालोऽस्ति; अतः अदीर्घत्वाच्च कालस्य न स्वप्नदृग्देशान्तरं गच्छति । ★ किंच, प्रतिबुद्धश्च वै सर्वः स्वप्नदृक् स्वप्नदर्शनदेशे न विद्यते । यदि च स्वप्ने देशान्तरं गच्छेत्, यस्मिन्देशे स्वप्नान्पश्येत्, तत्रैव प्रतिबुध्येत । न चैतदस्ति । रात्रौ सुप्तः अहनीव भावान्पश्यति; बहुभिः संगतो भवति; यैश्च संगतः स तैर्गृह्येत, न च गृह्यते; गृहीतश्चेत्त्वामद्य तत्रोपलब्धवन्तो वयमिति ब्रूयुः; न चैतदस्ति । तस्मान्न देशान्तरं गच्छति स्वप्ने ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે દેહથી બહાર દેશાન્તરમાં જઈને સ્વપ્ન જોતો નથી, કારણ કે તે સૂતેલો જ દેહના સ્થાનથી એક માસમાં પહોંચવાને યોગ્ય સો યોજન દૂર રહેલા સ્થાને જાણે કે સ્વપ્ન જોતો દેખાય છે. (તે સમયે) તે દેશમાં પહોંચીને અને ત્યાંથી પાછા આવવા યોગ્ય દીર્ઘકાળ છે જ નહીં. માટે કાળની અદીર્ઘતાને કારણે તે સ્વપ્નદ્રષ્ટા કોઈ બીજા દેશમાં જતો નથી.

એટલું જ નહીં જાગીને પણ કોઈ સ્વપ્નદ્રષ્ટા સ્વપ્ન જોવાના સ્થળે હોતો નથી. જો તે સ્વપ્નના સમયે કોઈ દેશાંતરમાં જાય તો જે દેશમાં સ્વપ્ન જુએ તેમાં જ જાગે પરંતુ એવી વાત બનતી નથી. તે રાત્રિમાં સૂતેલો માનો કે દિવસે પદાર્થોને જુએ છે, અને બહુ બધાને મળે છે. માટે જેની સાથે તેનો મેળ હોય છે તેના દ્વારા તે પકડાતો હોત. પરંતુ પકડાતો થતો નથી, જો પકડાતો થતો હોત તો 'અમે તને ત્યાં પકડ્યો હતો.' એવું કહેત. પરંતુ એવી વાત નથી માટે સ્વપ્નમાં તો કોઈ દેશાન્તરમાં જતું નથી. (૨)

◆

इतश्च स्वप्नदृश्या भावा वितथाः, यतः — સ્વપ્નમાં જોયેલો પદાર્થ એટલા માટે મિથ્યા છે કારણ કે –

अभावश्च रथादीनां श्रूयते न्यायपूर्वकम् ।
वैतथ्यं तेन वै प्राप्तं स्वप्न आहुः प्रकाशितम् ॥ ३ ॥

અનુવાદ :- શ્રુતિમાં પણ (સ્વપ્નદૃષ્ટ) રથ વગેરેનો અભાવ યુક્તિપૂર્વક કહેવામાં આવ્યો છે. માટે (ઉપર્યુક્ત યુક્તિથી) સિદ્ધ થયેલા મિથ્યાત્વને જ સ્વપ્નમાં સ્પષ્ટ થતું બતાવે છે. (૩)

शाङ्करभाष्यम् :- अभावश्च रथादीनां स्वप्नदृश्यानां श्रूयते, न्यायपूर्वकं युक्तितः श्रुतौ **'न तत्र रथाः'** (बृ.उप. ४-३-१०) इत्यत्र । तेन अन्तःस्थानसंवृतत्वादिहेतुना प्राप्तं वैतथ्यं तदनुवादिन्या श्रुत्या स्वप्ने स्वयंज्योतिष्ट्वप्रतिपादनपरया प्रकाशितमाहुः ब्रह्मविदः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'તે અવસ્થામાં રથ નથી' વગેરે શ્રુતિમાં પણ સ્વપ્નદૃષ્ટ રથાદિનો અભાવ યુક્તિપૂર્વક કહેવામાં આવ્યો છે. માટે અંતઃસ્થાન તથા સ્થાનના સંકોચ વગેરે હેતુઓથી (પદાર્થોનું) સિદ્ધ થયેલા મિથ્યાત્વ, તેનો અનુવાદ કરનારી તથા સ્વપ્નમાં આત્માનું સ્વયંપ્રકાશત્વ પ્રતિપાદન કરનાર શ્રુતિ દ્વારા બ્રહ્મવેત્તાઓ સ્પષ્ટ બતાવે છે. (૩)

* * *

अन्तःस्थानात्तु भेदानां तस्माज्जागरिते स्मृतम् ।
यथा तत्र तथा स्वप्ने संवृतत्वेन भिद्यते ॥ ४ ॥

અનુવાદ :- આનાથી જાગૃત અવસ્થામાં પણ પદાર્થનું મિથ્યાત્વ છે, કારણ જે પ્રકારે તે ત્યાં સ્વપ્નાવસ્થામાં (મિથ્યા) હોય છે તેવી રીતે જાગ્રતમાં પણ હોય છે. કેવળ શરીરની અંદર હોવું અને સ્થાનના સંકુચિત હોવામાં જ સ્વપ્નદૃષ્ટ પદાર્થોનો ભેદ છે. (૪)

शाङ्करभाष्यम् :- जाग्रद्दृश्यानां भावानां वैतथ्यमिति प्रतिज्ञा । दृश्यत्वादिति हेतुः । स्वप्नदृश्यभाववदिति दृष्टान्तः । यथा तत्र स्वप्ने दृश्यानां भावानां वैतथ्यम्, तथा जागरितेऽपि दृश्यत्वमविशिष्टमिति हेतूपनयः । तस्माज्जागरितेऽपि वैतथ्यं स्मृतमिति निगमनम् । अन्तःस्थानात्संवृतत्वेन च स्वप्नदृश्यानां भावानां जाग्रद्दृश्येभ्यो भेदः । दृश्यत्वमसत्यत्वं चाविशिष्टमुभयत्र ॥ ४ ॥

શાંકરભાષ્ય :- જાગૃત અવસ્થામાં જોયેલા પદાર્થ મિથ્યા છે. આ પ્રતિજ્ઞા છે. દૃશ્ય હોવાને કારણે આ તેનો હેતુ છે. સ્વપ્નમાં જોયેલા પદાર્થોનું મિથ્યાત્વ છે. તેવી રીતે જાગૃતમાં પણ તેનું દૃશ્યત્વ સમાનરૂપે છે. આ 'હેતૂપનય' છે. માટે જાગૃતમાં પણ તેનું મિથ્યાત્વ માનવામાં આવ્યું છે. આ નિગમન છે. અંતઃસ્થ હોવું અને સ્થાનનાં સંકોચ હોવામાં સ્વપ્નદૃષ્ટ ભાવોનો જાગૃતદૃષ્ટ ભાવો સાથે ભેદ છે. દૃશ્યત્વ અને અસત્યત્વ તો બન્ને અવસ્થાઓમાં સમાન છે. (૪)

* * *

स्वप्नजागरिते स्थाने ह्येकमाहुर्मनीषिणः ।
भेदानां हि समत्वेन प्रसिद्धेनैव हेतुना ॥ ५ ॥

અનુવાદ :- આ પ્રકારે પ્રસિદ્ધ હેતુથી પદાર્થોમાં સમાનતા હોવાને કારણે વિવેકી પુરુષોએ સ્વપ્ન અને જાગૃત અવસ્થાઓ એક છે એમ બતાવે છે. (૫)

शाङ्करभाष्यम् :- प्रसिद्धेनैव भेदानां ग्राह्यत्वेन हेतुना समत्वेन स्वप्नजागरितस्थानयोरेकत्वमाहुर्विवेकिन इति पूर्वप्रमाणसिद्धस्यैव फलम् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- પદાર્થોના ગ્રાહ્યગ્રાહકતત્ત્વરૂપ પ્રસિદ્ધ હેતુ સાથે સમાનતા હોવાને કારણે જ વિવેકી પુરુષોએ સ્વપ્ન અને જાગૃત અવસ્થાઓનું એકત્વ પ્રતિપાદિત કર્યું છે. આમ આ પૂર્વ પ્રમાણથી સિદ્ધ હેતુનું જ ફળ છે. (૫)

* * *

इतश्च वैतथ्यं जाग्रद्दृश्यानां भेदानाम् आद्यन्तयोरभावात् –

જાગૃત અવસ્થામાં જોવામાં આવતાં પદાર્થોના મિથ્યાત્વ એટલા માટે છે કારણ કે આદિ અને અંતમાં તેનો અભાવ છે –

आदावन्ते च यन्नास्ति वर्तमानेऽपि तत्तथा ।
वितथैः सदृशाः सन्तोऽवितथा इव लक्षिताः ॥ ६ ॥

અનુવાદ :- જે આદિ અને અંતમાં નથી તે વર્તમાનમાં પણ એવું જ છે. (આ પદાર્થ સમૂહ) અસત્ સમાન હોઈને પણ સત્ જેવું જ દેખાય છે. (૬)

शाङ्करभाष्यम् :- यदादावन्ते च नास्ति वस्तु मृगतृष्णिकादि, तन्मध्येऽपि नास्तीति निश्चितं लोके; तथेमे जाग्रद्दृश्या भेदाः आद्यन्तयोरभावात् वितथैरेव मृगतृष्णिकादिभिः सदृशत्वाद्वितथा एव; तथापि अवितथा इव लक्षिता मूढैरनात्मविद्भिः ॥ ६ ॥

શાંકરભાષ્ય :- જે મૃગતૃષ્ણાદિ વસ્તુ આદિ અને અંતમાં નથી તે મધ્યમાં પણ હોતી નથી. આ વાત લોકમાં નિશ્ચિત જ છે. આમ આ જાગૃત અવસ્થામાં જોવામાં આવતાં ભિન્ન ભિન્ન પદાર્થ પણ આદિ અને અંતમાં ન હોવાથી મૃગતૃષ્ણા વગેરે અસદ્વસ્તુઓના જેવા હોવાને કારણે અસત્ જ છે. તથાપિ મૂઢ અનાત્મતજ્ઞ પુરુષો દ્વારા તે સદ્રૂપ સમજવામાં આવે છે. (૬)

⁂

स्वप्नदृश्यवज्जागरितदृश्यानामप्यसत्त्वमिति यदुक्तम्, तदयुक्तम्; यस्माज्जाग्रद्दृश्या अन्नपानवाहनादयः क्षुत्पिपासादिनिवृत्तिं कुर्वन्तो गमनागमनादि कार्यं च सप्रयोजना दृष्टाः । न तु स्वप्नदृश्यानां तदस्ति । तस्मात्स्वप्नदृश्यवज्जाग्रद्दृश्यानामसत्त्वं मनोरथमात्रमिति । ★ तन्न । कस्मात् ? यस्मात् –

સ્વપ્ન દૃશ્યની જેમ જાગૃત અવસ્થાના દૃશ્યોનું પણ જે અસત્યત્વ બતાવવામાં આવ્યું છે તે બરાબર નથી કારણ કે જાગૃત દૃશ્ય અન્ન, પાન અને વાહન વગેરે પદાર્થો ભૂખ તરસની નિવૃત્તિ તથા ગમનાગમન વગેરે કાર્યોના કરવાના કારણે પ્રયોજનવાળા જોવામાં આવે છે. પરંતુ સ્વપ્નદૃશ્યોના વિષયમાં એવી વાત નથી. માટે સ્વપ્ન દૃશ્યની જેમ જાગૃત દૃશ્યોની અસત્યતા કેવળ મનોરથ માત્ર છે.

એવી વાત નથી. કેમ નથી ? કારણ કે –

सप्रयोजनता तेषां स्वप्ने विप्रतिपद्यते ।
तस्मादाद्यन्तवत्त्वेन मिथ्यैव खलु ते स्मृताः ॥ ७ ॥

અનુવાદ :- સ્વપ્નમાં તે(જાગૃત પદાર્થો)ની સપ્રયોજનતાંમાં વિપરીતતા આવી જાય છે. માટે આદિ-અંત મુક્ત હોવાને કારણે તે નિશ્ચય મિથ્યા જ કહેવામાં આવ્યા છે. (૭)

शाङ्करभाष्यम् :- यस्माद्या सप्रयोजनता दृष्टा अन्नपानादीनाम्, सा स्वप्नेविप्रतिपद्यते । जागरिते हि भुक्त्वा पीत्वा च तृप्तो विनिवर्तिततृट् सुप्तमात्र एव क्षुत्पिपासाद्यार्तमहोरात्रोपोषितमभुक्तवन्तमात्मानं मन्यते, यथा स्वप्ने भुक्त्वा पीत्वा च अतृप्तोत्थितः, तथा । तस्माज्जाग्रद्दृश्यानां स्वप्ने विप्रतिपत्तिर्दृष्टा । अतो मन्यामहे तेषामप्यसत्त्वं स्वप्नदृश्यवदनाशङ्कनीयमिति । तस्मादाद्यन्तवत्त्वमुभयत्र समानमिति मिथ्यैव खलु ते स्मृताः ॥ ७ ॥

શાંકરભાષ્ય :- (જાગૃત અવસ્થામાં) જે અન્નપાનાદિની સપ્રયોજનતા જોવામાં આવેલી છે તે સ્વપ્નમાં રહેતી નથી. જાગૃત અવસ્થામાં ખાઈ-પીને તૃપ્ત થયેલો તથા તૃષારહિત થઈને સૂતેલો પુરુષ પણ (સ્વપ્નમાં) પોતાને ક્ષુધા-પિપાસા વગેરેથી આર્ત, દિવસ-રાત ઉપવાસ કરેલો અને ભોજન કર્યા વિનાનો માને છે. જેવી રીતે કે સ્વપ્નમાં ખાઈ-પીને જાગેલો પુરુષ પોતાને અતૃપ્ત એવો અનુભવ કરે છે. માટે સ્વપ્નાવસ્થામાં જાગૃત દૃશ્યોની વિપરીતતા જોવામાં આવે છે. એટલા માટે સ્વપ્ન દૃશ્યો સમાન તેની અસત્યતાને પણ અમે શંકા ન કરવા યોગ્ય માનીએ છીએ. આમ બંને જ અવસ્થાઓમાં આદિ-અંતવત્વ એકસરખું છે. માટે તે ખરેખર મિથ્યા જ માનવામાં આવ્યા છે. (૭)

⁂

शाङ्करभाष्यम् :- स्वप्नजाग्रद्भेदयोः समत्वाज्जाग्रद्भेदानामसत्त्वमिति यदुक्तम्, तदसत् । कस्मात् ? दृष्टान्तस्यासिद्धत्वात् । कथम् ? न हि जाग्रद्दृश्या ये, ते भेदाः स्वप्ने दृश्यन्ते । किं तर्हि ? ★ अपूर्वं स्वप्ने पश्यति

CC-0. In Public Domain. Curukul Kangri Collection, Haridwar



चतुर्दन्तं गजमारूढोऽष्टभुजमात्मानम् । अन्यदप्येवंप्रकारमपूर्वं पश्यति स्वप्ने । तन्नान्येनासता सममिति सदेव । अतो दृष्टान्तोऽसिद्धः । तस्मात्स्वप्नवज्जागरितस्यासत्त्वमित्ययुक्तम् । ★ तन्न । स्वप्ने दृष्टमपूर्वं यन्मन्यसे, न तत्स्वतः सिद्धम् । किं तर्हि ? –

શાંકરભાષ્ય :- સ્વપ્ન અને જાગૃત પદાર્થો સમાન હોવાથી જાગૃત પદાર્થોની અસત્યતા છે એમ જે કહ્યું તે બરાબર નથી. કેમ ? કારણ કે આ દૃષ્ટાંત સિદ્ધ થઈ શકતું નથી ? કેવી રીતે સિદ્ધ થઈ શકતું નથી ? કારણ કે જે પદાર્થ જાગૃત અવસ્થઆમાં જોવામાં આવે છે તે જ સ્વપ્નમાં જોવામાં આવતાં નથી. તે તે સમયે બીજું શું જોવામાં આવે છે ?

સ્વપ્નમાં તો તે અપૂર્વ વસ્તુઓ જુએ છે. પોતાને ચાર દાંતવાળા હાથી ઉપર ચઢીને તથા આઠ ભુજાઓવાળો માને છે. આવી રીતે સ્વપ્નમાં બીજી પણ અપૂર્વ વસ્તુઓ જોયા કરે છે. તે બીજી કોઈ અસત્ વસ્તુઓની જેમ નથી હોતી, એટલા માટે તે સત્ જ છે. માટે આ દૃષ્ટાંત સિદ્ધ થઈ શકતું નથી. આથી સ્વપ્ન સમાન જાગૃતની પણ અસત્યતા છે આ કથન બરાબર નથી.

એવી વાત નથી. સ્વપ્નમાં જોયેલી જે વસ્તુઓને અપૂર્વ સમજે છે તે સ્વતઃ સિદ્ધ નથી. તો કેવી છે ? –

अपूर्वं स्थानिधर्मो हि यथा स्वर्गनिवासिनाम् ।
तानयं प्रेक्षते गत्वा तथैवेह सुशिक्षितः ॥ ८ ॥

અનુવાદ :- જેવી રીતે (ઇન્દ્રાદિ) સ્વર્ગનિવાસીઓની (સહસ્રનેત્રાત્વાદિ) અલૌકિક અવસ્થાઓ સાંભળવામાં આવે છે એવી રીતે આ (સ્વપ્ન) પણ સ્થાની(સ્વપ્નદૃષ્ટા આત્મા)નો અપૂર્વ ધર્મ છે. તે સ્વપ્ન પદાર્થોને આ એવી રીતે જઈને જુએ છે જેમ કે આ લોકમાં (કોઈ માર્ગવિશેષના સંબંધમાં) સુશિક્ષિત પુરુષ (તે માર્ગે જઈને પોતાના અભીષ્ટ લક્ષ્યપર પહોંચીને તેને જુએ છે). (૮)

शाङ्करभाष्यम् :- अपूर्वं स्थानिधर्मो हि, स्थानिनो द्रष्टुरैव हि स्वप्नस्थानवतो धर्मः; यथा स्वर्गनिवासिनामिन्द्रादीनां सहस्राक्षत्वादि, तथा स्वप्रदशोऽपूर्वोऽयं धर्मः, न स्वतःसिद्धो द्रष्टुः स्वरूपवत् । तान् एवंप्रकारानपूर्वान्स्वचित्तविकल्पान् अयं स्थानी यः स्वप्नदृक्स्वप्रस्थानं गत्वा प्रेक्षते । यथैव इह लोके सुशिक्षितदेशान्तरमार्गस्तेन मार्गेण देशान्तरं गत्वा पदार्थान्पश्यति, तद्वत् । तस्माद्यथा स्थानिधर्माणां रज्जुसर्पमृगतृष्णिकादीनामसत्त्वम्, तथा स्वप्नदृश्यानामप्यपूर्वाणां स्थानिधर्मत्वमेवेत्यसत्त्वम्; अतो न स्वप्नदृष्टान्तस्यासिद्धत्वम् ॥ ८ ॥

શાંકરભાષ્ય :- તે સ્થાનીનો અપૂર્વ ધર્મ જ છે, સ્થાની અર્થાત્ સ્વપ્નસ્થાનવાળા દૃષ્ટાનો ધર્મ છે. જેમ કે સ્વર્ગનિવાસી ઇન્દ્રાદિનો સહસ્રાક્ષત્વાદિ ધર્મ છે તેવી રીતે સ્વપ્નદૃષ્ટાનો આ અપૂર્વ ધર્મ છે. દૃષ્ટાના સ્વરૂપ સમાન આ સ્વતઃ સિદ્ધ નથી. આવા પ્રકારના પોતાના ચિત્ત દ્વારા કલ્પાયેલા તે ધર્મોને આ જે સ્વપ્ન જોનાર સ્થાની છે તે સ્વપ્નાવસ્થામાં જઈને જોયા કરે છે. જેવી રીતે આ લોકમાં દેશાન્તરના માર્ગના વિષયમાં સુશિક્ષિત પુરુષ તે માર્ગે દેશાંતરમાં જઈને ત્યાંથી પદાર્થોને જુએ છે તેવી રીતે (આ પણ જુએ છે) માટે જેવી રીતે સ્થાનીના ધર્મ રજ્જુ સર્પ અને મૃગતૃષ્ણા વગેરેની અસત્યતા છે તેવી રીતે સ્વપ્નમાં જોવામાં આવેલા અપૂર્વ પદાર્થોનો પણ સ્થાનિધર્મત્વ જ છે, માટે તે પણ અસત્ છે. એટલા માટે સ્વપ્ન દૃષ્ટાંતની અસિદ્ધતા નથી. (૮)

◆

अपूर्वत्वाशङ्कां निराकृत्य स्वप्नदृष्टान्तस्य पुनः स्वप्नतुल्यतां जाग्रद्भेदानां प्रपञ्चयन्नाह –

સ્વપ્નદૃષ્ટાંતના અપૂર્વત્વની આશંકાનું નિરાકરણ કરી દીધું. હવે ફરીથી જાગૃત પદાર્થોની સ્વપ્નતુલ્યતાનું વિસ્તારથી પ્રતિપાદન કરતાં કહે છે –

स्वप्नवृत्तावपि त्वन्तश्चेतसा कल्पितं त्वसत् ।
बहिश्चेतोगृहीतं सद्दृष्टं वैतथ्यमेतयोः ॥ ९ ॥

અનુવાદ :- સ્વપ્નાવસ્થામાં પણ ચિત્તની અંદર કલ્પના કરાયેલો પદાર્થ અસત્ અને ચિત્તની બહાર (ઇન્દ્રિયો દ્વારા) ગ્રહણ કરવામાં આવેલો પદાર્થ સત્ જણાય છે, પરંતુ આ બન્નેનું મિથ્યાત્વ જ જોવામાં આવ્યું છે. (૯)

शाङ्करभाष्यम् :- स्वप्नवृत्तावपि स्वप्नस्थानेऽपि अन्तश्चेतसा मनोरथसंकल्पितमसत्; संकल्पानन्तरसमकालमेवादर्शनात् । तत्रैव स्वप्ने बहिश्चेतसा गृहीतं चक्षुरादिद्वारेणोपलब्धं घटादि सदित्येवमसत्यमिति निश्चितेऽपि सदसद्विभागो दृष्टः । उभयोरप्यन्तर्बहिश्चेतःकल्पितयोर्वैतथ्यमेव दृष्टम् ॥ ९ ॥

શાંકરભાષ્ય :- સ્વપ્નની વૃત્તિ અર્થાત્ સ્વપ્નાવસ્થામાં પણ ચિત્તની અંદર મનોરથો દ્વારા સંકલ્પ કરેલી વસ્તુ અસત્ હોય છે, કારણ કે તે સંકલ્પ પછી તત્કાળ જ દેખાતી નથી. તથા તે સ્વપ્નાવસ્થામાં જ ચિત્તની બહાર ચક્ષુ વગેરે દ્વારા ગ્રહણ કરાયેલા ઘટ વગેરે સત્ હોય છે. એવી રીતે સ્વપ્ન અસત્ય છે. એવો નિશ્ચય થઈ જવાથી પણ તેમાં સત્-અસત્નો વિભાગ જોવામાં આવે છે. પરંતુ ચિત્તથી કલ્પના કરેલા આ આંતરિક અને બાહ્ય બંને પ્રકારના પદાર્થોનું મિથ્યાત્વ જોવામાં આવ્યું છે. (૯)

⁂

जाग्रद्वृत्तावपि त्वन्तश्चेतसा कल्पितं त्वसत् ।
बहिश्चेतोगृहीतं सद्युक्तं वैतथ्यमेतयोः ॥ १० ॥

અનુવાદ :- આવી રીતે જાગૃત અવસ્થામાં પણ ચિત્તની અંદર કલ્પાયેલો પદાર્થ અસત્ તથા ચિત્તથી બહાર ગ્રહણ કરાયેલો પદાર્થ સત્ સમજવામાં આવે છે. પરંતુ આ બંનેનું મિથ્યાત્વ માનવું યોગ્ય છે. (૧૦)

शाङ्करभाष्यम् :- सदसतोर्वैतथ्यं युक्तम्, अन्तर्बहिश्चेतःकल्पितत्वाविशेषादिति । व्याख्यातमन्यत् ॥ १० ॥

શાંકરભાષ્ય :- આ સત્ અને અસત્ પદાર્થોનું મિથ્યાત્વ બરાબર જ છે, કારણ કે હૃદયની અંદર અથવા બહાર કલ્પાયેલા હોવાથી તેમાં કોઈ વિશેષતા હોતી નથી. બાકીનાની વ્યાખ્યા થઈ ચૂકી છે. (૧૦)

⁂

चोदक आह – (આ માટે) પૂર્વપક્ષી કહે છે –

उभयोरपि वैतथ्यं भेदानां स्थानयोर्यदि ।
क एतान्बुध्यते भेदान्को वै तेषां विकल्पकः ॥ ११ ॥

અનુવાદ :- જો (જાગૃત અને સ્વપ્ન) બંને સ્થાનોના પદાર્થોનું મિથ્યાત્વ જ છે તો આ પદાર્થોને કોણ જાણે છે અને કોણ તેની કલ્પના કરનાર છે. (૧૧)

शाङ्करभाष्यम् :- स्वप्नजाग्रत्स्थानयोर्भेदानां यदि वैतथ्यम्, क एतानन्तर्बहिश्चेतःकल्पितान्बुध्यते । को वै तेषां विकल्पकः; स्मृतिज्ञानयोः क आलम्बनमित्यभिप्रायः; न चेन्निरात्मवाद इष्टः ॥ ११ ॥

શાંકરભાષ્ય :- જો સ્વપ્ન અને જાગૃત (બંને સ્થાનો)ના પદાર્થઓનું મિથ્યાત્વ છે તો ચિત્તની અંદર અથવા બહાર કલ્પાયેલા આ પદાર્થોને કોણ જાણે ? અને કોણ તેની કલ્પના કરનાર છે ? તાત્પર્ય એ છે કે જો નિરાત્મવાદ અભીષ્ટ નથી તો (એ બતાવવું જોઈએ કે) કહેવાયેલું સ્મરણ (સ્વપ્ન) અને જ્ઞાન(જાગૃત)નું અવલંબન કોણ છે ? (૧૧)

⁂

कल्पयत्यात्मनात्मानमात्मा देवः स्वमायया ।
स एव बुध्यते भेदानिति वेदान्तनिश्चयः ॥ १२ ॥

અનુવાદ :- સ્વયંપ્રકાશ દેવ (આત્મા) પોતાની માયાથી પોતે જ કલ્પના કરે છે અને તે જ સર્વ ભેદોને જાણે છે. આ જ વેદાંતનો નિશ્ચય છે. (૧૨)

शाङ्करभाष्यम् :- स्वयं स्वमायया स्वमात्मानमात्मा देवः आत्मन्येव वक्ष्यमाणं भेदाकारं कल्पयति रज्ज्वादाविव सर्पादीन्, स्वयमेव च तान्बुध्यते भेदान्, तद्वदेवेत्येवं वेदान्तनिश्चयः । नान्योऽस्ति ज्ञानस्मृत्याश्रयः । न च निरास्पदे एव ज्ञानस्मृती वैनाशिकानामिवेत्यभिप्रायः ॥ १२ ॥



શાંકરભાષ્ય :- સ્વયંપ્રકાશ આત્મા પોતાની માયાથી રજ્જુમાં સર્પાદિ સમાન પોતાનામાં જ પોતાને જ આગળ બતાવવામાં આવશે એવા ભેદરૂપથી કલ્પના કરે છે અને સ્વયં જ તે ભેદોને જાણે છે. આમ આ જ વેદાંતનો નિશ્ચય છે. તેના સિવાય સ્મૃતિ અને જ્ઞાનનો બીજો કોઈ આશ્રય નથી. તાત્પર્ય આ છે કે વૈનાશિકો(બૌદ્ધો)ના કથન સમાન આ જ્ઞાન અને સ્મૃતિ નિરાધાર નથી. (૧૨)

❖

संकल्पयन्केन प्रकारेण कल्पयतीत्युच्यते –

તે સંકલ્પ કરતાં કરતાં કેવા પ્રકારે કલ્પના કરે છે ? તો બતાવે છે –

विकरोत्यपरान्भावानन्तश्चित्ते व्यवस्थितान् ।
नियतांश्च बहिश्चित्त एवं कल्पयते प्रभुः ॥ १३ ॥

અનુવાદ :- પ્રભુ આત્મા પોતાના (પરિવર્તિત) અંતઃકરણમાં (વાસનારૂપે) રહેલા અન્ય (લૌકિક) ભાવોને વિવિધરૂપે કરે છે તથા બહિશ્ચિત (બહાર ચિત્તવાળો) થઈને પૃથ્વી વગેરે નિયત અને અનિયત પદાર્થોની પણ આ પ્રમાણે કલ્પના કરે છે. (૧૩)

शाङ्करभाष्यम् :- विकरोति नाना करोति अपरान् लौकिकान् भावान् पदार्थाञ्शब्दादीनन्यांश्च अन्तश्चित्ते वासनारूपेण व्यवस्थितानव्याकृतान् नियतांश्च पृथिव्यादीननियतांश्च कल्पनाकालान् बहिश्चितः सन्, तथा अन्तश्चित्तो मनोरथादिलक्षणानित्येवं कल्पयति, प्रभुः ईश्वरः, आत्मेत्यर्थः ॥ १३ ॥

શાંકરભાષ્ય :- તે (આત્મા) ચિત્તની અંદર વાસનારૂપે રહેલા અવ્યાકૃત લૌકિક ભાવો-શબ્દાદિ પદાર્થોને તથા અન્ય પૃથ્વી વગેરે નિયત અને કલ્પનાકાળમાં જ ઉત્પન્ન થનાર અનિયત પદાર્થોને બહિશ્ચિત થઈને તેમજ મનોરથાદિરૂપ પદાર્થોને અન્તશ્ચિત્ત થઈને વિકૃત કરે છે. અથવા વિવિધ (રૂપે સર્જન) કરે છે. આ પ્રકારે પ્રભુ-ઈશ્વર અર્થાત્ આત્મા કલ્પના કરે છે. (૧૩)

❖

स्वप्नवच्चित्तपरिकल्पितं सर्वमित्येतदाशङ्क्यते । यस्माच्चित्तपरिकल्पितैर्मनोरथादिलक्षणैश्चित्तपरिच्छेद्यैर्वैलक्षण्यं बाह्यानामन्योन्यपरिच्छेद्यत्वमिति, ★ सा न युक्ताशङ्का –

સ્વપ્નની જેમ સર્વ કાંઈ ચિત્તની જ કલ્પના માત્ર છે. આ વિષયમાં એ શંકા થાય છે. કારણ કે કેવળ ચિત્તપરિકલ્પિત અને ચિત્તથી જ પરિચ્છેદ્ય મનોરથાદિથી બાહ્ય પદાર્થોની અન્યોન્યપરિચ્છેદ્યત્વરૂપ વિલક્ષણતા છે (માટે સ્વપ્ન સમાન આ મિથ્યા ન હોઈ શકે). આ શંકા બરાબર નથી, (કારણ કે) –

चित्तकाला हि येऽन्तस्तु द्वयकालाश्च ये बहिः ।
कल्पिता एव ते सर्वे विशेषो नान्यहेतुकः ॥ १४ ॥

અનુવાદ :- જે આંતરિક પદાર્થ કેવળ કલ્પનાકાળ સુધી જ રહેનાર છે અને જે બાહ્ય પદાર્થ દ્વિકાલિક (અર્થાત્ અન્યોન્ય પરિચ્છેદ્ય) છે તે સર્વ કલ્પના છે તેની વિશેષતાનું (અર્થાત્ આંતરિક પદાર્થ અસત્ય છે અને બાહ્ય સત્ય છે આવા પ્રકારની ભેદકલ્પનાનું) કોઈ બીજું કારણ છે જ નહીં. (૧૪)

शाङ्करभाष्यम् :- चित्तकाला हि येऽन्तस्तु चित्तपरिच्छेद्याः, नान्यश्चित्तकालव्यतिरेकेण परिच्छेदकः कालो येषाम्, ते चित्तकालाः; कल्पनाकाल एवोपलभ्यन्त इत्यर्थः । द्वयकालाश्च भेदकाला अन्योन्यपरिच्छेद्याः, यथा आगोदोहनमास्ते; यावदास्ते तावद्गां दोग्धि; यावद्गां दोग्धि तावदास्ते, तावानयमेतावान्स इति परस्परपरिच्छेद्यपरिच्छेदकत्वं बाह्यानां भेदानाम्, ते द्वयकालाः । अन्तश्चित्तकाला बाह्याश्च द्वयकालाः कल्पिता एव ते सर्वे । न बाह्यो द्वयकालत्वविशेषः कल्पितत्वव्यतिरेकेणान्यहेतुकः । अत्रापि हि स्वप्नदृष्टान्तो भवत्येव ॥ १४ ॥

શાંકરભાષ્ય :- જે આંતરિક છે અર્થાત્ ચિત્તપરિચ્છેદ્ય છે તે ચિત્તકાળ છે, જેનું ચિત્તકાળ સિવાય અને કોઈ કાળ પરિચ્છેદક ન હોય તેને ચિરકાળ કહે છે. અર્થાત્ તે કેવળ કલ્પનાની વખતે જ ઉપલબ્ધ થાય છે. તથા બાહ્ય પદાર્થ બે



કાળવાળા - ભેદકાલિન એટલે કે અન્યોન્યપરિચ્છેદ્ય છે. જેમ (તે વ્યક્તિ) ગાય દોહન પર્યંત બેસે છે, એટલે કે જ્યાં સુધી બેસે છે ત્યાં સુધી ગાય દોહે છે અને જ્યાં સુધી ગાય દોહે છે ત્યાં સુધી બેસે છે. એટલા સમય સુધી આ રહે છે અને એટલા સમય સુધી તે રહે છે. આવી રીતે બાહ્ય પદાર્થોનું પરસ્પર પરિચ્છેદ્ય-પરિચ્છેદકત્વ છે, માટે તે બે કાળવાળા છે, પરંતુ આંતરિક ચિત્કાલિક અને બાહ્ય દ્વિકાલિક - આ સર્વ કલ્પિત જ છે. બાહ્ય પદાર્થોની જે દ્વિકાલિકત્વરૂપ વિશેષતા છે તે કલ્પિતત્વ સિવાય કોઈ અન્ય કારણે નથી. આ વિષયમાં પણ સ્વપ્નનું દૃષ્ટાંત છે જ. (૧૪)

❖

अव्यक्ता एव येऽन्तस्तु स्फुटा एव च ये बहिः ।
कल्पिता एव ते सर्वे विशेषस्त्विन्द्रियान्तरे ॥ १५ ॥

અનુવાદ :- જે આંતરિક પદાર્થ છે તે અવ્યક્ત જ છે અને જે બાહ્ય છે તે સ્પષ્ટ પ્રતીત થનાર છે. પરંતુ તે સર્વે કલ્પિત જ છે. તેની વિશેષતા તો કેવળ ઈન્દ્રિયોના ભેદોમાં છે. (૧૫)

शाङ्करभाष्यम् :- यदपि अन्तरव्यक्तत्वं भावानां मनोवासनामात्राभिव्यक्तानां स्फुटत्वं वा बहिश्चक्षुरादीन्द्रियान्तरे विशेषः, नासौ भेदानामस्तित्वकृतः, स्वप्नेऽपि तथा दर्शनात् । किं तर्हि ? इन्द्रियान्तरकृत एव । अतः कल्पिता एव जाग्रद्भावा अपि स्वप्नभाववदिति सिद्धम् ॥ १५ ॥

શાંકરભાષ્ય :- ચિત્તની વાસનામાત્રથી અભિવ્યક્ત થયેલા પદાર્થોનું જે અંતઃકરણમાં અવ્યકત્વ (અસ્ફુટત્વ) અને બાહ્ય ચક્ષુ વગેરે અન્ય ઈન્દ્રિયોમાં જે એનું સ્ફુટત્વ છે તે વિશેષતા પદાર્થોની સત્તાનો કારણ નથી, કારણ કે એવું જ સ્વપ્નમાં જોવામાં આવે છે. તો પછી આનું શું કારણ છે ? આ ઈન્દ્રિયોના ભેદનું જ કારણ છે. માટે સિદ્ધ થયું કે સ્વપ્નના પદાર્થોની જેમ જાગ્રત્કાલીન પદાર્થ પણ કલ્પિત જ છે. (૧૫)

❖

बाह्याध्यात्मिकानां भावानामितरेतरनिमित्तनैमित्तिकतया कल्पनायां किं मूलमित्युच्यते –

બાહ્ય અને આંતરિક પદાર્થોની પરસ્પર નિમિત્ત અને નૈમિત્તકરૂપથી કલ્પના થવાનું શું કારણ છે ? તો બતાવવામાં આવે છે –

जीवं कल्पयते पूर्वं ततो भावान्पृथग्विधान् ।
बाह्यानाध्यात्मिकांश्चैव यथाविद्यस्तथास्मृतिः ॥ १६ ॥

અનુવાદ :- (તે પ્રભુ) સર્વ પ્રથમ જીવની કલ્પના કરે છે, પછી વિવિધ પ્રકારના બાહ્ય અને આધ્યાત્મિક પદાર્થોની કલ્પના કરે છે. તે જીવનું જેવું વિજ્ઞાન હોય છે તેવી સ્મૃતિ પણ થાય છે. (૧૬)

शाङ्करभाष्यम् :- जीवं हेतुफलात्मकम् 'अहं करोमि, मम सुखदुःखे' इत्येवंलक्षणम् । अनेवंलक्षण एव शुद्ध आत्मनि रज्ज्वामिव सर्पं कल्पयते पूर्वम् । ततस्तादर्थ्येन क्रियाकारकफलभेदेन प्राणादीन्नानाविधान्भावान्बाह्यानाध्यात्मिकांश्चैव कल्पयते । ★ तत्र कल्पनायां को हेतुरित्युच्यते - योऽसौ स्वयं कल्पितो जीवः सर्वकल्पनायामधिकृतः, सः यथाविद्यः यादृशी विद्या विज्ञानमस्येति यथाविद्यः, तथाविधैव स्मृतिस्तस्येति तथास्मृतिर्भवति स इति । अतो हेतुकल्पनाविज्ञानात्फलविज्ञानम्, ततो हेतुफलस्मृतिः, ततस्तद्विज्ञानम्, ततः तदर्थक्रियाकारकतत्फलभेदविज्ञानानि, तेभ्यस्तत्स्मृतिः, तत्स्मृतेश्च पुनस्तद्विज्ञानानि इत्येवं बाह्यानाध्यात्मिकांश्च इतरेतरनिमित्तनैमित्तिकभावेनानेकधा कल्पयते ॥ १६ ॥

શાંકરભાષ્ય :- સર્વ પ્રથમ 'હું કરું છું, મને સુખદુઃખ છે' આવી રીતે હેતુફળાત્મક જીવની (તે પ્રભુ) આનાથી વિપરીત લક્ષણોવાળા શુદ્ધ આત્મામાં રજ્જુમાં સર્પ સમાન કલ્પના કરે છે. પછી તેના માટે ક્રિયા, કારક અને ફળના ભેદથી પ્રાણ વગેરે વિવિધ પ્રકારે બાહ્ય અને આધ્યાત્મિક પદાર્થોની કલ્પના કરે છે.

તે કલ્પનામાં શો હેતુ છે ? આ માટે કહેવામાં આવે છે. આ જે સ્વયં કલ્પના કરવામાં આવેલા જીવ સર્વપ્રકારની કલ્પનાનો અધિકારી છે, તે જેવી વિદ્યાવાળો હોય છે અર્થાત્ તેની જેવી વિદ્યા એટલે વિજ્ઞાન હોય છે તેવી જ સ્મૃતિ પણ

થાય છે. માટે તે એવી જ સ્મૃતિવાળો થાય છે. આમ (અન્નભક્ષણાદિ) હેતુની કલ્પનાના વિજ્ઞાનથી જ (તૃપ્તિ વગેરે) ફળનું વિજ્ઞાન થાય છે. તેનાથી (બીજા દિવસે પણ) તે હેતુ અને ફળની સ્મૃતિ થાય છે અને તે સ્મૃતિથી તેનું જ્ઞાન તથા તેના માટે થનાર (પાકાદિ) કર્મ, (તન્ડુલાદિ) કારક અને તેના (તૃપ્તી વગેરે) ફળભેદનું જ્ઞાન થાય છે. તેનાથી તેની સ્મૃતિ થાય છે તથા તે સ્મૃતિથી ફરી તે(હેતુ વગેરે)નું વિજ્ઞાન થાય છે. આમ આ જીવ બાહ્ય અને આધ્યાત્મિક પદાર્થોની પારસ્પરિક નિમિત્ત નૈમિત્તિકભાવથી અનેક પ્રકારે કલ્પના કરે છે. (૧૬)

⁂

तत्र जीवकल्पना सर्वकल्पनामूलमित्युक्तम्; सैव जीवकल्पना किंनिमित्तेति दृष्टान्तेन प्रतिपादयति –

અહીં સુધી જીવની કલ્પના જ સર્વ કલ્પનાઓનું મૂળ છે એવું કહેવામાં આવ્યું પરંતુ તે જીવની કલ્પના કયા નિમિત્તે છે ? આ વાતનું દૃષ્ટાંતથી પ્રતિપાદન કરે છે –

अनिश्चिता यथा रज्जुरन्धकारे विकल्पिता ।
सर्पधारादिभिर्भावैस्तद्वदात्मा विकल्पितः ॥ १७ ॥

અનુવાદ :- જેવી રીતે (પોતાના સ્વરૂપથી) અંધકારમાં રજ્જુ બાબતે નિશ્ચિત ન થતાં સર્પ ધારા વગેરેની કલ્પના કરવામાં આવે છે તેવી રીતે આત્મામાં પણ વિવિધ પ્રકારની કલ્પનાઓ થાય છે. (૧૭)

शाङ्करभाष्यम् :- यथा लोके स्वेन रूपेण अनिश्चिता अनवधारिता एवमेवेति रज्जुः मन्दान्धकारे किं सर्प उदकधारा दण्ड इति वा अनेकधा विकल्पिता भवति पूर्वं स्वरूपानिश्चयनिमित्तम् । यदि हि पूर्वमेव रज्जुः स्वरूपेण निश्चिता स्यात्, न सर्पादिविकल्पोऽभविष्यत्, यथा स्वहस्ताङ्गुल्यादिषु; एष दृष्टान्तः । तद्वद्धेतुफलादिसंसारधर्मानर्थविलक्षणतया स्वेन विशुद्धविज्ञप्तिमात्रसत्ताद्वयरूपेणानिश्चितत्वाज्जीवप्राणाद्यनन्तभावभेदैरात्मा विकल्पित इत्येष सर्वोपनिषदां सिद्धान्तः ॥ १७ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે પોતાના સ્વરૂપથી અનિશ્ચિત અર્થાત્ 'આ આવી જ છે' એ રીતે નિર્ધારણ ન કરવામાં આવેલી રજ્જુ ઓછા અંધકારમાં 'આ સાપ છે ?' 'જળની ધારા છે ?' અથવા 'દંડ છે ?' આવી રીતે પહેલેથી સ્વરૂપનો નિશ્ચય ન હોવાને કારણે અનેક પ્રકારે કલ્પના કરવામાં આવે છે, પરંતુ રજ્જુ પહેલેથી જ પોતાના સ્વરૂપે નિશ્ચિત હોય તો તેમાં સર્પાદિનો વિકલ્પ ન થાય, જેમ કે પોતાના હાથની આંગળીઓ વગેરેમાં (એવો કોઈ વિકલ્પ થતો નથી) આ એક દૃષ્ટાંત છે. આવી રીતે હેતુ-ફલાદિ સાંસારિક ધર્મરૂપ અનર્થથી વિલક્ષણ પોતાના વિશુદ્ધ વિજ્ઞપ્તિમાત્ર અદ્વિતીય સત્તા સ્વરૂપથી નિશ્ચિત થવાથી જ આત્મા જીવ તેમજ પ્રાણ વગેરે અનંત વિભિન્ન ભાવોથી કલ્પવામાં આવે છે. આ જ સંપૂર્ણ ઉપનિષદોનો સિદ્ધાંત છે. (૧૭)

⁂

निश्चितायां यथा रज्ज्वां विकल्पो विनिवर्तते ।
रज्जुरेवेति चाद्वैतं तद्वदात्मविनिश्चयः ॥ १८ ॥

અનુવાદ :- જેવી રીતે રજ્જુ બાબતે નિશ્ચય થઈ જવાથી તેમાં (સર્પાદિનો) વિકલ્પ નિવૃત્ત થઈ જાય છે તથા આ રજ્જુ જ છે એવો અદ્વૈત નિશ્ચય થાય છે એવી રીતે આત્માનો નિશ્ચય છે. (૧૮)

शाङ्करभाष्यम् :- रज्जुरेवेति निश्चये सर्पादिविकल्पनिवृत्तौ रज्जुरेवेति चाद्वैतं यथा, तथा **'नेति नेति'** (बृ.उप. ४-४-२२) इति सर्वसंसारधर्मशून्यप्रतिपादकशास्त्रजनितविज्ञानसूर्यालोककृतात्मविनिश्चयः **'आत्मैवेदं सर्वम्'** (छा.उप. ७-२५-२) **'अपूर्वमनन्तरमबाह्यम्'** (बृ.उप. २-५-१९) **'स बाह्याभ्यन्तरो ह्यजः'** (मु.उप. २-१-२) **'अजरोऽमरोऽमृतोऽभयः'** (बृ.उप. ४-४-२५) **'एक एवाद्वयः'** इति ॥ १८ ॥

શાંકરભાષ્ય :- આ રજ્જુ જ છે એવો નિર્ણય થવાથી (સર્પાદિ) સઘળા વિકલ્પની નિવૃત્તિ થઈ જવાથી જેવી રીતે 'આ રજ્જુ જ છે' એવો અદ્વૈતભાવ થાય છે તેવી રીતે **'નેતિ નેતિ'** (બૃ.ઉપ. ૪-૪-૨૨) આ સમગ્ર સંસાર ધર્મશૂન્ય આત્માનું પ્રતિપાદન કરનાર શાસ્ત્રથી ઉત્પન્ન થયેલા વિજ્ઞાનરૂપ સૂર્યના પ્રકાશથી આત્માનો એવો નિશ્ચય થાય છે કે **"આ સર્વ આત્મા જ છે."** (છાં.ઉપ. ૭-૨૫-૨૦) **'તે કારણ કાર્યથી રહિત અને આંતરબાહ્યશૂન્ય છે.'** (બૃ.ઉપ. ૨-૫-૧૯)

'બહાર અંદરથી (કાર્યકારણ બંને દૃષ્ટિઓથી) અજન્મા છે.' (મુ.ઉપ. ૨-૧-૨) 'તે જરારહિત, અમર, અમૃત અને અભય છે.' (બૃ.ઉપ. ૪-૪-૨૫) તથા 'તે એક અદ્વિતીય જ છે.' (૧૮)

⁂

यदि आत्मैक एवेति निश्चयः, कथं प्राणादिभिरनन्तैर्भावैरेतैः संसारलक्षणैर्विकल्पित इति ? उच्यते शृणु –

આ વાત નિશ્ચિત છે કે આત્મા એક જ છે. તો તે આ સંસારરૂપ પ્રાણાદિ અનંત ભાવોથી કેવી રીતે વિકલ્પિત થઈ રહ્યો છે ? તો આ વિષયમાં કહેવામાં આવે છે, સાંભળો –

प्राणादिभिरनन्तैस्तु भावैरेतैर्विकल्पितः ।
मायैषा तस्य देवस्य ययायं मोहितः स्वयम् ॥ १९ ॥

અનુવાદ :- આ જે આવા પ્રાણ વગેરે અનંત ભાવોથી વિકલ્પિત થઈ રહ્યો છે તો આ તે (આત્મા)દેવની માયા છે જેનાથી તે પોતે મોહિત થઈ રહ્યો છે. (૧૯)

शाङ्करभाष्यम् :- मायैषा तस्यात्मनो देवस्य । यथा मायाविना विहिता माया गगनमतिविमलं कुसुमितैः सपलाशैस्तरुभिराकीर्णमिव करोति, तथा इयमपि देवस्य माया, यया अयं स्वयमपि मोहित इव मोहितो भवति । 'मम माया दुरत्यया' (गी. ७-१४) इत्युक्तम् ॥ १९ ॥

શાંકરભાષ્ય :- આ તે આત્મદેવની માયા છે. જેવી રીતે માયાવી દ્વારા પ્રયોગ કરેલી માયા અતિ નિર્મળ આકાશને પલ્લવયુક્ત પુષ્પિત પાદપોથી પરિપૂર્ણ કરી દે છે તેવી રીતે આ પણ તે દેવની માયા છે જેનાથી કે આ પોતે જ મોહિત થયેલા જેવો મોહગ્રસ્ત થઈ રહ્યો છે. 'મારી માયા તરવી મુશ્કેલ છે.' (ગીતા ૭-૧૪) એવું કહ્યું પણ છે. (૧૯)

⁂

प्राण इति प्राणविदो भूतानीति च तद्विदः ।
गुणा इति गुणविदस्तत्त्वानीति च तद्विदः ॥ २० ॥

અનુવાદ :- પ્રાણોપાસક કહે છે 'પ્રાણ જ જગતનું કારણ છે.' ભૂતજ્ઞો (પ્રત્યક્ષવાદી ચાર્વાકાદિ)નું કથન છે (પૃથ્વી વગેરે ચાર) ભૂત પરમાર્થ છે. ગુણોને જાણનાર (સાંખ્યવાદી) કહે છે. 'ગુણ જ સૃષ્ટિનો હેતુ છે.' તથા તત્ત્વજ્ઞ (શૈવ) કહે છે. (આત્મા, અવિદ્યા અને શિવ આ ત્રણ) તત્ત્વ જ જગતના પ્રવર્તક છે. (૨૦)

⁂

पादा इति पादविदो विषया इति तद्विदः ।
लोका इति लोकविदो देवा इति च तद्विदः ॥ २१ ॥

અનુવાદ :- પાદવેત્તા કહે છે 'વિશ્વ વગેરે પાદ સંપૂર્ણ વ્યવહારના હેતુ છે.' (વાત્સ્યાયનાદિ) વિષયજ્ઞ કહે છે 'શબ્દાદિ વિષય સત્ય વસ્તુ છે' લોકવેત્તાઓ(પૌરાણિકો)નું કથન છે લોક સત્ય છે. તથા દેવોપાસક કહે છે '(ઈન્દ્રાદિ) દેવ સત્ય છે.' (૨૧)

⁂

वेदा इति वेदविदो यज्ञा इति च तद्विदः ।
भोक्तेति च भोक्तृविदो भोज्यमिति च तद्विदः ॥ २२ ॥

અનુવાદ :- વેદજ્ઞ કહે છે '(ઋગ્વેદાદિ ચાર) વેદ જ પરમાર્થ છે' યાજ્ઞિક કહે છે 'યજ્ઞ જ સંસારનું આદિ કારણ છે' ભોક્તાને જાણનાર ભોક્તાની (પ્રધાનતા બતાવે) છે. તથા ભોજ્યના જાણનારા (સૂપકારાદિ) ભોજ્ય પદાર્થો છે એમ કહે છે. (૨૨)

⁂

सूक्ष्म इति सूक्ष्मविदः स्थूल इति च तद्विदः ।
मूर्त इति मूर्तविदोऽमूर्त इति च तद्विदः ॥ २३ ॥

અનુવાદ :- સૂક્ષ્મ વેત્તા કહે છે, '(આત્મા) સૂક્ષ્મ (અણુ પરિમાણ) છે' સ્થૂળવાદિ (ચાર્વાકાદિ) કહે છે તે સ્થૂળ છે. મૂર્તવાદી (સાકારોપાસક) કહે છે '(પરમાર્થ વસ્તુ) મૂતિમાન્ છે' તથા અમૂર્તવાદિઓ(શૂન્યવાદિઓ)નું કથન છે કે તે મૂર્તિહીન છે. (૨૩)

❖

काल इति कालविदो दिश इति च तद्विदः ।
वादा इति वादविदो भुवनानीति तद्विदः ॥ २४ ॥

અનુવાદ :- કાલજ્ઞ (જ્યોતિષી લોકો) કહે છે 'કાળ જ પરમાર્થ છે' દિશાઓના જાણનાર (સ્વરોદયશાસ્ત્રી) કહે છે. 'દિશાઓ સત્ય છે.' વાદવેત્તા (ધાતુવાધ, મંત્રવાદ વગેરે) કહે છે વાદ સત્ય છે. તથા ભુવનકોષના જ્ઞાતાઓનું કથન છે કે ભુવન સાચું છે. (૨૪)

❖

मन इति मनोविदो बुद्धिरिति च तद्विदः ।
चित्तमिति चित्तविदो धर्माधर्मौ च तद्विदः ॥ २५ ॥

અનુવાદ :- મનોવિદ કહે છે 'મન આત્મા છે' બૌદ્ધોનું કથન છે કે બુદ્ધિ આત્મા છે. ચિત્તજ્ઞોનો વિચાર છે કે ચિત્ત સત્ય વસ્તુ છે. તથા ધર્માધર્મને જાણનાર (મીમાંસક) ધર્માધર્મને સત્ય માને છે. (૨૫)

❖

पञ्चविंशक इत्येके षड्विंश इति चापरे ।
एकत्रिंशक इत्याहुरनन्त इति चापरे ॥ २६ ॥

અનુવાદ :- કોઈ (સાંખ્યવાદી) પચ્ચીસ તત્ત્વોને, કોઈ (પાતંજલ મતાવલંબી) છવ્વીસને અને કોઈ (પાશુપત) એકત્રીસ તત્ત્વોને સત્ય માને છે. તથા અન્ય મતાવલંબી (પરમાર્થ તત્ત્વને) અનંત ભેદોવાળું માને છે. (૨૬)

❖

लोकाँल्लोकविदः प्राहुराश्रमा इति तद्विदः ।
स्त्रीपुंनपुंसकं लैङ्गाः परापरमथापरे ॥ २७ ॥

અનુવાદ :- લૌકિક પુરુષ લોકાનુરંજનને અને આશ્રમવાદી આશ્રમોને (પ્રધાન) બતાવે છે. લિંગવાદી સ્ત્રીલિંગ, પુરુષલિંગ અને નપુસંકલિંગોને તથા બીજા લોકો પર અને અપર (બ્રહ્મ)ને (પરમાર્થ) માને છે. (૨૭)

❖

सृष्टिरिति सृष्टिविदो लय इति च तद्विदः ।
स्थितिरिति स्थितिविदः सर्वे चेह तु सर्वदा ॥ २८ ॥

અનુવાદ :- સૃષ્ટિવેત્તા કહે છે 'સૃષ્ટિ સત્ય છે' લયવાદી કહે છે 'લય સાચી વસ્તુ છે' તથા સ્થિતિવેત્તા કહે છે 'સ્થિતિ સત્ય છે.' આમ આ (કહેલા કે નહિ કહેલા) સર્વવાદ આ આત્મતત્ત્વમાં સર્વદા કલ્પિત છે. (૨૮)

शाङ्करभाष्यम् :- प्राणः प्राज्ञो बीजात्मा, तत्कार्यभेदा हीतरे स्थित्यन्ताः । अन्ये च सर्वे लौकिकाः सर्वप्राणिपरिकल्पिता भेदा रज्ज्वामिव सर्पादयः । तच्छून्ये आत्मन्यात्मस्वरूपानिश्चयहेतोरविद्यया कल्पिता इति पिण्डितोऽर्थः । प्राणादिश्लोकानां प्रत्येकं पदार्थव्याख्याने फल्गुप्रयोजनत्वात्सिद्धपदार्थत्वाच्च यत्नो न कृतः ॥ २८ ॥



શાંકરભાષ્ય :- પ્રાણ બીજ સ્વરૂપ પ્રાજ્ઞને કહે છે. ઉપર્યુક્ત સ્થિતિ સુધી સર્વ વિકલ્પ તેના જ કાર્યભેદ છે. સંપૂર્ણ પ્રાણીઓથી પરિકલ્પિત બીજા સર્વ લૌકિકધર્મ રજ્જુમાં સર્પ સમાન તે વિકલ્પોથી શૂન્ય આત્મામાં આત્મસ્વરૂપના અનિશ્ચયને કારણે અવિદ્યાથી કલ્પના કરવામાં આવેલા છે. આ આવા શ્લોકોના સમુદાયનો અર્થ છે. પ્રાણાદિ શ્લોકોના પ્રત્યેક પદાર્થના વ્યાખ્યાનનું અત્યંત અલ્પ પ્રયોજન હોવાને કારણે તથા તે સિદ્ધ પદાર્થ છે એટલા માટે (તેને વધુ સમજાવવાનો) પ્રયત્ન કર્યો નથી. (૨૮)

❖

पुस्तकालय
129358
गुरुकुल कांगड़ी विश्वविद्यालय

किं बहुना ? – અધિક શું ? –

यं भावं दर्शयेद्यस्य तं भावं स तु पश्यति ।
तं चावति स भूत्वासौ तद्ग्रहः समुपैति तम् ॥ २९ ॥

અનુવાદ :- (ગુરુ) જેને જે ભાવ બતાવી દે તે તેને જ આત્મસ્વરૂપે જોવા લાગે છે. તથા આવી રીતે જોનાર તે વ્યક્તિની તે ભાવ તદ્રુપ થઈને રક્ષા કરવા લાગે છે. પછી તેમાં (ભાવ) થનારો અભિનિવેશ તે (આત્મભાવ)ને પ્રાપ્ત થઈ જાય છે. (૨૯)

शाङ्करभाष्यम् :- प्राणादीनामन्यतममुक्तमनुक्तं वा अन्यं यं भावं पदार्थं दर्शयेद्यस्याचार्योऽन्यो वा आप्तः इदमेव तत्त्वमिति, स तं भावमात्मभूतं पश्यत्ययमहमिति वा ममेति वा, तं च द्रष्टारं स भावोऽवति, यो दर्शितो भावः, असौ स भूत्वा रक्षति; स्वेनात्मना सर्वतो निरुणद्धि । तस्मिन्ग्रहस्तद्ग्रहस्तदभिनिवेशः इदमेव तत्त्वमिति स तं ग्रहीतारमुपैति, तस्यात्मभावं निगच्छतीत्यर्थः ॥ २९ ॥

શાંકરભાષ્ય :- જેના આચાર્ય અથવના કોઈ અન્ય આપ્ત પુરુષ જેને પ્રાણાદિમાંથી કોઈએ કહેલા અથવા વગર કહેલા બીજા ભાવને પણ આ જ પરમાર્થતત્ત્વ છે આવી રીતે દેખાડી દે છે તે આવા ભાવને આત્મભૂત થઈને જુએ છે. (અને સમજે છે કે) 'હું આ જ છું' અથવા 'આ જ મારું સ્વરૂપ છે' તથા તે દૃષ્ટાને પણ, જે ભાવ તેને બતાવવામાં આવ્યો છે, તદ્રુપ થઈને રક્ષા કરે છે. અર્થાત્ તેને સર્વ પ્રકારે પોતાના સ્વરૂપથી નિરુદ્ધ કરી દે છે. તે જ ભાવમાં જે ગ્રહ-આગ્રહ અર્થાત્ 'આ જ સત્ય છે' તેવા પ્રકારે અભિનિવેશ છે તે તેના ભાવને ગ્રહણ કરનારને પ્રાપ્ત થાય છે અર્થાત્ તેના આત્મસ્વરૂપને પ્રાપ્ત થઈ જાય છે. (૨૯)

❖

एतैरेषोऽपृथग्भावैः पृथगेवेति लक्षितः ।
एवं यो वेद तत्त्वेन कल्पयेत्सोऽविशङ्कितः ॥ ३० ॥

અનુવાદ :- (આવી રીતે સર્વનું અધિષ્ઠા થવાને કારણે) આ પ્રાણાદિ અપૃથક્ ભાવોથી (પૃથક્ ન હોવાથી પણ અજ્ઞાનઓ દ્વારા) આ આત્મા ભિન્ન જ માનવામાં આવ્યો છે. આ વાતને જે વાસ્તવિકરૂપથી જાણે છે તે શંકા વિનાનો બનીને (વેદાર્થની) કલ્પના કરી શકે છે. (૩૦)

शाङ्करभाष्यम् :- एतैः प्राणादिभिः आत्मनोऽपृथग्भूतैरपृथग्भावैः एषः आत्मा रज्जुरिव सर्पादिविकल्पनारूपैः पृथगेवेति लक्षितः अभिलक्षितः निश्चितः मूढैरित्यर्थः । विवेकिनां तु रज्ज्वामिव कल्पिताः सर्पादयो नात्मव्यतिरेकेण प्राणादयः सन्तीत्यभिप्रायः; **'इदं सर्वं यदयमात्मा'** (बृ.उप. २-४-६, ४-५-७) इति श्रुतेः । ★ एवमात्मव्यतिरेकेणासत्त्वं रज्जुसर्पवदात्मनि कल्पितानामात्मानं च केवलं निर्विकल्पं यो वेद तत्त्वेन श्रुतितो युक्तितश्च, सः अविशङ्कितो वेदार्थं विभागतः कल्पयेत् कल्पयतीत्यर्थः – इदमेवंपरं वाक्यम् अदोऽन्यपरम् इति । न ह्यनध्यात्मविद्वेदान्ज्ञातुं शक्रोति तत्त्वतः, **'न ह्यनध्यात्मवित्कश्चित्क्रियाफलमुपाश्नुते'** (मनु. ६-८२) इति हि मानवं वचनम् ॥ ३० ॥

શાંકરભાષ્ય :- રજ્જુમાં કલ્પિત સર્પાદિ ભાવોથી રજ્જુ સમાન આ આત્મા પોતાનાથી અપૃથક્ ભૂત પ્રાણાદિ અપૃથક્ ભાવોથી પૃથક્ જ છે એવું મૂર્ખો દ્વારા લક્ષિત-અભિલક્ષિત અર્થાત્ નિશ્ચિત થઈ રહ્યું છે. વિવેકીઓની દૃષ્ટિમાં તો 'આ જે



કંઈ છે તે સર્વ આત્મા જ છે.' (બૃ.ઉપ. ૨-૪-૬, ૪-૫-૭) આ શ્રુતિ અનુસાર રજ્જુમાં કલ્પિત સર્પાદિ સમાન આ પ્રાણાદિ આત્માથી ભિન્ન છે જ નહીં. એવું તેનું તાત્પર્ય છે.

આ પ્રકારે રજ્જુમાં કલ્પિત સર્પ સમાન જે આત્મામાં કલ્પિત પદાર્થોનું આત્મા સિવાય અસત્યત્વ સમજે છે તથા આત્માને શ્રુતિ અને યુક્તિથી પરમાર્થતઃ નિર્વિકલ્પ જાણે છે તે નિઃશંક થઈને વેદાર્થની 'આ વાક્ય આવા અર્થનું પ્રતિપાદન કરનાર છે અને તે અન્યાર્થ પરક છે' આવી રીતે વિભાગપૂર્વક કલ્પના કરી શકે છે. આ તેનું તાત્પર્ય છે. જે અધ્યાત્મતત્ત્વને જાણતો નથી તે પુરુષ તત્ત્વતઃ વેદોને પણ જાણી શકતો નથી. **'આધ્યાત્મતત્ત્વને નહીં જાણનાર પુરુષ કોઈપણ કર્મફળને પ્રાપ્ત કરતો નથી.'** (મનુ. ૬-૮૨) એવું મનુનું વચન છે. (૩૦)

129358

⁂

यदेतद्द्वैतस्यासत्त्वमुक्तं युक्तितः, तदेतद्वेदान्तप्रमाणावगतमित्याह –

આ જે યુક્તિપૂર્વક દ્વૈતની અસત્યતા બતાવી છે તે વેદાન્ત પ્રમાણે જાણવામાં આવી છે. આ આશયથી કહે છે –

स्वप्नमाये यथा दृष्टे गन्धर्वनगरं यथा ।
तथा विश्वमिदं दृष्टं वेदान्तेषु विचक्षणैः ॥ ३१ ॥

અનુવાદ :- જેવી રીતે સ્વપ્ન અને માયા જોવામાં આવ્યા છે તથા જેવી રીતે ગંધર્વનગર જાણવામાં આવ્યું છે તેવી રીતે વિચક્ષણ પુરુષોએ વેદાંતોમાં આ જગતને જોયું છે. (૩૧)

शाङ्करभाष्यम् :- स्वप्नश्च माया च स्वप्नमाये असद्वस्त्वात्मिके सत्यौ सद्वस्त्वात्मिके इव लक्ष्येते अविवेकिभिः । यथा च प्रसारितपण्यापणगृहप्रासादस्त्रीपुंजनपदव्यवहाराकीर्णमिव गन्धर्वनगरं दृश्यमानमेव सत् अकस्मादभावतां गतं दृष्टम्, यथा च स्वप्नमाये दृष्टे असद्रूपे, तथा विश्वमिदं द्वैतं समस्तमसृष्टम् । ★ क्वेत्याह-वेदान्तेषु, **'नेह नानास्ति किंचन'** (क.उप. २-१-११, बृ.उप. ४-४-१९) **'इन्द्रो मायाभिः'** (बृ.उप. २-५-१९) **'आत्मैवेदमत्र आसीत्'** (बृ.उप. १-४-१७) **'ब्रह्मैवेदमग्र आसीत्'** (बृ.उप. १-४-१०) **'द्वितीयाद्वै भयं भवति'** (बृ.उप. १-४-२) **'न तु तद्द्वितीयमस्ति'** (बृ.उप. १-४-१७) **'यत्र त्वस्य सर्वमात्मैवाभूत्'** (बृ.उप. ४-५-१५) इत्यादिषु, विचक्षणैः निपुणतरवस्तुदर्शिभिः पण्डितैरित्यर्थः; ★ **'तमः श्वभ्रनिभं दृष्टं वर्षबुद्बुदसंनिभम् । नाशप्रायं सुखाद्धीनं नाशोत्तरमभावगम्'** इति व्यासस्मृतेः ॥ ३१ ॥

શાંકરભાષ્ય :- અવિવેકી પુરુષો દ્વારા સ્વપ્ન અને માયા, અસત્ય વસ્તુરૂપ અર્થાત્ અસત્ય છે, છતાં સત્ય વસ્તુરૂપે જોવામાં આવે છે જેવી રીતે વિસ્તૃત, દુકાન, બજાર, ગૃહ, પ્રાસાદ અને નગરનિવાસી સ્ત્રી-પુરુષોના વ્યવહારથી ભરપૂર એવું ગંધર્વનગર જોત જોતામાં અકસ્માત્ રીતે અભાવને પ્રાપ્ત થતું જોવામાં આવે છે અને જેવી રીતે એ સ્વપ્ન અને માયા અસદ્રુપ જોવામાં આવ્યા છે. તેવી રીતે આ વિશ્વ અર્થાત્ સમગ્ર દ્વૈત અસત્ રૂપે જોવામાં આવ્યું છે.

ક્યાં જોવામાં આવ્યું છે ? તે માટે કહે છે - વેદાંતમાં. **'અહીં વિવિધ કાંઈ નથી.'** (ક.ઉપ. ૨-૧-૧૧, બૃ.ઉપ. ૪-૪-૧૯) **'ઈન્દ્રે માયાથી'** (બૃ.ઉપ. ૨-૫-૧૧) **'પહેલાં આ આત્મા જ હતો'** (બૃ.ઉપ. ૧-૪-૧૭) **'પહેલા આ બ્રહ્મ જ હતું.'** (બૃ.ઉપ. ૧-૪-૧૦) **'બીજાથી નિશ્ચય ભય થાય છે.'** (બૃ.ઉપ. ૧-૪-૨) **'જ્યાં તેના માટે સર્વ આત્મા જ થઈ ગયું છે'** (બૃ.ઉપ. ૪-૫-૧૫) વગેરે વેદાંતોમાં વિચક્ષણ અર્થાત્ નિપુણતર વસ્તુદર્શી પંડિતો દ્વારા જોવામાં આવ્યું છે. આ તેનું તાત્પર્ય છે –

'આ જગત અંધારી ખાઈ સમાન અને વર્ષાની બૂંદ જેવું નાશવંત, સુખથી રહિત અને નાશ પછી અભાવને પ્રાપ્ત થઈ જનારું જોવામાં આવ્યું છે.' આ વ્યાસસ્મૃતિથી પણ એ વાત પ્રમાણિત થાય છે. (૩૧)

⁂

प्रकरणार्थोपसंहारार्थोऽयं श्लोकः-यदा वितथं द्वैतम् आत्मैवैकः परमार्थतः सन्, तदा इदं निष्पन्नं भवति सर्वोऽयं लौकिको वैदिकश्च व्यवहारोऽविद्याविषय एवेति । तदा –

આ (આગળનો) શ્લોક આ પ્રકરણના વિષયનો ઉપસંહાર કરવાને માટે છે. જો કે દ્વૈત અસત્ છે અને એકમાત્ર આત્મા જ પરમાર્થતઃ સત્ છે તો એ નિશ્ચિત થાય છે કે આ સર્વ લૌકિક અને વૈદિક વ્યવહાર અવિદ્યાનો જ વિષય છે. તે અવસ્થામાં –

न निरोधो न चोत्पत्तिर्न बद्धो न च साधकः ।
न मुमुक्षुर्न वै मुक्त इत्येषा परमार्थता ॥ ३२ ॥

અનુવાદ :- પ્રલય નથી, ઉત્પત્તિ નથી, બદ્ધ નથી, સાધક નથી, મુમુક્ષુ નથી અને મુક્ત પણ નથી - આ પરમાર્થતા છે. (૩૨)

शाङ्करभाष्यम् :- न निरोधः, निरोधनं निरोधः प्रलयः, उत्पत्तिं जननम्, बद्धः संसारी जीवः, साधकः साधनवान्मोक्षस्य, मुमुक्षुः मोचनार्थी, मुक्तः विमुक्तबन्धः । उत्पत्तिप्रलययोरभावाद्बद्धादयो न सन्तीत्येषा परमार्थता । ★ कथमुत्पत्तिप्रलययोरभाव इति, उच्यते - द्वैतस्यासत्त्वात् । **'यत्र हि द्वैतमिव भवति'** (बृ.उप. २-४-१४) **'य इह नानेव पश्यति'** (क.उप. २-१-१०) **'आत्मैवेदं सर्वम्'** (छा.उप. ७-२५-२) **'ब्रह्मैवेदं सर्वम्'** (नृसिंहोत्तर ७) **'एकमेवाद्वितीयम्'** (छा.उप. ६-२-१) **'इदं सर्वं यदयमात्मा'** (बृ.उप. २-४-६) इत्यादिनानाश्रुतिभ्यो द्वैतस्यासत्त्वं सिद्धम् । ★ सतो ह्युत्पत्ति प्रलयो वा स्यात्, नासतः शशविषाणादेः । नाप्यद्वैतमुत्पद्यते प्रलीयते वा । अद्वैतं च, उत्पत्तिप्रलयवच्चेति विप्रतिषिद्धम् । ★ यस्तु पुनर्द्वैतसंव्यवहारः, स रज्जुसपर्वदात्मनि प्राणादिलक्षणः कल्पित इत्युक्तम्; न हि मनोविकल्पनाया रज्जुसर्पादिलक्षणाया रज्ज्वां प्रलय उत्पत्तिर्वा; न च मनसि रज्जुसर्पस्योत्पत्तिः प्रलयो वा, न चोभयतो वा । तथा मानसत्वाविशेषाद्द्वैतस्य । न हि नियते मनसि सुषुप्ते वा द्वैतं गृह्यते; ★ अतो मनोविकल्पनामात्रं द्वैतमिति सिद्धम् । तस्मात्सूक्तम्-द्वैतस्यासत्त्वान्निरोधाद्यभावः परमार्थतेति । ★ यद्येवं द्वैताभावे शास्त्रव्यापारः, नाद्वैते, विरोधात्; तथा च सत्यद्वैतस्य वस्तुत्वे प्रमाणाभावाच्छून्यवादप्रसङ्गः, द्वैतस्य चाभावात्; ★ न, रज्जुवत्सर्पादिकल्पनाया निरास्पदत्वेऽनुपपत्तिरिति प्रत्युक्तमेतत्कथमुज्जीवयसीति, आह - रज्जुरपि सर्पविकल्पस्यास्पदभूता कल्पितैवेति दृष्टान्तानुपपत्तिः; ★ न, विकल्पनाक्षये अविकल्पितस्याविकल्पितत्वादेव सत्त्वोपपत्तेः; रज्जुसर्पवदसत्त्वमिति चेत्, न एकान्तेनाविकल्पितत्वात् अविकल्पितरज्जवंशवत्प्राक्सर्पाभावविज्ञानात्, विकल्पयितुश्च प्राग्विकल्पनोत्पत्तेः सिद्धत्वाभ्युपगमादेवासत्त्वानुपपत्तिः । ★ कथं पुनः स्वरूपे व्यापाराभावे शास्त्रस्य द्वैतविज्ञाननिवर्तकत्वम् ? ★ नैष दोषः, रज्ज्वां सर्पादिवदात्मनि द्वैतस्याविद्याध्यस्तत्वात् कथं सुख्यहं दुःखी मूढो जातो मृतो जीर्णो देहवान् पश्यामि व्यक्ताव्यक्तः कर्ता फली संयुक्तो वियुक्तः क्षीणो वृद्धोऽहं ममैते इत्येवमादयः सर्वे आत्मन्यध्यारोप्यन्ते । आत्मा एतेष्वनुगतः, सर्वत्राव्यभिचारात्, यथा सर्पधारादिभेदेषु रज्जुः । ★ यदा चैवं विशेष्यस्वरूपप्रत्ययस्य सिद्धत्वान्न कर्त्तव्यत्वं शास्त्रेण । अकृतकर्तृ च शास्त्रं कृतानुकारित्वे अप्रमाणम् । यतः अविद्याध्यारोपितसुखित्वादिविशेषप्रतिबन्धादेवात्मनः स्वरूपेणानवस्थानम्, स्वरूपावस्थानं च श्रेयः इति सुखित्वादिनिवर्तकं शास्त्रमात्मन्यसुखित्वादिप्रत्ययकरणेन नेति नेत्यस्थूलादिवाक्यैः; आत्मस्वरूपवदसुखित्वादिरपि सुखित्वादिभेदेषु नानुवृत्तोऽस्ति धर्मः । यद्यनुवृत्तः स्यात्, नाध्यारोप्यते सुखित्वादिलक्षणो विशेषः, यथोष्णत्वगुणविशेषवत्यग्नौ शीतता; तस्मान्निर्विशेष एवात्मनि सुखित्वादयो विशेषाः कल्पिताः । यत्त्वसुखित्वादिशास्त्रमात्मनः, तत्सुखित्वादिविशेषनिवृत्त्यर्थमेवेति सिद्धम् । **'सिद्धं तु निवर्तकत्वात्'** इत्यागमविदां सूत्रम् ॥ ३२ ॥

શાંકરભાષ્ય :- નિરોધ નથી, નિરોધનનું નામ નિરોધ એટલે કે પ્રલય છે. ઉત્પત્તિ કરનારને બદ્ધ (બંધાયેલો) સંસારી જીવને, સાધક મોક્ષના સાધનવાળાને, મુમુક્ષુ-મુક્ત થવાની ઈચ્છાવાળાને અને મુક્ત-બંધનથી છૂટેલાને કહે છે. ઉત્પત્તિ અને પ્રલયનો અભાવ હોવાને કારણે આ બદ્ધ વગેરે પણ નથી - આ જ પરમાર્થતા છે.

ઉત્પત્તિ અને પ્રલયનો અભાવ કેવી રીતે છે ? તે માટે કહેવાય છે - દ્વૈતની અસત્યતા હોવાને કારણે (એની પણ સત્તા નથી) **"જ્યાં દ્વૈત જેવું હોય છે"** (બૃ.ઉપ. ૨-૪-૧૪) **"જે અહીં વિવિધ દેખાય છે."** (ક.ઉપ. ૨-૧-૧૦-૧૧) **"આ સર્વ આત્મા જ છે."** (છા.ઉપ. ૭-૨૫-૨) **આ સર્વ બ્રહ્મ જ છે."** (નૃસિંહોત્તર - ૭) **"એક જ અદ્વિતીય"** (છા.ઉપ. ૬-૨-૧) **"આ જે કાંઈ છે તે આત્મા છે."** (બૃ.ઉપ. ૨-૪-૬) વગેરે અનેક શ્રુતિઓથી દ્વૈતની અસત્યતા સિદ્ધ થાય છે.

ઉત્પત્તિ અથવા પ્રલય સત્‌નો જ થઈ શકે છે. શશશૃંગાદિ અસત્ વસ્તુનો થઈ શકતો નથી. આવા પ્રકારે દ્વૈત વસ્તુ પણ ઉત્પન્ન અથવા લીન થતી નથી. જે અદ્વય હોય તે ઉત્પત્તિ-પ્રલયવાન પણ હોય - આ તો સર્વથા વિરુદ્ધ છે.

આના સિવાય જે પ્રાણાદિરૂપ દ્વૈત વ્યવહાર છે તે રજ્જુમાં સર્પ સમાન આત્મામાં જ કલ્પિત છે - આ વાત પહેલાં કહેવામાં આવી ગઈ છે. રજ્જુ સર્પાદિ રૂપ મનોવિકલ્પનો પણ રજ્જુમાં ઉત્પત્તિ અથવા પ્રલય થતો નથી. રજ્જુ સર્પની

ઉત્પત્તિ અથવા પ્રલય ન તો મનમાં થાય છે અને ન તો (મન અને રજ્જુ) બંનેમાં પણ આવી રીતે દ્વૈતનું મનોમયત્ત્વ પણ સમાન છે, કારણ કે મનના સમાહિત અથવા સુષુપ્ત થઈ જવાથી દ્વૈતનું ગ્રહણ થતું નથી.

માટે એ સિદ્ધ થયું કે દ્વૈત મનની કલ્પનામાત્ર છે. એટલા માટે આ બરાબર જ કહ્યું છે કે દ્વૈતની અસત્યતા હોવાને કારણે નિરોધાદિનો અભાવ જ પરમાર્થતા છે.

પૂર્વપક્ષી :- જો એવું છે તો શાસ્ત્રનો વ્યાપાર દ્વૈતનો અભાવ પ્રતિપાદન કરવામાં જ છે, અદ્વૈતના બોધમાં નથી, કારણ કે આનાથી વિરોધ આવે છે. એવી અવસ્થામાં અદ્વૈતના વસ્તુત્વમાં કોઈ પ્રમાણ ન હોવાને કારણે શૂન્યવાદનો પ્રસંગ ઉપસ્થિત થઈ જાય છે. કારણ કે દ્વૈતનો તો અભાવ જ છે.

સિદ્ધાન્તી :- એવી વાત નથી, કારણ કે રજ્જુ સર્પાદિ વિકલ્પનું નિરાધાર હોવું સંભવ નથી. આવી રીતે પહેલાં નિરાકરણ કરવા છતાં પણ આ શંકાને ફરીથી કેમ ઉઠાવે છે ?

પૂર્વપક્ષી :- આ માટે (શૂન્યવાદી) કહે છે - સર્પ ભ્રમની અધિષ્ઠાનભૂત રજ્જુ પણ કલ્પિત જ છે. એટલા માટે આ દૃષ્ટાંત બરાબર નથી.

સિદ્ધાન્તી :- ના, કલ્પનાનો ક્ષય થઈ જવાથી અવિકલ્પિત આત્માની સત્તા તેના અવિકલ્પિતત્વને કારણે જ સંભવી શકે છે. જો એમ કહો કે રજ્જુ સર્પ સમાન તેની અસત્તા છે તો એવું કહેવું બરાબર નથી, કારણ કે તે અવિકલ્પિત રજ્જુના અંશ સમાન સર્પાભાવના વિજ્ઞાન પહેલાંથી જ સર્વથા અવિકલ્પિત રૂપે વિદ્યમાન છે. તેના સિવાય જે વિકલ્પના કરનાર હોય છે તેને વિકલ્પની ઉત્પત્તિ પહેલાં જ વિદ્યમાનનો સ્વીકાર કરવાને કારણે તેની અસત્તા માની શકાય નહીં.

પૂર્વપક્ષી :- પરંતુ આત્મસ્વરૂપમાં પ્રમાણની ગતિ ન હોવાથી પણ શાસ્ત્ર દ્વૈત વિજ્ઞાનનું નિવર્તક કેવી રીત છે ?

સિદ્ધાન્તી :- (અહીં) આ દોષ નથી, કારણ કે રજ્જુ વગેરેની જેમ આત્મામાં અવિદ્યાને કારણે દ્વૈતનો અધ્યાસ છે. કેવી રીતે ? 'હું સુખી છું, દુઃખી છું, મૂઢ છું, ઉત્પન્ન થયો છું, મરેલો છું, જરાગ્રસ્ત છું, દેહધારી છું, જોઉં છું, વ્યક્ત છું, અવ્યક્ત છું, કર્તા છું, ફળવાન છું, જોડાયેલો છું, છુટો પડેલો છું, ક્ષીણ છું, વૃદ્ધ છું, આ મારા છે.' વગેરે સઘળું આત્મામાં આરોપિત કરવામાં આવે છે તથા આત્મા આમાં અનુસ્યૂત છે, કારણ કે તેનો કદી પણ વ્યભિચાર નથી, જેમ કે સર્પ અને ધારા વગેરે ભેદોમાં રજ્જુ.

હવે જો આમ હોય તો વિશેષ્યરૂપ બ્રહ્મના સ્વરૂપની પ્રતીતિ સિદ્ધ હોવાને કારણે તેના સંબંધમાં શાસ્ત્રોનું કંઈ જ કર્તવ્ય રહેતું નથી. શાસ્ત્ર તો અસિદ્ધ 'વસ્તુને સિદ્ધ કરનાર છે, સિદ્ધ વસ્તુનો અનુવાદ કરવાથી તે અપ્રમાણભૂત બને. કારણ કે અવિદ્યાથી આરોપિત સુખીત્વ વગેરે વિશેષ પ્રતિબંધકોને કારણે જ આત્માની સ્વરૂપથી સ્થિતિ નથી અને સ્વરૂપથી સ્થિતિ જ શ્રેય છે. એટલા માટે नेति नेति અને अस्थूलम् વગેરે વાક્યોથી આત્મામાં અસુખીત્વાદિની પ્રતીતિ કરાવવાને માટે શાસ્ત્ર (તેમાં આરોપિત) સુખીત્વ વગેરેની નિવૃત્તિ કરાવનાર છે. આત્મસ્વરૂપ સમાન અસુખીત્વ વગેરે પણ સુખીત્વ વગેરે ભેદોમાં અનુવૃત્ત ધર્મ નથી. જો તે પણ અનુવૃત્ત હોત તો તેમાં સુખીત્વ વગેરેરૂપ વિશેષ ધર્મનો આરોપ કરવામાં આવતો ન હોત, જેવી રીતે કે ઉષ્ણત્વ ધર્મ વિશિષ્ટ અગ્નિમાં શીતત્વનો આરોપ ન કરી શકાય. માટે સુખીત્વાદિ વિશેષ નિર્વિશેષ આત્મામાં જ કલ્પેલા છે. આનાથી સિદ્ધ થયું કે આત્માના વિષયમાં જે અસુખીત્વ વગેરે શાસ્ત્ર છે તે સુખીત્વ વગેરે વિશેષની નિવૃત્તિના જ માટે છે. શાસ્ત્રવેત્તાઓનું સૂત્ર પણ છે - '(સુખીત્વ વગેરે ધર્મોનું) નિવર્તક હોવાથી (અસ્થૂળ વગેરે) શાસ્ત્રની **પ્રમાણિકતા સિદ્ધ થાય છે.'** (૩૨)

❖

पूर्वश्लोकार्थस्य हेतुमाह – પૂર્વ શ્લોકના અર્થનો હેતુ બતાવે છે –

भावैरसद्भिरेवायमद्वयेन च कल्पितः ।
भावा अप्यद्वयेनैव तस्मादद्वयता शिवा ॥ ३३ ॥

અનુવાદ :- આ (આત્મતત્ત્વ પ્રાણાદિ) અસત્ ભાવોથી અને અદ્વૈતરૂપે કલ્પિત છે. તે અસત્ ભાવ પણ અદ્વૈતથી જ કલ્પવામાં આવેલ છે. એટલા માટે અદ્વૈતભાવ જ મંગલમય છે. (૩૩)

शाङ्करभाष्यम् :- यथा रज्ज्वामसद्भिः सर्पधारादिभिः अद्वयेन च रज्जुद्रव्येण सता अयं सर्प इति धारेयं दण्डोऽयमिति वा रज्जुद्रव्यमेव कल्प्यते, एवं प्राणादिभिरनन्तैः असद्भिरेव अविद्यमानैः, न परमार्थतः । न ह्यप्रचलिते मनसि कश्चिद्भाव

उपलक्षयितुं शक्यते केनचित्; न चात्मनः प्रचलनमस्ति । प्रचलितस्यैवोपलभ्यमाना भावा न परमार्थतः सन्तः कल्पयितुं शक्याः । अतः असद्भिरेव प्राणादिभिर्भावैरद्वयेन च परमार्थसता आत्मना रज्जुवत्सर्वविकल्पास्पदभूतेन अयं स्वयमेवात्मा कल्पितः सदैकस्वभावोऽपि सन् । ★ ते चापि प्राणादिभावाः अद्वयेनैव सता आत्मना विकल्पिताः; न हि निरास्पदा काचित्कल्पना उपपद्यते; अतः सर्वकल्पनास्पदत्वात्स्वेनात्मना अद्वयस्य अव्यभिचारात् कल्पनावस्थायामपि अद्वयता शिवा; कल्पना एव त्वशिवाः, रज्जुसर्पादिवत्त्रासादिकारिण्यो हि ताः । अद्वयता अभया; अतः सैव शिवा ॥ ३३ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે રજ્જુમાં અવિદ્યમાન સર્પ, ધારા વગેરે ભાવોથી તથા વિદ્યમાન અદ્વિતીય રજ્જુ દ્રવ્યથી 'આ સર્પ છે, આ ધારા છે, આ દંડ છે.' આવી રીતે રજ્જુ દ્રવ્ય જ કલ્પવામાં આવે છે તેવી રીતે પ્રાણાદિ અનંત અસત્ - અવિદ્યમાન અર્થાત્ જે પરમાર્થતઃ નથી, (તે ભાવોથી આત્મા વિકલ્પિત થઈ રહ્યો છે.) કારણ કે ચિત્તના ચલાયમાન ન હોવાને કારણે કોઈ દ્વારા કોઈ ભાવ ઉપલક્ષિત થઈ શકે નહીં અને આત્મામાં પ્રચલન છે જ નહીં, તથા કેવળ ચલાયમાન ચિત્તમાં જ ઉપલબ્ધ થનાર ભાવ પરમાર્થતઃ સત્ય છે એવી કલ્પના કરી શકાય નહીં. માટે આ આત્મા, સ્વયં એકમાત્ર સત્ સ્વભાવ હોવાને કારણે પણ અસત્ સ્વરૂપ પ્રાણાદિ ભાવોથી તથા રજ્જુ સમાન સર્વ પ્રકારના વિકલ્પના આશ્રયભૂત પરમાર્થ સત્ આત્મસ્વરૂપથી કલ્પિત છે.

તે પ્રાણાદિ ભાવ પણ અદ્વય સત્ સ્વરૂપ આત્માથી જ કલ્પવામાં આવ્યા છે. કારણ કે કોઈપણ કલ્પના નિરાધાર ન હોઈ શકે. માટે સમગ્ર કલ્પનાની આશ્રયભૂત હોવાથી અને પોતાના સ્વરૂપમાં અદ્વયનો કદી વ્યભિચાર ન હોવાથી કલ્પના અવસ્થામાં પણ અદ્વયતા જ મંગલમય છે. કેવળ કલ્પના જ અમંગલમય છે. કારણ કે તે રજ્જુ સર્પાદિની જેમ ભય વગેરે ઉત્પન્ન કરનાર છે. અદ્વયતા અભયરૂપ છે એટલા માટે તે મંગલમય છે. (૩૩)

◆

कुतश्चाद्वयता शिवा ? नानाभूतं प्रथमक्त्वम् अन्यस्य अन्यस्मात् यत्र दृष्टम्, तत्राशिवं भवेत् । –

હજી પણ અદ્વયતા કેમ મંગલમય છે ? જ્યાં એક વસ્તુથી બીજી વસ્તુની વિવિધતાનું પાર્થક્ય જોવામાં આવે છે ત્યાં અમંગળ થઈ શકે (પરંતુ) –

नात्मभावेन नानेदं न स्वेनापि कथंचन ।
न पृथङ् नापृथक्किंचिदिति तत्त्वविदो विदुः ॥ ३४ ॥

અનુવાદ :- આ વિવિધતા તો આત્માના સ્વરૂપથી નથી અને પોતાના સ્વરૂપથી પણ કોઈ રીતે નથી. કોઈ (પણ વસ્તુ ન તો બ્રહ્મથી) પૃથક્ છે અને ન અપૃથક્. આવું તત્ત્વવેત્તાઓ જાણે છે. (૩૪)

शाङ्करभाष्यम् :- न ह्यत्राद्वये परमार्थसत्यात्मनि प्राणादिसंसारजातमिदं जगत् आत्मभावेन परमार्थस्वरूपेण निरूप्यमाणं नाना वस्त्वन्तरभूतं भवति; यथा रज्जुस्वरूपेण प्रकाशेन निरूप्यमाणो न नानाभूतः कल्पितः सर्पोऽस्ति, तद्वत् । नापि स्वेन प्राणाद्यात्मना इदं विद्यते कदाचिदपि, रज्जुसर्पवत्कल्पितत्वादेव । ★ तथा अन्योन्यं न पृथक् प्राणादि वस्तु, यथा अश्वान्महिषः पृथग्विद्यते, एवम् । अतः असत्त्वात् नापि अपृथक् विद्यतेऽन्योन्यं परेण वा किंचिदिति । एवं परमार्थतत्त्वविदो ब्राह्मणा विदुः । अतः अशिवहेतुत्वाभावादद्वयतैव शिवेत्यभिप्रायः ॥ ३४ ॥

શાંકરભાષ્ય :- આવું અદ્વિતીય પરમાર્થ સત્ય આત્મામાં આ પ્રાણાદિ સંસાર-જાતરૂપ જગત આત્મભાવથી - પરમાર્થ સત્ય રૂપથી નિરૂપણ કરવાથી વિવિધ અર્થાત્ પૃથક્ વસ્તુના અંતર્ભૂત રહેતું નથી. જેવી રીતે પ્રકાશ દ્વારા રજ્જુ રૂપથી નિરૂપિત થવાથી કલ્પિત સર્પ પૃથક્ રૂપથી રહેતો નથી તેવી રીતે (પરમાર્થ રૂપે નિરૂપણ કરવાથી જગત્ આત્માથી પૃથક્ નથી) અને આ, રજ્જુ સર્પ સમાન કલ્પિત હોવાને કારણે જ પોતાના પ્રાણાદિ સ્વરૂપથી કદી રહી શકતું નથી.

તથા જેવી રીતે ઘોડા કરતાં ભેંસ પૃથક્ છે તેવી રીતે પ્રાણાદિ વસ્તુ પરસ્પર પણ પૃથક્ નથી. એટલા માટે અસદ્રૂપ હોવાથી પરસ્પર અથવા કોઈ અન્ય વસ્તુથી કોઈ વસ્તુ અપૃથક્ પણ નથી - એવું આત્મજ્ઞ બ્રાહ્મણ લોકો પરમાર્થ તત્ત્વને જાણે છે. માટે અમંગલની હેતુતાનો અભાવ હોવાથી અદ્વયતા જ મંગલમય છે. આ તેનું તાત્પર્ય છે. (૩૪)

◆



तदेतत्सम्यग्दर्शनं स्तूयते – હવે આ સમ્યક્ જ્ઞાનની સ્તુતિ કરવામાં આવે છે –

वीतरागभयक्रोधैर्मुनिभिर्वेदपारगैः ।
निर्विकल्पो ह्ययं दृष्टः प्रपञ्चोपशमोऽद्वयः ॥ ३५ ॥

અનુવાદ :- જેના રાગ, ભય અને ક્રોધ નિવૃત્ત થઈ ગયા છે તેવા વેદના પારગામી મુનિઓ દ્વારા આ નિર્વિકલ્પ પ્રપંચોપશમ અદ્વય તત્ત્વ જોવામાં આવ્યું છે. (૩૫)

शाङ्करभाष्यम् :- विगतरागभयक्रोधादिसर्वदोषैः सर्वदा मुनिभिः मननशीलैर्विवेकिभिः वेदपारगैः अवगतवेदान्तार्थतत्त्वैर्ज्ञानिभिः निर्विकल्पः सर्वविकल्पशून्यः अयम् आत्मा दृष्टः उपलब्धो वेदान्तार्थतत्परैः, प्रपञ्चोपशमः, प्रपञ्चो द्वैतभेदविस्तारः, तस्योपशमोऽभावो यस्मिन्, स आत्मा प्रपञ्चोपशमः, अत एव अद्वयः विगतदोषैरेव पण्डितैर्वेदान्तार्थतत्परैः संन्यासिभिः अयमात्मा द्रष्टुं शक्यः, नान्यैः रागादिकलुषितचेतोभिः स्वपक्षपातिदर्शनैस्तार्किकादिभिरित्यभिप्रायः ॥ ३५ ॥

શાંકરભાષ્ય :- જેના રાગ, ભય અને ક્રોધાદિ સમગ્ર દોષ નિવૃત્ત થઈ ગયા છે તે મુનિઓ અર્થાત્ સર્વદા મનનશીલ વિવેકીઓ અને વેદના પારગામીઓ એટલે કે વેદાર્થના મર્મજ્ઞ વેદાન્તાર્થપરાયણ તત્ત્વજ્ઞાનીઓ દ્વારા આ સર્વ પ્રકારના વિકલ્પોથી રહિત નિર્વિકલ્પ અને પ્રપંચોપશમ - 'દ્વૈતરૂપ ભેદના વિસ્તારનું નામ પ્રપંચ છે તેની જેમાં નિવૃત્તિ થઈ જાય છે તે આત્મા પ્રપંચોપશમ છે - એટલા માટે જે અદ્વય છે એવો આ આત્મા પંડિત એટલે કે વેદાંતાર્થમાં તત્પર, દોષરહિત સંન્યાસીઓ દ્વારા જ જોઈ શકાય છે. જેનું ચિત્ત રાગાદિ દોષથી દુષિત છે અને જેનું દર્શન પોતાના પક્ષનો આગ્રહ કરનાર છે તે અન્ય તાર્કિકાદિને આ આત્માનો સાક્ષાત્કાર ન થઈ શકે. આ તેનો અભિપ્રાય છે.' (૩૫)

❖

यस्मात्सर्वानर्थोपशमरूपत्वादद्वयं शिवमभयम् –
કારણ કે સંપૂર્ણ અનર્થોનું નિવૃત્તિસ્થાન હોવાને કારણે અદ્વયત્વ જ મંગલમય અને અભયરૂપ છે –

तस्मादेवं विदित्वैनमद्वैते योजयेत्स्मृतिम् ।
अद्वैतं समनुप्राप्य जडवल्लोकमाचरेत् ॥ ३६ ॥

અનુવાદ :- એટલા માટે આ(આત્મતત્ત્વ)ને એવું જાણીને અદ્વૈતમાં મનોનિવેશ કરવો અને અદ્વૈતતત્ત્વને પ્રાપ્ત કરીને લોકમાં જડવત્ વ્યવહાર કરવો. (૩૬)

शाङ्करभाष्यम् :- अतः एवं विदित्वैनम् । अद्वैते स्मृतिं योजयेत्; अद्वैतावगमायैव स्मृतिं कुर्यादित्यर्थः । तच्च अद्वैतम् अवगम्य '**अहमस्मि परं ब्रह्म**' इति विदित्वा अशनायाद्यतीतं साक्षादपरोक्षादजमात्मानं सर्वलोकव्यवहारातीतं जडवत् लोकमाचरेत्, अप्रख्यापयन्नात्मानमहमेवंविध इत्यभिप्रायः ॥ ३६ ॥

શાંકરભાષ્ય :- એટલા માટે આને આવો જાણીને અદ્વૈતમાં મનોનિવેશ કરવો, અર્થાત્ અદ્વૈતબોધને માટે જ ચિંતન કરવું અને તે અદ્વૈતને જાણીને અર્થાત્ '**હું જ પરબ્રહ્મ છું**' એવું જ્ઞાન પ્રાપ્ત કરીને એટલે કે સંપૂર્ણ લોકવ્યવહારથી શૂન્ય ભોજન ઈચ્છા વગેરેથી અતીત, સાક્ષાત્ અપરોક્ષ અજન્મા આત્માનો અનુભવ કરીને લોકમાં જડવત્ આચરણ કરવું. તાત્પર્ય આ છે કે હું એવો છું. આવી રીતે પોતાને પ્રગટ ન કરીને વ્યવહાર કરવો. (૩૬)

❖

कया चर्यया लोकमाचरेदिति, आह – લોકમાં કેવા વ્યવહારથી આચરણ કરવું ? આ માટે કહે છે –

निःस्तुतिर्निर्नमस्कारो निःस्वधाकार एव च ।
चलाचलनिकेतश्च यतिर्यादृच्छिको भवेत् ॥ ३७ ॥

અનુવાદ :- યતિ(સંન્યાસી)એ સ્તુતિ, નમસ્કાર અને સ્વધાકાર(પૈત્ર કર્મ)થી રહિત થઈને ચલ (શરીર) અને અચલ(આત્મા)માં જ વિશ્રામ કરનાર થઈને યાદચ્છિક (અનાયાસે ઉપલબ્ધ વસ્તુ દ્વારા સંતુષ્ટ રહેનાર) થઈ જવું જોઈએ. (૩૭)

शाङ्करभाष्यम् :- स्तुतिनमस्कारादिसर्वकर्मविवर्जितः व्यक्तसर्वबाह्यैषणः प्रतिपन्नपरमहंसपारिव्राज्य इत्यभिप्रायः, **'एतं वै तमात्मानं विदित्वा'** (बृ.उप. ३-५-१) इत्यादिश्रुतेः, **'तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः'** (गी. ५-१७) इत्यादिस्मृतेश्च । चलं शरीरम्, प्रतिक्षणमन्यथाभावात्; अचलम् आत्मतत्त्वम् । यदा कदाचिद्भोजनादिसंव्यवहारनिमित्तमाकाशवदचलं स्वरूपमात्मतत्त्वम् आत्मनो निकेतमाश्रयमात्मस्थितिं विस्मृत्य अहमिति मन्यते यदा, तदा चलो देहो निकेतो यस्य सोऽयमेवं चलाचलनिकेतो विद्वान्न पुनर्बाह्यविषयाश्रयः । स च यादृच्छिको भवेत्, यदृच्छाप्राप्तकौपीनाच्छादनग्रासमात्रदेहस्थितिरित्यर्थः ॥ ३७ ॥

શાંકરભાષ્ય :- સ્તુતિ, નમસ્કાર વગેરે સઘળા કર્મોથી રહિત તથા બાહ્ય એષણાઓનો ત્યાગી હોય, અર્થાત્ 'નિશ્ચય એવા તે આત્માને જાણીને' (બૃ.ઉપ. ૩-૫-૧) વગેરે શ્રુતિઓ અને **'જેની બુદ્ધિ, આત્મા અને નિષ્ઠા તેનામાં જ લાગેલી છે તથા જે તેનામાં લાગેલા છે.'** (ગીતા ૫-૧૭) આ સ્મૃતિ અનુસાર પરમહંસ પારિવ્રાજ્ય ભાવને પ્રાપ્ત થાય. પ્રતિક્ષણ બીજા ભાવને પ્રાપ્ત હોવાથી શરીરને 'ચલ' કહે છે. તથા આત્મતત્ત્વને 'અચલ' કહે છે. આવી રીતે જ્યારે જ્યારે ભોજન વગેરે વ્યવહારને નિમિત્તે આકાશ સમાન અવિચલ પોતાના સ્વરૂપભૂત આત્મતત્ત્વને જે પોતાના નિકેત એટલે કે આશ્રય છે તેને અર્થાત્ આત્મસ્થિતિને ભૂલીને જ્યારે 'હું છું' આવી રીતે અભિમાન કરે છે, તે વખતે 'ચલ' એટલે શરીર જ જેનો આશ્રય છે. એવી રીતે વિદ્વાન ચલાચલ નિકેત થઈને અર્થાત્ ફરીથી બાહ્ય વિષયોનો આશ્રય ન કરીને યાદચ્છિક થઈ જાય. તાત્પર્ય આ છે કે અનાયાસે જ પ્રાપ્ત થયેલા કૌપીન, આચ્છાદન અને ગ્રાસ માત્રથી જેની દેહ સ્થિતિ (હયાતી) છે એવો થઈ જાય. (૩૭)

❧

तत्त्वमाध्यात्मिकं दृष्ट्वा तत्त्वं दृष्ट्वा तु बाह्यतः ।
तत्त्वीभूतस्तदारामस्तत्त्वादप्रच्युतो भवेत् ॥ ३८ ॥

અનુવાદ :- (વિવેકી પુરુષ) આધ્યાત્મિક તત્ત્વને જોઈને અને બાહ્ય તત્ત્વનો પણ અનુભવ કરીને, તત્ત્વીભૂત અને તત્ત્વમાં જ રમણ કરવાવાળો થઈને તત્ત્વથી ચલાયમાન ન થાય. (૩૮)

शाङ्करभाष्यम् :- बाह्यं पृथिव्यादितत्त्वमाध्यात्मिकं च देहादिलक्षणं रज्जुसर्पादिवत्स्वप्नमायादिवच्च असत्, **'वाचारम्भणं विकारो नामधेयम्'** (छा.उप. ६-१-४) इत्यादिश्रुतेः । आत्मा च सबाह्याभ्यन्तरो ह्यजोऽपूर्वोऽनपरोऽनन्तरोऽबाह्यः कृत्स्नः तथा आकाशवत्सर्वगतः सूक्ष्मोऽचलो निर्गुणो निष्कलो निष्क्रियः **'तत्सत्यं स आत्मा तत्त्वमसि'** (छा.उप. ६-८-१६) इति श्रुतेः । इत्येवं तत्त्वं दृष्ट्वा तत्त्वीभूतस्तदारामो न बाह्यरमणः; यथा अतत्त्वदर्शी कश्चित्तमात्मत्वेन प्रतिपन्नश्चित्तचलनमनु चलितमात्मानं मन्यमानः तत्त्वाच्चलितं देहादिभूतमात्मानं कदाचिन्मन्यते प्रच्युतोऽहमात्मतत्त्वादिदानीमिति, समाहिते तु मनसि कदाचित्तत्त्वभूतं प्रसन्नमात्मानं मन्यते इदानीमस्मि तत्त्वीभूत इति, न तथा आत्मविद्भवेत्, आत्मन एकरूपत्वात्, स्वरूपप्रच्यवनासंभवाच्च । सदैव ब्रह्मास्मीत्यप्रच्युतो भवेत्तत्त्वात्, सदा अप्रच्युतात्मतत्त्वदर्शनो भवेदित्यभिप्रायः; **'शुनि चैव श्वपाके च'** (गी. ५-१८) **'समं सर्वेषु भूतेषु'** (गी. १३-२७) इत्यादिस्मृतेः ॥ ३८ ॥

શાંકરભાષ્ય :- પૃથ્વી વગેરે બાહ્ય તત્ત્વ અને દેહાદિરૂપ આધ્યાત્મિક તત્ત્વ **वाचारम्भं विकारो नामंधेयम्** (છા.ઉપ. ૬-૧૪) વગેરે શ્રુતિ અનુસાર રજ્જુ સર્પાદિ જેમ તેમજ સ્વપ્ન અથવા માયા જેમ મિથ્યા છે, તથા **'તે સત્ય છે, તે આત્મા છે અને તે તું છે'** (છા.ઉપ. ૬-૮-૧૬) આ આ શ્રુતિ અનુસાર આત્મા બહાર-અંદર વિદ્યમાન, અજન્મા, કારણરહિત, કાર્યરહિત, અંતર્બાહ્યશૂન્ય, પરિપૂર્ણ, આકાશ સમાન સર્વગત, સૂક્ષ્મ, અચલ, નિર્ગુણ, નિષ્કલ અને નિષ્ક્રિય છે. આવી રીતે તત્ત્વનો સાક્ષાત્કાર કરીને તત્ત્વીભૂત અને તેમાં રમણ કરનાર થઈને અર્થાત્ બાહ્યરત ન થઈને, જેવી રીતે મનને જ આત્મા માનનારા કોઈ અતત્ત્વદર્શી પુરુષ કોઈ સમયે ચિત્તના ચંચળ થવાથી આત્માને પણ ચલાયમાન માનીને પોતાને તત્ત્વથી વિચલિત અને દેહાદિરૂપ માને છે કે અત્યારે હું તત્ત્વસ્થ છું તેવી રીતે આત્મવેત્તાએ ન થવું જોઈએ, કારણ કે આત્મા સર્વદા એકરૂપ છે અને તેનું સ્વરૂપથી ચલિત થવું પણ સંભવિત નથી. માટે તે સદાય 'હું બ્રહ્મ છું' એવો નિશ્ચય કરીને તત્ત્વથી ચલિત ન થાય, તાત્પર્ય એ કે સદાય અચ્યુત આત્મદર્શી હોય, જેમ કે **'કૂતરા અને ચાંડાલમાં પણ વિદ્વાનોની સમાન દષ્ટિ હોય છે.'** (ગીતા ૧૨-૧૮) તથા **'સંપૂર્ણ ભૂતોમાં સમાન ભાવે રહેલા'** (ગીતા ૧૩-૨૭) વગેરે સ્મૃતિઓથી પ્રમાણિત થાય છે. (૩૮)

॥ इति द्वितीयं वैतथ्यप्रकरणं संपूर्णम् ॥



॥ अद्वैतप्रकरणम् ॥

शाङ्करभाष्यम् :- ओंकारनिर्णये उक्तः प्रपञ्चोपशमः शिवोऽद्वैत आत्मेति प्रतिज्ञामात्रेण । **'ज्ञाते द्वैतं न विद्यते'** इति च । तत्र द्वैताभावस्तु वैतथ्यप्रकरणेन स्वप्नमायागन्धर्वनगरादिदृष्टान्तैर्दृश्यत्वाद्यन्तवत्त्वादिहेतुभिस्तर्केण च प्रतिपादितः । अद्वैतं किमागममात्रेण प्रतिपत्तव्यम्, आहोस्वित्तर्केणापीत्यत आह - शक्यते तर्केणापि ज्ञातुम्; तत्कथमित्यद्वैतप्रकरणमारभ्यते । उपास्योपासनादिभेदजातं सर्वं वितथम्, केवलश्चात्मा अद्वयः परमार्थ इति स्थितमतीते प्रकरणे; यतः —

શાંકરભાષ્ય :- (આગમ પ્રકરણમાં) ઓમકારનો નિર્ણય કરતી વખતે આ વાત કેવળ પ્રતિજ્ઞા માત્રથી કહી છે કે આત્મા પ્રપંચનું નિવૃત્તિસ્થાન શિવ અને અદ્વૈતસ્વરૂપ છે તથા **'જ્ઞાન થઈ જવાથી દ્વૈત રહેતું નથી.'** પછી વૈતથ્ય પ્રકરણમાં સ્વપ્ન, માયા અને ગંધર્વનગર વગેરેના દૃષ્ટાંતોથી દશ્યત્વ તેમજ આદિ - અન્તવત્વ વગેરે હેતુઓ દ્વારા તર્કથી પણ દ્વૈતના અભાવને પ્રતિપાદિત કરવામાં આવ્યો. પરંતુ તે અદ્વૈત શું શાસ્ત્ર માત્રથી જાણી શકાય છે અથવા તર્કથી પણ જાણી શકાય છે ? તે માટે કહે છે કે તર્કથી પણ જાણી શકાય છે. તો કેવી રીતે ? આ વાતને બતાવવા માટે અદ્વૈતપ્રકરણનો આરંભ કરવામાં આવે છે. ઉપાસ્ય અને ઉપાસના વગેરે સંપૂર્ણ ભેદ મિથ્યા છે, કેવળ આત્મા જ અદ્વય પરમાર્થ સ્વરૂપ છે. આ વાત પાછલા પ્રકરણમાં નિશ્ચિત થઈ છે, કારણ કે —

उपासनाश्रितो धर्मो जाते ब्रह्मणि वर्तते ।
प्रागुत्पत्तेरजं सर्वं तेनासौ कृपणः स्मृतः ॥ १ ॥

અનુવાદ :- ઉપાસનાનો આશ્રય લેનાર જીવ કાર્યબ્રહ્મમાં જ રહે છે (અર્થાત્ તેને જ પોતાનો ઉપાસ્ય માને છે અને સમજે છે કે) ઉત્પત્તિ પહેલાં જ સઘળું અજ (જન્મ નહીં લેનાર) બ્રહ્મસ્વરૂપ હતું. એટલા માટે એ કૃપણ (દીન) માનવામાં આવે છે. (૧)

शाङ्करभाष्यम् :- उपासनाश्रितः उपासनामात्मनो मोक्षसाधनत्वेन गतः उपासकोऽहं ममोपास्यं ब्रह्म । तदुपासनं कृत्वा जाते ब्रह्मणीदानीं वर्तमानः अजं ब्रह्म शरीरपातादूर्ध्वं प्रतिपत्स्ये प्रागुत्पत्तेश्चाजमिदं सर्वमहं च । यदात्मकोऽहं प्रागुत्पत्तेरिदानीं जातो जाते ब्रह्मणि च वर्तमान उपासनया पुनस्तदेव प्रतिपत्स्ये इत्येवमुपासनाश्रितो धर्मः साधकः येनैवं क्षुद्रब्रह्मवित्, तेनासौ कारणेन कृपणो दीनोऽल्पकः स्मृतो नित्याजब्रह्मदर्शिभिर्महात्मभिरित्यभिप्रायः, **'यद्वाचानभ्युदितं येन वागभ्युद्यते । तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते'** (के.उप. १-३) इत्यादिश्रुतेस्तलवकाराणाम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- उपासनाश्रितः ઉપાસનાને પોતાના મોક્ષના સાધન રૂપ માનનાર પુરુષ માને છે કે હું ઉપાસક છું અને બ્રહ્મ મારું ઉપાસ્ય છે. તેની ઉપાસના કરીને અત્યારે કાર્યબ્રહ્મમાં રહેલું શરીર પડી ગયા પછી હું અજન્મા બ્રહ્મને પ્રાપ્ત થઈશ. તથા ઉત્પત્તિ પહેલાં પણ આ સર્વ અને હું અજ રૂપ જ હતાં. ઉત્પત્તિ પહેલાં હું જેવો હતો હવે ઉત્પન્ન થઈને જાતબ્રહ્મમાં હયાત એવો હું, અંતમાં ઉપાસના દ્વારા ફરીથી તે જ રૂપને પ્રાપ્ત થઈશ. આવી રીતે ઉપાસનાનો આશ્રય લેનાર સાધક જીવ જો કે શુદ્ર બ્રહ્મવેતા છે, આ કારણે જ એને સર્વદા અજન્મા બ્રહ્મના દર્શન કરનાર મહાત્માઓ દ્વારા કૃપણ દીન અર્થાત્ શુદ્ર માનવામાં આવે છે. આ તેનો અભિપ્રાય છે. જેમ કે **'જે વાણીથી પ્રગટ થતું નથી પરંતુ જેનાથી વાણી પ્રગટ થાય છે તે જ બ્રહ્મ છે. એવું જાણો, જેની તું ઉપાસના કરે છે તે બ્રહ્મ નથી.'** (કે.ઉપ. ૧-૪) વગેરે તલવકાર શ્રુતિથી (કેન ઉપનિષદ દ્વારા) પ્રમાણિત થાય છે. (૧)

◆

सबाह्याभ्यन्तरमजमात्मानं प्रतिपत्तुमशक्नुवन् अविद्यया दीनमात्मानं मन्यमानः जातोऽहं जाते ब्रह्मणि वर्ते तदुपासनाश्रितः सन्ब्रह्म प्रतिपत्स्ये इत्येवं प्रतिपन्नः कृपणो भवति यस्मात् —

બહાર અને અંદર વર્તમાન અજન્મા આત્માને પ્રાપ્ત કરવામા અસમર્થ હોવાને કારણે અવિદ્યાને વશ પોતાને દીન માનનારો પુરુષ, કેમકે 'હું ઉત્પન્ન થયો છું, ઉત્પન્ન થયેલા બ્રહ્મમાં જ હયાત છું અને તેની ઉપાસનાનો આશ્રય લઈને જ બ્રહ્મને પ્રાપ્ત થઈશ,' આવું માનવાને કારણે દીન છે. જેથી —



अतो वक्ष्याम्यकार्पण्यमजाति समतां गतम् ।
यथा न जायते किंचिज्जायमानं समन्ततः ॥ २ ॥

અનુવાદ :- એટલા માટે હું સર્વત્ર સમાન ભાવને પ્રાપ્ત એવા જન્મ રહિત અકૃપણભાવ(અજન્મા બ્રહ્મ)નું વર્ણન કરું છું. (જેનાથી આ સમજમાં આવી જશે કે) કેવી રીતે સર્વત્ર ઉત્પન્ન થઈને પણ કશું જ ઉત્પન્ન થયું નથી. (૨)

शाङ्करभाष्यम् :- अतो वक्ष्यामि अकार्पण्यम् अकृपणभावमजं ब्रह्म । तद्धि कार्पण्यास्पदम्, **'यत्रान्योऽन्यत्पश्यत्यन्यच्छृणोत्यन्यद्विजानाति तदल्पम् मर्त्यं तत्'** (छा.उप. ७-२४-१) **'वाचारम्भणं विकारो नामधेयम्'** (छा.उप. ६-१-४) इत्यादिश्रुतिभ्यः । तद्विपरीतं सबाह्याभ्यन्तरमजमकार्पण्यं भूमाख्यं ब्रह्म; यत्प्राप्याविद्याकृतसर्वकार्पण्यनिवृत्तिः, तदकार्पण्यं वक्ष्यामीत्यर्थः । ★ तत् अजाति अविद्यमाना जातिरस्य । समतां गतं सर्वसाम्यं गतम्; कस्मात् ? अवयववैषम्याभावात् । यद्धि सावयवं वस्तु, तदवयववैषम्यं गच्छज्जायत इत्युच्यते । इदं तु निरवयवत्वात्समतां गतमिति न कैश्चिदवयवैः स्फुटति; अतः अजाति अकार्पण्यं समन्ततः समन्तात्, यथा न जायते किंचित् अल्पमपि न स्फुटति रज्जुसर्पवदविद्याकृतदृष्ट्या जायमानं येन प्रकारेण न जायते सर्वतः अजमेव ब्रह्म भवति, तथा तं प्रकारं शृण्वित्यर्थः ॥ २ ॥

શાંકરભાષ્ય :- એટલા માટે હું અકાર્પણ્ય અકૃપણ ભાવ અર્થાત્ અજન્મા બ્રહ્મનું વર્ણન કરું છું. **'જ્યાં અન્ય અન્યને જુએ છે. અન્યને સાંભળે છે અને અન્યને જ જાણે છે તે અલ્પ છે. તે મરણશીલ અને અસત્ છે.'** (છાં.ઉપ. ૭-૨૪-૧) **'વિકાર વાણીથી આરંભ થનાર નામ માત્ર છે.'** (છાં.ઉપ. ૬-૧-૪) વગેરે શ્રુતિઓ અનુસાર ઉપર્યુક્ત જાતબ્રહ્મ તો કૃપણતાનો જ આશ્રય છે. તેનાથી વિપરીત બહાર દૂર રહેલું અજન્મા ભૂમાસંજ્ઞક બ્રહ્મ અકાર્પણ્યરૂપ છે જેને પ્રાપ્ત કરવાથી અવિદ્યા-અજ્ઞાનથી સર્જાયેલ સંપૂર્ણ કૃપણતાની નિવૃત્તિ થઈ જાય છે, તે કૃપણભાવથી રહિત બ્રહ્મનું હું વર્ણન કરું છું. આ તેનું તાત્પર્ય છે.

તે અજાતિ અર્થાત્ જેની કોઈ જાતિ ન હોય અને સમતાને પ્રાપ્ત થયેલા અર્થાત્ સર્વની સમાનતાને પ્રાપ્ત થયેલા છે. એવું કેમ છે? કારણ કે તેમાં અવયવોની વિષમતાનો અભાવ છે. જે વસ્તુ સાવયવ હોય છે તે અવયવોની વિષમતાને પ્રાપ્ત થયેલી હોવાને કારણે 'ઉત્પન્ન થાય છે' એવું કહેવામાં આવે છે. પરંતુ આ બ્રહ્મ તો નિરવયવ હોવાને કારણે સમતાને પ્રાપ્ત થયેલું છે, એટલા માટે કોઈ પણ અવયવોના રૂપમાં પ્રસ્ફુરિત થતું નથી. માટે આ સર્વ બાજુથી અજાતિ અર્થાત્ અકાર્પણ્યરૂપ છે. જેવી રીતે કે કશુંજ ઉત્પન્ન થતું નથી અર્થાત્ રજ્જુ સર્પ સમાન અવિદ્યાથી જન્મેલી દૃષ્ટિથી ઉત્પન્ન થવા છતાં પણ જે (વાસ્તવિક) રીતે ઉત્પન્ન થતું નથી. બધી બાજુ અજન્મા બ્રહ્મ જ રહે છે, તેવું શ્રવણ કરો આ એનો અભિપ્રાય છે. (૨)

⁂

अजाति ब्रह्माकार्पण्यं वक्ष्यामीति प्रतिज्ञातम्; तत्सिद्ध्यर्थं हेतुं दृष्टान्तं च वक्ष्यामीत्याह –

હું અજન્મા બ્રહ્મ જે કૃપણ ભાવથી રહિત છે તેનું વર્ણન કરું છું એવી પ્રતિજ્ઞા કરી છે. તેની સિદ્ધિના માટે હેતુ અને દૃષ્ટાંત પણ બતાવું છું (એવા અભિપ્રાયથી) કહે છે –

आत्मा ह्याकाशवज्जीवैर्घटाकाशैरिवोदितः ।
घटादिवच्च संघातैर्जातावेतन्निदर्शनम् ॥ ३ ॥

અનુવાદ :- આત્મા આકાશ સમાન છે, તે ઘટાકાશો સમાન જીવ રૂપથી ઉત્પન્ન થયો છે. तथा (માટીથી) ઘટાદિ સમાન દેહ સંઘાત રૂપથી પણ ઉત્પન્ન થયેલો કહેવામાં આવે છે. આત્માની ઉત્પત્તિના વિષયમાં આ દૃષ્ટાંત છે. (૩)

शाङ्करभाष्यम् :- आत्मा परः हि यस्मात् आकाशवत् सूक्ष्मो निरवयवः सर्वगत आकाशवदुक्तः जीवैः क्षेत्रज्ञैः घटाकाशैरिव घटाकाशतुल्यैः उदितः उक्तः; स एव आकाशसमः पर आत्मा । ★ अथवा घटाकाशैर्यथा आकाश उदितः उत्पन्नः, तथा परो जीवात्मभिरुत्पन्नः; जीवात्मनां परस्मादात्मन उत्पत्तिर्या श्रूयते वेदान्तेषु, सा महाकाशाद्घटाकाशोत्पत्तिसमा, न परमार्थत इत्यभिप्रायः । ★ तस्मादेवाकाशाद्घटादयः संघाता यथा उत्पद्यन्ते, एवमाकाशस्थानीयात्परमात्मनः पृथिव्यादिभूतसंघाता आध्यात्मिकाश्च कार्यकरणलक्षणा रज्जुसर्पवद्विकल्पिता जायन्ते; अत उच्यते – घटादिवच्च संघातैरुदित

इति । यदा मन्दबुद्धिप्रतिपिपादयिषया श्रुत्या आत्मनो जातिरुच्यते जीवादीनाम्, तदा जातावुपगम्यमानायाम् एतत् निदर्शनं दृष्टान्तः यथोदिताकाशवदित्यादिः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- કારણ કે પર એવો આત્મા જ આકાશવત્ અર્થાત્ આકાશ સમાન સૂક્ષ્મ નિરવયવ અને સર્વગત કહેવામાં આવ્યો છે અને તે જ ઘટાકાશની જેમ ક્ષેત્રજ્ઞ એવા જીવોના રૂપે ઉત્પન્ન થયેલો કહેવામાં આવે છે, એટલા માટે તે પર એવો આત્મા જ આકાશ સમાન છે.

અથવા એમ સમજો કે જે રીતે ઘટાકાશોના રૂપમાં આકાશ ઉત્પન્ન થયું છે તે રીતે પર એવો આત્મા જીવાત્માઓના રૂપમાં ઉત્પન્ન થાય છે. તાત્પર્ય આ છે કે વેદાંતોમાં જે પરમાત્માથી જીવાત્માઓની ઉત્પત્તિ સાંભળવામાં આવી છે તે મહાકાશથી ઘટાકાશોથી ઉત્પત્તિ સમાન છે, પરમાર્થતઃ નથી.

તેવી રીતે જે પ્રકારે ઘટ વગેરે સંઘાત ઉત્પન્ન થાય છે. તેવી રીતે આકાશસ્થાનીય પરમાત્માથી રજ્જુમાં સર્પ સમાન વિકલ્પિત થયેલી પૃથ્વી વગેરે ભૂતસંઘાત અને શરીર તથા ઇન્દ્રિયરૂપ આધ્યાત્મિક ભાવ ઉત્પન્ન થાય છે. આથી કહેવામા આવે છે - ઘટ વગેરેની જેમ દેહાદિસંઘાત રૂપે પણ ઉદય પામ્યો છે. જે સમયે મંદબુદ્ધિ પુરુષો પ્રત્યે પ્રતિપાદન કરવાની ઇચ્છાથી શ્રુતિએ આત્માથી જીવાદિની ઉત્પત્તિનું વર્ણન કર્યું છે તે સમયે તેની ઉત્પત્તિ માનવામાં આ ઉપર્યુક્ત આકાશની જેમ જ નિદર્શન એટલે દૃષ્ટાંત છે. (૩)

◆

घटादिषु प्रलीनेषु घटाकाशादयो यथा ।
आकाशे संप्रलीयन्ते तद्वज्जीवा इहात्मनि ॥ ४ ॥

અનુવાદ :- ઘટાદિના લીન થવાથી જે રીતે ઘટાકાશ વગેરે (મહા) આકાશમાં લીન થઈ જાય છે તેવી રીતે જીવ આ આત્મામાં વિલીન થઈ જાય છે. (૪)

शाङ्करभाष्यम् :- यथा घटाद्युत्पत्त्या घटाकाशाद्युत्पत्तिः, यथा च घटादि प्रलयेन घटाकाशदिप्रलयः, तद्वेदहादिसंघातोत्पत्त्या जीवोत्पत्तिः तत्प्रलयेन च जीवानाम् इह आत्मनि प्रलयः, न स्वत इत्यर्थः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે ઘટાદિની ઉત્પત્તિથી ઘટાકાશાદિથી ઉત્પત્તિ થાય છે અને જેવી રીતે ઘટાદિના નાશથી ઘટાકાશાદિનો નાશ થાય છે. તેવી રીતે દેહાદિ સંઘાતની ઉત્પત્તિથી જીવની ઉત્પત્તિ થાય છે અને તેનો લય થવાથી જીવોનો આ આત્મામાં લય થઈ જાય છે. તાત્પર્ય આ છે કે સ્વતઃ તેનો લય થતો નથી. (૪)

◆

सर्वदेहेष्वात्मैकत्वे एकस्मिन् जननमरणसुखदुःखादिमत्यात्मनि सर्वात्मनां तत्संबन्धः क्रियाफलसांकर्यं च स्यादिति ये त्वाहुर्द्वैतिनः तान्प्रतीदमुच्यते –

સંપૂર્ણ દેહોમાં એક જ આત્મા હોવાથી તો એક આત્માના જન્મ-મરણ અને સુખ દુઃખ વગેરે વાળો હોવાથી બીજા બધા આત્માઓ સાથે તેનો સંબંધ થશે તથા કર્મ અને ફળની સંકરતા થઈ જશે (અર્થાત્ કર્મ કોઈનું હશે અને ફળ કોઈ બીજું જ ભોગવશે.) આ પ્રકારે જે દ્વૈતવાદી કહે છે તેના પ્રત્યે કહેવામાં આવે છે –

यथैकस्मिन्घटाकाशे रजोधूमादिभिर्युते ।
न सर्वे संप्रयुज्यन्ते तद्वज्जीवाः सुखादिभिः ॥ ५ ॥

અનુવાદ :- જેવી રીતે એક ઘટાકાશનું ધૂળ અને ધુમાડા વગેરે સાથે જોડાઈ જવાથી સમગ્ર ઘટાકાશ તેનાથી જોડાતું નથી તેવી રીતે જીવ પણ સુખાદિ ધર્મોથી લિપ્ત થતો નથી. (અર્થાત્ એક જીવ સુખ વગેરેથી યુક્ત થવાથી બધા જીવ સુખ વગેરેથી યુક્ત થતા નથી.) (૫)

शाङ्करभाष्यम् :- यथा एकस्मिन् घटाकाशे रजोधूमादिभिः युते संयुक्ते, न सर्वे घटाकाशादयः तद्रजोधूमादिभिः संयुज्यन्ते, तद्वत् जीवाः सुखादिभिः । ★ ननु, एक एवात्मा; ★ बाढम्; ननु न श्रुतं त्वया आकाशवत्सर्वसंघातेष्वेक एवात्मेति ? ★ यद्येक एवात्मा, तर्हि सर्वत्र सुखी दुःखी च स्यात्; ★ न चेदं सांख्यस्य चोद्यं संभवति; न



हि सांख्य आत्मनः सुखदुःखादिमत्त्वमिच्छति, बुद्धिसमवायाभ्युपगमात्सुखदुःखादीनाम्; न चोपलब्धिस्वरूपस्यात्मनो भेदकल्पनायां प्रमाणमस्ति । ★ भेदाभावे प्रधानस्य पारार्थ्यानुपपत्तिरिति चेत्, न; प्रधानकृतस्यार्थस्यात्मन्यसमवायात्; यदि हि प्रधानकृतो बन्धो मोक्षो वा अर्थः पुरुषेषु भेदेन समवैति, ततः प्रधानस्य पारार्थ्यमात्मैकत्वे नोपपद्यत इति युक्ता पुरुषभेदकल्पना; न च सांख्यैर्बन्धो मोक्षो वार्थः पुरुषसमवेतोऽभ्युपगम्यते, निर्विशेषाश्च चेतनमात्रा आत्मानोऽभ्युपगम्यन्ते; अतः पुरुषसत्तामात्रप्रयुक्तमेव प्रधानस्य पारार्थ्यं सिद्धम्, न तु पुरुषभेदप्रयुक्तमिति; अतः पुरुषभेदकल्पनायां न प्रधानस्य पारार्थ्यं हेतुः; ★ न चान्यत्पुरुषभेदकल्पनायां प्रमाणस्ति सांख्यानाम् । परसत्तामात्रमेव चैतन्निमित्तीकृत्य स्वयं बध्यते मुच्यते च प्रधानम्; परश्चोपलब्धिमात्रसत्तास्वरूपेण प्रधानप्रवृत्तौ हेतुः, न केनचिद्विशेषेणेति, केवलमूढतयैव पुरुषभेदकल्पना वेदार्थपरित्यागश्च । ★ ये त्वाहुर्वैशेषिकादयः इच्छादय आत्मसवायिन इति; तदप्यसत्, स्मृतिहेतूनां संस्काराणामप्रदेशवत्यात्मन्यसमवायात्, आत्ममनःसंयोगाच्च स्मृत्युत्पत्तेः स्मृतिनियमानुपपत्तिः, युगपद्वा सर्वस्मृत्युत्पत्तिप्रसङ्गः । ★ न च भिन्नजातीयानां स्पर्शादिहीनानामात्मनां मनआदिभिः संबन्धो युक्तः । न च द्रव्याद्रूपादयो गुणाः कर्मसामान्यविशेषसमवाया वा भिन्नाः सन्ति । परेषां यदि ह्यत्यन्तभिन्ना एव द्रव्यात्स्युः इच्छादयश्चात्मनः, तथा सति द्रव्येण तेषां संबन्धानुपपत्तिः । ★ अयुतसिद्धानां समवायलक्षणः संबन्धो न विरुध्यत इति चेत्, न; इच्छादिभ्योऽनित्येभ्य आत्मनो नित्यस्य पूर्वसिद्धत्वान्नायुतसिद्धत्वोपपत्तिः । आत्मना अयुतसिद्धत्वे च इच्छादीनामात्मगतमहत्त्ववन्नित्यत्वप्रसङ्गः । स चानिष्टः, आत्मनोऽनिर्मोक्षप्रसङ्गात् । ★ समवायस्य च द्रव्यादन्यत्वे सति द्रव्येण संबन्धान्तरं वाच्यम्, यथा द्रव्यगुणयोः । समवायो नित्यसंबन्ध एवेति न वाच्यमिति चेत्, तथा सति समवायसंबन्धवतां नित्यसंबन्धप्रसङ्गात्पृथकत्वानुपपत्तिः । अत्यन्तपृथक्त्वे च द्रव्यादीनां स्पर्शवदस्पर्शद्रव्ययोरिव षष्ठ्यर्थानुपपत्तिः । ★ इच्छाद्युपजनापायवद्गुणवत्त्वे च आत्मनोऽनित्यत्वप्रसङ्गः । देहफलादिवत्सावयवत्वं विक्रियावत्त्वं च देहादिवदेवेति दोषावपरिहार्यौ । यथा त्वाकाशस्य अविद्याध्यारोपितघटाद्युपाधिकृतरजोधूममलवत्त्वादिदोषवत्त्वम्, तथा आत्मनः अविद्याध्यारोपितबुद्ध्याद्युपाधिकृतसुखदुःखादिदोषवत्त्वे बन्धमोक्षादयो व्यावहारिका न विरुध्यन्ते; सर्ववादिभिरविद्याकृतव्यवहाराभ्युपगमात् परमार्थान्भ्युपगमाच्च । तस्मादात्मभेदपरिकल्पना वृथैव तार्किकैः क्रियत इति ॥ ५ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે એક ઘટાકાશના ધૂળ અને ધુમાડાથી યુક્ત થવાથી સમગ્ર ઘટાકાશાદિ તે ધૂળ અને ધુમાડાથી જોડાઈ જતા નથી તેવી રીતે જીવ પણ સુખાદિથી લેપાતો નથી.

પૂર્વપક્ષી :- આત્મા તો એક જ છે ને ?

સિદ્ધાન્તી :- હા, શું તે એ નથી સાંભળ્યું કે સંપૂર્ણ સંઘાતોમાં આકાશની જેમ વ્યાપ્ત એક જ આત્મા છે ?

પૂર્વપક્ષી :- જો આત્મા એક જ છે તે સર્વત્ર (બધે બધા એકસાથે) સુખી-દુઃખી હશે.

સિદ્ધાન્તી :- સંખ્યાવાદીની આ આપત્તિ સંભવિત નથી. સાંખ્યવાદીઓ આત્માના સુખ-દુઃખાદિમત્ત્વનો સ્વીકાર કરતા નથી, કારણ કે સુખ-દુઃખાદિ તો બુદ્ધિ સમવેત (બુદ્ધિમાં સમવાય સંબંધથી રહેનાર) માનવામાં આવ્યા છે તથા તેના સિવાય અનુભવ સ્વરૂપ આત્માની ભેદકલ્પનામાં કોઈ પ્રમાણ પણ હોતું નથી.

જો કહો કે ભેદ ન હોવાથી પ્રધાનની પરાર્થતા પણ સંભવતી નથી, તો એવું કહેવું બરાબર નથી, કારણ કે પ્રધાન દ્વારા સંપાદિત કાર્યનો આત્માની સાથે સંબંધ નથી. જો પ્રધાનકર્તૃક (પ્રધાન દ્વારા સર્જાયેલ) બંધ અથવા મોક્ષ પુરુષોમાં પૃથક્ પૃથક્ રૂપે જોડાયેલ હોય તો આત્માનું એકત્વ માનવામાં પ્રધાનની પરાર્થતા સંભવી શકતી અને ત્યારે પુરુષોના ભેદની કલ્પના કરવી બરાબર હતી. પરંતુ સાંખ્યવાદી તો બંધને અથવા મોક્ષને પુરુષથી સંબંધિત જ માનતા નથી. તે તો આત્માઓને નિર્વિશેષ અને ચેતન માત્ર માને છે. માટે પ્રધાનની પરાર્થતા તો કેવળ પુરુષની સત્તા માત્રથી જ સિદ્ધ છે, પુરુષોના ભેદને કારણે નથી. એટલા માટે પુરુષોની ભેદ કલ્પનામાં પ્રધાનની પરાર્થતા કારણભૂત નથી.

તેના સિવાય સાંખ્યવાદીઓની પાસે પુરુષોનો ભેદ માનવામાં બીજું કોઈ પ્રમાણ નથી. પર(આત્મા)ની સત્તા માત્રને જ નિમિત્ત બનાવીને પ્રધાન સ્વયં બંધન અને મોક્ષને પ્રાપ્ત કરે છે અને તે પર (આત્મા) કેવળ ઉપલબ્ધિ માત્ર સત્તા સ્વરૂપથી જ પ્રધાનની પ્રવૃત્તિનો હેતુ છે, કોઈ વિશેષતાને કારણે નહીં. માટે કેવળ મૂઢતાથી જ પુરુષોની ભેદ કલ્પના અને વેદાર્થનો પરિત્યાગ (સાંખ્યદર્શનમાં) કરવામાં આવે છે.

આના સિવાય વૈશેષિકાદિ મતાવલમ્બી જે કહે છે કે ઈચ્છા વગેરે આત્માના ધર્મ છે, તો તેમનું આ કથન પણ બરાબર નથી, કારણ કે સ્મૃતિના હેતુભૂત સંસ્કારોનો પ્રદેશહીન (નિરવયવ) આત્મા સાથે સમવાય સંબંધ થઈ શકે નહીં.

જો આત્મા અને મનના સંયોગથી સ્મૃતિની ઉત્પત્તિ માનવામાં આવે તો સ્મૃતિનો કોઈ નિયમ સંભવિત નથી અથવા એક સાથે જ સંપૂર્ણ સ્મૃતિઓની ઉત્પત્તિનો પ્રસંગ ઉપસ્થિત થઈ જશે.

તેના સિવાય સ્પર્શાદિ રહિત ભિન્ન જાતીય આત્માઓનો મન વગેરે સાથે સંબંધ માનવો બરાબર નથી. તથા બીજાઓના મતમાં દ્રવ્યથી રૂપ વગેરે તેના ગુણ તેમજ કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય ભિન્ન પણ નથી. જો બીજાઓના મતે તે ઈચ્છા વગેરે દ્રવ્યથી તથા આત્માથી અત્યંત ભિન્ન જ હોય તો એવું હોવાથી તો દ્રવ્યની સાથે તેનો સંબંધ જ સિદ્ધ થઈ શકતો નથી.

જો કહે કે અયુતસિદ્ધ પદાર્થોનો સમવાય-સંબંધ માનવામાં વિરોધ નથી, તો એવું કહેવું બરોબર નથી, કારણ કે ઈચ્છા વગેરે અનિત્ય ધર્મોથી નિત્ય આત્મા પૂર્વસિદ્ધ હોવાને કારણે તેનો પરસ્પર અયુતસિદ્ધત્વ સંભવ નથી. જો ઈચ્છા વગેરે આત્માની સાથે અયુતસિદ્ધ હોય તો આત્મગત મહત્ત્વની જેમ તેની પણ નિત્યતાનો પ્રસંગ ઉપસ્થિત થઈ જશે. અને તે વાત ઈષ્ટ નથી. કારણ કે આનાથી આત્માના અનિર્મોક્ષનો પ્રસંગ આવી જાય છે.

જો સમવાય દ્રવ્યથી અલગ છે તો દ્રવ્યની સાથે તેનો કોઈ બીજો સંબંધ બતાવવો જોઈએ, જેમ કે દ્રવ્ય અને ગુણનો છે, અને જો કોઈ કહે કે સમવાય તો નિત્ય સંબંધ જ છે, એટલા માટે તેની સાથે કોઈ સંબંધ બતાવવાની આવશ્યકતા નથી તો એવી અવસ્થામાં સમવાય - સંબંધવાળાઓના નિત્યસંબંધ હોવાને કારણે તેની પૃથક્તા સંભવિત નથી અને જો દ્રવ્યાદિને પરસ્પર અત્યંત ભિન્ન માનવામાં આવે તો જેવી રીતે સ્પર્શવાન્ અને સ્પર્શહીન દ્રવ્યોમાં પરસ્પર સંબંધ હોવો સંભવિત નથી તેવી રીતે તેનો સંબંધ પણ થઈ શકતો નથી.

જો આત્માને ઈચ્છાદિ ઉત્પત્તિ અને વિનાશશીલ ગુણોવાળો માનવામાં આવે તો તેની અનિત્યતાનો પ્રસંગ ઉપસ્થિત થઈ જશે તથા તેના દેહ અને ફળ વગેરેની જેમ સાવયવત્ત્વ તેમજ દેહાદિ વિક્રિયાવત્ત્વ - આ બંને દોષ પણ અપરિહાર્ય બની જશે. જેવી રીતે આકાશના અવિદ્યાધ્યારોપિત ઘટાદિ ઉપાધિઓના કારણે જ ધૂળ, ધુમાડો અને મળથી યુક્ત થવું છે તેવી રીતે આત્માની પણ અવિદ્યાથી આરોપિત બુદ્ધિ વગેરે ઉપાધિના કારણે સુખ-દુઃખાદિ દોષોથી યુક્ત હોવાથી, વ્યાવહારિક બંધન, મોક્ષ વગેરે હોવામાં કોઈ વિરોધ નથી, કારણ કે બધા વાદીઓએ વ્યવહારને અવિદ્યાકૃત માન્યો છે, પરમાર્થરૂપ માન્યો નથી, માટે તાર્કિક લોકો દ્વારા જીવોના ભેદની વૃથા જ કલ્પના કરવામાં આવે છે. (૫)

❖

कथं पुनरात्मभेदनिमित्त इव व्यवहार एकस्मिन्नात्मन्यविद्याकृत उपपद्यत इति, उच्यते –

પરંતુ આત્માઓના ભેદને કારણે થનાર સમાન અવિદ્યાકૃત વ્યવહાર એક જ આત્મામાં કેવી રીતે સંભવે છે ? આ માટે કહે છે –

रूपकार्यसमाख्याश्च भिद्यन्ते तत्र तत्र वै ।
आकाशस्य न भेदोऽस्ति तद्वज्जीवेषु निर्णयः ॥ ६ ॥

અનુવાદ :- (ઘટાદિ ઉપાધિઓનું કારણ પ્રતીત થનાર) ભિન્ન ભિન્ન આકાશોના રૂપ, કાર્ય અને નામોમાં તો ભેદ છે, પરંતુ આકાશમાં તો કોઈ ભેદ નથી. તેવી રીતે જીવોના વિષયમાં પણ નિર્ણય કરવો જોઈએ. (૬)

शाङ्करभाष्यम् :- यथा इहाकाशे एकस्मिन्घटकरकापवरकाद्याकाशानामल्पत्वमहत्त्वादिरूपाणि भिद्यन्ते, तथा कार्यमुदकाहरणधारणशयनादि, समाख्याश्च घटाकाशः करकाकाश इत्याद्याः तत्कृताश्च भिन्ना दृश्यन्ते, तत्र तत्र वै व्यवहारविषये इत्यर्थः । सर्वोऽयमाकाशे रूपादिभेदकृतो व्यवहारः अपरमार्थ एव । परमार्थतस्त्वाकाशस्य न भेदोऽस्ति । न चाकाशभेदनिमित्तो व्यवहारोऽस्ति अन्तरेण परोपाधिकृतं द्वारम् । यथैतत्, तद्वद्देहोपाधिभेदकृतेषु जीवेषु घटाकाशस्थानीयेष्वात्मसु निरूपणात्कृतः बुद्धिमद्भिः निर्णयः निश्चय इत्यर्थः ॥ ६ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે આ એક જ આકાશમાં ઘટ, કમંડળ અને મઠાદિ આકાશોના અલ્પત્વ-મહત્ત્વાદિ રૂપોમાં ભેદ છે તથા જ્યાં જ્યાં વ્યવહારમાં તેના કરેલા જળ લાવવું, જળ ધારણ કરવું અને શયન કરવું વગેરે કાર્ય તેમજ ઘટાકાશ કરકાકાશ વગેરે નામ અલગ અલગ જોવામાં આવે છે, પરંતુ આકાશમાં રૂપાદિના કારણે થનાર આ સર્વ વ્યવહાર પારમાર્થિક જ નથી. પમાર્થત : તો આકાશનો કોઈ ભેદ નથી. અન્ય ઉપાધિ કૃત નિમિત્ત સિવાય વસ્તુતઃ આકાશના ભેદને કારણે



થનાર કોઈ વ્યવહાર છે જ નહીં. જેમ કે આ (આકાશનો ભેદ) છે તેવી રીતે દેહાદિ ઉપાધિના ભેદથી કરવામાં આવેલા ઘટાકાશ સ્થાનીય જીવોમાં ભેદનું નિરૂપણ કરવામાં આવવાને કારણે બુદ્ધિમાનોએ (તે ભેદનું અપારમાર્થિકત્વ છે એવો) નિશ્ચય કર્યો છે - આ તેનું તાત્પર્ય છે. (૬)

* * *

ननु तत्र परमार्थकृत एव घटाकाशादिषु रूपकार्यादिभेदव्यवहार इति; नैतदस्ति, यस्मात् –

પરંતુ ઘટાકાશાદિમાં જે રૂપ અને કાર્ય વગેરેનો ભેદ-વ્યવહાર છે તે તો વાસ્તવિક જ છે ? (એવી શંકા થતાં કહે છે) આ વાત નથી, કારણ કે –

नाकाशस्य घटाकाशो विकारावयवौ यथा ।
नैवात्मनः सदा जीवो विकारावयवौ तथा ॥ ७ ॥

અનુવાદ :- જેવી રીતે ઘટાકાશ આકાશનો વિકાર અથવા અવયવ નથી તેવી રીતે જીવ પણ આત્માનો વિકાર અથવા અવયવ કદી પણ નથી. (૭)

शाङ्करभाष्यम् :- परमार्थाकाशस्य घटाकाशो न विकारः, यथा सुवर्णस्य रुचकादिः, यथा वा अपां फेनबुद्बुदहिमादिः; नाप्यवयवः, यथा वृक्षस्य शाखादिः । न तथा आकाशस्य घटाकाशो विकारावयवौ यथा, तथा नैवात्मनः परस्य परमार्थसतो महाकाशस्थानीयस्य घटाकाशस्थानीयो जीवः सदा सर्वदा यथोक्तदृष्टान्तवन्न विकारः, नाप्यवयवः । अत आत्मभेदकृतो व्यवहारो मृषैवेत्यर्थः ॥ ७ ॥

શાંકરભાષ્ય :- પરમાર્થાકાશનો ઘટાકાશ ન તો વિકાર છે, જેમ કે સુવર્ણના રુચાકાદિ આભૂષણ તથા જળનું ફીણ, પરપોટા અને બરફ વગેરે છે, અને ન કે વૃક્ષની શાખા વગેરે અવયવ છે તેવી રીતે તેના અવયવ જ છે. એવી રીતે, જેમ કે મહાકાશનો ઘટાકાશ વિકાર અથવા અવયવ નથી. તેવી રીતે અર્થાત્ ઉપર્યુક્ત દૃષ્ટાંત અનુસાર જ મહાકાશ સ્થાનીય પરમાર્થ સત્ પરમાત્માનો ઘટાકાશ સ્થાનીય જીવ, કોઈ પણ અવસ્થામાં વિકાર અથવા અવયવ નથી. માટે તાત્પર્ય આ છે કે આત્મભેદ જનિત વ્યવહાર મિથ્યા જ છે. (૭)

* * *

यस्माद्यथा घटाकाशादिभेदबुद्धिनिबन्धनो रूपकार्यादिभेदव्यवहारः, तथा देहोपाधिजीवभेदकृतो जन्ममरणादिव्यवहारः, तस्मात्तत्कृतमेव क्लेशकर्मफलमलवत्त्वमात्मनः, न परमार्थत इत्येतमर्थं दृष्टान्तेन प्रतिपिपादयिषन्नाह –

કારણ કે જેવી રીતે ઘટાકાશાદિ ભેદબુદ્ધિના કારણે તેનું રૂપ તેમજ કાર્ય વગેરે (ને અનુલક્ષીને) ભેદ વ્યવહાર છે તેવી રીતે દેહોપાધિક જીવ ભેદને કારણે જ જન્મ મરણ વગેરે વ્યવહાર છે, એટલા માટે તેના કરેલા જ આત્માના ક્લેશ, કર્મફળ અને મળથી થાય છે, પરમાર્થતઃ નથી તે વાતને દૃષ્ટાંતથી પ્રતિપાદન કરવાની ઈચ્છાથી કહે છે –

यथा भवति बालानां गगनं मलिनं मलैः ।
तथा भवत्यबुद्धानामात्मापि मलिनो मलैः ॥ ८ ॥

અનુવાદ :- જેવી રીતે મૂર્ખ લોકોને (ધૂળ વગેરે) મળના કારણે આકાશ મલિન જણાય છે તેવી રીતે અવિવેકી પુરુષોની દૃષ્ટિમાં આત્મા પણ (રાગ-દ્વેષાદિ) મળથી મલિન થઈ જાય છે. (૮)

शाङ्करभाष्यम् :- यथा भवति लोके बालानाम् अविवेकिनां गगनम् आकाशं घनरजोधूमादिमलैः मलिनं मलवत्, न गगनयाथात्म्यविवेकवताम्, तथा भवति आत्मा परोऽपि - यो विज्ञाता प्रत्यक् - क्लेशकर्मफलमलैर्मलिनः अबुद्धानां प्रत्यगात्मविवेकरहितानाम्, नात्मविवेकवताम् । ★ न ह्यूषरदेश; तृड्वत्प्राण्यध्यारोपितोदकफेनतरङ्गादिमान्, तथा नात्मा अबुधारोपितक्लेशादिमलैः मलिनो भवतीत्यर्थः ॥ ८ ॥

શાંકરભાષ્ય :- લોકમાં જેવી રીતે બાલ અર્થાત્ અવિવેકી પુરુષોની દૃષ્ટિમાં આકાશ મેઘ, ધૂળ અને ધુમાડો વગેરે મળોને કારણે મલિન-મળયુક્ત થઈ જાય છે, પરંતુ આકાશના યથાર્થ સ્વરૂપને જાણનારની દૃષ્ટિમાં એવું થતું નથી, તેવી

રીતે અબુધ-પ્રત્યગાત્માના વિવેક રહિત પુરુષોની દૃષ્ટિમાં, જે પ્રત્યક્ અને સર્વનો સાક્ષી છે તે પરાત્મા પણ ક્લેશ, કર્મ અને ફળરૂપ મળોથી મલિન થઈ જાય છે, પરંતુ આત્મજ્ઞાનીઓની દૃષ્ટિમાં એવું થતું નથી.

તાત્પર્ય એ છે કે જેવી રીતે ઉસર દેશ તૃષિત પ્રાણીના આરોપિત કરેલા જળના ફીણ અને તરંગો વગેરેથી યુક્ત થતો નથી તેવી રીતે આત્મા પણ અજ્ઞાનીઓ દ્વારા આરોપિત ક્લેશ વગેરે મળોથી મલિન થતો નથી. (૮)

❖

पुनरप्युक्तमेवार्थं प्रपञ्चयति – ફરીથી પણ પૂર્વોક્ત અર્થનો વિસ્તાર કરે છે –

मरणे संभवे चैव गत्यागमनयोरपि ।
स्थितौ सर्वशरीरेषु चाकाशेनाविलक्षणः ॥ ९ ॥

અનુવાદ :- (આ આત્મા) સંપૂર્ણ શરીરોમાં મૃત્યુ, જન્મ, લોકાન્તરમાં ગમનાગમન અને રહેવામાં પણ આકાશથી અવિલક્ષણ છે. (અર્થાત્ આ સર્વ વ્યવહારમાં રહીને પણ આ આકાશ સમાન નિર્વિકાર રહે છે.) (૯)

शाङ्करभाष्यम् :- घटाकाशजन्मनाशगमनागमनस्थितिवत्सर्वशरीरेष्वात्मनो जन्ममरणादिराकाशेनाविलक्षणः प्रत्येतव्य इत्यर्थः ॥ ९ ॥

શાંકરભાષ્ય :- ઘટાકાશના જન્મ, નાશ, ગમન, આગમન અને સ્થિતિની જેમ સંપૂર્ણ શરીરોમાં આત્માના જન્મ-મરણ વગેરેને આકાશથી અવિલક્ષણ (ભેદરહિત) જ અનુભવ કરવો જોઈએ - આ આનો અભિપ્રાય છે. (૯)

❖

संघाताः स्वप्नवत्सर्वे आत्ममायाविसर्जिताः ।
आधिक्ये सर्वसाम्ये वा नोपपत्तिर्हि विद्यते ॥ १० ॥

અનુવાદ :- (દેહાદિ) સર્વ સંઘાત સ્વપ્નાની જેમ આત્માની માયાથી જ રચેલા છે. તેની અધિકતા કે સર્વ સાથેની સમાનતામાં પણ કોઈ હોતું નથી. (૧૦)

शाङ्करभाष्यम् :- घटादिस्थानीयास्तु देहादिसंघाताः स्वप्नदृश्यदेहादिवन्मायाविकृतदेहादिवच्च आत्ममायाविसर्जिताः, आत्मनो माया अविद्या, तया प्रत्युपस्थापिताः, न परमार्थतः सन्तीत्यर्थः । यदि आधिक्यमधिकभावः तिर्यग्देहाद्यपेक्षया देवादिकार्यकरणसंघातानाम्, यदि वा सर्वेषां समतैव, तेषां न ह्युपपत्तिसंभवः; संभवप्रतिपादको हेतुः न विद्यते नास्ति; हि यस्मात्, तस्मादविद्याकृता एव, न परमार्थतः सन्तीत्यर्थः ॥ १० ॥

શાંકરભાષ્ય :- ઘટાદિ સ્થાનીય દેહાદિ સંઘાત સ્વપ્નમાં જોવામાં આવતાં દેહાદિની જેમ તથા માયાવીથી રચેલા દેહાદિ સદૃશ આત્માની માયાથી જ રચેલા છે. તાત્પર્ય આ છે કે આત્માની માયા જે અવિદ્યા છે તેનાથી પ્રસ્તુત થયેલા છે. પરમાર્થતઃ નથી. જો તિર્યગાદિ દેહોની અપેક્ષાએ દેવતા વગેરેના શરીર અને ઇન્દ્રિયોની અધિકતા - ઉત્કૃષ્ટતા છે અથવા જો (તત્ત્વદૃષ્ટિએ) સર્વની સમાનતા જ છે, તો પણ તેનું કારણ કે તેના સદ્‌ભાવનો પ્રતિપાદક હેતુ કોઈ નથી, એટલા માટે તે અવિદ્યાકૃત જ છે, પરમાર્થતઃ નથી. એવું આનું તાત્પર્ય છે. (૧૦)

❖

उत्पत्त्यादिवर्जितस्याद्वयस्यास्यात्मतत्त्वस्य श्रुतिप्रमाणकत्वप्रदर्शनार्थं वाक्यान्युपन्यस्यन्ते –

ઉત્પત્તિ વગેરેથી રહિત અદ્વિતીય આત્મતત્ત્વનું શ્રુતિ પ્રમાણકત્વ પ્રદર્શિત કરવા માટે (ઉપનિષદ્‌ના) વાક્યોનો ઉલ્લેખ કરવામાં આવે છે –

रसादयो हि ये कोशा व्याख्यातास्तैत्तिरीयके ।
तेषामात्मा परो जीवः खं यथा संप्रकाशितः ॥ ११ ॥

અનુવાદ :- તૈતેરિય શ્રુતિમાં જે રસાદિ (અન્નામયાદિ) કોશોની વ્યાખ્યા કરવામાં આવી છે, આકાશવત્ પરમાત્મા જ તેના આત્મા જીવરૂપથી પ્રકાશિત કરવામાં આવ્યા છે. (૧૧)



शाङ्करभाष्यम् :- रसादयः अन्नरसमयः प्राणमय इत्येवमादयः कोशा इव कोशाः अस्यादेः, उत्तरोत्तरापेक्षया बहिर्भावात्पूर्वपूर्वस्य व्याख्याताः विस्पष्टमाख्याताः तैत्तिरीयके तैत्तिरीयकशाखोपनिषद्वल्ल्याम्, तेषां कोशानामात्मा येनात्मना पञ्चापि कोशा आत्मवन्तोऽन्तरतमेन । स हि सर्वेषां जीवननिमित्तत्वाज्जीवः । ★ कोऽसावित्याह - पर एवात्मा यः पूर्वम् **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म'** (तै.उप. २-१) इति प्रकृतः; यस्मादात्मनः स्वप्नमायादिवदाकाशादिक्रमेण रसादयः कोशलक्षणाः संघाता आत्ममायाविसर्जिता इत्युक्तम् । स आत्मा अस्माभिः यथा खं तथेति संप्रकाशितः, **'आत्मा ह्याकाशवत्'** (मा.का.अ.प्र. ३) इत्यादिश्लोकैः । न तार्किकपरिकल्पितात्मवत्पुरुषबुद्धिप्रमाणगम्य इत्यभिप्रायः ॥ ११ ॥

શાંકરભાષ્ય :- તૈત્તરીયમાં અર્થાત્ તૈત્તિરીય શાખા(ના તૈત્તિરીય) ઉપનિષદ(ની બીજી) વલ્લીમાં જે રસાદિની - અન્નરસમય તેમજ પ્રાણમય વગેરે કોશોની વ્યાખ્યા - સ્પષ્ટ વિવેચના કરવામાં આવી છે અને જે ઉત્તરોત્તરની અપેક્ષાએ પૂર્વ-પૂર્વ બહિ:સ્થિતિ હોવાને કારણે (ખડગના) કોશ સમાન કોશ કહેવામાં આવ્યા છે તે કોશોનો આત્મા, જે અન્તરતમ આત્માને કારણે પાંચેય કોશો આત્મવાન્ છે. તે જ સર્વના જીવનનું નિમિત્ત હોવાને કારણે 'જીવ' કહેવાય છે.

તે કોણ છે ? તે કહે છે - તે પરમાત્મા જ છે. જે પહેલાં 'सत्यं ज्ञानमन्तमं ब्रह्म' (તૈ.ઉપ. ૨-૧) વગેરે વાક્યોમાં પ્રસ્તુત છે અને જે આત્માથી સ્વપ્ન અને માયા વગેરેની જેમ આકાશાદિ ક્રમમાં કોષરૂપ સંઘાત આત્માની માયાથી જ રચવામાં આવ્યા છે - એવું કહેવામાં આવ્યું છે, તે આત્માને અમે "आत्मा आकाशवत्" (માં.કા.અ.પ્ર. ૩) વગેરે શ્લોકોમાં જેવું આકાશ છે તેના સમાન પ્રકાશિત કર્યો છે. તાત્પર્ય આ છે કે તે તાર્કિકોએ કલ્પેલા આત્માની જેમ મનુષ્યની બુદ્ધિથી પ્રમાણિત થનારો નથી. (૧૧)

⁂

द्वयोर्द्वयोर्मधुज्ञाने परं ब्रह्म प्रकाशितम् ।
पृथिव्यामुदरे चैव यथाकाशः प्रकाशितः ॥ १२ ॥

અનુવાદ :- લોકમાં જેવી રીતે પૃથ્વી અને ઉદરમાં એક જ આકાશ પ્રકાશિત થઈ રહ્યું છે તેવી રીતે (બૃહદારણ્યક ઉપનિષદમાં કહેવાયેલ) મધુ બ્રાહ્મણમાં (અધ્યાત્મ અને અધિદૈવત - આ) બન્ને સ્થાનોમાં એક જ બ્રહ્મ નિરૂપિત કરવામાં આવ્યું છે. (૧૨)

शाङ्करभाष्यम् :- किंच, अधिदैवतमध्यात्मं च तेजोमयोऽमृतमयः पुरुषः पृथिव्याद्यन्तर्गतो यो विज्ञाता पर एवात्मा ब्रह्म सर्वमिति द्वयोर्द्वयोः आ द्वैतक्षयात् परं ब्रह्म प्रकाशितम्; क्वेत्याह - ब्रह्मविद्याख्यं मधु अमृतम्, अमृतत्वं मोदनहेतुत्वात्, तद्विज्ञायते यस्मिन्निति मधुज्ञानं मधुब्राह्मणम्, तस्मिन्नित्यर्थः । किमिवेत्याह - पृथिव्याम् उदरे चैव यथा एक आकाश अनुमानेन प्रकाशितः लोके, तद्वदित्यर्थः ॥ १२ ॥

શાંકરભાષ્ય :- વળી અધિદૈવત અને આધ્યાત્મ ભેદથી જે તેજોમય અને અમૃતમય પુરુષ પૃથ્વીની અંદર છે અને જે વિજ્ઞાતા પરમાત્મા બ્રહ્મ જ સર્વસ્વ છે - એવી રીતે દ્વૈતનો ક્ષય થવા સુધી બંને સ્થાનોમાં પર બ્રહ્મનું જ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ક્યાં કરવામાં આવ્યું છે ? તો બતાવે છે કે - જેમાં બ્રહ્મવિદ્યાસંજ્ઞક મધુ એટલે કે અમૃતનું જ્ઞાન છે, આનંદનો હેતુ હોવાને કારણે તેનું અમૃતત્વ છે - તે મધુજ્ઞાન એટલે કે મધુ બ્રાહ્મણમાં (તેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે). કોની જેમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે ? તે માટે કહે છે કે જેવી રીતે લોકમાં અનુમાનથી પૃથ્વી અને ઉદરમાં એક જ આકાશ પ્રકાશિત થાય છે, તેવી રીતે (આની એકતા સમજો) આ તેનો અભિપ્રાય છે. (૧૨)

⁂

जीवात्मनोरनन्यत्वमभेदेन प्रशस्यते ।
नानात्वं निन्द्यते यच्च तदेवं हि समञ्जसम् ॥ १३ ॥

અનુવાદ :- કારણ કે જીવ અને આત્માના અભેદ રૂપથી એકત્વની પ્રશંસા કરવામાં આવી છે અને તેના નાનાત્વની નિંદા કરવામાં આવી છે. એટલા માટે તે (એટલે કે તેની એકતા) જ સમુચિત છે. (૧૩)



शाङ्करभाष्यम् :- यद्युक्तितः श्रुतितश्च निर्धारितं जीवस्य परस्य चात्मनोऽनन्यत्वम् अभेदेन प्रशस्यते स्तूयते शास्त्रेण व्यासादिभिश्च । तच्च सर्वप्राणिसाधारणं स्वाभाविकं शास्त्रबहिर्मुखैः कुतार्किकैर्विरचितं नानात्वदर्शनं निन्द्यते, **'न तु तद्द्वितीयमस्ति'** (बृ.उप. ४-३-२३) **'द्वितीयाद्वै भयं भवति'** (बृ.उप. १-४-२) **'उदरमन्तरं कुरुते, अथ तस्य भयं भवति'** (तै.उप. २-७-१) **'इदं सर्वं यदयमात्मा'** (बृ.उप. २-४-६, ४-५-७) **'मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति'** (क.उप. २-१-१०) इत्येवमादिवाक्यैरन्यैश्च ब्रह्मविद्भिः यच्चैतत्, तदेव हि समञ्जसम् ऋज्ज्ववबोधं न्याय्यमित्यर्थः । यास्तु तार्किकपरिकल्पिताः कुदृष्टयः, ताः अंनृज्व्यो निरूप्यमाणा न घटनां प्राञ्चन्तीत्यभिप्रायः ॥ १३ ॥

શાંકરભાષ્ય :- કારણ કે યુક્તિ અને શ્રુતિથી નિશ્ચય કરવામાં આવેલા જીવ અને પરમાત્માના એકત્વની શાસ્ત્ર અને વ્યાસ વગેરે મુનિઓએ સમાનરૂપે પ્રશંસા એટલે કે સ્તુતિ કરી છે અને શાસ્ત્ર-બાહ્ય કુતાર્કિકો દ્વારા કલ્પિત સર્વ પ્રાણીઓ માટે સાધારણ એવા સ્વાભાવિક નાનાત્વ દર્શનની **'તેનાથી અતિરિક્ત બીજું કાંઈ નથી.'** (બૃ.ઉપ. ૪-૩-૨૩) **"બીજાથી નિશ્ચિતપણે** ભય થાય છે." (બૃ.ઉપ. ૧-૪-૨) **"જે થોડો પણ ભેદ કરે છે, તેને ભય પ્રાપ્ત થાય છે."** (તૈ.ઉપ. ૨-૭-૧) **"આ જે કાંઈ છે સર્વ આત્મા છે."** (બૃ.ઉપ. ૨-૪-૬, ૪-૫-૭) **"જે અહીં અનેક છે એમ જુએ છે તે મૃત્યુથી મૃત્યુને પ્રાપ્ત થાય છે."** (ક.ઉપ. ૨-૧-૧૦) વગેરે વાક્યો તથા અન્ય બ્રહ્મવેત્તાઓ દ્વારા નિંદા કરવામાં આવી છે. આ જે (બતાવવામાં આવ્યું) છે તે આ પ્રકારે સમંજસ - સરળ બોધગમ્ય અર્થાત્ ન્યાયયુક્ત છે તથા તાર્કિકોની કલ્પના કરેલી જે કુદૃષ્ટિઓ છે તે સરળ નથી. અભિપ્રાય આ છે કે તે (કુદૃષ્ટિઓ) નિરૂપણ કરવામાં આવતાં પ્રસંગને અનુરૂપ વ્યક્ત થતી નથી. (૧૩)

◆

जीवात्मनोः पृथक्त्वं यत्प्रागुत्पत्तेः प्रकीर्तितम् ।
भविष्यद्वृत्त्या गौणं तन्मुख्यत्वं हि न युज्यते ॥ १४ ॥

અનુવાદ :- પહેલાં (ઉપનિષદોના કર્મકાંડમાં) ઉત્પત્તિ બોધક વાક્યો દ્વારા જે જીવ અને પરમાત્માનું પૃથક્ત્વ બતાવવામાં આવ્યું છે તે ભવિષ્યદ્ વૃત્તિથી ગૌણ છે, તેને મુખ્ય અર્થ માનવો બરાબર નથી. (૧૪)

शाङ्करभाष्यम् :- ननु श्रुत्यापि जीवपरमात्मनोः पृथक्त्वं यत् प्रागुत्पत्तेः उत्पत्त्यर्थोपनिषद्वाक्येभ्यः पूर्वं प्रकीर्तितं कर्मकाण्डे अनेकशः कामभेदतः इदंकामः अदःकाम इति, परश्च **'स दाधार पृथिवीं द्याम्'** (ऋ.वे. १०-१२१-१) इत्यादिमन्त्रवर्णैः; तत्र कथं कर्मज्ञानकाण्डवाक्यविरोधे ज्ञानकाण्डवाक्यार्थस्यैवैकत्वस्य सामञ्जस्यमवधार्यत इति । ★ अत्रोच्यते - **'यतो वा इमानि भूतानि जायन्ते'** (तै.उप. ३-१) **'यथाग्नेः क्षुद्रा विस्फुलिङ्गाः'** (बृ.उप. २-१-१०) **'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः'** (तै.उप. २-१-२) **'तदैक्षत तत्तेजोऽसृजत'** (छा.उप. ६-२-३) इत्याद्युत्पत्त्यर्थोपनिषद्वाक्येभ्यः प्राक्पृथक्त्वं कर्मकाण्डे प्रकीर्तितं यत्, तन्न परमार्थतः । किं तर्हि ? गौणम्; महाकाशघटाकाशादिभेदवत्, यथा ओदनं पचतीति भविष्यद्वृत्त्या, तद्वत् । न हि भेदवाक्यानां कदाचिदपि मुख्यभेदार्थकत्वमुपपद्यते, स्वाभाविकाविद्यावत्प्राणिभेददृष्ट्यनुवादित्वादात्मभेदवाक्यानाम् । ★ इह च उपनिषत्सु उत्पत्तिप्रलयादिवाक्यैर्जीवपरात्मनोरेकत्वमेव प्रतिपिपादयिषितम् **'तत्त्वमसि'** (छा.उप. ६-८७-१६) **'अन्योऽसावन्योऽहमस्मीति न स वेद'** (बृ.उप. १-४-१०) इत्यादिभिः; अत उपनिषत्स्वेकत्वं श्रुत्या प्रतिपिपादयिषितं भविष्यतीति भाविनीमिव वृत्तिमाश्रित्य लोके भेददृष्ट्यनुवादो गौण एवेत्यभिप्रायः । ★ अथवा, **'तदैक्षत'** (छा.उप. ६-२-३) **'तत्तेजोऽसृजत'** (छा.उप. ६-२-३) इत्याद्युत्पत्तेः प्राक् **'एकमेवाद्वितीयम्'** (छा.उप. ६-२-२) इत्येकत्वं प्रकीर्तितम्; तदेव च **'तत्सत्यं स आत्मा, तत्त्वमसि'** (छा.उप. ६-८७-१६) इत्येकत्वं भविष्यतीति तां भविष्यद्वृत्तिमपेक्ष्य यज्जीवात्मनोः पृथक्त्वं यत्र क्वचिद्वाक्ये गम्यमानम्, तद्गौणम्, यथा ओदनं पचतीति, तद्वत् ॥ १४ ॥

શાંકરભાષ્ય :- પૂર્વપક્ષી :- જ્યારે શ્રુતિએ પણ પહેલાં - કર્મકાંડમાં ઉત્પત્તિ-પ્રતિપાદક ઉપનિષદ વાક્યો દ્વારા इदंकामः अदःकामः વગેરે પ્રકારે (કર્મકાંડમાં ભિન્ન ભિન્ન કામનાઓવાળા કર્માધિકારી પુરુષ સમાન) અનેક કામનાઓના ભેદથી જીવ અને પરમાત્માના ભેદનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તથા પરમાત્માનો **"તેણે પૃથ્વી અને દ્યુલોકને ધારણ કર્યું."** (ઋ.સં. ૧૦-૧૨૧-૧) વગેરે મંત્રવર્ણોથી પૃથક્ જ નિર્દેશ કર્યો છે. ત્યારે આ પ્રકારે કર્મકાંડ અને જ્ઞાનકાંડના વાક્યોમાં વિરોધ ઉપસ્થિત થવાથી કેવળ જ્ઞાનકાંડોક્ત એકત્વનું જ સામંજસ્યનો (યથાર્થત્વ) કેવી રીતે નિશ્ચય કરી શકાય ?



સિદ્ધાન્તી :- આ વિષયમાં અમારું કહેવું છે કે **'જ્યાંથી આ સર્વ ભૂત ઉત્પન્ન થાય છે.'** (તૈ.ઉપ. ૩-૧) **'જેવી રીતે અગ્નિથી નાની નાની ચિનગારીઓ (નીકળે છે)'** (બૃ.ઉપ. ૨-૧-૨૦) **'તેવા આ આત્માથી આકાશ ઉત્પન્ન થયું'** (તૈ.ઉપ. ૨-૧-૨) **'તેણે ઈક્ષણ કર્યું.'** (છાં.ઉપ. ૬-૨-૩) **'તેણે તેજની રચના કરી'** (છાં.ઉપ. ૬-૨-૩) વગેરે ઉત્પત્ત્યર્થક ઉપનિષદ્ વાક્યોથી પહેલાં કર્મકાંડમાં જે પૃથક્ત્વનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે પરમાર્થતઃ નથી. તો કેવું છે ? તે મહાકાશ અને ઘટાકાશાદિના ભેદ સમાન ગૌણ છે અને જેવી રીતે ભવિષ્ય દૃષ્ટિથી 'ભાત રાંધે છે' એમ કહેવામાં આવે છે તેના સમાન છે.* આત્મભેદ - વાક્યોનું મુખ્ય ભેદપ્રતિપાદકત્વ કદી સંભવ નથી, કારણ કે ભેદવાક્ય તો અજ્ઞાની પુરુષોની સ્વાભાવિક ભેદદૃષ્ટિનો જ અનુવાદ કરનાર છે.

અહીં ઉપનિષદ્માં તો 'તું તે છે' (છાં.ઉપ. ૬-૮-૧૬) **'આ બીજું છે અને હું બીજો છું. (એવું જે જાણે છે) તે જોતો નથી.'** (બૃ.ઉપ. ૧-૪-૧૦) વગેરે શ્રુતિઓ પ્રમાણે ઉત્પત્તિ - પ્રલય વગેરે બોધક વાક્યો દ્વારા પણ જીવ અને પરમાત્માનું એકત્વ જ પ્રતિપાદન કરવું યોગ્ય છે. માટે ઉપનિષદોમાં શ્રુતિનું એકત્વ જ પ્રતિપાદન કરવું યોગ્ય ગણાશે. આ ભવિષ્ય વૃત્તિનો આશ્રય કરીને લોકમાં ભેદ દૃષ્ટિનો અનુવાદ ગૌણ જ છે. આ તેનો અભિપ્રાય છે.

અથવા 'તેણે ઈક્ષણ કર્યું' (છાં.ઉપ. ૬-૨-૩) **'તેણે તેજની રચના કરી'** (છાં.ઉપ. ૬-૨-૩) વગેરે શ્રુતિઓ દ્વારા જે ઉત્પત્તિની પહેલાં **'एकमेवाद्वितीयम्'** (છાં.ઉપ. ૬-૨-૨) વગેરે પ્રકારે એકત્વનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે **'સત્ય છે, તે આત્મા છે અને તે જ તું છે.'** (છાં.ઉપ. ૬-૮-૧૬) આવી રીતે આગળ એકત્વ થઈ જશે. આ ભવિષ્ય વૃત્તિથી જ્યાં પણ ક્યાંય કોઈ વાક્યમાં જીવ અને આત્માનું પૃથક્ત્વ માનવામાં આવ્યું છે તે આ રીતે ગૌણ છે. જેવી રીતે 'ભાત પકાવે છે' આ વાક્યમાં (ભાત શબ્દનો પ્રયોગ.)* (૧૪)

★ ભાત ઉકાળેલા ચોખાને કહે છે, જે ચોખા પકવવામાં આવે છે તેની સંજ્ઞા ભાત નથી. આથી, આ વાક્યમાં જેના માટે ભાત શબ્દનો પ્રયોગ થયો છે એ ભવિષ્યદૃષ્ટિથી છે.

◆

शाङ्करभाष्यम् :- ननु यद्युत्पत्तेः प्रागजं सर्वमेकमेवाद्वितीयम्, तथापि उत्पत्तेरूर्ध्वं जातमिदं सर्वं जीवाश्च भिन्ना इति । मैवम्, अन्यार्थत्वादुत्पत्तिश्रुतीनाम् । पूर्वमपि परिहृत एवायं दोषः-स्वप्नवदात्ममायाविसर्जिताः संघाताः, घटाकाशोत्पत्ति-भेदादिवज्जीवानामुत्पत्तिभेदादिरिति । इत एव उत्पत्तिभेदादिश्रुतिभ्य आकृष्य इह पुनरुत्पत्तिश्रुतीनामैदंपर्यप्रतिपिपादयिषयोपन्यासः —

શાંકરભાષ્ય :- જો એમ કહો કે ઉત્પત્તિથી પહેલાં તો સર્વ અજન્મા તથા એક જ અદ્વિતીય છે તો પણ તેની પાછળ તો સર્વ ઉત્પન્ન થયેલું જ છે અને ત્યારે જીવ પણ અલગ જ છે. તો એમ કહેવું બરાબર નથી. કારણ કે ઉત્પત્તિસૂચક શ્રુતિઓ બીજા જ અભિપ્રાય પ્રમાણે છે. 'દેહાદિ સંઘાત સ્વપ્નની જેમ આત્માની માયાથી જ પ્રસ્તુત કરેલાં છે.' તથા 'ઘટાકાશની ઉત્પત્તિથી થનાર ભેદની જેમ જીવોની ઉત્પત્તિના ભેદ છે' આ વાક્યો દ્વારા પહેલાં પણ આ દોષોનો પરિહાર કરવામાં આવ્યો જ છે. એટલા માટે પૂર્વોક્ત ઉત્પત્તિ-ભેદાદિ સૂચક શ્રુતિઓથી તેનો નિષ્કર્ષ લઈને અહીં જ આ ઉત્પત્તિ (દર્શાવનારી) શ્રુતિઓના બ્રહ્માત્મૈક્ય પરત્વ પ્રતિપાદન કરવાની ઇચ્છાથી ઉપન્યાસ કરવામાં આવે છે —

मृल्लोहविस्फुलिङ्गाद्यैः सृष्टिर्या चोदितान्यथा ।
उपायः सोऽवताराय नास्ति भेदः कथंचन ॥ १५ ॥

અનુવાદ :- **(ઉપનિષદોમાં) મૃત્તિકા, લોહખંડ અને વિસ્ફુલિંગાદિ દૃષ્ટાંતો દ્વારા ભિન્ન ભિન્ન પ્રકારથી સૃષ્ટિનું જે નિરૂપણ કરવામાં આવ્યું છે તે (બ્રહ્માત્મૈક્યમાં) બુદ્ધિનો પ્રવેશ કરાવવાનો ઉપાય છે, વાસ્તવમાં તેમાં કાંઈ પણ ભેદ નથી. (૧૫)**

शाङ्करभाष्यम् :- मृल्लोहविस्फुलिङ्गादिदृष्टान्तोपन्यासैः सृष्टिः या च उदिता प्रकाशिता कल्पिता अन्यथान्यथा च, स सर्वः सृष्टिप्रकारो जीवपरमात्मैकत्वबुद्ध्यवतारायोपायोऽस्माकम् । यथा प्राणसंवादे वागाद्यासुरपाप्मवेधाद्याख्यायिका कल्पिता प्राणवैशिष्ट्यबोधावताराय । ★ तदप्यसिद्धमिति चेत्; ★ न, शाखाभेदेष्वन्यथान्यथा च प्राणादिसंवादश्रवणात् । यदि हि वादः परमार्थ एवाभूत्, एकरूप एव संवादः सर्वशाखास्वश्रोष्यत, विरुद्धानेकप्रकारेण नाश्रोष्यत । श्रूयते तु; तस्मान्न तादर्थ्यं संवादश्रुतीनाम् । तथोत्पत्तिवाक्यानि प्रत्येतव्यानि । ★ कल्पसर्गभेदात्संवादश्रुतीनामुत्पत्तिश्रुतीनां च प्रतिसर्गमन्यथा-

त्वमिति चेत्; ★ न, निष्प्रयोजनत्वाद्यथोक्तबुद्ध्यवतारप्रयोजनव्यतिरेकेण । न ह्यन्यप्रयोजनवत्त्वं संवादोत्पत्तिश्रुतीनां शक्यं कल्पयितुम् । तथात्वप्रत्तिपत्तये ध्यानार्थमिति चेत्; न, कलहोत्पत्तिप्रलयानां प्रतिपत्तेरनिष्टत्वात् । तस्मादुत्पत्त्यादिश्रुतय आत्मैकत्वबुद्ध्यवतारायैव, नान्यार्थाः कल्पयितुं युक्ताः । अतो नास्त्युत्पत्त्यादिकृतो भेदः कथंचन ॥ १५ ॥

શાંકરભાષ્ય :- મુત્તિકા, લોહપિંડ અને વિસ્ફુલિંગાદિના દષ્ટાંતોનો ઉપન્યાસ કરીને જે ભિન્ન ભિન્ન પ્રકારે સૃષ્ટિને પ્રકાશિત અર્થાત્ કલ્પિત કરવામાં આવી છે તે સૃષ્ટિનો સંપૂર્ણ પ્રકાર આપણને જીવ અને પરમાત્માના એકત્વનો નિશ્ચય કરાવનારી બુદ્ધિ પ્રાપ્ત કરાવવાને માટે છે, જેવી રીતે કે પ્રાણસંવાદમાં પ્રાણની ઉત્કૃષ્ટતાનો બોધ કરાવવાને માટે વાગાદિ ઈન્દ્રિયોના અસુરો દ્વારા પાપથી વિદ્ધ થઈ જવાની આખ્યાયિકાની કલ્પના કરવામાં આવી છે.

પૂર્વપક્ષી :- આ વાત પણ સિદ્ધ તો થઈ શકતી નથી.

સિદ્ધાન્તી :- ના, ભિન્ન ભિન્ન શાખાઓમાં ભિન્ન ભિન્ન પ્રકારે પ્રાણસંવાદ સંભળાવવાને કારણે (તેનું આ જ તાત્પર્ય હોવું જોઈએ). જો આ સંવાદ વસ્તુતઃ થયું હોત તો સંપૂર્ણ શાખાઓમાં એક જ સંવાદ સંભળાવવામાં આવત, પરસ્પર વિરુદ્ધ ભિન્ન ભિન્ન પ્રકારે નહીં. પરંતુ એવું સંભળાવવામાં પણ આવે છે, એટલા માટે સંવાદ શ્રુતિઓનું તાત્પર્ય યથાશ્રુત અર્થમાં નથી. આ પ્રકારે ઉત્પત્તિ વાક્ય પણ સમજવું જોઈએ.

પૂર્વપક્ષી :- પ્રત્યેક કલ્પની સૃષ્ટિના ભેદને કારણે સંવાદશ્રુતિ અને ઉત્પત્તિ શ્રુતિઓમાં પ્રત્યેક સર્ગ અનુસાર ભેદ છે - જો એમ માનવામાં આવે તો ?

સિદ્ધાન્તી :- ના, કારણ કે શ્રુતિના ઉપર્યુક્ત (બ્રહ્માત્મૈકત્વમાં) બુદ્ધિપ્રવેશરૂપ પ્રયોજનથી અતિરિક્ત અન્ય કોઈ પ્રયોજન નથી. પ્રાણસંવાદ અને ઉત્પત્તિ શ્રુતિઓનું આના સિવાય બીજું કોઈ પ્રયોજન કલ્પી શકવામાં આવતું નથી. જો કહો કે તેની તદ્રૂપતા પ્રાપ્ત કરવાના પ્રયોજનથી ધ્યાન માટે એવું કહેવામાં આવ્યું છે. તો એવું પણ સંભવ નથી. કારણ કે પ્રલય અને ઉત્પત્તિ અથવા પ્રલયની પ્રાપ્તિ કોઈને કલ્યાણકારી હોઈ શકતી નથી. માટે ઉત્પત્તિ વગેરે પ્રતિપાદન કરનારી શ્રુતિઓ આત્મૈકત્વરૂપ બુદ્ધિની પ્રાપ્તિ માટે છે. તેને કોઈ બીજા પ્રયોજનને માટે માનવી તે ઉચિત નથી. માટે ઉત્પત્તિ વગેરેના કારણે થનાર ભેદનું કોઈ અસ્તિત્વ જ નથી. (૧૫)

❖

शाङ्करभाष्यम् :- यदि हि पर एवात्मा नित्यशुद्धबुद्धमुक्तस्वभाव एकः परमार्थतः सन् **'एकमेवाद्वितीयम्'** (छा.उप. ६-२-२) इत्यादिश्रुतिभ्यः, असदन्यत्, किमर्थेयमुपासनोपदिष्टा **'आत्मा वा अरे द्रष्टव्यः'** (बृ.उप. २-४-२) **'य आत्मापहतपाप्मा'** (छा.उप. ८-७-१, ३) **'स क्रतुं कुर्वीत'** (छा.उप. ३-१४-१) **'आत्मेत्येवोपासीत'** (बृ.उप. १-४-७) इत्यादिश्रुतिभ्यः, कर्माणि चाग्निहोत्रादीनि ? ★ शृणु तत्र कारणम् –

શાંકરભાષ્ય :- જો **'एकमेवाद्वितीयम्'** (છાં.ઉપ. ૬-૨-૨) વગેરે શ્રુતિઓ અનુસાર પરમાર્થતઃ એક માત્ર નિત્ય-શુદ્ધ-બુદ્ધ મુક્ત સ્વભાવ પરમાત્મા જ સત્ય છે બીજું બધું મિથ્યા છે તો **'અરે, આ આત્માનો સાક્ષાત્કાર કરવો જોઈએ.'** (બૃ.ઉપ. ૨-૪-૫) **'જે આત્મા પાપ રહિત છે.'** (છાં.ઉપ. ૮-૭-૧, ૩) **'તે (અધિકારી), ક્રતુ (ઉપાસ્યસંબંધી સંકલ્પ) કરે.'** (છાં.ઉપ. ૩-૧૪-૧) **'આત્મા છે આવી રીતે જ ઉપાસના કરે.'** (બૃ.ઉપ. ૧-૪-૭) વગેરે શ્રુતિઓ દ્વારા આ ઉપાસનાનો આદેશ કેમ આપવામાં આવ્યો છે ? તથા અગ્નિહોત્રાદિ કર્મ પણ કેમ બતાવવામાં આવ્યા છે ?

તેમાં કારણ સાંભળો –

आश्रमास्त्रिविधा हीनमध्यमोत्कृष्टदृष्टयः ।
उपासनोपदिष्टेयं तदर्थमनुकम्पया ॥ १६ ॥

અનુવાદ :- આશ્રમ (અધિકારી પુરુષ) ત્રણ પ્રકારના છે - હીન, મધ્યમ અને ઉત્કૃષ્ટ દૃષ્ટિવાળા. તેની ઉપર કૃપાને કારણે તેમના માટે આ ઉપાસનાનો ઉપદેશ કરવામાં આવ્યો છે. (૧૬)

शाङ्करभाष्यम् :- आश्रमाः आश्रमिणोऽधिकृताः वर्णिनश्च मार्गगाः, आश्रमशब्दस्य प्रदर्शनार्थत्वात्, त्रिविधाः । कथम् ? हीनमध्यमोत्कृष्टदृष्टयः हीना निकृष्टा मध्यमा उत्कृष्टा च दृष्टिः दर्शनसामर्थ्यं येषां ते, मन्दमध्यमोत्तमबुद्धिसामर्थ्योपेता इत्यर्थः । ★ उपासना उपदिष्टा इयं तदर्थं मन्दमध्यमदृष्ट्याश्रमाद्यर्थं कर्मामि च । न चात्मैक एवाद्वितीय इति

निश्चितोत्तमदृष्ट्यर्थम् । **दया**लुना वेदेनानुकम्पया सन्मार्गगाः सन्तः कथमिमामुत्तमामेकत्वदृष्टिं प्राप्नुयुरिति, **'यन्मनसा न मनुते येनाहुर्मनो मतम् । तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते'** (क.उप. १-४) **'तत्त्वमसि'** (छा.उप. ६-८-१६) **'आत्मैवेदं सर्वम्'** (छा.उप. ७-२५-२) इत्यादिश्रुतिभ्यः ॥ १६ ॥

શાંકરભાષ્ય :- કર્માધિકારી, આશ્રમી તથા સન્માર્ગગામી વર્ણીલોક - 'આશ્રમ' શબ્દ તે(ત્રણે)નું ઉપલક્ષણ હોવાથી ત્રણ પ્રકારના છે. કેવી રીતે ? હીન, મધ્યમ અને ઉત્કૃષ્ટ દૃષ્ટિવાળા. અર્થાત્ જેની દૃષ્ટિ **એટલે** કે દર્શન સામર્થ્યહીન - નિકૃષ્ટ મધ્યમ અને ઉત્કૃષ્ટ છે એવા મંદ, મધ્યમ અને ઉત્તમ બુદ્ધિના સામર્થ્યથી યુક્ત છે.

તે મંદ અને મધ્યમ દૃષ્ટિવાળા આશ્રમાદિના માટે આ ઉપાસના અને કર્મનો **ઉપદેશ** આપવામાં આવ્યો છે. 'આત્મા એક અને અદ્વિતીય જ છે.' એવી જેની નિશ્ચિત ઉત્તમ દૃષ્ટિ છે, તેના માટે આનો ઉપદેશ નથી. દયાળુ વેદે આનો એટલા માટે ઉપદેશ આપ્યો છે કે જેનાથી તે કોઈપણ પ્રકારે સન્માર્ગગામી થઈને **'જેનું મનથી મનન થઈ શકતું નથી, પરંતુ જેના દ્વારા મન મનન કરનાર કહેવાય છે તેને તું બ્રહ્મ જાણ, આ જેની તું ઉપાસના કરે છે, બ્રહ્મ નથી.'** (કે.ઉપ. ૧-૫) **'તે તું છે.'** (છાં.ઉપ. ૬-૮-૧૬). **'આ સર્વ આત્મા જ છે.'** (છાં.ઉપ. ૭-૨૫-૨) વગેરે શ્રુતિઓ દ્વારા પ્રતિપાદિત આ ઉત્તમ એવી એકત્વ દૃષ્ટિને પ્રાપ્ત કરી શકે. (૧૬)

◆

शास्त्रोपपत्तिभ्यामवधारितत्वाददद्वयात्मदर्शनं सम्यग्दर्शनम्, तद्बाह्यत्वान्मिथ्यादर्शनमन्यत् । इतश्च मिथ्यादर्शनं द्वैतिनां रागद्वेषादिदोषास्पदत्वात् । कथम् ? –

શાસ્ત્ર અને યુક્તિથી નિશ્ચિત હોવાને કારણે અદ્વિતીય આત્મદર્શન જ સમ્યક્ દર્શન છે, તેનાથી બાહ્ય હોવાને કારણે અન્ય મિથ્યા છે. દ્વૈતવાદીઓનું દર્શન એટલા માટે મિથ્યા છે, કે તે રાગ-દ્વેષાદિ દોષોનો આશ્રય છે, કેવી રીતે ? –

स्वसिद्धान्तव्यवस्थासु द्वैतिनो निश्चिता दृढम् ।
परस्परं विरुध्यन्ते तैरयं न विरुध्यते ॥ १७ ॥

અનુવાદ :- દ્વૈતવાદી પોતપોતાના સિદ્ધાંતોની વ્યવસ્થામાં દૃઢ આગ્રહી હોવાને કારણે પરસ્પર વિરોધ કરે છે, પરંતુ આ (અદ્વૈતાત્મદર્શન) તેનાથી વિરોધ કરતું નથી. (૧૭)

शाङ्करभाष्यम् :- स्वसिद्धान्तव्यवस्थासु स्वसिद्धान्तरचनानियमेषु कपिलकंणादबुद्धार्हतादिदृष्ट्यनुसारिणो द्वैतिनो निश्चिताः, एतमेवैष परमार्थो नान्यथेति, तत्र तत्रानुरक्ताः प्रतिपक्षं चात्मनः पश्यन्तस्तं द्विषन्त इत्येवं रागद्वेषोपेताः । स्वसिद्धान्तदर्शननिमित्तमेव परस्परम् अन्योन्यं विरुध्यन्ते । ★ तैरन्योन्यविरोधिभिरस्मदीयोऽयं वैदिकः सर्वानन्यत्वादात्मैकत्वदर्शनपक्षो न विरुध्यते, यथा स्वहस्तपादादिभिः । एवं रागद्वेषादिदोषानास्पदत्वादात्मैकत्वबुद्धिरेव सम्यग्दर्शनमित्यभिप्रायः । १७ ॥

શાંકરભાષ્ય :- સ્વસિદ્ધાંત વ્યવસ્થામાં અર્થાત્ પોતપોતાના સિદ્ધાંતોની રચનાના નિયમોમાં કપિલ, કણાદ, બુદ્ધ અને અર્હત(જિન)ની દૃષ્ટિનું અનુસરણ કરનારા દ્વૈતવાદી નિશ્ચિત છે, અર્થાત્ આ પરમાર્થતત્ત્વ આ પ્રકારે જ છે બીજી રીતે નથી - આમ પોતપોતાના સિદ્ધાંતોમાં અનુરક્ત થઈને પોતાના પ્રતિસ્પર્ધીને જોઈને તેનો દ્વેષ કરે છે. આવી રીતે રાગ-દ્વેષથી યુક્ત થઈને પોતપોતાના સિદ્ધાંતના દર્શનના કારણે જ પરસ્પર એકબીજાથી વિરોધ કરે છે.

તે પરસ્પર વિરોધ માનનારાઓથી અમારો આ આત્મૈકત્વ દર્શનરૂપ વૈદિક સિદ્ધાંત સર્વથી અનન્ય હોવાને કારણે વિરોધ કરતો નથી. જેવી રીતે કે પોતાના હાથ-પગ વગેરેથી કોઈનો વિરોધ હોતો નથી. એવી રીતે રાગ-દ્વેષાદિ દોષોનો આશ્રય ન હોવાને કારણે આત્મૈકત્વ બુદ્ધિ જ સમ્યક્દૃષ્ટિ છે. એવો અભિપ્રાય છે. (૧૭)

◆

केन हेतुना तैर्न विरुध्यत इत्युच्यते – કેવી રીતે તેનાથી આનો વિરોધ નથી. તો કહે છે –

अद्वैतं परमार्थो हि द्वैतं तद्भेद उच्यते ।
तेषामुभयथा द्वैतं तेनायं न विरुध्यते ॥ १८ ॥

અનુવાદ :- અદ્વૈત પરમાર્થ છે અને દ્વૈત તેનો ભેદ (કાર્ય) કહેવામાં આવે છે, તથા તે(દ્વૈતવાદિઓ)ના મતે (પરમાર્થ અને અપરમાર્થ) બંને પ્રકારે દ્વૈત જ છે, એટલા માટે તેનાથી આનો વિરોધ નથી. (૧૮)

शाङ्करभाष्यम् :- अद्वैतं परमार्थः, हि यस्मात् द्वैतं नानात्वं तस्याद्वैतस्य भेदः तद्भेदः, तस्य कार्यामित्यर्थः, **'एकमेवाद्वितीयम्'** (छा.उप. ६-२-२) **'तत्तेजोऽसृजत'** (छा.उप. ६-२-३) इति श्रुतेः; उपपत्तेश्च, स्वचित्तस्पन्दनाभावे समाधौ मूर्छायां सुषुप्तौ वा अभावात् । अतः तद्भेद उच्यते द्वैतम् । ★ द्वैतिनां तु तेषां परमार्थतोऽपरमार्थतश्च उभयथापि द्वैतमेव । यदि च तेषां भ्रान्तानां द्वैतदृष्टिः अस्माकमद्वैतदृष्टिरभ्रान्तानाम्, तेनायं हेतुना अस्मत्पक्षो न विरुध्यते तैः । **'इन्द्रो मायाभिः'** (बृ.उप. २-५-१९) **'न तु तद्द्वितीयमस्ति'** (बृ.उप. ४-३-२३) इति श्रुतेः । ★ यथा मत्तगजारूढः उन्मत्तं भूमिष्ठम् 'प्रतिगजारूढोऽहं गजं वाहय मां प्रति' इति ब्रुवाणमपि तं प्रति न वाहयत्यविरोधबुद्ध्या, तद्वत् । ततः परमार्थतो ब्रह्मविदात्मैव द्वैतिनाम् । तेनायं हेतुना अस्मत्पक्षो न विरुध्यते तैः ॥ १८ ॥

શાંકરભાષ્ય :- અદ્વૈત પરમાર્થ છે, એને કારણે કે દ્વૈત એટલે અનેક હોવાપણું તે અદ્વૈતનો ભેદ અર્થાત્ તેનું કાર્ય છે જેમ કે एकमेवाद्वितीयम् (છાં.ઉપ. ૬-૨-૨) तत्तेजोऽसृजत (છાં.ઉપ. ૬-૨-૩) વગેરે શ્રુતિઓથી તથા સમાધિ, મૂર્છા અથવા સુષુપ્તિમાં પોતાના ચિત્તના સ્ફુરણનો અભાવ થવાથી દ્વૈતનો પણ અભાવ થઈ જવાથી યુક્તિની પણ સિદ્ધ થાય છે, એટલા માટે દ્વૈતને તેનો ભેદ કહેવામાં આવે છે.

પરંતુ તે દ્વૈતવાદીઓના મતમાં તો પરમાર્થતઃ અને અપરમાર્થતઃ બંને પ્રકારે દ્વૈત જ છે. જો તે ભ્રાંત પુરુષોની દ્વૈતદૃષ્ટિ છે અને અમારી ભ્રમહીનોની અદ્વૈત દૃષ્ટિ છે તો આ કારણે જ આપણા પક્ષનો તેમનાથી વિરોધ નથી. **'ઇન્દ્ર માયાથી અનેક રૂપ ધારણ કરે છે.'** (બૃ.ઉપ. ૨-૫-૧૯) **'તેનાથી ભિન્ન બીજું છે જ નહીં'** (બૃ.ઉપ. ૪-૩-૨૩) વગેરે શ્રુતિઓથી પણ આ જ સિદ્ધ થાય છે.

જેવી રીતે મદોન્મત્ત હાથી ઉપર બેઠેલો પુરુષ કોઈ ઉન્મત્ત ભૂમિસ્થ મનુષ્ય પ્રત્યે, એના એમ કહેવાથી 'હું તારા પ્રતિદ્વન્દ્વી હાથી ઉપર ચઢેલો છું, તું તારો હાથી મારી તરફ આગળ વધાર' વિરોધ બુદ્ધિ ન હોવાને કારણે તેની તરફ હાથી લઈ જતો નથી, તેવી રીતે (અમારો પણ તેમનાથી વિરોધ નથી) ત્યારે, પરમાર્થતઃ તો બ્રહ્મવેત્તા દ્વૈતવાદીઓનો આત્મા જ છે. તેનાથી અર્થાત્ આના કારણે તેનાથી અમારા પક્ષનો વિરોધ નથી. (૧૮)

◆

द्वैतमद्वैतभेद इत्युक्ते द्वैतमप्यद्वैतवत्परमार्थसदिति स्यात्कस्यचिदाशङ्केत्यत आह –

દ્વૈત અને અદ્વૈતનો ભેદ છે. એવું કહેવાથી કોઈ કોઈને શંકા થઈ શકે છે કે અદ્વૈત સમાન દ્વૈત પણ પરમાર્થ સત્ જ હોવું જોઈએ. એટલા માટે કહે છે –

मायया भिद्यते ह्येतन्नान्यथाजं कथंचन ।
तत्त्वतो भिद्यमाने हि मर्त्यताममृतं व्रजेत् ॥ १९ ॥

અનુવાદ :- આ અજન્મા, અદ્વૈતમાં માયાના કારણે ભેદ છે. બીજો કોઈ રીતે નહીં. જો તેમાં વાસ્તવિક ભેદ હોત તો આ અમૃત (સ્વરૂપ) મરણશીલતાને પ્રાપ્ત થઈ જાત. (૧૯)

शाङ्करभाष्यम् :- यत्परमार्थसदद्वैतम्, मायया भिद्यते ह्येतत् तैमिरिकानेकचन्द्रवत् रज्जुः सर्पधारादिभिर्भेदैरिव; न परमार्थतः, निरवयवत्वादात्मनः । सावयवं ह्यवयवान्यथात्वेन भिद्यते, यथा मृत् घटादिभेदैः । तस्मान्निरवयवमजं नान्यथा कथंचन, केनचिदपि प्रकारेण न भिद्यत इत्यभिप्रायः । ★ तत्त्वतो भिद्यमानं हि अमृतमजमद्वयं स्वभावतः सत् मर्त्यतां व्रजेत्, यथा अग्निः शीतताम् । तच्चानिष्टं स्वभाववैपरीत्यगमनम्, सर्वप्रमाणविरोधात् । अजमद्वयमात्मतत्त्वं माययैव भिद्यते, न परमार्थतः । तस्मान्न परमार्थसद्द्वैतम् ॥ १९ ॥

શાંકરભાષ્ય :- જો પરમાર્થ સત્ અદ્વૈત છે તે તિમિરદોષથી પ્રતીત થનાર અનેક ચંદ્રમા અને સર્પ-ધારાદિ ભેદોથી વિભિન્ન દેખાનાર રંજજુ સમાન માયાથી જ ભેદવાળું પ્રતીત થાય છે. પરમાર્થતઃ નથી, કારણ કે આત્મા નિરવયવ છે. જે વસ્તુ સાવયવ હોય છે તે જ અવયવોના ભેદથી ભેદને પ્રાપ્ત થાય છે, જેવી રીતે ઘટ વગેરે ભેદોમાં માટી. માટે નિરવયવ અને અજન્મા આત્મા (માયા સિવાય) બીજા કોઈ પ્રકારે ભેદને પ્રાપ્ત થતો નથી - આ એનો અભિપ્રાય છે.

જો તેમાં તત્ત્વતઃ ભેદ હોય તો અમૃત, અજ, અદ્વય અને સ્વભાવથી સત્સ્વરૂપ હોવા છતાં આત્મા મર્ત્યતાને પ્રાપ્ત થઈ જાય. જેવી રીતે કે અગ્નિ શીતળતાને પ્રાપ્ત થઈ જાય. અને પોતાના સ્વભાવથી વિપરીત અવસ્થાને પ્રાપ્ત થઈ જવું એ સઘળા પ્રમાણોથી વિરુદ્ધ હોવાને કારણે કોઈને કલ્યાણકારી થઈ શકે નહીં માટે અજ અને અદ્વિતીય આત્મતત્ત્વ માયાથી જ ભેદને પ્રાપ્ત થાય છે. પરમાર્થતઃ નહીં., એટલા માટે દ્વૈત પરમાર્થ સત્ નથી. (૧૯)

⁂

अजातस्यैव भावस्य जातिमिच्छन्ति वादिनः ।
अजातो ह्यमृतो भावो मर्त्यतां कथमेष्यति ॥ २० ॥

અનુવાદ :- (દ્વૈત)વાદીઓ અજાત(જન્મ વિનાના આત્મા)ના જન્મની ઈચ્છા રાખે છે. જે પદાર્થ અજન્મા અને અમૃત હોય તે મરણશીલતાને કેવી રીતે પ્રાપ્ત થાય ? (૨૦)

शाङ्करभाष्यम् :- ये तु पुनः केचिदुपनिषव्द्याख्यातारो ब्रह्मवादिनो वावदूकाः अजातस्यैव आत्मतत्त्वस्यामृतस्य स्वभावतो जातिम् उत्पत्तिम् इच्छन्ति परमार्थत एव, तेषां जातं चेत्, तदेव मर्त्यतामेष्यत्यवश्यम् । स च अजातो ह्यमृतो भावः स्वभावतः सन्नात्मा कथं मर्त्यतामेष्यति ? न कथंचन मर्त्यत्वं स्वभाववैपरीत्यमेष्यतीत्यर्थः ॥ २० ॥

શાંકરભાષ્ય :- પરંતુ જો કોઈ ઉપનિષદોની વ્યાખ્યા કરનાર બહુબોલકા બ્રહ્મવાદીઓ અજાત અને અમૃતસ્વરૂપ આત્મતત્ત્વની જાતિ એટલે ઉત્પત્તિ પરમાર્થતઃ જ સિદ્ધ કરવા ઇચ્છે તેના મતે જો તે ઉત્પન્ન થાય છે તો અવશ્ય મરણશીલતાને પણ પ્રાપ્ત થઈ જશે. પરંતુ તે આત્મતત્ત્વ સ્વભાવથી અજાત અને અમૃત હોઈ કેવી રીતે મરણશીલતાને પ્રાપ્ત થઈ શકે ? માટે તાત્પર્ય આ છે કે તે કોઈ પણ પ્રકારે પોતાના સ્વભાવથી વિપરીત મરણશીલતાને એ પ્રાપ્ત થઈ શકે નહીં. (૨૦)

⁂

यस्मात् — કારણ કે —

न भवत्यमृतं मर्त्यं न मर्त्यममृतं तथा ।
प्रकृतेरन्यथाभावो न कथंचिद्भविष्यति ॥ २१ ॥

અનુવાદ :- અમૃત વસ્તુ કદી મરણશીલ હોતી નથી અને મરણશીલ કદી અમર હોય નહીં. કોઈપણ પ્રકારે સ્વભાવની વિપરીતતા હોઈ શકે નહીં. (૨૧)

शाङ्करभाष्यम् :- न भवति अमृतं मर्त्यं लोके नापि मर्त्यममृतं तथा, ततः प्रकृतेः स्वभावस्य अन्यथाभावः स्वतः प्रच्युतिः न कथंचिद्भविष्यति, अग्नेरिवौष्ण्यस्य ॥ २१ ॥

શાંકરભાષ્ય :- જગતમાં મરણહીન વસ્તુ મરણશીલ હોતી નથી અને ન મરણશીલ વસ્તુ મરણહીન હોઈ શકે. માટે અગ્નિની ઉષ્ણતા સમાન પ્રકૃતિ અર્થાત્ સ્વભાવની વિપરીતતા - પોતાના સ્વસ્વરૂપથી ચલાયમાન કોઈપણ પ્રકારે થઈ શકતી નથી. (૨૧)

⁂

स्वभावेनामृतो यस्य भावो गच्छति मर्त्यताम् ।
कृतकेनामृतस्तस्य कथं स्थास्यति निश्चलः ॥ २२ ॥

અનુવાદ :- જેના મતે સ્વભાવથી મરણહીન પદાર્થ પણ મર્ત્યત્વને પ્રાપ્ત થાય, તેના સિદ્ધાંત અનુસાર કૃતક (જન્મ) હોવાને કારણે તે અમૃત પદાર્થ ચિરસ્થાયી કેવી રીતે રહી શકે ? (૨૨)

शाङ्करभाष्यम् :- यस्य पुनर्वादिनः स्वभावेन अमृतो भावः मर्त्यतां गच्छति परमार्थतो जायते, तस्य प्रागुत्पत्तेः स भावः स्वभावतोऽमृत इति प्रतिज्ञा मृषैव । कथं तर्हि ? कृतकेनामृतः तस्य स्वभावः । कृतकेनामृतः स कथं स्थास्यति निश्चलः ? अमृतस्वभावतया न कथंचित्स्थास्यति । आत्मजातिवादिनः सर्वथा अजं नाम नास्त्येव । सर्वमेतन्मर्त्यम्; अतः अनिर्मोक्षप्रसङ्ग इत्यभिप्रायः ॥ २२ ॥

શાંકરભાષ્ય :- પરંતુ જે વાદીના મતે સ્વભાવથી અમૃત પદાર્થ પણ મર્ત્યતાને પ્રાપ્ત થાય અર્થાત્ પરમાર્થતઃ (સાચા અર્થમાં) જન્મ લે છે તેની આ પ્રતિજ્ઞા મિથ્યા છે કે ઉત્પત્તિથી પહેલાં તે પદાર્થ સ્વભાવથી અમરણધર્મા છે. (જો એમ ન માને) તો પછી કૃતક હોવાને કારણે તેનો સ્વભાવ અમર કેવી રીતે હોઈ શકે ? અને આવી રીતે કૃતક હોવાથી જ તે અમૃત પદાર્થ નિશ્ચલ એટલે કે અમૃતસ્વભાવ પણ કેવી રીતે રહી શકે ? અર્થાત્ તે કદી એવો રહી શકે નહીં. માટે આત્માનો જન્મ બતાવનારના મતે તો અજન્મા વસ્તુ તો કોઈ છે જ નહીં. તેના માટે આ બધું મરણશીલ જ છે. આથી આવો અભિપ્રાય બને કે (તેના મતે) મોક્ષ થવાનો પ્રસંગ છે જ નહીં. (૨૨)

⁂

शाङ्करभाष्यम् :- नन्वजातिवादिनः सृष्टिप्रतिपादिका श्रुतिर्न संगच्छते । ★ बाढम्; विद्यते सृष्टिप्रतिपादिका श्रुतिः; सा त्वन्यपरा, **'उपायः सोऽवताराय'** (मां.का.अ.प्र. १५) इत्यवोचाम । इदानीमुक्तेऽपि परिहारे पुनश्चोद्यपरिहारौ विवक्षितार्थं प्रति सृष्टिश्रुत्यक्षराणामानुलोम्यविरोधाशङ्कामात्रपरिहारार्थौ –

શાંકરભાષ્ય :- પૂર્વપક્ષી :- પરંતુ અજાતિવાદીના મતે સૃષ્ટિનું પ્રતિપાદન કરનારી શ્રુતિની પ્રામાણિકતા સિદ્ધ ન થઈ શકે ?

સિદ્ધાન્તી :- હા, બરાબર છે. સૃષ્ટિનું પ્રતિપાદન કરનારી શ્રુતિ પણ છે, પરંતુ તેનો ઉદ્દેશ બીજો છે. **'ઉપાયઃ સોઽવતારાય'** આવી રીતે અમે તેનો ઉદ્દેશ્ય પહેલાં (માં.કા.અ.પ્ર. ૧૫માં) કહી દીધો છે. આવી રીતે યદ્યપિ આ શંકાનું પહેલાં સમાધાન કરી દીધું છે તો પણ 'સૃષ્ટિ શ્રુતિના અક્ષરોની અનુકૂળતાનો અમારા કહેવા ઈચ્છતા અર્થથી વિરોધ છે.' આ શંકાનો પરિહાર કરવાને માટે જ, આ સમયે તત્સંબંધી શંકા અને સમાધાનનો પુનઃ ઉલ્લેખ કરવામાં આવે છે –

भूततोऽभूततो वापि सृज्यमाने समा श्रुतिः ।
निश्चितं युक्तियुक्तं च यत्तद्भवति नेतरत् ॥ २३ ॥

અનુવાદ :- પારમાર્થિક અથવા અપારમાર્થિક કોઈપણ પ્રકારની સૃષ્ટિ થવાને માટે શ્રુતિ તો સમાન હશે. માટે તેનામાં જે નિશ્ચિત અને યુક્તિયુક્ત મત હોય તે (શ્રુતિનો અભિપ્રાય) હોઈ શકે. બીજો નહીં. (૨૩)

शाङ्करभाष्यम् :- भूततः परमार्थतः सृज्यमाने वस्तुनि, अभूततः मायया वा मायाविनेव सृज्यमाने वस्तुनि समा तुल्या सृष्टिश्रुतिः । ननु गौणमुख्ययोर्मुख्ये शब्दार्थप्रतिपत्तिर्युक्ता; न, अन्यथा सृष्टेरप्रसिद्धत्वान्निष्प्रयोजनत्वाच्च इत्यवोचाम । अविद्यासृष्टिविषयैव सर्वा गौणी मुख्या च सृष्टिः, न परमार्थतः, **'सबाह्याभ्यन्तरो ह्यजः'** (मु.उप. २-१-२) इति श्रुतेः । ★ तस्मात् श्रुत्या निश्चितं यत् एकमेवाद्वितीयमजममृतमिति, युक्तियुक्तं च युक्त्या च संपन्नम्, तदेवेत्यवोचाम पूर्वैर्ग्रन्थैः । तदेव श्रुत्यर्थो भवति, नेतरत्कदाचिदपि क्वचिदपि ॥ २३ ॥

શાંકરભાષ્ય :- વસ્તુના ભૂતતઃ એટલે પરમાર્થતઃ રચવામાં અથવા અભૂતતઃ એટલે માયાથી માયાવી દ્વારા રચવામાં સૃષ્ટિશ્રુતિ સમાન હશે, જો કહો કે ગૌણ અને મુખ્ય બંને અર્થ હોવાથી શબ્દનો મુખ્ય અર્થ લેવો જ બરાબર છે, તો એવું કહેવું બરાબર નથી, કારણ કે બીજા પ્રકારે ન તો સૃષ્ટિ સિદ્ધ થાય છે અને ન તો તેનું કોઈ પ્રયોજન છે - આ અમે પહેલાં કહી ગયા છીએ. **'આત્મા બહાર અંદર વિદ્યમાન અને અજન્મા છે.'** (મું.ઉપ. ૨-૧-૨) આ શ્રુતિ અનુસાર સર્વ પ્રકારની ગૌણ અને મુખ્ય સૃષ્ટિ અવિદ્યાજનિત સૃષ્ટિના વિષયની જ છે, પરમાર્થતઃ નહીં.

માટે શ્રુતિએ જે એક, અદ્વિતીય, અજન્મા અને અમૃત તત્ત્વ નિશ્ચિત કર્યું છે તે જ યુક્તિયુક્ત અર્થાત્ યુક્તિથી જ સિદ્ધ થાય છે, એવું પ્રતિપાદન કરી ચૂક્યા છીએ તે જ શ્રુતિનું તાત્પર્ય હોઈ શકે, અન્ય અર્થ પૂર્વના અર્થમાં ક્યારેય નહીં. (૨૩)

⁂

कथं श्रुतिनिश्चय इत्याह – આ શ્રુતિનો નિશ્ચય કેવા પ્રકારે છે ? તો બતાવે છે –

नेह नानेति चाम्नायादिन्द्रो मायाभिरित्यपि ।
अजायमानो बहुधा जायते मायया, तु सः ॥ २४ ॥

અનુવાદ :- नेह नानास्ति किंचन, इन्द्रो मायाभिः पुरुरूप इर्यते अजायमानो बहुधा विजायते આ શ્રુતિવાક્યો અનુસાર તે (પરમાત્મા) માયાથી જ ઉત્પન્ન થાય છે. (૨૪)

शाङ्करभाष्यम् :- यदि हि भूतत एव सृष्टिः स्यात्, ततः सत्यमेव नानावस्त्विति तदभावप्रदर्शनार्थ आम्नायो न स्यात्; अस्ति च **'नेह नानास्ति किंचन'** (क.उप. २-१-११) इत्याम्नायो द्वैतभावप्रतिषेधार्थः; तस्मादात्मैकत्वप्रतिपत्त्यर्था कल्पिता सृष्टिरभूतैव प्राणसंवादवत् । **'इन्द्रो मायाभिः'** (बृ.उप. २-५-१९) इत्यभूतार्थप्रतिपादकेन मायाशब्देन व्यपदेशात् । ★ ननु प्रज्ञावचनो मायाशब्दः; ★ सत्यम्, इन्द्रियप्रज्ञाया अविद्यामयत्वेन मायात्वाभ्युपगमाददोषः । मायाभिः इन्द्रियप्रज्ञाभिरविद्यारूपाभिरित्यर्थः । **'अजायमानो बहुधा विजायते'** इति श्रुतेः । तस्मात् जायते मायया तु सः; तु-शब्दोऽवधारणार्थः माययैवेति । न ह्यजायमानत्वं बहुधाजन्म च एकत्र संभवति, अग्नाविव शैत्यमौष्ण्यं च । ★ फलवत्त्वाच्चात्मैकत्वदर्शनमेव श्रुतिनिश्चितोऽर्थः, **'तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः'** (ई.उप. ४) इत्यादिमन्त्रवर्णात् **'मृत्योः स मृत्युमाप्नोति'** (क.उप. २-१-१०) इति निन्दितत्वाच्च सृष्ट्यादिभेददृष्टेः ॥ २४ ॥

શાંકરભાષ્ય :- જો વાસ્તવમાં જ સૃષ્ટિ બની હોત તો અનેક વસ્તુ સત્ય જ છે, એવી અવસ્થામાં તેનો અભાવ પ્રદર્શિત કરવા માટે કોઈ શાસ્ત્ર વચન હોવું જોઈએ નહીં. પરંતુ દ્વૈતભાવનો નિષેધ કરવા માટે **'અહીં અનેક જેવી કંઈ વસ્તુ નથી.'** (ક.ઉપ. ૨-૧-૧૧) વગેરે શાસ્ત્ર વચન જ છે. માટે પ્રાણસંવાદની જેમ આત્મૈકત્વની પ્રાપ્તિને માટે કલ્પવામાં આવેલી સૃષ્ટિ અયથાર્થ જ છે, કારણ કે **'ઈન્દ્ર માયાથી (અનેકરૂપ થઈ જાય છે)'** આ શ્રુતિમાં સૃષ્ટિનો અયથાર્થત્વ પ્રતિપાદક 'માયા' શબ્દ દ્વારા નિર્દેશ કરવામાં આવ્યો છે.

પૂર્વપક્ષી : 'માયા' શબ્દ તો પ્રજ્ઞાવાચક છે (એટલા માટે સૃષ્ટિનું મિથ્યાત્ત્વ સિદ્ધ થતું નથી.)

સિદ્ધાન્તી : બરાબર છે. આ અવિદ્યામય હોવાને કારણે ઈન્દ્રિય પ્રજ્ઞાનું માયાત્ત્વ માનવામાં આવ્યું છે, એટલા માટે તેમાં કોઈ દોષ નથી. માટે માયાથી અર્થાત્ અવિદ્યા રૂપ ઈન્દ્રિયપ્રજ્ઞાથી જેમ કે **'ઉત્પન્ન ન થઈને પણ અનેક પ્રકારે ઉત્પન્ન થાય છે'** આ શ્રુતિથી સિદ્ધ થાય છે. માટે તે માયાથી જ ઉત્પન્ન થાય છે. અહીં 'તું' શબ્દ નિશ્ચયાર્થક છે. અર્થાત્ માયાથી જ (ઉત્પન્ન થાય છે.) અગ્નિમાં શીતળતા અને ઉષ્ણતાની જેમ 'જન્મ ન લેવો' અને 'અનેક પ્રકારે જન્મ લેવો' એક જ વસ્તુમાં સંભવતું નથી.

'તે અવસ્થામાં એકત્વનો સાક્ષાત્કાર કરનાર પુરુષને શું મોહ અને શું શોક થઈ શકે છે ?' (ઈ.ઉપ. ૭) વગેરે શ્રુતિ અનુસાર ફળયુક્ત હોવાને કારણે તથા (જે વિવિધતા જુએ છે) **'તે મૃત્યુથી મૃત્યુને પ્રાપ્ત થાય છે.'** (ક.ઉપ. ૨-૧-૧૦) આ શ્રુતિથી સૃષ્ટિ વગેરેની ભેદદષ્ટિથી નિંદા કરવામાં આવતાં જ આત્મૈકત્વ દર્શન જ શ્રુતિનો નિશ્ચિત અર્થ છે. (૨૪)

◆

संभूतेरपवादाच्च संभवः प्रतिषिध्यते ।
को न्वेनं जनयेदिति कारणं प्रतिषिध्यते ॥ २५ ॥

અનુવાદ :- (શ્રુતિમાં) સંભૂતિની નિંદા દ્વારા કાર્યવર્ગનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે તથા 'આને કોણ ઉત્પન્ન કરે' આ વાક્યદ્વારા કારણનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે. (૨૫)

शाङ्करभाष्यम् :- **'अन्धं तमः प्रविशन्ति ये संभूतिमुपासते'** (ई.उप. १२) इति संभूतेरुपास्यत्वापवादात्संभवः प्रतिषिध्यते; न हि परमार्थसद्भूतायां संभूतौ तदपवाद उपपद्यते । ★ ननु विनाशेन संभूतेः समुच्चयविधानार्थः संभूत्यपवादः, यथा **'अन्धंतमः प्रविशन्ति येऽविद्यामुपासते'** (ई.उप. ९) इति । ★ सत्यमेव, देवतादर्शनस्य संभूतिविषयस्य विनाशशब्दवाच्यस्य च कर्मणः समुच्चयविधानार्थः संभूत्यपवादः; तथापि विनाशाख्यस्य कर्मणः स्वाभाविकाज्ञानप्रवृत्तिरूपस्य मृत्योरतितरणार्थत्ववत् देवतादर्शनकर्मसमुच्चयस्य पुरुषसंस्कारार्थस्य कर्मफलरागप्रवृत्तिरूपस्य साध्यसाधनैषणाद्वयलक्षणस्य मृत्योरतितरणार्थत्वम् । एवं ह्येषणाद्वयरूपान्मृत्योरशुद्धेर्वियुक्तः पुरुषः संस्कृतः स्यात् । अतो मृत्योरतितरणार्था देवतादर्शनकर्मसमुच्चयलक्षणा ह्यविद्या । ★ एवमेव एषणाद्वयलक्षणाविद्याया मृत्योरतितीर्णस्य विरक्तस्योपनिषच्छास्त्रार्थालोचनपरस्य नान्तरीयिका परमात्मैकत्वविद्योत्पत्तिरिति पूर्वभाविनीमविद्यामपेक्ष्य पश्चाद्भाविनी ब्रह्मविद्या अमृतत्वसाधना एकेन पुरुषेण

संबध्यमाना अविद्यया समुच्चीयत इत्युच्यते । अतः अन्यार्थत्वादमृतत्वसाधनं ब्रह्मविद्यामपेक्ष्य, निन्दार्थ एव भवति संभूत्यपवादः यद्यप्यशुद्धिवियोगहेतुः अतन्निष्ठत्वात् । अत एव संभूतेरपवादात्संभूतेरापेक्षिकमेव सत्त्वमिति परमार्थसदात्मैकत्वमपेक्ष्य अमृताख्यः संभवः प्रतिषिध्यते । ★ एवं मायानिर्मितस्यैव जीवस्य अविद्यया प्रत्युपस्थापितस्य अविद्यानाशे स्वभावरूपत्वात्परमार्थतः को न्वेनं जनयेत् ? न हि रज्ज्वामविद्याध्यारोपितं सर्पं पुनर्विवेकतो नष्टं जनयेत्कश्चित्; यथा न कश्चिदेनं जनयेदिति । को न्वित्याक्षेपार्थत्वात्कारणं प्रतिषिध्यते । अविद्योद्भूतस्य नष्टस्य जनयितृकारणं न किंचिदस्तीत्यभिप्रायः; **'नायं कुतश्चिन्न बभूव कश्चित्'** (क.उप. १-२-१८) इति श्रुतेः ॥ २५ ॥

શાંકરભાષ્ય :- **'જે સંભૂતિની ઉપાસના કરે છે તે ઘોર અંધકારમાં પ્રવેશ કરે છે.'** (ઈ.ઉપ. ૧૨) આ પ્રકારે સંભૂતિના ઉપાસ્યત્વની નિંદા કરવાને કારણે કાર્યવર્ગનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે. જો સંભૂતિ પરમાર્થ સત્સ્વરૂપ હોત તો તેની નિંદા કરવી એ શક્ય નથી.

પૂર્વપક્ષી :- સંભૂતિના ઉપાસ્યત્વની જે નિંદા કરવામાં આવી છે તે તો વિનાશ(કર્મ)ની સાથે સંભૂતિ(દેવતોપાસના)નું સમુચ્ચયવિધાન કરવાને માટે છે, જેમ કે **'જે અવિદ્યાની ઉપાસના કરે છે તે ઘોર અંધકારમાં પ્રવેશ કરે છે.'** (ઈ.ઉપ. ૯) આ વાક્યથી સિદ્ધ થાય છે.

સિદ્ધાન્તી :- સાચે જ, સંભૂતિ વિષયક દેવતા દર્શન અને 'વિનાશ' શબ્દ વાચ્ય કર્મના સમુચ્ચયવિધાન કરવાને માટે જ સંભૂતિનો અનુવાદ કરવામાં આવ્યો છે, તો પણ જેવી રીતે 'વિનાશ' સંજ્ઞક કર્મ સ્વાભાવિક અજ્ઞાનજનિત પ્રવૃત્તિરૂપ મૃત્યુને પાર કરવા માટે છે, તેવી રીતે પુરુષના સંસ્કારને માટે (વિહિત) દેવતા દર્શન અને કર્મના સમુચ્ચય કર્મફળના રાગથી થનારી પ્રવૃત્તિ રૂપ જે સાધ્ય - સાધન લક્ષણનું બે પ્રકારનું મૃત્યુ છે, તેને પાર કરવાને માટે છે. આમ એષણાદ્વયરૂપ મૃત્યુની અશુદ્ધિથી મુક્ત થયેલો પુરુષ જ સંસ્કાર સંપન્ન થઈ શકે છે. માટે દેવતા દર્શન અને કર્મસમુચ્ચયલક્ષણા અવિદ્યા મૃત્યુથી પાર ઉતરવા માટે જ છે.

આ પ્રકારે એષણાદ્વયલક્ષણા અવિદ્યારૂપ મૃત્યુથી પાર થયેલા તથા ઉપનિષદ શાસ્ત્રના અર્થની આલોચનામાં તત્પર વિરક્ત પુરુષને બ્રહ્માત્મૈક્યરૂપ વિદ્યાની ઉત્પત્તિ દૂર નથી, એટલા માટે એવું કહેવામાં આવે છે કે પહેલાં થનારી આવિદ્યાની અપેક્ષાએ પછીથી પ્રાપ્ત થનારી બ્રહ્મવિદ્યા, અમૃતત્ત્વનું સાધન હોવાથી એક જ પુરુષની સાથે સંબંધ રાખવાને કારણે અવિદ્યાથી સમુચ્ચિત કરવામાં (જોડી દેવામાં) આવે છે. માટે અમૃતત્ત્વના સાક્ષાત્ સાધનરૂપ બ્રહ્મવિદ્યાની અપેક્ષા અન્ય પ્રયોજનવાળી હોવાથી સંભૂતિનો અપવાદ નિંદા માટે જ કરવામાં આવ્યો છે. તે જો અશુદ્ધિના ક્ષયનું કારણ છે, તો પણ અતન્નિષ્ઠ (મોક્ષનો સાક્ષાત્ હેતુ ન) હોવાને કારણે (તેની નિંદા કરવામા આવી જ છે) એટલા માટે સંભૂતિનો અપવાદ કરવાને લીધે તેનું સત્ત્વ અપેક્ષાયુક્ત જ છે. આ આશયથી પરમાર્થ સત્ આત્મૈકત્ત્વની અપેક્ષાએ અમૃત નામની સંભૂતિનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે.

આવી રીતે અવિદ્યા દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલો માયા રચિત જીવ જ્યારે અવિદ્યાનો નાશ થવાથી પોતાના સ્વાભાવિક સ્વરૂપમાં સ્થિત થઈ જાય છે ત્યારે તેને પરમાર્થતઃ કોણ ઉત્પન્ન કરી શકે છે ? રજ્જુમાં અવિદ્યાથી આરોપિત સર્પ વિવેકના કારણે નષ્ટ થઈ જવાથી, ફરી કોઈ ઉત્પન્ન કરી શકતું નથી. તેવી રીતે કોઈ પણ એને ઉત્પન્ન કરી શકશે નહિ. 'को न्वेनम्' વગેરે શ્રુતિ આક્ષેપાર્થક છે (પ્રશ્નાર્થક નથી) એટલા માટે આનાથી કારણનો પ્રતિષેધ કરવામાં આવે છે. આનું તાત્પર્ય આ છે કે અવિદ્યાથી ઉત્પન્ન થયેલા આ જીવનો વિદ્યા દ્વારા નાશ થઈ જવાથી ફરીથી તેને ઉત્પન્ન કરનાર કોઈ પણ કારણ નથી. જેમ કે **'આ (આત્મા) ક્યાંયથી (કોઈ કારણથી) કોઈ રૂપે ઉત્પન્ન થયો નથી.'** (ક.ઉપ. ૧-૨-૧૮) વગેરે શ્રુતિથી પ્રમાણિત થાય છે. (૨૫)

◆

स एष नेति नेतीति व्याख्यातं निह्नुते यतः ।
सर्वमग्राह्यभावेन हेतुनाजं प्रकाशते ॥ २६ ॥

અનુવાદ :- કારણ કે स एष नेति नेति (તે આ આત્મા આ નથી, આ નથી) વગેરે શ્રુતિ આત્માના અગ્રહ્યત્વના કારણે (તેના વિષયમાં) પહેલાં બતાવવામાં આવેલા સર્વ ભાવોનો નિષેધ કરે છે. માટે આ (નિષેધરૂપ) હેતુ દ્વારા અજન્મા એવો આત્મા પ્રકાશિત થાય છે. (૨૬)

शाङ्करभाष्यम् :- सर्वविशेषप्रतिषेधेन **'अथात आदेशो नेति नेति'** (बृ.उप. २-३-६) इति प्रतिपादितस्यात्मनो दुर्बोधत्वं मन्यमाना श्रुतिः पुनः पुनरुपायान्तरत्वेन तस्यैव प्रतिपिपादयिषया यद्यद्व्याख्यातं तत्सर्वं निह्नुते । ग्राह्यं जनिमद्बुद्धिविषयमपलपत्यर्थात् **'स एष नेति नेति'** (बृ.उप. ३-९-२६) इत्यामनोऽदृश्यतां दर्शयन्ती श्रुतिः । उपायस्योपेयनिष्ठतामजानत उपायत्वेन व्याख्यातस्य उपेयवद्ग्राह्यता मा भूदिति अग्राह्यभावेन हेतुना कारणेन निह्नुत इत्यर्थः । ततश्चैवमुपायस्योपेयनिष्ठतामेव जानत उपेयस्य च नित्यैकरूपत्वमिति तस्य सबाह्याभ्यन्तरमजमात्मतत्त्वं प्रकाशते स्वयमेव ॥ २६ ॥

શાંકરભાષ્ય :- अर्थात आदेशो नेति नेति (બૃ.ઉપ. ૨-૩-૬) આવી રીતે સમસ્ત વિશેષણોના પ્રતિષેધ દ્વારા પ્રતિપાદન કરવામાં આવેલા આત્માના દુર્બોધત્વને માનનારી શ્રુતિ વારંવાર બીજા ઉપાયથી તેનું પ્રતિપાદન કરવાની ઇચ્છાથી, પહેલાં જે કોઈ વ્યાખ્યા કરવામાં આવી છે તે સર્વથી અપહ્નવ (અસત્યતા પ્રતિપાદન) કરે છે. તે ગ્રાહ્ય બુદ્ધિથી જન્મેલા વિષયોનો અપલાપ કરે છે. અર્થાત્ स एष नेति नेति (બૃ.ઉપ. ૩-૯-૨૬) આ પ્રકારે આત્માની અદૃષ્ટતા બતાવનારી શ્રુતિ, ઉપાયની ઉપાદેયનિષ્ઠતાને ન જાણનાર લોકોને ઉપાયરૂપે બતાવવામાં આવેલ વિષય ઉપેયની જેમ ગ્રાહ્ય ન થાય એટલા માટે અગ્રાહ્યતા રૂપ હેતુથી એનો નિષેધ કરે છે - આ આનો અભિપ્રાય છે. પછી આવી રીતે ઉપાયની ઉપેયનિષ્ઠતાને જાણનાર અને ઉપેયની નિત્યૈકસ્વરૂપતાને પણ સમજનાર પુરુષોને આ બહાર અંદર વિદ્યમાન અજન્મા આત્મતત્વ સ્વયં પ્રકાશિત થઈ જાય છે. (૨૬)

⁂

एवं हि श्रुतिवाक्यशतैः सबाह्याभ्यन्तरमजमात्मतत्त्वमद्वयं न ततोऽन्यदस्तीति निश्चितमेतत् । युक्त्या चाधुनैतदेव पुनर्निर्धार्यत इत्याह –

આવી રીતે સેંકડો શ્રુતિવાક્યોથી આ નિશ્ચિત થાય છે કે અંદર અને બહાર રહેનાર અજન્મા આત્મતત્ત્વ અદ્વિતીય છે, તેનાથી ભિન્ન કાંઈ જ નથી, આ વાત હવે યુક્તિપૂર્વક ફરીથી નિશ્ચિત કરવામાં આવે છે, એટલા માટે કહે છે કે –

सतो हि मायया जन्म युज्यते न तु तत्त्वतः ।
तत्त्वतो जायते यस्य जातं तस्य हि जायते ॥ २७ ॥

અનુવાદ :- સદ્ વસ્તુનો જન્મ માયાથી જ થઈ શકે છે, વસ્તુતઃ નહીં, જે (મત અનુસાર વસ્તુતઃ) જન્મ થાય છે તેના સિદ્ધાંતાનુસાર પણ ઉત્પત્તિશીલ વસ્તુનો જ જન્મ થઈ શકે છે. (૨૭)

शाङ्करभाष्यम् :- तत्रैतत्स्यात् सदा अग्राह्यमेव चेदसदेवात्मतत्त्वमिति; तन्न, कार्यग्रहणात् । यथा सतो मायाविनः मायया जन्म कार्यम्, एवं जगतो जन्म कार्यं गृह्यमाणं मायाविनमिव परमार्थसन्तमात्मानं जगज्जन्म मायास्पदमेव गमयति । यस्मात् सतो हि विद्यमानात्कारणात् मायानिर्मितस्य हस्त्यादिकार्यस्येव जगज्जन्म युज्यते, नासतः कारणात् । न तु तत्त्वत एव आत्मनो जन्म युज्यते । ★ अथवा, सतः विद्यमानस्य वस्तुनो रज्ज्वादेः सर्पादिवत् मायया जन्म युज्यते न तु तत्त्वतो यथा, तथा अग्राह्यस्यापि सत एवात्मनो रज्जुसर्पवज्जगद्रूपेण मायया जन्म युज्यते । न तु तत्त्वत एवाजस्यात्मनो जन्म । ★ यस्य पुनः परमार्थसदजमात्मतत्त्वं जगद्रूपेण जायते वादिनः, न हि तस्य अजं जायत इति शक्यं वक्तुम्, विरोधात् । ततः तस्यार्थाज्जातं जायत इत्यापन्नम् । ततश्चानवस्थापाताज्जायमानत्वं न । तस्मादजमेकमेवात्मतत्त्वमिति सिद्धम् ॥ २७ ॥

શાંકરભાષ્ય :- તે આત્મતત્ત્વના વિષયમાં આ શંકા થાય છે કે જો આત્મતત્ત્વ સર્વદા અગ્રાહ્ય જ છે તેથી તે અસત્ હોવું જોઈએ. પરંતુ એવુ કહેવું બરાબર નથી કારણ કે તેનું કાર્ય જોવામાં આવે છે. જેવી રીતે સત્ સ્વરૂપ માયાવીથી માયાવીનો જન્મ થવો કાર્ય છે તેવી રીતે જોવામાં આવતાં જગતના જન્મરૂપ કાર્ય જગત જન્મરૂપ માયાના આશ્રયભૂત પરમાર્થ સત્ માયાવી સમાન આત્માનો બોધ કરાવે છે, કારણ કે માયાથી રચેલાં હાથી વગેરે કાર્યની જેમ સત્ અર્થાત્ વિદ્યમાન કારણથી જ જગતનો જન્મ થવો શક્ય છે, કોઈ અવિદ્યમાન કારણથી નહીં. તથા તત્ત્વતઃ તો આત્માનો જન્મ થવો તે સંભવિત જ નથી.

અથવા (એમ સમજો કે) જેવી રીતે રજ્જુ વગેરેથી સાપ વગેરેની જેમ સત્ અર્થાત્ વિદ્યમાન વસ્તુનો જન્મ માયાથી

જ થઈ શકે છે, તત્ત્વતઃ નહીં. તેવી રીતે અગ્રાહ્ય હોવાથી પણ સત્ સ્વરૂપ આત્માનો રજ્જુમાં સર્પની જેમ જગત રૂપથી જન્મ થવો માયાથી જ શક્ય છે, તે અજન્મા આત્માનો તત્ત્વતઃ જન્મ થઈ શકે નહીં.

પરંતુ જે વાદીનઃ મતે પરમાર્થ સત્ આત્મતત્ત્વ જ જગત રૂપે ઉત્પન્ન થાય છે તેના સિદ્ધાંત અનુસાર આમ કહી શકાય નહીં કે અજન્મા વસ્તુનો જન્મ થઈ શકે છે કારણ કે આનાથી વિરોધ આવે થાય છે. માટે આ સ્વતઃ સિદ્ધ થઈ જાય છે કે તેના મતાનુસાર કોઈ જન્મશીલનો જ જન્મ થાય છે. પરંતુ આવી રીતે જન્મશીલથી જન્મ માનવાથી અનવસ્થા ઉપસ્થિત થાય છે, માટે આ સિદ્ધ થયું કે આત્મતત્ત્વ અજન્મા અને એક છે. (૨૭)

⁂

असतो मायया जन्म तत्त्वतो नैव युज्यते ।
वन्ध्यापुत्रो न तत्त्वेन मायया वापि जायते ॥ २८ ॥

અનુવાદ :- અસત્ વસ્તુનો જન્મ તો માયાથી અથવા તત્ત્વતઃ કોઈ પણ પ્રકારે થવો સંભવિત નથી. વંધ્યાનો પુત્ર ન તો વસ્તુતઃ ઉત્પન્ન થાય છે અને ન તો માયાથી. (૨૮)

शाङ्करभाष्यम् :- असद्वादिनाम् असतो भावस्य मायया तत्त्वतो वा न कथंचन जन्म युज्यते, अदृष्टत्वात् । न हि वन्ध्यापुत्रो मायया तत्त्वतो वा जायते । तस्मादत्रासद्वादो दूरत एवानुपपन्न इत्यर्थः ॥ २८ ॥

શાંકરભાષ્ય :- અસત્ વાદીઓના પક્ષે પણ, અસત્ વસ્તુનો જન્મ માયાથી અથવા વસ્તુતઃ કોઈપણ પ્રકારે થવો સંભવિત નથી, કારણ કે એવું જોવામાં આવતું નથી. વંધ્યાનો પુત્ર ન તો માયાથી ઉત્પન્ન થાય છે અને ન તો વસ્તુતઃ પણ. માટે તાત્પર્ય આ થયું કે અસદ્વાદ તો સર્વથા અયોગ્ય જ છે. (૨૮)

⁂

कथं पुनः सतो माययैव जन्मेत्युच्यते – સત્ વસ્તુનો જન્મ માયાથી જ કેવી રીતે થાય એ કહે છે –

यथा स्वप्ने द्वयाभासं स्पन्दते मायया मनः ।
तथा जाग्रद्द्वयाभासं स्पन्दते मायया मनः ॥ २९ ॥

અનુવાદ :- જેવી રીતે સ્વપ્નામાં મન માયાથી દ્વૈતના આભાસરૂપે સ્ફુરિત થાય છે, તેવી રીતે જાગૃતકાળમાં પણ તે માયાથી દ્વૈતાભાસરૂપે સ્ફુરિત થાય છે. (૨૯)

शाङ्करभाष्यम् :- यथा रज्ज्वां विकल्पितः सर्पो रज्जुरूपेणावेक्ष्यमाणः सन्, एवं मनः परमात्मविज्ञप्त्यात्मरूपेणावेक्ष्यमाणं' सन् ग्राह्यग्राहकरूपेण द्वयाभासं स्पन्दते स्वप्ने मायया, रज्ज्वामिव सर्पः; तथा तद्वदेव जाग्रत् जागरिते स्पन्दते मायया मनः, स्पन्दत इवेत्यर्थः ॥ २९ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે રજ્જુમાં કલ્પવામાં આવેલો સર્પ રજ્જુ રૂપે જોતાં સત્ છે તેવી રીતે મન પણ પરમાર્થજ્ઞાનરૂપ આત્મસ્વરૂપે જોતાં સત્ છે. તે રજ્જુ સર્પની જેમ સ્વપ્નાવસ્થામાં માયાથી જ ગ્રાહ્ય ગ્રાહકરૂપ દ્વૈતના આભાસરૂપે સ્ફુરિત થાય છે. આવી રીતે આ મન જ જાગૃત અવસ્થામાં પણ માયાથી સ્ફુરિત થાય છે, અર્થાત્ જાણે કે સ્ફુરિત થતું જોવામાં આવે છે. (વાસ્તવમાં સ્ફુરિત થતું નથી.) (૨૯)

⁂

अद्वयं च द्वयाभासं मनः स्वप्ने न संशयः ।
अद्वयं च द्वयाभासं तथा जाग्रन्न संशयः ॥ ३० ॥

અનુવાદ :- આમાં સંદેહ નથી કે સ્વપ્નાવસ્થામાં અદ્વય મન દ્વૈતરૂપે ભાસે છે, એવી રીતે જાગ્રત અવસ્થામાં પણ નિઃસંદેહ અદ્વય મન દ્વૈતરૂપે ભાસે છે. (૩૦)

शाङ्करभाष्यम् :- रज्जुरूपेण सर्प इव परमार्थत आत्मरूपेण अद्वयं सत् द्वयाभासं मनः स्वप्ने, न संशयः ।

न हि स्वप्ने हस्त्यादि ग्राह्यं तद्ग्राहकं वा चक्षुरादि, द्वयं विज्ञानव्यतिरेकेणास्ति; जाग्रदपि तथैवेत्यर्थः; परमार्थसद्विज्ञानमात्राविशेषात् ॥ ३० ॥

શાંકરભાષ્ય :- રજ્જુરૂપમાં સત્ સર્પની જેમ સમાન પરમાર્થતઃ અદ્વય આત્મારૂપે સત્ મન સ્વપ્નમાં દ્વૈતરૂપે ભાસે છે - આમાં સંદેહ નથી. સ્વપ્નમાં હાથી વગેરે ગ્રાહ્ય પદાર્થ અને તેને ગ્રહણ કરનાર ચક્ષુ વગેરે બંને વિજ્ઞાન સિવાય બીજું કાંઈ નથી. એવું જાગૃત અવસ્થામાં પણ - આ એનું તાત્પર્ય છે, કારણ કે બંને અવસ્થાઓમાં પરમાર્થ સત્ વિજ્ઞાન જ સમાન રૂપે રહેલું છે. (૩૦)

❖

रज्जुसर्पवद्विकल्पनारूपं द्वैतरूपेण मनः एंवेत्युक्तम् । तत्र किं प्रमाणमिति, अन्वयव्यतिरेकलक्षणमनुमानमाह । कथम् ? –

રજ્જુમાં સર્પ સમાન વિકલ્પનારૂપ આ મન જ દ્વૈતરૂપે રહેલું છે - એવું પહેલાં કહેવામાં આવ્યું છે. આમાં પ્રમાણ શું છે ? તેના માટે અન્વયવ્યતિરેક રૂપ અનુમાન પ્રમાણ કહેવામાં આવે છે, તો કેવી રીતે –

मनोदृश्यमिदं द्वैतं यत्किंचित्सचराचरम् ।
मनसो ह्यमनीभावे द्वैतं नैवोपलभ्यते ॥ ३१ ॥

અનુવાદ :- આ જે ચરાચર દ્વૈત છે તે સર્વ મનનું દૃશ્ય છે, કારણ કે મનના અમનીભાવ (સંકલ્પશૂન્યત્વ) થઈ જવાથી દ્વૈત ઉપલબ્ધ થતું નથી. (૩૧)

शाङ्करभाष्यम् :- तेन हि मनसा विकल्प्यमानेन दृश्यं मनोदृश्यम् इदं द्वैतं सर्वं मन इति प्रतिज्ञा, तद्भावे भावात् तदभावे चाभावात् । मनसो हि अमनीभावे निरुद्धे विवेकदर्शनाभ्यासवैराग्याभ्यां रज्ज्वामिव सर्पे लयं गते वा सुषुप्ते द्वैतं नैवोपलभ्यत इति अभावात्सिद्धं द्वैतस्यासत्त्वमित्यर्थः ॥ ३१ ॥

શાંકરભાષ્ય :- તે વિકલ્પિત થનાર મન દ્વારા જોવાને યોગ્ય આ સંપૂર્ણ દ્વૈત મન જ છે. આ પ્રતિજ્ઞા છે. કારણ કે તે(મન)ના રહેવાથી આ (દ્વૈત) પણ રહે છે. તથા તેનો અભાવ થઈ જવાથી આનો પણ અભાવ થઈ જાય છે. મનનો અમનીભાવ - નિરોધ અર્થાત્ વિવેકદૃષ્ટિના અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા રજ્જુમાં સર્પની જેમ લય થઈ જવાથી અથવા સુષુપ્તિ અવસ્થામાં દ્વૈતની ઉપલબ્ધિ થતી નથી. આવી રીતે અભાવ થઈ જવાથી દ્વૈતની અસત્તા સિદ્ધ જ છે - આ તેનું તાત્પર્ય છે. (૩૧)

❖

कथं पुनरयममनीभाव इत्युच्यते – પરંતુ આ અમનીભાવ કેવા પ્રકારે થાય છે ? તે કહે છે –

आत्मसत्यानुबोधेन न संकल्पयते तदा ।
अमनस्तां तदा याति ग्राह्याभावे तदग्रहम् ॥ ३२ ॥

અનુવાદ :- જે સમયે આત્મસત્યની ઉપલબ્ધિ થવાથી મન સંકલ્પ કરતું નથી તે સમયે તે અમનીભાવને પ્રાપ્ત થઈ જાય છે. (તે અવસ્થામાં) ગ્રાહ્યનો અભાવ થઈ જવાથી તે અગ્રહ (ગ્રહણ નહીં કરનાર) બની જાય છે. (૩૨)

शाङ्करभाष्यम् :- आत्मैव सत्यमात्मसत्यम्, मृत्तिकावत्, **'वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्'** (छा.उप. ६-१-४) इति श्रुतेः । तस्य शास्त्राचार्योपदेशमन्ववबोध आत्मसत्यानुबोधः । तेन संकल्प्याभावात्तन्न संकल्पयते दाह्याभावे ज्वलनमिवाग्नेः यदा यस्मिन्काले, तदा तस्मिन्काले अमनस्ताम् अमनोभावं याति; ग्राह्याभावे तत् मनः अग्रहं ग्रहणविकल्पनावर्जितमित्यर्थः ॥ ३२ ॥

શાંકરભાષ્ય :- "વાણીથી આરંભ થનાર વિકાર નામ માત્ર છે, મૃત્તિકા જ સત્ય છે." (છાં.ઉપ. ૬-૧-૪) આ શ્રુતિ અનુસાર મૃત્તિકાની જેમ આત્મા જ સત્ય છે. તે આત્મસત્યનું શાસ્ત્ર અને આચાર્યના ઉપદેશ પછી બોધ થવો એ જ આત્મસત્યાનુબોધ છે. તેનાથી સંકલ્પયોગ્ય વસ્તુનો અભાવ થઈ જવાથી, દાહ્ય વસ્તુનો અભાવ થઈ જવાથી અગ્નિના



દાહકત્વના અભાવની જેમ જે સમયે ચિત્ત સંકલ્પ કરતું નથી તે સમયે તે અમનસ્કતા અર્થાત્ અમનીભાવને પ્રાપ્ત થઈ જાય છે. ગ્રાહ્ય વસ્તુનો અભાવ થઈ જવાથી તે મન અગ્રહ અર્થાત્ ગ્રહણ વિકલ્પનાથી રહિત થઈ જાય છે. (૩૨)

⁂

यद्यसदिदं द्वैतम्, केन समञ्जसमात्मतत्त्वं विबुध्यत इति, उच्यते –

જો આ દ્વૈત અસત્ય છે તો પોતાના આત્મતત્ત્વનું જ્ઞાન કેવી રીતે થાય છે ? આ માટે કહે છે –

अकल्पकमजं ज्ञानं ज्ञेयाभिन्नं प्रचक्षते ।
ब्रह्म ज्ञेयमजं नित्यमजेनाजं विबुध्यते ॥ ३३ ॥

અનુવાદ :- તે સર્વકલ્પનાશૂન્ય અજન્મા જ્ઞાનને (જ્ઞાનીઓ) જ્ઞેય બ્રહ્મથી અભિન્ન બતાવે છે. બ્રહ્મ જેનો વિષય છે તે જ્ઞાન અજન્મા અને નિત્ય છે. તે અજન્મા(જ્ઞાન)થી અજન્મા (આત્મતત્ત્વ) જાણવામાં આવે છે. (૩૩)

शाङ्करभाष्यम् :- अकल्पकं सर्वकल्पनावर्जितम्, अत एव अजं ज्ञानं ज्ञप्तिमात्रं ज्ञेयेन परमार्थसता ब्रह्मणा अभिन्नं प्रचक्षते कथयन्ति ब्रह्मविदः । न हि विज्ञातुर्विज्ञातेर्विपरिलोपो विद्यते अग्न्युष्णवत्, **'विज्ञानमानन्दं ब्रह्म'** (बृ.उप. ३-९-२८) **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म'** (तै.उप. २-१) इत्यादिश्रुतिभ्यः । ★ तस्यैव विशेषणम् - ब्रह्म ज्ञेयं यस्य, स्वस्थं तदिदं ब्रह्म ज्ञेयम् औष्ण्यस्येवाग्निवदभिन्नम्, तेन आत्मस्वरूपेण अजेन ज्ञानेन अजं ज्ञेयमात्मतत्त्वं स्वयमेव विबुध्यते अवगच्छति । नित्यप्रकाशस्वरूप इव सविता नित्यविज्ञानैकरसघनत्वान्न ज्ञानान्तरमपेक्षत इत्यर्थः ॥ ३३ ॥

શાંકરભાષ્ય :- અકલ્પક - સંપૂર્ણ કલ્પનાઓથી રહિત એટલે કે અજન્મા અર્થાત્ જ્ઞપ્તિમાત્ર જ્ઞાનને બ્રહ્મને જાણનારાઓ જ્ઞેય એટલે કે પરમાર્થસત્ સ્વરૂપ બ્રહ્મથી અભિન્ન બતાવે છે. અગ્નિની ઉષ્ણતા સમાન વિજ્ઞાતાના જ્ઞાનનો કદી લોપ થતો નથી. **'(બ્રહ્મ) વિજ્ઞાન અને આનંદસ્વરૂપ છે.'** (બૃ.ઉપ. ૩-૯-૨૮) **'બ્રહ્મ સત્ય જ્ઞાન અને અનંત છે.'** (તૈ.ઉપ. ૨-૧) વગેરે શ્રુતિઓથી આ વાત સિદ્ધ થાય છે.

તે(જ્ઞાન)ના જ વિશેષણ બતાવે છે. 'ब्रह्म ज्ञेयं' અર્થાત્ બ્રહ્મ જેનું જ્ઞેય છે તે જ્ઞાન અગ્નિની ઉષ્ણતાની જેમ બ્રહ્મથી અભિન્ન છે. તે આત્મસ્વરૂપ અજન્મા જ્ઞાનથી અજન્મા જ્ઞેય રૂપ આત્મતત્ત્વ સ્વયં જાણી શકાય છે. તાત્પર્ય આ છે કે નિત્યપ્રકાશસ્વરૂપ સૂર્યની જેમ નિત્ય-વિજ્ઞાનૈકરસ-ઘન હોવાને કારણે આ કોઈ અન્ય જ્ઞાનની અપેક્ષા રાખવું નથી. (૩૩)

⁂

आत्मसत्यानुबोधेन संकल्पमकुर्वत् बाह्यविषयाभावे निरिन्धनाग्निवत्प्रशान्तं सत् निगृहीतं निरुद्धं मनो भवतीत्युक्तम् । एवं च मनसो ह्यमनीभावे द्वैताभावश्चोक्तः । तस्यैवं –

આત્મસત્યની ઉપલબ્ધિ થવાથી સંકલ્પ ન કરતાં ચિત્ત, બાહ્ય વિષયોનો અભાવ થઈ જવાથી, ઈંધન રહિત અગ્નિની જેમ શાંત થઈ નિગૃહિત અર્થાત્ નિરુદ્ધ થઈ જાય છે - એવું કહેવામાં આવ્યું. આવી રીતે મનનો અમનીભાવ થઈ જવાથી દ્વૈતનો પણ અભાવ બતાવવામાં આવ્યો. તે આ પ્રકારે –

निगृहीतस्य मनसो निर्विकल्पस्य धीमतः ।
प्रचारः स तु विज्ञेयः सुषुप्तेऽन्यो न तत्समः ॥ ३४ ॥

અનુવાદ :- નિગૃહીત, નિર્વિકલ્પ અને વિવેકસંપન્ન ચિત્તનો જે વ્યાપાર છે તે (વિશેષરૂપે) જાણવા યોગ્ય છે. સુષુપ્તિ-અવસ્થામાં જે ચિત્તની વૃત્તિ છે તે અન્ય પ્રકારની છે. તે તે(નિરુદ્ધાવસ્થા)ના જેવી નથી. (૩૪)

शाङ्करभाष्यम् :- निगृहीतस्य निरुद्धस्य मनसः निर्विकल्पस्य सर्वकल्पनावर्जितस्य धीमतः विवेकवतः प्रचरणं प्रचारो यः, स तु प्रचारः विशेषेण ज्ञेयो विज्ञेयो योगिभिः । ★ ननु सर्वप्रत्ययाभावे यादृशः सुषुप्तिस्थस्य मनसः प्रचारः, तादृश एव निरुद्धस्यापि, प्रत्ययाभावाविशेषात्; किं तत्र विज्ञेयमिति । ★ अत्रोच्यते - नैवम्, यस्मात्सुषुप्ते अन्यः प्रचारोऽविद्या-मोहतमोग्रस्तस्य अन्तर्लीनानेकानर्थप्रवृत्तिबीजवासनावतो मनसः आत्मसत्यानुबोधहुताशविप्लुष्टाविद्याद्यनर्थप्रवृत्तिबीजस्य निरुद्धस्य अन्य एव प्रशान्तसर्वक्लेशरजसः स्वतन्त्रः प्रचारः । अतो न तत्समः । तस्माद्युक्तः स विज्ञातुमित्यभिप्रायः ॥ ३४ ॥



શાંકરભાષ્ય :- નિગૃહિત - રોકવામાં આવેલા, નિર્વિકલ્પ - સર્વ પ્રકારની કલ્પનાઓથી રહિત અને ધીમાન્ - વિવેકસંપન્ન ચિત્તનો જે પ્રચાર-વ્યાપાર છે, યોગીઓએ તેનો તે વ્યાપાર વિશેષરૂપે જાણવો જોઈએ.

પૂર્વપક્ષી :- સર્વ પ્રકારની પ્રતીતિઓનો અભાવ થઈ જવાથી જેવો વ્યાપાર સુષુપ્તિસ્થ ચિત્તનો હોય છે તેવો જ નિરુદ્ધનો પણ થશે કારણ કે પ્રતીતિનો અભાવ બન્ને અવસ્થાઓમાં સરખો છે. તેમાં વિશેષ રૂપે જાણવા યોગ્ય કઈ વાત છે ?

સિદ્ધાન્તી :- આ(વિષય)માં કહેવામાં આવે છે કે એવી વાત નથી, કારણ કે સુષુપ્તિમાં અવિદ્યા-મોહરૂપ અંધકારથી ગ્રસ્ત થયેલા તથા જેની અંદર અનેક અનર્થમય પ્રવૃત્તિની બીજભૂત વાસનાઓ લીન થઈ છે એવા મનનો વ્યાપાર બીજા પ્રકારનો છે અને આત્મસત્યના બોધરૂપ અગ્નિથી જેની અવિદ્યારૂપી અનર્થમય પ્રવૃત્તિનું બીજ બળી ગયું છે તથા જેના સર્વ પ્રકારના ક્લેશરૂપ દોષ શાંત થઈ ગયા છે તે નિરુદ્ધ ચિત્તનો સ્વતંત્ર પ્રચાર બીજા જ પ્રકારનો છે. માટે તે તેના જેવું નથી. એટલા માટે તાત્પર્ય આ છે કે તેનું જ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરવું જોઈએ. (૩૪)

❖

प्रचारभेदे हेतुमाह – તે બન્નેના પ્રચારભેદમાં હેતુ બતાવે છે –

लीयते हि सुषुप्तौ तन्निगृहीतं न लीयते ।
तदेव निर्भयं ब्रह्म ज्ञानालोकं समन्ततः ॥ ३५ ॥

અનુવાદ :- સુષુપ્તિ અવસ્થામાં મન (અવિદ્યામાં) લીન થઈ જાય છે, પરંતુ નિરુદ્ધ થવાથી તે તેમાં લીન થતું નથી. તે સમયે તો બધી બાજુથી ચિત્પ્રકાશમય નિર્ભય બ્રહ્મ જ રહે છે. (૩૫)

शाङ्करभाष्यम् :- लीयते सुषुप्तौ हि यस्मात्सर्वाभिरविद्यादिप्रत्ययबीजवासनाभिः सह तमोरूपम् अविशेषरूपं बीजभावमापद्यते तद्विवेकविज्ञानपूर्वकं निगृहीतं निरुद्धं सत् न लीयते तमोबीजभावं नापद्यते । तस्माद्युक्तः प्रचारभेदः सुषुप्तस्य समाहितस्य मनसः । ★ यदा ग्राह्यग्राहकाविद्याकृतमलद्वयवर्जितम्, तदा परमद्वयं ब्रह्मैव तत्संवृत्तमित्यतः तदेव निर्भयम्, द्वैतग्रहणस्य भयनिमित्तस्याभावात् । शान्तमभयं ब्रह्म यद्विद्वान्न बिभेति कुतश्चन । ★ तदेव विशेष्यते - ज्ञप्तिर्ज्ञानम् आत्मस्वभावचैतन्यम्, तदेव ज्ञानमालोकः प्रकाशो यस्य, तद्ब्रह्म ज्ञानालोकं विज्ञानैकरसघनमित्यर्थः । समन्ततः समन्तात्; सर्वतो व्योमवन्नैरन्तर्येण व्यापकमित्यर्थः ॥ ३५ ॥

શાંકરભાષ્ય :- કારણ કે સુષુપ્તિમાં મન અવિદ્યા વગેરે સંપૂર્ણ પ્રતીતિઓની બીજભૂતા વાસનાઓ સહિત તમઃ સ્વભાવ અવિશેષરૂપ બીજભાવને પ્રાપ્ત થઈ જાય છે અને તેનો વિવેકયુક્ત જ્ઞાનપૂર્વક નિરુદ્ધ કરવામાં આવતાં તે લીન થતું નથી, અર્થાત્ અજ્ઞાનરૂપ બીજભાવને પ્રાપ્ત થતું નથી. માટે સુષુપ્ત અને સમાહિત ચિત્તનો પ્રચાર ભેદ યોગ્ય છે.

જ્યારે ચિત્ત ગ્રાહ્ય-ગ્રાહક રૂપ અવિદ્યાથી થનાર બંને પ્રકારના મળથી રહિત થઈ જાય છે ત્યારે તે પરમ અદ્વિતીય બ્રહ્મરૂપ જ થઈ જાય છે. માટે દ્વૈતગ્રહણરૂપ ભયના કારણનો અભાવ થઈ જવાથી (તે અવસ્થામાં) તે નિર્ભય થાય છે. બ્રહ્મ શાંત અને અભયરૂપ છે, જેને જાણવાથી પુરુષ કોઈથી ડરતો નથી.

તેનું વિશેષણ બતાવી રહ્યા છે - જ્ઞાનનો અર્થ જ્ઞપ્તિ અર્થાત્ આત્મસ્વરૂપ ચૈતન્ય છે, તે જ્ઞાન જ જેનો આલોક એટલે પ્રકાશ છે તે બ્રહ્મ જ્ઞાનલોક અર્થાત્ વિજ્ઞાનૈકરસસ્વરૂપ છે. समन्ततः = બધી બાજુ અર્થાત્ આકાશસમાન નિરંતરરૂપે બધી બાજુ વ્યાપક છે. (૩૫)

❖

अजमनिद्रमस्वप्नमनामकमरूपकम् ।
सकृद्विभातं सर्वज्ञं नोपचारः कथंचन ॥ ३६ ॥

અનુવાદ :- તે બ્રહ્મ જન્મરહિત (અજ્ઞાન રૂપ) નિદ્રારહિત, સ્વપ્નશૂન્ય, નામરૂપથી રહિત, નિત્ય, પ્રકાશ સ્વરૂપ અને સર્વજ્ઞ છે, તેમાં કોઈપણ પ્રકારનું કર્તવ્ય નથી. (૩૬)

शाङ्करभाष्यम् :- जन्मनिमित्ताभावात्सबाह्याभ्यन्तरम् अजम्; अविद्यानिमित्तं हि जन्म रज्जुसर्पवदित्यवोचाम । सा

चाविद्या आत्मसत्यानुबोधेन निरुद्धा यतः, अतः अजम्, अत एव अनिद्रम् । अविद्यालक्षणानादिर्मायानिद्रास्वापात्प्रबुद्धम् अद्वयस्वरूपेणात्मना; अतः अस्वप्नम् । अप्रबोधकृते ह्यस्य नामरूपे; प्रबोधाच्च ते रज्जुसर्पवद्विनष्टे । न नाम्नाभिधीयते ब्रह्म, रूप्यते वा न केनचित्प्रकारेण इति अनामकम् अरूपकं च तत्, **'यतो वाचो निवर्तन्ते'** (तै.उप. २-४-१) इत्यादिश्रुतेः । ★ किंच, सकृद्विभातं सदैव विभातं सदा भारूपम्, अग्रहणान्यथाग्रहणाविर्भावतिरोभाववर्जितत्वात् । ग्रहणाग्रहणे हि रात्र्यहनीं; तमश्चाविद्यालक्षणं सदा अप्रभातत्वे कारणम् । तदभावान्नित्यचैतन्यभारूपत्वाच्च युक्तं सकृद्विभातमिति । अत एव सर्वं च तत् ज्ञप्तिस्वरूपं चेति सर्वज्ञम् । नेह ब्रह्मण्येवंविधे उपचरणमुपचारः कर्तव्यः, यथा अन्येषामात्मस्वरूपव्यतिरेकेण समाधानाद्युपचारः । नित्यशुद्धबुद्धमुक्तस्वभावत्वाद्ब्रह्मणः कथंचन न कथंचिदपि कर्तव्यसंभवः अविद्यानाशे इत्यर्थः ॥ ३६ ॥

શાંકરભાષ્ય :- જન્મના કારણનો અભાવ હોવાથી બ્રહ્મ બાહ્ય અંદરથી અને અજન્મા છે. રજ્જુમાં સર્પની જેમ જીવનો જન્મ અવિદ્યાને કારણે છે - એવું અમે પહેલાં કહી ચૂક્યા છીએ. કારણ કે આત્મસત્યનો અનુભવ થવાથી તે અવિદ્યાનો નિરોધ થઈ ગયો છે. એટલા માટે બ્રહ્મ અજન્મા છે અને તેથી અનિદ્ર પણ છે. અહીં સવિદ્યારૂપી અનાદિ માયા જ નિદ્રા છે. પોતાના અદ્વય સ્વરૂપથી તે સ્વપ્નમાંથી જાગેલો છે, એટલા માટે અસ્વપ્ન છે. તેના નામરૂપ પણ અજ્ઞાનના જ કારણે છે. જ્ઞાન થઈ જવાથી તે રજ્જુમાં પ્રતીત થનાર સર્પની જેમ નષ્ટ થઈ જાય છે. માટે બ્રહ્મનું કોઈ નામ દ્વારા કથન કરવામાં આવતું નથી અને ન તો કોઈ પ્રકારે તેનું રૂપ બતાવવામાં આવે છે, એટલા માટે તે અનામ અને અરૂપ છે, જેમ કે 'જ્યાંથી વાણી પછી આવે છે' (તૈ.ઉપ. ૨-૪-૧) વગેરે શ્રુતિથી સિદ્ધ થાય છે.

અને વળી, તે અગ્રહણ, અન્યથા ગ્રહણ તથા આવિર્ભાવ-તિરોભાવથી રહિત હોવાને કારણે સકૃદ્વિભાત - સદાય ભાસમાસ અર્થાત્ નિત્યપ્રકાશ સ્વરૂપ છે. ગ્રહણ અને અગ્રહણ જ રાત્રિ અને દિવસ છે તથા અવિદ્યારૂપ અંધકાર જ સર્વદા બ્રહ્મના પ્રકાશિત ન હોવામાં કારણરૂપ છે. તેનો અભાવ થવાથી અને નિત્યચૈતન્યસ્વરૂપ હોવાથી બ્રહ્મનું નિત્યપ્રકાશસ્વરૂપ હોવું યોગ્ય છે. માટે બધી બાજુથી જ્ઞાપ્તિરૂપ હોવાથી તે સર્વજ્ઞ છે. આ પ્રકારના બ્રહ્મમાં કોઈ ઉપચાર એટલે કે કર્તવ્ય નથી, જેવી રીતે કે બીજાને આત્મસ્વરૂપથી ભિન્ન સમાધિ વગેરે કર્તવ્ય છે. તાત્પર્ય આ છે કે બ્રહ્મ નિત્ય-શુદ્ધ-બુદ્ધ-મુક્તસ્વભાવનું હોવાથી અવિદ્યાનો નાશ થઈ જવાથી વિદ્વાનનું કોઈપણ કર્તવ્ય રહેવું શક્ય નથી. (૩૬)

◆

अनामकत्वाद्युक्तार्थसिद्धये हेतुमाह — અનામકત્વ વગેરે ઉપર્યુક્ત અર્થની સિદ્ધિ માટે કારણ બતાવે છે —

सर्वाभिलापविगतः सर्वचिन्तासमुत्थितः ।
सुप्रशान्तः सकृज्ज्योतिः समाधिरचलोऽभयः ॥ ३७ ॥

અનુવાદ :- તે (બ્રહ્મ) સર્વ પ્રકારના વાક્ વ્યાપારથી રહિત, સર્વ પ્રકારના ચિંતન (અન્તઃકરણના વ્યાપાર)થી ઉપર ઊઠેલું, અત્યંત શાંત, નિત્યપ્રકાશ, સમાધિસ્વરૂપ, અચલ અને નિર્ભય છે. (૩૭)

शाङ्करभाष्यम् :- अभिलप्यते अनेनेति अभिलापः वाक्करणं सर्वप्रकारस्याभिधानस्य, तस्माद्विगतः; वागत्रोपलक्षणार्था, सर्वबाह्यकरणवर्जित इत्येतत् । ★ तथा, सर्वचिन्तासमुत्थितः, चिन्त्यते अनयेति चिन्ता बुद्धिः, तस्याः समुत्थितः, अन्तःकरणविवर्जित इत्यर्थः, **'अप्राणो ह्यमनाः शुभ्रः' 'अक्षरात्परतः परः'** (मु.उप. २-१-२) इत्यादिश्रुतेः । ★ यस्मात्सर्वविषयवर्जितः, अतः सुप्रशान्तः । सकृज्ज्योतिः सदैव ज्योतिः आत्मचैतन्यस्वरूपेण । समाधिः समाधिनिमित्तप्रज्ञावगम्यत्वात्; समाधीयते अस्मिन्निति वा समाधिः । अचलः अविक्रियः । अत एव अभयः विक्रियाभावात् ॥ ३७ ॥

શાંકરભાષ્ય :- જેના દ્વારા શબ્દોચ્ચારણ કરવામાં આવે છે તે 'અભિલાપ' અર્થાત્ 'વાક્' છે, જે સર્વ પ્રકારના શબ્દોચ્ચારણનું સાધન છે, તેનાથી રહિત. અહીં વાગીન્દ્રિય ઉપલક્ષણને માટે છે, માટે તાત્પર્ય એ છે કે તે સર્વ પ્રકારની બાહ્ય ઇન્દ્રિયોથી રહિત છે.

વળી સર્વ પ્રકારની ચિંતાથી ઉપર ઉઠેલું છે. જેનાથી ચિંતન કરવામાં આવે છે તે બુદ્ધિ જ ચિંતા છે, તેનાથી ઉઠેલું છે અર્થાત્ અતઃકરણથી રહિત છે, જેમ કે **'પ્રાણરહિત, મનોરહિત અને શુદ્ધ છે તથા પર અક્ષરથી પણ પર છે.'** (મુ.ઉપ. ૨-૧-૨) વગેરે શ્રુતિઓ દ્વારા પ્રમાણિત થાય છે.

કારણ કે તે સંપૂર્ણ વિષયોથી રહિત છે એટલા માટે અત્યંત શાંત છે, સકૃત જ્યોતિ અર્થાત્ આત્મચૈતન્યરૂપે સદાય પ્રકાશસ્વરૂપ છે, સમાધિના કારણે થનારી પ્રજ્ઞાથી ઉપલબ્ધ હોવાને કારણે સમાધિ છે, અથવા આમાં ચિત્ત સમાહિત કરવામાં આવે છે એટલા માટે તેને સમાધિ કહે છે, અચલ અર્થાત્ અવિકારી છે અને તેનાથી વિકારનો અભાવ હોવાથી જ અભય છે. (૩૭)

◆

यस्माद्ब्रह्मैव 'समाधिरचलोऽभयः' इत्युक्तम् –

કારણ કે બ્રહ્મ જ 'સમાધિસ્વરૂપ, અચલ અને અભય છે.' એમ કહેવામાં આવ્યું છે, એટલા માટે –

ग्रहो न तत्र नोत्सर्गश्चिन्ता यत्र न विद्यते ।
आत्मसंस्थं तदा ज्ञानमजाति समतां गतम् ॥ ३८ ॥

અનુવાદ :- જે(બ્રહ્મપદ)માં કોઈ પ્રકારનું ચિંતન નથી તેમાં કોઈ પ્રકારે ગ્રહણ અને ત્યાગ પણ નથી. તે અવસ્થામાં આત્મનિષ્ઠ જ્ઞાન જન્મરહિત અને સમતાને પ્રાપ્ત થાય છે. (૩૮)

शाङ्करभाष्यम् :- अतः न तत्र तस्मिन्ब्रह्मणि ग्रहः ग्रहणमुपादानम्, न उत्सर्गः उत्सर्जनं हानं वा विद्यते । यत्र हि विक्रिया तद्विषयत्वं वा, तत्र हानोपादाने स्याताम्; न तद्द्वयमिह ब्रह्मणि संभवति, विकारहेतोरन्यस्याभावान्निरवयवत्वाच्च; अतो न तत्र हानोपादाने संभवतः । चिन्ता यत्र न विद्यते, सर्वप्रकारैव चिन्ता न संभवति यत्र अमनस्त्वात्, कुतस्तत्र हानोपादाने इत्यर्थः । ★ यदैव आत्मसत्यानुबोधो जातः, तदैव आत्मसंस्थं विषयाभावादग्न्युष्णवदात्मन्येव स्थितं ज्ञानम्, अजाति जातिवर्जितम्, समतां गतम् परं साम्यमापन्नं भवति । ★ यदादौ प्रतिज्ञातम् 'अतो वक्ष्याम्यकार्पण्यमजाति समतां गतम्' इति, इदं तदुपपत्तितः शास्त्रतश्चोक्तमुपसंह्रियते – अजाति समतां गतमिति । एतस्मादात्मसत्यानुबोधात्कार्पण्यविषयमन्यत्, **'यो वा एतदक्षरं गार्ग्यविदित्वास्माल्लोकात्प्रैति स कृपणः'** (बृ.उप. ३-८-१०) इति श्रुतेः । प्राप्यैतत्सर्वः कृतकृत्यो ब्राह्मणो भवतीत्यभिप्रायः ॥ ३८ ॥

શાંકરભાષ્ય :- ત્યાં તે બ્રહ્મમાં ન તો ગ્રહ-ગ્રહણ એટલે સ્વીકાર છે અને ન તો ઉત્સર્ગ ઉત્સર્જન અર્થાત્ ત્યાગ છે. જ્યાં વિકાર અથવા તેનો વિષય હોવાપણું (વિકૃત થવાની યોગ્યતા) હોય છે ત્યાં ગ્રહણ અને ત્યાગ પણ રહે છે, પરંતુ અહીં બ્રહ્મમાં તે બંનેની સંભાવના નથી, કારણ કે તેમાં વિકારનું કારણ એવો કોઈ અન્ય પદાર્થ નથી અને તે સ્વયં નિરવયવ છે. એટલા માટે તાત્પર્ય આ છે કે તેમાં ગ્રહણ અને ત્યાગ પણ સંભવ નથી. જ્યાં ચિંતા નથી અર્થાત્ મનોરહિત હોવાને કારણે જેમાં કોઈ પ્રકારની ચિંતા શક્ય નથી તો ત્યાં ત્યાગ અને ગ્રહણ કેવી રીતે રહી શકે ?

જ્યારે પણ આત્મસત્યનો બોધ થાય છે ત્યારે આત્માસંસ્થ અર્થાત્ વિષયનો અભાવ હોવાને કારણે અગ્નિની ઉષ્ણતા સમાન આત્મામાં જ રહેલા જ્ઞાન અજાતિ-જન્મરહિત અને ઉત્તમ પ્રકારનું સામ્ય પ્રાપ્ત થઈ જાય છે.

પહેલાં (આ પ્રકરણના બીજા શ્લોકમાં) જે પ્રતિજ્ઞા કરી હતી કે 'એટલા માટે હું સમાન ભાવને પ્રાપ્ત થયેલ, અજન્મા અકૃપણતાનું વર્ણન કરીશ' તે પૂર્વે કથનનું જ અહીં 'अजाति समतां गतम्' એવું કહીને યુક્તિ અને શાસ્ત્રદ્વારા ઉપસંહાર કરવામાં આવ્યો છે. **'હે ગાર્ગી, જે પુરુષ આ અક્ષર બ્રહ્મને જાણ્યા વિના જ આ લોકમાંથી ચાલ્યા જાય છે તે કૃપણ છે.'** (બૃ.ઉપ. ૩-૮-૧૦) આ શ્રુતિ અનુસાર કૃપણતાનો વિષય તો આ આત્મસત્યના બોધથી ભિન્ન જ છે. તાત્પર્ય આ છે કે આ તત્ત્વને પ્રાપ્ત કરી લેવાથી તો હર કોઈ કૃતકૃત્ય બ્રાહ્મણ (એટલે બ્રહ્મનિષ્ઠ) થઈ જાય છે. (૩૮)

◆

यद्यपीदमित्थं परमार्थतत्त्वम् – જો આ પરમાર્થ તત્ત્વ એવું છે. (તથાપિ) –

अस्पर्शयोगो वै नाम दुर्दर्शः सर्वयोगिणाम् ।
योगिनो बिभ्यति ह्यस्मादभये भयदर्शिनः ॥ ३९ ॥

અનુવાદ :- (સર્વ પ્રકારના સ્પર્શથી રહિત) આ અસ્પર્શયોગ નિશ્ચય જ સઘળા યોગીઓને માટે કઠિનતાથી જોઈ શકાય તેવો છે. આ અભય પદમાં ભય જોનાર યોગી લોકો તેનાથી ભય પામે છે. (૩૯)

शाङ्करभाष्यम् :- अस्पर्शयोगो नाम अयं सर्वसंबन्धाख्यस्पर्शवर्जितत्वात् अस्पर्शयोगो नाम वै स्मर्यते प्रसिद्ध उपनिषत्सु । दुःखेन दृश्यत इति दुर्दर्शः सर्वयोगिणाम् वेदान्तविज्ञानरहितानाम्; आत्मसत्यानुबोधायासलभ्य एवेत्यर्थः । ★ योगिनः बिभ्यति हि अस्मात्सर्वभयवर्जितादपि आत्मनाशरूपमिमं योगं मन्यमाना भयं कुर्वन्ति, अभये अस्मिन् भयदर्शिनः भयनिमित्तात्मनाशदर्शनशीलाः अविवेकिनः इत्यर्थः ॥ ३९ ॥

શાંકરભાષ્ય :- આ અસ્પર્શયોગ નામવાળો અર્થાત્ સર્વ સંબધરૂપ સ્પર્શથી રહિત હોવાને કારણે આ ઉપનિષદોમાં અસ્પર્શયોગ નામથી પ્રસિદ્ધ થઈને તેનું સ્મરણ કરવામાં આવ્યું છે. આ વેદાંત વિજ્ઞાનથી રહિત સર્વ યોગીઓને મુશ્કેલીથી દેખાય છે, એટલા માટે તેમના માટે દુર્દર્શ છે. તાત્પર્ય આ છે કે આ એકમાત્ર આત્મસત્યના અનુભવ અને (શ્રવણ મનન તેમજ પ્રાણાયામાદિ) આયાસો (પ્રયત્નો) દ્વારા જ પ્રાપ્ત કરવા યોગ્ય છે.

કારણ કે સંપૂર્ણ ભયથી રહિત થવાથી જ આ યોગને આત્મનાશરૂપ માનનારા આ અભયયોગમાં ભય જોનારા ભયનું નિમિત્ર માત્ર આત્મનાશ જોનારા અર્થાત્ અવિવેકી લોકો આનાથી ભય પામે છે. (૩૯)

◆

शाङ्करभाष्यम् :- येषां पुनर्ब्रह्मस्वरूपव्यतिरेकेण रज्जुसर्पवत्कल्पितमेव मन इन्द्रियादि च न परमार्थतो विद्यते, तेषां ब्रह्मस्वरूपाणामभयं मोक्षाख्या च अक्षया शान्तिः स्वभावत एव सिद्धा, नान्यायत्ता, 'नोपचारः कथंचन' इत्युक्तेः; ये त्वतोऽन्ये योगिनो मार्गगा हीनमध्यमदृष्टयो मनोऽन्यदात्मव्यतिरिक्तमात्मसंबन्धि पश्यन्ति, तेषामात्मसत्यानुबोधरहितानाम् –

શાંકરભાષ્ય :- જેની દૃષ્ટિમાં બ્રહ્મસ્વરૂપથી ભિન્ન મન અને ઇન્દ્રિય વગેરે રજ્જુમાં સર્પની જેમ કલ્પિત જ છે. પરમાર્થતઃ છે જ નહી, તે બ્રહ્મભૂતોની નિર્ભયતા અને મોક્ષ નામની અક્ષય શાંતિ તો સ્વભાવથી જ સિદ્ધ હોય છે, કોઈ અન્યને આધીન નથી, જેમ કે તેના માટે કોઈ પણ કર્તવ્ય નથી. એવું અમે પહેલા (છત્રીમા શ્લોકમાં) કહી ગયા છીએ. પરંતુ જે આનાથી ભિન્ન પરમાર્થપથમાં ચાલનારા હીન અને મધ્યમ દૃષ્ટિવાળા યોગી મનને આત્માથી ભિન્ન આત્માનું સંબંધી માને છે, તે આત્મસત્યના બોધથી રહિત –

मनसो निग्रहायत्तमभयं सर्वयोगिणाम् ।
दुःखक्षयः प्रबोधश्चाप्यक्षया शान्तिरेव च ॥ ४० ॥

અનુવાદ :- સમસ્ત યોગીઓના અભય, દુઃખક્ષય, પ્રબોધ અને અક્ષય શાંતિ મનના નિગ્રહને જ આધીન છે. (૪૦)

शाङ्करभाष्यम् :- मनसो निग्रहायत्तमभयं सर्वेषां योगिनाम् । किंच, दुःखक्षयोऽपि । न ह्यात्मसंबन्धिनि मनसि प्रचलिते दुःखक्षयोऽस्त्यविवेकिनाम् । किंच, आत्मप्रबोधोऽपि मनोनिग्रहायत्त एव । तथा, अक्षयापि मोक्षाख्या शान्तिस्तेषां मनोनिग्रहायत्तैव ॥ ४० ॥

શાંકરભાષ્ય :- સમસ્ત યોગીઓના અભય મનના નિગ્રહને આધીન છે. આ જ નહીં, દુઃખક્ષય પણ (મનોનિગ્રહને જ આધીન છે) કારણ કે આત્મા સાથે સંબંધ રાખનારા મનના ચલાયમાન રહેવાથી અવિવેકી પુરુષોનો દુઃખક્ષય થઈ શકતો નથી. તેના સિવાય તેનું આત્મજ્ઞાન પણ મનના નિગ્રહને જ આધીન છે. તથા તેની મોક્ષ નામની અક્ષય શાંતિ પણ મનોનિગ્રહને જ આધીન છે. (૪૦)

◆

उत्सेक उदधेर्यद्वत्कुशाग्रेणैकबिन्दुना ।
मनसो निग्रहस्तद्वद्भवेदपरिखेदतः ॥ ४१ ॥

અનુવાદ :- જેવી રીતે (ઉદ્વેગ છોડીને) કુશના અગ્રભાગથી એક એક બિંદુ દ્વારા સમુદ્રને ઉલેચી શકાય છે તેવી રીતે બધા પ્રકારની ખિન્નતાનો ત્યાગ કરવાથી મનનો નિગ્રહ થઈ શકે છે. (૪૧)

शाङ्करभाष्यम् :- मनोनिग्रहोऽपि तेषाम् उदधेः कुशाग्रेण एकबिन्दुना उत्सेचनेन शोषणव्यवसायवत् व्यवसायवतामनवसन्नान्तःकरणानामनिर्वेदात् अपरिखेदतः भवतीत्यर्थः ॥ ४१ ॥



શાંકરભાષ્ય :- કુશના અગ્રભાગથી એક એક બિંદુ દ્વારા સમુદ્રને ઉલેચવું અર્થાત્ સુકવવાના પ્રયત્નની જેમ અખિન્નચિત્ત અને ઉદ્યમશીલ રહેનારા તે યોગીઓના મનનો નિગ્રહ પણ ખેદશૂન્ય રહેવાથી જ થાય છે - આ આનું તાત્પર્ય છે. (૪૧)

⁂

किमपरिखिन्नव्यवसायमात्रमेव मनोनिग्रहे उपायः ? नेत्युच्यते –

તો શું ખેદરહિત પ્રયત્ન જ મનોનિગ્રહનો ઉપાય છે ? આ માટે કહે છે - 'ના'.

उपायेन निगृह्णीयाद्विक्षिप्तं कामभोगयोः ।
सुप्रसन्नं लये चैव यथा कामो लयस्तथा ॥ ४२ ॥

અનુવાદ :- કામ અને ભાગોમાં વિક્ષિપ્ત થયેલા ચિત્તનો ઉપાયપૂર્વક નિગ્રહ કરવો જોઈએ તથા લયાવસ્થામાં અત્યંત પ્રસન્નતાને પ્રાપ્ત થયેલા ચિત્તનો પણ નિગ્રહ કરવો જોઈએ. કારણ કે જેવો (અનર્થકારક) કામ છે તેવો જ લય છે. (૪૨)

शाङ्करभाष्यम् :- अपरिखिन्नव्यवसायवान्सन्, वक्ष्यमाणेनोपायेन कामभोगविषयेषु विक्षिप्तं मनो निगृह्णीयात् निरुन्ध्यादात्मन्येवेत्यर्थः । किंच, लीयतेऽस्मिन्निति सुषुप्तो लयः; तस्मिन् लये च सुप्रसन्नम् आयासवर्जितमपीत्येतत्, निगृह्णीयादित्यनुवर्तते । ★ सुप्रसन्नं चेत्कस्मान्निगृह्यत इति, उच्यते; यस्मात् यथा कामः अनर्थहेतुः, तथा लयोऽपि; अतः कामविषयस्य मनसो निग्रहवल्लयादपि निरोद्धव्यमित्यर्थः ॥ ४२ ॥

શાંકરભાષ્ય :- થાક્યા વિના ઉદ્યોગશીલ બનીને આગળ કહેવામાં આવેલા ઉપાયથી કામ અને ભોગરૂપ વિષયોમાં વિક્ષિપ્ત થયેલા ચિત્તનો નિગ્રહ કરવો જોઈએ, અર્થાત્ તેનો આત્મામાં જ નિરોધ કરવો જોઈએ, તથા જે અવસ્થામાં ચિત્ત લીન થઈ જાય છે તે સુષુપ્તિનું નામ લય છે, તે લયાવસ્થામાં અત્યંત પ્રસન્ન અર્થાત્ આયાસરહિત સ્થિતિને પ્રાપ્ત થયેલા ચિત્તનો પણ નિગ્રહ કરવો જોઈએ. અહીં निगृह्णियात् આ પદની અનુવૃત્તિ કરવામાં આવે છે.

જો તે અવસ્થામાં ચિત્ત અત્યંત પ્રસન્ન થઈ જાય છે તો તેનો નિગ્રહ કેમ કરવો જોઈએ ? આ માટે કહેવામાં આવે છે - કારણ કે જેવી રીતે કામ અનર્થનું કારણ છે તેવી રીતે લય પણ (અનર્થનું કારણ) છે, એટલા માટે તાત્પર્ય આ છે કે કામવિષયક મનના નિગ્રહની જેમ તેનો લયથી પણ નિરોધ કરવો જોઈએ. (૪૨)

⁂

कः स उपाय इति, उच्यते – તે ઉપાય કયો છે ? તે કહે છે –

दुःखं सर्वमनुस्मृत्य कामभोगान्निवर्तयेत् ।
अजं सर्वमनुस्मृत्य जातं नैव तु पश्यति ॥ ४३ ॥

અનુવાદ :- સંપૂર્ણ (દ્વૈત) દુઃખરૂપ છે એવું નિરંતર સ્મરણ કરતાં ચિત્તને કામજનિત ભોગોથી દૂર કરવું જોઈએ. અજન્માનું સ્મરણ કરતાં કરતાં (ફરીથી કોઈ દ્વૈતરૂપે) જન્મેલને જોતું નથી. (૪૩)

शाङ्करभाष्यम् :- सर्वं द्वैतमविद्याविजृम्भितं दुःखमेव इत्यनुस्मृत्य कामभोगात् कामनिमित्तो भोगः इच्छाविषयः तस्मात् विप्रसृतं मनो निवर्तयेत् वैराग्यभावनयेत्यर्थः । अजं ब्रह्म सर्वम् इत्येतच्छास्त्राचार्योपदेशतः अनुस्मृत्य तद्विपरीतं द्वैतजातं नैव तु पश्यति अभावात् ॥ ४३ ॥

શાંકરભાષ્ય :- અવિદ્યાથી પ્રતીત થનાર સર્વ દ્વૈત દુઃખરૂપ જ છે. એવું નિરંતર સ્મરણ કરતાં કરતાં કામ ભોગથી કામના નિમિત્તથી થનાર ભોગથી અર્થાત્ ઈચ્છા જનિત વિષયથી તેનામાં ફેલાયેલાં ચિત્તને વૈરાગ્યભાવના દ્વારા પાછું વાળવું જોઈએ. આ એનું તાત્પર્ય છે. પછી આ સર્વ અજન્મા બ્રહ્મ જ છે એવું શાસ્ત્ર અને આચાર્યોના ઉપદેશાનુસાર નિરંતર સ્મરણ કરતાં કરતાં તેનાથી વિપરીત દ્વૈતરૂપે જન્મેલને તેનો અભાવ થઈ જવાથી તે જોતો નથી. (૪૩)

⁂

लये संबोधयेच्चित्तं विक्षिप्तं शमयेत्पुनः ।
सकषायं विजानीयात्समप्राप्तं न चालयेत् ॥ ४४ ॥

અનુવાદ :- ચિત્ત (સુષુપ્તિમાં) લીન થવા લાગે તો તેને આત્મવિવેકમાં નિયુક્ત કરો, જો વિક્ષિપ્ત થઈ જાય તો તેને ફરીથી શાંત કરવું અને (જો આ બંનેની વચ્ચેની અવસ્થામાં રહે તો તેને) સકષાય - રાગયુક્ત સમજવું. તથા સામ્યાવસ્થાને પ્રાપ્ત થયેલા ચિત્તને ચલાયમાન ન કરવું. (૪૪)

शाङ्करभाष्यम् :- एवमनेन ज्ञानाभ्यासवैराग्यद्वयोपायेन लये सुषुप्ते लीनं संबोधयेत् मनः आत्मविवेकदर्शनेन योजयेत् । चित्तं मन इत्यनर्थान्तरम् । विक्षिप्तं च कामभोगेषु शमयेत्पुनः । एवं पुनः पुनरभ्यासतो लयात्संबोधितं विषयेभ्यश्च व्यावर्तितम्, नापि साम्यापन्नमन्तरालावस्थं सकषायं सरागं बीजसंयुक्तं मन इति विजानीयात् । ततोऽपि यत्नतः साम्यमापादयेत् । यदा तु समप्राप्तं भवति, समप्राप्त्यभिमुखीभवतीत्यर्थः; ततः तत् न चालयेत्, विषयाभिमुखं न कुर्यादित्यर्थः ॥ ४४ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે જ્ઞાનાભ્યાસ અને વૈરાગ્ય આ બંને ઉપાયોથી, લય અર્થાત્ સુષુપ્તિમાં લીન થયેલા ચિત્તને, સંબોધિત અર્થાત્ આત્મવિવેકદર્શનમાં નિયુક્ત કરવું. ચિત્ત અને મન - એ કોઈ ભિન્ન પદાર્થ નથી. તથા કામના અને ભોગોમાં વિક્ષિપ્ત થયેલા ચિત્તને પુનઃ શાંત કરવું. આવી રીતે વારંવાર અભ્યાસ દ્વારા લયાવસ્થામાં સંબોધિત અને વિષયોથી નિવૃત્ત કરવામાં આવેલું ચિત્ત જ્યારે અંતરાલાવસ્થામાં રહીને સમતાને પણ પ્રાપ્ત ન થાય તો આમ સમજો કે આ સમયે મન સકષાય-રાગયુક્ત અર્થાત્ બીજાવસ્થા સાથે જોડાયેલું છે. તે અવસ્થાથી પણ તેને પ્રયત્નપૂર્વક સામ્યાવસ્થામાં સ્થિર કરવું. પરંતુ જે સમયે તે સમતાને પ્રાપ્ત થાય અર્થાત્ સામ્યાવસ્થાપ્રાપ્તિની અભિમુખ થાય, ત્યારે તે અવસ્થામાં તેને વિચલિત ન કરવું, અર્થાત્ વિષયાભિમુખ ન કરવું એવો અર્થ છે. (૪૪)

❖

नास्वादयेत्सुखं तत्र निःसङ्गः प्रज्ञया भवेत् ।
निश्चलं निश्चरच्चित्तमेकीकुर्यात्प्रयत्नतः ॥ ४५ ॥

અનુવાદ :- તે સામ્યાવસ્થામાં (પ્રાપ્ત થનાર) સુખનું આસ્વાદન ન કરવું, પરંતુ વિવેકવાળી બુદ્ધિ દ્વારા તેનાથી નિસંગ બનવું. પછી જો ચિત્ત બહાર નીકળવા લાગે તો તેને પ્રયત્નપૂર્વક નિશ્ચલ અને એકાગ્ર કરવું. (૪૫)

शाङ्करभाष्यम् :- समाधित्सतो योगिनो यत्सुखं जायते, तत् नास्वादयेत् तत्र न रज्येतेत्यर्थः । कथं तर्हि ? निःसङ्गः निःस्पृहः प्रज्ञया विवेकबुद्ध्या यदुपलभ्यते सुखम्, तदविद्यापरिकल्पितं मृषैवेति विभावयेत्; ततोऽपि सुखरागान्निगृह्णीयादित्यर्थः । ★ यदा पुनः सुखरागान्निवृत्तं निश्चलस्वभावं सत् निश्चरत् बहिर्निर्गच्छद्भवति चित्तम्, ततस्ततो नियम्य उक्तोपायेन आत्मन्येव एकीकुर्यात् प्रयत्नतः । चित्स्वरूपसत्तामात्रमेवापादयेदित्यर्थः ॥ ४५ ॥

શાંકરભાષ્ય :- સમાધિની ઈચ્છાવાળા યોગીને જે સુખ પ્રાપ્ત થાય છે તેનું તેણે આસ્વાદન ન કરવું અર્થાત્ તેમાં રાગ ન કરવો; તો પછી કેવી રીતે રહેવું ? નિઃસંગ અર્થાત્ નિસ્પૃહ થઈને પ્રજ્ઞા વિવેકવાળી બુદ્ધિથી એવી ભાવના કરવી કે આ જે કોઈ સુખનો અનુભવ થઈ રહ્યો છે તે અવિદ્યા પરિકલ્પિત અને મિથ્યા જ છે. તાત્પર્ય આ છે કે તે સુખના રાગમાંથી પણ ચિત્તનો નિગ્રહ કરવો.

જ્યારે સુખના રાગથી નિવૃત્ત થઈને નિશ્ચલ સ્વભાવ બનેલું ચિત્ત ફરીથી બહાર નીકળવા ચાહે ત્યારે તેને ઉપર્યુક્ત ઉપાયથી ત્યાંથી પણ રોકીને પ્રયત્નપૂર્વક આત્મામાં એકાગ્ર કરવું. તાત્પર્ય એ છે કે તેની ચિત્સ્વરૂપ સત્તામાત્ર જ સંપાદિત કરવી. (૪૫)

❖

यदा न लीयते चित्तं न च विक्षिप्यते पुनः ।
अनिङ्गनमनाभासं निष्पन्नं ब्रह्म तत्तदा ॥ ४६ ॥

અનુવાદ :- જ્યારે ચિત્ત સુષુપ્તિમાં લીન ન થાય અને ફરીથી વિક્ષિપ્ત પણ ન થાય તથા નિશ્ચલ અને વિષયાભાસથી રહિત થઈ જાય ત્યારે તે બ્રહ્મ થઈ જાય છે. (૪૬)

शाङ्करभाष्यम् :- यथोक्तेनोपायेन निगृहीतं चित्तं यदा सुषुप्ते न लीयते, न च पुनर्विषयेषु विक्षिप्यते; अनिङ्गनम् अचलं निवातप्रदीपकल्पम्, अनाभासं न केनचित्कल्पितेन विषयभावेनावभासते इति; यदा एवंलक्षणं चित्तम्, तदा निष्पन्नं ब्रह्म; ब्रह्मस्वरूपेण निष्पन्नं चित्तं भवतीत्यर्थः ॥ ४६ ॥

શાંકરભાષ્ય :- ઉપર્યુક્ત ઉપાયથી નિગ્રહ કરવામાં આવેલું ચિત્ત જ્યારે સુષુપ્તિમાં લીન થતું નથી અને ન તો ફરીથી વિષયોમાં જ વિક્ષિપ્ત થાય છે તથા વાયુશૂન્ય સ્થાનમાં મૂકવામાં આવેલા દીવાની જેમ નિશ્ચલ અને અનાભાસ અર્થાત્ કોઈપણ કલ્પિત વિષય ભાવથી પ્રકાશિત થતું નથી. એવું જ્યારે આ ચિત્ત થઈ જાય ત્યારે તે બ્રહ્મ જ બની જાય છે. અર્થાત્ તે અવસ્થામાં ચિત્ત બ્રહ્મરૂપથી નિષ્પન્ન થઈ જાય છે. (૪૬)

⁂

स्वस्थं शान्तं सनिर्वाणमकथ्यं सुखमुत्तमम् ।
अजमजेन ज्ञेयेन सर्वज्ञं परिचक्षते ॥ ४७ ॥

અનુવાદ :- (બ્રહ્મજ્ઞ તેવા ચિત્તને) સ્વસ્થ, શાંત, નિર્વાણયુક્ત, અકથ્ય, ઉત્તમ સુખરૂપ, અજ, અજન્મા, જ્ઞેયથી (બ્રહ્મથી અભિન્ન) અને સર્વજ્ઞ બતાવે છે. (૪૭)

शाङ्करभाष्यम् :- यथोक्तं परमार्थसुखमात्मसत्यानुबोधलक्षणं स्वस्थं स्वात्मनि स्थितम्; शान्तं सर्वानर्थोपशमरूपम्; सनिर्वाणम्, निर्वृतिर्निर्वाणं कैवल्यम्, सह निर्वाणेन वर्तते; तच्च अकथ्यं न शक्यते कथयितुम्, अत्यन्तासाधारणविषयत्वात्; सुखमुत्तमं निरतिशयं हि तद्योगिप्रत्यक्षमेव; न जातमिति अजम्, यथा विषयविषयम्; अजेन अनुत्पन्नेन ज्ञेयेन अव्यतिरिक्तं सत् स्वेन सर्वज्ञरूपेण सर्वज्ञं ब्रह्मैव सुखं परिचक्षते कथयन्ति ब्रह्मविदः ॥ ४७ ॥

શાંકરભાષ્ય :- ઉપર્યુક્ત આત્મસત્યાનુબોધરૂપ પરમાર્થ સુખ स्वस्थम् પોતાના આત્મામાં જ રહેનાર शान्तम् સર્વ પ્રકારના અનર્થની નિવૃત્તિરૂપ सनिर्वाणण् નિર્વાણ નિવૃત્તિ અર્થાત્ કૈવલ્યને કહે છે તે નિર્વાણ સહિત, તથા अकथ्यम् જે કહી ન શકાય કારણ કે તેનો વિષય અત્યંત અસાધારણ છે, सुखमुत्तमम् યોગીઓને જ પ્રત્યક્ષ થનાર હોવાને કારણે નિરતિશય સુખ છે.તથા अजम् જે ઉત્પન્ન ન થાય, જેવી રીતે કે વિષય સંબંધી સુખ થયા કરે છે, અને અજ એટલે ઉત્પન્ન ન થનાર જ્ઞેયથી અભિન્ન હોવાને કારણે પોતાના સર્વજ્ઞરૂપથી સ્વયં બ્રહ્મ જ તે છે. એવું બ્રહ્મજ્ઞ લોકો (તેના વિષયમાં) કહે છે. (૪૭)

⁂

सर्वोऽप्ययं मनोनिग्रहादिः मृल्लोहादिवत्सृष्टिरुपासना च उक्ता परमार्थस्वरूपप्रतिपत्त्युपायत्वेन, न परमार्थसत्येति । परमार्थसत्यं तु —

મૃત્તિકા અને લોહ વગેરેની જેમ એ મનોનિગ્રહાદિ સંપૂર્ણ સૃષ્ટિ તથા ઉપાસના પરમાર્થ સ્વરૂપની પ્રાપ્તિના ઉપાય રૂપે જ કહેવામાં આવ્યા છે, તે પરમાર્થ સત્ય નથી. પરમાર્થ સત્ય તો આ જ છે કે —

न कश्चिज्जायते जीवः संभवोऽस्य न विद्यते ।
एतत्तदुत्तमं सत्यं यत्र किंचिन्न जायते ॥ ४८ ॥

અનુવાદ :- કોઈ પણ જીવ ઉત્પન્ન થતો નથી, કારણ કે તેનું કોઈ કારણ અસ્તિત્વ ધરાવતું નથી. જે (અજન્મા બ્રહ્મ)માં કોઈની ઉત્પત્તિ થતી નથી તે જ સર્વોત્તમ સત્ય છે. (૪૮)

शाङ्करभाष्यम् :- न कश्चिज्जायते जीवः कर्ता भोक्ता च नोत्पद्यते केनचिदपि प्रकारेण । अतः स्वभावतः अजस्य अस्य एकस्यात्मनः संभवः कारणं न विद्यते नास्ति । यस्मान्न विद्यतेऽस्य कारणम्, तस्मान्न कश्चिज्जायते जीव इत्येतत् । पूर्वेषूपायत्वेनोक्तानां सत्यानाम् एतत् उत्तमं सत्यं यस्मिन्सत्यस्वरूपे ब्रह्मणि अणुमात्रमपि किंचिन्न जायते इति ॥ ४८ ॥

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

શાંકરભાષ્ય :- કોઈપણ જીવ ઉત્પન્ન થતો નથી અર્થાત્ કોઈપણ પ્રકારે કર્તા - ભોક્તાની ઉત્પત્તિ થતી નથી. માટે સ્વભાવથી જ આ એક અજન્મા આત્માનું કોઈ સંભવ એટલે ઉત્પત્તિનું કારણ નથી. બીજું કારણ કે તેનું કોઈ કારણ નથી એટલા માટે કોઈ જીવની ઉત્પત્તિ પણ થતી નથી. આ જ આનું તાત્પર્ય છે. પહેલા ઉપાય રૂપે બતાવવામાં આવેલા સત્યોમાં આ જ ઉત્તમ સત્ય છે, જે સત્યસ્વરૂપ બ્રહ્મમાં કોઈપણ વસ્તુ અણુમાત્ર પણ ઉત્પન્ન થતી નથી. (૪૮)

इति तृतीयमद्वैतप्रकरणं संपूर्णम् ॥

॥ अलातशान्तिप्रकरणम् ॥

शाङ्करभाष्यम् :- ओंकारनिर्णयद्वारेण आगमतः प्रतिज्ञातस्याद्वैतस्य बाह्यविषयभेदवैतथ्याच्च सिद्धस्य पुनरद्वैते शास्त्रयुक्तिभ्यां साक्षान्निर्धारितस्य एतदुत्तमं सत्यमित्युपसंहारः कृतोऽन्ते । तस्यैतस्यागमार्थस्य अद्वैतदर्शनस्य प्रतिपक्षभूता द्वैतिनो वैनाशिकाश्च । तेषां चान्योन्यविरोधाद्रागद्वेषादिक्लेशास्पदं दर्शनमिति मिथ्यादर्शनत्वं सूचितम् । क्लेशानास्पदत्वात्सम्यग्दर्शनमित्यद्वैतदर्शनं स्तूयते । तदिह विस्तरेणान्योन्यविरुद्धतया असम्यग्दर्शनत्वं प्रदर्श्य तत्प्रतिषेधेनाद्वैतदर्शनसिद्धिरूपसंहर्तव्या आवीतन्यायेनेत्यलातशान्तिप्रकरणमारभ्यते । ★ तत्राद्वैतदर्शनसंप्रदायकर्तुरद्वैतस्वरूपेणैव नमस्कारार्थोऽयमाद्यश्लोकः । आचार्यपूजा हि अभिप्रेतार्थसिद्ध्यर्थेष्यते शास्त्रारभ्ये ।

શાંકરભાષ્ય :- ૐકારના નિર્ણય દ્વારા આગમ પ્રકરણમાં પ્રતિજ્ઞા કરેલાં અદ્વૈતનો કે જેને (વૈતાથ્યપ્રકરણમાં) બાહ્ય વિષયભેદના મિથ્યાત્વ દ્વારા સિદ્ધ કર્યું છે અને ફરી જેનો અદ્વૈત પ્રકરણમાં શાસ્ત્ર અને યુક્તિઓથી સાક્ષાત્ નિશ્ચય કર્યો છે (પછીના પ્રકરણના) અંતમાં 'एतदुत्तमं सत्यम्' એવું કહીને ઉપસંહાર કરવામાં આવ્યો છે. વેદના તાત્પર્યભૂત આ અદ્વૈત દર્શનના વિરોધી જે દ્વૈતવાદી અને વૈનાશિક (બૌધ વગેરે) છે તેમની દર્શન પરંપરા વિરોધી હોવાના કારણે રાગ-દ્વેષાદિ ક્લેશોનો આશ્રય છે માટે તેનું મિથ્યાદર્શનત્વ સૂચિત થાય છે. અને રાગદ્વેષાદિ ક્લેશોનો આશ્રય ન હોવાને કારણે અદ્વૈત દર્શન જ સમ્યક્ (યોગ્ય) દર્શન છે. આવી રીતે તેની સ્તુતિ કરી શકાય છે. હવે અહીં પરસ્પર વિરોધી હોવાને કારણે વિસ્તારપૂર્વક તે(દ્વૈતવાદી વગેરે દર્શનિકોના દર્શન)નું મિથ્યાદર્થનત્વ પ્રદર્શિત કરીને તેના પ્રતિષેધ દ્વારા આવીતન્યાયથી (વ્યતિરેક અનુમાનથી) અદ્વૈતદર્શનની સિદ્ધિનો ઉપસંહાર કરવો છે. એટલા માટે અલાતશાંતિ પ્રકરણનો આરંભ કરવામાં આવે છે.

તેમાં અદ્વૈતદર્શન સંપ્રદાયના કર્તાને અદ્વૈતરૂપે જ નમસ્કાર કરવા માટે જ આ પહેલો શ્લોક છે, કારણ કે શાસ્ત્રના આરંભમાં આચાર્યની પૂજા અભિપ્રેત અર્થની સિદ્ધિ માટે યોગ્ય જ છે.

⁂

ज्ञानेनाकाशकल्पेन धर्मान्यो गगनोपमान् ।
ज्ञेयाभिन्नेन संबुद्धस्तं वन्दे द्विपदां वरम् ॥ १ ॥

અનુવાદ :- જેણે જ્ઞેય(એવા આત્મા)થી અભિન્ન આકાશ જેવા જ્ઞાનથી આકાશ જેવા ધર્મો(જીવો)ને સારી રીતે જાણ્યા છે તે દ્વિપદોમાં શ્રેષ્ઠ(પુરુષોત્તમ)ને હું નમન કરું છું. (૧)

शाङ्करभाष्यम् :- आकाशेन ईषदसमाप्तमाकाशकल्पमाकाशतुल्यमित्येतत् । तेन आकाशकल्पेन ज्ञानेन । किम् ? धर्मानात्मनः । किंविशिष्टान् ? गगनोपमान् गगनमुपमा येषां ते गगनपोमाः, तानात्मनो धर्मान् । ज्ञानस्यैव पुनर्विशेषणम् - ज्ञेयैर्धर्मैरात्मभिरभिन्नम् अग्न्युष्णवत् सवितृप्रकाशवच्च यत् ज्ञानम्, तेन ज्ञेयाभिन्नेन ज्ञानेन आकाशकल्पेन ज्ञेयात्मस्वरूपाव्यतिरिक्तेन, गगनोपमान्धर्मान्यः संबुद्धः संबुद्धवान्नित्यमेव ईश्वरो यो नारायणाख्यः, तं वन्दे अभिवादये । द्विपदां वरं द्विपदोपलक्षितानां पुरुषाणां वरं प्रधानम्, पुरुषोत्तममित्यभिप्रायः । ★ उपदेष्टृनमस्कारमुखेन ज्ञानज्ञेयज्ञातृभेदरहितं परमार्थतत्त्वदर्शनमिह प्रकरणे प्रतिपिपादयिषितं प्रतिपक्षप्रतिषेधद्वारेण प्रतिज्ञातं भवति ॥ १ ॥

શાંકરભાષ્ય :- જે આકાશની અપેક્ષા કંઈ અસંપૂર્ણ હોય તેને આકાશકલ્પ અર્થાત્ આકાશતુલ્ય કહે છે. તે આકાશસદશ જ્ઞાનથી શું ? આત્માના ધર્મોનો. કેવી વિશેષતાવાળા ધર્મોને ? ગગનોપમ ધર્મોને - ગગન (આકાશ) જેની ઉપમા હોય તેને ગગનોપમ કહે છે. એવા આત્માના ધર્મોને. જ્ઞાનનું જ ફરી વિશેષણ આપે છે. અગ્નિની ઉષ્ણતા અને સૂર્યના પ્રકાશની

જેમ જે જ્ઞાન જ્ઞેય ધર્મો અર્થાત્ આત્માઓથી અભિન્ન છે તે જ્ઞેયાભિન્ન અર્થાત્ જ્ઞેય આત્માના સ્વરૂપથી અતિરિક્ત આકાશ જેવા જ્ઞાનથી જેણે આકાશોપમ ધર્મોને સદાય યોગ્ય રીતે જાણ્યું છે - એવા જે નારાયણ સંજ્ઞક ઈશ્વર છે તે દ્વિપદાંવર બે પદોથી ઉપલક્ષિત પુરુષોમાં શ્રેષ્ઠ એટલે કે પ્રધાન પુરુષોત્તમને હું વંદન કરું છું-અભિવાદન કરું છું.

ઉપદેષ્ટાને નમસ્કાર કરવાથી આ પ્રતિજ્ઞા કરવામાં આવે છે કે આ પ્રકરણમાં વિરુદ્ધ પક્ષના પ્રતિષેધ દ્વારા જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતાના ભેદથી રહિત પરમાર્થદર્શનનું પ્રતિપાદન કરવું યોગ્ય છે. (૧)

❖

अधुना अद्वैतदर्शनयोगस्य नमस्कारः तत्स्तुतये –

હવે અદ્વૈતદર્શનયોગને, તેની સ્તુતિને માટે, નમસ્કાર કરવામાં આવે છે –

अस्पर्शयोगो वै नाम सर्वसत्त्वसुखो हितः ।
अविवादोऽविरुद्धश्च देशितस्तं नमाम्यहम् ॥ २ ॥

અનુવાદ :- (શાસ્ત્રોમાં) જે સંપૂર્ણ પ્રાણીઓને માટે સુખકર, હિતકારી, નિર્વિવાદ અને અવિરોધી અસ્પર્શયોગનો ઉપદેશ કરવામાં આવ્યો છે, તેને હું નમસ્કાર કરું છું. (૨)

शाङ्करभाष्यम् :- स्पर्शनं स्पर्शः संबन्धो न विद्यते यस्य योगस्य केनचित्कदाचिदपि, सः अस्पर्शयोगः ब्रह्मस्वभाव एव वै नामेति; ब्रह्मविदामस्पर्शयोग इत्येवं प्रसिद्ध इत्यर्थः । स च सर्वसत्त्वसुखो भवति । कश्चिदत्यन्तसुखसाधनविशिष्टोऽपि दुःखस्वरूपः, यथा तपः । अयं तु न तथा । किं तर्हि ? सर्वसत्त्वानां सुखः । ★ तथा इह भवति कश्चिद्विषयोपभोगः सुखो न हितः । अयं तु सुखो हितश्च, नित्यमप्रचलितस्वभावत्वात् । किं च अविवादः, विरुद्धं वदनं विवादः पक्षप्रतिपक्षपरिग्रहेण यस्मिन्न विद्यते सः अविवादः । कस्मात् ? यतः अविरुद्धश्च; य ईदृशो योगः देशितः उपदिष्टः शास्त्रेण, तं नमाम्यहं प्रणमामीत्यर्थः ॥ २ ॥

શાંકરભાષ્ય :- જે યોગનો કોઈ સાથે ક્યારેય સ્પર્શ એટલે સંબંધ નથી, તેને 'અસ્પર્શયોગ' કહે છે, તે બ્રહ્મસ્વભાવ જ છે. 'वै' 'नाम' આ પદોનું એ તાત્પર્ય છે કે તે 'બ્રહ્મવેત્તાઓનો અસ્પર્શયોગ' આ નામથી પ્રસિદ્ધ છે અને તે સમસ્ત પ્રાણીઓને માટે સુખદ હોય છે. કોઈ (વિષય તો) અત્યંત સુખસાધનવિશિષ્ટ હોવાથી પણ દુઃખરૂપ હોય છે જેમ કે તપ. પરંતુ આ એવો નથી. તો પછી કેવો છે ? આ સર્વ પ્રાણીઓને માટે સુખદાયક છે.

આવી રીતે આ લોકમાં કેટલીક વિષય સામગ્રી સુખદાયક તો છે પરંતુ હિતકર હોતી નથી. પરંતુ આ તો સર્વદા અવિચલ સ્વભાવ હોવાને કારણે સુખદાયક પણ છે અને હિતકર પણ. એટલું જ નહીં, આ અવિવાદ પણ છે. જેમાં પક્ષ પ્રતિપક્ષનો સ્વીકાર કરીને વિરુદ્ધ કથનરૂપ વિવાદ હોતો નથી તેને અવિવાદ કહે છે. એવો આ કેમ છે ? કારણ કે આ સર્વથી અવિરુદ્ધ છે. એવા જે યોગનો શાસ્ત્રે ઉપદેશ કર્યો છે, તેને હું નમસ્કાર એટલે કે પ્રણામ કરું છું. (૨)

❖

कथं द्वैतिनः परस्परं विरुध्यन्त इति, उच्यते –

દ્વૈતવાદીઓમાં પરસ્પર કેવી રીતે વિરોધ છે ? એ કહે છે –

भूतस्य जातिमिच्छन्ति वादिनः केचिदेव हि ।
अभूतस्यापरे धीरा विवदन्तः परस्परम् ॥ ३ ॥

અનુવાદ :- કેટલાક વાદીઓ તો સત્ પદાર્થની ઉત્પત્તિ માને છે અને બીજા કોઈ બુદ્ધિશાળી પરસ્પર વિવાદ કરતાં કરતાં અસત્ પદાર્થની ઉત્પત્તિનો સ્વીકાર કરે છે. (૩)

शाङ्करभाष्यम् :- भूतस्य विद्यमानस्य वस्तुनः जातिम् उत्पत्तिम् इच्छन्ति वादिनः केचिदेव हि सांख्याः; न सर्व एव द्वैतिनः । यस्मात् अभूतस्य अविद्यमानस्य अपरे वैशेषिका नैयायिकाश्च धीराः धीमन्तः, प्राज्ञाभिमानिन इत्यर्थः । विवदन्तः विरुद्धं वदन्तो हि अन्योन्यमिच्छन्ति जेतुमित्यभिप्रायः ॥ ३ ॥



શાંકરભાષ્ય :- કેટલાક વાદી-કેવળ સાંખ્યમતાવલંબી, સંપૂર્ણ દ્વૈતવાદી નથી - ભૂત એટલે કે વિદ્યમાન વસ્તુની જાતિ-ઉત્પત્તિ માને છે, કારણ કે બીજા ધીર બુદ્ધિમાન એટલે કે પ્રાજ્ઞાભિમાની વૈશેષિક અને નૈયાયિક લોકો અભૂત અર્થાત્ અવિદ્યમાન વસ્તુનો જન્મ સ્વીકારે છે. એટલા માટે પરસ્પર વિવાદ એટલે વિરુદ્ધ ભાષણ કરતાં કરતાં તે એકબીજાને જીતવાની ઇચ્છા કર્યા કરે છે. આ તેનું તાત્પર્ય છે. (૩)

◆

तैरेवं विरुद्धवदनेन अन्योन्यपक्षप्रतिषेधं कुवद्भिः किं ख्यापितं भवतीति, उच्यते –

પરસ્પર વિવાદ કરીને એકબીજાના પક્ષનું ખંડન કરનાર તે વાદીઓ દ્વારા કઈ બાબત પ્રસિદ્ધ કરાઈ છે તે –

भूतं न जायते किंचिदभूतं नैव जायते ।
विवदन्तोऽद्वया ह्येवमजातिं ख्यापयन्ति ते ॥ ४ ॥

અનુવાદ :- (કેટલાકનો મત છે) 'કોઈ સત્ વસ્તુ ઉત્પન્ન થતી નથી' અને (કોઈ કહે છે) 'અસત્ વસ્તુનો જન્મ હોતો નથી' આમ પરસ્પર વિવાદ કરનારા એ અદ્વૈતવાદી★ અજાતિ(અજાતવાદ)ને જ પ્રકાશિત કરે છે. (૪)

शाङ्करभाष्यम् :- भूतं विद्यमानं वस्तु न जायते किंचिद्विद्यमानत्वादेव आत्मवत् इत्येवं वदन् असद्वादी सांख्यपक्षं प्रतिषेधति सज्जन्म । तथा अभूतम् अविद्यमानम् अविद्यमानत्वान्नैव जायते शशविषाणवत् इत्येवं वदन्सांख्योऽपि असद्वादिपक्षमसज्जन्म प्रतिषेधति । विवदन्तः विरुद्धं वदन्तः अद्वयाः अद्वैतिनो ह्येते अन्योन्यस्य पक्षौ सदसतोर्जन्मनी प्रतिषेधन्तः अजातिम् अनुत्पत्तिमर्थात्ख्यापयन्ति प्रकाशयन्ति ते ॥ ४ ॥

શાંકરભાષ્ય :- કોઈ પણ ભૂત અર્થાત્ વિદ્યમાન વસ્તુ, વિદ્યમાન હોવાને કારણે જ ઉત્પન્ન થતી નથી, જેમ કે આત્મા-આમ કહીને અસત્ વાદી, સાંખ્યના પક્ષ સત્ વાદનું ખંડન કરે છે. તથા સાંખ્ય પણ અભૂત-અવિદ્યમાન વસ્તુ અવિદ્યમાન હોવાને કારણે જ શશશૃંગની જેમ ઉત્પન્ન થઈ શકતી નથી એમ કહીને અસત્ વાદીના પક્ષે અસત્‌ની ઉત્પત્તિનો પ્રતિષેધ કરે છે. આવી રીતે પરસ્પર વિવાદ એટલે વિરુદ્ધ ભાષણ કરનારા આ અદ્વૈતવાદી - કારણ કે વસ્તુતઃ આ અદ્વૈતવાદી જ છે - એકબીજાના પક્ષે સદ્ જન્મ અને અસદ્ જન્મનું ખંડન કરતાં કરતાં અર્થતઃ અજાતિ - અનુત્પત્તિને (અજાતવાદને) તેઓ પ્રકાશિત કરે છે. (૪)

◆

ख्याप्यमानामजातिं तैरनुमोदामहे वयम् ।
विवदामो न तैः सार्धमविवादं निबोधत ॥ ५ ॥

અનુવાદ :- તેઓ દ્વારા પ્રખ્યાત કરવામાં આવેલી અજાતિનું અમે પણ અનુમોદન કરીએ છીએ. અમે એમની સાથે વિવાદ કરતાં નથી. માટે તમે તે નિર્વિવાદ(પરમાર્થદર્શન)ને બરાબર સમજી લો. (૫)

शाङ्करभाष्यम् :- तैरेवं ख्याप्यमानामजातिम् एवमस्तु इति अनुमोदामहे केवलम्, न तैः सार्धं विवदामः पक्षप्रतिपक्षपरिग्रहेण; यथा ते अन्योन्यमित्यभिप्रायः । अतः तम् अविवादं विवादरहितं परमार्थदर्शनमनुज्ञातमस्माभिः निबोधत हे शिष्याः ॥ ५ ॥

શાંકરભાષ્ય :- તેના દ્વારા આ રીતે પ્રસિદ્ધ કરવામાં આવેલી અજાતિનો અમે એવું જ થાય એવી રીતે કેવળ અનુમોદન કરીએ છીએ. તાત્પર્ય આ છે કે પક્ષ-પ્રતિપક્ષને લઈને તેની સાથે વિવાદ કરતાં નથી, જેમ કે તેઓ પરસ્પર કર્યા કરે છે. માટે હે શિષ્યગણ ! અમારા દ્વારા ઉપદેશ કરવામાં આવેલા તે અવિવાદ - અવિવાદરહિત પરમાર્થ દર્શનને તમે સારી રીતે સમજી લો. (૫)

◆

अजातस्यैव धर्मस्य जातिमिच्छन्ति वादिनः ।
अजातो ह्यमृतो धर्मो मर्त्यतां कथमेष्यति ॥ ६ ॥

★ અહીં વ્યંગમાં દ્વૈતવાદીઓને અદ્વૈતવાદી કહ્યા છે.



અનુવાદ :- આ વાદીલોકો અજાત (વસ્તુ)નો જ જન્મ ઈચ્છે છે. પરંતુ જે પદાર્થ અજાત અને અમૃત છે તે મરણશીલતાને કેવી રીતે પ્રાપ્ત થશે ? (૬)

शाङ्करभाष्यम् :- सदसद्वादिनः सर्वे । अयं तु पुरस्तात्कृतभाष्यः श्लोकः ॥ ६ ॥

શાંકરભાષ્ય :- અહીં ('वादिनः' પદથી) સઘળા સત્‌વાદી અને અસત્‌વાદી અભિપ્રેત છે. આ શ્લોકનું ભાષ્ય (પહેલાં અદ્વૈતપ્રકરણ શ્લોક ૨૦માં) કરવામાં આવ્યું છે. (૬)

⁂

न भवत्यमृतं मर्त्यं न मर्त्यममृतं तथा ।
प्रकृतेरन्यथाभावो न कथंचिद्भविष्यति ॥ ७ ॥

અનુવાદ :- મરણરહિત વસ્તુ કદી મર્ત્યશીલ થઈ શકે નહીં, અને મર્ત્ય મરણહીન હોઈ શકે નહીં, કારણ કે કોઈના સ્વભાવનો અન્યથાભાવ (એટલે વિપર્યય) કોઈપણ રીતે થતો નથી. (૭)

⁂

स्वभावेनामृतो यस्य धर्मो गच्छति मर्त्यताम् ।
कृतकेनामृतस्तस्य कथं स्थास्यति निश्चलः ॥ ८ ॥

અનુવાદ :- જેના મતે સ્વભાવથી જ અમૃત એટલે મરણહીન ધર્મ મર્ત્યતા એટલે મરણશીલતાને પ્રાપ્ત થઈ જાય તેના (સિદ્ધાંતમાં) કૃતક (જન્મ) હોવાને કારણે તે અમૃત પદાર્થ નિશ્ચલ (ચિરસ્થાયી) કેવી રીતે રહી શકે ? (૮)

शाङ्करभाष्यम् :- उक्तार्थानां श्लोकानामिहोपन्यासः परवादिपक्षाणामन्योन्यविरोधख्यापितानुत्पत्त्यामोदनप्रदर्शनार्थः ॥ ७-८ ॥

શાંકરભાષ્ય :- જેનો અર્થ પહેલાં (અદ્વૈતપ્રકરણ શ્લોક ૨૧ અને ૨૨માં) કહી દેવામાં આવ્યો છે એવા ઉપર્યુક્ત શ્લોકોનો ઉલ્લેખ અહીં વિપક્ષી વાદીઓના પક્ષોના પારસ્પરિક વિરોધથી પ્રકાશિત અજાતિનું અનુમોદન પ્રદર્શિત કરવા માટે કરવામાં આવ્યો છે. (૭-૮)

⁂

यस्माल्लौकिक्यपि प्रकृतिर्न विपर्येति, कासावित्याह –

કારણ કે લૌકિક પ્રકૃતિનો પણ વિપર્યય થતો નથી (તો પછી પારમાર્થિકીનો તો કેવી રીતે થશે ?) પરંતુ તે પ્રકૃતિ છે શું ? એ કહે છે –

सांसिद्धिकी स्वाभाविकी सहजा अकृता च या ।
प्रकृतिः सेति विज्ञेया स्वभावं न जहाति या ॥ ९ ॥

અનુવાદ :- સાંસિદ્ધિકી, સ્વાભાવિક સિદ્ધા, સહજા અને અકૃતા તથા પોતાનો સ્વભાવ છોડતી નથી તેને પ્રકૃતિ છે - એમ જાણવું જોઈએ. (૯)

शाङ्करभाष्यम् :- सम्यक्सिद्धिः संसिद्धिः, तत्र भवा सांसिद्धिकी; यथा योगिनां सिद्धानामणिमाद्यैश्वर्यप्राप्तिः प्रकृतिः, सा भूतभविष्यत्कालयोरपि योगिनां न विपर्येति । तथैव सा । स्वाभाविकी द्रव्यस्वभावत एव सिद्धा, यथा अग्न्यादीनामुष्णप्रकाशादिलक्षणा । सापि न कालान्तरे व्यभिचरति देशान्तरे वा, तथा सहजा आत्मना सहैव जाता, यथा पक्ष्यादीनामाकाशगमनादिलक्षणा । अन्यापि या काचित् अकृता केनचिन्न कृता, यथा अपां निम्नदेशगमनादिलक्षणा । ★ अन्यापि या काचित्स्वभावं न जहाति, सा सर्वा प्रकृतिरिति विज्ञेया लोके । मिथ्याकल्पितेषु लौकिकेष्वपि वस्तुषु प्रकृतिर्नान्यथा भवति; किमुत अजस्वभावेषु परमार्थवस्तुषु ? अमृतत्वलक्षणा प्रकृतिर्नान्यथा भवेदित्यभिप्रायः ॥ ९ ॥

શાંકરભાષ્ય :- સમ્યક્ સિદ્ધિનું નામ સંસિદ્ધિ છે, તેનાથી થનારને 'સાંસિદ્ધિકી (પ્રકૃતિ) કહે છે, જેવી રીતે કે સિદ્ધ યોગીઓને અણિમાદિ ઐશ્વર્યની પ્રાપ્તિ એ તેમની પ્રકૃતિ છે. યોગીઓની તે પ્રકૃતિનો ભૂતકાળ અને ભવિષ્યકાળમાં પણ



વિપર્યય થતો નથી, તેવી જ આ (સાંસિદ્ધિકી પ્રકૃતિ) છે તથા 'સ્વાભાવિકી' વસ્તુના સ્વભાવથી સિદ્ધ, જેવી કે અગ્નિ વગેરેની ઉષ્ણતા તેમજ પ્રકાશાદિરૂપી પ્રકૃતિ હોય છે. તેનો પણ કાલાન્તર અને દેશાંતરમાં વ્યભિચાર થતો નથી. તથા 'સહજા' (વસ્તુ કે વ્યક્તિની) પોતાની સાથે જ ઉત્પન્ન થનારી, જેમ કે પક્ષી વગેરેની આકાશગમનાદિરૂપી પ્રકૃતિ હોય છે.

બીજુ પણ જે કોઈ 'અકૃતા' (પ્રકૃતિ છે તે) કોઈના દ્વારા સંપાદન ન કરવામાં આવેલી, જેમ કે જળની પ્રકૃતિ નીચાણવાળા પ્રદેશની બાજુ જવાની છે. તથા તેના સિવાય બીજી પણ જે કોઈ પોતાના સ્વભાવને છોડતી નથી તે 'પ્રકૃતિ' નામથી બધીને સંસારમાં ઓળખવી જોઈએ. મિથ્યા કલ્પના કરવામાં આવેલી લૌકિક વસ્તુઓમાં પણ તેની પ્રકૃતિ અન્યથા થતી (બદલાતી) નથી. પછી અજ સ્વભાવવાળી પરમાર્થ વસ્તુઓમાં તેમની અમૃતત્ત્વલક્ષણા પ્રકૃતિ અન્યથા થઈ શકતી (બદલાતી) નથી. આમાં તો કહેવું જ શું ? આવો (અહીં) અભિપ્રાય છે. (૯)

⁂

किंविषया पुनः सा प्रकृतिः, यस्या अन्यथाभावो वादिभिः कल्प्यते ? कल्पनायां वा को दोष इत्याह –

વાદી લોકો જેના અન્યથા સ્વભાવની કલ્પના કરે છે તે પ્રકૃતિનો વિષય શું છે ? અને તેની કલ્પનામાં કયો દોષ છે ? એ કહે છે –

जरामरणनिर्मुक्ताः सर्वे धर्माः स्वभावतः ।
जरामरणमिच्छन्तश्च्यवन्ते तन्मनीषया ॥ १० ॥

અનુવાદ :- સઘળા ધર્મો (એટલે) જીવો સ્વભાવથી જરા-મરણથી રહિત છે. તેના જરા-મરણની ઇચ્છા રાખનારા લોકો, આ વિચારના કારણે (પોતાના મૂળ) સ્વભાવથી ચલાયમાન થાય છે. (૧૦)

शाङ्करभाष्यम् :- जरामरणनिर्मुक्ताः जरामरणादिसर्वविक्रियावर्जिता इत्यर्थः । के ? सर्वे धर्माः सर्वे आत्मान इत्येतत् । स्वभावतः प्रकृतित एव । अत एवंस्वभावाः सन्तो धर्मा जरामरणमिच्छन्त इवेच्छन्तः रज्ज्वामिव सर्पमात्मनि कल्पयन्तः च्यवन्ते, स्वभावतश्चलन्तीत्यर्थः । तन्मनीषया जरामरणचिन्तया तद्भावभावितत्वदोषेणेत्यर्थः ॥ १० ॥

શાંકરભાષ્ય :- 'जरामरणनिर्मुक्ताः' એટલે જરામરણ વગેરે સંપૂર્ણ વિકારોથી રહિત છે. કોણ ? સંપૂર્ણ ધર્મ અર્થાત્ સમસ્ત જીવાત્માઓ, સ્વભાવતઃ એટલે કે પ્રકૃતિથી જ. આમ સ્વભાવવાળા હોવાના કારણે પણ જરામરણની ઇચ્છાવાળાની જેમ ઇચ્છા કરનારા અર્થાત્ રજુમાં સર્પની જેમ આત્મામાં જરામરણની કલ્પના કરનારા જીવો, તેમની મનીષાથી જરામરણની ચિંતાથી અર્થાત્ તે ભાવથી ભાવિત થઈને દોષને વશ થઈ પોતાના સ્વભાવથી ચલાયમાન-વિચલિત થઈ જાય છે. (૧૦)

⁂

कथं सज्जातिवादिभिः सांख्यैरनुपपन्नमुच्यते इति, आह वैशेषिकः –

સત્ જાતિવાદી સાંખ્યમતનું આલંબન કરનારનું કથન કેવી રીતે અસંગત છે એ વૈશેષિકો કહે છે –

कारणं यस्य वै कार्यं कारणं तस्य जायते ।
जायमानं कथमजं भिन्नं नित्यं कथं च तत् ॥ ११ ॥

અનુવાદ :- જે(સાંખ્યમતાવલંબી)ના મતમાં કારણ જ કાર્ય છે તેના (સિદ્ધાંતાનુસાર) કારણ ઉત્પન્ન થાય છે. પરંતુ જયારે તે જન્મ લેનાર છે તો અજન્મા કેવી રીતે ? અને તે ભિન્ન (વિદીર્ણ) થાય પછી નિત્ય કેવી રીતે ? (૧૧)

शाङ्करभाष्यम् :- कारणं मृद्वदुपादानलक्षणं यस्य वादिनः वै कार्यम्, कारणमेव कार्याकारेण परिणमते यस्य वादिन इत्यर्थः । तस्य अजमेव सत् प्रधानादि कारणं महदादिकार्यरूपेण जायत इत्यर्थः । महदाद्याकारेण चेज्जायमानं प्रधानम्, कथमजमुच्यते तैः ? विप्रतिषिद्धं चेदम् – जायते अजं चेति । ★ नित्यं च तैरुच्यते । प्रधानं भिन्नं विदीर्णम्; स्फुटितमेकदेशेन सत् कथं नित्यं भवेदित्यर्थः । न हि सावयवं घटादि एकदेशेन स्फुटनधर्मि नित्यं दृष्टं लोके इत्यर्थः । विदीर्णं च स्यादेकदेशेनाजं नित्यं चेत्येतत् विप्रतिषिद्धं तैरभिधीयत इत्यभिप्रायः ॥ ११ ॥

શાંકરભાષ્ય :- જે વાદીના મતે મૃત્તિકાની જેમ ઉપદાન કારણ કાર્ય છે અર્થાત્ જેના મતે કારણ જ કાર્યરૂપમાં પરિણત થાય છે તેના વાદીના (સિદ્ધાંત) અનુસાર પ્રધાનાદિ કારણ અજન્મા હોવા છતાં પણ મહદાદિ કાર્યરૂપથી ઉત્પન્ન થાય છે, આવો આનો ભાવાર્થ છે, પરંતુ જો પ્રધાન મહત્ વગેરે આકારે ઉત્પન્ન થનાર છે તો તે તેને અજન્મા કેવી રીતે કહેવાય ? ઉત્પન્ન થાય છે અને અજન્મા પણ છે - આવું કથન તો પરસ્પર વિરુદ્ધ છે.

વળી, તે પ્રધાનને નિત્ય બતાવે છે. પરંતુ તે ભિન્ન-વિદીર્ણ અર્થાત્ એક દેશમાં સ્ફુટિત એટલે કે વિકૃત થનાર હોઈને પણ નિત્ય કેવી રીતે હોઈ શકે ? તાત્પર્ય એ છે કે ઘટાદિ સાવયવ પદાર્થ, જે એક દેશમાં સ્ફુટિત થનાર છે, લોકમાં કદી પણ નિત્ય જોવામાં આવ્યા નથી. તે પોતાના એક દેશમાં વિદીર્ણ થાય છે તથા અજ અને નિત્ય પણ છે - આ તો એનું (પરસ્પર) વિરુદ્ધ કથન છે - એવો એનો અભિપ્રાય છે. (૧૧)

⁂

उक्तस्यैवार्थस्य स्पष्टीकरणार्थमाह – ઉપર્યુક્ત અભિપ્રાયના સ્પષ્ટીકરણ માટે કહે છે –

कारणाद्यद्यनन्यत्वमतः कार्यमजं यदि ।
जायमानाद्धि वै कार्यात्कारणं ते कथं ध्रुवम् ॥ १२ ॥

અનુવાદ :- જો તમારા મતમાં કારણથી કાર્યની અભિન્નતા છે ત્યારે કાર્ય પણ અજન્મા છે, અને તો ઉત્પન્ન થનાર કાર્યથી અભિન્ન હોવાથી કારણ પણ કેવી રીતે ધ્રુવ (સ્થિર, અચલ) રહી શકે છે ? (૧૨)

शाङ्करभाष्यम् :- कारणात् अजात् कार्यस्य यदि अनन्यत्वमिष्टं त्वया, ततः कार्यमप्यजमिति प्राप्तम् । इदं चान्यद्विप्रतिषिद्धं कार्यमजं चेति तव । किंचान्यत्, कार्यकारणयोरनन्यत्वे जायमानाद्धि वै कार्यात् कारणम् अनन्यन्नित्यं ध्रुवं च ते कथं भवेत् ? न हि कुक्कुट्या एकदेशः पच्यते, एकदेशः प्रसवाय कल्प्यते ॥ १२ ॥

શાંકરભાષ્ય :- જો તમને અજન્મા (ઉત્પન્ન નહીં થનાર એવા) કારણથી કાર્યની અનન્યતા (અભિન્નતા) ઈષ્ટ છે તો (તમારા મતે) આ વાત સિદ્ધ થાય છે કે કાર્ય પણ અજન્મા છે - આ તમારા કથનમાં એક બીજો વિરોધ છે. તેના સિવાય કાર્ય અને કારણની અનન્યતા હોવાથી ઉત્પત્તિશીલ કાર્યથી અભિન્ન તેનું કારણ નિત્ય અને નિશ્ચલ કેવી રીતે રહી શકે ? એવું કદી ન થઈ શકે કે મરઘીનો એક ભાગ પકાવી શકાય અને બીજો સંતાનોત્પત્તિને માટે રાખી શકાય. (૧૨)

⁂

किंचान्यत् – તેના સિવાય બીજું પણ –

अजाद्वै जायते तस्य दृष्टान्तस्तस्य नास्ति वै ।
जाताच्च जायमानस्य न व्यवस्था प्रसज्यते ॥ १३ ॥

અનુવાદ :- જેના મતે અજન્મા વસ્તુથી જ કોઈ કાર્યની ઉત્પત્તિ થાય છે તેની પાસે ચોક્કસ તેનું કોઈ દૃષ્ટાંત નથી. અને જો જન્મેલા પદાર્થથી જ કાર્યની ઉત્પત્તિ માનવામાં આવે તો અનવસ્થા આવી પડશે. (૧૩)

शाङ्करभाष्यम् :- यत् अजात् अनुत्पन्नाद्वस्तुनः जायते यस्य वादिनः कार्यम्, दृष्टान्तः तस्य नास्ति वै; दृष्टान्ताभावे अर्थादजान्न किंचिज्जायते इति सिद्धं भवतीत्यर्थः । यदा पुनः जातात् जायमानस्य वस्तुनः अभ्युपगमः, तदपि अन्यस्माज्जातात्तदप्यन्यस्मादिति न व्यवस्था प्रसज्यते । अनवस्था स्यादित्यर्थः ॥ १३ ॥

શાંકરભાષ્ય :- જે વાદીના મતે અજમાંથી-અનુત્પન્ન વસ્તુમાંથી કાર્યની ઉત્પત્તિ થાય છે તેની પાસે ચોક્કસ કોઈ દૃષ્ટાંત નથી. માટે તાત્પર્ય આ થયું કે દૃષ્ટાંતનો અભાવ હોવાને કારણે આ વાત (આપોઆપ) સિદ્ધ થઈ જાય છે કે અજ વસ્તુથી કોઈની ઉત્પત્તિ થતી નથી, જ્યારે કોઈ જાત એટલે ઉત્પન્ન થનારી વસ્તુથી કાર્યવર્ગની ઉત્પત્તિ માનવામાં આવે છે તો તે પણ કોઈ અન્ય જાત વસ્તુથી ઉત્પન્ન થવી જોઈએ અને તે બીજા કોઈથી જ ઉત્પન્ન થવી જોઈએ. આવી રીતે કોઈ વ્યવસ્થા જ રહેતી નથી, અર્થાત્ અનવસ્થા આવી પડે છે. (૧૩)

⁂

'यत्र त्वस्य सर्वमात्मैवाभूत्' (बृ.उप. २-४-१४) इति परमार्थतो द्वैताभावः श्रुत्योक्तः; तमाश्रित्याह –

'જે અવસ્થામાં એ(ની દૃષ્ટિ)માં સર્વ આત્મા જ થઈ ગયા છે.' (બૃ.ઉપ. ૨-૪-૧૪) આ શ્રુતિને જે પરમાર્થતઃ દ્વૈતનો અભાવ દર્શાવે છે તેને આધારે કહે છે –

हेतोरादिः फलं येषामादिर्हेतुः फलस्य च ।
हेतोः फलस्य चानादिः कथं तैरुपवर्ण्यते ॥ १४ ॥

અનુવાદ :- જેના મતે હેતુનું કારણ ફળ છે અને ફળનું કારણ હેતુ છે તે હેતુ અને ફળના અનાદિત્વનું પ્રતિપાદન કેવી રીતે કરે છે ? (૧૪)

शाङ्करभाष्यम् :- हेतोः धर्मादेः आदिः कारणं देहादिसंघातः फलं येषां वादिनाम्; तथा आदिः कारणं हेतुर्धर्मादिः फलस्य च देहादिसंघातस्य; एवं हेतुफलयोरितरेतरकार्यकारणत्वेन आदिमत्त्वं ब्रुवद्भिः एवं हेतोः फलस्य च अनादित्वं कथं तैरुपवर्ण्यते विप्रतिषिद्धमित्यर्थः । न हि नित्यस्य कूटस्थस्यात्मनो हेतुफलात्मकता संभवति ॥ १४ ॥

શાંકરભાષ્ય :- જે વાદીઓના મતે હેતુ અર્થાત્ ધર્માદિનું આદિકારણ દેહાદિ સંઘાતરૂપ ફળ છે તથા દેહાદિ સંઘાતરૂપ ફળનું આદિ કારણ ધર્મ અધર્મ વગેરે હેતુ છે. આમ હેતુ અને ફળનું એક બીજાના કાર્યકારણરૂપે સકારણત્વ બતાવનારા તે લોકો દ્વારા હેતુ અને ફળનું અનાદિત્વ કેવી રીતે પ્રતિપાદિત કરવામાં આવે છે ? (તેનું આ કથન) સર્વથા વિરુદ્ધ છે એવો અર્થ છે. નિત્ય કૂટસ્થ આત્માની હેતુફલાત્મક્તા શક્ય નથી. (૧૪)

❖

कथं तैर्विरुद्धमभ्युपगम्यत इति, उच्यते – તેઓ કેવી રીતે વિરુદ્ધ મતને માને છે, તે માટે કહે છે –

हेतोरादिः फलं येषामादिर्हेतुः फलस्य च ।
तथा जन्म भवेत्तेषां पुत्राज्जन्म पितुर्यथा ॥ १५ ॥

અનુવાદ :- જેના મતે હેતુનું કારણ ફળ છે અને ફળનું કારણ હેતુ છે તેની (માનવામાં આવેલી) ઉત્પત્તિ એવી જ છે જેવી રીતે પુત્ર દ્વારા પિતાનો જન્મ થવો. (૧૫)

शाङ्करभाष्यम् :- हेतुजन्यादेव फलात् हेतोर्जन्माभ्युपगच्छतां तेषामीदृशो विरोध उक्तो भवति, यथा पुत्राज्जन्म पितुः ॥ १५ ॥

શાંકરભાષ્ય :- હેતુથી ઉત્પન્ન થનારા ફળથી જ હેતુનો જન્મ માનનારા તે લોકોના મતે એવો જ વિરોધ કહેવામાં આવે છે જેમ પુત્ર દ્વારા પિતાનો જન્મ બતાવવામાં. (૧૫)

❖

यथोक्तो विरोधो न युक्तोऽभ्युपगन्तुमिति चेन्मन्यसे –
જો તમે એમ માનતા હો કે ઉપર્યુક્ત વિરોધ માનવો ઉચિત નથી તો –

संभवे हेतुफलयोरेषितव्यः क्रमस्त्वया ।
युगपत्संभवे यस्मादसंबन्धो विषाणवत् ॥ १६ ॥

અનુવાદ :- તમારે હેતુ અને ફળની ઉત્પત્તિમાં ક્રમનો સ્વીકાર કરવો જોઈએ, કારણ કે તેઓની એક સાથે ઉત્પત્તિ (માનવામાં) તો (ડાબા જમણા) શિંગડાની જેમ પરસ્પર (કાર્ય-કારણ) સંબંધ થઈ શકતો નથી. (૧૬)

शाङ्करभाष्यम् :- संभवे उत्पत्तौ हेतुफलयोः क्रमः एषितव्यः अन्वेष्टव्यः त्वयाहेतुः पूर्वं पश्चात्फलं चेति । इतश्च युगपत्संभवे यस्माद्धेतुफलयोः कार्यकारणत्वेन असंबन्धः, यथा युगपत्संभवतोः सव्येतरगोविषाणयोः ॥ १६ ॥

શાંકરભાષ્ય :- તમને હેતુ અને ફળની ઉત્પત્તિમાં ક્રમ અર્થાત્ પહેલાં હેતુ હોય છે અને પછી ફળ - આવી રીતે બંનેનું પૌર્વાપર્ય શોધવું જોઈએ, કારણ કે જેવી રીતે ગાયની સાથે સાથે ઉત્પન્ન થનારા ડાબા અને જમણા શીંગડાનો પરસ્પર

સંબંધ હોતો નથી તેવી રીતે એક સાથે સાથે ઉત્પન્ન થવાથી તો હેતુ અને ફળનો પરસ્પર કાર્ય-કારણરૂપે સંબંધ થઈ શકશે નહીં. (૧૬)

⁂

कथमसंबन्ध इत्याह – તેનો કેવી રીતે સંબંધ નહીં થાય ? તો કહે છે –

फलादुत्पद्यमानः सन्न ते हेतुः प्रसिध्यति ।
अप्रसिद्धः कथं हेतुः फलमुत्पादयिष्यति ॥ १७ ॥

અનુવાદ :- તમારા (મતે જો) હેતુ ફલથી ઉત્પન્ન થાય છે તો તે (હેતુરૂપથી) સિદ્ધ થઈ શકતું નથી, અને અસિદ્ધ હેતુ ફલને કેવી રીતે ઉત્પન્ન કરશે ? (૧૭)

शाङ्करभाष्यम् :- जन्यात्स्वतोऽलब्धात्मकात् फलात् उत्पद्यमानः सन् शशविषाणादेरिवासतो न हेतुः प्रसिध्यति जन्म न लभते । अलब्धात्मकः अप्रसिद्धः सन् शशविषाणादिकल्पः तव स कथं फलमुत्पादयिष्यति ? न हि इतरेतरापेक्षसिद्धयोः शशविषाणकल्पयोः कार्यकारणभावेन संबन्धः क्वचिदृष्टः अन्यथा वेत्यभिप्रायः ॥ १७ ॥

શાંકરભાષ્ય :- જન્ય અર્થાત્ જે સ્વતઃ પ્રાપ્ત નથી તે સસલાના શીંગડા જેવું અસત્ ફલથી ઉત્પન્ન થનારું હોવાથી તો હેતુ જ સિદ્ધ થઈ શકતો નથી. અર્થાત્ તેનો જન્મ થઈ શકતો નથી. આ પ્રકારે સસલાના શીંગડાની જેમ જેની સ્વતઃ ઉપલબ્ધિ નથી તે અપ્રસિદ્ધ હેતુ તમારે મતે કેવા પ્રકારે ફળ ઉત્પન્ન કરી દેશે ? એકબીજાની અપેક્ષાએ સિદ્ધ થનાર તથા શશશૃંગની જેમ સર્વથા અસત્ પદાર્થોના કાર્ય-કારણ ભાવથી અથવા કોઈ બીજા પ્રકારે કદી સંબંધ જોવામાં આવ્યો નથી - આ આનો અભિપ્રાય છે. (૧૭)

⁂

यदि हेतोः फलात्सिद्धिः फलसिद्धिश्च हेतुतः ।
कतरत्पूर्वनिष्पन्नं यस्य सिद्धिरपेक्षया ॥ १८ ॥

અનુવાદ :- (તમારે મતે) જો ફલથી હેતુની સિદ્ધિ થાય છે અને હેતુથી ફલની સિદ્ધિ થાય છે તો તેમાં પહેલાં કોણ થયું ? જેની અપેક્ષાએ બીજાનો આવિર્ભાવ માનવામાં આવે ? (૧૮)

शाङ्करभाष्यम् :- असंबन्धतादोषेणाप्राकृतेऽपि हेतुफलयोः कार्यकारणभावे, यदि हेतुफलयोरन्योन्यसिद्धिरभ्युपगम्यत एव त्वया, कतरत्पूर्वनिष्पन्नं हेतुफलयोः ? यस्य पश्चाद्भाविनः सिद्धिः स्यात्पूर्वसिद्धापेक्षया, तद्ब्रूहीत्यर्थः ॥ १८ ॥

શાંકરભાષ્ય :- હેતુ અને કાર્યકારણ-ભાવનો અસંબંધતાદોષથી નિરાકરણ કરી દીધા પછી પણ જો તમે હેતુ અને ફલની એકબીજાને કારણે સિદ્ધિ માનતા હો તો આ હેતુ અને ફલમાંથી પહેલાં કોણ થયું - તો બતાવો - જેની પૂર્વ સિદ્ધિની અપેક્ષાએ પાછળ થનારની સિદ્ધિ માનવામાં આવે ? આ આનું તાત્પર્ય છે. (૧૮)

⁂

अथ एतन्न शक्यते वक्तुमिति मन्यसे, – અને જો તમે એમ માનતા હો કે આ કહેવું શક્ય નથી તો –

अशक्तिरपरिज्ञानं क्रमकोपोऽथ वा पुनः ।
एवं हि सर्वथा बुद्धैरजातिः परिदीपिता ॥ १९ ॥

અનુવાદ :- આ અશક્તિ (અસામર્થ્ય) અજ્ઞાન છે અથવા પછી તો આનાથી ક્રમકોપ આવે છે એટલે ઉપર્યુક્ત ક્રમનો વિપર્યય થઈ જાય છે. આમ તે બુદ્ધિમાનોએ સર્વથા અજાતિને જ પ્રકાશિત કરી છે. (૧૯)

शाङ्करभाष्यम् :- सेयमशक्तिः अपरिज्ञानं तत्त्वाविवेकः, मूढतेत्यर्थः । अथ वा, योऽयं त्वयोक्तः क्रमः हेतोः फलस्य सिद्धिः फलाच्च हेतोः सिद्धिरिति इतरेतरानन्तर्यलक्षणः, तस्य कोपः विपर्यासोऽन्यथाभावः स्यादित्यभिप्रायः । एवं हेतुफलयोः कार्यकारणभावानुपपत्तेः अजातिः सर्वस्यानुत्पत्तिः परिदीपिता प्रकाशिता अन्योन्यपक्षदोषं ब्रुवद्भिर्वादिभिः बुद्धैः पण्डितैरित्यर्थः ॥ १९ ॥

શાંકરભાષ્ય :- આ અશક્તિ (તમારા) અપરિજ્ઞાન એટલે તત્ત્વનો અવિવેક અર્થાત્ મૂઢતા છે એવો અર્થ થાય અથવા તમે જે (એકબીજાના પૌર્વાપર્યરૂપ આ) ક્રમ કહ્યો છે કે હેતુથી ફળની સિદ્ધિ થાય છે અને ફલથી હેતુની, તેનો કોપ-વિપર્યાસ અર્થાત્ અન્યથા ભાવ થઈ જશે - એવો અભિપ્રાય છે. આમ હેતુ અને ફલનો કાર્યકારણભાવ અસંભવ હોવાના કારણે એકબીજાના પક્ષનો દોષ બતાવનારા પ્રતિપક્ષી બુદ્ધિમાનો અર્થાત્ પંડિતોએ સર્વની અજાતિ-અનુત્પત્તિ જ પ્રકાશિત કરી છે. (૧૯)

⁂

शाङ्करभाष्यम् :- ननु हेतुफलयोः कार्यकारणभाव इत्यस्माभिरुक्तं शब्दमात्रमाश्रित्य च्छलमिदं त्वयोक्तम् - 'पुत्राज्जन्म पितुर्यथा' 'विषाणवच्चासंबन्धः' इत्यादि । न ह्यस्माभिः असिद्धाद्धेतोः फलसिद्धिः, असिद्धाद्वा फलाद्धेतुसिद्धिरभ्युपगता । किं तर्हि ? बीजाङ्कुरवत्कार्यकारणभावोऽभ्युपगम्यत इति । ★ अत्रोच्यते —

પૂર્વપક્ષી :- અમે જે કહ્યું કે હેતુ અને ફલનો પરસ્પર કાર્ય-કારણભાવ છે, તો તમે અમારા શબ્દ માત્રને પકડીને છલપૂર્વક એવું કહી દીધું કે 'જેમ પુત્ર દ્વારા પિતાનો જન્મ થવો એ છે.' '(ડાબા-જમણા) શીંગડા સમાન (તેનો પરસ્પર) સંબંધ જ ન હોઈ શકે.' વગેરે. અમે અસિદ્ધ હેતુથી ફલની સિદ્ધિ અથવા અસિદ્ધ ફલથી હેતુની સિદ્ધિ કદી માની નથી. તો પછી શું માન્યું છે ? અમે તો બીજ અને અંકુરની જેમ કેવળ તેનો કાર્યકારણભાવ માનીએ છીએ.

સિદ્ધાન્તી - અહીં કહેવામાં આવે છે —

बीजाङ्कुराख्यो दृष्टान्तः सदा साध्यसमो हि सः ।
न हि साध्यसमो हेतुः सिद्धौ साध्यस्य युज्यते ॥ २० ॥

અનુવાદ :- બીજાંકુર નામનું જે દૃષ્ટાંત છે તે તો સદા સાધ્યની જેમ જ છે. અને જે હેતુ સાધ્યના સમાન હોય તે સાધ્યની સિદ્ધિમાં ઉપયોગી થતો નથી. (૨૦)

शाङ्करभाष्यम् :- बीजाङ्कुराख्यो दृष्टान्तो यः, साध्येन समः तुल्यो ममेत्यभिप्रायः । ननु प्रत्यक्षः कार्यकारणभावो बीजाङ्कुरयोरनादिः; न, पूर्वस्य पूर्वस्य अपरभावादिमत्त्वाभ्युपगमात् । यथा इदानीमुत्पन्नोऽपरोऽङ्कुरो बीजादादिमान् बीजं चापरमन्यस्मादङ्कुरादिति क्रमेणोत्पन्नत्वादादिमत् । एवं पूर्वः पूर्वोऽङ्कुरो बीजं च पूर्वं पूर्वमादिमदेवेति प्रत्येकं सर्वस्य बीजाङ्कुरजातस्यादिमत्त्वात्कस्यचिदप्यनादित्वानुपपत्तिः । एवं हेतुफलयोः । ★ अथ बीजाङ्कुरसंततेरनादिमत्त्वमिति चेत्; न, एकत्वानुपपत्तेः; न हि बीजाङ्कुरव्यतिरेकेण बीजाङ्कुरसंततिर्नामैका अभ्युपगम्यते हेतुफलसंततिर्वा तदनादित्ववादिभिः । तस्मात्सूक्तम् 'हेतोः फलस्य चानादिः कथं तैरुपवर्ण्यते' इति । तथा च अन्यदप्यनुपपत्तेर्न च्छलमित्यभिप्रायः । न च लोके साध्यसमो हेतुः साध्यस्य सिद्धौ सिद्धिनिमित्तं युज्यते प्रयुज्यते प्रमाणकुशलैरित्यर्थः । हेतुरिति दृष्टान्तोऽत्राभिप्रेतः गमकत्वात्, प्रकृतो हि दृष्टान्तः, न हेतुरिति ॥ २० ॥

શાંકરભાષ્ય :- બીજાંકુર નામનું જે દૃષ્ટાંત છે તે તો સાધ્યના સમાન જ છે એવો મારો અભિપ્રાય છે. જો કહો કે બીજ અને અંકુરનો કાર્યકારણભાવ તો પ્રત્યક્ષ જ અનાદિ છે, તો ના, એવી વાત નથી. કારણ કે તેમાંથી પૂર્વપૂર્વ(અંકુર અને ફલ)ને પરવર્તીઓની આ જેમ આદિમાન માનવામાં આવ્યા છે. જેવી રીતે આ સમયે બીજથી ઉત્પન્ન થયેલું બીજું બીજ પણ આદિમાન છે. આવી રીતે પૂર્વ-પૂર્વ અંકુર અને પૂર્વ-પૂર્વ બીજ આદિમાન્ છે. માટે સંપૂર્ણ બીજાંકુરવર્ગનું પ્રત્યેક બીજ અને અંકુર આદિમાન હોવાને કારણે કોઈનું પણ અનાદિ હોવું અસંભવ છે. આમ હેતુ અને ફલના વિષયમાં પણ સમજવું જોઈએ.

જો કહો કે બીજાંકુર પરંપરા તો અનાદિ હોઈ શકે છે, તો એવું કહેવું બરાબર નથી, કારણ કે તેનું એકત્વ માનવામાં આવ્યું નથી. હેતુ-ફલનું અનાદિત્વ પ્રતિપાદન કરનારાઓએ બીજ અને અંકુરથી ભિન્ન બીજાંકુર પરંપરા અથવા હેતુફલ પરંપરા નામનો કોઈ એક સ્વતંત્ર પદાર્થ માન્યો નથી. માટે 'તે લોકો હેતુ અને ફળનું અનાદિત્વ કેવી રીતે પ્રતિપાદન કરે છે' આ યોગ્ય કહ્યું છે. તેના સિવાય અનુપપત્તિ હોવાના કારણે પણ અમારું કથન છળ નથી - એવું આનું તાત્પર્ય છે. અભિપ્રાય આ છે કે લોકમાં પ્રમાણકુશલ પુરુષો દ્વારા સાધ્યની સિદ્ધિને માટે સાધ્યના જેવા હેતુનો પ્રયોગ ન કરી શકાય. અહીં 'હેતુ' શબ્દનો અભિપ્રાય દૃષ્ટાંત છે, કારણ કે તે તેનો જ જ્ઞાપક છે, અહીં દૃષ્ટાંતનું જ પ્રકરણ પણ છે - હેતુનું નહીં. (૨૦)

⁂

कथं बुद्धैरजातिः परिदीपितेत्याह – પંડિતોએ અજાતિને જ કેવી રીતે પ્રકાશિત કરેલ છે ? તે કહે છે –

पूर्वापरापरिज्ञानमजातेः परिदीपकम् ।
जायमानाद्धि वै धर्मात्कथं पूर्वं न गृह्यते ॥ २१ ॥

અનુવાદ :- (હેતુ અને ફલના) પૌર્વાપર્યનું જે અજ્ઞાન છે તે અજાતિનું-અનુત્પત્તિનું પ્રકાશક છે, કારણ કે જો કાર્ય (સાથે જ) ઉત્પન્ન થયું હોત તો તેનું કારણ કેમ ગ્રહણ કરવામાં ન આવત ? (૨૧)

शाङ्करभाष्यम् :- यदेतत् हेतुफलयोः पूर्वापरापरिज्ञानम्, तच्चैतत् अजातेः परिदीपकम् अवबोधकमित्यर्थः । जायमानो हि चेद्धर्मो गृह्यते, कथं तस्मात्पूर्वं कारणं न गृह्यते ? अवश्यं हि जायमानस्य ग्रहीत्रा तज्जनकं ग्रहीतव्यम्, जन्यजनकयोः संबन्धस्यानपेतत्वात्; तस्मादजातिपरिदीपकं तदित्यर्थः ॥ २१ ॥

શાંકરભાષ્ય :- આ જે હેતુ અને ફલના પૌર્વાપર્યનું અજ્ઞાન છે તે અજાતિનું જ પરિદીપક અર્થાત્ જ્ઞાપક છે. જો કાર્ય ઉત્પન્ન થતું ગ્રહણ કરવામાં આવે તો તેનાથી પૂર્વવર્તી કારણ કેમ ગ્રહણ ન કરી શકાય ? ઉત્પન્ન થનારી વસ્તુને ગ્રહણ કરનારા પુરુષ દ્વારા તેની ઉત્પત્તિનું કારણ પણ અવશ્ય ગ્રહણ કરાવું જોઈએ, કારણ કે જન્ય અને જનક પદાર્થોનો સંબંધ અનિવાર્ય છે. એટલા માટે તાત્પર્ય આ છે કે આ અજાતિનો પ્રકાશક છે. (૨૧)

⁂

इतश्च न जायते किंचित् यज्जायमानं वस्तु –

એટલા માટે પણ કોઈ વસ્તુ ઉત્પન્ન થતી નથી, કારણકે ઉત્પન્ન થનાર વસ્તુ –

स्वतो वा परतो वापि न किंचिद्वस्तु जायते ।
सदसत्सदसद्वापि न किंचिद्वस्तु जायते ॥ २२ ॥

અનુવાદ :- સ્વતઃ (પોતાનાથી) અથવા પરતઃ (બીજાનાથી કોઈપણ પ્રકારે) કોઈ વસ્તુ ઉત્પન્ન થતી નથી, કારણ કે સત્, અસત્ અથવા સદસત્ એવી કોઈપણ વસ્તુ ઉત્પન્ન થતી નથી. (૨૨)

शाङ्करभाष्यम् :- स्वतः परतः उभयतो वा सत् असत् सदसद्वा न जायते, न तस्य केनचिदपि प्रकारेण जन्म संभवति । न तावत्स्वयमेवापरिनिष्पन्नात्स्वतः स्वरूपात्स्वयमेव जायते, यथा घटस्तस्मादेव घटात् । नापि परतः अन्यस्मादन्यः, यथा घटात्पटः । तथा नोभयतः, विरोधात्, यथा घटपटाभ्यां घटः पटो वा न जायते । ★ ननु मृदो घटो जायते पितुश्च पुत्रः; सत्यम्, अस्ति जायत इति प्रत्ययः शब्दश्च मूढानाम् । तावेव तु शब्दप्रत्ययौ विवेकिभिः परीक्ष्येते - किं सत्यमेव तौ, उत मृषा इति; यावता परीक्ष्यमाणे शब्दप्रत्ययविषयं वस्तु घटपुत्रादिलक्षणं शब्दमात्रमेव तत्, 'वाचारम्भणम्' (बृ.उप. ६-१-४) इति श्रुतेः । ★ सच्चेत् न जायते, सत्त्वात्, मृत्पित्रादिवत् । यद्यसत्, तथापि न जायते, असत्त्वादेव, शशविषाणादिवत् । अथ सदसत्, तथापि न जायते विरुद्धस्यैकस्यासंभवात् । अतो न किंचिद्वस्तु जायत इति सिद्धम् । ★ येषां पुनर्जनिरेव जायत इति क्रियाकारकफलैकत्वमभ्युपगम्यते क्षणिकत्वं च वस्तुनः, ते दूरत एव न्यायापेताः । इदमित्थमित्यवधारणक्षणान्तरानवस्थानात्, अननुभूतस्य स्मृत्यनुपपत्तेश्च ॥ २२ ॥

શાંકરભાષ્ય :- પોતાનાથી, બીજાથી અથવા બંનેથી સત્, અસત્ થવા સદસત્ રૂપે ઉત્પન્ન થતી નથી - કોઈપણ પ્રકારે તેનો જન્મ થવો શક્ય નથી. જેવી રીતે ઘડો તે જ ઘડાથી ઉત્પન્ન થઈ શકતો નથી તેવી રીતે કોઈપણ વસ્તુ સ્વયં પોતાના અપરિનિષ્પન્ન (પૂર્ણતયા તૈયાર ન થયેલા) સ્વરૂપથી સ્વતઃ ઉત્પન્ન થઈ શકતી નથી. અને ન કોઈ બીજાથી પણ અન્યની ઉત્પત્તિ થઈ શકે છે, જેમ ઘડાથી પટની અથવા પટથી પટાંતરની. તથા આવી રીતે વિરોધ હોવાના કારણે બંનેથી પણ કોઈની ઉત્પત્તિ થઈ શકતી નથી, જેવી રીતે કે ઘડા અને પટ બંનેથી ઘડો અથવા પટ કોઈ ઉત્પન્ન થઈ શકતા નથી.

જો કહો કે માટીથી ઘડો ઉત્પન્ન થાય છે અને પિતાથી પુત્રનો જન્મ થાય છે તો ઠીક છે, પરંતુ 'ઉત્પન્ન થાય છે' એવો શબ્દ અને તેની પ્રતીતિ મૂર્ખાઓને જ થયા કરે છે. વિવેકી લોકો તો તે શબ્દ અને પ્રતીતિની - તે સત્ય છે અથવા મિથ્યા - આવી રીતે પરીક્ષા કર્યા કરે છે. પરંતુ પરીક્ષા કરવાને કારણે તો શબ્દ અને તેની પ્રતીતિનો વિષયભૂત (વિષય

બનેલો છે) ઘડો અથવા પુત્રાદિરૂપ વસ્તુ કેવળ શબ્દમાત્ર જ છે, જેમ કે 'वाचारम्भणम्' (છાં. ઉપ. ૬-૧-૪) વગેરે શ્રુતિથી પ્રમાણિત થાય છે.

જો વસ્તુ સત્ (વિદ્યમાન) છે તો મૃત્તિકા અને પિતા વગેરેની જેમ સત્ હોવાના કારણે જ ઉત્પન્ન થઈ શકતી નથી. જો અસત્ છે તો પણ શશશૃંગાદિની જેમ અસત્ હોવાને કારણે ઉત્પન્ન થઈ શકતી નથી. અને જો સત્ અસત્ છે તો પણ ઉત્પન્ન થઈ કતી નથી, કારણ કે એક જ વસ્તુ વિરુદ્ધ સ્વભાવવાળી હોવી અસંભવ છે. માટે આ સિદ્ધ થયું કે કોઈપણ વસ્તુ ઉત્પન્ન થતી નથી.

તેનાથી વિપરીત જે(બૌદ્ધો)ના મતે જન્મ ક્રિયાનો જ જન્મ થાય છે - આ રીતે ક્રિયા, કારક અને ફલની એકતા તથા વસ્તુના ક્ષણિકત્વનો સ્વીકાર કરે છે તે તો બિલકુલ યુક્તિથી ઘણું દૂર છે કારણ કે 'આ એવો છે' આવી રીતે નિશ્ચય કરવાની ક્ષણથી બીજી જ ક્ષણે સ્થિતિ ન રહેવાને કારણે (પદાર્થનો અનુભવ થઈ શકતો નથી) અને અનુભવ થયા વિના પદાર્થની સ્મૃતિ હોવી અસંભવ છે. (૨૨)

❖

किंच, हेतुफलयोरनादित्वमभ्युपगच्छता त्वया बलाद्धेतुफलयोरजन्मैवाभ्युपगतं स्यात् । कथम् ? –

આ જ નહીં. હેતુ અને ફલના અનાદિત્વનો સ્વીકાર કરનારા તમારા દ્વારા તો બળપૂર્વક હેતુ અને ફલની અનુત્પત્તિ જ સ્વીકારી લીધી છે. તો કેવી રીતે –

हेतुर्न जायतेऽनादेः फलं चापि स्वभावतः ।
आदिर्न विद्यते तस्य यस्य ह्यादिर्न विद्यते ॥ २३ ॥

અનુવાદ :- અનાદિ ફલથી કોઈ હેતુ ઉત્પન્ન થઈ શકતો નથી અને સ્વભાવથી (અનાદિ હેતુથી) ફલની પણ ઉત્પત્તિ થઈ શકતી નથી, કારણ કે જે વસ્તુનું કોઈ આદિ (કારણ) ન હોય તેનો આદિ (જન્મ) પણ ન હોઈ શકે. (૨૩)

शाङ्करभाष्यम् :- अनादेः आदिरहितात्फलात् हेतुः न जायते । न ह्यनुत्पन्नादनादेः फलाद्धेतोर्जन्मेष्यते त्वया, फलं चापि आदिरहितादनादेर्हेतोरजात्स्वभावत एव निर्निमित्तं जायत इति नाभ्युपगम्यते । ★ तस्मादनादित्वमभ्युपगच्छता त्वया हेतुफलयोरजन्मैवाभ्युपगम्यते । यस्मात् आदिः कारणं न विद्यते यस्य लोके, तस्य ह्यादिः पूर्वोक्ता जातिर्न विद्यते । कारणवत एव ह्यादिरभ्युपगम्यते, न अकारणवतः ॥ २३ ॥

શાંકરભાષ્ય :- અનાદિ અર્થાત્ આદિ રહિત ફલથી હેતુ ઉત્પન્ન થતો નથી. જેની કદી ઉત્પત્તિ જ થઈ ન હોય એવા અનાદિ ફલથી તમે હેતુનો જન્મ તો માનતા જ નથી અને ન તો એવું માનો છો કે અનાદિ - આદિરહિત અર્થાત્ અજન્મા હેતુથી વિના કોઈપણ નિમિત્તે સ્વાભાવિક રીતે જ ફલની ઉત્પત્તિ થઈ જાય છે.

માટે હેતુ અને ફલના અનાદિત્વને માનનારા તમારા દ્વારા તેની અનુત્પત્તિ જ સ્વીકારી લેવામાં આવે છે, કારણ કે લોકમાં જે વસ્તુનું આદિકારણ હોતું નથી તેનું આદિ અર્થાત્ પૂર્વોક્ત જન્મ પણ હોતો નથી. જેનું કોઈ કારણ હોય છે તેનો જન્મ પણ માનવામાં આવે છે, કારણરહિત પદાર્થનો નહીં. (૨૩)

❖

उक्तस्यैवार्थस्य दृढीकरणचिकीर्षया पुनराक्षिपति –

પૂર્વોક્ત અર્થને જ પુષ્ટ કરવાની ઇચ્છાથી ફરીથી દોષ પ્રદર્શિત કરે છે –

प्रज्ञप्तेः सनिमित्तत्वमन्यथा द्वयनाशतः ।
संक्लेशस्योपलब्धेश्च परतन्त्रास्तिता मता ॥ २४ ॥

અનુવાદ :- પ્રજ્ઞપ્તિ(શબ્દસ્પર્શાદિ જ્ઞાન)ને સનિમિત્ત (બાહ્ય વિષયયુક્ત) માનવી જોઈએ, નહીં તો (શબ્દસ્પર્શાદિ) દ્વૈતનો નાશ થઈ જશે. તેના સિવાય (અગ્નિદાહ વગેરે) ક્લેશની ઉપલબ્ધિથી પણ અન્ય મતાવલંબીઓના શાસ્ત્ર દ્વારા (પ્રતિપાદિત દ્વૈતની) સત્તા માનવામાં આવી છે. (૨૪)

शाङ्करभाष्यम् :- प्रज्ञानं प्रज्ञप्तिः शब्दादिप्रतीतिः, तस्याः सनिमित्तत्वम्, निमित्तं कारणं विषय इत्येतत्; सनिमित्तत्वं



सविषयत्वं स्वात्मव्यतिरिक्तविषयतेत्येतत्, प्रतिजानीमहे । न हि निर्विषया प्रज्ञप्तिः । शब्दादिप्रतीतिः स्यात्, तस्यां सनिमित्तत्वात् । अन्यथा निर्विषयत्वे शब्दस्पर्शनीलपीतलोहितादिप्रत्ययवैचित्र्यस्य द्वयस्य नाशतः नाशोऽभावः प्रसज्येतेत्यर्थः । न च प्रत्ययवैचित्र्यस्य द्वयस्याभावोऽस्ति, प्रत्यक्षत्वात् । अतः प्रत्ययवैचित्र्यस्य द्वयंस्य दर्शनात्, परेषां तन्त्रं परतन्त्रमित्यन्यशास्त्रम्, तस्य परतन्त्रस्य परतन्त्राश्रयस्य बाह्यार्थस्य प्रज्ञानव्यतिरिक्तस्य अस्तिता मता अभिप्रेता । ★ न हि प्रज्ञप्तेः प्रकाशमात्रस्वरूपाया नीलपीतादिबाह्यालम्बनवैचित्र्यमन्तरेण स्वभावभेदेनैतद्वैचित्र्यं संभवति । स्फटिकस्येव नीलाद्युपाध्याश्रयैर्विना वैचित्र्यं न घटत इत्यभिप्रायः । ★ इतश्च परतन्त्राश्रयस्य बाह्यार्थस्य ज्ञानव्यतिरिक्तस्यास्तिता । संक्लेशनं संक्लेशः, दुःखमित्यर्थः । उपलभ्यते हि अग्निदाहादिनिमित्तं दुःखम् । यद्यग्न्यादिबाह्यं दाहादिनिमित्तं विज्ञानव्यतिरिक्तं न स्यात्, ततो दाहादिदुःखं नोपलभ्येत । उपलभ्यते तु । अतः तेन मन्यामहे अस्ति बाह्योऽर्थ इति । न हि विज्ञानमात्रे संक्लेशो युक्तः, अन्यत्रादर्शनादित्यभिप्रायः ॥ २४ ॥

શાંકરભાષ્ય :- પ્રજ્ઞાન અર્થાત્ શબ્દાદિની પ્રતીતિનું નામ પ્રજ્ઞપ્તિ છે. તે સનિમિત્ત છે. નિમિત્ત કારણ અર્થાત્ વિષયને કહે છે, માટે સનિમિત્ત-સવિષય એટલે કે પોતાનાથી અતિરિક્ત વિષયની સાથે છે - એવી અમે (તેના વિષયમાં) પ્રતિજ્ઞા કરીએ છીએ (અર્થાત્ અમારું કથન છે કે) પ્રજ્ઞપ્તિ એટલે શબ્દાદિ-પ્રતીતિ નિર્વિષયા હોઈ શકે નહીં, કારણ કે તે સનિમિત્તા છે. અન્યથા તેને નિર્વિષય માનવાથી તો શબ્દ, સ્પર્શ તેમજ નીલ, પીત અને લોહિત વગેરે પ્રતીતિની વિચિત્રતારૂપ દ્વૈતનો નાશ થઈ જશે અર્થાત્ તેનો નાશ એટલે અભાવનો પ્રસંગ ઉપસ્થિત થઈ જશે અને પ્રત્યક્ષ-સિદ્ધ હોવાને કારણે પ્રત્યયવૈચિત્ર્યરૂપ દ્વૈતનો અભાવ નથી. માટે પ્રત્યયવૈચિત્ર્યરૂપ દ્વૈતની ઉપલબ્ધિથી, પરતંત્ર એટલે બીજાના શાસ્ત્ર, તે પરકીય તંત્રોના અર્થાત્ પરકીય તંત્રોના આશ્રિત જે પ્રજ્ઞાનથી અતિરિક્ત (ભિન્ન) અન્ય બાહ્ય પદાર્થ છે તેનું અસ્તિત્વ પણ સ્વીકારવામાં આવ્યું છે.

કેવળ પ્રકાશમાત્ર સ્વરૂપા પ્રજ્ઞપ્તિની આ વિચિત્રતા નીલ-પીતાદિ બાહ્ય આલંબનોની વિચિત્રતા સિવાય કેવળ સ્વભાવ ભેદથી જ હોવી શક્ય નથી. તાત્પર્ય આ છે કે સ્ફટિક સમાન, નીલ પીતાદિ ઉપાધિઓનો આશ્રય કર્યા વિના, આ વિચિત્રતા થઈ શકતી નથી.

તેના સિવાય એટલા માટે પણ બીજાના શાસ્ત્રોના આશ્રિત જ્ઞાનવ્યતિરિક્ત બાહ્ય પદાર્થોના અસ્તિત્વનો સ્વીકાર કરી લેવામાં આવ્યો છે કે અગ્નિદાહ્યાદિના કારણે થનાર સંક્લેશ એટલે દુઃખ ઉપલબ્ધ થાય છે. સંકલેશનો અર્થ સંકલેશન અર્થાત્ દુઃખ છે. જો વિજ્ઞાનથી અતિરિક્ત દાહાદિના નિમિત્તભૂત અગ્નિ વગેરે કોઈ બાહ્ય પદાર્થ ન હોત તો દાહાદિજનિત દુઃખ ઉપલબ્ધ થવું જોઈતું ન હતું. પરંતુ તે તો ઉપલબ્ધ થય છે, તેથી અમે માનીએ છીએ કે બાહ્ય પદાર્થ અવશ્ય છે. અભિપ્રાય આ છે કે કેવળ વિજ્ઞાનમાત્રમાં ક્લેશ હોવો સંભવ નથી, કારણ કે અન્યત્ર એવું જોવામાં આવતું નથી. (૨૪)

⁂

अत्रोच्यते – અહીં (અમારા દ્વારા) કહેવામાં આવે છે –

प्रज्ञप्तेः सनिमित्तत्वमिष्यते युक्तिदर्शनात् ।
निमित्तस्यानिमित्तत्वमिष्यते भूतदर्शनात् ॥ २५ ॥

અનુવાદ :- પૂર્વોક્ત યુક્તિ અનુસાર તમે પ્રજ્ઞપ્તિનું સવિષયત્વ સ્વીકારો છો. પરંતુ તત્વદષ્ટિથી અમે તે નિમિત્તનું-વિષયનું અનિમિત્તત્વ-અવિષયત્વ માનીએ છીએ. (૨૫)

शाङ्करभाष्यम् :- बाढमेवं प्रज्ञप्तेः सनिमित्तत्वं द्वयसंक्लेशोपलब्धियुक्तिदर्शनादिष्यते त्वया । स्थिरीभव तावत्त्वं युक्तिदर्शनं वस्तुनस्तथात्वाभ्युगमे कारणमित्यत्र । ★ ब्रूहि किं तत इति । ★ उच्यते - निमित्तस्य प्रज्ञप्त्यालम्बनाभिमतस्य तत्र घटादेरनिमित्तत्वमनालम्बनत्वं वैचित्र्याहेतुत्वमिष्यतेऽस्माभिः । कथम् ? भूतदर्शनात् परमार्थदर्शनादित्येतत् । न हि घटो यथाभूतमृद्रूपदर्शने सति तद्व्यतिरेकेणास्ति, यथा अश्वान्महिषः, पटो वा तन्तुव्यतिरेकेण तन्तवश्चांशुव्यतिरेकेण इत्येवमुत्तरोत्तरभूतदर्शन आ शब्दप्रत्ययनिरोधान्नैव निमित्तमुपलभामहे इत्यर्थः । ★ अथ वा, अभूतदर्शनाद्बाह्यार्थस्य अनिमित्तत्वमिष्यते रज्ज्वादाविव सर्पादेरित्यर्थः । भ्रान्तिदर्शनविषयत्वाच्च निमित्तस्यानिमित्तत्वं भवेत्; तदभावे अभावात् । न हि सुषुप्तसमाहितमुक्तानां भ्रान्तिदर्शनाभावे आत्मव्यतिरिक्तो बाह्योऽर्थ उपलभ्यते । न ह्युन्मत्तावगतं वस्त्वनुन्मत्तैरपि तथाभूतं गम्यते । एतेन द्वयदर्शनं संक्लेशोपलब्धिश्च प्रत्युक्ता ॥ २५ ॥



શાંકરભાષ્ય :- બરાબર છે, આવી રીતે દુઃખમય દ્વૈતની ઉપલબ્ધિરૂપ યુક્તિ અનુસાર તમે પ્રજ્ઞપ્તિનું સવિષયત્વ સ્વીકાર કરો છો, પરંતુ 'યુક્તિદર્શન વસ્તુની યથાર્થતાના જ્ઞાનમાં કારણ છે' પોતાના આ સિદ્ધાંતમાં તમે સ્થિર થઈ જાવ.

બાહ્યાર્થવાદી :- કહો, તેથી શું ? એટલે તેનાથી કઈ મુશ્કેલી આવે છે ?

વિજ્ઞાનવાદી :- અમે કહીએ છીએ કે પ્રજ્ઞપ્તિના આશ્રયરૂપથી સ્વીકારવામાં આવેલા ઘટાદિ વિષયનું અમે અવિષયત્વ-પ્રતીતિનું અનાશ્રયત્વ અર્થાત્ વિચિત્રતાનું અહેતુત્વ માનીએ છીએ. કેવી રીતે માનો છો ? ભૂતદષ્ટિથી અર્થાત્ પરમાર્થ દષ્ટિથી. જેવી રીતે અશ્વથી મહિષ પૃથક્ છે, તેવી રીતે મૃત્તિકાથી યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થવાથી, ઘટ તેનાથી પૃથક્ સિદ્ધ થતો નથી. એવી રીતે તંતુથી પૃથક્ પટ અને અંશુથી પૃથક્ તંતુ પણ સિદ્ધ થતો નથી. તાત્પર્ય એ છે કે એવી રીતે ઉત્તરોત્તર યથાર્થ તત્ત્વને જોતજોતાંમાં શબ્દ પ્રતીતિનો નિરોધ થઈ જવાથી અમે કોઈપણ વિષય જોતાં નથી.

અથવા જેવી રીતે રજ્જુ વગેરેમાં આરોપિત સર્પાદિ વસ્તુતઃ પ્રતીતિનું આલંબન બનતા નથી. ભ્રાંત દૃષ્ટિનો વિષય હોવાને કારણે આ નિમિત્તોનું અનિમિત્તત્વ છે, કારણ કે તે(ભ્રાન્તિ)નો અભાવ થવાથી તેનો પણ અભાવ થાય છે. સૂતેલા, સમાધિસ્થ અને મુક્ત પુરુષોને તેની ભ્રાંતિદષ્ટિનો અભાવ થઈ જવાથી, આત્માથી અતિરિક્ત કોઈ બાહ્ય પદાર્થની ઉપલબ્ધિ થતી નથી. ઉન્મત્ત પુરુષના જોવામાં આવતી વસ્તુ ઉન્માદશૂન્ય મનુષ્ય પણ તે પ્રકારે જાણી શકતો નથી. આનાથી દ્વૈતદર્શન અને ક્લેશની ઉપલબ્ધિ બંનેનું નિરાકરણ કરવામાં આવ્યું છે. (૨૫)

⁂

यस्मान्नास्ति बाह्यं निमित्तम् – કારણ કે બાહ્ય વિષય છે જ નહીં, એટલા માટે –

चित्तं न संस्पृशत्यर्थं नार्थाभासं तथैव च ।
अभूतो हि यतश्चार्थो नार्थाभासस्ततः पृथक् ॥ २६ ॥

અનુવાદ :- ચિત્ત કોઈ પદાર્થનો સ્પર્શ કરતું નથી અને એવી રીતે ન કોઈ અર્થાભાસનું ગ્રહણ પણ કરે છે. કારણ કે પદાર્થ છે જ નહીં, એટલા માટે પદાર્થાભાસ પણ તે(ચિત્ત)થી જુદો નથી. (૨૬)

शाङ्करभाष्यम् :- अतः चित्तं न स्पृशत्यर्थं बाह्यालम्बनविषयम्, नाप्यर्थाभासम्, चित्तत्वात् स्वप्नचित्तवत् । अभूतो हि जागरितेऽपि स्वप्नार्थवदेव बाह्यः शब्दाद्यर्थो यतः उक्तहेतुत्वाच्च । नाप्यर्थाभासश्चित्तात्पृथक् । चित्तमेव हि घटाद्यर्थवदवभासते तथा स्वप्ने ॥ २६ ॥

શાંકરભાષ્ય :- ચિત્ત, ચિત્ત હોવાના કારણે જ સ્વપ્નચિત્ત સમાન, બાહ્ય આલંબનના વિષયભૂત કોઈ પદાર્થને સ્પર્શ કરતું નથી અને અર્થાભાસને પણ ગ્રહણ કરતું નથી, કારણ કે ઉપર્યુક્ત હેતુથી જ સ્વપ્નગત પદાર્થની જેમ જાગૃત અવસ્થામાં પણ શબ્દાદિ બાહ્ય પદાર્થ છે જ નહીં અને ન ચિત્તથી જુદો અર્થાભાસ પણ છે. ઘટાદિ પદાર્થની જેમ ચિત્ત જ ભાસે છે, જેમ કે તે સ્વપ્નમાં ભાસે છે. (૨૬)

⁂

ननु विपर्यासस्तर्हि असति घटादौ घटाद्याभासता चित्तस्य; तथा च सति अविपर्यासः क्वचिद्वक्तव्य इति; अत्रोच्यते –

ઘટાદિના ન હોવાને કારણે પણ ચિત્તને ઘટ વગેરે ભાસવું-પ્રતીતિરૂપે દેખાવું આ તો વિપરીત જ્ઞાન છે. એવી અવસ્થામાં અવિપરીત જ્ઞાન ક્યારે થશે ? આ બતાવવું જોઈએ. માટે કહે છે –

निमित्तं न सदा चित्तं संस्पृशत्यध्वसु त्रिषु ।
अनिमित्तो विपर्यासः कथं तस्य भविष्यति ॥ २७ ॥

અનુવાદ :- (ભૂત-ભવિષ્ય અને વર્તમાન) ત્રણે અવસ્થાઓમાં ચિત્ત સદાય કોઈ નિમિત્ત(વિષય)ને સ્પર્શ કરતું નથી. તો પછી તેને નિમિત્ત વિના વિપરીત જ્ઞાન કેવી રીતે થશે ? (૨૭)

शाङ्करभाष्यम् :- निमित्तं विषयम् अतीतानागतवर्तमानाध्वसु त्रिष्वपि सदा चित्तं न संस्पृशेदेव हि । यदि हि क्वचित्संस्पृशेत्, सः अविपर्यासः परमार्थ इत्यतस्तदपेक्षया असति घटे घटाभासता विपर्यासः स्यात्; न तु तदस्ति कदाचिदपि चित्तस्यार्थसंस्पर्शनम् । तस्मात् अनिमित्तः विपर्यासः कथं तस्य चित्तस्य भविष्यति ? न कथंचिद्विपर्यासोऽस्तीत्यभिप्रायः । अयमेव हि स्वभावश्चित्तस्य, यदुत असति निमित्ते घटादौ तद्वदवभासनम् ॥ २७ ॥



શાંકરભાષ્ય :- અતીત (ભૂત), અનાગત (ભવિષ્ય) અને વર્તમાન - આ ત્રણેય અવસ્થાઓમાં ચિત્ત કદી નિમિત્ત એટલે વિષયને સ્પર્શ કરતું નથી. જો તે કદી તેને સ્પર્શ કરે તો 'તે અવિપર્યાસ અર્થાત્ પરમાર્થ છે' એમ માની શકાય. માટે તેની અપેક્ષાએ જ ઘટના ન હોવાથી પણ ઘટાભાસતા એટલે ઘટનું પ્રતીત થવું વિપર્યાસ કહેવાય. પરંતુ ચિત્તનો પદાર્થની સાથે કદી સ્પર્શ છે જ નહીં. માટે નિમિત્ત વિના જ તે ચિત્તને વિપરીત જ્ઞાન કેવી રીતે થઈ શકે ? તાત્પર્ય આ છે કે તેને કોઈ પ્રકારે વિપરીત જ્ઞાન છે જ નહીં. ચિત્તનો આ જ સ્વભાવ છે કે ઘટાદિ નિમિત્ત ન હોવાછતાં પણ તેની પ્રતીતિ થતી રહે છે. (૨૭)

⁂

'प्रज्ञप्तेः सनिमित्तत्वम्' इत्यादि एतदन्तं विज्ञानवादिनो बौद्धस्य वचनं बाह्यार्थवादिपक्षप्रतिषेधपरम् आचार्येणानुमोदितम् । तदेव हेतुं कृत्वा तत्पक्षप्रतिषेधाय तदिदमुच्यते –

'प्रज्ञप्ते सनिमित्तत्वम्' આ (૪-૨૫) શ્લોકથી લઈને અહીં સુધી આચાર્યએ વિજ્ઞાનવાદી બૌદ્ધના, બાહ્યાર્થવાદીના પક્ષના પ્રતિષેધ કરનાર વચનનું અનુમોદન કર્યું. હવે તેને હેતુ બનાવીને તેના પક્ષનો પ્રતિષેધ કરવા માટે આમ કહેવામાં આવે છે –

तस्मान्न जायते चित्तं चित्तदृश्यं न जायते ।
तस्य पश्यन्ति ये जातिं खे वै पश्यन्ति ते पदम् ॥ २८ ॥

અનુવાદ :- એટલા માટે ચિત્ત પણ ઉત્પન્ન થતું નથી અને ન ચિત્તનું દશ્ય પણ ઉત્પન્ન થાય છે. જે (લોકો) તેનો જન્મ જુએ છે તે નિશ્ચય જ આકાશમાં (પક્ષી વગેરેના) ચરણ (ચરણ-ચિહ્ન) જુએ છે. (૨૮)

शाङ्करभाष्यम् :- यस्मादसत्येव घटादौ घटाद्याभासता चित्तस्य विज्ञानवादिना अभ्युपगता, तदनुमोदितमस्माभिरपि भूतदर्शनात्; तस्मात्तस्यापि चित्तस्य जायमानावभासता असत्येव जन्मनि युक्ता भवितुमिति अतो न जायते चित्तम् । यथा चित्तदृश्यं न जायते । ★ अतस्तस्य चित्तस्य ये जातिं पश्यन्ति विज्ञानवादिनः क्षणिकत्वदुःखित्वशून्यत्वानात्मत्वादि च; तेनैव चित्तेन चित्तस्वरूपं द्रष्टुमशक्यं पश्यन्तः खे वै पश्यन्ति ते पदं पक्ष्यादीनाम् । अत इतरेभ्योऽपि द्वैतिभ्योऽत्यन्त-साहसिका इत्यर्थः । येऽपि शून्यवादिनः पश्यन्त एव सर्वशून्यतां स्वदर्शनस्यापि शून्यतां प्रतिजानते, ते ततोऽपि साहसिकतराः स्वं मुष्टिनापि जिघृक्षन्ति ॥ २८ ॥

શાંકરભાષ્ય :- કારણ કે વિજ્ઞાનવાદીએ ઘટાદિના ન હોવાથી પણ ચિત્તને ઘટદિ-આભાસતા અર્થાત્ ઘટાદિની પ્રતીતિનો સ્વીકાર કર્યો છે અને યથાર્થદષ્ટિ હોવાને કારણે તેનું અમે પણ અનુમોદન કર્યું છે, એટલા માટે તેની માનવામાં આવેલી ઉત્પત્તિની પ્રતીતિ પણ તેની ઉત્પત્તિના અભાવમાં જ થવી સંભવ છે. માટે જેવી રીતે ચિત્તના દશ્યનો જન્મ થતો નથી તેવી રીતે ચિત્તની પણ ઉત્પત્તિ થતી નથી.

માટે જે વિજ્ઞાનવાદી તે ચિત્તની ઉત્પત્તિ તથા એના ક્ષણિકત્વ, દુઃખીત્વ, શૂન્યત્વ તેમજ અનાત્મત્વ વગેરે જુએ છે તે ચિત્તથી જ. જેનું જોવું સર્વથા અસંભવ છે, એવા ચિત્તના સ્વરૂપને જોનારા તે નિશ્ચય જ આકાશમાં પક્ષી વગેરેના ચરણ જુએ છે. માટે તાત્પર્ય આ છે કે તે અન્ય દ્વૈતવાદીઓની અપેક્ષાએ પણ અધિક સાહસિક છે. બીજા જે શૂન્યવાદી સર્વની શૂન્યતા જોતાં પોતાના દર્શનની પણ શૂન્યતાની પ્રતિજ્ઞા કરે છે તે તો તેનાથી પણ વધુ સાહસિક છે. તેઓ આકાશને મુઠ્ઠીમાં જ પકડવા ઇચ્છે છે. (૨૮)

⁂

उक्तैर्हेतुभिरजमेकं ब्रह्मेति सिद्धम्, यत्पुनरादौ प्रतिज्ञातम्, तत्फलोपसंहारार्थोऽयं श्लोकः –

પૂર્વોક્ત હેતુઓથી આ સિદ્ધ થયું કે એક અજન્મા બ્રહ્મ જ છે. હવે, જેની પહેલાં પ્રતિજ્ઞા કરી છે તેના ફળનો ઉપસંહાર કરવા માટે આ શ્લોક છે –

अजातं जायते यस्मादजातिः प्रकृतिस्ततः ।
प्रकृतेरन्यथाभावो न कथंचिद्भविष्यति ॥ २९ ॥



અનુવાદ :- કારણ કે અજન્મા(ચિત્ત)નો જન્મ થાય છે. એટલા માટે અજાતિ એનો સ્વભાવ છે, અને સ્વભાવની વિપરીતતા (અન્યથાભાવ) કોઈપણ રીતે થશે નહીં. (૨૯)

शाङ्करभाष्यम् :- अजातं यच्चित्तं ब्रह्मैव जायत इति वादिभिः परिकल्प्यते, तत् अजातं जायते यस्मात् अजातिः प्रकृतिः तस्यः ततः तस्मात् अजातरूपायाः प्रकृतेरन्यथाभावो जन्म न कथंचिद्भविष्यति ॥ २९ ॥

શાંકરભાષ્ય :- અજાત જે બ્રહ્મરૂપ ચિત્ત છે તે ઉત્પન્ન થાય છે - એવી વાદીઓ દ્વારા કલ્પના કરવામાં આવે છે, કારણ કે તે અજાતનો જ જન્મ થાય છે, એટલા માટે અજાતિ તેનો સ્વભાવ છે. ત્યારે, એટલા માટે તે અજાતરૂપ સ્વભાવના જન્મરૂપ વિપરીત ભાવ કોઈપણ પ્રકારે થશે નહીં. (૨૯)

⁂

अयं चापर आत्मनः संसारमोक्षयोः परमार्थसद्भाववादिनां दोष उच्यते –

આત્માના સંસાર અને મોક્ષ બંનેના પારમાર્થિક અસ્તિત્વનો સ્વીકાર કરનાર વાદીઓના પક્ષનો આ બીજો દોષ બતાવવામાં આવે છે –

अनादेरन्तवत्त्वं च संसारस्य न सेत्स्यति ।
अनन्तता चादिमतो मोक्षस्य न भविष्यति ॥ ३० ॥

અનુવાદ :- અનાદિ સંસાર ક્યારેય અન્તવાળો સિદ્ધ થઈ શકશે નહીં અને આદિવાળા મોક્ષની કદી અનંતતા હોઈ શકે નહીં. (૩૦)

शाङ्करभाष्यम् :- अनादेः अतीतकोटिरहितस्य संसारस्य अन्तवत्त्वं समाप्तिः न सेत्स्यति युक्तितः सिद्धिं नोपयास्यति । न ह्यनादिः सन् अन्तवान्कश्चित्पदार्थो दृष्टो लोके । बीजाङ्कुरसंबन्धनैरन्तर्यविच्छेदो दृष्ट इति चेत्; न, एकवत्स्तवभावेनापोदितत्वात् । ★ तथा अनन्ततापि विज्ञानप्राप्तिकालप्रभवस्व मोक्षस्य आदिमतो न भविष्यति, घटादिष्वदर्शनात् । घटादिविनाशवदवस्तुत्वाददोष इति चेत्, तथा च मोक्षस्य परमार्थसद्भावप्रतिज्ञाहानिः; असत्त्वादेव शशविषाणस्येव आदिमत्त्वाभावश्च ॥ ३० ॥

શાંકરભાષ્ય :- અનાદિ - અતીતકોટિથી રહિત સંસારનું અંતવત્ત્વ અર્થાત્ સમાપ્ત થવું યુક્તિથી સિદ્ધ થતું નથી. લોકમાં કોઈપણ પદાર્થ અનાદિ થઈને અંતવાન થતો જોવામાં આવ્યો નથી. એમ કહો કે બીજાંકુર સંબંધની નિરંતરતાનો વિચ્છેદ થતો જોવામાં આવ્યો છે ? તો એમ કહેવું બરાબર નથી, કારણ કે બીજાંકુર સંતતિ કોઈ એક પદાર્થ ન હોવાને કારણે તેના અનાદિત્વનું નિરાકરણ (તો પહેલાં) કરી દેવામાં આવ્યું છે.

આ પ્રકારે વિજ્ઞાન પ્રાપ્તિના સમયે થનાર આદિવાળા મોક્ષની અનંતતા પણ થશે નહીં, કારણ કે ઘટ વગેરેમાં એવું જોવામાં આવતું નથી. જો એમ કહો કે ઘટાદિના નાશની જેમ અવસ્તુરૂપ હોવાથી (મોક્ષમાં) આ દોષ આવી શકતો નથી તો એનાથી મોક્ષના પારમાર્થિક સદ્ભાવવિષયક પ્રતિજ્ઞાની હાનિ થશે. તેના સિવાય (જો મોક્ષને અસદ્રુપ જ માનવામાં આવે તો પણ) શશશૃંગની જેમ અસત્ હોવાને કારણે પણ તેના આદિમત્વનો અભાવ છે. (૩૦)

⁂

आदावन्ते च यन्नास्ति वर्तमानेऽपि तत्तथा ।
वितथैः सदृशाः सन्तोऽवितथा इव लक्षिताः ॥ ३१ ॥

અનુવાદ :- જે આદિ અને અંતમાં નથી તે વર્તમાનમાં પણ એવું (અર્થાત્ અસદ્રુપ) જ છે. એ પદાર્થો અસત્ સમાન હોઈને પણ સત્ જેવા દેખાય છે. (૩૧)

⁂

सप्रयोजनता तेषां स्वप्ने विप्रतिपद्यते ।
तस्मादाद्यन्तवत्त्वेन मिथ्यैव खलु ते स्मृताः ॥ ३२ ॥

અનુવાદ :- તે(જાગૃત પદાર્થો)ની સપ્રયોજનતા સ્વપ્નાવસ્થામાં ખોટી સાબિત થાય છે. માટે આદિ-અંતયુક્ત હોવાના કારણે તે ખરેખર મિથ્યા જ માનવામાં આવ્યા છે. (૩૨)

शाङ्करभाष्यम् :- वैतथ्ये कृतव्याख्यानौ श्लोकाविह संसारमोक्षाभावप्रसङ्गेन पठितौ ॥ ३१-३२ ॥

શાંકરભાષ્ય :- વૈતથ્ય પ્રકરણમાં આ બંને શ્લોકો (માં.કા.વૈ.પ્ર. ૬ અને ૭)ની વ્યાખ્યા કરવામાં આવી ગઈ છે.અહીં સંસાર અને મોક્ષના અભાવના પ્રસંગે ફરીથી યાદ કરવામાં આવ્યા છે. (૩૧-૩૨)

◆

सर्वे धर्मा मृषा स्वप्ने कायस्यान्तर्निदर्शनात् ।
संवृतेऽस्मिन्प्रदेशे वै भूतानां दर्शनं कुतः ॥ ३३ ॥

અનુવાદ :- શરીરની અંદર જોવામાં આવવાના કારણે સ્વપ્નાવસ્થામાં (દેખાતા) બધા પદાર્થો મિથ્યા છે તો આ સંકુચિત સ્થાનમાં (અવકાશ રહિત બ્રહ્મમાં) જ ભૂતોનું દર્શન કેવી રીતે થઈ શકે ? (૩૩)

शाङ्करभाष्यम् :- 'निमित्तस्यानिमित्तत्वमिष्यते भूतदर्शनात्' इत्ययमर्थः प्रपञ्च्यते एतैः श्लोकैः ॥ ३३ ॥

શાંકરભાષ્ય :- આ શ્લોકો દ્વારા 'निमित्तस्यानिमित्तत्वमिष्यते भूतदर्शनात्' (માં.કા.અલા.પ્ર. ૨૫) આ શ્લોકનો જ વિસ્તાર કરવામાં આવ્યો છે. (૩૩)

◆

न युक्तं दर्शनं गत्वा कालस्यानियमाद्गतौ ।
प्रतिबुद्धश्च वै सर्वस्तस्मिन्देशे न विद्यते ॥ ३४ ॥

અનુવાદ :- બીજા પ્રદેશમાં જવામાં જે સમય લાગે છે (સ્વપ્નાવસ્થામાં) તેનો નિયમ ન હોવાને કારણે (સ્વપ્નના પદાર્થોને તેની નજીક જઈને) જોવાનું તો શક્ય નથી. વળી જાગવાથી પણ કોઈ તે (સ્વપ્નમાં જોયેલાં) પ્રદેશમાં હોતો નથી. (૩૪)

शाङ्करभाष्यम् :- जागरिते गत्यागमनकालौ नियतौ, देशः प्रमाणतो यः, तस्य अनियमात् नियमस्याभावात् स्वप्ने न देशान्तरगमनमित्यर्थः ॥ ३४ ॥

શાંકરભાષ્ય :- જાગૃતિમાં જે આવવા-જવાના સમયે અને પ્રમાણસિદ્ધ દેશ નિશ્ચિત છે તેનો નિયમ ન હોવાના કારણે સ્વપ્નવસ્થામાં દેશાંતર જવાનું થતું નથી. આ તેનો અભિપ્રાય છે. (૩૪)

◆

मित्राद्यैः सह संमन्त्र्य संबुद्धो न प्रपद्यते ।
गृहीतं चापि यत्किंचित्प्रतिबुद्धो न पश्यति ॥ ३५ ॥

અનુવાદ :- (સ્વપ્નાવસ્થામાં) મિત્રાદિની સાથે મંત્રણા કરીને (સ્વપ્નું જોનારો પુરુષ) જાગતાં તેને મેળવતો નથી, તથા તેણે જે કાંઈ (સ્વપ્નામાં) મેળવ્યું હોય છે તેને જાગીને જોતો નથી. (૩૫)

शाङ्करभाष्यम् :- मित्राद्यैः सह संमन्त्र्य तदेव मन्त्रणं प्रतिबुद्धो न प्रपद्यते, गृहीतं च यत्किंचिद्धिरण्यादि न प्राप्नोति; ततश्च न देशान्तरं गच्छति स्वप्ने ॥ ३५ ॥

શાંકરભાષ્ય :- (સ્વપ્નમાં) મિત્રાદિની સાથે મંત્રણા કરીને જાણનારો (માણસ) ફરીથી તે મંત્રણાને મેળવી શકતો નથી અને (તે સમયે) તેણે જે કાંઈ સ્વર્ણાદિ પ્રાપ્ત કર્યું હોય છે તેને પણ પ્રાપ્ત કરી શકતો નથી. એટલા માટે પણ (સ્વપ્નાવસ્થામાં) તે કોઈ બીજા દેશમાં જતો નથી. (૩૫)

◆

स्वप्ने चावस्तुकः कायः पृथगन्यस्य दर्शनात् ।
यथा कायस्तथा सर्वं चित्तदृश्यमवस्तुकम् ॥ ३६ ॥

અનુવાદ :- સ્વપ્નમાં શરીર હોય છે તે પણ અવસ્તુ છે, કારણ કે તેનાથી ભિન્ન એક બીજું શરીર દેખાય છે. જેવું તે શરીર છે તેવું જ સંપૂર્ણ ચિત્તદશ્ય અવસ્તુરૂપ છે. (૩૬)

शाङ्करभाष्यम् :- स्वप्ने च अटन्दृश्यते यः कायः, सः अवस्तुकः ततोऽन्यस्य स्वापदेशस्थस्य पृथक्कायान्तरस्य दर्शनात् । यथा स्वप्नदृश्यः कायः असन्, तथा सर्वं चित्तदृश्यम् अवस्तुकं जागरितेऽपि चित्तदृश्यत्वादित्यर्थः । स्वप्नसमत्वादसज्जागरितमपीति प्रकरणार्थः ॥ ३६ ॥

શાંકરભાષ્ય :- સ્વપ્નમાં ફરતું જે શરીર દેખાય છે તે અવસ્તુ છે, કારણ કે તે સ્વપ્નપ્રદેશમાં રહેલા શરીરથી ભિન્ન એક બીજું શરીર (પથારીમાં પડેલું) જોવામાં આવે છે. જેવી રીતે સ્વપ્નમાં જોવામાં આવતું શરીર અસત્ છે તેવી રીતે જાગૃત અવસ્થામાં આખું ચિત્તદશ્ય, કેવળ ચિત્તનું જ દશ્ય હોવાના કારણે એ અસત્ છે - આ તેનું તાત્પર્ય છે. પ્રકૃત અર્થ એ થયો કે સ્વપ્નના જેવી હોવાને કારણે જાગૃત અવસ્થા પણ અસત્ જ છે. (૩૬)

◆

इतश्च असत्त्वं जाग्रद्वस्तुनः — જાગૃત પદાર્થોની અસત્તા એટલા માટે પણ છે કે —

ग्रहणाज्जागरितवत्तद्धेतुः स्वप्न इष्यते ।
तद्धेतुत्वात्तु तस्यैव सज्जागरितमिष्यते ॥ ३७ ॥

અનુવાદ :- જાગૃતની જેમ ગ્રહણ કરવાને કારણે સ્વપ્ન તેનું કાર્ય માનવામાં આવે છે. પરંતુ જાગૃતનું કાર્ય હોવાને કારણે (સ્વપ્નું જોનાર માટે) જાગૃત-અવસ્થા સત્ય માનવામાં આવે છે. (૩૭)

शाङ्करभाष्यम् :- जागरितवत् जागरितस्येव ग्रहणात् ग्राह्यग्राहकरूपेण स्वप्नस्य, तज्जागरितं हेतुः अस्य स्वप्नस्य स स्वप्नः तद्धेतुः जागरितकार्यम् इष्यते । तद्धेतुत्वात् जागरितकार्यत्वात् तस्यैव स्वप्नदृश एव सज्जागरितम्, न त्वन्येषाम्; यथा स्वप्न इत्यभिप्रायः । ★ यथा स्वप्नः स्वप्नदृश एव सन् साधारणविद्यमानवस्तुवदवभासते, तथा तत्कारणत्वात्साधारणविद्यमानवस्तुवदवभासनम्, न तु साधारणं विद्यमानवस्तु स्वप्नवदेवेत्यभिप्रायः ॥ ३७ ॥

શાંકરભાષ્ય :- જાગૃત સમાન જ ગ્રાહ્ય-ગ્રાહક રૂપથી સ્વપ્નનું ગ્રહણ થવાથી આ સ્વપ્નાવસ્થાનું જાગૃત કારણ છે, એટલા માટે તે સ્વપ્નાવસ્થા તદ્ધેતુક એટલે જાગૃતનું કાર્ય માનવામાં આવે છે. તદ્ધેતુક અર્થાત્ જાગૃતનું કાર્ય હોવાથી તે સ્વપ્નદ્રષ્ટાને માટે જાગૃત અવસ્થા સત્ય છે, બીજાઓને માટે નહીં, જેમ કે સ્વપ્ન - આ આનું તાત્પર્ય છે.

જેવી રીતે સ્વપ્ન સ્વપ્નદ્રષ્ટાને જ સત્ અર્થાત્ સાધારણ વિદ્યમાન વસ્તુ જેવું દેખાય છે તેવી રીતે તેનું કારણ હોવાથી જાગૃતની પણ સાધારણ વિદ્યમાન વસ્તુની જેમ પ્રતીતિ થાય છે. પરંતુ વસ્તુતઃ સ્વપ્નની જેમ જ તે સાધારણ વિદ્યમાન વસ્તુ નથી - આ આનો અભિપ્રાય છે. (૩૭)

◆

ननु स्वप्नप्रकारणत्वेऽपि जागरितवस्तुनो न स्वप्नवदवस्तुत्वम् । अत्यन्तचलो हि स्वप्नः जागरितं तु स्थिरं लक्ष्यते । ★ सत्यमेवमविवेकिनां स्यात् । विवेकिनां तु न कस्यचिद्वस्तुन उत्पादः प्रसिद्धः । अतः —

પૂર્વપક્ષી :- સ્વપ્નનું કારણ હોવાથી પણ જાગૃત પદાર્થોનું સ્વપ્નના જેવું અવસ્તુત્વ નથી, કારણ કે સ્વપ્ન તો અત્યંત ચંચલ છે, પરંતુ જાગૃત અવસ્થા સ્થિર જોવામાં આવે છે.

સિદ્ધાન્તી :- બરાબર છે, અવિવેકીઓને માટે એવી વાત હોઈ શકે છે, પરંતુ વિવેકીઓને તો કોઈ વસ્તુની ઉત્પત્તિ સિદ્ધ છે જ નહીં. માટે -

उत्पादस्याप्रसिद्धत्वादजं सर्वमुदाहृतम् ।
न च भूतादभुतस्य संभवोऽस्ति कथंचन ॥ ३८ ॥

અનુવાદ :- ઉત્પત્તિ પ્રસિદ્ધ ન હોવાને કારણે સર્વ કાંઈ અજ કહેવામાં આવે છે. સત્ વસ્તુથી અસત્‌ની ઉત્પત્તિ કોઈ પણ રીતે થઈ શકતી નથી. (૩૮)

शाङ्करभाष्यम् :- अप्रसिद्धत्वात् उत्पादस्य आत्मैव सर्वमिति अजं सर्वम् उदाहृतं वेदान्तेषु '**सबाह्याभ्यन्तरो ह्यजः**' (मु.उप. २-१-२) इति । यदपि मन्यसे जागरितास्तः असन्स्वप्नोजायत इति, तदसत् । न भूतात् विद्यमानात् अभूतस्य असतः संभवोऽस्ति लोके । न ह्यसतः शशविषाणादेः संभवो दृष्टः कथंचिदपि ॥ ३८ ॥

શાંકરભાષ્ય :- ઉત્પત્તિ સિદ્ધ ન થવાથી સર્વ કાંઈ આત્મા જ છે, એટલા માટે વેદાંતોમાં 'सबाह्याभ्यन्तरो ह्यजः' (મું. ઉપ. ૨-૧-૨) વગેરે રૂપે સઘળું અજ કહ્યું છે, અને તમે જે માનો છો કે સત્ જાગૃતથી અસત્ સ્વપ્નની ઉત્પત્તિ થાય છે, તે પણ બરાબર નથી, કારણ કે લોકમાં ભૂત-વિદ્યમાન વસ્તુથી અસત્‌નો જન્મ થતો નથી. શશશૃંગાદિ અસત્ પદાર્થોનો જન્મ કોઈપણ પ્રકારે જોવામાં આવતો નથી. (૩૮)

* * *

ननु उक्तं त्वयैव स्वप्नो जागरितकार्यमिति; तत्कथमुत्पादोऽप्रसिद्ध इति उच्यते ? शृणु तत्र यथा कार्यकारणभावोऽस्माभिरभिप्रेत इति —

પૂર્વપક્ષી :- આ તો તમે કહ્યું હતું કે સ્વપ્ન જાગરિક્નું કાર્ય છે, પછી એવું કેમ કહો છો કે તેની ઉત્પત્તિ સિદ્ધ થતી નથી ?

સિદ્ધાન્તી :- અમે જે રીતે તેનો કાર્યકારણભાવ માનીએ છીએ તે સાંભળો.

असज्जागरिते दृष्ट्वा स्वप्ने पश्यति तन्मयः ।
असत्स्वप्नेऽपि दृष्ट्वा च प्रतिबुद्धो न पश्यति ॥ ३९ ॥

અનુવાદ :- (જીવ) જાગૃત અવસ્થામાં અસત્ પદાર્થોને જોઈને તેમાં તન્મય થઈ (એટલે સંસ્કારયુક્ત થઈને તેને) સ્વપ્નમાં જુવે છે, પરંતુ સ્વપ્નાવસ્થામાં પણ અસત્ પદાર્થોને જોઈને જાગેલો તેને જોતો નથી. (૩૯)

शाङ्करभाष्यम् :- असत् अविद्यमानं रज्जुसर्पवद्विकल्पितं वस्तु जागरिते दृष्ट्वा तद्भावभावितस्तन्मयः स्वप्नेऽपि जागरितवत् ग्राह्यग्राहकरूपेण विकल्पयन्पश्यति, तथा असत्स्वप्नेऽपि दृष्ट्वा च प्रतिबुद्धो न पश्यति अविकल्पयन्, च-शब्दात् । तथा जागरितेऽपि दृष्ट्वा स्वप्ने न पश्यति कदाचिदित्यर्थः । तस्माज्जागरितं स्वप्नहेतुरित्युच्यते, न तु परमार्थसदिति कृत्वा ॥ ३९ ॥

શાંકરભાષ્ય :- જાગૃત અવસ્થામાં અસત્ અર્થાત્ રજ્જુમાં સર્પની જેમ કલ્પના કરેલા અવિદ્યમાન પદાર્થોને જોઈને તેના ભાવથી ભાવિત થઈ સ્વપ્નમાં પણ તન્મયભાવથી જાગૃતની જેમ ગ્રાહ્યગ્રાહકરૂપે વિકલ્પ (કલ્પનાઓ) કરતાં કરતાં તેને જુએ છે. તથા સ્વપ્નમાં પણ અસત્ પદાર્થોને જોઈને જાગી જતાં વિકલ્પ ન કરવાના કારણે તેને જોતાં નથી. 'च' શબ્દથી આ અભિપ્રાય છે કે આવી રીતે કદીક જાગૃતમાં જોઈને પણ તે પદાર્થોને સ્વપ્નમાં જોતો નથી. એટલા માટે એમ કહેવામાં આવે છે કે જાગૃત અવસ્થા સ્વપ્નનું કારણ છે. તેને પરમાર્થસત્ માનીને એમ કહી શકાય નહીં. (૩૯)

* * *

परमार्थतस्तु न कस्यचित्केनचिदपि प्रकारेण कार्यकारणभाव उपपद्यते । कथम् ? —

પરમાર્થતઃ તો કોઈનો કોઈપણ પ્રકારે કાર્ય-કારણભાવ હોવો સંભવ નથી. કેવી રીતે ? (તો કહે છે) —

नास्त्यसद्धेतुकमसत्सदसद्धेतुकं तथा ।
सच्च सद्धेतुकं नास्ति सद्धेतुकमसत्कुतः ॥ ४० ॥

અનુવાદ :- ન તો અસત્ પદાર્થ જ અસત્ કારણવાળો છે અને ન સત્ પદાર્થ અસત્ કારણવાળો છે. (એવી રીતે) સત્ પદાર્થ પણ સત્ કારણવાળો નથી, પછી અસત્ પદાર્થ જ સત્ કારણવાળો કેવી રીતે હોઈ શકે ? (૪૦)

शाङ्करभाष्यम् :- नास्ति असद्धेतुकम् असत् शशविषाणादि हेतुः कारणं यस्य असत एव खपुष्पादेः, तत असद्धेहुतकम् असत् न विद्यते । तथा सदपि घटादिवस्तु असद्धेतुकम् शशविषाणादिकार्यं नास्ति । तथा सच्च विद्यमानं



घटादि वस्त्वन्तरकार्यं नास्ति । सत्कार्यम् असत् कृत एव संभवति ? न चान्यः कार्यकारणभावः संभवति शक्यो वा कल्पयितुम् । अतो विवेकिनामसिद्ध एव कार्यकारणभावः कस्यचिदित्यभिप्रायः ॥ ४० ॥

શાંકરભાષ્ય :- અસત્ કારણવાળા અસત્ પદાર્થ પણ નથી. જે આકાશપુષ્પ વગેરે અસત્ પદાર્થના કોઈ સસલાનું શિંગડું વગેરે અસત્ કારણ હોય એવો કોઈ સત્હેતુક અસત્ પદાર્થ પણ વિદ્યમાન નથી. તથા ઘટાદિ સત્ વસ્તુ પણ અસત્ હેતુક અર્થાત્ શશવિષાણાદિ(અસત્ પદાર્થ)નું કાર્ય નથી. આવી રીતે સત્ એટલે વિદ્યમાન ઘટ વગેરે કોઈ અન્ય સત્ વસ્તુનું પણ કાર્ય નથી. પછી સત્નું કાર્ય અસત્ જ કેવી રીતે હોઈ શકે ? તેના સિવાય કોઈ અન્ય કાર્ય-કારણ ભાવની ન તો સંભવના છે અને ન કલ્પના કરી શકાય છે. માટે તાત્પર્ય આ છે કે વિવેકીઓને માટે તો કોઈ વસ્તુનો પણ કાર્ય-કારણ ભાવ અસિદ્ધ છે એટલે સિદ્ધ થતો નથી. (૪૦)

❖

पुनरपि जाग्रत्स्वप्नयोरसतोरपि कार्यकारणभावाशङ्कामपनयन्नाह –

જાગૃત અને સ્વપ્ન અસત્ હોવાને કારણે પણ તેના કાર્યકારણભાવના સંબંધમાં જે શંકા છે તેની નિવૃત્તિ કરતાં કરતાં ફરીથી કહે છે –

विपर्यासाद्यथा जाग्रदचिन्त्यान्भूतवत्स्पृशेत् ।
तथा स्वप्ने विपर्यासाद्धर्मांस्तत्रैव पश्यति ॥ ४१ ॥

અનુવાદ :- જેવી રીતે મનુષ્ય ભ્રાંતિવશ જાગૃતકાલીન અચિંત્ય પદાર્થોને યથાર્થ રીતે ગ્રહણ કરે છે તેવી રીતે સ્વપ્નમાં પણ ભ્રાંતિવશ (સ્વપ્નકાલીન) પદાર્થોને ત્યાં જ (તે અવસ્થામાં) જુવે છે. (૪૧)

शाङ्करभाष्यम् :- विपर्यासात् अविवेकतः यथा जाग्रत् जागरिते अचिन्त्यान्भावान् अशक्यचिन्तनान् रज्जुसर्पादीन् भूतवत् परमार्थवत् स्पृशेत्; स्पृशन्निव विकल्पयेदित्यर्थः, कश्चिद्यथा, तथा स्वप्ने विपर्यासात् हस्त्यादीन्पश्यन्निव विकल्पयति । तत्रैव पश्यति, न तु जागरितादुत्पद्यमानानित्यर्थः ॥ ४१ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે કોઈ પુરુષ વિપર્યાસ અર્થાત્ અવિવેકને કારણે જાગૃત અવસ્થામાં રજ્જુ સર્પાદિ અચિંતનીય અર્થાત્ જેનું ચિંતન કરી ન શકાય એવા પંદાર્થોને ભૂત-પરમાર્થવત્ સ્પર્શ કરતાં કરતાં કલ્પના કરે છે તેવી રીતે સ્વપ્નમાં વિપર્યાસના કારણે જ તે હાથી વગેરેને જોતાં એવી કલ્પના કરે છે, અર્થાત્ તેને તે એ જ અવસ્થામાં જુએ છે, ન તો (તે પદાર્થો) જાગૃતથી ઉત્પન્ન થાય છે. (૪૧)

❖

उपलम्भात्समाचारादस्तिवस्तुत्ववादिनाम् ।
जातिस्तु देशिता बुद्धैरजातेस्त्रसतां सदा ॥ ४२ ॥

અનુવાદ :- (વસ્તુઓની) ઉપલબ્ધિ અને (વર્ણાશ્રમાદિ) આચારના કારણે જે પદાર્થોની સત્તાનો સ્વીકાર કરે છે તથા અજાતિથી ભય માને છે, વિદ્વાનોએ સર્વદા તેને માટે જાતિનો ઉપદેશ આપ્યો છે. (૪૨)

शाङ्करभाष्यम् :- यापि बुद्धैः अद्वैतवादिभिः जातिः देशिता उपदिष्टा, उपल्भनमुपलम्भः, तस्मात् उपलब्धेरित्यर्थः । समाचारात् वर्णाश्रमादिधर्मसमाचरणाच्च ताभ्यां हेतुभ्याम् अस्तिवस्तुत्ववादिनाम् अस्ति वस्तुभाव इत्येवंवदनशीलानां दृढाग्रहवतां श्रधानां मन्दविवेकिनामर्थोपायत्वेन सा देशिता जातिः तां गृह्णन्तु तावत् । वेदान्ताभ्यासिनां तु स्वयमेव अजाद्वयात्मविषयो विवेको भविष्यतीति; न तु परमार्थबुद्ध्या । ते हि श्रोत्रियाः स्थूलबुद्धित्वात् अजातेः अजातिवस्तुनः सदा त्रस्यन्ति आत्मनाशं मन्यमाना अविवेकिन इत्यर्थः । 'उपायः सोऽवताराय' इत्युक्तम् ॥ ४२ ॥

શાંકરભાષ્ય :- તથા બુદ્ધ એટલે અદ્વૈતવાદી વિદ્વાનોએ જે જાતિ(જગતની ઉત્પત્તિ)નો ઉપદેશ આપ્યો છે (તેનું આ કારણ છે) ઉપલંભનનું નામ ઉપલંભ છે તે ઉપલંભ અર્થાત્ ઉપલબ્ધિથી અને સમાચાર એટલે વર્ણાશ્રમાદિ ધર્મોના સમ્યક્ આચરણથી - આ બંને કારણોથી વસ્તુઓનું અસ્તિત્વ માનનારા અર્થાત્ '(દ્વૈત પદાર્થોમાં) વસ્તુત્વ છે' એવું કહેનારા દઢ આગ્રહી, શ્રદ્ધાળુ અને મંદ વિવેકશીલ પુરુષોએ (બ્રહ્માત્મૈક્યબોધની પ્રાપ્તિરૂપ) અર્થના ઉપાયરૂપે તે જાતિનો ઉપદેશ આપ્યો છે. (તેમાં



તેનું આ તાત્પર્ય છે કે) 'અત્યારે તે ભલે તેને સ્વીકારી લે, પરંતુ વેદાંતનો અભ્યાસ કરતાં કરતાં તેને સ્વયં અજન્મા અને અદ્વિતીય (પરમતત્ત્વ) સંબંધી વિવેક થઈ જશે'. તેમણે પરમાર્થબુદ્ધિથી તેનો ઉપદેશ આપ્યો નથી, કારણ કે તે કેવળ શ્રુતિ પરાયણ અવિવેકી લોકો સ્થૂળબુદ્ધિ હોવાને કારણે પોતાનો નાશ માનતાં અજાતિ અર્થાત્ જન્મરહિત વસ્તુથી સદા ભય માને છે - આ આનું તાત્પર્ય છે. આ જ વાત અમે 'उपायः सोऽवताराय' વગેરે શ્લોક(માં.કા.અ.પ્ર. ૧૫)માં કહી છે. (૪૨)

❖

अजातेस्त्रसतां तेषामुपलम्भाद्वियन्ति ये ।
जातिदोषा न सेत्स्यन्ति दोषोऽप्यल्पो भविष्यति ॥ ४३ ॥

અનુવાદ :- (દ્વૈતની) ઉપલબ્ધિને કારણે જે વિપરીત માર્ગમાં પ્રવૃત્ત થનારા અને અજાતિથી ભય માનનારા છે તે લોકોને માટે જાતિ સંબંધી દોષ સિદ્ધ થતો નથી, (કારણકે દ્વૈતવાદી હોવાથી પણ તે સન્માર્ગમાં પ્રવૃત્ત તો રહેલો જ હોય છે). (અને જો હોય તો પણ) થોડો જ દોષ હશે. (૪૩)

शाङ्करभाष्यम् :- ये च एवमुपलम्भात्समाचाराच्च अजातेः अजातिवस्तुनः त्रसन्तः अस्ति वस्त्विति अद्वयादात्मनः, वियन्ति विरुद्धं यन्ति द्वैतं प्रतिपद्यन्त इत्यर्थः । तेषाम् अजातेः त्रसतां श्रद्दधानानां सन्मार्गावलम्बिनां जातिदोषाः जात्युपलम्भ-कृता दोषाः न सेत्स्यन्ति सिद्धिं नोपयास्यन्ति, विवेकमार्गप्रवृत्तत्वात् । यद्यपि कश्चिद्दोषः स्यात्, सोऽप्यल्प एव भविष्यति, सम्यग्दर्शनाप्रतिपत्तिहेतुक इत्यर्थः ॥ ४३ ॥

શાંકરભાષ્ય :- જે લોકો આવી રીતે (પદાર્થોની) ઉપલબ્ધિ અને (વર્ણાશ્રમાદિના) આચારોને કારણે અજન્મા વસ્તુથી ડરનાર હોય છે અને 'દ્વૈત પદાર્થ છે' એવું સમજીને અદ્વય આત્માથી વિરુદ્ધ ચાલે છે, અર્થાત્ દ્વૈત સ્વીકાર કરે છે, તે અજાતિથી ભય માનનારા શ્રદ્ધાળુ અને સન્માર્ગાવલંબી પુરુષોને જાતિદોષ-જાતિની ઉપલબ્ધિને કારણે થનારા દોષ સિદ્ધ થશે નહીં, કારણ કે તે વિવેકમાર્ગમાં પ્રવૃત્ત છે. અને જો કંઈ દોષ હશે તો તે પણ અલ્પ (થોડો જ) હશે, અર્થાત્ કેવળ સમ્યક્ દર્શનની અપ્રાપ્તિને કારણે થનાર દોષ હશે. (૪૩)

❖

ननु उपलम्भसमाचारयोः प्रमाणत्वादस्त्येव द्वैतं वस्त्विति; न, उपलम्भसमाचारयोर्व्यभिचारात् । कथं व्यभिचार इति, उच्यते –

જો એમ કહો કે ઉપલબ્ધિ અને આચરણ તો પ્રમાણ છે, એટલા માટે દ્વૈતવસ્તુ છે જ એવી વાત નથી, કારણ કે ઉપલબ્ધિ અને આચરણનો તો વ્યભિચાર પણ થાય છે. કેવી રીતે વ્યભિચાર થાય છે ? તો બતાવવામાં આવે છે –

उपलम्भात्समाचारान्मायाहस्ती यथोच्यते ।
उपलम्भात्समाचारादस्ति वस्तु यथोच्यते ॥ ४४ ॥

અનુવાદ :- ઉપલબ્ધિ અને આચરણને કારણે જેવી રીતે માયાજનિત હાથીને ('હાથી છે' એમ) કહેવામાં આવે છે તેવી રીતે ઉપલબ્ધિ અને આચરણના કારણે 'વસ્તુ છે' એવું કહેવામાં આવે છે. (૪૪)

शाङ्करभाष्यम् :- उपलभ्यते हि मायाहस्ती हस्तीव, हस्तिनमिवात्र समाचरन्ति बन्धनारोहणादिहस्तिसंबन्धिभिर्धर्मैः, हस्तीति चोच्यते असन्नपि यथा, तथैव उपलम्भात्समाचारात् द्वैतं भेदरूपं अस्ति वस्तु इत्युच्यते । तस्मान्नोपलम्भसमाचारौ द्वैतवस्तुसद्भावे हेतू भवत इत्यभिप्रायः ॥ ४४ ॥

શાંકરભાષ્ય :- હાથીની જેમ જ માયાજનિત હાથી પણ જોવામાં આવે છે. હાથીની જેમ અહીં (માયાના હાથીનું) પણ બંધન આરોહણ વગેરે. હસ્તિ સંબંધી ધર્મો દ્વારા વ્યવહાર કરે છે. જેવી રીતે અસત્ હોવાથી પણ તે 'હાથી છે' એવું કહેવામાં આવે છે, તેવી રીતે ઉપલબ્ધિ અને આચરણને કારણે ભેદરૂપ દ્વૈતવસ્તુ છે - એવું કહેવામાં આવે છે. માટે અભિપ્રાય આ છે કે ઉપલબ્ધિ અને આચરણ દ્વૈત વસ્તુના સદ્ભાવમાં કારણ નથી. (૪૪)

❖



किं पुनः परमार्थसद्वस्तु, यदास्पदा जात्याद्यसद्बुद्धय इत्याह –
જેના આશ્રયે જાતિ વગેરે અસત્ બુદ્ધિઓ હોય છે તે પરમાર્થ સદ્ વસ્તુ શું છે તે કહે છે –

जात्याभासं चलाभासं वस्त्वाभासं तथैव च ।
अजाचलमवस्तुत्वं विज्ञानं शान्तमद्वयम् ॥ ४५ ॥

અનુવાદ :- જે કાંઈ જાતિ સમાન ભાસતું, ચલ સમાન ભાસતું અને વસ્તુ સમાન ભાસતું તે અજ, અચલ અને અવસ્તુરૂપ શાંત તેમજ અદ્વિતીય વિજ્ઞાન છે. (૪૫)

शाङ्करभाष्यम् :- अजाति सत् जातिवदवभासत इति जात्याभासम्, तद्यथा देवदत्तो जायत इति । चलाभासं चलमिवाभासत इति, यथा स एव देवदत्तो गच्छतीति । वस्त्वाभासं वस्तु द्रव्यं धर्मि, तद्वदवभासत इति वस्त्वाभासम्, यथा स एव देवदत्तो गौरो दीर्घ इति । जायते देवदत्तः स्पन्दते दीर्घो गौर इत्येवमवभासते । परमार्थतस्तु अजमचलमवस्तुत्वमद्रव्यं च । किं तदेवंप्रकारम् ? विज्ञानं विज्ञप्तिः, जात्यादिरहितत्वाच्छान्तम् अत एव अद्वयं च तदित्यर्थः ॥ ४५ ॥

શાંકરભાષ્ય :- જે અજાતિ હોવા છતાં પણ જાતિવાળું પ્રતીત થાય તેને જાત્યાભાસ કહે છે. તેનું ઉદાહરણ, જેમ દેવદત્ત ઉત્પન્ન થાય છે. જે ચલ સમાન પ્રતીત થાય તેને ચલાભાસ કહે છે, જેમ તે દેવદત્ત જાય છે. 'वस्त्वाभासम्' - વસ્તુ ધર્મી દ્રવ્યને કહે છે. જે તેના સમાન પ્રતીત થાય તે વસ્ત્વાભાસ છે, જેમ - તે દેવદત્ત ગૌર અને દીર્ઘ છે. દેવદત્ત ઉત્પન્ન થાય છે, ચાલે છે તથા તે ગૌર અને દીર્ઘ છે - આવી રીતે દેખાય છે, પરંતુ પરમાર્થતઃ તો અજ, અચલ, અવસ્તુત્વ અને અદ્રવ્યત્વ જ છે. એવું તે કોણ છે ? (એ માટે કહે છે) વિજ્ઞાન અર્થાત્ વિજ્ઞપ્તિ તથા તે જાતિ વગેરેથી રહિત હોવાને કારણે શાંત છે અને આથી અદ્વય પણ છે - આવો એનો અર્થ છે. (૪૫)

◆

एवं न जायते चित्तमेवं धर्मा अजाः स्मृताः ।
एवमेव विजानन्तो न पतन्ति विपर्यये ॥ ४६ ॥

અનુવાદ :- આવી રીતે ચિત્ત ઉત્પન્ન થતું નથી, આનાથી આત્મા અજન્મા માનવામાં આવ્યો છે. એવું જાણનારાં (લોકો) ભ્રમમાં પડતાં નથી. (૪૬)

शाङ्करभाष्यम् :- एवं यथोक्तेभ्यो हेतुभ्यः न जायते चित्तम् । एवं धर्माः आत्मानः अजाः स्मृताः ब्रह्मविद्भिः । धर्मा इति बहुवचनं देहभेदानुविधायित्वादद्वयस्यैव उपचारतः । ★ एवमेव यथोक्तं विज्ञानं जात्यादिरहितमद्वयमात्मतत्त्वं विजानन्तः त्यक्तबाह्यैषणाः पुनर्न पतन्ति अविद्याध्वान्तसागरे विपर्यये; **'तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः'** (ई.उप. ७) इत्यादिमन्त्रवर्णात् ॥ ४६ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે ઉપર્યુક્ત હેતુઓથી જ ચિત્તનો જન્મ થતો નથી અને આનાથી બ્રહ્મવેત્તાઓએ ધર્મો એટલે આત્માઓને અજન્મા માન્યા છે. ભિન્ન-ભિન્ન દેહોનું અનુવર્તન કરનારા હોવાથી એક અદ્વિતીય આત્માને માટે જ ઉપચારથી 'धर्माः' એવા બહુવચનનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

આ રીતે ઉપર્યુક્ત વિજ્ઞાનને અર્થાત્ જાતિ આદિરહિત અદ્વિતીય આત્મતત્ત્વને જાણનારા બાહ્ય એષણાઓ ત્યજી દેનારા લોકો ફરીથી વિપર્યય અર્થાત્ અવિદ્યારૂપ અંધકારના સમુદ્રમાં પડતાં નથી. **'તે (અવસ્થા)માં એકત્વ જોનારા પુરુષોને શું મોહ અને શું શોક થઈ શકે છે ?'** (ઈ.ઉપ. ૭) વગેરે મંત્રવર્ણથી આ વાત સિદ્ધ થાય છે. (૪૬)

◆

यथोक्तं परमार्थदर्शनं प्रपञ्चयिष्यन्नाह – પૂર્વોક્ત પરમાર્થજ્ઞાનનું વિસ્તારથી નિરૂપણ કરતાં કહે છે –

ऋजुवक्रादिकाभासमलातस्पन्दितं यथा ।
ग्रहणग्राहकाभासं विज्ञानस्पन्दितं तथा ॥ ४७ ॥

અનુવાદ :- જેવી રીતે અલાત(ઉલ્કા)નું ઘૂમવું સીધા-વાંકા વગેરે રૂપોમાં દેખાય છે, તેવી રીતે વિજ્ઞાનનું સ્ફુરણ ગ્રહણ અને ગ્રાહક વગેરે રૂપોમાં દેખાય છે. (૪૭)

शाङ्करभाष्यम् :- यथा हि लोके ऋजुवक्रादिप्रकाराभासम् अलातस्पन्दितम् उल्काचलनम्, तथा ग्रहणग्राहकाभासं विषयिविषयाभासमित्यर्थः । किं तत् ? विज्ञानस्पन्दितं स्पन्दितमिव स्पन्दितमविद्यया । न ह्यचलस्य विज्ञानस्य स्पन्दनमस्ति, **'अजाचलम्'** इति ह्युक्तम् ॥ ४७ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે લોકમાં સીધા-વાંકા વગેરે રૂપોમાં દેખાનાર અલાતસ્પંદન અર્થાત્ ઉલ્કાનું ઘૂમવું છે, તેવી રીતે ગ્રહણ અને ગ્રાહક રૂપમાં દેખાનાર અર્થાત્ ઇન્દ્રિય અને વિષયરૂપે દેખાનાર પણ છે. તે શું છે ? વિજ્ઞાનનો સ્પંદ, જે અવિદ્યાના કારણે જ સ્પંદ સમાન સ્પંદ જેવો પ્રતીત થાય છે, વસ્તુતઃ અવિચલ વિજ્ઞાનનું સ્પંદન ન હોઈ શકે, કારણ કે (માં.કા.અલા.પ્ર. ૪૫માં) તે અજ અને અચલ છે એવું કહેવામાં આવ્યું છે. (૪૭)

⁂

अस्पन्दमानमलातमनाभासमजं यथा ।
अस्पन्दमानं विज्ञानमनाभासमजं तथा ॥ ४८ ॥

અનુવાદ :- જેવી રીતે સ્પંદનરહિત અલાત આભાસ વિનાનું અને અજ છે, તેવી રીતે સ્પંદનરહિત વિજ્ઞાન પણ આભાસ વિનાનું અને અજ છે. (૪૮)

शाङ्करभाष्यम् :- अस्पन्दमानं स्पन्दनवर्जितं तदेव अलातम् ऋज्वाद्याकारेणाजायमानम् अनाभासम् अजं यथा, तथा अविद्यया स्पन्दमानम् अविद्योपरमे अस्पन्दमानं जात्याद्याकारेण अनाभासम् अजम् अचलं भविष्यतीत्यर्थः ॥ ४८ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે તે જ અલાત અસ્પંદમાન - સ્પંદનથી રહિત થતાં ઋજુ વગેરે આકારોમાં દેખાતું ન હોવાને કારણે અનાભાસ અજ રહે છે. તેવી રીતે અવિદ્યાથી સ્પંદિત થનાર વિજ્ઞાન અવિદ્યાની નિવૃત્તિ થતાં જાતિ વગેરે રૂપથી સ્પંદિત ન થઈને અનાભાસ, અજ અને અચલ થઈ જશે એવો અહીં અર્થ છે. (૪૮)

⁂

किं च – અને વળી –

अलाते स्पन्दमाने वै नाभासा अन्यतोभुवः ।
न ततोऽन्यत्र निःस्पन्दान्नालातं प्रविशन्ति ते ॥ ४९ ॥

અનુવાદ :- અલાતના સ્પંદિત થવાથી પણ તે આભાસ કોઈ બીજા કારણે થતો નથી, તથા તેના સ્પંદરહિત થતાં પણ ક્યાંય બીજે જતો રહેતો નથી અને ન તો તે અલાતમાં જ પ્રવેશ કરે છે. (૪૯)

शाङ्करभाष्यम् :- तस्मिन्नेव अलाते स्पन्दमाने ऋजुवक्राद्याभासाः अलातादन्यतः कुतश्चिदागत्यालाते नैव भवन्तीति नान्यतोभुवः । न च तस्मान्निस्पन्दादलातादन्यत्र निर्गताः । न च निःस्पन्दमलातमेव प्रविशन्ति ते ॥ ४९ ॥

શાંકરભાષ્ય :- તે અલાતના સ્પંદિત થવાથી પણ તે સીધા-વાંકા વગેરે આભાસ અલાતથી ભિન્ન કોઈ બીજેથી આવીને અલાતમાં ઉત્પન્ન થતાં નથી, માટે તે કોઈ અન્યથી થનારા પણ નથી તથા નિસ્પંદ થયેલ તે અલાતથી તે ક્યાંય અન્યત્ર જતાં રહેતાં નથી અને ન તે નિસ્પંદ અલાતમાં જ પ્રવેશ કરી જાય છે. (૪૯)

⁂

किं च – અને તથા –

न निर्गता अलातात्ते द्रव्यत्वाभावयोगतः ।
विज्ञानेऽपि तथैव स्युराभासस्याविशेषतः ॥ ५० ॥

અનુવાદ :- તેનામાં દ્રવ્યત્વના અભાવનો યોગ હોવાને કારણે તે અલાતથી પણ નીકળતાં નથી. તેવી જ રીતે આભાસત્વમાં કોઈ વિશેષતા ન હોવાના કારણે વિજ્ઞાનના વિષયમાં પણ સમજવું જોઈએ. (૫૦)



शाङ्करभाष्यम् :- न निर्गता अलातात् ते आभासाः गृहादिव, द्रव्यत्वाभावयोगतः, द्रव्यस्य भावो द्रव्यत्वम्, तदभावः द्रव्यत्वाभावः, द्रव्यत्वाभावयोगतः द्रव्यत्वाभावयुक्तेः वस्तुत्वाभावादित्यर्थः । वस्तुनो हि प्रवेशादि संभवति, नावस्तुनः । विज्ञानेऽपि जात्याद्याभासाः तथैव स्युः, आभासस्य अविशेषतः तुल्यत्वात् ॥ ५० ॥

શાંકરભાષ્ય :- દ્રવ્યત્વાભાવયોગના કારણે દ્રવ્યના ભાવનું નામ દ્રવ્યત્વ છે, તેના અભાવને દ્રવ્યત્વાભાવ કહે છે, તે દ્રવ્યત્વાભાગયોગ અર્થાત્ દ્રવ્યત્વાભાવરૂપ યુક્તિના કારણે એટલે વસ્તુત્વનો અભાવ હોવાથી તે આભાસ ઘર વગેરેમાંથી નીકળવાની જેમ અલાતથી પણ નીકળતો નથી, કારણ કે પ્રવેશાદિ થવો એ તો વસ્તુમાં સંભવે છે, અવસ્તુમાં નહીં. વિજ્ઞાનમાં (પ્રતીત થનારા) જાત્યાદિ આભાસ પણ એમ જ સમજવા જોઈએ, કારણ કે આભાસની સામાન્યતા હોવાથી તેની સાથે સમાનતા છે. (૫૦)

⁂

कथं तुल्यत्वमित्याह – તેની તુલ્યતા કેવી રીતે છે ? તો કહે છે –

विज्ञाने स्पन्दमाने वै नाभासा अन्यतोभुवः ।
न ततोऽन्यत्र निःस्पन्दान्न विज्ञानं विशन्ति ते ॥ ५१ ॥

અનુવાદ :- વિજ્ઞાન સ્પંદિત થવાથી પણ તેનો આભાસ કોઈ બીજા કારણે થતો નથી તથા તેના સ્પંદરહિત થવાથી ક્યાંય અન્યત્ર ચાલ્યો જતો નથી અને ન તો વિજ્ઞાનમાં પણ પ્રવેશ કરી જાય છે. (૫૧)

⁂

न निर्गतास्ते विज्ञानाद्रव्यत्वाभावयोगतः ।
कार्यकारणताभावाद्यतोऽचिन्त्यां सदैव ते ॥ ५२ ॥

અનુવાદ :- દ્રવ્યત્વના અભાવનો યોગ હોવાથી તે વિજ્ઞાનથી પણ નીકળતો નથી, કારણ કે કાર્ય-કારણતાનો અભાવ હોવાથી તે સદાય અચિંતનીય (અનિર્વચનીય) છે. (૫૨)

शाङ्करभाष्यम् :- अलातेन समानं सर्वं विज्ञानस्य; सदा अचलत्वं तु विज्ञानस्य विशेषः । जात्याद्याभासा विज्ञाने अचले किंकृता इत्याह - कार्यकारणताभावात् जन्यजनकत्वानुपपत्तेरभावरूपत्वात् अचिन्त्याः ते यतः सदैव । ★ यथा असत्सु ऋज्वाद्याभासेषु ऋज्वादिबुद्धिर्दृष्टा अलातमात्रे, तथा असत्स्वेव जात्यादिषु विज्ञानमात्रे जात्यादिबुद्धिर्मृषैवेति समुदायार्थः ॥ ५१-५२ ॥

શાંકરભાષ્ય :- વિજ્ઞાનના વિષયમાં પણ સર્વ કાંઈ અલાતના જેવું છે. નિત્ય અચલ રહેવું. આ જ વિજ્ઞાનની વિશેષતા છે. અચલ વિજ્ઞાનમાં જાતિ વગેરે આભાસ કયા કારણે થાય છે ? એ માટે કહે છે - કે કાર્યકારણતનો અભાવ અર્થાત્ અભાવ રૂપ હોવાને કારણે જન્ય-જનકત્વની અનુપપત્તિ હોવાથી તે સદાય અચિંતનીય છે.

(આ બંને શ્લોકોનો) ભેગો અર્થ આ છે કે જેવી રીતે ઋજુ (સરળ) વગેરે આભાસોના ન હોવાથી પણ અલાતમાત્રમાં જ ઋજુ વગેરે બુદ્ધિ રહેલી દેખાય છે, તેવી રીતે જાતિ વગેરેના ન હોવાથી પણ કેવળ વિજ્ઞાનમાત્રમાં જાતિ વગેરે બુદ્ધિ હોવી મિથ્યા જ છે. (૫૧-૫૨)

⁂

अजमेकमात्मतत्त्वमिति स्थितम् । तत्र यैरपि कार्यकारणभावः कल्प्यते, तेषां –
આ નિશ્ચય થયો કે અજન્મા આત્મતત્ત્વ એક છે. તેમાં જે લોક કાર્ય-કારણભાવની કલ્પના કરે છે તેઓના મતે પણ –

द्रव्यं द्रव्यस्य हेतुः स्यादन्यदन्यस्य चैव हि ।
द्रव्यत्वमन्यभावो वा धर्माणां नोपपद्यते ॥ ५३ ॥

અનુવાદ :- દ્રવ્યનું કારણ દ્રવ્ય જ હોઈ શકે છે અને તે પણ અન્ય દ્રવ્યકું અન્ય જ દ્રવ્ય કારણ હોવું જોઈએ, પરંતુ આત્માઓમાં દ્રવ્યત્વ અને અન્યનો ભાવ એટલે અન્યત્વ એ બેય સંભવતા નથી. (૫૩)



शाङ्करभाष्यम् :- द्रव्यं द्रव्यस्यान्यस्यान्यत् हेतुः कारणं स्यात्, न तु तस्यैव तत् । नाप्यद्रव्यं कस्यचित्कारणं स्वतन्त्रं दृष्टं लोके । न च द्रव्यत्वं धर्माणाम् आत्मनाम् उपपद्यते अन्यत्वं वा कुतश्चित्, येन अन्यस्य कारणत्वं कार्यत्वं वा प्रतिपद्येत । अतः अद्रव्यत्वादनन्यत्वाच्च न कस्यचित्कार्यं कारणं वा आत्मेत्यर्थः ॥ ५३ ॥

શાંકરભાષ્ય :- અન્ય દ્રવ્યનું કારણ અન્ય દ્રવ્ય હોઈ શકે છે, ન કે તે દ્રવ્યનું તે જ (કારણ બને) અને જે વસ્તુ દ્રવ્ય નથી તેને લોકમાં કોઈનું સ્વતંત્ર કારણ થતું જોયું નથી. તથા આત્માઓનું દ્રવ્યત્વ અથવા અન્યત્વ કોઈપણ પ્રકારે સંભવતું નથી, જેનાથી કે તે કોઈ અન્ય દ્રવ્યના કારણત્વ અથવા કાર્યત્વને પ્રાપ્ત થઈ શકે. માટે તાત્પર્ય આ છે કે અદ્રવ્યત્વ અને અનન્યત્વના કારણે આત્મા કોઈનું પણ કાર્ય અને કારણ નથી. (૫૩)

◆

एवं न चित्तजा धर्माश्चित्तं वापि न धर्मजम् ।
एवं हेतुफलाजातिं प्रविशन्ति मनीषिणः ॥ ५४ ॥

અનુવાદ :- આવી રીતે ન તો બાહ્ય પદાર્થ ચિત્તથી થયા છે અને ન તો ચિત્ત જ બાહ્ય પદાર્થોથી ઉત્પન્ન થયું છે. માટે મનીષીઓ લોક કાર્ય-કારણની અનુત્પત્તિ જ નિશ્ચિત કરે છે. (૫૪)

शाङ्करभाष्यम् :- एवं यथोक्तेभ्यो हेतुभ्यः आत्मविज्ञानस्वरूपमेव चित्तमिति, न चित्तजाः बाह्यधर्माः, नापि बाह्यधर्मजं चित्तम्, विज्ञानस्वरूपाभासमात्रत्वात्सर्वधर्माणाम् । एवं न हेतोः फलं जायते, नापि फलाद्धेतुरिति हेतुफलयोरजातिं हेतुफलाजातिं प्रविशन्ति अध्यवस्यन्ति । आत्मनि हेतुफलयोरभावमेव प्रतिपद्यन्ते ब्रह्मविद इत्यर्थः ॥ ५४ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે ઉપર્યુક્ત હેતુઓથી આત્મવિજ્ઞાનસ્વરૂપ જ ચિત્ત છે, ન તો બાહ્ય પદાર્થ ચિત્તથી ઉત્પન્ન થયા છે અને ન ચિત્ત બાહ્ય પદાર્થોથી ઉત્પન્ન થયું છે, કારણ કે સર્વ ધર્મવિજ્ઞાનસ્વરૂપનું આભાસ માત્ર છે. આવી રીતે ન તો હેતુથી ફળની ઉત્પત્તિ થાય છે અને ન તો ફળથી હેતુની. માટે મનીષી લોક હેતુ અને ફળની અનુત્પત્તિ જ નિશ્ચિત કરે છે. તાત્પર્ય આ કે બ્રહ્મવેત્તા લોક આત્મામાં હેતુ અને ફળનો અભાવ જ જુએ છે. (૫૪)

◆

ये पुनर्हेतुफलयोरभिनिविष्टाः, तेषां किं स्यादिति, उच्यते - धर्माधर्माख्यस्य हेतोः अहं कर्ता मम धर्माधर्मौ तत्फलं कालान्तरे क्वचित्प्राणिनिकाये जातो भोक्ष्ये इति –

પરંતુ જેનો હેતુ અને ફળમાં અભિનિવેશ છે તેનું શું થશે ? એ માટે કહેવામાં આવે છે. ધર્માધર્મસંજ્ઞક હેતુનો હું કર્તા છું, ધર્મ અને અધર્મ મારા છે, કાલાંતરમાં કોઈ પ્રાણીના શરીરમાં ઉત્પન્ન થઈને હું ફળ ભોગવીશ - આવી રીતે –

यावद्धेतुफलावेशस्तावद्धेतुफलोद्भवः ।
क्षीणे हेतुफलावेशे नास्ति हेतुफलोद्भवः ॥ ५५ ॥

અનુવાદ :- જ્યાં સુધી હેતુ અને ફળનો આગ્રહ છે ત્યાં સુધી હેતુ અને ફળનો ઉદ્‌ભવ છે. હેતુ અને ફળનો આવેશ ક્ષીણ થઈ જવાથી હેતુફલની (સંસારની) ઉત્પત્તિ થતી નથી. (૫૫)

शाङ्करभाष्यम् :- यावद्धेतुफलयोरावेशः हेतुफलाग्रह आत्मन्यध्यारोपणम्, तच्चित्ततेत्यर्थः; तावद्धेतुफलयोरुद्भवः धर्माधर्मयोस्तत्फलस्य चानुच्छेदेन प्रवृत्तिरित्यर्थः । यदा पुनर्मन्त्रौषधिवीर्येणेव ग्रहावेशो यथोक्ताद्वैतदर्शनेन अविद्योद्भूतहेतुफलावेशोपनीतो भवति, तदा तस्मिन्क्षीणे नास्ति हेतुफलोद्भवः ॥ ५५ ॥

શાંકરભાષ્ય :- જ્યાં સુધી હેતુ અને ફળનો આવેશ હેતુફલાગ્રહ અર્થાત્ તેને આત્મામાં આરોપિત કરવું એટલે તચ્ચિત્તતા છે, ત્યાં સુધી હેતુ અને ફળની ઉત્પત્તિ પણ છે અર્થાત્ જ્યાં સુધી ધર્માધર્મ અને તેના ફળની અવિચ્છિન્ન પ્રવૃત્તિ પણ છે એવો અર્થ છે પરંતુ જે સમયે મંત્ર અને ઔષધિના સામર્થ્યથી ગ્રહના આવેશની જેમ ઉપર્યુક્ત અદ્વૈતબોધથી અવિદ્યાજનિત હેતુ અને ફળનો આવેશ દૂર થઈ જાય છે તે સમયે તેના ક્ષીણ થઈ જવાથી હેતુ અને ફળની ઉત્પત્તિ પણ થતી નથી. (૫૫)

◆



यदि हेतुफलोद्भवः, तदा को दोष इति, उच्यते –

જો હેતુ અને ફળની ઉત્પત્તિ થાય તો તેમાં દોષ શું છે એ બતાવે છે –

यावद्धेतुफलावेशः संसारस्तावदायतः ।
क्षीणे हेतुफलावेशे संसारं न प्रपद्यते ॥ ५६ ॥

અનુવાદ :- જ્યાં સુધી હેતુ અને ફળનો આગ્રહ છે ત્યાં સુધી સંસાર વિસ્તરે છે. હેતુ અને ફળનો આવેશ નાશ પામતા (મનુષ્ય) સંસારને પ્રાપ્ત થતો નથી. (૫૬)

शाङ्करभाष्यम् :- यावत् सम्यग्दर्शनेन हेतुफलावेशः न निवर्तते, अक्षीणः संसारः तावत् आयातः दीर्घो भवतीत्यर्थः । क्षीणे पुनः हेतुफलावेशे संसारं न प्रपद्यते, कारणाभावात् ॥ ५६ ॥

શાંકરભાષ્ય :- જ્યાં સુધી સમ્યક્ જ્ઞાનથી હેતુ અને ફળનો આગ્રહ દૂર થતો નથી ત્યાં સુધી સંસાર ક્ષીણ ન થતાં વિસ્તૃત થઈ જાય છે. એવો ભાવ છે, પરંતુ હેતુ અને ફલનો આવેશ ક્ષીણ થવાથી, કારણનો અભાવ સર્જાતા (મનુષ્ય) સંસારને પ્રાપ્ત થતો નથી. (૫૬)

⁂

ननु अजादात्मनोऽन्यन्नास्त्येव; तत्कथं हेतुफलयोः संसारस्य च उत्पत्तिविनाशावुच्येते त्वया ? शृणु –

પૂર્વપક્ષી :- અજન્મા આત્માથી ભિન્ન તો બીજું કોઈ છે જ નથી, પછી હેતુ અને ફળ તથા સંસારના ઉત્પત્તવિનાશનું તમે કેવી રીતે વર્ણન કરી રહ્યા છો ?

સિદ્ધાન્તી :- સાંભળો –

संवृत्या जायते सर्वं शाश्वतं नास्ति तेन वै ।
सद्भावेन ह्यजं सर्वमुच्छेदस्तेन नास्ति वै ॥ ५७ ॥

અનુવાદ :- સર્વ (પદાર્થ) વ્યવહારિક દૃષ્ટિથી ઉત્પન્ન થાય છે, એટલા માટે તે નિત્ય નથી. પરમાર્થ દૃષ્ટિથી તો સઘળું અજ છે, એટલા માટે કોઈનો વિનાશ પણ નથી. (૫૭)

शाङ्करभाष्यम् :- संवृत्या संवरणं संवृतिः अविद्याविषयो लौकिकव्यवहारः; तया संवृत्या जायते सर्वम् । तेन अविद्याविषये शाश्वतं नित्यं नास्ति वै । अतः उत्पत्तिविनाशलक्षणः संसारः आयत इत्युच्यते । परमार्थसद्भावेन तु अजं सर्वम् आत्मैव यस्मात्, अतो जात्यभावात् उच्छेदः तेन नास्ति वै कस्यचिद्धेतुफलादेरित्यर्थः ॥ ५७ ॥

શાંકરભાષ્ય :- 'संवृत्या' - સંવરણ અર્થાત્ અવિદ્યાવિષયક લૌકિક વ્યવહારનું નામ સંવૃતિ છે, તે(સંવૃતિ)થી જ સર્વની ઉત્પત્તિ થાય છે. માટે તે અવિદ્યાના વિષયમાં એટલે અધિકારમાં કોઈપણ વસ્તુ શાશ્વત અર્થાત્ નિત્ય નથી. એટલા માટે ઉત્પત્તિ-વિનાશશીલ સંસાર 'વિસ્તૃત છે' એવું કહેવામાં આવે છે, કારણ કે પરમાર્થ સત્તાથી તો સર્વ કાંઈ અજન્મા (તે) આત્મા જ છે. માટે જન્મનો અભાવ હોવાને કારણે કોઈપણ હેતુ અથવા ફળ વગેરેનો વિચ્છેદ થતો નથી - આવું આનું તાત્પર્ય છે. (૫૭)

⁂

धर्मा य इति जायन्ते जायन्ते ते न तत्त्वतः ।
जन्म मायोपमं तेषां सा च माया न विद्यते ॥ ५८ ॥

અનુવાદ :- ધર્મો (જીવો) જે ઉત્પન્ન થાય છે એમ કહેવામાં આવે છે, તે વસ્તુતઃ ઉત્પન્ન થતાં નથી. તેઓનો જન્મ માયા જેવો છે અને તે માયા પણ (ખરું જોતાં) છે જ નહીં. (૫૮)

शाङ्करभाष्यम् :- येऽप्यात्मानोऽन्ये च धर्मा जायन्त इति कल्प्यन्ते, ते इति एवंप्रकारा यथोक्ता संवृतिनिर्देश्यत इति संवृत्यैव धर्मा जायन्ते । न ते तत्त्वतः परमार्थतः जायन्ते । तत्पुनस्तत्संवृत्या जन्म तेषां धर्माणां यथोक्तानां यथा

मायया जन्म तथा तत् मायोपमं प्रत्येतव्यम् । ★ माया नाम वस्तु तर्हि ? नैवम्, सा च माया न विद्यते । मायेत्यविद्यमानस्याख्येत्यभिप्रायः ॥ ५८ ॥

શાંકરભાષ્ય :- જે પણ આત્મા તથા બીજા ધર્મ 'ઉત્પન્ન થાય છે' - આવી રીતે કલ્પના કરવામાં આવે છે તે આવા પ્રકારના સર્વ ધર્મ સંવૃત્તિથી જ ઉત્પન્ન થાય છે. અહીં 'इति' શબ્દથી તેનાથી પહેલાં શ્લોકમાં કહેલી સંવૃત્તિનો નિર્દેય કરવામાં આવ્યો છે. તે તત્ત્વતઃ પરમાર્થતઃ ઉત્પન્ન થતાં નથી. કારણ કે તે પૂર્વોક્ત ધર્મોનો જે સંવૃતિથી થનારો જન્મ છે તે એવો છે જેવો માયાથી થનારો જન્મ હોય છે, એટલા માટે તેને માયાના સમાન સમજવો જોઈએ.

તો માયા શું વસ્તુ (કોઈ સિદ્ધ પદાર્થ) છે ? ના, એવી વાત નથી, તે માયા પણ નથી, 'માયા' એ અવિદ્યમાન અસ્તિત્વ નહીં ધરાવતી વસ્તુનું નામ છે. એવો અભિપ્રાય છે. (૫૮)

❖

कथं मायोपमं तेषां धर्माणां जन्मेति, आह –

તે ધર્મોનો જન્મ માયાના જેવો કેવી રીતે એ કહે છે –

यथा मायामयाद्बीजाज्जायते तन्मयोऽङ्कुरः ।
नासौ नित्यो न चोच्छेदी तद्वद्धर्मेषु योजना ॥ ५९ ॥

અનુવાદ :- જેવી રીતે માયામય બીજથી તન્મય એટલે માયામય અંકુર ઉત્પન્ન થાય છે અને તે ન તો નિત્ય હોય છે અને ન નાશવાન પણ, તેવી રીતે ધર્મોના વિષયમાં પણ યોજના (કરવી જોઈએ). (૫૯)

शाङ्करभाष्यम् :- यथा मायामयात् आम्रादिबीजात् जायते तन्मयः मायामयः अङ्कुरः नासावङ्कुरो नित्यः, न च उच्छेदी विनाशी वा । अभूतत्वादेव धर्मेषु जन्मनाशादियोजना युक्तिः, न तु परमार्थतो धर्माणां जन्म नाशो वा युज्यत इत्यर्थः ॥ ५९ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે માયામય કેરી વગેરેના બીજથી તન્મય અર્થાત્ માયામય અંકુર ઉત્પન્ન તાય છે અને તે અંકુર ન તો નિત્ય હોય છે અને ન તો નાશવાન પણ, તેવી જ રીતે અસત્ય હોવાને કારણે ધર્મોમાં પણ જન્મ-નાશાદિ યોજના એટલે યુક્તિ છે. ભાવાર્થ આ છે કે પરમાર્થતઃ ધર્મોનો જન્મ અથવા નાશ થવો શક્ય નથી. (૫૯)

❖

नाजेषु सर्वधर्मेषु शाश्वताशाश्वताभिधा ।
यत्र वर्णा न वर्तन्ते विवेकस्तत्र नोच्यते ॥ ६० ॥

અનુવાદ :- આ સમગ્ર અજન્મા ધર્મોમાં નિત્ય-અનિત્ય (એવાં) નામોની (કોઈ) પ્રવૃત્તિ નથી, જ્યાં શબ્દ જ નથી તે આત્મતત્ત્વમાં (નિત્ય-અનિત્ય) વિવેક પણ કરી શકાતો નથી. (૬૦)

शाङ्करभाष्यम् :- परमार्थतस्त्वात्मस्वजेषु नित्यैकरसविज्ञप्तिमात्रसत्ताकेषु शाश्वतः अशाश्वतः इति वा न अभिधा, नाभिधानं प्रवर्तत इत्यर्थः । यत्र येषु वर्ण्यन्ते यैरर्थाः, ते वर्णाः शब्दा न वर्तन्ते अभिधातुं प्रकाशयितुं न प्रवर्तन्त इत्यर्थः । इदमेवमिति विवेकः विविक्तता तत्र नित्योऽनित्य इति नोच्यते, **'यतो वाचो निवर्तन्ते'** (तै.उप. २-४-१) इति श्रुतेः ॥ ६० ॥

શાંકરભાષ્ય :- વાસ્તવમાં તો નિત્ય એકરસ વિજ્ઞાનમાત્ર સત્તાસ્વરૂપ અજન્મા(આત્માઓ)માં નિત્ય-અનિત્ય-એવા અભિધાન અર્થાત્ નામની પ્રવૃત્તિ નથી એવો અર્થ છે. જ્યાં - જેમાં જેનાથી પદાર્થોનું વર્ણન કરવામાં આવે છે તે વર્ણ એટલે શબ્દ પણ નથી અર્થાત્ તેનું વર્ણન કરવા માટે પ્રવૃત્ત થતાં નથી, તેમાં 'આ એવું છે અર્થાત્ નિત્ય છે અથવા અનિત્ય છે' આવી રીતનો વિવેક પણ કહી શકાય નહીં, કારણકે **'જ્યાંથી વાણી પણ પાછી ફરે છે.'** (તૈ. ઉપ. ૨-૪-૧) આવું શ્રુતિમાં (કહ્યું છે). (૬૦)

❖

यथा स्वप्ने द्वयाभासं चित्तं चलति मायया ।
तथा जाग्रद्द्वयाभासं चित्तं चलति मायया ॥ ६१ ॥

અનુવાદ :- જેવી રીતે સ્વપ્નમાં ચિત્ત માયાથી દ્વૈતાભાસરૂપે સ્ફુરિત થાય છે, તેવી રીતે જાગૃતમાં દ્વૈતાભાસરૂપે ચિત્ત માયાથી સ્ફુરિત થાય છે. (૬૧)

❖

अद्वयं च द्वयाभासं चित्तं स्वप्ने न संशयः ।
अद्वयं च द्वयाभासं तथा जाग्रन्न संशयः ॥ ६२ ॥

અનુવાદ :- આમાં સંદેહ નથી, સ્વપ્નાવસ્થામાં અદ્વય ચિત્ત દ્વૈતરૂપે દેખાનાર છે, આવી રીતે જાગૃત કાળમાં પણ અદ્વય મન દ્વૈતરૂપે દેખાનાર છે - તેમાં કોઈ સંદેહ નથી. (૬૨)

शाङ्करभाष्यम् :- यत्पुनर्वाग्गोचरत्वं परमार्थतः अद्वयस्य विज्ञानमात्रस्य, तन्मनसः स्पन्दनमात्रम्, न परमार्थतः इत्युक्तार्थौ श्लोकौ ॥ ६१-६२ ॥

શાંકરભાષ્ય :- પરમાર્થતઃ અદ્વય વિજ્ઞાનમાત્રનો જે વાણીનો વિષય હોવો જોઈએ તે મનનું સ્ફુરણ માત્ર જ છે, તે પરમાર્થતઃ નથી. આવી રીતે આ શ્લોકોની વ્યાખ્યા પહેલાં (માં.કા.અ.પ્ર. ૨૯ અને ૩૦માં) કરવામાં આવી ગઈ છે. (૬૧-૬૨)

❖

इतश्च वाग्गोचरस्याभावो द्वैतस्य – વાણીના વિષયભૂત દ્વૈતનો એટલા માટે પણ અભાવ છે –

स्वप्नदृक्प्रचरन्स्वप्ने दिक्षु वै दशसु स्थितान् ।
अण्डजान्स्वेदजान्वापि जीवान्पश्यति यान्सदा ॥ ६३ ॥

અનુવાદ :- સ્વપ્નદ્રષ્ટા સ્વપ્નમાં ફરતાં ફરતાં દસે દિશાઓમાં રહેલા જે અંડજ અથવા સ્વેદજ જીવોને હંમેશાં જોયા કરે છે. (તે વાસ્તવમાં તેનાથી જુદાં હોતાં નથી). (૬૩)

शाङ्करभाष्यम् :- स्वप्नान्पश्यतीति स्वप्नदृक् प्रचरन् पर्यटन्स्वप्ने स्वप्नस्थाने दिक्षु वै दशसु स्थितान् वर्तमानान् जीवान्प्राणिनः अण्डजान्स्वेदजान्वा यान् सदा पश्यतीति ॥ ६३ ॥

શાંકરભાષ્ય :- જે સ્વપ્નોને જુએ છે તેને સ્વપ્નદ્રષ્ટા કહે છે, તે સ્વપ્ન અર્થાત્ સ્વપ્નાવસ્થામાં ફરતાં ફરતાં દસે દિશાઓમાં સ્થિત જે સ્વેદજ અથવા અંડજ પ્રાણિઓને હંમેશાં જુએ છે. (તે વાસ્તવમાં તેનાથી જુદાં હોતાં નથી.) (૬૩)

❖

यद्येवम्, ततः किम् ? उच्यते – જો એમ છે તો આનાથી શું સિદ્ધ થયું ? તો કહે છે –

स्वप्नदृक्चित्तदृश्यास्ते न विद्यन्ते ततः पृथक् ।
तथा तद्दृश्यमेवेदं स्वप्नदृक्चित्तमिष्यते ॥ ६४ ॥

અનુવાદ :- તે (સર્વે) સ્વપ્નદ્રષ્ટાના ચિત્તના દૃશ્ય તેનાથી જુદા હોતા નથી. આવી રીતે તે સ્વપ્નદ્રષ્ટાનું આ ચિત્ત પણ તેનું જ દૃશ્ય માનવામાં આવે છે. (૬૪)

शाङ्करभाष्यम् :- स्वप्नदृशश्चित्तं स्वप्नदृक्चित्तम्, तेन दृश्याः ते जीवाः; ततः तस्मात् स्वप्नदृक्चित्तात् पृथक न विद्यन्ते न सन्तीत्यर्थः । चित्तमेव ह्यनेकजीवादिभेदाकारेण विकल्प्यते । तथा तदपि स्वप्नदृक्चित्तमिदं तद्दृश्यमेव, तेन स्वप्नदृशा दृश्यं तद्दृश्यम् । अतः स्वप्नदृग्व्यतिरेकेण चित्तं नाम नास्तीत्यर्थः ॥ ६४ ॥

શાંકરભાષ્ય :- સ્વપ્ન દ્રષ્ટાનું ચિત્ત 'સ્વપ્નદૃક્ચિત્ત' કહેવાય છે. તેનાથી જોવામાં આવનારા તે જીવ તે સ્વપ્ન દ્રષ્ટાના ચિત્તથી જુદાં નથી. આ તેના ભાવ છે. અનેક જીવ વગેરે ભેદરૂપે ચિત્તની જ કલ્પના કરવામાં આવે છે. આવી રીતે તે

સ્વપ્નદૃષ્ટાનું આ ચિત્ત પણ તેનું દૃશ્ય જ છે. તે સ્વપ્નદૃષ્ટા દ્વારા જોવામાં આવે છે, એટલા માટે તેનું દૃશ્ય છે. માટે ભાવાર્થ આ છે કે સ્વપ્નદૃષ્ટાથી અલગ ચિત્ત પણ કાંઈ નથી. (૬૪)

❖

चरञ्जागरिते जाग्रद्दिक्षु वै दशसु स्थितान् ।
अण्डजान्स्वेदजान्वापि जीवान्पश्यति यान्सदा ॥ ६५ ॥

અનુવાદ :- જાગૃત અવસ્થામાં ફરતાં ફરતાં જાગૃત અવસ્થાનો સાક્ષી દસે દિશાઓમાં રહેલા જે અંડજ અથવા સ્વેદજ જીવોને હંમેશાં જુએ છે. (૬૫)

❖

जाग्रच्चित्तेक्षणीयास्ते न विद्यन्ते ततः पृथक् ।
तथा तद्दृश्यमेवेदं जाग्रतश्चित्तमिष्यते ॥ ६६ ॥

અનુવાદ :- તે જાગૃત ચિત્તનું દૃશ્ય તેનાથી અલગ નથી. એવી રીતે તે જાગૃત ચિત્ત પણ તેનું જ દૃશ્ય માનવામાં આવે છે. (૬૬)

शाङ्करभाष्यम् :- जाग्रतो दृश्या जीवाः तच्चित्ताव्यतिरिक्ताः, चित्तेक्षणीयत्वात्, स्वप्नदृक्चित्तेक्षणीयजीववत् । तच्च जीवेक्षणात्मकं चित्तं द्रष्टुरव्यतिरिक्तं द्रष्टृदृश्यत्वात् स्वप्नचित्तवत् । उक्तार्थमन्यत् ॥ ६५-६६ ॥

શાંકરભાષ્ય :- જાગૃત પુરુષને દેખાતાં જીવ તેના ચિત્તથી અપૃથક્ છે, એટલે જુદાં નથી કારણ કે સ્વપ્નદૃષ્ટાના ચિત્તથી જોવામાં આવતાં જીવોની જેમ તે તેના ચિત્તથી જ જોવામાં આવે છે. તથા જીવોને જોનારું તે ચિત્ત પણ દૃષ્ટાથી અભિન્ન છે, કારણ કે સ્વપ્નના ચિત્તની જેમ તે પણ જાગૃત દૃષ્ટાનું દૃશ્ય છે. બાકીનો અર્થ પહેલાં કહી દેવામાં આવ્યો છે. (૬૫-૬૬)

❖

उभे ह्यन्योन्यदृश्ये ते किं तदस्तीति चोच्यते ।
लक्षणाशून्यमुभयं तन्मते नैव गृह्यते ॥ ६७ ॥

અનુવાદ :- તે (જીવ અને ચિત્ત) બંને એકબીજાના દૃશ્ય છે, તે શું વસ્તુ છે તે તો કહી શકાય નહીં. તે બંને પ્રમાણશૂન્ય છે અને કેવળ તન્મતે એટલે તત્ ચિત્તતાના કારણે જ ગ્રહણ કરી શકાય છે. (૬૭)

शाङ्करभाष्यम् :- जीवचित्ते उभे चित्तचैत्त्ये ते अन्योन्यदृश्ये इतरेतरगम्ये । जीवादिविषयापेक्षं हि चित्तं नाम भवति । चित्तापेक्षं हि जीवादि दृश्यम् । अतस्ते अन्योन्यदृश्ये । तस्मान्न किंचिदस्तीति चोच्यते चित्तं वा चित्तेक्षणीयं वा । किं तदस्तीति विवेकिनोच्यते । न हि स्वप्ने हस्ती हस्तिचित्तं वा विद्यते; तथा इहापि विवेकिनामित्यभिप्रायः । ★ कथम् ? लक्षणाशून्यं लक्ष्यते अनयेति लक्षणा प्रमाणम्; प्रमाणशून्यमुभयं चित्तं चैत्यं द्वयं यतः, तन्मतेनैव तच्चित्ततयैव तत् गृह्यते । न हि घटमतिं प्रत्याख्याय घटो गृह्यते, नापि घटं प्रत्याख्याय घटमतिः । न हि तत्र प्रमाणप्रमेयभेदः शक्यते कल्पयितुमित्यभिप्रायः ॥ ६७ ॥

શાંકરભાષ્ય :- જીવ અને ચિત્ત અર્થાત્ ચિત્ત અને ચિત્તના વિષય એ બંને અન્યોન્યદૃશ્ય અર્થાત્ એકબીજાના વિષયો છે. ખરેખર ચિત્ત જીવ વગેરે વિષયની અપેક્ષાએ હોય છે અને ચિત્તની અપેક્ષાએ જીવાદિ દૃશ્ય હોય છે માટે તે એકબીજાના દૃશ્ય છે. એટલા માટે એવો પ્રશ્ન થતાં કે તે શું છે ? વિવેકી લોકો આ જ કહે છે કે ચિત્ત અથવા ચિત્તનું દૃશ્ય-આમાંથી કોઈપણ વસ્તુ નથી. આનાથી આ વિવેકી પુરુષોનો આવો અભિપ્રાય છે કે જેવી રીતે સ્વપ્નમાં હાથી અને હાથીને ગ્રહણ કરનારું ચિત્ત હોતું નથી તેવી રીતે અહીં (જાગૃત અવસ્થામાં) પણ તે(બન્ને)નો અભાવ છે.

કેવી રીતે (એ નથી ?) કારણ કે તે ચિત્ત અને ચૈત્ય બંને લક્ષણાશૂન્ય - પ્રમાણ રહિત છે. જેનાથી કોઈ પદાર્થ લક્ષિત થાય છે તેને ‘લક્ષણા’ એટલે ‘પ્રમાણ’ કહે છે અને તે તન્મત તત્ ચિત્તતાથી જ ગ્રહણ કરી શકાય છે, કારણ કે

ન તો ઘટબુદ્ધિનો ત્યાગ કરીને ઘટને ગ્રહણ કરી શકાય છે અને ન તો ઘટનો ત્યાગ કરીને ઘટબુદ્ધિને (ગ્રહણ કરી શકાય). ભાવાર્થ આ છે કે તેમાં પ્રમાણ અને પ્રમેયના ભેદની કલ્પના કરી શકાતી નથી. (૬૭)

◆

यथा स्वप्नमयो जीवो जायते म्रियतेऽपि च ।
तथा जीवा अमी सर्वे भवन्ति न भवन्ति च ॥ ६८ ॥

અનુવાદ :- જેવી રીતે સ્વપ્નનો જીવ ઉત્પન્ન થાય છે અને મરે પણ છે, તેવી રીતે આ સર્વ જીવ પણ ઉત્પન્ન થાય છે. અને મરે છે. (૬૮)

◆

यथा मायामयो जीवो जायते म्रियतेऽपि च ।
तथा जीवा अमी सर्वे भवन्ति न भवन्ति च ॥ ६९ ॥

અનુવાદ :- જેવી રીતે માયામય જીવ ઉત્પન્ન થાય છે અને મરે છે એવી રીતે આ સર્વ જીવ ઉત્પન્ન થાય છે અને મરે છે. (૬૯)

◆

यथा निर्मितको जीवो जायते म्रियतेऽपि च ।
तथा जीवा अमी सर्वे भवन्ति न भवन्ति च ॥ ७० ॥

અનુવાદ :- જેવી રીતે મંત્રાદિથી રચાયેલો જીવ ઉત્પન્ન થાય છે અને મરે છે, તેવી રીતે આ સર્વ જીવ ઉત્પન્ન થાય છે અને મરે પણ છે. (૭૦)

शाङ्करभाष्यम् :- मायामयः मायाविना यः कृतो निर्मितकः मन्त्रौषध्यादिभिर्निष्पादितः । स्वप्नमायानिर्मितका अण्डजादयो जीवा यथा जायन्ते म्रियन्ते च, तथा मनुष्यादिलक्षणा अविद्यमाना एव चित्तविकल्पनामात्रा इत्यर्थः ॥ ६८-७० ॥

શાંકરભાષ્ય :- માયામય - જેને માયાવીએ રચ્યું હોય, નિર્મિતક એટલે મંત્ર અને ઔષધિ વગેરેથી પ્રાપ્ત કરેલ. સ્વપ્ન, માયા અને મંત્રાદિથી નિષ્પન્ન થયેલા અંડજ વગેરે જીવ જેવી રીતે ઉત્પન્ન થાય છે અને મરે પણ છે તેવી રીતે મનુષ્યાદિ રૂપ જીવ અસ્તિત્વ ધરાવતા હોવાં છતાં પણ ચિત્તના વિકલ્પમાત્ર જ છે - આવો અભિપ્રાય છે. (૬૮-૬૯-૭૦)

◆

न कश्चिज्जायते जीवः संभवोऽस्य न विद्यते ।
एतत्तदुत्तमं सत्यं यत्र किंचिन्न जायते ॥ ७१ ॥

અનુવાદ :- કોઈ જીવ ઉત્પન્ન થતો નથી, તેની ઉત્પત્તિ (પણ) નથી. ઉત્તમ સત્ય તે આ છે કે જેમાં કોઈ વસ્તુની ઉત્પત્તિ થતી નથી. (૭૧)

शाङ्करभाष्यम् :- व्यवहारसत्यविषये जीवानां जन्ममरणादिः स्वप्नादिजीववदित्युक्तम् । उत्तमं तु परमार्थसत्यं न कश्चिज्जायते जीव इति । उक्तार्थमन्यत् ॥ ७१ ॥

શાંકરભાષ્ય :- વ્યવહારિક સત્તામાં પણ જીવોના જે જન્મ મરણ વગેરે છે તે સ્વપ્નાદિના જીવોના જેવા છે, એવું પહેલાં કહી દેવામાં આવ્યું છે, પરંતુ ઉત્તમ સત્ય તો આ છે કે કોઈ પણ જીવ ઉત્પન્ન થતો નથી. બીજું બધું પહેલાં કહી દેવામાં આવ્યું છે. (૭૧)

◆



चित्तस्पन्दितमेवेदं ग्राह्यग्राहकवद्द्वयम् ।
चित्तं निर्विषयं नित्यमसङ्गं तेन कीर्तितम् ॥ ७२ ॥

અનુવાદ :- ગ્રાહ્ય (વિષય) અને ગ્રાહક (ઇન્દ્રિયો) સહિત આ સંપૂર્ણ દ્વૈત ચિત્તનું જ સ્ફુરણ છે, પરંતુ ચિત્ત નિર્વિષય છે, આનાથી તેને નિત્ય (અને) અસંગ કહેવામાં આવ્યું છે. (૭૨)

शाङ्करभाष्यम् :- सर्वं ग्राह्यग्राहकवच्चित्तस्पन्दितमेव द्वयम् । चित्तं परमार्थत आत्मैवेति निर्विषयम् । तेन निर्विषयत्वेन नित्यम् असङ्गं कीर्तितम् । '**असङ्गो ह्ययं पुरुषः**' (बृ.उप. ४-३-१५) इति श्रुतेः । सविषयस्य हि विषये सङ्गः । निर्विषयत्वाच्चित्तमसङ्गमित्यर्थः ॥ ७२ ॥

શાંકરભાષ્ય :- વિષય અને ઇન્દ્રિયોથી યુક્ત સંપૂર્ણ દ્વૈત ચિત્તનું જ સ્ફુરણ છે, પરંતુ ચિત્ત પરમાર્થતઃ આત્મા જ છે, એટલા માટે તે નિર્વિષય છે. તેની નિર્વિષયતાના કારણે તેને સર્વદા અસંગ કહેવામાં આવ્યું છે, જેમ કે '**આ પુરુષ અસંગ જ છે**' (બૃ. ઉપ. ૪-૩-૧૫-૧૬) આવી શ્રુતિ છે. જે સવિષય હોય છે તેના પોતાના વિષયથી તેનો સંગ થઈ શકે છે. માટે ભાવાર્થ આ છે કે નિર્વિષય હોવાને કારણે ચિત્ત અસંગ છે. (૭૨)

⁂

ननु निर्विषयत्वेन चेदसङ्गत्वम्, चित्तस्य न निःसङ्गता भवति, यस्मात् शास्ता शास्त्रं शिष्यश्चेत्येवमादेर्विषयस्य विद्यमानत्वात्; ★ नैष दोषः । कस्मात् –

પૂર્વપક્ષી :- જો નિર્વિષયતાના કારણે જ અસંગતા થાય છે તો ચિત્તની અસંગતતા તો થઈ શકતી નથી, કારણ કે શાસ્તા (ગુરુ), શાસ્ત્ર અને શિષ્ય વગેરે તેના વિષયોનું અસ્તિત્વ છે.

સિદ્ધાન્તી :- આ દોષ હોઈ શકે નહીં, કારણ કે –

योऽस्ति कल्पितसंवृत्या परमार्थेन नास्त्यसौ ।
परतन्त्राभिसंवृत्या स्यान्नास्ति परमार्थतः ॥ ७३ ॥

અનુવાદ :- જે પદાર્થ કલ્પિત વ્યવહારના કારણે હોય છે તે પરમાર્થતઃ હોતો નથી, અને જે અન્ય(મતાવલંબીઓ)ના શાસ્ત્રોની પરિભાષા મુજબ હોય તો પણ તે પરમાર્થતઃ નથી. (૭૩)

शाङ्करभाष्यम् :- यः पदार्थः शास्त्रादिर्विद्यते, स कल्पितसंवृत्या । कल्पिता च सा परमार्थप्रतिपत्त्युपायत्वेन संवृत्तिश्च सा तया योऽस्ति परमार्थेन, नास्त्यसौ न विद्यते । '**ज्ञाते द्वैतं न विद्यते**' इत्युक्तम् । यश्च परतन्त्राभिसंवृत्या परशास्त्रव्यवहारेण स्यात्पदार्थः, स परमार्थतो निरूप्यमाणो नास्त्येव । तेन युक्तमुक्तम् '**असङ्गं तेन कीर्तितम्**' इति ॥ ७३ ॥

શાંકરભાષ્ય :- જે શાસ્ત્રાદિ પદાર્થ છે તે કલ્પિત વ્યવહારથી જ છે, અર્થાત્ જે વ્યવહારની પરમાર્થતત્ત્વની ઉપલબ્ધિના ઉપાયરૂપે કલ્પના કરવામાં આવી છે તેના કારણે જે પદાર્થની સત્તા છે, તે પરમાર્થથી નથી. '**જ્ઞાન થઈ જવાથી દ્વૈત રહેતું નથી.**' (૧-૧૮માં) એવું અમે પહેલાં કહી દીધું છે.

આના સિવાય જે પદાર્થ પરતંત્રાદિ સંવૃતિથી - અન્ય મતાવલંબીઓના શાસ્ત્રવ્યવહારથી સિદ્ધ છે તે પરમાર્થતઃ નિરૂપણ કરવા માટે નથી. માટે '**આનાથી તેને અસંગ કહેવામાં આવ્યું છે.**' (૪-૭૨) આ કથન બરાબર છે. (૭૩)

⁂

ननु शास्त्रादीनां संवृतित्वे अज इतीयमपि कल्पना संवृतिः स्यात् ? ★ सत्यमेवम् –

પૂર્વપક્ષી :- શાસ્ત્ર વગેરેને વ્યવહારિક માનવાથી તો 'અજ છે' એવી કલ્પના પણ વ્યવહારિક જ સિદ્ધ થશે ?

સિદ્ધાન્તી :- એ સત્ય છે –

अजः कल्पितसंवृत्या परमार्थेन नाप्यजः ।
परतन्त्राभिनिष्पत्त्या संवृत्या जायते तु सः ॥ ७४ ॥

અનુવાદ :- આત્મા 'અજ' પણ કલ્પિત વ્યવહારના કારણે જ કહેવામાં આવે છે. પરમાર્થતઃ તો 'અજ' પણ નથી, અન્ય મતાવલંબીના શાસ્ત્રોથી સિદ્ધ જે સંવૃતિ (ભ્રમજનિત વ્યવહાર) છે તેના અનુસાર તેનો જન્મ થાય છે. (૭૪)

शाङ्करभाष्यम् :- शास्त्रादिकल्पितसंवृत्यैव अज इत्युच्यते । परमार्थेन नाप्यजः, यस्मात् परतन्त्राभिनिष्पत्त्या परशास्त्रसिद्धिमपेक्ष्य यः अज इत्युक्तः, स संवृत्या जायते । अतः अज इतीयमपि कल्पना परमार्थविषये नैव क्रमत इत्यर्थः ॥ ७४ ॥

શાંકરભાષ્ય :- શાસ્ત્ર વગેરે કલ્પિત વ્યવહારના કારણે જ તેને 'અજ' એમ કહેવામાં આવે છે. પરમાર્થતઃ તો તે અજ પણ નથી. કારણ કે અહીં જેને અન્ય શાસ્ત્રોની સિદ્ધિની અપેક્ષાએ 'અજ' એમ કહ્યું છે, તે સંવૃતિથી જ જન્મ પણ લે છે. માટે 'તે અજ છે' એવી કલ્પનાનો પણ પરમાર્થ વિષયમાં પ્રવેશ થઈ શકતો નથી. એવો અર્થ છે. (૭૪)

❖

यस्मादसद्विषयः, तस्मात् — કારણ કે વિષય અસત્ છે, એટલા માટે —

अभूताभिनिवेशोऽस्ति द्वयं तत्र न विद्यते ।
द्वयाभावं स बुद्ध्वैव निर्निमित्तो न जायते ॥ ७५ ॥

અનુવાદ :- લોકોનો અસત્ય(દ્વૈત)ના વિષયમાં કેવળ આગ્રહ છે. ત્યાં (પરમાર્થતત્ત્વમાં) દ્વૈત છે જ નહીં. જીવ દ્વૈતભાવનો બોધ પ્રાપ્ત કરીને જ, પછી કોઈ કારણ ન રહેવાથી જન્મ લેતો નથી. (૭૫)

शाङ्करभाष्यम् :- असत्यभूते द्वैते अभिनिवेशोऽस्ति केवलम् । अभिनिवेशः आग्रहमात्रम् । द्वयं तत्र न विद्यते मिथ्याभिनिवेशमात्रं च जन्मनः कारणं यस्मात्, तस्मात् द्वयाभावं बुद्ध्वा निर्निमित्तः निवृत्तमिथ्याद्वयाभिनिवेशः यः, सः न जायते ॥ ७५ ॥

શાંકરભાષ્ય :- અસત્યભૂત-અસત્ય સાબિત થયેલા દ્વૈતમાં લોકોનો કેવળ અભિનિવેશ છે. આગ્રહ માત્રનું નામ અભિનિવેશ છે. ત્યાં દ્વૈત છે જ નહીં. કારણ કે કેવળ મિથ્યા અભિનિવેશ જીવના જન્મનું કારણ છે. માટે દ્વૈતભાવને જાણીને જે નિર્નિમિત્ત થઈ ગયો છે, અર્થાત્ જેનો મિથ્યા દ્વૈતવિષયક આગ્રહ નિવૃત્ત થઈ ગયો છે તે જીવનો ફરી જન્મ થતો નથી. (૭૫)

❖

यदा न लभते हेतूनुत्तमाधममध्यमान् ।
तदा न जायते चित्तं हेत्वभावे फलं कुतः ॥ ७६ ॥

અનુવાદ :- જ્યારે (ચિત્ત) ઉત્તમ, મધ્યમ અને અધમ હેતુઓને પ્રાપ્ત કરતું નથી ત્યારે ચિત્તનો જન્મ થતો નથી, કારણ કે હેતુના અભાવમાં ફળ ક્યાંથી હોય ? (૭૬)

शाङ्करभाष्यम् :- जात्याश्रमविहिता आशीर्वर्जितैरनुष्ठीयमाना धर्मा देवत्वादिप्राप्तिहेतव उत्तमाः केवलाश्च । धर्माः अधर्मव्यामिश्रामनुष्यत्वादिप्राप्त्यर्था मध्यमाः । तिर्यगादिप्राप्तिनिमित्ता अधर्मलक्षणाः प्रवृत्तिविशेषाश्चाधमाः । तानुत्तममध्यमाधमानविद्यापरिकल्पितान् यदा एकमेवाद्वितीयमात्मवत्त्वं सर्वकल्पनावर्जितं जानन् न लभते न पश्यति, यथा बालैर्दृश्यमानं गगने मलं विवेकी न पश्यति, तद्वत्, तदा न जायते नोत्पद्यते चित्तं देवाद्याकारैः उत्तमाधममध्यमफलरूपेण । न ह्यसति हेतौ फलमुत्पद्यते बीजाद्यभाव इव सस्यादि ॥ ७६ ॥

શાંકરભાષ્ય :- આશારહિત-નિષ્કામ મનુષ્યો દ્વારા અનુષ્ઠાન કરતાં કરતાં દેવત્વ વગેરેની પ્રાપ્તિના હેતુરૂપ બનેલા વર્ણાશ્રમવિહિત ધર્મ, જે કેવળ ધર્મ જ છે, ઉત્તમ હેતુ છે અને મનુષ્યત્વાદિની પ્રાપ્તિના હેતુરૂપ બનેલા જે અધર્મ મિશ્રિત ધર્મ છે તે મધ્યમ હેતુ છે તથા તિર્યગાદિ યોનિઓની પ્રાપ્તિની હેતુરૂપ બનેલા અધર્મમયી વિશેષ પ્રવૃત્તિઓ અધમ હેતુ છે. જ્યારે સંપૂર્ણ કલ્પનાથી રહિત એકમાત્ર અદ્વિતીય આત્મતત્ત્વનું જ્ઞાન થઈ જવાથી તે ઉત્તમ, મધ્યમ અને અધમ હેતુઓને મનુષ્ય એવા પ્રકારે પ્રાપ્ત નથી કરતો, જેમ કે વિવેકી પુરુષ આકાશમાં બાળકોને દેખાતી મલિનતાને જોતો નથી, ત્યારે ચિત્ત

ઉત્તમ, મધ્યમ અને અધમ ફલરૂપે દેવાદિ શરીરોમાં ઉત્પન્ન થતું નથી. બીજાદિના અભાવમાં જેમ અન્નાદિ ઉત્પન્ન થતાં નથી તેવી રીતે હેતુ ન હોવાથી ફળની ઉત્પત્તિ થતી નથી. (૭૬)

❖

हेत्वभावे चित्तं नोत्पद्यत इति हि उक्तम् । सा पुनरनुत्पत्तिश्चित्तस्य कीदृशीत्युच्यते –

હેતુનો અભાવ થતા ચિત્ત ઉત્પન્ન થતું નથી એવું પહેલાં કહી દેવામાં આવ્યું છે. પરંતુ તે ચિત્તની અનુત્પત્તિ કેવી હોય છે ? આ માટે કહે છે –

अनिमित्तस्य चित्तस्य यानुत्पत्तिः समाद्वया ।
अजातस्यैव सर्वस्य चित्तदृश्यं हि तद्यतः ॥ ७७ ॥

અનુવાદ :- (આવી રીતે) નિમિત્તશૂન્ય ચિત્તની જે અનુત્પત્તિ છે તે સર્વથા સમ એટલે નિર્વિશેષ અને અદ્વિતીય છે. (કારણ કે પહેલાં પણ) તે સર્વદા અજાત (અર્થાત્ અદ્વિતીય) ચિત્તની જ હોય છે, કારણ કે આ જે કાંઈ છે, તે સર્વ ચિત્તનું જ દશ્ય છે. (૭૭)

शाङ्करभाष्यम् :- परमार्थदर्शनेन निरस्तधर्माधर्माख्योत्पत्तिनिमित्तस्य अनिमित्तस्य चित्तस्येति या मोक्षाख्या अनुत्पत्तिः, सा सर्वदा सर्वावस्थासु समा निर्विशेषा अद्वया च; पूर्वमपि अजातस्यैव अनुत्पन्नस्य चित्तस्य सर्वस्याद्वयस्येत्यर्थः । यस्मात्प्रागपि विज्ञानात् चित्तं दृश्यं तद्द्वयं जन्म च, तस्मादजातस्य सर्वस्य सर्वदा चित्तस्य समा अद्वयैय अनुत्पत्तिः न पुनः कदाचिद्भवति, कदाचिद्वा न भवति । सर्वदा एकरूपैवेत्यर्थः ॥ ७७ ॥

શાંકરભાષ્ય :- પરમાર્થ જ્ઞાન દ્વારા જેનું ધર્માધર્મરૂપ ઉત્પત્તિનું કારણ દૂર થઈ ગયું છે તે નિમિત્તશૂન્ય ચિત્તની જે મોક્ષસંજ્ઞક અનુત્પત્તિ છે તે સર્વદા સર્વ અવસ્થાઓમાં સમાન અર્થાત્ નિર્વિશેષ અને અદ્વિતીય છે. તે પહેલેથી જ અજાત-અનુત્પન્ન અને સર્વ અર્થાત્ અદ્વય ચિત્તની જ થાય છે. કારણ કે બોધ થતાં પૂર્વે પણ તે દ્વૈત અને જન્મ ચિત્તનું જ દશ્ય હતું, માટે સંપૂર્ણ અજાત ચિત્તની અનુત્પત્તિ હંમેશાં સમાન અને અદ્વય જ હોય છે. એ એવી નથી કે કદી હોય છે અને કદી નથી હોતી. તાત્પર્ય આ છે કે તે સર્વદા એકરૂપવાળી જ છે. (૭૭)

❖

यथोक्तेन न्यायेन जन्मनिमित्तस्य द्वयस्याभावाद् –

ઉપર્યુક્ત ન્યાયથી જન્મના હેતુ બનેલા દ્વૈતનો અભાવ હોવાના કારણે –

बुद्ध्वानिमित्ततां सत्यां हेतुं पृथगनाप्नुवन् ।
वीतशोकं तथा काममभयं पदमश्नुते ॥ ७८ ॥

અનુવાદ :- અનિમિત્તતાને જ સત્ય જાણીને અને (દેવાદિ યોનિની પ્રાપ્તિના) કોઈ અન્ય હેતુને ન મેળવીને (સાધક) શોક અને કામથી રહિત અભય (પદ) પ્રાપ્ત કરી લે છે. (૭૮)

शाङ्करभाष्यम् :- अनिमित्ततां च सत्यां परमार्थरूपां बुद्ध्वा हेतुं धर्मादिकारणं देवादियोनिप्राप्तये पृथगनाप्नुवन् अनुपाददानः त्यक्तबाह्यैषणः सन् कामशोकादिवर्जितम् अविद्यादिरहितम् अभयं पदम् अश्नुते, पुनर्न जायत इत्यर्थः ॥ ७८ ॥

શાંકરભાષ્ય :- અનિમિત્તતાને સત્ય એટલે પરમાર્થરૂપ જાણીને તથા દેવાદિ યોનિઓની પ્રાપ્તિને માટે કોઈ અન્ય ધર્માદિ કારણને ન મેળવીને (વિદ્વાન્) બાહ્ય એષણાઓથી મુક્ત થઈને કામના તેમજ શોકાદિથી રહિત અવિદ્યાશૂન્ય (થયેલો સાધક) અભયપદને પ્રાપ્ત કરી લે છે, અર્થાત્ ફરીથી જન્મ લેતો નથી. (૭૮)

❖

अभूताभिनिवेशाद्धि सदृशे तत्प्रवर्तते ।
वस्त्वभावं च बुद्ध्वैव निःसङ्गं विनिवर्तते ॥ ७९ ॥



અનુવાદ :- ચિત્ત અસત્ય(દ્વૈત)ના અભિનિવેશથી જ તેને અનુરૂપ એવા વિષયોમાં પ્રવૃત્ત થાય છે. તથા દ્વૈત વસ્તુનો બોધ થઈ જતાં તે નિઃસંગ થઈને પાછો ફરી જાય છે. (૭૯)

शाङ्करभाष्यम् :- यस्मात् अभूताभिनिवेशात् असति द्वये द्वयास्तित्वनिश्चयः अभूताभिनिवेशः, तस्मात् अविद्याव्यामोहरूपाद्धि सदृशे तदनुरूपे तत् चित्तं प्रवर्तते । तस्य द्वयस्य वस्तुनः अभावं यदा बुद्धवान्, यदा तस्मात् निःसङ्गं निरपेक्षं सत् विनिवर्तते अभूताभिनिवेशविषयात् ॥ ७९ ॥

શાંકરભાષ્ય :- કારણ કે અભૂતાભિનિવેશથી જે દ્વૈત વસ્તુતઃ અસત્ છે તેના અસ્તિત્વનો નિશ્ચય કરવો 'અભૂતાભિનિવેશ' છે - તે અવિદ્યાજનિત મોહરૂપ અસત્યાભિનિવેશના કારણે જ ચિત્ત તેને અનુરૂપ વિષયોમાં પ્રવૃત્ત થાય છે. જ્યારે તે આ દ્વૈત વસ્તુનો અભાવ જાણી લે છે ત્યારે તે મિથ્યા અભિનિવેશથી જન્મેલા વિષયથી નિઃસંગ - નિરપેક્ષ થઈને પાછો ફરી જાય છે. (૭૯)

❖

निवृत्तस्याप्रवृत्तस्य निश्चला हि तदा स्थितिः ।
विषयः स हि बुद्धानां तत्साम्यमजमद्वयम् ॥ ८० ॥

અનુવાદ :- આવી રીતે (દ્વૈતથી) નિવૃત્ત અને (વિષયાંતરમાં) પ્રવૃત્ત નહીં થયેલા ચિત્તની ત્યારે નિશ્ચલ સ્થિતિ થાય છે તે(બુદ્ધ પરમાર્થદર્શી પુરુષો)નો જ વિષય છે અને તે જ સામ્ય, અજ અને અદ્વય છે. (૮૦)

शाङ्करभाष्यम् :- निवृत्तस्य द्वैतविषयात्, विषयान्तरे च अप्रवृत्तस्य अभावदर्शनेन चित्तस्य निश्चला चलनवर्जिता ब्रह्मस्वरूपैव तदा स्थितिः, यैषा ब्रह्मस्वरूपा स्थितिः चित्तस्य अद्वयविज्ञानैकरसघनलक्षणा । स हि यस्मात् विषयः गोचरः परमार्थदर्शिनां बुद्धानाम्, तस्मात् तत्साम्यं परं निर्विशेषमजमद्वयं च ॥ ८० ॥

શાંકરભાષ્ય :- ત્યારે દ્વૈતવિષયથી નિવૃત્ત અને વિષયાંતરમાં અપ્રવૃત્ત ચિત્તની અભાવદર્શનના કારણે નિશ્ચલ - ચલન રહિત અર્થાત્ બ્રહ્મસ્વરૂપ સ્થિતિ થાય છે. ચિત્તની જે આ અદ્વયવિજ્ઞાનૈકરસઘન સ્વરૂપની બ્રહ્મમયી સ્થિતિ છે તે, કારણ કે પરમાર્થદર્શી જ્ઞાનીઓની વિષયગોચર-વિષયની મર્યાદામાં આવનાર છે એટલા માટે પરમ સામ્ય-નિર્વિશેષ અજ અને અદ્વય છે. (૮૦)

❖

पुनरपि कीदृशश्चासौ बुद्धानां विषय इत्याह – તે જ્ઞાનીઓનો વિષય કેવો છે તે ફરીથી બતાવે છે –

अजमनिद्रमस्वप्नं प्रभातं भवति स्वयम् ।
सकृद्विभातो ह्येवैष धर्मो धातुस्वभावतः ॥ ८१ ॥

અનુવાદ :- તે અજ, અનિદ્ર, અસ્વપ્ન અને સ્વયંપ્રકાશ છે. આ ધર્મ પોતાના વસ્તુસ્વભાવથી જ નિત્ય પ્રકાશમાન છે. (૮૧)

शाङ्करभाष्यम् :- स्वयमेव तत् प्रभातं भवति न आदित्याद्यपेक्षम्; स्वयं ज्योतिःस्वभावमित्यर्थः । सकृद्विभातः सदैव विभात इत्येतत् । एषः एवंलक्षणः आत्माख्यो धर्मः धातुस्वभावतः वस्तुस्वभावत इत्यर्थः ॥ ८१ ॥

શાંકરભાષ્ય :- તે સ્વયં જ પ્રકાશિત થાય છે - આદિત્ય વગેરેની અપેક્ષાએ નહીં, અર્થાત્ તે સ્વયં જ્યોતિ એટલે પ્રકાશ સ્વભાવવાળો છે. આ આવા લક્ષણોવાળો આત્મા નામના ધર્મ ધાતુસ્વભાવ-વસ્તુસ્વભાવથી જ સકૃદ્વિભાત એટલે સદા ભાસમાન છે. (૮૧)

❖

एवं बहुश उच्यमानमपि परमार्थतत्त्वं कस्माल्लौकिकैर्न गृह्यत इत्युच्यते –

આવી રીતે અનેકવાર કહેવામાં આવતું હોવા છતાં પણ લૌકિક પુરુષોને આ પરમાર્થનો બોધ કેમ થતો નથી ? તો કહે છે –

सुखमाव्रियते नित्यं दुःखं विव्रियते सदा ।
यस्य कस्य च धर्मस्य ग्रहेण भगवानसौ ॥ ८२ ॥

અનુવાદ :- તે ભગવાન જે તે ધર્મના એટલે દ્વૈત વસ્તુના આગ્રહથી સુખેથી એટલે અનાયાસે આચ્છાદિત થઈ •જાય છે અને સદા દુઃખથી એટલે કઠિનતાથી પ્રગટ થાય છે. (૮૨)

शाङ्करभाष्यम् :- यस्मात् यस्य कस्यचित् द्वयवस्तुनो धर्मस्य ग्रहेण ग्रहणावेशेन मिथ्याभिनिविष्टतया सुखमाव्रियते अनायासेन आच्छाद्यत इत्यर्थः । द्वयोपलब्धिनिमित्तं हि तत्रावरणं न यत्नान्तरमपेक्षते । दुःखं च विव्रियते प्रकटीक्रियते, परमार्थज्ञानस्य दुर्लभत्वात् । भगवानसौ आत्माद्वयो देव इत्यर्थः । अतो वेदान्तैराचार्यैश्च बहुश उच्यमानोऽपि नैव ज्ञातुं शक्य इत्यर्थः, **'आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा'** (क.उप. १-२-७) इति श्रुतेः ॥ ८२ ॥

શાંકરભાષ્ય :- કારણ કે જે તે ધર્મ એટલે દ્વૈત વસ્તુના ગ્રહણ - આગ્રહથી મિથ્યાભિનિવેશના કારણે તે ભગવાન અર્થાત્ અદ્વય આત્મદેવ સહજ જ આવૃત્ત થઈ જાય છે, ઢંકાઈ જાય છે. અર્થાત્ વિના આયાસથી જ આચ્છાદિત થઈ જાય છે. કારણ કે દ્વૈત ઉપલબ્ધિના નિમિત્તે થનાર આવરણ કોઈ અન્ય પ્રયત્નની અપેક્ષા રાખતું નથી અને પરમાર્થજ્ઞાન દુર્લભ હોવાના કારણે દુઃખથી પ્રગટ કરવામાં આવે છે, એટલા માટે વેદાંતાચાર્યોથી અનેક પ્રકારે નિરૂપણ કરવા છતાં પણ જાણવામાં આવી શકતું નથી આ એનું તાત્પર્ય છે. **'આનું વર્ણન કરનાર આશ્ચર્યરૂપ છે તથા તેને ગ્રહણ કરનાર પણ કોઈ નિપુણ પુરુષ જ હોય છે.'** (ક. ઉપ. ૧-૨-૭) આવું શ્રુતિમાં કહેવાયું છે. (૮૨)

❖

अस्ति नास्तीत्यादि सूक्ष्मविषया अपि पण्डितानां ग्रहाः भगवतः परमात्मन आवरणा एव; किमुत मूढजनानां बुद्धिलक्षणा इत्येवमर्थं प्रदर्शयन्नाह –

અસ્તિ-નાસ્તિ વગેરે સૂક્ષ્મ વિષય પણ, જે પંડિતોનો આગ્રહ છે, ભગવાન પરમાત્માનું આવરણ જ છે, તો પછી મૂર્ખ લોકોના બુદ્ધિરૂપ આગ્રહોની તો વાત જ શું છે ? આ વાત બતાવતાં કહે છે –

अस्ति नास्त्यस्ति नास्तीति नास्ति नास्तीति वा पुनः ।
चलस्थिरोभयाभावैरावृणोत्येव बालिशः ॥ ८३ ॥

અનુવાદ :- (આત્મા) છે, નથી, છે પણ અને નથી પણ તથા નથી નથી - આમ ક્રમશઃ ચલ, સ્થિર, ઉભયરૂપ અને અભાવરૂપ કોટિઓથી મૂર્ખલોકો પરમાત્માને આચ્છાદિત જ કરે છે (ઢાંકી દે છે). (૮૩)

शाङ्करभाष्यम् :- अस्तीति । अस्त्यात्मेति कश्चिद्वादी प्रतिपद्यते । नास्तीत्यपरो वैनाशिकः । अस्ति नास्तीत्यपरोऽर्धवैनाशिकः सदसद्वादी दिग्वासाः । नास्ति नास्तीत्यत्यन्तशून्यवादी । तत्रास्तिभावश्चलः, घटाद्यनित्यविलक्षणत्वात् । नास्तभावः स्थिरः, सदाविशेषत्वात् । उभयं चलस्थिरविषयत्वात् सदसद्भावः । अभावोऽत्यन्ताभावः । ★ प्रकारचतुष्टयस्यापि तैरेतैश्चलस्थिरोभयाभावैः सदसदादिवादी सर्वोऽपि भगवन्तमावृणोत्येव बालिशोऽविवेकी । यद्यपि पण्डितो बालिश एव परमार्थतत्त्वानवबोधात्, किमु स्वभावमूढो जन इत्यभिप्रायः ॥ ८३ ॥

શાંકરભાષ્ય :- કોઈ વાદી કહે છે 'આત્મા છે' બીજો વિનાશિક કહે છે 'નથી' ત્રીજો અર્ધ વૈનાશિક સદસદ્વાદી દિગંબર કહે છે, 'છે પણ અને નથી પણ' તથા અત્યંત શૂન્યવાદીનું કથન છે કે 'નથી - નથી'. આમાં અસ્તિભાવ 'ચલ' છે, કારણ કે તે ઘટ વગેરે અનિત્ય પદાર્થોથી જુદો છે. (તાત્પર્ય આ છે કે ઘટાદિના પ્રમાતા સુખાદિ વિશેષ ધર્મોથી યુક્ત હોવાને કારણે પરિણામી ચલ છે.) સદા અવિશેષરૂપ હોવાથી નાસ્તિભાવ 'સ્થિર' છે. ચલ અને સ્થિરવિષયક હોવાથી સદસદ્ભાવ ઉભય રૂપ છે તથા અભાવ અત્યંતાભાવરૂપ છે.

આ ચલ, સ્થિર, ચલસ્થિર અને અભાવરૂપ ચાર પ્રકારના ભાવોથી બધા મૂર્ખ અર્થાત્ વિવેકહીન સદસદાદિવાદીગણ ભગવાનને આચ્છાદિત જ કરે છે. તે જો કે પંડિત છે, તો પણ પરમાર્થતત્ત્વનું જ્ઞાન ન હોવાને કારણે મૂર્ખ જ છે. માટે તાત્પર્ય આ છે કે તો પછી સ્વભાવથી જ મૂર્ખ લોકોની તો વાત જ શું કરવી ? (૮૩)

❖



कीदृक्पुनः परमार्थतत्त्वम्, यदवबोधादबालिशः पण्डितो भवतीत्याह –

તો પછી તે પરમાર્થતત્ત્વ કેવું છે જેનું જ્ઞાન થતાં મનુષ્ય અબાલિશ અર્થાત્ પંડિત થઈ જાય છે તે માટે કહે છે –

कोट्यश्चतस्र एतास्तु ग्रहैर्यासां सदावृतः ।
भगवानाभिरस्पृष्टो येन दृष्टः स सर्वदक् ॥ ८४ ॥

અનુવાદ :- જેના અભિનિવેશથી આત્મા સદાય આવૃત રહે છે તે આ ચાર જ કોટિઓ છે. આનાથી અસંસ્પૃષ્ટ-નહીં સ્પર્શાયેલા ભગવાનને જેણે જોયા છે તે જ સર્વજ્ઞ છે. (૮૪)

शाङ्करभाष्यम् :- कोट्यः प्रावादुकशास्त्रनिर्णयान्ताः एताः उक्ता अस्ति नास्तीत्याद्याः चतस्रः, यासां कोटीनां ग्रहैः ग्रहणैः उपलब्धिनिश्चयैः सदा सर्वदा आवृतः आच्छादितः तेषामेव प्रावादुकानां यः, स भगवान् आभिः अस्ति नास्तीत्यादिकोटिभिः चतसृभिरपि अस्पृष्टः अस्त्यादिविकल्पनावर्जित इत्येतत् । येन मुनिना दृष्टो ज्ञातः वेदान्तेष्वौपनिषदः पुरुषः, स सर्वदृक् सर्वज्ञः; परमार्थपण्डित इत्यर्थः ॥ ८४ ॥

શાંકરભાષ્ય :- તે પ્રવાદ કરનારા વાદીઓના શાસ્ત્રો દ્વાર નિર્ણય કરવામાં આવેલી એ અસ્તિ-નાસ્તિ વગેરે ચાર જ કોટિઓ છે. જે કોટિઓના ગ્રહ-ગ્રહણથી જ, અર્થાત્ તે પ્રાવાદુકોની આ ઉપલબ્ધિથી જન્મેલા નિશ્ચયથી જે ભગવાન સદા આવૃત છે તેને જે મુનિએ આ અસ્તિ નાસ્તિ વગેરે ચારે કોટિઓથી અસંસ્પૃષ્ટ અર્થાત્ અસ્તિ-નાસ્તિ વગેરે વિકલ્પથી સર્વદા રહિત જોયા છે, એટલે કે તેને વેદાંતોમાં (પ્રતિપાદિત) ઔપનિષદ પુરુષરૂપે જાણ્યા છે તે સર્વદૃક્ સર્વજ્ઞ અર્થાત્ પરમાર્થને જાણનારા છે. (૮૪)

⁂

प्राप्य सर्वज्ञतां कृत्स्नां ब्राह्मण्यं पदमद्वयम् ।
अनापन्नादिमध्यान्तं किमतः परमीहते ॥ ८५ ॥

અનુવાદ :- આ પૂર્ણ સર્વજ્ઞતા અને આદિ, મધ્ય તેમજ અંતથી રહિત અદ્વિતીય બ્રાહ્મણ્ય પદને પામીને પણ શું (તે સાધક) પુનઃ કોઈ ચેષ્ટા કરે છે ? (૮૫)

शाङ्करभाष्यम् :- प्राप्य एतां यथोक्तां कृत्स्नां समस्तां सर्वज्ञतां ब्राह्मण्यं पदम् **'स ब्राह्मणः'** (बृ.उप. ३-८-१०) **'एष नित्यो महिमा ब्राह्मणस्य'** (बृ.उप. ४-४-२३) इति श्रुतेः । अनापन्नादिमध्यान्तम् आदिमध्यान्ताः उत्पत्तिस्थितिलयाः अनापन्ना अप्राप्ता यस्य अद्वयस्य पदस्य न विद्यन्ते, तत् अनापन्नादिमध्यान्तं ब्राह्मण्यं पदम् । तदेव प्राप्य लब्ध्वा किमतः परमस्मादात्मलाभादूर्ध्वम् ईहते चेष्टते, निष्प्रयोजनमित्यर्थः । **'नैव तस्य कृतेनार्थः'** (गी. ३-१८) इत्यादिस्मृतेः ॥ ८५ ॥

શાંકરભાષ્ય :- આ ઉપર્યુક્ત સંપૂર્ણ સર્વજ્ઞતા અને **'(જે આ અક્ષરને જાણીને આ લોકમાંથી જાય છે) તે બ્રાહ્મણ છે.'** (બૃ. ઉપ. ૩-૮-૧૦) **'આ બ્રાહ્મણનો નિત્ય મહિમા છે.'** (બૃ. ઉપ. ૪-૪-૨૩) વગેરે શ્રુતિઓ અનુસાર બ્રાહ્મણ્ય પદને પ્રાપ્ત કરીને - જે અદ્વય પદના આદિ, મધ્ય અને અંત, અર્થાત્ ઉત્પત્તિ, સ્થિતિ અને લય અનાપન્ન-અપ્રાપ્ત છે અર્થાત્ નથી, તે અનાપન્નાદિમધ્યાન્ત એટલે આદિ મધ્ય અને અંતને નહીં પ્રાપ્ત કરનાર એવું બ્રાહ્મણ્યપદ છે, તેને પામીને આ પછી આ આત્મલાભના અનંતર કોઈ પ્રયોજન ન રહેતાં પણ શું (તે સાધક) કોઈ ચેષ્ટા કરે છે ? (અર્થાત્ કરતો નથી) જેમ કે **'તેનું કોઈ કાર્યથી પ્રયોજન રહેતું નથી'** (ગીતા. ૩-૧૮) આ સ્મૃતિમાં કહ્યું છે. (૮૫)

⁂

विप्राणां विनयो ह्येष शमः प्राकृत उच्यते ।
दमः प्रकृतिदान्तत्वादेवं विद्वाञ्शमं व्रजेत् ॥ ८६ ॥

અનુવાદ :- (આત્મસ્વરૂપમાં સ્થિર રહીને) આ તે બ્રાહ્મણોનો વિનય છે, આને તેનું સ્વાભાવિક શમ કહેવામાં આવે છે તથા સ્વભાવથી જ દાન્ત (જિતેન્દ્રિય) હોવાના કારણે આ તેનું દમ પણ છે. આવી રીતે વિદ્વાન શાંતિને પ્રાપ્ત થાય છે. (૮૬)

शाङ्करभाष्यम् :- विप्राणां ब्राह्मणानां विनयः विनीतत्वं स्वाभाविकं यदेतदात्मस्वरूपेणावस्थानम् । एष विनयः शमोऽप्येष एव प्राकृतः स्वाभाविकः अकृतकः उच्यते । दमोऽप्येष एव प्रकृतिदान्तत्वात् स्वभावत एव चोपशान्तरूपत्वाद्-ब्रह्मणः । एवं यथोक्तं स्वभावोपशान्तं ब्रह्म विद्वान् शमम् उपशान्तिं स्वाभाविकीं ब्रह्मस्वरूपां व्रजेत् ब्रह्मस्वरूपेणावतिष्ठत इत्यर्थः ॥ ८६ ॥

શાંકરભાષ્ય :- બ્રાહ્મણોનું જે આ આત્મસ્વરૂપથી અવસ્થાન એટલે રહેવારૂપી વિનય - વિનીતત્વ છે તે સ્વાભાવિક છે. તેનો આ વિનય એને આ પ્રાકૃત-સ્વાભાવિક અર્થાત્ અકૃતક શમ પણ કહેવામાં આવે છે. બ્રહ્મસ્વભાવથી જ ઉપશાંત રૂપ છે, માટે પ્રકૃતિતઃ દાંત હોવાને કારણે આ જ તેનું દમ પણ છે. આવી રીતે ઉપર્યુક્ત સ્વભાવતઃ શાંત બ્રહ્મને જાણનારો વિદ્વાન્ શમ-બ્રહ્મસ્વરૂપની સ્વાભાવિકી ઉપશાંતિને પ્રાપ્ત થઈ જાય છે, અર્થાત્ બ્રહ્મરૂપે રહે છે. (૮૬)

◆

शाङ्करभाष्यम् :- एवमन्योन्यविरुद्धत्वात् संसारकारणरागद्वेषदोषास्पदानि प्रावादुकानां दर्शनानि । अतो मिथ्यादर्शनानि तानीति तद्युक्तिभिरेव दर्शयित्वा चतुष्कोटिवर्जितत्वात् रागादिदोषानास्पदं स्वभावशान्तमद्वैतदर्शनमेव सम्यग्दर्शनमित्युपसंहृतम् । अथेदानीं स्वप्रक्रियाप्रदर्शनार्थ आरम्भः —

શાંકરભાષ્ય :- આવી રીતે એકબીજાથી વિરુદ્ધ હોવાને કારણે પ્રાવાદુકો(વાદીઓ)ના દર્શન સંસારના કારણસ્વરૂપ રાગદ્વેષાદિ દોષોનો આશ્રય બનેલા છે. માટે તે મિથ્યા દર્શન છે. આ વાત તેમની જ યુક્તિઓથી બતાવીને ચારો કોટિઓથી રહિત હોવાને કારણે રાગાદિ દોષોના અનાશ્રયભૂત સ્વભાવતઃ શાંત અદ્વૈતદર્શન જ સમ્યક્ સાચું દર્શન છે. આવી રીતે ઉપસંહાર કરવામાં આવ્યો. હવે અહીં પોતાની પ્રક્રિયા બતાવવાનો આરંભ કરવામાં આવે છે –

सवस्तु सोपलम्भं च द्वयं लौकिकमिष्यते ।
अवस्तु सोपलम्भं च शुद्धं लौकिकमिष्यते ॥ ८७ ॥

અનુવાદ :- વસ્તુ અને ઉપલબ્ધિ બંનેથી સહિત જે દ્વૈત છે તેને લૌકિક (જાગૃત) કહે છે તથા જે દ્વૈત વસ્તુ વિના કેવળ ઉપલબ્ધિ સહિત છે, તેને શુદ્ધ લૌકિક (સ્વપ્ન) કહે છે. (૮૭)

शाङ्करभाष्यम् :- सवस्तु संवृतिसता वस्तुना सह वर्तत इति सवस्तु, तथा च उपलब्धिरुपलम्भः, तेन सह वर्तत इति सोपलम्भं च शास्त्रादिसर्वव्यवहारास्पदं ग्राह्यग्रहणलक्षणं द्वयं लोकादनपेतं लौकिकं जागरितमित्येतत् । एवंलक्षणं जागरितमिष्यते वेदान्तेषु । ★ अवस्तु संवृतेरप्यभावात् । सोपलम्भं वस्तुवदुपलम्भनमुपलम्भः असत्यपि वस्तुनि, तेन सह वर्तत इति सोपलम्भं च । शुद्धं केवलं प्रविभक्तं जागरितात्स्थूलाल्लौकिकं सर्वप्राणिसाधारणत्वात् इष्यते स्वप्न इत्यर्थः ॥ ८७ ॥

શાંકરભાષ્ય :- સવસ્તુ - વ્યવહારિક સત્ વસ્તુની સાથે રહે છે, એટલા માટે જે સવસ્તુ છે તથા ઉપલંભ એટલે કે ઉપલબ્ધિ સહિત છે, એટલા માટે જે 'સોપલંભ' છે એવું શાસ્ત્રાદિ સંપૂર્ણ વ્યવહારના આશ્રયભૂત ગ્રાહ્યગ્રહણરૂપ જે દ્વૈત છે તે 'લૌકિક' - લોકથી દૂર ન રહેનારા અર્થાત્ જાગૃત કહેવાય છે. વેદાંતોમાં જાગરિતને આવા લક્ષણોવાળો માનવામાં આવ્યો છે.

સંવૃતિનો પણ અભાવ હોવાના કારણે જે 'અવસ્તુ' છે પરંતુ 'સોપલંભ' છે - વસ્તુ ન રહેવાથી પણ વસ્તુ સમાન ઉપલબ્ધ થવું 'ઉપલંભ' કહેવાય છે. તેના સહિત હોવાને કારણે જે 'સોપલંભ' છે, તે સંપૂર્ણ પ્રાણીઓને માટે સાધારણ હોવાને કારણે શુદ્ધ-કેવળ અર્થાત્ જાગૃતરૂપ સ્થૂળ લૌકિકથી ભિન્ન લૌકિક માનવામાં આવે છે, અર્થાત્ તે સ્વપ્નાવસ્થા છે. (૮૭)

◆

अवस्त्वनुपलम्भं च लोकोत्तरमिति स्मृतम् ।
ज्ञानं ज्ञेयं च विज्ञेयं सदा बुद्धैः प्रकीर्तितम् ॥ ८८ ॥

અનુવાદ :- જે વસ્તુ અને ઉપલબ્ધિ બંનેથી રહિત છે તે અવસ્થા લોકોત્તર (સુષુપ્તિ) માનવામાં આવી છે. આવી રીતે વિદ્વાનોએ હંમેશાં (અવસ્થા ત્રયરૂપ) જ્ઞાન અને જ્ઞેય તથા (તુરીયરૂપ) વિજ્ઞેયનું નિરૂપણ કર્યું છે. (૮૮)

शाङ्करभाष्यम् :- अवस्त्वनुपलम्भं च ग्राह्यग्रहणवर्जितमित्येतत्; लोकोत्तरम्, अत एव लोकातीतम् । ग्राह्यग्रहणविषयो हि लोकः, तदभावात् सर्वप्रवृत्तिबीजं सुषुप्तमित्येतत् । एवं स्मृतम् । ★ सोपायं परमार्थतत्त्वं लौकिकं शुद्धलौकिकं लोकोत्तरं च क्रमेण येन ज्ञानेन ज्ञायते, तत् ज्ञानं ज्ञेयम् एतान्येव त्रीणि, एतद्व्यतिरेकेण ज्ञेयानुपपत्तेः । सर्वप्रावादुककल्पित-वस्तुनोऽत्रैवान्तर्भावात्; विज्ञेयं यत्परमार्थसत्यं तुर्याख्यमद्वयमजमात्मतत्त्वमित्यर्थः; सदा सर्वदैव, तल्लौकिकादि विज्ञेयान्तं बुद्धैः परमार्थदर्शिभिर्ब्रह्मविद्भिः प्रकीर्तितम् ॥ ८८ ॥

શાંકરભાષ્ય :- અવસ્તુ અને અનુપલંભ અર્થાત્ ગ્રાહ્ય અને ગ્રહણથી રહિત જે અવસ્થા છે તે ‘લોકોત્તર’ એટલા માટે ‘લોકાતીત’ કહેવાય છે, કારણ કે ગ્રાહ્ય અને ગ્રહણનો વિષય જ લોક છે. તેનો અભાવ હોવાથી તે સુષુપ્ત અવસ્થા સંપૂર્ણ પ્રવૃત્તિઓની બીજભૂતા છે - એમ માનવામાં આવ્યું છે.

ઉપાય સહિત પરમાર્થતત્ત્વ તથા લૌકિક, શુદ્ધ લૌકિક અને લોકોત્તર અવસ્થાઓનો જે જ્ઞાન દ્વારા ક્રમશઃ બોધ થાય છે, તેને ‘જ્ઞાન’ કહે છે તથા આ ત્રણેય અવસ્થાઓ જ ‘જ્ઞેય’ છે કારણ કે સમસ્ત વાદીઓ દ્વારા કલ્પના કરવામાં આવેલી વસ્તુઓનો તેમાં અંતર્ભાવ થતો હોવાના કારણે તેના સિવાય કોઈ અન્ય જ્ઞેયનું અસ્તિત્વ સંભવતું નથી. જે પરમાર્થ સત્ય તુરીય સંજ્ઞક અદ્વય અજન્મા આત્મતત્ત્વ છે તે ‘વિજ્ઞેય’ છે એવો આનો ભાવ છે. તે લૌકિકથી આરંભી વિજ્ઞેય સુધી સંપૂર્ણ વસ્તુઓનું પરમાર્થદર્શી વિદ્વાનોએ સદા સર્વદા નિરૂપણ કર્યું છે. (૮૮)

❖

ज्ञाने च त्रिविधे ज्ञेये क्रमेण विदिते स्वयम् ।
सर्वज्ञता हि सर्वत्र भवतीह महाधियः ॥ ८९ ॥

અનુવાદ :- જ્ઞાન અને ત્રણ પ્રકારના જ્ઞેયને ક્રમશઃ જાણી લેવાથી આ લોકમાં તે મહા બુદ્ધિમાનને સ્વયં સર્વત્ર સર્વજ્ઞતા પ્રાપ્ત થઈ જાય છે. (૮૯)

शाङ्करभाष्यम् :- ज्ञाने च लौकिकादिविषये ज्ञेये च लौकिकादौ त्रिविधे, पूर्वं लौकिकं स्थूलम्; तदभावेन पश्चाच्छुद्धं लौकिकम्, तदभावेन लोकोत्तरमित्येवं क्रमेण स्थानत्रयाभावेन परमार्थसत्ये तुर्ये अद्वये अजे अभये विदिते, स्वयमेव आत्मस्वरूपमेव सर्वज्ञता सर्वश्चासौ ज्ञश्च सर्वज्ञः, तद्भावः सर्वज्ञता इह अस्मिन् लोके भवति महाधियः महाबुद्धेः । सर्वलोकातिशयवस्तुविषयबुद्धित्वादेवंविदः सर्वत्र सर्वदा भवति । सकृद्विदिते स्वरूपे व्यभिचाराभावादित्यर्थः । न हि परमार्थविदो ज्ञानिनः ज्ञानोद्भवाभिभवौ स्तः, यथा अन्येषां प्रावादुकानाम् ॥ ८९ ॥

શાંકરભાષ્ય :- લૌકિકાદિ વિષયક જ્ઞાન અને લૌકિકાદિ ત્રણ પ્રકારના જ્ઞેયને જાણી લેવાથી, અર્થાત્ પહેલાં સ્થૂળ લૌકિકને, પછી તેના અભાવમાં શુદ્ધ લૌકિકને તથા તેના પણ અભાવમાં લોકોત્તરને આવી રીતે ક્રમશઃ ત્રણેય અવસ્થાઓના અભાવ દ્વારા પરમાર્થસત્ય અદ્વય, અજન્મા અને અભયરૂપ તુરીયને જાણી લેવાથી, આ લોકમાં તે મહાબુદ્ધિને સર્વત્ર એટલે કે સર્વદા સ્વયં આત્મસ્વરૂપ જ સર્વજ્ઞતા - જે સર્વરૂપ જ્ઞ (જ્ઞાની) થઈ જાય તેને ‘સર્વજ્ઞ’ કહે છે, તેને ભાવરૂપ સર્વજ્ઞતા પ્રાપ્ત થાય છે, કારણ કે એવું જાણનારાઓની બુદ્ધિ સંપૂર્ણ લોકથી વધેલી વસ્તુને વિષય કરનારી હોય છે. તાત્પર્ય આ છે કે સ્વરૂપનું એકવાર જ્ઞાન થઈ જવાથી તેનો કદી વ્યભિચાર ન થતો હોવાને કારણે (તેની સર્વજ્ઞતા સર્વદા રહે છે.) કારણ કે જેવી રીતે બીજા વાદીઓના જ્ઞાનનો ઉદય અને અસ્ત થતો રહે છે તેવી રીતે પરમાર્થવેત્તા જ્ઞાનીના જ્ઞાનના ઉદય અને અસ્ત થતા નથી. (૮૯)

❖

लौकिकादीनां क्रमेण ज्ञेयत्वेन निर्देशादस्तित्वाशङ्का परमार्थतो मा भूदित्याह –

(ઉપર્યુક્ત શ્લોકમાં) લૌકિકાદિને ક્રમશઃ જ્ઞેયરૂપે બતાવવાને કારણે તેના પરમાર્થતઃ અસ્તિત્વની આશંકા ન થઈ જાય. એટલા માટે કહે છે –

हेयज्ञेयाप्यपाक्यानि विज्ञेयान्यग्रयाणतः ।
तेषामन्यत्र विज्ञेयादुपलम्भस्त्रिषु स्मृतः ॥ ९० ॥

અનુવાદ :- (જાગૃતાદિ) હેય, (સત્યબ્રહ્મરૂપ) જ્ઞેય, (પાંડિત્યાદિ) પ્રાપ્તવ્ય સાધન અને (રાગદ્વેષાદિ) પ્રશમનીય દોષ - આ સર્વ પ્રથમ જાણવા યોગ્ય છે. આમાંથી જ્ઞેય(બ્રહ્મ)ને છોડીને બાકીના ત્રણેમાં તો કેવળ ઉપલંભ (અવિદ્યા કલ્પિતતત્ત્વ) જ માનવામાં આવ્યું છે. (૯૦)

शाङ्करभाष्यम् :- हेयानि च लौकिकादीनि त्रीणि जागरितस्वप्नसुषुप्तानि आत्मन्यसत्त्वेन रज्ज्वां सर्पवद्धातव्यानीत्यर्थः । ज्ञेयमिह चतुष्कोटिवर्जितं परमार्थतत्त्वम् । आप्यानि आप्तव्यानि त्यक्तबाह्यैषणात्रयेण भिक्षुणा पाण्डित्यबाल्यमौनाख्यानि साधनानि । पाक्यानि रागद्वेषमोहादयो दोषाः कषायाख्यानि पक्तव्यानि । सर्वाण्येतानि हेयज्ञेयाप्यपाक्यानि विज्ञेयानि भिक्षुणा उपायत्वेनेत्यर्थः । अग्रयाणतः प्रथमतः । ★ तेषां हेयादीनामन्यत्र विज्ञेयात्परमार्थसत्यं विज्ञेयं ब्रह्मैकं वर्जयित्वा । उपलम्भनमुपलम्भः अविद्याकल्पनामात्रम् । हेयाप्यपाक्येषु त्रिष्वपि स्मृतो ब्रह्मविद्भिः न परमार्थसत्यता त्रयाणामित्यर्थः ॥ ९० ॥

શાંકરભાષ્ય :- લૌકિકાદિ ત્રણ હેય છે. તાત્પર્ય આ છે કે જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણે અવસ્થાઓ રજ્જુમાં સર્પની જેમ આત્મામાં અસત્ હોવાને કારણે ત્યજવા યોગ્ય છે. ચારે કોટિઓથી રહિત પરમાર્થ તત્ત્વ જ અહીં જ્ઞેય માનવામાં આવ્યું છે. બાહ્ય ત્રણે એષણાઓનો ત્યાગ કરનારા મુમુક્ષુને માટે પાંડિત્ય, બાલ્ય અને મૌન નામના ત્રણ સાધન જ આપ્ય એટલે પ્રાપ્તવ્ય છે, તથા રાગ, દ્વેષ અને મોહ વગેરે કષાય સંજ્ઞક દોષ જ (તેના માટે) પાક્ય-પાક (જીર્ણ) કરવાને યોગ્ય છે. તાત્પર્ય આ છે કે મુમુક્ષુને હેય, જ્ઞેય, આપ્ય અને પાક્ય આ સર્વને अग्रयाणतः સર્વપ્રથમ પોતાના સાધન રૂપથી જાણવા જોઈએ.

તે હેય વગેરેમાંથી કેવળ એક પરમાર્થ સત્ય જ્ઞેય બ્રહ્મને છોડીને શેષ હેય, આપ્ય અને પાક્ય આ ત્રણેમાં બ્રહ્મવેત્તાઓએ કેવળ ઉપલંભ - ઉપલંભન એટલે કે અવિદ્યામય કલ્પના માત્ર જ માની છે, અર્થાત્ આ ત્રણેની પરમાર્થ સત્યતા સ્વીકારી નથી. (૯૦)

⁂

परमार्थस्तु – વાસ્તવમાં –

प्रकृत्याकाशवज्ज्ञेयाः सर्वे धर्मा अनादयः ।
विद्यते न हि नानात्वं तेषां क्वचन किंचन ॥ ९१ ॥

અનુવાદ :- સંપૂર્ણ જીવોને સ્વભાવથી જ આકાશ જેવા અને અનાદિ જાણવા જોઈએ. તેનામાં વિવિધતા ક્યાંય સહેજ પણ નથી. (૯૧)

शाङ्करभाष्यम् :- प्रकृत्या स्वभावतः आकाशवत् आकाशतुल्याः सूक्ष्मनिरञ्जनसर्वगतत्वैः सर्वे धर्मा आत्मानो ज्ञेया मुमुक्षुभिः अनादयः नित्याः । बहुवचनकृतभेदाशङ्कां निराराकुर्वन्नाह – क्वचन क्वचिदपि किंचन किंचित् अणुमात्रमपि तेषां न विद्यते नानात्वमिति ॥ ९१ ॥

શાંકરભાષ્ય :- મુમુક્ષુઓએ સૂક્ષ્મત્વ, નિરંજનત્વ અને સર્વગતત્વ વગેરેના કારણે સઘળા ધર્મો-જીવોને પ્રકૃતિથી અર્થાત્ સ્વભાવતઃ આકાશવત્ આકાશ સમાન અને અનાદિ એટલે કે નિત્ય માનવા જોઈએ. અહીં બહુવચનના કારણે થનારા જીવાત્માઓના ભેદની આશંકાનું નિરાકરણ કરતાં કરતાં કહે છે - 'તેનું ક્વચન - ક્યાંય, કિંચન - કાંઈ પણ અર્થાત્ અણુમાત્ર પણ નાનાત્વ એટલે અનેકતા નથી. (૯૧)

⁂

ज्ञेयतापि धर्माणां संवृत्यैव, न परमार्थत इत्याह –
આત્માઓની જે જ્ઞેયતા છે તે પણ વ્યાવહારિક જ છે, પરમાર્થતઃ નથી, એમ કહે છે –

आदिबुद्धाः प्रकृत्यैव सर्वे धर्माः सुनिश्चिताः ।
यस्यैवं भवति क्षान्तिः सोऽमृतत्वाय कल्पते ॥ ९२ ॥

અનુવાદ :- બધા આત્મા સ્વભાવથી જ નિત્ય બોધસ્વરૂપ અને સુનિશ્ચિત છે - જેને એવું સમાધાન થઈ જાય છે તે અમરત્વ(મોક્ષ)ની પ્રાપ્તિને યોગ્ય બને છે. (૯૨)

शाङ्करभाष्यम् :- यस्मात् आदौ बुद्धाः आदिबुद्धाः प्रकृत्यैव स्वभावत एव यथा नित्यप्रकाशस्वरूपः सविता, एवं नित्यबोधस्वरूपा इत्यर्थः । सर्वे धर्माः सर्व आत्मानः न च तेषां निश्चयः कर्तव्यः नित्यनिश्चितस्वरूपा इत्यर्थः । न संदिह्यमानस्वरूपा एवं नैवं चेति । ★ यस्य मुमुक्षोः एवं यथोक्तप्रकारेण सर्वदा बोधनिश्चयनिरपेक्षता आत्मार्थं परार्थं वा । यथा सविता नित्यं प्रकाशान्तरनिरपेक्षः स्वार्थं परार्थं वेत्येवं भवति क्षान्तिः बोधकर्तव्यतानिरपेक्षता सर्वदा स्वात्मनि, सः अमृतत्वाय अमृतभावाय कल्पते, मोक्षाय समर्थो भवतीत्यर्थः ॥ ९२ ॥

શાંકરભાષ્ય :- કારણ કે જેવી રીતે સૂર્ય નિત્ય પ્રકાશસ્વરૂપ છે તેવી રીતે સંપૂર્ણ ધર્મ એટલે કે બધા આત્મા પ્રકૃતિ - સ્વભાવથી જ આદિબુદ્ધા આરંભમાં જ જાણેલી અર્થાત્ નિત્ય બોધસ્વરૂપ છે. તેઓનો નિશ્ચય પણ કરવાનો નથી, અર્થાત્ તેઓ નિત્યનિશ્ચિત સ્વરૂપ છે 'આવા છે અથવા નથી' આવી રીતે તેઓનું સ્વરૂપ સંદિગ્ધ નથી.

જે મુમુક્ષુને આવી રીતે, ઉપર્યુક્ત રીતે પોતાના અથવા પારકાને માટે સર્વદા બોધનિશ્ચય સંબંધિની નિરપેક્ષતા છે, જેવી રીતે સૂર્ય પોતાના અથવા પારકાને માટે સદાય પ્રકાશાન્તરની અપેક્ષા કરતો નથી તેવી રીતે જેને સર્વદા પોતાના આત્મામાં શાંતિ બોધ કર્તવ્યતાની નિરપેક્ષતા રહે છે તે અમૃતત્વ - અમૃતભાવ એટલે મોક્ષને માટે યોગ્ય બને છે. (૯૨)

⁂

तथा नापि शान्तिकर्तव्यता आत्मनीत्याह –

આવી રીતે આત્મામાં શાંતિ કર્તવ્યતા પણ નથી. આથી કહે છે –

आदिशान्ता ह्यनुत्पन्नाः प्रकृत्यैव सुनिर्वृताः ।
सर्वे धर्माः समाभिन्ना अजं साम्यं विशारदम् ॥ ९३ ॥

અનુવાદ :- સંપૂર્ણ આત્મા નિત્ય શાંત, અજન્મા, સ્વભાવથી જ અત્યંત ઉપરત તથા સમ અને અભિન્ન છે. (કારણકે) આત્મતત્ત્વ અજ, સમતારૂપ અને વિશુદ્ધ છે (૯૩)

शाङ्करभाष्यम् :- यस्मात् आदिशान्ताः नित्यमेव शान्ताः अनुत्पन्ना अजाश्च प्रकृत्यैव सुनिर्वृताः सुष्ठूपरतस्वभावाः नित्यमुक्तस्वभावा इत्यर्थः । सर्वे धर्माः समाश्च अभिन्नाश्च समाभिन्नाः अजं साम्यं विशारदं विशुद्धमात्मतत्त्वं यस्मात्, तस्मात् शान्तिर्मोक्षो वा नास्ति कर्तव्य इत्यर्थः । न हि नित्यैकस्वभावस्य कृतं किंचिदर्थवत्स्यात् ॥ ९३ ॥

શાંકરભાષ્ય :- કારણ કે સંપૂર્ણ ધર્મો (એટલે સઘળા આત્માઓ) આદિશાંત સર્વદા જ શાંતસ્વરૂપ, અનુત્પન્ન - અજન્મા, સ્વભાવથી જ સુનિર્વૃત અથવા અત્યંત ઉપરત સ્વભાવવાળા છે, તથા સમ અને અભિન્ન છે, આવી રીતે, કારણ કે આત્મતત્ત્વ અજન્મા, સમતારૂપ અને વિશુદ્ધ છે, એટલા માટે તેને માટે શાંતિ અથવા મોક્ષ કર્તવ્ય નથી - આ આનો અભિપ્રાય છે કારણ કે તે નિત્ય એક સ્વભાવવાળાને માટે કાંઈપણ કરવું સાર્થક ના હોઈ શકે. (૯૩)

⁂

ये यथोक्तं परमार्थतत्त्वं प्रतिपन्नाः, ते एव अकृपणा लोके; कृपणाएवान्य इत्याह –

જે લોકો ઉપર્યુક્ત પરમાર્થતત્ત્વને સમજે છે, લોકમાં તે જ અકૃપણ છે, તેના સિવાય બીજા બધા કૃપણ છે આ ભાવને લઈને કહે છે –

वैशारद्यं तु वै नास्ति भेदे विचरतां सदा ।
भेदनिम्नाः पृथग्वादास्तस्मात्ते कृपणाः स्मृताः ॥ ९४ ॥

અનુવાદ :- જે લોકો હંમેશાં ભેદમાં વિચરણ કરે છે, તેઓની વિશુદ્ધિ હોતી નથી. દ્વૈતવાદી લોકો ભેદ તરફ પ્રવૃત્ત થનાર છે, એટલા માટે તેઓને કૃપણ (દીન) કહેવામાં આવ્યા છે. (૯૪)

शाङ्करभाष्यम् :- यस्मात् भेदनिम्नाः भेदानुयायिनः संसारानुगा इत्यर्थः । के ? पृथग्वादाः पृथक् नाना वस्तु इत्येवं वदनं येषां ते पृथग्वादाः द्वैतिन इत्यर्थः । तस्मात्ते कृपणाः क्षुद्रा स्मृताः, यस्मात् वैशारद्यं विशुद्धिः तन्नास्ति तेषां भेदे विचरतां द्वैतमार्गे अविद्यापरिकल्पिते सर्वदा वर्तमानानामित्यर्थः । अतो युक्तमेव तेषां कार्पण्यमित्यभिप्रायः ॥ ९४ ॥

શાંકરભાષ્ય :- કારણ કે તે ભેદનિમ્ન ભેદાનુયાયી અર્થાત્ સંસારના અનુગામી છે, કોણ લોકો ? પૃથક્ વાદી 'પૃથક્ અર્થાત્ અનેક વસ્તુ છે' એવું જેનું કથન છે તે પૃથક્વાદી અર્થાત્ દ્વૈતી લોકો, એટલા માટે તેઓ કૃપણ - શુદ્ર માનવામાં આવ્યા છે, કારણ કે ભેદ અર્થાત્ અવિદ્યા પરિકલ્પિત દ્વૈતમાર્ગમાં સર્વદા વિચરણ કરનારા તે લોકોની વૈશારદ્ય અર્થાત્ વિશુદ્ધિ થતી નથી. માટે તેઓનું કૃપણ હોવું યોગ્ય જ છે. આવો આનો અભિપ્રાય છે. (૯૪)

⁂

यदिदं परमार्थतत्त्वम्, अमहात्मभिरपण्डितैर्वेदान्तबहिष्ठैः क्षुद्रैरल्पप्रज्ञैरनवगाह्यमित्याह –

આ જે પરમાર્થ તત્ત્વ છે તે મહાત્મા નહીં એવા અપંડિતો તથા વેદાંતના અનધિકારી શુદ્ર અને મંદબુદ્ધિના પુરુષોની સમજમાં આવી શકતું નથી. એમ (માનીને) કહે છે –

अजे साम्ये तु ये केचिद्भविष्यन्ति सुनिश्चिताः ।
ते हि लोके महाज्ञानास्तच्च लोको न गाहते ॥ ९५ ॥

અનુવાદ :- જે કોઈ (સાધક) તે ચીજ અને સામ્યરૂપ(પરમાર્થતત્ત્વ)માં અત્યંત નિશ્ચિત હશે તે જ લોકમાં મહાનજ્ઞાની છે. તે તત્ત્વનું (સામાન્ય) લોકો અવગાહન કરી શકતા નથી. (૯૫)

शाङ्करभाष्यम् :- अजे साम्ये परमार्थतत्त्वे एवमेवेति ये केचित् स्त्र्यायादयोऽपि सुनिश्चिता भविष्यन्ति चेत्, त एव हि लोके महाज्ञानाः निरतिशयतत्त्वविषयज्ञाना इत्यर्थः । ★ तच्च तेषां वर्त्म तेषां विदितं परमार्थतत्त्वं सामान्यबुद्धिरन्यो लोको न गाहते नावतरति न विषयीकरोतीत्यर्थः । **'सर्वभूतात्मभूतस्य सर्वभूतहितस्य च । देवा अपि मार्गे मुह्यन्त्यपदस्य पदैषिणः । शकुनीनामिवाकाशे गतिर्नैवोपलभ्यते'** (महा.शा. २३९-२३, २४) इत्यादिस्मरणात् ॥ ९५ ॥

શાંકરભાષ્ય :- તે અજ અને સામ્યસ્વરૂપ પરમાર્થતત્ત્વમાં જે કોઈ-સ્ત્રી વગેરે પણ 'આ આવું જ છે' આવી રીતે સુનિશ્ચિત હશે તે જ લોકોમાં મહાજ્ઞાની અર્થાત્ નિરતિશય તત્ત્વવિષયક જ્ઞાનવાળા છે એવો અર્થ છે.

તેઓ તેના માર્ગમાં અર્થાત્ તેમને વિદિત થયેલા પરમાર્થતત્ત્વમાં અન્ય સાધારણ બુદ્ધિવાળા મનુષ્ય અવગાહન અવતરણ કરતાં નથી તેને વિષય બનાવતાં નથી. એવો અર્થ થાય છે. **'જે સંપૂર્ણ ભૂતોના આત્મભૂત અને સર્વ પ્રાણીઓના હિતકારી છે તે પદરહિત (પ્રાપ્ય પુરુષાર્થહીન) મહાત્માના પદને જાણવાની ઈચ્છાવાળા દેવો પણ તેઓના માર્ગમાં મોહને પ્રાપ્ત થાય છે તથા આકાશમાં જેમ પક્ષીઓનો માર્ગ મળતો નથી તેવી રીતે તેઓની ગતિની ખબર પડતી નથી.'** (મહા. શાં. પર્વ. ૨૩૯-૨૩, ૨૪) વગેરે સ્મૃતિથી પણ આ જ વસ્તુ પ્રમાણિત થાય છે. (૯૫)

⁂

कथं महाज्ञानत्वमित्याह –

તેઓનું મહાજ્ઞાનત્ત્વ કેવી રીતે છે. તો બતાવે છે –

अजेष्वजमसंक्रान्तं धर्मेषु ज्ञानमिष्यते ।
यतो न क्रमते ज्ञानमसङ्गं तेन कीर्तितम् ॥ ९६ ॥

અનુવાદ :- અજન્મા ધર્મોમાં (એટલે આત્માઓમાં) રહેલા અજ (નિત્ય) જ્ઞાન અસંક્રાંત (અન્ય વિષયોથી પ્રાપ્ત નહીં થનાર) માનવામાં આવે છે. જેથી તે જ્ઞાન અન્ય વિષયોમાં સંક્રમિત થતું નથી એટલા માટે તેને અસંગ કહેવામાં આવ્યું છે. (૯૬)

शाङ्करभाष्यम् :- अजेषु अनुत्पन्नेषु अचलेषु धर्मेषु आत्मसु अजमचलं च ज्ञानमिष्यते सवितरीव औष्ण्यं प्रकाशश्च यतः, तस्मात् असंक्रान्तम् अर्थान्तरे ज्ञानमजमिष्यते । यस्मान्न क्रमते अर्थान्तरे ज्ञानम्, तेन कारणेन असङ्गं तत् कीर्तितम् आकाशकल्पमित्युक्तम् ॥ ९६ ॥

શાંકરભાષ્ય :- કારણ કે અજ એટલે અનુત્પન્ન અર્થાત્ અચલ ધર્મોમાં એટલે આત્માઓમાં સૂર્યની ઉષ્ણતા અને પ્રકાશની જેમ અજ અર્થાત્ અચલ જ્ઞાન માનવામાં આવે છે, માટે અર્થાન્તરમાં અસંક્રાંત (પ્રવેશ નહીં પામનાર) જ્ઞાનને



અજન્મા (નિત્ય) સ્વીકાર કરવામાં આવે છે. કારણ કે તે જ્ઞાન બીજા વિષયોમાં સંક્રમિત થતું નથી, એટલા માટે તેને અસંગ કહેવામાં આવ્યું છે, અર્થાત્ તે આકાશ જેવું છે એમ કહ્યું છે. (૯૬)

❖

अणुमात्रेऽपि वैधर्म्ये जायमानेऽविपश्चितः ।
असङ्गता सदा नास्ति किमुतावरणच्युतिः ॥ ९७ ॥

અનુવાદ :- (બીજા વાદીઓના મતાનુસાર) કોઈ અણુમાત્ર પણ વિધર્મી વસ્તુની ઉત્પત્તિ માનીને તો અવિવેકી પુરુષની અસંગતા પણ કદી થઈ શકતી નથી, તો પછી તેના આવરણના નાશના વિષયમાં તો કહેવું શું ? (૯૭)

शाङ्करभाष्यम् :- इतोऽन्येषां वादिनाम् अणुमात्रे अल्पेऽपि वैधर्म्ये वस्तुनि बहिरन्तर्वा जायमाने उत्पद्यमाने अविपश्चितः अविवेकिनः असङ्गता असङ्गत्वं सदा नास्ति; किमुत वक्तव्यम् आवरणच्युतिः बन्धनाशो नास्तीति ॥ ९७ ॥

શાંકરભાષ્ય :- આનાથી ભિન્ન જે વાદી છે તેના મતાનુસાર અણુમાત્ર અર્થાત્ માત્ર થોડી પણ વિધર્મી વસ્તુના બહાર અથવા અંદર ઉત્પન્ન થવાથી તો અવિપશ્ચિત્ - અવિવેકી પુરુષની કદી અસંગતા પણ થઈ શકતી નથી, તો પછી તેની આવરણચ્યુતિ અર્થાત્ બંધનાશ થતો નથી. તેના સંબંધમાં તો કહેવું જ શું ? (૯૭)

❖

तेषामावरणच्युतिर्नास्तीति ब्रुवतां स्वसिद्धान्ते अभ्युपगतं तर्हि धर्माणामावरणम् । नेत्युच्यते –

તેની આવરણચ્યુતિ થતી નથી. એવું કહીને તો તમે પોતાના સિદ્ધાંતમાં પણ આત્માઓનું આવરણ સ્વીકારી લીધું એવું જો કોઈ કહે તો આના માટે અમારું કહેવું છે - ના.

अलब्धावरणाः सर्वे धर्माः प्रकृतिनिर्मलाः ।
आदौ बुद्धास्तथा मुक्ता बुध्यन्त इति नायकाः ॥ ९८ ॥

અનુવાદ :- સમસ્ત ધર્મો એટલે બધા આત્માઓ આવરણ શૂન્ય, સ્વભાવથી નિર્મળ તથા આરંભમાં બુદ્ધ અને મુક્ત છે. તો પણ સ્વામી લોકો (વેદાંતાચાર્ય ગણ) 'તે જાણી શકાય છે' એમ (તેમના વિષયમાં કહે છે) (૯૮)

शाङ्करभाष्यम् :- अलब्धावरणाः अलब्धमप्राप्तमावरणम् अविद्यादिबन्धनं येषां ते धर्माः अलब्धावरणाः बन्धनरहिता इत्यर्थः । प्रकृतिनिर्मलाः स्वभावशुद्धाः आदौ बुद्धाः तथा मुक्ताः, यस्मात् नित्यशुद्धबुद्धमुक्तस्वभावाः । ★ यद्येवं कथं तर्हि बुध्यन्त इत्युच्यते ★ नायकाः स्वामिनः समर्थाः बोद्धुं बोधशक्तिमत्स्वभावा इत्यर्थः । यथा नित्यप्रकाशस्वरूपोऽपि सन् सविता प्रकाशत इत्युच्यते, यथा वा नित्यनिवृत्तगतयोऽपि नित्यमेव शैलास्तिष्ठन्तीत्युच्यते, तद्वत् ॥ ९८ ॥

શાંકરભાષ્ય :- 'अलब्धावरणाः' જેને આવરણ અર્થાત્ અવિદ્યાદિરૂપ બંધન લાભ અર્થાત્ પ્રાપ્ત થયું નથી તે ધર્મ (આત્મા) અલબ્ધાવરણ અર્થાત્ બંધનરહિત, પ્રકૃતિ નિર્મલ સ્વભાવથી જ શુદ્ધ અને આરંભમાં જ બોધને પ્રાપ્ત થયેલા તથા મુક્તસ્વરૂપ છે, કારણ કે તે નિત્ય શુદ્ધ બુદ્ધ મુક્ત સ્વભાવ છે.

પૂર્વપક્ષી :- જો એવી વાત છે તો તેઓના વિષયમાં 'તે જાણી શકાય છે' એવું કેમ કહેવામાં આવ્યું છે ?

સિદ્ધાન્તી :- નાયક-સ્વામી લોકો જાણવામાં સમર્થ અર્થાત્ બોધશક્તિયુક્ત સ્વભાવવાળા લોકો તેઓના વિષયમાં તેવી રીતે એવું કહે છે જેમ નિત્ય પ્રકાશસ્વરૂપ હોવાથી પણ સૂર્યના વિષયમાં 'સૂર્ય પ્રકાશમાન છે' એવું કહેવામાં આવે છે તથા સર્વદા ગતિ વિનાના હોવા છતાં 'પર્વત ઊભા છે' એવું કહેવામાં આવે છે. (૯૮)

❖

क्रमते न हि बुद्धस्य ज्ञानं धर्मेषु तायिनः ।
सर्वे धर्मास्तथा ज्ञानं नैतद्बुद्धेन भाषितम् ॥ ९९ ॥

અનુવાદ :- અખંડ પ્રજ્ઞાનવાન પરમાર્થદર્શીનું જ્ઞાન ધર્મો(વિષયો)માં સંક્રમિત થતું નથી અને ન (તેઓના મતે) સંપૂર્ણ ધર્મ (આત્મા) કહેવામાં આવે છે. પરંતુ એવું જ્ઞાન બુદ્ધદેવે કહ્યું નથી. (અર્થાત્ આ બૌદ્ધ સિદ્ધાંત નથી). (૯૯)

शाङ्करभाष्यम् :- यस्मात् न हि क्रमते बुद्धस्य परमार्थदर्शिनो ज्ञानं विषयान्तरेषु धर्मेषु धर्मसंस्थं सवितरीव प्रभा । तायिनः तायोऽस्यास्तीति तायी, संतानवतो निरन्तरस्य आकाशकल्पस्येत्यर्थः; पूजावतो वा प्रज्ञावतो वा सर्वे धर्मा आत्मानोऽपि तथा ज्ञानवदेव आकाशकल्पत्वान्न क्रमन्ते क्वचिदप्यर्थान्तर इत्यर्थः । ★ यदादावुपन्यस्तम् '**ज्ञानेनाकाशकल्पेन**' इत्यादि, तदिदमाकाशकल्पस्य तायिनो बुद्धस्य तदनन्यत्वादाकाशकल्पं ज्ञानं न क्रमते क्वचिदप्यर्थान्तरे । तथा धर्मा इति आकाशमिव अचलमविक्रियं निरवयवं नित्यमद्वितीयमसङ्गमदृश्यमग्राह्यमशनायाद्यतीतं ब्रह्मात्मतत्त्वम्, '**न हि द्रष्टुर्दृष्टेर्विपरिलोपो विद्यते**' (बृ.उप. ४-३-२३) इति श्रुतेः । ★ ज्ञानज्ञेयज्ञातृभेदरहितं परमार्थतत्त्वमद्वयमेतन्न बुद्धेन भाषितम् । यद्यपि बाह्यार्थनिराकरणं ज्ञानमात्रकल्पना च अद्वयवस्तुसामीप्यमुक्तम् । इदं तु परमार्थतत्त्वमद्वैतं वेदान्तेष्वैव विज्ञेयमित्यर्थः ॥ ९९ ॥

શાંકરભાષ્ય :- તાયી - જેનો તાય એટલે કે (વિસ્તાર) હોય તેને તાયી કહે છે. કારણ કે તાય સંતાનવાન - નિરંતર અર્થાત્ આકાશ સદૃશ પૂજાવાન અથવા પ્રજ્ઞાવાન બુદ્ધ - પરમાર્થદર્શીનું જ્ઞાન ધર્મોમાં - વિષયાન્તરોમાં સંક્રમિત થતું નથી, પરંતુ સૂર્યમાં પ્રકાશની જેમ આત્મનિષ્ઠ રહે છે, તેવી રીતે સંપૂર્ણ ધર્મ અર્થાત્ આત્મા પણ જ્ઞાન સમાન જ આકાશસદૃશ હોવાના કારણે કદી અર્થાન્તરમાં સંક્રમિત થતો નથી અર્થાત્ જતો નથી.

આ પ્રકરણના આરંભમાં જેનો 'ज्ञानेनाकाशकल्पेन' વગેરે શ્લોક દ્વારા ઉપન્યાસ કરવામાં આવ્યો છે, આકાશ સદૃશ નિરંતર બોધવાનનું - તેનાથી અભિન્ન હોવાને કારણે - તે જ આ આકાશસદૃશ્ય જ્ઞાન કદી અર્થાંતરમાં સંક્રમિત થતું નથી, અને એવી જ રીતે ધર્મ પણ છે અર્થાત્ તે પણ આકાશ સમાન અચલ, અવિક્રિય, નિરવયવ, નિત્ય, અદ્વિતીય, અસંગ, અદૃશ્ય, અગ્રાહ્ય અને ક્ષુધા-પિપાસાદિથી રહિત બ્રહ્માત્મતત્ત્વ જ છે, જેમ કે '**દૃષ્ટાની દૃષ્ટિનો લોપ થતો નથી.**' (બૃ. ઉપ. ૪-૩-૨૩) એવી શ્રુતિ છે.

જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતાના ભેદથી રહિત આ અદ્વય પરમાર્થતત્ત્વ બુદ્ધે કહ્યું નથી, જો કે બાહ્યવસ્તુનું નિરાકરણ અને કેવળ જ્ઞાનની જ કલ્પના - એ અદ્વય વસ્તુનો સમીપરવર્તી વિષય કહેવાય છે. તાત્પર્ય આ છે કે આ અદ્વૈત પરમાર્થતત્ત્વને તો વેદાન્તમાં જાણવું જોઈએ. (૯૯)

⁂

शास्त्रसमाप्तौ परमार्थतत्त्वस्तुत्यर्थं नमस्कार उच्यते –

હવે શાસ્ત્રની સમાપ્તિ થવાથી પરમાર્થતત્ત્વની સ્તુતિને માટે નમસ્કાર કહેવામાં આવે છે –

दुर्दर्शमतिगम्भीरमजं साम्यं विशारदम् ।
बुद्ध्वा पदमनानात्वं नमस्कुर्मो यथाबलम् ॥ १०० ॥

અનુવાદ :- દુર્દર્શ, અત્યંત ગંભીર, અજ, નિર્વિશેષ અને વિશુદ્ધ પદને નાનાત્વ (અનેકતા) વિનાનું દુઃખપૂર્વક જાણીને અમે (તેને) યથાશક્તિ નમસ્કાર કરીએ છીએ. (૧૦૦)

शाङ्करभाष्यम् :- दुर्दर्शं दुःखेन दर्शनमस्येति दुर्दर्शम् । अस्ति नास्तीति चतुष्कोटिवर्जितत्वाद्दुर्विज्ञेयमित्यर्थः । अत एव अतिगम्भीरं दुष्प्रवेशं महासमुद्रवदकृतप्रज्ञैः । अजं साम्यं विशारदम् । ईदृक् पदम् अनानात्वं नानात्ववर्जितं बुद्ध्वा अवगम्य तद्भूताः सन्तः नमस्कुर्मः तस्मै पदाय । अव्यवहार्यमपि व्यवहारगोचरतामापाद्य यथाबलं यथाशक्तीत्यर्थः ॥ १०० ॥

શાંકરભાષ્ય :- જેનું દુઃખપૂર્વક દર્શન થઈ શકે છે એવા દુર્દર્શ અર્થાત્ અસ્તિ નાસ્તિ વગેરે ચારેય કોટિઓથી રહિત હોવાને કરણે દુર્વિજ્ઞેય, એટલા માટે અતિ ગંભીર મંદબુદ્ધિવાળાઓને માટે મહાસમુદ્ર સમાન દુષ્પ્રવેશ્ય તથા અજન્મા, સામ્યસ્વરૂપ અને વિશુદ્ધ - એવા પદને ભેદરહિત જાણીને (સાધક) તદ્રૂપ તેના સ્વરૂપનો થાય છે અને તે અવ્યવહાર્યપદને પણ વ્યવહારનો વિષય બનાવીને અમે તેને યથાબલ - યથા શક્તિ નમસ્કાર કરીએ છીએ. (૧૦૦)

⁂

अजमपि जनियोगं प्रापदैश्वर्ययोगा-
दगति च गतिमत्तां प्रापदेकं ह्यनेकम् ।

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

विविधविषयधर्मग्राहि मुग्धेक्षणानां
प्रणतभयविहन्तृ ब्रह्म यत्तन्नतोऽस्मि ॥ १ ॥

અનુવાદ :- જેણે અજન્મા થઈને પણ પોતાની ઈશ્વરીય શક્તિના યોગથી જન્મ ગ્રહણ કર્યો, ગતિશૂન્ય હોવાથી પણ ગતિનો સ્વીકાર કરી તથા વિવિધ પ્રકારના વિષયરૂપ ધર્મોને ગ્રહણ કરનારા મૂઢદષ્ટિ લોકોના વિચારથી એક થઈને પણ અનેક થયું છે અને જે શરણાગતભયહારી છે તે બ્રહ્મને હું નમસ્કાર કરું છું. (૧)

⁂

प्रज्ञावैशाखवेधक्षुभितजलनिधेर्वेदनाम्नोऽन्तरस्थं
भूतान्यालोक्य मग्नान्यविरतजननग्राहघोरे समुद्रे ।
कारुण्यादुद्दधारामृतमिदममरैर्दुर्लभं भूतहेतो-
र्यस्तं पूज्याभिपूज्यं परमगुरुममुं पादपातैर्नतोऽस्मि ॥ २ ॥

અનુવાદ :- જે નિરંતર જન્મ-જન્માંતરરૂપ ગ્રહોના કારણે અત્યંત ભયાનક સંસાર સાગરમાં જીવોને ડૂબેલાં જોઈને જેણે કરુણાવશ પોતાના વિશુદ્ધ બુદ્ધિરૂપ મંથનદંડના પ્રહારથી ક્ષુભિત થયેલા વેદ નામના મહાસમુદ્રની અંદર રહેલા આ દેવદુર્લભ અમૃતને પ્રાણીઓના કલ્યાણને માટે બહાર કાઢ્યું છે, તે પૂજનીઓના પણ પૂજનીય પરમ ગુરુ(શ્રી ગૌડપાદાચાર્ય)ને હું તેમના ચરણોમાં પડીને પ્રણામ કરું છું. (૨)

⁂

यत्प्रज्ञालोकभासा प्रतिहतिमगमत्स्वान्तमोहान्धकारो
मज्जोन्मज्जच्च घोरे ह्यसकृदुपजनोदन्वति त्रासने मे ।
यत्पादावाश्रितानां श्रुतिशमविनयप्राप्तिरग्र्या ह्यमोघा
तत्पादौ पावनीयौ भवभयविनुदौ सर्वभावैर्नमस्ये ॥ ३ ॥

અનુવાદ :- જેના જ્ઞાનના પ્રકાશની પ્રભાથી મારા અંતઃકરણનો મોહરૂપ અંધકાર નાશ થયો છે તથા આ ભયંકર સંસારસાગરમાં વારંવાર ડૂબવું - ઉછળવું વગેરે રૂપી મારી વ્યથાઓ શાંત થઈ ગઈ છે, અને જેના ચરણોનો આશ્રય લેનારાઓને માટે શ્રુતિ જ્ઞાન, ઉપશમ અને વિનયની પ્રાપ્તિ અમોધ તેમજ સર્વ પ્રથમ થનારી છે તે (શ્રી ગુરુદેવના) ભવભયહારી પરમ પવિત્ર ચરણ યુગલોમાં હું બધા જ ભાવથી નમસ્કાર કરું છું. (૩)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ माण्डूक्योपनिषत्कारिकाभाष्यं संपूर्णम् ॥

⁂

भद्रं कर्णेभिः शृणुयाम देवाः । भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरङ्गैस्तुष्टुवाँसस्तनूभिः । व्यशेम देवहितं यदायुः ॥

⁂

स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः । स्वस्ति नः पूषा विश्ववेदाः ।
स्वस्ति नस्तार्क्ष्योऽरिष्टनेमिः । स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥

श्रीशाङ्करभाष्यसहिता

॥ श्वेताश्वतरोपनिषद् ॥

ॐ

શાંતિપાઠ

ॐ सह नाववतु । सह नौ भुनक्तु । सह वीर्यं करवावहै ।
तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

અન્વય અને શબ્દાર્થ : (હે પરમાત્મા !) नौ-અમારી બંને(ગુરુ અને શિષ્ય)ની सह-એક સાથે अवतु-રક્ષા કરો. नौ-અમારા બંને(ગુરુ અને શિષ્ય)નું सह-એક સાથે भुनक्तु-પાલન કરો. सह-એક સાથે (અમે બંને) वीर्यम्-પરાક્રમ करवावहै-કરીએ. नौ-અમારા બન્નેનું अधीतम्-અધ્યયન, ભણતર तेजस्वि-તજોમય, તેજસ્વી अस्तु-બનો. मा विद्विषावहै-અમે બંને એકબીજાનો દ્વેષ ન કરીએ.

અનુવાદ : (હે પરમાત્મા !) અમારી બંને (ગુરુ અને શિષ્ય)ની એક સાથે રક્ષા કરો. અમારા બંનેનું એક સાથે પાલન કરો. અમે બંને એક સાથે પરાક્રમ કરીએ, અમારા બંનેનું અધ્યયન તેજસ્વી બને, અમે બંને એકબીજાનો દ્વેષ ન કરીએ.

ॐ

(આધિભૌતિક) શાંતિ; (આધિદૈવિક) શાંતિ; (આધ્યાત્મિક) શાંતિ.

ॐ

॥ श्वेताश्वतरोपनिषद् ॥

॥ प्रथमोऽध्यायः ॥

शाङ्करभाष्यम् :- श्वेताश्वतरोपनिषद् इदं विवरणमल्पग्रन्थं ब्रह्मजिज्ञासूनां सुखावबोधायारभ्यते । चित्सदानन्दाद्वितीयब्रह्मस्वरूपोऽप्यात्मा स्वाश्रयया स्वविषययाविद्यया स्वानुभवगम्यया साभासया प्रतिबद्धस्वाभाविकाशेषपुरुषार्थः प्राप्ताशेषानर्थोऽविद्यापरिकल्पितैरेव साधनैरिष्टप्राप्तिं चापुरुषार्थं पुरुषार्थं मन्यमानो मोक्षार्थमलभमानो मकरादिभिरिव रागादिभिरितस्ततः समाकृष्यमाणः सुरनरतिर्यगादिप्रभेदभेदितनानायोनिषु संचरन्केनापि सुकृतकर्मणा ब्राह्मणाद्यधिकारिशरीरं प्राप्त ईश्वरार्थकर्मानुष्ठानेनापगतरागादिमलोऽनित्यत्वादिदर्शनेनोत्पन्नेहामुत्रार्थभोगविराग उपेत्याचार्यमाचार्यद्वारेण वेदान्तश्रवणादिनाहं ब्रह्मास्मीति ब्रह्मात्मतत्त्वमवगम्य निवृत्ताज्ञानतत्कार्यो वीतशोको भवति । अविद्यानिवृत्तिलक्षणस्य मोक्षस्य विद्याधीनत्वाद्युज्यते च तदर्थोपनिषदारम्भः ।

શાંકરભાષ્ય :- બ્રહ્મતત્ત્વના જિજ્ઞાસુઓને સરળતાથી જ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે આ શ્વેતાશ્વતરોપનિષદ્‌ની વ્યાખ્યા આ નાના સરખા ગ્રંથમાં આરંભવામાં આવે છે. જો કે આત્મા સચ્ચિદાનંદ અદ્વિતીય બ્રહ્મ સ્વરૂપ જ છે તો પોતાને જ આશ્રયે રહેનારી, પોતાને જ પોતાનો વિષય માનનારી અને (‘હું અજ્ઞાની છું’ એ પ્રકારે) પોતાના અનુભવથી જ જ્ઞાત થનારી ચિદાભાસયુક્ત અવિદ્યાથી તે(જીવાત્મા)ના સર્વ પ્રકારે સ્વાભાવિક પુરુષાર્થનો અવરોધ થઈ જવાથી તેને સંપૂર્ણ અનર્થની પ્રાપ્તિ થઈ છે અને તે અજ્ઞાનવશ કલ્પનાં કરતાં કરતાં જ સાધનોથી પોતાના ઈષ્ટ પ્રાપ્તિરૂપ અપુરુષાર્થને જ પુરુષાર્થ માનીને પરમ પુરુષાર્થરૂપ મોક્ષપદ પ્રાપ્ત ન કરી શકવાને કારણે મકરાદિ સમાન રાગાદિ દોષોથી આમતેમ ખેંચાવાથી દેવતા, મનુષ્ય તેમજ તિર્યક્ વગેરે વિભિન્ન ભેદોથી યુક્ત અનેક યોનિઓમાં (આત્મા) વિચરતો રહે છે. જ્યારે કોઈ પુણ્ય કર્મ દ્વારા બ્રહ્મવિદ્યાના અધિકારી એવા બ્રાહ્મણાદિ શરીર પ્રાપ્ત કરીને તે ઈશ્વરાર્થ કર્માનુષ્ઠાન કરીને રાગાદિ મળોથી મુક્ત અને વસ્તુઓને અનિત્યત્વાદી જાણીને, ઐહિક અને પારલૌકિક ભોગોથી વિરક્ત થઈ જાય છે ત્યારે આચાર્યની પાસે જઈને તેમના દ્વારા વેદાન્ત શ્રવણાદિ કરીને “હું બ્રહ્મ છું” આ પ્રકારે બ્રહ્માત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરીને તે અજ્ઞાન અને તેના કાર્યની નિવૃત્તિ થઈ જવાથી શોકરહિત થઈ જાય છે. કારણ કે અજ્ઞાનની નિવૃત્તિરૂપ મોક્ષ જ્ઞાનને આધીન છે. તેથી જ્ઞાન જ જેનું પ્રયોજન છે તે ઉપનિષદ્‌નો આરંભ કરવો યોગ્ય જ છે.

⁂

शाङ्करभाष्यम् :- तथा तद्विज्ञानादमृतत्वम् । **“तमेवं विद्वानमृत इह भवति ।”** (नृसिह पूर्व. १-६) **“नान्यः पन्था विद्यतेऽयनाय”** (श्वेता.उप. ६-१५) । **“न चेदिहावेदीन्महती विनष्टिः”** (के.उप. २-५) । **“य एतद्विदुरमृतास्ते भवन्ति”** (बृ.उप. ४-४-१४) । **“किमिच्छन्कस्य कामाय शरीरमनु संज्वरेत्”** (बृ.उप. ४-४-१२) । **“तं विदित्वा न लिप्यते कर्मणा पापकेन ।”** (बृ.उप. ४-४-२३) **“तरति शोकमात्मवित्”** (छा.उप. ७-१-३) । **“निचाय्य तन्मृत्युमुखात्प्रमुच्यते ।”** (क.उप. १-३-१५) **“एतद्यो वेद निहितं गुहायां सोऽविद्याग्रन्थिं विकिरतीह सोम्य”** (मु.उप. २-१-१०) ।

''भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे ॥'' (मु.उप. २-२-८)
''यथा नद्यः स्यन्दमानाः समुद्रेऽस्तं गच्छन्ति नामरूपे विहाय ।
तथा विद्वान्नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम् ॥'' (मु.उप. ३-२-८)

''स यो ह वै तत्परमं ब्रह्म वेद ब्रह्मैव भवति'' (मु.उप. ३-२-९) । ''स यो ह वै तदच्छायमशरीरमलोहितं शुभ्रमक्षरं वेदयते यस्तु सोम्य'' (प्र.उप. ४-१०) । ''स सर्वमवैति ।'' ''तं वेद्यं पुरुषं वेद यथा मा वो मृत्युः परिव्यथाः'' (प्र.उप. ६-६) । ''तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः'' (ईशा.उप. ७) । ''विद्ययामृतमश्नुते'' (ईशा.उप. ११) । ''भूतेषु भूतेषु विचित्य धीराः प्रेत्यास्माल्लोकादमृता भवन्ति ।'' (के.उप. २-५) ''अपहत्य पाप्मानमनन्ते स्वर्गे लोके ज्येये प्रतितिष्ठति'' (के.उप. ४-९) । ''तन्मया अमृता वै बभूवुः'' (श्वेता.उप. ५-६) । ''तद्वात्मतत्त्वं प्रसमीक्ष्य देही एकः कृतार्थो भवते वीतशोकः'' (श्वेता.उप. २-१४) । ''य एतद्विदुरमृतास्ते भवन्ति'' (बृ.उप. ४-४-१४) । ''ईशं तं ज्ञात्वामृता भवन्ति'' (श्वेता.उप. ३-७) । ''तदेवोपयन्ति'' । ''निचाय्येमां शान्तिमत्यन्तमेति'' (क.उप. १-१-१७) । ''तमेवं ज्ञात्वा मृत्युपाशांश्छिनत्ति'' (श्वेता.उप. ४-१५) । ''ये पूर्वं देवा ऋषयश्च तं विदुः'' (श्वेता.उप. ५-६) । ''तेषां शान्तिः शाश्वती नेतरेषाम्'' (क.उप. २-२-१३) ।

''बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।'' (गीता २-५०)
''कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः ।
जन्मबन्धविनिर्मुक्ताः पदं गच्छन्त्यनामयम् ॥'' (गीता २-५१)
''सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥'' (गीता ४-३६)
''ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ।'' (गीता ४-३७)
''एतद्बुद्ध्वा बुद्धिमान्स्यात्कृतकृत्यश्च भारत ।'' (गीता १५-२०)
''ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ।'' (गीता १८-५५)
''सर्वेषामपि चैतेषामात्मज्ञानं परं स्मृतम् ।
तद्ध्यग्र्यं सर्वविद्यानां प्राप्यते ह्यमृतं यतः ।
प्राप्यैतत्कृतकृत्यो हि द्विजो भवति नान्यथा ॥
एवं यः सर्वभूतेषु पश्यत्यात्मानमात्मना ।
स सर्वसमतामेत्य ब्रह्माभ्येति सनातनम् ॥
सम्यग्दर्शनसम्पन्नः कर्मभिर्न निबध्यते ।
दर्शनेन विहीनस्तु संसारं प्रतिपद्यते ॥''
''कर्मणा बध्यते जन्तुर्विद्यया च विमुच्यते ।
तस्मात्कर्म न कुर्वन्ति यतयः पारदर्शिनः ॥
ज्ञानं निःश्रेयसं प्राहुर्वृद्धा निश्चयदर्शिनः ।
तस्माज्ज्ञानेन शुद्धेन मुच्यते सर्वपातकैः ॥''
''एवं मृत्युं जायमानं विदित्वा ज्ञानेनविद्वांस्तेज अभ्येति नित्यम् ।
न विद्यते ह्यन्यथा तस्य पन्थास्तं मत्वा कविरास्ते प्रसन्नः ॥''
''क्षेत्रज्ञस्येश्वरज्ञानाद्विशुद्धिः परमा मता ।''
''अयं तु परमो धर्मो यद्योगेनात्मदर्शनम् ॥''
''आत्मज्ञः शोकसंतीर्णो न बिभेति कुतश्चन ।
मृत्योः सकाशान्मरणादथवान्यकृताद्भयात् ॥''

"न जायते न म्रियते न बध्यो न च घातकः ।
न बध्यो बन्धकारी वा न मुक्तो न च मोक्षदः ॥
"पुरुषः परमात्मा तु यदतोऽन्यदसच्च तत् ।"

एवं श्रुतिस्मृतीतिहासादिषु ज्ञानस्यैव मोक्षसाधनत्वावगमाद्युज्यत एवोपनिषदारम्भः ।

શાંકરભાષ્ય :- તેમજ તે(બ્રહ્માત્મતત્ત્વ)ના જ્ઞાનથી અમૃતત્વ (અમરતા અથવા મોક્ષ) પ્રાપ્ત થાય છે. "તેને જાણનાર આ લોકમાં અમૃત (મુક્ત) થઈ જાય છે." (નૃ.પૂ. ૧-૬) "મોક્ષ પ્રાપ્તિને માટે બીજો કોઈ માર્ગ છે જ નહીં." (શ્વે.ઉપ. ૬-૧૫) "જો અહીં તેને ન જાણો તો બહુ મોટું નુકસાન છે." (કે.ઉપ. ૨-૫) "જે તેને જાણે છે અમર થઈ જાય છે" (બૃ.ઉપ. ૪-૪-૧૪) "(જો પુરુષ 'તે પરમાત્મા હું જ છું' એમ જાણી લે તો તે) કઈ ઈચ્છા કરતાં, કયા કામને માટે શરીરની પાછળ સંતપ્ત થાય" (બૃ.ઉપ. ૪-૪-૧૨) "તેને જાણી લીધા પછી જીવ પાપ કર્મથી લિપ્ત થતો નથી." (બૃ.ઉપ. ૪-૪-૨૩) "આત્મજ્ઞાની શોકથી પાર થઈ જાય છે." (છા.ઉપ. ૭-૧-૩) "તેનો અનુભવ કરી લેવાથી મૃત્યુના મુખમાંથી છુટી જાય છે." (ક.ઉપ. ૧-૩-૧૫) "તેને જે બુદ્ધિરૂપી ગુફામાં સંતાયેલો માને છે હે સૌમ્ય ! તે અવિદ્યારૂપ ગ્રંથિને છિન્નભિન્ન કરી દે છે." (મુ.ઉપ. ૨-૧-૧૦) "તે પરાવર (બ્રહ્માદિ દેવતાઓથી પણ ઉત્તમ) પરમાત્માનો સાક્ષાત્કાર કરી લેવાથી તેના હૃદયની ગ્રંથિ તૂટી જાય છે. સઘળા સંશય કપાઈ જાય છે તથા સર્વ કર્મ ક્ષીણ થઈ જાય છે." (મુ.ઉપ. ૨-૨-૮) "જે રીતે નદીઓ વહેતી વહેતી પોતાના નામ અને રૂપને છોડીને સમુદ્રમાં લીન થઈ જાય છે તેવી રીતે વિદ્વાન નામ અને રૂપથી મુક્ત થઈને પરથી પણ પર દિવ્ય પુરુષને પ્રાપ્ત થાય છે." (મુ.ઉપ. ૩-૨-૮) "તે જો કે તે પરમાત્માને જાણે છે તે બ્રહ્મ જ થઈ જાય છે." (મુ.ઉપ. ૩-૨-૯) "તે સર્વ કાંઈ જાણે છે." "તે જાણવાલાયક પુરુષને જાણ, જેથી મૃત્યુ તને વ્યથિત ન કરે" (પ્ર.ઉપ. ૬-૬) "તે અવસ્થામાં એકત્વ જોનાર પુરુષને મોહ શું અને શોક શું થઈ શકે ?" (ઈ.ઉપ. ૭) "જ્ઞાનથી અમરત્વ પ્રાપ્ત થાય છે." (ઈ.ઉપ. ૧૧) "બુદ્ધિશાળી લોકો તેને સમસ્ત પ્રાણીઓમાં પ્રાપ્ત કરીને (મૃત્યુ પછી) આ લોકમાંથી જઈને અમર થઈ જાય છે. (તેને જાણનારો) પાપનો નાશ કરી વિનાશરહિત સુખમય સ્વયંપ્રકાશ એવા પરમ મહાન બ્રહ્મમાં પ્રતિષ્ઠિત થાય છે." (કે.ઉપ. ૪-૯) "તન્મય થઈ તે અમર થઈ ગયા." (શ્વે.ઉપ. ૫-૬) "તે આત્મતત્ત્વને જાણીને દેહી કૃતાર્થ અને શોકરહિત બને છે." (બૃ.ઉપ. ૪-૪-૧૪) "જે તેને જાણે છે તે અમર થઈ જાય છે." (બૃ.ઉપ. ૪-૪-૧૪) "તે ઈશ્વરને જાણીને અમર થઈ જાય છે." (શ્વે.ઉપ. ૩-૭) "તેને પ્રાપ્ત થાય છે." "તેનો અનુભવ કરીને જીવ પરમ શાંતિ પ્રાપ્ત કરે છે." (શ્વે.ઉપ. ૪-૧૭) "તેને તે પ્રકારે જાણીને આ મૃત્યુના બંધનોને કાપી નાંખે છે." (શ્વે.ઉપ. ૪-૧૫) "પૂર્વકાળમાં જે દેવતા અને ઋષિયોએ તેને જાણ્યો (તે અમર થઈ ગયા)" (શ્વે.ઉપ. ૫-૬) "(પોતાની બુદ્ધિમાં રહેલા તે પરમાત્માને જે જુએ છે) તેને જ નિત્ય શાંતિ પ્રાપ્ત થાય છે બીજાઓને નહીં." (ક.ઉપ. ૨-૨-૧૩)

"સમત્વ યોગવિષયક બુદ્ધિથી યુક્ત થયેલો પુરુષ (જ્ઞાન પ્રાપ્તિ દ્વારા) પુણ્ય અને પાપ બંનેનો આ લોકમાં ત્યાગ કરી દે છે." (ગીતા ૨-૫૦) "સમત્વબુદ્ધિથી યુક્ત પુરુષ કર્મજનિત ફળ(ઈષ્ટ-અનિષ્ટ દેહની પ્રાપ્તિ)ને ત્યાગીને જ્ઞાની થઈને જીવતાં જ જન્મ-બંધનથી મુક્ત થઈને સમસ્ત ઉપદ્રવોથી રહિત મોક્ષનામક પરમપદને પ્રાપ્ત કરે છે." (ગીતા ૨-૫૧) "તું જ્ઞાનરૂપ નૌકા દ્વારા જ સમગ્ર પાપોથી પાર થઈ જશે." (ગીતા ૪-૩૬) "એ જ પ્રકારે જ્ઞાનરૂપ અગ્નિ સંપૂર્ણ કર્મોને ભસ્મ કરી દે છે." (ગીતા ૪-૩૭) "હે ભારત ! આ ગુહ્યતમ શાસ્ત્રને જાણીને જ મનુષ્ય બુદ્ધિમાન અને કૃતકૃત્ય થાય છે." (ગીતા ૧૫-૨૦) "પછી મને તત્ત્વતઃ જાણીને તરત મારામાં જ પ્રવેશ કરી જાય છે." (ગીતા ૧૮-૫૫) "આ સર્વ સાધનોમાં આત્મજ્ઞાન જ ઉત્કૃષ્ટ માનવામાં આવે છે તથા સંપૂર્ણ વિદ્યાઓમાં પણ તે જ સહુથી આગળ છે, કારણ કે તેનાથી અમૃતત્વની પ્રાપ્તિ થાય છે. તેને પ્રાપ્ત કરી લેવાથી જ દ્વિજ કૃતકૃત્ય થાય છે, અન્ય કોઈ પ્રકારે નહીં. આ પ્રકારે જે મનમાં જ સંપૂર્ણ પ્રાણીઓમાં આત્માને જ જુએ છે તે સર્વમાં સામ્યબુદ્ધિને પ્રાપ્ત કરીને સનાતન બ્રહ્મને જ પ્રાપ્ત થઈ જાય છે. તથા સમ્યગ્ દષ્ટિથી સંપન્ન હોવાને કારણે તે કર્મોથી બંધનને પ્રાપ્ત થતાં નથી. જે પુરુષ આ દષ્ટિથી રહિત છે તે સંસારને પ્રાપ્ત થાય છે," "જીવ કર્મથી બંધાય છે અને જ્ઞાનથી મુક્ત થઈ જાય છે, એટલા માટે પારદર્શી મુનિજન કર્મ કરતાં નથી. સ્થિરબુદ્ધિ પ્રાચીન આચાર્યોએ જ્ઞાનને જ મોક્ષનું સાધન ગણાવ્યું છે. આમ, શુદ્ધ જ્ઞાનથી જીવ સંપૂર્ણ પાપોથી મુક્ત થઈ જાય છે." "આ પ્રકારે મૃત્યુને અનિવાર્ય આવનાર માનીને વિદ્વાન જ્ઞાન દ્વારા નિત્ય તેજ સ્વરૂપ બ્રહ્મને પ્રાપ્ત થાય છે, આના સિવાય તેના માટે કોઈ બીજો માર્ગ નથી, તેને જાણી લેવાથી વિદ્વાન પ્રસન્નચિત્ત થઈ જાય છે." "પરમાત્માના જ્ઞાનથી જીવની ઉત્તમ શુદ્ધિ માનવામાં આવી છે." "યોગ દ્વારા આત્માનો સાક્ષાત્કાર કરવો એ જ પરમધર્મ છે." "આત્મજ્ઞાની શોકથી પાર થઈને

યમરાજ, મરણ અથવા કોઈ બીજા કારણથી થનાર ભય, આમાંથી કોઈથી પણ ડરતો નથી.'' ''પરમાત્મા ઉત્પન્ન થતાં નથી, મરતાં નથી, મારી શકાતાં નથી અને મારતાં પણ નથી, તે ન તો બાંધી શકાય છે તથા ન બાંધનાર છે. તથા ન મુક્ત છે અને ન મોક્ષ આપનાર પણ છે, તેનાથી જે કાંઈ ભિન્ન છે તે અસત્ જ છે.''

આ પ્રકારે શ્રુતિ, સ્મૃતિ અને ઈતિહાસાદિમાં જ્ઞાનને જ મોક્ષનું સાધન જાણવામાં આવે છે. આમ આ (જ્ઞાન સાધક) ઉપનિષદ્‌નો આરંભ કરવો યોગ્ય જ છે.

❖

शाङ्करभाष्यम् :- किंचोपनिषत्समाख्ययैव ज्ञानस्यैव परमपुरुषार्थसाधनत्वमवगम्यते । तथाहि-उपनिषदित्युपनिपूर्वस्य सदेर्विशरणगत्यवसादनार्थस्य रूपमाचक्षते । उपनिषच्छब्देन व्याचिख्यासितग्रन्थप्रतिपाद्यवस्तुविषया विद्योच्यते । तादर्थ्याद्ग्रन्थोऽप्युपनिषत् । ये मुमुक्षवो दृष्टानुश्रविकविषयवितृष्णाः सन्त उपनिषच्छब्दितविद्यां तन्निष्ठतया निश्चयेन शीलयन्ति तेषामविद्यादेः संसारबीजस्य विशरणाद्विनाशात्परब्रह्मगमयितृत्वाद्गर्भजन्मजरामरणाद्युपद्रवावसादयितृत्वादुपनिषत्समाख्ययाप्यन्यकृतात्परं श्रेय इति ब्रह्मविद्योपनिषदुच्यते ।

ननु भवेदेवमुपनिषदारम्भो यदि विज्ञानस्यैव मोक्षसाधनत्वं भवेत् । न चैतदस्ति । कर्मणामपि मोक्षसाधनत्वावगमात्- **''अपाम सोमममृता अभूम ।''** (ऋ.वे. ८-४८-३) **''अक्षय्यं ह वै चातुर्मास्ययाजिनः सुकृतं भवति''** इत्यादिना ।

न त्वेतदस्ति, श्रुतिस्मृतिविरोधान्न्यायविरोधाच्च । श्रुतिविरोधस्तावत्-**''तद्यथेह कर्मजितो लोकः क्षीयत एवमेवामुत्र पुण्यजितो लोकः क्षीयते''** (छा.उप. ८-१-६) । **''तमेवं विद्वानमृत इह भवति''** (नृसिंह पूर्व. १-१६) **''नान्यः पन्था विद्यतेऽयनाय''** (श्वेता.उप. ६-१५) । **''न कर्मणा न प्रजया धनेन त्यागेनैके अमृतत्वमानशुः''** (कैव. ३) । **''प्लवा ह्येते अदृढा यज्ञरूपा अष्टादशोक्तमवरं येषु कर्म । एतच्छ्रेयो येऽभिनन्दन्ति मूढा जरामृत्युं ते पुनरेवापियन्ति''** (मु.उप. १-२-७) । **''नास्त्यकृतः कृतेन''** (मु.उप. १-२-१२) ।

''कर्मणा बध्यते जन्तुर्विद्यया च विमुच्यते ।
तस्मात्कर्म न कुर्वन्ति यतयः पारदर्शिनः ॥''
''अज्ञानमलपूर्णत्वात् पुराणो मलिनः स्मृतः ।
तत्क्षयाद्वै भवेन्मुक्तिर्नान्यथा कर्मकोटिभिः ॥''
''प्रजया कर्मणा मुक्तिर्धनेन च सतां न हि ।
त्यागेनैके मुक्तिः स्यात्तदभावे भ्रमन्त्यहो ॥''
''कर्मोदये कर्मफलानुरागास्तथानुयन्ति न तरन्ति मृत्युम् ।''
''ज्ञानेन विद्वांस्तेज अभ्येति नित्यं न विद्यत ह्यन्यथा तस्य पन्थाः ॥''
''एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभन्ते ।'' (गीता ९-२१)
''श्रमार्थमाश्रमाश्चापि वर्णानां परमार्थतः ॥''
''आश्रमैर्न च वेदैश्च यज्ञैः सांख्यैर्व्रतैस्तथा ।
उग्रैस्तपोभिर्विविधैर्दानैर्नानाविधैरपि ।
न लभन्ते तमात्मानं लभन्ते ज्ञानिनः स्वयम् ॥''
''त्रयीधर्ममधर्मार्थं किंपाकफलसंनिभम् ।
नास्ति तात सुखं किञ्चिदत्र दुःखशताकुले ॥
तस्मान्मोक्षाय यतता कथं सेव्या मया त्रयी ।''
''अज्ञानपाशबद्धत्वादमुक्तः पुरुषः स्मृतः ॥
ज्ञानात्तस्य निवृत्तिः स्यात्प्रकाशात्तमसो यथा ।
तस्माज्ज्ञानेन मुक्तिः स्यादज्ञानस्य परिक्षयात् ॥''



''व्रतानि दानानि तपांसि यज्ञाः सत्यं च तीर्थाश्रमकर्मयोगाः ।
स्वर्गार्थमेवाशुभमध्रुवं च ज्ञानं ध्रुवं शान्तिकरं महार्थम् ॥''
''यज्ञैर्देवत्वमाप्नोति तपोभिर्ब्रह्मणः पदम् ।
दानेन विविधान्भोगाञ्ज्ञानान्मोक्षमवाप्नुयात् ॥''
''धर्मरज्ज्वा व्रजेदूर्ध्वं पापरज्ज्वा व्रजेदधः ।
द्वयं ज्ञानासिना छित्त्वा विदेहः शान्तिमृच्छति ॥''
''त्यज धर्ममधर्मं च उभे सत्यानृते त्यज ।
उभे सत्यानृते त्यक्त्वा येन त्यजसि तत्त्यज ॥''

एवं श्रुतिस्मृतिविरोधान्न कर्मसाधनममृतत्वं न्यायविरोधाच्च । कर्मसाधनत्वे मोक्षस्य चतुर्विधक्रियान्तर्भावादनित्यत्वं स्यात् । यत्कृतकं तदनित्यमिति कर्मसाध्यस्य नित्यत्वादर्शनात् । नित्यश्च मोक्षः सर्ववादिभिरभ्युपगम्यते । तथा च श्रुतिश्चातुर्मास्यप्रकरणे-प्रजामनु प्रजायसे तदु ते मर्त्यामृतमिति । किंच, सुकृतमिति सुकृतस्याक्षयत्वमुच्यत । सुकृतशब्दश्च कर्मणि ।

શાંકરભાષ્ય :- આના સિવાય ઉપનિષદ નામથી પણ જ્ઞાનને જ પરમપુરુષાર્થમાં સાધન હોવાનું જાણવામાં આવે છે. જાણવાનો પ્રકાર આ છે. ''उपनिषद्'' આ उप અને नि ઉપસર્ગપૂર્વક વિશરણ એટલે ગતિ અને અવસાદન (એટલે અન્ત) અર્થવાળા સદ્ ધાતુનું રૂપ બતાવવામાં આવ્યું છે. उपनिषद् શબ્દથી આપણે જે ગ્રંથની વ્યાખ્યા કરવા ઈચ્છીએ છીએ તેના દ્વારા પ્રતિપાદ્ય વસ્તુને વિષય કરનાર જ્ઞાનનું કથન થાય છે. તે જ્ઞાનની પ્રાપ્તિ જ આનું પ્રયોજન છે. માટે આ ગ્રંથને પણ ઉપનિષદ કહેવામાં આવે છે. જે મોક્ષની કામના કરનાર પુરુષ દૃષ્ટ અને શ્રુત વિષયથી વિરક્ત થઈ ઉપનિષદ્ શબ્દથી કહેવામાં આવનારી વિદ્યાનું નિશ્ચયપૂર્વક તત્પરતાથી અનુશીલન કરે છે તેની સંસારની બીજભૂતા અવિદ્યાદિનો વિશરણ - વિનાશ થઈ જવાના કારણે, તેને પરબ્રહ્મની પાસે લઈ જવાને કારણે અને તેના જન્મ મરણાદિ ઉપદ્રવોના અવસાદન (અંત) કરનાર હોવાથી આ ઉપનિષદ્ છે. આમ નામથી પણ અન્ય સર્વ સાધનોની અપેક્ષાએ પરમ શ્રેયસ્કર હોવાને કારણે બ્રહ્મવિદ્યાને ''उपनिषद्'' કહેવામાં આવે છે.

પૂર્વપક્ષી - જો વિજ્ઞાન જ મોક્ષનું સાધન હોત તો આ પ્રકારે (આ ઉદ્દેશ્યથી) ઉપનિષદ્નો આરંભ કરી શકાત, પરંતુ એવી વાત નથી, કારણ **"અમે સોમપાન કર્યું છે. માટે અમે અમર થઈ ગયા છીએ," "ચાતુર્માસ્યયાગ કરનારનું પુણ્ય અક્ષય હોય છે."** વગેરે વાક્યોથી પણ કર્મનું મોક્ષસાધનપણું સ્વીકારવામાં આવ્યું છે.

સિદ્ધાન્તી - એવી વાત નથી, કારણ કે આનાથી સ્મૃતિ, શ્રુતિ, સ્મૃતિઓનો વિરોધ છે અને આ યુક્તિથી પણ વિરુદ્ધ છે. શ્રુતિનો વિરોધ તો આ પ્રકારે છે, **"જેવી રીતે આ કર્મ દ્વારા ઉપાર્જિત લોક ક્ષીણ થઈ જાય છે તે પ્રકારે આ પુણ્ય દ્વારા પ્રાપ્ત લોક પણ ક્ષીણ થઈ જાય છે."** (છા.ઉપ. ૧-૮-૬) **"તેને જાણનાર પુરુષ આ લોકમાં અમર થઈ જાય છે."** (નૃ.પૂ. ૧-૧૬) **"મોક્ષપ્રાપ્તિ માટે બીજો કોઈ માર્ગ નથી."** (શ્વે.ઉપ. ૬-૧૫) **"કર્મ, પ્રજા અથવા ધનથી નહીં કોઈએ ત્યાગથી જ અમરત્વ પ્રાપ્ત કર્યું છે."** (કૈ.ઉપ. ૩) **"જેના ઉપર જ્ઞાનની અપેક્ષાએ નિકૃષ્ટ શ્રેણીનું કર્મ અવલંબિત કહેલું છે તે સોળ (૪ X ૪ = ઋત્વિક્, યજમાન અને યજમાનપત્ની) આ યજ્ઞના અઢાર કર્મરૂપ નાવ અદૃઢ એટલે નાશવાન છે. જે મૂઢ "આ શ્રેય છે" એમ માનીને પ્રસન્ન થાય છે તે ફરીથી વૃદ્ધત્વ અને મરણને પ્રાપ્ત કરે છે."** (મુ.ઉપ. ૧-૨-૭) **"કર્મથી નહીં સર્જાયેલ (બ્રહ્મ) કર્મથી પ્રાપ્ત થતું નથી."** (મુ.ઉપ. ૧-૨-૧૨)

(હવે સ્મૃતિનો વિરોધ બતાવે છે -) **"જીવ કર્મથી બંધાય છે અને જ્ઞાનથી મુક્ત થાય છે. એટલા માટે પારદર્શી મુનિજન કર્મ કરતાં નથી." "અજ્ઞાનરૂપી મળથી પૂર્ણ હોવાને કારણે આ પુરાતન જીવને મલિન માનવામાં આવે છે, તે મળના ક્ષયથી જ આની મુક્તિ થાય છે. અન્યથા કરોડો કર્મોથી પણ આનો છુટકારો થઈ શકતો નથી." "સત્પુરુષોની મુક્તિ પ્રજા, કર્મ અથવા ધનથી થતી નથી, એકમાત્ર ત્યાગથી જ થતી હોય છે, ત્યાગ ન કરવાથી તો તે ભટકતા જ રહે છે," "કર્મનો ઉદય થવાથી તેના ફળમાં અનુરાગ થાય છે, માટે તેનું અનુગમન કરે છે તેઓ મૃત્યુને પાર કરી શકતા નથી," "જ્ઞાન દ્વારા વિદ્વાન નિત્ય પ્રકાશને પ્રાપ્ત થાય છે તેના સિવાય તેનો બીજો કોઈ માર્ગ નથી." "આ પ્રકારે કેવળ ત્રયીધર્મ (વૈદિક કર્મ)માં પરોવાયેલા સકામ પુરુષ આવાગમનને પ્રાપ્ત થાય છે."** (ગીતા ૯-૨૧) **"વસ્તુતઃ તો બ્રાહ્મણાદિ વર્ણોના**

બ્રહ્મચર્યાદિ આશ્રમ પણ કેવળ પરિશ્રમ માટે જ છે.” “આશ્રમોથી, વેદોથી, યજ્ઞોથી, સાંખ્યથી, વ્રતોથી, વિવિધ પ્રકારની (ભીષણ) આકરી તપસ્યાઓથી અને અનેક પ્રકારના દાનથી લોકો તે આત્માને પ્રાપ્ત કરી શકતાં નથી. પરંતુ જ્ઞાની તેને સ્વાભાવિક પ્રાપ્ત કરી લે છે,” “ત્રયીધર્મ અધર્મનો જ હેતુ હોય છે. આ કિંપાક (જે દેખાવમાં સુંદર હોય પણ એમાં કોઈ સાર ન હોય તેવા) ફળના સમાન છે. હે તાત ! સેંકડો દુઃખોથી ભરપૂર આ કર્મકાંડમાં કાંઈપણ સુખ નથી. માટે મોક્ષને માટે પ્રયત્ન કરનાર હું ત્રયીધર્મનું કેવી રીતે પાલન કરી શકું.” “અજ્ઞાનરૂપી બંધનથી બંધાયેલો હોવાને કારણે જીવ અમુક્ત (બંધાયેલો) માનવામાં આવે છે તે બંધનની નિવૃત્તિ જ્ઞાનથી થઈ શકે છે, જે પ્રકારે પ્રકાશથી અંધકારની એટલે અજ્ઞાનનો સંપૂર્ણપણે ક્ષય થવાથી જ્ઞાનથી જ મુક્તિ થાય છે.” “વ્રત, દાન, તપ, યજ્ઞ, સત્ય, તીર્થ, આશ્રમ અને કર્મયોગ - આ બધા સ્વર્ગના જ હેતુ છે. એટલે અશુભ (અકલ્યાણકર) અને અનિત્ય છે. પરંતુ જ્ઞાન નિત્ય, શાંતિકારક અને પરમાર્થસ્વરૂપ છે.” “મનુષ્ય યજ્ઞો દ્વારા દેવત્વ પ્રાપ્ત કરે છે, તપથી બ્રહ્મલોક પ્રાપ્ત કરે છે. દાનથી વિવિધ પ્રકારના ભોગ પ્રાપ્ત કરે છે. અને જ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત કરે છે,” “ધર્મની દોરીથી પુરુષ ઉપરની તરફ જાય છે અને પાપની દોરીથી અધોગતિને પ્રાપ્ત થાય છે. પરંતુ જે આ બંનેને જ્ઞાનરૂપી ખડગથી કાપી નાંખે છે તે દેહાભિમાનથી રહિત થઈને શાંતિ પ્રાપ્ત કરે છે.” “ધર્મ-અધર્મ બંનેનો ત્યાગ કરો તથા સત્ અસત્ બંને ત્યજી દો, આમ સત્ અસત્ બંને છોડીને જેના દ્વારા તેનો ત્યાગ કરો છો, તે(અહંભાવ)ને પણ છોડી દો.”

આ પ્રકારે શ્રુતિ અને સ્મૃતિઓથી વિરોધ હોવાને કારણે તથા યુક્તિથી પણ વિરુદ્ધ હોવાથી અમૃતત્વ કર્મસાધ્ય નથી. જો તેને કર્મસાધ્ય માનવામાં આવશે તો મોક્ષ પણ ચાર પ્રકારની (ઉત્પાદ્ય, વિકાર્ય, સંસ્કાર્ય અને પ્રાપ્ય) ક્રિયાઓના અંતર્ગત હોવાથી અનિત્ય થઈ જશે, કારણ કે, “**જે ક્રિયા સાધ્ય હોય છે તે અનિત્ય હોય છે.**” આ નિયમાનુસાર ક્રિયાસાધ્ય વસ્તુની નિત્યતા દેખાતી નથી. પરંતુ મોક્ષને તો બધા સિદ્ધાંતવાળાઓએ નિત્ય માન્યો છે. ચતુર્માસ યાગના પ્રકરણમાં એવી શ્રુતિ પણ છે કે “**હે મર્ત્ય ! તું ફરીથી પુત્રરૂપથી ઉત્પન્ન થાય છે. આ તારું અમરત્વ છે.**” તથા “सुकृतम्” (अक्षप्यं ह वै चातुर्मास्ययाजिनः सुकृतं भवति) આ શ્રુતિમાં સુકૃતનું અક્ષયત્વ બતાવવામાં આવ્યું છે. અને અહીં ‘सुकृत’ શબ્દ કર્મના અર્થમાં પ્રયુક્ત થાય છે.

❖

शाङ्करभाष्यम् :- नन्वेवं तर्हि कर्मणां देवादिप्राप्तिहेतुत्वेन बन्धहेतुत्वमेव ।

सत्यम्, स्वतो बन्धहेतुत्वमेव । तथा च श्रुतिः-“**कर्मणा पितृलोकः**” (बृ.उप. १-५-१६) । “**सर्व एते पुण्यलोका भवन्ति**” (छा.उप. २-२३-१) । “**इष्टापूर्तं मन्यमाना वरिष्ठं नान्यच्छ्रेयो वेदयन्ते प्रमूढाः । नाकस्य पृष्ठे ते सुकृतेऽनुभूत्वेमं लोकं हीनतरं वा विशन्ति**” (मु.उप. १-२-१०) ।

“**एवं कर्मसु निःस्नेहा ये केचित्पारदर्शिनः ।**”
“**विद्यामयोऽयं पुरुषो न तु कर्ममयः स्मृतः ॥**”
“**एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभन्ते**” (गीता ९-२१) इति ।

यदा पुनः फलनिरपेक्षमीश्वरार्थं कर्मानुतिष्ठन्ति तदा मोक्षसाधनज्ञानसाधनान्तःकरणशुद्धिसाधनपारम्पर्येण मोक्षसाधनं भवति । तथाह भगवान्-

“**ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोति यः ।**
लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ॥ (गीता ५-१०)
कायेन मनसा बुद्ध्या केवलैरिन्द्रियैरपि ।
योगिनः कर्म कुर्वन्ति सङ्गं त्यक्त्वात्मशुद्धये ॥” (गीता ५-११)
“**यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।**
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥ (गीता ९-२७)
शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ।
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ।” (गीता ९-२८) इति ।



શાંકરભાષ્ય :- પૂર્વપક્ષી - ત્યારે આ પ્રકારે તો દેવત્વાદિની પ્રાપ્તિનો હેતુ હોવાથી કર્મબંધનના જ કારણે સિદ્ધ થાય છે ?

સિદ્ધાન્તી - સાચે જ. સ્વયં તો તે બંધનનું જ કારણ છે. એવું જ શ્રુતિ પણ કહે છે. "કર્મથી પિતૃલોક પ્રાપ્ત થાય છે." (બૃ.ઉપ. ૧-૫-૧૬) "તે સર્વ પુણ્યલોકોના જ ભાગીદાર હોય છે." (છા.ઉપ. ૨-૨૩-૧) "ઈષ્ટ અને પૂર્ત્ત કર્મોને જ સર્વશ્રેષ્ઠ સમજનાર મૂઢ પુરુષ કોઈ અન્ય શ્રેયઃ સાધનને જાણતા નથી, તે લોકો સ્વર્ગલોકના ઉચ્ચ સ્થાનમાં પોતાના પુણ્ય કર્મના ઉપભોગને માટે પ્રાપ્ત થયેલા દિવ્ય દેહમાં પુણ્યફળ ભોગવીને આ મનુષ્ય લોકમાં અથવા તેથી પણ નીચા લોક (પશુ-પક્ષી વગેરે યોનિ અથવા નરક)માં પ્રવેશ કરે છે." (મુ.ઉપ. ૧-૨-૧૦) "આ પ્રકારે જે કોઈ કર્મોમાં અનાસક્ત થાય છે તે જ પારદર્શી થાય છે," "આ પુરુષ જ્ઞાનસ્વરૂપ છે. આને કર્મપ્રધાન માનવામાં આવતો નથી," "આ પ્રકારે ત્રયીધર્મ (કેવળ વૈદિક કર્મ)માં તત્પર રહેનાર સકામ પુરુષ આવાગમનને પ્રાપ્ત થાય છે," (ગીતા ૯-૨૧) વગેરે.

પરંતુ જ્યારે કોઈ પુરુષ ફળની ઈચ્છા ન રાખીને કેવળ ભગવાનને માટે જ કર્મોનું અનુષ્ઠાન કરે છે, તો તે મોક્ષના સાધન જ્ઞાનની સાધનભૂતા અન્તઃકરણ શુદ્ધિનું સાધન બનીને પરંપરાથી મોક્ષનું સાધન બને છે. એવું જ ભગવાને કહ્યું છે, "જે પુરુષ (કર્મફળની) આસક્તિ છોડી ભગવાનને સમર્પણપૂર્વક કર્મ કરે છે તે જળમાં કમળના પાનની જેમ (તે કર્મના શુભાશુભ ફળરૂપ) પાપથી લેપાતા નથી," "યોગી લોકો ફળ વિષયક આસક્તિ છોડીને કેવળ શરીર, મન, બુદ્ધિ અને ઈન્દ્રિયોથી અંતઃકરણની શુદ્ધિને માટે કર્મ કરે છે." (ગીતા ૫-૧૦, ૧૧) "હે કુન્તીનંદન ! તમે જે કાંઈ કર્મ કરો છો, જે કાંઈ ખાવ છો, જે કાંઈ (શ્રૌત અથવા સ્માર્તયજ્ઞરૂપ) હવન કરો છો, જે કાંઈ તપ કરો છો અને જે કાંઈ દાન કરો છો તે સર્વ મને અર્પણ કરી દો. એમ કરવાથી તમે શુભાશુભ ફળરૂપ કર્મના બંધનમાંથી છૂટી જશો અને સંન્યાસયોગથી યુક્ત થઈને જીવતાં જ કર્મબંધનથી મુક્ત થઈને દેહાંત પછી મને જ પ્રાપ્ત કરશો." (ગીતા ૯-૨૭, ૨૮) વગેરે.

* * *

शाङ्करभाष्यम् :- तथा च मोक्षे क्रमं शुद्ध्यभावे मोक्षाभावं कर्मभिश्च तच्छुद्धिं दर्शयति श्रीविष्णुधर्मे-

"अनूचानस्ततो यज्वा कर्मन्यासी ततः परम् ।
ततो ज्ञानित्वमभ्येति योगी मुक्तिं क्रमाल्लभेत् ॥"
"अनेकजन्मसंसारचिते पापसमुच्चये ।
नाक्षीणे जायते पुंसां गोवन्दाभिमुखी मतिः ॥"
"जन्मान्तरसहस्रेषु तपोज्ञानसमाधिभिः ।
नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायते ॥"
"पापकर्माशयो ह्यत्र महामुक्तिविरोधकृत् ।
तस्यैव शमने यत्नः कार्यः संसारभीरुणा ॥"
"सुवर्णादिमहादानपुण्यतीर्थावगाहनैः ।
शारीरैश्च महाक्लेशैः शास्त्रोक्तैस्तच्छमो भवेत् ॥"
"देवताश्रुतिसच्छास्त्रश्रवणैः पुण्यदर्शनैः ।
गुरुशुश्रूषणैश्चैव पापबन्धः प्रशाम्यति ॥"

શાંકરભાષ્ય :- આવી રીતે વિષ્ણુધર્મોત્તર પુરાણમાં પણ મોક્ષમાં ક્રમ, ચિત્તશુદ્ધિના અભાવે મોક્ષ ન થવો અને કર્મો દ્વારા ચિત્તની શુદ્ધિ થવી આ બધું બતાવવામાં આવ્યું છે. "યોગી પહેલાં વેદાધ્યાયી પછી યજ્ઞ કર્તા, તે પછી કર્મ સંન્યાસી અને પછી જ્ઞાનીત્વ પ્રાપ્ત કરે છે. આ પ્રકારે તે ક્રમશઃ મુક્તિ મેળવે છે." "જ્યાં સુધી અનેકો જન્મના સાંસારિક સંસર્ગથી સંચિત થયેલો પાપપુંજ ક્ષીણ થતો નથી ત્યાં સુધી લોકોની બુદ્ધિ ભગવાનની તરફ પ્રવૃત્ત થતી નથી." "હજારો જન્મોની પછી તપસ્યા, જ્ઞાન અને સમાધિ દ્વારા જેના પાપ ક્ષીણ થઈ ગયા છે તે લોકોની ભગવાન કૃષ્ણમાં ભક્તિ થાય છે." "આ લોકમાં પાપકર્મોના સંસ્કાર જ મહાન એવી મુક્તિના વિરોધી છે. આમ સંસારથી ડરનાર પુરુષે તેના નાશનો પ્રયત્ન કરવો જોઈએ." "સુવર્ણદાન વગેરે મોટા મોટા દાનોથી, પવિત્ર તીર્થોમાં સ્નાન કરવાથી અને શાસ્ત્રાનુકૂળ શારીરિક મહાન કષ્ટોને સહન કરવાથી તે(પાપકર્મો)નો નાશ થઈ શકે છે." "દેવનું આરાધન, શ્રુતિ અને સત્ શાસ્ત્રોના શ્રવણ, પવિત્ર તીર્થસ્થાનોનું દર્શન અને ગુરુની સેવા કરવાથી પણ પાપનું બંધન નાશ પામે છે."

शाङ्करभाष्यम् :- याज्ञवल्क्योऽपि शुद्ध्यपेक्षां तत्साधनं च दर्शयति -

''कर्तव्याशयशुद्धिस्तु भिक्षुकेण विशेषतः ।
ज्ञानोत्पत्तिनिमित्तत्वात्स्वतन्त्रीकरणाय च ॥ (याज्ञ. यतिधर्म. ६२)
मलिनो हि यथादर्शो रूपालोकस्य न क्षमः ।
तथाविपक्ककरण आत्मज्ञानस्य न क्षमः ॥'' (याज्ञ. यतिधर्म. १४१)
''आचार्योपासनं वेदशास्त्रार्थस्य विवेकिता ।
सत्कर्मणामनुष्ठानं सङ्गः सद्भिर्गिरः शुभाः ॥
स्त्र्यालोकालम्भविगमः सर्वभूतात्मदर्शनम् ।
त्यागः परिग्रहाणां च जीर्णकाषायधारणम् ॥
विषयेन्द्रियसंरोधस्तन्द्रालस्यविवर्जनम् ।
शरीरपरिसंख्यानं प्रवृत्तिष्वघदर्शनम् ॥
नीरजस्तमसा सत्त्वशुद्धिर्निःस्पृहता शमः ।
एतैरुपायैः संशुद्धसत्त्वयोग्यमृती भवेत् ॥'' (याज्ञ.यतिधर्म. १५६-१५९)
''यतो वेदाः पुराणानि विद्योपनिषदस्तथा ।
श्लोकाः सूत्राणि भाष्याणि यच्चान्यद्वाङ्मयं क्वचित् ॥
वेदानुवचनं यज्ञो ब्रह्मचर्यं तपो दमः ।
श्रद्धोपवासः स्वातन्त्र्यमात्मनो ज्ञानहेतवः ॥'' (याज्ञ.यतिधर्म. १८९-१९०)

શાંકરભાષ્ય :- યાજ્ઞવલ્ક્યજી પણ જ્ઞાનમાં ચિત્તશુદ્ધિની અપેક્ષા અને તેના સાધન બતાવે છે. "જ્ઞાનોત્પત્તિનું કારણ હોવાથી ભિક્ષુકે સ્વતંત્રતા (મુક્તિ) પ્રાપ્ત કરવા માટે ચિત્તની શુદ્ધિ કરવી જોઈએ." (યાજ્ઞ. યતિધર્મ ૬૨) "જેમ કે મલિન દર્પણમાં પોતાનું મુખ જોઈ શકાતું નથી તેવી રીતે જેનું અંતઃકરણ પરિપક્વ (વાસનારહિત) નથી તે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ક્ષમતા રાખતા નથી." (યાજ્ઞ. યતિધર્મ ૧૪૧) (હવે ચિત્તશુદ્ધિના સાધન બતાવે છે) "ગુરુસેવા, વેદ અને શાસ્ત્રના તાત્પર્યનું વિવેચન, શુભકર્મોનું આચરણ, સત્પુરુષોનો સંગ, સુમધુર વાણી બોલવી, સ્ત્રીમાત્રના દર્શન અને સ્પર્શનો ત્યાગ, સમગ્ર પ્રાણીઓમાં આત્મદૃષ્ટિ રાખવી, પરિગ્રહનો ત્યાગ, જુના કાષાય વસ્ત્ર ધારણ કરવા, વિષયો તરફથી ઈન્દ્રિયોને રોકવી, તંદ્રા અને આળસનો ત્યાગ કરવો, દેહતત્ત્વનો વિચાર, પ્રવૃત્તિમાં દોષ-દર્શન, રજોગુણ અને તમોગુણનો ત્યાગ કરીને સત્ત્વગુણને વધારવો, કોઈપણ પ્રકારની ઈચ્છા ન કરવી, અને મનોનિગ્રહ, આ ઉપાયો દ્વારા જેમનું અંતઃકરણ પવિત્ર થઈ ગયું છે તે યોગી અમૃતત્વ (મોક્ષ)ને પ્રાપ્ત કરે છે." (યાજ્ઞ. યતિધર્મ ૧૫૬-૧૫૯) "વેદ, પુરાણ, જ્ઞાનમય ઉપનિષદ્, શ્લોક, સૂત્ર, ભાષ્ય તેમજ બીજે પણ જ્યાં કોઈપણ શાસ્ત્ર છે તે સર્વ તેમજ વેદપાઠ, યજ્ઞાનુષ્ઠાન, બ્રહ્મચર્ય, તપ, ઈન્દ્રિયદમન, શ્રદ્ધા, ઉપવાસ અને સ્વતંત્રતા (બીજા કોઈની આશા ન રાખવી) આ સર્વ આત્મજ્ઞાનના સાધન છે." (યાજ્ઞ. યતિધર્મ ૧૮૯-૧૯૦)

❖

शाङ्करभाष्यम् :- तथा चाथर्वणे विशुद्ध्यपेक्षमात्मज्ञानं दर्शयति-

''जन्मान्तरसहस्त्रेषु यदा क्षीणास्तु किल्बिषाः ॥
तदा पश्यन्ति योगेन संसारोच्छेदनं महत् ॥'' (योगशिख. १-७८-७९)

''**यस्मिन्विशुद्धे विरजे च चित्ते य आत्मवत्पश्यन्ति यतयः क्षीणदोषाः ।**'' ''**तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेन दानेन तपसानाशकेन**'' (बृ.उप. ४-४-२२) इति बृहदारण्यके विविदिषाहेतुत्वं यज्ञादीनां दर्शयति ।

ननु ''**विद्यां चाविद्यां च यस्तद्वेदोभयं सह**'' (ईशा.उप. ११) । ''**तपो विद्या च विप्रस्य नैःश्रेयसकरं परम् ।**'' इत्यादिना कर्मणामप्यमृतत्वप्राप्तिहेतुत्वमवगम्यते ।

सत्यम्, अवगम्यत एव तदपेक्षितशुद्धिद्वारेण न च साक्षात् । तथा हि-''**विद्यां चाविद्यां च**'' (ईशा.उप. ११) । ''**तपो विद्या च विप्रस्य नैःश्रेयसकरं परम् ।**'' इत्यादिना ज्ञानकर्मणोर्निःश्रेयसहेतुत्वमभिधाय कथमनयोस्तद्धेतुत्वमित्याकाङ्क्षायां

“तपसा कल्मषं हन्ति विद्ययामृतमश्नुते ।” “अविद्यया मृत्युं तीर्त्वा विद्ययामृतमश्नुते” (ईशा.उप. ११) इतिवाक्यशेषेण कर्मणः कल्मषक्षयहेतुत्वं विद्याया अमृतप्राप्तिहेतुत्वं प्रदर्शितम् । यत्र तु शुद्ध्याद्यवान्तरकार्यानुपदेशस्तत्रापि शाखान्तरोपसंहारन्यायेनोपसंहारः कर्तव्यः ।

શાંકરભાષ્ય :- આ પ્રકારે અથર્વવેદીય ઉપનિષદમાં પણ આત્મજ્ઞાન ચિત્તશુદ્ધિની અપેક્ષા રાખનાર છે એ બતાવે છે. **“જે સમયે સહસ્રો જન્મો પછી પાપ ક્ષીણ થઈ જાય છે તે સમયે પુરુષ યોગ દ્વારા સંસારનો ઉચ્છેદ કરનાર (જ્ઞાનરૂપ) મહાન સાધન જોઈ શકે છે.”** (યોગશિખ. ૧-૭૮, ૭૯) **“ચિત્તના શુદ્ધ અને નિર્મળ થઈ જવાથી જેના દોષ ક્ષીણ થઈ ગયા છે તે યતિજન સંપૂર્ણ ભૂતોને આત્મસ્વરૂપ જ જુએ છે.”** બૃહદારણ્યકમાં પણ **“તે આ આત્માને બ્રાહ્મણગણ વેદપાઠ, યજ્ઞ, દાન, તપ અને ઉપવાસ દ્વારા જાણવાની ઈચ્છા રાખે છે.”** (બૃ.ઉપ. ૪-૪-૨૨) આ વાક્યથી યજ્ઞને જિજ્ઞાસાનું કારણ ગણાવ્યું છે.

પૂર્વપક્ષી - કિન્તુ **“જે વિદ્યા (જ્ઞાન) અને અવિદ્યા (કર્મ) આ બંનેને એક સાથે જાણે છે.” “તપ અને જ્ઞાન એ બ્રાહ્મણના નિઃશ્રેયસના ઉત્કૃષ્ટ સાધન છે.”** વગેરે વાક્યોથી તો કર્મોનો પણ અમૃતતત્ત્વની પ્રાપ્તિમાં હેતુ હોય એમ જણાય છે.

સિદ્ધાન્તી - ઠીક છે, જણાય તો છે પરંતુ જ્ઞાનને માટે અપેક્ષિત ચિત્તશુદ્ધિ દ્વારા જ કર્મનું અમૃતત્વમાં હેતુત્વ છે, સાક્ષાત્ નહીં. આનાથી “विद्यां चाविद्यां च” તથા “तपो विद्या च विप्रस्य नैःश्रेयसकरं परम्” વગેરે વાક્યોથી જ્ઞાન અને કર્મનો નિઃશ્રેયસમાં કારણ હોવાનું બતાવીને એવી જિજ્ઞાસા હોવાથી કે આ કેવી રીતે તેના હેતુ છેં. તો “तपसा कल्मषं हन्ति विद्ययामृतमश्नुने” અને अविद्यया मृत्युं तीर्त्वा विद्ययामृतमश्नुने” આ વાક્યશેષથી કર્મનું પાપક્ષયમાં કારણત્વ અને જ્ઞાનનું અમૃત પ્રાપ્તિમાં હેતુત્વ બતાવવામાં આવ્યું છે. બીજે પણ જ્યાં ક્યાંય શુદ્ધિ વગેરે અન્ય કર્મોનો ઉપદેશ દેખાય નહીં ત્યાં પણ શાખાન્તરોપસંહાર ન્યાયથી તેનો ઉપસંહાર (સંગ્રહ) કરી લેવો જોઈએ.

◆

शाङ्करभाष्यम् :- ननु **“कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः”** (ईशा.उप. २) इति यावज्जीवकर्मानुष्ठाननियमे सति कथं विद्याया मोक्षसाधनत्वम् ।

उच्यते-कर्मण्यधिकृतस्यायं नियमो नानधिकृतस्यानियोज्यस्य ब्रह्मवादिनः । तथा च विदुषः कर्मानधिकारं दर्शयति श्रुतिः-**“नैतद्विद्वानृषिणा विधेयो न रुध्यते विधिना शब्दचारः ।” “एतद्ध स्म वै तत्पूर्वे विद्वांसोऽग्निहोत्रं न जुहवाञ्चक्रिरे ।” “एतं वै तमात्मानं विदित्वा ब्राह्मणाः पुत्रैषणायाश्च वित्तैषणायाश्च लोकैषणायाश्च व्युत्थायाथ भिक्षाचर्यं चरन्ति”** (बृ.उप. ३-५-१) **“एतद्ध स्म वै तद्विद्वांस आहुर्ऋषयः कावषेयाः किमर्था वयमध्येष्यामहे किमर्था वयं यक्ष्यामहे स ब्राह्मणः केन स्याद्येन स्यात्तेनेदृश एवेति ।”** यथाह भगवान्-

“यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥ (गीता ३-१७)
नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥” (गीता ३-१८)

શાંકરભાષ્ય :- પૂર્વપક્ષી - પરંતુ **“કર્મ કરતાં કરતાં જ સો વર્ષ સુધી જીવતાં રહેવાની ઈચ્છા કરો.”** (ઈ.ઉપ. ૨) એવા જીવનપર્યન્ત કર્માનુષ્ઠાનનો નિયમ રહેતાં જ્ઞાનને મોક્ષનું સાધન કેવી રીતે માની શકાય ?

સિદ્ધાન્તી - બતાવે છે કે આ નિયમ કર્માધિકારીને માટે જ છે. જે કર્મના અધિકાર અને શાસ્ત્રાજ્ઞાથી ઉપર છે તે બ્રહ્મવેત્તાને માટે નથી. આ પ્રકારે શ્રુતિ પણ બ્રહ્મવેત્તાને કર્મના અધિકારથી ઉપર બતાવે છે. **“આ બ્રહ્મવેત્તા ઋષિઓની આજ્ઞાને આધીન નથી અને ન તે આ શાસ્ત્રના અનુયાયી થઈને તેની આજ્ઞાથી રોકાઈ પણ શકે છે.” “એટલા માટે પૂર્વવર્તી વિદ્વાન અગ્નિહોત્ર કરતાં ન હતાં.” “આ આત્મતત્ત્વને જાણી લેવાથી બ્રાહ્મણલોકો પુત્રેષણા, વિત્તેષણા અને લોકેષણાને ત્યજીને ભિક્ષાચર્યા કરતાં હતાં,” “બ્રહ્મવેત્તા કાવષેય ઋષિઓએ પણ આ જ કહ્યું છે - અમે કયા પ્રયોજનથી અધ્યયન કરીએ અને કયા ઉદ્દેશની પૂર્તિ માટે યજ્ઞ કરીએ ? તે કેવા પ્રકારે બ્રહ્મનિષ્ઠ થઈ શકે છે. જે પણ પ્રકારે હોય એવા (સર્વત્યાગી) જ હોય.”** જેમ કે શ્રી ભગવાન પણ કહે છે -



"જે પુરુષ આત્મામાં જ પ્રેમ કરનાર, આત્મામાં જ તૃપ્ત અને આત્મામાં જ સંતુષ્ટ છે તેના માટે કોઈ કર્તવ્ય ન હોય. તે પુરુષનું આ લોકમાં કર્મ કરવાનું કોઈ પ્રયોજન નથી અને કર્મ ન કરવાથી અહીં તેને પ્રત્યવાય વગેરે અનર્થોની પણ પ્રાપ્તિ થતી નથી. તથા સંપૂર્ણ પ્રાણીઓમાં તેનો કોઈ અર્થવ્યપાશ્રય (અર્થસિદ્ધિનો સહારો) પણ નથી." (ગીતા ૩-૧૭, ૧૮)

◆

शाङ्करभाष्यम् :- तथा चाह भगवान्परमेश्वरो लैङ्गे कालकूटोपाख्याने -

"ज्ञानेनैतेन विप्रस्य त्यक्तसङ्गस्य देहिनः ।
कर्तव्यं नास्ति विप्रेन्द्रा अस्ति चेत्तत्त्वविन्न च ॥
इह लोके परे चैव कर्तव्यं नास्ति तस्य वै ।
जीवन्मुक्तो यतस्तु स्याद्ब्रह्मवित्परमार्थतः ॥
ज्ञानाभ्यासरतो नित्यं विरक्तो ह्यर्थवित्स्वयम् ।
कर्तव्यभावमुत्सृज्य ज्ञानमेवाधिगच्छति ॥
वर्णाश्रमाभिमानी यस्त्यक्त्वा ज्ञानं द्विजोत्तमाः ।
अन्यत्र रमते मूढः सोऽज्ञानी नात्र संशयः ॥
क्रोधो भयं तथा लोभो मोहो भेदो मदस्तमः ।
धर्माधर्मौ च तेषां हि तद्वशाच्च तनुग्रहः ॥
शरीरे सति वै क्लेशः सोऽविद्यां संत्यजेत्ततः ।
अविद्यां विद्यया हित्वा स्थितस्यैवेह योगिनः ॥
क्रोधाद्या नाशमायान्ति धर्माधर्मौ च नश्यतः ।
तत्क्षयाच्च शरीरेण न पुनः संप्रयुज्यते ॥
स एव मुक्तः संसाराद्दुःखत्रयविवर्जितः ।"

तथा शिवधर्मोत्तरे-

"ज्ञानामृतेन तृप्तस्य कृतकृत्यस्य योगिनः ।
नैवास्ति किञ्चित्कर्तव्यमस्ति चेन्न स तत्त्वचित् ।
लोकद्वयेऽपि कर्तव्यं किञ्चिदस्य न विद्यते ।
इहैव स विमुक्तः स्यात्सम्पूर्णः समदर्शनः ॥"

શાંકરભાષ્ય :- લિંગપુરાણમાં કાલકૂટોપાખ્યાનમાં આવું જ ભગવાન મહેશ્વર પણ કહે છે. "હે દ્વિજેન્દ્રગણ ! આ જ્ઞાન દ્વારા નિઃસંગ થયેલા જીવનું કોઈ કર્તવ્ય રહેતું નથી, જો રહે છે તો તે તત્ત્વને જાણનાર નથી. તેને આ લોક અને પરલોકમાં પણ કોઈ કર્તવ્ય નથી, કારણ કે વાસ્તવમાં બ્રહ્મવેત્તા તો જીવતાં જ મુક્ત થઈ જાય છે. પરમાર્થતત્ત્વને જાણનારા જ્ઞાનાભ્યાસમાં તત્પર વિરક્ત પુરુષ કર્તવ્યની ચિંતા છોડીને કેવળ જ્ઞાનને જ પ્રાપ્ત કરે છે. હે દ્વિજશ્રેષ્ઠ ! જે વર્ણાશ્રમાભિમાની પુરુષ જ્ઞાનદૃષ્ટિને ત્યાગીને મોહવશ ક્યાંક અન્યત્ર સુખ માને છે તે અજ્ઞાની છે. એમાં સંદેહ નથી. ક્રોધ, ભય, લોભ, મોહ, ભેદદૃષ્ટિ, મદ, અજ્ઞાન અને ધર્માધર્મ આ સર્વે એ લોકોને જ પ્રાપ્ત થાય છે અને એના અધીન હોવાથી દેહ ધારણ કરવો પડે છે. તથા શરીરના રહેતાં ક્લેશ અવશ્ય આવે છે. માટે જીવે અવિદ્યાનો ત્યાગ કરવો જોઈએ. જે યોગી વિદ્યા દ્વારા અવિદ્યાનો ત્યાગ કરીને રહે છે તેના ક્રોધાદિ દોષ તથા ધર્મ અને અધર્મ આ લોકમાં રહેતાં જ નષ્ટ થઈ જાય છે. તેનો ક્ષય થવાથી તેનો ફરીથી શરીર સાથે સંયોગ થતો નથી, તથા તે ત્રિવિધ તાપથી છૂટીને મુક્ત થઈ જાય છે."

તથા શિવધર્મોત્તરમાં કહ્યું છે "જે યોગી જ્ઞાનામૃતથી તૃપ્ત થઈને કૃતકૃત્ય થઈ ગયા છે તેમના માટે કોઈ કર્તવ્ય રહેતું નથી, અને જો રહે છે તો તે તત્ત્વવેત્તા નથી. તેને બંને લોકમાં કોઈ કર્તવ્ય રહેતું નથી, તે સર્વથા પૂર્ણ અને સમદર્શી હોવાને કારણે આ લોકમાં જ મુક્ત થઈ જાય છે."

◆



शाङ्करभाष्यम् :- तस्माद्विदुषः कर्तव्याभावादविद्यावद्विषय एवायं कुर्वन्नेवेत्यादिकर्मनियमः । कुर्वन्नेवेति च नायं कर्मनियमः किन्तु विद्यामाहात्म्यं दर्शयितुं यथाकामं कर्मानुष्ठानमेव द्रष्टव्यम् । एतदुक्तं भवति-यावज्जीवं यथाकालं पुण्य-पापादिकं कुर्वत्यपि विदुषि न कर्मलेपो भवति विद्यासामर्थ्यादिति । तथा हि-''**ईशावास्यमिदं सर्वम्**'' (ईशा.उप. १) इत्यारभ्य ''**तेन त्यक्तेन भुञ्जीथाः**'' (ईशा.उप. १) इति विदुषः सर्वकर्मत्यागेनात्मपालनमुक्त्वानियोज्ये ब्रह्मविदि त्यागकर्तव्य-तोक्तिरप्ययुक्तैवोक्तेति मत्वा चकितः सन्वेदो विदुषस्त्यागकर्तव्यतामपि नोक्तवान् । कुर्वन्नेवेह लोके विद्यमानं पुण्यपापादिकं कर्म यावज्जीवं जिजीविषेत् । न पुण्यादिबन्धभयात्पुण्यादिकं त्यक्त्वा तूष्णीमवतिष्ठेत । एवं तावत्कर्माणि कुर्वत्यपि विदुषि त्वयीतो यावज्जीवानुष्ठानादन्यथाभावः स्वरूपात्प्रच्युतिः पुण्यादिनिमित्तसंसारान्वयो नास्ति । अथवेतः कर्मानुष्ठानोत्तरकालभाव्यन्यथाभावः संसारान्वयो नास्ति । यस्मात्त्वयि विन्यस्तं न कर्म लिप्यते । तथा च श्रुत्यन्तरम्-''**न लिप्यते कर्मणा पापकेन**'' (बृ.उप. ४-४-२३) । ''**एवंविदि पापं कर्म न श्लिष्यते**'' (छा.उप. ४-१४-३) । ''**नैनं कृताकृते तपतः**'' (बृ.उप. ४-४-२२) । ''**एवं हास्य सर्वे पाप्मानः प्रदूयन्ते**'' (छा.उप. ५-२४-३) ।

लैङ्गे-

''ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥
ज्ञानिनः सर्वकर्माणि जीर्यन्ते नात्र संशयः ।
क्रीडन्नपि न लिप्येत पापैर्नानाविधैरपि ॥''

शिवधर्मोत्तरेऽपि-

''तस्माज्ज्ञानासिना तूर्णमशेषं कर्मबन्धनम् ।
कामाकामकृतं छित्त्वा शुद्धश्चात्मनि तिष्ठति ॥
यथा बह्निर्महान्दीप्तः शुष्कमार्द्रं च निर्दहेत् ।
तथा शुभाशुभं कर्म ज्ञानाग्निर्दहते क्षणात् ॥
पद्मपत्रं यथा तोयैः स्वस्थैरपि न लिप्यते ।
शब्दादिविषयाम्भोभिस्तद्वज्ज्ञानी न लिप्यते ॥
यद्वन्मन्त्रबलोपेतः क्रीडन्सर्पैर्न दश्यते ।
क्रीडन्नपि न लिप्येत तद्वदिन्द्रियपन्नगैः ॥
मन्त्रौषधिबलैर्यद्वज्जीर्यते भक्षितं विषम् ।
तद्वत्सर्वाणि पापानि जीर्यन्ते ज्ञानिनः क्षणात् ॥''

શાંકરભાષ્ય :- એટલે વિદ્વાનને માટે કોઈ કર્તવ્ય ન હોવાને કારણે **''કર્મ કરતાં કરતાં (જ સો વર્ષ જીવવાની ઈચ્છા કરે.)''** વગેરે કારણથી કર્મ કરવાનો નિયમ કેવળ અજ્ઞાનીઓને માટે જ છે. અથવા એમ સમજવું જોઈએ કે ''कुर्वन्नेव'' વગેરે વાક્ય કર્મના નિયામક નથી, પરંતુ જ્ઞાનનો મહિમા બતાવવા માટેના ઉદ્દેશ્યથી (જ્ઞાનીને માટે) સ્વેચ્છાનુસાર કર્માનુષ્ઠાન બતાવવાને માટે જ છે. આના દ્વારા એમ બતાવવામાં આવ્યું છે કે વિદ્વાન સ્વેચ્છાથી જીવનપર્યંત પુણ્ય-પાપાદિરૂપ કર્મ કરતો પણ રહે તો પણ જ્ઞાનના સામર્થ્યથી તે કર્મોથી લેપાતો નથી, તાત્પર્ય આ છે કે ''इशावास्यमिद् सर्वम्'' (ઈ.ઉપ. १) અહીંથી તે ''तेन व्यक्तेन भुञ्जीथाः'' આ પ્રથમ મંત્રથી સર્વકર્મના પરિત્યાગપૂર્વક આત્મરક્ષા પ્રતિપાદન કરવાથી કે જેના માટે કોઈપણ વિધિ કરી શકાતી નથી તેવા બ્રહ્મવેત્તાને માટે સર્વકર્મપરિત્યાગનું વિધાન કરવું પણ અનુચિત જ છે, એમ જાણી વેદ ચકિત થયા એટલે એમ બતાવવાને માટે કે મેં ''વિદ્વાનને માટે કર્મત્યાગની પણ વિધિ કરી નથી.' એમ કહ્યું છે કે જ્ઞાની આ લોકમાં આજીવન યથાપ્રાપ્ત પુણ્ય પાપાદિરૂપ કર્મ કરતાં કરતાં જીવવાની ઈચ્છા કરે, તેને પુણ્યાદિ ફળના બંધનના ભયથી પુણ્યાદિનો ત્યાગ કરીને ચૂપચાપ બેસવાની આવશ્યકતા નથી. કારણ કે આ પ્રકારે યાવજ્જીવન કર્મ કરતાં રહેતાં પણ તમારા જેવા બ્રહ્મવેત્તાનો અન્યથાભાવ સ્વરૂપચ્યુતિ અર્થાત્ પુણ્યાદિને કારણે થનાર સંસારનો સંસર્ગ થઈ શકતો નથી. અથવા ''इतः'' એટલે કર્માનુષ્ઠાનની પાછળ થનારો અન્યથા ભાવ - સંસારનો સંસર્ગ થઈ શકતો નથી. કારણ કે તારામાં-બ્રહ્મવેત્તામાં સ્થાપિત કર્મ લેપતાં નથી. એવું જ બીજી શ્રુતિઓ પણ કહે છે. **''જ્ઞાની પાપ કર્મોથી લિપ્ત થતાં નથી,''**



(બૃ.ઉપ. ૪-૪-૨૩) "આમ જાણનારને પાપ કર્મનો સંસર્ગ થતો નથી," (છા.ઉપ. ૪-૧૪-૩) "તેને પુણ્ય-પાપ સંતાપ આપી શકતાં નથી." (બૃ.ઉપ. ૪-૪-૨૨) "આમ તેના સમસ્ત પાપ નષ્ટ થઈ જાય છે." (છા.ઉપ. ૫-૨૪-૩)

લિંગપુરાણમાં કહ્યું છે, "આ પ્રકારે જ્ઞાનાગ્નિ સમસ્ત કર્મોને ભસ્મ કરી દે છે. એમાં સંદેહ નથી કે જ્ઞાનીના સમસ્ત કર્મ જીર્ણ થઈ જાય છે. તે અનેક પ્રકારના પાપ-પુણ્યોમાં રત રહેતાં પણ તેનાથી લિપ્ત થતાં નથી."

શિવધર્મોત્તરમાં પણ કહ્યું છે, "માટે તે તુરંત જ સકામ અથવા નિષ્કામભાવથી કરેલાં સંપૂર્ણ કર્મબંધનને જ્ઞાનરૂપ ખડગથી કાપીને શુદ્ધ થઈ પોતાના આત્મામાં સ્થિર થઈ જાય છે."

પ્રજ્વલિત થયેલો અગ્નિ જેમ સુકા અને ભીના સર્વ પ્રકારના લાકડાંને બાળીને ભસ્મ કરે છે તે જ રીતે જ્ઞાનાગ્નિ એક ક્ષણમાં જ સમસ્ત શુભાશુભ કર્મોને ભસ્મ કરી દે છે. જે પ્રકારે કમળનું પાન પોતાના ઉપર પડેલા જળથી પણ લેપાતું નથી, તે જ પ્રકારે જ્ઞાની શબ્દાદિ વિષયરૂપ જળથી લિપ્ત થતાં નથી. જેવી રીતે મંત્રબળથી સંપન્ન પુરુષ સર્પની સાથે રમતાં પણ તેનાથી ડંખાતો નથી તે જ પ્રકારે જ્ઞાની ઇન્દ્રિયરૂપ સર્પોની સાથે ક્રીડ કરતાં રહેતાં હોવા છતાં પણ તેનાથી લેપાતાં નથી. જેવી રીતે ખાવામાં આવેલું વિષ પણ મંત્ર અને ઔષધિના સામર્થ્યથી પચી જાય છે, તે જ પ્રકારે જ્ઞાનીના સર્વ પાપ એક ક્ષણમાં નષ્ટ થઈ જાય છે."

⁂

शाङ्करभाष्यम् :- तथा च सूत्रकारः-"**पुरुषार्थोऽतः शब्दादिति बादरायणः**" (ब्र.सू. ३-४-१) इति ज्ञानस्यैव परमपुरुषार्थहेतुत्वमभिधाय "**शेषत्वात्पुरुषार्थवादो यथा...**" (ब्र.सू. ३-४-२) इत्यादिना कर्मापेक्षितकर्तृप्रतिपादकत्वेन विद्यायाः कर्मशेषत्वमाशङ्क्य "**अधिकोपदेशात्तु बादरायणस्य**" (ब्र.सू. ३-४-८) इत्यादिना कर्तृत्वादिसंसारधर्मरहितापहतपाप्मादिरूपब्रह्मोपदेशात्तद्विज्ञानपूर्विकां तु कर्माधिकारसिद्धिं त्वाशासानस्य कर्माधिकारहेतोः क्रियाकारकफललक्षणस्य समस्तस्य प्रपञ्चस्याविद्याकृतस्य विद्यासामर्थ्यात्स्वरूपोपमर्ददर्शनात्कर्माधिकारोच्छित्तिप्रसङ्गाद्भिन्नप्रकरणत्वाद्भिन्नकार्यत्वाच्च परस्परविकल्पः समुच्चयोऽङ्गाङ्गिभावो वा नास्तीति प्रतिपाद्य "**अत एव चाग्नीन्धनाद्यनपेक्षा**" (ब्र.सू. ३-४-२५) इति विद्याया एव परमपुरुषार्थहेतुत्वादग्नीन्धनाद्याश्रमकर्माणि विद्यायाः स्वार्थसिद्धौ नापेक्षितव्यानीति पूर्वोक्तस्याधिकरणस्य फलमुपसंहृत्यात्यन्तमेवानपेक्षायां प्राप्तायां "**सर्वापेक्षा च यज्ञादिश्रुतेरश्ववत्**" (ब्र.सू. ३-४-२६) इति नात्यन्तमनपेक्षा । उत्पन्ना हि विद्या फलसिद्धिं प्रति न किञ्चिदन्यदपेक्षते । उत्पत्तिं प्रत्यपेक्षत एव । "**विविदिषन्ति यज्ञेन**" इति श्रुतेरिति विविदिषासाधनत्वेन कर्मणामुपयोगं दर्शितवान् । तथा च "**नाविशेषात्**" (ब्र.सू. ३-४-१३) "**स्तुतयेऽनुमतिर्वा**" (ब्र.सू. ३-४-१४) इतिसूत्रद्वयेन कुर्वन्नेवेतिमन्त्रस्याविद्वद्विषयत्वेन विद्यास्तुतित्वेन चार्थद्वयं दर्शितवान् । अत उक्तेन प्रकारेण ज्ञानस्यैव मोक्षसाधनत्वाद्युक्तः परोपनिषदारम्भः ।

ननु बन्धस्य मिथ्यात्वे सति ज्ञाननिवर्त्यत्वेन ज्ञानादमृतत्वं स्यात् । न त्वेतदस्ति, प्रतिपन्नत्वाद्बाधाभावाद्युष्मदादिस्वरूपत्वेनात्मनो विलक्षणत्वे सादृश्याद्यभावादध्यासासम्भवाच्च ।

उच्यते-न तावत्प्रतिपन्नत्वेन सत्यत्वं वक्तुं शक्यते, प्रतिपत्तेः सत्यत्वमिथ्यात्वयोः समानत्वात् । नापि बाधाभावात्सत्यत्वम्, विधिमुखेन कारणमुखेन च बाधसम्भवात् । तथाहि श्रुतिःप्रपञ्चस्य मिथ्यात्वं मायाकारणत्वं च दर्शयति-"**न तु तद्द्वितीयमस्ति**" (बृ.उप. ४-३-२३) । "**एकत्वम्**" "**नास्ति द्वैतम् ।**" "**कुतो विदिते वेद्यं नास्ति**" । "**एकमेवाद्वितीयम्**" (छा.उप. ६-२-१) "**वाचारम्भणं विकारो नामधेयम्**" (छा.उप. ६-२-४) । "**एकमेव सत् ।**" "**नेह नानास्ति किञ्चन**" (बृ.उप. ४-४-१९) । "**एकधैवानुद्रष्टव्यम्**" (बृ.उप. ४-४-२०) । "**मायां तु प्रकृतिं विद्यात्**" (श्वेता.उप. ४-१०) "**मायी सृजते विश्वमेतत्**" । (श्वेता.उप. ४-९) "**इन्द्रो मायाभिः पुरुरूष ईयते**" (बृ.उप. २-५-१९) इत्यादिभिर्वाक्यैः ।

"**अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।**
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया ॥" (गीता ४-६)
"**अविभक्तं च भृतेषु विभक्तमिव च स्थितम् ।**" (गीता १३-१६)

શાંકરભાષ્ય :- તથા સૂત્રકાર (ભગવાન વ્યાસજીએ) પણ "पुरुषार्थोऽतः शब्दादिति बादरायणः" (બ્ર.સૂ. ૩-૪-૧) આ સૂત્રથી જ્ઞાનને જ પરમ પુરુષાર્થનો હેતુ બતાવીને ફરી "शेषत्वात्पुरुषार्थवादो यथान्येष्विति जैमिनिः" (બ્ર.સૂ. ૩-૪-૨)

આ સૂત્રથી જૈમિનિના મતાનુસાર કર્મમાં અપેક્ષિત કર્તાનું પ્રતિપાદન કરનારી હોવાથી વિદ્યાને કર્મશેષત્વની આશંકા કરીને ''अधिकोपदेशात्तु बादरायणस्यैवं तद्दर्शनात्'' (બ્ર.સૂ. ૩-૪-૮) આ સૂત્રથી એમ બતાવ્યું છે કે વિદ્યા કર્તૃત્વ વગેરે સાંસારિક ધર્મોથી રહિત નિષ્પાપાદિ સ્વરૂપ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે, માટે જે પુરુષ તેના જ્ઞાનપૂર્વક કર્માધિકારીની સિદ્ધિની આશા રાખે છે તેના કર્માધિકારના હેતુભૂત અવિદ્યાજનિત ક્રિયા, કારક તેમજ ફળરૂપ સમસ્ત સંસારના સ્વરૂપનો વિદ્યાના પ્રભાવથી વિનાશ જોવાને કારણે કર્માધિકારના ઉચ્છેદનો પ્રસંગ ઉપસ્થિત થવાથી તથા કર્મ અને જ્ઞાનના વિભિન્ન પ્રકરણ અને ભિન્ન ભિન્ન કાર્ય જોવાને કારણે તેમનો પરસ્પરમાં વિકલ્પ, સમુચ્ચય અથવા અંગાંગિભાવ કાંઈ જ થઈ શકતો નથી. એવું પ્રતિપાદન કરીને ''अत एव चाग्नीन्धनाद्यनपेक्षा'' (બ્ર.સૂ. ૩-૪-૨૫) આ સૂત્રથી ''વિદ્યા જ પરમ પુરુષાર્થનો હેતુ હોવાને કારણે તે પોતાના પ્રયોજનની પૂર્તિમાં અગ્નિ-ઇંધન વગેરેથી નિષ્પન્ન થનાર આશ્રમ કર્મોની અપેક્ષા રાખતી નથી.'' આ પ્રકારે પૂર્વોક્ત અધિકરણના ફળનો ઉપસંહાર કરીને જ્ઞાનપ્રાપ્તિમાં કર્મની અત્યંત અનપેક્ષા પ્રાપ્ત થવાથી ''सर्वापेक्षा च यज्ञादिश्रुतेरश्ववत्'' (બ્ર.સૂ. ૩-૪-૨૬) આ સૂત્રથી એમ બતાવ્યું છે કે કર્મની બિલકુલ જ અપેક્ષા ન હોય એવી વાત નથી. પરંતુ વિદ્યા ઉત્પન્ન થઈ જવાથી જ પોતાના ફળની સિદ્ધિમાં કોઈ વસ્તુની અપેક્ષા રાખતી નથી. પોતાની ઉત્પત્તિમાં તો તેને કર્મની અપેક્ષા છે જ, કારણ કે **''યજ્ઞ દ્વારા આત્માને જાણવા ઇચ્છે છે.''** આ શ્રુતિથી વેદે જિજ્ઞાસાના સાધનરૂપ કર્મોનો ઉપયોગ બતાવ્યો છે. તથા તેનાથી આગળ ''नाविशेषात्'' (બ્ર.સૂ. ૩-૪-૧૩) અને ''स्तुतयेऽनुमतिर्वा'' (બ્ર.સૂ. ૩-૪-૧૪) આ બે સૂત્રો દ્વારા ''कुर्वन्नेवेह कर्माणि'' (ઈ.ઉપ. ૨) આ શ્રુતિના બે પ્રકારથી અર્થ બતાવે છે. પહેલો એ કે આ ''कुर्वन्नेवेह'' ઇત્યાદિ મંત્ર અજ્ઞાનીને માટે છે.'' તથા બીજો અર્થ આ છે કે આ મંત્ર વિદ્યા(જ્ઞાન)ની સ્તુતિ માટે છે. એટલા માટે ઉક્ત પ્રકારથી જ્ઞાન જ મોક્ષનું સાધન હોવાથી આગળના ઉપનિષદનો આરંભ કરવો તે ઉચિત જ છે.

પૂર્વપક્ષી - જો જીવનું બંધન મિથ્યા હોત તો તે જ્ઞાનથી નિવૃત્ત થવાને યોગ્ય હોઈ શકતું હતું અને એવી અવસ્થામાં જ્ઞાનથી અમૃતત્વની પ્રાપ્તિ થઈ શકતી હતી, પરંતુ એમ વાત નથી, કારણ કે બંધન પ્રત્યક્ષ સિદ્ધ છે. તેનો બાધ થતો નથી અને યુષ્મદસ્મદાદિ (તું-હું વગેરે) રૂપથી પ્રતીત થવાને કારણે આત્માનું સ્વરૂપ સર્વમાં વિલક્ષણ છે. માટે તેનાથી કોઈનું સાદશ્ય ન હોવાને કારણે તેનામાં કોઈ અન્ય વસ્તુનો અધ્યાસ થવો પણ સંભવ નથીં.

સિદ્ધાન્તી - બતાવે છે (તે સાંભળો) પ્રત્યક્ષસિદ્ધ હોવાને કારણે જ બંધનની સત્યતા દર્શાવી શકાતી નથી, કારણ કે પ્રત્યક્ષતા તો સત્ય અને અસત્ય બંને પ્રકારની વસ્તુઓમાં સમાનરૂપમાં જોવામાં આવે છે. બાધ ન હોવાને કારણે પણ તેની સત્યતા સિદ્ધ થતી નથી, કારણ કે શાસ્ત્રવિધિ અને કારણદષ્ટિથી તેનો બાધ થવો સંભવ છે જ. જેમ કે **''તેના સિવાય બીજો કોઈ છે જ નહીં,''** (બૃ.ઉપ. ૪-૩-૨૩) **''એકત્વ જ છે,'' ''દ્વૈત નથી,'' ''કારણ કે જ્ઞાન થઈ જવાથી વેદ્યનો અભાવ થઈ જાય છે,'' ''એક જ અદ્વિતીય છે,''** (છા.ઉપ. ૬-૨-૧) **''વિકાર વાણીથી આરંભ થનાર નામમાત્ર છે.''** (છા.ઉપ. ૬-૧-૪) **''એક જ સત્ વસ્તુ છે,'' અહીં અનેક કાંઈ પણ નથી.''** (બૃ.ઉપ. ૪-૪-૧૯) **''સર્વને એકરૂપ જ જોવા જોઈએ,''** (બૃ.આ. ૪-૪-૨૦) **''પ્રકૃતિને માયા સમજો,''** (શ્વે.ઉપ. ૪-૧૦) **''માયાવી પરમાત્મા આ સંપૂર્ણ પ્રપંચની રચના કરે છે.''** (શ્વે.ઉપ. ૪-૯) **''ઈન્દ્ર (પરમાત્મા) માયાથી અનેક રૂપ થઈને ચેષ્ટા કરે છે.''** (બૃ.ઉપ. ૫-૨-૧૯) વગેરે વાક્યો દ્વારા શ્રુતિ પ્રપંચના મિથ્યાત્વ અને માયામૂલકત્વને પ્રદર્શિત કરે છે. (શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન પણ કહે છે.) **''હું અજન્મા, અવિનાશી અને સંપૂર્ણ પ્રાણિમાત્રનો ઈશ્વર છું, તો પણ મારી પ્રકૃતિનો આશ્રય કરીને મારી માયાથી જ જન્મ ધારણ કરું છું,''** (ગીતા ૪-૬) **''તે જ્ઞેય પ્રત્યેક શરીરમાં આકાશ સમાન અવિભક્ત તેમજ એક છે તો પણ સમસ્ત પ્રાણિઓમાં વિભક્ત થઈને રહેલું છે.''** (ગીતા ૧૩-૧૬)

⁂

शाङ्करभाष्यम् :- तथा च ब्राह्मे पुराणे-

''धर्माधर्मौ जन्ममृत्यू सुखदुःखेषु कल्पना ।
वर्णाश्रमास्तथा वासः स्वर्गो नरक एव च ॥
पुरुषस्य न सन्त्येते परमार्थस्य कुत्रचित् ।
दृश्यते च जगद्रूपमसत्यं सत्यवन्मृषा ॥
तोयवन्मृगतृष्णा तु यथा मरुमरीचिका ।
रौप्यवत्कीकसं भूतं कीकसं शुक्तिरेव च ॥



सर्पवद्रज्जुखण्डश्च निशायां वेश्ममध्यगः ।
एक एवेन्दुर्द्वौ व्योम्नि तिमिराहतचक्षुषः ॥
आकाशस्य घनीभावो नीलत्वं स्निग्धता तथा ।
एकश्च सूर्यो बहुधा जलाधारेषु दृश्यते ॥
आभाति परमात्मापि सर्वोपाधिषु संस्थितः ।
द्वैतभ्रान्तिरविद्याख्या विकल्पो न च तत्तथा ॥
परत्र बन्धागारः स्यात्तेषामात्माभिमानिनाम् ।
आत्मभावनया भ्रान्त्या देहं भावयतां सदा ॥
आप्रज्ञमादिमध्यान्तैर्भ्रमभूतैस्त्रिभिः सदा ।
जाग्रत्स्वप्नसुषुप्तैस्तु च्छादितं विश्वतैजसम् ॥
स्वमायया स्वमात्मानं मोहयेद्द्वैतरूपया ।
गुह्यगतं स्वमात्मानं लभते च स्वयं हरिम् ॥
व्योम्नि वज्रानलज्वालाकलापो विविधाकृतिः ।
आभाति विष्णोः सृष्टिश्च स्वभावो द्वैतविस्तरः ॥
शान्ते मनसि शान्तश्च घोरे मूढे च तादृशः ।
ईश्वरो दृश्यते नित्यं सर्वत्र न तु तत्त्वतः ॥
लोहमृत्पिण्डहेम्नां च विकारो न च विद्यते ।
चराचराणां भूतानां द्वैतता न च सत्यतः ॥
सर्वगे तु निराधारे चैतन्यात्मनि संस्थिता ।
अविद्या द्विगुणां सृष्टिं करोत्यात्मावलम्बनात् ॥
सर्पस्य रज्जुता नास्ति नास्ति रज्जौ भुजङ्गता ।
उत्पत्तिनाशयोर्नास्ति कारणं जगतोऽपि च ॥
लोकानां व्यवहारार्थमविद्येयं विनिर्मिता ।
एषा विमोहिनीत्युक्ता द्वैताद्वैतस्वरूपिणी ॥
अद्वैतं भावयेद्ब्रह्म सकलं निष्कलं सदा ।
आत्मज्ञः शोकसंतीर्णो न बिभेति कुतश्चन ॥
मृत्योः सकाशान्मरणादथवान्यकृताद्भयात् ।
न जायते न म्रियते न वध्यो न च घातकः ॥
न बद्धो बन्धकारी वा न मुक्तो न च मोक्षदः ।
पुरुषः परमात्मा तु यदतोऽन्यदसच्च तत् ॥
एवं बुद्ध्वा जगद्रूपं विष्णोर्मायामयं मृषा ।
भोगासङ्गाद्भवेन्मुक्तस्त्यक्त्वा सर्वविकल्पनाम् ॥
त्यक्तसर्वविकल्पश्च स्वात्मस्थं निश्चलं मनः ।
कृत्वा शान्तो भवेद्योगी दग्धेन्धन इवानलः ।
एषा चतुर्विंशतिभेदभिन्ना माया परा प्रकृतिस्तत्समुत्थौ ।
कामक्रोधौ लोभमोहौ भयं च विषादशोकौ च विकल्पजालम् ॥
धर्माधर्मौ सुखदुःखे च सृष्टिर्विनाशपाकौ नरके गतिश्च ।
वासः स्वर्गे जातयश्चाश्रमाश्च रागद्वेषौ विविधा व्याधयश्च ॥

कौमारतारुण्यजरावियोगसंयोगभोगानशनव्रतानि ।
इतीदमीदृग्विदयं निधाय तूष्णीमासीनः सुमतिं विविद्धि ॥''

શાંકરભાષ્ય :- બ્રહ્મપુરાણમાં પણ કહ્યું છે - ''ધર્મ-અધર્મ, જન્મ-મૃત્યુ, સુખ-દુઃખની કલ્પના, વર્ણાશ્રમવિભાગ તથા સ્વર્ગ અથવા નરકમાં રહેવું એ સર્વ પરમાર્થ સ્વરૂપ પુરુષમાં ક્યાંય નથી. જેવી રીતે મરુમરીચિકારૂપ મૃગતૃષ્ણા જળસમાન પ્રતીત થાય છે. તેવી જ રીતે આ જગતનું અસત્ય સ્વરૂપ જ વ્યર્થ સત્ય જેવું દષ્ટિગોચર થઈ રહ્યું છે. વાસ્તવિક શુક્તિ (છીપલી) શુક્તિરૂપ જ છે, પરંતુ જેમ તે ચાંદી સમાન દેખાય છે, ઘરમાં પડેલો દોરડાનો ટુકડો રાત્રિના સમયે સર્પ જેમ દેખાય છે, જેના નેત્ર (આંખ) તિમિરરોગથી (આંખના રોગથી) પીડિત છે તે વ્યક્તિને જેમ આકાશમાં એક ચંદ્રમા બે જેવા દેખાય છે અને જેમ (સર્વસ્થા શૂન્યસ્વરૂપ) આકાશમાં ઘનીભાવ (ઘનતા) નીલત્વ અને સ્નિગ્ધતાની પ્રતીતિ થાય છે (તે જ પ્રકારે જગતનું રૂપ મિથ્યા હોવા છતાં પણ સત્ય જેવું જણાય છે) જેમ કે એક જ સૂર્ય જળના અનેક આધાર(જળાશયોમાં)માં અનેક સ્વરૂપે દષ્ટિગોચર થાય છે તે જ પ્રકારે સમસ્ત ઉપાધિઓમાં (વસ્તુઓ) રહેલા પરમાત્મા પણ (તે તે રૂપોમાં) દષ્ટિગોચર થઈ રહ્યા છે. આ અવિદ્યાસંજ્ઞક દ્વૈતભ્રાન્તિ વિકલ્પ જ છે, આ યથાર્થ એટલે સાચી નથી.''

''જે લોકો ભ્રાન્તિવશ સર્વદા દેહને જ આત્મા સમજે છે તે દેહાભિમાનીઓનું આ દેહના મરણ પછી પરલોકમાં બંધનનું સ્થાન હોય છે, (અર્થાત્ તેને ફરીથી દેહ ધારણ કરવો પડે છે). આદિ, મધ્ય અને અંતમાં જે સર્વદા ભ્રમરૂપ જ છે તે જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણ અવસ્થાઓથી જ વિશ્વ, તેજસ અને પ્રાજ્ઞ પણ આચ્છાદિત છે. આ જીવ પોતાની દ્વૈતરૂપી માયાથી સ્વયં પોતાને જ મોહગ્રસ્ત કરે છે અને પોતે જ પોતાના અંતઃકરણમાં રહેલા પોતાના આત્મભૂત શ્રીહરિને પ્રાપ્ત કરે છે. જેમ આકાશમાં વજ્રાગ્નિ(વીજળી)ની અનેક પ્રકારની જ્વાળાઓ દેખાય છે તેમ ભગવાન વિષ્ણુનો સ્વભાવ જ દ્વૈતવિસ્તાર રૂપે દેખાય છે. સર્વત્ર સર્વદા એકમાત્ર ભગવાન જ શાંત (સાત્ત્વિક) ચિત્તમાં શાંતસ્વરૂપમાં અને ધીર (રાજસ) તથા મૂઢ (તામસ) ચિત્તમાં ઘોર અને મૂઢ રૂપમાં દેખાઈ રહ્યાં છે, પરંતુ તત્વતઃ તે એવા નથી.''

''લોખંડ, માટીનો પિંડ અને સુવર્ણનો પણ વિકાર હોતો નથી. જેટલા ચરાચર પ્રાણી છે તેમનો ભેદ વસ્તુતઃ નથી. સર્વગત નિરાધાર ચૈતન્યાત્મામાં રહેલી અવિદ્યા જ આત્માના આશ્રયથી (સ્થૂલ અને સૂક્ષ્મ) બંને પ્રકારની સૃષ્ટિ રચે છે. જેવી રીતે સર્પમાં રજ્જુત્વ અને રજ્જુમાં સર્પત્વ નથી તે પ્રકારે જગતના ઉત્પત્તિ અને નાશનું પણ કોઈ કારણ નથી. આ અવિદ્યાની રચના (કલ્પના) લોક વ્યવહારને માટે જ થઈ છે. આ દ્વૈત-અદ્વૈત સ્વરૂપવાળી છે અને (સંસારને મોહિત કરનારી હોવાથી) તેને ''વિમોહિની'' કહેવામાં આવી છે. આત્મજ્ઞાનીએ ઇચ્છવું જોઈએ કે તે સર્વદા પૂર્ણ પરબ્રહ્મનું નિષ્કામ અને અદ્વૈતરૂપથી ચિંતન કરે. તેનાથી તે શોકથી પાર થઈને કોઈનાથી પણ ભયભીત થતાં નથી. તેને મૃત્યુની સંન્નિધિથી, મરવાથી અથવા કોઈ અન્ય કારણોથી થનાર ભયથી પણ ડર લાગતો નથી.

''પરમપુરુષ પરમાત્મા નથી જન્મ લેતા, નથી મરતાં, નથી મારી શકાતા, નથી મારનારા, નથી બંધનયુક્ત, નથી બંધનમાં નાંખનાર, નથી મુક્ત, અને નથી મુક્તિ આપનારા. તેનાથી ભિન્ન જે કાંઈ છે તે અસત્ છે. આમ ભગવાન વિષ્ણુના વિશ્વરૂપને માયામય અને મિથ્યા સમજીને સર્વ પ્રકારની કલ્પનાઓનો ત્યાગ કરીને સાધક ભોગોની આસક્તિથી મુક્ત થઈ જાય છે. આમ સમસ્ત વિકલ્પોથી છૂટીને મનને આત્મસ્થ, નિશ્ચલ અને શાંત કરીને યોગી જેનું બળતણ બળી ગયું છે એવા (ધુમાડા રહિત) અગ્નિ સમાન થઈ જાય છે.''

''આ ચોવીસ વિભાગોવાળી માયા જગતનું મૂળ કારણ છે. તેનાથી કામ, ક્રોધ, લોભ, મોહ, ભય, વિષાદ, શોક તથા અન્ય વિકલ્પ જાળ ઉત્પન્ન થયા છે. અને તેનાથી ધર્મ-અધર્મ, સુખ-દુઃખ અને સૃષ્ટિ વિનાશરૂપ પરિણામ, નરકમાં જવું, સ્વર્ગમાં રહેવું, જાતિ, આશ્રમ, રાગ, દ્વેષ, જુદા જુદા પ્રકારની વ્યાધિઓ, કુમારાવસ્થા, તરુણતા, વૃધ્ધવસ્થા, વિયોગ, સંયોગ, ભોગ, ઉપવાસ અને વ્રત ઉત્પન્ન થયા છે. આ સર્વને આ પ્રકારે (પ્રકૃતિનો જ વિકાર) જાણનાર પુરુષ તેને પ્રકૃતિમાં સ્થાપિત કરીને મૌન ભાવથી રહે છે. તેને જ તમે શુભ બુદ્ધિવાળા જાણો.''

❖

शाङ्करभाष्यम् :- तथा च श्रीविष्णुधर्मे षडध्यायाम्-

''अनादिसम्बन्धवत्या क्षेत्रज्ञोऽयमविद्यया ।
युक्तः पश्यति भेदेन ब्रह्मतत्त्वात्मनि स्थितम् ॥

पश्यत्यात्मानमन्यच्च यावद्वै परमात्मनः ।
तावत्संभ्राम्यते जन्तुर्मोहितो निजकर्मणा ॥
संक्षीणाशेषकर्मा तु परं ब्रह्म प्रपश्यति ।
अभेदेनात्मनः शुद्धं शुद्धत्वादक्षयो भवेत् ॥
अविद्या च क्रियाः सर्वा विद्या ज्ञानं प्रचक्षते ।
कर्मणा जायते जन्तुर्विद्यया च विमुच्यते ॥
अद्वैतं परमार्थो हि द्वैतं तद्भिन्न उच्यते ।
पशुतिर्यङ्मनुष्याख्यं तथैव नृप नारकम् ॥
चतुर्विधोऽपि भेदोऽयं मिथ्याज्ञाननिबन्धनः ।
अहमन्योऽपरश्चायममी चात्र तथापरे ॥
अज्ञानमेतद्द्वैताख्यमद्वैतं श्रूयतां परम् ।
मम त्वहमिति प्रज्ञावियुक्तमविकल्पवत् ॥
अविकार्यमनाख्येयमद्वैतमनुभूयते ।
मनोवृत्तिमयं द्वैतमद्वैतं परमार्थतः ॥
मनसो वृत्तयस्तस्माद्धर्माधर्मनिमित्तजाः ।
निरोद्धव्यास्तन्निरोधे द्वैतं नैवोपपद्यते ॥
मनोदृष्टमिदं सर्वं यत्किञ्चित्सचराचरम् ।
मनसो ह्यमनीभावेऽद्वैतभावं तदाप्नुयात् ॥
कर्मणां भावना येयं सा ब्रह्मपरिपन्थिनी ।
कर्मभावनया तुल्यं विज्ञानमुपजायते ॥
तादृग्भवति विज्ञप्तिर्यादृशी खलु भावना ।
क्षये तस्याः परं ब्रह्म स्वयमेव प्रकाशते ॥
परात्मनोर्मनुष्येन्द्र विभागोऽज्ञानकल्पितः ।
क्षये तस्यात्मपरयोरविभागोऽत एव हि ॥
आत्मा क्षेत्रज्ञसंज्ञो हि संयुक्तः प्राकृतैर्गुणैः ।
तैरेव विगतः शुद्धः परमात्मा निगद्यते ॥''

શાંકરભાષ્ય :- વળી શ્રી વિષ્ણુધર્મોત્તર પુરાણમાં ષડધ્યાયીમાં પણ કહ્યું છે. "આ ક્ષેત્રજ્ઞ પોતાનામાં અનાદિકાળથી સંબદ્ધ થયેલી અવિદ્યાથી મુક્ત થઈને પોતાના અન્તઃકરણમાં રહેલા બ્રહ્મને ભેદરૂપથી જુવે છે. જ્યાં સુધી જીવ પરમાત્માથી ભિન્ન પોતાને તથા અન્ય જીવોને જુવે છે ત્યાં સુધી તે પોતાના કર્મો દ્વારા મોહિત થઈને (સંસારમાં) ભટકતો રહે છે. જ્યારે તેના સંપૂર્ણ કર્મ ક્ષીણ થઈ જાય છે તો તે શુદ્ધ પર બ્રહ્મને પોતાનાથી અભિન્નરૂપે જુવે છે અને શુદ્ધ થઈ જવાથી આ અક્ષય થઈ જાય છે. સમસ્ત કર્મ અવિદ્યા રૂપ છે અને જ્ઞાન વિદ્યા કહેવાય છે. કર્મથી જીવે જન્મ લેવો પડે છે અને જ્ઞાનથી તે મુક્ત થઈ જાય છે. અદ્વૈત જ પરમાર્થ છે અને દ્વૈત તેનાથી ભિન્ન (અપરમાર્થ) કહેવાય છે. હે રાજન્ ! પશુ, તિર્યક્, મનુષ્ય અને નરકમાં જનાર જીવ - આ ચાર પ્રકારના ભેદ મિથ્યા જ્ઞાનના કારણે જ છે. હું અન્ય છું. આ અન્ય છે અને આ સર્વ અન્ય છે. આ જ દ્વૈત કહેવાયેલું અજ્ઞાન છે. હવે અદ્વૈતના વિષયમાં સાંભળો.

અદ્વૈતતત્ત્વ - હું-મારું, તું-તારું વગેરે બુદ્ધિથી રહિત, નિર્વિકલ્પ, નિરાકાર અને અનિર્વચનીય રૂપથી અનુભવાય છે. દ્વૈત મનોવૃત્તિરૂપ છે, પરમાર્થતઃ અદ્વૈત જ છે, માટે ધર્માધર્મરૂપ નિમિત્તના કારણે ઉત્પન્ન થયેલી મનની વૃત્તિઓનો નિરોધ કરવો જોઈએ. તેનો નિરોધ થઈ જવાથી દ્વૈતની સિદ્ધિ થતી નથી. આ જે કાંઈ ચરાચર જગત છે સર્વ મનનું દર્શન માત્ર છે. મનનો

અમનીભાવ (નાશ) થઈ જવાથી આ અદ્વૈતભાવને પ્રાપ્ત થાય છે. આ જે કર્મોની ભાવના છે તે બ્રહ્માનુભવમાં વિઘ્નરૂપ છે, કારણ કે કર્મોની ભાવનાને અનુરૂપ જ વિજ્ઞાન ઉત્પન્ન થાય છે. વિજ્ઞાન તો એવું ઉત્પન્ન થાય છે જેવી જેની ભાવના હોય છે. માટે ભાવનાનો નાશ થઈ જવાથી પરબ્રહ્મનો સ્વયં જ પ્રકાશ થવા લાગે છે. હે રાજન્ ! આત્મા અને પરબ્રહ્મનો જે વિભાગ છે તે અજ્ઞાન કલ્પિત છે. માટે તેનો ક્ષય થઈ જવાથી ફરી આત્મા અને પરબ્રહ્મનો અભેદ જ નિશ્ચિત થાય છે. ક્ષેત્રજ્ઞ સંજ્ઞક આત્મા પ્રકૃતિના ગુણોથી યુક્ત છે તે જ તેનાથી રહિત થઈને શુદ્ધ થવાથી પરમાત્મા કહેવાય છે.”

◆

शाङ्करभाष्यम् :- तथा च श्रीविष्णुपुराणे-

''परमात्मा त्वमेवैको नान्योऽस्ति जगतः पते ।
तवैष महिमा येन व्याप्तमेतच्चराचरम् ॥
यदेतद्दृश्यते मूर्तमेतज्ज्ञानात्मनस्तव ।
भ्रान्तिज्ञानेन पश्यन्ति जगद्रूपमयोगिनः ॥
ज्ञानस्वरूपमखिलं जगदेतदबुद्धयः ।
अर्थस्वरूपं पश्यन्तो भ्राम्यन्ते मोहसंप्लवे ॥
ये तु ज्ञानविदः शुद्धचेतसस्तेऽखिलं जगत् ।
ज्ञानात्मकं प्रपश्यन्ति त्वद्रूपं पारमेश्वरम् ॥'' (वि.पु. १-४-३८-४१)
''अहं हरिः सर्वमिदं जनार्दनो नान्यत्ततः कारणकार्यजातम् ।
ईदृङ्मनो यस्य न तस्य भूयो भवोद्भवा द्वन्द्वगदा भवन्ति ॥'' (वि.पु. १-२२-८७)
''ज्ञानस्वरूपमत्यन्तं निर्मलं परमार्थतः ।
तदेवार्थस्वरूपेण भ्रान्तिदर्शनतः स्थितम् ॥'' (वि.पु. १-२-६)
''ज्ञानस्वरूपो भगवान्यतोऽसावशेषमूर्तिर्न तु वस्तुभूतः ।
ततो हि शैलाब्धिधरादिभेदाञ्जानीहि विज्ञानविजृम्भितानि ॥ (वि.पु. २-१२-३९)
वस्त्वस्ति किं कुत्रचिदादिमध्यपर्यन्तहीनं सततैकरूपम् ।
यच्चान्यथात्वं द्विज याति भूमौ न तत्तथा तत्र कुतो हि तत्त्वम् ॥
मही घटत्वं घटतः कपालिका कपालिकाचूर्णरजस्ततोऽणुः ।
जनैः स्वकर्मस्तिमितात्मनिश्चयैरालक्ष्यते ब्रूहि किमत्र वस्तु ॥
तस्मान्न विज्ञानमृतेऽस्ति किञ्चित्क्वचित्कदाचिद्द्विज वस्तुजातम् ।
विज्ञानमेकं निजकर्मभेदविभिन्नचित्तैर्बहुधाभ्युपेतम् ॥
ज्ञानं विशुद्धं विमलं विशोकमशेषलोभादिनिरस्तसङ्गम् ।
एकं सदैकं परमः परेशः स वासुदेवो न यतोऽन्यदस्ति ॥
सद्भाव एवं भवतो मयोक्तो ज्ञानं तथा सत्यमसत्यमन्यत् ।
एतत्तु यत्संव्यवहारभूतं तत्रापि चोक्तं भुवनाश्रितं ते ॥'' (वि.पु. २-१२-४१-४५)
''अविद्यासंचितं कर्म तच्चाशेषेषु जन्तुषु ॥
आत्मा शुद्धोऽक्षरः शान्तो निर्गुणः प्रकृतेः परः ।
प्रवृद्ध्यपचयौ न स्त एकस्याखिलजन्तुषु ॥'' (वि.पु. २-१३-७०-७१)
''यत्तु कालान्तरेणापि नान्यसंज्ञामुपैति वै ।
परिणामादिसंभूतां तद्वस्तु नृप तच्च किम् ॥'' (वि.पु. २-१३-१००)

"यद्यन्योऽस्ति परः कोऽपि मत्तः पार्थिवसत्तम ।
तदैषोऽहमयं चान्यो वक्तुमेवमपीष्यते ॥
यदा समस्तदेहेषु पुमान्ह्येको व्यवस्थितः ।
तदा हि को भवान्सोऽहमित्येतद्विप्रलम्भनम् ॥
त्वं राजा शिविका चेयं वयं वाहाः पुरःसराः ।
अयं च भवतो लोको न सदेतत्त्वयोच्यते ॥" (वि.पु. २-१३-९०-९२)
"वस्तु राजेति यल्लोके यच्च राजभटात्मकम् ।
तथान्ये च नृपत्वं च तत्तत्सङ्कल्पनामयम् ॥" (वि.पु. २-१३-९९)
"अनाशो परमार्थश्च प्राज्ञैरभ्युपगम्यते ।" (वि.पु. २-१४-२४)
"परमार्थस्तु भूपाल संक्षेपाच्छ्रूयतां मम ॥
एको व्यापी समः शुद्धो निर्गुणः प्रकृतेः परः ।
जन्मवृद्ध्यादिरहित आत्मा सर्वगतोऽव्ययः ॥
परज्ञानमयः सद्भिर्नामजात्यादिभिः प्रभुः ।
न योगवान्न युक्तोऽभून्नैव पार्थिव योक्ष्यते ॥
तस्यात्मपरदेहेषु संयोगो ह्येक एव यत् ।
विज्ञानं परमार्थोऽसौ द्वैतिनोऽतथ्यदर्शिनः ॥" (वि.पु. २-१४-२८-३१)
"एवमेकमिदं विद्धन्नभेदि सकलं जगत् ।
वासुदेवाभिधेयस्य स्वरूपं परमात्मनः ।" (वि.पु. २-१५-३५)
"निदाघोऽप्युपदेशेन तेनाद्वैतपरोऽभवत् ॥
सर्वभूतान्यभेदेन स ददर्श तदात्मनः ।
तथा ब्रह्म ततो मुक्तिमवाप परमां द्विजः ॥
सितनीलादिभेदेन यथैकं दृश्यते नभः ।
भ्रान्तदृष्टिभिरात्मापि तथैकः सन्पृथक्पृथक् ॥" (वि.पु. २-१६-१९-२०)
"एकः समस्तं यदिहास्ति किञ्चित्तदच्युतो नास्ति परं ततोऽन्यत् ।
सोऽहं स च त्वं स च सर्वमेतदात्मस्वरूपं त्यज भेदमोहम् ॥
इतीरितस्तेन स राजवर्यस्तत्याज भेदं परमार्थदृष्टिः ।
स चापि जातिस्मरणाप्तबोधस्तत्रैव जन्मन्यपवर्गमाप ॥" (वि.पु. २-१६-२२-२४)

શાંકરભાષ્ય :- આવું જ શ્રી વિષ્ણુપુરાણમાં પણ કહ્યું છે, "હે જગત્ પતિ ! તમે જ એક માત્ર પરમાત્મા છો, તમારાથી અલગ બીજું કશું જ નથી. જેનાથી આ ચરાચર જગત વ્યાપેલું છે તે આ તમારો જ મહિમા છે. આ જે કાંઈ મૂર્ત જગત દેખાય છે તે જ્ઞાનસ્વરૂપ તમારું જ રૂપ છે. અસંયમી લોકો પોતાના ભ્રમપૂર્ણ જ્ઞાન અનુસાર આને જગત રૂપ જુએ છે. આ સંપૂર્ણ જ્ઞાનસ્વરૂપ જગતને અર્થસ્વરૂપ જોનારા બુદ્ધિહીન મનુષ્યોને મોહરૂપ મહાસાગરમાં ભટકવું પડે છે. પરંતુ જે શુદ્ધચિત્ત જ્ઞાની લોકો છે તે આ સંપૂર્ણ જગતને આપ પરમાત્માનું જ્ઞાનમય સ્વરૂપ જ સમજે છે." (વિ.પુ. ૧-૪-૩૮થી ૪૧) "જેમનો એવો નિશ્ચિય છે કે હું તથા આ સંપૂર્ણ જગત જનાર્દન શ્રીહરિ જ છે તેનાથી અલગ કોઈ પણ કાર્યકારણ વર્ગ નથી. તે પુરુષને ફરી સાંસારિક રાગ-દ્વેષાદિ દ્વન્દ્વરૂપી રોગો થતાં નથી." (વિ.પુ. ૧-૨૨-૮૭)

"જે પરમાર્થતઃ (વાસ્તવમાં) અત્યંત નિર્મળ જ્ઞાનસ્વરૂપ પરમાત્મા છે તે અજ્ઞાન દૃષ્ટિથી વિભિન્ન પદાર્થોના રૂપમાં પ્રતીત થઈ રહ્યા છે." (વિ.પુ. ૧-૨-૬) "તે વિશ્વમૂર્તિ ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. પદાર્થાકાર નથી, એટલા માટે આ પર્વત, સમુદ્ર અને પૃથ્વી વગેરે વિભિન્ન પદાર્થોને તમે વિજ્ઞાનનો જ વિલાસ માનો." (વિ.પુ. ૨-૧૨-૧૯) "હે દ્વિજ ! શું ઘટ-

પટાદિ કોઈપણ એવી વસ્તુ છે જે આદિ, મધ્ય અને અંતથી રહિત તેમજ સર્વદા એક રૂપમાં જ રહેનારી હોય, પૃથ્વી પર જે વસ્તુ બદલાતી રહે છે, તે પૂર્વવત્ નથી રહેતી, તેમાં વાસ્તવિકતા કેવી રીતે હોઈ શકે ? જુઓ, માટી જ ઘટ રૂપ થઈ જાય છે, પછી તે જ ઘટમાંથી ટુકડા (કપાલ) ટુકડામાંથી માટી અને માટીમાંથી અણુ રૂપ થઈ જાય છે. હવે બતાવો કે, પોતાના કર્મોને વશ થઈને આત્મવિશ્વાસને ભૂલેલા મનુષ્યો આમાં કઈ સત્ય વસ્તુને જુએ છે ? માટે હે દ્વિજ ! વિજ્ઞાન સિવાય કદી ક્યાંય કોઈ પણ પદાર્થ સમુહ છે જ નહીં. પોતપોતાના કર્મોને કારણે વિભિન્ન ચિત્તવૃત્તિઓથી યુક્ત પુરુષોને એક માત્ર વિજ્ઞાન જ વિભિન્ન રૂપથી પ્રતીત થાય છે. રાગ-દ્વેષાદિ મળથી રહિત, શોકશૂન્ય, લોભ આદિ સંપૂર્ણ દોષોથી વર્જિત, સદા એકરસ તેમજ અસંગ એકમાત્ર વિશુદ્ધ વિજ્ઞાન જ તે સર્વશ્રેષ્ઠ પરમેશ્વર વાસુદેવ છે. તેનાથી જુદું બીજું કાંઈ પણ નથી. આમ મેં તમારા પ્રતિ પરમાર્થનું નિરૂપણ કર્યું. બસ, એક જ્ઞાન જ સત્ય છે. અન્ય સર્વ મિથ્યા છે. તેના સિવાય આ જે વ્યવહારિક સત્ય છે તેનું ત્રિભુવનના વિષયમાં પણ વર્ણન કર્યું છે.'' (વિ.પુ. ૨-૧૨-૪૧થી ૪૫)

''કર્મ અવિદ્યાસંચિત છે અને તે સર્વ જીવોમાં રહેલું છે, પરંતુ આત્મા શુદ્ધ, નિર્વિકાર, શાન્ત, નિર્ગુણ અને પ્રકૃતિથી પર છે. સમગ્ર પ્રાણીઓમાં વિદ્યમાન તે એક આત્માના વૃદ્ધિ અને ક્ષય થતાં નથી.'' (વિ.પુ. ૨-૧૩-૭૦ અને ૭૧) ''હે રાજન્ ! જે કાલાન્તરમાં પણ પરિણામ વગેરેનું કારણ થનાર કોઈ અન્ય સંજ્ઞાને પ્રાપ્ત થતી નથી તે પરમાર્થ વસ્તુ છે. આવી વસ્તુ (આત્માના સિવાય) બીજું શું છે ?'' (વિ.પુ. ૨-૧૩-૧૦૦) ''હે નૃપશ્રેષ્ઠ ! જો મારાથી ભિન્ન કોઈ બીજો પદાર્થ હોત તો આ, હું, અમુક, અન્ય વગેરે પણ કહેવું યોગ્ય હતું. જ્યારે કે સંપૂર્ણ શરીરોમાં એક જ પુરુષ રહેલો છે તો ''આપ કોણ છો ?'' ''હું તે છું.'' વગેરે વાક્ય વંચનામાત્ર છે. તમે રાજા છો, આ પાલખી છે. અમે તમારી સામે ચાલનાર વાહક છીએ અને આ તમારા પરિજન છે. આ તમે બરાબર કહેતાં નથી,'' (વિ.પુ. ૨-૧૩-૯૦થી ૯૨) ''વ્યવહારમાં જે વસ્તુ રાજા છે, જે રાજસેવક વગેરે છે અને જેને રાજત્વ કહે છે તથા તેના સિવાય જે અન્ય પદાર્થ છે તે સર્વ સંકલ્પમય જ છે.'' (વિ.પુ. ૨-૧૩-૧૯) ''અવિનાશી પરમાર્થતત્ત્વની ઉપલબ્ધિ તો જ્ઞાનીઓને જ થાય છે.'' (વિ.પુ. ૨-૧૪-૨૪)

''રાજન્ ! તમે મારી પાસેથી સંક્ષેપમાં પરમાર્થતત્ત્વનું શ્રવણ કરો. સર્વવ્યાપી, સર્વત્ર સમભાવથી રહેલ, શુદ્ધ, નિર્ગુણ, પ્રકૃતિથી પર, જન્મ અને વૃદ્ધિ વગેરેથી રહિત, સર્વગત તેમજ અવિનાશી આત્મા એક છે. તે પરમ જ્ઞાનમય છે. હે રાજન્ ! તે પ્રભુનું વાસ્તવિક નામ તેમજ જાતિ વગેરેથી સંયોગ ન તો છે, નથી થયેલો અને નથી કદી થવાનો. તેના પોતાના અને બીજાના દેહ સાથે એક જ સંયોગ છે. આ પ્રકારનું વિશેષ જ્ઞાન છે તે જ પરમાર્થ છે. દ્વૈતવાદી તો અપરમાર્થદર્શી છે.'' (વિ.પુ. ૨-૪-૨૮થી ૩૧) ''હે વિદ્વાન ! આ પ્રકારે આ સર્વ જગત વાસુદેવ સંજ્ઞક પરમાત્માનું એક અભિન્ન સ્વરૂપ જ છે.'' (વિ.પુ. ૨-૧૫-૩૫)

''(ગુરુદેવથી ઋભુના) આ ઉપદેશથી નિદાઘ પણ અદ્વૈત પરાયણ થઈ ગયા. અને ત્યારે તે સમસ્ત પ્રાણીઓને આત્માની સાથે અભેદ રૂપે જોવાથી તેઓને બ્રહ્મનો સાક્ષાત્કાર થઈ ગયો. હે દ્વિજ ! આનાથી તેણે ઉત્કૃષ્ટ મોક્ષપદ પ્રાપ્ત કરી લીધું. જેવી રીતે એક જ આકાશ સફેદ અને નીલ વગેરે ભેદથી વિભિન્ન પ્રકારનું દેખાય છે તેવી રીતે જેની દૃષ્ટિ ભ્રમગ્રસ્ત છે, તે લોકોને આત્મા એક હોવાથી પણ અલગ અલગ દેખાય છે.'' (વિ.પુ. ૨-૧૬-૧૯, ૨૦) ''આ જગતમાં જે કાંઈ છે તે સર્વ એકમાત્ર શ્રીહરિ જ છે. તેમનાથી ભિન્ન બીજું કશું જ નથી. તે હું છું, તે તમે છો અને આ સર્વ જગત પણ આત્મસ્વરૂપ શ્રીહરિ જ છે. તમે ભેદમોહને છોડી દો. તે(અવધૂત)ના આમ કહેવાથી તે સૌવીરનરેશે પરમાર્થ દૃષ્ટિથી સંપન્ન થઈને ભેદબુદ્ધિ છોડી દીધી અને તે બ્રાહ્મણને પણ પૂર્વજન્મનું સ્મરણ રહેવાથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરીને એ જ જન્મમાં મોક્ષપદ પ્રાપ્ત કરી લીધું.'' (વિ.પુ. ૨-૧૬-૨૨થી ૨૪)

❖

शाङ्करभाष्यम् :- तथा लैङ्गे-

''तस्मादज्ञानमूलो हि संसारः सर्वदेहिनाम् ।
परतन्त्रे स्वतन्त्रे च भिदाभावाद्विचारतः ॥
एकत्वमपि नास्त्येव द्वैतं तत्र कुतोऽस्त्यहो ।
एकं नास्त्यथ मर्त्यं च कुतो मृतसमुद्भवः ॥

नान्तःप्रज्ञो बहिष्प्रज्ञो न चोभयत एव च ।
न प्रज्ञानघनस्त्वेवं न प्रज्ञोऽप्रज्ञ एव सः ॥
विदिते नास्ति वेद्यं च निर्वाणं परमार्थतः ।
अज्ञानतिमिरात्सर्वं नात्र कार्या विचारणा ॥
ज्ञानं च बन्धनं चैव मोक्षो नाप्यात्मनो द्विजाः ।
न ह्येषा प्रकृतिर्जीवो विकृतिश्च विकारतः ।
विकारो नैव मायैषा सदसद्व्यक्तिवर्जिता ॥"

तथाह भगवान्पराशरः-

"अस्माद्धि जायते विश्वमत्रैव प्रविलीयते ।
स मायी मायया बद्धः करोति विविधास्तनूः ॥
न चात्रैवं संसरति न च संसारयेत्परम् ।
न कर्ता नैव भोक्ता च न च प्रकृतिपूरुषौ ॥
न माया नैव च प्राणश्चैतन्यं परमार्थतः ।
तस्मादज्ञानमूलो हि संसारः सर्वदेहिनाम् ॥
नित्यः सर्वगतो ह्यात्मा कूटस्थो दोषवर्जितः ।
एकः स भिद्यते शक्त्या मायया न स्वभावतः ॥
तस्माद्दैतमेवाहुर्मुनयः परमार्थतः ।
ज्ञानस्वरूपमेवाहुर्जगदेतद्विचक्षणाः ॥
अर्थस्वरूपमज्ञानात्पश्यन्त्यन्ये कुदृष्टयः ।
कूटस्थो निर्गुणो व्यापी चैतन्यात्मा स्वभावतः ॥
दृश्यते ह्यर्थरूपेण पुरुषैर्भ्रान्तदृष्टिभिः ।
यदा पश्यति चात्मानं केवलं परमार्थतः ॥
मायामात्रमिदं द्वैतं तदा भवति निर्वृतः ।
तस्माद्विज्ञानमेवास्ति न प्रपञ्चो न संसृतिः ॥"

एवं श्रुत्यादिना नामादिकारणोपन्यासमुखेन स्वरूपेण च बाधितत्वात्प्रपञ्चस्य मिथ्यात्वमवगम्यते । अस्थूलादिलक्षणस्य ब्रह्मणस्तद्विपरीतस्थूलाकारो मिथ्या भवितुमर्हति । यथैकस्य चन्द्रमसस्तद्विपरीतद्वितीयाकारस्तद्वत् ।

શાંકરભાષ્ય :- તથા લિંગપુરાણમાં કહ્યું છે - "માટે, સમસ્ત પ્રાણીઓને આ સંસાર અજ્ઞાનને જ કારણે પ્રાપ્ત થાય છે, કારણ કે વિચાર કરવાથી સ્વતંત્ર પરમાત્મા અને પરતંત્ર જીવમાં કોઈ ભેદ નથી. અહો ! જ્યારે તેમાં એકત્વ પણ નથી તો દ્વૈત ક્યાંથી હોઈ શકે છે ? જ્યારે એક નહીં અને કોઈ મર્ત્ય (મરણધર્મા) પણ નથી તો મૃત્યુ ક્યાંથી થઈ શકે ? તે ન તો અંતઃપ્રજ્ઞ (અંદરની જાણનાર) છે ન બહિષ્પ્રજ્ઞ (બહારની જાણનાર) છે. ન બંને બાજુનું જાણનાર છે અને ન પ્રજ્ઞાનધન છે. એટલા માટે તે ન પ્રજ્ઞ (પ્રકૃષ્ટ જ્ઞાનવાળા) છે ન અપ્રજ્ઞ (જ્ઞાનહીન) પણ છે. જ્ઞાન થઈ જવાથી તો કોઈ જ્ઞેય જ નથી રહેતા, માટે પરમાર્થતઃ નિર્વાણ સ્વરૂપ જ છે. સર્વ કાંઈ અજ્ઞાનાન્ધકારને જ કારણે છે. તેમાં કોઈ પ્રકારનો વિચાર કરવાની આવશ્યકતા નથી. હે દ્વિજગણ ! આત્માનું ન તો જ્ઞાન થાય છે, ન બંધન થાય છે અને ન મોક્ષ પણ થાય છે. જીવ ન તો આ પ્રકૃતિ છે, ન વિકૃતિ છે અને ન તેનો વિકાર પણ છે, કારણ કે આ સર્વ વિકારી છે, આ સર્વ તો સત્-અસત્થી વિલક્ષણ માયા જ છે."

તથા ભગવાન પરાશર કહે છે - "આનાથી વિશ્વ ઉત્પન્ન થાય છે અને આમાં જ લીન થઈ જાય છે. તે માયાવાળો માયાથી બંધાઈને પોતે જ અનેક પ્રકારના શરીર ધારણ કરી લે છે. પરંતુ આ રીતે ન તો તે સ્વયં સંસારને પ્રાપ્ત થાય છે

અને ન કોઈ અન્યને પણ સંસારમાં પ્રવૃત્ત કરે છે, કારણ કે ન તે કર્તા છે, ન ભોક્તા છે, ન પ્રકૃતિ અથવા પુરુષ છે, ન માયા છે અને ન પ્રાણ છે, વસ્તુતઃ તે તો ચૈતન્ય છે. માટે સમસ્ત પ્રાણીઓનો સંસાર અજ્ઞાનમૂલક છે. આત્મા તો નિત્ય; સર્વગત, કૂટસ્થ અને નિર્દોષ છે. તે એક પોતાની માયાશક્તિ દ્વારા જ ભેદને પ્રાપ્ત કરે છે. સ્વરૂપતઃ નહીં. માટે મુનીઓને પરમાર્થતઃ અદ્વૈત જ બતાવ્યું છે, વિદ્વાનોએ આ જગતને જ્ઞાનસ્વરૂપ જ કહ્યું છે. જેમની દૃષ્ટિ દૂષિત છે તે બીજા લોકો જ અજ્ઞાનવશ તેને પરમાર્થ સ્વરૂપ સમજે છે. ચૈતન્ય આત્મા તો સ્વભાવતઃ કૂટસ્થ, નિર્ગુણ અને સર્વવ્યાપક છે. ભ્રાન્તિદર્શી લોકોને જ તે પદાર્થાકારે પ્રતીત થાય છે. જે સમયે પુરુષ આત્માનો પરમાર્થરૂપથી સાક્ષાત્કાર કરે છે અને આ દ્વૈતપ્રપંચને માયામાત્ર સમજે છે તે જ સમયે તેને શાંતિ પ્રાપ્ત થાય છે. માટે કેવળ વિજ્ઞાન જ છે. પ્રપંચ અથવા સંસાર નથી.''

આમ શ્રુતિ વગેરે દ્વારા નામાદિના કારણોનું દિગ્દર્શન કરાવવાથી તથા સ્વરૂપતઃ બંધાયેલા હોવાને કારણે પ્રપંચનું મિથ્યાત્વ જાણી શકાય છે. બ્રહ્મ અસ્થલાદિ લક્ષણોવાળું છે, માટે તેનાથી વિપરીત સ્થૂલાકાર પ્રપંચ મિથ્યા હોવું જ જોઈએ. જેવી રીતે એક ચંદ્રમાનો બીજો આકાર મિથ્યા હોય છે તેવી જ રીતે આને સમજવું જોઈએ.

❖

शाङ्करभाष्यम् :- तथा च सूत्रकारो **''न स्थानतोऽपि परस्योभयलिङ्गं सर्वत्र हि''** (ब्र.सू. ३-२-११) इति स्वरूपत उपाधितश्च विरुद्धरूपद्वयासंभवान्निर्विशेषमेव ब्रह्मेत्युपपाद्य **''न भेदात्''** (ब्र.सू. ३-२-१२) इति भेदश्रुतिबलात्किमिति सविशेषमपि ब्रह्म नाभ्युपगम्यत इत्याशङ्क्य **''न प्रत्येकमतद्वचनात्''** इत्युपाधिभेदस्य श्रुत्यैव बाधितत्वादभेदश्रुतिबलात्सविशेषस्य ग्रहणायोगान्निर्विशेषमेवेत्युपपाद्य **''अपि चैवमेके''** (ब्र.सू. ३-२-१३) इति भेदनिन्दापूर्वकमभेदमेवैके शाखिनः समामनन्ति- **''मनसैवेदमाप्तव्यम्''** (क.उप. ४-११) । **''नेह नानास्ति किञ्चन ।'' ''मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति''** (बृ.उप. ४-४-१९) । **''एकधैवानुद्रष्टव्यमिति''** (बृ.उप. ४-४-२०) । **''भोक्ता भोग्यं प्रेरितारं च मत्वा सर्वं प्रोक्तं त्रिविधं ब्रह्ममेतत्''** (श्वेता.उप. १-१२) इति सर्वभोग्यभोक्तृनियन्तृलक्षणस्य प्रपञ्चस्य ब्रह्मैकस्वभावताभिधीयत इति ।

पुनरपि निर्विशेषपक्षे दृढीकृते किमित्येकस्वरूपस्य उभयस्वरूपासंभवेऽनाकारमेव ब्रह्मावधार्यते न पुनर्विपरीतमित्याशङ्क्य **''अरूपवदेव हि तत्प्रधानत्वात्''** (ब्र.सू. ३-२-१४) इति रूपाद्याकाररहितमेव ब्रह्मावधारयितव्यम् । कस्मात् ? तत्प्रधानत्वात् । **''अस्थूलमनणवह्रस्वमदीर्घम्''** (बृ.उप. ३-८-८) **''अशब्दमस्पर्शमरूपमव्ययम्''** (क.उप. ३-१५) । **''आकाशो वै नाम नामरूपयोर्निर्वहिता ते यदन्तरा तद्ब्रह्म''** (छा.उप. ४-१४-७) **''तदेतद्ब्रह्मापूर्वमनपरमनन्तरमबाह्ममयमात्मा ब्रह्म सर्वानुभूरित्येतदनुशासनम्''** (बृ.उप. २-५-१९) इत्येवमादीनि निष्प्रपञ्चब्रह्मात्मतत्त्वप्रधानानि । इतराणि कारणब्रह्मविषयाणि न तत्प्रधानानि । तत्प्रधानान्यतत्प्रधानेभ्यो बलीयांसि भवन्ति । अतस्तत्परश्रुतिप्रतिपन्नत्वान्निर्विशेषमेव ब्रह्मावगन्तव्यं न पुनः सविशेषमिति निर्विशेषपक्षमुपपाद्य का तर्ह्याकारवद्विषयाणां श्रुतीनां गतिः ? इत्याकाङ्क्षायां **''प्रकाशवच्चावैयर्थ्यात्''** (ब्र.सू. ३-२-१५) इति चन्द्रसूर्यादीनां जलाद्युपाधिकृतनानात्ववच्च ब्रह्मणोऽप्युपाधिकृतनानात्वरूपस्य विद्यमानत्वात्तदाकारवतो ब्रह्मण आकारविशेषोपदेश उपासनार्थो न विरुध्यते ।

શાંકરભાષ્ય :- આમ સૂત્રકાર (ભગવાન વ્યાસજીએ) પણ ''न स्थानतोऽपि परस्योभयलिङ्गं सर्वत्र हि'' (બ્ર.સૂ. ૩-૨-૧૧) આ સૂત્ર દ્વારા સ્વરૂપથી અને ઉપાધિથી પણ બ્રહ્મના (સવિશેષ અને નિર્વિશેષ) બે પરસ્પર-વિરુદ્ધ રૂપ સંભવ ન હોવાને કારણે બ્રહ્મ નિર્વિશેષ જ છે એવું ઉપપાદન કરીને (પછી ''न भेदादिति चेन्न प्रत्येकमतद्वचनात्'' (બ્ર.સૂ. ૩-૨-૧૨) આ સૂત્રના) 'न भेदात्' આ અંશ દ્વારા એવી આકાંક્ષા કરે કે ''શું ભેદ શ્રુતિના સામર્થ્યથી બ્રહ્મને સવિશેષ પણ માની શકાય નહીં.'' ''न प्रत्येकमतद्वचनात्'' આ અંશથી આમ નિશ્ચય કર્યો છે કે ઉપાધિજનિત ભેદ શ્રુતિથી જ બાધિત હોવાને કારણે અભેદશ્રુતિના સામર્થ્યથી સવિશેષ બ્રહ્મનું ગ્રહણ કરી શકાતું નથી, મારે તે નિર્વિશેષ જ છે. તેના પછી 'अपि चैवमेके' (બ્ર.સૂ. ૩-૨-૧૩) આ સૂત્રથી આમ નિશ્ચય કર્યો છે કે કોઈ કોઈ શાખાવાળા ભેદદૃષ્ટિની નિંદા કરતાં કરતાં અભેદનું જ પ્રતિપાદન કરે છે. (તેમનું કથન છે કે) **''આ મનથી જ પ્રાપ્ત કરી શકાય છે.''** (ક.ઉપ. ૪-૧૧) **''અહીં અનેક કાંઈ જ નથી,'' ''અહીં જે અનેક રૂપે દેખાય છે તે મૃત્યુથી મૃત્યુને પ્રાપ્ત થાય છે,''** (બૃ.ઉપ. ૪-૪-૧૯) **''તેને એકરૂપ જ જોવું જોઈએ.''** (બૃ.ઉપ. ૪-૪-૨૦) તથા **''ભોક્તા, ભોગ્ય અને પ્રેરક માનીને જેને ત્રણ પ્રકારનું કહેવામાં આવ્યું છે તે સર્વ બ્રહ્મ જ છે,''** (શ્વે.ઉપ. ૧-૧૨) વગેરે શ્રુતિઓથી ભોક્તા, ભોગ્ય અને પ્રેરકરૂપ સંપૂર્ણ પ્રપંચ એકમાત્ર બ્રહ્મસ્વરૂપ જ કહેવાયું છે.

ફરીથી પણ નિર્વિશેષ પક્ષની જ પુષ્ટિ થવાથી 'એકસ્વરૂપ બ્રહ્મનું ઉભયરૂપ હોવું એ અસંભવ છે. માટે બ્રહ્મનો નિરાકાર તરીકે જ કેમ નિશ્ચય કરવામાં આવે છે તેનાથી વિપરીત સાકાર તરીકે કેમ માનવામાં આવતો નથી.'' એવી આશંકા કરીને ''अरूपवदेव हि तत्प्रधानत्वात्'' (બ્ર.સૂ. ૩-૨-૧૪) આ સૂત્રથી એમ કહેવામાં આવ્યું છે કે બ્રહ્મને રૂપાદિ આકારોથી રહિત જ માનવું જોઈએ. કેમ ? એટલા માટે કે નિર્વિશેષ વાક્ય જ બ્રહ્મનું પ્રધાનતયા પ્રતિપદાન કરે છે. જેમ **"બ્રહ્મ ન સ્થૂળ છે, ન અણુ છે, ન હ્રસ્વ છે, ન દીર્ઘ છે,"** (બૃ.ઉપ. ૩-૩-૮) **"બ્રહ્મ શબ્દ સ્પર્શ અને રૂપહીન તથા અવિનાશી છે,"** (ક.ઉપ. ૩-૧૫) **"આકાશ (આકાશસંજ્ઞક બ્રહ્મ) જ નામરૂપનું નિર્વાહક છે. તે જેના અંતર્ગત છે તે બ્રહ્મ છે,"** (છા.ઉપ. ૪-૧૪-૭) **"તે બ્રહ્મ કારણ કાર્યથી રહિત તથા અંતર્બાહ્યશૂન્ય છે. આ આત્મા સર્વનો અનુભવ કરનાર બ્રહ્મ છે. આ વેદની આજ્ઞા છે."** (બૃ.ઉપ. ૨-૫-૧૯) વગેરે વાક્યો પ્રધાનતયા નિષ્પ્રપંચ બ્રહ્માત્મતત્ત્વના જ પ્રતિપાદક છે. અન્ય જે કારણ બ્રહ્મ વિષયક વાક્ય છે તેનું મુખ્ય તાત્પર્ય બ્રહ્મતત્ત્વના પ્રતિપાદનમાં નથી. કોઈ પણ જ્ઞાતવ્ય વસ્તુના સંબંધમાં અતત્પ્રધાન★ વાક્યોની અપેક્ષાએ તત્પ્રધાન વાક્ય જ બળવાન હોય છે. માટે પ્રધાનતયા બ્રહ્મતત્ત્વનું પ્રતિપાદન કરનારી શ્રુતિઓથી જણાયેલ હોવાને કારણે બ્રહ્મને નિર્વિશેષ જ માનવું જોઈએ, સવિશેષ નહીં. આમ નિર્વિશેષ પક્ષનું સમર્થન કરવાને કારણે એવી આશંકા થવાથી કે 'પછી સાકારબ્રહ્મપરા શ્રુતિયોની કઈ ગતિ થશે ?' ''प्रकाशवच्चावैयर्थ्यात्'' આ સૂત્રથી એમ બતાવ્યું છે કે જલાદિ ઉપાધિઓના કારણે પ્રતીત થનાર ચંદ્ર સૂર્યાદિની વિવિધતા સમાન બ્રહ્મનું પણ ઉપાધિકૃત વિવિધત્ત્વરૂપ વિદ્યમાન છે. માટે ઉપાસના માટે ઔપાધિક આકારવાળા બ્રહ્મના કોઈ આકારવિશેષનો ઉપદેશ કરવામાં પણ કોઈ વિરોધ નથી.

★ જે વાક્યમાં જ્ઞાતવ્ય પદાર્થના પ્રતિપાદનનું તાત્પર્ય હોતું નથી એ અતત્પ્રધાન અને જેમાં એવું તાત્પર્ય હોય છે તે તત્પ્રધાન વાક્ય કહેવાય છે. - સંપાદક

⁂

शाङ्करभाष्यम् :- एवमवैयर्थ्यं नानाकारब्रह्मविषयाणां वाक्यानामिति भेदश्रुतीनामौपाधिकब्रह्मविषयत्वेनावैयर्थ्यमुक्त्वा पुनरपि निर्विशेषमेव ब्रह्मेति द्रढयितुम् **''आह च तन्मात्रम्''** (ब्र.सू. ३-२-१६) इति । **''स यथा सैन्धवघनोऽनन्तरोऽबाह्यः कृत्स्नो रसघन एव । एवं वा अरेऽयमात्मानन्तरोऽबाह्यः कृत्स्नः प्रज्ञानघन एव''** (बृ.उप. ४-५-१३) इति श्रुत्युपन्यासेन विज्ञानव्यतिरिक्तरूपान्तराभावमुपन्यस्य **''दर्शयति चाथो अपि स्मर्यते''** (ब्र.सू. ३-२-१७) इति । **''अथात आदेशो नेति नेति''** (बृ.उप. २-३-६) । **''अन्यदेव तद्विदितादथो अविदितादधि''** (के.उप. १-३) । **''यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह''** (तैत्ति.उप. २-४-१) ।

''प्रत्यस्तमितभेदं यत् सत्तामात्रमगोचरम् ।
वचसामात्मसंवेद्यं तज्ज्ञानं ब्रह्मसंज्ञितम् ।''
''विश्वस्वरूपवैरूप्यं लक्षणं परमात्मनः''

इत्यादि श्रुतिस्मृत्युपन्यासमुखेन प्रत्यस्तमितभेदमेव ब्रह्मेत्युपपाद्य **''अत एव चोपमा सूर्यकादिवत्''** (ब्र.सू. ३-२-१८) इति । यत एव चैतन्यमात्ररूपो नेति नेत्यात्मको विदिताविदितायामन्यो वाचामगोचरः प्रत्यस्तमितभेदो विश्वस्वरूपविलक्षणस्वरूपः परमात्माविद्योपाधिको भेदः । अत एव चास्योपाधिनिमित्तामपारमार्थिकीं विशेषवत्तामभिप्रेत्य जलसूर्यादिरिवेत्युपमा दीयते मोक्षशास्त्रेषु ।

''आकाशमेकं हि यथा घटादिषु पृथक्पृथक् ।
तथात्मैको ह्यनेकश्च जलाधारेष्विवांशुमान् ॥'' (याज्ञ. ३-१४४)
''एक एव तु भूतात्मा भूते भूते व्यवस्थितः ।
एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत् ॥''
''यथा ह्ययं ज्योतिरात्मा विवस्वानपो भिन्ना बहुधैकोऽनुगच्छन् ।
उपाधिना क्रियते भेदरूपो देवः क्षेत्रेष्वेवमजोऽयमात्मा ॥''

इति दृष्टान्तबलेनापि निर्विशेषमेव ब्रह्मेत्युपपाद्य **''अम्बुवदग्रहणात्''** (ब्र.सू. ३-२-१९) इत्यात्मनोऽमूर्तत्वेन सर्वगतत्वेन



जलसूर्यादिवन्मूर्तसंभिन्नदेशस्थितत्वाभावाद्दृष्टान्तदार्ष्टान्तिकयोः सादृश्यं नास्तीत्याशङ्क्य **''वृद्धिह्रसभाक्त्वम्''** (ब्र.सू. ३-२-२०) इति न हि दृष्टान्तदार्ष्टान्तिकयोर्विवक्षितांशमुक्त्वा सर्वसारूप्यं केनचिद्दर्शयितुं शक्यते । सर्वसारूप्ये दृष्टान्तदार्ष्टान्तिकभावोच्छेद एव स्यात् । वृद्धिह्रासभाक्त्वमत्र विवक्षितम् । जलगतसूर्यप्रतिबिम्बं जलवृद्धौ वर्धते जलह्रासे च ह्रसति जलचलने चलति जलभेदे भिद्यत इत्येवं जलधर्मानुविधायि भवति न तु परमार्थतः सूर्यस्य तत्त्वमस्ति । एवं परमार्थतोऽविकृतमेकरूपमपि सद्ब्रह्म देहाद्युपाध्यन्तर्भावाद्भजत एवोपाधिधर्मान्वृद्धिह्रासादीनिति विवक्षितांशप्रतिपादनेन दृष्टान्तदार्ष्टान्तिकयोः सामञ्जस्यमुक्त्वा **''दर्शनाच्च''** (ब्र.सू. ३-२-२१) इति **''पुरश्चक्रे द्विपदः पुरश्चक्रे चतुष्पदः पुरः स पक्षी भूत्वा पुरः पुरुष आविशत्''** (बृ.उप. २-५-१८) । **''इन्द्रो मायाभिः पुरुरूप ईयते''** (बृ.उप. २-५-१९) । **''मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्''** (श्वेता.उप. ४-१०) । **''मायी सृजते विश्वमेतत्''** (श्वेता.उप. ४-९) । **''एकस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च''** (क.उप. २-२-९-१०) । **''एको देवः सर्वभूतेषु गूढः''** (श्वेता.उप. ६-११) । **''स एतमेव सीमानं विदार्यैतया द्वारा प्रापद्यत''** (ऐत.उप. १-३-१२) । **''स एष इह प्रविष्ट आनखाग्रेभ्यः''** (बृ.उप. १-४-७) । **''तत्सृष्ट्वा तदेवानुप्राविशत्''** (तैत्ति.उप. २-६-१) इत्यादिना परस्यैव ब्रह्मण उपाधियोगं दर्शयित्वा निर्विशेषमेव ब्रह्म । भेदस्तु जलसूर्यादिवदौपाधिको मायानिबन्धन इत्युपसंहृतवान् ।

શાંકરભાષ્ય :- આમ નાના-અનેક રૂપ બ્રહ્મવિષયક શ્રુતિવાક્ય પણ વ્યર્થ નથી. આમ ઔપાધિકબ્રહ્મવિષયિણી હોવાથી ભેદશ્રુતિઓની અવ્યર્થતા બતાવીને ફરીથી એ દઢ કરવા માટે 'બ્રહ્મ નિર્વિશેષ જ છે' તેમણે 'आह च तन्मात्रम्' (બ્ર.સૂ. ૩-૨-૧૬) તે સૂત્રનું અવતરણ કર્યું છે. આ સૂત્રમાં **"જેવી રીતે (જળમાં) નાંખેલું મીઠું બહાર અંદરથી શૂન્ય (એટલે બહાર અંદર એક સમાન કેવળ ઘનીભૂત રસ જ છે) તેવી રીતે આ આત્મા બહાર અંદરના ભેદથી રહિત સંપૂર્ણપણે ઘનીભૂત પ્રજ્ઞાન જ છે."** (બૃ.ઉપ. ૪-૫-૧૩) આ શ્રુતિની વ્યાખ્યા કરતાં તેમણે આ બતાવ્યું કે વિજ્ઞાનથી ભિન્ન બીજું સ્વરૂપ છે જ નહીં. ''दर्शयति चाथो अपि स्मर्यते'' (બ્ર.સૂ. ૩-૧૨-૧૭) આ સૂત્ર કહ્યું છે. આમાં **"આથી આગળ શ્રુતિનો આ આદેશ છે. આ આત્મા આવો નથી, આવો નથી."** (બૃ.ઉપ. ૨-૩-૬) **"તે વિદિતથી અન્ય છે અને અવિદિતથી પણ પર છે,"** (કે.ઉપ. ૧-૩) **"જ્યાંથી મનસહિત વાણી તેને ન મેળવીને પાછી આવે છે."** (તૈ.ઉપ. ૨-૪-૧) **"જે ભેદથી રહિત સત્તામાત્ર, વાણીનો અવિષય અને અસંવેદ્ય છે તે બ્રહ્મસંજ્ઞક જ્ઞાન છે," "સર્વરૂપથી વિલક્ષણ હોવું તે પરમાત્માનું લક્ષણ છે."** વગેરે શ્રુતિ-સ્મૃતિઓનો ઉલ્લેખ કરીને બ્રહ્મ સર્વભેદશૂન્ય જ છે એમ પ્રતિપાદન કરીને તેમણે ''अत एव चोपमा सूर्यकादिवत्'' આ કહ્યું છે. (આમાં એ બતાવ્યું છે) કારણ કે પરમાત્મા ચૈતન્યમાત્ર સ્વરૂપ, 'આ પણ નહીં, આ પણ નહીં.' વગેરે રૂપથી ઉપલક્ષિત સ્વરૂપવાળા, જ્ઞાત અને અજ્ઞાતથી ભિન્ન, વાણીનો અવિષય, સર્વ પ્રકારના ભેદથી રહિત અને સંપૂર્ણ રૂપોથી વિલક્ષણ સ્વરૂપવાળા છે. માટે ભેદ અવિદ્યારૂપ ઉપાધિના કારણે છે. આનાથી આની ઉપાધિ નિમિત્તક અપારમાર્થિકી વિશેષરૂપતાના આશયથી જ મોક્ષશાસ્ત્રમાં ''અલગ જળમાં પ્રતિબિમ્બિત સૂર્યાદિ સમાન છે." એવી ઉપમા આપવામાં આવી છે.

"જેવી રીતે ઘટાદિ ઉપાધિઓમાં એક જ આકાશ અલગ અલગ જેવું લાગે છે. તેવી જ રીતે વિભિન્ન જલાશયોમાં પ્રતિબિંબિત થયેલા સૂર્યસમાન એક જ આત્મા અનેક જેવા દેખાય છે." (યાજ્ઞ. ૩-૧૪૪) **"વિભિન્ન ભૂતોમાં એક જ ભૂતાત્મા રહેલો છે, જે જળમાં જોવામાં આવતા ચંદ્રમાઓના સમાન એક અને અનેક રૂપોમાં પણ જોવામાં આવે છે. જેવી રીતે આ જ્યોતિ-સ્વરૂપ એક જ સૂર્ય ભિન્ન ભિન્ન જળાશયોમાં અનેકરૂપ થઈને અનુગમન કરે છે તેવી રીતે વિભિન્ન ક્ષેત્રોમાં આ એક જ અજન્મા આત્મદેવ ઉપાધિ દ્વારા અનેકરૂપ કરવામાં આવે છે."**

આવી રીતે દૃષ્ટાંતના બળથી પણ આમ સિદ્ધ કરીને કે બ્રહ્મ નિર્વિશેષ જ છે ''अम्बुवदग्रहणात्तु'' (બ્ર.સૂ. ૩-૨-૧૯) આ સૂત્રથી આ આશંકા કરી છે કે આત્મા અમૂર્ત્ત અને સર્વગત છે. માટે જળ-સૂર્યાદિના સમાન તેમનું મૂર્તરૂપથી કોઈ દેશવિશેષમાં સ્થિત હોવું સંભવ ન હોવાથી આ દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકોની સામ્યતા નથી. આની ઉપર ''वृद्धिह्रासभाक्त्वमन्तर्भावादुभयसामञ्जस्यादेवम्'' (બ્ર.સૂ. ૩-૨-૨૦) આ સૂત્રથી એમ બતાવ્યું છે કે વિવક્ષિત અંશને છોડીને દૃષ્ટાંત દાર્ષ્ટાન્તિકની સર્વ અંશમાં સમાનતા કોઈપણ બતાવી શકતું નથી. જો સર્વ અંશમાં સમાનતા થઈ જશે તો તેનો દૃષ્ટાંત-દાર્ષ્ટાન્તિક ભાવ જ રહેશે નહીં. અહીં (જળ સૂર્યાદિ દૃષ્ટાંતમાં) તો તેનું વૃદ્ધિ-સંયુક્ત થવું જ વિવક્ષિત છે. જેવી

રીતે જળમાં પડેલું સૂર્યનું પ્રતિબિંબ જળની વૃદ્ધિમાં વૃદ્ધિ પામે, જળના ઘટવાથી ઘટે, જળના ચાલતાં ચાલે, અને જળમાં વિભાગ થવાથી ભિન્ન થઈ જાય છે. આમ તે જળના ધર્મોનું અનુકરણ કરે છે. પરમાર્થતઃ સૂર્યમાં તે વિકાર વાસ્તવિક નથી હોતા, તેવી જ રીતે પરમાર્થતઃ અવિકારી અને એકરૂપ હોવાથી પણ બ્રહ્મ દેહાદિ ઉપાધિઓના અંતર્ગત રહેવાથી તે ઉપાધિઓના વૃદ્ધિ અને હ્રાસાદિ ધર્મોને ગ્રહણ કરે જ છે. આમ વિવક્ષિત અંશના પ્રતિપાદનથી દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકના સામંજસ્યને બતાવીને 'दर्शनाच्च' (બ્ર.સૂ. ૩-૨-૨૧) આ સૂત્રના અંશથી **"પરમપુરુષે બે ચરણવાળું પુર (શરીર) બનાવ્યું. ચાર પગવાળું શરીર બનાવ્યું અને તે પક્ષી બનીને તે શરીરોમાં પ્રવેશ કરી ગયા,"** (બૃ.ઉપ. ૨-૫-૧૮) **"ઈન્દ્ર માયા દ્વારા અનેક રૂપવાળા થઈ જાય છે."** (બૃ.ઉપ. ૨-૫-૧૯) **"માયાને પ્રકૃતિ જાણો અને માયાવીને મહેશ્વર,"** (શ્વે.ઉપ. ૪-૧૦) **"માયાવી આ વિશ્વની રચના કરે છે,"** (શ્વે.ઉપ. ૪-૧૦) **"તેવી રીતે સંપૂર્ણ ભૂતોનો એક જ અંતરઆત્મા વિવિધ રૂપોને અનુરૂપ થઈ જાય છે,"** (ક.ઉપ. ૨-૨-૯) **"સમસ્ત ભૂતોમાં એક જ દેવ સમાયેલા છે,"** (શ્વે.ઉપ. ૬-૧૧) **"આ સીમાને જ વિદીર્ણ કરીને તે આના દ્વારા શરીરમાં પ્રવેશ કરી ગયા,"** (ઐ.ઉપ. ૧-૩-૧૨) **"તે નખના અગ્રભાગથી લઈને શિખા સુધી આ શરીરમાં પ્રવેશ કરેલો છે,"** (બૃ.ઉપ. ૧-૪-૭) **"તેની રચના કરીને તે તેમાં અનુપ્રવિષ્ટ થઈ ગયા,"** (તૈ.ઉપ. ૨-૬-૧) વગેરે શ્રુતિઓ દ્વારા બ્રહ્મને જ ઉપાધિની પ્રાપ્તિ બતાવીને આ પ્રકારે ઉપસંહાર કર્યો છે કે બ્રહ્મ નિર્વિશેષ જ છે, તેનો જે માયાથી ઉત્પન્ન ભેદ છે તે જળ-સૂર્યાદિ સમાન ઉપાધિના કારણે છે.

❖

शाङ्करभाष्यम् :- किञ्च ब्रह्मविदामनुभवोऽपि प्रपञ्चस्य बाधकः । तेषां निष्प्रपञ्चात्मदर्शनस्य विद्यमानत्वात् । तथा हि तेषामनुभवं दर्शयति । **"यस्मिन् सर्वाणि भूतानि आत्मैवाभूद्विजानतः । तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः"** (ई.उप. ७) । **"विदिते वेद्यं नास्ति"** इति । एवं निर्वाणमनुशासनम् । **"यत्र वा अन्यदिव स्यात्तत्रान्योऽन्यत्पश्येत्"** (बृ.उप. ४-३-३१) । **"यत्र त्वस्य सर्वमात्मैवाभूत्तत्केन कं पश्येत्"** (बृ.उप. ४-५-१५) ।

"यदेतद्दृश्यते मूर्तमेतज्ज्ञानात्मनस्तव ।
भ्रान्तिज्ञानेन पश्यन्ति जगद्रूपमयोगिनः ॥
ये तु ज्ञानविदः शुद्धचेतसस्तेऽखिलं जगत् ।
ज्ञानात्मकं प्रपश्यन्ति त्वद्रूपं पारमेश्वरम् ॥" (वि.पु. १-४-३९, ४१)
"निदाघोऽप्युपदेशेन तेनाद्वैतपरोऽभवत् ।
सर्वभूतान्यशेषेन ददर्श स तदात्मनः ॥
तथा ब्रह्म ततो मुक्तिमवाप परमां द्विजः ।" (वि.पु. २-१६-१९-२०)
"अत्रात्मव्यतिरेकेण द्वितीयं यो न पश्यति ।
ब्रह्मभूतः स एवेह वेदशास्त्र उदाहृतः ॥"

इत्येवं श्रुतिस्मृतियुक्तितोऽनुभवतश्च प्रपञ्चस्य बाधितत्वादत्यन्तविलक्षणानामसदृशरूपाणां मधुरतिक्तश्वेतपीतादीनामपि परस्पराध्यासदर्शनादमूर्तेऽप्याकाशे तलमलिनताद्यध्यासदर्शनादात्मानात्मनोरत्यन्तविलक्षणयोर्मूर्तामूर्तयोरपि तथा संभवात्स्थूलोऽहं कृशोऽहमिति देहात्मनोरध्यासानुभवात् ।

"हन्ता चेन्मन्यते हन्तुं हतश्चेन्मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥" (क.उप. १-२-९)

इत्यादिश्रुतिदर्शनाद् **"य एनं वेत्ति हन्तारम्"** (गीता २-१९) **"प्रकृतेः क्रियमाणानि"** (गीता ३-२७) इतिस्मृतिदर्शनाच्चाध्यासस्य प्रहाणायात्मैकत्वविद्याप्रतिपत्तय उपनिषदारभ्यते ।

શાંકરભાષ્ય :- અને વળી બ્રહ્મવેત્તાઓનો અનુભવ પણ પ્રપંચનો બાધક છે, કારણ કે તેને નિષ્પ્રપંચ આત્માનો અનુભવ થતો હોય છે. આવો જ આ શ્રુતિ તેનો અનુભવ પ્રદર્શિત કરે છે. **"જે સ્થિતિમાં જ્ઞાનીને સર્વ ભૂતો (પોતાનો) આત્મા જ થઈ જાય છે તેમાં તે એકત્વદર્શીને માટે શોક શો અને મોહ શો હોઈ શકે ?"** (ઈ.ઉપ. ૭) **"બોધ થઈ જવાથી કોઈ જ્ઞેય રહેતા નથી."** વગેરે. આ પ્રકારે નિર્વાણનો પણ ઉપદેશ કર્યો છે, **"જ્યાં અન્ય જેવું હોય ત્યાં અન્ય અન્યને**

જુએ.'' (બૃ.ઉપ. ૪-૩-૩૧) પરંતુ ''જે સ્થિતિમાં આને સર્વ આત્મા જ થઈ ગયા હોય તેમાં કોનાથી કોને જુએ ?'' (બૃ.ઉપ. ૪-૫-૧૫)

''આ જે કાંઈ મૂર્ત્ત જગત દેખાય છે તે જ્ઞાનસ્વરૂપ આપનું જ રૂપ છે. અજ્ઞાની લોકો ભ્રાન્તિજ્ઞાનના કારણે આને જગત રૂપ જુએ છે. પરંતુ જે શુદ્ધચિત્ત જ્ઞાનવાન પુરુષ છે તે આ સંપૂર્ણ જગતને આપ જ્ઞાનસ્વરૂપ પરમાત્માનું જ સ્વરૂપ જુએ છે,'' (વિ.પુ. ૧-૪-૩૯ અને ૪૧) ''ઋભુના તે ઉપદેશથી નિદાઘ પણ અદ્વૈતપરાયણ થઈ ગયા અને સર્વ પ્રાણીઓને હંમેશાં આત્મસ્વરૂપ જોવા લાગ્યા. તથા તેને બ્રહ્મસાક્ષાત્કાર થઈ ગયો. હે દ્વિજ ! પછી તેને આત્યન્તિક મોક્ષપદ પ્રાપ્ત થઈ ગયું.'' (વિ.પુ. ૨-૧૬, ૧૯ અને ૨૦) ''આ લોકમાં જે પુરુષ આત્માથી અલગ બીજું કાંઈ જોતો નથી તેને વેદ અને શાસ્ત્રોમાં બ્રહ્મભૂત કહ્યો છે.''

આમ શ્રુતિ, સ્મૃતિ, યુક્તિ અને અનુભવથી પણ પ્રપંચ બાધિત છે, અત્યન્ત વિલક્ષણ અને વિભિન્ન રૂપવાળા મધુર, તિક્ત તેમજ શ્વેત-પિત્ત વગેરે પદાર્થોમાં પણ પરસ્પર અધ્યાસ જોવામાં આવે છે અને અમૂર્ત્ત આકાશમાં પણ તલમલિનતા આદિનો અધ્યાસ જોવામાં આવે છે, એટલા માટે પરસ્પર અત્યંત વિલક્ષણ મૂર્ત્તિમાન અને મૂર્ત્તિહીન અનાત્મા તેમજ આત્માનો પણ અધ્યાસ હોવાનો સંભવ છે તથા ''હું સ્થૂળ છું.'' ''હું કૃશ છું'' આ પ્રકારે દેહ અને આત્માના અધ્યાસનો અનુભવ પણ થાય જ છે, તેમજ ''જો મારનાર થઈને કોઈને મારવા ઈચ્છતા હોય અથવા માર ખાનાર થઈને પોતાને મારેલો માને છે તો તે બંને આત્માને જાણતા નથી, કારણ કે આ આત્મા તો મારતો નથી અને નથી તેને મારી શકાતો'' (ક.ઉપ. ૧-૨-૯) વગેરે શ્રુતિ જોઈ શકાય છે તથા ''જો તેને મારનાર સમજે છે.'' (ગીતા ૨-૧૯) ''પ્રકૃતિના ગુણોથી કરવામાં આવતા કર્મોને'' (ગીતા ૩-૨૭) વગેરે સ્મૃતિ વાક્ય પણ જોવામાં આવે છે. એટલા માટે આ અધ્યાસના નાશ અને આત્માની એકતાનો બોધ કરાવનાર જ્ઞાનની પ્રાપ્તિ માટે આ ઉપનિષદનો આરંભ કરવામાં આવે છે.

◆

ब्रह्मवादिनो वदन्तीत्यादि श्वेताश्वतराणां मन्त्रोपनिषत् । तस्या अल्पग्रन्था वृत्तिरारभ्यते –

બ્રહ્મવાદિનો વદન્તિ વગેરે શ્વેતાશ્વતર શાખાની મંત્ર ઉપનિષદ્ છે. તેની આ સંક્ષિપ્ત ટીકા આરંભ કરવામાં આવે છે –

हरिः ॐ ब्रह्मवादिनो वदन्ति-
किं कारणं ब्रह्म कुतः स्म जाता जीवाम केन क्व च संप्रतिष्ठाः ।
अधिष्ठिताः केन सुखेतरेषु वर्तामहे ब्रह्मविदो व्यवस्थाम् ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- हरिः ॐ-હરિઓમ. ब्रह्मवादिनः-બ્રહ્મવાદીઓ (પરસ્પર) वदन्ति-કહે છે - જિજ્ઞાસાપૂર્વક પ્રશ્ન કરે છે, ब्रह्मविदः-હે બ્રહ્મને જાણનારાઓ ! कारणम्-આ જગતનું કારણ એવું ब्रह्म-બ્રહ્મ किम्-એ શું છે ? कुतः-ક્યાંથી जाताः स्म-અમે ઉત્પન્ન થયા છીએ ? केन-કોનાથી जीवामः-અમે જીવીએ છીએ ? च-અને क्व-ક્યાં सम्प्रतिष्ठाः-અમે સારી રીતે પ્રતિષ્ઠિત છીએ ? (અને) केन-કોનાથી अधिष्ठिताः-અધિષ્ઠિત થયેલા (કોના આધીન રહીને) અમે सुखतरेषु-સુખ-દુઃખમાં व्यवस्थाम्-નિશ્ચિત વ્યવસ્થાને અનુરૂપ वर्तामहे-વર્તન કરીએ છીએ ? (૧)

અનુવાદ :- હરિઓમ. બ્રહ્મવાદીઓ (પરસ્પર) કહે છે - જિજ્ઞાસાપૂર્વક પ્રશ્ન કરે છે, હે બ્રહ્મને જાણનારાઓ ! આ જગતનું કારણ એવું બ્રહ્મ એ શું છે ? ક્યાંથી અમે ઉત્પન્ન થયા છીએ ? કોનાથી અમે જીવીએ છીએ ? અને ક્યાં અમે સારી રીતે પ્રતિષ્ઠિત છીએ ? (અને) કોનાથી અધિષ્ઠિત થયેલા (કોના આધીન રહીને) અમે સુખ-દુઃખમાં નિશ્ચિત વ્યવસ્થાને અનુરૂપ વર્તન કરીએ છીએ ? (૧)

शाङ्करभाष्यम् :- ब्रह्मवादिनो वदन्तीत्यादि ब्रह्मवादिनो ब्रह्मवदनशीलाः सर्वे संभूय वदन्ति किं कारणं ब्रह्म किमिति स्वरूपविषयोऽयं प्रश्नः । अथवा कारणं ब्रह्माहोस्वित्कालादि 'कालः स्वभावः' इति वक्ष्यमाणम् । अथवा किं कारणं ब्रह्म सिद्धिरूपम् उपानभूतं किमित्यर्थः । अथवा बृंहति बृंहयति तस्मादुच्यते परं ब्रह्मेति श्रुत्यैव निर्वचनान्निमित्तोपादानयोरुभयोर्वा प्रश्नः किं कारणं ब्रह्मेति । किं कारणं ब्रह्माहोस्वित्कालादि ? अथवा कारणमेव ?

कारणत्वेऽपि किं निमित्तमुतोपादानम् ? अथवोभयम् ? तद्वा किंलक्षणमिति वक्ष्यमाणपरिहारानुरूपेण तन्त्रेणावृत्त्या वा प्रश्नेऽपि संग्रहः कर्तव्यः, प्रश्नापेक्षत्वात्परिहारस्य । ★ कुतः स्म जाताः कुतो वयं कार्यकरणवन्तो जाताः ? स्वरूपेण जीवानामुत्पत्त्याद्यसंभवात् । तथा च श्रुतिः-"**न जायते म्रियते वा विपश्चिद्**" (क.उप. १-२-१८) "**जीवापेतं वाव किलेदं म्रियते न जीवो म्रियत इति**" (छा.उप. ६-११-३) । "**जरामृत्यू शरीरस्य**" । "**अविनाशी वा अरेऽयमात्मानुच्छित्तिधर्मा**" (बृ.उप. ४-५-१४) । इति । तथा च स्मृतिः-"**अजः शरीरग्रहणात्स जात इति कीर्त्यते**" इति । ★ किं च, जीवाम केन-केन वा वयं सृष्टाः सन्तो जीवामेति स्थितिविषयः प्रश्नः । क्व च संप्रतिष्ठाः प्रलयकाले स्थिताः ? अधिष्ठिता नियमिताः केन सुखेतरेषु सुखदुःखेषु वर्तामहे ब्रह्मविदो व्यवस्थां हे ब्रह्मविदः सुखदुःखेषु व्यवस्थां केनाधिष्ठिताः सन्तोऽनुवर्तामह इति सृष्टिस्थितिप्रलयनियमहेतुः किमिति प्रश्नसंग्रहः ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'ब्रह्मवादिनो वदन्ति' વગેરે. જે બ્રહ્મવાદી હતા અર્થાત્ જેનો સ્વભાવ બ્રહ્મચર્ચા કરવાનો હતો એવા સર્વ લોકો મળીને ચર્ચા કરવા લાગ્યા, "किं कारण ब्रह्म" (જગતનું કારણ એવું બ્રહ્મ કેવું છે ?) किम् વગેરે વાક્ય દ્વારા બ્રહ્મના સ્વરૂપના વિષયમાં પ્રશ્ન કરવામાં આવ્યો છે. અથવા આ જગતનું કારણ બ્રહ્મ છે અથવા 'कालः स्वभावः' વગેરે વાક્યથી આગળ બતાવવામાં આવનાર કાળ આદિનો. અથવા બ્રહ્મ (જો કારણ છે તો તે ઉપાદાન્ વગેરે કારણોમાંથી) કયું કારણ છે ? એટલે કે સ્વતઃસિદ્ધ બ્રહ્મ શું જગતનું ઉપાદાન કારણ છે ? અથવા "વૃદ્ધિ પામેલું છે તથા વૃદ્ધિ પામે છે એટલા માટે પરબ્રહ્મ કહેવામાં આવે છે." આ પ્રકારે શ્રુતિ દ્વારા જ બ્રહ્મશબ્દની વ્યુત્પત્તિ કરવાથી તેના નિમિત્ત અને ઉપાદાન બંને પ્રકારના કારણ હોવાના વિષયમાં "બ્રહ્મ કોના કારણે છે." એવો પ્રશ્ન છે. (તાત્પર્ય આમ છે કે) શું જગતનું કારણ બ્રહ્મ છે અથવા કાલાદિ ? અથવા બ્રહ્મ કારણ જ નથી ? જો કારણ છે જ તો નિમિત્ત કારણ છે અથવા ઉપાદાન અથવા બંને ? અને તેનું લક્ષણ શું છે ? આગળ આ પ્રકારે જે પરિહાર કહેવામાં આવ્યો છે તેના પ્રમાણે તે સર્વ વિષયોનો એક સાથે અથવા અલગ અલગ પ્રશ્નમાં પણ સંગ્રહ કરી લેવો જોઈએ, કારણ કે પરિહાર તો પ્રશ્નની અપેક્ષા કરીને થાય છે.

આપણે ક્યાંથી ઉત્પન્ન થયા છીએ ? દેહ અને ઈન્દ્રિય સંપન્ન આપણા લોકોની કોનાથી ઉત્પત્તિ થઈ છે ? કારણ કે સ્વરૂપથી તો જીવોના જન્માદિ વગેરે હોવાનો સંભવ છે નહીં. એવી જ આ શ્રુતિઓ પણ છે. "**આ મેધાવી આત્મા નથી ઉત્પન્ન થતો, નથી મરતો.**" (ક.ઉપ. ૧-૨-૧૮) "**જીવથી રહિત થઈને આ શરીર જ મરે છે જીવ મરતો નથી,**" (છા.ઉપ. ૬-૧૧-૩) "**જરા મૃત્યુ આ શરીરના ધર્મ છે,**" "**હે મૈત્રેયિ ! આ આત્મા અવિનાશી અને અનુચ્છિત્તિધર્મા (કદી ઉચ્છિન્ન ન થનાર) છે.**" (બૃ.ઉપ. ૪-૫-૧૪) આવું જ સ્મૃતિ પણ કહે છે. "**તે અજન્મા શરીરગ્રહણ કરવાથી 'જન્મ લે છે' એવું કહેવામાં આવ્યું છે.**

તેના સિવાય (એક પ્રશ્ન આ છે) આપણે કોના દ્વારા જીવિત રહીએ છીએ ? અર્થાત્ ઉત્પન્ન થઈને આપણે કોના દ્વારા જીવન ધારણ કરીએ છીએ ? આમ આ સ્થિતિ વિષયક પ્રશ્ન છે. તથા ક્યાંથી પ્રતિષ્ઠિત થઈએ છીએ ? પ્રલય કાળમાં શામાં સ્થિત રહે છે ? અને હે બ્રહ્મવિદ્ ગણ ! કોના દ્વારા અધિષ્ઠિત અર્થાત્ પ્રેરિત થઈને સુખ અસુખ એટલે સુખદુઃખમાં રહીએ છીએ ? અર્થાત્ હે બ્રહ્મવેત્તાઓ ! અમે કોના દ્વારા પ્રેરિત થઈને (સંસારની) સુખદુઃખની વ્યવસ્થાને અનુસરીએ છીએ ? આ પ્રકારે किम् વગેરે પ્રશ્ન સમૂહ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય અને નિયમનના હેતુ વિષયક છે. (૧)

⁂

इदानीं कालादीनि ब्रह्मकारणवादप्रतिपक्षभूतानि विचारविषयत्वेन दर्शयति –
હવે શ્રુતિ બ્રહ્મકારણવાદના વિરોધી કાલાદિના વિચારના વિષયરૂપને પ્રદર્શિત કરે છે –

कालः स्वभावो नियतिर्यदृच्छा भूतानि योनिः पुरुष इति चिन्त्या ।
संयोग एषां न त्वात्मभावादात्माप्यनीशः सुखदुःखहेतोः ॥ २ ॥

અન્વય અને શબ્દાર્થ :- (શું) **कालः**-કાલ, **स्वभावः**-સ્વભાવ, **नियतिः**-નિયતિ, (નિશ્ચિત ફળ આપનારું કર્મ), **यदृच्छा**-આકસ્મિક ઘટના **भूतानि**-(પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ) મહાભૂતો (કે) **पुरुषः**-પુરુષ-જીવાત્મા **योनिः**-કારણ છે **इति**-એમ **चिन्त्या**-વિચારવું જોઈએ. **एषाम्**-આ (કાલ વગેરે)નો **संयोगः**-



સંયોગ तु-પણ न-(આ જગતનું કારણ) નથી आत्मभावात्-કારણ કે એ બધા ચેતનને (આત્માને) અધીન છે. आत्मा-જીવાત્મા अपि-પણ (न-આ જગતનું કારણ બની શકે નહીં) કારણ सुखदुःखहेतोः-એ સુખ અને દુ;ખનું કારણ એવા પ્રારબ્ધનો अनीशः-સ્વામી નથી (એટલે એને વશ છે.) (૨)

અનુવાદ :- (શું) કાલ, સ્વભાવ, નિયતિ, (નિશ્ચિત ફળ આપનારું કર્મ), આકસ્મિક ઘટના (પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ) મહાભૂતો (કે) પુરુષ-જીવાત્મા કારણ છે એમ વિચારવું જોઈએ. આ કાલ વગેરેનો સંયોગ પણ (આ જગતનું કારણ) નથી કારણ કે એ બધા ચેતનને (આત્માને) અધીન છે. જીવાત્મા પણ (આ જગતનું કારણ બની શકે નહીં કારણ) એ સુખ અને દુ;ખનું કારણ એવા પ્રારબ્ધનો સ્વામી નથી (એટલે એને વશ છે.) (૨)

शाङ्करभाष्यम् :- कालः स्वभाव इति । योनिशब्दः संबध्यते । कालो योनिः कारणं स्यात् ? कालो नाम सर्वभूतानां विपरिणामहेतुः । स्वभावः, स्वभावो नाम पदार्थानां प्रतिनियता शक्तिः, अग्नेरौष्ण्यमिव । नियतिरविषमपुण्यपापलक्षणं कर्म तद्वा कारणम् ? यदृच्छाकस्मिकी प्राप्तिः । भूतान्याकाशादीनि वा योनिः ? पुरुषो वा विज्ञानात्मा योनिः ? इतीत्थमुक्तप्रकारेण किं योनरिति चिन्त्या चिन्त्यं निरूपणीयम् । केचिद्योनिशब्दं प्रकृतिं वर्णयन्ति । तस्मिन्पक्षे किं कारणं ब्रह्मेति पूर्वोक्तं कारणपदमत्राप्यनुसंधेयम् । ★ तत्र कालादीनामकारणत्वं दर्शयति-संयोग एषामित्यादिना । अयमर्थः-किं कालादीनि प्रत्येकं कारणमुत तेषां समूहः । न च प्रत्येकं कालादीनां कारणत्वं संभवति, दृष्टविरुद्धत्वात् । देशकालनिमित्तानां संहतानामेव लोके कार्यकरत्वदर्शनात् । न चाप्येषां कालादीनां संयोगः समूहः कारणम्, समूहस्य संहृतेः परार्थत्वेन शेषत्वेन शेषिण आत्मनो विद्यमानत्वादस्वातन्त्र्यात्सृष्टिस्थितिप्रलयनियमलक्षणकार्यकरणत्वायोगात् । ★ आत्मा तर्हि कारणं स्यादेवात आह-आत्माप्यनीशः सुखदुःखहेतोरिति । आत्मा जीवोऽप्यनीशोऽस्वतन्त्रो न कारणम्, अस्वातन्त्र्यादेव चात्मनोऽपि सृष्ट्यादिहेतुत्वं न संभवतीत्यर्थः । कथमनीशत्वम् ? सुखदुःखहेतोः सुखदुःखहेतुभूतस्य पुण्यापुण्यलक्षणस्य कर्मणो विद्यमानत्वात्कर्मपरवशत्वेनास्वातन्त्र्याच्च । त्रैलोक्यसृष्टिस्थितिनियमे सामर्थ्यं न विद्यत एवेत्यर्थः । अथवा सुखदुःखादिहेतुभूतस्याध्यात्मिकादिभेदभिन्नस्य जगतोऽनीशो न कारणम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'कालः स्वभावः' વગેરે. આ સર્વની સાથે 'योनिः' શબ્દ જોડાય છે. શું કાલ યોનિ-કારણ હોઈ શકે છે ? સંપૂર્ણ ભૂતોની રૂપાન્તર પ્રાપ્તિમાં જે હેતુ છે તેને કાલ કહે છે. આ પ્રકારે શું સ્વભાવ કારણ છે ? પદાર્થોની નિયત શક્તિનું નામ સ્વભાવ છે, જેમ અગ્નિનો સ્વભાવ ઉષ્ણતા. અથવા શું નિયતિ કારણ છે ? પુણ્ય-પાપ રૂપ જે અવિષમ (અર્થાત્ જેનું ફળ ક્યારેય ઉલટું થાય જ નહીં એવું) કર્મ છે તે 'નિયતિ' કહેવામાં આવે છે ? અથવા યદચ્છા આકસ્મિક ઘટના અથવા આકાશાદિ ભૂતકારણ છે ? અથવા પુરુષ એટલે વિજ્ઞાનાત્મા જગતનું કારણ છે ? આ પ્રકારે ઉપર્યુક્ત રીતિથી આમ વિચારવું એટલે બતાવવું જોઈએ કે તેમાં કારણ છે ? કોઈ 'योनिः' શબ્દનો અર્થ પ્રકૃતિ બતાવે છે ? તે અવસ્થામાં પૂર્વ મંત્રમાં 'किं कारणं ब्रह्म' આ પ્રશ્નમાં આવેલા કારણપદની અહીં પણ અનુવૃત્તિ કરી લેવી જોઈએ.

આના ઉપર શ્રુતિ 'संयोग एषाम्' વગેરે વાક્યથી એ બતાવે છે કે કાલ વગેરે કારણ નથી. તેનો અભિપ્રાય એમ સમજવો જોઈએ શું કાળ, સ્વભાવ વગેરેમાંથી દરેક જ કારણ છે અથવા તે સર્વનો સમૂહ ? કાલાદિમાંથી દરેક તો કારણ હોઈ ન શકે, કારણ કે એમ માનવું પ્રત્યક્ષ વિરુદ્ધ છે. લોકોમાં દેશ-કાલાદિ નિમિત્તો એ પરસ્પર મળીને જ કાર્ય કરતાં જોવામાં આવ્યા છે, અને આ કાલાદિના સંયોગ એટલે સમૂહ પણ કારણ હોઈ શકે નહીં, કારણ સમૂહ એટલે સંહતિ પરાર્થ અર્થાત્ શેષ છે અને તેનો શેષી આત્મા વિદ્યમાન છે. માટે સ્વતંત્ર ન હોવાને કારણે તે સૃષ્ટિ, સ્થિતિ, પ્રલય અને પ્રેરણારૂપ કાર્ય કરવામાં સમર્થ નથી.

ત્યારે તો આત્મા કારણ હોઈ જ શકે છે, આના ઉપર કહે છે 'आत्माप्यनीशः सुखदुःखहेतोः ।' અર્થાત્ આત્મા એટલે જીવ પણ અનીશ - અસ્વતંત્ર છે. તે પણ સૃષ્ટિ વગેરેનું કારણ નથી. તાત્પર્ય એ છે કે અસ્વતંત્રતાને કારણે આત્માનો પણ સૃષ્ટિ વગેરેમાં હેતુ હોવો સંભવ નથી. તેની અસ્વતંત્રતા કેવી રીતે છે ? (તો બતાવે છે) सुखदुःखहेतोः સુખદુઃખનું કારણ પુણ્યાપુણ્યરૂપ કર્મ વિદ્યમાન છે. માટે તે કર્મોને આધિન હોવાને કારણે તેની અસ્વતંત્રતા છે. આનાથી ત્રિલોકીની સૃષ્ટિ, સ્થિતિ અને નિયમન આનું સામર્થ્ય છે જ નહીં. આ આનો અભિપ્રાય છે. અથવા (એમ સમજવું જોઈએ કે) આત્મા સુખદુઃખાદિના હેતુભૂત આધ્યાત્મિકાદિ ભેદોવાળા જગતનું ઈશ એટલે કારણ નથી. (૨)

◆

एवं पक्षान्तराणि निराकृत्य प्रमाणान्तरागोचरे वस्तुनि प्रकारान्तरमपश्यन्तो ध्यानयोगानुगमेन परममूलकारणं स्वयमेव प्रतिपेदिर इत्याह –

આ પ્રકારે અન્ય સર્વ પક્ષોનું નિરાકરણ કરીને હવે શ્રુતિ આ બતાવે છે કે તે બ્રહ્મવેત્તાઓએ પ્રમાણાન્તરથી જ્ઞાત ન થનાર તે મૂળ તત્ત્વના વિષયમાં અન્ય કોઈ ઉપાયની ગતિ ન જોઈને ધ્યાનયોગના અનુશીલન દ્વારા તે પરમ મૂલ કારણનો સ્વયં જ અનુભવ કરી લીધો –

ते ध्यानयोगानुगता अपश्यन्देवात्मशक्तिं स्वगुणैर्निगूढाम् ।
यः कारणानि निखिलानि तानि कालात्मयुक्तान्यधितिष्ठत्येकः ॥ ३ ॥

અન્વય અને શબ્દાર્થ :- **ते**-તેઓએ **ध्यानयोगानुगताः**-ધ્યાનયોગમાં સ્થિર થઈને **स्वगुणैः**-પોતાના ગુણોથી **निगूढाम्**-ઢંકાયેલી **देवात्मशक्तिम्**-દેવની પોતાની શક્તિને **अपश्यन्**-જોઈ, એનો સાક્ષાત્કાર કર્યો **यः**-જે (દેવ) **एकः**-એક (હોવા છતાં) **तानि**-તે **कालात्मयुक्तानि**-કાલથી આરંભી આત્મા સુધી (આગળ બતાવેલ) **निखिलानि**-સઘળા **कारणानि**-કારણો પર **अधितिष्ठति**-શાસન કરે છે. (૩)

અનુવાદ :- તેઓએ ધ્યાનયોગમાં સ્થિર થઈને પોતાના ગુણોથી ઢંકાયેલી દેવની પોતાની શક્તિને જોઈ, એનો સાક્ષાત્કાર કર્યો જે (દેવ) એક (હોવા છતાં) તે કાલથી આરંભી આત્મા સુધી (આગળ બતાવેલ) સઘળા કારણો પર શાસન કરે છે. (૩)

शाङ्करभाष्यम् :- ते ध्यानयोगेति । ध्यानं नाम चित्तैकाग्र्यं तदेव योगो युज्यतेऽनेनेति ध्यातव्यस्वीकारोपायः, तमनुगताः समाहिता अपश्यन् दृष्टवन्तो देवात्मशक्तिमिति । ★ पूर्वोक्तमेव प्रश्नसमुदायपरिहाराणां सूत्रमुत्तरत्र प्रत्येकं प्रपञ्चयिष्यते । तत्रायं प्रश्नसंग्रहः-किं ब्रह्म कारणम् ? आहोस्वित्कालादि ? तथा किं कारणं ब्रह्माहोस्वित्कार्यकारण-विलक्षणम् ? अथवा कारणं वाकारणं वा ? कारणत्वेऽपि किमुपादानमुत निमित्तम् ? अथवोभयकारणं ब्रह्म किंलक्षणम् ? अकारणं वा ब्रह्म किंलक्षणम् ? अकारणं वा ब्रह्म किंलक्षणम् ? इति । ★ तत्रायं परिहारः-न कारणं नाप्यकारणं न चोभयं नाप्यनुभयं न च निमित्तं न चोपादानं न चोभयम् । एतदुक्तं भवति-अद्वितीयस्य परमात्मनो न स्वतः कारणत्वमुपादानत्वं निमित्तत्वं च । यदुपाधिकमस्य कारणत्वादि तदेव कारणं निमित्तमुपपाद्य तदेव प्रयोजकं निष्कृष्य दर्शयति देवात्मशक्तिमिति । देवस्य द्योतनादियुक्तस्य मायिनो महेश्वरस्य परमात्मन आत्मभूतामस्वतन्त्रां न सांख्यपरिकल्पितप्रधानादिवत्पृथग्भूतां स्वतन्त्रां शक्तिं कारणमपश्यन् । दर्शयिष्यति च-''**मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्**'' (श्वेता.उप. ४-१०) इति । ★ तथा ब्राह्मे-''**एषा चतुर्विंशतिभेदभिन्ना माया परा प्रकृतिस्तत्समुत्था ।**'' तथा च-''**मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।**'' (गीता ९-१०) इति । ★ स्वगुणैः प्रकृतिकार्यभूतैः पृथिव्यादिभिश्च निगूढां संवृतां कार्याकारेण कारणाकारस्याभिभूतत्वात्कार्यात्पृथक्स्वरूपेणोपलब्धुमयोग्यामित्यर्थ । तथा च प्रकृतिकार्यत्वं गुणानां दर्शयति व्यासः-''**सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसंभवाः ।**'' (गीता १४-५) इति । ★ कोऽसौ देवो यस्येयं विश्वजननी शक्तिरभ्युपगम्यत इत्यत्राह-यः कारणानीति । यः कारणानि निखिलानि तानि पूर्वोक्तानि कालात्मयुक्तानि कालात्मभ्यां युक्तानि कालपुरुषसंयुक्तानि स्वभावादीनि '**कालः स्वभावः**' (श्वे.उप. १-२) इति मन्त्रोक्तान्यधितिष्ठति नियमयत्येकोऽद्वितीयः परमात्मा तस्य शक्तिं कारणमपश्यन्निति वाक्यार्थः ।

अथवा देवात्मशक्तिं देवात्मनेश्वररूपेणावस्थितां शक्तिम् । तथा च-

''सर्वभूतेषु सर्वात्मन्या शक्तिरपरा तव ।
गुणाश्रया नमस्तस्यै शाश्वतायै परेश्वर ॥
यातीतागोचरा वाचां मनसां चाविशेषणा ।
ज्ञानध्यानपरिच्छेद्या तां वन्दे देवतां पराम्'' ॥ इति

प्रपञ्चयिष्यति स्वभावादीनामकारणत्वमज्ञानस्यैव कारणत्वं ''**स्वभावमेके कवयो वदन्ति**'' (श्वेता.उप. ६-१) इत्यादि । ''**मायी सृजते विश्वमेतत्**'' (श्वेता.उप. ४-९) । ''**एको रुद्रो न द्वितीयाय तस्थुः**'' (श्वेता.उप. ३-२) ।



"**एकोऽवर्णो बहुधा शक्तियोगात्**" (श्वेता.उप. ४-१) इत्यादि । स्वगुणैरीश्वरगुणैः सर्वज्ञत्वादिभिर्वा सत्त्वादिभिर्निगूढां कार्यकारणविनिर्मुक्तपूर्णानन्दाद्वितीयब्रह्मात्मनैवानुपलभ्यमानाम् ।

कोऽसौ देवः ? यः कारणानीत्यादि पूर्ववत् । अथवा देवस्य परमेश्वरस्यात्मभूतां जगदुदयस्थितिलयहेतुभूतां ब्रह्मविष्णुशिवात्मिकां शक्तिमिति । तथा चोक्तम्-"**शक्तयो यस्य देवस्य ब्रह्मविष्णुशिवात्मिकाः**" इति । ★ "**ब्रह्मविष्णुशिवा ब्रह्मन्प्रधाना ब्रह्मशक्तयः**" इति च । ★ स्वगुणैः सत्त्वरजस्तमोभिः । सत्त्वेन विष्णू रजसा ब्रह्मा तमसा महेश्वरः सत्त्वाद्युपाधिसंबन्धात्स्वरूपेण निरुपाधिकपूर्णानन्दाद्वितीयब्रह्मात्मनैवानुपलभ्यमानाः । परस्यैव ब्रह्मणः सृष्ट्यादिकार्यं कुर्वन्तोऽवस्थाभेदमाश्रित्य शक्तिभेदव्यवहारो न पुनस्तत्त्वभेदमाश्रित्य । तथा चोक्तम्-

"**सर्गस्थित्यन्तकरणीं ब्रह्मविष्णुशिवात्मिकाम् ।**
स संज्ञां याति भगवानेक एव जनार्दनः" (वि.पु. १-२-६६) इति ।

प्रथममीश्वरात्मना मायिरूपेणावतिष्ठते ब्रह्म । स पुनर्मूर्तिरूपेण त्रिधा व्यवतिष्ठते । तेन च रूपेण सृष्टिस्थितिसंहाररूपनियमनादिकार्यं करोति । तथा च श्रुतिः परस्य शक्तिद्वारेण नियमनादिकार्यं दर्शयति-"**लोकानीशत ईशनीभिः प्रत्यङ्जनांस्तिष्ठति संचुकोचान्तकाले संसृज्य विश्वा भुवनानि गोपाः**" (श्वेता.उप. ३-२) इति । ईशनीभिर्जननीभिः परमशक्तिभिरिति विशेषणात् । "**ब्रह्मविष्णुशिवा ब्रह्मन्प्रधाना ब्रह्मशक्तयः**" इति स्मृतेः परमशक्तिभिरिति परदेवतानां ग्रहणम् ।

अथवा देवात्मशक्तिमिति देवश्चात्मा च शक्तिश्च यस्य परस्य ब्रह्मणोऽवस्थाभेदास्तां प्रकृतिपुरुषेश्वराणां स्वरूपभूतां ब्रह्मरूपेणावस्थितां परात्परतरां शक्तिं कारणमपश्यन्निति । तथा च त्रयाणां स्वरूपभूतं प्रदर्शयिष्यति-"**भोक्ता भोग्यं प्रेरितारं च मत्वा सर्वं प्रोक्तं त्रिविधं ब्रह्ममेतत्**" (श्वेता.उप. १-१२) "**त्रयं यदा विन्दते ब्रह्ममेतत्**" (श्वेता.उप. १-९) इति । स्वगुणैर्ब्रह्मपरतन्त्रैः प्रकृत्यादिविशेषणैरुपाधिभिर्निगूढाम् । तथा च दर्शयिष्यति-"**एको देवः सर्वभूतेषु गूढः**" (श्वेता.उप. ६-११) इति । "**तं दुर्दर्शं गूढमनुप्रविष्टम्**" (क.उप. १-२-१२) । "**यो वेद निहितं गुहायाम्**" (तै.उप. २-१-१) । "**इहैव सन्तं न विजानन्ति देवाः**" इति श्रुत्यन्तरम् । यः कारणानीति पूर्ववत् ।

अथवा देवात्मनो द्योतनात्मनः प्रकाशस्वरूपस्य ज्योतिषां ज्योतीरूपस्य प्रज्ञानघनस्वरूपस्य परमात्मनो जगदुदयस्थितिलयनियमनविषयां शक्तिं सामर्थ्यमपश्यन्निति स्वगुणैः स्वव्यष्टिभूतैः सर्वज्ञसर्वेशितृत्वादिभिर्निगूढां तत्तद्विशेरूपेणावस्थितत्वात्स्वरूपेण शक्तिमात्रेणानुपलभ्यमानाम् । तथा च मानान्तरवेद्यां शक्तिं दर्शयिष्यति-

"**न तस्य कार्यं करणं च विद्यते न तत्समश्चाभ्यधिकश्च दृश्यते ।**
परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥" (श्वेता.उप. ६-८)

इति । समानमन्यत् । ★ कारणं देवात्मशक्तिमिति प्रश्ने परिहारे च ये ये पक्षभेदाः प्रदर्शितास्ते सर्वे संगृहीताः । उत्तरत्र सर्वेषां प्रपञ्चनादप्रस्तुतस्य प्रपञ्चनायोगात्प्रश्नोत्तरदर्शनाच्च । समासव्यासधारणस्य च विदुषामिष्टत्वात् । तथा चोक्तम्-"**इष्टं हि विदुषां लोके समासव्यासधारणम्**" इति । तथा च श्रुत्यन्तरे सकृच्छ्रुतस्य गोपामितिपदस्य व्याख्याभेदः श्रुत्यैव प्रदर्शितः-'**अपश्यं गोपामित्याह प्राणा वै गोपाः**' इति । '**अपश्यं गोपामित्याह असौ वा आदित्यो गोपाः**' इति । '**अथ कस्मादुच्यते ब्रह्म**' इत्यारभ्य '**बृंहति बृंहयति तस्मादुच्यते परं ब्रह्म**' इति सकृच्छ्रुतस्य ब्रह्मपदस्य निमित्तोपादानरूपेणार्थभेदः श्रुत्यैव दर्शितः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'તે ધ્યાનયોગાનુગતાઃ' વગેરે ચિત્તની એકાગ્રતાને ધ્યાન કહે છે. તે યોગ છે. જેના દ્વારા ચિત્તને યુક્ત કરવામાં આવે છે. આ વ્યુત્પત્તિ અનુસાર ધ્યેય વસ્તુના ગ્રહણનો ઉપાય જ યોગ છે. તેનું અનુગમન કરીને અર્થાત્ સમાહિત થઈને તેમણે દેવાત્મશક્તિના દર્શન એટલે સાક્ષાત્કાર કર્યો.

પ્રશ્ન સમુદાય અને તેના સમાધાનોનું જે સૂત્ર પહેલાં કહેલું છે તેને હવે આગળ પ્રત્યેકનો વિસ્તાર કરીને કહેવામાં આવશે. તેમાં પ્રશ્ન સમુદાય તો આ પ્રકારે છે. શું બ્રહ્મ જગતનું કારણ છે અથવા કાલાદિ ? તથા બ્રહ્મ કારણ છે અથવા કાર્યકારણથી અતીત ? અથવા બ્રહ્મ કારણ છે કે નહીં ? જો કારણ છે તો ઉપાદાન કારણ છે અથવા નિમિત્ત કારણ ? અથવા બંને પ્રકારના કારણ હોવાથી પણ બ્રહ્મનું લક્ષણ શું છે ? અને જો તે કારણ નથી તો પણ તેનું લક્ષણ શું છે ?

આ પ્રશ્નસમુદાયનો આ ઉત્તર છે. બ્રહ્મ ન કારણ કે ન અકારણ છે, ન કારણ-અકારણ ઊભયરૂપ છે, ન આ બંનેથી ભિન્ન છે. ન નિમિત્ત કારણ છે, ન ઉપાદાન કારણ છે અને ન બંને પ્રકારના કારણ છે. અહીં કહેવાનું આ છે કે અદ્વિતીય પરમાત્મામાં કારણત્વ, ઉપાદાનત્વ અથવા નિમિત્તત્વ સ્વતઃ કાંઈ પણ નથી. જે ઉપાધિના કારણે આનું કારણત્વાદિ છે તે કારણ એટલે કે નિમિત્તનું ઉપપાદન કરીને અને તેને પ્રયોજક નિશ્ચિત કરીને 'देवात्मशक्तिम्' ઇત્યાદિ વાક્યથી બતાવે છે. તેમણે દેવ-દ્યોતનાદિયુક્ત સ્વરૂપભૂતા - અસ્વતંત્રા શક્તિને કારણરૂપથી જોઈ, સાંખ્યમત દ્વારા કલ્પના કરેલા પ્રધાનાદિ સમાન તેનાથી ભિન્ન કોઈ સ્વતંત્રા શક્તિને નહીં. આગળ શ્રુતિ એ બતાવશે પણ **"માયાને પ્રકૃતિ જાણો અને માયાવીને મહેશ્વર."** (શ્વે.ઉપ. ૪-૧૦)

આ પ્રકારે બ્રહ્મપુરાણમાં કહ્યું છે, **"આ ચોવીસ પ્રકારના ભેદોવાળી માયા પરમાત્માથી પ્રગટ થઈ તેની જ પરા પ્રકૃતિ છે."** તથા ગીતામાં કહ્યું છે **"મારા અધિષ્ઠાન દ્વારા પ્રકૃતિ ચરાચરને ઉત્પન્ન કરે છે."** (ગીતા ૯-૧૦)

(કેવી શક્તિને જોઈ) જે પોતાના ગુણોથી પ્રકૃતિના કાર્યભૂત પૃથ્વી વગેરેથી નિગૂઢ-આચ્છાદિત હતી. અર્થાત્ કારણનું સ્વરૂપ કાર્યના સ્વરૂપથી દબાઈ જવાને કારણે જે કાર્યથી અલગ પોતાના સ્વરૂપથી ઉપલબ્ધ થવાને યોગ્ય ન હતી. ગુણ પ્રકૃતિના કાર્ય છે. આ વાત **"સત્ત્વ, રજ અને તમ આ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ગુણ છે."** (ગીતા ૧૪-૫) આ વાક્યથી (મહર્ષિ) વ્યાસ પણ બતાવે છે.

આ વિશ્વને ઉત્પન્ન કરનારી શક્તિ જેની સમજવામાં આવે છે તે દેવ કોણ છે ? તેના માટે કહે છે - 'यः कारणानि' વગેરે. જે એક અદ્વિતીય પરમાત્મા પહેલાં બતાવેલા કાલાત્મયુક્ત સમસ્ત કારણોને કાલ અને આત્માથી યુક્ત અર્થાત્ કાલ અને પુરુષથી સંયુક્ત સ્વભાવાદિને, કે જે 'कालः स्वभावः' વગેરે મંત્રોમાં બતાવ્યા છે તેને અધિષ્ઠિત-નિયમિત કરે છે, તેની શક્તિને જગતના કારણ રૂપથી જોઈ. આવું આ વાક્યનું તાત્પર્ય છે.

અથવા દેવાત્મશક્તિ. દૈવાત્મા અર્થાત્ ઈશ્વરરૂપમાં સ્થિત શક્તિને જોઈ. એવું જ આ વાક્ય પણ છે. **"હે સર્વાત્મન્ ! આપની જે આશ્રયભૂતા અપરા શક્તિ સમસ્ત ભૂતોમાં રહેલી છે, હે પરમેશ્વર ! તે નિત્યા શક્તિને નમસ્કાર છે. જે વાણી તથા મનથી અતીત અને અગોચર તેમજ નિર્વિશેષ છે તથા જ્ઞાન અને ધ્યાનથી જેમનો સારી રીતે વિવેક થઈ શકે છે તે પરા દેવતાની હું વંદના કરું છું."** આનાથી વધુમાં શ્રુતિ સ્વભાવાદિ જગતના કારણ નથી, અજ્ઞાન જ કારણ છે. આ વાતનું આગળ વિસ્તારપૂર્વક વર્ણન કરશે. જેમ **"કોઈ કોઈ વિદ્વાન સ્વભાવને જ જગતનું કારણ બતાવે છે."** (શ્વે.ઉપ. ૬-૧) વગેરે, **"માયી પરમેશ્વર આ વિશ્વની રચના કરે છે,"** (શ્વે.ઉપ. ૪-૯) **"એક રુદ્ર જ છે, પરમાર્થદર્શી બ્રહ્મવેત્તા બીજાની અપેક્ષા રાખતા નથી,"** (શ્વે.ઉપ. ૩-૨) **"વર્ણ (જાતિ) વગેરે વિભેદોથી રહિત (જે એકમાત્ર અદ્વિતીય પરમાત્માએ પોતાની) વિવિધ પ્રકારની શક્તિઓના યોગથી (અનેક વર્ણોની સૃષ્ટિ રચી છે)"** (શ્વે.ઉપ. ૪-૧) વગેરે (કેવી શક્તિને જોઈ ?) પોતાના ગુણોથી એટલે કે સર્વજ્ઞત્વ આદિ ઈશ્વરીય ગુણોથી અથવા સત્ત્વ આદિ પ્રકૃતિના ગુણોથી નિગૂઢ (શક્તિને) જોઈ, અર્થાત્ જે કાર્યકારણભાવથી રહિત પૂર્ણાનન્દ અદ્વિતીય પરબ્રહ્મથી અભિન્ન હોવાને કારણે ઉપલબ્ધ થઈ શકતી નથી. (એવી શક્તિને જોઈ).

એ દેવ કોણ છે ? (તેનો ઉત્તર આપે છે.) જે સર્વ કારણોનું અધિષ્ઠાન છે વગેરે પૂર્વવત્ સમજવું જોઈએ. અથવા દેવ એટલે પરમેશ્વરની સ્વરૂપભૂતા અર્થાત્ જગતની ઉત્પત્તિ, સ્થિતિ લયની હેતુભૂતા બ્રહ્મા, વિષ્ણુ અને શિવરૂપા શક્તિને જોઈ. એવું જ કહ્યું પણ છે. **"જે દેવની બ્રહ્મા, વિષ્ણુ અને શિવરૂપા શકિતઓ છે."** વગેરે તથા **"હે બ્રહ્મન્ ! બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ બ્રહ્મની પ્રધાન શક્તિઓ છે."** વગેરે.

'स्वगुणैः' અર્થાત્ સત્ત્વ, રજ અને તમથી યુક્ત. સત્ત્વ આદિ ગુણરૂપ ઉપાધિના કારણે જ તે સત્ત્વથી વિષ્ણુ, રજથી બ્રહ્મા અને તમથી મહાદેવ કહેવાય છે, એ સર્વ સ્વતઃ નિરુપાધિક પૂર્ણાનંદ અદ્વિતીય બ્રહ્મરૂપથી તો ઉપલબ્ધ થઈ જ શકતા નથી. આ પરબ્રહ્મના જ સૃષ્ટિ વગેરે કાર્ય કરે છે. એટલા માટે અવસ્થા ભેદના આધાર ઉપર આનામાં શક્તિભેદનો વ્યવહાર હોય છે. તાત્વિક ભેદના કારણે નહીં, આવું જ કહ્યું પણ છે. **"તે એક જ ભગવાન જનાર્દન ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારકારિણી બ્રહ્મા, વિષ્ણુ અને શિવરૂપ સંજ્ઞાઓને પ્રાપ્ત થાય છે."** (વિ.પુ. ૧-૨-૬૬)

પરબ્રહ્મ પહેલાં તો ઈશ્વરસ્વરૂપ માયામય રૂપથી રહેલા છે. પછી તે મૂર્ત્તરૂપ બનીને ત્રણ પ્રકારના થઈ જાય છે, તે ત્રિવિધ રૂપથી તે જગતની ઉત્પત્તિ, સ્થિતિ, સંહાર અને નિયમન આદિ કાર્ય કરે છે. તે જ પ્રકારે શ્રુતિ પણ શક્તિ દ્વારા પરમાત્માના નિયમન વગેરે કાર્ય પ્રદર્શિત કરે છે. **"પરમાત્મા પોતાની ઈશની શક્તિઓથી લોકનું શાસન કરે છે. તે સર્વ**

પ્રાણીઓની અંદર વિરાજમાન છે. તેમણે સમસ્ત લોકની સૃષ્ટિ રચીને તેની રક્ષા કરતાં પ્રલયકાળ આવતાં સર્વને પોતાનામાં વિલીન કરી દીધાં." (શ્વે.ઉપ. ૩-૨) વગેરે. અહીં 'ઈશનીભિઃ' ઉત્પત્તિકારિણી પરમશક્તિઓથી એવું વિશેષણ આપ્યું છે. (આનાથી જાણી શકાય છે કે બ્રહ્મ જ પોતાની શક્તિઓ દ્વારા સૃષ્ટિ વગેરે કાર્યો કરે છે) તથા **"હે બ્રહ્મન્ ! બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ એ બ્રહ્મની પ્રધાન શક્તિઓ છે"** આ સ્મૃતિ અનુસાર 'परमशक्तिभिः' એ વાક્યથી આ પરદેવતાઓનું જ ગ્રહણ થાય છે.

અથવા 'देवात्मशक्तिम्' દેવતા, આત્મા અને શક્તિ એ જે પરબ્રહ્મના અવસ્થાભેદ છે તે પ્રકૃતિ, પુરુષ અને ઈશ્વરની સ્વરૂપભૂતા બ્રહ્મરૂપથી સ્થિત પરાત્પર શક્તિને તેમણે કારણસ્વરૂપ જોઈ. આમ જ આ ત્રણેયના સ્વરૂપભૂત બ્રહ્મના **"ભોક્તા (જીવ) ભોગ્ય (પ્રાકૃત પ્રપંચ) અને પ્રેરક (અન્તર્યામી) પરમાત્મા આ ત્રણેયના સ્વરૂપને જાણીને પછી ત્રણ વિભાગમાં બતાવેલા સમસ્ત તત્ત્વોને બ્રહ્મ જ સમજો."** (શ્વે.ઉપ. ૧-૧૨) તથા **"જે સમયે આ ત્રણનો બ્રહ્મરૂપથી અનુભવ કરે છે."** (શ્વે.ઉપ. ૧-૯) આ વાક્યોથી શ્રુતિ ઉલ્લેખ કરશે. (તે શક્તિને) સ્વગુણૈઃ-બ્રહ્મને આશ્રિત પ્રકૃતિ વગેરે વિશેષરૂપ ઉપાધિઓથી આચ્છાદિત જોયા. આમ જ **"સમસ્ત ભૂતોમાં સમાયેલો એક દેવ છે."** (શ્વે.ઉપ. ૬-૧૧) વગેરે વાક્યથી શ્રુતિ આગળ બતાવશે. તથા આ જ અર્થમાં **"તે કઠિનતાથી દેખાનાર પ્રચ્છન્ન રૂપથી અનુપ્રવિષ્ટને"** (ક.ઉપ. ૧-૨-૧૨) **"જે બુદ્ધિરૂપી ગુફામાં સંતાયેલા તે દેવને જાણે છે."** (તૈ.ઉપ. ૨-૧-૧) **"આ દેહની અંદર વિદ્યમાન રહેવા છતાં પણ ઈન્દ્રિયો તેને જાણતી નથી."** વગેરે અન્ય શ્રુતિઓ પણ છે. ''यः कारणानि'' વગેરે વાક્યોનો અર્થ પૂર્વવત્ છે.

અથવા દેવાત્મા-દ્યોતનાત્મક-પ્રકાશસ્વરૂપ અર્થાત્ સમસ્ત તેજોના તેજ પ્રજ્ઞાનઘનમૂર્તિ પરમાત્માની જગતનું સર્જન, પાલન, સંહાર અને નિયંત્રણ કરનારી શક્તિ અર્થાત્ સામર્થ્યને જોયું. જે સ્વગુણૈઃ - સર્વજ્ઞ - સર્વેશિતૃત્વાદિ પોતાના જ અંશભૂત ગુણોથી આચ્છાદિત હોવાના કારણે તે તે વિશેષ રૂપોથી સ્થિત રહેવાને કારણે પોતાના શક્તિ માત્ર શુદ્ધરૂપથી ઉપલબ્ધ થઈ શકતી નથી. આ પ્રકારે આગળ ચાલીને શ્રુતિ તે શક્તિને અન્ય કોઈ પ્રમાણોથી અજ્ઞેય જ પ્રદર્શિત કરશે. **"તે પરમાત્માનું કોઈ કાર્ય (દેહ) અથવા કરણ (ઈન્દ્રિય) નથી. તેના સમાન અથવા તેનાથી અધિક પણ કોઈ નથી. તેની વિવિધ પ્રકારની પરાશક્તિ અને સ્વાભાવિક જ્ઞાનના પ્રભાવથી થનારી ક્રિયા સાંભળવામાં આવે છે."** શેષ (બાકીનો) અર્થ પૂર્વવત્ છે.

'किं कारणम्' અને 'देवात्मशक्तिम्' આ પ્રશ્ન અને ઉત્તરમાં જે જે પક્ષભેદ બતાવવામાં આવ્યા છે તે સર્વનો અહીં શ્રુતિમાં સંક્ષેપમાં સંગ્રહ કરેલો છે, કારણ કે આગળ આ સર્વનું વિસ્તારથી નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમજ અપ્રસ્તુત વિષયનો વિસ્તાર કરવો ઉચિત હોતો નથી. અને (આના વિષયમાં તો) પ્રશ્નોત્તર પણ જોવામાં આવે છે. એનું સંક્ષેપ તેમજ વિસ્તારથી જે વર્ણન કરવામાં આવ્યું છે તે તો વિદ્વાનોને ઈષ્ટ હોવાને કારણે છે, આવું જ કહ્યું પણ છે. **"લોકમાં સંક્ષેપ અને વિસ્તારપૂર્વક વિષયને ગ્રહણ કરવું એ વિદ્વાનોને ઈષ્ટ હોય છે."** આ જ પ્રકારે એક બીજી શ્રુતિમાં એકવાર આવેલા 'गोपाम्' આ પદની વ્યાખ્યાનો ભેદ સ્વયં શ્રુતિએ જ બતાવ્યો છે. ત્યાં ''अपश्यं गोपामित्याह प्राणा वै गोपाः'' **"મેં ગોપાનું દર્શન કર્યું. પ્રાણ એ ગોપા છે"** એમ કહ્યું છે. અને ફરીવાર ''अपश्यं गोपामित्याह असौ वा आदित्यो गोपाः' ''મેં ગોપાનું દર્શન કર્યું એમ કહ્યું. આ સૂર્ય એ ગોપા છે'' એમ કહ્યું છે. આ પ્રકારે 'આ બ્રહ્મ કેમ કેમ કહેવામાં આવે છે.' એમ કહીને **'વધેલો છે અને વધે છે એટલે આને પરબ્રહ્મ કહેવામાં આવે છે.'** એમ કહીને શ્રુતિમાં એકવાર આવેલા 'ब्रह्म' પદનો સ્વયં શ્રુતિએ જ નિમિત્ત અને ઉપાદાનભેદથી અર્થ ભેદ બતાવેલો છે. (૩)

⁂

शाङ्करभाष्यम् :- एवं तावद् **'देवात्मशक्ति' 'यः कारणानि निखिलानि कालात्मना युक्तान्यधितिष्ठत्येकः'** इत्येकस्याद्वितीयस्य परमात्मनः स्वरूपेण शक्तिरूपेण च निमित्तकारणोपादानकारणत्वं मायित्वेनेश्वररूपत्वं देवतात्मत्वसर्वज्ञत्वादिरूपत्वममायित्वेन सत्यज्ञानानन्दाद्वितीयरूपत्वं च समासेन श्रुत्यर्थाभ्यामभिहितम् । इदानीं तमेव सर्वात्मानं दर्शयति कार्यकारणयोरनन्यत्वप्रतिपादनेन । **''वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्''** (छा.उप. ६-१-४) इति निदर्शनेनाद्वितीयापूर्वानपरनेतिनेत्यात्मकवागगोचराशनायाद्यसंस्पृष्टप्रत्यस्तमितभेदचित्सदानन्दब्रह्मात्मत्वं प्रदर्शयितुमनाः प्रकृत्यैव प्रपञ्चभ्रान्तामवस्थां प्राप्तस्य परब्रह्मण ईश्वरात्मना सर्वज्ञत्वापहतपाप्मादिरूपेण देवतात्मना ब्रह्मादिरूपेण कार्यादिरूपेण वैश्वानरादिरूपेण च मोक्षापेक्षितशुद्ध्यर्थाम् **''स यदि पितृलोककामः''** (छा.उप. ८-२-१) इति विश्वैश्वर्यार्थाम् **''मां वा नित्यं शङ्करं वा प्रयाति''** इत्यादिदेवतासायुज्यप्राप्त्यर्थां वैश्वानरादिप्राप्त्यर्थां चोपासनामशेषलौकिकवैदिककर्मप्रसिद्धिं च दर्शयति । यदि कार्यकारणरूपेण स्वरूपेण चित्सदानन्दाद्वितीयब्रह्मात्मना च व्यवस्थितं न स्यात्तदा भोग्यभोक्तृनियन्त्रभावे संसारमोक्षयोरभाव

एव स्यात् । अधिकारिणोऽभावेन साधनभूतस्य प्रपञ्चस्याभावात् । तत्फलदातुश्चेश्वरस्याभावात् । तथा संसारादिहेतुभूतमीश्वरं दर्शयति-''**संसारमोक्षस्थितिबन्धहेतुः**'' इति । तथा च संसारमोक्षयोरभाव एव स्यात् । तत्सिद्ध्यर्थं प्रपञ्चाद्यवस्थानं दर्शयति-''**एकं पादं नोत्क्षिपति सलिलाद्धंस उच्चरन् । स चेदविन्ददानन्दं न सत्यं नानृतं भवेत्**'' इति सनत्सुजातोऽप्येकं पादं नोत्क्षिपतीत्यादि । तथा च श्रुतिः-''**पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि**'' (ऋ.वे. १०-९०-३, छा.उप. ३-१२-६) इति । तत्र प्रथमेन मन्त्रेण सर्वात्मानं ब्रह्म चक्रं दर्शयति द्वितीयेन नदीरूपेण –

શાંકરભાષ્ય :- આ પ્રકારે અહીં સુધી **'પરમાત્માની શક્તિને જુઓ'** અને **'જે સ્વયં જ કાળ અને આત્મા સહિત સર્વના અધિષ્ઠાન છે.'** આ બંને શ્રુતિના અર્થોથી એક જ પરમાત્માના સ્વરૂપ અને શક્તિરૂપથી નિમિત્ત અને ઉપાદાન કારણ હોવાનું, માયાવી રૂપથી ઈશ્વર, દેવતા અને સર્વજ્ઞ આદિ હોવાનું અને અમાયિકરૂપથી સત્યજ્ઞાનાનંદ સ્વરૂપ તેમજ અદ્વિતીય હોવાનું સંક્ષેપમાં વર્ણન કરવામાં આવ્યું છે. હવે કાર્ય અને કારણની અભેદતાનું પ્રતિપાદન કરતી શ્રુતિ તેને જ સર્વરૂપ બતાવે છે. તથા **"વિકાર વાણીથી આરંભ થનાર નામ માત્ર છે. કેવળ માટી જ સત્ય છે."** (છા.ઉપ. ૬-૧-૪) આ દૃષ્ટાંત દ્વારા સમર્થિત જે અદ્વિતીય, કાર્યકારણ-ભાવશૂન્ય, નેતિ-નેતિ સ્વરૂપ, વાણીનો અવિષય, ક્ષુધા આદિ વિકારોથી અસ્પૃષ્ટ, સર્વભેદરહિત, સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મ તત્ત્વ છે તેને પ્રદર્શિત કરવાની ઇચ્છાથી સ્વભાવથી જ પ્રપંચરૂપ ભ્રાંતિમયી અવસ્થાને પ્રાપ્ત થયેલા પરબ્રહ્મની જે સર્વજ્ઞત્વ અને પાપશૂન્યત્વાદિરૂપ ઈશ્વર ભાવથી, બ્રહ્માદિરૂપ દેવભાવથી, (આકાશાદિરૂપ) કાર્ય ભાવથી અને વૈશ્વાનરાદિ રૂપથી મોક્ષ અપેક્ષિત ચિત્ત શુદ્ધિ તથા **"જો તે પિતૃલોકની કામનાવાળા હોય છે."** (છા.ઉપ. ૮-૨-૧) વગેરે શ્રુતિ અનુસાર સંપૂર્ણ ઐશ્વર્યપ્રાપ્તિ, **"તે સર્વદા મને અથવા શંકરને પ્રાપ્ત થાય છે."** વગેરે પ્રમાણ અનુસાર ઈષ્ટદેવથી સાયુજ્યપ્રાપ્તિ તેમજ વૈશ્વાનરાદિ ભાવોની પ્રાપ્તિને માટે ઉપાસના છે તેને તથા સંપૂર્ણ લૌકિક-વૈદિક કર્મપરંપરાને પ્રદર્શિત કરે છે. જો પરમાત્મા કાર્યકારણ રૂપથી અને સ્વરૂપતઃ સચ્ચિદાનંદ અદ્વિતીય બ્રહ્મ રૂપથી રહેલા ન હોત તો ભોક્તા, ભોગ્ય અને નિયંતાનો અભાવ થઈ જવાથી સંસાર અને મોક્ષનો પણ અભાવ થઈ જાત. કારણ કે અધિકારીના ન રહેવાથી ન તો તેના સાધનભૂત પ્રપંચ રહે છે અને ન તેને સાધનનું ફળ આપનાર ઈશ્વર પણ, તથા **"(ઈશ્વર જ) સંસાર, મોક્ષ, સ્થિતિ અને બંધનનો હેતુ છે."** આ શાસ્ત્ર વાક્ય સંસારાદિ હેતુભૂત ઈશ્વરને સિદ્ધ કરે છે. અને ઈશ્વરના ન રહેવાથી તો સંસાર અને મોક્ષનો અભાવ જ થઈ જવો જોઈતો હતો. માટે તેની સિદ્ધિને માટે સનત્સુજાતજી પણ ''एकं पादं नोत्क्षिपति'' વગેરે વાક્યથી આ બતાવતાં કે **"હંસ (પરમાત્મા) જળ(સંસાર)થી ઉપર રહેતાં પણ પોતાનો એક પગ કાઢતા નથી. જો તે (સ્વરૂપભૂત) આનંદનો અનુભવ કરવા લાગે તો ન સત્ય (મોક્ષ) જ રહે અને ન મિથ્યા (સંસાર) પણ"** ઈશ્વરની સિદ્ધિને માટે પ્રપંચ વગેરેની સ્થિતિ બતાવે છે. એવું જ **"સંપૂર્ણ ભૂત પરમાત્માનો એક પાદ છે અને તેમના અમૃતમય ત્રણ પાદ દ્યુલોકમાં છે."** (છા.ઉપ. ૩-૧૨-૬) આ શ્રુતિ પણ બતાવે છે. અહીં શ્રુતિ પહેલા મંત્રથી સર્વાત્મા બ્રહ્મને ચક્રરૂપથી અને બીજા મંત્રથી નદી રૂપથી પ્રદર્શિત કરે છે –

तमेकनेमिं त्रिवृतं षोडशान्तं शतार्धारं विंशतिप्रत्यराभिः ।
अष्टकैः षड्भिर्विश्वरूपैकपाशं त्रिमार्गभेदं द्विनिमित्तैकमोहम् ॥ ४ ॥

અન્વય અને શબ્દાર્થ :- **तम्**-તે **एकनेमिम्**-એક નેમિવાળા, **त्रिवृत्तम्**-ત્રણ ઘેરાવવાળા, **षोडशान्तम्**-સોળ સિરાવાળા, **शतार्धारम्**-સોથી અર્ધા એટલે પચાસ આરાઓવાળા, **विंशतिप्रत्यराभिः**-વીસ સહાયક આરાઓથી અને **षड्भिः**-છ **अष्टकैः**-અષ્ટકોથી યુક્ત **विश्वरूपैकपाशम्**-અનેક રૂપવાળા એક પાશથી જોડાયેલ **त्रिमार्गभेदम्**-(માર્ગના) ત્રણ ભેદોવાળા તથા **द्विनिमित्तैकमोहम्**-બે નિમિત્ત અને એક મોહરૂપી નાભિવાળા (ચક્રને તેઓએ જોયું). (૪)

અનુવાદ :- **તે એક નેમિવાળા, ત્રણ ઘેરાવવાળા, સોળ સિરાવાળા, સોથી અર્ધા એટલે પચાસ આરાઓવાળા, વીસ સહાયક આરાઓથી અને છ અષ્ટકોથી યુક્ત, અનેક રૂપવાળા એક પાશથી જોડાયેલ, (માર્ગના) ત્રણ ભેદોવાળા તથા બે નિમિત્ત અને એક મોહરૂપી નાભિવાળા (ચક્રને તેઓએ જોયું). (૪)**

शाङ्करभाष्यम् :- तमेकेति । य एकः कारणानि निखिलान्यधितिष्ठति तमेकनेमिं योनिः कारणमव्याकृतमाकाशं परमव्योम माया प्रकृतिः शक्तिस्तमोऽविद्या छायाज्ञानमनृतमव्यक्तमित्येवमादिशब्दैरभिलप्यमानैका कारणावस्था नेमिरिव नेमिः सर्वाधारो यस्याधिष्ठातुरद्वितीयस्य परमात्मनस्तमेकनेमिम् । त्रिवृतं त्रिभिः सत्त्वरजस्तमोभिः प्रकृतिगुणैर्वृतम् । ★ षोडशको



विकारः पञ्च भूतान्येकादशेन्द्रियाण्यन्तोऽवसानं विस्तारसमाप्तिर्यस्यात्मनस्तं षोडशान्तम् । अथवा प्रश्नोपनिषदि "**यस्मिन्नेताः षोडशकलाः प्रभवन्ति**" (प्र.उप. ६-२) इत्यारभ्य "**स प्राणमसृजत प्राणाच्छ्रद्धाम्**" (प्र.उप. ६-४) इत्यादिना प्रोक्ता नामान्ताः षोडशकला अवसानं यस्येति । अथवैकनेमिमिति कारणभूताव्याकृतावस्थाभिहिता । तत्कार्यसमष्टिभूतविराट्सूत्रद्वयं तद्व्यष्टिभूतभूरादिचतुर्दश भुवनान्यन्तोऽवसानं यस्य प्रपञ्चात्मनावस्थितस्य तं षोडशान्तम् । ★ शतार्धारम् । पञ्चाशत्प्रत्ययभेदा विपर्ययाशक्तितुष्टिसिद्ध्याख्या अरा इव यस्य तं शतार्धारम् । पञ्च विपर्ययभेदाः-तमो मोहो महामोहस्तामिस्रो ह्यन्धतामिस्र इति । अशक्तिरष्टाविंशतिधा । तुष्टिर्नवधा । अष्टधा सिद्धिः । एते पञ्चाशत्प्रत्यय भेदाः । तत्र तमसो भेदोऽष्टविधः । अष्टसु प्रकृतिष्वनात्मस्वात्मप्रतिपत्तिविषयभेदेनाष्टविधत्वप्रतिपत्तेः । मोहस्य चाष्टविधो भेदः । अणिमादिशक्तिर्मोहः । दशविधो महामोहः । दृष्टानुश्रविकशब्दादिविषयेषु पञ्चसु पञ्चस्वभिनिवेशो महामोहः । दृष्टानुश्रविकभेदेन तेषां दशविधत्वम् । तामिस्रोऽष्टादशविधः । दृष्टानुश्रविकेषु दशसु विषयेष्वष्टविधैरैश्वर्यैः प्रयतमानस्य तदसिद्धौ यः क्रोधः स तामिस्रोऽभिधीयते । अन्धतामिस्रोऽप्यष्टादशविधः । अष्टविधैश्वर्ये दशसु विषयेषु भोग्यत्वेनोपस्थितेष्वर्धभुक्तेषु मृत्युना ह्रियमाणस्य यः शोको जायते महता क्लेशेनैते प्राप्ता न चैते मयोपभुक्ताः प्रत्यासन्नश्चायं मरणकाल इति सोऽन्धतामिस्र इत्युच्यते । ★ विपर्ययभेदा व्याख्याताः । अशक्तिरष्टाविंशतिधोच्यते-एकादशेन्द्रियाणामशक्तयो मूकत्वबधिरत्वान्धत्वप्रभृतयो बाह्याः । अन्तःकरणस्य पुरुषार्थयोग्यतातुष्टीनां विपर्ययेण नवधाशक्तिः । सिद्धीनां विपर्ययेणाष्टधाशक्तिः । ★ तुष्टिर्नवधा-प्रकृत्युपादानकालभाग्याख्याश्चतस्रः । विषयोपरमात्पञ्च । कश्चित्प्रकृतिपरिज्ञानात्कृतार्थोऽस्मीति मन्यते । अन्यः पुनः पारिव्राज्यलिङ्गं गृहीत्वा कृतार्थोऽस्मीति मन्यते । अपरः पुनः प्रकृतिपरिज्ञानेन किमाश्रमाद्युपादानेन वा किं बहुना कालेन अवश्यं मुक्तिर्भवतीति मत्वा परितुष्यति । कश्चित्पुनर्मन्यते विना भाग्येन न किञ्चिदपि प्राप्यते । यदि मम भाग्यमस्ति ततो वत्येवात्रैव मोक्ष इति परितुष्यति । विषयाणामर्जनमशक्यमित्युपरम्य तुष्यति । शक्यते द्रष्टुमार्जितुमार्जितस्य रक्षणमशक्यमित्युपरम्य परितुष्यति । सातिशयत्वादिदोषदर्शनेनोपरम्य परस्तुष्यति । विषयाः सुतरामेवाभिलाषं जनयन्ति न च तद्भोगाभ्यासे तृप्तिरुपजायते ।

"न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥" (श्रीमद्भा. ९-१९-१४) इति ।

तस्मादलमनेन पुनः पुनरसन्तोषकारणेनोपभोगेनेत्येवं सङ्गदोषदर्शनादुपरम्य कश्चित्तुष्यति । नानुपहत्य भूतान्युपभोगः संभवति । भूतोपघातभोगाच्चाधर्मः । अधर्मान्नरकादिप्राप्तिरिति हिंसादोषदर्शनात्कश्चिदुपरम्य तुष्यति । प्रकृत्युपादानकालभाग्याश्चतस्रः । विषयाणामार्जनरक्षणविषयदोषसङ्गहिंसादोषात्पञ्च तुष्टय इति नव तुष्टयो व्याख्याताः । ★ सिद्धयोऽभिधीयन्ते-उहः शब्दोऽध्ययनमिति तिस्रः सिद्धयः । दुःखविघातास्तिस्रः । सुहृत्प्राप्तिर्दानमिति सिद्धिद्वयम् । ऊहस्तत्त्वं जिज्ञासमानस्योपदेशमन्तरेण जन्मान्तरसंस्कारवशात्प्रकृत्यादिविषयं ज्ञानमुत्पद्यते सेयमूहो नाम प्रथमा सिद्धिः । शब्दो नामाभ्यासमन्तरेण श्रवणमात्राद्यज्ज्ञानमुत्पद्यते सा द्वितीया सिद्धिः । अध्ययनं नाम शास्त्राभ्यासाद्यज्ज्ञानमुत्पद्यते सा तृतीया सिद्धिः । आध्यात्मिकस्याधिभौतिकस्याधिदैविकस्य त्रिविधदुःखस्य व्युदासाच्छीतोष्णादिजन्यदुःखसहिष्णोः तितिक्षोर्यज्ज्ञानमुत्पद्यते तस्य आध्यात्मिकादिभेदात्सिद्धेस्त्रैविध्यम् । सुहृदं प्राप्य या सिद्धिर्ज्ञानस्य सा सुहृत्प्राप्तिर्नाम सिद्धिः । आचार्यहितवस्तुप्रदानेन या सिद्धिर्विद्यायाः सा दानं नाम सिद्धिः । एवमष्टविधा सिद्धिर्व्याख्याता । ★ एवं विपर्ययाशक्तितुष्टिसिद्ध्याख्याः पञ्चाशत्प्रत्ययभेदा व्याख्याताः । एवं ब्राह्मपुराणे कल्पोपनिषद्व्याख्यानप्रदेशे षष्टितमाध्याये पञ्चाशत् प्रत्ययभेदाः प्रतिपादितः । अथवा "**पञ्चाशच्छक्तिरूपिणः**" इति परस्य याः शक्तयः पुराणे स्वरूपत्वेनाभिमताः पञ्चाशच्छक्तय अरा इव यस्य तं शतार्धारम् । ★ विंशतिप्रत्यराभिः । विंशतिप्रत्यरा दशेन्द्रियाणि तेषां च विषयाः शब्दस्पर्शरूपरसगन्धवचनादानविहरणोत्सर्गानन्दाः । पूर्वोक्तानामराणां प्रत्यरा ये प्रतिविधीयन्ते कीलका अराणां दार्ढ्याय ते प्रत्यरा इत्युच्यन्ते । तैः प्रत्यरैर्युक्तम् । अष्टकैः षड्भिर्युक्तमिति योजनीयम् ।

"भूमिरापोऽनलो वायुः स्वं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥" (गीता ७-४) इति प्रकृत्यष्टकम् ।

त्वक्चर्ममांसरुधिरभेदोऽस्थिमज्जाशुक्राणि धात्वष्टकम् । अणिमाद्यैश्वर्याष्टकम् । धर्मज्ञानवैराग्यैश्वर्याधर्माज्ञानावैराग्यानैश्वर्याख्यभावाष्टकम् । ब्रह्मप्रजापतिदेवगन्धर्वयक्षराक्षसपितृपिशाचा देवाष्टकम् । अष्टावात्मगुणा ज्ञेयाः, दया सर्वभूतेषु क्षान्तिरनसूया

शौचमनायासो मङ्गलमकार्पण्यमस्पृहेति गुणाष्टके षष्ठम् । एतैः षड्भिर्युक्तम् । ★ विश्वरूपैकपाशं स्वर्गपुत्रान्नाद्यादिविषयभेदाद्विश्वरूपं विश्वरूपो नानारूप एकः कामाख्यः पाशोऽस्येति विश्वरूपैकपाशम् । धर्माधर्मज्ञानमार्गभेदा अस्येति त्रिमार्गभेदम् । द्वयोः पुण्यपापयोर्निमित्तैकमोहो देहेन्द्रियमनोबुद्धिजात्यादिष्वनात्मस्वात्माभिमानोऽस्येति द्विनिमित्तैकमोहम् । अपश्यन्निति क्रियापदमनुवर्तते । अधीम इत्युत्तरमन्त्रसिद्धं वा क्रियापदम् ॥ ४ ॥

શાંકરભાષ્ય : 'तमेकनेमिम्' વગેરે. જે એકલો જ સમસ્તમાં અધિષ્ઠિત છે, તે એક નેમિવાળાને (તેમણે જોયા) જે યોનિ, કારણ, અવ્યાકૃત, આકાશ, પરવ્યોમ, માયા, પ્રકૃતિ, શક્તિ, તમ, અવિદ્યા, છાયા, અજ્ઞાન, અનૃત અને અવ્યક્ત વગેરે શબ્દોથી કહેવામાં આવે છે તે એક કારણાવસ્થા જ જે અધિષ્ઠાતા અદ્વિતીય પરમાત્માની નેમિના સમાન નેમિ અર્થાત્ સંપૂર્ણ કાર્યવર્ગનો આધાર છે. એવા તે એક નેમિવાળા અને 'त्रिवृतम्' સત્ત્વ, રજ, તમરૂપ પ્રકૃતિના ત્રણ ગુણોથી વૃત (ઘેરાયેલા) પરમાત્માને (કારણરૂપથી જોયા).

તથા સોળ વિકાર અર્થાત્ પાંચ ભૂત અને અગિયાર ઈન્દ્રિયો - એ જે આત્માના અંત-અવસાન એટલે કે વિસ્તારની સમાપ્તિ છે, તે સોળ અંતવાળા અથવા પ્રશ્નોપનિષદ્‌માં ''यस्मिन्नेताः षोडशकलाः प्रभवन्ति'' (પ્ર.ઉપ. ૬-૨) અહીંથી લઈને ''स प्राणमसृजत् प्राणाच्छ्रद्धाम्'' (પ્ર.ઉપ. ૬-૪) વગેરે મંત્રથી કહેલી જે (પ્રાણથી લઈને) નામ પર્યંત સોળ કળાઓ છે તે જ જેનો અંત છે (તે આત્માને કારણરૂપથી જોયાં) અથવા ''एकनेमिम्'' આ પદથી કારણભૂતા અવ્યાકૃતાવસ્થાનું વર્ણન કરવામાં આવ્યું છે. તેના સમષ્ટિ કાર્યભૂત વિરાટ અને સૂત્રાત્મા આ બે અને વ્યષ્ટિ કાર્યભૂત ભૂઃ વગેરે ચૌદ ભુવન આ સોળ જે પ્રપંચ રૂપથી રહેલા પરમાત્માના અંત છે. તે ષોડશાંતને (કારણરૂપથી જોયા).

પચાસ આરાવાળા - વિપર્યય, અશક્તિ, તુષ્ટિ અને સિદ્ધિ નામક પચાસ પ્રત્યયભેદ જેના આરાના સમાન છે તે પચાસ આરાવાળાને (જોયા) તમ, મોહ, મહામોહ, તામિસ્ર અને અંધતામિસ્ર આ પાંચ વિપર્યયના ભેદ છે. અશક્તિ અઠાવીસ પ્રકારની છે, તુષ્ટિ નવ પ્રકારની અને સિદ્ધિ આઠ પ્રકારની. આ જ પચાસ પ્રત્યય ભેદ છે. અનાત્મભૂત આઠ પ્રકૃતિઓમાં આત્મભાવ હોવો એ જ ભાવોના વિષયભેદ અનુસાર આઠ પ્રકારના તમ છે. મોહના આઠ પ્રકારના ભેદ છે. અણિમાદિ આઠ શક્તિઓ જ મોહ છે. મહામોહ દશ પ્રકારના છે. દૃષ્ટ (લૌકિક) અને શ્રુત (પારલૌકિક) શબ્દાદિ પાંચ પાંચ વિષયોમાં જે સત્યત્વબુદ્ધિ છે તે મહામોહ છે, દૃષ્ટ અને આનુશ્રવિક ભેદથી તે દશ પ્રકારના છે. તામિસ્ર અઢાર પ્રકારના છે. આઠ પ્રકારના ઐશ્વર્યો દ્વારા દશ પ્રકારના દૃષ્ટ અને આનુશ્રવિક વિષયોને માટે પ્રયત્ન કરતાં કરતાં તેની પ્રાપ્તિ ન થતાં જે ક્રોધ આવે છે તે તામિસ્ર કહેવાય છે. અંધતામિસ્ર પણ અઢાર પ્રકારના છે. આઠ પ્રકારના ઐશ્વર્ય અને દશ પ્રકારના વિષય ભોગ્યરૂપથી ઉપસ્થિત રહેવાથી તેને અર્ધા ભોગવ્યાથી જ મૃત્યુ દ્વારા તેને છોડી દેવાથી જે એવો શોક થાય છે કે મેં આને બહુ કષ્ટ દ્વારા પ્રાપ્ત કર્યું હતું. હું તેને ભોગવી પણ ન શક્યો કે આ મરણકાળ ઉપસ્થિત થઈ ગયો. આને અંધતામિસ્ર કહે છે.

આ પ્રકારે વિપર્યયના ભેદોની તો વ્યાખ્યા થઈ ગઈ. અશક્તિ અઠાવીસ પ્રકારની કહેવામાં આવી છે. મૂકત્વ, બધિરત્વ, અંધત્વાદિ અગિયાર બાહ્ય અશક્તિઓ તો ઈન્દ્રિયોની છે. પુરુષાર્થની યોગ્યતારૂપ તુષ્ટિઓથી વિપરીત નવ અશક્તિઓ અંતઃકરણની છે અને આઠ અશક્તિઓ સિદ્ધિઓથી વિપરીત છે.

તુષ્ટિ નવ પ્રકારની છે - ચાર તો પ્રકૃતિ, ઉપાદાન, કાળ અને ભાગ્ય નામવાળી તથા પાંચ વિષયોમાં ઉપરતિ થઈ જવાથી થાય છે. (૧) કોઈ પુરુષ પ્રકૃતિનું જ્ઞાન થવાથી જ એમ માની લે છે કે હું કૃતાર્થ થઈ ગયો. (૨) કોઈ સંન્યાસના ચિહ્નો ધારણ કરવાથી જ ''હું કૃતાર્થ થઈ ગયો'' એમ પોતાને માનવા લાગે છે. (૩) કોઈ પ્રકૃતિનું જ્ઞાન થવાથી એવું માનીને સંતુષ્ટ થઈ જાય છે કે હવે સંન્યાસાશ્રમાદિ ગ્રહણ કરવાની શી આવશ્યક્તા છે. બહુ સમય વીતવાથી હવે તો અવશ્ય મુક્તિ થઈ જ જશે. (૪) કોઈ એમ માનવા લાગે છે કે ભાગ્ય વિના કંઈ પણ મળતું નથી, જો મારું ભાગ્ય હશે તો મને અવશ્ય અહીં મોક્ષ પ્રાપ્ત થઈ જશે, એમ સમજીને તે સન્તુષ્ટ થઈ જાય છે. (૫) કોઈ એમ માનીને કે વિષયોનું ઉપાર્જન કરવું અસંભવ છે એમ ઉપરત થઈને સંતુષ્ટ થઈ જાય છે. (૬) કોઈ એમ વિચારીને કે વિષયોનું દર્શન અને ઉપાર્જન તો સંભવ છે, પરંતુ ઉપાર્જિત વિષયોની રક્ષા કરવી સંભવ નથી. તેનાથી ઉપરત થઈને સંતોષ માની લે છે. (૭) કોઈ વિષયોમાં ન્યૂનાધિક્તાદિ દોષ જોઈને તેનાથી ઉપરત થઈને સંતુષ્ટ થઈ જાય છે. (૮) વિષય તો તત્સંબંધી અભિલાષાને જ ઉત્પન્ન કરે છે, તેના વારંવાર ભોગથી કદી તૃપ્તિ થતી નથી, **''વિષયોની ઈચ્છા તેના ભોગથી કદી શાંત થતી નથી, પરંતુ ઘીથી અગ્નિની સમાન તે ફરીથી વધી જાય છે.''** (ભા.પુ. ૯-૧૯-૧૪) માટે વારંવાર અસંતોષના હેતુભૂત આ વિષયોના

ભોગને છોડો. આ પ્રકારે વિષયાસક્તિમાં દોષ જોઈને કોઈ તેનાથી ઉપરત થઈને સંતોષ માની લે છે. (૯) જીવોની હિંસા કર્યા વિના ભોગ મળવો શક્ય નથી અને જીવહિંસાપૂર્વક ભોગ ભોગવવાથી અધર્મ થશે તથા અધર્મથી નરકાદિની પ્રાપ્તિ થશે. આ પ્રકારે પ્રકૃતિ, ઉપાદાન, કાળ અને ભાગ્યનામક ચાર તેમજ વિષયોના ઉપાર્જન, રક્ષણ, વિષયતાર તમ્યરૂપ દોષ, સંગ અને હિંસા આ દોષોને કારણે થનારી પાંચ એવી આ નવ તુષ્ટિઓની વ્યાખ્યા કરવામાં આવી.

હવે સિદ્ધિઓ બતાવવામાં આવે છે. ત્રણ સિદ્ધિઓ તો ઊહ, શબ્દ અને અધ્યયન નામની છે, ત્રણ દુઃખવિધાત નામની છે અને બે સુહૃત્પ્રાપ્તિ તેમજ દાન છે. ઊહ - તત્ત્વજિજ્ઞાસુને ઉપદેશ વિના જ જન્માન્તરના સંસ્કારથી જે પ્રકૃતિ વગેરેના વિષયમાં જ્ઞાન ઉત્પન્ન થઈ જાય છે તે ઊહ નામની પહેલી સિદ્ધિ છે. અભ્યાસ વિના કેવળ શ્રવણમાત્રથી જ જે જ્ઞાન ઉત્પન્ન થઈ જાય છે તે શબ્દ નામની બીજી સિદ્ધિ છે. શાસ્ત્રના અભ્યાસથી જે જ્ઞાન ઉત્પન્ન થઈ જાય છે તેને અધ્યયન કહે છે, આ ત્રીજી સિદ્ધિ છે. આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક આ ત્રિવિધ દુઃખોની ઉપેક્ષા કરવાથી શીતોષ્ણાદિ જનિત દુઃખ સહન કરનાર તિતિક્ષુ પુરુષને જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે દુઃખવિધાત નામની સિદ્ધિ છે. આધ્યાત્મિકાદિ ભેદને કારણે આ સિદ્ધિના પણ ત્રણ પ્રકાર છે. કોઈ સુહૃદની પ્રાપ્તિ થવાથી જે જ્ઞાનની સિદ્ધિ થાય છે તે સુહૃત્પ્રાપ્તિ નામની સિદ્ધિ છે. આચાર્યને તેની પ્રિય વસ્તુ દાન કરવાથી જે જ્ઞાનની પ્રાપ્તિ થાય છે તે દાન નામની સિદ્ધિ છે. આ પ્રકારે આઠ પ્રકારની સિદ્ધિઓની પણ વ્યાખ્યા કરવામાં આવી.

આમ આ વિપર્યય, અશક્તિ, તુષ્ટિ અને સિદ્ધિ નામના પચાસ પ્રત્યય ભેદોની વ્યાખ્યા થઈ. બ્રાહ્મપુરાણમાં કલ્પોનિષદ્‌ની વ્યાખ્યાના પ્રસંગમાં સાઇઠમાં અધ્યાયમાં પચાસ પ્રત્યયભેદોની આવા પ્રકારની વ્યાખ્યા કરવામાં આવી છે. અથવા ''पञ्चाशच्छक्तिरूपिण:'' આ પુરાણ વાક્યમાં પરમાત્માની જે શક્તિઓનું તેના સ્વરૂપ રૂપથી વર્ણન કર્યું છે તે જ જેના આરાની સમાન છે તે શતાર્ધાર(પચાસ આરાવાળા)ને (કારણરૂપથી જોયા).

વીસ પ્રત્યરો(સહાયક આરા)થી યુક્ત, દશ ઈન્દ્રિયો અને તેના વિષય શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, વચન, આદાન (ગ્રહણ), ગતિ, ત્યાગ અને આનંદ - એ વીસ પ્રત્યર છે. જે પૂર્વોક્ત અરોની પ્રત્યે અરે અરોની દઢતાને માટે જે શલાકાઓ (ખીલીઓ) લગાવવામાં આવે છે તે પ્રત્યર કહેવાય છે. તે પ્રત્યરોથી યુક્ત, તથા છ અષ્ટકોથી યુક્તને (કારણરૂપથી જોયા) એવી યોજના કરવી જોઈએ. **"પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર - આ મારી આઠ ભેદોવાળી પ્રકૃતિ છે."** (ગીતા ૭-૪) આ ગીતોક્ત પ્રકૃત્યષ્ટક છે. ત્વચા, ચર્મ, માંસ, રુધિર, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર આ ધાત્વષ્ટક છે. અણિમાદિ ઐશ્વર્યાષ્ટક છે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, અધર્મ, અજ્ઞાન, અવૈરાગ્ય અને અનૈશ્વર્ય - આ ભાવાષ્ટક છે, બ્રહ્મા, પ્રજાપતિ, દેવ, ગાંધર્વ, યક્ષ, રાક્ષસ, પિતૃગણ અને પિશાચ - આ દેવાષ્ટક છે, અને આઠ જેને આત્માના ગુણ સમજવા જોઈએ, તે સમસ્ત પ્રાણીઓ પ્રતિ દયા, ક્ષમા, અનસૂયા (નિંદા ન કરવી) શોચ, અનાયાસ, મંગલ, અકૃપણતા અને અસ્પૃહા - આ છઠ્ઠો ગુણાષ્ટક છે. આ છ અષ્ટકોથી યુક્તને (કારણરૂપથી જોયા)

વિશ્વરૂપ એક પાશવાળાને સ્વર્ગ, પુત્ર તેમજ અન્નાદ્ય વગેરે વિષયભેદથી કામનામક એક જ વિશ્વરૂપ - અનેક પ્રકારના પાશ છે જેના તે વિશ્વરૂપ એક પાશવાળાને, ધર્મ, અધર્મ અને જ્ઞાનરૂપ જેના માર્ગભેદ છે તે ત્રણ માર્ગભેદવાળાને, તથા પાપ-પુણ્ય આ બંનેના એક જ નિમિત્ત મોહ એટલે દેહ, ઈન્દ્રિય, મન, બુદ્ધિ તેમજ જાતિ વગેરે અનાત્માઓમાં જેનું આત્માભિમાન છે એવા એ બેના (મોહરૂપ) એક જ નિમિત્તવાળાને (તેમણે કારણરૂપ જોયા) આ પ્રકારે અહીં પૂર્વમંત્રની ક્રિયા 'अपश्यन्' ની અનુવૃત્તિ થાય છે, અથવા આગળના મંત્રના ક્રિયાપદ 'अधीम:'નો અધ્યાહાર કરવો જોઈએ. (૪)

⁂

पूर्वं चक्ररूपेण दर्शितमिदानीं नदीरूपेण दर्शयति –
પહેલાં ચક્રરૂપથી પ્રદર્શિત કરેલને હવે (શ્રુતિ) નદીરૂપથી બતાવે છે –

पञ्चस्त्रोतोऽम्बुं पञ्चयोन्युग्रवक्रां पञ्चप्राणोर्मिं पञ्चबुद्ध्यादिमूलाम् ।
पञ्चावर्तां पञ्चदु:खौघवेगां पञ्चाशद्भेदां पञ्चपर्वामधीम: ॥ ५ ॥

અન્વય અને શબ્દાર્થ :- पञ्चस्त्रोतोऽम्बुम्-પાંચ (વિષયોરૂપી) સ્રોત-વહેણવાળા જળથી યુક્ત, **पञ्चयोन्युग्रवक्राम्**-પાંચ સ્થાનોથી ઉત્પન્ન થઈ ઉગ્ર ચાલવાળી, **पञ्चप्राणोर्मिम्**-પાંચ પ્રાણરૂપી ઊર્મિઓવાળી, **पञ्चबुद्ध्यादि**-

मूलाम्-પાંચ બુદ્ધિ વગેરે મૂળવાળી, पञ्चावर्ताम्-પાંચ આવર્તો-ભમરીઓવાળી, पञ्चदुःखौघवेगाम्-પાંચ દુઃખરૂપી પ્રવાહના વેગવાળી, पञ्चपर्वाम्-પાંચ પર્વોવાળી અને पञ्चाशद्भेदाम्-પચાસ ભેદોવાળી નદીને अधीमः-અમે જાણીએ છીએ. (૫)

અનુવાદ :- પાંચ (વિષયોરૂપી) સ્રોત-વહેણવાળા જળથી યુક્ત, પાંચ સ્થાનોથી ઉત્પન્ન થઈ ઉગ્ર ચાલવાળી, પાંચ પ્રાણરૂપી ઊર્મિઓવાળી, પાંચ બુદ્ધિ વગેરે મૂળવાળી, પાંચ આવર્તો-ભમરીઓવાળી, પાંચ દુઃખરૂપી પ્રવાહના વેગવાળી, પાંચ પર્વોવાળી અને પચાસ ભેદોવાળી નદીને અમે જાણીએ છીએ. (૫)

शाङ्करभाष्यम् :- पञ्चस्रोतोऽम्बुमिति । पञ्च स्रोतांसि चक्षुरादीनि ज्ञानेन्द्रियाण्यम्बुस्थानानि यस्यास्तां नदीं पञ्चस्रोतोऽम्बुम् । अधीम इति सर्वत्र संबध्यते । पञ्चयोनिभिः कारणभूतैः पञ्चभूतैरुग्रां वक्रां च पञ्चयोन्युग्रवक्राम् । पञ्च प्राणाः कर्मेन्द्रियाणि वाक्पाण्यादयो वोर्मयो यस्यास्तां पञ्चप्राणोर्मिम् । पञ्चबुद्धीनां चक्षुरादिजन्यानां ज्ञानानामादिः कारणं मनः । मनोवृत्तिरूपत्वात्सर्वज्ञानानां मनो मूलं कारणं यस्याः संसारसरितस्ताम् । तथा च मनसः सर्वहेतुत्वं दर्शयति-

''मनोविजृम्भितं सर्वं यत्किंचित्सचराचरम् ।
मनसो ह्यमनीभावे द्वैतं नैवोपलभ्यते ॥'' इति ।

पञ्च शब्दादयो विषया आवर्तस्थानीयास्तेषु विषयेषु प्राणिनो निमज्जन्तीति यस्यास्तां पञ्चावर्ताम् । पञ्च गर्भदुःखजन्मदुःखजरादुःखव्याधिदुःखमरणदुःखान्येवौघवेगो यस्यास्तां पञ्चदुःखौघवेगाम् । अविद्यास्मितारागद्वेषाभिनिवेशाः पञ्च क्लेशभेदाः पञ्च पर्वाण्यस्यास्तां पञ्चपर्वामिति ॥ ५ ॥

શાંકરભાષ્ય :- 'पञ्चस्रोतोऽम्बुम्' વગેરે. પાંચ સ્રોતરૂપી ચક્ષુ વગેરે પાંચ જ્ઞાનેન્દ્રિયો જ જેના જળસ્થાનરૂપ છે તે પાંચ સ્રોતરૂપી જળવાળી નદીને (અમે જાણીએ છીએ). અહીં अधीमः (જાણીએ છીએ) ક્રિયાપદનો સર્વની સાથે સંબંધ છે. પાંચ યોનિ અર્થાત્ કારણભૂત પાંચ ભૂતોથી જે ઉગ્ર અને વક્ર છે તે પંચયોન્યુગ્રવક્રાને, પાંચ પ્રાણ અથવા વાક્, પાણિ, પાદાદિ પાંચ કર્મેન્દ્રિયો જેના તરંગો છે તે પંચપ્રાણોર્મિને, પાંચ બુદ્ધિઓ, અર્થાત્ ચક્ષુ વગેરેથી થનાર પાંચ જ્ઞાનોનું આદિ એટલે કે કારણ મન છે, કારણ કે સમસ્ત જ્ઞાન મનોવૃતક્તિ રૂપ છે, તે મન જે સંસારરૂપી નદીનું મૂળ કારણ છે તેને, તથા મન જ બધાનો હેતુ છે. એ આ વાક્યથી બતાવે છે **"જેટલું સ્થાવર જંગમ છે તે સર્વ મનનો જ વિલાસ છે. મનનો અમનીભાવ થવાથી એટલે મન મનનશૂન્ય થવાથી દ્વૈતની ઉપલબ્ધિ જ થતી નથી."** શબ્દાદિ પાંચ વિષય આવર્તરૂપ છે, તે વિષયોમાં પ્રાણી ડૂબી જાય છે, માટે તે જેના આવર્ત છે તે પાંચ આવર્તવાળીને, ગર્ભદુઃખ, જન્મદુઃખ, જરાદુઃખ, વ્યાધિદુઃખ અને મરણદુઃખ આ પાંચ જેના ઓઘવેગ (જળરાશિના પ્રવાહ) છે તે પાંચ દુઃખરૂપી ઓઘવેગવાળીને, તથા અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ આ પાંચ ક્લેશ જ જેના પાંચ પર્વ છે તે પાંચ પર્વોવાળી સંસાર નદીને (અમે જાણીએ છીએ). (૫)

❖

एवं तावन्नदीरूपेण ब्रह्मचक्ररूपेण च कार्यकारणात्मकं ब्रह्म सप्रपञ्चमिहाभिहितम् । इदानीमस्मिन्कार्यकारणात्मकब्रह्मचक्रे केन वा संसरति केन वा मुच्यत इति संसारमोक्षहेतुप्रदर्शनायाह –

આમ અહીં સુધી તો નદીરૂપથી અને બ્રહ્મચક્રરૂપથી પ્રપંચસહિત કાર્યકારણરૂપ બ્રહ્મનું વર્ણન કરવામાં આવ્યું. હવે આ કાર્યકારણાત્મક બ્રહ્મચક્રમાં કયા હેતુથી જીવને સંસારની પ્રાપ્તિ થાય છે અને કયા સાધનથી તે મુક્ત થાય છે આમ સંસાર અને મોક્ષનો હેતુ બતાવવાને માટે શ્રુતિ કહે છે –

सर्वाजीवे सर्वसंस्थे बृहन्ते अस्मिन्हंसो भ्राम्यते ब्रह्मचक्रे ।
पृथगात्मानं प्रेरितारं च मत्वा जुष्टस्ततस्तेनामृतत्वमेति ॥ ६ ॥

અન્વય અને શબ્દાર્થ :- अस्मिन्-આ सर्वाजीवे-સહુની જીવિકારૂપ सर्वसंस्थे-સહુના આશ્રયભૂત बृहन्ते-બૃહત્-વિશાળ ब्रह्मचक्रे-બ્રહ્મચક્રમાં हंसः-જીવાત્માને भ्राम्यते-ઘૂમાવવામાં આવે છે તે आत्मानम्-પોતાને च-અને प्रेरितारम्-સહુને પ્રેરનાર એવા પરમાત્માને पृथक्-જુદો मत्वा-માનીને ततः-પછી तेन-તે પરમાત્માથી जुष्टः-જોડાઈને अमृतत्वम्-અમરતાને एति-પ્રાપ્ત કરે છે. (૬)

અનુવાદ :- આ સહુની જીવિકારૂપ સહુના આશ્રયભૂત બૃહત્-વિશાળ બ્રહ્મચક્રમાં જીવાત્માને ઘૂમાવવામાં આવે છે તે પોતાને અને સહુને પ્રેરનાર એવા પરમાત્માને જુદો માનીને પછી તે પરમાત્માથી જોડાઈને અમરતાને પ્રાપ્ત કરે છે. (૬)

शाङ्करभाष्यम् :- सर्वाजीव इति । सर्वेषामाजीवनमस्मिन्निति सर्वाजीवे । सर्वेषां संस्था समाप्तिः प्रलयो यस्मिन्निति सर्वसंस्थे । बृहन्तेऽस्मिन्हंसो जीवः । हन्ति गच्छत्यध्वानमिति हंसः । भ्राम्यतेऽनात्मभूतदेहादिमात्मानं मन्यमानः सुरनरतिर्यगादिभेदभिन्ननानायोनिषु । एवं भ्राम्यमाणः परिवर्तत इत्यर्थः । ★ केन हेतुना नानायोनिषु परिवर्तते ? इति तत्राह-पृथगात्मानं प्रेरितारं च मत्वेति । आत्मानं जीवात्मानं प्रेरितारं चेश्वरं पृथग्भेदेन मत्वा ज्ञात्वा 'अन्योऽसावन्योऽहमस्मि' इति जीवेश्वरभेददर्शनेन संसारे परिवर्तत इत्यर्थः । ★ केन मुच्यते ? इत्याह-जुष्टः सेवितस्तेनेश्वरेण चित्सदानन्दाद्वितयब्रह्मात्मनाहं ब्रह्मास्मीति समाधानं कृत्वेत्यर्थः । तेनेश्वरसेवनादमृतत्वमेति । यस्तु पूर्णानन्ब्रह्मरूपेणात्मानमवगच्छति स मुच्यते । यस्तु परमात्मनोऽन्यमात्मानं जानाति स बध्यत इति । तथा च बृहदारण्यके भेददर्शनस्य संसारहेतुत्वं प्रदर्शितम्-**"य एवं वेदाहं ब्रह्मास्मीति स इदं सर्वं भवतीति तस्य ह न देवाश्च नाभूत्या ईशते । आत्मा ह्येषां स भवत्यथ योऽन्यां देवतामुपास्तेऽन्योऽसावन्योऽहमस्मीति न स वेद यथा पशुरेवं स देवानाम्"** (बृ.उप. १-४-१०) इति ।

तथा च श्रीविष्णुधर्मे-

"पश्यत्यात्मानमन्यं तु यावद्वै परमात्मनः ।
तावत्संभ्राम्यते जन्तुर्मोहितो निजकर्मणा ॥
संक्षीणाशेषकर्मा तु परं ब्रह्म प्रपश्यति ।
अभेदेनात्मनः शुद्धं शुद्धत्वादक्षयो भवेत्" ॥ ६ ॥

શાંકરભાષ્ય :- 'સર્વાજીવે' વગેરે. જેમાં સમસ્ત ભૂતોનું જીવન છે તે સર્વાજીવ તથા જેમાં સર્વની સંસ્થા સમાપ્તિ એટલે કે પ્રલય થાય છે તે સર્વસંસ્થ બૃહન્ત (મહાન) બ્રહ્મચક્રમાં હંસ જીવ - સંસારમાર્ગથી હનન-ગમન કરે છે એટલા માટે જીવ હંસ કહેવાય છે - ભમતો રહે છે, અર્થાત્ અનાત્મભૂત દેહાદિને આત્મા માનીને દેવતા, મનુષ્ય તેમજ તિર્યગાદિ ભેદોવાળી અનેક યોનિયોમાં ભ્રમણ કરે છે. આમ ભ્રમણ કરતાં કરતાં સર્વ બાજુએ ભટકતા રહે છે એવું આનું તાત્પર્ય છે.

(જીવ) કયા કારણથી અનેક યોનિયોમાં ભટકે છે ? તેના ઉત્તરમાં કહે છે - 'पृथगात्मानं प्रेरितारं च मत्वा' આત્મા અર્થાત્ જીવાત્મા અને પ્રેરક-ઈશ્વરને પૃથક્-વિભિન્નરૂપથી માનીને, તાત્પર્ય આ છે કે 'આ અન્ય છે અને હું અન્ય છું' આમ જીવ અને ઈશ્વરમાં ભેદ જોવાથી તે સંસારમાં ભટકે છે.

શેનાથી તે મુક્ત થાય છે, તો બતાવે છે - તે ઈશ્વર સાથે જોડાઈને-સેવિત બનીને અર્થાત્ સચ્ચિદાનંદમય બ્રહ્મથી અભિન્ન બ્રહ્મસ્વરૂપથી 'હું બ્રહ્મ જ છું' એવું સમાધાન (સમાધિ) કરીને. આ સમાધિ દ્વારા ઈશ્વરનું સેવન કરવાથી તે મુક્ત થઈ જાય છે. જે કોઈપણ પોતાને પૂર્ણાનંદ બ્રહ્મરૂપથી અનુભવ કરે છે. તે મુક્ત થાય છે અને જે પોતાને પરમાત્માથી ભિન્ન જાણે છે તે બંધાય છે. આમ બૃહદારણ્યકમાં પણ ભેદદૃષ્ટિને સંસારનો હેતુ બતાવ્યો છે - **"જે એમ જાણે છે કે હું બ્રહ્મ છું તે સર્વરૂપ થઈ જાય છે, દેવગણ પણ તેના સર્વાત્મક બ્રહ્મભાવની પ્રાપ્તિમાં વિઘ્ન પહોંચાડવામાં સમર્થ થતાં નથી, કારણ કે તે તેમનો આત્મા જ થઈ જાય છે. પરંતુ જે કોઈ અન્ય દેવતાની 'આ અન્ય છે. અને હું અન્ય છું' એવા ભાવથી ઉપાસના કરે છે તે નથી જાણતા (અર્થાત્ તે અજ્ઞાની છે) તે પશુઓ સમાન દેવતાના પશુ છે."** (બૃ.ઉપ. ૧-૪-૧૦)

આવું જ વિષ્ણુધર્મોત્તર પુરાણમાં પણ કહ્યું છે. **"જીવ જ્યાં સુધી પોતાને પરમાત્માથી અલગ જુવે છે ત્યાં સુધી તે પોતાના કર્મો દ્વારા મોહિત કરીને ભટકતો રહે છે. પરંતુ જ્યારે તેના સમસ્ત કર્મ ક્ષીણ થઈ જાય છે તો તેને શુદ્ધ પરબ્રહ્મનો પોતાનાથી અભેદરૂપથી સાક્ષાત્કાર થાય છે, અને શુદ્ધરૂપ થઈ જવાના કારણે તે અમર થઈ જાય છે."** (૬)

⁂

शाङ्करभाष्यम् :- ननु तमेकनेमिमित्यादिना सप्रपञ्चं ब्रह्म प्रतिपादितम् । तथा च सत्यहं ब्रह्मास्मीति ब्रह्मात्मप्रतिपत्तावपि सप्रपञ्चस्यैव ब्रह्मण आत्मत्वेनावगमात् **"तं यथा यथोपासते तदेव भवति"** इति सप्रपञ्चब्रह्मप्राप्तिरेव स्यात् । ततश्च प्रपञ्चस्यापरित्यागान्न मोक्षसिद्धिः । ततश्च **जुटस्ततस्तेनामृतत्वमेतीति** मोक्षोपदेशोऽनुपपन्न एवेत्याशङ्क्याह –

શાંકરભાષ્ય :- 'तमेकनेमिम्' વગેરે વાક્યથી પ્રપંચયુક્ત બ્રહ્મનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં 'હું બ્રહ્મ છું' આમ બ્રહ્માત્મભાવની પ્રાપ્તિ થવાથી પણ પ્રપંચયુક્ત બ્રહ્મને જ આત્મસ્વરૂપથી જાણવામાં આવશે, આનાથી **"તેની જે જેવા પ્રકારે ઉપાસના કરે છે તેવો જ થઈ જાય છે."** આ સિદ્ધાંત અનુસાર સપ્રપંચ બ્રહ્મની જ પ્રાપ્તિ થશે. અને ત્યારે પ્રપંચનો ત્યાગ ન થવાથી મોક્ષની પણ પ્રાપ્તિ થશે નહીં, માટે **'તેનાથી અભિન્નરૂપથી સેવાવાથી અમરત્વ પ્રાપ્ત કરે છે.'** આમ જે મોક્ષનો ઉપદેશ કર્યો છે તે અનુપયુક્ત જ છે - એવી આશંકા કરીને શ્રુતિ કહે છે –

उद्गीतमेतत्परमं तु ब्रह्म तस्मिंस्त्रयं सुप्रतिष्ठाक्षरं च ।
अत्रान्तरं ब्रह्मविदो विदित्वा लीना ब्रह्मणि तत्परा योनिमुक्ताः ॥ ७ ॥

અન્વય અને શબ્દાર્થ :- **एतत्**-આ **उद्गीतम्**-વેદમાં વર્ણવાયેલ **परमम् ब्रह्म**-પરમબ્રહ્મ **तु**-જ **सुप्रतिष्ठा**-સર્વોત્તમ આશ્રય **च**-અને **अक्षरम्**-અવિનાશી, ક્ષર નહીં પામનાર છે. **तस्मिन्**-તેમાં **त्रयम्**-ત્રણ લોકની સ્થિતિ છે. **ब्रह्मविदः**-બ્રહ્મને જાણનારા **अत्र**-અહીં (હૃદયમાં) **अन्तरम्**-અંતર્યામીરૂપે રહેલ(બ્રહ્મ)ને **विदित्वा**-જાણીને **तत्पराः**-તેમાં પરાયણ બની, **ब्रह्मणि**-બ્રહ્મમાં **लीनाः**-લીન બની, **योनिमुक्तः**-યોનિ એટલે જન્મ-મરણથી મુક્ત થાય છે. (૭)

અનુવાદ :- આ વેદમાં વર્ણવાયેલ પરમબ્રહ્મ જ સર્વોત્તમ આશ્રય અને અવિનાશી, ક્ષર નહીં પામનાર છે. તેમાં ત્રણ લોકની સ્થિતિ છે. બ્રહ્મને જાણનારા અહીં (હૃદયમાં) અંતર્યામીરૂપે રહેલ(બ્રહ્મ)ને જાણીને તેમાં પરાયણ બની, બ્રહ્મમાં લીન બની, યોનિ એટલે જન્મ-મરણથી મુક્ત થાય છે. (૭)

शाङ्करभाष्यम् :- उद्गीतमिति । सप्रपञ्चं ब्रह्म यदि स्यात्ततो भवत्येव मोक्षाभावः । न त्वेतदस्ति । कस्मात् ? यत उद्गीतमुद्धृत्य गतमुपदिष्टं कार्यकारणलक्षणात्प्रपञ्चाद्वेदान्तैः । **"अन्यदेव तद्विदितादथो अविदितादधि"** (के.उप. १-३) । **"तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते"** (के.उप. १-४) । **"अस्थूलम्"** (बृ.उप. ३-८-८) **"अशब्दस्पर्शं"** (क.उप. १-३-१५) । **"स एष नेति नेतीति ।"** **"ततो यदुत्तरतरम्"** (श्वेता.उप. ३-१०) । **"अन्यत्र धर्मात्"** (क.उप. १-२-१४) । **"न सन्न चासच्छिव एव केवलः"** (श्वेता.उप. ४-१८) । **"तमसः परः ।"** **"यतो वाचो निवर्तन्ते ।"** (तै.उप. २-४-१) **"यत्र नान्यत्पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमा"** (छा.उप. ७-२४-१) । **"योऽशनायापिपासे शोकं मोहं भयं जरामत्येति"** (बृ.उप. ३-५-१) । **"अप्राणो ह्यमनाः शुभ्रो ह्यक्षरात्परतः परः"** (मु.उप. २-१-२) । **"एकमेवाद्वितीयम् ।"** (छा.उप. ६-२-१) **"वाचारम्भणं विकारो नामधेयम्"** (छा.उप. ६-१-४) । **"नेह नानास्ति किञ्चन"** (बृ.उप. ४-४-१९) । **"एकधैवानुद्रष्टव्यम्"** (बृ.उप. ४-४-२०) । इत्येवमादिषु प्रपञ्चास्पृष्टमेव ब्रह्मावगम्यत इत्यर्थः ।

यत एवं प्रपञ्चधर्मरहितं ब्रह्मात एव परमं तु ब्रह्म । तुशब्दोऽवधारणे । परममेवोत्कृष्टमेव । संसारधर्मानास्कन्दितत्वात् । उद्गीतत्वेन ब्रह्मण उत्कृष्टत्वात् । **"तं यथा यथोपासते"** इति न्यायेनोत्कृष्टब्रह्मोपासनादुत्कृष्टमेव फलं मोक्षाख्यं भवत्येवेत्यभिप्रायः ।

नन्वेवं तर्हि ब्रह्मणः प्रपञ्चासंसृष्टत्वे प्रपञ्चस्यापि ब्रह्मासंसर्गात्सांख्यवाद इव प्रपञ्चस्यापि पृथक्सिद्धत्वेन स्वतन्त्रत्वाद **"वाचारम्भणं विकारो नामधेयम्"** (छा.उप. ६-१-४) इति पारतन्त्र्याभ्युपगमेन मिथ्यात्वोपदेशपूर्वकमद्वितीयब्रह्मात्मत्वेनोपदेशोऽनुपपन्नश्चेत्याशङ्क्याह-

तस्मिंस्त्रयमिति । यद्यदि ब्रह्म प्रपञ्चासंस्पृष्टं स्वतन्त्रं च तथापि प्रपञ्चो न स्वतन्त्रः । अपि तु तस्मिन्नेव ब्रह्मणि त्रयं प्रतिष्ठितं भोक्ता भोग्यं प्रेरितारमिति वक्ष्यमाणं भोग्यभोक्तृनियन्तृलक्षणम् । **"अजा ह्येका भोक्तृभोग्यार्थयुक्ता"** इति वक्ष्यमाणं भोक्तृभोग्यार्थरूपं चान्यद्वेदं श्रुतिसद्धं विराट्सूत्राभ्यां कृतं नामरूपकर्मविश्वतैजसप्राज्ञजाग्रत्स्वप्नसुषुप्तिरूपस्वरूपं प्रतिष्ठितं रज्ज्वामिव सर्पः । यत एतस्मिन्सर्वं भोक्त्रादिलक्षणं प्रपञ्चरूपं प्रतिष्ठितम्, अत एवास्य भोक्त्रादित्रयात्मकस्य प्रपञ्चस्य ब्रह्म सुप्रतिष्ठा शोभनप्रतिष्ठा । ब्रह्मणोऽन्यस्य चलनात्मकत्वाच्चलप्रतिष्ठान्यत्र । ब्रह्मणोऽचलत्वादत्राचलप्रतिष्ठा ।

नन्वेवं तर्हि विकारभूतप्रपञ्चाश्रयत्वेन परिणामित्वाद्दध्यादिवदनित्यं स्यादित्याशङ्क्याह-अक्षरं चेति । यद्यपि विकारः प्रपञ्चाश्रयस्तथाप्यक्षरं न क्षरतीत्यक्षरम् । चशब्दोऽवधारणे, अविनाश्येव ब्रह्म मायात्मकत्वाद्विकारस्य । विकाराश्रयत्वेऽप्यविनाश्येव



कूटस्थं ब्रह्मावतिष्ठत इत्यभिप्रायः । मायात्मकत्वं च प्रपञ्चस्य पूर्वमेव प्रपञ्चितम् । तस्मात्सर्वात्मकत्वेऽपि ब्रह्मणः प्रपञ्चस्य मिथ्यात्मकत्वेन ब्रह्मणः प्रपञ्चासंसर्गात्पूर्णानन्दब्रह्मात्मानं पश्यतो मोक्षाख्यः परमपुरुषार्थो भवतीत्यर्थः ।

कथं तस्यात्मानं पश्यतो मोक्षसिद्धिरित्यत आह-अत्रास्मिन्नन्नमयाद्यानन्दमयान्ते देहे विराडाद्यव्याकृतान्ते वा प्रपञ्चे पूर्वपूर्वोपाधिप्रविलयेनोत्तरोत्तरमप्यशनायाद्यसंस्पृष्टं वाचामगोचरं ब्रह्मविदो विदित्वा लीना ब्रह्मणि विश्वाद्युपसंहारमुखेन लयं गता अहं ब्रह्मास्मीति ब्रह्मरूपणैव स्थिता इत्यर्थः । तत्पराः समाधिपराः किं कुर्वन्ति योनिमुक्ता भवन्ति गर्भजन्मजरामरणसंसारभयान्मुक्ता भवन्तीत्यर्थः ।

तथा च योगयाज्ञवल्क्यो ब्रह्मात्मनैवावस्थितं समाधिं दर्शयति-

''यदर्थमिदमद्वैतं भारूपं सर्वकारणम् ।
आनन्दममृतं नित्यं सर्वभूतेष्ववस्थितम् ॥
तदेवानन्यधीः प्राप्य परमात्मानमात्मना ।
तस्मिन्प्रलीयत त्वात्मा समाधिः स उदाहृतः ॥
इन्द्रियाणि वशीकृत्य यमादिगुणसंयुतः ।
आत्ममध्ये मनः कुर्यादात्मानं परमात्मानि ॥
परमात्मा स्वयं भूत्वा न किञ्चिच्चिन्तयेत्ततः ।
तदा तु लीयते त्वात्मा प्रत्यगात्मन्यखण्डिते ॥
प्रत्यगात्मा स एव स्यादित्युक्तं ब्रह्मवादिभिः ॥''

इति ॥ ७ ॥

શાંકરભાષ્ય :- 'उद्गीतम्' વગેરે. જો બ્રહ્મ પ્રપંચયુક્ત હોત ત્યારે તો (તેની પ્રાપ્તિમાં) મોક્ષનો અભાવ થઈ શકતો હતો. પરંતુ એવી વાત નથી. કેવી રીતે નથી ? કારણ કે વેદાન્તોએ આના કાર્યકારણરૂપ પ્રપંચથી અલગ કરીને ગાન એટલે કે ઉપદેશ કર્યો છે. તાત્પર્ય આ છે કે **"તે વિદિતથી ભિન્ન છે અને અવિદિતથી પણ પર છે,"** (કે.ઉપ. ૧-૩) **"તું તેને બ્રહ્મ જાણ, જેની લોકો ઈંદભાવથી ઉપાસના કરે છે તે બ્રહ્મ નથી,"** (કે.ઉપ. ૧-૪) **"તે સ્થૂળ નથી,"** (બૃ.ઉપ. ૩-૮-૮) **"તે શબ્દ વિનાનું અને સ્પર્શ વિનાનું છે."** (ક.ઉપ. ૧-૩-૧૫) **"તે બ્રહ્મ આ (કારણ) નથી, આ (કાર્ય) નથી," "જે તેનાથી પણ આગળ છે,"** (શ્વે.ઉપ. ૩-૧૦) **"તે ધર્મથી પર છે,"** (ક.ઉપ. ૧-૨-૧૪) **"સત્ નથી અસત્ નથી, તે શુદ્ધ સ્વભાવ તેમજ અવિદ્યાજનિત વિકલ્પથી શૂન્ય છે,"** (શ્વે.ઉપ. ૪-૧૮) **"તે અજ્ઞાનથી પર છે," "જ્યાંથી વાણી પાછી ફરે છે,"** (તૈ.ઉપ. ૨-૪-૧) **"જ્યાં નથી બીજું કાંઈ જોતા, નથી બીજું કાંઈ જાણતા તે ભૂમા છે,"** (છા.ઉપ. ૭-૨૪-૧) **"જે ભૂખ તરસ તથા શોક, મોહ, ભય અને વૃદ્ધાવસ્થાથી પર છે,"** (બૃ.ઉપ. ૩-૫-૧) **"જે પ્રાણ અને મનથી રહિત, શુદ્ધસ્વરૂપ અને અક્ષરથી પણ પર છે,"** (મુ.ઉપ. ૨-૧-૨) **"બ્રહ્મ એક જ અને અદ્વિતીય છે"** (છા.ઉપ. ૬-૨-૧) **"વિકાર વાણીથી આરંભ થનાર નામમાત્ર છે"** (છા.ઉપ. ૬-૧-૪) **"અહીં નાના (અનેક જેવું) કાંઈ નથી,"** (બૃ.ઉપ. ૪-૪-૧૯) તથા **"તેને એકરૂપે જ જોવું જોઈએ,"** (બૃ.ઉપ. ૪-૪-૨૦) વગેરે મંત્રોમાં બ્રહ્મ પ્રપંચથી અસ્પૃષ્ટ છે એમ જ જાણી શકાય છે, એવું આનું તાત્પર્ય છે.

કારણ કે આમ બ્રહ્મ પ્રપંચના ધર્માથી રહિત છે, એટલા માટે તે સર્વોત્કૃષ્ટ જ છે. મૂળમાં 'तु' શબ્દ નિશ્ચયાર્થ છે. परमेव અર્થાત્ સર્વોત્કૃષ્ટ જ છે, કારણ કે તે સમસ્ત સાંસારિક ધર્મોથી અનાક્રાન્ત છે. ઉદ્‌ગીતરૂપ હોવાથી બ્રહ્મ ઉત્કૃષ્ટ છે. **"તેને જે જેવી રીતે ઉપાસના કરે છે."** આ ન્યાયથી ઉત્કૃષ્ટ બ્રહ્મની ઉપાસના કરવાથી મોક્ષરૂપ ઉત્કૃષ્ટ ફળ જ થાય છે એવો અભિપ્રાય છે.

પૂર્વપક્ષી - આમ થવાથી તો જો બ્રહ્મ પ્રપંચથી અસંગ છે અને બ્રહ્મનો પણ પ્રપંચથી કોઈ સંસર્ગ નથી તો સાંખ્યવાદ સમાન પ્રપંચ પણ પૃથક્ સિદ્ધ થવાને કારણે સ્વતંત્ર હોવાથી **"વિકાર વાણીથી આરંભ થનાર નામમાત્ર છે."** (છા.ઉપ. ૬-૧-૪) આ વાક્ય અનુસાર પ્રપંચની પરતંત્રતા સ્વીકાર કરીને તેનું મિથ્યાત્વ બતાવતાં અદ્વિતીય બ્રહ્મરૂપથી ઉપદેશ કરવો અનુચિત જ થશે એવી આશંકા કરીને શ્રુતિ કહે છે.

સિદ્ધાન્તી - 'तस्मिंस्त्रयम्' વગેરે. જો બ્રહ્મનો પ્રપંચથી સંસર્ગ નથી અને તે સ્વતંત્ર છે તો પણ પ્રપંચ સ્વતંત્ર નથી,

તેથી ભોક્તા, ભોગ્ય અને પ્રેરિતા એમ કહીને જેનું આગળ વર્ણન કર્યું છે તે ભોક્તા, ભોગ્ય અને નિયંતા ત્રણે તે બ્રહ્મમાં જ સ્થિત છે. અથવા "अजा ह्येका भोक्तृभोग्यार्थयुक्ता" આ વાક્યથી કહેવામાં આવેલા ભોક્તા, ભોગ્ય અને ભોગ, અથવા શ્રુતિ-પ્રતિપાદન વિરાટ અને હિરણ્યગર્ભ દ્વારા રચાયેલા નામ, રૂપ અને કર્મ અથવા વિશ્વ, તૈજસ્, પ્રાજ્ઞ અથવા જાગૃત, સ્વપ્ન અથવા સુષપ્તિ આ ત્રણે તેનામાં રજ્જુમાં સર્પ સમાન પ્રતિષ્ઠિત છે. કારણ કે આમાં ભોક્તાદિરૂપ સર્વ પ્રપંચ પ્રતિષ્ઠિત છે, આમાં બ્રહ્મ આ ભોક્તાદિ ત્રયરૂપ પ્રપંચની સુપ્રતિષ્ઠા અર્થાત્ ઉત્તમ આશ્રયસ્થાન છે. બ્રહ્મથી ભિન્ન બધું ચલાયમાન (અસ્થાયી) છે, માટે બીજું બધું ચલપ્રતિષ્ઠા છે, બ્રહ્મ અચલ છે, માટે આમાં તેની અચલ પ્રતિષ્ઠા છે.

પૂર્વપક્ષી - જો એમ છે ત્યારે તો વિકારભૂત પ્રપંચનો આશ્રય હોવાથી પરિણામી હોવાને કારણે દધિ (દહીં) વગેરેના સમાન બ્રહ્મ પણ અનિત્ય સિદ્ધ થશે - એવી આશંકા કરીને શ્રુતિ કહે છે -

સિદ્ધાન્તી - 'अक्षरं च ।' જો પ્રપંચનો આશ્રય હોવો વિકાર છે તો પણ તે અક્ષર છે. જે સ્વરૂપથી ચ્યુત થતો નથી તેને અક્ષર કહે છે. અહીં 'च' શબ્દ નિશ્ચયાર્થક છે, અર્થાત્ બ્રહ્મ અવિનાશી જ છે, કારણ કે વિકાર માયિક છે. અભિપ્રાય આ છે કે વિકારનો આશ્રય થવાથી પણ કૂટસ્થ બ્રહ્મ અવિનાશી જ રહે છે. પ્રપંચનું માયામય હોવું તો પહેલેથી જ વિસ્તારથી બતાવી દીધું છે. માટે તાત્પર્ય એ છે કે બ્રહ્મ જે સર્વરૂપ છે તો પ્રપંચ મિથ્યા હોવાથી બ્રહ્મનો પ્રપંચ સાથે કોઈ સંબંધ નથી. માટે પૂર્ણાનંદસ્વરૂપ બ્રહ્માત્મભાવનું દર્શન કરનાર પુરુષને મોક્ષરૂપ પરમ પુરુષાર્થની પ્રાપ્તિ થાય છે.

હવે શ્રુતિ એ બતાવે છે કે તે આત્મદર્શીને કેવા પ્રકારે મોક્ષની પ્રાપ્તિ થાય છે ? અહીં અન્નમય કોશથી માંડીને આનંદમય કોશ પર્યન્ત આ દેહમાં અથવા વિરાટથી લઈને અવ્યાકૃતપર્યન્ત પ્રપંચમાં પૂર્વ પૂર્વ ઉપાધિનો લય કરતાં કરતાં ઉત્તરોત્તર ક્ષુધા વગેરેના સંસર્ગથી શૂન્ય વાણીના અવિષયભૂત બ્રહ્મને જાણીને બ્રહ્મવેત્તા લોકો બ્રહ્મમાં લીન થઈ. વિશ્વાદિનો ઉપસંહાર કરતાં કરતાં બ્રહ્મમાં જ લયને પ્રાપ્ત થઈ. 'હું બ્રહ્મ છું' આ પ્રકારે બ્રહ્મરૂપથી જ સ્થિત થઈ જાય છે. અને તત્પર અર્થાત્ સમાધિ પરાયણ થઈને શું કરે છે ? યોનિમુક્ત થઈ જાય છે, અર્થાત્ ગર્ભવાસ, જન્મ, જરા અને મરણરૂપ સંસારના ભયથી મુક્ત થઈ જાય છે.

આ પ્રકારે યોગી યાજ્ઞવલ્ક્ય પણ બ્રહ્માત્મભાવમાં રહેલા હોવાથી જ સમાધિરૂપથી પ્રદર્શિત કરે છે. "આ જે સર્વના કારણરૂપ અદ્વૈત તત્ત્વ છે પ્રકાશ સ્વરૂપ, આનંદમય, અમૃત, નિત્ય અને સમસ્ત ભૂતોમાં ઓતપ્રોત છે. અનન્યચિત્ત પુરુષ તે પરમાત્માને જ આત્મસ્વરૂપથી પ્રાપ્ત કરીને તેમાં લીન થઈ જાય છે. તે સમાધિ કહેવાય છે. ઈન્દ્રિયોને પોતાના વશમાં કરીને યમાદિ ગુણોથી સંપન્ન થઈને મનને આત્મામાં લગાડે અને આત્માને પરમાત્મામાં. પછી સ્વયં પરમાત્મભાવમાં રહીને કંઈ પણ ચિંતન ન કરે. ત્યારે આ ચિત્ત અખંડ પ્રત્યગાત્મામાં લીન થઈ જાય છે. તે પ્રત્યગાત્મા છે એવું બ્રહ્મવાદીઓએ કહ્યું છે." (૭)

⁂

शाङ्करभाष्यम् :- नन्वद्वितीये परमात्मन्यभ्युपगम्यमाने जीवेश्वरयोरपि विभागाभावाल्लीना ब्रह्मणीति जीवानां ब्रह्मैकत्वपरा लयश्रुतिरनुपपन्नैवेत्याशङ्क्य व्यवहारावस्थायां जीवेश्वरयोरुपाधितो विभागं दर्शयित्वा तद्विज्ञानादमृतत्वं दर्शयति –

શાંકરભાષ્ય :- પરંતુ પરમાત્માને અદ્વિતીય માનવાથી તો જીવ અને ઈશ્વરનો વિભાગ ન હોવાથી "लीना ब्रह्मणि तत्परा योनिमुक्ताः" આ જીવોનો બ્રહ્મમાં લય બતાવનારી શ્રુતિ અસંગત જ થશે - એવી આશંકા કરીને વ્યવહારાવસ્થામાં ઉપાધિવશ જીવ અને ઈશ્વરનો વિભાગ બતાવીને શ્રુતિ પરમાત્માના વિજ્ઞાનથી અમૃતત્વની પ્રાપ્તિ દર્શાવે છે.

संयुक्तमेतत्क्षरमक्षरं च व्यक्ताव्यक्तं भरते विश्वमीशः ।
अनीशश्चात्मा बध्यते भोक्तृभावाज्ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः ॥ ८ ॥

અન્વય અને શબ્દાર્થ :- क्षरम्-ક્ષર-નાશવંત च-અને अक्षरम्-અક્ષર, અવિનાશી संयुक्तम्-(બન્નેના) સંયોગથી બનેલું व्यक्ताव्यक्तम्-વ્યક્ત અને અવ્યક્તરૂપ एतत्-આ विश्वम्-વિશ્વને ईशः-ઈશ્વર भरते-ધારણ કરે છે. च-તથા आत्मा-જીવાત્મા भोक्तृभावात्-(વિષયોનો) ભોક્તા બનવાને કારણે अनीशः-ઈશ્વર-સ્વામી નહીં બનીને बध्यते-બંધાય છે અને देवम्-દેવને-પરમાત્માને ज्ञात्वा-જાણીને सर्वपाशैः-સઘળા પાશોથી-બંધનોથી मुच्यते-મુક્ત થાય છે. (૮)

અનુવાદ :- ક્ષર-નાશવંત અને અક્ષર, અવિનાશી (બન્નેના) સંયોગથી બનેલું વ્યક્ત અને અવ્યક્તરૂપ આ

વિશ્વને ઈશ્વર ધારણ કરે છે. તથા જીવાત્મા (વિષયોનો) ભોક્તા બનવાને કારણે ઈશ્વર-સ્વામી નહીં બનીને બંધાય છે અને દેવને-પરમાત્માને જાણીને સઘળા પાશોથી-બંધનોથી મુક્ત થાય છે. (૮)

शाङ्करभाष्यम् :- संयुक्तमेतदिति । व्यक्तं विकारजातमव्यक्तं कारणं तदुभयं क्षरमक्षरं च व्यक्तं क्षरं विनाश्यव्यक्तमक्षरमविनाशि तदुभयं परस्परसंयुक्तं कार्यकारणात्मकं विश्वं भरते बिभर्तीश ईश्वरः । तथा चाह भगवान्-

"क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ।
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ॥
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ।" (गीता १५-१६, १७) इति ।

न केवलमीश्वरो व्यक्ताव्यक्तं भरतेऽनीशश्चानीश्वरश्च स आत्माविद्यातत्कार्यभूतदेहेन्द्रियादिभिर्बध्यते भोक्तृभावात् । एतदुक्तं भवति-परस्परसंयुक्त-व्यष्टिसमष्टिरूप ईश्वरः । तद्व्यष्टिभूतदेहेन्द्रियात्मकोऽनीशो जीवः । एवं समष्टिव्यष्ट्यात्मकत्वेन जीवपरयोरौपाधिकस्य भेदस्य विद्यमानत्वात्तदुपाध्युपासनद्वारेण निरुपाधिकमीश्वरं ज्ञात्वा मुच्यत इति भोक्त्रात्मैक्यवादे नानुपपन्नं किञ्चिद्विद्यत इति ।

तथा चौपाधिकमेव भेदं दर्शयति भगवान् याज्ञवल्क्यः-

"आकाशमेकं हि यथा घटादिषु पृथग्भवेत् ।
तथात्मैको ह्यनेकश्च जलाधारेष्विवांशुमान् ॥" (याज्ञ. ३-१४४)

तथा च श्रीविष्णुधर्मे-

"परात्मनोर्मनुष्येन्द्र विभागोऽज्ञानकल्पितः ।
क्षये तस्यात्मपरयोर्विभागाभाव एव हि ॥
आत्मा क्षेत्रज्ञसंज्ञोऽयं संयुक्तः प्राकृतैर्गुणैः ।
तैरेव विगतः शुद्धः परमात्मा निगद्यते ॥
अनादिसंबन्धवत्या क्षेत्रज्ञोऽयमविद्यया ।
युक्तः पश्यति भेदेन ब्रह्म त्वात्मनि संस्थितम् ॥"

तथा च श्रीविष्णुपुराणे-

"विभेदजनकेऽज्ञाने नाशमात्यन्तिकं गते ।
आत्मनो ब्रह्मणो भेदमसन्तं कः करिष्यति ॥" (वि.पु. ६-७-९६)

तथा च वासिष्ठे योगशास्त्रे प्रश्नपूर्वकं दर्शितम्-

"यद्यात्मा निर्गुणः शुद्धः सदानन्दोऽजरोऽमरः ।
संसृतिः कस्य तात स्यान्मोक्षो वा विद्यया विभो ॥
क्षेत्रनाशः कथं तस्य ज्ञायते भगवन्यतः ।
यथावत्सर्वमेतन्मे वक्तुमर्हसि साम्प्रतम् ॥"

वसिष्ठः-

"तस्यैव नित्यशुद्धस्य सदानन्दमयात्मनः ।
अवच्छिन्नस्य जीवस्य संसृतिः कीर्त्यते बुधैः ॥
एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः ।
एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत् ॥
भ्रान्त्यारूढः स एवात्मा जीवसंज्ञः सदा भवेत् ॥"

तथा च ब्राह्मे पुराणे परस्यैवौपाधिकं जीवादिभेदं दर्शयति कथं तर्ह्यौपाधिकभेदेन बन्धमुक्त्यादिव्यवस्था ? इत्याशङ्क्य दृष्टान्तपूर्वकं व्यवस्थां दर्शयति-

"एकस्तु सूर्यो बहुधा जलाधारेषु दृश्यते ।
आभाति परमात्मा च सर्वोपाधिषु संस्थितः ॥



ब्रह्म सर्वशरीरेषु बाह्ये चाभ्यन्तरे स्थितम् ।
आकाशमिव भूतेषु बुद्धावात्मा न चान्यथा ॥
एवं सति यथा बुद्ध्या देहोऽहमिति मन्यते ।
अनात्मन्यात्मताभ्रान्त्या सा स्यात्संसारबन्धिनी ॥
सर्वैर्विकल्पैर्हीनस्तु शुद्धो बुद्धोऽजरोऽमरः ।
प्रशान्तो व्योमवद्व्यापी चैतन्यात्मासकृत्प्रभः ॥
धूमाभ्रधूलिभिर्व्योम यथा न मलिनायते ।
प्राकृतैरपरामृष्टो विकारैः पुरुषस्तथा ॥
यथैकस्मिन्घटाकाशे जलैर्धूमादिभिर्युते ।
नान्ये मलिनतां यान्ति दूरस्थाः कुत्रचित्क्वचित् ॥
तथा द्वन्द्वैरनेकैस्तु जीवे च मलिनीकृते ।
एकस्मिन्नापरे जीवा मलिनाः सन्ति कुत्रचित् ॥''

तथा च शुकशिष्यो गौडपादाचार्यः-

''यथैकस्मिन्घटाकाशे रजोधूमादिभिर्युते ।
न सर्वे संप्रयुज्यन्ते तद्वज्जीवाः सुखादिभिः ॥'' (माण्डू.का. ३-५) इति ।

तस्माददि्वतीये परमात्मन्युपाधितो जीवेश्वरयोर्जीवानां च भेदव्यवस्थायाः सिद्धत्वान्न विशुद्धसत्त्वोपाधेरीश्वरस्याविशुद्धोपाधिजीवगताः सुखुःखमोहाज्ञानादयः । तथा च भगवान्पराशरः-

''ज्ञानात्मकस्यामलसत्त्वराशेरपेतदोषस्य सदा स्फुटस्य ।
किं वा जगत्यस्ति समस्तपुंसामज्ञातमस्यास्ति हृदि स्थितस्य ॥'' (वि.पु. ५-१७-३२) इति ।

नापि जीवान्तरगतसुखदुःखमोहादिना जीवान्तरस्य बद्धस्य मुक्तस्य वा संबन्धः, उपाधितो व्यवस्थायाः संभवात् । अत एकमुक्तौ सर्वमुक्तिरिति भवदुक्तस्य चोद्यस्यानवकाशः ॥ ८ ॥

શાંકરભાષ્ય :- 'संयुक्तमेतत्' વગેરે. વ્યક્ત વિકારસમુહ અને અવ્યક્ત કારણ આ જ બંને ક્ષર અને અક્ષર છે. વ્યક્ત ક્ષર એટલે વિનાશી છે અને અવ્યક્ત અક્ષર એટલે અવિનાશી છે. પરસ્પર મળેલા કાર્યકારણાત્મક વિશ્વરૂપ આ બંનેનું પરમાત્મા પોષણ કરે છે. એવું જ ભગવાને પણ કહ્યું છે. **''સંપૂર્ણ ભૂત (પ્રાકૃત વિકાર) ક્ષર છે અને કૂટસ્થ પ્રકૃતિ (ભગવાનની માયા શક્તિ) અક્ષર કહેવાય છે. આ બંનેથી અત્યંત ઉત્કૃષ્ટ પુરુષ (અર્થાત્ પુરુષોત્તમ) તો અન્ય જ છે, જે પરમાત્મા કહેવાયા છે. તથા જે અવિનાશી ઈશ્વર ત્રણે લોકમાં વ્યાપીને તેને ધારણ કરે છે.''** (ગીતા ૧૫-૧૬, ૧૭) વગેરે.

પરમાત્મા કેવળ વ્યક્તાવ્યક્તરૂપ વિશ્વનું ભરણ જ નથી કરતાં, પરંતુ જીવ અનીશ - અસ્વતંત્ર પણ છે અને તે ભોક્તૃત્વના કારણે અવિદ્યા અને તેના કાર્યભૂત દેહ તેમજ ઈન્દ્રિયાદિથી બંધાઈ જાય છે. અહીં એમ કહેવું છે કે ઈશ્વર પરસ્પર મળેલા એવા સમષ્ટિવ્યષ્ટિરૂપ છે. તેમાં વ્યષ્ટિ દેહ તેમજ ઈન્દ્રિયોવાળો માયાધીન જીવ છે. આમ સમષ્ટિ-વ્યષ્ટિરૂપથી જીવ અને પરમાત્માનો ઔપાધિક ભેદ વિદ્યમાન રહેવાથી તે ઉપાધિજનિત ઉપાસના દ્વારા નિરૂપાધિક ઈશ્વરનું જ્ઞાન થવાથી જીવ મુક્ત થઈ જાય છે. માટે ભોક્તા જીવ અને પરમાત્માનું એકત્વ માનવારૂપી સિદ્ધાંતમાં અસંગત કાંઈ જ નથી.

આમ ભગવાન યાજ્ઞવલ્કય પણ આનો ઔપાધિક ભેદ જ બતાવે છે. **''જે પ્રકારે ઘટાદિમાં એક જ આકાશ ભિન્ન ભિન્ન થઈ જાય છે તે પ્રકારે એક જ આત્મા જળાશયોમાં સૂર્યની સમાન ભિન્નભિન્ન પ્રતીત થઈ રહ્યો છે.''** (યાજ્ઞ. ૩-૧૪૪)

શ્રી વિષ્ણુધર્મોત્તરમાં પણ આવું જ કહેવામાં આવ્યું છે, **''રાજન્ ! પરમાત્મા અને જીવાત્માનો ભેદ અજ્ઞાનકલ્પિત છે, અજ્ઞાનનો નાશ થઈ જવાથી આત્મા અને પરમાત્માના ભેદનો અભાવ જ સિદ્ધ થાય છે. આ ક્ષેત્ર સંજ્ઞક જીવાત્મા પ્રકૃતિના ગુણોથી યુક્ત છે અને તેનાથી રહિત થવાથી આ શુદ્ધસ્વરૂપ પરમાત્મા કહેવાય છે. આ ક્ષેત્રજ્ઞ પોતાની અનાદિકાળથી સંબંધ રાખનારી અવિદ્યાથી યુક્ત હોવાથી જ પોતાનામાં સ્થિત બ્રહ્મને ભેદભાવથી જુવે છે.''**

તથા શ્રી વિષ્ણુપુરાણમાં પણ કહ્યું છે. **''જીવ અને બ્રહ્મનો ભેદ ઉત્પન્ન કરનાર અજ્ઞાનનો આત્યન્તિક નાશ થઈ જવાથી આત્મા અને બ્રહ્મનો મિથ્યા ભેદ કોણ કરશે ?''** (વિ.પુ. ૬-૭-૯૬)



વાસિષ્ઠ યોગશાસ્ત્રમાં પણ (રામચંદ્રજીના) પ્રશ્નપૂર્વક આ જ વાત બતાવી છે. (રામ પૂછે છે) "જો આત્મા નિર્ગુણ, શુદ્ધ, નિત્યાનંદસ્વરૂપ, જરાશૂન્ય અને અમર છે તો હે વિભુ ! આ સંસાર કેવી રીતે પ્રાપ્ત કરે છે ? અથવા જ્ઞાનથી કોનો મોક્ષ થાય ? અને હે ભગવાન ! (જ્ઞાનીના મહાપ્રયાણ સમયે) તેમનો લિંગભંગ થતો કેવી રીતે જાણી શકાય છે ? આ સમયે તે સર્વ વાતો આપે મને યથાર્થ રીતે બતાવવા યોગ્ય છો."

વસિષ્ઠ - "મનીષિગણ તે નિત્યશુદ્ધ, નિત્યાનંદમય આત્માને જ દેહાવચ્છિન્ન જીવભાવની પ્રાપ્તિ થવાથી સંસારની પ્રાપ્તિ બતાવે છે. પ્રત્યેક જીવમાં એક જ ભૂતાત્મા (સત્યસ્વરૂપ આત્મા-પરબ્રહ્મ) રહેલો છે. તે જળમાં પ્રતિબિંબિત ચંદ્ર સમાન એક અને અનેક રૂપથી જોઈ શકાય છે. અવિદ્યાધીન થવાથી તે પરમાત્મા સર્વદા જીવ સંજ્ઞાવાળો થઈ જાય છે."

આમ બ્રહ્મપુરાણમાં પણ પરમાત્માના જ ઔપાધિક જીવ વગેરે ભેદ બતાવ્યા છે. ત્યાં આ શંકા કરીને કે એવી અવસ્થામાં ઔપાધિક ભેદથી જ બંધ-મોક્ષાદિની વ્યવસ્થા કેવી રીતે થઈ શકે છે ? તેની દૃષ્ટાંતપૂર્વક વ્યવસ્થા બતાવે છે. "જે પ્રકારે એક જ સૂર્ય વિભિન્ન જલાધારોમાં અનેક રૂપ દેખાય છે તે પ્રકારે સમસ્ત ઉપાધિઓમાં રહેલ પરમાત્મા પણ અનેકવત્ દેખાય છે. તે પરબ્રહ્મ સમસ્ત શરીરોની બહાર અને અંદર પણ રહેલું છે. જેમ આકાશ પંચભૂતોમાં ઓતપ્રોત છે તેમ સમસ્ત બુદ્ધિઓમાં એક જ આત્મા અનુસ્યૂત છે. બીજા કોઈ પ્રકારે નહીં. આવી સ્થિતિમાં અનાત્મામાં આત્મત્વની ભ્રાંતિ થઈ જવાથી તેવી બુદ્ધિ દ્વારા તે જીવ જે એમ માનવા લાગે છે કે "હું દેહ છું" આવી બુદ્ધિ જ તેને સંસારમાં બાંધનારી છે. પરંતુ આ સમસ્ત વિકલ્પોથી રહિત તે શુદ્ધ, બુદ્ધ, અજર, અમર, અત્યન્ત શાંત, આકાશ સમાન વ્યાપક, ચૈતન્યસ્વરૂપ અને નિત્યજ્યોતિ સ્વરૂપ છે. જેમ ધૂમ, મેઘ અને ધૂળ વગેરેથી આકાશ મલિન થતું નથી, તેમ પુરુષ પ્રકૃતિના વિકારોથી અસંગ છે. જેમ એક ઘટાકાશના જળ અથવા ધૂમાદિથી યુક્ત હોવાથી તેનાથી દૂર રહેનાર અન્ય સર્વ ઘટાકાશ કદી કોઈપણ સ્થાને મલિન થતાં નથી તેમ એક જીવના અનેકો દ્વંદ્વોથી અભિભૂત થવાથી પણ અન્ય જીવ ક્યાંય પણ મલિન થતાં નથી."

વળી શુકદેવજીના શિષ્ય શ્રી ગોડપાદાચાર્ય કહે છે - "જેમ એક ઘટાકાશના ધૂળ અને ધૂમ વગેરેથી યુક્ત થવાથી અન્ય સર્વ ઘટાકાશ તેનાથી યુક્ત થતાં નથી. તેમ (એક જીવના) સુખાદિથી સર્વ જીવ પણ સુખાદિ સાથે જોડાતા નથી." (માં.કા. ૩-૫)

માટે અદ્વિતીય પરમાત્મામાં ઉપાધિથી જ જીવ, ઈશ્વર અને જીવોના પારસ્પારિક ભેદની વ્યવસ્થા સિદ્ધ થવાથી વિશુદ્ધ સત્ત્વમયી ઉપાધિવાળા ઈશ્વરને અશુદ્ધ ઉપાધિવાળા જીવના સુખ, દુઃખ, મોહ તેમજ જ્ઞાનાદિ પ્રાપ્ત થતાં નથી. એવું જ ભગવાન પરાશર કહે છે. "સમસ્ત જીવોના અંતઃકરણમાં રહેલા જ્ઞાનસ્વરૂપ, વિશુદ્ધ સત્ત્વરાશિ, સર્વદોષનિર્મુક્ત અને નિત્ય પ્રકાશસ્વરૂપ પરમાત્માને સંસારમાં કઈ વસ્તુ અજ્ઞાત છે ?" (વિ.પુ. ૫-૧૭-૩૨)

આના સિવાય કોઈ બદ્ધ અથવા મુક્ત એક જીવનો કોઈ અન્ય જીવના સુખ, દુઃખ અથવા મોહ વગેરેથી પણ કોઈ સંબંધ નથી, કારણ કે ઉપાધિના કારણે એવી વ્યવસ્થા હોવી સંભવ છે. માટે આપની "એકની મુક્તિ થવાથી સર્વ જીવોની મુક્તિ થઈ જવી જોઈએ." એવી શંકા માટે કોઈ અવકાશ નથી. (૮)

◆

किञ्चेदमपरं वैलक्षण्यमित्याह – આના સિવાય એક બીજી વિલક્ષણતા કહે છે –

ज्ञाज्ञौ द्वावजावीशनीशावजा ह्येका भोक्तृभोग्यार्थयुक्ता ।
अनन्तश्चात्मा विश्वरूपो ह्यकर्ता त्रयं यदा विन्दते ब्रह्ममेतत् ॥ ९ ॥

અન્વય અને શબ્દાર્થ :- ज्ञाज्ञौ-જ્ઞાની અને અજ્ઞાની, ઈશાનીશૌ-ઈશ અને અનીશ (સર્વ સમર્થ અને અસમર્થ) એવા द्वौ-બે अजौ-અજન્મા છે અને भोक्तृभोग्यार्थयुक्ता-ભોગવનાર જીવાત્માના ભોગને યોગ્ય પદાર્થોથી યુક્ત એવી एका-એક (પ્રકૃતિ છે) हि-કારણ કે आत्मा-પરમાત્મા अनन्तः-અનંત विश्वरूपः-સઘળા રૂપોવાળો च-અને अकर्ता-કર્તાપણાથી રહિત (છે) यदा-જ્યારે (સાધક) एतत्-આ त्रयम्-ત્રણેને ब्रह्मम्-બ્રહ્મરૂપમાં विन्दते-પ્રાપ્ત કરે છે (ત્યારે સઘળા બંધનોથી મુક્ત થાય છે). (૯)

અનુવાદ :- જ્ઞાની અને અજ્ઞાની, ઈશ અને અનીશ (સર્વ સમર્થ અને અસમર્થ) એવા અજન્મા છે અને ભોગવનાર જીવાત્માના ભોગને યોગ્ય પદાર્થોથી યુક્ત એવી એક (પ્રકૃતિ છે) કારણ કે પરમાત્મા અનંત સઘળા

રૂપોવાળો અને કર્તાપણાથી રહિત (છે) જ્યારે (સાધક) આ ત્રણેને બ્રહ્મરૂપમાં પ્રાપ્ત કરે છે (ત્યારે સઘળા બંધનોથી મુક્ત થાય છે). (૯)

शाङ्करभाष्यम् :- ज्ञाज्ञौ द्वाविति । न केवलं व्यक्ताव्यक्तं भरत ईशो नाप्यनीशः संवध्यते जीवः, अपि तु ज्ञाज्ञौ द्वौ ज्ञ ईश्वरोऽज्ञो जीवस्तावजौ जन्मादिरहितौ । ब्रह्मण एवाविकृतस्य जीवेशश्वरात्मनावस्थानात् । तथा च श्रुतिः-

> ''**पुरश्चक्रे द्विपदः पुरश्चक्रे चतुष्पदः ।**
> **पुरः स पक्षी भूत्वा पुरः पुरुष आविशत् ॥**'' (बृ.उप. २-५-१८)

इति । ''**एकस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च**'' (कठ.उप. २-२-९) इति च । ईशनीशौ, छान्दसं ह्रस्वत्वम् ।

नन्वद्वैतवादिनो यदि भोक्तुभोग्यलक्षणप्रपञ्चसिद्धिः स्यात्तदा सर्वेशः परमेश्वरः, अनीशो जीवः, सर्वज्ञः परमेश्वरः, असर्वज्ञो जीवः सर्वकृत्परमेश्वरः, असर्वकृज्जीवः, सर्वभृत्परमेश्वरः, देहादिभृज्जीवः, सर्वात्मा परमेश्वरः, असर्वात्मा जीवः, विश्वैश्वर्य आप्तकामः परमेश्वरः अल्पैश्वर्योऽनाप्तकामो जीवः ''**सर्वतः-पाणि.**'' (श्वेता.उप. ३-१६) ''**सहस्त्रशीर्षा**'' (श्वेता.उप. ३-१४) । ''**नित्यो नित्यानाम्**'' (श्वेता.उप. ६-१३) इत्यादिना जीवेश्वरयोर्विलक्षणव्यवहारसिद्धिः स्यात् । न तु भोक्त्रादिप्रपञ्चसिद्धिरस्ति स्वतः कूटस्थापरिणाम्यद्वितीयस्य वस्तुनोऽभोक्त्रादिरूपत्वात् । नापि परतो ब्रह्मव्यतिरिक्तस्य भोक्त्रादिप्रपञ्चहेतुभूतस्य वस्त्वन्तरस्याभावात् । वस्त्वन्तरसद्भावेऽद्वैतहानिरित्याशङ्क्याह-अजा ह्येका भोक्तृभोग्यार्थयुक्तेति ।

भवेदयमीश्वराद्यविभागः यदि प्रपञ्चासिद्धिरेवस्यात् । सिध्यत्येव प्रपञ्चः । हि यस्मादर्थे । यस्मादजा प्रकृतिर्न जायत इत्यजा सिद्धा प्रसवधर्मिणी । ''**अजामेकाम्**'' (श्वेता.उप. ४-५) । ''**मायां तु प्रकृतिं विद्यात्**'' (श्वेता.उप. ४-१०) । ''**इन्द्रो मायाभिः पुरुरूष ईयते**'' (बृ.उप. २-५-१९) । ''**माया परा प्रकृतिः**'' ''**संभवाम्यात्ममायया**'' (गीता ४-६) । इत्यादिश्रुतिस्मृतिसिद्धा विश्वजननी देवात्मशक्तिरूपैका स्वविकारभूतभोक्तृभोगभोग्यार्थप्रयुक्तेश्वरनिकटवर्तिनी किंकुर्वाणावतिष्ठते । तस्मात्सोऽपि मायी परमेश्वरो मायोपाधिसंनिधेस्तद्वानिव कार्यभूतैर्देहादिभिस्तद्वदेव विभक्तैर्वा विभक्त ईश्वरादिरूपेणावतिष्ठते । तस्मादेकस्मिन्नेकरसे परमात्मन्यभ्युपगम्यमानेऽपि जीवेश्वरादिसर्वलौकिकवैदिकसर्वभेदव्यवहारसिद्धिः । न च तयोर्वस्त्वन्तरस्य सद्भावाद्द्वैतवादप्रसक्तिः । मायाया अनिर्वाच्यत्वेन वस्तुत्वायोगात् । तथाह-''**एषा हि भगवन्माया सदसद्व्यक्तिवर्जिता**'' इति ।

यस्मादजैव भोक्त्रादिरूपा तस्मात्तत्स्वीकृतस्य मिथ्यासिद्धवस्तुत्वसंभवादनन्तश्चात्मा । चशब्दोऽवधारणे । अनन्त एवात्मा । अस्यान्तः परिच्छेदो देशतः कालतो वस्तुतो वा न विद्यत इति । विश्वरूपो विश्वमस्यैव रूपमितिः परस्याविश्वरूपत्वात् । ''**वाचारम्भणं विकारो नामधेयम्**'' (छां.उप. ६-१-२) इति रूपस्य रूपिव्यतिरकेणाभावाद्विश्वरूपत्वादप्यानन्त्यं सिद्धमित्यर्थः । हिशब्दो यस्मादर्थे । यस्माद्विश्वरूपवैश्वरूप्यं लक्षणं परमात्मन इत्येवमादिभिरात्मनो विश्वरूपत्वमित्यर्थः । यत एवानन्तो विश्वरूप आत्मात एवाकर्ता कर्तृत्वादिसंसारधर्मरहित इत्यर्थः ।

कदैवमनन्तो विश्वरूपः कर्तृत्वादिसकलसंसारधर्मवर्जितो मुक्तः पूर्णानन्दाद्वितीयब्रह्मरूपेणैवावतिष्ठते ? इत्यत्राह-त्रयं यदा विन्दते ब्रह्ममेतदिति । त्रयं भोक्तृभोगभोग्यरूपम् । मायात्मकत्वादधिष्ठानभूतब्रह्मव्यतिरेकेण नास्ति किन्तु ब्रह्मैवेति यदा विन्दते तदा निवृत्तनिखिलविकल्पपूर्णानन्दाद्वितीयब्रह्मभाक्कर्तृत्वादि सकलसंसारधर्मवर्जितो वीतशोकः कृतकृत्योऽवतिष्ठत इत्यर्थः । अथवा ज्ञाज्ञाजात्मकजीवेश्वरप्रकृतिरूपत्रयं ब्रह्म यदा विन्दते लभते तदा मुच्यत इति । ब्रह्ममिति मकारान्तं ब्रह्ममेतु मां मधुमेतु माम् इतिवच्छान्दसम् ॥ ९ ॥

શાંકરભાષ્ય :- 'ज्ञाज्ञो द्वौ' વગેરે. ઈશ્વર વ્યક્ત અને અવ્યક્તરૂપ જગતનું પોષણ કરે છે તથા માયાધીન જીવ તેમાં બંધાઈ જાય છે - કેવળ એટલું જ નહીં, પરંતુ તે બંને ક્રમશઃ જ્ઞ અને અજ્ઞ છે ઈશ્વર જ્ઞ (સર્વજ્ઞ) છે અને જીવ અજ્ઞ છે. તથા તે બંને જ અજ-જન્માદિ રહિત છે. કારણ કે એકમાત્ર અવિકારી બ્રહ્મ જ જીવ અને ઈશ્વર ભાવથી રહેલ છે. આવું જ શ્રુતિ પણ કહે છે. **"પુરુષે બે પગવાળું શરીર બનાવ્યું અને ચાર પગવાળું શરીર બનાવ્યું અને તે પક્ષી થઈને તે પુરો(શરીરો)માં પ્રવેશ કરી ગયો."** (બૃ.ઉપ. ૨-૫-૧૮) **"આ પ્રકારે સંપૂર્ણ ભૂતોનો તે એક અંતર આત્મા પ્રત્યેક રૂપમાં તેના અનુરૂપ થઈ રહ્યા છે તથા તેની બહાર પણ છે."** (ક.ઉપ. ૨-૨-૯) 'इशनीशौ'' આ સમસ્ત પદમાં શકારની હ્રસ્વતા વૈદિક છે.

પરંતુ અદ્વૈતવાદીના સિદ્ધાંતમાં પ્રપંચની સિદ્ધિ થઈ શકતી હોય ત્યારે પરમેશ્વર સર્વેશ્વર છે, જીવ અનીશ્વર છે, પરમેશ્વર જયારે સર્વજ્ઞ છે, જીવ અસર્વજ્ઞ છે, પરમેશ્વર સર્વ કાંઈ કરનાર છે, જીવ કાંઈપણ કરી શકતો નથી, પરમેશ્વર સર્વનું પોષણ કરનાર છે, જીવ દેહ વગેરેનો જ પોષક છે, પરમેશ્વર સર્વનો આત્મા છે, જીવ સર્વનો આત્મા નથી. પરમેશ્વર સર્વ ઐશ્વર્ય સંપન્ન અને પૂર્ણકામ છે, જીવ અલ્પ ઐશ્વર્યવાન છે અને તે પૂર્ણ કામ નથી. તથા **"તેના સર્વ બાજુએ હાથ છે,"** (શ્વે.ઉપ. ૩-૧૬) **"તે સહસ્ર મસ્તકોવાળો છે."** (શ્વે.ઉપ. ૩-૧૪) **"તે નિત્યોનો નિત્ય છે."** (શ્વે.ઉપ. ૬-૧૩) વગેરે વાક્યોથી જીવ અને ઈશ્વરના ભેદ વ્યવહારની સિદ્ધિ થઈ જાય છે. પરંતુ ભોક્તાદિ પ્રપંચની સિદ્ધિ સ્વતઃ તો થઈ શકતી નથી, કારણ કે કૂટસ્થ, અપરિણામી, અદ્વિતીય વસ્તુ અભોક્તાદિ રૂપ છે, તથા પરતઃ (કોઈ અન્યથી) પણ તેની સિદ્ધિ થઈ શકતી નથી. કારણ કે બ્રહ્મથી અતિરિક્ત ભોક્તાદિ પ્રપંચની હેતુભૂત કોઈ અન્ય વસ્તુની સત્તા જ નથી. કારણ કોઈ અન્ય વસ્તુની સત્તા સ્વીકાર કરવાથી તો અદ્વૈત જ સિદ્ધ થતું નથી. એવી શંકા થવાથી શ્રુતિ કહે છે. "ભોક્તાના ભોગ્ય સંપાદનમાં એકમાત્ર અજા (પ્રકૃતિ) જોડાયેલી છે."

જો પ્રપંચ સિદ્ધ થાય તો આ ઈશ્વરાદિનો વિભાગ થવો સંભવ ન હતો, પરંતુ પ્રપંચ તો સિદ્ધ થાય છે. મૂળમાં 'हि' શબ્દ કારણના અર્થમાં છે. કારણ કે અજા પ્રકૃતિ, જે ઉત્પન્ન હોવાને કારણે અજા છે. પ્રસવધર્મિણી સિદ્ધ છે. અર્થાત્ **"એક અજાને"** (શ્વે.ઉપ. ૪-૫) **"માયાને તો પ્રકૃતિ જાણો"** (શ્વે.ઉપ. ૪-૧૦) **"ઈન્દ્ર માયાથી અનેકરૂપ ધારણ કરે છે,"** (બૃ.ઉપ. ૨-૫-૧૯) **"માયા પરા પ્રકૃતિ છે," હું મારી માયાથી જન્મ લઉં છું."** (ગીતા ૪-૬) વગેરે શ્રુતિ-સ્મૃતિઓથી સિદ્ધ થનારી ભગવાનની આત્મશક્તિ રૂપા જગત્જનની એક માયા પોતાના વિકારભૂત ભોક્તા, ભોગ અને ભોગ્યના સંપાદનમાં જોડાઈને ઈશ્વરની નિકટવર્તિની કિંકરીરૂપે રહેલી છે. માટે તે માયાવી પરમેશ્વર પણ માયારૂપ ઉપાધિની સંન્નિધિથી માયા યુક્ત જેવા થઈને પોતાના કાર્યભૂત દેહાદિ વિભક્ત પદાર્થોના કારણે તેના સમાન ઈશ્વરાદિરૂપથી વિભક્ત થયેલો હોય એવો રહેલ છે. માટે પરમાત્માને એક અને એકરસ સ્વીકાર કરવાથી પણ જીવેશ્વરાદિ ભેદરૂપ સમસ્ત લૌકિક અને વૈદિક વ્યવહાર સિદ્ધ થઈ શકે છે અને તે અન્ય વસ્તુઓના રહેવાથી દ્વૈતવાદની પણ પ્રાપ્તિ થઈ શકતી નથી, કારણ કે અનિર્વચનીય હોવાને કારણે માયા કોઈ વસ્તુ નથી. આવું જ કહ્યું પણ છે. **"આ ભગવાનની માયા સત્ અને અસત્‌ની અભિવ્યક્તિથી રહિત છે."** વગેરે.

કારણ કે અજા પ્રકૃતિ જ ભોક્તાદિરૂપ છે એટલા માટે તેનાથી કલ્પના કરવામાં આવેલો પ્રપંચ મિથ્યા અને અસત્ વસ્તુ હોવાથી આત્મા તો અનંત છે. મૂળમાં 'च' શબ્દ નિશ્ચયાર્થ છે, અર્થાત્ આત્મા અનંત જ છે, એટલે કે દેશ, કાળ અથવા વસ્તુ કોઈથી પણ તેનો અંત-પરિચ્છેદ નથી. વિશ્વરૂપ અર્થાત્ વિશ્વ તેનું રૂપ છે, કારણ કે પરમાત્મા સ્વયં તો વિશ્વરૂપ નથી (અર્થાત્ વિશ્વરૂપમાં તેનું પરિણામ થતું નથી). **"વિકાર વાણીથી આરંભ થનાર નામમાત્ર છે."** (છા.ઉપ. ૬-૧-૪) આ શ્રુતિ અનુસાર રૂપ રૂપવાનથી અલગ હોતું નથી, માટે વિશ્વરૂપ હોવાથી પણ તેની અનંતતા જ સિદ્ધ થાય છે. અહીં 'हि' શબ્દ "કારણ કે" ના અર્થમાં છે, કારણ કે વિશ્વરૂપ બહુરૂપતા પરમાત્માનું જ લક્ષણ છે, માટે તાત્પર્ય એ છે કે આ સર્વ હેતુઓથી પણ આત્માનું વિશ્વરૂપત્વ સિદ્ધ થાય છે, કારણ કે આત્મા અનંત અને વિશ્વરૂપ છે એટલા માટે તે અકર્તા અર્થાત્ કર્તૃત્વાદિ સંસારના ધર્મોથી રહિત છે.

આમ આત્મા અનંત, વિશ્વરૂપ, કતૃત્વાદિ સંપૂર્ણ સાંસારિક ધર્મોથી રહિત, મુક્ત અને પૂર્ણાનંદ અદ્વિતીય બ્રહ્મરૂપથી જ ક્યારે રહે છે ? આવો પ્રશ્ન થવાથી શ્રુતિ કહે છે, "त्रयं यदा विन्दते ब्रह्ममेतत्' ત્રય અર્થાત્ ભોક્ત, ભોગ અને ભોગ્યરૂપ માયામય હોવાથી પોતાના અધિષ્ઠાન બ્રહ્મથી ભિન્ન નથી, પરંતુ બ્રહ્મ જ છે એવો જ્યારે અનુભવ કરે છે ત્યારે જીવાત્મા સંપૂર્ણ વિકલ્પોથી નિવૃત્ત થવાથી પૂર્ણાનંદ અદ્વિતીય બ્રહ્મ સ્વરૂપ થઈને કર્તૃત્વાદિ સકળ સંસારધર્મોથી રહિત, શોકહીન અને કૃતકૃત્ય થઈને રહે છે. આવું આનું તાત્પર્ય સમજવું જોઈએ. અથવા એવું જાણો કે ક્રમશઃ આ જ્ઞ, અજ્ઞ, અને અજારૂપ ઈશ્વર, જીવ તેમજ પ્રકૃતિ આ ત્રણેને એ બ્રહ્મરૂપથી પ્રાપ્ત (અનુભવ) કરી લે છે. તે સમયે તે મુક્ત થઈ જાય છે. મૂળમાં 'ब्रह्मम्' આ મકારાન્ત પ્રયોગ 'ब्रह्ममेतु माम्' 'मधुमेतु माम्' વગેરે સમાન વૈદિક છે. (૯)

⁂

जीवेश्वरयोर्विभागं दर्शयित्वा तद्विज्ञानादमृतत्वं दर्शितम् । इदानीं प्रधानेश्वरयोर्वैलक्षण्यं दर्शयित्वा तद्विज्ञानादमृत्वं दर्शयति –



જીવ અને ઈશ્વરનો ભેદ બતાવીને તેના વિજ્ઞાનથી અમૃતત્વ બતાવી દીધું. હવે શ્રુતિ પ્રધાન અને ઈશ્વરની વિલક્ષણતા બતાવીને તેના વિજ્ઞાન દ્વારા અમૃતત્વ મળે છે એમ બતાવે છે –

क्षरं प्रधानममृताक्षरं हरः क्षरात्मानावीशते देव एकः ।
तस्याभिध्यानाद्योजनात्तत्त्वभावाद्भूयश्चान्ते विश्वमायानिवृत्तिः ॥ १० ॥

અન્વય અને શબ્દાર્થ :- प्रधानम्-પ્રકૃતિ क्षरम्-વિનાશશીલ છે. हरः-એને ભોગવનારો જીવાત્મા अमृताक्षरम्-અમૃત અને અવિનાશી છે. क्षरात्मानौ-ક્ષર એટલે વિનાશશીલ અને (ચેતન) આત્મા એ બંનેને एकः-એક देवः-દેવ, પરમાત્મા ईशते-પોતાના શાસનમાં રાખે છે. तस्य-તેનું अभिध्यानात्-ધ્યાન કરવાથી योजनात्-(મનને) તેમાં જોડવાથી च-અને तत्त्वभावात्-તન્મય થઈ જવાથી अन्ते-છેલ્લે (લીન થાય છે) भूयः-અને ફરીથી विश्वमायानिवृत्ति-સઘળા પ્રકારની માયાની નિવૃત્તિ થાય છે. (૧૦)

અનુવાદ :- પ્રકૃતિ વિનાશશીલ છે. એને ભોગવનારો જીવાત્મા અમૃત અને અવિનાશી છે. ક્ષર એટલે વિનાશશીલ અને ચેતન આત્મા એ બંનેને એક દેવ, પરમાત્મા પોતાના શાસનમાં રાખે છે. તેનું ધ્યાન કરવાથી, (મનને) તેમાં જોડવાથી અને તન્મય થઈ જવાથી છેલ્લે (લીન થાય છે) અને ફરીથી (સાધક) સઘળા પ્રકારની માયાની નિવૃત્તિ થાય છે. (૧૦)

शाङ्करभाष्यम् :- क्षरं प्रधानममृताक्षरं हर इति । अविद्यादेर्हरणात्परमेश्वरो हरः । अमृतं च तदक्षरं चामृताक्षरममृतं ब्रह्मैवेश्वर इत्यर्थः । स ईश्वरः क्षरात्मानौ प्रधानपुरुषावीशत इष्टे देव एकश्चित्सदानन्दाद्वितयः परमात्मा । तस्य परमात्मनोऽभिध्यानात्, कथम् ? योजनाज्जीवानां परमात्मसंयोजनात्तत्त्वभावात् 'अहं ब्रह्मास्मि' इति भूयश्चासकृदन्ते प्रारब्धकर्मान्ते यद्वा स्वात्मज्ञाननिष्पत्तिरन्तस्तस्मिन्स्वात्मज्ञानोदयवेलायां विश्वमायानिवृत्तिः । सुखदुःखमोहात्मकाशेषप्रपञ्चरूपमायानिवृत्तिः ॥ १० ॥

શાંકરભાષ્ય :- 'क्षरं प्रधानममृताक्षरं हरः' વગેરે. અવિદ્યાદિનું હરણ કરવાને કારણે પરમેશ્વર હર છે. જે અમૃત અને અક્ષર છે તેને અમૃતાક્ષર કહ્યો છે, તે અમૃત બ્રહ્મ જ ઈશ્વર છે. તે એક દેવ ઈશ્વર અર્થાત્ સત્ ચિત્ આનંદ અને અદ્વિતીય પરમાત્મા ક્ષર અને આત્મા પ્રધાન અને પુરુષનું નિયમન કરે છે. તે પરમાત્માના અભિધ્યાનથી, કેવા પ્રકારના અભિધ્યાનથી ? યોજનાથી અર્થાત્ પરમાત્માની સાથે જીવનો યોગ કરાવવાથી તથા તત્ત્વભાવથી એટલે કે 'હું બ્રહ્મ છું' એવી ભાવનાથી ફરી ફરી એમ થવાથી અંતમાં અર્થાત્ પ્રારબ્ધકર્મની સમાપ્તિ થવાથી અથવા આત્મજ્ઞાનની પ્રાપ્તિ જ અંત છે તેના થવાથી અર્થાત્ આત્મજ્ઞાનના ઉદયકાળમાં વિશ્વમાયાની નિવૃત્તિ થાય છે એટલે કે સુખ, દુઃખ તેમજ મોહમય સંપૂર્ણ પ્રપંચરૂપ માયાની નિવૃત્તિ થઈ જાય છે. (૧૦)

⁂

इदानीं तद्विदस्तद्ध्यायिनश्च तज्ज्ञानध्यानकृतं फलभेदं दर्शयति –
હવે શ્રુતિ બ્રહ્મવેત્તા અને બ્રહ્મધ્યાનીને બ્રહ્મજ્ઞાન અને બ્રહ્મધ્યાનથી થનાર ફળોનો ભેદ બતાવે છે –

ज्ञात्वा देवं सर्वपाशापहानिः क्षीणैः क्लेशैर्जन्ममृत्युप्रहाणिः ।
तस्याभिध्यानात्तृतीयं देहभेदे विश्वैश्वर्यं केवल आप्तकामः ॥ ११ ॥

અન્વય અને શબ્દાર્થ :- तस्य-તે પરમાત્માનું अभिध्यानात्-ધ્યાન કરવાથી देवम्-એ દેવને ज्ञात्वा-જાણીને सर्वपाशापहानिः-સઘળા બંધનોનો નાશ થાય છે (કારણ કે) क्लेशैः-કલેશો क्षीणैः-ક્ષીણ થઈ જતાં जन्ममृत्युप्रहाणि-જન્મ અને મરણનો નાશ થાય છે (માટે એ) देहभेदे-શરીરનો નાશ થવાથી तृतीयम्-ત્રીજા લોક (સ્વર્ગ) સુધીના विश्वैश्वर्यम्-સઘળા ઐશ્વર્યને (ત્યજીને) केवलः-કેવળ તે आप्तकामः-પૂર્ણ કામ બની જાય છે. (૧૧)

અનુવાદ :- તે પરમાત્માનું ધ્યાન કરવાથી એ દેવને જાણીને સઘળા બંધનોનો નાશ થાય છે (કારણ કે) કલેશો ક્ષીણ થઈ જતાં જન્મ અને મરણનો નાશ થાય છે (માટે એ) શરીરનો નાશ થવાથી ત્રીજા લોક (સ્વર્ગ) સુધીના સઘળા ઐશ્વર્યને (ત્યજીને) કેવળ તે પૂર્ણ કામ બની જાય છે. (૧૧)

शाङ्करभाष्यम् :- ज्ञात्वेति । ज्ञात्वा देवम् '**अयमहमस्मि**' इति, सर्वपाशापहानिः पाशरूपाणां सर्वेषामविद्यादीनामपहानिः । क्षीणैरविद्यादिभिः क्लेशैस्तत्कार्यभूतजन्ममृत्युप्रहाणिर्जननमरणादिदुःखहेतुविनाशः । ज्ञानफलं प्रदर्शितम् ।

ध्याने किञ्चित्क्रममुक्तिरूपं विशेषमाह-तस्य परमेश्वरस्याभिध्यानाद्देहभेदे शरीरपातोत्तरकालमर्चिरादिना देवयानपथा गत्वा परमेश्वरसायुज्यं गतस्य तृतीयं वराड्रूपापेक्षयाव्याकृतपरमव्योमकारणेश्वरावस्थं विश्वैश्वर्यलक्षणं फलं भवति । स तदनुभूय तत्रैव निर्विशेषमात्मानं ज्ञात्वा केवलो निरस्तसमस्तैश्वर्यतदुपाधिसिद्धिरव्याकृतपरमव्योमकारणेश्वरात्मकतृतीयावस्थं विश्वैश्वर्यं हित्वाप्तकाम आत्मकामः पूर्णानन्दाद्वितीयब्रह्मरूपोऽवतिष्ठते ।

एतदुक्तं भवति-सम्यग्दर्शनस्य तथाभूतवस्तुविषयत्वेन निर्विषयपूर्णानन्दाद्वितीयब्रह्मविषयत्वाद्विज्ञानानन्तरमविद्यातत्कार्यप्रहाणेन पूर्णानन्दाद्वितीयब्रह्मस्वरूपोऽवतिष्ठते । ध्यानस्य पुनः सहसा न निराकारे बुद्धिः प्रवर्तत इति सविशेषब्रह्मविषयत्वात् "**तं यथा यथोपासते**" इति न्यायेन सविशेषविश्वैश्वर्यलक्षणब्रह्मप्राप्त्या विश्वैश्वर्यमनुभूय निर्विशेषपूर्णानन्दब्रह्मात्मानं ज्ञात्वा केवलात्मकामोऽवाप्ताशेषपुमर्थो मुक्तो भवति ।

तथा शिवधर्मोत्तरे ध्यानज्ञानयोर्विश्वैश्वर्यलक्षणं केवलात्मकामाप्तकामलक्षणं च फलं दर्शयति-

"**ध्यानादैश्वर्यमतुलमैश्वर्यात्सुखमुत्तमम् ।**
ज्ञानेन तत्परित्यज्य विदेहो मुक्तिमाप्नुयात्" इति ।

तथा च दहरादिसविशेषसगुणोपासकानां "**स यदि पितृलोककामो भवति संकल्पादेवास्य पितरः समुत्तिष्ठन्ति**" (छा.उप. ८-२-१) इत्यादिना विश्वैश्वर्यलक्षणं फलं दर्शयति । तथा च प्रश्नोपनिषदि "**यः पुनरेतं त्रिमात्रेणोमित्येतेनैवाक्षरेण परं पुरुषमभिध्यायीत स तेजसि सूर्ये संपन्नः**" (प्र.उप. ५-५) इत्यादिना परं पुरुषमभिध्यायतोऽर्चिरादिमार्गोपदेशपूर्वकं "**स एतस्माज्जीवघनात्परात्परं पुरिशयं पुरुषमीक्षते**" (प्र.उप. ५-५) इति ब्रह्मलोकं गतस्य तत्रैव सम्यग्दर्शनलाभं दर्शयित्वा "**तमोङ्कारेणैवायतनेनान्वेति विद्वान्यत्तच्छान्तमजरममृतमभयं परं चेति**" (प्र.उप. ५-७) इति सम्यग्दर्शनेन मोक्ष उपदिष्टः । "**तमेवं विद्वानमृत इह भवति**" (नृ.पू.ता. १-६) इति विदुषोऽर्चिरादिगमनं विनेहैवामृतत्वप्राप्तिं दर्शयति । "**अथाकामयमानः**" इत्यारभ्य "**न तस्य प्राणा उत्क्रामन्ति ब्रह्मैव सन्ब्रह्माप्येति**" (बृ.उप. ४-४-६) इत्यादिना विनैवोत्क्रान्तिं विदुषो मोक्ष उपदिष्टः । "**उदस्मात्प्राणाः क्रामन्त्यहो नेति नेति होवाच याज्ञवल्क्यः**" (बृ.उप. ३-२-११) इति प्रश्नपूर्वकमुत्क्रान्त्यभावो दर्शितः ।

तथा च ब्राह्मे पुराणे जीवन्मुक्तिं गत्यभावं च दर्शयति-

"**यस्मिन्काले स्वमात्मानं योगी जानाति केवलम् ।**
तस्मात्कालात्समारभ्य जीवन्मुक्तो भवेदसौ ॥
मोक्षस्य नैव किञ्चित्स्यादन्यत्र गमनं क्वचित् ।
स्थानं परार्ध्यमपरं यत्र गच्छन्ति योगिनः ॥
अज्ञानबन्धभेदस्तु मोक्षो ब्रह्मलयस्त्विति ।"

तथा लैङ्गे विदुषो जीवन्मुक्तिं दर्शयति-

"**इह लोके परे चैव कर्तव्यं नास्ति तस्य वै ।**
जीवन्मुक्तो यतस्तस्माद् ब्रह्मवित्परमार्थतः ॥"

शिवधर्मोत्तरे-

"**वाञ्छात्ययेऽपि कर्तव्यं किञ्चिदस्य न विद्यते ।**
इहैव स विमुक्तः स्यात्संपूर्णः समदर्शनः ॥"

तस्मादुपासको देहादुत्क्रम्यार्चिरादिना देवयानेन विश्वैश्वर्यं ब्रह्म प्राप्य विश्वैश्वर्यमनुभूय तत्रैव केवलं प्रत्यस्तमितभेदपूर्णानन्द्वितीयब्रह्मात्मानं ज्ञात्वा केवलात्मकामो मुक्तो भवति । विद्वान्निर्विशेषपूर्णानन्दाद्वितीयब्रह्मविज्ञानादशेषगन्तृगन्तव्यगमनादिभेदप्रत्यस्तमयाद्विनैवोत्क्रान्तिं देवयानं च ब्रह्मज्ञानसमनन्तरं जीवन्मुक्तो ब्रह्मज्ञानसमनन्तरं ब्रह्मानन्दमनुभूय आत्मरतिरात्मतृप्त

आत्मनैवान्तःसुखोऽन्तरारामोऽन्तर्ज्योतिरात्मक्रीड आत्मरतिरात्ममिथुन आत्मानन्द इहैव स्वाराज्ये भूम्नि स्वे महिम्न्यमृतोऽवतिष्ठते । तद्धेतुत्वाद्बाह्यविषयपरित्यागेन ब्रह्मण्याधाय वाङ्मनःकायनिष्पाद्यं श्रौतस्मार्तलक्षणं कर्म कृत्वा विशुद्धसत्त्वो योगारूढो भूत्वा । शमादिसाधनसंपन्नः ।

''योगी युञ्जीत सततमात्मानं रहसि स्थितः ।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ॥
एवं युञ्जन्सदात्मानं* योगी विगतकल्मषः ।
सुखेन ब्रह्मसंस्पर्शमत्यन्तं सुखमश्नुते ॥
सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥'' (गीता ६-१०, २८, २९)
''समं पश्यन्हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥'' (गीता १३-२८)

इति स्मृतेः ॥ ११ ॥

★ 'युञ्चनेवं सदात्मान' इति मुद्रितपाठः ।

શાંકરભાષ્ય :- 'ज्ञात्वा देवम्' વગેરે. પરમાત્માને જાણીને અર્થાત્ **'આ હું છું'** એવો અનુભવ કરીને સંપૂર્ણ પાશોનો નાશ એટલે પાશરૂપ સંપૂર્ણ અવિદ્યાદિ ક્લેશોનો નાશ થઈ જાય છે. તથા ક્ષીણ થયેલા અવિદ્યાદિ ક્લેશોની સાથે જ તેના કાર્યભૂત જન્મમૃત્યુ આદિનો નાશ થઈ જાય છે, અર્થાત્ જન્મમૃત્યુ વગેરે દુઃખોના હેતુઓનો અંત થઈ જાય છે. આ જ્ઞાનનું ફળ બતાવવામાં આવ્યું.

હવે ધ્યાનમાં ક્રમમુક્તિરૂપ કોઈ વિલક્ષણતા બતાવવામાં આવે છે. તે પરમેશ્વરના ધ્યાનથી દેહભેદ એટલે શરીરપાત પછી અર્ચિરાદિ દેવયાનમાર્ગથી જઈને પરમાત્માની સાથે સાયુજ્યને પ્રાપ્ત થયેલા પુરુષને વિરાટ્રૂપની અપેક્ષાએ અવ્યાકૃત પરમવ્યોમરૂપ કારણબ્રહ્મમાં સ્થિત સંપૂર્ણ ઐશ્વર્યરૂપ તૃતીય ફળ પ્રાપ્ત થાય છે. તેનો અનુભવ કરીને તે તે જગ્યાએ પોતાને નિર્વિશેષ જાણીને, કેવલ થઈ જાય છે, અર્થાત્ સંપૂર્ણ ઐશ્વર્ય અને તેની સાથે રહેનારી સિદ્ધિનો ત્યાગ કરીને એટલે કે અવ્યાકૃત પરમવ્યોમમય કારણ ઈશ્વરરૂપ ત્રીજી અવસ્થાના સંપૂર્ણ ઐશ્વર્યને છોડીને આપ્તકામ અને આત્મકામ થઈ પૂર્ણાનંદ અદ્વિતીય બ્રહ્મરૂપ થઈ જાય છે.

અહીં એ કહેવામાં આવ્યું છે કે સમ્યગ્ દર્શન તો યથાર્થ વસ્તુને વિષય બનાવવાને કારણે નિર્વિશેષ પૂર્ણાનંદ અદ્વિતીય બ્રહ્મવિષયક હોય છે. માટે બ્રહ્મજ્ઞાનના અનંતર અવિદ્યા અને તેના કાર્યની નિવૃત્તિ થઈ જવાથી વિદ્વાન પૂર્ણાનંદાદ્વિતીય બ્રહ્મસ્વરૂપ થઈ જાય છે, પરંતુ ધ્યાનજનિત બુદ્ધિ સહસા નિરાકાર બ્રહ્મમાં પ્રવૃત્ત થતી નથી. માટે તે સવિશેષ બ્રહ્મવિષયક હોવાથી **"તેની જે જે પ્રકારે ઉપાસના કરે છે તે પ્રકારે ફળ મળે છે"** આ ન્યાયથી સર્વ ઐશ્વર્યરૂપ સવિશેષ બ્રહ્મની પ્રાપ્તિથી તે સંપૂર્ણ ઐશ્વર્યનો અનુભવ કરીને પછી નિર્વિશેષ પૂર્ણાનંદસ્વરૂપ બ્રહ્મને આત્મભાવથી જાણીને કેવળ આત્મકામી થઈ સંપૂર્ણ પુરુષાર્થને પ્રાપ્ત કરીને મુક્ત થઈ જાય છે.

આમ શિવધર્મોત્તરમાં પણ ધ્યાન અને જ્ઞાનના ક્રમશઃ વિશ્વ ઐશ્વર્યરૂપ અને કેવળ આત્મકામ તેમજ આપ્તકામરૂપ ફળ બતાવ્યા છે. **"ધ્યાનથી અતુલિત ઐશ્વર્ય મળે છે અને ઐશ્વર્યથી ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનથી તેનો ત્યાગ કરી દેહાભિમાનથી રહિત થઈ મોક્ષ પ્રાપ્ત કરે."**

આમ દહર આદિ સવિશેષ અને સગુણ બ્રહ્મની ઉપાસના કરનારને શ્રુતિ **"તે જો પિતૃલોકની કામના કરે છે તો તેના સંકલ્પથી જ પિતૃગણ ઉપસ્થિત થઈ જાય છે."** (છા.ઉપ. ૮-૨-૧) વગેરે વાક્યથી વિશ્વ ઐશ્વર્યરૂપ ફળ જ બતાવે છે. તથા પ્રશ્નોપનિષદમાં **"જે ત્રણ માત્રાવાળા ઓમ આ અક્ષરથી પરમ પુરુષનું ધ્યાન કરે છે તે તેજોમય સૂર્યમંડળને પ્રાપ્ત થઈને"** (પ્ર.ઉપ. ૫-૫) વગેરે વાક્યથી પરમ પુરુષનું ધ્યાન કરનાર પુરુષને અર્ચિર આદિ માર્ગનો ઉપદેશ કરીને **"તે આ જીવઘન (હિરણ્યગર્ભ)થી ઉત્કૃષ્ટતર સંપૂર્ણ શરીરોમાં સ્થિત પરમ પુરુષને જુવે છે."** (પ્ર.ઉપ. ૫-૫) આમ બ્રહ્મલોકમાં ગયેલા પુરુષને તે જગ્યાએ સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ બતાવીને **"વિદ્વાન તે ઓમકારરૂપ અવલંબન દ્વારા જ તે શાંત, અજર, અમૃત, અને અભયરૂપ પરબ્રહ્મને પ્રાપ્ત થઈ જાય છે."** (પ્ર.ઉપ. ૫-૭) આ વાક્યથી સમ્યગ્ દર્શન દ્વારા મોક્ષનો ઉપદેશ કર્યો છે. તથા **"તેને આ પ્રકારે જાણનાર અહીં અમર થઈ જાય છે."** (નૃ.પૂ.તા.ઉ. ૧-૬) આ વાક્યથી વિદ્વાનને અર્ચિરે આદિ માર્ગથી

ગયા વિના જ અહીં અમૃતત્વની પ્રાપ્તિ બતાવી છે, અને **"જે કામનારહિત છે"** અહીંથી લઈને **"તેના પ્રાણ ઉત્ક્રમણ કરતાં નથી, તે બ્રહ્મસ્વરૂપ થતાં જ બ્રહ્મમાં લીન થઈ જાય છે."** (બૃ.ઉપ. ૪-૪૬) અહીં સુધી ઉત્ક્રમણ વિના જ વિદ્વાનના મોક્ષનો ઉપદેશ કર્યો છે. તથા **"તેના પ્રાણ ઉત્ક્રમણ કરે છે કે નહીં ? આ માટે યાજ્ઞવલ્ક્યે કહ્યું, નહીં"** (બૃ.ઉપ. ૩-૨-૧૧) આમ બૃહદારણ્યક શ્રુતિએ પ્રશ્નપૂર્વક વિદ્વાનના ઉત્ક્રમણને અભાવ બતાવ્યો છે.

આમ બ્રાહ્મપુરાણમાં પણ જીવનમુક્તિ અને ઉત્ક્રાન્તિનો અભાવ આ બંને બતાવવામાં આવ્યા છે. **"જે સમયે યોગી આત્માને શુદ્ધસ્વરૂપ જાણી લે છે તે સમયથી તે જીવનમુક્ત થઈ જાય છે. જે પરાર્ધસ્થાયી (બ્રહ્મલોકરૂપ) અન્ય સ્થાન પર ધ્યાનયોગી જાય છે, તેના મોક્ષને માટે એવા કોઈ સ્થાન પર જવાની આવશ્યક્તા હોતી નથી. અજ્ઞાનરૂપ બંધનની નિવૃત્તિ અને બ્રહ્મમાં લીન થઈ જવું એ જ તેનો મોક્ષ છે."**

તથા લિંગપુરાણમાં પણ જ્ઞાનીની જીવતાં જ મુક્તિ બતાવી છે. **"કારણ કે બ્રહ્મવેત્તા પરમાર્થતઃ જીવતાં જ મુક્ત થઈ જાય છે, એટલા માટે તેના માટે આલોક અને પરલોકમાં કંઈ કર્તવ્ય રહેતું નથી."**

શિવધર્મોત્તરમાં કહ્યું છે **"જ્ઞાનીની સમસ્ત કામનાઓ નિવૃત્ત થઈ જાય છે એટલા માટે તેનું કંઈપણ કર્તવ્ય નથી રહેતું. તે પૂર્ણકામ અને સમદર્શી હોવાથી આ લોકમાં મુક્ત થઈ જાય છે."**

માટે ઉપાસક તો દેહથી ઉત્ક્રમણ કરીને અર્ચિરાદિ દેવયાન માર્ગથી સર્વ ઐશ્વર્યપૂર્ણ કારણ બ્રહ્મને પ્રાપ્ત થઈ સર્વ પ્રકારના ઐશ્વર્ય ભોગવતાં ભોગવતાં તે સંપૂર્ણ ભેદથી રહિત પૂર્ણાનંદ સ્વરૂપ અદ્વિતીય કેવલ શુદ્ધ બ્રહ્મને આત્મભાવથી જાણીને કેવલ આત્મકામી થઈને મુક્ત થઈ જાય છે. તથા વિદ્વાન નિર્વિશેષ પૂર્ણાનંદ અદ્વિતીય બ્રહ્મનું જ્ઞાન થઈ જવાથી ગંતા, ગંતવ્ય અને ગમન આદિ સંપૂર્ણ ભેદોની નિવૃત્તિ થઈ જવાથી ઉત્ક્રાન્તિ અને દેવયાન માર્ગ વિના જ બ્રહ્મજ્ઞાન થયા પછી જીવનમુક્ત થઈ જાય છે. તે બ્રહ્મજ્ઞાન પછી બ્રહ્માનંદનો અનુભવ કરીને આત્મરતિ અને આત્મતૃપ્ત થઈ પોતાના આત્મામાં જ આંતરિક સુખ, રમણ તેમજ પ્રકાશનો અનુભવ કરતાં કરતાં આત્મક્રીડ, આત્મરતિ, આત્મમિથુન અને આત્માનંદ થઈને આ લોકમાં સ્વારાજ્ય અર્થાત્ પોતાની સાર્વભોમ મહિમામાં અમૃતરૂપથી સ્થિર થઈ જાય છે. તે બાહ્ય વિષયોને ત્યાગીને મન, વાણી અને શરીરથી થનાર સંપૂર્ણ શ્રૌત-સ્માર્ત કર્મોને બ્રહ્માર્પણ કરીને એમ કરતાં કરતાં શુદ્ધચિત્ત અને યોગારૂઢ થઈને શમાદિ સાધનોથી સંપન્ન થઈ જાય છે, કારણ કે આ જ સાધન બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે.

"ધ્યાનયોગીએ એકાંતમાં એકલાએ રહી સર્વ પ્રકારની આશા અને પરિગ્રહનો ત્યાગ કરી શરીર અને મનનો નિગ્રહ કરતાં કરતાં નિરંતર યોગનો અભ્યાસ કરવો જોઈએ. આમ સર્વદા યોગસાધનમાં લાગેલો તે પાપહીન યોગી સુગમતાથી જ બ્રહ્મસાક્ષાત્કારરૂપ અત્યંત ઉત્કૃષ્ટ સુખ પ્રાપ્ત કરી લે છે. જેની સર્વત્ર સમદૃષ્ટિ છે તે યોગયુક્ત પુરુષ પોતાના આત્માને સંપૂર્ણ ભૂતોમાં અને સંપૂર્ણ ભૂતોને પોતાના આત્મામાં રહેલાં જુવે છે." (ગીતા ૬-૧૦, ૨૮, ૨૯) **"આમ સર્વત્ર સમાનભાવથી રહેલો ઈશ્વરને સમાન રૂપથી જોતાં તે સ્વયં ઘાત કરતો નથી, અને પછી પરમગતિને પ્રાપ્ત થાય છે."** (ગીતા ૧૩-૨૮) વગેરે સ્મૃતિવાક્ય આમાં પ્રમાણ છે. (૧૧)

◆

यस्माज्ज्ञानानन्तरं परमपुरुषार्थसद्धिस्तस्मात् — કારણ કે જ્ઞાન પછી પરમ પુરુષાર્થની સિદ્ધિ થાય છે, માટે —

एतज्ज्ञेयं नित्यमेवात्मसंस्थं नातः परं वेदितव्यं हि किञ्चित् ।
भोक्ता भोग्यं प्रेरितारं च मत्वा सर्वं प्रोक्तं त्रिविधं ब्रह्ममेतत् ॥ १२ ॥

અન્વય અને શબ્દાર્થ :- आत्मसंस्थम्-પોતાની અંદર રહેલ एतत्-આ બ્રહ્મને एव-જ नित्यम्-હંમેશ ज्ञेयम्-જાણવું જોઈએ. अतः-એનાથી परम्-પર એવું (વધીને) वेदितव्यम्-જાણવા યોગ્ય किंचित्-કાંઈ બીજું न-નથી. भोक्ता-ભોક્તા, જીવાત્મા भोग्यम्-ભોગ્ય પદાર્થો च-અને प्रेरितारम्-એ બધાને પ્રેરનાર-ઈશ્વરને मत्वा-જાણીને મનુષ્ય सर्वम्-બધું (જાણી લે છે) एतत्-આ त्रिविधम्-ત્રણ પ્રકારનું प्रोक्तम्-કહેવામાં આવેલ ब्रह्म-બ્રહ્મ છે. (૧૨)

અનુવાદ :- પોતાની અંદર રહેલ આ બ્રહ્મને જ હંમેશ જાણવું જોઈએ. એનાથી પર એવું (વધીને) જાણવા યોગ્ય કાંઈ બીજું નથી. ભોક્તા-જીવાત્મા, ભોગ્ય પદાર્થો અને એ બધાને પ્રેરનાર-ઈશ્વરને જાણીને (સાધક) બધું (જાણી લે છે) આ ત્રણ પ્રકારનું કહેવામાં આવેલ બ્રહ્મ છે. (૧૨)



शाङ्करभाष्यम् :- एतत्प्रकृतं केवलात्माकाशब्रह्मरूपं नित्यं नियमेन ज्ञेयम् । किमत्रान्यसंस्थं न स्वात्मसंस्थं ज्ञेयं नानात्मन बाह्ये । श्रूयते च-''**तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां शान्तिः शाश्वती नेतरेषाम्**'' (क.उप. २-२-१२) इति ।

तथा च शिवधर्मोत्तरे योगिनामात्मनि स्थितिः-

''**शिवमात्मनि पश्यन्ति प्रतिमासु न योगिनः ।**
आत्मस्थं यः परित्यज्य बहिःस्थं यजते शिवम् ॥
हस्तस्थं पिण्डमुत्सृज्य लिह्यात्कूर्परमात्मनः ।
सर्वत्रावस्थितं शान्तं न पश्यन्तीह शङ्करम् ॥
ज्ञानचक्षुर्विहीनत्वादन्धः सूर्यं यथोदितम् ।
यः पश्येत्सर्वगं शान्तं तस्याध्यात्मस्थितः शिवः ।
आत्मस्थं ये न पश्यन्ति तीर्थे मार्गन्ति ते शिवम् ।
आत्मस्थं तीर्थमुत्सृज्य बहिस्तीर्थादि यो व्रजेत् ॥''
करस्थं स महारत्नं त्यक्त्वा काचं विमार्गति ।

अथवैतद्यदपरोक्षं प्रत्यगात्मत्वं तन्नित्यमविनाशि स्वे महिम्नि स्थितं ब्रह्मैव ज्ञेयम् । कस्मात् ? हिशब्दो यस्मादर्थे । यस्मान्नातः परं वेदितव्यमस्ति किञ्चिदपि । श्रूयते च बृहदारण्यके-''**तदेतत्पदनीयमस्य सर्वस्य यदयमात्मा**'' (बृ.उप. १-४-७) इति ।

कथमेतज्ज्ञेयम् ? इत्याह-भोक्ता जीवो भोग्यमितरत्सर्वं प्रेरितान्तर्यामी परमेश्वरः । तदेतत्त्रिविधं प्रोक्तं ब्रह्मैवेति । भोक्त्राद्यशेषभेदप्रपञ्चविलापनेनैव निर्विशेषं ब्रह्मात्मानं जानीयादित्यर्थः । तथा चोक्तं कावषेयगीतायाम्-

''**त्यक्त्वा सर्वविकल्पांश्च स्वात्मस्थं निश्चलं मनः ।**
कृत्वाशान्तो भवेद्योगी दग्धेन्ध इवानलः ॥''

तथा च श्रीविष्णुपुराणे-

''**तस्यैव कल्पनाहीनस्वरूपग्रहणं हि यत् ।**
मनसा ध्याननिष्पाद्यं समाधिः सोऽभिधीयते ॥'' (वि.पु. ६-६-९२) इति ॥ १२ ॥

શાંકરભાષ્ય :- આ પ્રકૃત વિશુદ્ધ આત્માકાશસ્વરૂપ બ્રહ્મને નિત્ય નિયમપૂર્વક જાણવો જોઈએ. શું આ કોઈ અન્યમાં રહેલ છે ? ના, તેને આપણા આત્મામાં જ રહેલો માનવો જોઈએ. કોઈ બાહ્ય અનાત્મામાં નહીં, શ્રુતિ પણ કહે છે “**જે બુદ્ધિમાન આત્મામાં રહેલા તે પરમાત્માને જુવે છે તેને જ નિત્ય શાંતિ પ્રાપ્ત થાય છે, બીજાને નહીં.**” (ક.ઉપ. ૨-૨-૧૨)

તથા શિવધર્મોત્તરમાં પણ યોગીઓની આત્મામાં જ સ્થિતિ બતાવી છે. “**યોગીજન શિવનું આત્મામાં જ દર્શન કરે છે, પ્રતિમાઓમાં નહીં. જે પુરુષ આત્મામાં રહેલા શિવનો પરિત્યાગ કરીને બાહ્ય શિવનું પૂજન કરે છે તે જાણે હાથનો કોળિયો ફેંકીને કેવળ પોતાનો હાથ ચાટે છે. જેમ આંધળો માણસ ઉદય પામેલા સૂર્યને જોઈ શકતો નથી તેમ જ્ઞાનનેત્રોથી રહિત હોવાને કારણે લોકો સર્વત્ર વિદ્યમાન શાંતસ્વરૂપ શિવનું દર્શન કરી શકતા નથી. જે પુરુષ સર્વગત શાંત મૂર્તિ શિવનું દર્શન કરે છે તેના તો અંતઃકરણમાં જ શિવ બિરાજમાન છે, પરંતુ જે આત્મસ્થ શિવને જોઈ શકતા નથી તે જ તેને તીર્થસ્થાનોમાં શોધે છે. જે પુરુષ આત્મસ્થ તીર્થને ત્યાગીને બાહ્ય તીર્થાદિમાં જાય છે તે જાણે પોતાના હાથમાં રહેલા મહારત્ન ફેંકીને કાચ શોધતા ફરે છે.**”

અથવા (આનું આ પણ તાત્પર્ય હોઈ શકે કે) આ જે અપરોક્ષ પ્રત્યગામા છે તેને પોતાના મહિમામાં રહેલ નિત્ય અને અવિનાશી બ્રહ્મ જ જાણવો જોઈએ. કેમ ? અહીં ‘हि’ શબ્દ ‘यस्मात् (કારણ કે)’ અર્થમાં છે. કારણ કે આનાથી વધુ કાંઈ જ જાણવા યોગ નથી. બૃહદારણ્યક શ્રુતિમાં પણ આવું જ છે. “**આ જે આત્મા છે તે સમસ્ત જીવોનું ગંતવ્ય સ્થાન છે.**” (બૃ.ઉપ. ૧-૪-૭)

આને કેવા પ્રકારે જાણવો જોઈએ ? તો શ્રુતિ બતાવે છે - જીવ ભોક્તા છે, ભોક્તા અને અંતર્યામીથી અતિરિક્ત બીજું બધું ભોગ્ય છે તથા અંતર્યામી પરમેશ્વર દ્વારા પ્રેરિત છે. આ ત્રણ પ્રકારથી (જાણવો જોઈએ). તાત્પર્ય આ છે કે ભોક્તાદિ સંપૂર્ણ ભેદરૂપ પ્રપંચનો લય કરીને જ નિર્વિશેષ બ્રહ્મને આત્મસ્વરૂપથી જાણવું જોઈએ.

આવું જ કાવષેય ગીતામાં પણ કહ્યું છે, “યોગી સંપૂર્ણ વિકલ્પોનો ત્યાગ કરીને મનને પોતાના આત્મામાં નિશ્ચલરૂપથી સ્થિર કરીને જેનું ઈંધન બળી ચૂક્યું છે તે અગ્નિ સમાન શાંત થઈ જાય છે.”

તથા વિષ્ણુપુરાણમાં કહ્યું છે “તે ધ્યેય પરમેશ્વરનું જ જે મન દ્વારા ધ્યાનથી સિદ્ધ થવા યોગ્ય કલ્પનારહિત (ધ્યાતા, ધ્યાન અને ધ્યેયના ભેગદથી રહિત) સ્વરૂપ ગ્રહણ કરવામાં આવે છે તેને જ સમાધિ કહે છે.” (વિ.પુ. ૬-૬-૧૫) (૧૨)

* * *

शाङ्करभाष्यम् :- इदानीम् ''**ओमित्येतेनैवाक्षरेण परं पुरुषमभिध्यायीत**'' (प्र.उप. ५-५) । ''**ओमित्यात्मानं युञ्जीत**'' (महानारा. २४-१) । ''**ओमित्यात्मानं ध्यायीत**'' इति श्रुतेरात्मानमन्विष्य पराभिध्याने प्रणवस्य नियमादभिध्यानाङ्गत्त्वेन प्रणवं दर्शयति –

શાંકરભાષ્ય :- હવે **“ઓમ આ અક્ષરથી જ પરમ પુરુષનું ધ્યાન કરવું જોઈએ.”** (પ્ર.ઉપ. ૫-૫) **“ઓમ આ અક્ષર દ્વારા જ આત્મચિંતન કરવું જોઈએ.”** (મ.ના.ઉ. ૨૪-૧) **“ઓમ આ અક્ષર દ્વારા જ આત્માનું ધ્યાન કરવું જોઈએ.”** વગેરે શ્રુતિઓથી આત્માન્વેષણ કરીને તેનું ધ્યાન કરવામાં પ્રણવચિંતનનો નિયમ હોવાથી શ્રુતિ પ્રણવને આત્મચિંતનના અંગરૂપે પ્રદર્શિત કરે છે –

बह्नेर्यथा योनिगतस्य मूर्तिर्न दृश्यते नैव च लिङ्गनाशः ।
स भूय एवेन्धनयोनिगृह्यस्तद्वोभयं वै प्रणवेन देहे ॥ १३ ॥

અન્વય અને શબ્દાર્થ :- **यथा**-જેમ **योनिगतस्य**-કારણરૂપ લાકડામાં રહેલ **वह्नेः**-અગ્નિનું **मूर्तिः**-મૂર્તસ્વરૂપ **न दृश्यते**-દેખાતું નથી **च**-અને **लिङ्गनाशः**-કારણનો નાશ **एव**-પણ **न**-દેખાતો નથી કારણ **सः**-તે **भूयः एव**-ફરીથી જ (ક્રિયા કરવાથી) **इन्धनयोनिगृह्यः**-ઈંધણરૂપ કારણમાં ગ્રહણ કરી શકાય છે. **वा**-એવી રીતે **तत उभयम्**-તે બંને (જીવાત્મા અને પરમાત્મા) **देहे**-દેહમાં **प्रणवेन**-ૐકારથી (**गृह्यते**-ધારણ કરી શકાય છે.) (૧૩)

અનુવાદ :- જેમ કારણરૂપ લાકડામાં રહેલ અગ્નિનું મૂર્તસ્વરૂપ દેખાતું નથી અને કારણનો નાશ પણ દેખાતો નથી કારણ તે ફરીથી જ (ક્રિયા કરવાથી) ઈંધણરૂપ કારણમાં ગ્રહણ કરી શકાય છે. એવી રીતે તે બંને (જીવાત્મા અને પરમાત્મા) દેહમાં ૐકારથી (ધારણ કરી શકાય છે.) (૧૩)

शाङ्करभाष्यम् :- वह्नेर्यथेति । वह्नेर्यथा योनगतस्यारणिगतस्य मूर्तिः स्वरूपं न दृश्यते मथनात्प्राङ्नैव च लिङ्गस्य सूक्ष्मदेहस्य विनाशः । स एवारणिगतोऽग्निर्भूयः पुनः पुनरिन्धनयोनिना मथनेन गृह्यः । योनिशब्दोऽत्र कारणवचनः । इन्धनेन कारणेन पुनः पुनर्मथनाद्गृह्यः । 'तदोभयम्' इवार्थो वाशब्दः । तच्चोभयं तदुभयमिव मथनात्प्राङ् न गृह्यते । मथनेन च गृह्यते । तद्वदात्मा वह्निस्थानीयः प्रणवेनोत्तरारणिस्थानीयेन मननाद्गृह्यते देहेऽधरारणिस्थानीये ॥ १३ ॥

શાંકરભાષ્ય :- 'बह्नेर्यथा' વગેરે. જે પ્રકારે યોનિ અર્થાત્ અગ્નિમાં રહેલી અગ્નિની મૂર્તિ તેના સ્વરૂપના મંથન પૂર્વે જોવામાં આવતી નથી અને ન તેના લિંગ એટલે કે સૂક્ષ્મ સ્વરૂપનો નાશ પણ થાય છે. તથા અરણિમાં રહેલ તે અગ્નિ પછી ઈંધનયોનિથી પુનઃ પુનઃ મંથન કરવાથી પ્રગટ થયેલો જોવામાં આવે છે. અહીં 'योनि' શબ્દ કારણનો વાચક છે, અર્થાત્ ઈંધનરૂપ કારણ દ્વારા પુનઃ પુનઃ મંથન કરવાથી તે ગ્રહણ કરી શકાય છે. 'तद्वा उभयम्' અહીં वा શબ્દ જેમ (સાદૃશ્ય) અર્થમાં છે. અર્થાત્ તે બંને (અગ્નિ અને અગ્નિલીંગ)ની સમાન, જેમ મંથનપૂર્વે તેનું ગ્રહણ થતું ન હતું પરંતુ મંથન કરવાથી તે દેખાવા માંડે છે, તેમ અગ્નિ સ્થાનીય આત્મા ઉત્તરારણિસ્થાનીય પ્રણવ દ્વારા મનનથી અધરારણિસ્થાનીય દેહમાં ગ્રહણ કરી શકાય છે. (૧૩)

* * *

तदेव प्रपञ्चयति – હવે (શ્રુતિ) તે(મંથન)નું જ વિસ્તારથી વર્ણન કરે છે –

स्वदेहमरणिं कृत्वा प्रणवं चोत्तरारणिम् ।
ध्याननिर्मथनाभ्यासाद्देवं पश्येन्निगूढवत् ॥ १४ ॥

અન્વય અને શબ્દાર્થ :- **स्वदेहम्**-પોતાના દેહને **अरणीम्**-નીચેની અરણી **च**-અને **प्रणवम्**-ૐકારને **उत्तरारणीम्**-ઉપરની અરણી **कृत्वा**-બનાવીને **ध्याननिर्मन्थनाभ्यासात्**-ધ્યાનરૂપી મન્થનના અભ્યાસ (વારંવાર ક્રિયા)થી (સાધકે) **निगूढवत्**-(અગ્નિની) જેમ હૃદયમાં ઢંકાયેલા **देवम्**-પરમેશ્વરને **पश्येत्**-જોવા જોઈએ. (૧૪)

અનુવાદ :- પોતાના દેહને નીચેની અરણી અને ૐકારને ઉપરની અરણી બનાવીને ધ્યાનરૂપી મન્થનના અભ્યાસ(વારંવાર ક્રિયા)થી (સાધકે અગ્નિની) જેમ હૃદયમાં ઢંકાયેલા પરમેશ્વરને જોવા જોઈએ. (૧૪)

शाङ्करभाष्यम् :- स्वदेहमिति । स्वदेहमरणिं कृत्वाधरारणिं ध्यानमेव निर्मथनं तस्य निर्मथनस्याभ्यासाद्देवं ज्योतीरूपं प्रपश्येन्निगूढाग्निवत् ॥ १४ ॥

શાંકરભાષ્ય :- 'स्वदेहम्' વગેરે. પોતાના દેહને અરણિ-નીચેનું કાષ્ઠ બનાવીને, તથા ધ્યાન જ મંથન છે, તે નિર્મંથનના અભ્યાસથી દેવ-જ્યોતિસ્વરૂપ પરમાત્માને છુપાયેલ અગ્નિ સમાન જોવો જોઈએ. (૧૪)

◆

उक्तस्यार्थस्य द्रढिम्ने दृष्टान्तान् बहून्दर्शयति – ઉપર્યુક્ત અર્થની પુષ્ટિ માટે (શ્રુતિ) બહુ જ દૃષ્ટાંત બતાવે છે –

तिलेषु तैलं दधनीव सर्पिरापः स्त्रोतःस्वरणीषु चाग्निः ।
एवमात्मात्मनि गृह्यतेऽसौ सत्येनैनं तपसा योऽनुपश्यति ॥ १५ ॥

અન્વય અને શબ્દાર્થ :- **तिलेषु**-તલમાં **तैलम्**-તેલ, **दधनि**-દહીંમાં **सर्पि**-ઘી, **स्त्रोतःसु**-વહેણમાં **आपः**-જળ **च**-અને **अरणिषु**-અરણિમાં **अग्निः**-અગ્નિની **इव**-જેમ છૂપાયેલ છે **एवम्**-એ રીતે **असौ**-આ **आत्मा**-પરમાત્મા હૃદયમાં છૂપાયેલો છે, **यः**-જે (સાધક) **एनम्**-એને **सत्येन**-સત્યથી અને **तपसा**-તપથી **अनुपश्यति**-જુએ છે તેન-તેના વડે એ **गृह्यते**-ગ્રહણ કરાય છે. (૧૫)

અનુવાદ :- તલમાં તેલ, દહીંમાં ઘી, વહેણમાં જળ અને અરણિમાં અગ્નિની જેમ છૂપાયેલ છે એ રીતે આ પરમાત્મા હૃદયમાં છૂપાયેલો છે, જે (સાધક) એને સત્યથી અને તપથી જુએ છે તેના વડે એ ગ્રહણ કરાય છે. (૧૫)

शाङ्करभाष्यम् :- तिलेष्विति । यन्त्रपीडनेन तैलं गृह्यते । दधिनि मथनेन सर्पिरिव । आपः स्त्रोतःसु नदीषु भूखननेन । अरणीषु चाग्निर्मथनेन । एवमात्मात्मनि स्वात्मनि गृह्यतेऽसौ मननेनात्मभूतदेहादिष्वन्नमयाद्यशेषोपाधिप्रविलापनेन निर्विशेषे पूर्णानन्दे स्वात्मन्येवावगम्यत इत्यर्थः ।

केन तर्हि पुरुषेणात्मन्येव गृह्यते ? इत्यत आह-सत्येन यथाभूतहितार्थवचनेन भूतहितेन । **"सत्यं भूतहितं प्रोक्तम्"** इति स्मरणात् । तपसेन्द्रियमनसामैकाग्र्यलक्षणेन । **"मनसश्चेन्द्रियाणां च ऐकाग्र्यं परमं तपः"** इति स्मरणात् । एनमात्मानं योऽनुपश्यति ॥ १५ ॥

શાંકરભાષ્ય :- "तिलेषु" વગેરે. જેવી રીતે યંત્રો વડે પીલવાથી તલમાં તેલ દેખાય છે, મંથન કરવાથી દહીંમાં ઘી દેખાય છે, પૃથ્વી ખોદવાથી સ્રોત-અંતઃસ્રોત નદીઓમાં જળ દેખાય છે અને મંથન કરવાથી કાષ્ઠમાં અગ્નિની ઉપલબ્ધિ થાય છે તેવી રીતે મનનથી આત્મામાં પોતાના અંતરાત્મામાં જ આ આત્માની ઉપલબ્ધિ થાય છે, અર્થાત્ આત્મભૂત દેહાદિમાં જે અન્નમયાદિ સંપૂર્ણ ઉપાધિઓ છે તેમનો લય કરવાથી આપણા નિર્વિશેષ પૂર્ણાનંદસ્વરૂપ આત્મામાં જ આ(પરમાત્મા)નો અનુભવ થાય છે.

તો કયા પુરુષને આત્મામાં જ આ આત્માની ઉપલબ્ધિ થાય છે ? તો હવે બતાવે છે સત્યથી અર્થાત્ યથાર્થ અને પ્રાણીમાત્ર માટે હિતકર સંભાષણથી (બોલવાથી), કારણ કે **"જે પ્રાણીઓ માટે હિતકર હોય તેને સત્ય કહે છે."** એવી સ્મૃતિ છે તથા મન અને ઈન્દ્રિયોની એકાગ્રતારૂપ તપથી, કારણ કે સ્મૃતિ કહે છે **"મન અને ઈન્દ્રિયોની એકાગ્રતા ઉત્તમ તપ છે."** માટે આ સત્ય અને તપ દ્વારા જે આત્માને જુવે છે (તેને તેની ઉપલબ્વિ થાય છે). (૧૫)

◆

कथमेनमनुपश्यति ? इत्यत आह – આ પરમાત્માને કેવી રીતે જુવે છે ? તો બતાવે છે –

सर्वव्यापिनमात्मानं क्षीरे सर्पिरिवार्पितम् ।
आत्मविद्यातपोमूलं तद्ब्रह्मोपनिषत्परम् ॥
तद्ब्रह्मोपनिषत्परम् ॥ १६ ॥

અન્વય અને શબ્દાર્થ :- क्षीरे-દૂધમાં अर्पितम्-રહેલા सर्पिः-ઘીની इव-જેમ सर्वव्यापिनम्-સર્વવ્યાપી आत्मविद्यातपोमूलम्-આત્મવિદ્યા અને તપ જેનું મૂળ છે તેવા आत्मानम्-પરમાત્માને (સાધક) જાણી લે છે. तत्-તે उपनिषत्-ઉપનિષદમાં દર્શાવાયેલ परम्-પરમ તત્ત્વ ब्रह्म-બ્રહ્મ છે. तत्-તે उपनिषत्-ઉપનિષદમાં દર્શાવાયેલ परम्-પરમ તત્ત્વ ब्रह्म-બ્રહ્મ છે. (અહીં પુનરાવૃત્તિ અધ્યાય સમાપ્તિ સૂચવે છે.) (૧૬)

અનુવાદ :- દૂધમાં રહેલા ઘીની જેમ સર્વવ્યાપી આત્મવિદ્યા અને તપ જેનું મૂળ છે તેવા પરમાત્માને (સાધક) જાણી લે છે. તે ઉપનિષદમાં દર્શાવાયેલ પરમ તત્ત્વ બ્રહ્મ છે. તે ઉપનિષદમાં દર્શાવાયેલ પરમ તત્ત્વ બ્રહ્મ છે. (અહીં પુનરાવૃત્તિ અધ્યાય સમાપ્તિ સૂચવે છે.) (૧૬)

शाङ्करभाष्यम् :- सर्वव्यापिनमिति । सर्वं प्रकृत्यादिविशेषान्तं व्याप्यावस्थितं न देहेन्द्रियाद्यध्यात्ममात्रावस्थितमात्मानं क्षीरे सर्पिरिव सारत्वेन निरन्तरतयात्मत्वेन सर्वेष्वर्पितमात्मविद्यातपसोर्मूलं कारणम् । श्रूयते च-''एष ह्येव साधुकर्म कारयति ।'' (कौषी.उप. ३-८) ''ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते'' (गीता १०-१०) इति ।

अथवात्मविद्या च तपश्च यस्यात्मलाभे मूलं हेतुरिति । तथा च श्रुतिः-''**विद्ययामृतमश्नुते**'' (ई.उप. ११) । ''**तपसा ब्रह्म विजिज्ञासस्व**'' (तै.उप. ३-२-१) इति च । ब्रह्मोपनिषत्परमुपनिषण्णमस्मिन्परं श्रेय इति । यः सत्यादिसाधनसंयुक्तः स एनं सर्वव्यापिनमात्मानं क्षीरे सर्पिरिवार्पितमात्मविद्यातपोमूलं तद्ब्रह्मोपनिषत्परमनुपश्यति सर्वगतं ब्रह्मात्मदर्शिनात्मन्येव गृह्यते नासत्यादियुक्तेन परिच्छिन्नब्रह्मान्नमयाद्यात्मना । श्रूयते च-''**सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा सम्यग्ज्ञानेन ब्रह्मचर्येण नित्यम् । न येषु जिह्ममनृतं न माया च**'' (प्र.उप. १-१६) इति । द्विर्वचनमध्यायपरिसमाप्त्यर्थम् ॥ १६ ॥

શાંકરભાષ્ય :- 'सर्वव्यापिनम्' વગેરે. જે કેવળ દેહ ઇન્દ્રિય વગેરે અધ્યાત્મમાત્રમાં જ રહેલ નથી પરંતુ પ્રકૃતિથી માંડીને પંચભૂત પર્યન્ત સર્વને વ્યાપીને રહેલ છે, તે આત્માને દૂધમાં સારરૂપે રહેલ ઘી સમાન સર્વમાં અખંડ આત્મભાવથી વિદ્યમાન તથા આત્મવિદ્યા અને તપના મૂળ એટલે કે કારણરૂપથી જુવે છે. શ્રુતિ પણ કહે છે. **"એ જ શુભ કર્મ કરાવે છે,"** (કૌ.ઉપ. ૩-૮) તથા (સ્મૃતિ કહે છે) **"હું તેને તે બુદ્ધિયોગ આપુ છું જેનાથી તે મને પ્રાપ્ત કરી લે છે."** (ગીતા ૧૦-૧૦)

અથવા એવો પણ અર્થ થઈ શકે છે - આત્મવિદ્યા અને તપ એ જે આત્માની પ્રાપ્તિનું મૂળ અથવા કારણ છે, જેમ કે શ્રુતિ કહે છે. **"જ્ઞાનથી અમૃતની પ્રાપ્તિ થાય છે,"** (ઈ.ઉપ. ૧૧) **"તપથી બ્રહ્મને જાણવાની ઈચ્છા કરો,"** (તૈ.ઉપ. ૩-૨-૧) વગેરે. 'ब्रह्मोपनिषत्परम्' જેમાં પરમ શ્રેય ઉપનિષણ્ણ (આશ્રિત) છે. તાત્પર્ય એ છે કે જે સત્યાદિ સાધનસંપન્ન છે તે જે દૂધમાં ઘી સમાન સર્વગત અને આત્મવિદ્યા તેમજ તપનું મૂળ છે તથા જે બ્રહ્મોનિષત્પર છે તે સર્વવ્યાપી આત્માને જોવે છે. અર્થાત્ આત્મદર્શી પુરુષ આ સર્વગત બ્રહ્મને આત્મામાં જ જોવે છે. જે અસત્યાદિયુક્ત અને અન્નમયાદિ રૂપથી પરિછિન્ન દેહમાં જ આત્મબુદ્ધિ રાખનાર છે તેને બ્રહ્મની ઉપલબ્ધિ થતી નથી. શ્રુતિ પણ કહે છે. **"આ આત્મા સર્વદા સત્ય, તપ, સમ્યક્ જ્ઞાન અને બ્રહ્મચર્ય દ્વારા પ્રાપ્ત કરી શકાય છે, તથા જેનામાં કુટિલતા, અસત્ય અને કપટ નથી હોતા તે જ આને પ્રાપ્ત કરી શકે છે."** (પ્ર.ઉપ. ૧-૧૬) અહીં 'ब्रह्मोपनिषत्परम्' આનો બે વાર પાઠ અધ્યાયની સમાપ્તિના સૂચન રૂપે છે. (૧૬)

❖

द्वितीय अध्याय

शाङ्करभाष्यम् :- ध्यानमुक्तं ध्याननिर्मथनाभ्यासाद्देवं पश्येन्निगूढवदिति परमात्मदर्शनोपायत्वेन । इदानीं तदपेक्षितसाधनविधानार्थं द्वितीयोऽध्याय आरभ्यते । तत्र प्रथमं तत्सिद्ध्यर्थं सवितारमाशास्ते –

શાંકરભાષ્ય :- (પ્રથમ અધ્યાયમાં) ध्याननिर्मथनाभ्यासाद्देवं पश्येन्निगूढवत् વગેરે મંત્રથી પરમાત્માના સાક્ષાત્કારના ઉપાયરૂપથી ધ્યાન બતાવ્યું છે. હવે તેના માટે અપેક્ષિત સાધનોનું વિધાન કરવા માટે બીજો અધ્યાય આરંભ કરવામાં આવે છે. તેમાં પહેલાં તેની સિદ્ધિને માટે સવિતા દેવતાને પ્રાર્થના કરે છે –

युञ्जानः प्रथमं मनस्तत्त्वाय सविता धियः ।
अग्नेर्ज्योतिर्निचाय्य पृथिव्या अध्याभरत ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- सविता-સહુનું સર્જન કરનાર પરમેશ્વર प्रथमम्-પહેલાં मनः-(અમારાં) મન અને धियः-બુદ્ધિને तत्त्वाय-પરમ તત્ત્વની પ્રાપ્તિ માટે युञ्जानः-જોડતા अग्नेः-અગ્નિના ज्योतिः-પ્રકાશનું निचाय्य-અવલોકન કરી તેને पृथिव्याः-પૃથ્વીના પદાર્થોથી अधि-ઉપર ઉઠાવીને आभरत-(અમારી ઈન્દ્રિયોમાં) પ્રસ્થાપિત કરે. (૧)

અનુવાદ :- સહુનું સર્જન કરનાર પરમેશ્વર (અમારાં) મન અને બુદ્ધિને પરમ તત્ત્વની પ્રાપ્તિ માટે જોડતા અગ્નિના પ્રકાશનું અવલોકન કરી તેને પૃથ્વીના પદાર્થોથી ઉપર ઉઠાવીને (અમારી ઈન્દ્રિયોમાં) પ્રસ્થાપિત કરે. (૧)

शाङ्करभाष्यम् :- युञ्जान इति । युञ्जानः प्रथमं मनः प्रथमं ध्यानारम्भे मनः परमात्मार्नि संयोजनीयं धिय इतरानपि प्राणात् । "**प्राणा वै धियः**" इति श्रुतेः । अथवा धियोबाह्यविषयज्ञानानि । किमर्थम् ? तत्त्वाय तत्त्वज्ञानाय सविता धियो बाह्यविषयज्ञानादग्नेर्ज्योतिः प्रकाशं निचाय्य दृष्ट्वा पृथिव्या अध्यस्मिञ्शरीर आभरदाहरत् । ★ एतदुक्तं भवति-ज्ञाने प्रवृत्तस्य मम मनो बाह्यविषयज्ञानादुपसंहृत्य परमात्मन्येव संयोजयितुमनुग्राहकदेवतात्मनामग्न्यादीनां यत्सर्ववस्तुप्रकाशनसामर्थ्यं तत् सर्वमस्मद्वागादिषु संपादयेत् सविता यत्प्रसादादवाप्यते योग इत्यर्थः । अग्निशब्द इतरासामप्यनुग्राहकदेवतानामुपक्षणार्थः ॥ १ ॥

શાંકરભાષ્ય :- युञ्जानः વગેરે. પ્રથમ મનને નિયુક્ત કરીને અર્થાત્ પહેલાં-ધ્યાનના આરંભમાં પરમાત્મામાં લગાવવા યોગ્ય મન અને ધી-અન્ય પ્રાણોને પણ (પ્રવૃત્ત કરતાં કરતાં) સવિતા દેવતા અગ્નિ વગેરે ઈન્દ્રિયાભિમાની દેવતાઓના વિષય પ્રકાશન સામર્થ્યનું અવલોકન કરીને તેને પૃથ્વીથી ઉપર આ શરીર(શરીરરૂપ ઈન્દ્રિયો)માં સ્થાપિત કરે. શા માટે ? તત્ત્વ અર્થાત્ તત્ત્વ જ્ઞાન માટે. અહીં "પ્રાણ જ ધી છે" આ અન્ય શ્રુતિ અનુસાર "धियः" નો અર્થ પ્રાણ કરવામાં આવ્યો છે. અથવા "धियः" નો અર્થ બાહ્ય વિષય પ્રકાશન પણ થઈ શકે છે.

અહીં એ કહેવામાં આવ્યું છે કે જેની કૃપાથી યોગની પ્રાપ્તિ થાય છે, તે સવિતા દેવતા જ્ઞાનમાં પ્રવૃત્ત થયેલા મારા મનને બાહ્ય વિષયોના જ્ઞાનમાંથી રોકીને પરમાત્મામાં જ લગાવવા માટે ઈન્દ્રિયાનુગ્રાહક અગ્નિ વગેરે દેવતાઓની જે સમસ્ત વસ્તુઓને પ્રકાશિત કરવાની શક્તિ છે તે સર્વને અમારી વાગાદિ ઈન્દ્રિયોમાં સ્થાપિત કરે. અહીં 'अग्नि' શબ્દ અન્ય ઈન્દ્રિયાનુગ્રાહક દેવતાઓને પણ ઉપલક્ષિત કરાવવા માટે છે. (૧)

⁂

युक्तेन मनसा वयं देवस्य सवितुः सवे ।
सुवर्गेयाय शक्त्या ॥ २ ॥

અન્વય અને શબ્દાર્થ :- वयम्-અમે सवितुः-સહુનું સર્જન કરનાર देवस्य-પરમેશ્વરની सवे-અનુજ્ઞાથી युक्तेन-જોડાયેલા मनसा-મનથી सुवर्गेयाय-સ્વર્ગીય સુખની પ્રાપ્તિ માટે शक्त्या-(અમારી) શક્તિથી (प्रयतामहै-પ્રયત્ન કરીએ.) (૨)

અનુવાદ :- અમે સહુનું સર્જન કરનાર પરમેશ્વરની અનુજ્ઞાથી જોડાયેલા મનથી સ્વર્ગીય સુખની પ્રાપ્તિ માટે (અમારી) શક્તિથી (પ્રયત્ન કરીએ). (૨)

शाङ्करभाष्यम् :- युक्तेनेति । यदा तत्त्वाय मनो योजयत्रनुग्राहकदेवताशक्त्याधानेन देहेन्द्रियदार्ढ्यं करोति तदा युक्तेन सवित्रा परमात्मनि संयोजितेन मनसा वयं तस्य देवस्य सवितुः सवेऽनुज्ञायां सत्यां सुवर्गेयाय स्वर्गप्राप्तिहेतुभूताय ध्यानकर्मणे यथासामर्थ्यं प्रयतामहे । परमात्मवचनोऽत्र स्वर्गशब्दः । तत्प्रकरणात्तस्यैव सुखस्वरूपत्वात्तदंशत्वाच्चेतरस्य सुखस्य । तथा च श्रुतिः-"**एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति**" (बृ.उप. ४-३-३२) इति ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'युक्तेन' વગેરે. જે સમયે તત્ત્વજ્ઞાન માટે મનોનિગ્રહ કરતાં કરતાં અનુગ્રાહક દેવતાઓના શક્તિ સંચાર દ્વારા (સવિતા) દેહ અને ઈન્દ્રિયોની દઢતા કરી દેશે તે સમયે જોડાયેલા સવિતા દેવતા દ્વારા પરમાત્મામાં લગાવેલ મન દ્વારા અમે તે દેવનું સવ પ્રાપ્ત થવાથી અર્થાત્ તેની અનુજ્ઞા મળવાથી સુવર્ગેય - સ્વર્ગ પ્રાપ્તિના હેતુભૂત ધ્યાન કર્મને માટે

યથાશક્તિ પ્રયત્ન કરીશું. અહીં 'સ્વર્ગ' શબ્દ પરમાત્મવાચી છે, કારણ કે પરમાત્માનું જ અહીં પ્રકરણ છે, તે સુખરૂપ છે તથા અન્ય સર્વ સુખ પણ તેના અંશ છે. તેવી જ આ શ્રુતિ પણ છે. "આ આનંદની (સૂક્ષ્મતર) માત્રાના આશ્રયથી અન્ય સર્વ જીવ જીવતાં રહે છે." (બૃ.ઉપ. ૪-૩-૨૨) (૨)

⁂

युक्त्वायेति पुनरपि सोऽप्येवं करोत्विति प्रार्थना –

'युक्त्वाय' વગેરે મંત્રથી, ફરીથી પણ તે એવું કરે એવી પ્રાર્થના કરે છે –

युक्त्वाय मनसा देवान्सुवर्यतो धिया दिवम् ।
बृहज्ज्योतिः करिष्यतः सविता प्रसुवाति तान् ॥ ३ ॥

અન્વય અને શબ્દાર્થ :- सविता-સહુનું સર્જન કરનાર પરમેશ્વર (सविता-સૂર્ય) सुवः-સ્વર્ગ અને दिवम्-આકાશમાં यतः-ગમન કરનાર તથા बृहत्-મોટા ज्योतिः-પ્રકાશને करिष्यतः-ફેલાવનાર तान्-તે (મને અને ઈન્દ્રિયોના) देवान्-દેવતાઓને मनसा-મન અને धिया-બુદ્ધિ સાથે युक्त्वाय-જોડીને प्रसुवाति-પ્રેરણા આપે છે. (૩)

અનુવાદ :- સહુનું સર્જન કરનાર પરમેશ્વર (સવિતા-સૂર્ય) સ્વર્ગ અને આકાશમાં ગમન કરનાર તથા મોટા પ્રકાશને ફેલાવનાર તે (મને અને ઈન્દ્રિયોના) દેવતાઓને મન અને બુદ્ધિ સાથે જોડીને પ્રેરણા આપે છે. (૩)

शाङ्करभाष्यम् :- युक्त्वाय योजयित्वा देवान् मनआदीनि करणानि तेषां विशेषणं सुवः स्वर्गं सुखं पूर्णानन्दब्रह्म यत इति द्वितीयाबहुवचनं पूर्णानन्दब्रह्म गच्छतो न शब्दादिविषयान् । ★ पुनरपि विशेषणान्तरं धिया सम्यग्दर्शनेन दिवं द्योतन-स्वभावं चैतन्यैकरसं बृहन्महद्ब्रह्म ज्योतिः प्रकाशं करिष्यतः पूर्णानन्दब्रह्माविष्करिष्यतः । अत्र द्वितीयाबहुवचनम् । सविता प्रसुवाति तान्करणानि । यथा करणानि विषयेभ्यो निवृत्तान्यात्माभिमुखान्यात्मप्रकाशमेव कुर्युस्तथानुजानातु सवितेत्यर्थः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- દેવતાઓ મન વગેરે ઇન્દ્રિયોને (પરમાત્મામાં) યુક્ત-સંયોજિત કરી - તે ઇન્દ્રિયોનું વિશેષણ છે 'सुवर्यतः' सुवः-અર્થાત્ સ્વર્ગ-સુખ એટલે પૂર્ણાનંદ સ્વરૂપ બ્રહ્મ પ્રતિ यतः જતી ઇન્દ્રિયોને (પરમાત્મામાં સંયોજિત કરીને), શબ્દાદિ વિપયો તરફ જનારી ઇન્દ્રિયોને નહીં.

(ઇન્દ્રિયોને માટે) પુનઃ એક બીજું વિશેષણ પણ આપવામાં આવે છે, જે 'धिया' એટલે સમ્યક્ દર્શન દ્વારા दिवम् - દ્યોતન સ્વભાવ ચૈતન્યૈકરસ બૃહત્-મહત્ અર્થાત્ બ્રહ્મને ज्योतिः-પ્રકાશિત કરશે, અર્થાત્ પૂર્ણાનંદ બ્રહ્મનો પ્રાદુર્ભાવ-અનુભવ કરશે. (તે ઇન્દ્રિયોને) અહીં 'करिष्यतः' માં દ્વિતીયાનું બહુવચન છે, તે ઇન્દ્રિયોને સવિતૃદેવ અનુજ્ઞા આપે છે. તાત્પર્ય એ છે કે ઇન્દ્રિયો વિષયોથી નિવૃત્ત થઈ આત્માભિમુખી થઈને જે પ્રકારે આત્માને જ પ્રકાશિત કરે તેવી અનુજ્ઞા (સામર્થ્ય) તેને સવિતા દેવતા પ્રદાન કરે. (૩)

⁂

तस्यैवमनुजानतो महती परिष्टुतिः कर्तव्येत्याह –

આ પ્રકારે અનુજ્ઞા દેનાર તે દેવની મહાન સ્તુતિ કરવી જોઈએ માટે શ્રુતિ કહે છે –

युञ्जते मन उत युञ्जते धियो विप्रा विप्रस्य बृहतो विपश्चितः ।
वि होत्रा दधे वयुनाविदेक इन्मही देवस्य सवितुः परिष्टुतिः ॥ ४ ॥

અન્વય અને શબ્દાર્થ :- विप्राः-બ્રાહ્મણો मनः-મનને युञ्जते-જોડે છે उत-અને धियः-બુદ્ધિને युञ्जते-જોડે છે. જેણે होत्राः-અગ્નિહોત્ર વગેરેનું वि दधे-વિધાન કર્યું છે અને જે वयुनावित्-સમગ્ર વિશ્વને જાણનાર તથા एकः-એક છે એ बृहतः-વિશાળ विप्रस्य-વ્યાપક विपश्चितः-સર્વજ્ઞ અને सवितुः-સહુના સર્જક देवस्य-દેવની इत्-અવશ્ય (અમારે) मही-મહાન परिष्टुतिः-સ્તુતિ કરવી જોઈએ. (૪)

અનુવાદ :- બ્રાહ્મણો મનને જોડે છે અને બુદ્ધિને જોડે છે. જેણે અગ્નિહોત્ર વગેરેનું વિધાન કર્યું છે અને જે સમગ્ર વિશ્વને જાણનાર તથા એક છે એ વિશાળ વ્યાપક સર્વજ્ઞ અને સહુના સર્જક દેવની અવશ્ય (અમારે) મહાન સ્તુતિ કરવી જોઈએ. (૪)

युञ्जानः प्रथमं मनस्तत्त्वाय सविता धियः ।
अग्नेर्ज्योतिर्निचाय्य पृथिव्या अध्याभरत ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- सविता-સહુનું સર્જન કરનાર પરમેશ્વર प्रथमम्-પહેલાં मनः-(અમારાં) મન અને धियः-બુદ્ધિને तत्त्वाय-પરમ તત્ત્વની પ્રાપ્તિ માટે युञ्जानः-જોડતા अग्नेः-અગ્નિના ज्योतिः-પ્રકાશનું निचाय्य-અવલોકન કરી તેને पृथिव्याः-પૃથ્વીના પદાર્થોથી अधि-ઉપર ઉઠાવીને आभरत-(અમારી ઈન્દ્રિયોમાં) પ્રસ્થાપિત કરે. (૧)

અનુવાદ :- સહુનું સર્જન કરનાર પરમેશ્વર (અમારાં) મન અને બુદ્ધિને પરમ તત્ત્વની પ્રાપ્તિ માટે જોડતા અગ્નિના પ્રકાશનું અવલોકન કરી તેને પૃથ્વીના પદાર્થોથી ઉપર ઉઠાવીને (અમારી ઈન્દ્રિયોમાં) પ્રસ્થાપિત કરે. (૧)

शाङ्करभाष्यम् :- युञ्जान इति । युञ्जानः प्रथमं मनः प्रथमं ध्यानारम्भे मनः परमात्मार्नि संयोजनीयं धिय इतरानपि प्राणात् । "**प्राणा वै धियः**" इति श्रुतेः । अथवा धियोबाह्यविषयज्ञानानि । किमर्थम् ? तत्त्वाय तत्त्वज्ञानाय सविता धियो बाह्यविषयज्ञानादग्नेर्ज्योतिः प्रकाशं निचाय्य दृष्ट्वा पृथिव्या अध्यस्मिञ्शरीर आभरदाहरत् । ★ एतदुक्तं भवति-ज्ञाने प्रवृत्तस्य मम मनो बाह्यविषयज्ञानादुपसंहृत्य परमात्मन्येव संयोजयितुमनुग्राहकदेवतात्मनामग्न्यादीनां यत्सर्व-वस्तुप्रकाशनसामर्थ्यं तत् सर्वमस्मद्वागादिषु संपादयेत् सविता यत्प्रसादादवाप्यते योग इत्यर्थः । अग्निशब्द इतरासामप्य-नुग्राहकदेवतानामुपक्षणार्थः ॥ १ ॥

શાંકરભાષ્ય :- युञ्जानः વગેરે. પ્રથમ મનને નિયુક્ત કરીને અર્થાત્ પહેલાં-ધ્યાનના આરંભમાં પરમાત્મામાં લગાવવા યોગ્ય મન અને ધી-અન્ય પ્રાણોને પણ (પ્રવૃત્ત કરતાં કરતાં) સવિતા દેવતા અગ્નિ વગેરે ઈન્દ્રિયાભિમાની દેવતાઓના વિષય પ્રકાશન સામર્થ્યનું અવલોકન કરીને તેને પૃથ્વીથી ઉપર આ શરીર(શરીરરૂપ ઈન્દ્રિયો)માં સ્થાપિત કરે. શા માટે ? તત્ત્વ અર્થાત્ તત્ત્વ જ્ઞાન માટે. અહીં **"પ્રાણ જ ધી છે"** આ અન્ય શ્રુતિ અનુસાર "ધિયઃ" નો અર્થ પ્રાણ કરવામાં આવ્યો છે. અથવા "ધિયઃ" નો અર્થ બાહ્ય વિષય પ્રકાશન પણ થઈ શકે છે.

અહીં એ કહેવામાં આવ્યું છે કે જેની કૃપાથી યોગની પ્રાપ્તિ થાય છે, તે સવિતા દેવતા જ્ઞાનમાં પ્રવૃત્ત થયેલા મારા મનને બાહ્ય વિષયોના જ્ઞાનમાંથી રોકીને પરમાત્મામાં જ લગાવવા માટે ઈન્દ્રિયાનુગ્રાહક અગ્નિ વગેરે દેવતાઓની જે સમસ્ત વસ્તુઓને પ્રકાશિત કરવાની શક્તિ છે તે સર્વને અમારી વાગાદિ ઈન્દ્રિયોમાં સ્થાપિત કરે. અહીં 'અગ્નિ' શબ્દ અન્ય ઈન્દ્રિયાનુગ્રાહક દેવતાઓને પણ ઉપલક્ષિત કરાવવા માટે છે. (૧)

❖

युक्तेन मनसा वयं देवस्य सवितुः सवे ।
सुवर्गेयाय शक्त्या ॥ २ ॥

અન્વય અને શબ્દાર્થ :- वयम्-અમે सवितुः-સહુનું સર્જન કરનાર देवस्य-પરમેશ્વરની सवे-અનુજ્ઞાથી युक्तेन-જોડાયેલા मनसा-મનથી सुवर्गेयाय-સ્વર્ગીય સુખની પ્રાપ્તિ માટે शक्त्या-(અમારી) શક્તિથી (प्रयतामहै-પ્રયત્ન કરીએ.) (૨)

અનુવાદ :- અમે સહુનું સર્જન કરનાર પરમેશ્વરની અનુજ્ઞાથી જોડાયેલા મનથી સ્વર્ગીય સુખની પ્રાપ્તિ માટે (અમારી) શક્તિથી (પ્રયત્ન કરીએ). (૨)

शाङ्करभाष्यम् :- युक्तेनेति । यदा तत्त्वाय मनो योजयन्ननुग्राहकदेवताशक्त्याधानेन देहेन्द्रियदार्ढ्यं करोति तदा युक्तेन सवित्रा परमात्मनि संयोजितेन मनसा वयं तस्य देवस्य सवितुः सवेऽनुज्ञायां सत्यां सुवर्गेयाय स्वर्गप्राप्तिहेतुभूताय ध्यानकर्मणे यथासामर्थ्यं प्रयतामहे । परमात्मवचनोऽत्र स्वर्गशब्दः । तत्प्रकरणात्तस्यैव सुखस्वरूपत्वात्तदंशत्वाच्चेतरस्य सुखस्य । तथा च श्रुतिः-"**एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति**" (बृ.उप. ४-३-३२) इति ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'युक्तेन' વગેરે. જે સમયે તત્ત્વજ્ઞાન માટે મનોનિગ્રહ કરતાં કરતાં અનુગ્રાહક દેવતાઓના શક્તિ સંચાર દ્વારા (સવિતા) દેહ અને ઈન્દ્રિયોની દઢતા કરી દેશે તે સમયે જોડાયેલા સવિતા દેવતા દ્વારા પરમાત્મામાં લગાવેલ મન દ્વારા અમે તે દેવનું સવ પ્રાપ્ત થવાથી અર્થાત્ તેની અનુજ્ઞા મળવાથી સુવર્ગેય - સ્વર્ગ પ્રાપ્તિના હેતુભૂત ધ્યાન કર્મને માટે



યથાશક્તિ પ્રયત્ન કરીશું. અહીં 'સ્વર્ગ' શબ્દ પરમાત્મવાચી છે, કારણ કે પરમાત્માનું જ અહીં પ્રકરણ છે, તે સુખરૂપ છે તથા અન્ય સર્વ સુખ પણ તેના અંશ છે. તેવી જ આ શ્રુતિ પણ છે. "આ આનંદની (સૂક્ષ્મતર) માત્રાના આશ્રયથી અન્ય સર્વ જીવ જીવતાં રહે છે." (બૃ.ઉપ. ૪-૩-૨૨) (૨)

❖

युक्त्वायेति पुनरपि सोऽप्येवं करोत्विति प्रार्थना –

'युक्त्वाय' વગેરે મંત્રથી, ફરીથી પણ તે એવું કરે એવી પ્રાર્થના કરે છે –

युक्त्वाय मनसा देवान्सुवर्यतो धिया दिवम् ।
बृहज्ज्योतिः करिष्यतः सविता प्रसुवाति तान् ॥ ३ ॥

અન્વય અને શબ્દાર્થ :- सविता-સહુનું સર્જન કરનાર પરમેશ્વર (सविता-સૂર્ય) सुवः-સ્વર્ગ અને दिवम्-આકાશમાં यतः-ગમન કરનાર તથા बृहत्-મોટા ज्योतिः-પ્રકાશને करिष्यतः-ફેલાવનાર तान्-તે (મને અને ઈન્દ્રિયોના) देवान्-દેવતાઓને मनसा-મન અને धिया-બુદ્ધિ સાથે युक्त्वाय-જોડીને प्रसुवाति-પ્રેરણા આપે છે. (૩)

અનુવાદ :- સહુનું સર્જન કરનાર પરમેશ્વર (સવિતા-સૂર્ય) સ્વર્ગ અને આકાશમાં ગમન કરનાર તથા મોટા પ્રકાશને ફેલાવનાર તે (મને અને ઈન્દ્રિયોના) દેવતાઓને મન અને બુદ્ધિ સાથે જોડીને પ્રેરણા આપે છે. (૩)

शाङ्करभाष्यम् :- युक्त्वाय योजयित्वा देवान् मनआदीनि करणानि तेषां विशेषणं सुवः स्वर्गं सुखं पूर्णानन्दब्रह्म यत इति द्वितीयाबहुवचनं पूर्णानन्दब्रह्म गच्छतो न शब्दादिविषयान् । ★ पुनरपि विशेषणान्तरं धिया सम्यग्दर्शनेन दिवं द्योतन-स्वभावं चैतन्यैकरसं बृहन्महद्ब्रह्म ज्योतिः प्रकाशं करिष्यतः पूर्णानन्दब्रह्माविष्करिष्यतः । अत्र द्वितीयाबहुवचनम् । सविता प्रसुवाति तान्करणानि । यथा करणानि विषयेभ्यो निवृत्तान्यात्माभिमुखान्यात्मप्रकाशमेव कुर्युस्तथानुजानातु सवितेत्यर्थः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- દેવતાઓ મન વગેરે ઇન્દ્રિયોને (પરમાત્મામાં) યુક્ત-સંયોજિત કરી - તે ઇન્દ્રિયોનું વિશેષણ છે 'सुवर्यतः' સુવઃ-અર્થાત્ સ્વર્ગ-સુખ એટલે પૂર્ણાનંદ સ્વરૂપ બ્રહ્મ પ્રતિ યતઃ જતી ઇન્દ્રિયોને (પરમાત્મામાં સંયોજિત કરીને), શબ્દાદિ વિપયો તરફ જનારી ઇન્દ્રિયોને નહીં.

(ઇન્દ્રિયોને માટે) પુનઃ એક બીજું વિશેષણ પણ આપવામાં આવે છે, જે 'धिया' એટલે સમ્યક્ દર્શન દ્વારા દિવમ્ - ઘોતન સ્વભાવ ચૈતન્યૈકરસ બૃહત્-મહત્ અર્થાત્ બ્રહ્મને જ્યોતિઃ-પ્રકાશિત કરશે, અર્થાત્ પૂર્ણાનંદ બ્રહ્મનો પ્રાદુર્ભાવ-અનુભવ કરશે. (તે ઇન્દ્રિયોને) અહીં 'करिष्यतः' માં દ્વિતીયાનું બહુવચન છે, તે ઇન્દ્રિયોને સવિતૃદેવ અનુજ્ઞા આપે છે. તાત્પર્ય એ છે કે ઇન્દ્રિયો વિષયોથી નિવૃત્ત થઈ આત્માભિમુખી થઈને જે પ્રકારે આત્માને જ પ્રકાશિત કરે તેવી અનુજ્ઞા (સામર્થ્ય) તેને સવિતા દેવતા પ્રદાન કરે. (૩)

❖

तस्यैवमनुजानतो महती परिष्टुतिः कर्तव्येत्याह –

આ પ્રકારે અનુજ્ઞા દેનાર તે દેવની મહાન સ્તુતિ કરવી જોઈએ માટે શ્રુતિ કહે છે –

युञ्जते मन उत युञ्जते धियो विप्रा विप्रस्य बृहतो विपश्चितः ।
वि होत्रा दधे वयुनाविदेक इन्मही देवस्य सवितुः परिष्टुतिः ॥ ४ ॥

અન્વય અને શબ્દાર્થ :- विप्राः-બ્રાહ્મણો मनः-મનને युञ्जते-જોડે છે उत-અને धियः-બુદ્ધિને युञ्जते-જોડે છે. જેણે होत्राः-અગ્નિહોત્ર વગેરેનું वि दधे-વિધાન કર્યું છે અને જે वयुनावित्-સમગ્ર વિશ્વને જાણનાર તથા एकः-એક છે એ बृहतः-વિશાળ विप्रस्य-વ્યાપક विपश्चितः-સર્વજ્ઞ અને सवितुः-સહુના સર્જક देवस्य-દેવની इत्-અવશ્ય (અમારે) मही-મહાન परिष्टुतिः-સ્તુતિ કરવી જોઈએ. (૪)

અનુવાદ :- બ્રાહ્મણો મનને જોડે છે અને બુદ્ધિને જોડે છે. જેણે અગ્નિહોત્ર વગેરેનું વિધાન કર્યું છે અને જે સમગ્ર વિશ્વને જાણનાર તથા એક છે એ વિશાળ વ્યાપક સર્વજ્ઞ અને સહુના સર્જક દેવની અવશ્ય (અમારે) મહાન સ્તુતિ કરવી જોઈએ. (૪)



शाङ्करभाष्यम् :- युञ्जत इति । युञ्जते योजयन्ति ये विप्रा मन उत युञ्जते धिय इतराण्यपि करणानि । धीहेतुत्वात्करणेषु धीशब्दप्रयोगः । तथा च श्रुत्यन्तरम्-"**यदा पञ्चावतिष्ठन्ते ज्ञानानि मनसा सह**" (क.उप. २-३-१०) इति । विप्रस्य विशेषेण व्याप्तस्य बृहतो महतो विपश्चितः सर्वज्ञस्य देवस्य सवितुर्मही महती परिष्टुतिः कर्तव्या । कैर्विप्रैः । ★ पुनरपि तमेव विशिनष्टि - वि होत्रा दधे होत्राः क्रिया यो विदधे वयुनावित्प्रज्ञावित्सर्वज्ञानात्साक्षिभूत एकोऽद्वितीयः । ये विप्रा मनआदिकरणानि विषयेभ्य उपसंहृत्यात्मन्येव योजयन्ति तैर्विप्रस्य बृहतो विपश्चितो महती परिष्टुतिः कर्तव्या । होत्रा विदधे वयुनाविदेकः सविता ॥ ४ ॥

શાંકરભાષ્ય :- 'युञ्जते' વગેરે. જે વિપ્ર-બ્રાહ્મણ, મન તેમજ અન્ય ઇન્દ્રિયોને પરમાત્મામાં લગાવે છે. ઇન્દ્રિયો બુદ્ધિજનિત છે માટે તેના માટે 'ધી' શબ્દનો પ્રયોગ કર્યો છે. આવું જ એક બીજી શ્રુતિ પણ કહે છે. "**જ્યારે મનસહિત પાંચ જ્ઞાન (ઇન્દ્રિયો) રોકાઈ જાય છે.**" (ક.ઉપ. ૨-૩-૧૦) વગેરે. વિપ્ર-વિશેષરૂપથી વ્યાપક, બૃહત્-મહાન તેમજ વિપશ્ચિત્-સર્વજ્ઞ સવિતૃ દેવની મહાન સ્તુતિ કરવી જોઈએ. કોણે કરવી જોઈએ ? બ્રાહ્મણોએ.

તો પણ તે સવિતૃદેવના જ વિશેષણ આપવામાં આવે છે. 'वि होत्रा दधे' જેણે હોત્રા એટલે કે યજ્ઞક્રિયાઓનું વિધાન કર્યું છે અને જે વાયુના વિત્-પ્રજ્ઞાવિત્ અર્થાત્ સર્વ કાંઈ જાણવાને કારણે સાક્ષી સ્વરૂપ છે, તે (સવિતા દેવ) એક-અદ્વિતીય છે. અર્થાત્ જેણે યજ્ઞ ક્રિયાઓનું વિધાન કર્યું તે પ્રજ્ઞાનવાન સવિતા એક જ છે. માટે જે બ્રાહ્મણ મન વગેરે ઇન્દ્રિયોને વિષયોથી ખસેડીને આત્મામાં જ લગાડે છે તેણે આ મહાન તેમજ સર્વજ્ઞ વિપ્ર (વિશેષરૂપથી વ્યાપક) સવિતાની મહાન સ્તુતિ કરવી જોઈએ. (૪)

⁂

किञ्च – તથા –

युजे वां ब्रह्म पूर्व्यं नमोभिर्विश्लोक एतु पथ्येव सूरेः ।
शृण्वन्तु विश्वे अमृतस्य पुत्रा आ ये धामानि दिव्यानि तस्थुः ॥ ५ ॥

અન્વય અને શબ્દાર્થ :- **वाम्**-તમારા બેના (મન અને બુદ્ધિના સ્વામી), **पूर्व्यम्**-સહુના આદિ એવા **ब्रह्म**-પરમબ્રહ્મ સાથે **नमोभिः**-નમસ્કારો દ્વારા **युजे**-હું જોડાઉં છું. **श्लोकः**-મારો આ શ્લોક એટલે સ્તુતિ **सुरेः**-વિદ્વાનની **पथ्या इव**-કીર્તિની જેમ **व्येतु**-સર્વત્ર પ્રસરી રહે. જેને **अमृतस्य**-અમૃતના **विश्वे**-સઘળા **पुत्राः**-સંતાનો **ये**-જે **दिव्यानि**-દિવ્ય **धामानि**-લોકમાં **आतस्थुः**-નિવાસ કરે છે તે **शृण्वन्तु**-સાંભળે. (૫)

અનુવાદ :- તમારા બેના (મન અને બુદ્ધિના સ્વામી), સહુના આદિ એવા પરમબ્રહ્મ સાથે નમસ્કારો દ્વારા હું જોડાઉં છું. મારો આ શ્લોક એટલે સ્તુતિ વિદ્વાનની કીર્તિની જેમ સર્વત્ર પ્રસરી રહે. જેને અમૃતના સઘળા સંતાનો જે દિવ્ય લોકમાં નિવાસ કરે છે તે સાંભળે. (૫)

शाङ्करभाष्यम् :- युजे वामिति । युजे वां समादधे वां युवयोः करणानुग्राहकयोः संबन्धि प्रकाश्यत्वेन तत्प्रकाशितं ब्रह्मेत्यर्थः । अथवा वामिति बहुवचनार्थे युष्माकं करणभूतं ब्रह्म पूर्व्यं पूर्वं चिरन्तनं समादधे । नमोभिर्नमस्कारैश्चित्तप्रणिधानादिभिः । ★ एष एवं समादधानस्य मम श्लोकः कीर्तितव्य एतु विविधमेतु पथ्येव सूरेः पथि सन्मार्गे । अथवा पथ्या कीर्तिरित्येतद्वाक्यं प्रार्थनारूपं शृण्वन्तु विश्वेऽमृतस्य ब्रह्मणः पुत्राः सूरात्मनो हिरण्यगर्भस्य । के ते ? ये धामानि दिव्यानि दिवि भवान्यातस्थुरधितिष्ठन्ति ॥ ५ ॥

શાંકરભાષ્ય :- 'युजे वाम्' વગેરે. હે ઇન્દ્રિય અને તેના અધિષ્ઠાતા દેવગણ ! તમારા બંને દ્વારા પ્રકાશનીય હોવાને કારણે તમારી સાથે સંબંધ રાખનાર બ્રહ્મમાં હું મનને નિયુક્ત-સમાહિત કરું છું. તાત્પર્ય એ છે કે બ્રહ્મ તેના દ્વારા પ્રકાશિત છે. અથવા 'वाम्' આ શબ્દનો જો બહુવચનમાં અર્થ કરવામાં આવે તો 'તમારા કારણભૂત પૂર્વતન-ચિરકાલીન બ્રહ્મમાં હું ચિત્તને સમાહિત કરું છું.' એવો અર્થ થશે. (કેવી રીતે ચિત્તને સમાહિત કરું છું ?) નમસ્કાર દ્વારા અર્થાત્ ચિત્તપ્રણિધાન વગેરે દ્વારા.

આ પ્રકારે ચિત્તસમાધાન કરનાર મારો કીર્તિતવ્ય શ્લોક (સ્તુતિ) સન્માર્ગમાં રહેલા વિદ્વાન સમાન વિવિધરૂપ (વિસ્તારને પ્રાપ્ત) થઈ જાય. અથવા ('पथ्या इव' એવો પદચ્છેદ કરીને) પથ્યાનો અર્થ કીર્તિ કરવો જોઈએ. અર્થાત્ (વિદ્વાનની કીર્તિની

જેમ મારો શ્લોક વિસ્તારને પ્રાપ્ત થાય) આ પ્રાર્થના રૂપ વાક્યને અમૃત-બ્રહ્મા એટલે કે હિરણ્યગર્ભના દેવરૂપ સઘળા પુત્રો સાંભળે. તે કોણ છે ? જેમણે સંપૂર્ણ દિવ્યલોક-દ્યુલોકાન્તર્ગત ધામો પર અધિકાર કરી રાખ્યો છે. (૫)

❖

शाङ्करभाष्यम् :- युञ्जानः प्रथमं मन इत्यादिना सवित्रादिप्रार्थना प्रतिपादिता । यस्तु पुनः प्रार्थनामकृत्वा तैरननुज्ञातः सन्योगे प्रवर्तते स भोगहेतौ कर्मण्येव प्रवर्तत इत्याह –

શાંકરભાષ્ય :- 'युञ्जानः प्रथमं मनः' વગેરે મંત્રોથી સવિતા વગેરેની પ્રાર્થનાનું પ્રતિપાદન કર્યું છે. પરંતુ જે પુરુષ તેની પ્રાર્થના ન કરતાં તેની અનુજ્ઞા વિના જ યોગમાં પ્રવૃત્ત થાય છે તેની ભોગના હેતુભૂત કર્મોમાં જ પ્રવૃત્તિ થઈ જાય છે. આ વાત હવે શ્રુતિ બતાવે છે –

अग्निर्यत्राभिमथ्यते वायुर्यत्राधिरुध्यते ।
सोमो यत्रातिरिच्यते तत्र संजायते मनः ॥ ६ ॥

અન્વય અને શબ્દાર્થ :- यत्र-જ્યાં अग्निः-અગ્નિનું (ૐકાર દ્વારા) अभिमथ्यते-મંથન કરવામાં આવે છે, यत्र-જ્યાં वायुः-વાયુનો अभिरुध्यते-(પ્રાણાયામથી) નિરોધ કરવામાં આવે છે, यत्र-જ્યાં सोमः-સોમરસ अतिरिच्यते-સારી રીતે પ્રગટ થાય છે, तत्र-ત્યાં मनः-મનની संजायते-(શુદ્ધિ) સારી રીતે પેદા થાય છે. (૬)

અનુવાદ :- જ્યાં અગ્નિનું (ૐકાર દ્વારા) મંથન કરવામાં આવે છે, જ્યાં વાયુનો (પ્રાણાયામથી) નિરોધ કરવામાં આવે છે, જ્યાં સોમરસ સારી રીતે પ્રગટ થાય છે, ત્યાં મનની (શુદ્ધિ) સારી રીતે પેદા થાય છે. (૬)

शाङ्करभाष्यम् :- अग्निर्यत्रेति । अग्निर्यत्राभिमथ्यत आधानादौ । वायुर्यत्राधिरुध्यते प्रवर्ग्यादौ । सवित्रा प्रेरितः शब्दमभिव्यक्तं करोति । सोमो यत्र दशापवित्रात्पूयमानोऽतिरिच्यते तत्र क्रतौ संजायते मनः । ★ अग्निर्यत्राभिमथ्यत इत्यत्रापरा व्याख्या-अग्निः परमात्मा, अविद्यातत्कार्यस्य दाहकत्वात् । उक्तं च-"**अहमज्ञानजं तमः । नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता**" (गीता १०-११) इति । यत्र यस्मिन्पुरुषे मथ्यते स्वदेहमरणिं कृत्वेत्यादिना पूर्वोक्तध्याननिर्मथनेन वायुर्यत्राधिरुध्यते शब्दमव्यक्तं करोति रेचकादिकरणात् । सोमो यत्रातिरिच्यतेऽनेकजन्मसेवया तत्र तस्मिन्यज्ञदानतपःप्राणायाम-समाधिविशुद्धान्तःकरणे संजायते परिपूर्णानन्दाद्वितीयब्रह्माकारं मनः समुत्पद्यते, नान्यत्राशुद्धान्तःकरणे । उक्तं च-

"प्राणायामविशुद्धात्मा यस्मात्पश्यति तत्परम् ।
तस्मान्नातः परं किञ्चित्प्राणायामादिति श्रुतिः ॥
अनेकजन्मसंसारचिते पापसमुच्चये ।
तत्क्षीणे जायते पुंसां गोविन्दाभिमुखी मतिः ॥
जन्मान्तरसहस्त्रेषु तपोज्ञानसमाधिभिः ।
नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायते ॥"

तस्मात्प्रथमं यज्ञाद्यनुष्ठानं ततः प्राणायामादि ततः समाधिस्ततो वाक्यार्थज्ञाननिष्पत्तिस्ततः कृतकृत्यतेति ॥ ६ ॥

શાંકરભાષ્ય :- 'अग्निर्यत्र' વગેરે. જ્યાં અગ્ન્યાધાનાદિમાં અગ્નિનું મંથન કરવામાં આવે છે, જ્યાં પ્રવર્ગ્યાદિ (વાયુની સ્તુતિ વગેરે)માં વાયુનો અવરોધ થાય છે અર્થાત્ જ્યાં સવિતાથી પ્રેરિત થઈને વાયુ શબ્દને અભિવ્યક્ત કરેં છે અને જ્યાં દશાપવિત્ર(ગાળવાના વસ્ત્ર)થી પવિત્ર કરેલા (ગાળેલા) સોમરસની અધિક્તા હોય છે તે યજ્ઞકાર્યમાં તેનું મન લાગે છે.

'अग्निर्यत्राभिमथ्यते' એ મંત્રની આ બીજી વ્યાખ્યા કરવામાં આવે છે. અગ્નિ પરમાત્માને કહે છે, કારણ કે તે અવિદ્યા અને તેના કાર્યને બાળનાર છે. (શ્રીમદ્ ભગવદ્ ગીતામાં) કહ્યું પણ છે. "**હું મારા ભક્તોના અંતઃકરણમાં રહીને પ્રકાશમય જ્ઞાનદીપકથી તેના અજ્ઞાનજનિત અંધકારને નષ્ટ કરી દઉં છું.**" (ગીતા ૧૦-૧૧) તે પરમાત્માગ્નિના 'स्वदेहमरणिं कृत्वा' વગેરે પૂર્વમંત્રથી કહેલા ધ્યાનરૂપ નિર્મંથન દ્વારા જે પુરુષમાં મંથન થાય છે, તથા જ્યાં વાયુનો અવિરોધ થાય છે અર્થાત્ રેચકાદિ ક્રિયાઓના કારણે જ્યાં વાયુ અવ્યક્ત શબ્દ કરે છે અને જ્યાં અનેક જન્મો સુધી (અગ્નિની) સેવા કરવાથી સોમની બહુલતા થાય છે, તે યજ્ઞ, દાન, તપ, પ્રાણાયામ તેમજ સમાધિ વગેરેથી વિશુદ્ધ થયેલા અંતઃકરણમાં જ પૂર્ણાનંદાદ્વિતીય બ્રહ્માકાર મન(મનોવૃત્તિ)નો ઉદય થાય છે, અન્યત્ર અશુદ્ધ અંતઃકરણમાં નહીં, કહ્યું પણ છે.

"કારણ કે જેનું ચિત્ત પ્રાણાયામના અભ્યાસથી શુદ્ધ થઈ ગયું છે તે જ તે પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે, એટલા માટે આ પ્રાણાયામથી વધીને કાંઈ જ નથી. એવી શ્રુતિ છે. અનેક જન્મોના સંસારથી જે પાપરાશિ ચિત્તમાં સંચિત થઈ ગઈ છે તેના ક્ષીણ થઈ જવાથી પુરુષોની બુદ્ધિ શ્રીગોવિંદને અભિમુખ થાય છે. સહસ્રો જન્મો પછી તપ, જ્ઞાન અને સમાધિ દ્વારા જેના પાપ ક્ષીણ થઈ ગયા છે તે પુરુષોની શ્રીકૃષ્ણમાં ભક્તિ થાય છે."

માટે સર્વ પ્રથમ યજ્ઞાદિનું અનુષ્ઠાન કરવામાં આવે છે, પછી પ્રાણાયામ વગેરેનું, પછી સમાધિનું અને પછી મહાવાક્યના અર્થનું જ્ઞાન થાય છે, તથા તેનાથી કૃતકૃત્યતા થાય છે. (६)

◆

यस्मादननुज्ञातस्य तस्य भोगहेतौ कर्मण्येव प्रवृत्तिस्तस्मात् –

કારણ કે (સવિતા દેવતાની) અનુજ્ઞા ન હોવાથી તેની ભોગના હેતુભૂત કર્મમાં જ પ્રવૃત્તિ હોય છે માટે –

सवित्रा प्रसवेन जुषेत ब्रह्म पूर्व्यम् ।
तत्र योनिं कृणवसे न हि ते पूर्तमक्षिपत् ॥ ७ ॥

અન્વય અને શબ્દાર્થ :- सवित्रा-સહુના સર્જક પરમેશ્વર એવા સૂર્ય વડે प्रसवेन-પ્રાપ્ત થયેલી પ્રેરણાથી पूर्व्यम्-સહુની પૂર્વે રહેલા એવા ब्रह्म-બ્રહ્મની जुषेत-આરાધના કરવી જોઈએ. तत्र-ત્યાં योनिम्-આશ્રય कृणवसे-તું પ્રાપ્ત કર. हि-કારણ કે (તેમ કરવાથી) ते-તારા पूर्वम्-પૂર્વે કરેલાં કર્મો न आक्षिपेत्-વિઘ્ન કરનારા નહીં બને. (૭)

અનુવાદ :- સહુના સર્જક પરમેશ્વર એવા સૂર્ય વડે પ્રાપ્ત થયેલી પ્રેરણાથી સહુની પૂર્વે રહેલા એવા બ્રહ્મની આરાધના કરવી જોઈએ. ત્યાં તું આશ્રય પ્રાપ્ત કર. કારણ કે (તેમ કરવાથી) તારા પૂર્વે કરેલાં કર્મો વિઘ્ન કરનારા નહીં બને. (૭)

शाङ्करभाष्यम् :- सवित्रा प्रसवेन सस्यप्रसवेनेति यावत् । जुषेत सेवेत ब्रह्म पूर्व्यं चिरन्तनम् । तस्मिन्ब्रह्मणि योनिं निष्ठां समाधिलक्षणां कृणवसे कुरुष्व । एवं कुर्वतो मम किं ततो भवति ? इत्यत आह–न हि त इति । न हि ते पूर्तं स्मार्तं कर्मेष्टं श्रौतं च कर्माक्षिपन्न पुनर्भोगहेतोर्बध्नाति, ज्ञानाग्निना सबीजस्य दग्धत्वात् । उक्तं च–**"यथेषीकातूलमग्नौ प्रोतं प्रदूयत एवं हास्य सर्वे पाप्मानः प्रदूयन्ते"** (छा.उप. ५-२४-३) इति । **"ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा"** (गीता ४-३७) इति च ॥ ७ ॥

શાંકરભાષ્ય :- સવિતા દ્વારા પ્રસૂત એટલે કે જે અન્ન પ્રસવ (ઉત્પન્ન) કરનાર છે તે સવિતા દ્વારા. અનુજ્ઞા થઈને ચિરંતન બ્રહ્મનું પહેલાં સેવન કરવું જોઈએ. તે બ્રહ્મમાં તમે યોનિ-સમાધિરૂપ નિષ્ઠા રાખો. એમ કરવાથી મને તેનાથી શું થશે ? તો શ્રુતિ બતાવે છે. 'न हि ते' વગેરે. આનાથી તમારા પૂર્ત્ત-સ્માર્ત ઈષ્ટકર્મ અને શ્રૌતકર્મ પણ ફરીથી ભોગના હેતુથી બંધન કરશે નહીં, કારણ કે જ્ઞાનાગ્નિ દ્વારા તે બીજસહિત ભસ્મ થઈ જશે. કહ્યું પણ છે, **"જે પ્રકારે અગ્નિમાં નાંખવામાં આવેલ કાશ નામનું ઘાસ કે કપાસ ભસ્મ થઈ જાય છે તે પ્રકારે આ(જ્ઞાની)ના સમસ્ત પાપ ભસ્મ થઈ જાય છે."** (છા.ઉપ. ૫-૨૪-૩) **"આ પ્રકારે જ્ઞાનાગ્નિ સમસ્ત કર્મોને ભસ્મ કરી દે છે."** (ગીતા ૪-૩૭) વગેરે. (૭)

◆

तत्र योनिं कृणवस इत्युक्तं कथं योनिकरणम् ? इत्याशङ्क्य तत्प्रकारं दर्शयति –

ઉપર એમ કહેવામાં આવ્યું કે "તેમાં સમાધિ કરો," તો તે સમાધિ કેવી રીતે કરી શકાય, એવી આશંકા કરીને તેનો પ્રકાર બતાવે છે –

त्रिरुन्नतं स्थाप्य समं शरीरं हृदीन्द्रियाणि मनसा संनिवेश्य ।
ब्रह्मोडुपेन प्रतरेत विद्वान् स्त्रोतांसि सर्वाणि भयावहानि ॥ ८ ॥

અન્વય અને શબ્દાર્થ :- विद्वान्-વિદ્વાને त्रिरुन्नतम्-(માથું, ગળું અને છાતી એ) ત્રણને ઊંચા રાખી, शरीरम्-શરીરને समम्-સીધું स्थाप्य-સ્થાપી, इन्द्रियाणि-ઈન્દ્રિયોને मनसा-મનથી हृदि-હૃદયમાં संनिवेश्य-સારી રીતે

પ્રવેશ કરાવી ब्रह्मोडुपेन-બ્રહ્મ એટલે ૐકારરૂપી નૌકા દ્વારા सर्वाणि-સઘળા भयावहानि-ભયને લાવનાર स्त्रोतांसि-(સંસારના) પ્રવાહોને प्रतरेत-પાર કરવા જોઈએ. (૮)

અનુવાદ :- વિદ્વાને (માથું, ગળું અને છાતી એ) ત્રણને ઊંચા રાખી, શરીરને સીધું સ્થાપી, ઈન્દ્રિયોને મનથી હૃદયમાં સારી રીતે પ્રવેશ કરાવી બ્રહ્મ એટલે ૐકારરૂપી નૌકા દ્વારા સઘળા ભયને લાવનાર (સંસારના) પ્રવાહોને પાર કરવા જોઈએ. (૮)

शाङ्करभाष्यम् :- त्रिरुन्नतमिति । त्रीण्युरोग्रीवाशिरांस्युन्नतानि यस्मिञ्शरीरे तत्त्रिरुन्नतं संस्थाप्यते समं शरीरम् । हृदीन्द्रियाणि मनश्चक्षुरादीनि मनसा संनिवेश्य संनियम्य ब्रह्मैवोडुपस्तरणसाधनं तेन ब्रह्मोडुपेन । ब्रह्मशब्दं प्रणवं वर्णयन्ति । तेनोडुपस्थानीयेन प्रणवेन, काकाक्षिवदुभयत्र संबध्यते । तेनोपसंहृत्य तेन प्रतरेतातिक्रामेद्विद्वान्स्त्रोतांसि संसारसरितः स्वाभाविका-विद्याकामकर्मप्रवर्तितानि भयावहानि प्रेततिर्यगूर्ध्वप्राप्तिकराणि पुनरावृत्तिभाञ्जि ॥ ८ ॥

શાંકરભાષ્ય :- 'त्रिरुन्नतम्' વગેરે. વક્ષઃસ્થળ, ગ્રીવા અને શિર આ ત્રણ જેમાં ઉન્નત (ઊંચા) રાખવામાં આવે છે તે ત્રિરુન્નત શરીરને સમાન ભાવથી સ્થિત કરવામાં આવે છે. તથા મન દ્વારા મન તેમજ ચક્ષુ વગેરે ઇન્દ્રિયોને હૃદયમાં નિયંત્રિત કરીને બ્રહ્મ જ ઉડુપ-તરવાનું સાધન છે, તે બ્રહ્મરૂપ ઉડુપ દ્વારા - અહીં (આચાર્ય લોકો) 'ब्रह्म' શબ્દનો અર્થ પ્રણવ બતાવે છે, તે ઉડુપ (નૌકા) સ્થાનીય પ્રણવ દ્વારા કાકાક્ષિન્યાયથી તેનો (સંનિવેશ અને તરણ) બંનેની સાથે સંબંધ છે, અર્થાત્ પ્રણવ દ્વારા મન અને ઇન્દ્રિયોને નિયમિત કરીને પ્રણવથી જ વિદ્વાન સંસાર સરિતાના સ્વાભાવિક અવિદ્યા, કામના અને કર્મો દ્વારા પ્રવર્તિત ભયાવહ-પ્રેત, તિર્યક્ તેમજ ઊર્ધ્વ યોનિઓને પ્રાપ્ત કરાવનાર પુનરાવૃત્તિના હેતુભૂત સ્રોતોને-પ્રવાહને પાર કરી જાય છે. (૮)

⁂

शाङ्करभाष्यम् :- प्राणायामक्षपितमनोमलस्य चित्तं ब्रह्मणि स्थितं भवतीति प्राणायामो निर्दिश्यते । प्रथमं नाडीशोधनं कर्तव्यम् । ततः प्राणायामेऽधिकारः । दक्षिणनासिकापुटमङ्गुल्यावष्टभ्य वामेन वायुं पूरयेद्यथाशक्ति । ततोऽनन्तरमुत्सृज्यैव दक्षिणेन पुटेन समुत्सृजेत् । सव्यमपि धारयेत् । पुनर्दक्षिणेन पूरयित्वा सव्येन समुत्सृजेद्यथाशक्ति । त्रिः पञ्चकृत्वो वा एवम् अभ्यस्यतः सवनचतुष्टयमपररात्रे मध्याह्ने पूर्वरात्रेऽर्धरात्रे च पक्षान्मासाद्विशुद्धिर्भवति । त्रिविधः प्राणायामो रेचकः पूरकः कुम्भक इति । तदेवाह-

''आसनानि समभ्यस्य वाञ्छितानि यथाविधि ।
प्राणायामं ततो गार्गि जितासनगतोऽभ्यसेत् ॥
मृद्वासने कुशान्सम्यगास्तीर्याजिनमेव च ।
लम्बोदरं च संपूज्य फलमोदकभक्षणैः ॥
तदासने सुखासीनः सव्ये न्यस्येतरं करम् ।
समग्रीवशिराः सम्यक्संवृतास्यः सुनिश्चलः ॥
प्राङ्मुखोदङ्मुखो वापि नासाग्रन्यस्तलोचनः ।
अतिभुक्तमभुक्तं च वर्जयित्वा प्रयत्नतः ॥
नाडीसंशोधनं कुर्यादुक्तमार्गेण यत्नतः ।
वृथा क्लेशो भवेत्तस्य तच्छोधनमकुर्वतः ॥
नासाग्रे शशभृद्बीजं चन्द्रातपवितानितम् ।
सप्तमस्य तु वर्गस्य चतुर्थं बिन्दुसंयुतम् ॥
विश्वमध्यस्थमालोक्य नासाग्रे चक्षुषी उभे ।
इडया पूरयेद्वायुं बाह्यं द्वादशमात्रकैः ॥
ततोऽग्निं पूर्ववद्ध्यायेत्स्फुरज्ज्वालावलीयुतम् ।
रेफं च बिन्दुसंयुक्तं शिखिमण्डलसंस्थितम् ॥

ध्यायेद्विरेचयेद्वायुं मन्दं पिङ्गलया पुनः ।
पुनः पिङ्गलयापूर्य घ्राणं दक्षिणतः सुधीः ॥
तद्वद्विरेचयेद्वायुमिडया तु शनैः शनैः ।
त्रिचतुर्वत्सरं चापि त्रिचतुर्मासमेव वा ॥
गुरुणोक्तप्रकारेण रहस्येवं समभ्यसेत् ।
प्रातर्मध्यंदिने सायं स्नात्वा षट्कृत्व आचरेत् ॥
संध्यादिकर्म कृत्वैव मध्यरात्रेऽपि नित्यशः ।
नाडीशुद्धिमवाप्नोति तच्चिह्नं दृश्यते पृथक् ॥
शरोरलघुता दीप्तिर्जठराग्निविवर्धनम् ।
नादाभिव्यक्तिरित्येतल्लिङ्गं तच्छुद्धिसूचनम् ॥
शुध्यन्ति न जपैस्तेन स्पर्शशुद्धेरहेतवः ।
प्राणायामं ततः कुर्याद्रेचपूरककुम्भकैः ॥
प्राणापानसमायोगः प्राणायामः प्रकीर्तितः ।
प्रणवं त्र्यात्मकं गार्गि रेचपूरककुम्भकम् ॥
तदेतत्प्रणवं विद्धि तत्स्वरूपं ब्रवीम्यहम् ।
यो वेदादौ स्वरः प्रोक्तो वेदान्तेषु प्रतिष्ठितः ॥
तयोरन्तं तु यद्गार्गि वर्गपञ्चकपञ्चमम् ।
रेचकं प्रथमं विद्धि द्वितीयं पूरकं विदुः ॥
तृतीयं कुम्भकं प्रोक्तं प्राणायामस्त्रिरात्मकः ।
त्रयाणां कारणं ब्रह्म भारूपं सर्वकारणम् ॥
रेचकः कुम्भको गार्गि सृष्टिस्थित्यात्मकावुभौ ।
पूरकस्त्वथ संहारः कारणं योगिनामिह ॥
पूरयेत्षोडशैर्मात्रैरापादतलमस्तकम् ।
मात्रैर्द्वात्रिंशकैः पश्चाद्रेचयेत्सुसमाहितः ॥
संपूर्णकुम्भवद्वायोर्निश्चलं मूर्धदेशतः ।
कुम्भकं धारणं गार्गि चतुःषष्ट्या तु मात्रया ॥
ऋषयस्तु वदन्त्यन्ये प्राणायामपरायणाः ।
पवित्रभूताः पूतान्त्राः प्रभञ्जनजये रताः ॥
तत्रादौ कुम्भकं कृत्वा चतुःषष्ट्या तु मात्रया ।
रेचयेत्षोढशैर्मात्रैर्नासेनैकेन सुन्दरि ॥
तयोश्च पूरयेद्वायुं शनैः षोडशमात्रया ।
प्राणस्यायमनं त्वेवं वशं कुर्याज्जयी वशी ॥
पञ्च प्राणाः समाख्याता वायवः प्राणमाश्रिताः ।
प्राणो मुख्यतमस्तेषु सर्वप्राणभृतां सदा ॥
ओष्ठनासिकयोर्मध्ये हृदये नाभिमण्डले ।
पादाङ्गुष्ठाश्रितः प्राणः सर्वाङ्गेषु च तिष्ठति ॥
नित्यं षोडशसंख्याभिः प्राणायामं समभ्यसेत् ।
मनसा प्रार्थितं याति सर्वप्राणजयी भवेत् ।

प्राणायामैर्दहेद्दोषान् धारणाभिश्च किल्बिषान् ।
प्रत्याहाराच्च संसर्गान् ध्यानेनानीश्वरान्गुणान् ॥
प्राणायामशतं स्नात्वा यः करोति दिने दिने ।
मातापितृगुरुघ्नोऽपि त्रिभिर्वर्षैर्व्यपोहति ॥''

શાંકરભાષ્ય :- પ્રાણાયામ દ્વારા જેના પાપ ક્ષીણ થઈ ગયા છે તેનું ચિત્ત બ્રહ્મમાં સ્થિર થઈ જાય છે, માટે પ્રાણાયામનું વર્ણન કરવામાં આવે છે. પહેલાં નાડીશોધન કરવું જોઈએ. તેના પછી પ્રાણાયામમાં અધિકાર પ્રાપ્ત થાય છે. જમણા નાસારંધ્રને અંગૂઠાથી દબાવીને ડાબાથી યથાશક્તિ વાયુ ખેંચે. તે પછી જમણી નાસિકાને છોડીને આવી રીતે (ડાબા નાસારંધ્રને આંગળીથી દબાવો અને) જમણી બાજુથી વાયુને બહાર કાઢો. ફરી જમણાથી પૂરક કરીને યથાશક્તિ ડાબા નાસિકારંધ્રથી રેચક કરો. આવી રીતે શેષરાત્રિ, મધ્યાહ્ન, પૂર્વરાત્રિ અને અર્ધરાત્રિ આ ચાર સમયે ત્રણ-ત્રણ અથવા પાંચ-પાંચ વાર અભ્યાસ કરનારની એક પક્ષ અથવા એક માસમાં નાડીશુદ્ધિ થઈ જાય છે, આ રેચક, કુંભક અને પૂરકભેદથી ત્રણ પ્રકારના પ્રાણાયામ છે. આવું જ કહ્યું પણ છે.

"હે ગાર્ગિ ! પોતાના અભીષ્ટ-મનગમતા આસનોનો યથાવિધિ અભ્યાસ કરીને પછી જે આસનનો અભ્યાસ હોય તેમાં બેસીને પ્રાણાયામનો અભ્યાસ કર. કોમળ આસન ઉપર સમ્યક્ પ્રકારે કુશ અને મૃગચર્મ પાથરીને ફળ તથા મોદક વગેરે નૈવેદ્ય દ્વારા ગણેશજીનું પૂજન કરીને તે આસન પર ડાબા હાથ પર જમણો હાથ રાખીને સુખપૂર્વક બેસો. શિર અને ગ્રીવાને સીધા રાખીને, મોંને (કોઈ વસ્ત્રથી) બરાબર ઢાંકી લો તથા શરીરને નિશ્ચલ રાખો. આવી રીતે નાસિકાગ્ર ઉપર દૃષ્ટિ રાખીને પૂર્વ અથવા ઉત્તરની બાજુએ મોં કરીને બેસી જાવ. તથા અતિભોજન અને અભોજનને પ્રયત્નપૂર્વક ત્યાગીને શાસ્ત્રોક્ત પદ્ધતિથી નાડીશોધન કરો. જે યોગી નાડીશોધન કર્યા વિના અભ્યાસ કરે છે તેનો શ્રમ વ્યર્થ હોય છે. નાસિકાગ્ર ઉપર ચંદ્રિકાયુક્ત વિશ્વવ્યાપી ચંદ્રબીજ(ठँ અથવા मँ)ને તથા સપ્તમ વર્ગના બિંદુયુક્ત ચતુર્થ વર્ણ(वं)ને સ્થાપિત કરીને બંને નેત્રોને નાસિકાના અગ્રભાગ ઉપર સ્થાપિત કરો. ઇડા (ડાબી) નાડી દ્વારા દ્વાદશ માત્રા ક્રમથી બહારના વાયુને અંદર ખેંચો. પછી પૂર્વવત્ દેદીપ્યમાન શિખાઓથી યુક્ત અગ્નિનું ધ્યાન કરો અને તે અગ્નિમંડળમાં રહેલા બિંદુયુક્ત રેફ(रं)નું ધ્યાન કરો. તે પછી ધીરે ધીરે પિંગલા (જમણી) નાડીથી વાયુને બહાર કાઢો. પછી તે મતિમાન યોગી જમણા નાસારંધ્રથી પિંગલા નાડી દ્વારા પ્રાણ ખેંચીને તેને ધીરે ધીરે ઇડા નાડી દ્વારા બહાર કાઢે. આ પ્રકારે ગુરુની બતાવેલી વિધિથી એકાંતમાં ત્રણ-ચાર વર્ષ અથવા ત્રણ ચાર માસ સુધી અભ્યાસ કરો. પ્રાતઃકાળ, મધ્યાહ્ન તથા સાયંકાળે સ્નાન કરીને સંધ્યાદિ કર્મોથી નિવૃત્ત થઈને છ-છ પ્રાણાયામ કરો તથા નિત્ય પ્રતિ મધ્યરાત્રિમાં પણ અભ્યાસ કરો. આવું કરવાથી તેની નાડી શુદ્ધિ થઈ જાય છે અને તેના ચિહ્ન સ્પષ્ટ દેખાવા લાગે છે. શરીરનું હલકાપણું, કાંતિ, જઠરાગ્નિની વૃદ્ધિ, નાદનું સંભળાવવું, આ બધા નાડી-શુદ્ધિની સૂચના આપનાર ચિહ્ન છે. નાડીઓની શુદ્ધિ જપ કરવાથી થતી નથી, માટે તે જપ નાડી શુદ્ધિનો હેતુ નથી.

આના પછી રેચક, પૂરક અને કુંભક ક્રમથી પ્રાણાયામ કરો. પ્રાણ અને અપાનનો સંયોગ થવો જ પ્રાણાયામ કહેવાય છે. હે ગાર્ગિ ! પ્રણવ ત્રિરૂપ છે. આ જે રેચક, પૂરક અને કુંભક છે તેને પ્રણવ જ સમજો. હું તને પ્રણવનું સ્વરૂપ બતાવું છું. વેદના પ્રારંભમાં જે સ્વર (अ) છે અને જે સ્વર (उ) વેદાંતોમાં રહેલો છે તથા તેની પાછળ જે પંચમ વર્ગ(प વર્ગ)નો પંચમ વર્ણ (म) છે, આ (ઓમકારની ત્રણ માત્રા अ, उ અને म)માં પ્રથમ વર્ણને રેચક જાણો, બીજાને પૂરક સમજવામાં આવે છે અને ત્રીજાને કુંભક બતાવવામાં આવ્યો છે. આ પ્રકારે આ ત્રણ અંગોવાળો પ્રાણાયામ છે. આ ત્રણેનું કારણ સર્વનું કારણસ્વરૂપ પ્રકાશમય બ્રહ્મ છે. હે ગાર્ગિ ! રેચક અને કુંભક - આ બંને તો ક્રમશઃ સૃષ્ટિ અને સ્થિતિ રૂપ છે તથા પૂરક સંહાર રૂપ છે. આ પ્રકારે આ યોગીઓની ઉત્પત્ત્યાદિના કારણ છે. પહેલાં ષોડશમાત્રા ક્રમથી પગથી લઈને મસ્તકપર્યંત પૂરક કરો. પછી ખૂબ સાવધાનીથી બત્રીસ માત્રાક્રમથી રેચક કરો અને હે ગાર્ગિ ! ભરેલા ઘડા સમાન ચોસઠ માત્રા ક્રમથી મૂર્દ્ધદેશમાં કુંભક કરતાં કરતાં વાયુને નિશ્ચલભાવથી ધારણ કરો."

"આના સિવાય હે સુંદરી ! જેમણે ભૂત અને આંતરાઓની શુદ્ધિ કરી છે એ જેવા પ્રાણના જપમાં તત્પર કેટલાક અન્ય પ્રાણાયામમાં પરાયણ ઋષિઓનું કહેવું છે કે પહેલાં ચોસઠમાત્રા ક્રમથી કુંભક કરીને એક નાસારંધ્રથી ષોડશમાત્રાક્રમથી રેચક કરો. તે પછી ષોડશમાત્રાક્રમથી બંને નાસારંધ્રોમાં વાયુ પૂર્ણ કરો. આ પ્રકારે પ્રાણને જીતનાર યોગી પ્રાણસંયમને પોતાને અધીન કરી લે."

"પ્રાણ પાંચ કહેવામાં આવ્યા છે, તે પ્રાણોના આશ્રિત પાંચ દૈહિક વાયુ છે. સમસ્ત પ્રાણીઓના શરીરના અંતર્ગત તે પાંચ પ્રાણ-વાયુઓમાં પ્રાણ સર્વમાં મુખ્ય છે. તે પ્રાણ ઓઠ અને નાસિકાના મધ્યમાં, હૃદયમાં, નાભિમંડળમાં તથા પગના અંગૂઠામાં પણ રહેલા શરીરના સર્વ અંગોમાં વિદ્યમાન છે. નિત્ય પ્રતિ સોળ પ્રાણાયામોનો અભ્યાસ કરો. તેનાથી મનોવાંચ્છિત પદાર્થ પ્રાપ્ત થાય છે અને તે યોગાભ્યાસી સમસ્ત પ્રાણો ઉપર વિજય પ્રાપ્ત કરી લે છે, સાધકોએ પ્રાણાયામ દ્વારા શારીરિક દોષોને ભસ્મ કરવા, ધારણાથી પાપોનો નાશ કરો, પ્રત્યાહારથી વૈષયિક સંસર્ગોનો અંત કરો અને ધ્યાનથી અનીશ્વર ગુણોની નિવૃત્તિ કરો. જે પુરુષ પ્રતિદિન સ્નાન કરીને સો પ્રાણાયામ કરે છે તે જો માતા, પિતા અથવા ગુરુની હત્યા કરનાર હોય તો પણ ત્રણ વર્ષમાં પાપથી મુક્ત થઈ જાય છે." (૮)

⁂

तदेतदाह प्राणानित्यादिना – આ વાત 'प्राणान्' વગેરે મંત્રથી બતાવવામાં આવે છે –

प्राणान्प्रपीड्येह संयुक्तचेष्टः क्षीणे प्राणे नासिकयोच्छ्वसीत ।
दुष्टाश्वयुक्तमिव वाहमेनं विद्वान्मनो धारयेताप्रमत्तः ॥ ९ ॥

અન્વય અને શબ્દાર્થ :- विद्वान्-વિદ્વાને इह-અહીં संयुक्तचेष्टः-ચેષ્ટાઓને યોગ્ય રીતે અમલમાં મૂકી, प्राणान्-પ્રાણોને प्रपीड्य-પીડા આપી એટલે સંયમમાં રાખી, प्राणे क्षीणे-જ્યારે પ્રાણ ક્ષીણ અર્થાત્ સૂક્ષ્મ થાય ત્યારે नासिकया-નાક વડે उच्छ्वसीत-શ્વાસ બહાર કાઢવો જોઈએ. પછી दुष्टाश्वयुक्तम्-દુષ્ટ ઘોડાઓથી જોડાયેલા वाहम्-રથની इव-જેમ एनम्-આ मनः-મનને अप्रमत्तः-પ્રમાદરહિત બની धारयेत-વશ કરવું જોઈએ. (૯)

અનુવાદ :- વિદ્વાને અહીં ચેષ્ટાઓને યોગ્ય રીતે અમલમાં મૂકી, પ્રાણોને પીડા આપી એટલે સંયમમાં રાખી, જ્યારે પ્રાણ ક્ષીણ અર્થાત્ સૂક્ષ્મ થાય ત્યારે નાક વડે શ્વાસ બહાર કાઢવો જોઈએ. પછી દુષ્ટ ઘોડાઓથી જોડાયેલા રથની જેમ આ મનને પ્રમાદરહિત બની વશ કરવું જોઈએ. (૯)

शाङ्करभाष्यम् :- प्राणान्प्रपीड्येह संयुक्तचेष्टः "**नात्यशनतः**" (गीता ६-१६) इति श्कोक्तप्रकारेण संयुक्ता चेष्टा यस्य स संयुक्तचेष्टः । क्षीणे शक्तिहान्या तनुत्वं गते मनसि नासिकायाः पुटाभ्यां शनैः शनैरुत्सृजेन्न मुखेन । वायुं प्रतिष्ठाप्य शनैर्नासिकयोत्सुजेदिति । उदात्ताश्वयुतं रथनियन्तारमिव मननेन मनो धारयेताप्रमत्तः प्रणिहितात्मा ॥ ९ ॥

શાંકરભાષ્ય :- જેની ચેષ્ટા "नात्यशनतस्तु योगोऽस्ति" (ગીતા ૬-૧૬) વગેરે શ્લોકોમાં બતાવવામાં આવેલા નિયમ અનુસાર સંયુક્ત એટલે સંયત છે તેને સંયુક્તચેષ્ટ કહે છે. પ્રાણ ક્ષીણ થવાથી અર્થાત્ પ્રાણશક્તિનો હ્રાસ થવાથી મન કૃશ થઈ જવાથી નાસિકારંધ્રો દ્વારા ધીરે ધીરે શ્વાસ બહાર કાઢો, મુખથી નહીં. તાત્પર્ય આ છે કે વાયુને રોકીને ફરી તેને ધીરે ધીરે નાસિકથી કાઢો, પછી અપ્રમત્ત - સાવધાન રહીને ઉદ્ધત ઘોડાવાળા રથના સારથિ સમાન મનને મનન કરતાં રોકો. (૯)

समे शुचौ शर्करावह्निवालुकाविवर्जिते शब्दजलाश्रयादिभिः ।
मनोऽनुकूले न तु चक्षुपीडने गुहानिवाताश्रयणे प्रयोजयेत् ॥ १० ॥

અન્વય અને શબ્દાર્થ :- समे-સમતલ, शुचौ-પવિત્ર, शर्करा-वह्नि-वालुका-विवर्जिते-કાંકરા, આગ અને રેત વિનાના, शब्द-जलाश्रयादिभिः-અવાજ, જળ અને આશ્રય વગેરેની બાબતમાં अनुकूले-અનુકૂળ तु-અને न चक्षुपीडने-આંખોને પીડા ન આપનાર, गुहानिवाताश्रयणे-વાયુ વિનાના ગુફા વગેરે સ્થાનમાં मनः-મનને प्रयोजयेत्-ધ્યાનમાં જોડવું જોઈએ. (૧૦)

અનુવાદ :- સમતલ, પવિત્ર, કાંકરા, આગ અને રેત વિનાના, અવાજ, જળ અને આશ્રય વગેરેની બાબતમાં અનુકૂળ અને આંખોને પીડા ન આપનાર, વાયુ વિનાના ગુફા વગેરે સ્થાનમાં મનને ધ્યાનમાં જોડવું જોઈએ. (૧૦)

शाङ्करभाष्यम् :- सम इति । समे निम्नोन्नतरहिते देशे । शुचौ शुद्धे । शर्करावह्निवालुकाविवर्जिते । शर्कराः क्षुद्रोपलाः, बालुकास्तच्चूर्णम् । तथा शब्दजलाश्रयादिभिः । शब्दः कलहादिध्वनिः जलं सर्वप्राण्युपभोग्यम् । मण्डप

आश्रयः । मनोऽनुकूले मनोरमे चक्षुपीडने प्रतिवाद्यभिमुखे । छान्दसो विसर्गलोपः । गुहानिवाताश्रयणे गुहायामेकान्ते निवाते समाश्रित्य प्रयोजयेत्प्रयुञ्जीत चित्तं परमात्मनि ॥ १० ॥

શાંકરભાષ્ય :- 'समे' વગેરે. સમ એટલે જે દેશ ઊંચાણ-નીચાણથી રહિત હોય, તથા જે શુચિ-પવિત્ર હોય, શર્કરા, અગ્નિ અને રેતીથી રહિત હોય - શર્કરા નાના નાના પથ્થરના ટુકડાઓને અને રેતી તેના ચૂરાને કહે છે - તથા શબ્દ, જળ અને આશ્રયાદિથી શૂન્ય હોય, એટલે શબ્દ-કલહ આદિના કોલાહલ, સમસ્ત પ્રાણીઓના ઉપયોગમાં આવનાર જળ (પનઘટ) અને આશ્રય-જન સાધારણ મનુષ્યોના રહેવાના સ્થાનથી રહિત હોય, મનોનુકૂળ-મનોરમ હોય, નેત્રોને પીડા પહોંચાડનારા અર્થાત્ જ્યાં કોઈ વિરોધી સામે (ન) હોય. અહીં 'चक्षुपीडने' માં ચક્ષુઃ ના વિસર્ગનો લોપ વૈદિક છે. એવા ગુહાદિ એકાંત અને વાયુ શૂન્ય સ્થાનમાં બેસીને ચિત્તને પ્રયુક્ત કરો અર્થાત્ પરમાત્મામાં લગાડો. (૧૦)

⁂

इदानीं योगमभ्यस्यतोऽभिव्यक्तिचिह्नानि वक्ष्यन्ते नीहार इत्यादिना –

હવે 'નીહાર' વગેરે મંત્ર દ્વારા યોગાભ્યાસીને પ્રગટ થનાર બ્રહ્માભિવ્યક્તિના આરંભના ચિહ્ન બતાવવામાં આવે છે –

नीहारधूमार्कानिलानलानां
खद्योतविद्युत्स्फटिकशशीनाम् ।
एतानि रूपाणि पुरःसराणि
ब्रह्मण्यभिव्यक्तिकराणि योगे ॥ ११ ॥

અન્વય અને શબ્દાર્થ :- ब्रह्मणि योगे-પરબ્રહ્મના સંયોગમાં (આરંભમાં) नीहारधूमार्कानिलानलानाम्-ઝાકળ, ધૂમાડો, સૂર્ય, વાયુ અને અગ્નિ સમાન અને खद्योतविद्युत्स्फटिकशशीनाम्-આગિયો, વીજળી, સ્ફટિક મણિ અને ચંદ્રમા જેવા रूपाणि-(અનેક) રૂપો-દૃશ્યો पुरः सराणि-આગળ આવે છે એટલે સામે પ્રગટ થાય છે. एतानि-આ अभिव्यक्तिकराणि-(યોગની સફળતાની) અભિવ્યક્તિ કરનારા છે. (૧૧)

અનુવાદ :- પરબ્રહ્મના સંયોગમાં (આરંભમાં) ઝાકળ, ધૂમાડો, સૂર્ય, વાયુ અને અગ્નિ સમાન અને આગિયો, વીજળી, સ્ફટિક મણિ અને ચંદ્રમા જેવા (અનેક) રૂપો-દૃશ્યો આગળ આવે છે એટલે સામે પ્રગટ થાય છે. આ (યોગની સફળતાની) અભિવ્યક્તિ કરનારા છે. (૧૧)

शाङ्करभाष्यम् :- नीहारस्तुषारः । तद्वत्प्राणैः समा चित्तवृत्तिः प्रवर्तते । ततो धूम इवाभाति । ततोऽर्कवत्ततो वायुरिवाभाति । ततो वह्निरिवात्युष्णो वायुः प्रकाशदहनः प्रवर्तते । बाह्यवायुरिव संक्षुभितो बलवान्विजृम्भते । कदाचित्खद्योतखचितमिवान्तरिक्षमालक्ष्यते । विद्युदिव रोचिष्णुरालक्ष्यते कदाचित्स्फटिकाकृतिः । कदाचित्पूर्णशशिवत् । एतानि रूपाणि योगे क्रियमाणे ब्रह्मण्याविष्क्रियमाणे निमित्ते पुरःसराण्यग्रगामीणि । तदा परमयोगसिद्धिः ॥ ११ ॥

શાંકરભાષ્ય :- નીહાર બરફને કહે છે. પ્રાણો સહિત ચિત્તવૃત્તિ બરફની સમાન પ્રવૃત્ત થવા લાગે છે. તે પછી ધુમાડા જેવું દેખાય છે. પછી સૂર્યવત્ અને તે પછી વાયુની જેમ પ્રતીત થાય છે. તે પછી વાયુ અગ્નિ સમાન અત્યંત ગરમ તેમજ પ્રકાશ અને દઝાડનાર જણાય છે, તથા બાહ્યવાયુ સમાન અત્યંત ક્ષુભિત થઈને ખૂબ બળવાન જણાય છે. કદીક આગિયાઓથી ઝળહળતાં હોય તેવું આકાશ દેખાવા માંડે છે. કદીક વીજળી સમાન તેજોમયી વસ્તુ દેખાય છે. કદીક સ્ફટિકનો આકાર દેખાય છે અને કદીક પૂર્ણ ચંદ્રમા જેવું દેખાય છે. બ્રહ્માનુસંધાનના પ્રયોજનથી કરવામાં આવતાં યોગમાં આ સર્વરૂપ પહેલાં દેખાય છે. તે પછી પરમ યોગની સિદ્ધિ થાય છે. (૧૧)

⁂

पृथ्व्यप्तेजोऽनिलखे समुत्थिते पञ्चात्मके योगगुणे प्रवृत्ते ।
न तस्य रोगो न जरा न मृत्युः प्राप्तस्य योगाग्निमयं शरीरम् ॥ १२ ॥

અન્વય અને શબ્દાર્થ :- पृथव्यपतेजोऽनिलखे-પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ समुत्थिते-ઉપસ્થિત



થતા અને पञ्चात्मके योगगुणे-એની સાથે જોડાયેલા પાંચ પ્રકારના યોગગુણો प्रवृत्ते-પ્રવૃત્ત થાય ત્યારે योगाग्निमयम्-યોગના અગ્નિમય शरीरम्-શરીરને प्राप्तस्य-પ્રાપ્ત કરનાર तस्य-તે(યોગી)ને न रोगः-રોગ થતો નથી, न जरा-ઘડપણ આવતું નથી, न मृत्युः-તેનું મરણ થતું નથી. (૧૨)

અનુવાદ :- પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ ઉપસ્થિત થતા અને એની સાથે જોડાયેલા પાંચ પ્રકારના યોગગુણો પ્રવૃત્ત થાય ત્યારે યોગના અગ્નિમય શરીરને પ્રાપ્ત કરનાર તે(યોગી)ને રોગ થતો નથી, ઘડપણ આવતું નથી, તેનું મરણ થતું નથી. (૧૨)

⁂

लघुत्वमारोग्यमलोलुपत्वं वर्णप्रसादं स्वरसौष्ठवं च ।
गन्धः शुभो मूत्रपुरीषमल्पं योगप्रवृत्तिं प्रथमां वदन्ति ॥ १३ ॥

અન્વય અને શબ્દાર્થ :- लघुत्वम्-શરીરનું હલકાપણું, आरोग्यम्-આરોગ્ય (રોગનો અભાવ), अलोलुपत्वम्-(વિષયોમાં) લોલુપતાનો અભાવ, वर्णप्रसादम्-શરીરના રંગની ઉજ્જ્વલતા, स्वरसौष्ठवम्-અવાજની મધુરતા, शुभः गन्धः-(શરીરમાંથી) સારી સુવાસ च-અને मुत्रपुरीषम्-મળ-મૂત્ર अल्पत्वम्-ઓછા થઈ જવા (આ બધું) प्रथमाम् योगप्रवृत्तिम्-યોગની પહેલી પહેલી સિદ્ધિ वदन्ति-કહેવાય છે. (૧૩)

અનુવાદ :- શરીરનું હલકાપણું, આરોગ્ય (રોગનો અભાવ), (વિષયોમાં) લોલુપતાનો અભાવ, શરીરના રંગની ઉજ્જ્વલતા, અવાજની મધુરતા, (શરીરમાંથી) સારી સુવાસ અને મળ-મૂત્ર ઓછા થઈ જવા (આ બધું) યોગની પહેલી પહેલી સિદ્ધિ કહેવાય છે. (૧૩)

शाङ्करभाष्यम् :- पृथ्वीति । पृथ्व्यप्तेजोऽनिलखे पृथिव्यादीनि भूतानि द्वन्द्वैकवद्भावेन निर्दिश्यन्ते । तेषु पञ्चसु भूतेषु समुत्थितेषु पञ्चात्मके योगगुणे प्रवृत्त इत्यस्य व्याख्यानम् । कः पुनर्योगगुणः प्रवर्तते ? पृथिव्या गन्धवत्या गन्धो योगिनो भवति । तथाद्भ्यो रसः । एवमन्यत्र । उक्तं च-

"ज्योतिष्मती स्पर्शवती तथा रसवती परा ।
गन्धवत्यपरा प्रोक्ता चतस्रस्तु प्रवृत्तयः ॥
आसां योगप्रवृत्तीनां यद्येकापि प्रवर्तते ।
प्रवृत्तयोगं तं प्राहुर्योगिनो योगचिन्तकाः ॥"

न तस्य योगिनो रोगो न जरा न मृत्युर्वा प्रभवति । कस्य ? प्राप्तस्य योगाग्निमयं शरीरम् । योगाग्निसंप्लुष्टदोषकलापं शरीरं प्राप्तस्य । स्पष्टमन्यत् ॥ १२-१३ ॥

શાંકરભાષ્ય :- 'पृथ्व्यप्तेजो' વગેરે. 'पृथ्व्यप्तेजोऽनिलखे' આ પદથી સમાહાર દ્વન્દ્વ સમાસસંબંધી એકવદ્ભાવ દ્વારા પૃથ્વી વગેરે પાંચ ભૂતોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તે પાંચ ભૂતોના પ્રગટ થવાથી અર્થાત્ પંચાત્મક યોગગુણના પ્રવૃત્ત થવાથી આવા પ્રકારે એવી આની વ્યાખ્યા છે. તે કયો યોગગુણ પ્રવૃત્ત થાય છે ? (તો બતાવે છે) ગંધવતી પૃથ્વીનો ગુણ ગંધ તેનો યોગીને અનુભવ થાય છે તથા જળથી રસની પ્રવૃત્તિ થાય છે. આ પ્રકારે અન્ય ભૂતોના વિષયમાં સમજવું જોઈએ. કહ્યું પણ છે - "જ્યોતિષ્મતી, સ્પર્શવતી અને રસવતી તથા આનાથી અલગ એક ગંધવતી - આ યોગીની ચાર પ્રવૃત્તિઓ કહેવામાં આવી છે. આ યોગ પ્રવૃત્તિઓમાંથી જો એકની પણ પ્રવૃત્તિ થઈ જાય તો યોગનું ચિંતન કરનારાઓ તે સાધકને યોગમાં પ્રવૃત્ત થયેલો બતાવે છે."

તે યોગીને ન રોગ થાય છે, ન વૃદ્ધાવસ્થા આવે છે અને ન મૃત્યુનો પણ તેની ઉપર પ્રભાવ પડે છે. કેવી રીતે ? જેને યોગાગ્નિમય શરીર પ્રાપ્ત થઈ ગયું છે અર્થાત્ જેને એવું શરીર પ્રાપ્ત થઈ ગયું છે કે જેના દોષસમૂહ યોગાગ્નિથી ભસ્મ થઈ ગયા છે. બાકી (તેરમા મંત્રનો) અર્થ સ્પષ્ટ છે. (૧૨-૧૩)

⁂

किञ्च – तथा –

यथैव विम्बं मृदयोपलिप्तं तेजोमयं भ्राजते तत्सुधान्तम् ।
तद्वात्मतत्त्वं प्रसमीक्ष्य देही एकः कृतार्थो भवते वीतशोकः ॥ १४ ॥

અન્વય અને શબ્દાર્થ :- यथा-જેવી રીતે मृदया-માટીથી उपलिप्तम्-લીંપેલું तेजोमयम्-તેજસ્વી बिम्बम्-રત્ન सुधान्तम्-સારી રીતે ધોવાથી भ्राजते-ચમકે છે तत् वा-તેવી રીતે देही-દેહ ધારણ કરનારો જીવ आत्मतत्त्वम्-આત્મતત્ત્વને प्रसमीक्ष्य-સારી રીતે જાણીને एकः-એક બની, અદ્વૈતરૂપ થઈ वीतशोकः-શોક વિનાનો અને कृतार्थः-કૃતકૃત્ય भवते-થાય છે. (૧૪)

અનુવાદ :- જેવી રીતે માટીથી લીંપેલું તેજસ્વી રત્ન સારી રીતે ધોવાથી ચમકે છે તેવી રીતે દેહ ધારણ કરનારો જીવ આત્મતત્ત્વને સારી રીતે જાણીને એક બની, અદ્વૈતરૂપ થઈ શોક વિનાનો અને કૃતકૃત્ય થાય છે. (૧૪)

शाङ्करभाष्यम् :- यथैवेति । यथैव विम्बं सौवर्णं राजतं वा मृदयोपलिप्तं मृदादिना मलिनीकृतं पूर्वं पश्चात्सुधान्तं सुधौतमित्यस्मिन्नर्थे सुधान्तमिति च्छान्दसम् । अग्न्यादिना विमलीकृतं तेजोमयं भ्राजते । तद्वा तदेवात्मतत्त्वं प्रसमीक्ष्य दृष्ट्वैकोऽद्वितीयः कृतार्थो भवते वीतशोकः । परेषां पाठे तद्वत्सतत्त्वं प्रसमीक्ष्य देहीति । तत्राप्ययमेवार्थः ॥ १४ ॥

શાંકરભાષ્ય :- 'यथैव' વગેરે. જે પ્રકારે સોના અથવા ચાંદીનો ટુકડો પહેલાં માટીથી ખરડાયેલો અર્થાત્ માટી વગેરેથી ખરાબ થયેલો હોવાથી પછી સુધાન્ત અર્થાત્ અગ્નિ વગેરેથી સુધૌત એટલે નિર્મળ કરવાથી તેજોમય થઈને ચમકવા લાગે છે. મૂળમાં 'सुधौतम्' ના અર્થમાં 'सुधान्तम्' આ પ્રયોગ વૈદિક છે. તે પ્રકારે આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવાથી જીવ અદ્વિતીય, કૃતાર્થ અને શોકરહિત થઈ જાય છે. અન્ય શાખાઓમાં જયાં 'तद्वत्सतत्त्वं प्रसमीक्ष्य देही' એવો પાઠ છે. ત્યાં પણ આ અર્થ છે. (૧૪)

❖

कथं ज्ञात्वा वीतशोको भवति ? इत्याह – કેવી રીતે જાણીને જીવ શોકરહિત થાય છે, તો કહે છે –

यदात्मतत्त्वेन तु ब्रह्मतत्त्वं दीपोपमेनेह युक्तः प्रपश्येत् ।
अजं ध्रुवं सर्वतत्त्वैर्विशुद्धं ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः ॥ १५ ॥

અન્વય અને શબ્દાર્થ :- तु-પછી यदा-જયારે युक्तः-યોગી इह-અહીં दीपोपमेन-દીવાની જેમ आत्मतत्त्वेन-આત્મતત્ત્વથી ब्रह्मतत्त्वम्-બ્રહ્મતત્ત્વને प्रपश्येत्-સારી રીતે જુએ છે ત્યારે એ अजम्-અજ, અજન્મા, ध्रुवम्-સ્થિર, सर्वतत्त्वैः-સઘળા તત્ત્વો કરતાં विशुद्धम्-અત્યંત શુદ્ધ એવા देवम्-પરમાત્માને ज्ञात्वा-જાણીને सर्वपाशैः-બધા બંધનોથી मुच्यते-મુક્ત થઈ જાય છે. (૧૫)

અનુવાદ :- પછી જયારે યોગી અહીં દીવાની જેમ આત્મતત્ત્વથી બ્રહ્મતત્ત્વને સારી રીતે જુએ છે ત્યારે એ અજ, અજન્મા, સ્થિર, સઘળા તત્ત્વો કરતાં અત્યંત શુદ્ધ એવા પરમાત્માને જાણીને બધા બંધનોથી મુક્ત થઈ જાય છે. (૧૫)

शाङ्करभाष्यम् :- यदेति । यदा यस्यामवस्थायामात्मतत्त्वेन स्वेनात्मना । किंविशिष्टेन ? दीपोपमेन दीपस्थानीयेन प्रकाशस्वरूपेण ब्रह्मतत्त्वं प्रपश्येत् । तुशब्दोऽवधारणे । परमात्मानमात्मनैव जानीयादित्यर्थः । उक्तं च-"**तदात्मानमेवावेदहं ब्रह्मास्मि**" (बृ.उप. १-४-१०) इति । कीदृशम् ? अन्यस्मादजायमानं ध्रुवमप्रच्युतस्वरूपं सर्वतत्त्वैरविद्यातत्कार्यैर्विशुद्धमसंस्पृष्टं ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैरविद्यादिभिः ॥ १५ ॥

શાંકરભાષ્ય :- 'यदा' વગેરે. જયારે અર્થાત્ જે અવસ્થામાં આત્મતત્ત્વથી - પોતાના આત્મસ્વરૂપથી, કેવા આત્મસ્વરૂપથી ? दीपोपम - દીપકની ઉપમા આપી શકાય તેવા અર્થાત્ પ્રકાશ સ્વરૂપથી બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર કરે છે. અહીં "तु" શબ્દ નિશ્ચયાર્થક છે. માટે તાત્પર્ય એ છે કે પરમાત્માને આત્મભાવથી જ જાણવા જોઈએ. કહ્યું પણ છે. "**તેણે આત્માને જ જાણ્યો કે હું બ્રહ્મ છું.**" (બૃ.ઉપ. ૧-૪-૧૦) કેવા દેવનો સાક્ષાત્કાર કરે છે ? જે કોઈ અન્યથી ઉત્પન્ન નથી



થયો, ધ્રુવ અર્થાત્ પોતાના સ્વરૂપથી ચલાયમાન નથી થતો અને સંપૂર્ણ તત્ત્વો એટલે અવિદ્યા અને તેના કાર્યોથી વિશુદ્ધ - અસંસ્પૃષ્ટ છે, તે દેવને જાણીને જીવ અવિદ્યાદિ સમસ્ત પાશોથી મુક્ત થઈ જાય છે. (૧૫)

⁂

परमात्मानमात्मत्वेन विजानीयादित्युक्तं तदेव संभावयन्नाह –
પરમાત્માને આત્મભાવથી જાણે - આ કહેવામાં આવ્યું. હવે તેનું સમ્માન કરતાં કહે છે –

एष ह देवः प्रदिशोऽनु सर्वाः पूर्वो ह जातः स उ गर्भे अन्तः ।
स एव जातः स जनिष्यमाणः प्रत्यङ्जनांस्तिष्ठति सर्वतोमुखः ॥ १६ ॥

અન્વય અને શબ્દાર્થ :- ह-ચોક્કસ एषः-આ देवः-પરમાત્મા सर्वाः-સઘળી प्रदिशः-દિશાઓમાં अनु-અનુગત છે, વ્યાપેલ છે. ह-એ પ્રસિદ્ધ દેવ पूर्वः-(સહુની) પહેલાં जातः-જન્મેલો છે. सः उ-એ જ गर्भे-(બ્રહ્માંડના) ગર્ભમાં अन्तः-અંદર રહેલો છે. सः एव-એ જ जातः-જન્મેલો છે. सः-એ जनिष्यमाणः-ભાવિમાં જન્મનાર છે અને जनान्-(સઘળા) જીવોની प्रत्यङ्-અંદર तिष्ठति-રહે છે તથા सर्वतोमुखः-બધી બાજુએ મુખવાળો છે. (૧૬)

અનુવાદ :- ચોક્કસ આ પરમાત્મા સઘળી દિશાઓમાં અનુગત છે, વ્યાપેલ છે. એ પ્રસિદ્ધ દેવ (સહુની) પહેલાં જન્મેલો છે. એ જ (બ્રહ્માંડના) ગર્ભમાં અંદર રહેલો છે. એ જ જન્મેલો છે. એ ભાવિમાં જન્મનાર છે અને (સઘળા) જીવોની અંદર રહે છે તથા બધી બાજુએ મુખવાળો છે. (૧૬)

शाङ्करभाष्यम् :- एष हेति । एष एव देवः प्रदिशः प्राच्याद्या दिश उपदिशश्च सर्वाः, पूर्वो ह जातः सर्वस्माद्धिरण्यगर्भात्मना, स उ गर्भेऽन्तर्वर्तमानः, स एव जातः शिशुः, स जनिष्यमाणोऽपि, स एव सर्वांश्च जनान्प्रत्यङ् तिष्ठति, सर्वप्राणिगतानि मुखान्यस्येति सर्वतोमुखः ॥ १६ ॥

શાંકરભાષ્ય :- 'एव ह' વગેરે. આ દેવ જ પ્રદિશ અર્થાત્ પૂર્વાદિ સંપૂર્ણ દિશા અને ઉપદિશાઓ છે, આ હિરણ્યગર્ભરૂપથી સહુથી પહેલાં ઉત્પન્ન થયો હતો, આ જ ગર્ભની અંદર વિદ્યમાન છે, આ જ શિશુરૂપથી ઉત્પન્ન થાય છે, આ જ ઉત્પન્ન થનાર પણ છે. આ જ સમસ્ત જીવોમાં પ્રત્યંગ - અંતરાત્મરૂપથી રહેલો છે, સમસ્ત પ્રાણીઓના મુખ તેના જ છે, એટલા માટે એ સર્વતોમુખ છે. (૧૬)

⁂

इदानीं योगवत्साधनान्तराणि नमस्कारादीनि कर्तव्यत्वेन दर्शयितुमाह –
હવે યોગ સમાન નમસ્કારાદિ અન્ય સાધનોને પણ કર્તવ્યરૂપથી પ્રદર્શિત કરવાને માટે શ્રુતિ કહે છે –

यो देवो अग्नौ यो अप्सु यो विश्वं भुवनमाविवेश ।
य ओषधीषु यो वनस्पतिषु तस्मै देवाय नमो नमः ॥ १७ ॥

અન્વય અને શબ્દાર્થ :- यः-જે देवः-દેવ अग्नौ-અગ્નિમાં છે, यः-જે अप्सु-જળમાં છે અને यः-જે विश्वम्-આખા भुवनम्-ભુવનમાં आविवेश-પ્રવિષ્ટ થયો છે, यः-જે ओषधिषु-ઓષધિમાં અને यः-જે वनस्पतिषु-વનસ્પતિમાં છે तस्मै-તે देवाय-દેવને नमः-નમસ્કાર. नमः-નમસ્કાર. (૧૭)

અનુવાદ :- જે દેવ અગ્નિમાં છે, જે જળમાં છે અને જે આખા ભુવનમાં પ્રવિષ્ટ થયો છે, જે ઓષધિમાં અને જે વનસ્પતિમાં છે તે દેવને નમસ્કાર. નમસ્કાર. (૧૭)

शाङ्करभाष्यम् :- यो देव इति । यो विश्वं भुवनं स्वेन विरचितं संसारमण्डलमाविवेश । य ओषधीषु शाल्यादिषु वनस्पतिष्वश्वत्थादिषु तस्मै विश्वात्मने भुवनमूलाय परमेश्वराय नमो नमः । द्विर्वचनमादरार्थमध्यायपरिसमाप्त्यर्थं च ॥ १७ ॥

શાંકરભાષ્ય :- 'यो देवो' વગેરે. જેણે સંપૂર્ણ ભુવનને અર્થાત્ પોતે રચેલા સંસારમંડળને વ્યાપ્ત કરી દીધું છે,

જે શાલિ વગેરે ઔષધિઓમાં અને અશ્વત્થાદિ (પીપળો) વનસ્પતિઓમાં પણ વિદ્યમાન છે તે વિશ્વાત્મા-જગતના મૂળ કારણ પરમેશ્વરને નમસ્કાર છે, નમસ્કાર છે. 'નમઃ' શબ્દની દ્વિરુક્તિ આદરને માટે અને અધ્યાયની સમાપ્તિને માટે છે. (૧૭)

❖

तृतीय अध्याय

कथमद्वितीयस्य परमात्मन ईशित्रीशितव्यादिभावः ? इत्याशङ्क्याह –

અદ્વિતીય પરમાત્મામાં શાસક અને શાસનીય વગેરે ભાવ કેવી રીતે રહી શકે છે ? એવી આશંકા કરીને (શ્રુતિ) કહે છે –

य एको जालवानीशत ईशनीभिः सर्वाँल्लौकानीशत ईशनीभिः ।
य एवैक उद्भवे सम्भवे च य एतद्विदुरमृतास्ते भवन्ति ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- यः-જે एकः-એકલો जालवान्-જગતરૂપી જાલવાળો, ईशनीभिः-શાસન કરવાની શક્તિથી ईशते-શાસન કરે છે, ईशनीभिः-એ શાસન કરવાની શક્તિઓથી सर्वान्-સઘળા लोकान्-લોકો પર ईशते-સત્તા ચલાવે છે. यः-જે एकः-એકલો एव-જ सम्भवे च उद्भवे-સૃષ્ટિનું સર્જન અને વિસ્તાર કરવા (સમર્થ છે) एतत्-એ (પરમેશ્વરને) ये-જે (સાધકો) विदुः-જાણે છે તે-તેઓ अमृताः-અમર भवन्ति-થઈ જાય છે (એટલે મુક્ત થઈ જાય છે). (૧)

અનુવાદ :- જે એકલો જગતરૂપી જાલવાળો, શાસન કરવાની શક્તિથી શાસન કરે છે, એ શાસન કરવાની શક્તિઓથી સઘળા લોકો પર સત્તા ચલાવે છે. જે એકલો જ સૃષ્ટિનું સર્જન અને વિસ્તાર કરવા (સમર્થ છે) એ (પરમેશ્વરને) જે (સાધકો) જાણે છે તેઓ અમર થઈ જાય છે (એટલે મુક્ત થઈ જાય છે). (૧)

शाङ्करभाष्यम् :- य एक इति । य एकः परमात्मा स जालवान् जालं माया दुरत्ययत्वात् । तथा चाह भगवान्-"मम माया दुरत्यया" (गीता ७-१४) इति । तद्वांस्तदस्यास्तीति जालवान्मायावीत्यर्थः । ईशत ईष्टे मायोपाधिः सन् । कैः ? ईशनीभिः स्वशक्तिभिः । तथा चोक्तम्-ईशत ईशनीभिः परमशक्तिभिरिति । कान् ? सर्वाँल्लोकानीशत ईशनीभिः । कदा ? उद्भवे विभूतियोगे सम्भवे प्रादुर्भावे च । य एतद्विदुरमृता अमरणधर्माणो भवन्ति ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'य एकः' વગેરે. જે એક પરમાત્મા છે તે જાળવાન છે. દુસ્તર હોવાના કારણે જાળ માયાનું નામ છે. ભગવાને પણ એવું જ કહ્યું છે કે "મારી માયાને પાર કરવી કઠિન છે" (ગીતા ૭-૧૪) તે જાળથી જે યુક્ત છે તે (પરમાત્મા) જાળવાન છે. 'तत् अस्य अस्ति' (તે તેનું છે) આ વ્યત્પત્તિ અનુસાર 'જાળવાન્' શબ્દ સિદ્ધ થાય છે. જાળવાન અર્થાત્ માયાવી પરમેશ્વર માયોપાધિક થઈને શાસન કરે છે. કોના દ્વારા શાસન કરે છે ? (તેના ઉત્તરમાં કહે છે) 'इशनीभिः' પોતાની શક્તિઓ દ્વારા, આ આશયથી અહીં એવું કહ્યું છે 'ईशते इशनीभिः' 'ईशनीभिः' અર્થાત્ પોતાની પરમ શક્તિઓ દ્વારા શાસન કરે છે. કોનું શાસન કરે છે ? તે તેની શક્તિઓ દ્વારા સંપૂર્ણ લોકોનું શાસન કરે છે. કયા સમયે ? ઉદ્ભવ-અર્થાત્ વિભૂતિઓ(ઐશ્વર્યો)થી યોગ થવાથી અને સંભવ જગતના પ્રાદુર્ભાવના સમયે. જે તેને જાણે છે તે અમૃત-અમરણ ધર્મા (અમર) થઈ જાય છે. (૧)

❖

कस्मात्पुनर्जालवान् ? इत्याशङ्क्य आह –

પરંતુ તે માયાવી કેવી રીતે છે ? એવી આશંકા કરીને કહે છે –

एको हि रुद्रो न द्वितीयाय तस्थुर्य इमाँल्लोकानीशत ईशनीभिः ।
प्रत्यङ्जनांस्तिष्ठति संचुकोचान्तकाले संसृज्य विश्वा भुवनानि गोपाः ॥ २ ॥

અન્વય અને શબ્દાર્થ :- यः-જે ઈશનીભિઃ-શાસન કરવાની શક્તિઓથી इमान्-આ लौकान्-લોકો પર ईशते-શાસન કરે છે તે रुद्रः-રુદ્રદેવ एकः हि-એક જ છે, द्वितीयाय न तस्थुः-(માટે વિદ્વાનો જગતનું કારણ નિશ્ચિત કરતી વખતે) બીજાનો આશ્રય લેતા નથી. એ પરમાત્મા जनान्-લોકોની प्रत्यङ्-અંદર तिष्ठति-રહે છે. विश्वा-સઘળા भुवनानि-લોકોનું संसृज्य-સર્જન કરી गोपाः-એનું રક્ષણ કરનાર (એ ઈશ્વર) अन्तकाले-એના અંત સમયે એટલે પ્રલયકાળે संचुकोच-એનો સંકોચ કરી લે છે એટલે પોતાની અંદર સમાવી લે છે. (૨)

અનુવાદ :- જે શાસન કરવાની શક્તિઓથી આ લોકો પર શાસન કરે છે તે રુદ્રદેવ એક જ છે, (માટે વિદ્વાનો જગતનું કારણ નિશ્ચિત કરતી વખતે) બીજાનો આશ્રય લેતા નથી. એ પરમાત્મા લોકોની અંદર રહે છે, સઘળા લોકોનું સર્જન કરી એનું રક્ષણ કરનાર (એ ઈશ્વર) એના અંત સમયે એટલે પ્રલયકાળે એનો સંકોચ કરી લે છે એટલે પોતાની અંદર સમાવી લે છે. (૨)

शाङ्करभाष्यम् :- एको हीति । हिशब्दो यस्मादर्थे । यस्मादेक एव रुद्रः स्वतो न द्वितीयाय वस्त्वन्तराय तस्थुर्ब्रह्मविदः परमार्थदर्शिनः । उक्तं च-एको रुद्रो न द्वितीयाय तस्थुरिति । य इमाँल्लोकानीशते नियमयतीशनीभिः । सर्वांश्च जनान्प्रत्यन्तरः प्रतिपुरुषमवस्थितः । रूपं रूपं प्रतिरूपो बभूवेत्यर्थः । ★ किञ्च, संचुकोच अन्तकाले प्रलयकाले । किं कृत्वा ? संसृज्य विश्वा भुवनानि गोपा गोप्ता भूत्वा । एतदुक्तं भवति-अद्वितीयः परमात्मा, न चासौ कुम्भकारवदात्मानं केवलं मृत्पिण्डस्थानीयमुपादानकारणमुपादत्ते । किं तर्हि ? स्वशक्तिविक्षेपं कुर्वन्स्रष्टा नियन्ता वाभिधीयत इति । उत्तरो मन्त्रस्तस्यैव विराडात्मनावस्थानं तत्स्रष्टृत्वं प्रतिपादयति ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'एको हि' વગેરે. કારણ કે રુદ્ર એક જ છે, માટે પરમાર્થદર્શી બ્રહ્મને જાણનારોનો સમૂહ પોતે કોઈ બીજી વસ્તુને માટે અપેક્ષા કરતો નથી. અહીં 'हि' શબ્દ 'यस्मात्' (કારણ કે)ના અર્થમાં છે. તેનાથી કહ્યું છે 'एको रुद्रो न द्वितीयाय तस्थुः ।' જે પોતાની શક્તિઓ દ્વારા આ લોકોનું શાસન-નિયમન કરે છે તે સમસ્ત જીવોની અંદર અર્થાત્ પ્રત્યેક પુરુષમાં રહેલા છે. તાત્પર્ય એ છે કે પ્રત્યેક રૂપના અનુરૂપ થઈ રહ્યા છે.

તથા તે અંતકાળ એટલે પ્રલયકાળમાં સંકુચિત કરે છે. શું કરીને ? સંપૂર્ણ લોકોની રચના કરીને તેના ગોપા-રક્ષક થઈને. અહીં એ કહેવામાં આવ્યું છે કે પરમાત્મા અદ્વિતીય છે, તે કુંભારની જેમ માટીના પિંડની જેમ પોતાને ઉપાદાન કારણરૂપથી ગ્રહણ કરતો નથી, તો પછી શું કરે છે ? તે પોતાની શક્તિને ક્ષુબ્ધ કરવાથી જ જગતના રચયિતા અથવા નિયંતા કહેવાય છે. આગળનો મંત્ર તેની વિરાટરૂપથી સ્થિતિ અને તેના જગતકર્તૃત્વનું પ્રતિપાદન કરે છે. (૨)

◆

विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतोबाहुरुत विश्वतस्पात् ।
सं बाहुभ्यां धमति संपतत्रैर्द्यावाभूमी जनयन्देव एकः ॥ ३ ॥

અન્વય અને શબ્દાર્થ :- विश्वतश्चक्षुः-ચારેબાજુ નેત્રોવાળા उत-વળી विश्वतोमुखः-ચારેબાજુ મુખવાળા, विश्वतोबाहुः-ચારે બાજુ હાથવાળા उत-અને विश्वतस्पात्-ચારેબાજુ પગવાળા द्यावाभूमिः-આકાશ અને પૃથ્વીને जनयन्-ઉત્પન્ન કરનાર એ एकः-એક જ देवः-પરમાત્મા बाहुभ्याम्-(મનુષ્ય વગેરે જીવોને) બંને હાથ વડે संधमति-જોડે છે અને पतत्रैः-(પક્ષી વગેરેને) પાંખો સાથે संधमति-જોડે છે. (૩)

અનુવાદ :- ચારેબાજુ નેત્રોવાળા વળી ચારેબાજુ મુખવાળા, ચારે બાજુ હાથવાળા અને ચારેબાજુ પગવાળા આકાશ અને પૃથ્વીને ઉત્પન્ન કરનાર એ એક જ પરમાત્મા (મનુષ્ય વગેરે જીવોને) બંને હાથ વડે જોડે છે અને (પક્ષી વગેરેને) પાંખો સાથે જોડે છે. (૩)

शाङ्करभाष्यम् :- विश्वतश्चक्षुरिति । सर्वप्राणिगतानि चक्षूंष्यस्येति विश्वतश्चक्षुः । अतः स्वेच्छयैव सर्वत्र चक्षू रूपादौ सामर्थ्यं विद्यत इति विश्वतश्चक्षुः । एवमुत्तरत्र योजनीयम् । सं बाहुभ्यां धमति संयोजयतीत्यर्थः, अनेकार्थत्वाद्धातूनाम् । पक्षिणश्च धमति द्विपदो मनुष्यादींश्च पतत्रैः । किं कुर्वन् ? द्यावापृथिवी जनयन्देव एको विराजं सृष्टवानित्यर्थः ॥ ३ ॥



શાંકરભાષ્ય :- 'विश्वतश्चक्षुरुत' વગેરે. સમસ્ત પ્રાણીઓના ચક્ષુ આ પરમાત્માના જ છે, એટલા માટે તે વિશ્વતશ્ચક્ષુ છે. માટે પોતાની ઈચ્છામાત્રથી જ તેનામાં સર્વત્ર ચક્ષુ એટલે રૂપાદિને ગ્રહણ કરવાનું સામર્થ્ય છે. આ પ્રકારે આગળ (विश्वतोमुखः વગેરે)માં પણ અર્થની યોજના કરી લેવી જોઈએ. તે બે ભુજાઓ દ્વારા સંયુક્ત કરે છે, ધાતુઓના અનેક અર્થ થાય છે (આનાથી અગ્નિસંયોગના અર્થમાં પ્રયુક્ત થનાર 'धमति' નો અર્થ સંયોજન લેવામાં આવ્યો છે) તથા પક્ષીઓ અને બે પગવાળા વગેરેને પતત્રો (પાંખો અને પગ)થી યુક્ત કરે છે. શું કરતાં કરતાં ? દ્યુલોક અને પૃથ્વીની સૃષ્ટિની (રચના) કરતાં કરતાં, તાત્પર્ય એ છે કે, તે એકમાત્ર દેવે વિરાટની રચના કરી. (૩)

◆

इदानीं तस्यैव सूत्रसृष्टिं प्रतिपादयन्मन्त्रदृगभिप्रेतं प्रार्थयते –

હવે તે (પરમાત્મા)ની સૃષ્ટિનું પ્રતિપાદન કરતી (શ્રુતિ) મંત્રદર્શી ઋષિઓના અભિમત અર્થને માટે પ્રાર્થના કરે છે –

यो देवानां प्रभवश्चोद्भवश्च विश्वाधिपो रुद्रो महर्षिः ।
हिरण्यगर्भं जनयामास पूर्वं स नो बुद्ध्या शुभया संयुनक्तु ॥ ४ ॥

અન્વય અને શબ્દાર્થ :- यः-જે रुद्रः-રુદ્ર ભગવાન देवानाम्-દેવોના प्रभवः-ઉત્પત્તિનું च-અને उद्‌भवः-વૃદ્ધિનું કારણ છે च-તથા विश्वाधिपः-સહુનો સ્વામી महर्षिः-મહાન ઋષિ છે, पूर्वम्-પહેલાં हिरण्यगर्भम्-હિરણ્યગર્ભને जनयामास-જેણે જન્મ આપ્યો હતો सः-એ પરમાત્મા नः-અમને शुभया-શુભ बुद्ध्या-બુદ્ધિ સાથે संयुनक्तु-જોડે. (૪)

અનુવાદ :- જે રુદ્ર ભગવાન દેવોના ઉત્પત્તિનું અને વૃદ્ધિનું કારણ છે તથા સહુનો સ્વામી મહાન ઋષિ છે, પહેલાં હિરણ્યગર્ભને જેણે જન્મ આપ્યો હતો એ પરમાત્મા અમને શુભ બુદ્ધિ સાથે જોડે. (૪)

शाङ्करभाष्यम् :- यो देवानामिति । यो देवानामिन्द्रादीनां प्रभवहेतुरुद्भवहेतुश्च । उद्भवो विभूतियोगः । विश्वस्याधिपो विश्वाधिपः पालयिता । महर्षिः-महांश्चासावृषिश्चेति महर्षिः सर्वज्ञ इत्यर्थः । हितं रमणीयमत्युज्ज्वलं ज्ञानं गर्भोऽन्तःसारो यस्य तं जनयामास पूर्वं सर्गादौ । स नोऽस्मान् बुद्ध्या शुभया संयुनक्तु परमपदं प्राप्नुयामेति ॥ ४ ॥

શાંકરભાષ્ય :- 'यो देवानाम्' વગેરે. જે દેવતાઓની અર્થાત્ ઈન્દ્રાદિની ઉત્પત્તિનું અને ઉદ્‌ભવનું કારણ છે. ઉદ્‌ભવ વિભૂતિયોગને કહે છે. જે વિશ્વાધિપ-વિશ્વના સ્વામી અર્થાત્ પાલન કરનાર છે, મહર્ષિ-મહાન ઋષિ એટલે સર્વજ્ઞ છે. હિત રમણીય અર્થાત્ અત્યંત ઉજ્જ્વળ જ્ઞાન જેનો ગર્ભ - અંતઃસાર છે તે(હિરણ્યગર્ભ)ની જેણે પહેલાં - સૃષ્ટિના આરંભમાં રચના કરી હતી તે અમને શુભ બુદ્ધિથી સંયુક્ત કરે, અર્થાત્ અમે પરમપદ પ્રાપ્ત કરીએ. (૪)

◆

पुनरपि तस्य स्वरूपं दर्शयन्नभिप्रेतमर्थं प्रार्थयते मन्त्रद्वयेन –

તો પણ આગળના બે મંત્રોથી તેના સ્વરૂપને પ્રદર્શિત કરતાં કરતાં (શ્રુતિ) અભિપ્રેત અર્થને માટે પ્રાર્થના કરે છે –

या ते रुद्र शिवा तनूरघोरापापकाशिनी ।
तया नस्तनुवा शन्तमया गिरिशन्ताभिचाकशीहि ॥ ५ ॥

અન્વય અને શબ્દાર્થ :- रुद्र-હે રુદ્રદેવ ! ते-આપની या-જે अघोरा-સૌમ્ય (ભયાનક નહીં તેવી) अपापकाशिनी-પુણ્યથી પ્રકાશનારી शिवा-કલ્યાણમયી तनूः-મૂર્તિ છે, गिरिशन्त-હે પર્વત ઉપર રહી સુખનો વિસ્તાર કરનારા ! तया-તે शान्तमया-શાંતિમય तनुवा-મૂર્તિથી (કૃપા કરી) न-અમારી તરફ अभिचाकशीहि-દૃષ્ટિપાત કરો. (૫)

અનુવાદ :- હે રુદ્રદેવ ! આપની જે સૌમ્ય (ભયાનક નહીં તેવી) પુણ્યથી પ્રકાશનારી કલ્યાણમયી મૂર્તિ છે, હે પર્વત ઉપર રહી સુખનો વિસ્તાર કરનારા ! તે શાંતિમય મૂર્તિથી (કૃપા કરી) અમારી તરફ દૃષ્ટિપાત કરો. (૫)

शाङ्करभाष्यम् :- या ते रुद्रेति । हे रुद्र तव या शिवा तनूरघोरा । उक्तं च **"तस्यैते तनुवौ धोरान्या शिवान्या"** इति । अथवा शिवा शुद्धाविद्यातत्कार्यविनिर्मुक्ता सच्चिदानन्दाद्वयब्रह्मरूपा न तु घोरा शशिबिम्बमिवाह्लादिनी । अपापकाशिनी स्मृतिमात्राघनाशिनी पुण्याभिव्यक्तिकरी । तयात्मना नोऽस्माञ्शन्तमया सुखतमया पूर्णानन्दरूपया हे गिरिशन्त गिरौ स्थित्वा शं सुखं तनोतीति । अभिचाकशीहि अभिपश्य निरीक्षस्व श्रेयसा नियोजयस्वेत्यर्थः ॥ ५ ॥

શાંકરભાષ્ય :- 'या ते रुद्र' વગેરે. હે રુદ્ર ! તમારી જે મંગલમયી અઘોરા (શાંત) મૂર્તિ છે. અન્યત્ર એવું જ કહ્યું પણ છે. **'તેની એ બે આકૃતિઓ છે એક ઘોરા છે અને બીજી મંગલમયી.'** અથવા (તમારી જે મૂર્તિ) શિવા-શુદ્ધા એટલે કે અવિદ્યા અને તેના કાર્યોથી રહિત સચ્ચિદાનંદ અદ્વિતીય બ્રહ્મરૂપા છે, ઘોરા નથી, પરંતુ ચંદ્રમંડળ સમાન આલ્હાદકારિણી છે તથા અપાપકાશિની-સ્મરણમાત્રથી જ પાપોનો નાશ કરનારી અર્થાત્ પુણ્યની અભિવ્યક્તિ કરનારી છે. તમારી તે શન્તમ-સુખતમ-પૂર્ણાનંદ સ્વરૂપ મૂર્તિ(દેહ)થી હે ગિરિશંત ! ગિરિમાં રહીને શં-સુખનો વિસ્તાર કરનાર ! અમને જુઓ. અમારી બાજુ દૃષ્ટિપાત કરો અર્થાત્ અમને કલ્યાણ પથથી યુક્ત કરો. (૫)

◆

किञ्च – વળી –

यामिषुं गिरिशन्त हस्ते बिभर्ष्यस्तवे ।
शिवां गिरित्र तां कुरु मा हिंसीः पुरुषं जगत् ॥ ६ ॥

અન્વય અને શબ્દાર્થ :- गिरिशन्त-હે ગિરિશંત-પર્વતમાં રહીને સુખનો વિસ્તાર કરનાર ! अस्तवे-માણસો તરફ છોડવા માટે याम्-જે इषुम्-બાણને (આપ) हस्ते-હાથમાં बिभर्षि-ધારણ કરો છો ताम्-તેને गिरित्र-હે પર્વતનું રક્ષણ કરનારા ! शिवाम्-કલ્યાણમય कुरु-બનાવો. पुरुषम्-(કોઈ) પુરુષની (કે) जगत्-જગતની मा हिंसीः-હિંસા કરશો નહીં. (૬)

અનુવાદ :- હે ગિરિશંત-પર્વતમાં રહીને સુખનો વિસ્તાર કરનાર ! માણસો તરફ છોડવા માટે જે બાણને (આપ) હાથમાં ધારણ કરો છો તેને હે પર્વતનું રક્ષણ કરનારા ! કલ્યાણમય બનાવો. (કોઈ) પુરુષની (કે) જગતની હિંસા કરશો નહીં. (૬)

शाङ्करभाष्यम् :- यामिषुमिति । यामिषुं गिरिशन्त हस्ते बिभर्षि धारयस्यस्तवे जने क्षेप्तुं शिवां गिरित्र गिरिं त्रायत इति तां कुरु । मा हिंसीः पुरुषमस्मदीयं जगदपि कृत्स्नम् । साकारं ब्रह्म प्रदर्शयेत्यभिप्रेतमर्थं प्रार्थितवान् ॥ ६ ॥

શાંકરભાષ્ય :- 'यामिषुम्' વગેરે. હે ગિરિશંત ! તમે જીવો તરફ છોડવાને માટે જે બાણ ધારણ કરીને રહો છો હે ગિરિત્ર ! પર્વતની રક્ષા કરવાને માટે ભગવાન ગિરિત્ર છે - તેને શિવ (મંગલમય) કરો. અમારા કોઈ પુરુષની અને સર્વ જગતની પણ હિંસા ન કરો. અહીં આ અભિપ્રેત અર્થની પ્રાર્થના કરી છે કે અમને સંપૂર્ણ સાકાર બ્રહ્મના દર્શન કરાવો. (૬)

◆

इदानीं तस्यैव कारणात्मनावस्थानं दर्शयञ्ज्ञानादमृतत्वमाह –
હવે તે (પરમાત્મા)ની જ જગત કારણરૂપથી સ્થિતિ બતાવતાં (શ્રુતિ) જ્ઞાનથી અમૃતત્ત્વની પ્રાપ્તિ બતાવે છે –

ततः परं ब्रह्मपरं बृहन्तं यथानिकायं सर्वभूतेषु गूढम् ।
विश्वस्यैकं परिवेष्टितारमीशं तं ज्ञात्वामृता भवन्ति ॥ ७ ॥

અન્વય અને શબ્દાર્થ :- ततः-પૂર્વે કહેલ જીવસમુદાયરૂપ જગતથી परे-પર અને ब्रह्मपरम्-બ્રહ્માથી (પણ) શ્રેષ્ઠ सर्वभूतेषु-સઘળા પ્રાણીઓમાં यथानिकायम्-તેઓના શરીરને અનુરૂપ બની गूढम्-છુપાયેલ અને विश्वस्य-વિશ્વને परिवेष्टारम्-ઘેરીને રહેનાર तम्-તે बृहन्तम्-મહાન एकम्-એક અદ્વિતીય ईशम्-પરમેશ્વરને ज्ञात्वा-જાણીને अमृताः-(સાધકો) અમર भवन्ति-બની જાય છે (એટલે મુક્ત થાય છે.) (૭)

અનુવાદ :- તે(પૂર્વે કહેલ જીવસમુદાયરૂપ જગત)થી પર અને બ્રહ્માથી (પણ) શ્રેષ્ઠ સઘળા પ્રાણીઓમાં



તેઓના શરીરને અનુરૂપ બની છુપાયેલ અને વિશ્વને ઘેરીને રહેનાર તે મહાન એક અદ્વિતીય પરમેશ્વરને જાણીને (સાધકો) અમર બની જાય છે (એટલે મુક્ત થાય છે.) (૭)

शाङ्करभाष्यम् :- ततः परमिति । ततः पुरुषयुक्ताज्जगतः परं कारणत्वात्कार्यभूतस्य प्रपञ्चस्य व्यापकमित्यर्थः । अथवा ततो जगदात्मनो विराजः परम् । किं तद्ब्रह्मपरं बृहन्तं ब्रह्मणो हिरण्यगर्भात्परं बृहन्तं महद्व्यापित्वात् । यथानिकायं यथाशरीरं सर्वभूतेषु गूढमन्तरवस्थितं विश्वस्यैकं परिवेष्टितारं सर्वमन्तः कृत्वा स्वात्मना सर्वं व्याप्यावस्थितमीशं परमेश्वरं ज्ञात्वामृता भवन्ति ॥ ७ ॥

શાંકરભાષ્ય :- 'ततः परम्' વગેરે. જે તેનાથી એટલે પુરુષયુક્ત જગતથી ઉપર છે અર્થાત્ કારણ હોવાથી પોતાના કાર્યભૂત જગતમાં વ્યાપક છે, અથવા જે તેનાથી - જગતરૂપ વિરાટથી ઉપર છે, તે શું છે ? (તેના ઉત્તરમાં શ્રુતિ કહે છે) - ब्रह्मपरं बृहन्तम्. જે બ્રહ્મ અર્થાત્ હિરણ્યગર્ભરૂપ કાર્યબ્રહ્મથી પર અને વ્યાપક હોવાને કારણે બૃહત્-મહાન છે. તથા જે સમસ્ત પ્રાણિઓમાં યથાનિકાય-તેના શરીર અનુસાર ગૂઢ-અંતઃસ્થિત છે, તેમજ વિશ્વનો એકમાત્ર પરિવેષ્ટા છે અર્થાત્ સર્વને પોતાની અંદર કરીને પોતાના સ્વરૂપથી સર્વને વ્યાપીને રહેલ છે. તે ઈશ-પરમેશ્વરને જાણીને જીવ અમર થઈ જાય છે. (૭)

❖

इदानीमुक्तमर्थं द्रढयितुं मन्त्रदृगनुभवं दर्शयित्वा पूर्णानन्दाद्वितीयब्रह्मात्मपरिज्ञानादेव परमपुरुषार्थप्राप्तिर्नान्येनेति दर्शयति –

હવે ઉપર રહેલા અર્થને પુષ્ટ કરવાને માટે મંત્રદષ્ટા ઋષિનો અનુભવ બતાવતાં શ્રુતિ આ પ્રદર્શિત કરે છે કે-પૂર્ણાનંદ અદ્વિતીય બ્રહ્મનું આત્મસ્વરૂપથી જ્ઞાન થતાં જ પરમ પુરુષાર્થની પ્રાપ્તિ થાય છે, અન્ય કોઈ ઉપાયથી નહીં –

वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात् ।
तमेव विदित्वाति मृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥ ८ ॥

અન્વય અને શબ્દાર્થ :- तमसः-અંધકારની परस्तात्-પરે રહેનાર અને आदित्यवर्णम्-સૂર્ય સમાન તેજસ્વી વર્ણવાળા एतम्-એ महान्तम्-મહાન पुरुषम्-પુરુષને એટલે પરમેશ્વરને अहम्-હું वेद-જાણું છું तम्-તેઓને विदित्वा-જાણીને एव-જ (સાધક) मृत्युम्-મોતને अत्येति-ઓળંગી જાય છે. अयनाय-(પરમપદની) પ્રાપ્તિ માટે अन्यः-બીજો पन्थाः-(કોઈ) માર્ગ न विद्यते-નથી. (૮)

અનુવાદ :- અંધકારની પરે રહેનાર અને સૂર્ય સમાન તેજસ્વી વર્ણવાળા એ મહાન પુરુષને એટલે પરમેશ્વરને હું જાણું છું, તેઓને જાણીને જ (સાધક) મોતને ઓળંગી જાય છે. (પરમપદની) પ્રાપ્તિ માટે બીજો (કોઈ) માર્ગ નથી. (૮)

शाङ्करभाष्यम् :- वेदाहमेतमिति । वेद जाने तमेतं परमात्मानम् । अथैतं प्रत्यगात्मानं साक्षिणं पुरुषं पूर्णं महान्तं सर्वात्मत्वात् । आदित्यवर्णं प्रकाशरूपं तमसोऽज्ञानात् परस्तात्तमेव विदित्वाति मृत्युमेति मृत्युमत्येति । कस्मात् ? अस्मान्नान्यः पन्था विद्यतेऽयनाय परमपदप्राप्तये ॥ ८ ॥

શાંકરભાષ્ય :- 'वेदाहमेतम्' વગેરે. હું તે પરમાત્માને જાણું છું. આ જે પ્રત્યગામા-સાક્ષી, પુરુષ-પૂર્ણ, અને સર્વરૂપ હોવાથી મહાન તથા આદિત્યવર્ણ - પ્રકાશસ્વરૂપ તેમજ તમ એટલે અજ્ઞાનથી પર છે તેને જાણીને જીવ મૃત્યુને પાર કરી જાય છે, કેવી રીતે કરી લે છે ? કારણ કે પરમપદ પ્રાપ્તિને માટે આનાથી જુદો કોઈ બીજો માર્ગ નથી. (૮)

❖

कस्मात्पुनस्तमेव विदित्वाति मृत्युमेति ? इत्युच्यते –

પરંતુ (જીવ) તેને જાણીને મૃત્યુને કેવી રીતે પાર કરી લે છે ? તો કહેવાય છે –

यस्मात्परं नापरमस्ति किञ्चिद्यस्मान्नाणीयो न ज्यायोऽस्ति कश्चित् ।
वृक्ष इव स्तब्धो दिवि तिष्ठत्येकस्तेनेदं पूर्णं पुरुषेण सर्वम् ॥ ९ ॥

અન્વય અને શબ્દાર્થ :- यस्मात्-જેનાથી परम्-પર (ઉત્તમ) अपरम्-બીજું किंचित्-કાંઈ न अस्ति-નથી,



यस्मात्-જેનાથી कश्चित्-કોઈ न अणीयः-વધુ સૂક્ષ્મ નથી, કે ज्यायः-મહાન, મોટો न अस्ति-નથી, एकः-એક જ वृक्षः-વૃક્ષની इव-જેમ स्तब्धः-સ્થિર બની दिवि-આકાશમાં तिष्ठति-જે રહે છે तेन-તે पुरुषेण-પુરુષથી એટલે પરમાત્માથી इदम्-આ सर्वम्-બધું (દૃશ્યમાન જગત) परिपूर्णम्-પરિપૂર્ણ છે (વ્યાપેલું છે). (૯)

અનુવાદ :- જેનાથી પર (ઉત્તમ) બીજું કાંઈ નથી, જેનાથી કોઈ વધુ સૂક્ષ્મ નથી, કે મહાન, મોટો નથી, એક જ વૃક્ષની જેમ સ્થિર બની આકાશમાં જે રહે છે તે પુરુષથી એટલે પરમાત્માથી આ બધું (દૃશ્યમાન જગત) પરિપૂર્ણ છે (વ્યાપેલું છે). (૯)

शाङ्करभाष्यम् :- यस्मादिति । यस्मात्परं पुरुषात्परमुत्कृष्टमपरमन्यन्नास्ति, यस्मान्नाणीयोऽणुतरं न ज्यायो महत्तरं वास्ति । वृक्ष इव स्तब्धो निश्चलो दिवि द्योतनात्मनि स्वे महिम्नि तिष्ठत्येकोऽद्वितीयः परमात्मा तेनाद्वितीयेन परमात्मनेदं सर्वं पूर्णं नैरन्तर्येण व्याप्तं पुरुषे पूर्णेन ॥ ९ ॥

શાંકરભાષ્ય :- 'यस्मात्' વગેરે. જે પુરુષથી ઉત્કૃષ્ટ બીજું કોઈ નથી, તથા જેનાથી અણીયસ્-ન્યૂનતર અને જ્યાયસ્-મહત્તર પણ કોઈ નથી તે અદ્વિતીય પરમાત્મા દિવિ અર્થાત્ પોતાના દ્યોતનાત્મક મહિમામાં વૃક્ષ સમાન સ્તબ્ધ - નિશ્ચલભાવથી રહેલા છે. તે અદ્વિતીય પરમાત્મા પૂર્ણ પુરુષે આ સર્વને પૂર્ણ-નિરંતરતાથી વ્યાપ્ત કરી દીધું છે. (૯)

❖

इदानीं ब्रह्मणः पूर्वोक्तकार्यकारणतां दर्शयञ्ज्ञानिनाममृतत्वमितरेषां च संसारित्वं दर्शयति –

તથા હવે પહેલાં બતાવેલી (કહેલી) બ્રહ્મની કાર્ય-કારણતા બતાવીને શ્રુતિ જ્ઞાનીઓને અમૃતત્ત્વ અને અન્ય સર્વને સંસારિત્વની પ્રાપ્તિ દર્શાવે છે –

ततो यदुत्तरतरं तदरूपमनामयम् ।
य एतद्विदुरमृतास्ते भवन्त्यथेतरे दुःखमेवापियन्ति ॥ १० ॥

અન્વય અને શબ્દાર્થ :- ततः-તે(હિરણ્યગર્ભ)થી उत्तरतरम्-અત્યંત ઉત્તમ છે. तत्-તે પરમાત્મા अरूपम्-રૂપરહિત અને अनामयम्-(સઘળા) દોષોથી રહિત છે. ये-જેઓ एतत्-આ(પરબ્રહ્મ)ને विदुः-જાણે છે ते-તેઓ अमृताः-અમર भवन्ति-બની જાય છે अथ-પણ इतरे-બીજા (આ નહીં જાણનારા) दुःखम्-દુઃખને एव-જ अपियन्ति-પ્રાપ્ત થાય છે. (૧૦)

અનુવાદ :- તે(હિરણ્યગર્ભ)થી અત્યંત ઉત્તમ છે. તે પરમાત્મા રૂપરહિત અને (સઘળા) દોષોથી રહિત છે. જેઓ આ(પરબ્રહ્મ)ને જાણે છે તેઓ અમર બની જાય છે પણ બીજા (આ નહીં જાણનારા) દુઃખને જ પ્રાપ્ત થાય છે. (૧૦)

शाङ्करभाष्यम् :- तत इति । तत इदंशब्दवाच्याज्जगत उत्तरं कारणं ततोऽप्युत्तरं कार्यकारणविनिर्मुक्तं ब्रह्मैव इत्यर्थः । तदरूपं रूपादिरहितम्, अनामयमाध्यात्मिकादितापत्रयरहितत्वात् । य एतद्विदुरमृतत्वेन अहमस्मीत्यमृता अमरणधर्माणस्ते भवन्ति । अथेतरे ये न विदुस्ते दुःखमेवापियन्ति ॥ १० ॥

શાંકરભાષ્ય :- 'ततः' વગેરે. તેનાથી અર્થાત્ इदम् શબ્દવાચ્ય જગતથી ઉત્કૃષ્ટ તો તેનું કારણ છે અને તેનાથી પણ ઉત્કૃષ્ટતર કાર્ય-કારણભાવશૂન્ય બ્રહ્મ જ છે. તે અરૂપ-રૂપાદિ રહિત અને આધ્યાત્મિકાદિ ત્રિવિધ તાપોથી રહિત હોવાને કારણે અનામય (દુઃખહીન) છે. જે આને જાણે છે અર્થાત્ પોતાના અમૃતરૂપથી 'હું આ છું' એવો અનુભવ કરે છે તે અમૃત-અમરણધર્મા થઈ જાય છે. અને અન્ય જે આવું નથી જાણતા તે દુઃખોને જ પ્રાપ્ત થાય છે. (૧૦)

❖

इदानीं तस्यैव सर्वात्मत्वं दर्शयति – હવે (શ્રુતિ) તેની સર્વાત્મક્તા બતાવે છે –

सर्वाननशिरोग्रीवः सर्वभूतगुहाशयः ।
सर्वव्यापी स भगवांस्तस्मात्सर्वगतः शिवः ॥ ११ ॥

અન્વય અને શબ્દાર્થ :- **सः**-તે **भगवान्**-ભગવાન **सर्वाननशिरोग्रीवः**-સઘળી બાજુ મુખ, મસ્તક અને ડોકવાળા છે, **सर्वभूतगुहाशयः**-દરેક પ્રાણીઓની ગુફાએટલે બુદ્ધિમાં રહેનારા છે અને **सर्वव्यापी**-સર્વત્ર વ્યાપેલા છે. **तस्मात्**-માટે **सः**-એ **शिवः**-કલ્યાણકારી અને **सर्वगतः**-સર્વત્ર રહેલા છે. (૧૧)

અનુવાદ :- તે ભગવાન સઘળી બાજુ મુખ, મસ્તક અને ડોકવાળા છે, દરેક પ્રાણીઓની ગુફા એટલે બુદ્ધિમાં રહેનારા છે અને સર્વત્ર વ્યાપેલા છે. માટે એ કલ્યાણકારી અને સર્વત્ર રહેલા છે. (૧૧)

शाङ्करभाष्यम् :- सर्वाननेति । सर्वाण्याननानि शिरांसि ग्रीवाश्चास्येति सर्वाननशिरोग्रीवः । सर्वेषां भूतानां गुहायां बुद्धौ शेत इति सर्वभूतगुहाशयः । सर्वव्यापी स भगवानैश्वर्यादिसमष्टिः । उक्तं च -

"ऐश्वर्यस्य समग्रस्य धर्मस्य यशसः श्रियः ।
ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा ॥" (वि.पु. ६-५-७४)

भगवति यस्मादेवं तस्मात् सर्वगतः शिवः ॥ ११ ॥

શાંકરભાષ્ય :- 'सर्वानन' વગેરે. સમસ્ત મુખ, શિર અને ગ્રિવાઓ તેની છે, એટલા માટે આ સર્વાનન-શિરોગ્રીવ છે. આ સમસ્ત પ્રાણીઓની ગુફા-બુદ્ધિમાં શયન કરે છે, એટલા માટે સર્વભૂત-ગુહાશય છે. તે સર્વવ્યાપી અને ભગવાન ઐશ્વર્યાદિની સમષ્ટિરૂપ છે, કહ્યું પણ છે - **"સમગ્ર ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય - આ છ નું નામ ભગ છે."** (વિ.પુ. ૬-૫-૭૪) ભગવાનમાં આ સર્વ એવા જ છે એટલા માટે તે સર્વગત અને શિવ (મંગલરૂપ) છે. (૧૧)

❖

किञ्च – તથા –

महान्प्रभुर्वै पुरुषः सत्त्वस्यैव प्रवर्तकः ।
सुनिर्मलामिमां प्राप्तिमीशानो ज्योतिरव्ययः ॥ १२ ॥

અન્વય અને શબ્દાર્થ :- **वै**-ચોક્કસ **एषः**-આ (પરમાત્મા) **महान्**-મહાન **प्रभुः**-સર્વ સમર્થ **ईशानः**-શાસન કરનાર **अव्ययः**-અવિનાશી અને **ज्योतिः**-જ્યોતિસ્વરૂપ **पुरुषः**-પુરુષ **इमाम्**-આ (મુક્તિરૂપી) **सुनिर्मलाम्**-અત્યંત નિર્મળ **प्राप्तिम्**-પ્રાપ્તિ (કરાવનાર છે) અને **सत्त्वस्य**-માનવીના સત્ત્વ એટલે અંતઃકરણના **प्रवर्तकः**-પ્રેરનારા છે. (૧૨)

અનુવાદ :- ચોક્કસ આ (પરમાત્મા) મહાન સર્વ સમર્થ શાસન કરનાર અવિનાશી અને જ્યોતિસ્વરૂપ પુરુષ આ (મુક્તિરૂપી) અત્યંત નિર્મળ પ્રાપ્તિ (કરાવનાર છે) અને માનવીના સત્ત્વ એટલે અંતઃકરણના પ્રેરનારા છે. (૧૨)

शाङ्करभाष्यम् :- महानिति । महान्प्रभुः समर्थो वै निश्चयेन जगदुदयस्थितिसंहारे सत्त्वस्यान्तःकरणस्यैव प्रवर्तकः प्रेरयिता । कमर्थमुद्दिश्य ? सुनिर्मलामिमां स्वरूपावस्थालक्षणां प्राप्तिं परमपदप्राप्तिम् । ईशान ईशिता । ज्योतिः परिशुद्धो विज्ञानप्रकाशः । अव्ययोऽविनाशी ॥ १२ ॥

શાંકરભાષ્ય :- 'महान्' વગેરે. તે મહાન, પ્રભુ અર્થાત્ જગતના ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારમાં નિશ્ચય જ સમર્થ અને સત્ત્વ એટલે અંતઃકરણનો પ્રેરક છે. કયા પ્રયોજનના ઉદ્દેશ્યથી તેનો પ્રવર્તક છે ? આ સ્વરૂપાવસ્થિતિરૂપ સુનિર્મલ પ્રાપ્તિ એટલે પરમપદની પ્રાપ્તિના ઉદ્દેશ્યથી, તથા તે ઈશાન-શાસક, જ્યોતિ - વિશુદ્ધવિજ્ઞાન - પ્રકાશ સ્વરૂપ અને અવ્યય - અવિનાશી છે. (૧૨)

❖

अङ्गुष्ठमात्रः पुरुषोऽन्तरात्मा सदा जनानां हृदये संनिविष्टः ।
हृदा मन्वीशो मनसाभिक्लृप्तो य एतद्विदुरमृतास्ते भवन्ति ॥ १३ ॥

અન્વય અને શબ્દાર્થ :- **अङ्गुष्ठमात्रः**-ફક્ત અંગુઠા જેટલો **अन्तरात्मा**-અંતર્યામી **पुरुष**-પુરુષ (પુરુષોત્તમ) **सदा**-હંમેશ **जनानाम्**-માણસોના **हृदये**-હૃદયમાં **संनिविष्टः**-પ્રવેશેલો છે. **मन्वीशः**-મનનો સ્વામી અને **हृदा**-હૃદય

તથા मनसा-મનથી अभिक्लृप्तः-ધ્યાનમાં લાવવામાં આવતાં તે પ્રત્યક્ષ થાય છે. ये-જે एतत्-એ(પરમાત્મા)ને विदुः-જાણે છે ते-તેઓ अमृताः-અમર भवन्ति-બની જાય છે (એટલે મુક્ત થઈ જાય છે.) (૧૩)

અનુવાદ :- ફક્ત અંગુઠા જેટલો અંતર્યામી પુરુષ (પુરુષોત્તમ) હંમેશ માણસોના હૃદયમાં પ્રવેશેલો છે. મનનો સ્વામી અને હૃદય તથા મનથી ધ્યાનમાં લાવવામાં આવતાં તે પ્રત્યક્ષ થાય છે. જે એ(પરમાત્મા)ને જાણે છે તેઓ અમર બની જાય છે (એટલે મુક્ત થઈ જાય છે.) (૧૩)

शाङ्करभाष्यम् :- अङ्गुष्ठमात्र इति । अङ्गुष्ठमात्रोऽभिव्यक्तिस्थानहृदयसुषिरपरिमाणापेक्षया पुरुषः पूर्णत्वात्पुरि शयनाद्वा । अन्तरात्मा सर्वस्यान्तरात्मभूतः स्थितः । सदा जनानां हृदये संनिविष्टो हृदयस्थेन मनसाभिगुप्तः । मन्वीशो ज्ञानेशः । य एतद्विदुरमृतास्ते भवन्ति ॥ १३ ॥

શાંકરભાષ્ય :- 'अङ्गुष्ठमात्र' વગેરે. પોતાની અભિવ્યક્તિના સ્થાન હૃદયાકાશના પરિમાણની અપેક્ષાએ આ અંગૂષ્ઠમાત્ર છે, પૂર્ણ અથવા શરીરરૂપ પુર(નગર)માં શયન કરવાને કારણે પુરુષ છે, અંતરાત્મા અર્થાત્ સર્વના અંતરાત્માસ્વરૂપથી રહેલાં છે. સર્વદા જીવોના હૃદયમાં રહેલાં છે, હૃદયસ્થિત મન દ્વારા સુરક્ષિત છે અને મન્વીશ-જ્ઞાનાધ્યક્ષ છે. જે આને જાણે છે તે અમર થઈ જાય છે. (૧૩)

◆

पुरुषोऽन्तरात्मेत्युक्तं पुनरपि सर्वात्मानं दर्शयति-सर्वस्य तावन्मात्रत्वप्रदर्शनार्थम् । उक्तं च-''अध्यारोपापवादाभ्यां निष्प्रपञ्चं प्रपञ्चयते'' इति ।

તે પરમેશ્વર પુરુષ તેમજ અંતરાત્મા છે. આ કહેવામાં આવ્યું, હવે સર્વની તદ્રુપતા પ્રદર્શિત કરવાને માટે શ્રુતિ ફરીથી પણ તેનો સર્વાત્મભાવ બતાવે છે. કહ્યું પણ છે. "અધ્યારોપ અને અપવાદ દ્વારા નિષ્પ્રપંચને પ્રપંચિત કરી શકાય છે." વગેરે.

सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात् ।
स भूमिं विश्वतो वृत्वात्यतिष्ठद्दशाङ्गुलम् ॥ १४ ॥

અન્વય અને શબ્દાર્થ :- पुरुषः-એ પુરુષ (પરમાત્મા) सहस्रशीर्षा-હજારો મસ્તકવાળો, सहस्राक्षः-હજારો આંખોવાળો, सहस्रपात्-હજારો પગવાળો सः-તે भूमिम्-સમગ્ર ભૂમિને विश्वतः-બધી બાજુએથી वृत्वा-ઘેરીને दशाङ्गुलम्-દશ આંગળ अति अतिष्ठत्-અદકો રહેલો છે (અથવા દશ આંગળ નાભિથી ઉપર હૃદયમાં રહેલો છે એવો બીજો અર્થ પણ શંકરાચાર્ય આપે છે.) (૧૪)

અનુવાદ :- એ પુરુષ (પરમાત્મા) હજારો મસ્તકવાળો, હજારો આંખોવાળો, હજારો પગવાળો તે સમગ્ર ભૂમિને બધી બાજુએથી ઘેરીને દશ આંગળ અદકો રહેલો છે. (અથવા દશ આંગળ નાભિથી ઉપર હૃદયમાં રહેલો છે એવો બીજો અર્થ પણ શંકરાચાર્ય આપે છે.) (૧૪)

शाङ्करभाष्यम् :- सहस्राण्यनन्तानि शीर्षाण्यस्येति सहस्रशीर्षा । पुरुषः पूर्णः । एवमुत्तरत्र योजनीयम् । स भूमिं भुवनं सर्वतोऽन्तर्बहिश्च वृत्वा व्याप्यात्यतिष्ठदतीत्य भुवनं समधितिष्ठति । दशाङ्गुलमनन्तमपारमित्यर्थः । अथवा नाभेरुपरि दशाङ्गुलं हृदयं तत्राधितिष्ठति ॥ १४ ॥

તેના સહસ્ર અર્થાત્ અનંત શિર છે એટલા માટે આ સહસ્રશિરવાળા છે. પુરુષ અર્થાત્ પૂર્ણ છે. આવી રીતે પછીના વિશેષણોનો પણ અર્થ કરી લેવો જોઈએ. તે ભૂમિ અર્થાત્ સંસારને સર્વતઃ-બહાર અને અંદરથી-વ્યાપ્ત કરીને સંસારનું પણ અતિક્રમણ કરીને રહેલાં છે. દશાંગુલ અર્થાત્ અનંત-અપાર રૂપથી, અથવા નાભિથી ઉપર જે દશ આંગળ પરિમાણવાળું હૃદય છે તેમાં રહેલાં છે. (૧૪)

◆

ननु सर्वात्मत्वे सप्रपञ्चं ब्रह्म स्यात्तद्व्यतिरेकेणाभावादित्याह –

પરંતુ સર્વાત્મક હોવાથી તો બ્રહ્મ સપ્રપંચ (સવિશેષ) સિદ્ધ થશે, કારણ કે તેનાથી અતિરિક્ત પ્રપંચની સત્તા જ નથી. આના ઉપર શ્રુતિ કહે છે –



पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भव्यम् ।
उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति ॥ १५ ॥

અન્વય અને શબ્દાર્થ :- यत्-જે भूतम्-પહેલાં થઈ ગયું છે, यत्-જે भव्यम्-ભવિષ્યમાં થનારું છે च-અને यत्-જે अन्नेन-ખાદ્ય પદાર્થોથી अतिरोहति-વૃદ્ધિ પામી રહ્યું છે इदम्-આ सवम्-સઘળું पुरुषः एव-પરમ પુરુષ (પરમાત્મા) જ છે. उत-વળી એ अमृतत्वस्य-અમૃતસ્વરૂપ મોક્ષના ईशानः-સ્વામી છે. (૧૫)

અનુવાદ :- જે પહેલાં થઈ ગયું છે, જે ભવિષ્યમાં થનારું છે અને જે ખાદ્ય પદાર્થોથી વૃદ્ધિ પામી રહ્યું છે આ સઘળું પરમ પુરુષ (પરમાત્મા) જ છે. વળી એ અમૃતસ્વરૂપ મોક્ષના સ્વામી છે. (૧૫)

शाङ्करभाष्यम् :- पुरुष एवेदमिति । पुरुष एवेदं सर्वं यदन्नेनातिरोहति यदिदं दृश्यते वर्तमानं यद्भूतं यच्च भव्यं भविष्यत् । किञ्च-उतामृतत्वस्येशानोऽमरणधर्मत्वस्य कैवल्यस्येशानः । यच्चान्नेनातिरोहति यद्वर्तते तस्येशानः ॥ १५ ॥

શાંકરભાષ્ય :- 'पुरुष एवेदम्.' વગેરે. આ જે અન્નથી વધે છે તથા આ જે વર્તમાન દેખાય છે તથા જે કાંઈ ભૂત અને ભવિષ્ય છે તે સર્વ પુરુષ જ છે. તેના સિવાય, તે અમૃતત્ત્વનો ઈશ્વર છે અર્થાત્ અમરણધર્મત્વ એટલે કૈવલ્યપદનો પણ પ્રભુ છે. તથા જે અન્નથી વૃદ્ધિ પામે છે, જે વિદ્યમાન છે તેનો આ સ્વામી છે. (૧૫)

❖

पुनरपि निर्विशेषं प्रतिपादयितुं दर्शयति –

તો પણ તેને નિર્વિશેષ પ્રતિપાદન કરવાને માટે શ્રુતિ દર્શાવે છે –

सर्वतःपाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ १६ ॥

અન્વય અને શબ્દાર્થ :- तत्-એ (પરમ પુરુષ પરમાત્મા) सर्वतः-બધી બાજુએ पाणिपादम्-હાથ અને પગવાળા છે सर्वतः-સઘળી બાજુએ अक्षिशिरोमुखम्-આંખ, મસ્તક અને મુખવાળા છે. सर्वतः-બધી બાજુએ श्रुतिमत्-કાનવાળા અને लोके-લોકમાં सर्वम्-સઘળું आवृत्य-વ્યાપીને तिष्ठति-રહેલાં છે. (૧૬)

અનુવાદ :- એ (પરમ પુરુષ પરમાત્મા) બધી બાજુએ હાથ અને પગવાળા છે સઘળી બાજુએ આંખ, મસ્તક અને મુખવાળા છે. બધી બાજુએ કાનવાળા અને લોકમાં સઘળું વ્યાપીને રહેલાં છે. (૧૬)

शाङ्करभाष्यम् :- सर्वत इति । सर्वतः पाणयः पादाश्चेति सर्वतःपाणिपादं तत् । सर्वतोऽक्षीणि शिरांसि मुखानि च यस्य तत्सर्वतोऽक्षिशिरोमुखम् । सर्वतः श्रुतिः श्रवणमस्येति श्रुतिमत् । लोके प्राणिनिकाये सर्वमावृत्य संव्याप्य तिष्ठति ॥ १६ ॥

શાંકરભાષ્ય :- 'सर्वतः' વગેરે. તેના સર્વ બાજુએ હાથ-પગ છે માટે તે સર્વતઃ-પાણિપાદ હાથપગ છે, તથા સર્વબાજુએ આંખ, શિર અને મુખ છે માટે સર્વતોક્ષિશિરોમુખ છે. તેના સર્વ બાજુએ શ્રુતિ-કાન છે એટલા માટે તે સર્વતઃ શ્રુતિમાન્ છે. તથા તે લોકમાં અર્થાત્ પ્રાણીસમૂહને આવૃત-સારી રીતે વ્યાપ્ત કરીને રહેલ છે. (૧૬)

❖

उपाधिभूतपाणिपादादीन्द्रियाध्यारोपणाज्ज्ञेयस्य तद्वत्ताशङ्का मा भूदित्येवमर्थमुत्तरतो मन्त्रः –

ઉપાધિભૂત પાણિપાદાદિના અધ્યારોપથી એવી આશંકા ન થઈ જાય કે જ્ઞેય (બ્રહ્મ) તેનાથી યુક્ત છે આ પ્રયોજનથી આગળનો મંત્ર છે –

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
सर्वस्य प्रभुमीशानं सर्वस्य शरणं बृहत् ॥ १७ ॥

અન્વય અને શબ્દાર્થ :- सर्वेन्द्रियगुणाभासम्-(તે પરમાત્મા) સઘળી ઈન્દ્રિયોના ગુણો(વિષયો)ને પ્રકાશિત

કરનાર છે. (છતાં) सर्वेन्द्रियविवर्जितम्-સઘળી ઈન્દ્રિયોથી રહિત છે. વળી सर्वस्य-સહુના प्रभुम्-સ્વામી सर्वस्य-સહુના ईशानम्-શાસક અને बृहत्-મહાન शरणम्-આશ્રયરૂપ છે. (૧૭)

અનુવાદ :- (તે પરમાત્મા) સઘળી ઈન્દ્રિયોના ગુણો(વિષયો)ને પ્રકાશિત કરનાર છે. (છતાં) સઘળી ઈન્દ્રિયોથી રહિત છે. વળી સહુના સ્વામી સહુના શાસક અને મહાન આશ્રયરૂપ છે. (૧૭)

शाङ्करभाष्यम् :- सर्वेन्द्रियेति । सर्वाणि च तानीन्द्रियाणि श्रोत्रादीनीन्द्रियाण्यन्तःकरणपर्यन्तानि सर्वेन्द्रियग्रहणेन गृह्यन्ते । अन्तःकरणबहिष्करणोपाधिभूतः सर्वेन्द्रियगुणैरध्यवसायसंकल्पश्रवणादिभिर्गुणवदाभासत इति सर्वेन्द्रियगुणाभासम् । सर्वेन्द्रियैर्व्यापृतमिव तज्ज्ञेयमित्यर्थः । "**ध्यायतीव लेलायतीव**" (बृ.उप. ४-३-७) इति श्रुतेः । कस्मात्पुनः कारणात्तद्व्यापृतमिवेति गृह्यते ? इत्याह-'सर्वेन्द्रियविवर्जितम्' सर्वकरणरहितमित्यर्थः । अतो न च करणव्यापारैर्व्यापृतं तज्ज्ञेयम् । सर्वस्य जगतः प्रभुमीशानम् । सर्वस्य शरणं परायणं बृहत्कारणं च ॥ १७ ॥

શાંકરભાષ્ય :- 'सर्वेन्द्रिय' વગેરે. શ્રોત્રાદિ ઈન્દ્રિયોથી લઈને અંતઃકરણ પર્યંત જે સમસ્ત ઈન્દ્રિયો છે તે સર્વેન્દ્રિયપદના ગ્રહણથી ગૃહીત થાય છે. અંતઃકરણ અને બાહ્યકરણ જેની ઉપાધિ છે તે પરમાત્મા તે સમસ્ત ઈન્દ્રિયોના અધ્યવસાન, સંકલ્પ તેમજ શ્રવણાદિ ગુણોથી ગુણવાન જેવા ભાસે છે. એટલા માટે તે સર્વેન્દ્રિય-ગુણાભાસ છે. તાત્પર્ય એ છે કે તેને સમસ્ત ઈન્દ્રિયથી વ્યાપારયુક્ત - જેવો જાણવો જોઈએ. જેમ કે "**ધ્યાન કરતા જેવો, ચેષ્ટા કરતાં જેવો.**" (બૃ.ઉપ. ૪-૩-૭) વગેરે શ્રુતિથી જ્ઞાત થાય છે. પરંતુ તે કયા કારણથી વ્યાપારયુક્ત - જેવો ગ્રહણ કરી શકાય છે. (વાસ્તવમાં વ્યાપાર કરે છે - એવું કેમ માનવામાં નથી આવતું ?) આ ઉપર શ્રુતિ કહે છે. 'सर्वेन्द्रियविवर्जितम्' અર્થાત્ તે સમસ્ત ઈન્દ્રિયોથી રહિત છે. માટે તેને ઈન્દ્રિયોના વ્યાપારથી વહેપાર કરનારો જાણવો જોઈએ નહીં. તે સમસ્ત જગતના પ્રભુ અને શાસક છે તથા સર્વનું શરણ-આશ્રય અને બૃહત્-કારણ છે. (૧૭)

⁂

किञ्च – तथा –

नवद्वारे पुरे देही हंसो लेलायते बहिः ।
वशी सर्वस्य लोकस्य स्थावरस्य चरस्य च ॥ १८ ॥

અન્વય અને શબ્દાર્થ :- सर्वस्य-સઘળા स्थावरस्य-સ્થાવર એટલે અચલ च-અને चरस्य-જંગમ-હાલતા ચાલતા लोकस्य-લોકને वशी-વશમાં રાખનારા, हंसः-હંસસ્વરૂપ પરમેશ્વર नवद्वारे-નવ દ્વારોવાળા पुरे-(શરીરરૂપી) નગરમાં देही-આત્મારૂપે રહેલા છે અને बहिः-બાહ્ય જગતમાં (પણ) लेलायते-લીલા કરે છે. (૧૮)

અનુવાદ :- સઘળા સ્થાવર એટલે અચલ અને જંગમ-હાલતા ચાલતા લોકને વશમાં રાખનારા, હંસસ્વરૂપ પરમેશ્વર નવ દ્વારોવાળા (શરીરરૂપી) નગરમાં આત્મારૂપે રહેલા છે અને બાહ્ય જગતમાં (પણ) લીલા કરે છે. (૧૮)

शाङ्करभाष्यम् :- नवद्वार इति । नवद्वारे शिरसि सप्तद्वाराणि द्वे अवाची पुरे देही विज्ञानात्मा भूत्वा कार्यकरणोपाधिः सन्हंसः परमात्मा हन्त्यविद्यात्मकं कार्यमिति, लेलायते चलति बहिर्विषयग्रहणाय । वशी सर्वस्य लोकस्य स्थावरस्य चरस्य च ॥ १८ ॥

શાંકરભાષ્ય :- 'नवद्वारे' વગેરે. (બે આંખ, બે નાક, બે કાન અને એક મુખ - આ) સાત માથાના અને (ગુદા તેમજ લિંગ) બે નિમ્નભાગના આ પ્રકારે નવ દ્વારોવાળા શરીરમાં દેહી-વિજ્ઞાનાત્મા એટલે ભૂત અને ઈન્દ્રિયરૂપ ઉપાધિવાળા થઈને આ હંસ-પરમાત્મા બાહ્ય વિષયોને ગ્રહણ કરવાને માટે ચેષ્ટા કરતા - ચાલે છે. આ અવિદ્યાજનિત કાર્યનું હનન કરે છે. એટલા માટે હંસ છે. તથા આ સ્થાવર-જંગમ સમસ્ત લોકના વશી (સ્વામી) છે. (૧૮)

⁂

एवं तावत्सर्वात्मकं ब्रह्म प्रतिपादितम् । इदानीं निर्विकारानन्दस्वरूपेणानुदितानस्तमितज्ञानात्मनावस्थितं परमात्मानं दर्शयितुमाह –



આ પ્રકારે અહીં સુધી બ્રહ્મનું સર્વાત્મક ભાવથી પ્રતિપાદન કરવામાં આવ્યું. હવે પોતાના નિર્વિકાર ચિદાનંદ સ્વરૂપથી તથા કદી ઉદય તેમજ અસ્ત ન થનાર જ્ઞાનસ્વરૂપથી રહેલાં પરમાત્માને પ્રદર્શિત કરવાને માટે (શ્રુતિ) કહે છે –

अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ।
स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥ १९ ॥

અન્વય અને શબ્દાર્થ :- सः-એ પરમાત્મા अपाणिपादः-હાથ અને પગ વિનાના (છતાં) ग्रहीता-(બધી વસ્તુઓનું) ગ્રહણ કરનારા છે. जवनः-વેગપૂર્વક બધે જનારા, अचक्षुः-આંખ વિનાના હોવા છતાં पश्यति-જુએ છે. अकर्णः-કાન વિનાના હોવા છતાં शृणोति-સાંભળે છે. सः-એ वेद्यम्-જાણવા યોગ્ય (સઘળું) वेत्ति-જાણે છે च-પણ तस्यवेत्ता-તે પરમેશ્વરને જાણનારો न अस्ति-કોઈ નથી. तम्-તેને (જ્ઞાની પુરુષો) महान्तम्-મહાન अग्र्यम्-આદિ पुरुषम्-પુરુષ आहुः-કહે છે. (૧૯)

અનુવાદ :- એ પરમાત્મા હાથ અને પગ વિનાના (છતાં) (બધી વસ્તુઓનું) ગ્રહણ કરનારા છે. વેગપૂર્વક બધે જનારા, આંખ વિનાના હોવા છતાં જુએ છે. કાન વિનાના હોવા છતાં સાંભળે છે. એ જાણવા યોગ્ય (સઘળું) જાણે છે પણ તે પરમેશ્વરને જાણનારો કોઈ નથી. તેને (જ્ઞાની પુરુષો) મહાન આદિ પુરુષ કહે છે. (૧૯)

शाङ्करभाष्यम् :- अपाणिपाद इति । नास्य पाणिपादावित्यपाणिपादः । जवनो दूरगामी । ग्रहीता पाण्यभावेऽपि सर्वग्राही । पश्यति सर्वमचक्षुरपि सन् । शृणोत्यकर्णोऽपि । स वेत्ति वेद्यं सर्वज्ञत्वादमनस्कोऽपि । न च तस्यास्ति वेत्ता **''नान्योऽतोऽस्ति द्रष्टा''** (बृ.उप. ३-७-२३) इति श्रुतेः । तमाहुरग्र्यं प्रथमं सर्वकारणत्वात्पुरुषं पूर्णं महान्तम् ॥ १९ ॥

શાંકરભાષ્ય :- 'अपाणिपादः' વગેરે, તેના હાથ અને પગ નથી, એટલા માટે આ અપાણિપાદ છે. (પગ ન હોવા છતાં પણ) જવન એટલે દૂરગામી છે, અને ગ્રહીતા-હાથ ન હોવા છતાં પણ સર્વને ગ્રહણ કરાવનાર છે. આ નેત્રહીન હોવા છતાં પણ સર્વને જોવે છે. કર્ણહીન હોવા છતાં પણ સાંભળે છે અને અમનસ્ક હોવા છતાં પણ સર્વજ્ઞ હોવાને કારણે વેદ્યવર્ગને જાણે છે, જેમ કે **"આનાથી ભિન્ન કોઈ દ્દષ્ટા નથી."** (બૃ.ઉપ. ૩-૭-૨૩) આ શ્રુતિથી સિદ્ધ થાય છે. આને (ઋષિઓએ) સર્વનું કારણ હોવાથી અગ્ર-પ્રથમ અને પુરુષ-પૂર્ણ તેમજ મહાન કહ્યો છે. (૧૯)

◆

किञ्च – તથા –

अणोरणीयान्महतो महीयानात्मा गुहायां निहितोऽस्य जन्तोः ।
तमक्रतुं पश्यति वीतशोको धातुः प्रसादान्महिमानमीशम् ॥ २० ॥

અન્વય અને શબ્દાર્થ :- अणोः-અણુથી પણ अणीयान्-અત્યંત અણુ (સૂક્ષ્મથી પણ અત્યતં સૂક્ષ્મ) અને महतः-મહાનથી પણ महीयान्-અત્યંત મહાન (મોટાથી પણ ઘણા મોટા) એ आत्मा-પરમાત્મા अस्य-આ जन्तोः-જીવની गुहायाम्-હૃદયરૂપી ગુફામાં निहितः-છુપાયેલો છે. धातुः-સર્વસર્જક પરમેશ્વરની प्रसादात्-કૃપાથી (જે સાધક) तम्-તે अक्रतुम्-સંકલ્પરહિત ईशम्-ઈશ્વરને અને महिमानम्-એના મહિમાને पश्यति-જોઈ લે છે તે वीतशोकः-શોકરહિત (બની જાય છે). (૨૦)

અનુવાદ :- અણુથી પણ અત્યંત અણુ (સૂક્ષ્મથી પણ અત્યતં સૂક્ષ્મ) અને મહાનથી પણ અત્યંત મહાન (મોટાથી પણ ઘણા મોટા) એ પરમાત્મા આ જીવની હૃદયરૂપી ગુફામાં છુપાયેલો છે. સર્વસર્જક પરમેશ્વરની કૃપાથી (જે સાધક) તે સંકલ્પરહિત ઈશ્વરને અને એના મહિમાને જોઈ લે છે તે શોકરહિત (બની જાય છે). (૨૦)

शाङ्करभाष्यम् :- अणोरणीयानिति । अणोः सूक्ष्मादप्यणीयानणुतरः । महतो महत्त्वपरिमाणान्महीयान्महत्तरः । स चात्मास्य जन्तोर्ब्रह्मादिस्तम्बपर्यन्तस्य प्राणिजातस्य गुहायां हृदये निहित आत्मभूतः स्थित इत्यर्थः । तमात्मानमक्रतुं विषयभोगसङ्कल्परहितमात्मनो महिमानं कर्मनिमित्तवृद्धिक्षयरहितमीशं पश्यत्ययमहमस्मीति साक्षाज्जानाति यः स वीतशोको भवति । केन तर्ह्यसौ पश्यति ? धातुरीश्वरस्य प्रसादात् । प्रसन्ने हि परमेश्वरे तद्याथात्म्यज्ञानमुत्पद्यते । अथवेन्द्रियाणि धातवः शरीरस्य धारणात्तेषां प्रसादाद्विषयदोषदर्शनमलाद्यपनयनात् । अन्यथा दुर्विज्ञेय आत्मा कामिभिः प्राकृतपुरुषैः ॥ २० ॥

શાંકરભાષ્ય :- 'अणोरणीयान्' વગેરે. અણુ અર્થાત્ સૂક્ષ્મથી પણ સૂક્ષ્મતર, મહત્ (આકાશાદિ) મહત્ત્વયુક્ત પરિમાણોથી પણ મહત્તર - એવો જે આત્મા છે તે આ જીવના અર્થાત્ બ્રહ્માથી માંડીને સ્તમ્બ પર્યન્ત સર્વ પ્રાણીઓના ગુહા-ગુફા-હૃદયમાં રહેલો છે, અર્થાત્ તેમનું સ્વરૂપ બનીને રહેલો છે. જે પુરુષ અક્રતુ-વિષય-ભોગના સંકલ્પથી રહિત, પોતાના જ મહિમાન્વિત સ્વરૂપ અને કર્મના કારણે થનાર વૃદ્ધિ તેમજ ક્ષયથી રહિત ઈશ્વરરૂપ તે આત્માને જોવે છે, અર્થાત્ "આ હું છું" આ પ્રકારે સાક્ષાત્ જાણે છે, તે શોકરહિત થઈ જાય છે, પરંતુ આ કોની સહાયતાથી જોવે છે ? (આની ઉપર કહે છે) વિધાતા એટલે ઈશ્વરની કૃપાથી, કારણ કે ઈશ્વરના પ્રસન્ન થવાથી જ તેના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થાય છે. અથવા શરીરને ધારણ કરવાને કારણે ઈન્દ્રિયો જ ધાતુ છે, તેના પ્રસાદ એટલે વિષયોમાં દોષદર્શન દ્વારા મળાદિની નિવૃત્તિ થવાથી તેને જોવે છે, અન્યથા સકામ પ્રાકૃત પુરુષોને માટે તો આત્મા દુર્વિજ્ઞેય જ છે. (૨૦)

❖

उक्तमर्थं द्रढयितुं मन्त्रदृगनुभवं दर्शयति –
ઉપર્યુક્ત અર્થને પુષ્ટ કરવાને માટે (શ્રુતિ) મંત્રદ્રષ્ટાનો અનુભવ બતાવે છે –

वेदाहमेतमजरं पुराणं सर्वात्मानं सर्वगतं विभुत्वात् ।
जन्मनिरोधं प्रवदन्ति यस्य ब्रह्मवादिनो हि प्रवदन्ति नित्यम् ॥ २१ ॥

અન્વય અને શબ્દાર્થ :- ब्रह्मवादिनः-બ્રહ્મવાદીઓ यस्य-જેના जन्मनिरोधम्-જન્મના અભાવને प्रवदन्ति-દર્શાવે છે તેને नित्यम्-નિત્ય છે એમ प्रवदन्ति-કહે છે एतम्-એ विभुत्वात्-વ્યાપક હોવાથી सर्वगतम्-સર્વત્ર રહેલ, सर्वात्मानम्-સહુના આત્મા, अजरम्-જરા વિનાના, पुराणम्-પ્રાચીન પરમેશ્વરને अहम्-હું वेद-જાણું છું. (૨૧)

અનુવાદ :- બ્રહ્મવાદીઓ જેના જન્મના અભાવને દર્શાવે છે તેને નિત્ય છે એમ કહે છે એ વ્યાપક હોવાથી સર્વત્ર રહેલ, સહુના આત્મા, જરા વિનાના, પ્રાચીન પરમેશ્વરને હું જાણું છું. (૨૧)

शाङ्करभाष्यम् :- वेदाहमेतमिति । वेद जानेऽहमेतमजरं विपरिणामधर्मवर्जितं पुराणं पुरातनं सर्वात्मानं सर्वेषामात्मभूतं सर्वगतं विभुत्वादाकाशवद्व्यापकत्वात् । यस्य च जन्मनिरोधमुत्पत्त्यभावं प्रवदन्ति ब्रह्मवादिनो हि नित्यम् । स्पष्टोऽर्थः ॥ २१ ॥

શાંકરભાષ્ય :- 'वेदाहमेतम्' વગેરે. આ અજર અર્થાત્ વિપરિણામ ધર્મશૂન્ય અને પુરાણ-પુરાતન સર્વાત્માને સર્વના સ્વરૂપભૂતને, જે વિભુ-આકાશ સમાન વ્યાપક હોવાને કારણે સર્વગત છે તથા બ્રહ્મવેત્તા લોકો જેના જન્મનો અભાવ નિત્ય બતાવે છે, તેને હું જાણું છું. (બાકીનો) અર્થ સ્પષ્ટ છે. (૨૧)

❖

चतुर्थ अध्याय

गहनत्वादस्यार्थस्य भूयो भूयो वक्तव्य इति चतुर्थोऽध्याय आरभ्यते –
(પ્રસ્તુત) વિષય ગંભીર હોવાને કારણે તેનું ફરી ફરી નિરૂપણ કરવું આવશ્યક છે, એટલા માટે હવે ચોથો અધ્યાય આરંભ કરવામાં આવે છે –

य एकोऽवर्णो बहुधा शक्तियोगाद्वर्णाननेकान्निहितार्थो दधाति ।
वि चैति चान्ते विश्वमादौ स देवः स नो बुद्ध्या शुभया संयुनक्तु ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- यः-જે अवर्णः-રંગરહિત निहितार्थः-ગૂઢ પ્રયોજનવાળા, बहुधा-અનેક પ્રકારની शक्तियोगात्-શક્તિના સંયોગથી आदौ-સૃષ્ટિના આરંભમાં अनेकान्-અનેક वर्णान्-રંગોને दधाति-ધારણ કરે છે च-અને अन्ते-અંતમાં विश्वम्-આ જગત व्येति-જેમાં લીન થઈ જાય છે सः-તે एकः-અદ્વિતીય देवः-પરમાત્મા नः-અમને शुभया-શુભ बुद्ध्या-બુદ્ધિની સાથે युनक्तु-જોડી દે. (૧)



અનુવાદ :- જે રંગરહિત ગૂઢ પ્રયોજનવાળા, અનેક પ્રકારની શક્તિના સંયોગથી સૃષ્ટિના આરંભમાં અનેક રંગોને ધારણ કરે છે અને અંતમાં આ જગત જેમાં લીન થઈ જાય છે તે અદ્વિતીય પરમાત્મા અમને શુભ બુદ્ધિની સાથે જોડી દે. (૧)

शाङ्करभाष्यम् :- य एक इति । य एकोऽद्वितीयः परमात्मावर्णो जात्यादिरहितो निर्विशेष इत्यर्थः । बहुधा नानाशक्तियोगाद्वर्णाननेकान्निहितार्थोऽगृहीतप्रयोजनः स्वार्थनिरपेक्ष इत्यर्थः । दधाति विदधात्यादौ । वि चैति व्येति चान्ते प्रलयकाले । चशब्दान्मध्येऽपि यस्मिन्विश्वं स देवो द्योतनस्वभावो विज्ञानैकरस इत्यर्थः । स नोऽस्माञ्शुभया बुद्ध्या संयुनक्तु संयोजयतु ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'य एको' વગેરે. જે પરમાત્મા સૃષ્ટિના આરંભમાં એક-અદ્વિતીય અને અવર્ણ-જાતિ વગેરેથી રહિત અર્થાત્ નિર્વિશેષ હોવાથી પણ શક્તિના યોગથી નિહિતાર્થ - કોઈ પ્રયોજન ન લઈને અર્થાત્ સ્વાર્થની અપેક્ષા કર્યા વિના બહુધા-વિવિધ પ્રકારના અનેક વર્ણ (વિશેષરૂપ) ધારણ કરે છે તથા અંતમાં-પ્રલયકાળમાં જેમાં વિશ્વ લીન થઈ જાય છે. 'चान्ते' ના 'च' શબ્દથી આ તાત્પર્ય છે કે મધ્યમાં પણ જેમાં વિશ્વ રહેલું છે તે દેવ પ્રકાશસ્વરૂપ અર્થાત્ વિજ્ઞાનૈકરસ પરમાત્મા અમને શુભ બુદ્ધિથી સંયુક્ત કરો. (૧)

❖

यस्मात्स एव स्रष्टा तस्मिन्नेव लयस्तस्मात्स एव सर्वं न ततो विभक्तमस्तीत्याह मन्त्रत्रयेण –

કારણ કે તે જગતના રચયિતા છે અને તેનામાં તેનો લય થાય છે માટે તે સર્વરૂપ છે, તેનાથી ભિન્ન કાંઈ પણ નથી - આ વાત આગળના ત્રણ મંત્રોમાં કહેવામાં આવે છે –

तदेवाग्निस्तदादित्यस्तद्वायुस्तदु चन्द्रमाः ।
तदेव शुक्रं तद्ब्रह्म तदापस्तत्प्रजापतिः ॥ २ ॥

અન્વય અને શબ્દાર્થ :- तत्-તે (પરમાત્મા) एव-જ अग्निः-અગ્નિ છે, तत्-તે आदित्य-સૂર્ય છે, तत्-તે वायुः-વાયુ છે उ-અને तत्-તે चन्द्रमाः-ચંદ્રમા છે. तत्-તે शुक्रम्-શુદ્ધ (નક્ષત્ર વગેરે પદાર્થો છે), तत्-તે आपः-જળ છે, तत्-તે प्रजापतिः-પ્રજાપતિ (બ્રહ્મા) છે અને तत्-તે एव-જ ब्रह्म-બ્રહ્મ છે. (૨)

અનુવાદ :- તે (પરમાત્મા) જ અગ્નિ છે, તે જ સૂર્ય છે, તે જ વાયુ છે અને તે જ ચંદ્રમા છે. તે જ શુદ્ધ (નક્ષત્ર વગેરે પદાર્થો છે), તે જ જળ છે, તે જ પ્રજાપતિ (બ્રહ્મા) છે, તે જ બ્રહ્મ છે. (૨)

शाङ्करभाष्यम् :- तदेवति । तदेवात्मतत्त्वमग्निः । तदादित्यः । एवशब्दः सर्वत्र संबध्यत तदेव शुक्रमिति दर्शनात् । शेषमृजु । तदेव शुक्रं शुद्धमन्यदपि दीप्तिमन्नक्षत्रादि । तद्ब्रह्म हिरण्यगर्भात्मा तदापः स प्रजापतिर्विराडात्मा ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'तदेवाग्निः' વગેરે. તે આત્મતત્ત્વ જ અગ્નિ છે, તે સૂર્ય છે. આગળ 'तदेव शुक्रम्' એવા જોવામાં આવે છે. એટલા માટે 'एव' શબ્દનો સર્વની સાથે સંબંધ છે. બાકીનો અર્થ સરળ છે. તે શુક્ર એટલે કે શુદ્ધ છે તથા બીજા પણ જે દીપ્તિશાળી નક્ષત્રાદિ પદાર્થ છે તે પણ તેજ છે, તથા તે બ્રહ્મ-હિરણ્યગર્ભ સ્વરૂપ છે, તે જળ છે અને તે વિરાટરૂપ પ્રજાપતિ છે. (૨)

❖

त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उत वा कुमारी ।
त्वं जीर्णो दण्डेन वञ्चसि त्वं जातो भवसि विश्वतोमुखः ॥ ३ ॥

અન્વય અને શબ્દાર્થ :- त्वम्-તું स्त्री-સ્ત્રી છું, त्वम्-તું पुमान्-પુરુષ છું, त्वम्-તું कुमारः-કુમાર उत वा-અથવા कुमारी-કુમારી असि-છું, त्वम्-તું जीर्णः-ઘરડો બની दण्डेन-લાકડીના સહારે वञ्चसि-ચાલે છે, त्वम्-તું जातः-પ્રગટ થઈ विश्वतोमुखः-બધી બાજુએ મુખવાળો भवसि-બને છે. (૩)

અનુવાદ :- તું સ્ત્રી છું, તું પુરુષ છું, તું કુમાર અથવા કુમારી છું, તું ઘરડો બની લાકડીના સહારે ચાલે છે, તું પ્રગટ થઈ બધી બાજુએ મુખવાળો બને છે. (૩)

शाङ्करभाष्यम् :- स्पष्टो मन्त्रार्थः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- આ મંત્રનો અર્થ સ્પષ્ટ છે. (૩)

⁂

नीलः पतङ्गो हरितो लोहिताक्षस्तडिद्गर्भ ऋतवः समुद्राः ।
अनादिमत्त्वं विभुत्वेन वर्तसे यतो जातानि भुवनानि विश्वा ॥ ४ ॥

અન્વય અને શબ્દાર્થ :- (તું જ) नीलः-નીલવર્ણનું पतङ्गः-પતંગિયું છે. हरेः-લીલા રંગનું અને लोहिताक्षः-લાલ આંખવાળું (પક્ષી તું જ છે). तडिद्गर्भः-વીજળી જેની અંદર છે તે વાદળ ऋतवः-(વસંત વગેરે) ઋતુઓ (અને) समुद्राः-સાગરો (તું છે) यतः-કારણ કે તારાથી विश्वा-સંપૂર્ણ भुवनानि-લોકો जातानि-ઉત્પન્ન થયા છે. त्वम्-તું જ अनादिमत्-અનાદિ અને विभुत्वेन-વ્યાપક સ્વરૂપે वर्तसे-રહે છે. (૪)

અનુવાદ :- (તું જ) નીલવર્ણનું પતંગિયું છે. લીલા રંગનું અને લાલ આંખવાળું (પક્ષી તું જ છે). વીજળી જેની અંદર છે તે વાદળ (વસંત વગેરે) ઋતુઓ (અને) સાગરો (તું છે) કારણ કે તારાથી સંપૂર્ણ લોકો ઉત્પન્ન થયા છે. તું જ અનાદિ અને વ્યાપક સ્વરૂપે રહે છે. (૪)

शाङ्करभाष्यम् :- नील इति । त्वमेवेति सर्वत्र संबध्यते । त्वमेव नीलः पतङ्गो भ्रमरः, पतनाद्गच्छतीति पतङ्गः । हरितो लोहिताक्षः शुकादिनिकृष्टाः प्राणिनस्त्वमेवेत्यर्थः । तडिद्गर्भो मेघ ऋतवः समुद्राः । यस्मात्त्वमेव सर्वस्यात्मभूतस्तस्मादनादिस्त्वमेव त्वमेवाद्यन्तशून्यः, विभुत्वेन व्यापकत्वेन यतो जातानि भुवनानि विश्वानि ॥ ४ ॥

શાંકરભાષ્ય :- 'नीलः' વગેરે. અહીં 'त्वमेव' (તું જ) આ પદનો બધાની સાથે સંબંધ છે. તું જ નીલવર્ણ પતંગ-ભ્રમર છે. નીચે પડતાં પડતાં ચાલતો હોવાથી ભ્રમરને પતંગ કહે છે. તું જ હરિત લોહિતાક્ષ છે, અર્થાત્ શુકાદિ નિકૃષ્ટ પ્રાણીવર્ગ પણ તું જ છે. તું જ વીજળી જેની અંદર છે એવો મેઘ, ઋતુ તેમજ સમુદ્રો છે. આ પ્રકારે કારણ કે તું જ સર્વનો આત્મા છે એટલા માટે તું અનાદિ છે. તારો આદિ અને અંત નથી, જેનાથી તે વિભુ અર્થાત્ વ્યાપક હોવાને કારણે, સંપૂર્ણ ભુવન ઉત્પન્ન થયાં છે. (૪)

⁂

इदानीं तेजोऽबन्नलक्षणां प्रकृतिं छान्दोग्योपनिषत्प्रसिद्धामजारूपकल्पनया दर्शयति –

હવે છાંદોગ્યોપનિષદ્‌માં પ્રસિદ્ધ તેજ, જળ અને અન્નરૂપા પ્રકૃતિને (શ્રુતિ) અજા (બકરી) રૂપની કલ્પિતથી બતાવે છે –

अजामेकां लोहितशुक्लकृष्णां बह्वीः प्रजाः सृजमानां सरूपाः ।
अजो ह्येको जुषमाणोऽनुशेते जहात्येनां भुक्तभोगामजोऽन्यः ॥ ५ ॥

અન્વય અને શબ્દાર્થ :- सरूपाः-પોતાની જેવી (ત્રણ ગુણોથી યુક્ત) बह्वीः-અનેક પ્રકારની प्रजाः-પ્રજાનું सृजमानाम्-સર્જન કરનારી અને लोहितशुक्लकृष्णाम्-લાલ, સફેદ અને શ્યામ વર્ણની (એટલે રજ, સત્ત્વ અને તમોગુણવાળી) एकाम्-એક अजाम्-અજન્મા(એવી પ્રકૃતિ)ને एकः-એક अजः-અજન્મા (જીવ) जुषमाणः-આસક્ત બની अनुशेते-ભોગવે છે અને अन्यः-બીજો अजः-અજન્મા (જ્ઞાની જીવ) एनाम्-એ भुक्तभोगाम्-ભોગવાઈ ગયેલી પ્રકૃતિને जहाति-ત્યજી દે છે. (૫)

અનુવાદ :- પોતાની જેવી (ત્રણ ગુણોથી યુક્ત) અનેક પ્રકારની પ્રજાનું સર્જન કરનારી અને લાલ, સફેદ અને શ્યામ વર્ણની (એટલે રજ, સત્ત્વ અને તમોગુણવાળી) એક અજન્મા(એવી પ્રકૃતિ)ને એક અજન્મા (જીવ) આસક્ત બની ભોગવે છે અને બીજો અજન્માં (જ્ઞાની જીવ) એ ભોગવાઈ ગયેલી પ્રકૃતિને ત્યજી દે છે. (૫)



शाङ्करभाष्यम् :- अजामेकामिति । अजां प्रकृतिं लोहितशुक्लकृष्णां तेजोऽबन्नलक्षणां बह्वीः प्रजाः सृजमानामुत्पादयन्तीं ध्यानयोगानुगतदृष्टां देवात्मशक्तिं वा सरूपाः समानाकारा अजो ह्येको विज्ञानात्मानादिकामकर्मविनाशितः स्वयमात्मानं मन्यमानो जुषमाणः सेवमानोऽनुशेते भजते । अन्य आचार्योपदेशप्रकाशावसादिताविद्यान्धकारो जहाति त्यजति ॥ ५ ॥

શાંકરભાષ્ય :- 'अजामेकाम्' વગેરે. સરૂપા - એક સમાન આકારવાળી બહુ જ પ્રજા ઉત્પન્ન કરનારી લોહિત-શુક્લ, કૃષ્ણા - તેજ, અને અન્નરૂપા અજા-પ્રકૃતિને અથવા ધ્યાનયોગમાં રહેલાં બ્રહ્મવાદિઓ દ્વારા જોવામાં આવેલી દેવાત્મશક્તિને એક અજ-વિજ્ઞાનાત્મા, જે અનાદિ કામ અને કર્મ દ્વારા સ્વરૂપથી ભ્રષ્ટ કરવામાં આવ્યો છે, તે પ્રકૃતિને જ પોતાનું સ્વરૂપ માનીને સેવન કરતાં કરતાં ભોગવે છે અને બીજો ગુરુદેવના ઉપદેશરૂપ પ્રકાશથી અવિદ્યાન્ધકારના નષ્ટ થઈ જવાથી તેને છોડી દે છે. (૫)

❧

इदानीं सूत्रभूतौ परमार्थवस्त्ववधारणार्थमुपन्यस्येते –

હવે પરમાર્થતત્ત્વનો નિશ્ચય કરાવવાને માટે બે સૂત્રભૂત (મંત્રો)નો ઉલ્લેખ કરવામાં આવે છે –

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति ॥ ६ ॥

અન્વય અને શબ્દાર્થ :- सयुजा-સાથે જોડાયેલ सखाया-મિત્રભાવવાળા द्वा-બે सुपर्णा-પક્ષી (જીવ અને ઈશ્વર) समानम्-એક જ वृक्षम्-ઝાડને परिषस्वजाते-આશ્રયે રહેલા છે. तयोः-તેમાંથી अन्यः-એક (જીવ) पिप्पलम्-એ વૃક્ષના ફળને स्वादुः-સ્વાદયુક્ત માણી अत्ति-ખાય છે, अन्यः-બીજું પક્ષી (ઈશ્વર) अनश्नन्-નહીં ખાઈને अभिचाकशीति-કેવળ (તેને) જુએ છે. (૬)

અનુવાદ :- સાથે જોડાયેલ મિત્રભાવવાળા બે પક્ષી (જીવ અને ઈશ્વર) એક જ ઝાડને આશ્રયે રહેલા છે. તેમાંથી એક (જીવ) એ વૃક્ષના ફળને સ્વાદયુક્ત માણી ખાય છે, બીજું પક્ષી (ઈશ્વર) નહીં ખાઈને કેવળ તેને જુએ છે. (૬)

शाङ्करभाष्यम् :- द्वेति । द्वा द्वौ विज्ञानपरमात्मानौ । सुपर्णा सुपर्णौ शोभनपतनौ शोभनगमनौ सुपर्णौ पक्षिसामान्याद्वा सुपर्णौ सयुजा सयुजौ सर्वदा संयुक्तौ । सखाया सखायौ समानाख्यानौ समानाभिव्यक्तिकारणौ । एवंभूतौ सन्तौ समानमेकं वृक्षं वृक्षमिवोच्छेदसामान्याद्वृक्षं शरीरं परिषस्वजाते परिष्यक्तवन्तौ समाश्रितवन्तावेतौ । ★ तयोरन्योऽविद्याकामवासनाश्रयलिङ्गोपाधिर्विज्ञानात्मा पिप्पलं कर्मफलं सुखदुःखलक्षणं स्वादु अनेकविचित्रवेदनास्वादरूपमत्ति उपभुङ्क्तेऽविवेकतः । अनश्नन्नन्यो नित्यशुद्धबुद्धमुक्तस्वभावः परमेश्वरोऽभिचाकशीति सर्वमपि पश्यन्नास्ते ॥ ६ ॥

શાંકરભાષ્ય :- 'द्वा सुपर्णा' વગેરે. દ્વા - બે વિજ્ઞાનાત્મા અને પરમાત્મા, જે સુપર્ણ છે અર્થાત્ શુભ પતન-શુભ ગમનવાળા હોવાથી સુપર્ણ છે, અથવા પક્ષીઓ સમાન હોવાથી જે સુપર્ણ કહેવાય છે, અને સયુજ્-સર્વદા સંયુક્ત રહે છે તથા સખા છે - જેમના આખ્યાન (નામ) એટલે કે અભિવ્યક્તિનું કારણ સમાન છે. એવા તે બંને સમાન એટલે એક જ વૃક્ષને - વૃક્ષ સમાન નાશમાં સમાનતા હોવાને કારણે શરીરવૃક્ષ છે, તેને પરિષ્વક્ત-ભેટીને રહેલા છે. અર્થાત્ તે બંને તેના ઉપર આશ્રિત છે.

તેમાં એક - અવિદ્યા, કામ અને વાસનાઓના આશ્રયભૂત લિંગદેહરૂપ ઉપાધિવાળો વિજ્ઞાનાત્મા અવિવેકવશ તેના સ્વાદુ-અનેક વિચિત્ર વેદનારૂપ સ્વાદવાળા પિપ્પલ-સુખદુઃખરૂપ કર્મફળોને ભોગવે છે તથા અન્ય નિત્ય શુદ્ધ બુદ્ધ મુક્ત સ્વરૂપ પરમાત્મા તેને ન ભોગવતાં તે સર્વને જોયાં કરે છે. (૬)

❧

तत्रैवं सति – એમ થવાથી –

समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः ।
जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः ॥ ७ ॥

અન્વય અને શબ્દાર્થ :- समाने-એક જ वृक्षे-વૃક્ષ ઉપર पुरुषः-જીવ निमग्नः-(આસક્તિમાં) ડૂબેલો છે, अनीशया-અસમર્થ હોવાથી मुह्यमानः-મોહિત થઈ शोचति-શોક કરે છે. यदा-જ્યારે जुष्टम्-તેની સાથે જોડાયેલ अन्यम्-પોતાથી બીજા એવા ईशम्-ઈશ્વર(રૂપી પક્ષી)ને અને अस्य-એના महिमानम्-મહિમાને पश्यति-જુએ છે इति-ત્યારે वीतशोकः-એ શોકરહિત બને છે. (૭)

અનુવાદ :- એક જ વૃક્ષ ઉપર જીવ (આસક્તિમાં) ડૂબેલો છે, અસમર્થ હોવાથી મોહિત થઈ શોક કરે છે. જ્યારે તેની સાથે જોડાયેલ પોતાથી બીજા એવા ઈશ્વર(રૂપી પક્ષી)ને અને એના મહિમાને જુએ છે ત્યારે એ શોકરહિત બને છે. (૭)

शाङ्करभाष्यम् :- समाने वृक्षे शरीरे पुरुषो भोक्ताविद्याकामकर्मफलरागादिगुरुभाराक्रान्तोऽलाबुरिव समुद्रजले निमग्नो निश्चयेन देहात्मभावमापन्नः 'अयमेवाहममुष्य पुत्रोऽस्य नप्ता कृशः स्थूलो गुणवान्निर्गुणः सुखी दुःखी' इत्येवंप्रत्ययो नान्योऽस्त्यस्मादिति जायते म्रियते संयुज्यते च संबन्धिबान्धवैः । अतोऽनीशया 'न कस्यचित्समर्थोऽहं पुत्रो मम नष्टो मृता मे भार्या किं मे जीवितेन' इत्येवं दीनभावोऽनीशा तया शोचति सन्तप्यते मुह्यमानोऽनेकैरनर्थप्रकारैरविवेकतया विचित्रतामापद्यमानः । ★ स एव प्रेततिर्यङ्मनुष्यादियोनिष्वापतन्दुःखमापन्नः कदाचिदनेकजन्मशुद्धधर्मसञ्चयननिमित्तं केनचित्परमकारुणिकेन दर्शितयोगमार्गोऽहिंसासत्यब्रह्मचर्यसर्वत्यागसमाहितात्मा सन् शमादिसम्पन्नो जुष्टं सेवितमनेकयोगमार्गैर्यदा यस्मिन्काले पश्यति ध्यायमानोऽन्यं वृक्षोपाधिलक्षणाद्विलक्षणसंसारिणमशनायाद्यसंस्पृष्टं सर्वान्तरं परमात्मानमीशम् 'यमहमस्मीत्यात्मा सर्वस्य समः सर्वभूतान्तरस्थो नेतरोऽविद्याजनितोपाधिपरिच्छिन्नो मायात्मा' इति विभूतिं महिमानमिति जगद्रूपमस्यैव महिमा परमेश्वरस्येति यदैवं पश्यति तदा वीतशोको भवति । सर्वस्माच्छोकसागराद्विमुच्यते कृतकृत्यो भवतीत्यर्थः । अथवा जुष्टं यदा पश्यत्यन्यमीशमस्यैव प्रत्यगात्मनो महिमानम् इति तदा वोतशोको भवति ॥ ७ ॥

શાંકરભાષ્ય :- એક વૃક્ષ એટલે કે શરીરમાં પુરુષ-ભોક્તા જીવ અવિદ્યા, કામ, કર્મ, કર્મફળ, અને રાગાદિના ભારે ભારથી આક્રાન્ત થઈને સમુદ્રના જળમાં ડૂબેલા તુંબડા સમાન એટલે કે નિશ્ચય જ દેહાત્મભાવને પ્રાપ્ત થયેલો - ''આ દેહ હું છું. હું અમુકનો પુત્ર છું. તેનો નાથિયો છું, કૃશ છું, સ્થૂળ છું, ગુણવાન છું, ગુણહીન છું, સુખી છું, દુઃખી છું.'' આ પ્રકારે પ્રત્યયો(ખ્યાલો)વાળો થઈને, એમ સમજીને કે આ દેહથી અલગ કોઈ બીજા નથી જન્મતા, મરતાં તેમજ પોતાના સંબંધી બંધુઓની સાથે સંયુક્ત થાય છે, માટે અનીશતાથી ''હું કોઈ કાર્ય કરવા માટે સમર્થ નથી, મારો પુત્ર નષ્ટ થઈ ગયો, સ્ત્રી મરી ગઈ હવે મારા જીવવાથી શું લાભ છે ?'' આ પ્રકારનો દીનભાવ જ અનીશા (અસમર્થતા) છે તેનાથી યુક્ત થઈને અને મોહગ્રસ્ત થઈને એટલે કે અનર્થના અનેક પ્રકારોથી અવિવેકવશ વિચિત્ર સ્થિતિને પ્રાપ્ત થઈને શોક અર્થાત્ સંતાપ કરે છે.

તે પ્રેત, તિર્યક્ તેમજ મનુષ્યાદિ યોનિઓમાં પડીને દુઃખ ભોગવે છે. જ્યારે કદી અનેક જન્મોના સંચિત પુણ્યકર્મવિપાકથી કોઈ પરમકૃપાળુ આચાર્ય તેને યોગમાર્ગનો ઉપદેશ કરી દે છે તો તે અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય તેમજ સર્વત્યાગ દ્વારા સમાહિત ચિત્ત અને શમાદિ સાધનોથી સંપન્ન થઈ અનેક યોગમાર્ગોથી સેવાયેલા અન્ય એટલે વૃક્ષ(દેહ)રૂપ ઉપાધિથી ભિન્ન, સંસારધર્મશૂન્ય, ક્ષુધાદિથી અસંસ્પૃષ્ટ, સર્વાન્તરયામી ઈશ્વર પરમાત્માનું ધ્યાન કરતાં કરતાં તેને જોવે છે. અર્થાત્ 'હું આ છું, અર્થાત્ હું સર્વમાં સમાન અને સમસ્ત પ્રાણીઓના અંદર રહેલો આત્મા છું. અવિદ્યાજનિત ઉપાધિથી પરિછિન્ન માયાત્મા નથી' આ પ્રકારે સાક્ષાત્કાર કરે છે અને તેની વિભૂતિરૂપ મહિમાને જોવે છે, એટલે આ જગદ્રુપ મહિમા આ પરમાત્માનો જ છે, એવું જે સમયે જોવે છે તે સમયે આ શોકરહિત થઈ જાય છે. અર્થાત્ સંપૂર્ણ શોક સાગરથી મુક્ત એટલે કૃતકૃત્ય થઈ જાય છે. અથવા (એવો અર્થ કરવો જોઈએ કે) જે સમયે આ ભોક્તા જીવ આ યોગી સેવિત અન્ય-ઈશ્વરરૂપ અર્થાત્ આ પ્રત્યગાત્માનો જ મહિમારૂપ જોવે છે તે સમયે શોકરહિત થઈ જાય છે. (૭)

❖

इदानीं तद्विदां कृतार्थतां दर्शयति – હવે (શ્રુતિ) બ્રહ્મવેત્તાઓની કૃતાર્થતા પ્રદર્શિત કરે છે –

ऋचो अक्षरे परमे व्योमन् यस्मिन्देवा अधि विश्वे निषेदुः ।
यस्तं न वेद किमृचा करिष्यति य इत्तद्विदुस्त इमे समासते ॥ ८ ॥

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

અન્વય અને શબ્દાર્થ :- यस्मिन्-જેની અંદર विश्वे-સઘળા देवाः-દેવો अधिनिषेदुः-સારી રીતે રહેલા છે તે अक्षरे-અવિનાશી परमे-પરમ व्योमन्-વ્યોમ(ધામ)માં ऋचः-ઋચાઓ (વેદ) રહેલ છે. यः-જે तम्-તેને (તેના અર્થને) न वेद-જાણતો નથી તે ऋचा-વેદ વડે किम्-શું करिष्यति-કરી શકશે ? इत्-પણ ये-જેઓ तत्-તે(વેદના મંત્રોના અર્થ)ને विदुः-જાણે છે તે-તેઓ इमे-એમાં समासते-સારી રીતે સ્થિર થાય છે. (૮)

અનુવાદ :- જેની અંદર સઘળા દેવો સારી રીતે રહેલા છે તે અવિનાશી પરમ વ્યોમ(ધામ)માં ઋચાઓ (વેદ) રહેલ છે. જે તેને (તેના અર્થને) જાણતો નથી તે વેદ વડે શું કરી શકશે ? પણ જેઓ તે(વેદના મંત્રોના અર્થ)ને જાણે છે તેઓ એમાં સારી રીતે સ્થિર થાય છે. (૮)

शाङ्करभाष्यम् :- ऋच इति । वेदत्रयवेद्येऽक्षरे परमे व्योमन्व्योम्याकाशकल्पे यस्मिन्देवा अधि विश्वे निषेदुः-आश्रितास्तिष्ठन्ति । यस्तं परमात्मानं न वेद किमृचा करिष्यति ? य इत्तद्विदुस्त इमे समासते-कृतार्थास्तिष्ठन्ति ॥ ८ ॥

શાંકરભાષ્ય :- 'ऋचः' વગેરે. વેદત્રયવેદ્ય અક્ષર પરમાકાશમાં આકાશ સદૃશ પરબ્રહ્મમાં, જેનાથી સમસ્ત દેવગણ અધિષ્ઠિત છે - તેના આશ્રયે રહેલ છે તે પરમાત્માને જે જાણતા નથી તે વેદથી શું કરી લેશે ? અને જે તેને જાણે છે તે તો એ સમ્યક્ પ્રકારથી રહે છે અર્થાત્ કૃતાર્થ થયેલા રહે છે. (૮)

◆

इदानीं तस्यैवाक्षरस्य मायोपाधिकं जगत्स्रष्टृत्वं तन्निमित्तत्वं च भेदेन दर्शयति –

હવે (શ્રુતિ) તે અક્ષર પરમાત્માનું જ માયારૂપ ઉપાધિના કારણ જગત સ્રષ્ટૃત્વ અલગ અલગ બતાવે છે –

छन्दांसि यज्ञाः क्रतवो व्रतानि भूतं भव्यं यच्च वेदा वदन्ति ।
अस्मान्मायी सृजते विश्वमेतत्तस्मिंश्चान्यो मायया संनिरुद्धः ॥ ९ ॥

અન્વય અને શબ્દાર્થ :- छन्दांसि-છંદો, यज्ञाः-યજ્ઞો, क्रतवः-ક્રતુ (જ્યોતિષ્ટોમ વગેરે વિશેષ પ્રકારના યજ્ઞો) व्रतानि-વ્રતો च-અને यत्-જે भूतम्-થઈ ગયેલ અને भव्यम्-થનારને वेदाः-વેદો वदन्ति-વર્ણવે છે તે બધું एतत्-આ विश्वम्-જગત मायी-પ્રકૃતિના અધિપતિ પરમેશ્વર अस्मात्-આનાથી (આગળ વર્ણવેલા તત્ત્વોથી) सृजते-સર્જે છે च-અને अन्यः-બીજો (જીવાત્મા) तस्मिन्-તે પ્રપંચમાં मायया-માયાથી संनिरुद्धः-સારી રીતે બંધાય છે. (૯)

અનુવાદ :- છંદો, યજ્ઞો, ક્રતુ (જ્યોતિષ્ટોમ વગેરે વિશેષ પ્રકારના યજ્ઞો) વ્રતો અને જે થઈ ગયેલ અને થનારને વેદો વર્ણવે છે તે બધું આ જગત પ્રકૃતિના અધિપતિ પરમેશ્વર આનાથી (આગળ વર્ણવેલા તત્ત્વોથી) સર્જે છે અને બીજો (જીવાત્મા) તે પ્રપંચમાં માયાથી સારી રીતે બંધાય છે. (૯)

शाङ्करभाष्यम् :- छन्दांसीति । छन्दांसि ऋग्यजुःसामाथर्वाङ्गिरसाख्या वेदाः । देवयज्ञादयो यूपसंबन्धरहितविहितक्रियाश्च यज्ञाः । ज्योतिष्टोमादयः क्रतवः । व्रतानि चान्द्रायणादीनि । भूतमतीतम् । भव्यं भविष्यत् । यदिति तयोर्मध्यवर्ति वर्तमानं सूचयति । चशब्दः समुच्चयार्थः । यज्ञादिसाध्ये कर्मणि प्रपञ्चे भूतादौ च वेदा एव मानमित्येतत् । यच्छब्दः सर्वत्र संबध्यते । अस्मात्प्रकृतादक्षरादब्रह्मणः पूर्वोक्तं सर्वमुत्पद्यत इति संबन्धः । ★ अविकारिब्रह्मणः कथं प्रपञ्चोपादानत्वम् ? इत्यत आह-मायीति । कूटस्थस्यापि स्वशक्तिवशात्सर्वस्रष्टृत्वमुपपन्नमित्येतत् । विश्वं पूर्वोक्तप्रपञ्चं सृजत उत्पादयति । स्वमायया कल्पिते तस्मिन्भूतादिप्रपञ्चे माययैवान्य इव संनिरुद्धः संबद्धोऽविद्यावशगो भूत्वा संसारसमुद्रे भ्रमतीत्यर्थः ॥ ९ ॥

શાંકરભાષ્ય :- 'छन्दांसि' વગેરે. ઋગ્, યજુ, સામ અને અથર્વસંજ્ઞક વેદ છંદ છે, જેનામાં યૂપનો સંબંધ હોતો નથી તે દેવયજ્ઞાદિ વિહિત કર્મ યજ્ઞ કહેવાય છે, જ્યોતિષ્ટોમાદિ (યજ્ઞ) ક્રતુ છે, તથા ચાંદ્રાયણાદિ વ્રત છે. ભૂત - જે વીતી ગયું છે, ભવ્ય-જે થનાર છે. 'यत्' આ પદ તેના મધ્યવર્તી વર્તમાનનું સૂચક છે અને 'च' શબ્દ સર્વનો સમુચ્ચય કરવાને માટે છે. તાત્પર્ય એ છે કે યજ્ઞાદિ સાધ્યકર્મ અને ભૂતાદિ પ્રપંચમાં વેદ જ પ્રમાણ છે. મૂળમાં 'यत्' શબ્દનો સર્વની સાથે સંબંધ છે. એનો સંબંધ આ પ્રકારે છે કે જે કાંઈ પહેલાં કહેવામાં આવ્યું છે તે સર્વ આ પ્રકૃત અક્ષર બ્રહ્મથી જ ઉત્પન્ન થાય છે.

અવિકારી બ્રહ્મ કેવી રીતે પ્રપંચનું ઉપાદાન કારણ થઈ શકે છે ? એવો પ્રશ્ન થવાથી શ્રુતિ કહે છે. 'मायी सृजते' વગેરે. તાત્પર્ય એ છે કે કૂટસ્થ બ્રહ્મનું પણ પોતાની શક્તિ દ્વારા સર્વના રચયિતા થવું તે સંભવ જ છે. તે વિશ્વ અર્થાત્ પૂર્વોક્ત પ્રપંચને ઉત્પન્ન કરે છે. તથા પોતાની માયાથી કલ્પિત તે ભૂતાદિ પ્રપંચમાં તે માયાથી જ અન્ય જેવો થઈને બંધાઈ ગયો છે. અર્થાત્ અવિદ્યાને વશીભૂત થઈને સંસાર સમુદ્રમાં ભટકતો રહે છે. (૯)

⁂

शाङ्करभाष्यम् :- पूर्वोक्तायाः प्रकृतेर्मायात्वं तदधिष्ठातृसच्चिदानन्दरूपब्रह्मणस्तदुपाधिवशान्मायित्वं च चिद्रूपस्य मायावशात्कल्पितावयवभूतैः कार्यकरणसंघातैः सर्वं भूरादीदं परिदृश्यमानं जगद्व्याप्तं चेत्याह –

શાંકરભાષ્ય :- પૂર્વોક્ત પ્રકૃતિ માયા છે અને તેના અધિષ્ઠાતા સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મ તે (માયારૂપ) ઉપાધિના કારણે માયાવી છે તથા તે ચિદ્રુપ બ્રહ્મની માયાને કારણે કલ્પિત થયેલા અન્વયરૂપ કાર્ય-કારણ સંઘાતથી આ દેખાતાં ભૂલોકાદિ સંપૂર્ણ જગત વ્યાપ્ત છે - આ આશયથી શ્રુતિ કહે છે –

मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम् ।
तस्यावयवभूतैस्तु व्याप्तं सर्वमिदं जगत् ॥ १० ॥

અન્વય અને શબ્દાર્થ :- मायाम्-માયાને तु-તો प्रकृतिम्-પ્રકૃતિ તરીકે विद्यात्-જાણ અને मायिनम्-માયાવાળા એટલે માયાના સ્વામીને महेश्वरम्-મહેશ્વર તરીકે જાણ. तस्य तु-એના अवयवभूतैः-અંગસ્વરૂપ બનેલ કાર્યકારણ સમુદાયથી इदम्-આ सर्वम्-સઘળું जगत्-જગત व्याप्तम्-વ્યાપેલું છે. (૧૦)

અનુવાદ :- માયાને તો પ્રકૃતિ તરીકે જાણ અને માયાવાળા એટલે માયાના સ્વામીને મહેશ્વર તરીકે જાણ. એના અંગસ્વરૂપ બનેલ કાર્યકારણ સમુદાયથી આ સઘળું જગત વ્યાપેલું છે. (૧૦)

शाङ्करभाष्यम् :- मायां त्विति । जगत्प्रकृतित्वेनाधस्तात्सर्वत्र प्रतिपादिता प्रकृतिर्मायैवेति विद्याद्विजानीयात् । तुशब्दोऽवधारणार्थः । महांश्चासावीश्वरश्चेति महेश्वरस्तं मायिनं मायायाः सत्तास्फूर्त्यादिप्रदं तथाधिष्ठानत्वेन प्रेरयितारमेव विद्यादिति पूर्वेण संबन्धः । तस्य प्रकृतस्य परमेश्वरस्य रज्ज्वाद्यधिष्ठानेषु कल्पितसर्पादिस्थानीयैः मायिकैः स्वावयवैरध्यासद्वारेदं भूरादि सर्वं व्याप्तमेव पूर्णमित्येतत् । तुशब्दस्त्ववधारणार्थः ॥ १० ॥

શાંકરભાષ્ય :- 'मायां तु' વગેરે. પાછળ જેનું જગતની પ્રકૃતિ(કારણ)રૂપથી સર્વત્ર પ્રતિપાદન કરવામાં આવ્યું છે - તે પ્રકૃતિ માયા જ છે - એવું જાણો. અહીં 'तु' શબ્દ નિશ્ચયાર્થક છે. જે મહાન અને ઈશ્વર હોવાને કારણે મહેશ્વર છે તેને માયાવી-માયાને સત્તા-સ્ફુર્તિ વગેરે આપનાર તથા અધિષ્ઠાનરૂપથી તેને પ્રેરિત કરનાર જાણવો જોઈએ. આમ એનો પૂર્વોક્ત 'विद्यात्' ક્રિયાથી સંબંધ છે. તે પ્રકૃત પરમેશ્વરના, રજ્જુ વગેરે અધિષ્ઠાનોમાં કલ્પિત સર્પાદિરૂપ માયિક અવયવોથી અધ્યાસ દ્વારા આ ભૂલોક આદિ સંપૂર્ણ જગત વ્યાપ્ત એટલે પૂર્ણ છે. અહીં પણ 'तु' શબ્દ નિશ્ચયાર્થક છે. (૧૦)

⁂

शाङ्करभाष्यम् :- मायातत्कार्यादियोनेः कूटस्थस्य स्ववशतोऽधिष्ठातृत्वं वियदादिकार्याणामुत्पत्तिहेतुत्वं तेनैव सर्वाधिष्ठातृत्वोपलक्षितसच्चिदानन्दवपुषा ब्रह्मास्मीत्येकत्वज्ञानान्मुक्तिं च दर्शयति –

શાંકરભાષ્ય :- માયા અને તેના કાર્ય વગેરેનું મૂળભૂત કૂટસ્થ બ્રહ્મ પોતાના સ્વતંત્ર રૂપથી સર્વનું અધિષ્ઠાતા છે. તથા આકાશાદિ કાર્યોની ઉત્પત્તિનો હેતુ છે, અને તે શુદ્ધ સ્વરૂપથી જ તેના સર્વાધિષ્ઠાતૃત્વથી ઉપલક્ષિત થનાર સચ્ચિદાનંદ સ્વરૂપથી 'હું બ્રહ્મ છું' એવું એકત્વ-જ્ઞાન થવાથી મુક્તિ થાય છે. આ વાત શ્રુતિ બતાવે છે –

यो योनिं योनिमधितिष्ठत्येको यस्मिन्निदं स च वि चैति सर्वम् ।
तमीशानं वरदं देवमीड्यं निचाय्येमां शान्तिमत्यन्तमेति ॥ ११ ॥

અન્વય અને શબ્દાર્થ :- यः-જે एकः-એકલો योनिम् योनिम्-પ્રત્યેક યોનિનો अधितिष्ठति-અધિષ્ઠાતા બની રહે છે, यस्मिन्-જેની અંદર इदम्-આ सर्वम्-સઘળું (જગત) समेति-(પ્રલયકાળે) લીન થાય છે च-અને व्येति च-(સૃષ્ટિના આરંભે) જુદા જુદા રૂપે પ્રગટે છે तम्-તે ઈશાનમ્-ઈશ્વર वरदम्-વરદાન આપનાર, ईड्यम्-સ્તુતિ

કરવા યોગ્ય देवम्-દેવને निचाय्य-તત્ત્વથી જાણીને (સાધક) अत्यन्तम्-અંત વિનાની इमाम्-આ शान्तिम्-(પરમ) શાંતિને एति-પ્રાપ્ત કરે છે. (૧૧)

અનુવાદ :- જે એકલો પ્રત્યેક યોનિનો અધિષ્ઠાતા બની રહે છે, જેની અંદર આ સઘળું (જગત) (પ્રલયકાળે) લીન થાય છે અને (સૃષ્ટિના આરંભે) જુદા જુદા રૂપે પ્રગટે છે તે ઈશ્વર વરદાન આપનાર, સ્તુતિ કરવા યોગ્ય દેવને તત્ત્વથી જાણીને (સાધક) અંત વિનાની આ (પરમ) શાંતિને પ્રાપ્ત કરે છે. (૧૧)

शाङ्करभाष्यम् :- यो योनिमिति । यो मायाविनिर्मुक्तानन्दैकघनः परमेश्वरो योनिं योनिमिति वीप्सया मूलप्रकृतिर्मायावान्तरप्रकृतयो वियदादयश्च सूचितास्ताः प्रकृतीः सत्तास्फूर्तिप्रदत्वेनाधिष्ठाय तिष्ठत्यन्तर्यामिरूपेण । **''य आकाशे तिष्ठन्''** (बृ.उप. ३-७-१२) इत्यादि श्रुतेः । एकोऽद्वितीयः । यस्मिन्मायाद्यधिष्ठातरीश्वर इदं सर्वं जगदुपसंहारकाले समेति संगच्छते लयं प्राप्नोति । पुनः सृष्टिकाले विविधमेत्याकाशादिरूपेण नाना भवति । तं प्रकृतमधिष्ठातारमीशानं नियन्तारं वरदं मोक्षप्रदं देवं द्योतनात्मकमीड्यं वेदादिभिः स्तुत्यं निचाय्य निश्चयेन ब्रह्माहमस्मीत्यपरोक्षीकृत्य सुषुप्त्यादौ प्रत्यक्षीकृता या सर्वोपरमलक्षणा सर्वजनीना शान्तिः सेदमा दर्शिता तां प्रसिद्धामिमां शान्तिं सर्वदुःखविनिर्मुक्तसुखैकतानस्वरूपां मुक्तिमिति यावत् । गुरूपदिष्टतत्त्वमस्यादिवाक्यजन्य-सुतत्त्वज्ञानेनाविद्यातत्कार्यादिविश्वमायानिवृत्त्यात्यन्तं पुनरावृत्तिरहितं यथा भवति तथैत्येकरसो भवतीत्येतत् ॥ ११ ॥

શાંકરભાષ્ય :- 'यो योनिम्' વગેરે. જે માયાતીત વિશુદ્ધાનંદઘન પરમેશ્વર યોનિ-યોનિને - 'योनिं योनिम्' આ દ્વિરુક્તિથી મૂળ પ્રકૃતિરૂપા માયા અને અવાન્તર પ્રકૃતિરૂપ આકાશાદિ - આ બંને પ્રકૃતિઓ (યોનિઓ) સૂચિત થાય છે તે બંને પ્રકારની પ્રકૃતિઓને સત્તા-સ્ફુર્તિપ્રદરૂપથી અધિષ્ઠિત કરીને અંતર્યામી રૂપથી રહે છે. જેમ કે **"જે આકાશમાં રહેલાં છે."** (બૃ.ઉપ. ૩-૭-૧૨) વગેરે શ્રુતિથી સિદ્ધ થાય છે. જે એક - અદ્વિતીય છે, જે માયાદિના અધિષ્ઠાતા ઈશ્વરમાં આ સંપૂર્ણ જગત પ્રલય કાળમાં સંગત-લયને પ્રાપ્ત થાય છે અને ફરી સૃષ્ટિ કાળમાં વિવિધતાને પ્રાપ્ત થાય છે. અર્થાત્ આકાશાદિરૂપથી વિવિધરૂપ થઈ જાય છે. તે પ્રસ્તુત અધિષ્ઠાતા, ઈશાન-નિયંતા, વરદ-મોક્ષપ્રદ, દેવ-પ્રકાશસ્વરૂપ અને ઈડ્ય-વેદાદિ દ્વારા સ્તુત્યનો અનુભવ કરીને 'હું બ્રહ્મ છું' આ પ્રકારે નિશ્ચયરૂપથી પ્રત્યક્ષ કરીને સુષુપ્તિ વગેરેમાં અનુભવેલી જે સર્વોપરિતારૂપા સર્વજનહિતકારિણી શાંતિ છે તે અહીં 'इदम्' શબ્દથી 'इमाम्' આ સંકેત દ્વારા બતાવવામાં આવી છે, તે આ પ્રસિદ્ધ શાંતિને અર્થાત્ સર્વદુઃખશૂન્ય સુખૈકતાનતારૂપા મુક્તિને પ્રાપ્ત થઈ જાય છે. તાત્પર્ય એ છે કે ગુરુના ઉપદેશેલા 'तत्त्वमसि' વગેરે વાક્યોથી ઉત્પન્ન થનાર સમ્યક્ તત્ત્વજ્ઞાનથી અવિદ્યા અને તેના કાર્યાદિરૂપ સંપૂર્ણ માયાના નિવૃત્ત થઈ જવાથી તે આત્યંતિકી-જેનાથી કે તે પુનરાવૃત્તિશૂન્ય થઈ જાય છે એવી-મુક્તિને પ્રાપ્ત થઈ જાય છે, અર્થાત્ એકરસ (બ્રહ્મસ્વરૂપ) થઈ જાય છે. (૧૧)

❖

सूत्रात्मानं प्रत्यविरतमभिमुखतया वीक्षन्तं परमेश्वरं प्रत्यखण्डिततत्त्वज्ञानसिद्धये प्रार्थनामाह –

હવે અખંડ તત્ત્વજ્ઞાનની સિદ્ધિ માટે (શ્રુતિ) સૂત્રાત્મા પ્રત્યે નિરંતર અભિમુખ રહીને દૃષ્ટિપાત કરનાર પરમાત્માની પ્રાર્થના કરે છે –

यो देवानां प्रभवश्चोद्भवश्च विश्वाधिपो रुद्रो महर्षिः ।
हिरण्यगर्भं पश्यत जायमानं स नो बुद्ध्या शुभया संयुनक्तु ॥ १२ ॥

અન્વય અને શબ્દાર્થ :- यः-જે रुद्रः-રુદ્રદેવ देवानाम्-દેવોની प्रभवः-ઉત્પત્તિ કરનાર च-અને उद्भवः-વૃદ્ધિ કરનાર છે च-અને विश्वाधिपः-સહુના સ્વામી महर्षिः-મહાન ઋષિ છે અને જેણે जायमानम्-(સહુથી પ્રથમ) ઉત્પન્ન થયેલા हिरण्यगर्भम्-હિરણ્યગર્ભને पश्यत-જોયા હતા सः-તે દેવ नः-અમને शुभया-શુભ बुद्ध्या-બુદ્ધિ સાથે संयुनक्तु-જોડી દે. (૧૨)

અનુવાદ :- જે રુદ્રદેવ દેવોની ઉત્પત્તિ કરનાર અને વૃદ્ધિ કરનાર છે અને સહુના સ્વામી મહાન ઋષિ છે અને જેણે (સહુથી પ્રથમ) ઉત્પન્ન થયેલા હિરણ્યગર્ભને જોયા હતા તે અમને શુભ બુદ્ધિ સાથે જોડી દે. (૧૨)

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

शाङ्करभाष्यम् :- यो देवानामिति । पूर्वमेवास्य प्रतिपादितोऽर्थः ॥ १२ ॥

શાંકરભાષ્ય :- 'यो देवानाम्' વગેરે. આનો અર્થ પહેલા (અધ્યાયના ૩ અને ૪ મંત્રમાં) જ કહી દીધો છે. (૧૨)

❖

शाङ्करभाष्यम् :- ब्रह्मप्रमुखाणां देवानां स्वामितामाकाशादिलोकाश्रयत्वं प्रमात्रादीनां नियन्तृत्वं बुद्धिशुद्धिद्वारा सम्यग्ज्ञानसिद्ध्यर्थं मुमुक्षुभिः प्रार्थ्यमानत्वं च परमेश्वरस्याह –

હવે, બ્રહ્માદિ દેવતાઓના સ્વામિત્વ, આકાશાદિ લોકોના આશ્રયત્વ, પ્રમાતાદિના નિયન્તૃત્વ અને બુદ્ધિની શુદ્ધિ દ્વારા સમ્યક્ જ્ઞાનની સિદ્ધિ માટે મુમુક્ષુઓ દ્વારા પ્રાર્થનીયત્વ વગેરે પરમાત્માના ગુણોનું વર્ણન કરે છે -

यो देवानामधिपो यस्मिँल्लोका अधिश्रिताः ।
य ईशे अस्य द्विपदश्चतुष्पदः कस्मै देवाय हविषा विधेम ॥ १३ ॥

અન્વય અને શબ્દાર્થ :- **यः**-જે **देवानाम्**-દેવોના **अधिपः**-અધિપતિ, સ્વામી છે અને **यस्मिन्**-જેની અંદર **लोकाः**-બધા લોકો **अधिश्रिताः**-આશ્રય કરીને રહ્યા છે **यः**-જે **अस्य**-આ **द्विपदः**-બે પગવાળા અને **चतुष्पदः**-ચાર પગવાળા જીવોના ઉપર **ईशे**-શાસન કરે છે તે **कस्मै देवाय**-આનંદસ્વરૂપ દેવની અમે **हविषा**-હવિથી (પૂજાના દ્રવ્યોથી) **विधेम**-પૂજા કરીએ. (૧૩)

અનુવાદ :- જે દેવોના અધિપતિ, સ્વામી છે અને જેની અંદર બધા લોકો આશ્રય કરીને રહ્યા છે જે આ બે પગવાળા અને ચાર પગવાળા જીવોના ઉપર શાસન કરે છે તે આનંદસ્વરૂપ દેવની અમે હવિથી (પૂજાના દ્રવ્યોથી) પૂજા કરીએ. (૧૩)

शाङ्करभाष्यम् :- यो देवानामधिप इति । यः प्रकृतः परमेश्वरो देवानां ब्रह्मादीनामधिपः स्वामी यस्मिन् परमेश्वरे सर्वकारणे भूरादयो लोका अधिश्रिता अध्युपरि श्रिता अध्यस्ता इति यावत् । यः प्रकृतः परमेश्वरोऽस्य द्विपदो मनुष्यादेश्चतुष्पदः पश्वादेश्चेश ईष्टे । तकारलोपश्छान्दसः । कस्मै कायानन्दरूपाय । स्मैभावोऽपि च्छान्दसः । देवाय द्योतनात्मने तस्मै हविषा चरुपुरोडाशादिद्रव्येण विधेम परिचरेम । विधेः परिचरणकर्मण एतद्रूपम् ॥ १३ ॥

શાંકરભાષ્ય :- 'यो देवानामधिपः' વગેરે. જેનો અહીં પ્રસંગ છે એવા જે પરમેશ્વર બ્રહ્માદિ દેવતાઓના અધિપતિ-સ્વામી છે, સર્વના કારણભૂત જે પરમેશ્વરમાં ભૂલોકાદિ સંપૂર્ણ લોક અધિશ્રિત-અધિ-ઉપર શ્રિત અર્થાત્ અધ્યસ્ત છે તથા જે પ્રકૃત પરમેશ્વર આ મનુષ્યાદિ દ્વિપાદ (બે પગવાળા) અને પશુ વગેરે ચતુષ્પાદ જીવ સમુદાયનું શાસન કરે છે. 'ઈશે' આ ક્રિયાપદમાં તકારનો લોપ વૈદિક છે. તે क - આનંદસ્વરૂપ-મૂળમાં (क શબ્દની ચતુર્થીના એકવચનને) 'स्मै' આદેશ વૈદિક છે. દેવ એટલે દ્યોતનાત્મક (પ્રકાશસ્વરૂપ) ને હવિ-ચરુ-પુરોડાશાદિ દ્રવ્યથી વિધેમ-પૂજા કરીએ. પરિચર્યા (પૂજા) જ જેનું કર્મ છે એવા 'विध' ધાતુનું આ રૂપ છે. (૧૩)

❖

शाङ्करभाष्यम् :- परस्यातिसूक्ष्मत्वं जगच्चक्रे साक्षित्वेनावस्थितत्वं निखिलजगत्स्रष्टृत्वं सर्वात्मकत्वं तत्तादात्म्याज्जनानां मुक्तिश्चेत्येतद्बहुशोऽधस्तात्प्रतिपादितं यद्यपि तथापि बुद्धिसौकर्यार्थं पुनरप्याह –

શાંકરભાષ્ય :- જ્યારે પરમાત્માના અત્યંત સૂક્ષ્મત્વ, જગત ચક્રમાં સાક્ષીરૂપે રહેવું, સંપૂર્ણ જગતને રચવું, સર્વરૂપ હોવું તેમજ તેના તાદાત્મજ્ઞાનથી જીવોની મુક્તિ થવી તેનું ઉપર અનેક પ્રકારથી પ્રતિપાદન કરવામાં આવી ગયું છે. તો પણ આ બધું સમજવામાં સુગમતા થઈ જાય - એટલા માટે (શ્રુતિ) ફરીથી પણ કહે છે –

सूक्ष्मातिसूक्ष्मं कलिलस्य मध्ये विश्वस्य स्त्रष्टारमनेकरूपम् ।
विश्वस्यैकं परिवेष्टितारं ज्ञात्वा शिवं शान्तिमत्यन्तमेति ॥ १४ ॥

અન્વય અને શબ્દાર્થ :- **सूक्ष्मातिसूक्ष्मम्**-સૂક્ષ્મથી પણ અત્યંત સૂક્ષ્મ, **कलिलस्य**-હૃદયરૂપી ગુફાની **मध्ये**-અંદર રહેલ, **विश्वस्य**-સમગ્ર જગતના **स्त्रष्टारम्**-સર્જક, **अनेकरूपम्**-અનેક રૂપવાળા અને **विश्वस्य**-વિશ્વને **परिवेष्टारम्**-

વ્યાપીને રહેનાર एकम्-અદ્વિતીય शिवम्-કલ્યાણસ્વરૂપ (પ્રભુને) ज्ञात्वा-જાણીને (સાધક) अत्यन्तम्-અંત વિનાની-શાશ્વત शांतिम्-શાંતિને एति-પ્રાપ્ત કરે છે. (૧૪)

અનુવાદ :- સૂક્ષ્મથી પણ અત્યંત સૂક્ષ્મ, હૃદયરૂપી ગુફાની અંદર રહેલ, સમગ્ર જગતના સર્જક, અનેક રૂપવાળા અને વિશ્વને વ્યાપીને રહેનાર અદ્વિતીય કલ્યાણસ્વરૂપ (પ્રભુને) જાણીને (સાધક) અંત વિનાની-શાશ્વત શાંતિને પ્રાપ્ત કરે છે. (૧૪)

शाङ्करभाष्यम् :- सूक्ष्मेति । पृथिव्याद्यव्याकृतान्तमुत्तरोत्तरं सूक्ष्मसूक्ष्मतरमपेक्ष्येश्वरस्य तदपेक्षया सूक्ष्मतमत्वमाह-सूक्ष्मातिसूक्ष्ममिति । कलिलस्याविद्यातत्कार्यात्मकदुर्गस्य गहनस्य मध्ये । शेषं व्याख्यातम् ॥ १४ ॥

શાંકરભાષ્ય :- 'सूक्ष्मातिसूक्ष्मम्' વગેરે. 'सूक्ष्मातिसूक्ष्मम्' આ પદથી શ્રુતિ પૃથ્વીથી માંડીને અવ્યાકૃત પર્યન્ત જે ઉત્તરોત્તર સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે તેની અપેક્ષાએ પણ ઈશ્વરની સૂક્ષ્મતમતા બતાવે છે. કલિલની મધ્યમાં અર્થાત્ અવિદ્યા અને તેના કાર્યરૂપ દુર્ગ-ગહન(સ્થાન)ની મધ્યમાં. શેષ અંશની પહેલાં વ્યાખ્યા થઈ ચૂકી છે. (૧૪)

⁂

शाङ्करभाष्यम् :- परस्य साक्षिरूपेणावस्थितत्वं सनकादिभिर्ब्रह्मादिदेवैश्चाधिकारि पुरुषैरप्यात्मतया प्राप्यत्वं साधनचतुष्टयादियुतास्मदादीनां मोक्षसिद्धिं चाह –

હવે પરમાત્માના સાક્ષિરૂપે રહેવાથી, સનકાદિ અને બ્રહ્માદિ દેવતાઓ તેમજ અધિકારી પુરુષો દ્વારા આત્મસ્વરૂપથી પ્રાપ્તવ્ય થવાથી તથા સાધનચતુષ્ટયાદિથી સંપન્ન થવાથી આપણને પણ મોક્ષ પ્રાપ્ત થવાનું પ્રતિપાદન કરવામાં આવે છે –

स एव काले भुवनस्य गोप्ता विश्वाधिपः सर्वभूतेषु गूढः ।
यस्मिन्युक्ता ब्रह्मर्षयो देवताश्च तमेवं ज्ञात्वा मृत्युपाशांश्छिनत्ति ॥ १५ ॥

અન્વય અને શબ્દાર્થ :- सः एव-એ જ काले-સમય આવતાં भुवनस्य-સંસારનો गोप्ता-રક્ષક, विश्वाधिपः-સમગ્ર જગતનો અધિપતિ અને सर्वभूतेषु-સઘળા પ્રાણીઓમાં गूढः-છુપાયેલ છે, यस्मिन्-જેની અંદર ब्रह्मर्षयः-બ્રહ્મર્ષિઓ च-અને देवताः-દેવતાઓ युक्ताः-લાગેલા છે (ધ્યાનથી જોડાયેલા છે) तम्-તે(પરમેશ્વર)ને एवम्-આ રીતે ज्ञात्वा-જાણીને (સાધક) मृत्युपाशान्-મૃત્યુના બંધનોને छिनत्ति-કાપી નાંખે છે. (૧૫)

અનુવાદ :- એ જ સમય આવતાં સંસારનો રક્ષક, સમગ્ર જગતનો અધિપતિ અને સઘળા પ્રાણીઓમાં છુપાયેલ છે, જેની અંદર બ્રહ્મર્ષિઓ અને દેવતાઓ લાગેલા છે (ધ્યાનથી જોડાયેલા છે) તે(પરમેશ્વર)ને આ રીતે જાણીને (સાધક) મૃત્યુના બંધનોને કાપી નાંખે છે. (૧૫)

शाङ्करभाष्यम् :- स एवेति । स एव प्रकृतः कालेऽतीतकल्पेषु जीवसञ्चितकर्मपरिपाकसमये भुवनस्य गोप्ता तत्तत्कर्मानुगुणतया रक्षिता । विश्वाधिपः विश्वस्य स्वामी । सर्वभूतेषु गूढो ब्रह्मादिस्तम्बपर्यन्तेषु साक्षिमात्रतयावस्थितः । यस्मिंश्चिद्घनानन्दवपुषि परे युक्ता ऐक्यं प्राप्ताः । ते के ? ब्रह्मर्षयः सनकादयः । देवता ब्रह्मादयः । तमेवेश्वरं ज्ञात्वा ब्रह्माहमस्मीत्यपरोक्षीकृत्य मृत्युपाशान् मृत्युरविद्या तमो रूपादयश्च पाशाः पाश्यन्त इति पाशास्तान् "मृत्युर्वै तमः" (बृ.उप. १-३-२८) इति श्रुतेः । तत्कार्यकामकर्माच्छिनत्ति नाशयति । ऐक्यरूपस्वप्रकाशाग्निना दहतीत्यर्थः ॥ १५ ॥

શાંકરભાષ્ય :- 'स एव' વગેરે. તે પ્રકૃત (જેની ચર્ચા ચાલે છે તે) પરમેશ્વર જ કાળમાં-અતીત કલ્પોમાં અર્થાત્ જીવોના સંચિત કર્મોના ફલોન્મુખ થવાના સમયે ભુવનના ગોપ્તા એટલે વિભિન્ન જીવોના કર્માનુસાર તેમના રક્ષક હતા. તે વિશ્વાધિપ-વિશ્વના સ્વામી, સમસ્ત ભૂતોમાં ગૂઢ અર્થાત્ બ્રહ્માથી લઈને સ્તમ્બ પર્યન્ત સમસ્ત પ્રાણીઓમાં સાક્ષીરૂપે રહેલાં છે. જે ચિદ્‌ઘનાનંદવિગ્રહ પરમાત્મામાં યુક્ત - ઐક્યભાવને પ્રાપ્ત છે, કોણ ? સનકાદિ બ્રહ્મર્ષિ અને બ્રહ્માદિ દેવગણ. તે ઈશ્વરને જાણીને અર્થાત્ 'હું બ્રહ્મ છું' આ પ્રકારે સાક્ષાત્કાર કરી (પુરુષ) મૃત્યુના પાશોને કાપી નાંખે છે. અવિદ્યા અર્થાત્ તમ જ મૃત્યુ છે તથા રૂપાદિ વિષય પાશ છે, કારણ કે તેનામાં જ જીવ પાશિત (બદ્ધ) થાય છે, માટે તે પાશ છે, શ્રુતિ કહે છે - "અજ્ઞાન મૃત્યુ જ છે." (બૃ.ઉપ. ૧-૩-૨૮) તે(અજ્ઞાન)ના કાર્ય કામ અને કર્માદિને કાપી નાંખે અથવા નષ્ટ કરી દે છે, અર્થાત્ ઐક્યરૂપ સ્વપ્રકાશાગ્નિથી ભસ્મ કરી દે છે. (૧૫)

⁂

ૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐ ૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐ

शाङ्करभाष्यम् :- परस्यात्यन्तातिसूक्ष्मतमत्वमानन्दातिशयवत्त्वं निर्दोषवत्त्वं जीवेष्वतिसूक्ष्मतया स्वरूपेणावस्थितत्वं सर्वस्यापि सत्तादिप्रदत्तया व्यापित्वं तदेकत्वज्ञानात् पाशहानिं च दर्शयति –

શાંકરભાષ્ય :- હવે શ્રુતિ પરમાત્માના અત્યધિક સૂક્ષ્મતમ, અતિશય આનંદવાળા અને નિર્દોષ હોવું, જીવોમાં અત્યંત સૂક્ષ્મરૂપથી રહેવું, સર્વને સત્તાસ્ફુર્તિ આપનાર હોવાથી વ્યાપક હોવું તથા તેના એકત્વજ્ઞાનથી બંધનનો નાશ થવો તે બતાવે છે –

घृतात्परं मण्डमिवातिसूक्ष्मं ज्ञात्वा शिवं सर्वभूतेषु गूढम् ।
विश्वस्यैकं परिवेष्टितारं ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः ॥ १६ ॥

અન્વય અને શબ્દાર્થ :- शिवम्-કલ્યાણમય एकम्-અદ્વિતીય देवम्-દેવને घृतात्-માખણ परम्-ઉપર રહેનાર मण्डम्-સારભાગ इव-જેવા, अतिसूक्ष्मम्-અત્યંત સૂક્ષ્મ અને सर्वभूतेषु-પ્રત્યેક વાણીમાં गूढम्-છુપાયેલાને ज्ञात्वा-જાણીને અને विश्वस्य-વિશ્વને परिवेष्टारम्-ઘેરીને રહેનાર (દેવને) ज्ञात्वा-જાણીને (સાધક) सर्वपाशैः-સઘળા બંધનોથી मुच्यते-છૂટી જાય છે. (૧૬)

અનુવાદ :- કલ્યાણમય અદ્વિતીય દેવને માખણ ઉપર રહેનાર સારભાગ જેવા, અત્યંત સૂક્ષ્મ અને પ્રત્યેક વાણીમાં છુપાયેલાને જાણીને અને વિશ્વને ઘેરીને રહેનાર (દેવને) જાણીને (સાધક) સઘળા બંધનોથી છૂટી જાય છે. (૧૬)

शाङ्करभाष्यम् :- घृतादिति । घृतोपरि विद्यमानं मण्डं सारस्तद्वतामतिप्रीतिविषयो यथा तथा मुमुक्षूणामतिसाररूपानन्दप्रदत्वेन निरतिशयप्रीतिविषयः परमात्मा तद्वद् घृतसारवदानन्दरूपेणात्यन्तसूक्ष्मं ज्ञात्वा शिवमित्येतद्व्याख्यातम् । सर्वभूतेषु गूढं ब्रह्मादिस्तम्बपर्यन्तेषु जन्तुषु कर्मफलभोगसाक्षित्वेन प्रत्यक्षतया वर्तमानमपि तैस्तिरस्कृतेश्वरभावम् । उत्तरार्धं व्याख्यातम् ॥ १६ ॥

શાંકરભાષ્ય :- 'घृतात्' વગેરે. જે પ્રકારે ઘૃતની ઉપર રહેનાર મંડ એટલે તેંનો સાર ભાગ ઘૃતવાળાની અત્યંત પ્રીતિનો વિષય હોય છે તે પ્રકારે પરમાત્મા મુમુક્ષુઓને સારરૂપ અત્યંત આનંદ પ્રદાન કરવાને કારણે તેની નિરતિશય પ્રીતિનો વિષય છે. તે ઘૃતના સારસમાન આનંદરૂપથી અત્યંત સૂક્ષ્મ શિવને, 'शिव' શબ્દની વ્યાખ્યા પહેલાં કરવામાં આવી ગઈ છે, સમસ્ત જીવોમાં ગૂઢ જાણીને કર્મફળ ભોગના સાક્ષીરૂપે પ્રત્યક્ષતયા વર્તમાન રહેતાં રહેતાં પણ તે(કામ-કર્માદિ)ના દ્વારા તેનું ઈશ્વરત્વ તિરસ્કૃત થઈ ગયું છે (એટલા માટે તેને ગૂઢ કહ્યું છે) ઉત્તરાર્ધની વ્યાખ્યા થઈ ચૂકી છે. (૧૬)

⁂

निर्भेदसुखैकतानात्मनो विश्वकृत्त्वं तद्व्यापित्वं संन्यासिभिराप्तव्यमोक्षरूपत्वं चाह –

હવે ભેદશૂન્ય સુખૈકરસ આત્માના વિશ્વકર્તૃત્વ તેમજ વિશ્વ વ્યાપિત્વનું તથા સંન્યાસીઓ દ્વારા પ્રાપ્તવ્ય મોક્ષ સ્વરૂપતાનું વર્ણન કરે છે –

एष देवो विश्वकर्मा महात्मा सदा जनानां हृदये संनिविष्टः ।
हृदा मनीषा मनसाभिक्लृप्तो य एतद्विदुरमृतास्ते भवन्ति ॥ १७ ॥

અન્વય અને શબ્દાર્થ :- एषः-આ विश्वकर्मा-જગતના કર્તા महात्मा-મહાત્મા देव-દેવ, પરમેશ્વર सदा-હંમેશ जनानाम्-લોકોના हृदये-હૃદયમાં संनिविष्टः-સારી રીતે રહેલા છે અને हृदा-હૃદયથી તથા मनसा-મનથી अभिक्लृप्तः-ધ્યાનમાં લાવવા યોગ્ય છે. ये-જે (સાધકો) एतत्-આ વાતને विदुः-જાણે છે त-તેઓ अमृताः-અમર भवन्ति-બની જાય છે. (૧૭)

અનુવાદ :- આ જગતના કર્તા મહાત્મા પરમેશ્વર હંમેશ લોકોના હૃદયમાં સારી રીતે રહેલા છે અને હૃદયથી તથા મનથી ધ્યાનમાં લાવવા યોગ્ય છે. જે (સાધકો) આ વાતને જાણે છે તેઓ અમર બની જાય છે. (૧૭)

शाङ्करभाष्यम् :- एष इति । एष प्रकृतो देवो द्योतनात्मको विश्वकर्मा । महदादि विश्वं कर्म क्रियत इति कर्म मायावेशाद्विश्वरूपं कार्यमस्येति विश्वकर्मा । महांश्चासावात्मेति महात्मा सर्वव्यापीत्यर्थः । सदा सर्वदा जनानां हृदये परमे



व्योम्नि हृदाकाशे जलाद्युपाधिषु सूर्यप्रतिबिम्बवन्निविष्टः सम्यक्स्थित इत्येतत् । स एव साक्षिरूपेण हृदा 'हृञ् हरणे' इति स्मरणाद्धरतीति हृत्तेन हृदा नेति नेतीति निषेधोपदेशेन मनीषायं पुरुषार्थोऽयमपुरुषार्थोऽयमात्मायमनात्मेत्येतया विवेकबुद्ध्या मनसा विचारसाध्यैकत्वज्ञानेन चाभिक्लृप्तः प्रकाशितोऽखण्डैकरसत्वेनाभिव्यक्त इत्येतत् । ★ ये जनाः साधनचतुष्टयसंपन्नाः संन्यासिन एतत्तत्त्वमस्यादिवाक्यप्रतिपाद्यैकरूपमखण्डैकरसमिति यावद्विदुर्ब्रह्माहमस्मीत्यपरोक्षीकुर्युस्ते यथोक्तज्ञानिनोऽमृता भवन्त्यमरण-धर्माणः पुनरावृत्तिरहिता भवन्तीत्यर्थः ॥ १७ ॥

શાંકરભાષ્ય :- 'एष देवो' વગેરે. આ પ્રકૃત દેવ-દ્યોતનાત્મક પરમાત્મા વિશ્વકર્મા છે. મહદ્ વગેરે વિશ્વ કર્મ છે, આ કરવામાં આવે છે માટે કર્મ છે, માયાના સંસર્ગવશ વિશ્વરૂપ કાર્ય તેનું છે એટલા માટે આ વિશ્વકર્મા છે. તથા મહાન અને આત્મા હોવાને કારણે આ મહાત્મા અર્થાત્ સર્વવ્યાપી છે. આ સર્વદા જીવોના હૃદય-પરવ્યોમ એટલે હૃદયાકાશમાં જળાદિ ઉપાધિઓમાં સૂર્યપ્રતિબિંબ સમાન નિવિષ્ટ અર્થાત્ સમ્યક્ રૂપથી રહેલાં છે. તે સાક્ષીરૂપથી હૃદા - 'हृञ् हरणे' ('हृ' ધાતુ હરણાર્થક છે) એવી (ધાતુસૂત્રરૂપ) સ્મૃતિ હોવાને કારણે જે હરણ કરે તેનું નામ હૃત્ છે તેના દ્વારા એટલે 'नेति नेति' વગેરે નિષેધોપદેશથી, મનીષા - 'આ પુરુષાર્થ છે' અને આ અપુરુષાર્થ છે, આ આત્મા છે અને આ અનાત્મા છે' આ પ્રકારની વિવેકબુદ્ધિથી તથા મનસા-વિચાર સાધ્ય એકત્વજ્ઞાનથી અભિક્લૃપ્ત - પ્રકાશિત થતા - એટલે અખંડૈક રસ સ્વરૂપથી અભિવ્યક્ત થાય છે.

જે જન અર્થાત્ સાધન ચતુષ્ટયસંપન્ન સંન્યાસીગણ આને 'આ 'तत्त्वमसि' વગેરે વાક્યોથી પ્રતિપાદિત અખંડૈકરસરૂપ છે' આ પ્રકારે જાણે છે અર્થાત્ ''હું બ્રહ્મ છું'' આ પ્રકારે તેનો સાક્ષાત્કાર કરે છે તે આવી રીતે બતાવેલા જ્ઞાની લોકો અમૃત - અમરણધર્મા અર્થાત્ પુનરાવૃત્તિશૂન્ય થઈ જાય છે. (૧૭)

◆

शाङ्करभाष्यम् :- कालत्रयेऽपि मुक्तौ प्रलयादौ च परमात्मा कूटस्थ इति निश्चयाज्जाग्रत्स्वप्नयोरपि भ्रान्त्या सद्वितीयत्वावभासः । वस्तुतस्तु सदा निर्भेद एवेत्याह –

શાંકરભાષ્ય :- ત્રણેય કાળમાં તથા મુક્તિ અને પ્રલય વગેરેમાં પણ પરમાત્મા કૂટસ્થ જ છે - એવો નિશ્ચય થવાથી જાગ્રત અને સ્વપ્રમાં પણ ભ્રાંતિથી જ દ્વૈત પ્રતીત થાય છે, વસ્તુતઃ તો સર્વદા અભેદ જ છે, આ વાત શ્રુતિ બતાવે છે –

यदातमस्तन्न दिवा न रात्रिर्नसन्न चासञ्छिव एव केवलः ।
तदक्षरं तत्सवितुर्वरेण्यं प्रज्ञा च तस्मात्प्रसृता पुराणी ॥ १८ ॥

અન્વય અને શબ્દાર્થ :- यदा-જ્યારે अतमः-અંધકારનો અભાવ (થાય છે) तत्-ત્યારે न दिवा-નથી દિવસ હોતો, न रात्रिः-નથી રાત હોતી, न सत्-સત નથી હોતું, न असत्-અસત્ નથી હોતું, केवलः-ફક્ત शिवः एव-શિવ જ (પરમાત્મા જ) હોય છે. तत्-એ अक्षरम्-અવિનાશી છે, तत्-એ सवितुः-સૂર્યસ્વરૂપ वरेण्यम्-વરણ કરવા યોગ્ય છે च-અને तस्मात्-તેમનામાંથી पुराणी-પ્રાચીન प्रज्ञा-પ્રજ્ઞા प्रसृता-ફેલાઈ છે. (૧૮)

અનુવાદ :- જ્યારે અંધકારનો અભાવ (થાય છે) ત્યારે નથી દિવસ હોતો, નથી રાત હોતી, સત નથી હોતું, અસત્ નથી હોતું, શિવ જં (પરમાત્મા જ) હોય છે. એ અવિનાશી છે, એ સૂર્યસ્વરૂપ વરણ કરવા યોગ્ય છે અને તેમનામાંથી પ્રાચીન પ્રજ્ઞા ફેલાઈ છે. (૧૮)

शाङ्करभाष्यम् :- यदेति । यदा यस्यामवस्थायामतमो न तमोऽस्येत्यतमस्तत्त्वमस्यादिवाक्यजन्यज्ञानेन दीपस्थानीयेन दग्धाविद्या तत्कार्यरूपतमस्कत्वात्तदा तत्काले न दिवा दिवारोपोऽपि नास्ति न रात्रिस्तदारोपोऽपि नास्तीति सर्वत्रानुषङ्गः । न सन्सत्तारोपोऽपि । नासन्नभावारोपोऽपि । ★ तर्हि तत्त्वं सर्वत्र शून्यमेव जातमिति बौद्धमताविशेषमाशङ्क्याह-शिव एवेति । शिव एव शुद्धस्वभावो न शून्यमिति निपातार्थः । केवलोऽविद्याविकल्पशून्यः । तदक्षरं तदुक्तस्वरूपं न क्षरतीत्यक्षरं नित्यं तत्तत्पदलक्ष्यं सवितुरादित्यमण्डलाभिमानिनो वरेण्यं संभजनीयम् । प्रज्ञा गुरूपदेशात्तत्त्वमादिवाक्यजा बुद्धिः, चकार एवकारार्थः, तस्माच्छुद्धत्वहेतोः प्रसृता नित्यविवेकादिमत्सु संन्यासिषु व्याप्ता पूर्णत्वाकारेण पुराणी ब्रह्माणमारभ्य परम्परया प्राप्तानादिसिद्धा ॥ १८ ॥

શાંકરભાષ્ય :- 'यदा' વગેરે. જે અવસ્થામાં અતમ-જેમાં તમ (અજ્ઞાન) નથી એવો અતમ રહે છે. અર્થાત્ જ્યારે દીપકરૂપ તત્ત્વમસ્યાદિવાક્ય જનિત જ્ઞાનથી અવિદ્યા દગ્ધ થઈ જાય છે, કારણ કે તે પોતાના કાર્યરૂપ તમવાંળી છે, તે સમયે ન દિવસ-દિવસનો આરોપ થાય છે અને ન રાત્રિ-રાત્રિનોય આરોપ થાય છે. આ પ્રકારે 'आरोप' શબ્દનો સર્વની સાથે સંબંધ કરવો જોઈએ. અને ન સત્ - સત્તાનો આરોપ રહે છે ન અસત્ - અભાવનો આરોપ જ રહે છે.

ત્યારે તો સર્વત્ર શૂન્ય જ તત્ત્વ રહ્યું આ પ્રકારે બૌદ્ધમતના સાદશ્યની આશંકા કંરીને શ્રુતિ કહે છે - ''शिव एव'' વગેરે. તે સમયે શિવ એટલે શુદ્ધ સ્વભાવ પરમાત્મા જ રહે છે, શૂન્ય રહેતું નથી - આ અર્થ નિપાતથી ધ્વનિત થાય છે. તે કેવળ અર્થાત્ અવિદ્યારૂપ વિકલ્પથી રહિત, અક્ષર-તેના સ્વરૂપનો ક્ષય થતો નથી એટલા માટે અક્ષર એટલે નિત્ય, તત્-તત્પદનો લક્ષ્યાર્થ તથા સવિતા આદિત્યમંડલાભિમાની દેવતાના વરેણ્ય-વરણીય એટલે સમ્યક્ પ્રકારે ભજનીય છે. તે શુદ્ધત્વના હેતુથી પ્રજ્ઞા-ગુરુના ઉપદેશથી 'तत्त्वमसि' વગેરે વાક્યથી ઉત્પન્ન થનારી બુદ્ધિ પ્રસૂત થઈ છે અર્થાત્ નિત્ય પદાર્થના વિવેકાદિથી સંપન્ન સંન્યાસીઓમાં પૂર્ણત્વરૂપથી વ્યાપ્ત થઈ છે. તે પુરાણી એટલે બ્રહ્માથી આરંભ કરીને પરંપરાથી પ્રાપ્ત થઈ છે અર્થાત્ અનાદિસિદ્ધા છે. અહીં ચકાર એવના અર્થમાં છે. (૧૮)

⁂

कूटस्थस्य ब्रह्मण ऊर्ध्वादिषु दिक्षु केनाप्यपरिग्राह्यत्वमद्वितीयत्वात्केनाप्यतुलितत्वं कालदिगाद्यनवच्छिन्नयशोरूपत्वं चाह –

હવે (શ્રુતિ) એ બતાવે છે કે કૂટસ્થ બ્રહ્મ ઊર્ધ્વાદિ દિશાઓમાં કોઈનાથી પણ ગ્રાહ્ય નથી, અદ્વિતીય હોવાને કારણે કોઈ તેના સમાન નથી. તથા તે કાળ-દિગાદિથી અનવચ્છિન્ન યશ-સ્વરૂપ છે –

नैनमूर्ध्वं न तिर्यञ्चं न मध्ये परिजग्रभत् ।
न तस्य प्रतिमा अस्ति यस्य नाम महद्यशः ॥ १९ ॥

અન્વય અને શબ્દાર્થ :- एनम्-એ(પરમાત્મા)ને न ऊर्ध्वम्-ન ઉપરથી, न तिर्यञ्चम्-ન વાંકી બાજુથી, ઉ न मध्ये-ન વચમાંથી परिजग्रभत्-પકડી શકાય તેમ છે. यस्य-જેનો महद्-यशः-મહાન યશ છે અને नाम-નામ છે यस्य-તેની प्रतिमा-કોઈ મૂર્તિ न अस्ति-નથી. (૧૯)

અનુવાદ :- એ(પરમાત્મા)ને ન ઉપરથી, ન વાંકી બાજુથી, ન વચમાંથી પકડી શકાય તેમ છે. જેનો મહાન યશ છે અને નામ છે તેની કોઈ મૂર્તિ નથી. (૧૯)

शाङ्करभाष्यम् :- नैनमिति । एनं प्रकृतमपरिच्छिन्नरूपत्वान्निरंशत्वान्निरवयवत्वाच्चोर्ध्वादिषु दिक्षु कश्चिदपि न परिजग्रभत्परिग्रहीतुं न शक्नुयात् । तस्य तस्यैवेश्वरस्याखण्डसुखानुभवत्वादेतादृशद्वितीयाभावात्प्रतिमोपमा नास्ति । यस्य नाम महद्यशो यस्येश्वरस्य नामाभिधानं महद्दिगाद्यनवच्छिन्नं सर्वत्र परिपूर्णं यशः कीर्तिः ॥ १९ ॥

શાંકરભાષ્ય :- 'नैनम्' વગેરે. અપરિછિન્ન, નિરંશ અને નિરવયવ હોવાને કારણે આ પ્રકૃત બ્રહ્મને ઉર્ધ્વાદિ દિશાઓમાં કોઈ ગ્રહણ કરવા સમર્થ નથી. અખંડાનંદાનુભવરૂપ હોવાથી તેના સમાન કોઈ બીજો ન હોવાથી તે ઈશ્વરની કોઈ પ્રતિમા-ઉપમા નથી. જેનું નામ મહદ્યશ છે અર્થાત્ જે ઈશ્વરનું નામ-અભિધાન મહત્-દિગાદિથી અપરિમિત એટલે સર્વત્ર પૂર્ણ યશ-કીર્તિ છે. (૧૯)

⁂

ईशस्येन्द्रियाद्यविषयतां प्रत्यग्रूपतां तदैक्यज्ञानान्मोक्षतां चाह –

હવે (શ્રુતિ) ઈશ્વરની ઇન્દ્રિયાદિની અવિષયતા, પ્રત્યગ્રૂપતા અને તેની સાથે આત્માના એકત્વનું જ્ઞાન હોવાથી મોક્ષ પ્રાપ્તિનું વર્ણન કરે છે –

न संदृशे तिष्ठति रूपमस्य न चक्षुषा पश्यति कश्चनैनम् ।
हृदा हृदिस्थं मनसा य एनमेवं विदुरमृतास्ते भवन्ति ॥ २० ॥

અન્વય અને શબ્દાર્થ :- अस्य-આ(પરમાત્મા)નું रूपम्-રૂપ संदृशे-જોવા માટે न तिष्ठति-સામે આવીને ઊભું રહેતું નથી, एनम्-એ(પરમાત્મા)ને कञ्चन-કોઈ (પણ) चक्षुषा-આંખથી न पश्यति-જોઈ શકતો નથી.

ये-જે (સાધકો) **एनम्**-એને **हृदिस्थम्**-હૃદયમાં રહેલાને **हृदा**-હૃદયથી અને **मनसा**-મનથી **एवम्**-આ પ્રકારનો છે એમ **विदुः**-જાણે છે **ते**-તેઓ **अमृताः**-અમર **भवन्ति**-થઈ જાય છે. (૨૦)

અનુવાદ :- આ(પરમાત્મા)નું રૂપ જોવા માટે સામે આવીને ઊભું રહેતું નથી, એ(પરમાત્મા)ને કોઈ (પણ) આંખથી જોઈ શકતો નથી. જે (સાધકો) એને હૃદયમાં રહેલાને હૃદયથી અને મનથી આ પ્રકારનો છે એમ જાણે છે તેઓ અમર થઈ જાય છે. (૨૦)

शाङ्करभाष्यम् :- न संदृश इति । अस्य प्रकृतेश्वरस्य रूपं स्वरूपं रूपादिरहितं निर्विशेषं स्वप्रकाशाखण्डसुखानुभवं संदृशे चक्षुरादिग्रहणयोग्यप्रदेशे न तिष्ठति तद्विषयो न भवतीत्येतत् । इन्द्रियागोचरत्वादेवैनं प्रकृतं चक्षुरित्युपलक्षणम् । सर्वेन्द्रियैरपि कश्चन कोऽपि न पश्यति तद्विषयतया ग्रहीतुं न शक्नुयात् । **"यच्चक्षुषा न पश्यति येन चक्षूंषि पश्यति"** (के.उप. १-६) इत्यादिश्रुतेः । हृदा शुद्धबुद्ध्यैतद्व्याख्यातं मनसेति हृदिस्थं हृदाकाशगुहास्थं प्रत्यक्तया तत्रावस्थितं ये साधनचतुष्टयादियुक्ताः संन्यासिनो योग्याधिकारिण एनं प्रकृतं ब्रह्मात्मानमेवमित्थं ब्रह्माहमस्मीत्यपरोक्षेण विदुर्जानन्ति तेऽपरोक्षीकरणमहिम्नामृता भवन्त्यमरणधर्माणो भवन्ति । मरणहेत्वविद्यादेस्तत्त्वज्ञानाग्निना दग्धत्वात्पुनर्देहान्तरं न भजन्तीत्यर्थः ॥ २० ॥

શાંકરભાષ્ય :- 'न संदृशे' વગેરે. આ પ્રકૃત ઈશ્વરનું રૂપ અર્થાત્ રૂપાદિરહિત નિર્વિશેષ સ્વપ્રકાશ અખંડાનંદાનુભવમય સ્વરૂપ સંદશ-નેત્રાદિ ઇન્દ્રિયોથી ગ્રહણ કરવાને યોગ્ય પ્રદેશમાં રહેલું નથી, અર્થાત્ આ તેનો વિષય હોતો નથી. ઇન્દ્રિયોનો વિષય ન હોવાથી જ આ પ્રકૃત પરમાત્માને કોઈપણ નેત્રથી-નેત્ર અહીં સમસ્ત ઇન્દ્રિયોને ઉપલક્ષિત કરે છે - માટે કોઈપણ ઇન્દ્રિયથી જોઈ શકતા નથી. અર્થાત્ તેને ઇન્દ્રિયોના વિષયરૂપથી ગ્રહણ કરી શકતા નથી. **"જેને કોઈ નેત્ર દ્વારા જોઈ નથી શકતા પરંતુ જેની સત્તાથી નેત્ર જોઈ શકે છે."** (કે.ઉપ. ૧-૬) વગેરે શ્રુતિ આમાં પ્રમાણ છે. જે સાધન ચતુષ્ટયાદિ સંપન્ન સંન્યાસી એટલે યોગ્ય અધિકારી હૃદયસ્થિત-હૃદયાકાશરૂપ ગુફામાં રહેલા અર્થાત્ ત્યાં પ્રત્યેક રૂપથી વિદ્યમાન આ પ્રકૃત બ્રહ્મરૂપ આત્માને હૃદય-શુદ્ધ બુદ્ધિથી, 'मनसा' આ પ્રકારે પ્રત્યક્ષરૂપથી જાણે છે કે 'હું બ્રહ્મ છું' તેઓ તે સાક્ષાત્કારના મહિમાથી અમૃત-અમરણધર્મા થઈ જાય છે. તાત્પર્ય એ છે કે મરણના હેતુભૂત અજ્ઞાનાદિના તત્ત્વજ્ઞાનરૂપ અગ્નિથી બળી જવાને કારણે તે પુનઃ અન્ય દેહ ધારણ કરતાં નથી. (૨૦)

⁂

इदानीं तत्प्रसादादेवेष्टप्राप्तिपरिहाराविति मत्वा तमेव परमेश्वरं प्रार्थयते मन्त्रद्वयेन –

હવે એ માનીને કે તેની કૃપાથી ઇષ્ટ પ્રાપ્તિ અને અનિષ્ટ નિવૃત્તિ થઈ શકે છે બે મંત્રોથી તે પરમેશ્વરની જ સ્તુતિ કરે છે –

अजात इत्येवं कश्चिद्भीरुः प्रपद्यते ।
रुद्र यत्ते दक्षिणं मुखं तेन मां पाहि नित्यम् ॥ २१ ॥

અન્વય અને શબ્દાર્થ :- **रुद्र**-હે રુદ્રદેવ ! **अजातः**-આપ અજન્મા છો **इति एवम्**-એમ સમજીને **कश्चित्**-કોઈ (સાધક) **भीरु**-(જન્મ અને મરણથી) ડરીને **प्रपद्यते**-આપનું શરણ લે છે. (હું પણ એવો જ છું માટે) **ते**-આપનું **यत्**-જે **दक्षिणम्**-જમણું **मुखम्**-મુખ છે **तेन**-તેનાથી **नित्यम्**-સર્વદા **माम्**-મારું **पाहि**-આપ રક્ષણ કરો. (૨૧)

અનુવાદ :- હે રુદ્રદેવ ! આપ અજન્મા છો એમ સમજીને કોઈ (સાધક જન્મ અને મરણથી) ડરીને આપનું શરણ લે છે. (હું પણ એવો જ છું માટે) આપનું જે જમણું મુખ છે તેનાથી સર્વદા મારું આપ રક્ષણ કરો. (૨૧)

शाङ्करभाष्यम् :- अजात इति । इतिशब्दो हेत्वर्थः । यस्मात्त्वमेवाजातो जन्मजराशनायापिपासाधर्मवर्जितः । इतरत्सर्वं विनाशि दुःखान्वितम्, तस्माज्जन्मजरामरणाशनायापिपासाशोकमोहान्वितात्संसाराद्भीरुर्भीतः सन्कश्चिदेक एव परतन्त्रस्त्वामेव शरणं प्रपद्ये मादृशो वा कश्चित्प्रपद्यत इति प्रथमपुरुषमन्वधीयते । हे रुद्र यत्ते दक्षिणं मुखमुत्साहजननं ध्यातमाह्लादकरम् । अथवा दक्षिणस्यां दिशि भवं दक्षिणं मुखं तेन मां पाहि नित्यं सर्वदा ॥ २१ ॥

શાંકરભાષ્ય :- 'अजातः' વગેરે. મૂળમાં 'इति' શબ્દ હેતુવાચક છે. કારણ કે તમે જ અજાત એટલે જન્મ, જરા, ક્ષુધા, પિપાસા વગેરે ધર્મોથી રક્ષિત છો, અને સર્વ તો નાશવાન તેમજ દુઃખી છે, એટલા માટે જન્મ-જરા-મરણ, ક્ષુધા-પિપાસા તેમજ શોક-મોહાદિ પૂર્ણ સંસારથી ડરેલો છે એવો કોઈ એક હું પરતંત્ર જીવ તમારું જ શરણ લઉં છું, અથવા કોઈ મારા જેવો શરણ લે છે આ આશયથી આ ક્રિયાથી પ્રથમ પુરુષ સાથે સંબંધ કરી શકાય છે. માટે હે રુદ્ર ! તમારું જે ઉત્સાહજનક દક્ષિણ મુખ છે, જે ધ્યાન કરવાથી આનંદ ઉત્પન્ન કરનાર છે અથવા દક્ષિણ દિશામાં હોવાને કારણે જે દક્ષિણમુખ છે તેનાથી તમે નિત્ય - સર્વદા મારી રક્ષા કરો. (૨૧)

❖

किञ्च – તથા –

मा नस्तोके तनये मा न आयुषि मा नो गोषु मा नो अश्वेषु रीरिषः ।
वीरान्मा नो रुद्र भामितो वधीर्हविष्मन्तः सदमित्त्वा हवामहे ॥ २२ ॥

અન્વય અને શબ્દાર્થ :- **रुद्र**-હે રુદ્રદેવ ! **हविष्मन्तः**-(અમે) અનેક પ્રકારની હવિરૂપ ભેટ લઈને સદા-હંમેશા **इत्**-જ **त्वा**-આપને (અમારા રક્ષણ માટે) **हवामहे**-આવાહન આપીએ છીએ. માટે **भामित**-ગુસ્સે થઈ **मा नः तोके**-ન તો અમારા પુત્રોમાં **तनये**-કે પૌત્રોમાં, **मा नः आयुषि**-ન તો અમારા આયુષ્યમાં, **मा नः गोषु**-ન તો અમારા પશુઓમાં અને **मा नः अश्वेषु**-ન તો અમારા અશ્વોમાં **रीरिषः**-કોઈપણ જાતનો વિનાશ કર, **नः**-અમારા **वीरान्**-વીરપુરુષોનો **मा वधीः**-વધ કરીશ નહીં. (૨૨)

અનુવાદ :- હે રુદ્રદેવ ! (અમે) અનેક પ્રકારની હવિરૂપ ભેટ લઈને હંમેશા જ આપને (અમારા રક્ષણ માટે) આવાહન આપીએ છીએ. માટે ગુસ્સે થઈ, ન તો અમારા પુત્રોમાં કે પૌત્રોમાં, ન તો અમારા આયુષ્યમાં, ન તો અમારા પશુઓમાં અને ન તો અમારા અશ્વોમાં કોઈપણ જાતનો વિનાશ કર, અમારા વીરપુરુષોનો વધ કરીશ નહીં. (૨૨)

शाङ्करभाष्यम् :- मा न इति । मा रीरिष इति सर्वत्र संबध्यते । मा रीरिषः । रेषणं मरणं विनाशं मा कार्षीः । नोऽस्माकं तोके पुत्रे तनये पौत्रे न आयुषि मा नो गोषु मा नोऽश्वेषु शरीरिषु । ये चास्माकं वीरा विक्रामन्तो भृत्यास्तान्हे रुद्र भामितः क्रोधितः सन्मा वधीः । कस्मात् ? यस्माद्धविष्मन्तो हविषा युक्ताः सदम् इत् त्वा हवामहे सदैव रक्षणार्थमाह्वयाम इत्यर्थः ॥ २२ ॥

શાંકરભાષ્ય :- 'मा नः' વગેરે. 'मा रीरिषः' આ ક્રિયાપદનો સર્વની સાથે સંબંધ છે. मा रीरिषः-रेषण - મરણ એટલે વિનાશ ન કરો. અમારા 'तोके-' પુત્રમાં तनये - પૌત્રમાં, આયુમાં તથા ગાય અને અશ્વ વગેરે શરીરધારીઓમાં પણ ક્ષય ન કરો. અમારા જે વીર વિક્રમશીલ સેવક છે હે રુદ્ર ! તમે ક્રોધિત થઈને તેમનો પણ વધ ન કરો. કેમ ? કારણ કે અમે હવિષ્માન્-હવિથી યુક્ત થઈને સદાય તમારું આહ્વાન કરીએ છીએ અર્થાત્ તમને રક્ષાને માટે સર્વદા પોકારીએ છીએ. (૨૨)

❖

पञ्चम अध्याय

चतुर्थाध्यायशेषमपूर्वार्थं प्रतिपादयितुं पञ्चमोऽध्याय आरभ्यते द्वे अक्षरे इत्यादिना –

ચતુર્થ અધ્યાયમાં અવશિષ્ટ રહેલા અપૂર્વ વિષયનું પ્રતિપાદન કરવાને માટે 'द्वे अक्षरे' વગેરે મંત્રથી પાંચમો અધ્યાય આરંભ કરવામાં આવે છે –

द्वे अक्षरे ब्रह्मपरे त्वनन्ते विद्याविद्ये निहिते यत्र गूढे ।
क्षरं त्वविद्या ह्यमृतं तु विद्या विद्याविद्ये ईशते यस्तु सोऽन्यः ॥ १ ॥



અન્વય અને શબ્દાર્થ :- यत्र-જેમાં ब्रह्मापरे-બ્રહ્માથી પણ ઉત્તમ गूढे-છુપાયેલ अनन्ते-અનંત तु-અને अक्षरे-અક્ષર, અવિનાશી विद्याविद्ये-વિદ્યા અને અવિદ્યા द्वे-બંને निहिते-રહેલા છે તે બ્રહ્મ છે. क्षरम्-વિનાશશીલ तु-તો अविद्या-અવિદ્યા છે तु-પણ अमृतम्-અવિનાશશીલ हि-જ विद्या-વિદ્યા છે तु-અને यः-જે विद्याविद्ये-વિદ્યા અને અવિદ્યાનું ईशते-શાસન કરે છે सः-તે अन्यः-આ બંનેથી જુદું છે. (૧)

અનુવાદ :- જેમાં બ્રહ્માથી પણ ઉત્તમ છુપાયેલ અનંત અને અક્ષર, અવિનાશી વિદ્યા અને અવિદ્યા બંને રહેલા છે તે બ્રહ્મ છે. વિનાશશીલ તો અવિદ્યા છે પણ અવિનાશશીલ જ વિદ્યા છે અને જે વિદ્યા અને અવિદ્યાનું શાસન કરે છે તે આ બંનેથી જુદું છે. (૧)

शाङ्करभाष्यम् :- द्वे विद्याविद्ये यस्मिन्नक्षरे ब्रह्मणो हिरण्यगर्भात्परे ब्रह्मपरे परस्मिन्वा ब्रह्मण्यनन्ते देशतः कालतो वस्तुतो वापरिच्छिन्ने । यत्र यस्मिन्द्वे विद्याविद्ये निहिते स्थापिते गूढे अनभिव्यक्ते । विद्याविद्ये विविच्य दर्शयति-क्षरं त्वविद्या क्षरणहेतुः संसृतिकारणम् । अमृतं तु विद्या मोक्षहेतुः । यस्तु पुनर्विद्याविद्ये ईशते नियमयति स ताभ्यामन्यस्तत्साक्षित्वात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- જે અવિનાશી તેમજ અનંત એટલે દેશ, કાળ અથવા વસ્તુથી અપરિછિન્ન બ્રહ્મ પરમાં - બ્રહ્મા એટલે હિરણ્યગર્ભથી ઉત્કૃષ્ટ અથવા પરબ્રહ્મમાં વિદ્યા અને અવિદ્યા એ બંને ગૂઢ એટલે અવ્યક્ત ભાવથી રહેલાં છે. તે વિદ્યા અને અવિદ્યાને અલગ અલગ કરીને બતાવે છે - તેનામાં ક્ષર-ક્ષરણનો હેતુ એટલે સંસારનું કારણ તો અવિદ્યા છે અને અમૃત એટલે મોક્ષનો હેતુ વિદ્યા છે. અને જે વિદ્યા અને અવિદ્યાનું શાસન કરે છે તે તેમનો સાક્ષી હોવાથી તે બંનેથી ભિન્ન છે. (૧)

⁂

कोऽसावित्याह – તે કોણ છે ? તો બતાવે છે –

यो योनिं योनिमधितिष्ठत्येको विश्वानि रूपाणि योनीश्च सर्वाः ।
ऋषिं प्रसूतं कपिलं यस्तमग्रे ज्ञानैर्बिभर्ति जायमानं च पश्येत् ॥ २ ॥

અન્વય અને શબ્દાર્થ :- यः-જે एकः-અદ્વિતીય योनिम् योनिम्-દરેક યોનિ ઉપરને विश्वानि-સઘળા रूपाणि-રૂપો ઉપર તથા सर्वाः योनीः-સઘળા કારણો પર अधितिष्ठति-પોતાનું આધિપત્ય રાખે છે, यः-જે अग्रे-પહેલાં प्रसूतम्-ઉત્પન્ન થયેલ कपिलम् ऋषिम्-કપિલ ઋષિને (એટલે હિરણ્યગર્ભને) ज्ञानैः-(બધી જાતનાં) જ્ઞાનથી बिभर्ति-ભરી દે છે च-અને જેણે तम्-તે(કપિલ)ને जायमानम्-(પ્રથમ) ઉત્પન્ન થતા पश्येत्-જોયા હતા. (૨)

અનુવાદ :- જે અદ્વિતીય દરેક યોનિ ઉપરને સઘળા રૂપો ઉપર તથા સઘળા કારણો પર પોતાનું આધિપત્ય રાખે છે, જે પહેલાં ઉત્પન્ન થયેલ કપિલ ઋષિને (એટલે હિરણ્યગર્ભને) (બધી જાતનાં) જ્ઞાનથી ભરી દે છે અને જેણે તે(કપિલ)ને (પ્રથમ) ઉત્પન્ન થતા જોયા હતા. (૨)

शाङ्करभाष्यम् :- यो योनिमिति । यो योनिं योनिं स्थानं स्थानं "**यः पृथिव्यां तिष्ठन्**" (बृ.उप. ३-७-३) इत्यादिनोक्तानि पृथिव्यादीन्यधितिष्ठति नियमयति । एकोऽद्वितीयः परमात्मा विश्वानि रोहितादीनि रूपाणि योनीश्च प्रभवस्थानान्यधितिष्ठति । ऋषिं सर्वज्ञमित्यर्थः । कपिलं कनककपिलवर्णं प्रसूतं स्वेनैवोत्पादितं हिरण्यगर्भं जनयामास पूर्वमित्यस्यैव जन्मश्रवणात् । अन्यस्य चाश्रवणात् । उत्तरत्र "**यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै**" (श्वे.उप. ६-१८) इति वक्ष्यमाणत्वात् "**कपिलोऽग्रजः**" इति पुराणवचनात्कपिलो हिरण्यगर्भो वा निर्दिश्यते-

"कपिलर्षिर्भगवतः सर्वभूतस्य वै किल ।
विष्णोरंशो जगन्मोहनाशाय समुपागतः ॥"
"कृते युगे परं ज्ञानं कपिलादिस्वरूपधृत् ।
ददाति सर्वभूतात्मा सर्वस्य जगतो हितम् ॥"
"त्वं शक्रः सर्वदेवानां ब्रह्मा ब्रह्मविदामसि ।
वायुर्बलवतां देवो योगिनां त्वं कुमारकः ॥

ऋषीणां च वसिष्ठस्त्वं व्यासो वेदविदामसि ।
सांख्यानां कपिलो देवो रुद्राणामसि शङ्करः ॥''

इति परमर्षिः प्रसिद्धः ।

''ततस्तदानीं तु भुवनमस्मिन्प्रवर्तते कपिलं कवीनाम् । स षोडशास्त्रो पुरुषश्च विष्णोर्विराजमानं तमसः परस्तात्'' इति श्रूयते मुण्डकोपनिषदि । स एव वा कपिलः प्रसिद्धोऽग्रे सृष्टिकाले । यो ज्ञानैर्धर्मज्ञानवैराग्यैश्वर्यैर्विभर्ति बभार जायमानं च पश्येदपश्यदित्यर्थः ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'यो योनिम्' વગેરે. જે યોનિ-યોનિને સ્થાન-સ્થાનને અર્થાત્ **"જે પૃથ્વીમાં સ્થિત થઈને (પૃથ્વીનું શાસન કરે છે)"** (બૃ.ઉપ. ૩-૭-૨) વગેરે મંત્રથી કરેલા પૃથ્વી વગેરેને અધિષ્ઠિત-નિયમિત કરે છે તથા જે એક-અદ્વિતીય પરમાત્મા લોહિતાદિ સંપૂર્ણ રૂપોને અને યોનિઓ-ઉત્પત્તિસ્થાનોને અધિષ્ઠિત કરે છે, (જેણે) ઋષિ એટલે સર્વજ્ઞ પ્રસૂત-પોતાનાથી જ ઉત્પન્ન કરેલા કપિલ-સુવર્ણ સદશ કપિલવર્ણ હિરણ્યગર્ભને પહેલાં જન્મ આપ્યો હતો, કારણ કે આરંભમાં હિરણ્યગર્ભનો જ જન્મ શ્રુતિ પ્રતિપાદિત કરે છે, અન્ય(મહર્ષિ કપિલ)નો જન્મ બતાવતી નથી. કારણ, આગળ એ કહેવામાં આવશે કે **"જે આરંભમાં બ્રહ્માની રચના કરે છે અને તેના માટે વેદોને પ્રેરિત કરે છે."** (શ્વે.ઉપ. ૬-૧૮) **"કપિલ પહેલાં ઉત્પન્ન થનાર છે."** આ પુરાણ વચનથી પણ કપિલ એટલે હિરણ્યગર્ભનો જ નિર્દેશ કરવામાં આવ્યો છે.

"જગતનો મોહ નષ્ટ કરવાને માટે સર્વભૂતમય ભગવાન વિષ્ણુના જ અંશસ્વરૂપ મુનિવર કપિલે અવતાર લીધો છે." "સર્વભૂતાત્મા શ્રીહરિ સત્યયુગમાં કપિલાદિરૂપ ધારણ કરીને સંપૂર્ણ જગતને માટે હિતકર ઉત્કૃષ્ટ જ્ઞાન પ્રદાન કરે છે." "તમે સમસ્ત દેવતાઓમાં ઈન્દ્ર છો, બ્રહ્મવેત્તાઓમાં બ્રહ્મા છો, બળવાનોમાં વાયુદેવતા છો, યોગીઓમાં સનત્કુમાર છો, ઋષિઓમાં વસિષ્ઠ છો, વેદવેત્તાઓમાં વ્યાસ છો, જ્ઞાન યોગીઓમાં કપિલદેવ છો અને રુદ્રોમાં મહાદેવ છો" વગેરે પુરાણ વચનોમાં કપિલ નામથી મહર્ષિ કપિલ જ પ્રસિદ્ધ છે.

અથવા "ततस्तादानीं तु भुवनमस्मिन् प्रवर्तते कपिलं कवीनाम् । स षोडशास्त्रः पुरुषश्च विष्णोर्विराजमानं तमसः परस्तात् ।"* આ મુંડકોપનિષદ્‌ની શ્રુતિ અનુસાર તે હિરણ્યગર્ભ જ પૂર્વકાળમાં સૃષ્ટિના સમયે 'કપિલ' નામથી પ્રસિદ્ધ થયા. જેને પરમાત્માને પોતાના જ્ઞાનોથી - ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યોથી યુક્ત કર્યા અને ઉત્પન્ન થતાં જોયાં. (૨)

❖

किञ्च – तथा –

एकैकं जालं बहुधा विकुर्वन्नस्मिन्क्षेत्रे संहरत्येष देवः ।
भूयः सृष्ट्वा पतयस्तथेशः सर्वाधिपत्यं कुरुते महात्मा ॥ ३ ॥

અન્વય અને શબ્દાર્થ :- **एषः-આ देवः-દેવ अस्मिन् क्षेत्रे-આ ક્ષેત્રમાં एकैकम्-એક એક जालम्-જાલને** (બુદ્ધિ વગેરે તત્ત્વોને) **बहुधा-અનેક પ્રકારે कुर्वन्-જુદાં કરીને તેનો संहरति-**(સમય આવે) સંહાર કરે છે. **महात्मा-એ મહાત્મા ईशः-ઈશ્વર भूयः-ફરીથી तथा-તે રીતે पतयः-લોકપાલો-દિશાના સ્વામીઓ सृष्ट्वा-સર્જીને सर्वाधिपत्यम्-દરેક ઉપર આધિપત્ય कुरुते-કરે છે.** (૩)

અનુવાદ :- આ દેવ આ ક્ષેત્રમાં એક એક જાલને (બુદ્ધિ વગેરે તત્ત્વોને) અનેક પ્રકારે જુદાં કરીને તેનો (સમય આવે) સંહાર કરે છે. એ મહાત્મા ઈશ્વર ફરીથી તે રીતે લોકપાલો-દિશાના સ્વામીઓ સર્જીને દરેક ઉપર આધિપત્ય કરે છે. (૩)

शाङ्करभाष्यम् :- एकैकमिति । सुरनरतिर्यगादीनां सृजति जालमेकैकं प्रत्येकं बहुधा नानाप्रकारं विकुर्वन्सृष्टिकालेऽस्मिन्मायात्मके क्षेत्रे संहरत्येष देवः । भूयः पुनर्ये लोकानां पतयो मरीच्यादयस्तान्सृष्ट्वा तथा यथा पूर्वस्मिन्कल्पे सृष्टवानीशः सर्वाधिपत्यं कुरुते महात्मा ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'एकैकम्' વગેરે. આ દેવ એ માયામય ક્ષેત્રમાં સૃષ્ટિના સમયે દેવતા, મનુષ્ય તેમજ તિર્યગાદિના એક

★. આ મંત્ર મુંડકોપનિષદમાં નથી, વળી એનો અર્થ પણ સ્પષ્ટ થતો નથી. - સંપાદક



એક જાળને વિવિધ પ્રકારથી વિકૃત કરીને રચે છે અને પછી સંહાર કરી દે છે. પછી આ ઈશ્વર મહાત્મા, જે પ્રકારે આણે પૂર્વકલ્પમાં મરીચિ વગેરે જે લોકાધ્યક્ષ છે તેને રચ્યા હતા તે પ્રકારે ફરીથી રચીને તે સર્વનું આધિપત્ય કરે છે. (૩)

❖

किञ्च – तथा –

सर्वा दिश ऊर्ध्वमधश्च तिर्यक्प्रकाशयन्भ्राजते यद्वनड्वान् ।
एवं स देवो भगवान्वरेण्यो योनिस्वभावानधितिष्ठत्येकः ॥ ४ ॥

અન્વય અને શબ્દાર્થ :- यत् उ-જે રીતે अनड्वान्-સૂર્ય (એકલો) सर्वाः-સઘળી दिशः-દિશાઓ ऊर्ध्वम्-ઉપર अधः-નીચે च-અને तिर्यक्-વાંકી-ચૂંકી प्रकाशयन्-પ્રકાશિત કરતો भ्राजते-શોભે છે एवम्-એ રીતે सः-તે भगवान्-ભગવાન, પરમાત્મા वरेण्यः-પસંદ કરવા યોગ્ય देवः-દેવ एकः-એકલો योनिस्वभावान्-યોનિ-કારણરૂપ શક્તિઓ ઉપર अधितिष्ठति-આધિપત્ય ધારણ કરે છે. (૪)

અનુવાદ :- જે રીતે સૂર્ય (એકલો) સઘળી દિશાઓ ઉપર નીચે અને વાંકી-ચૂંકી પ્રકાશિત કરતો શોભે છે એ રીતે તે ભગવાન, પરમાત્મા પસંદ કરવા યોગ્ય દેવ એકલો યોનિ-કારણરૂપ શક્તિઓ ઉપર આધિપત્ય ધારણ કરે છે. (૪)

शाङ्करभाष्यम् :- सर्वा दिश इति । सर्वा दिशः प्राच्याद्या ऊर्ध्वमुपरिष्टादधश्चाधस्तात्तिर्यक्पार्श्वदिशश्च प्रकाशयन् स्वात्मचैतन्यज्योतिषा प्रकाशते भ्राजते दीप्यते ज्योतिषा यदु अनड्वान्यद्वदित्यर्थः । यथानड्वानादित्यो जगच्चक्रावभासने युक्त एवं स देवो द्योतनस्वभावो भगवानैश्वर्यादिसमन्वितो वरेण्यो वरणीयः संभजनीयो योनिः कारणं कुत्स्नस्य जगतः स्वभावान् स्वात्मभूतान्पृथ्व्यादीन्भावानथ वा कारणस्वभावान्कारणभूतान्पृथिव्यादीनधितिष्ठति नियमयति । एकोऽद्वितीयः परमात्मा ॥ ४ ॥

શાંકરભાષ્ય :- 'सर्वा दिशः' વગેરે. આ પૂર્વાદિ સમસ્ત દિશાઓને અર્થાત્ ઉપરનીચે અને આજુબાજુની દિશાઓને પ્રકાશિત કરતાં કરતાં પોતાના સ્વરૂપભૂત ચિત્પ્રકાશથી ભ્રાજિત એટલે પ્રકાશિત થાય છે જેમકે અનડવાન્ અને જે પ્રકારે અનડ્વાન્ એટલે સૂર્ય જગત ચક્રને પ્રકાશિત કરવામાં લાગેલા છે તે પ્રકારે તે દેવદ્યોતનસ્વભાવ, ભગવાન-ઐશ્વર્યાદિ સંપન્ન અને વરેણ્ય-વરણીય-સંભજનીય યોનિ એટલે કારણ એક અદ્વિતીય પરમાત્મા સંપૂર્ણ જગતના સ્વભાવ એટલે સ્વાત્મભૂત પૃથ્વી વગેરે ભાવોને (અધિષ્ઠિત કરે છે). અથવા 'योनिस्वभावान्' (એવું સમસ્ત પદ માનવામાં આવે તો) કારણ સ્વભાવ એટલે કારણભૂત પૃથ્વી વગેરેને અધિષ્ઠિત-નિયમિત કરે છે. (૪)

❖

यच्च स्वभावं पचति विश्वयोनिः पाच्यांश्च सर्वान्परिणामयेद्यः ।
सर्वमेतद्विश्वमधितिष्ठत्येको गुणांश्च सर्वान्विनियोजयेद्यः ॥ ५ ॥

અન્વય અને શબ્દાર્થ :- यत्-જે विश्वयोनिः-સહુનું કારણ च-અને स्वभावम्-સ્વભાવને पचति-પકાવે છે च-અને यः-જે सर्वान्-સઘળા पाच्यान्-પકાવા યોગ્ય પદાર્થોમાં परिणामयेत्-પરિણામ લાવે છે અને यः-જે एकः-એકલો सर्वान्-બધા गुणान्-ગુણોને विनियोजयेत्-એકઠાં કરે છે च-અને एतत्-આ सर्वम्-સમગ્ર विश्वम्-વિશ્વનું अधितिष्ठति-શાસન કરે છે (એ પરમાત્મા છે). (૫)

અનુવાદ :- જે સહુનું કારણ અને સ્વભાવને પકાવે છે અને જે સઘળા પકાવા યોગ્ય પદાર્થોમાં પરિણામ લાવે છે અને જે એકલો બધા ગુણોને એકઠાં કરે છે અને આ સમગ્ર વિશ્વનું શાસન કરે છે (એ પરમાત્મા છે). (૫)

शाङ्करभाष्यम् :- यच्च स्वभावमिति । यच्च यश्चेति लिङ्गव्यत्ययः । स्वभावं यदग्नेरौष्ण्यं पचति निष्पादयति विश्वस्य जगतो योनिः । पाच्यांश्च पाकयोग्यान्पृथिव्यादीन्परिणामयेद्यः । सर्वमेतद्विश्वमधितिष्ठति नियमयत्येकः । गुणांश्च सत्त्वरजस्तमोरूपान्विनियोजयेद्यः । एवंलक्षणः ॥ ५ ॥

શાંકરભાષ્ય :- 'यच्च स्वभावम्' વગેરે. (અહીં વૈદિક પ્રક્રિયા અનુસાર) 'यश्च' આ પુંલિંગના સ્થાનમાં 'यच्च' આ પ્રકારે લિંગ વ્યત્યય થયો છે. જે સ્વભાવને એટલે અગ્નિના ઉષ્ણત્વને પકાવે-નિષ્પન્ન કરે છે, વિશ્વ-જગતનું કારણ છે અને પાચ્ય એટલે પાક (પરિણામ) યોગ્ય પૃથ્વી વગેરેનું પરિણામ કરે છે, જે એકલો જ આ સંપૂર્ણ વિશ્વને અધિષ્ઠિત-નિયમિત કરે છે તથા જે સત્ત્વ, રજ તેમજ તમોરૂપ ગુણોને નિયુક્ત કરે છે - એવા લક્ષણોવાળા પરમાત્મા છે. (૫)

❖

किञ्च – તથા –

तद्वेदगुह्योपनिषत्सु गूढं तद्ब्रह्मा वेदते ब्रह्मयोनिम् ।
ये पूर्वदेवा ऋषयश्च तद्विदुस्ते तन्मया अमृता वै बभूवुः ॥ ६ ॥

અન્વય અને શબ્દાર્થ :- तत्-તે वेदगुह्योपनिषत्सु-વેદોના રહસ્યમય ઉપનિષદોમાં गूढम्-છૂપાયેલ છે, ब्रह्मयोनिम्-વેદોનું ઉત્પત્તિસ્થાન એવા तत्-તેને ब्रह्मा-બ્રહ્મા वेदते-જાણે છે. ये-જે पूर्वदेवाः-પૂર્વેના દેવો च-અને ऋषयः-ઋષિઓ तत्-તે(પરમેશ્વર)ને विदुः-જાણે છે તે वै-તેઓ અવશ્ય तन्मया-તેમાં તન્મય બની अमृताः-અમર बभूवुः-થઈ ગયા. (૬)

અનુવાદ :- તે વેદોના રહસ્યમય ઉપનિષદોમાં છૂપાયેલ છે, વેદોનું ઉત્પત્તિસ્થાન એવા તેને બ્રહ્મા જાણે છે. જે પૂર્વેના દેવો અને ઋષિઓ તે(પરમેશ્વર)ને જાણે છે તેઓ અવશ્ય તેમાં તન્મય બની અમર થઈ ગયા. (૬)

शाङ्करभाष्यम् :- तदिति । तत्प्रकृतमात्मस्वरूपं वेदानां गुह्योपनिषदो वेदगुह्योपनिषदस्तासु वेदगुह्योपनिषत्सु गूढं संवृतम् । ब्रह्मा हिरण्यगर्भो वेदते जानाति ब्रह्मयोनिं वेदप्रमाणकमित्यर्थः । अथवा ब्रह्मणो हिरण्यगर्भस्य योनिं वेदस्य वा ये पूर्वदेवा रुद्रादय ऋषयश्च वामदेवादयस्तद्विदुस्ते तन्मयास्तदात्मभूताः सन्तोऽमृता अमरणधर्माणो बभूवुः । तथेदानीन्तनोऽपि तमेव विदित्वामृतो भवतीति वाक्यशेषः ॥ ६ ॥

શાંકરભાષ્ય :- 'तद्वेद' વગેરે. તે પ્રકૃત એટલે જેની ચર્ચા ચાલે છે તે આત્માનું સ્વરૂપ વેદોના ગુહ્યભાગ જે ઉપનિષદ્ છે તે વેદગુહ્યોપનિષદોમાં ગૂઢ-છુપાયેલું છે. તે બ્રહ્મયોનિ એટલે વેદપ્રમાણક આત્માને બ્રહ્મા જાણે છે, અથવા બ્રહ્મ એટલે હિરણ્યગર્ભના કારણ અથવા વેદના કારણભૂત તે આત્માને જે રુદ્રાદિ પૂર્વદેવ અને વામદેવાદિ ઋષિગણ જાણતા હતા તે તન્મય-તત્સ્વરૂપ થઈને અમૃત-અમરણધર્મા થઈ ગયા. આ પ્રકારે આધુનિક પુરુષ પણ તેને જાણીને અમર થઈ જાય છે - આ વાક્ય શેષ છે. (૬)

❖

एतावता तत्पदार्थ उपवर्णितः । अथेदानीं त्वंपदार्थमुपवर्णयितुमुत्तरे मन्त्राः प्रस्तूयन्ते –

આટલા ગ્રંથથી તત્પદાર્થનું વર્ણન કરવામાં આવ્યું. હવે અહીંથી त्वं પદાર્થનું નિરૂપણ કરવા માટે આગળના મંત્રો પ્રસ્તુત કરવામાં આવે છે –

गुणान्वयो यः फलकर्मकर्ता कृतस्य तस्यैव स चोपभोक्ता ।
स विश्वरूपस्त्रिगुणस्त्रिवर्त्मा प्राणाधिपः संचरति स्वकर्मभिः ॥ ७ ॥

અન્વય અને શબ્દાર્થ :- यः-જે गुणान्वयः-ગુણોથી જોડાયેલો છે सः-તે फलकर्मकर्ता-ફળને માટે કર્મોને કરનારો જીવ एव-જ तस्य-તેના પોતાના कृतस्य-કરેલા કર્મોનો उपभोक्ता-ઉપભોગ કરનારો છે, विश्वरूपः-જુદા જુદા રૂપોમાં પ્રગટ થનારો, त्रिगुणः-ત્રણે ગુણોવાળો त्रिवर्त्मा-ત્રણ માર્ગોથી ગમન કરનારો सः-તે प्राणाधिपः-પ્રાણોનો સ્વામી स्वकर्मभिः-પોતાના કર્મો અનુસાર संचरति-જુદી જુદી યોનિઓમાં સંચાર કરે છે, ભટકે છે. (૭)

અનુવાદ :- જે ગુણોથી જોડાયેલો છે તે ફળને માટે કર્મોને કરનારો જીવ જ તેના પોતાના કરેલા કર્મોનો ઉપભોગ કરનારો છે, જુદા જુદા રૂપોમાં પ્રગટ થનારો, ત્રણે ગુણોવાળો ત્રણ માર્ગોથી ગમન કરનારો તે પ્રાણોનો સ્વામી પોતાના કર્મો અનુસાર જુદી જુદી યોનિઓમાં સંચાર કરે છે, ભટકે છે. (૭)

शाङ्करभाष्यम् :- गुणान्वय इति । गुणैः कर्मज्ञानकृतवासनामयैरन्वयो यस्य सोऽयं गुणान्वयः । फलार्थस्य कर्मणः कर्ता तस्य कर्मफलस्य स एवोपभोक्ता । स विश्वरूपो नानारूपः कार्यकारणोपचितत्वात् । त्रयः सत्त्वादयो गुणा अस्येति त्रिगुणः । त्रयो देवयानादयो मार्गभेदा अस्येति त्रिवर्त्मा धर्माधर्मज्ञानमार्गभेदा अस्येति वा । प्राणस्य पञ्चवृत्तेरधिपः संचरति । कैः ? स्वकर्मभिः ॥ ७ ॥

શાંકરભાષ્ય :- 'गुणान्वयः' વગેરે. જેનો કર્મ તેમજ જ્ઞાનજનિત વાસનામય ગુણોની સાથે સંબંધ છે તે આ જીવ ગુણાન્વય છે, તે ફળને માટે કર્મ કરનાર છે અને તે કરેલાં કર્મના ફળને ભોગવનાર પણ છે. કાર્યકારણ ભાવથી (વિવિધ દેહ ધારણ કરીને) વૃદ્ધિને પ્રાપ્ત થવાથી તે વિશ્વરૂપ-વિવિધ રૂપ છે. સત્ત્વાદિ ત્રણે ગુણ તેના જ છે એટલા માટે આ ત્રિગુણ છે. તેના દેવયાન વગેરે ત્રણ માર્ગભેદ છે. અથવા ધર્મ, અધર્મ અને જ્ઞાનરૂપ તેના ત્રણ માર્ગ છે એટલા માટે આ ત્રિવર્ત્મા છે. આ પાંચ વૃત્તિઓવાળા પ્રાણનો અધિપતિ સંચાર કરે છે કોના દ્વારા ? પોતાના કર્મો દ્વારા (૭)

❖

अङ्गुष्ठमात्रो रवितुल्यरूपः सङ्कल्पाहङ्कारसमन्वितो यः ।
बुद्धेर्गुणेनात्मगुणेन चैव आराग्रमात्रो ह्यपरोऽपि दृष्टः ॥ ८ ॥

અન્વય અને શબ્દાર્થ :- यः-જે अंगुष्ठमात्रः-અંગુઠા જેટલો, रवितुल्यरूपः-સૂર્ય જેવા (તેજસ્વી) રૂપવાળો અને संकल्पाहंकारसमन्वितः-સંકલ્પ અને અહંકારથી યુક્ત बुद्धेः-બુદ્ધિના गुणेन-ગુણથી च-અને आत्मगुणेन-પોતાના ગુણથી एव-જ आराग्रमात्रः-સોયના અગ્રભાગ જેટલો તે अपरः-(પરમાત્માથી) જુદો એવો (જીવ) अपि-પણ हि-નિઃસંદેહ दृष्टः-(જ્ઞાનીઓ વડે) જોવામાં આવ્યો છે. (૮)

અનુવાદ :- જે અંગુઠા જેટલો, સૂર્ય જેવા (તેજસ્વી) રૂપવાળો અને સંકલ્પ અને અહંકારથી યુક્ત બુદ્ધિના ગુણથી અને પોતાના ગુણથી જ સોયના અગ્રભાગ જેટલો તે (પરમાત્માથી) જુદો એવો (જીવ) પણ નિઃસંદેહ (જ્ઞાનીઓ વડે) જોવામાં આવ્યો છે. (૮)

शाङ्करभाष्यम् :- अङ्गुष्ठमात्र इति । अङ्गुष्ठमात्रोऽङ्गुष्ठपरिमितहृदयसुषिरापेक्षया । रवितुल्यरूपो ज्योतिःस्वरूप इत्यर्थः । सङ्कल्पाहङ्कारादिना समन्वितो बुद्धेर्गुणेनात्मगुणेन च जरादिना । उक्तं च **"जरामृत्यू शरीरस्य"** इति । आराग्रमात्रः प्रतोदाग्रप्रोतलोहकण्टकाग्रमात्रोऽपरोऽपि ज्ञानात्मनात्मा दृष्टोऽवगतः । अपिशब्दः सम्भावनायाम् । अपरोऽप्यौपाधिको जलसूर्य इव जीवात्मा संभावित इत्यर्थः ॥ ८ ॥

શાંકરભાષ્ય :- 'अङ्गुष्ठमात्रः' વગેરે. અંગૂષ્ઠમાત્ર અર્થાત્ હૃદયગુહાની અપેક્ષાથી અંગૂઠાની બરાબર પરિમાણવાળા, રવિતુલ્યરૂપ અર્થાત્ જ્યોતિ સ્વરૂપ, બુદ્ધિના ગુણ સંકલ્પ અને અહંકાર વગેરેથી યુક્ત તથા શરીરના ગુણ જરાદિથી પણ સંપન્ન, "જરા અને મૃત્યુ શરીરના ધર્મ છે" એવું કહ્યું પણ છે. આરાગ્રમાત્ર-ભમરડાના અગ્રભાગમાં લગાવેલો જે લોખંડનો કાંટો (ખીલી) હોય છે તેની અણીના બરાબર અન્ય પણ એટલે આત્મા પણ જ્ઞાનકૃત્ય સ્વરૂપથી જોઈ-જાણી ગયા છે. અહીં 'अपि' શબ્દ સંભાવનામાં છે, તાત્પર્ય એ છે કે જળમાં પ્રતિબિંબિત સૂર્ય સમાન ઉપાધિથી અન્ય જીવાત્મા પણ હોવાનો સંભવ છે. (૮)

❖

पुनरपि दृष्टान्तान्तरेण दर्शयति –

बालाग्रशतभागस्य शतधा कल्पितस्य च ।
भागो जीवः स विज्ञेयः स चानन्त्याय कल्पते ॥ ९ ॥

અન્વય અને શબ્દાર્થ :- बालाग्रशतभागस्य-વાળના અગ્રભાગના સોમા ભાગ જેવો च-અને शतधा-સો ભાગોમાં कल्पितस्य-કલ્પના કરવામાં આવે ત્યારે भागः-જે ભાગ થાય सः-તેના બરાબર जीवः-જીવને विज्ञेयः-જાણવો જોઈએ च-અને सः-તે आनन्त्याय-અનન્ત (અંત વિનાનો થવા) कल्पते-સમર્થ છે. (૯)

અનુવાદ :- વાળના અગ્રભાગના સોમા ભાગ જેવો અને સો ભાગોમાં કલ્પના કરવામાં આવે ત્યારે જે ભાગ થાય તેના બરાબર જીવને જાણવો જોઈએ અને તે અનન્ત (અંત વિનાનો થવા) સમર્થ છે. (૯)

शाङ्करभाष्यम् :- बालाग्रेति । बालाग्रस्य शतकृत्वो भेदमापादितस्य यो भागस्तस्यापि शतधा कल्पितस्य भागो जीवः स विज्ञेयः । लिङ्गस्यातिसूक्ष्मत्वात् तत्परिमाणेनायं व्यपदिश्यते । स च जीवस्वरूपेणः आनन्त्याय कल्पते स्वतः ॥ ९ ॥

શાંકરભાષ્ય :- 'वालाग्र' વગેરે. સો ભાગોમાં વિભક્ત કરેલા વાળના અગ્રભાગનો જે એક ભાગ છે તેના પણ સો ભાગ કરવામાં આવતાં જે ભાગ થાય છે તેના સમાન જીવને સમજવો જોઈએ. લિંગદેહ અત્યંત સૂક્ષ્મ છે, એટલા માટે તેના પરિમાણ અનુસાર જ તેનું પરિમાણ બતાવવામાં આવે છે. જીવસ્વરૂપથી તે આવો છે, પરંતુ સ્વતઃ (પોતાના પરમાર્થરૂપથી) તે અનંત થઈ જાય છે. (૯)

⁂

किञ्च – તથા –

नैव स्त्री न पुमानेष न चैवायं नपुंसकः ।
यद्यच्छरीरमादत्ते तेन तेन स रक्ष्यते ॥ १० ॥

અન્વય અને શબ્દાર્થ :- एषः-આ જીવાત્મા न एव स्त्री-સ્ત્રી નથી, न पुमान्-પુરુષ નથી અને न अयं नपुंसकः एव-નપુંસક પણ નથી જ. सः-તે यत् यत्-જે-જે शरीरम्-શરીર आदत्ते-ધારણ કરે છે तेन तेन-તે-તે (જાતિ સાથે) युज्यते-જોડાય છે. (૧૦)

અનુવાદ :- આ જીવાત્મા સ્ત્રી નથી, પુરુષ નથી અને નપુંસક પણ નથી જ. તે જે-જે શરીર ધારણ કરે છે તે-તે (જાતિ સાથે) જોડાય છે. (૧૦)

शाङ्करभाष्यम् :- नैव स्त्रीति । स्वतोऽद्वितीयापरोक्षब्रह्मात्मस्वभावत्वान्नैव स्त्री न पुमानेष नैव चायं नपुंसकः । यद्यत्स्त्रीशरीरं पुरुषशरीरं नपुंसकशरीरं वादत्ते तेन तेन स च विज्ञानात्मा रक्ष्यते संरक्ष्यते तत्तद्धर्मानात्मन्यध्यस्याभिमन्यते स्थूलोऽहं कृशोऽहं पुमानहं स्त्र्यहं नपुंसकोऽहमिति ॥ १० ॥

શાંકરભાષ્ય :- 'नैव स्त्री' વગેરે. સ્વયં સાક્ષાત્ અદ્વિતીય બ્રહ્મસ્વરૂપ હોવાને કારણે આ ન સ્ત્રી છે, ન પુરુષ છે અને ન નપુંસક પણ છે. આ જે જે સ્ત્રીશરીર, પુરુષ શરીર અથવા નપુંસકશરીરને ધારણ કરે છે તેનાથી આ વિજ્ઞાનાત્મા રક્ષિત-સુરક્ષિત રહે છે, અર્થાત્ તે તે શરીરના ધર્મોને પોતાનામાં આરોપિત કરીને એવું માનવા લાગે છે કે ''હું સ્થૂળ છું, હું કૃશ છું, હું પુરુષ છું, હું સ્ત્રી છું, હું નપુંસક છું'' વગેરે. (૧૦)

⁂

केन तर्ह्यसौ शरीराण्यादत्ते ? इत्याह – તો પછી આ કયા કારણથી શરીર ધારણ કરે છે ? તો બતાવે છે –

सङ्कल्पनस्पर्शनदृष्टिमोहैर्ग्रासाम्बुवृष्ट्या चात्मविवृद्धिजन्म ।
कर्मानुगान्यनुक्रमेण देही स्थानेषु रूपाण्यभिसंप्रपद्यते ॥ ११ ॥

અન્વય અને શબ્દાર્થ :- संकल्पनस्पर्शनदृष्टिमौहेः-સંકલ્પ, સ્પર્શ, દૃષ્ટિ અને મોહથી च-તથા ग्रासाम्बुवृष्ट्या-ભોજન, પાણી અને વર્ષાથી आत्मविवृद्धिजन्म-(જીવના) શરીરની વૃદ્ધિ અને જન્મ થાય છે. देही-જેને દેહ છે તેવો જીવાત્મા स्थानेषु-લોકોમાં कर्मानुगामि-તેના કર્મો અનુસાર પ્રાપ્ત થનારા रूपाणि-જુદા જુદા રૂપોને अनुक्रमेण-ક્રમાનુસાર अभिसम्प्रपद्यते-વારંવાર પ્રાપ્ત થાય છે. (૧૧)

અનુવાદ :- સંકલ્પ, સ્પર્શ, દૃષ્ટિ અને મોહથી તથા ભોજન, પાણી અને વર્ષાથી (જીવના) શરીરની વૃદ્ધિ અને જન્મ થાય છે. જેને દેહ છે તેવો જીવાત્મા લોકોમાં તેના કર્મો અનુસાર પ્રાપ્ત થનારા જુદા જુદા રૂપોને ક્રમાનુસાર વારંવાર પ્રાપ્ત થાય છે. (૧૧)

शाङ्करभाष्यम् :- सङ्कल्पनेति । प्रथमं सङ्कल्पनम् । ततः स्पर्शनं त्वगिन्द्रियव्यापारः । ततो दृष्टिविधानम् । ततो मोहः । तैः सङ्कल्पनस्पर्शनदृष्टिमोहैः शुभाशुभानि कर्माणि निष्पद्यन्ते । ततः कर्मानुगानि कर्मानुसारीणि स्त्रीपुंनपुंसकलक्षणान्यनुक्रमेण परिपाकापेक्षया देही मर्त्यः स्थानेषु देवतिर्यङ्मनुष्यादिष्वभिसंप्रपद्यते । तत्र दृष्टान्तमाह-ग्रासाम्बुनोरन्नपानयोरनियतयोर्वृष्टिरासेचनं निदानमात्मनः शरीरस्य वृद्धिर्जायते यथा तद्वदित्यर्थः ॥ ११ ॥

શાંકરભાષ્ય :- 'सङ्कल्पन' વગેરે. પહેલાં સંકલ્પ થાય છે, પછી સ્પર્શ એટલે ત્વગિન્દ્રિયનો વેપાર થાય છે, તે પછી દૃષ્ટિ જાય છે, તેના પછી મોહ થાય છે. તે સંકલ્પ, સ્પર્શ, દર્શન અને મોહથી શુભ અશુભ કર્મ સંપન્ન થાય છે. પછી કર્માનુગત એટલે કર્મો અનુસાર અનુક્રમથી-કર્મવિપાકની અપેક્ષાએ આ દેહી જીવનની સ્ત્રી, પુરુષ તેમજ નપુંસકાદિ રૂપોને દેવતા, તિર્યક્ તેમજ મનુષ્યાદિ સ્થાનો(યોનિઓ)ને પ્રાપ્ત કરે છે. તેમાં દૃષ્ટાંત આપે છે, જે પ્રકારે ગ્રાસ અને અમ્બુ એટલે અનિયત અન્ન અને જળની વૃષ્ટિ-તેનું સમ્યક્ સેચન આત્માનું નિદાન છે, અર્થાત્ તેનાથી શરીરની વૃદ્ધિ થાય છે તે પ્રકારે (જીવને કર્મો દ્વારા તદનુકૂળ શરીરોની પ્રાપ્તિ થાય છે) આવો આનો અભિપ્રાય છે. (૧૧)

❖

स्थूलानि सूक्ष्माणि बहूनि चैव रूपाणि देही स्वगुणैर्वृणोति ।
क्रियागुणैरात्मगुणैश्च तेषां संयोगहेतुरपरोऽपि दृष्टः ॥ १२ ॥

અન્વય અને શબ્દાર્થ :- **देही-જીવાત્મા क्रियागुणैः-કર્મના ગુણોને કારણે च-અને आत्मगुणैः-પોતાના દેહના ગુણોથી યુક્ત થઈ स्वगुणैः-સ્વયંના ગુણાનુસાર स्थूलानि-સ્થૂળ च-અને सूक्ष्माणि-સૂક્ષ્મ એવા बहूनि-અનેક रूपाणि-રૂપોને एव-જ वृणोति-સ્વીકારે છે (પ્રાપ્ત થાય છે). तेषाम्-તેના संयोगहेतुः-સંયોગનું કારણ એવું अपरः-બીજું अपि-પણ दृष्टः-જોવામાં આવ્યું છે. (૧૨)**

અનુવાદ :- **જીવાત્મા કર્મના ગુણોને કારણે અને પોતાના દેહના ગુણોથી યુક્ત થઈ સ્વયંના ગુણાનુસાર સ્થૂળ અને સૂક્ષ્મ એવા અનેક રૂપોને જ સ્વીકારે છે (પ્રાપ્ત થાય છે). તેના સંયોગનું કારણ એવું બીજું પણ જોવામાં આવ્યું છે. (૧૨)**

शाङ्करभाष्यम् :- स्थूलानीति । तानि च स्थूलान्यश्मादीनि सूक्ष्माणि तैजसधातुप्रभृतीनि बहूनि देवादिशरीराणि देही विज्ञानात्मा स्वगुणैर्विहितप्रतिषिद्धविषयानुभवसंस्कारैर्वृणोत्यावृणोति । ततस्तत्तत्क्रियागुणैरात्मगुणैश्च स देह्यपरोऽपि देहान्तरसंयुक्तो भवतीत्यर्थः ॥ १२ ॥

શાંકરભાષ્ય :- 'स्थूलानि' વગેરે. દેહી-વિજ્ઞાનાત્મા પોતાના ગુણ એટલે વિહિત અને પ્રતિષિદ્ધ વિષયોના અનુભવથી પ્રાપ્ત થયેલા સંસ્કારો દ્વારા બહુ જ એટલે પાષાણાદિ સ્થૂળ અને તૈજસ્ ધાતુ આદિ સૂક્ષ્મ દેવાદિ-શરીર ધારણ કરે છે. પછી તે દેહી તે તે શરીરોના કર્મફળ અને માનસિક સંસ્કારો દ્વારા અન્ય રૂપ થઈ જાય છે અર્થાત્ દેહાન્તરથી યુક્ત થઈ જાય છે. (૧૨)

❖

शाङ्करभाष्यम् :- स एवमविद्याकामकर्मफलरागादिगुरुभाराक्रान्तोऽलाबुरिव सान्द्रजलनिमग्नो निश्चयेन देहाहंभावमापन्नः प्रेततिर्यङ्मनुष्यादियोनिष्वाजीवं जीवभावमापन्नः कथञ्चित्पुण्यवशादीश्वरार्थकर्मानुष्ठानेनापगतरागादिमलोऽनित्यत्वादिदर्शनेनोत्पन्नेहामुत्रार्थफलभोगविरागः शमदमादिसाधनसंपन्नस्तमात्मानं ज्ञात्वा मुच्यत इत्याह –

શાંકરભાષ્ય :- આ પ્રકારે ગંભીર જળમાં ડૂબેલા તુંબડા સમાન અવિદ્યા, કામ, કર્મફળ અને રાગાદિના ભારે વજનથી આક્રાન્ત હોવાને કારણે પોતાના નિશ્ચયથી દેહાત્મભાવથી જ યુક્ત થયેલા જીવ પ્રેત, તિર્યક્ તેમજ મનુષ્યાદિ યોનિઓમાં જીવનપર્યંત જીવભાવથી જ રહેલાં કોઈ પ્રકારે પુણ્યવશ ઈશ્વરાર્થ કર્મ કરવાથી રાગાદિ મળથી શુદ્ધ થઈ જવાથી જ્યારે અનિત્યત્વાદિ દોષ-દૃષ્ટિ કરવાથી ઐહિક અને આમુષ્મિક ફળભોગથી વિરક્ત અને શમદમાદિ સાધનસંપન્ન થાય છે ત્યારે તે આત્માને જાણીને તે મુક્ત થઈ જાય છે. એ વાત કહે છે –

अनाद्यनन्तं कलिलस्य मध्ये विश्वस्य स्त्रष्टारमनेकरूपम् ।
विश्वस्यैकं परिवेष्टितारं ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः ॥ १३ ॥

અન્વય અને શબ્દાર્થ :- **कलिलस्य-દુર્ગમ સંસારની मध्ये-અંદર अनाद्यनन्तम्-આદિ-અંતથી રહિત विश्वस्य-વિશ્વના स्त्रष्टारम्-સર્જનહારને अनेकरूपम्-અનેક રૂપવાળા તથા विश्वस्य परिवेष्टारम्-જગતને ચારેબાજુથી વ્યાપી**

રહેનાર एकम्-અદ્વિતીય એવા देवम्-પરમેશ્વરને ज्ञात्वा-જાણીને (સાધક) सर्वपापैः-બધા પાપોથી मुच्यते-છૂટી જાય છે. (૧૩)

અનુવાદ :- દુર્ગમ સંસારની અંદર આદિ-અંતથી રહિત વિશ્વના સર્જનહારને અનેક રૂપવાળા તથા જગતને ચારેબાજુથી વ્યાપી રહેનાર અદ્વિતીય એવા પરમેશ્વરને જાણીને (સાધક) બધા પાપોથી છૂટી જાય છે. (૧૩)

शाङ्करभाष्यम् :- अनाद्यनन्तमिति । अनाद्यनन्तमाद्यन्तरहितं कलिलस्य मध्ये गहनगभीरसंसारस्य मध्ये विश्वस्य स्रष्टारमुत्पादयितारमनेकरूपं विश्वस्यैकं परिवेष्टितारं स्वात्मना संव्याप्यावस्थितं ज्ञात्वा देवं ज्योतीरूपं परमात्मानं मुच्यते सर्वपाशैरविद्याकामकर्मभिः ॥ १३ ॥

શાંકરભાષ્ય :- 'अनाद्यनन्तम्' વગેરે. કલિલના મધ્યમાં એટલે અત્યંત ગંભીર સંસારના મધ્યમાં અનાદ્યનન્ત - આદિ અને અંતથી રહિત, વિશ્વની સૃષ્ટિ - ઉત્પત્તિ કરનાર, અનેકરૂપ, વિશ્વના એકમાત્ર પરિવેષ્ટા અર્થાત્ પોતાના સ્વરૂપથી વિશ્વને વ્યાપ્ત કરીને રહેલાં, દેવ-જ્યોતિ સ્વરૂપ પરમાત્માને જાણીને જીવ સમસ્ત પાશોથી એટલે અવિદ્યા, કામ તેમજ કર્માદિથી મુક્ત થઈ જાય છે. (૧૩)

◆

केन पुनरसौ गृह्यते ? इत्याह – પરંતુ આ કોના દ્વારા ગ્રહણ કરવામાં આવે છે. તો કહે છે –

भावग्राह्यमनीडाख्यं भावाभावकरं शिवम् ।
कलासर्गकरं देवं ये विदुस्ते जहुस्तनुम् ॥ १४ ॥

અન્વય અને શબ્દાર્થ :- भावग्राह्यम्-(હૃદયના) ભાવ એટલે શુદ્ધ અંતઃકરણથી ગ્રહણ કરવા યોગ્ય, अनीडाख्यम्-આશ્રય એટલે શરીર રહિત છે એમ કહેવાયેલા, भावाभावकरम्-જગતની ઉત્પત્તિ અને સંહાર કરનાર देवम्-પરમાત્માને ये-જે (સાધકો) विदुः-જાણી લે છે ते-તેઓ तनम्-શરીરને जहुः-ત્યજી દે છે. (૧૪)

અનુવાદ :- (હૃદયના) ભાવ એટલે શુદ્ધ અંતઃકરણથી ગ્રહણ કરવા યોગ્ય, આશ્રય એટલે શરીર રહિત છે એમ કહેવાયેલા, જગતની ઉત્પત્તિ અને સંહાર કરનાર પરમાત્માને જે (સાધકો) જાણી લે છે તેઓ શરીરને ત્યજી દે છે. (૧૪)

शाङ्करभाष्यम् :- भावग्राह्यमिति । भावेन विशुद्धान्तःकरणेन गृह्यत इति भावग्राह्यम् । अनीडाख्यं नीडं शरीरमशरीराख्यम् । भावाभावकरं शिवं शुद्धमविद्यातत्कार्यविनिर्मुक्तमित्यर्थः । कलानां षोडशानां प्राणादिनामान्तानाम् ''स प्राणमसृजत'' (प्र.उप. ६-४) इत्यादिनाथर्वणोक्तानां सर्गकरं देवं ये विदुरहमस्मीति ते जहुः परित्यजेयुस्तनुं शरीरम् ॥ १४ ॥

શાંકરભાષ્ય :- 'भावग्राह्यम्' વગેરે. ભાવ-વિશુદ્ધ અંતઃકરણથી ગ્રહણ કરવામાં આવે છે. એટલા માટે જે ભાવગ્રાહ્ય છે. अनीडाख्यम्-નીડ શરીરને કહે છે. માટે અશરીર નામવાળા. ભાવ અને અભાવ (સૃષ્ટિ અને પ્રલય) કરનાર, શિવશુદ્ધ અર્થાત્ અવિદ્યા અને તેના કાર્યથી રહિત, કલા સર્ગકર - **"તેણે પ્રાણની રચના કરી"** (પ્ર.ઉપ. ૬-૪) વગેરે વાક્યથી અથર્વણ (પ્રશ્ન) શ્રુતિમાં કહેલી પ્રાણથી લઈને નામપર્યન્ત સોળ કળાઓના રચયિતા તે દેવને જે 'આ હું છું' આ પ્રકારે જાણે છે તે તનુ - શરીરને ત્યજી દે છે. (૧૪)

◆

षष्ठ अध्याय

नन्वन्ये कालादयः कारणम् इति मन्यन्ते । तत्कथं पुनरीश्वरस्य कलासर्गकरत्वमित्याशङ्क्याह –

પરંતુ અન્ય મતાવલમ્બી તો કાલાદિને કારણ માને છે, પછી ઈશ્વર કેવી રીતે કળાઓની સૃષ્ટિ કરનાર હોઈ શકે ? એવી આશંકા કરીને (શ્રુતિ) કહે છે –

स्वभावमेके कवयो वदन्ति कालं तथान्ये परिमुह्यमानाः ।
देवस्यैष महिमा तु लोके येनेदं भ्राम्यते ब्रह्मचक्रम् ॥ १ ॥

અન્વય અને શબ્દાર્થ :- एके-કેટલાક कवयः-વિદ્વાનો स्वभावम्-સ્વભાવને वदन्ति-(જગતનું કારણ) કહે છે. तथा-તેમ अन्ये-બીજાઓ कालम्-કાલને (જગતનું કારણ કહે છે). આ બધા परिमुह्यमानाः-મોહ પામેલા सन्ति-છે. तु-પરંતુ एषः-આ देवस्य-દેવનો लोके-જગતમાં महिमा-મહિમા છે येन-જેનાથી इदम्-આ ब्रह्मचक्रम्-બ્રહ્મચક્ર भ्राम्यते-ફેરવવામાં આવે છે. (૧)

અનુવાદ :- કેટલાક વિદ્વાનો સ્વભાવને (જગતનું કારણ) કહે છે. તેમ બીજાઓ કાલને (જગતનું કારણ કહે છે). આ બધા મોહ પામેલા છે. પરંતુ આ દેવનો જગતમાં મહિમા છે જેનાથી આ બ્રહ્મચક્ર ફેરવવામાં આવે છે. (૧)

शाङ्करभाष्यम् :- स्वभावमिति । स्वभावमेके कवयो मेधाविनो वदन्ति । कालं तथान्ये । कालस्वभावयोर्ग्रहणं प्रथमाध्याये निर्दिष्टानामन्येषामप्युपलक्षणार्थम् । परिमुह्यमाना अविवेकिनो विषयात्मानो न सम्यग्जानन्ति । तुशब्दोऽवधारणे । देवस्यैष महिमा माहात्म्यम् । येनेदं भ्राम्यते परिवर्तते ब्रह्मचक्रम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'स्वभावम्' વગેરે. કોઈ કવિ-મેધાવી સ્વભાવને (કારણ) બતાવે છે તથા બીજા કાળને. અહીં કાળ અને સ્વભાવનું ગ્રહણ પ્રથમ અધ્યાયમાં બતાવેલા અન્ય કારણોને પણ ઉપલક્ષિત કરવાને માટે કર્યું છે. એ સ્વભાવ અને કાળવાહી परिमुह्यमानः - અવિવેકી એટલે વિષયી હોવાને કારણે યથાર્થ જાણતા નથી. 'तु' શબ્દ નિશ્ચયાર્થક છે. આ તો દેવ(પરમેશ્વર)નો મહિમા છે, જેનાથી આ બ્રહ્મચક્ર ભ્રમિત-પરિવર્તિત થાય છે. (અર્થાત્ સર્વ દિશામાં ફરી રહ્યું છે.) (૧)

❖

महिमानं प्रपञ्चयति – તે મહિમાનો વિસ્તાર કરે છે –

येनावृतं नित्यमिदं हि सर्वं ज्ञः कालकारो गुणी सर्वविद्यः ।
तेनेशितं कर्म विवर्तते ह पृथ्व्यप्तेजोऽनिलखानि चिन्त्यम् ॥ २ ॥

અન્વય અને શબ્દાર્થ :- येन-જેનાથી इदम्-આ सर्वम्-સઘળું (જગત) नित्यम्-હંમેશ आवृतम्-વ્યાપ્ત છે, यः-જે ज्ञः-જ્ઞાનસ્વરૂપ एव-જ છે, कालकालः-કાળનો પણ કાળ, મહાકાલ गुणी-ગુણવાન सर्ववित्-બધું જાણનાર છે तेन-તેનાથી ह-જ ईशितम्-શાસિત કરાયેલું कर्म-(જગતરૂપી) કર્મ विवर्तते-જુદાજુદા સ્વરૂપે ચાલે છે. पृथ्व्यपतेजोऽनिलखानि-પૃથ્વી, જળ, તેજ, પવન અને આકાશ (એનાથી શાસિત છે) એમ चिन्त्यः-ચિંતન કરવું જોઈએ. (૨)

અનુવાદ :- જેનાથી આ સઘળું (જગત) હંમેશ વ્યાપ્ત છે, જે જ્ઞાનસ્વરૂપ જ છે, કાળનો પણ કાળ, મહાકાલ ગુણવાન બધું જાણનાર છે તેનાથી જ શાસિત કરાયેલું (જગતરૂપી) કર્મ જુદાજુદા સ્વરૂપે ચાલે છે. પૃથ્વી, જળ, તેજ, પવન અને આકાશ (એનાથી શાસિત છે) એમ ચિંતન કરવું જોઈએ. (૨)

शाङ्करभाष्यम् :- येनेति । येनेश्वरेणावृतं व्याप्तमिदं जगन्नित्यं नियमेन । ज्ञः कालकारः कालस्यापि कर्ता । गुण्यपहतपाप्मादिमान् । सर्वं वेत्तीति सर्वविद्यः । तेनेश्वरेणेशितं प्रेरितं कर्म क्रियत इति कर्म स्रगीव फणी । हशब्दः प्रसिद्धिद्योतकः । प्रसिद्धं यदेतदीश्वरप्रेरितं कर्म जगदात्मना विवर्तत इति यत्पुनस्तत्कर्म पृथ्व्यप्तेजोऽनिलखानि पृथिव्यादिभूत-पञ्चकम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'येन' વગેરે. જે ઈશ્વર દ્વારા આ જગત નિત્ય-નિયમથી વ્યાપ્ત છે, જે જ્ઞાનસ્વરૂપ, कालकारः - કાળના પણ કર્તા, ગુણી-અપહત પાપ્મત્વાદિ ગુણવાન અને સર્વને જાણવાને કારણે સર્વજ્ઞ છે.. તે ઈશ્વરથી ઈશિત-પ્રેરિત કર્મ. જે કરવામાં આવે છે તેને કર્મ કહે છે. 'ह' શબ્દ પ્રસિદ્ધિનો દ્યોતક છે. અર્થાત્ આ તો ઈશ્વરપ્રેરિત પ્રસિદ્ધ કર્મ છે તે માળામાં સર્પ સમાન જગતરૂપથી વિવર્તિત થાય છે. અને તે જે કર્મ છે તે પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશરૂપ છે અર્થાત્ પૃથ્વી વગેરે પંચભૂત છે. (૨)

❖



यत्प्रथमाध्याये चिन्त्यमित्युक्तम्, एतदेव प्रपञ्चयति –
પ્રથમ અધ્યાયમાં જેને ચિંતનીય બતાવ્યું છે તેનો જ વિસ્તાર કરે છે –

तत्कर्म कृत्वा विनिवर्त्य भूयस्तत्त्वस्य तत्त्वेन समेत्य योगम् ।
एकेन द्वाभ्यां त्रिभिरष्टभिर्वा कालेन चैवात्मगुणैश्च सूक्ष्मैः ॥ ३ ॥

અન્વય અને શબ્દાર્થ :- (પરમાત્મા જ) तत्-તે (જડતત્ત્વોની રચનારૂપ) कर्म-કર્મ कृत्वा-કરીને, विनिवर्त्य-એનું નિરીક્ષણ કરી, भूयः-ફરીથી तत्त्वस्य-ચેતનતત્ત્વનો तत्त्वेन-જડતત્ત્વથી योगम्-સંયોગ समेत्य-કરાવીને वा-અથવા एकेन-એક(અવિદ્યા)થી द्वाभ्याम्-બે(પુણ્ય અને પાપરૂપી કર્મો)થી त्रिभिः-ત્રણ (સત્ત્વ, રજ અને તમ) ગુણોથી च-અને अष्टभिः-આઠ પ્રકૃતિઓ સાથે कालेनः-કાલની જોડે च-અને सुक्ष्मैः-સૂક્ષ્મ आत्मगुणैः-આત્માના ગુણોથી एव-પણ (જીવનો સંયોગ કરાવીને આ જગતની રચના કરે છે.) (૩)

અનુવાદ :- (પરમાત્મા જ) તે (જડતત્ત્વોની રચનારૂપ) કર્મ કરીને, એનું નિરીક્ષણ કરી, ફરીથી ચેતનતત્ત્વનો જડતત્ત્વથી સંયોગ કરાવીને અથવા એક(અવિદ્યા)થી બે(પુણ્ય અને પાપરૂપી કર્મો)થી ત્રણ (સત્ત્વ, રજ અને તમ) ગુણોથી અને આઠ પ્રકૃતિઓ સાથે કાલની જોડે અને સૂક્ષ્મ આત્માના ગુણોથી પણ (જીવનો સંયોગ કરાવીને આ જગતની રચના કરે છે.) (૩)

शाङ्करभाष्यम् :- तदिति । तत्कर्म पृथिव्यादि सृष्ट्वा विनिवर्त्य प्रत्यवेक्षणं कृत्वा भूयः पुनस्तस्यात्मनस्तत्त्वेन भूम्यादिना योगं समेत्य संगमय्य । णिलोपो द्रष्टव्यः । कतिविधैः प्रकारैः । एकेन पृथिव्या द्वाभ्यां त्रिभिरष्टभिर्वा प्रकृतिभूतैस्तत्त्वैः । तदुक्तम्-

भूमिरापोऽनलो वायुः स्वं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥ (गीता ૭-૪)

इति । कालेन चैवात्मगुणैश्चान्तःकरणगुणैः कामादिभिः सूक्ष्मैः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'तत्कर्म' વગેરે. તે પૃથ્વી વગેરે કર્મને રચીને તેનું નિરીક્ષણ કરીને પછી તે આત્માનો પૃથ્વી વગેરે તત્ત્વની સાથે યોગ કરાવીને - અહીં (समेत्वમાં) પ્રેરણાર્થક 'णिच्' પ્રત્યયનો લોપ સમજવો જોઈએ. કેટલા પ્રકારના તત્ત્વોની સાથે ? પૃથ્વીરૂપ એક તત્ત્વની અથવા બે, ત્રણ યા અષ્ટધા પ્રકૃતિરૂપ આઠ તત્ત્વોની સાથે. આ વિષયમાં (ગીતામાં) એવું કહ્યું છે, "પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર-આ મારી આઠ પ્રકારની વિભિન્ન પ્રકૃતિ છે." (ગીતા ૭-૪) અથવા કાળના અને આત્મગુણોના એટલે અંતઃકરણના કામાદિ સૂક્ષ્મ ગુણોની સાથે. (૩)

◆

इदानीं कर्मणां मुख्यं विनियोगं दर्शयति – હવે (શ્રુતિ) કર્મોનો મુખ્ય વિનિયોગ બતાવે છે –

आरभ्य कर्माणि गुणान्वितानि भावांश्च सर्वान्विनियोजयेद्यः ।
तेषामभावे कृतकर्मनाशः कर्मक्षये याति स तत्त्वतोऽन्यः ॥ ४ ॥

અન્વય અને શબ્દાર્થ :- यः-જે (સાધક) गुणान्वितानि-(સત્ત્વ, રજ વગેરે) ગુણોથી જોડાયેલાં कर्माणि-કર્મોનો आरभ्य-આરંભ કરીને च-અને सर्वान्-સઘળા भावान्-ભાવોને विनियोजयेत्-પરમાત્મામાં જોડી દે છે (સમર્પિત કરી દે છે). तेषाम्-તેના (કર્મોના) अभावे-અભાવમાં कृतकर्मनाशः-કરેલાં કર્મોનો નાશ થઈ જાય છે અને कर्मक्षये-આમ કર્મોનો ક્ષય (નાશ) થઈ જવાથી सः-તે (સાધક) याति-(પરમાત્મા) પાસે જાય છે કારણ હવે એ જીવાત્મા तत्त्वतः-વાસ્તવમાં अन्यः-બીજાં બધાં કરતાં જુદો છે. (૪)

અનુવાદ :- જે (સાધક સત્ત્વ, રજ વગેરે) ગુણોથી જોડાયેલાં કર્મોનો આરંભ કરીને અને સઘળા ભાવોને પરમાત્મામાં જોડી દે છે (સમર્પિત કરી દે છે) તેના (કર્મોના) અભાવમાં કરેલાં કર્મોનો નાશ થઈ જાય છે અને આમ કર્મોનો ક્ષય (નાશ) થઈ જવાથી તે (સાધક પરમાત્મા) પાસે જાય છે કારણ હવે એ જીવાત્મા વાસ્તવમાં બીજાં બધાં કરતાં જુદો છે. (૪)

शाङ्करभाष्यम् :- आरभ्येति । आरभ्य कृत्वा कर्माणि गुणैः सत्त्वादिभिरन्वितानि भावांश्चात्यन्तविशेषान्विनियोजयेदीश्वरे समर्पयेद्यः । तेषामीश्वरे समर्पितत्वादात्मसंबन्धाभावस्तदभावे पूर्वकृतकर्मणां नाशः । उक्तं च-

> ''यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
> यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥
> शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ।'' (गीता ९-२७, २८)
> ''ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोति यः ॥
> लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ।
> कायेन मनसा बुद्ध्या केवलैरिन्द्रियैरपि ॥
> योगिनः कर्म कुर्वन्ति सङ्गं त्यक्त्वात्मशुद्धये ॥'' (गीता ५-१०, ११) इति ।

कर्मक्षये विशुद्धसत्त्वो याति तत्त्वतोऽन्यस्तत्त्वेभ्यः प्रकृतिभूतेभ्योऽन्योऽविद्यातत्कार्यविनिर्मुक्तश्चित्सदानन्दाद्वितीय-ब्रह्मात्मत्वेनावगच्छन्नित्यर्थः । अन्यदिति पाठे तत्त्वेभ्यो यदन्यद्ब्रह्म तद्यातीति ॥ ४ ॥

શાંકરભાષ્ય :- 'आरभ्य' વગેરે. ગુણ અર્થાત્ સત્ત્વાદિથી યુક્ત કર્મો કરીને તેને તથા પોતાના અત્યંત વિશિષ્ટ ભાવોને જે વિનિયુક્ત કરે છે અર્થાત્ ઈશ્વરને સમર્પિત કરી દે છે, ઈશ્વરને સમર્પિત કરી દેવાંથી તે કર્મોનો આત્મા સાથે સંબંધ રહેતો નથી અને સંબંધ ન રહેવાથી પૂર્વકૃત કર્મોનો નાશ થઈ જાય છે. કહ્યું પણ છે -

"હે કુંતીનંદન ! તું જે કાંઈ કર્મ કરે છે, જે ખાય છે, જે હોમે છે, જે આપે છે અને જે તપ કરે છે તે સર્વ મને અર્પણ કરી દે. આ પ્રકારે કર્મોને મને સમર્પણ કરીને તું શુભાશુભ ફળયુક્ત કર્મબંધનોથી મુક્ત થઈ જશે." (ગીતા ૨૭, ૨૮) **"જે પુરુષ કર્મોને બ્રહ્માર્પણ કરતાં કરતાં ફલાસક્તિ ત્યાગીને કર્મ કરે છે તે જળથી કમળના પાન સમાન પાપથી લિપ્ત થતાં નથી. યોગીઓ ફળવિષયક આસક્તિ ત્યાગીને કેવળ શરીર, મન, બુદ્ધિ તેમજ ઈન્દ્રિયોથી જ ચિત્તશુદ્ધિને માટે કર્મ કર્યા કરે છે."** (ગીતા ૫-૧૦, ૧૧) વગેરે.

કર્મનો ક્ષય થઈ જવાથી તે શુદ્ધચિત્ત થઈ તત્ત્વતઃ પ્રકૃતિરૂપ તત્ત્વોથી ભિન્ન હોવાના કારણે અવિદ્યા અને તેના કાર્યથી છૂટીને પોતાને સચ્ચિદાનંદાદ્વિતીય બ્રહ્મરૂપથી જાણતાં (પરમાત્માને) પ્રાપ્ત થાય છે. જ્યાં 'अन्यः' ના સ્થાને 'अन्यत्' પાઠ હોય ત્યાં 'તત્ત્વોથી ભિન્ન જે બ્રહ્મ છે તેને પ્રાપ્ત થાય છે.' એવો અર્થ સમજવો જોઈએ. (૪)

⁂

उक्तस्यार्थस्य द्रढिम्न उत्तरे मन्त्राः प्रस्तूयन्ते कथं नाम विषयान्धा ब्रह्म जानीयुरित्यत आह –

ઉપર્યુક્ત અર્થની પુષ્ટિ માટે આગળના મંત્ર પ્રસ્તુત કરવામાં આવે છે વિષયાંધ પુરુષ પણ કોઈ પ્રકારે બ્રહ્મને જાણે તે ઉદ્દેશ્યથી શ્રુતિ કહે છે –

> **आदिः स संयोगनिमित्तहेतुः परस्त्रिकालादकलोऽपि दृष्टः ।**
> **तं विश्वरूपं भवभूतमीड्यं देवं स्वचित्तस्थमुपास्य पूर्वम् ॥ ५ ॥**

અન્વય અને શબ્દાર્થ :- सः-તે आदिः-આદિ કારણ (પરમાત્મા) त्रिकालात्-(ભૂત, ભવિષ્ય અને વર્તમાન એવા) ત્રણે કાલોથી परः-પર અને अकलः-કલાઓથી રહિત હોવાથી अपि-પણ संयोगनिमित्तहेतुः-(પ્રકૃતિ સાથેના જીવના) સંયોગનું નિમિત્ત કારણ તરીકે दृष्टः-જોવામાં આવે છે. स्वचित्तस्थम्-પોતાના ચિત્તમાં રહેલ तम्-તે विश्वरूपम्-સર્વસ્વરૂપ भव-भूतम्-ભવ એટલે સંસારરૂપ બનેલ, ईड्यम्-સ્તુતિ કરવા યોગ્ય पूर्वम्-પ્રાચીન એવા देवम्-દેવની उपास्य-ઉપાસના કરીને (તેને સાધકે પ્રાપ્ત કરવા જોઈએ.) (૫)

અનુવાદ :- તે આદિ કારણ (પરમાત્મા) (ભૂત, ભવિષ્ય અને વર્તમાન એવા) ત્રણે કાલોથી પર અને કલાઓથી રહિત હોવાથી પણ (પ્રકૃતિ સાથેના જીવના) સંયોગનું નિમિત્ત કારણ તરીકે જોવામાં આવે છે. પોતાના ચિત્તમાં રહેલ તે સર્વસ્વરૂપ ભવ એટલે સંસારરૂપ બનેલ, સ્તુતિ કરવા યોગ્ય પ્રાચીન એવા દેવની ઉપાસના કરીને (તેને સાધકે પ્રાપ્ત કરવા જોઈએ.) (૫)

शाङ्करभाष्यम् :- आदिरिति । आदिः कारणं सर्वस्य, शरीरसंयोगनिमित्तानामविद्यानां हेतुः । उक्तं च-''**एष ह्यवैनं साधु कर्म कारयति एष एवैनमसाधु कर्म कारयति च**'' (कौ.उप. ३-९) इति । परस्त्रिकालादतीतानागत-वर्तमानात् । उक्तं च-''**यस्मादर्वाक्संवत्सरोऽहोभिः परिवर्तते । तद्देवा ज्योतिषां ज्योतिरायुर्होपासतेऽमृतम्**'' (बृ.उप. ४-४-१६) इति । कस्मात् ? यस्मादकलोऽसौ न विद्यन्ते कलाः प्राणादिनामान्ता अस्येत्यकलः । कलावद्धि कालत्रयपरिच्छिन्नमुत्पद्यते विनश्यति च । अयं पुनरकलो निष्प्रपञ्चः । तस्मान्न कालत्रयपरिच्छिन्नः सन्नुत्पद्यते विनश्यति च । तं विश्वानि रूपाण्यस्येति विश्वरूपम् । भवत्यस्मादिति भवः । भूतमवितथस्वरूपम् । ईड्यं देवं स्वचित्तस्थमुपास्यायमहमस्मीति समाधानं कृत्वा पूर्वं वाक्यार्थज्ञानोदयात् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- 'आदिः' વગેરે. આદિ - સર્વનું કારણ, શરીરસંયોગની નિમિત્તભૂતા અવિદ્યાનો હેતુ, કહ્યું પણ છે - **"આ જ તેનાથી શુભકર્મ કરાવે છે, અને આ જ તેનાથી અશુભ કર્મ કરાવે છે."** (કૌ.ઉપ. ૩-૯) ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળથી અતીત, જેમ કહ્યું છે. **"જેની નીચે સંવત્સર દિવસો દ્વારા પરિવર્તિત થાય છે, દેવગણ તેની જ્યોતિઓના જ્યોતિ, આયુ અને અમૃતરૂપથી ઉપાસના કરે છે."** (બૃ.ઉપ. ૪-૪-૧૬) કેમ ત્રિકાલાતીત છે ? કારણ કે આ અકલ છે. તેના પ્રાણથી લઈને નામ પર્યન્ત કલાઓ નથી, એટલા માટે આ અકલ છે. કલાવાન પદાર્થ જ ત્રણે કાળોમાં પરિછિન્ન હોવાને કારણે ઉત્પન્ન અને નષ્ટ થાય છે, પરંતુ આ તો અકલ એટલે નિષ્પ્રપંચ છે, એટલા માટે કાલત્રયથી પરિછિન્ન ન હોવાને કારણે ઉત્પન્ન તથા નષ્ટ થતા નથી. તે વિશ્વરૂપ - જેના વિશ્વ (સમસ્ત) રૂપ છે, ભવ - જેનાથી જગત ઉત્પન્ન થાય છે, ભૂત-સત્યસ્વરૂપ, પોતાના ચિત્તમાં રહેલા, સ્તુત્ય દેવને પૂર્વ - વાક્યાર્થજ્ઞાન ઉદય થતા પહેલાં ઉપાસના કરીને અર્થાત્ ''આ હું છું'' આ પ્રકારે તેનામાં ચિત્ત સમાહિત કરીને (તેને પ્રાપ્ત થઈ જાય છે.) (૫)

⁂

पुनरपि तमेव दर्शयति – ફરીથી પણ (શ્રુતિ) તેને જ બતાવે છે –

स वृक्षकालाकृतिभिः परोऽन्यो यस्मात्प्रपञ्चः परिवर्ततेऽयम् ।
धर्मावहं पापनुदं भगेशं ज्ञात्वात्मस्थममृतं विश्वधाम ॥ ६ ॥

અન્વય અને શબ્દાર્થ :- यस्मात्-જેનાથી अयम्-આ प्रपञ्चः-સંસાર परिवर्तते-ચાલ્યા કરે છે सः-એ (પરમાત્મા) वृक्षकालाकृतिभिः-(સંસારરૂપી) વૃક્ષ, કાલ અને આકૃતિથી परः-પર અને अन्यः-જુદો છે. તે धर्मावहम्-ધર્મની વૃદ્ધિ કરનાર, पापनुदम्-પાપનો નાશ કરનાર, भगेशम्-ઐશ્વર્યના સ્વામી અને विश्वधाम-સમસ્ત જગતનો આધાર એવા પરમાત્માને आत्मस्थम्-પોતાની અંદર રહેલા ज्ञात्वा-જાણીને (સાધક) अमृतम्-અમરતાને एति-પ્રાપ્ત કરે છે. (૬)

અનુવાદ :- જેનાથી આ સંસાર ચાલ્યા કરે છે એ (પરમાત્મા) (સંસારરૂપી) વૃક્ષ, કાલ અને આકૃતિથી પર અને જુદો છે. તે ધર્મની વૃદ્ધિ કરનાર, પાપનો નાશ કરનાર, ઐશ્વર્યના સ્વામી અને સમસ્ત જગતનો આધાર એવા પરમાત્માને પોતાની અંદર રહેલા જાણીને (સાધક) અમરતાને પ્રાપ્ત કરે છે. (૬)

शाङ्करभाष्यम् :- स वृक्षेति । स वृक्षाकारेभ्यः कालाकारेभ्यः परो वृक्षकालाकृतिभिः परः । वृक्षः संसारवृक्षः । उक्तं च-''**ऊर्ध्वमूलो ह्यवाक्शाख एषोऽश्वत्थः सनातनः**'' (क.उप. २-३-१) इति । अन्यः प्रपञ्चासंस्पृष्ट इत्यर्थः । यस्मादीश्वरात् प्रपञ्चः परिवर्तते । धर्मावहं पापनुदं भगस्यैश्वर्यादेरीशं स्वामिनं ज्ञात्वात्मस्थमात्मनि बुद्धौ स्थितममृतममरणधर्माणं विश्वधाम विश्वस्याधारभूतं याति । स तत्त्वतोऽन्य इति सर्वत्र सम्बध्यते ॥ ६ ॥

શાંકરભાષ્ય :- 'स वृक्षः' વગેરે. વૃક્ષાકાર અને કાલાકારથી પર (ઉત્કૃષ્ટ) છે, 'વૃક્ષ' શબ્દથી અહીં સંસારવૃક્ષ સમજવું જોઈએ, કહ્યું પણ છે - **"ઉપરની બાજુ મૂળ અને નીચેની બાજુ શાખોવાળું આ સનાતન અશ્વત્થ વૃક્ષ છે."** (ક.ઉપ. ૨-૩-૧) વગેરે. અન્ય અર્થાત્ પ્રપંચથી અસંસ્પૃષ્ટ છે. જે ઈશ્વરથી પ્રપંચ પ્રવૃત્ત થાય છે, ધર્મની પ્રાપ્તિ કરાવનાર અને પાપનો ઉચ્છેદ કરાવના તે ભગ એટલે ઐશ્વર્યાદિના સ્વામીને જાણીને (સાધક) આત્મસ્થ-આત્મા એટલે બુદ્ધિમાં સ્થિત, અમૃત-

અમરણધર્મા, વિશ્વધામ-વિશ્વના આધારભૂત પરમાત્માને પ્રાપ્ત થઈ જાય છે. કારણ કે 'તે (જીવ) પૃથ્વી વગેરે તત્ત્વોથી ભિન્ન છે." આ વાક્યનો સર્વની સાથે સંબંધ છે. (૬)

◆

इदानीं विद्वदनुभवं दर्शयन्नुक्तमर्थं दृढीकरोति –
હવે વિદ્વાનનો અનુભવ બતાતાં શ્રુતિ ઉપર્યુક્ત અર્થને પુષ્ટ કરે છે –

तमीश्वराणां परमं महेश्वरं तं देवतानां परमं च दैवतम् ।
पतिं पतीनां परमं परस्ताद्विदाम देवं भुवनेशमीड्यम् ॥ ७ ॥

અન્વય અને શબ્દાર્થ :- तम्-તે ईश्वराणाम्-ઈશ્વરોના (પણ) परमम्-શ્રેષ્ઠ, महेश्वरम्-મહાન ઈશ્વર, देवतानाम्-દેવતાઓના परमम्-પરમ दैवतम्-દેવતા, पतीनाम्-પતિઓના पतिम्-પતિ અને भुवनेशम्-ભુવનના સ્વામી, ईड्यम्-સ્તુતિ કરવા યોગ્ય तम्-એ देवम्-પરમાત્માને परस्तात्-સહુથી એ પર છે એમ विदामः-અમે જાણીએ છીએ. (૭)

અનુવાદ :- તે ઈશ્વરોના (પણ) શ્રેષ્ઠ, મહાન ઈશ્વર, દેવતાઓના પરમ દેવતા, પતિઓના પતિ અને ભુવનના સ્વામી, સ્તુતિ કરવા યોગ્ય એ પરમાત્માને સહુથી એ પર છે એમ અમે જાણીએ છીએ. (૭)

शाङ्करभाष्यम् :- तमीश्वराणामिति । तमीश्वराणां वैवस्वतयमादीनां परमं महेश्वरं तं देवतानामिन्द्रादीनां परमं च दैवतं पतिं पतीनां प्रजापतीनां परमं परस्तात्परतोऽक्षरात् । विदाम देवं द्योतनात्मकं भुवनानामीशं भुवनेशम् । ईड्यं स्तुत्यम् ॥ ७ ॥

શાંકરભાષ્ય :- 'तमीश्वराणाम्' વગેરે. તે વૈવશ્વત યમાદિ ઈશ્વરો(લોકપાલો)ના પરમ મહેશ્વર, ઈન્દ્રાદિ દેવતાઓના પરમદેવ, પતિઓ-પ્રજાપતિઓના પરમ પતિ, પર-અક્ષરથી પર, ભુવનોના ઈશ્વર, દેવ-ઘોતનાત્મક, ઈડ્ય - સ્તુત્ય (પરમાત્માને) અમે જાણીએ છીએ. (૭)

◆

कथं महेश्वरत्वम् ? इत्याह – તેની મહેશ્વરતા કેવા પ્રકારે છે તો બતાવે છે –

न तस्य कार्यं करणं च विद्यते न तत्समश्चाभ्यधिकश्च दृश्यते ।
परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥ ८ ॥

અન્વય અને શબ્દાર્થ :- तस्यः-તેને कार्यम्-(શરીરરૂપી) કાર્ય च-અને करणम्-(ઈન્દ્રિયો વગેરે) કરણ न विद्यते-હોતા નથી, अभ्यधिकः-એનાથી મોટો च-અને तत्समः-એના સમાન च-પણ न दृश्यते-(કોઈ) દેખાતું નથી. अस्य-આ(પરમેશ્વર)ની ज्ञानबलक्रिया-જ્ઞાન, બળ અને ક્રિયા स्वाभाविकी-સ્વાભાવિક અને परा-ઉત્તમ शक्तिः-સામર્થ્ય विविधा-અનેક પ્રકારનું एव-જ છે એવું श्रूयते-સાંભળવામાં આવે છે. (૮)

અનુવાદ :- તેને (શરીરરૂપી) કાર્ય અને (ઈન્દ્રિયો વગેરે) કરણ હોતા નથી, એનાથી મોટો અને એના સમાન પણ (કોઈ) દેખાતું નથી. આ(પરમેશ્વર)ની જ્ઞાન, બળ અને ક્રિયા સ્વાભાવિક અને ઉત્તમ સામર્થ્ય અનેક પ્રકારનું જ છે એવું સાંભળવામાં આવે છે. (૮)

शाङ्करभाष्यम् :- न तस्येति । न तस्य कार्यं शरीरं करणं चक्षुरादि विद्यते । न तत्समश्चाभ्यधिकश्च दृश्यत श्रूयते वा । परास्य शक्तिर्विविधैव श्रूयते । सा च स्वाभाविकी ज्ञानबलक्रिया च ज्ञानक्रिया बलक्रिया च । ज्ञानक्रिया सर्वविषयज्ञानप्रवृत्तिः । बलक्रिया स्वसंनिधिमात्रेण सर्वं वशीकृत्य नियमनम् ॥ ८ ॥

શાંકરભાષ્ય :- 'न तस्य' વગેરે. તેને કાર્ય-શરીર અને કરણ-ચક્ષુ વગેરે ઈન્દ્રિયો નથી. તેના સમાન અને તેનાથી વધીને પણ કોઈ જોઈ કે સાંભળી શકાતો નથી. તેની પરાશક્તિ વિવિધ પ્રકારની જ સાંભળવામાં આવી છે અને તે સ્વાભાવિકી જ્ઞાનબળક્રિયા અર્થાત્ જ્ઞાનક્રિયા અને બલક્રિયા છે. જ્ઞાનક્રિયા - સંપૂર્ણ વિષયોના જ્ઞાનની પ્રવૃત્તિ અને બલક્રિયા-પોતાની સન્નિધિમાત્રથી સર્વને વશમાં કરીને નિયમન કરવું. (૮)

◆

यस्मादेवं तस्मात् – કારણ કે એવું છે એટલા માટે –

न तस्य कश्चित्पतिरस्ति लोके न चेशिता नैव च तस्य लिङ्गम् ।
स कारणं करणाधिपाधिपो न चास्य कश्चिज्जनिता न चाधिपः ॥ ९ ॥

અન્વય અને શબ્દાર્થ :- लोके-જગતમાં कश्चित्-કોઈ तस्य-તે પરમાત્માનો पतिः-સ્વામી न अस्ति-નથી. ईशिता-એનો શાસક न एव-(પણ) નથી જ. तस्य-એનું लिङ्गम्-કોઈ (વિશેષ) ચિહ્ન પણ एव-નથી જ. सः-તે कारणम्-(સહુનું) કારણ અને करणाधिपाधिपः-કરણોના સ્વામીઓનો પણ સ્વામી છે. कश्चित्-કોઈ अस्य-એનો न जनिता-જન્મ આપનાર નથી च-અને न अधिपः-તેનો કોઈ સ્વામી પણ નથી. (૯)

અનુવાદ :- જગતમાં કોઈ તે પરમાત્માનો સ્વામી નથી. એનો શાસક (પણ) નથી જ. એનું કોઈ (વિશેષ) ચિહ્ન પણ નથી જ. તે (સહુનું) કારણ અને કરણોના સ્વામીઓનો પણ સ્વામી છે. કોઈ એનો જન્મ આપનાર નથી અને તેનો કોઈ સ્વામી પણ નથી. (૯)

शाङ्करभाष्यम् :- न तस्य कश्चित्पतिरस्ति लोके । अत एव न तस्येशिता नियन्ता । नैव च तस्य लिङ्गं चिह्नं धूमस्थानीयं येनानुमीयेत । स कारणं सर्वस्य कारणम् । करणाधिपाधिपः परमेश्वरः । यस्मादेवं तस्मान्न तस्य कश्चिज्जनिता जनयिता न चाधिपः ॥ ९ ॥

શાંકરભાષ્ય :- લોકમાં તેનો કોઈ સ્વામી નથી, માટે તેનો કોઈ ઈશિતા-નિયંતા પણ નથી. તેનું કોઈ લિંગ-ધૂમાદિરૂપ ચિહ્ન પણ નથી, જેનાથી અનુમાન કરી શકીએ. તે સર્વનું કારણ અને કરણાધિપ - પરમેશ્વર છે. કારણ કે આવું છે, એટલા માટે તેના કોઈ જનિતા-જનયિતા અર્થાત્ ઉત્પત્તિકર્તા અને સ્વામી પણ નથી. (૯)

⁂

इदानीं मन्त्रदृगभिप्रेतमर्थं प्रार्थयते – હવે (શ્રુતિ) મંત્રદ્રષ્ટા(ઋષિઓ)ના અભિમત પદાર્થ માટે પ્રાર્થના કરે છે –

यस्तन्तुनाभ इव तन्तुभिः प्रधानजैः स्वभावतो देव एकः स्वमावृणोत् ।
स नो दधाद्ब्रह्माप्ययम् ॥ १० ॥

અન્વય અને શબ્દાર્થ :- तन्तुभिः-તાંતણાઓથી तन्तुनाभः इव-કરોળિયાની જેમ यः-જે एकः-એકલો देवः-દેવ प्रधानजैः-પોતાની મુખ્ય શક્તિથી ઉત્પન્ન થયેલ કાર્યોથી स्वभावतः-સ્વાભાવિક રીતે स्वयम्-પોતાની જાતને आवृणोत्-આચ્છાદિત કરે છે, ઢાંકી દે છે सः-તે પરમેશ્વર नः-અમને ब्रह्माप्ययम्-બ્રહ્મરૂપી આશ્રય दद्यात्-પ્રદાન કરે. (૧૦)

અનુવાદ :- તાંતણાઓથી કરોળિયાની જેમ જે એકલો દેવ પોતાની મુખ્ય શક્તિથી ઉત્પન્ન થયેલ કાર્યોથી સ્વાભાવિક રીતે પોતાની જાતને આચ્છાદિત કરે છે, ઢાંકી દે છે તે પરમેશ્વર અમને બ્રહ્મરૂપી આશ્રય પ્રદાન કરે. (૧૦)

शाङ्करभाष्यम् :- यस्तन्तुनाभ इति । यथोर्णनाभिरात्मप्रभवैस्तन्तुभिरात्मानमेव समावृणोति तथा प्रधानजैरव्यक्तप्रभवैर्नामरूपकर्मभिस्तन्तुस्थानीयैः स्वमात्मानमावृणोत् सञ्छादितवान्स नो मह्यं ब्रह्मण्यप्ययं ब्रह्माप्ययमेकीभावं दधाद्ददात्वित्यर्थः ॥ १० ॥

શાંકરભાષ્ય :- 'यस्तन्तुनाभः' વગેરે. જે પ્રકારે કરોળિયો પોતાનાથી ઉત્પન્ન થયેલા તંતુઓથી પોતાને જ આવૃત કરી લે છે તે પ્રકારે પ્રધાન જ અર્થાત્ અવ્યક્તથી ઉત્પન્ન થયેલા તંતુરૂપ નામ, રૂપ અને કર્મોથી જેણે પોતાને આચ્છાદિત કરી દીધું છે તે અમને બ્રહ્મમાં લય એટલે એકીભાવ પ્રદાન કરો. (૧૦)

⁂

पुनरपि तमेव करतलन्यस्तामलकवत्साक्षाद्दर्शयंस्तद्विज्ञानादेव परमपुरुषार्थप्राप्तिर्नान्येनेति दर्शयति मन्त्रद्वयेन –

ફરીથી પણ હથેળી પર મૂકેલા આંબળા સમાન તેને સાક્ષાત્ રૂપથી બતાવતાં (શ્રુતિ) બે મંત્રો દ્વારા આ વાતને પ્રદર્શિત કરે છે કે તેના વિશેષ જ્ઞાનથી જ પરમપુરુષાર્થની પ્રાપ્તિ થાય છે બીજા કશાયથી નહીં –

एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा ।
कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च ॥ ११ ॥

અન્વય અને શબ્દાર્થ :- एकः-એક-અદ્વિતીય એવો એ देवः-દેવ, પરમાત્મા सर्वभूतेषु-સઘળા પ્રાણીઓમાં गूढः-છુપાયેલો सर्वव्यापी-સર્વત્ર વ્યાપ્ત તથા सर्वभूतान्तरात्मा-દરેક પ્રાણીઓનો અંતરાત્મા છે. कर्माध्यक्षः-સહુના કર્મોનો અધ્યક્ષ सर्वभूताधिवासः-દરેક (પૃથ્વી વગેરે) મહાભૂતોનું નિવાસસ્થાન, साक्षी-સાક્ષી, चेता-ચૈતન્યસ્વરૂપ केवल-સંપૂર્ણ શુદ્ધ च-અને निर्गुणः-નિર્ગુણ છે. (૧૧)

અનુવાદ :- એક-અદ્વિતીય એવો એ દેવ, પરમાત્મા સઘળા પ્રાણીઓમાં છુપાયેલો સર્વત્ર વ્યાપ્ત તથા દરેક પ્રાણીઓનો અંતરાત્મા છે. સહુના કર્મોનો અધ્યક્ષ દરેક (પૃથ્વી વગેરે) મહાભૂતોનું નિવાસસ્થાન, સાક્ષી, ચૈતન્યસ્વરૂપ સંપૂર્ણ શુદ્ધ અને નિર્ગુણ છે. (૧૧)

शाङ्करभाष्यम् :- एको देव इति । एकोऽद्वितीयो देवो द्योतनस्वभावः सर्वभूतेषु गूढः सर्वप्राणिषु संवृतः । सर्वव्यापी सर्वभूतान्तरात्मा स्वरूपभूत इत्यर्थः । कर्माध्यक्षः सर्वप्राणिकृतविचित्रकर्माधिष्ठाता । सर्वभूताधिवासः सर्वप्राणिषु वसतीत्यर्थः । सर्वेषां भूतानां साक्षी सर्वद्रष्टा । ''साक्षाद्द्रष्टरि संज्ञायाम्'' (पा.सू. ५-२-९१) इति स्मरणात् । चेता चेतयिता । केवलो निरुपाधिकः । निर्गुणः सत्त्वादिगुणरहितः ॥ ११ ॥

શાંકરભાષ્ય :- 'एको देवः' વગેરે. સર્વભૂતોમાં ગૂઢ-સમગ્ર પ્રાણીઓમાં સંતાયેલા એક - અદ્વિતીય દેવ-પ્રકાશનશીલ પરમાત્મા છે. (તે) સર્વવ્યાપી, સર્વ ભૂતોના અંતરાત્મા અર્થાત્ સર્વના સ્વરૂપભૂત, કર્માધ્યક્ષ - સમગ્ર પ્રાણીઓના કરેલાં વિભિન્ન કર્મોનો અધિષ્ઠાતા, સર્વભૂતાધિવાસ અર્થાત્ સમગ્ર પ્રાણીઓમાં નિવાસ કરનાર, સમસ્ત ભૂતોનો સાક્ષી અર્થાત્ સર્વદ્રષ્ટા છે. કારણ કે ''साक्षाद्द्रष्टरि संज्ञायाम्'' (પા.સૂ. ૫-૨-૯૧) આ પાણિનિસૂત્રરૂપ સ્મૃતિ અનુસાર 'साक्षी' શબ્દનો અર્થ દ્રષ્ટા છે. તથા તે ચેતા-ચેતનત્વ પ્રદાન કરનાર, કેવળ-ઉપાધિશૂન્ય અને નિર્ગુણ-સત્ત્વાદિ ગુણથી રહિત છે. (૧૧)

◆

एको वशो निष्क्रियाणां बहूनामेकं बीजं बहुधा यः करोति ।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥ १२ ॥

અન્વય અને શબ્દાર્થ :- यः-જે एकः-એકલો बहूनाम्-અનેક निष्क्रियाणाम्-ક્રિયારહિત જીવોના વશી-શાસક છે અને एवम्-એક बीजम्-પ્રકૃતિરૂપી બીજને बहुधा-અનેક રીતે (વ્યક્ત) करोति-કરે છે तम्-તે आत्मस्थम्-આત્મામાં-હૃદયમાં રહેલા પરમેશ્વરને ये-જે धीराः-ધીરપુરુષો अनुपश्यन्ति-જોતા રહે છે तेषाम्-તેઓને शाश्वतम्-કાયમી सुखम्-સુખ મળે છે, न इतरेषाम्-બીજાઓને નહીં. (૧૨)

અનુવાદ :- જે એકલો અનેક ક્રિયારહિત જીવોના શાસક છે અને એક પ્રકૃતિરૂપી બીજને અનેક રીતે (વ્યક્ત) કરે છે તે આત્મામાં-હૃદયમાં રહેલા પરમેશ્વરને જે ધીરપુરુષો જોતા રહે છે તેઓને કાયમી સુખ મળે છે, બીજાઓને નહીં. (૧૨)

शाङ्करभाष्यम् :- एको वशीति । एको वशी स्वतन्त्रो निष्क्रियाणां बहूनां जीवानाम् । सर्वा हि क्रिया नात्मनि समवेताः किन्तु देहेन्द्रियेषु । आत्मा तु निष्क्रियो निर्गुणः सत्त्वादिगुणरहितः कूटस्थः सन्ननात्मधर्मानात्मन्यध्यस्याभिमन्यते कर्ता भोक्ता सुखी दुःखी कृशः स्थूलो मनुष्योऽमुष्य पुत्रोऽस्य नप्तेति । उक्तं च-

''प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥
तत्त्वचित्तु महाबाहो गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्तन्त इति मत्वा न सज्जते ॥
प्रकृतेर्गुणसंमूढाः सज्जन्ते गुणकर्मसु ।'' (गीता ३-२७, २९) इति ।

एकं बीजं बीजस्थानीयं भूतसूक्ष्मं बहुधा यः करोति तमात्मस्थं बुद्धौ स्थितं येऽनुपश्यन्ति साक्षाज्जानन्ति धीरा बुद्धिमन्तस्तेषामात्मविदां सुखं शाश्वतं नेतरेषामनात्मविदाम् ॥ १२ ॥

શાંકરભાષ્ય :- 'एको वशी' વગેરે. જે એક વશી - સ્વતંત્ર પરમાત્મા બહુ જ નિષ્ક્રિય જીવોના એક બીજ-બીજ-સ્થાનીય ભૂતસૂક્ષ્મને અનેક રૂપ કરી દે છે તે આત્મસ્થ - બુદ્ધિમાં રહેલાં (દેવ) તે જે ધીર-બુદ્ધિમાન જોવે છે - સાક્ષાત્ રૂપથી જાણી લે છે તે આત્મવેત્તાઓને નિત્ય સુખ પ્રાપ્ત થાય છે, અન્ય અનાત્મજ્ઞોને નહીં. (અહીં જીવોને નિષ્ક્રિય એટલા માટે કહ્યા છે કે) સર્વ ક્રિયાઓનો સાક્ષાત્ સબંધ આત્માથી નહીં, પરંતુ દેહ અને ઇન્દ્રિયોથી છે. આત્મા તો નિષ્ક્રિય, નિર્ગુણ અર્થાત્ સત્ત્વાદિ ગુણોથી રહિત અને કૂટસ્થ હોવાથી પોતાનામાં અનાત્મ ધર્મોનો અધ્યાસ કરીને એવું અભિમાન કરવા લાગે છે કે હું કર્તા, ભોક્તા, સુખી, દુઃખી, કૃશ, સ્થૂળ, મનુષ્ય, અમુકનો પુત્ર અથવા આનો નાથિયો છું વગેરે. કહ્યું પણ છે - **"(હે અર્જુન) સર્વ કર્મ પ્રકૃતિના ગુણો દ્વારા કરવામાં આવે છે, અહંકારથી મોહિત થયેલો પુરુષ એમ માનવા લાગે છે કે "હું કર્તા છું" પરંતુ હે મહાબાહો ! જે ગુણ અને કર્મના વિભાગનો મર્મજ્ઞ છે તે તો "ગુણ ગુણોમાં જ વર્તી રહ્યા છે." એમ માનીને તેનામાં આસક્ત થતો નથી, જે લોકો પ્રકૃતિના ગુણોથી મોહિત છે તે જ તે ગુણ અને કર્મોમાં આસક્ત થાય છે."** (ગીતા ૩-૨૭થી ૨૯) વગેરે. (૧૨)

❖

किञ्च – તથા –

नित्यो नित्यानां चेतनश्चेतनानामेको बहूनां यो विदधाति कामान् ।
तत्कारणं सांख्ययोगाधिगम्यं ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः ॥ १३ ॥

અન્વય અને શબ્દાર્થ :- यः-જે एकः-એક-અદ્વિતીય नित्यः-નિત્ય चेतनः-ચેતન (પરમાત્મા) बहूनाम्-અનેક नित्यानाम्-નિત્ય चेतनानाम्-ચેતન આત્માઓને कामान्-ઈચ્છાઓ विदधाति-પૂરી પાડે છે तत्-તે सांख्ययोगाधिगम्यम्-સાંખ્ય અને યોગથી પ્રાપ્ત કરવા યોગ્ય અને कारणम्-સહુનું કારણ એવા देवम्-પરમાત્માને ज्ञात्वा-જાણીને (સાધક) सर्वपाशैः-સઘળા બંધનોથી मुच्यते-મુક્ત થાય છે. (૧૩)

અનુવાદ :- જે એક-અદ્વિતીય નિત્ય ચેતન (પરમાત્મા) અનેક નિત્ય ચેતન આત્માઓને ઈચ્છાઓ પૂરી પાડે છે તે સાંખ્ય અને યોગથી પ્રાપ્ત કરવા યોગ્ય અને સહુનું કારણ એવા પરમાત્માને જાણીને (સાધક) સઘળા બંધનોથી મુક્ત થાય છે. (૧૩)

शाङ्करभाष्यम् :- नित्य इति । नित्यो नित्यानां जीवानां मध्ये तन्नित्यत्वेन तेषामपि नित्यत्वमित्यभिप्रायः । अथवा पृथिव्यादीनां मध्ये । तथा चेतनश्चेतनानां प्रमातृणां मध्ये । एको बहूनां जीवानां यो विदधाति प्रयच्छति कामान्कामनिमित्तान्भोगान् । सर्वस्य सांख्ययोगाधिगम्यं ज्ञात्वा देवं ज्योतिर्मयं मुच्यते सर्वपाशैरविद्यादिभिः ॥ १३ ॥

શાંકરભાષ્ય :- 'नित्यः' વગેરે. નિત્ય જીવોની વચ્ચે જે નિત્ય છે, અભિપ્રાય એ કે તેના નિત્યત્વથી જ તેનું પણ નિત્યત્વ છે, અથવા પૃથ્વી વગેરે નિત્યોમાં જે નિત્ય છે, તથા ચેતન પ્રમાતાઓમાં જે ચેતન છે, જે એકલો જ અનેકો જીવોના કામ - કામ નિમિત્તક ભોગોનું વિધાન એટલે દાન કરે છે. અને સર્વને માટે સાંખ્યયોગ દ્વારા જ્ઞાતવ્ય છે, તે દેવ-પ્રકાશસ્વરૂપને જાણીને (પુરુષ) સમસ્ત પાશોથી અર્થાત્ અવિદ્યાદિથી મુક્ત થઈ જાય છે. (૧૩)

❖

कथं चेतनश्चेतनानाम् ? इत्युच्यते – તે ચેતનોમાં ચેતન કેવા પ્રકારે છે ? તો બતાવવામાં આવે છે –

न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।
तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ॥ १४ ॥

અન્વય અને શબ્દાર્થ :- तत्र-ત્યાં सूर्यः-સૂર્ય न भाति-પ્રકાશતો નથી. चन्द्रतारकम्-ન ચંદ્ર કે તારાઓ અને इमाः विद्युतः-આ વીજળીઓ (પણ) न भान्ति-પ્રકાશતી નથી, પછી अयम्-આ (લૌકિક) अग्निः-અગ્નિ कुतः-

કેવી રીતે ત્યાં પ્રકાશે ? કારણ **तम् भान्तम् एव**-એ પ્રકાશિત થવાથી જ **सर्वम्**-(ઉપર દર્શાવેલ) બધા **अनुभान्ति**-પાછળ પાછળ પ્રકાશે છે. **तस्य**-તેના **भासा**-પ્રકાશથી **इदम्**-આ **सर्वम्**-સઘળું **विभाति**-પ્રકાશે છે. (૧૪)

અનુવાદ :- ત્યાં સૂર્ય પ્રકાશતો નથી. ન ચંદ્ર કે તારાઓ અને આ વીજળીઓ (પણ) પ્રકાશતી નથી, પછી આ (લૌકિક) અગ્નિ કેવી રીતે ત્યાં પ્રકાશે ? કારણ એ પ્રકાશિત થવાથી જ (ઉપર દર્શાવેલ) બધા પાછળ પાછળ પ્રકાશે છે. તેના પ્રકાશથી આ સઘળું પ્રકાશે છે. (૧૪)

शाङ्करभाष्यम् :- न तत्रेति । तत्र तस्मिन्परमात्मनि सर्वावभासकोऽपि सूर्यो न भाति ब्रह्म न प्रकाशयतीत्यर्थः । स हि तस्यैव भासा सर्वात्मनो रूपजातं प्रकाशयति । न तु तस्य स्वतःप्रकाशनसामर्थ्यम् । तथा न चन्द्रतारकम् । नेमा विद्युतो भान्ति । कुतोऽयमग्निरस्मद्गोचरः । किं बहुना यदिदं जगद्भाति तमेव स्वतो भारूपत्वाद्भान्तं दीप्यमानमनुभात्यनुदीप्यते । यथा लोहादि वह्निं दहन्तमनुदहति न स्वतः । तस्यैव भासा दीप्त्या सर्वमिदं सूर्यादि भाति । उक्तं च-**''येन सूर्यस्तपति तेजसेद्धः''**, **''न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।''** (गीता १५-६) इति ॥ १४ ॥

શાંકરભાષ્ય :- 'न तत्र' વગેરે. ત્યાં - તે પરમાત્મામાં, સર્વનો પ્રકાશક હોવાથી પણ સૂર્ય પ્રકાશિત થતો નથી, અર્થાત્ તે બ્રહ્મને પ્રકાશિત કરતો નથી. પરંતુ તે પ્રકાશથી જ સર્વ રૂપોને પ્રકાશિત કરે છે. કારણ કે તેનામાં સ્વયં પ્રકાશિત કરવાનું સામર્થ્ય નથી. તથા ન ચંદ્ર અને તારા, તેમજ ન વિદ્યુત પણ ત્યાં પ્રકાશિત થાય છે. તો પછી આપણને દેખાતો આ અગ્નિ તો પ્રકાશિત હોઈ જ કેવી રીતે શકે ? અધિક શું, આ જે જગત ભાસી રહ્યું છે, સ્વતઃ પ્રકાશરૂપ હોવાને કારણે તે પરમાત્માના પ્રકાશિત થવાથી જ પ્રકાશિત થઈ રહ્યું છે, જે પ્રકારે લોખંડ વગેરે પદાર્થ બાળનાર અગ્નિની સાથે જ (તેની શક્તિથી) બળે છે સ્વયં નહીં. આ સર્વ સૂર્યાદિ તેના જ પ્રકાશ એટલે દીપ્તિથી પ્રકાશિત થાય છે. કહ્યું પણ છે **"જેના તેજથી યુક્ત થઈને સૂર્ય તપે છે," "તેને ન સૂર્ય પ્રકાશિત કરે છે ન ચંદ્રમા અને ન અગ્નિ પણ"** (ગીતા ૧૫-૬) વગેરે. (૧૪)

❖

ज्ञात्वा देवं मुच्यत इत्युक्तम् । कस्मात्पुनस्तमेव विदित्वा मुच्यते नान्येनेत्यत्राह –

ઉપર એ કહ્યું છે કે તે દેવને જાણીને મુક્ત થઈ જાય છે, હવે એ બતાવે છે કે તેને જાણીને કેમ મુક્ત થાય છે, બીજા કોઈ કારણથી કેમ નથી થતાં ? –

एको हंसो भुवनस्यास्य मध्ये स एवाग्निः सलिले संनिविष्टः ।
तमेव विदित्वाति मृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥ १५ ॥

અન્વય અને શબ્દાર્થ :- **अस्य**-આ **भुवनस्य**-ભુવનના **मध्ये**-વચમાં (જે) **एकः**-એક **हंसः**-પ્રકાશસ્વરૂપ પરમાત્મા છે **सः एव**-તે જ **सलिले**-જળમાં **संनिविष्टः**-પ્રવેશેલો **अग्निः**-અગ્નિ છે. **तम्**-તેને **विदित्वा**-જાણીને **एव**-જ (સાધક) **मृत्युम्**-મૃત્યુની **अत्येति**-પાર ઉતરી જાય છે. **अन्यः**-બીજો **पन्थाः**-માર્ગ **न विद्यते**-અસ્તિત્વ ધરાવતો નથી. (૧૫)

અનુવાદ :- આ ભુવનના વચમાં (જે) એક પ્રકાશસ્વરૂપ પરમાત્મા છે તે જ જળમાં પ્રવેશેલો અગ્નિ છે. તેને જાણીને જ (સાધક) મૃત્યુની પાર ઉતરી જાય છે. બીજો માર્ગ અસ્તિત્વ ધરાવતો નથી. (૧૫)

शाङ्करभाष्यम् :- एक इति । एकः परमात्मा हन्त्यविद्यादिबन्धकारणमिति हंसो भुवनस्यास्य त्रैलोक्यस्य मध्ये नान्यः कश्चित् । कस्मात् ? यस्मात्स एवाग्निः । अग्निरिवाग्निरविद्यातत्कार्यस्य दाहकत्वात्, उक्तं च-**''व्योमातीतोऽग्निरीश्वरः''** इति । सलिले देहात्मना परिणते । तक्तं च-**''इति तु पञ्चम्यामाहुतावापः पुरुषवचसो भवन्ति''** (छा.उप. ५-९-१) इत । संनिविष्टः सम्यगात्मत्वेन निविष्टः । अथवा सलिले सलिल इव स्वच्छे यज्ञदानादिना विमलीकृतेऽन्तःकरणे संनिविष्टो वेदान्तवाक्यार्थसम्यग्ज्ञानफलकारूढोऽविद्यातत्कार्यस्य दाहक इत्यर्थः । तस्मात्तमेव विदित्वाति मृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥ १५ ॥

શાંકરભાષ્ય :- 'एको' વગેરે. એક પરમાત્મા, જે અવિદ્યાદિ બંધનના કારણનું હનન એટલે નાશ કરે છે એટલા માટે હંસ છે, આ ભુવન-ત્રિલોકીના મધ્યમાં રહેલું છે, બીજું કોઈ નહીં, કેમ નથી ? કારણ કે તે અગ્નિ છે - અવિદ્યા અને



તેના કાર્યનો દાહ કરનાર હોવાથી તે અગ્નિસમાન અગ્નિ છે. કહ્યું પણ છે. "ઈશ્વર આકાશાતીત અગ્નિ છે." વગેરે. સલિલમાં અર્થાત્ દેહરૂપમાં પરિણત થયેલા જળમાં, જેમ કહ્યું છે "આ પ્રકારે પાંચમી આહુતિમાં આપ (જળ) પુરુષ નામવાળું થઈ જાય છે." (છા.ઉપ. ૫-૮-૧) સન્નિવિષ્ટ - આત્મભાવથી સમ્યક્ રૂપથી રહેલ છે. અથવા 'સલિલે' - યજ્ઞદાનાદિ દ્વારા સલિલ (જળ) સમાન સ્વચ્છ કરેલાં અંતઃકરણમાં રહેલ વેદાન્તવાક્યાર્થના સમ્યક્ જ્ઞાનના ફળરૂપથી અવિદ્યા અને તેના કાર્યનો દાહ કરનાર (અગ્નિ) એવો પણ અર્થ થઈ શકે છે. માટે તેને જાણીને પુરુષ મૃત્યુની પાર થઈ જાય છે. મોક્ષને માટે કોઈ બીજો માર્ગ નથી. (૧૫)

* * *

परमपदप्राप्तये पुनरपि तमेव विशेषतो दर्शयति –

પરમપદની પ્રાપ્તિને માટે શ્રુતિ ફરીથી તેને વિશેષ રૂપથી પ્રદર્શિત કરે છે –

स विश्वकृद्विश्वविदात्मयोनिर्ज्ञः कालकारो गुणी सर्वविद्यः ।
प्रधानक्षेत्रज्ञपतिर्गुणेशः संसारमोक्षस्थितिबन्धहेतुः ॥ १६ ॥

અન્વય અને શબ્દાર્થ :- सः-તે ज्ञः-જ્ઞાનસ્વરૂપ विश्वकृत्-સહુને પેદા કરનાર विश्ववित्-બધું જાણનાર आत्मयोनिः-પોતાની ઉત્પત્તિનું પોતે જ કારણ, कालकालः-કાલનો પણ કાલ, गुणी-ગુણવાન, सर्ववित्-સર્વજ્ઞ છે. यः-જે प्रधान-क्षेत्रज्ञ-पतिः-પ્રકૃતિ અને જીવાત્માનો સ્વામી गुणेशः-ગુણોનો શાસક અને संसार-मोक्ष-स्थिति-बन्ध-हेतुः-સંસારમાંથી મુક્તિ, સ્થિતિ અને બંધનું કારણ છે. (૧૬)

અનુવાદ :- તે જ્ઞાનસ્વરૂપ સહુને પેદા કરનાર બધું જાણનાર પોતાની ઉત્પત્તિનું પોતે જ કારણ, કાલનો પણ કાલ, ગુણવાન, સર્વજ્ઞ છે. જે પ્રકૃતિ અને જીવાત્માનો સ્વામી ગુણોનો શાસક અને સંસારમાંથી મુક્તિ, સ્થિતિ અને બંધનું કારણ છે. (૧૬)

शाङ्करभाष्यम् :- स विश्वकृदिति । स विश्वकृद्विश्वस्य कर्ता । विश्वं वेत्तीति विश्ववित् । आत्मा चासौ योनिश्चेत्यात्मयोनिः । जानातीति ज्ञः । सर्वस्यात्मा सर्वस्य च योनिः सर्वज्ञश्चैतन्यज्योतिरित्यर्थः । कालकारः कालस्य कर्ता गुण्यपहतपाप्मादिमान्विश्वविदित्यस्य प्रपञ्चः । प्रधानमव्यक्तम् । क्षेत्रज्ञो विज्ञानात्मा । तयोः पतिः पालयिता । गुणानां सत्त्वरजस्तमसामीशः । संसारमोक्षस्थितिबन्धानां हेतुः कारणम् ॥ १६ ॥

શાંકરભાષ્ય :- 'स विश्वकृत्' વગેરે. તે વિશ્વકૃત્ - વિશ્વના કર્તા છે, વિશ્વને જાણે છે, - એટલા માટે વિશ્વવેત્તા છે, આત્મા અને યોનિ છે માટે આત્મયોનિ છે, જાણે છે માટે જ્ઞ છે. તાત્પર્ય એ છે કે તે સર્વનો આત્મા, સર્વની યોનિ (ઉત્પત્તિસ્થાન) અને સર્વજ્ઞ અર્થાત્ ચૈતન્ય જ્યોતિ છે. તથા કાલકાર-કાળના કર્તા અને ગુણી-અપહતપાપ્મત્વાદિ ગુણવાન છે. આ સર્વ 'विश्ववित्' આ વિશેષણનો વિસ્તાર છે. (તેના સિવાય) તે જ પ્રધાન-અવ્યક્ત અને ક્ષેત્રજ્ઞ-વિજ્ઞાનાત્મા, આ બંનેનો પતિ-પાલન કરનાર, સત્ત્વ, રજ, તમ આ ત્રણે ગુણોનો નિયામક તથા સંસારના મોક્ષ, સ્થિતિ અને બંધનનો હેતુ એટલે કારણ છે. (૧૬)

* * *

किञ्च – તથા –

स तन्मयो ह्यमृत ईशसंस्थो ज्ञः सर्वगो भुवनस्यास्य गोप्ता ।
य ईशे अस्य जगतो नित्यमेव नान्यो हेतुर्विद्यत ईशनाय ॥ १७ ॥

અન્વય અને શબ્દાર્થ :- सः-તે પરમાત્મા हि-જ तन्मयः-તન્મય अमृतः-અમૃતસ્વરૂપ ईशसंस्थः-શાસકોમાં રહેલો ज्ञः-જ્ઞાની सर्वगः-બધે જનાર અને अस्य-આ भुवनस्य-ભુવનનો गोप्ता-રક્ષક છે. यः-જે अस्य-આ जगतः-જગતનું नित्यम्-હંમેશ एव-જ ईशे-શાસન કરે છે (કારણ) ईशनाय-શાસન કરવા માટે अन्यः-બીજો કોઈ हेतुः-હેતુ न विद्यते-અસ્તિત્વ ધરાવતો નથી. (૧૭)



અનુવાદ :- તે પરમાત્મા જ તન્મય અમૃતસ્વરૂપ શાસકોમાં રહેલો જ્ઞાની બધે જનાર અને આ ભુવનનો રક્ષક છે. જે આ જગતનું હંમેશ જ શાસક કરે છે (કારણ) શાસન કરવા માટે બીજો કોઈ હેતુ અસ્તિત્વ ધરાવતો નથી. (૧૭)

शाङ्करभाष्यम् :- स तन्मय इति । स तन्मयो विश्वात्मा । अथवा तन्मयो ज्योतिर्मय इति **'तस्य भासा सर्वमिदं विभाति'** (श्वे.उप. ६-१४) इत्येतदपेक्षयोच्यते । अमृतोऽमरणधर्मा । ईशे स्वामिनि सम्यक्स्थितिर्यस्यासावीशसंस्थः । जानातीति ज्ञः । सर्वत्र गच्छतीति सर्वगः । भुवनस्यास्य गोप्ता पालयिता । य ईश ईष्टेऽस्य जगतो नित्यमेव नियमेन नान्यो हेतुः समर्थो विद्यत ईशनाय जगदीशनाय ॥ १७ ॥

શાંકરભાષ્ય :- 'स तन्मयो' વગેરે. તે તન્મય અર્થાત્ 'તન્મય' શબ્દથી જ્યોતિર્મય પણ કહી શકાય છે. અમૃત-અમરણધર્મા, ઇશ એટલે ઈશ્વરભાવમાં જેની સમ્યક્ સ્થિતિ છે માટે તે ઇશસંસ્થ છે, જાણે છે માટે જ્ઞ છે, સર્વત્ર જાય છે માટે સર્વગ છે, આ ભુવનનો ગોપ્તા એટલે પાલનકર્તા છે, જે આ જગતને નિત્ય-નિયમથી શાસિત કરે છે, કારણ કે જગતના શાસન માટે બીજો કોઈ હેતુ સમર્થ નથી. (૧૭)

* * *

यस्मात्स एव संसारमोक्षस्थितिबन्धहेतुस्तस्मात्तमेव मुमुक्षुः सर्वात्मना शरणं प्रपद्येत गच्छेदिति प्रतिपादयितुमाह –

કારણ કે તે સંસારના મોક્ષ, સ્થિતિ અને બંધનનો હેતુ છે, એટલા માટે મુમુક્ષુ પુરુષે સર્વ પ્રકારે તેના શરણમાં જવું જોઈએ. આ પ્રતિપાદન કરવા માટે (શ્રુતિ) કહે છે –

यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै ।
तथा ह देवमात्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥ १८ ॥

અન્વય અને શબ્દાર્થ :- यः-જે પરમેશ્વર वै-ચોક્કસ पूर्वम्-સહુથી પહેલાં ब्रह्माणम्-બ્રહ્માને विदधाति-ઉત્પન્ન કરે છે च-અને यः-જે वै-ચોક્કસપણે तस्मै-તે બ્રહ્માને वेदान्-વેદો प्रहिणोति-આપે છે तम्-તે आत्मबुद्धि प्रकाशम्-આત્મા વિષયક બુદ્ધિને પ્રકાશિત કરનાર ह-પ્રસિદ્ધ देवम्-પરમાત્માની अहम्-હું मुमुक्षुः-મોક્ષની ઈચ્છાવાળો (સાધક) शरणम्-શરણમાં प्रपद्ये-જાઉં છું. (૧૮)

અનુવાદ :- જે પરમેશ્વર ચોક્કસ સહુથી પહેલાં બ્રહ્માને ઉત્પન્ન કરે છે અને જે ચોક્કસપણે તે બ્રહ્માને વેદો આપે છે તે આત્મા વિષયક બુદ્ધિને પ્રકાશિત કરનાર પ્રસિદ્ધ પરમાત્માની હું મોક્ષની ઈચ્છાવાળો (સાધક) શરણમાં જાઉં છું. (૧૮)

शाङ्करभाष्यम् :- यो ब्रह्माणमिति । यो ब्रह्माणं हिरण्यगर्भं विदधाति सृष्टवान्पूर्व सर्गादौ । यो वै वेदांश्च प्रहिणोति तस्मै । तं ह हशब्दोऽवधारणे । तमेव परमात्मानम् । उक्तं च –

'तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत ब्राह्मणः ।
नानुध्यायाद् बहूञ्छब्दान्वाचो विग्लापनं हि तत् ॥' (बृ.उप. ४-४-२१)

'तमेवैकं जानथात्मानम्' (मु.उप. २-२-५) इति च । देवं ज्योतिर्मयम् । आत्मनि या बुद्धिस्तस्याः प्रसादकरम् । प्रसन्ने हि परमेश्वरे बुद्धिरपि तद्विषया प्रमा निष्प्रपञ्चाकारब्रह्मात्मनावतिष्ठते वर्तते । आत्मबुद्धिप्रकाशमित्यन्येऽधीयते । आत्मबुद्धिं प्रकाशयतीत्यात्मबुद्धिप्रकाशम् । अथवात्मैव बुद्धिरात्मबुद्धिः तैव प्रकाशोऽस्येत्यात्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै वै शब्दोऽवधारणे मुमुक्षुरेव सन्न फलान्तरमिच्छन्शरणमहं प्रपद्ये ॥ १८ ॥

શાંકરભાષ્ય :- 'यो ब्रह्माणम्' વગરે. જેણે પહેલાં અર્થાત્ સૃષ્ટિના આરંભમાં બ્રહ્મા એટલે હિરણ્યગર્ભને રચ્યા છે અને જે તેના માટે વેદોને પ્રવૃત્ત કરે છે. 'तं ह' અહીં 'ह' શબ્દ નિશ્ચયાર્થક છે, અર્થાત્ તે જ પરમાત્માને. કહ્યું પણ છે - "બુદ્ધિમાન બ્રહ્મવેત્તા તેને જાણીને તેનામાં મનોનિવેશ કરે છે, બહુ જ શબ્દો-શાસ્ત્રોને ન વાંચો, કારણ કે તે તો વાણીને પીડા આપવા જેવું છે." (બૃ.ઉપ. ૪-૪-૨૧) તથા "તે એક આત્માને જાણો." (મુ.ઉપ. ૨-૨-૫) વગેરે. દેવ-જ્યોતિર્મય આપણામાં

જે બુદ્ધિ છે તેનો પ્રસાદ (વિકાસ) કરનાર, કારણ કે પરમેશ્વરના પ્રસન્ન થવાથી બુદ્ધિ એટલે પરમેશ્વરવિષયિણી પ્રમા પણ નિષ્પ્રપંચ બ્રહ્માકારે સ્થિર થઈ જાય છે. બીજા લોકો અહીં 'आत्मबुद्धिप्रकाशम्' એવો પાઠ માને છે. (ત્યારે આ અર્થ થશે.) પોતાની બુદ્ધિને પ્રકાશિત કરે છે એટલા માટે જે આત્મબુદ્ધિ પ્રકાશ છે, અથવા આત્મા જ બુદ્ધિ છે, તે જ જેનો પ્રકાશ છે, તે આત્મબુદ્ધિપ્રકાશનો હું મુમુક્ષુ. અહીં 'वै' શબ્દ નિશ્ચયાર્થક છે. (માટે તાત્પર્ય એ છે કે) મુમુક્ષુ થઈને જ શરણ લઉં છું. કોઈ બીજા ફળની ઇચ્છા કરીને નહીં. (૧૮)

❖

एवं तावत्सृष्ट्यादिना यल्लक्ष्यं स्वरूपं दर्शितम्, अथेदानीं तत्स्वरूपेण दर्शयति –

આ પ્રકાર અહીં સુધી સૃષ્ટિ વગેરે કાર્યથી લક્ષિત થનાર જે સ્વરૂપનું વર્ણન કર્યું છે તેને જ હવે સાક્ષાત્ સ્વરૂપથી પ્રદર્શિત કરે છે –

निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनम् ।
अमृतस्य परं सेतुं दग्धेन्धनमिवानलम् ॥ १९ ॥

અન્વય અને શબ્દાર્થ :- निष्कलम्-કલાઓથી રહિત, निष्क्रियम्-ક્રિયારહિત, शान्तम्-શાંત, निरवद्यम्-નિર્દોષ, निरञ्जनम्-નિરંજન-નિર્મળ, अमृतस्य-અમૃતનો परम्-શ્રેષ્ઠ सेतुम्-સેતુ અને दग्धेन्धनम्-બળી ગયેલા ઈંધણવાળા अनलम्-અગ્નિની જેમ (નિર્મળ એવા પરમાત્માની હું શરણે જાઉં છું. (૧૯)

અનુવાદ :- કલાઓથી રહિત, ક્રિયારહિત, શાંત, નિર્દોષ, નિરંજન-નિર્મળ, અમૃતનો શ્રેષ્ઠ સેતુ અને દગ્ધ એટલે બળી ગયેલા ઈંધણવાળા અગ્નિની જેમ (નિર્મળ એવા પરમાત્માની હું શરણે જાઉં છું. (૧૯)

शाङ्करभाष्यम् :- निष्कलमिति । कला अवयवा निर्गता यस्मात्तं निष्कलं निरवयवमित्यर्थः । निष्क्रियं स्वमहिमप्रतिष्ठितं कूटस्थमित्यर्थः । शान्तमुपसंहृतसर्वविकारम् । निरवद्यमगर्हणीयम् । निरञ्जनं निर्लेपम् । अमृतस्यामृतत्वस्य मोक्षस्य प्राप्तये सेतुरिव सेतुः संसारमहोदधेरुत्तारणोपायत्वात्तम् अमृतस्य परं सेतुं दग्धेन्धनानलमिव देदीप्यमानं झटझटायमानम् ॥ १९ ॥

શાંકરભાષ્ય :- 'निष्कलम्' વગેરે. જેમાંથી કલા એટલે અવયવ નીકળી ગયા છે તે નિષ્કલ અર્થાત્ નિરવયવ, નિષ્ક્રિય - પોતાની મહિમામાં રહેલ અર્થાત્ કૂટસ્થ, શાંત-જેના સર્વ વિકારોનો અંત આવી ગયો છે, નિરવદ્ય-અનિંદ્ય, નિરંજન-નિર્લેપ, અમૃત એટલે અમૃતત્ત્વ-મોક્ષની પ્રાપ્તિને માટે જે સેતુ સમાન સેતુ છે, કારણ કે તે સંસાર-સાગરથી પાર થવાનું સાધન છે, તે અમૃતત્વના પરમસેતુ તથા જેનું ઇંધણ બળી ચૂક્યું છે તે અગ્નિ સમાન દેદીપ્યમાન - જગમગ થતા (દેવનું હું શરણ લઉં છું.) (૧૯)

❖

किमिति तमेव विदित्वा मुच्यते नान्येन ? इत तत्राह –

તો શું તેને જાણીને પુરુષ મુક્ત થાય છે બીજા સાધનથી નહીં ? તે માટે કહે છે –

यदा चर्मवदाकाशं वेष्टयिष्यन्ति मानवाः ।
तदा देवमविज्ञाय दुःखस्यान्तो भविष्यति ॥ २० ॥

અન્વય અને શબ્દાર્થ :- यदा-જ્યારે मानवाः-માણસો आकाशम्-આકાશને चर्मवत्-ચામડાની જેમ वेष्टयिष्यन्ति-લપેટી લેશે तदा-ત્યારે देवम्-પરમાત્માને अज्ञात्वा-જાણ્યા વિના दुःखस्य-દુઃખનો अन्तः-અંત भविष्यति-થઈ શકશે. (ટૂંકમાં આ શક્ય જ નથી.) (૨૦)

અનુવાદ :- જ્યારે માણસો આકાશને ચામડાની જેમ લપેટી લેશે ત્યારે પરમાત્માને જાણ્યા વિના દુઃખનો અંત થઈ શકશે. (૨૦)

शाङ्करभाष्यम् :- यदेति । यदा यद्वच्चर्म सङ्कोचयिष्यति तद्वदाकाशममूर्तं व्यापिनं यदि वेष्टयिष्यन्ति संवेष्टयिष्यन्ति मानवास्तदा देवं ज्योतिर्मयमनुदितानस्तमितज्ञानात्मनावस्थितमशनायाद्यसंस्पृष्टं परमात्मानमविज्ञाय दुःखस्याध्यात्मिकस्याऽऽधि-

भौतिकस्याऽऽधिदैविकस्यान्तो विनाशो भविष्यति । आत्माज्ञाननिमित्तत्वात्संसारस्य । ★ यावत्परमात्मानमात्मत्वेन न जानाति तावत्तापत्रयाभिभूतो मकरादिभिरिव रागादिभिरितस्ततः कृष्यमाणः प्रेततिर्यङ्मनुष्यादियोनिष्वज एव जीवभावमापन्नो मोमुह्यमानः संसरति । यदा पुनरपूर्वमनपरं नेति नेतीत्यादि-लक्षणमशनायाद्यसंस्पृष्टमनुदितानस्तमितज्ञानात्मनावस्थितं पूर्णानन्दं परमात्मानमात्मत्वेन साक्षाज्जानाति तदा निरस्ताज्ञानतत्कार्यः पूर्णानन्दो भवतीत्यर्थः । उक्तं च-

''अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ।
ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ॥
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ।
तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ॥
गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥'' (गीता ५-१५-१७) ॥ २० ॥

શાંકરભાષ્ય :- 'यदा' વગેરે. જે સમયે, જેમ કોઈ (ફેલાયેલા) ચામડાને લપેટી લે તે પ્રકારે જો અમૂર્ત અને વ્યાપક આકાશને પણ મનુષ્ય સમ્યક્ પ્રકારથી લપેટી લે, તે સમયે દેવ એટલે જ્યોતિર્મય-ઉદય અસ્તથી રહિત જ્ઞાનસ્વરૂપથી સ્થિત ક્ષુધાદિથી અસંસ્પૃષ્ટ પરમાત્માને જાણ્યા વિના પણ આધ્યાત્મિક, આધિભૌતિક તેમજ આધિદૈવિક દુઃખનો અંત-વિનાશ થઈ જશે. કારણ કે આત્માના અજ્ઞાનથી જ સંસારની સ્થિતિ છે.

તાત્પર્ય એ છે કે જ્યાં સુધી પુરુષ પરમાત્માને આત્મસ્વરૂપથી જાણતો નથી ત્યાં સુધી તે અજન્મા હોવાથી પણ તાપત્રયથી અભિભૂત થઈને મકરાદિ સમાન રાગાદિ દ્વારા આમતેમ ખેંચાતો પ્રેત, તિર્યક્ તેમજ મનુષ્યાદિ યોનિયોમાં જીવભાવને પ્રાપ્ત થઈને અત્યંત મોહવશ સંસારમાં ભટકતો રહે છે. પરંતુ જે સમયે તે કારણ-કાર્યભાવથી રહિત, નેતિ-નેતિ વગેરે વાક્ય દ્વારા લક્ષિત, ક્ષુધાદિથી અસંસ્પૃષ્ટ, ઉદય-અસ્તથી રહિત, જ્ઞાનસ્વરૂપથી સ્થિત, પૂર્ણાનંદમય પરમાત્માને સાક્ષાત્ આત્મસ્વરૂપથી જાણે છે તે સમયે અજ્ઞાન અને તેના કાર્યથી છૂટીને પૂર્ણાનંદમય થઈ જાય છે. કહ્યું પણ છે.

"જ્ઞાન અજ્ઞાનથી ઢંકાયેલું છે, તેનાથી જીવ મોહમાં પડે છે, જેમણે જ્ઞાનદ્વારા પોતાના અજ્ઞાનને નષ્ટ કરી દીધું છે તેના પ્રત્યે તે જ્ઞાન (સમસ્ત રૂપમાત્રને પ્રકાશિત કરનાર) સૂર્ય સમાન તે જ્ઞેય પરમાર્થ તત્વને પ્રકાશિત કરે છે. તે પરમ જ્ઞાનમાં જ જેની બુદ્ધિ લાગેલી છે, તે જ્ઞાનસ્વરૂપ પરબ્રહ્મ જ જેનો આત્મા છે. તે બ્રહ્મમાં જેની દૃઢ નિષ્ઠા છે અને તેના પરાયણ (અર્થાત્ આત્મરતિ) છે તે જ્ઞાનદ્વારા સમસ્ત દોષોથી મુક્ત થઈ અપુનરાવૃત્તિને પ્રાપ્ત કરે છે." (ગીતા ૫-૧૫થી ૧૭) (૨૦)

❖

सम्प्रदायपरम्परया ब्रह्मविद्याया मोक्षप्रदत्वं प्रदर्शयितुं सम्प्रदायं विद्याधिकारिणं च दर्शयति –

સંપ્રદાય પરંપરા દ્વારા બ્રહ્મવિદ્યાનું મોક્ષપ્રદત્વ પ્રદર્શિત કરવાને માટે (શ્રુતિ) તેના સંપ્રદાય અને આ વિદ્યાના અધિકારીને પ્રદર્શિત કરે છે –

तपःप्रभावाद्देवप्रसादाच्च ब्रह्म ह श्वेताश्वतरोऽथ विद्वान् ।
अत्याश्रमिन्यः परमं पवित्रं प्रोवाच सम्यगृषिसंघजुष्टम् ॥ २१ ॥

અન્વય અને શબ્દાર્થ :- ह-એ જાણીતું છે કે श्वेताश्वतरः-શ્વેતાશ્વતર નામના ઋષિ तपः प्रभावात्-તપના પ્રભાવથી च-અને देवप्रसादात्-દેવની કૃપાથી ब्रह्म-બ્રહ્મને विद्वान्-જાણી શક્યા. अथ-પછી તેમણે ऋषिसंघजुष्टम्-ઋષિસમુદાયથી સેવિત परमम्-અત્યંત पवित्रम्-પવિત્ર (બ્રહ્મતત્ત્વનો) अत्याश्रमिभ्यः-આશ્રમના અભિમાનથી ઉપર ઉઠેલા અધિકારીઓને सम्यक्-સારી રીતે प्रोवाच-ઉપદેશ આપ્યો. (૨૧)

અનુવાદ :- એ જાણીતું છે કે શ્વેતાશ્વતર નામના ઋષિ તપના પ્રભાવથી અને દેવની કૃપાથી બ્રહ્મને જાણી શક્યા. પછી તેમણે ઋષિસમુદાયથી સેવિત અત્યંત પવિત્ર (બ્રહ્મતત્ત્વનો) આશ્રમના અભિમાનથી ઉપર ઉઠેલા અધિકારીઓને સારી રીતે ઉપદેશ આપ્યો. (૨૧)

शाङ्करभाष्यम् :- तपःप्रभावादिति । तपसः कृच्छ्रचान्द्रायणादिलक्षणस्य, तत्र तपःशब्दस्य रूढत्वात् । नित्यादीनां विधिवदनुष्ठितानां कर्मणामुपलक्षणमिदम् । **''मनसश्चेन्द्रियाणां च ह्यैकाग्र्यं परमं तपः''** इति स्मरणात् । तस्य च

सर्वस्य तपसस्तस्मिञ्श्वेताश्वतरे नियमेन सत्त्वात्तत्प्रभावात्तत्सामर्थ्याद्देवप्रसादाच्च कैवल्यमुद्दिश्य तदधिकारसिद्धये बहुजन्मसु सम्यगाराधितपरमेश्वरस्य प्रसादाच्च ब्रह्मापरिच्छिन्नमहत्त्वम् । ह इति प्रसिद्धिद्योतनार्थः । श्वेताश्वतरो नाम ऋषिर्विद्वान्यथोक्तं ब्रह्म परम्पराप्राप्तं गुरु-मुखाच्छ्रुत्वा मनननिदिध्यासनादरनैरन्तर्यसत्कारादिभिर्ब्रह्माहमस्मीत्यपरोक्षीकृताखण्डसाक्षात्कारवान् ।

अथ स्वानुभवदार्ढ्यानन्तरमत्याश्रमिभ्यः । "अतिः पूजायाम्" इति स्मरणादत्यन्तं पूज्यतमाश्रमिभ्यः साधनचतुष्टयसम्पत्तिमहिम्ना स्वेषु देहादिष्वपि जीवनभोगादिष्वनास्थावद्भ्यः । अत एव वैराग्यपुष्कलवद्भ्यः । तदुक्तम्-

"वैराग्यं पुष्कलं न स्यान्निष्फलं ब्रह्मदर्शनम् ।
तस्माद्रक्षेत विरतिं बुधो यत्नेन सर्वदा ॥"

इति । स्मृत्यन्तरे च-

"यदा मनसि वैराग्यं जायते सर्ववस्तुषु ।
तदैव संन्यसेद्विद्वानन्यथा पतितो भवेत् ॥"

इति । परमहंससंन्यासिनस्त एवात्याश्रमिणः । तथा च श्रूयते-"**न्यास इति ब्रह्मा ब्रह्मा हि परः परो हि ब्रह्मा । तानि वा एतान्यवराणि तपांसि न्यास एवात्यरेचयत्**" (म.ना. ७८) इति ।

"चतुर्विधा भिक्षवश्च बहूदककुटीचकौ ।
हंसः परमहंसश्च यो यः पश्चात्स उत्तमः ॥"

इति स्मरणाच्च । तेभ्योऽत्याश्रमिभ्यः परमं प्रकृतं ब्रह्म तदेव परममुत्कृष्टतमं निरस्तसमस्ताविद्यातत्कार्यनिरतिशयसुखैकरसं पवित्रं शुद्धं प्रकृतिप्राकृतादिमलविनिर्मुक्तम् । ऋषिसंघजुष्टं वामदेवसनकादीनां संघैः समूहैर्जुष्टं सेवितमात्मत्वेन सम्यक्परिभावितं प्रियतमानन्दत्वेनाश्रितम् । "**आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति**" (बृ.उप. ४-५-६) इति श्रुतेः । सम्यगात्मतयापरोक्षीकृतं यथा भवति तथा । सम्यगित्यस्य काकाक्षिन्यायेनोभयत्रानुषङ्गः कर्तव्यः । प्रोवाचोक्तवान् ॥ २१ ॥

શાંકરભાષ્ય :- 'तपःप्रभावात्' વગેરે. 'तपसः' અર્થાત્ કૃચ્છ્રચાંદ્રાયણાદિ રૂપી તપના (પ્રભાવથી), કારણ કે તેમાં 'तप' શબ્દ રૂઢ છે. આ વિધિવત્ અનુષ્ઠાન કરેલા નિત્યાદિ કર્મોનું ઉપલક્ષણ છે, કારણ કે "**મન અને ઇન્દ્રિયોની એકાગ્રતા જ પરમતપ છે.**" એવું સ્મૃતિવાક્ય છે. તે સંપૂર્ણ તપ શ્વેતાશ્વતર ઋષિમાં નિયમથી રહેવાને કારણે તેના પ્રભાવ એટલે સામર્થ્યથી તથા ભગવાનની કૃપાથી-કેવલ્યપદના ઉદ્દેશ્યથી તેનો અધિકાર પ્રાપ્ત કરવા માટે અનેકો જન્મપર્યંત સમ્યક્ પ્રકારે આરાધના કરેલા પરમેશ્વરની પ્રસન્નતાથી જેના મહિમાની કોઈ સીમા નથી, તે બ્રહ્મને - અહીં 'ह' શબ્દ પ્રસિદ્ધિનો દ્યોતક છે - શ્વેતાશ્વતર નામના ઋષિએ જાણ્યું, અર્થાત્ યથાવત્ રૂપથી વર્ણન કરેલા પરંપરાગત બ્રહ્મતત્ત્વને ગુરુદેવના મુખથી શ્રવણ કરીને મનન, નિદિધ્યાસન, આદર, નિરંતર અભ્યાસ તેમજ સત્કારાદિ દ્વારા 'હું બ્રહ્મ છું' આ પ્રકારે અપરોક્ષ કર્યું અર્થાત્ અખંડવૃત્તિથી તેનો સાક્ષાત્કાર કર્યો.

પછી પોતાનો અનુભવ દૃઢ કર્યા પછી તેને અત્યાશ્રમિયોને "**अति શબ્દ પૂજાર્થક છે.**" એવી સ્મૃતિ હોવાને કારણે અત્યંત પૂજનીય આશ્રમવાળાને અર્થાત્ સાધન ચતુષ્ટયની પૂર્ણતાના પ્રભાવથી જેની પોતાના શરીરાદિ તથા જીવન અને ભોગાદિમાં પણ આસ્થા ન હતી તેને, માટે પૂર્ણ વૈરાગ્યવાનોને (આનો ઉપદેશ કર્યો) એવું પણ કહ્યું છે. "**જો પૂર્ણ વૈરાગ્ય ન હોય તો બ્રહ્મજ્ઞાન નિષ્ફળ છે, માટે બુદ્ધિમાન પુરુષે સર્વદા પ્રયત્નપૂર્વક વૈરાગ્યની રક્ષા કરવી જોઈએ.**" તથા બીજી સ્મૃતિમાં કહ્યું છે. "**જે સમયે મનમાં સમસ્ત વસ્તુઓ પ્રતિ વૈરાગ્ય ઉત્પન્ન થઈ જાય તે સમયે વિદ્વાને સંન્યાસ ગ્રહણ કરવો જોઈએ, નહીં તો તેનું પતન થઈ જશે.**" આ પ્રકારે જે પરમહંસ સંન્યાસી છે તે જ અત્યાશ્રમી છે. આવું જ શ્રુતિ પણ કહે છે. "**ન્યાસ જ બ્રહ્મા છે, બ્રહ્મા જ પર (પરબ્રહ્મ) છે, પર જ બ્રહ્મા છે અને તે સર્વ તપ નિકૃષ્ટ છે, સંન્યાસ જ સહુથી મોટો છે.**" (મ.ના.ઉ. ૭૮) વગેરે. તથા "**બહૂદક, કુટીચક, હંસ અને પરમહંસ - આ ચાર પ્રકારના ભિક્ષુ છે, આમાં જે જે પાછળવાળા છે તે તે ઉત્તરોત્તર ઉત્તમ છે.**" એવી સ્મૃતિ પણ છે. તે અત્યાશ્રમિયોને તે પ્રકૃત પર બ્રહ્મને અર્થાત્ તે ઉત્કૃષ્ટતમ-સંપૂર્ણ અવિદ્યા અને તેના કાર્યથી રહિત નિરતિશય - સુખેકરસ સ્વરૂપ પવિત્ર - શુદ્ધ એટલે પ્રકૃતિ અને પ્રકૃતિના કાર્ય વગેરે મળથી રહિત બ્રહ્મના જે ઋષિસંઘજુષ્ટ એટલે વામદેવ તેમજ સનકાદિ ઋષિયોના સમુહથી જુષ્ટ-સેવિત અર્થાત્ આત્મભાવથી યોગ્ય રીતે ભાવના કરવામાં આવેલા એટલે પ્રિયતમ આનંદરૂપથી આશ્રિત છે કારણ કે શ્રુતિ પણ કહે છે "**આત્મા માટે બધું પ્રિય હોય છે.**" (બૃ.ઉપ. ૪-૫-૬) જે રીતે એ આત્મસ્વરૂપથી પૂર્ણ રીતે પ્રત્યક્ષ થઈ શકે એ રીતનો

ઉપદેશ આપ્યો. શ્રુતિના સમ્યક્ પદનો કાકાક્ષિન્યાયથી (કાગડાની આંખમાં એક કીકી, જેમ બન્ને બાજુએ જુવે છે તેમ બન્ને બાજુએ લાગુ પડે તેને કાકાક્ષીન્યાય કહે છે) 'प्रोवाच' અને 'जुष्टम्' એ બન્ને પદો સાથે સંબંધ સમજવો જોઈએ. प्रोवाच એટલે બોલ્યા. (૨૧)

◆

यथोक्तशिष्यपरीक्षणपूर्वकं विद्या वक्तव्या तद्विहाय तदुक्तौ दोषं विद्याया वैदिकत्वं गुप्तत्वं सम्प्रदायपरम्परया प्रतिपादितत्वं चाह –

આ વિદ્યાનો ઉપર દર્શાવ્યું છે તે રીતે શિષ્યની પરીક્ષા કરીને ઉપદેશ આપવો જોઈએ તેને છોડીને તેનો ઉપદેશ કરવામાં દોષ, વિદ્યાનું વૈદિકત્વ, ગુહ્યત્વ અને સંપ્રદાયની પરંપરા દ્વારા પ્રતિપાદિત હોવાનું શ્રુતિ દર્શાવે છે –

वेदान्ते परमं गुह्यं पुराकल्पे प्रचोदितम् ।
नाप्रशान्ताय दातव्यं नापुत्रायाशिष्याय वा पुनः ॥ २२ ॥

અન્વય અને શબ્દાર્થ :- આ परमम्-અત્યંત गुह्य-રહસ્યમય જ્ઞાન पुराकल्पे-પૂર્વકલ્પમાં वेदान्ते-વેદાન્ત એટલે ઉપનિષદમાં प्रचोदितम्-વર્ણવાયેલું છે, अप्रशान्ताय-જે સારી રીતે શાંત ન હોય તેને न दातव्यम्-આપવું જોઈએ નહીં. पुनः-વળી, अपुत्राय-જેને સંતાન ન હોય वा-અથવા अशिष्याय-જે શિષ્ય ન હોય તેને પણ न-(આપવું જોઈએ) નહીં. (૨૨)

અનુવાદ :- આ અત્યંત રહસ્યમય જ્ઞાન પૂર્વકલ્પમાં વેદાન્ત એટલે ઉપનિષદમાં વર્ણવાયેલું છે, જે સારી રીતે શાંત ન હોય તેને આપવું જોઈએ નહીં. વળી, જેને સંતાન ન હોય અથવા જે શિષ્ય ન હોય તેને પણ આપવું જોઈએ નહીં. (૨૨)

शाङ्करभाष्यम् :- वेदान्त इति । वेदान्त इति जात्येकवचनम् । सकलासूपनिषत्स्विति यावत् । परमं परमपुरुषार्थस्वरूपं गुह्यं गोप्यानामपि गोप्यतमं पुराकल्पे प्रचोदितं पूर्वकल्पे चोदतमुपदिष्टमिति सम्प्रदायप्रदर्शनं कृतमित्येतत् । प्रशान्ताय पुत्राय प्रकर्षेण शान्तं सकलरागादिमलरहितं चित्तं यस्य तस्मै पुत्राय तादृशशिष्याय वा दातव्यं वक्तव्यमिति यावत् । तद्विपरीतायापुत्रायाशिष्याय वा स्नेहादिना ब्रह्मविद्या न वक्तव्या । अन्यथा प्रत्यवायापत्तिरिति पुनःशब्दार्थः । ★ अत एव ब्रह्मविद्याविवक्षुणा गुरुणा चिरकालं परीक्ष्य शिष्यगुणाञ्ज्ञात्वा ब्रह्मविद्या वक्तव्येति भावः । तथा च श्रुतिः-"**भूय एव तपसा ब्रह्मचर्येण श्रद्धया संवत्सरं संवत्स्यथ**" (प्र.उप. १-२) इति । श्रुत्यन्तरे च-"**एकशतं ह वै वर्षाणि प्रजापतौ मघवान्ब्रह्मचर्यमुवास**" (छा.उप. ८-११-३) इति च । एतच्च बहुधा प्रपञ्चितमुपदेशसाहस्रिकायामित्यत्र संकोचः कृतः ॥ २२ ॥

શાંકરભાષ્ય :- वेदान्ते વગેરે. वेदान्ते એ શબ્દમાં જાતિમાં એકવચન છે એટલે બધા ઉપનિષદોમાં. परमम्-પરમ પુરુષાર્થરૂપ गुह्य-ગોપનીયોમાં સહુથી વધુ ગોપ્ય એવી આ વિદ્યાનો पुराकल्पे-પૂર્વના કલ્પમાં ઉપદેશ કરવામાં આવ્યો હતો. આ રીતે આ વિદ્યાના સંપ્રદાયને દર્શાવ્યો. પ્રશાન્ત પુત્રને અર્થાત્ જેનું ચિત્ત પ્રકર્ષ-વિશેષરૂપે શાંત એટલે રાગ વગેરે મલોથી સંપૂર્ણપણે રહિત બન્યું છે એ પુત્રને કે એવા જ ગુણવાળા શિષ્યને આને આપવી એટલે એનો ઉપદેશ કરવો જોઈએ. આનાથી ઉલટા સ્વભાવવાળો તથા જે શિષ્ય કે પુત્ર ન હોય તેને ફક્ત સ્નેહ વગેરેને કારણે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરવો જોઈએ નહીં, નહીં તો પ્રત્યવાય આવી પડશે આ 'पुनः' શબ્દનું તાત્પર્ય છે.

માટે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરવાની ઈચ્છાવાળા ગુરુએ લાંબા સમય સુધી પરીક્ષા કરી શિષ્યના ગુણો જાણીને પછી બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપવો જોઈએ. અને વળી શ્રુતિ છે, "**ફરી એક વર્ષ સુધી તપ, બ્રહ્મચર્ય અને શ્રદ્ધાપૂર્વક તમે વાસ કરો**" (પ્ર.ઉપ. ૧-૨) બીજી શ્રુતિમાં પણ કહ્યું છે, "**ઈન્દ્રે પ્રજાપતિને ત્યાં એક વર્ષ સુધી બ્રહ્મચર્ય પાલન કરી વાસ કર્યો**" (છા.ઉપ. ૮-૧૧-૩) આ વાતનો 'ઉપદેશ સાહસ્ત્રી' (નામના શંકરાચાર્યના પોતાના ગ્રંથ)માં બહુ વિસ્તાર કર્યો છે. માટે તેનો અહીં સંક્ષેપ કરવામાં આવ્યો છે. (૨૨)

◆

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

अत्रापि देवतागुरुभक्तिमतामेव गुरुणा प्रकाशिता विद्यानुभवाय भवतीति प्रदर्शयति –

હવે (શ્રુતિ) બતાવે છે કે અહીં પણ દેવતા અને ગુરુની ભક્તિયુક્ત પુરુષોને પ્રકાશિત કરેલી વિદ્યા જ અનુભવની પ્રાપ્તિ કરાવનારી હોય છે –

यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ।
प्रकाशन्ते महात्मनः ॥ २३ ॥

અન્વય અને શબ્દાર્થ :- यस्य-જેને देवे-પરમેશ્વરમાં परा-પરમ भक्तिः-ભક્તિ છે અને यथा-જેવી देवे-પરમેશ્વરમાં तथा-તેવી गुरौ-ગુરુમાં ભક્તિ છે तस्य-તે महात्मनः-મહાપુરુષને हि-જ एते-આ कथिताः-કહેવામાં આવેલા अर्थाः-(રહસ્યમય) અર્થો प्रकाशन्ते-પ્રકાશિત થાય છે. प्रकाशन्ते महात्मनः-મહાપુરુષને પ્રકાશિત થાય છે. (આવી પુનરુક્તિ ગ્રંથની સમાપ્તિ સૂચવવા માટે છે.) (૨૩)

અનુવાદ :- જેને પરમેશ્વરમાં પરમ ભક્તિ છે અને જેવી પરમેશ્વરમાં તેવી ગુરુમાં ભક્તિ છે તે મહાપુરુષને આ કહેવામાં આવેલા (રહસ્યમય) અર્થો પ્રકાશિત થાય છે. મહાપુરુષને પ્રકાશિત થાય છે. (આવી પુનરુક્તિ ગ્રંથની સમાપ્તિ સૂચવવા માટે છે.) (૨૩)

शाङ्करभाष्यम् :- यस्येति । यस्य पुरुषस्याधिकारिणो देवे इयता प्रबन्धेन दर्शिताखण्डैकरसे सच्चिदानन्दपरज्योतिः-स्वरूपिणि परमेश्वरे परोत्कृष्टा निरुपचरिता भक्तिः । एतदुपलक्षणम् । अचाञ्चल्यं श्रद्धा चोभे यथा तथा ब्रह्मविद्योपदेष्टरि गुरावपि तदुभयं यस्य वर्तते तस्य तप्तशिरसो जलराश्यन्वेषणं विहाय यथा साधनान्तरं नास्ति यथा च बुभुक्षितस्य भोजनादन्यत्र साधनान्तरं न, एवं गुरुकृपां विहाय ब्रह्मविद्या दुर्लभेति त्वरान्वितस्य मुख्याधिकारिणो महात्मन उत्तमस्यैते कथिता अस्यां श्वेताश्वतरोपनिषदि श्वेताश्वतरेण महात्मना कविनोपदिष्टा अर्थाः प्रकाशन्ते स्वानुभवाय भवन्ति । द्विर्वचनं मुख्यशिष्यतत्साधनादिदुर्लभत्वप्रदर्शनार्थमध्यायपरिसमाप्त्यर्थमादरार्थञ्च ॥ २३ ॥

શાંકરભાષ્ય :- यस्य વગેરે. જે અધિકારી પુરુષની દેવમાં - ત્યાં સુધી કે ગ્રંથ વડે વર્ણન કરાયેલ અખંડ રસ સચ્ચિદાનંદ પરમજ્યોતિ સ્વરૂપ પરમેશ્વરમાં - परा એટલે ઉત્કૃષ્ટ અર્થાત્ અકૃત્રિમ ભક્તિ છે. આ ઉપલક્ષણ છે. તાત્પર્ય એ છે કે જેની ભગવાન પ્રત્યે જેવી નિશ્ચલતા અને શ્રદ્ધા છે તેવી જ આ બે વસ્તુ બ્રહ્મવેત્તા ગુરુ પ્રત્યે પણ છે તેને માટે, જેમ (તાપે) તપેલા મસ્તકવાળા માણસ માટે જળાશય શોધવા સિવાય બીજો કોઈ ઉપાય હોતો નથી અને ભુખથી આતુર પુરુષ માટે ભોજન વિના બીજું કોઈ શાંતિનું સાધન નથી તે રીતે ગુરુકૃપા વિના બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થવી દુર્લભ છે. આમ વિચારીને બ્રહ્મવિદ્યા માટે જેને ઉતાવળ વળગી છે એ મુખ્ય અધિકારી એવા ઉત્તમ મહાત્માને આ કથિત - આ શ્વેતાશ્વતરોપનિષદમાં મહાત્મ શ્વેતાશ્વતર દ્વારા ઉપદેશાયેલ તત્ત્વ પ્રકાશિત થાય છે એટલે તેના સ્વાનુભવનો વિષય બને છે. 'प्रकाशन्ते महात्मनः' આ શબ્દોની દ્વિરુક્તિ-બે વખતનું કથન-મુખ્ય શિષ્ય અને એના સાધનોની દુર્લભતા દર્શાવવા માટે અને અધ્યાયની સમાપ્તિને માટે તથા આદર દર્શાવવા માટે છે. (૨૩)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ श्वेताश्वतरोपनिषद्भाष्यं संपूर्णम् ॥

❖

ॐ सह नाववतु । सह नौ भुनक्तु । सह वीर्यं करवावहै ।
तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

मंत्रसूचि

तैत्तिरीयोपनिषद्

मन्त्रप्रतीकानि	व.	अनु.	मंत्र	पृष्ठ
अथाध्यात्मम्	१	३	४	१३
अन्तेवास्युत्तररूपम्	१	३	३	१३
अन्नं न निन्द्यात्	३	७	१	९२
अन्नं न परिचक्षीत	३	८	१	९३
अन्नं बहु कुर्वीत	३	९	१	९३
अन्नं ब्रह्मेति व्यजानात्	३	२	१	८८
अन्नाद्वै प्रजाः प्रजायन्ते	२	२	१	५१
असद्वा इदमग्र आसीत्	२	७	१	७०
असन्नेव स भवति	२	६	१	६२
अहं वृक्षस्य रेरिवा	१	१०	१	२९
अहमन्नमहमन्नम्	३	१०	६	१००
आनन्दो ब्रह्मेति व्यजानात्	३	६	१	९१
ऋतं च स्वाध्यायप्रवचने च	१	९	१	२७
ओमिति ब्रह्म	१	८	१	२५
ॐ शं नो मित्रः	१	१	१	१०
कुर्वाणाचीरमात्मनः	१	४	२	१५
तन्नम इत्युपासीत	३	१०	४	९५
देवपितृकार्याभ्याम्	१	११	२	३१
न कञ्चन वसतौ	३	१०	१	९४
नो इतराणि	१	११	३	३१
पृथिव्यन्तरिक्षम्	१	७	१	२४
प्राणं देवा अनु प्राणन्ति	२	३	१	५४
प्राणो ब्रह्मेति व्यजानात्	३	३	१	८९
ब्रह्मविदाप्नोति परम्	२	१	१	४२
भीषास्माद्वातः पवते	२	८	१	७३
भूर्भुवः सुवरिति	१	५	१	१८



मन्त्रप्रतीकानि	व.	अनु.	मंत्र	पृष्ठ
भृगुर्वै वारुणिः	३	१	१	८६
मनो ब्रह्मेति व्यजानात्	३	४	१	८९
मह इति ब्रह्म	१	५	३	१९
मह इत्यादित्यः	१	५	२	१९
य एवं वेद	३	१०	२	९४
यतो वाचो निवर्तन्ते	२	९	१	५७
यतो वाचो निवर्तन्ते	२	९	१	८४
यश इति पशुषु	३	१०	३	९५
यशो जनेऽसानि स्वाहा	१	४	३	१७
यश्छन्दसामृषभो विश्वरूपः	१	४	१	१५
ये तत्र ब्राह्मणाः संमर्शिनः	१	११	४	३२
वायुः संधानम्	१	३	२	१२
विज्ञानं ब्रह्मेति व्याजानात्	३	५	१	९०
विज्ञानं यज्ञं तनुते	२	५	१	५९
वेदमनूच्याचार्यो	१	११	१	३१
शं नो मित्रः	१	१२	१	४०
शीक्षां व्याख्यास्यामः	१	२	१	११
श्रोत्रियस्य चाकामहतस्य	२	८	३	७५
श्रोत्रियस्य चाकामहतस्य	२	८	४	७५
स एको मनुष्यगन्धर्वाणाम्	२	८	२	७४
स य एवंवित्	३	१०	५	९९
स य एषोऽन्तर्हृदये	१	६	१	२१
स यश्चायं पुरुषे	२	८	५	७८
सह नौ यशः	१	३	१	१२
सुवरित्यादित्ये	१	६	२	२२

माण्डूक्योपनिषद्

मन्त्रानुक्रमणिका

मन्त्रप्रतीकानि			मन्त्राङ्काः	पृष्ठ
अमात्रश्चतुर्थोऽव्यवहार्यः	.....	.....	१२	१२९
एष सर्वेश्वरः	.....	.....	६	११२
ओमित्येतदक्षरमिदꣳसर्वम्	.....	.....	१	१०७
जागरितस्थानो बहिष्प्रज्ञः	.....	.....	३	१०८
जागरितस्थानो वैश्वानरोऽकारः	.....	.....	९	१२६
नान्तःप्रज्ञम्	.....	.....	७	११८

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

मन्त्रप्रतीकानि	मन्त्राङ्काः	पृष्ठ
यज्ञ सुप्तः	५	१११
सर्वंह्येतद्	२	१०८
सुषुप्तस्थानः	११	१२७
सोऽयमात्मा	८	१२५
स्वप्नस्थानतैजसः	१०	१२६
स्वप्नस्थानोऽन्तःप्रज्ञः	४	११०

गौडपादकारिकानुक्रमणिका

कारिकाप्रतीकानि	प्रकरणा.	कारिका.	पृष्ठ
अकल्पकमजं ज्ञानम्	३	३३	१७०
अकारो नयते विश्वम्	१	२३	१२९
अजः कल्पितसंवृत्या	४	७४	२०७
अजमनिद्रमस्वप्नम्	३	३६	१७१
अजमनिद्रमस्वप्नम्	४	८१	२१०
अजातं जायते यस्मात्	४	२९	१९१
अजातस्यैव धर्मस्य	४	६	१८०
अजातस्यैव भावस्य	३	२०	१६३
अजातेस्त्रसतां तेषाम्	४	४३	१९७
अजाद्वै जायते यस्य	४	१३	१८३
अजेष्वजमसंक्रान्तम्	४	९६	२१७
अजे साम्ये तु ये केचित्	४	९५	२१७
अणुमात्रेऽपि वैधर्म्ये	४	९७	२१८
अतो वक्ष्याम्यकार्पण्यम्	३	२	१५१
अदीर्घत्वाच्च कालस्य	२	२	१३३
अद्वयं च द्वयाभासम्	३	३०	१६८
अद्वयं च द्वयाभासम्	४	६२	२०४
अद्वैतं परमार्थो हि	३	१८	१६१
अनादिमायया सुप्तः	१	१६	१२४
अनादेरन्तवत्त्वं च	४	३०	१९२
अनिमित्तस्य चित्तस्य	४	७७	२०९
अनिश्चिता यथा रज्जुः	२	१७	१४०
अन्तःस्थानात्तु भेदानाम्	२	४	१३४
अन्यथा गृह्णतः स्वप्नः	१	१५	१२३
अपूर्वं स्थानिधर्मो हि	२	८	१३६
अभावश्च रथादीनाम्	२	३	१३३
अभूताभिनिवेशाद्धि	४	७९	२०९
अभूताभिनिवेशोऽस्ति	४	७५	२०८

कारिकाप्रतीकानि	प्रकरणा.	कारिका.	पृष्ठ
अमात्रोऽनन्तमात्रश्च	१	२९	१३२
अलब्धावरणाः सर्वे	४	९८	२१८
अलाते स्पन्दमाने वै	४	४९	१९९
अवस्त्वनुपलम्भं च	४	८८	२१३
अव्यक्ता एव येऽन्तस्तु	२	१५	१३९
अशक्तिरपरिज्ञानम्	४	१९	१८५
असज्जागरिते दृष्ट्वा	४	३९	१९५
असतो मायया जन्म	३	२८	१६८
अस्ति नास्त्यस्ति नास्तीति	४	८३	२११
अस्पन्दमानमलातम्	४	४८	१९९
अस्पर्शयोगो वै नाम	३	३९	१७३
अस्पर्शयोगो वै नाम	४	२	१७९
आत्मसत्यानुबोधेन	३	३२	१६९
आत्मा ह्याकाशवज्जीवैः	३	३	१५१
आदावन्ते च यन्नास्ति	४	३१	१९२
आदावन्ते च यन्नास्ति	२	६	१३५
आदिबुद्धाः प्रकृत्यैव	४	९२	२१५
आदिशान्ता ह्यनुत्पन्नाः	४	९३	२१६
आश्रमास्त्रिविधा हीन०	३	१६	१६०
इच्छामात्रं प्रभोः सृष्टिः	१	८	११७
उत्पादस्याप्रसिद्धत्वात्	४	३८	१९४
उत्सेक उदधेर्यद्वत्	३	४१	१७४
उपलम्भात्समाचारात्	४	४२	१९६
उपलम्भात्समाचारात्	४	४४	१९७
उपायेन निगृह्णीयात्	३	४२	१७५
उपासनाश्रितो धर्मः	३	१	१५०
उभयोरपि वैतथ्यम्	२	११	१३७
उभे ह्यन्योन्यदृश्ये ते	४	६७	२०५
ऋजुवक्रादिकाभासम्	४	४७	१९८
एतैरेषोऽपृथग्भावैः	२	३०	१४३
एवं न चित्तजा धर्माः	४	५४	२०१
एवं न जायते चित्तम्	४	४६	१९८
ओङ्कारं पादशो विद्यात्	१	२४	१३०
कल्पयत्यात्मनात्मानम्	२	१२	१३७
कारणं यस्य वै कार्यम्	४	११	१८२
कारणाद्यद्यनन्यत्वम्	४	१२	१८३

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

कारिकाप्रतीकानि		प्रकरणा.	कारिका.	पृष्ठ
कार्यकारणबद्धौ तौ	.....	१	११	१२१
काल इति कालविदः	.....	२	२४	१४२
कोट्यश्चतस्र एतास्तु	.....	४	८४	२१२
क्रमते न हि बुद्धस्य	.....	४	९९	२१८
ख्याप्यमानामजातिं तैः	.....	४	५	१८०
ग्रहणाज्जागरितवत्	.....	४	३७	१९४
ग्रहो न तत्र नोत्सर्गः	.....	३	३८	१७३
घटादिषु प्रलीनेषु	.....	३	४	१५२
चरज्जागरिते जाग्रत्	.....	४	६५	२०५
चित्तं न संस्पृशत्यर्थम्	.....	४	२६	१९०
चित्तकाला हि येऽन्तस्तु	.....	२	१४	१३८
चित्तस्पन्दितमेवेदम्	.....	४	७२	२०७
जरामरणनिर्मुक्ताः	.....	४	१०	१८२
जाग्रच्चितेक्षणीयास्ते	.....	४	६६	२०५
जाग्रद्वृत्तावपि त्वन्तः	.....	२	१०	१३७
जात्याभासं चलाभासम्	.....	४	४५	१९८
जीवं कल्पयते पूर्वम्	.....	२	१६	१३९
जीवात्मनोः पृथक्त्वं यत्	.....	३	१४	१५८
जीवात्मनोरनन्यत्वम्	.....	३	१३	१५७
ज्ञाने च त्रिविधे ज्ञेये	.....	४	८९	२१४
ज्ञानेनाकाशकल्पेन	.....	४	१	१७८
तत्त्वमाध्यात्मिकं दृष्ट्वा	.....	२	३८	१४९
तस्मादेवं विदित्वैनम्	.....	२	३६	१४८
तस्मान्न जायते चित्तम्	.....	४	२८	१९१
तैजसस्योत्वविज्ञाने	.....	१	२०	१२८
त्रिषु धामसु यस्तुल्यम्	.....	१	२२	१२९
त्रिषु धामसु यद्भोज्यम्	.....	१	५	११५
दक्षिणाक्षिमुखे विश्वः	.....	१	२	११३
दुःखं सर्वमनुस्मृत्य	.....	३	४३	१७५
दुर्दर्शमतिगम्भीरम्	.....	४	१००	२१९
द्रव्यं द्रव्यस्य हेतुः स्यात्	.....	४	५३	२००
द्वयोर्द्वयोर्मधुज्ञाने	.....	३	१२	१५७
द्वैतस्याग्रहणं तुल्यम्	.....	१	१३	१२२
धर्मा य इति जायन्ते	.....	४	५८	२०२
न कश्चिज्जायते जीवः	.....	३	४८	१७७
न कश्चिज्जायते जीवः	.....	४	७१	२०६

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

कारिकाप्रतीकानि		प्रकरणा.	कारिका.	पृष्ठ
न निरोधो न चोत्पत्तिः	.....	२	३२	१४५
न निर्गता अलातात्ते	.....	४	५०	१९९
न निर्गतास्ते विज्ञानात्	.....	४	५२	२००
न भवत्यमृतं मर्त्यम्	.....	३	२१	१६३
न भवत्यमृतं मर्त्यम्	.....	४	७	१८१
न युक्तं दर्शनं गत्वा	.....	४	३४	१९३
नाकाशस्य घटाकाशः	.....	३	७	१५५
नाजेषु सर्वधर्मेषु	.....	४	६०	२०३
नात्मभावेन नानेदम्	.....	२	३४	१४७
नात्मानं न परांश्चैव	.....	१	१२	१२२
नास्त्यसद्धेतुकमसत्	.....	४	४०	१९५
नास्वादयेत्सुखं तत्र	.....	३	४५	१७६
निस्तुतिर्निर्नमस्कारः	.....	२	३७	१४८
निगृहीतस्य मनसः	.....	३	३४	१७०
निमित्तं न सदा चित्तम्	.....	४	२७	१९०
निवृत्तस्याप्रवृत्तस्य	.....	४	८०	२१०
निवृत्ते सर्वदुःखानाम्	.....	१	१०	१२१
निश्चितायां यथा रज्ज्वाम्	.....	२	१८	१४०
नेह नानेति चाम्नायात्	.....	३	२४	१६४
पञ्चविंशक इत्येके	.....	२	२६	१४२
पादा इति पादविदः	.....	२	२१	१४१
पूर्वापरापरिज्ञानम्	.....	४	२१	१८७
प्रकृत्याकाशवज्ज्ञेयाः	.....	४	९१	२१५
प्रज्ञप्तेः सनिमित्तत्वम्	.....	४	२४	१८८
प्रज्ञप्तेः सनिमित्तत्वम्	.....	४	२५	१८९
प्रणवं हीश्वरं विद्यात्	.....	१	२८	१३१
प्रणवो ह्यपरं ब्रह्म	.....	१	२६	१३१
प्रपञ्चो यदि विद्येत	.....	१	१७	१२४
प्रभवः सर्वभावानाम्	.....	१	६	११५
प्राण इति प्राणविदः	.....	२	२०	१४१
प्राणादिभिरनन्तैश्च	.....	२	१९	१४१
प्राप्य सर्वज्ञतां कृत्स्नाम्	.....	४	८५	२१२
फलादुत्पद्यमानः सन्	.....	४	१७	१८५
बहिष्प्रज्ञो विभुर्विश्वः	.....	१	१	११२
बीजाङ्कुराख्यो दृष्टान्तः	.....	४	२०	१८६
बुद्ध्वा निमित्ततां सत्याम्	.....	४	७८	२०९



कारिकाप्रतीकानि	प्रकरणा.	कारिका.	पृष्ठ
भावैरसद्भिरेवायम्	२	३३	१४६
भूतं न जायते किञ्चित्	४	४	१८०
भूततोऽभूततो वापि	३	२३	१६४
भूतस्य जातिमिच्छन्ति	४	३	१७९
भोगार्थं सृष्टिरित्यन्ये	१	९	११७
मकारभावे प्राज्ञस्य	१	२१	१२८
मन इति मनोविदः	२	२५	१४२
मनसो निग्रहायत्तम्	३	४०	१७४
मनोदृश्यमिदं द्वैतम्	३	३१	१६९
मरणे सम्भवे चैव	३	९	१५६
मायया भिद्यते ह्येतत्	३	१९	१६२
मित्राद्यैः सह संमन्त्र्य	४	३५	१९३
मृल्लोहविस्फुलिङ्गाद्यैः	३	१५	१५९
यं भावं दर्शयेद्यस्य	२	२९	१४३
यथा निर्मितको जीवः	४	७०	२०६
यथा भवति बालानाम्	३	८	१५५
यथा मायामयाद् बीजात्	४	५९	२०३
यथा मायामयो जीवः	४	६९	२०६
यथा स्वप्नमयो जीवः	४	६८	२०६
यथा स्वप्ने द्वयाभासम्	३	२९	१६८
यथा स्वप्ने द्वयाभासम्	४	६१	२०४
यथैकस्मिन्घटाकाशे	३	५	१५२
यदा न लभते हेतून्	४	७६	२०८
यदा न लीयते चित्तम्	३	४६	१७६
यदि हेतोः फलात्सिद्धिः	४	१८	१८५
यावद्धेतुफलावेशः	४	५६	२०२
यावद्धेतुफलावेशः	४	५५	२०१
युञ्जीत प्रणवे चेतः	१	२५	१३०
योऽस्ति कल्पितसंवृत्या	४	७३	२०७
रसादयो हि ये कोशाः	३	११	१५६
रूपकार्यसमाख्याश्च	३	६	१५४
लये सम्बोधयेच्चित्तम्	३	४४	१७६
लीयते हि सुषुप्ते तत्	३	३५	१७१
लोकाँल्लोकविदः प्राहुः	२	२७	१४२
विकरोत्यपरान्भावान्	२	१३	१३८
विकल्पो विनिवर्तेत	१	१८	१२५

कारिकाप्रतीकानि		प्रकरणा.	कारिका.	पृष्ठ
विज्ञाने स्पन्दमाने वै	.....	४	५१	२००
विपर्यासाद्यथा जाग्रत्	.....	४	४१	१९६
विप्राणां विनयो ह्येष:	.....	४	८६	२१२
विभूतिं प्रसवं त्वन्ये	.....	१	७	११६
विश्वस्यात्वविवक्षायाम्	.....	१	१९	१२८
विश्वो हि स्थूलभुङ्नित्यम्	.....	१	३	११५
वीतरागभयक्रोधै:	.....	२	३५	१४८
वेदा इति वेदविद:	.....	२	२२	१४१
वैतथ्यं सर्वभावानाम्	.....	२	१	१३२
वैशारद्यं तु वै नास्ति	.....	४	९४	२१६
स एष नेति नेतीति	.....	३	२६	१६६
संघाता: स्वप्नवत्सर्वे	.....	३	१०	१५६
सम्भवे हेतुफलयो:	.....	४	१६	१८४
सम्भूतेरपवादाच्च	.....	३	२५	१६५
संवृत्या जायते सर्वम्	.....	४	५७	२०२
सतो हि मायया जन्म	.....	३	२७	१६७
सप्रयोजनता तेषाम्	.....	२	७	१३५
सप्रयोजनता तेषाम्	.....	४	३२	१९२
सर्वस्य प्रणवो ह्यादि:	.....	१	२७	१३१
सर्वाभिलापविगत:	.....	३	३७	१७२
सर्वे धर्मा मृषा स्वप्ने	.....	४	३३	१९३
सवस्तु सोपलम्भं च	.....	४	८७	२१३
सांसिद्धिकी स्वाभाविकी	.....	४	९	१८१
सुखमाव्रियते नित्यम्	.....	४	८२	२११
सूक्ष्म इति सूक्ष्मविद:	.....	२	२३	१४२
सृष्टिरिति सृष्टिविद:	.....	२	२८	१४२
स्थूलं तर्पयते विश्वम्	.....	१	४	११५
स्वतो वा परतो वापि	.....	४	२२	१८७
स्वप्नजागरितस्थाने	.....	२	५	१३४
स्वप्नदृक्चित्तदृश्यास्ते	.....	४	६४	२०४
स्वप्नदृक्प्रचरन्स्वप्ने	.....	४	६३	२०४
स्वप्ननिद्रायुतावाद्यौ	.....	१	१४	१२३
स्वप्नमाये यथा दृष्टे	.....	२	३१	१४४
स्वप्नवृत्तावपि त्वन्त:	.....	२	९	१३६
स्वप्ने चावस्तुक: काय:	.....	४	३६	१९४
स्वभावेनामृतो यस्य	.....	३	२२	१६३

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

कारिकाप्रतीकानि		प्रकरणा.	कारिका.	पृष्ठ
स्वभावेनामृतो यस्य	.....	४	८	१८१
स्वसिद्धान्तव्यवस्थासु	.....	३	१७	१६१
स्वस्थं शान्तं सनिर्वाणम्	.....	३	४७	१७७
हेतोरादिः फलं येषाम्	.....	४	१४	१८४
हेतोरादिः फलं येषाम्	.....	४	१५	१८४
हेतुर्न जायतेऽनादेः	.....	४	२३	१८८
हेयज्ञेयाप्यपाक्यानि	.....	४	९०	२१४

श्वेताश्वतरोपनिषद्

मन्त्रप्रतीकानि	अ.	मं.	पृष्ठ
अग्निर्यत्राभिमथ्यते	२	६	२७९
अङ्गुष्ठमात्रः पुरुषोऽन्तरात्मा	३	१३	२९५
अङ्गुष्ठमात्रो रवितुल्यरूपः	५	८	३१९
अजात इत्येवं कश्चित्	४	२१	३१३
अजामेकां लोहितशुक्लकृष्णाम्	४	५	३०२
अणोरणीयान्महतो महीयान्	३	२०	२९९
अनाद्यनन्तं कलिलस्य मध्ये	५	१३	३२१
अपाणिपादो जवनो ग्रहीता	३	१९	२९९
आदिः स संयोगनिमित्तहेतुः	६	५	३२५
आरभ्य कर्माणि गुणान्वितानि	६	४	३२४
उद्गीतमेतत्परमं तु ब्रह्म	१	७	२६०
ऋचो अक्षरे परमे व्योमन्	४	८	३०४
एको वशी निष्क्रियाणां बहूनाम्	६	१२	३२९
एको देवः सर्वभूतेषु गूढः	६	११	३२९
एष ह देवः प्रदिशोऽनु सर्वाः	२	१६	२८८
एको हंसो भुवनस्यास्य मध्ये	६	१५	३३१
एको हि रुद्रो न द्वितीयाय तस्थुः	३	२	२८९
एकैकं जालं बहुधध विकुर्वन्	५	३	३१६
एतज्ज्ञेयं नित्यमेवात्मसंस्थम्	१	१२	२७१
एष देवो विश्वकर्मा महात्मा	४	१७	३१०
कालः स्वभावो नियतिर्यदृच्छा	१	२	२४८
किं कारणं ब्रह्म कुतः	१	१	२४७
क्षरं प्रधानममृताक्षरं हरः	१	१०	२६८
गुणान्वयो यः फलकर्मकर्ता	५	७	३१८
घृतात्परं मण्डमिवातिसूक्ष्मम्	४	१६	३१०

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

मन्त्रप्रतीकानि	अ.	मं.	पृष्ठ
छन्दांसि यज्ञाः क्रतवो व्रतानि	४	९	३०५
ज्ञाज्ञौ द्वावजावीशनीशौ	१	९	२६५
ज्ञात्वा देवं सर्वपाशापहानिः	१	११	२६८
ततो यदुत्तरतरं तदरूपमनामयम्	३	१०	२९४
ततः परं ब्रह्मपरं बृहन्तम्	३	७	२९२
तत्कर्म कृत्वा विनिवर्त्य भूयः	६	३	३२४
तदेवाग्निस्तदादित्यः	४	२	३०१
तद्वेदगुह्योपनिषत्सु गूढम्	५	६	३१८
तपः प्रभावाद्देवप्रसादाच्च ब्रह्म	६	२१	३३५
तमीश्वराणां परमं महेश्वरम्	६	७	३२७
तमेकनेमिं त्रिवृतं षोडशान्तम्	१	४	२५४
ते ध्यानयोगानुगता अपश्यन्	१	३	२५०
तिलेषु तैलं दधनीव सर्पिः	१	१५	२७४
त्वं स्त्री त्वं पुमानसि	४	३	३०१
त्रिरुन्नतं स्थाप्य समं शरीरम्	२	८	२८०
द्वा सुपर्णा सयुजा सखाया	४	६	३०३
द्वे अक्षरे ब्रह्मपरे त्वनन्ते	५	१	३१४
न तत्र सूर्यो भाति न चन्द्रतारकम्	६	१४	३३०
न तस्य कश्चित्पतिरस्ति लोके	६	९	३२८
न तस्य कार्यं करणं च विद्यते	६	८	३२७
नवद्वारे पुरे देही	३	१८	२९८
न संदृशे तिष्ठति रूपमस्य	४	२०	३१२
नित्यो नित्यानां चेतनश्चेतनानाम्	६	१३	३३०
निष्कलं निष्क्रियशान्तम्	६	१९	३३४
नीलः पतङ्गो हरितो लोहिताक्षः	४	४	३०२
नीहारधूमार्कानिलानलानाम्	२	११	२८५
नैनमूर्ध्वं न तिर्यञ्चम्	४	१९	३१२
नैव स्त्री न पुमानेषः	५	१०	३२०
पञ्चस्रोतोऽम्बुं पञ्चयोन्युग्रवक्राम्	१	५	२५७
पुरुष एवेदं सर्वम्	३	१५	२९७
प्राणान्प्रपीड्येह संयुक्तचेष्टः	२	९	२८४
पृथ्व्यप्तेजोऽनिलखे समुत्थिते	२	१२	२८५
भावग्राह्यमनीडाख्यम्	५	१४	३२२
महान्प्रभुर्वै पुरुषः	३	१२	२९५
मा नस्तोके तनये मा	४	२२	३१४
मायां तु प्रकृतिं विद्यात्	४	१०	३०६

मन्त्रप्रतीकानि	अ.	मं.	पृष्ठ
य एको जालवानीशत ईशनीभिः	३	१	२८९
य एकोऽवर्णो बहुधा शक्तियोगात्	४	१	२८९
यच्च स्वभावं पचति विश्वयोनिः	५	५	३१७
यथैव बिम्बं मृदयोपलिप्तम्	२	१४	२८७
यदा चर्मवदाकाशम्	६	२०	३३४
यदात्मतत्त्वेन तु ब्रह्मतत्त्वम्	२	१५	२८७
यदातमस्तन्न दिवा न रात्रिः	४	१८	३११
यस्तन्तुनाभ इव तन्तुभिः	६	१०	३२८
यस्मात्परं नापरमस्ति किञ्चित्	३	९	२९३
यस्य देवे परा भक्तिः	६	२३	३३८
या ते रुद्र शिवा तनू	३	५	२९१
यामिषुं गिरिशन्त हस्ते	३	६	२९२
युञ्जते मन उत युञ्जते	२	४	२७७
युजे वां ब्रह्म पूर्व्यम्	२	५	२७८
युञ्जानः प्रथमं मनः	२	१	२७६
युक्तेन मनसा वयं देवस्य	२	२	२७६
युक्त्वाय मनसा देवान्	२	३	२७७
येनावृतं नित्यमिदं हि सर्वम्	६	२	३२३
यो देवानां प्रभवश्चोद्भवश्च	३	४	२९१
यो देवानां प्रभवश्चोद्भवश्च	४	१२	३०७
यो देवानामधिपो यस्मिन्	४	१३	३०८
यो देवो अग्नौ यो अप्सु	२	१७	२८८
यो ब्रह्माणं विदधाति पूर्वम्	६	१८	३३३
यो योनिं योनिमधितिष्ठत्येकः	४	११	३०६
यो योनिं योनिमधितिष्ठत्येकः	५	२	३१५
लघुत्वमारोग्यमलोलुपत्वम्	२	१३	२८६
वह्नेर्यथा योनिगतस्य मूर्तिः	१	१३	२७३
वालाग्रशतभागस्य	५	९	३१९
विश्वतश्चक्षुरुत विश्वतोमुखः	३	३	२९०
वेदान्ते परमं गुह्यम्	६	२२	३३७
वेदाहमेतं पुरुषं महान्तम्	३	८	२९३
वेदाहमेतमजरं पुराणम्	३	२१	३००
सङ्कल्पनस्पर्शनदृष्टिमोहैः	५	११	३२०
संयुक्तमेतत्क्षरमक्षरं च	१	८	२६२
स एव काले भुवनस्य गोप्ता	४	१५	३०९
स तन्मयो ह्यमृत ईशसंस्थः	६	१७	३३२

मन्त्रप्रतीकानि	अ.	मं.	पृष्ठ
समाने वृक्षे पुरुषो निमग्नः	४	७	३०३
समे शुचौ शर्करावह्निवालुका	२	१०	२८४
सर्वतः पाणिपादं तत्	३	१६	२९७
सर्वव्यापिनमात्मानम्	१	१६	२७५
सर्वाजीवे सर्वसंस्थे बृहन्ते	१	६	२५८
सर्वा दिश ऊर्ध्वमधश्च तिर्यक्	५	४	३१७
सर्वाननशिरोग्रीवः	३	११	२९४
सर्वेन्द्रियगुणाभासम्	३	१७	२९७
सवित्रा प्रसवेन जुषेत	२	७	२८०
स वृक्षकालाकृतिभिः परोऽन्यः	६	६	३२६
स विश्वकृद्विश्वविदात्मयोनिः	६	१६	३३२
सहस्रशीर्षा पुरुषः	३	१४	२९६
सूक्ष्मातिसूक्ष्मं कलिलस्य मध्ये	४	१४	३०८
स्थूलानि सूक्ष्माणि बहूनि चैव	५	१२	३२१
स्वदेहमरणिं कृत्वा	१	१४	२७३
स्वभावमेके कवयो वदन्ति	६	१	३२३



સંસ્કૃત સેવા સમિતિ

'વાલમ', એલ-૧૧૧, સ્વાતંત્ર્ય સેનાની નગર, નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
ફોન : (૦૭૯) ૨૭૬૨૧૬૧૦, ૯૯૨૫૦-૧૧૯૦૧

પ્રાપ્ય પુસ્તકો

૧.	ઈશાવાસ્ય ઉપનિષદ : ડો. ગૌતમ પટેલ	રૂા. ૩૦-૦૦
૨.	**Scriptures Analysed (Veda, Upanishad and Gita)** : Vadilal Lallubhai Mehta	રૂા. ૨૦-૦૦
૩.	મહાકવિ કાલિદાસ : ડો. ગૌતમ પટેલ	રૂા. ૧૫-૦૦
૪.	**Kalidasa** : Prof. G. C. Jhala (Deluxe Edition)	રૂા. ૫૦-૦૦
	(Ordinary Edition)	રૂા. ૨૫-૦૦
૫.	કાલિદાસ વંદના : ડો. હરિવલ્લભ ભાયાણી	રૂા. ૫-૦૦
૬.	કિરાતાર્જુનીયમ્ : ડો. રાજેન્દ્ર નાણાવટી	રૂા. ૭-૦૦
૭.	સંવેગ-દ્રુમ-કંદલી (વિમલાચાર્ય વિરચિત) : સંપા. ગિરીશકુમાર પરમાનંદ શાહ	રૂા. ૧૦-૦૦
૮.	વેદનો વૈભવ : ડો. ગૌતમ પટેલ	રૂા. ૫૦-૦૦
૯.	ગીતામંદાકિની (સ્વામી ગંગેશ્વરાનંદજી) : અનુ. નીલમ પટેલ	રૂા. ૧૫૦-૦૦
૧૦.	**Some Aspects of Hinduism** : (Lectures delivered at California, U.S.A.) by Dr. Gautam Patel	રૂા. ૫૦-૦૦

આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી શ્રેણી (પ્રધાન સંપાદક : ડો. ગૌતમ પટેલ)

૧૧.	વિષ્ણુસહસ્રનામસ્તોત્રભાષ્ય : ભાગ-૨	રૂા. ૪૦૦-૦૦
૧૨.	**Vishnu-sahastranam-stotram** (ભાગ-૨નું અંગ્રેજી ભાષાંતર)	રૂા. ૪૦૦-૦૦
૧૩.	શ્રીમદ્ ભગવદ્ ગીતા : ભાગ-૩	રૂા. ૪૦૦-૦૦
૧૪.	ઉપનિષદ્ભાષ્ય : ભાગ-૪ (ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, ઐતરેય)	રૂા. ૪૦૦-૦૦
૧૫.	ઉપનિષદ્ભાષ્ય : ભાગ-૫ (શ્વેતાશ્વતર, તૈત્તિરીય, માંડૂક્ય-ગૌડપાદ કારિકા)	રૂા. ૪૦૦-૦૦
૧૬.	વિવેકચૂડામણિ અને સર્વવેદાન્તસિદ્ધાન્તસંગ્રહ : ભાગ-૬	રૂા. ૪૦૦-૦૦

અન્ય પ્રાપ્ય પુસ્તકો

૧.	તત્ત્વબોધ : સંપા. ગૌતમ પટેલ	રૂા. ૩૦-૦૦
૨.	શિવમહિમ્નસ્તોત્ર : સં. ડો. સી. એલ. શાસ્ત્રી	રૂા. ૩૦-૦૦
૩.	જપમાલા (બીજી આવૃત્તિ) (સ્વામીશ્રી ગંગેશ્વરાનંદજી મહારાજ ઉદાસીન) : સંપા. ગૌતમ પટેલ	રૂા. ૨૦૦-૦૦
૪.	છાન્દોગ્યપનિષદીપિકા (છાંદોગ્યોપનિષદનું સાયણાચાર્ય વિરચિત ભાષ્ય) : સંપા. ડો. ગૌતમ પટેલ (પહેલી જ વાર પ્રકાશિત થાય છે)	રૂા. ૨૦૦-૦૦
૫.	**"Kumarasambhavam" of Kalidasa** (with commentary of Vallabhadeva) : edited by Dr. Gautam Patel	રૂા. ૫૭-૦૦
૬.	**Asvina in the Rigveda and other Indological, Essays** : by Prof. G. C. Jhala	રૂા. ૧૫૦-૦૦
૭.	**The Effulgence of the Veda** : (Swami Gangeshwaranandji) Translation by Dr. Gautam Patel (વેદોપદેશચંદ્રિકાનું અંગ્રેજી ભાષાંતર)	રૂા. ૪૦૦-૦૦
૮.	જન્મ અને મૃત્યુ : શ્રી શ્રીપાદ વાસુદેવ	રૂા. ૩૦-૦૦

અપ્રાપ્ય પુસ્તકો

૧.	કૃષ્ણં વન્દે જગદ્ગુરુમ્ : સંપા. ડો. ગૌતમ પટેલ, અનુ. શીલા રાજન્ હરિવલ્લભદાસ	રૂા. ૧૦-૦૦
૨.	વિવેકચૂડામણિ : આચાર્ય ભાઈશંકર પુરોહિત (ત્રીજી આવૃત્તિ)	રૂા. ૨૦-૦૦
૩.	રામાયણ-અયોધ્યાકાંડ : ડો. રાજેન્દ્ર નાણાવટી (ત્રીજી આવૃત્તિ)	રૂા. ૧૦-૦૦
૪.	ઊરુભંગ : ડો. રાજેન્દ્ર નાણાવટી	રૂા. ૮-૦૦

૫. કેન ઉપનિષદ : ડૉ. ગૌતમ પટેલ, ડૉ. બી. જી. ચંદારાણા	રૂા. ૪-૦૦
૬. કુમારસંભવ-સર્ગ-૩ : ડૉ. ગૌતમ પટેલ, અરવિંદ જોષી	રૂા. ૧૦-૦૦
૭. સંસ્કૃત સાહિત્યનો પરિચયાત્મક ઈતિહાસ (ગદ્ય વિભાગ) :	રૂા. ૧૫-૦૦
(પદ્ય વિભાગ) :	રૂા. ૧૦-૦૦
(નાટ્ય વિભાગ) :	રૂા. ૧૫-૦૦
(ગદ્ય-પદ્ય-નાટ્ય વિભાગ) : સંપા. ડૉ. ગૌતમ પટેલ, પ્રા. વિનોદ મહેતા	રૂા. ૩૬-૦૦
૮. મહાભારત સભાપર્વ-એક અધ્યયન : ડૉ. વસંત પરીખ	રૂા. ૧૦-૦૦
૯. મહાભારત સભાપર્વ (મૂળ ગ્રંથ, અનુવાદ અને અભ્યાસનોંધ) : ડૉ. વસંત પરીખ	રૂા. ૩૦-૦૦
૧૦. ઉત્તરરામચરિત (બીજી આવૃત્તિ) : ડૉ. રમેશ બેટાઈ	રૂા. ૮-૦૦
૧૧. કુમારસંભવ-૫ (અંગ્રેજી) : ડૉ. રાજેન્દ્ર નાણાવટી, પ્રા. વિનોદ મહેતા	રૂા. ૨-૦૦
૧૨. રઘુવંશ-સર્ગ ૧ થી ૬ (બીજી આવૃત્તિ) : ડૉ. ગૌતમ પટેલ, પ્રા. વિજય પંડ્યા	રૂા. ૧૦-૦૦
૧૩. છાયાશાકુન્તલ : જે. ટી. પરીખ, સંપા. ડૉ. રાજેન્દ્ર નાણાવટી	રૂા. ૫-૦૦
૧૪. નીતિશતક : આચાર્ય કપિલરાય દવે, પ્રા. નીરા ભટ્ટ	રૂા. ૧૦-૦૦
૧૫. રથ્યાસુ જમ્બુવર્ણાનામ્ : ડૉ. હર્ષદેવ માધવ	રૂા. ૨-૦૦
૧૬. શિવમહિમ્નસ્તોત્ર : પ્રા. જગદીશભાઈ જોષી	રૂા. ૨-૫૦
૧૭. પ્રાસ્તાવિકવિલાસ : આચાર્ય નટવરલાલ યાજ્ઞિક, પ્રા. વિનોદ મહેતા	રૂા. ૮-૦૦
૧૮. પંચતંત્ર (બીજી આવૃત્તિ) : ડૉ. ગૌતમ પટેલ, પ્રા. વિજય પંડ્યા	રૂા. ૮-૦૦
૧૯. ગુરુગીતા : ગિરીશભાઈ શાહ	રૂા. ૫-૦૦
૨૦. ભારતીય સંસ્કાર પરંપરા અને આપણે : ડૉ. હરિવલ્લભ ભાયાણી	રૂા. ૫-૦૦
૨૧. **Kalidasa's Reghuvamsham-Chapter XIV** : Dr. Shuchita Mehta	રૂા. ૧૦-૦૦
૨૨. હર્ષચરિત-૧-૨ : ડૉ. ગૌતમ પટેલ, પ્રા. દેસાઈ અને ડૉ. ડી. જી. વેદિયા	રૂા. ૧૫-૦૦
૨૩. મનુસ્મૃતિ (અધ્યાય-૭) : સંપા. પ્રા. કપિલરાય દવે, પ્રા. દેસાઈ, ડૉ. ડી. જી. વેદિયા અને પ્રા. વિજય પંડ્યા	રૂા. ૧૨-૦૦
૨૪. ઋચામાધુરી (ઋગ્વેદના મંત્રોનો સાનુવાદ સંગ્રહ) : ડૉ. હરિવલ્લભ ભાયાણી	રૂા. ૫-૦૦
૨૫. દશકુમારચરિત (સાતમો ઉચ્છ્વાસ) : ડૉ. ગૌતમ પટેલ	રૂા. ૫-૦૦
૨૬. દશકુમારચરિત (છઠ્ઠો ઉચ્છ્વાસ) : ડૉ. ગૌતમ પટેલ, પ્રા. વિજય પંડ્યા	રૂા. ૮-૦૦
૨૭. વિરાટપર્વ : ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરા, ડૉ. જયદેવ જાની	રૂા. ૨૦-૦૦
૨૮. ગંગાલહરી : ડૉ. ગૌતમ પટેલ, ડૉ. હર્ષદેવ માધવ, ડૉ. નીલા રાવલ	રૂા. ૮-૦૦
૨૯. ઋતુસંહાર (અમરકીર્તિની ટીકા સાથે) (સંપા. નીલમ પટેલ)	રૂા. ૪૦-૦૦
સમશ્લોકી અનુવાદ : ડૉ. ધીરૂભાઈ પરીખ અને સંપા. ડૉ. ગૌતમ પટેલ	
૩૦. અમનસ્કયોગ : લેખક ગોરક્ષનાથ	રૂા. ૧૦-૦૦
૩૧. આદિ શંકરાચાર્ય દ્વાદશ શતાબ્દી ગ્રંથ : સંપા. ડૉ. ગૌતમ પટેલ	રૂા. ૨૫૦-૦૦
૩૨. આદિ શંકરાચાર્ય : સ્તોત્રો : ભાગ-૧, પ્રધાન સંપાદક : ડૉ. ગૌતમ પટેલ	અમૂલ્ય
(આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી શ્રેણી)	

પુસ્તકાલય
129358
ગુરુકુલ કાંગડી વિશ્વવિદ્યાલય

શ્રી દુલેરાય રતિલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ (મુંબઈ) પ્રેરિત સંસ્કૃત સાહિત્ય સુધા શ્રેણી

૩૬. મહાકવિ વાલ્મીકિ : પ્રા. જયાનંદ દવે	રૂા. ૧૦-૦૦
૩૭. મહાકવિ વ્યાસ : ડૉ. શાંતિકુમાર પંડ્યા	રૂા. ૧૦-૦૦
૩૮. મહાકવિ ભાસ : પ્રા. ઊર્મિ સમીર શાહ	રૂા. ૧૦-૦૦
૩૯. મહાકવિ કાલિદાસ : ડૉ. ગૌતમ પટેલ	રૂા. ૧૦-૦૦
૪૦. મહાકવિ શુદ્રક : ડૉ. વસંત પરીખ	રૂા. ૧૦-૦૦
૪૧. મહાકવિ બાણ : પ્રા. વિજય પંડ્યા	રૂા. ૧૦-૦૦
૪૨. મહાકવિ ભવભૂતિ : ડૉ. ગૌતમ પટેલ, પ્રા. વિજય પંડ્યા	રૂા. ૧૦-૦૦
૪૩. મહાકવિ ભારવિ : ડૉ. જશવંતી દવે	રૂા. ૧૦-૦૦
૪૪. મહાકવિ માઘ : ડૉ. હર્ષદેવ માધવ	રૂા. ૧૦-૦૦
૪૫. મહાકવિ જગન્નાથ : ડૉ. રશ્મિ મહેતા	રૂા. ૧૦-૦૦

पुस्तकालय
RA
गुरुकुल काँगड़ी विश्वविद्यालय, हरिद्वार
220
वर्ग संख्या पटेल-उ आगत संख्या 129358

पुस्तक विवरण की तिथि नीचे अंकित है। इस तिथि सहित ३० वें दिन यह पुस्तक पुस्तकालय में वापस आ जानी चाहिए अन्यथा ५० पैसे प्रतिदिन के हिसाब से विलम्ब दण्ड लगेगा ।

R220,PAT-U
129358

GURUKUL KANGRI LIBRARY
Signature Date
Access No. 8/6/13
Class No.
Cat No. 10/7/13
Tag etc.
E.A.R.
Recomm. by. DONATION
Data Ent. by 10/6/13
Checked

ગૌતમ વાડીલાલ પટેલ

(રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત)

જન્મ તારીખ : ૪-૮-૧૯૩૬

અધ્યયન
એમ.એ., પીએચ.ડી. (સંસ્કૃત)

અધ્યાપન
૩૭ વર્ષ સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ

સ્થાપક પ્રમુખ
સંસ્કૃત સેવા સમિતિ, અમદાવાદ

પૂર્વ અધ્યક્ષ
સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગુજરાત રાજ્ય
સંસ્કૃત યુનિવર્સિટી રચના સમિતિ, ગુજરાત રાજ્ય
અખિલ ભારતીય સંસ્કૃત અકાદમી મહાસંમેલન, નવી દિલ્હી

પૂર્વ સભ્ય
રાષ્ટ્રપતિના પ્રતિનિધિ - વિઝીટર્સ નોમિની, આસામ યુનિવર્સિટી, સિલ્ચર, આસામ
રાષ્ટ્રિય સંસ્કૃત સંસ્થાન, નવી દિલ્હી
કાર્યપરિષદ, શ્રી લાલબહાદૂર શાસ્ત્રી સંસ્કૃત વિદ્યાપીઠ, નવી દિલ્હી
પ્લાનીંગ કમિટી, શ્રી સાંદીપનિ રાષ્ટ્રિય વેદવિદ્યા પ્રતિષ્ઠાન, ઉજ્જૈન, મ.પ્ર.
કાર્યકારિણી સમિતિ, મુમ્બાદેવી સંસ્કૃત પાઠશાળા, ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ભારત

લેખક/સંપાદક કે સહસંપાદક : ૧૦૪ પુસ્તક

પ્રધાન સંપાદક : ૧૦૦ પુસ્તક

રેડિયો-ટી.વી. વાર્તાલાપ : ૨૦૦ થી વધુ

શોધપત્રો : ૭૦ થી વધુ

લેખો : ૩૦૦ થી વધુ

કટાર લેખક
ગુજરાત ટાઈમ્સ, ન્યૂયોર્ક, અમેરિકા
જન્મભૂમિ-પ્રવાસી, મુંબઈ, ભારત

પૂર્વ કટાર લેખક
જનસત્તા, અમદાવાદ
ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ગુજરાતી આવૃત્તિ, અમદાવાદ

આમંત્રિત લેખક : દિવ્ય ભાસ્કર, અમદાવાદ

વિદેશ યાત્રા
નેપાળ, કેન્યા, આફ્રિકા, ઈટાલી, ઓસ્ટ્રિયા, નેધરલેન્ડ્ઝ, જર્મની, સ્વિત્ઝરલેન્ડ, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા

રસના વિષયો
વેદ, ઉપનિષદ, ભગવદ્દગીતા, ભાગવતપુરાણ, વાલ્મીકિ, વ્યાસ, ભાસ, કાલિદાસ, ભવભૂતિ, જગન્નાથ, આદિ શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય વગેરે.